પરલોકશું કરિ યાદ રે' આનન્દના આગારમાં,
એવો તું દુર્જન દેખિ રે'જે દૂર આ સંસારમાં.

અક્ષર વિશિખ ને વ્યાલનો છેવટતણો કર એક તું,
તે માણ બીજના હરે એમાં ન બૂલિશ છેક તું;
એ રીત તેના કુલની છે, શું કહું વિસ્તારમાં,
એવો તું દુર્જન દેખિ રે'જે દૂર આ સંસારમાં.

છે મલિન આત્મા ને વળી ગતિ વક્રનો કરનાર છે,
કરિ કર્મ ઘાતકિ જગતકેરા પ્રાણનો હરનાર છે;
એ રૂપ સર્પસમાન ભાસે, લે જરાક વિચારમાં,
એવો તું દુર્જન દેખિ રે'જે દૂર આ સંસારમાં.

હોયે સુવિધાથી અલકૃત તોય પણ તું ચેતજે,
છો સર્પ મણિ માથે ધરે, કયારે અરે! વિષ એ તજે?
એ શબ્દમાં કરિ વાતને રે'જે નિરન્તર ધ્યારમાં,
એવો તું દુર્જન દેખિ રે'જે દૂર આ સંસારમાં.

નિજ દેશમાં, પરદેશમાં, પરદ્વેષમાં પ્રીતિ ધરે,
થતિ ઉન્નતી નિરખી ગમે નવ જાણિને અનીતિ કરે;
નહિ લેશ કલેશ, વિશેષ એ, વિશ્વાસને તું વધાર માં,
એવો તું દુર્જન દેખિ રે'જે દૂર આ સંસારમાં.

ઉપકારકેરો અર્થ તે અપકાર રૂપ થઈ જાય છે,
છે વૃદ્ધિ કારણ ઝેરનું જઈ સર્પને પય પાય છે;
પાછી કરે નવ પાનિ તે પળવાર પણ સંહારમાં,
એવો તું દુર્જન દેખિ રે'જે દૂર આ સંસારમાં.

બહુ નિષ્કપટદ્રોહી અને બહુ ધાન્યઉપઘાતક ગણું,
સ શયનથી તલમાત્ર પણ દુર્જન મુપક સરખા ભણું;
છે છિદ્રશોધક એ વળી કિંચિત કરુણા ધાર માં,
એવો તું દુર્જન દેખિ રે'જે દૂર આ સંસારમાં.

સત્કાર રૂડી રીત કરતાં કલેશ આપે છે સદા,
પય સ્નાનથી વાયસ કહો કલહંસ કે'વાયે કદા;
નિજ રૂપ ના છોડે કદી લે સર્વ સમજી સારમાં,
એવો તું દુર્જન દેખિ રે'જે દૂર આ સંસારમાં.

બહુ બોધ કરતાં સાધુતાને પાત્ર પણ કદિ થાય ના,

અરિના પુરથી ઉદવિકેરી ક્ષારતા પલટાય ના;
ભૂલીશ નહિ તું ભ્રાત! વાત જરાય એના પ્યારમાં,
એવો તું દુર્જન દેખિ રે'જે દૂર આ સંસારમા ૯

(દોહરો.)

તપ્યુક વિષ દન્તે ધરે, ધરે મક્ષિકા શીશ;
પણ જ્યાં વિષ અંગે ઘસે, ત્યાં ગત! તું ન વસીશ. ૧૦

જગતારક રવિશંકર.

પ્રાચીન અને મધ્યકાલીન ભરતખંડની કેળવણી.

"ઇનિયન એજ્યુકેશન" નામના અંગ્રેજી પત્રમાં એક વિદ્વાન લખે છે કે, "બાળકોને શીખવવાના મારા ત્રીશ વર્ષના ધંધાના દરમીયાન મારા જોવામાં જે પ્રાચીન અને મધ્ય કાળનું સંસ્કૃત સાહિત્ય આવ્યું છે, તેનાથી મને જેટલું આશ્ચર્ય નથી થયું તેટલું પ્રાચીન કાળના અને હાલના શિક્ષકોની શિક્ષણપદ્ધતિ સરખાવતા તેમાં મળતાપણું જોયને અને થયું છે! તે વખતમાં અને આજ વિદ્યાર્થીઓની સન્મુખ જે ઉચા માનસિક તત્વો ધરવામાં આવે છે તેમાં આશ્ચર્યકારક મળતાપણું છે, તે વખતમા શિક્ષકોના હોદ્દાને પવિત્ર ગણીને માન આપવામાં આવતુ અને આજ તે ધંધાને સાધારણ તરિકે લેખીને તેની અવગણના કરવામા આવે છે. આવો પડી ગયેલો તફાવત પણ વિચારવા જેવો છે, અને પ્રાચીન ભરતખંડની કેળવણીના કામમાં અને આજના ભરતખંડની કેળવણીના કામમા રોકાયલા શિક્ષકોને જે જે અનુભવ થયા છે તેમાં અજબ જેવી રીતે મળતાપણું આવે છે તે પણ જાણવા જેવું છે."

"પ્રાચીન કાળમાં શિક્ષકનો ધંધો બહોળા મહત્વનો ગણાતો હતો. સ્વાધ્યાય (પોતાનો નિત્યપાઠ)ની અંદર પવિત્ર ફરજોનું કથન કરેલું છે અને તેનો પાઠ એ એક પ્રકારનું ધાર્મિક તપ માનવામાં આવતું હતું. વાચ્ (વાણી) નો અર્થ અક્ષરસાહિત્ય થાય છે અને તેને બ્રહ્મ (પરમાત્મા) માનતા હતા. અધ્યાપન (ભણાવવું) એ મનુષ્યનો સર્વોત્તમ ધર્મ મનાતો હતો."

"જો કે પ્રાચીન શિક્ષણ પદ્ધતિ આગે અસ્તમિત થયું છે તથાપિ હિંદુઓના ધર્મગ્રંથોમાં શિક્ષકને જે માન આપવાનું જણાવેલું છે તેનો કાંઇક અંશ અદ્યાપિ હિંદુઓમાં દેખાય છે. પંડિતો, શાસ્ત્રીઓ અને વેદીઓઓને

હજી પણ સાંસારિક સમાજોમાં સર્વથી ચઢિયાતી બેઠક આપવામાં આવે છે; આગળની બેઠકના માન માટે કપાઈ મરનારા માનવંતા સરદારો અને અમીરો પણ કાર્યપ્રસંગે સભાદિ સ્થાનોમાં ઉપર કહેલા પંડિતો વગેરેને આગળની બેઠક આપી પોતે તેમનાથી નીચે સ્થાને બેસવામાં પોતાનું માન કાંઈ ઘટી ગયેલું સમજતા નથી. શિક્ષકોના ધંધાનું માન અને પ્રતિષ્ઠા જે હાલ ઘટી ગયેલાં જોવામાં આવે છે તે પ્રકૃત આ પાછલા કાળમાંજ; અને તેનાં કારણો આ પત્રના પ્રતિપાદ્ય વિષયની બહાર હોવાથી તેનો ઊહાપોહ અહીં કરતા નથી."

"હિંદુઓની પ્રાચીન વિદ્યાઓ વિષે જેમને યથાર્થ માહિતી મળી નથી. તેમના મનમાં એવી ખોટી કલ્પનાઓ ભરાઈ રહેલી જોવામાં આવે છે કે પ્રાચીન કાલના હિંદુઓની વિદ્યાઓમાં શીખવા જેવું ઘણું થોડું છે. આપણી હાલની પાઠશાળાઓના અભ્યાસક્રમની દૃષ્ટિથી જ્યારે તે વખતના અભ્યાસ ક્રમનો વિચાર કરીએ ત્યારે કદાચિત્ તે આપણને પ્રમાણમાં ઓછો માલમ પડતો હશે; પણ તે કાળની પ્રાચીનતા પણ સાથે સાથે ધ્યાનમાં લેઇએ તો તે કાળના અભ્યાસપાઠની માળા ઘણી વિસ્તૃત જોવામાં આવશે. પ્રાચીન કાળમાંના પ્રત્યેક વિભાગને જુદા જુદા લેઇએ તો તે દરેક કાળમાં અભ્યાસના વિષયો ઘણા હતા, એટલુંજ નહિ, પણ સંસ્કૃત સાહિત્ય તે પછીના વખતમાં પણ ઘણું વિસ્તાર પામતું ગયું છે એમ જણાશે. છાંદોગ્ય ઉપનિષદ્માં એક કથા છે કે 'નારદને જાણવાની ઇચ્છા થવાથી તે સનત્કુમારની પાસે ગયા. સનત્કુમારે નારદને પૂછયું કે તમે શું શું અધ્યયન કર્યું છે તે કહો. ત્યારે નારદે કહ્યું કે મેં આટલી વિદ્યાઓનો અભ્યાસ કર્યો છે:— (૧) ઋગ્વેદ, (૨) યજુર્વેદ, (૩) સામવેદ, (૪) અથર્વવેદ, (૫) ઇતિહાસ અને પુરાણ, (૬) વ્યાકરણ, (૭) મૃત પિતૃઓને તૃપ્ત કરવાનો કર્મવિધિ (શ્રાદ્ધ), (૮) ગણિત, (૯) ઉલ્કાપાત, ભૂકંપ, જ્વાળામુખી, ઇત્યાદિની વિદ્યા, (૧૦) ભૂમિગત નિધિશોધનની વિદ્યા, (૧૧) ન્યાયશાસ્ત્ર, (૧૨) નીતિશાસ્ત્ર, (૧૩) વેદકોશ, (૧૪) માનસશાસ્ત્ર, સ્વરશાસ્ત્ર, વૈદિક કર્મપદ્ધતિ અને કવિતાશાસ્ત્ર, (૧૫) આસુરવિદ્યા, (૧૬) ધનુર્વિદ્યા, (૧૭) જ્યોતિષશાસ્ત્ર, (૧૮) ભૂતવિદ્યા—જાદુ, (૧૯) સુગંધવિદ્યા, (૨૦) નૃત્યકળા, (૨૧) કંઠગાન, (૨૨) વાદ્યગાન અને બીજી કળાઓ.' ઘણા પ્રાચીન કાળના અભ્યાસવિષયોની આ યાદી છે. એનાજ જેવી એક યાદી મધ્યકાલીન સંસ્કૃત સાહિત્યના વિષયોની જોવાથી માલમ પડશે કે જેમ જેમ કાળ વીતતો ગયો છે તેમ તેમ પ્રત્યેક વિષયની સાથે બીજા વિષયોનો ઉમેરો થતો ગયો છે અને એ રીતે અભ્યાસનો પ્રદેશ વિસ્તાર પામતો ગયો છે. બાણ કવિકૃત કાદંબરીમાંથી આપણને એક રાજકુમારની કેળવણીના વિષયોની સંપૂર્ણ અને મઝાની હકીકત મળી આવે છે. બાણ કવિએ આ પ્રમાણે અભ્યાસના

વિષયોનું કથન કર્યું છે:—"(૧) વ્યાકરણ, (૨) પૂર્વ અને ઉત્તર મીમાંસા, (૩) ન્યાયશાસ્ત્ર, (૪) વ્યાવહારિક અને ધર્મ સંબંધી કાયદા, (૫) રાજ્યનીતિ, (૬) મલ્લવિદ્યા, (૭) રક્ષક અને મારક બન્ને પ્રકારની શસ્ત્રવિદ્યા, (૮) રથ હાંકવાની કળા—સારથિવિદ્યા, (૯) ઘોડે બેસવાની કળા, (૧૦) હાથી ઉપર સ્વારી કરવાની કળા, (૧૧) વાદ્યગાન, (૧૨) નૃત્ય, (૧૩) કંઠગાન વિદ્યા, (૧૪) હસ્તિશાસ્ત્ર—હાથીઓને કેળવવાની વિદ્યા, (૧૫) અશ્વવૈદ્યક, (૧૬) સામુદ્રિક અને હસ્તરેખાશાસ્ત્ર, (૧૭) રંગવિદ્યા (૧૮) તાડપત્રલેખનકળા, (૧૯) પુસ્તકબાંધવાની કળા—બુકબાઇન્ડિંગ, (૨૦) સુંદર અક્ષર લખવાની કળા, (૨૧) ઘતકળા, (૨૨) પક્ષીભાષાજ્ઞાન, (૨૩) જ્યોતિષ વિદ્યા, (૨૪) રત્નપરીક્ષા, (૨૫) સુતાર કામ, (૨૬) હાથી દાંતનું કોતર કામ, (૨૭) શિલ્પવિદ્યા, (૨૮) વૈદ્યકશાસ્ત્ર, (૨૯) યંત્રશાસ્ત્ર, (૩૦) વિષતંત્ર, (૩૧) બાણ ફોડવાની વિદ્યા, (૩૨) પાણીમાં તરવાની કળા, (૩૩) કૂવા, ઇત્યાદિ ખોદી જવાની કળા, (૩૪) ઊંચે કૂદવાની કળા, (૩૫) ગારૂડી વિદ્યા, (૩૬) કંથકથા—લોકવાર્તા, (૩૭) નાટયશાસ્ત્ર, (૩૮) કાદંબરી (કલ્પિત કહાણીઓ), (૩૯) કાવ્યશાસ્ત્ર, (૪૦) મહાભારત, રામાયણ અને બીજાં ઐતિહાસિક પુસ્તકો, (૪૧) સર્વ લિપિજ્ઞાન (૪૨) સર્વ દેશ ભાષા જ્ઞાન, (૪૩) સર્વ સંજ્ઞાલિપિજ્ઞાન (૪૪) સર્વ હસ્તકળાઓ, (૪૫) સર્વ પ્રકારની પદ્ય રચના.' ઉપરની યાદીમાં ઘણીક બાબતો વિચિત્ર અને કાલ્પનિક હોય તેવી લાગે છે તેમ તેમાં અતિશયોક્તિ પણ વધારે હશે, એ વાત ખરી, તોપણ એમાંથી એક મુદ્દો સ્પષ્ટ રીતે આપણા હાથમાં આવે છે. તે એ છે કે ઉપરની બન્ને યાદીઓની સરખામણી કરવાથી આપણે નવી વિદ્યાઓ અને નવા હુન્નરોનો તેમા વધારો થયેલો જોઇએ છીએ. અને તેથી સંસ્કૃત સાહિત્ય, વિદ્યા અને હુન્નરના જીવવાની સાથે તેના અભ્યાસના વિષયોનો પ્રદેશ પણ વિસ્તાર પામતો ગયો હતો, એમ આપણે જાણી શકીએ છીએ."

"કાદંબરીમાંના ઉપરના ફકરાથી ભરતખંડના હાલના કેળવણીશાસ્ત્રજ્ઞ વિદ્વાનોના જાણવામાં વળી બીજો એક મુદ્દો આવે છે. બાણ કવિએ રાજકુમારની કેળવણી માટે અભ્યાસના જે જે વિષયો મુકરર કર્યા છે તે હમણાના રાજકુમાર કૉલેજના અભ્યાસક્રમ સાથે ઘણે ભાગે મળતા આવેછે. બાણ કવિ ઇ. સ. ના સાતમા સૈકામા થઇ ગયો છે. એટલા બધા વખત આગમચ તેણે રાજકુમારો માટે કરાવેલો અભ્યાસક્રમ જોવાથી આપણા સમજવામાં આવે છે કે, વર્તન સ્થીતનાં આગળ ઉપર રાજકુમારોને માથે જે જે જવાબદારીઓ અને ફરજો આવી પડવાની છે તે તે અદા કરવા માટે તેમણે કેવી કેવી તૈયારી કરી મૂકવાની અને કેવો કેવો અભ્યાસ કરવાની અગત્ય છે તેની

કલ્પના કવિએ ઘણી ઉત્તમ રીતે સાધી છે. "

" જૂના કાળના લોકો બધા પ્રકારના વિદ્યાભ્યાસને પવિત્ર કર્ત્તવ્ય સમજતા હતા તેથી બાળકને પહેલવેહેલો નિશાળે બેસાડવો એ પણ એક ધાર્મિક ક્રિયા જેવું દેખાતું હતું. શિષ્યને ગુરૂ પાસે ભણવા માટે લેઇ જવો (उपनयन-નો એજ અર્થ છે) એ એક ધાર્મિક ક્રિયા ગણાય છે અને ઉપરના ત્રણ વર્ણોને તે હક્ક મળેલો હતો. "

"આ ઇલાકામાં જેમ સરકારી સ્કોલરશિપ મેળવવાને ઉમ્મરની જુદીજુદી હદ ઠરાવવામાં આવી છે, તેનેજ કાંઇક મળતું આવતું હોય, તેમ તે વખતમાં પણ દરેક વર્ણને માટે અભ્યાસની શરૂઆતનો કાળ જુદો જુદો ઠરાવ્યો હતો. આશ્વલાયનને મતે બ્રાહ્મણે આઠ, ક્ષત્રિએ અગિયાર અને વૈશ્યે બાર વર્ષની ઉમ્મર થતાં અભ્યાસની શરૂઆત કરવી જોઇએ. તેને માટે ઘણામાં ઘણી મુદત અનુક્રમે ૧૬, ૨૨, અને ૨૪ વર્ષની ઠરાવી હતી પ્રાચીન કાયદા કરનારાઓએ આગળ વધેલી અને પાછળ પડેલી જાતિઓનો તફાવત, તેમને વંશપરંપરાથી મળેલી સ્વાભાવિક યોગ્યતા તથા તેમનો ધંધો, વગેરે ધ્યાનમાં લેઇને ઉમ્મરની આ હદ ઠરાવી છે એમ શું કોઇ નહિ કહી શકે ? "

" ઉપનયન અથવા વિદ્યાર્થીને ગુરૂપાસે લેઇ જવાનો સત્કાર સુપ્રસિદ્ધ છે. પ્રાચીનકાળમાં વિદ્યાભ્યાસની શરૂઆત શી રીતે કરવામાં આવતી તેનું એ જ્ઞાપક છે. આ શરૂઆતની સાથે શારીરિક, માનસિક અને નૈતિક કેળવણીનો લાંબો અભ્યાસ ચાલુ થતો હતો. એ વખતની આ ત્રિધા કેળવણીની સંપૂર્ણ કલ્પના પણ આજ ઘણા થોડાનેજ થઈ શકશે. આ કેળવણીનો હેતુ આખા મનુષ્યને કેળવવો અને દૃઢ કરવો, તેને વધારે ઉંચી અને સુખી જીંદગી મેળવવાને યોગ્ય કરવો, એ હતો. "

" વિદ્યાર્થી અવસ્થાનો ઘણામાં ઘણો કાળ ૪૮ વર્ષનો અને ઓછામાં ઓછો કાળ ૧૨ વર્ષનો હતો. આ બધો વખત વિદ્યાર્થી ગુરૂની પાસે રહેતો (अन्तेवासी) અને બધી બાબતમાં તેની આજ્ઞા માનતો. તે ગુરૂના હિતમાં નિરંતર ઉદ્યુક્ત રહેતો અને તેની વિરૂદ્ધ કોઇ આચરણ કરતો નહિ. તેણે ગુરૂના આસનથી નીચે આસને બેસવું; દિવસે ઉંઘવું નહિ; સુગંધ સુંઘવી નહિ, ગર્વ કે અભિમાન કરવો નહિ; ગુરૂના સમક્ષ સ્નાન કરવું નહિ; નાચ મિજલસમાં જવું નહિ; લગ્નાદિ પ્રસંગના મેળાવડામા જવું નહિ; લોકવાર્ત્તામા જીવ રાખવો નહિ; એકાંતમાં રહેવું; ગુરૂ પોતાના આસન ઉપર ન હોય તથાપિ ત્યાં આગળ તેણે નમ્ર ભાવેજ વર્ત્તવું; તેણે સભ્ય, શાંત, આજ્ઞાંકિત, નમ્ર, સહનશીલ, અવિશ્રાંત યત્નશીલ, ક્રોધરહિત અને અસૂયારહિત થવું; આવા નિયમો તેણે પાળવા પડતા હતા. (આપસ્તંબ ધર્મસૂત્ર ૧, ૨, ૭). તેના વિદ્યાર્થીધર્મ સિવાય બીજી બધી ફરજોમાથી તેને મુક્ત રાખવામા આવતો હતો. કોઇ નજ-

બીજના સગા સંબંધીના મરણનું સૂતક પણ તેને લાગતું નહિ. બનતાં કે તેના કાર્ય માટે પણ તેના વિદ્યા કચાસમાં અપવાદ આ વવા દેતા નહિ * આપણા ભારતમાં ઘણા ગૃહમાન્તરે જે નિયમોનો ભંગ કરવાને ખુશી થાય એવું કેટલું બધું આમાં છે ! "

"ગુરુ શિષ્યનો સંબંધ પણ કપટરહીને કરેલો છે કૃત્યોના ઉપોદ્ઘાતમાં આપણે એક વેદમંત્ર ટાંક્યો છે તેમાં કહ્યું છે કે, 'જે કે ઈ વિદ્યાર્થીના કાનમાં મધ અને અમૃતનું સિંચન કરે છે તેજ વિદ્યાર્થીના આપ્તજન છે, અને તેણે તેમનું અપ્રિય કદી પણ કરવું જોઇતું નથી.' આપણે બીજા એક મંત્રનો ઉચ્ચાર આપ્યો છે તેમાં કહ્યું છે કે 'જે વિદ્યા ગુરુ પાસેથી વિદ્યા પ્રાપ્ત કર્યા પછી મન વાણી અને કર્મથકે તેને માન આપતા નથી, તેમને ગુરુ પાસેથી પ્રાપ્ત થયેલી પવિત્ર વિદ્યા ફળવતી બનતી નથી' એ ગુરુ ભક્તી બાબતોને અવલંબી અજાણ્યે કોઇ નિયમનું ઉલ્લંઘન કરે તો તેણે એકાંતમાં તે વાત ગુરુને નિવેદન કરવી. આ જોતાં વિદ્યાર્થી પોતાના ગુરુના દોષ ઉઘાડા પાડે છે અગર તેને ઉતરતા ચીતરાવા આવે છે " (અપૂર્ણ).

ગુજરાતી ભાષાના શબ્દોની જોડણી.



હિંમતને માટે આ અતિ અગત્યનો વિષય છે. ગુજરાતની સુધારાની આકાંક્ષા બેઠળી અમુક વિદ્વાનોને આપણે બનતા મળી હતી અને તે વિદ્વાનો પણ તે બનવાને મુખ્યત્વેકરીને પ્રયત્નોમાં પ્રવૃત્ત થયા હતા તે પણ તેવી તેવી આકાંક્ષાઓ કરવાની પ્રવૃત્તિ કે પછી વિદ્યાપ્રચુર લેખકોમાં કેટલીક હોવાનો સંભવ છે, પણ તે કયા વિદ્વાનો આપણે જાણે છે તે કાંઇ પ્રસિદ્ધ કરવામાં આવ્યું નહિ. એમ બનતાં આપણી ભાષાના ગદ્યલેખકોની લેખનપદ્ધતિમાં ઘણે ઠેકાણે એકતા જોવામાં આવે છે કે અમારે કોણ વિદ્વાન બનવાનું તે લેખનપદ્ધતિમાં ઘણા ખરા આવી ગયા છે એમ કોણ કહી શકે

લેખનપદ્ધતિનું આવું અનિર્ણિતપણું જોઇને વિદ્વાનોને અને વિદ્યાર્થીઓને બનતો બધા કરી મૂકવાની ઓછી ઘણી હતી તે તો કોણે વિદ્યાર્થીનું કામ કરવા 'હમે તેમનેજ આવડે છે. પોતાને આવડતા અનિયમિત લખાણોને કેવળ અજાણ્યા વિદ્યાર્થીની બદલી કરી આપવું એ અઘરું. જોકે કેટલાક બનતાં ગુજરાત ના લખાણો જોઇ વિદ્વાનોને પણ અક્ષરાપર નવેસરના સુધારાઓમાં આ વિષય ઉપયોગ લખવા કરી છે તે જોઇ આપણે ઘણો આનંદ માન છે. અમોએ જોયાથી આવ્યા છે કે સુધારાને ઘણો ટેકો અને વિચાર કરી બદલાવ એ અમે મદદ પાડી છે અને તેનું પરિણામ કંઇ નિયમિતપણાને આવેલી આપણે

---

* અમેરીકી કોલેજિયટ ગ્રેજ્યુએટમાં પણ આવાજ નિયમ જોવામાં આ- વેલો ફેલપ્સ.

આશા રાખીશું. પોતાના પહેલા ચર્ચાપત્રમાં તેમણે કેટલીક શંકાઓ ઉપસ્થિત કરી છે જેવી કે,—"ઈદ્રં" વગેરે શબ્દોમાં 'દ્ર' ક્યાં રાખવો ? અંગ્રેજી અને પરભાષાના શબ્દો કઈ રીતે લખવા ? બે મહાપ્રાણ જોડે આવે તો કઈ રીતે જોડવા ? લ અને ળ ક્યાં લખવા ? કેટલાક વિશેષ શબ્દો કઈ રીતે લખવા ? વિશેષભૂતકૃદંતનો પ્રત્યય 'એલો' લખવો કે 'યેલો' ? સમાસાંત શબ્દો કેમ લખવા ? વિરામચિન્હ ક્યા નિયમે મૂકવાં ? શબ્દયોગી શબ્દને જોડીને લખવા કે છૂટા ? એક જેવા જણાતા પણ વસ્તુતઃ જુદા શબ્દો કઈ રીતે લખવા ? વગેરે. ચર્ચાપત્રીએ આ શંકાઓનું નિવારણ કરવામાટે જોડણીના કેટલાક નિયમો આપેલા છે. આ નિયમોમાના ઘણાખરા સર્વમાન્ય નહિ તો બહુમાન્ય થઈ શકે એવા છે. માત્ર કેટલાક નિયમો ફરી વિચાર પર લેવા જેવા અમને લાગે છે. જેમ, સાતમા નિયમમાં–"કહેછે, રહેવું, સહેવું, શહાણો, વહાણ," વગેરે શબ્દોમાં પાછલા અક્ષરમાં 'હ' મળેલા હોય એવો ઉચ્ચાર થાય છે એમ છતાં, તે શબ્દોના પહેલા અક્ષરને અકાર સહિત લખવાનો નિયમ આપ્યો છે; અને તેની જોડેના આઠમા નિયમમાં મહેતાજી, બીહીક, બીહીનો, મોટું, નાનું તાનું, વગેરે શબ્દોને "મ્હેતાજી, મ્હીક, મ્હીનો મ્હોટું મ્હાનું, ત્હારૂ," વગેરે લખવાની ભલામણ કરી છે. જો એમજ છે, ત્યારે "સહેવુ" વગેરે શબ્દોને "સ્હેવું" વગેરે પણ શા માટે ન લખવા ? જે નિયમ ઉપજાવી કાઢ્યો છે તે કાંતો શબ્દોના મૂળ ઉપર નજર રાખીને અપવા લોકોના બોલવા ઉપર આધાર રાખીને ઉપજાવેલો હોવો જોઇએ. જો મૂળ ઉપર નજર રાખીએ તો કષ્ટ, સહ્, મહત્ મૂળ ઉપરથી થયેલા શબ્દો કહેલુ, સહેવુ, મહેતાજી, મહોટું એમજ લખાય તે યોગ્ય છે; જો બોલવાપર આધાર રાખીએ તો કહેછે, સ્હેછે, મ્હેતાજી, મ્હોટુ, એમજ લખાય તે યોગ્ય છે. જો એ બન્ને બાબતોને બાજુ મૂકીને નિયમ કરવા હોય ત્યારે તો 'કેટલાક શબ્દોના" એમ લખીને નિયમ અનિશ્ચિત કરવો નહિ; પણ એમજ લખવું કે, અકાર પછી હ નો ઉચ્ચાર થતો હોય તો અ કાયમ રાખવો અને અ સિવાયના સ્વર પછી હ નો ઉચ્ચાર થતો હોય તો તે સ્વરનો લોપ કરવો. પણ એવો નિયમ બાંધતા પહેલાં તેવા નિયમ બાંધવાના કારણો જણાવાય તો ઠીક.

બારમા નિયમમા પણ એવીજ અનિયમિતતા છે. તેમાં "ઇ" અને "ઉ" હ્રસ્વ કે દીર્ઘ બોલવાની ઇચ્છા પ્રમાણે લખવાનો વિકલ્પ રાખ્યો છે. નવમા નિયમમાં પણ જોવોજ વિકલ્પ થઈ શકે, એમ છતા લા તે રાખ્યો નથી. અમને લાગે છે કે બનતા સુધી એવા વિકલ્પ ઓછા હોય એજ ઠીક; કેમક વિકલ્પને અને અનિયમિતતાને સગાઈ નહિ તો મિત્રાચારી પણ થતી હશે.

તેરમા નિયમમાં દીર્ઘ 'ઈ' પછી 'અ' અને હ્રસ્વ 'ઇ' પછી 'ય' મૂકવાનું ઠરાવ્યું છે, તેનું કારણ સમજાતુ નથી "બરીઓ, દરીઓ, રૂપીઓ, દુનીઆ," એવા ઉચ્ચાર તો કોઇ કરતું નથી; બધાજ "બરિયો દરિયો રૂપિયો, દુનિયા," વગેરે બોલે છે. એમ છે ત્યારે એ કહેવાતા નિયમને જાણી રાખવાની શી આગત્ય છે ? અને તેટલા નિયમિત કા ન થવું ? પ્રતાપ સગાઇતી વખતે પણ એજ નિયમને અનુસરીને "નદિયો, પદિયે," વગેરે લખવામા શી હરકત છે ? જો આપામા એકવાર એ લખાણ પ્રચલિત થાય તો વ્યાકરણકાર પછી શું કરવુ તો જોઇ લેશે.

'ન.હ' ના સંબંધમાં પણ વિકલ્પ રાખવાની જરૂર જણાતી નથી. "નહીં" એ મરાઠી રૂપ છે. મરાઠી ભાષા બોલનારાઓ પોતાની બોલચાલમાં ગુજરાતી બોલનાર કરતાં કાંઇક જુદું

છે અને તેને પરિણામે જેઓ 'નહિ' જેવા અંત્યાક્ષરને અનુસ્વારયુક્ત દીર્ઘ બોલે છે. ગુજરાતીમાં તો પણ 'આ' હ્રસ્વ ઇકારાંતજ બોલાય છે.

આ વિદ્વાનોનો હેતુ એજ છે કે સુધારકે જણાવેલા નિયમોમાંના પણ નિયમો માન્ય કરવા જેવા છે, એમ છતાં તેમાં કાંઇક સુધારાનો અવકાશ હોય તો તે બોર્ડને પંડિતો તેમ સુધારી માન્ય તરીકે પ્રસિદ્ધ કરે; અન્યથા, બોર્ડણીની અનિયમિતતા આમ ને આમ ચાલ્યા કરે એ જોઇ રહેવા જેવું નથી. બધા વિદ્વાનો એકમત થયા નહિ, પણ કેળવણી ખાતું જે નિયમો મંજૂર કરે તેની અને દહાડે પછી અસર થવાની. ગુજરાતી ભાષા લખવા માટે વાચનમાળાની દ્રષ્ટિએ જે નિયમો કરવામાં હતા તે કાંઈ કોઈને લિખિત અર્પણ થયા છે, અને તેને ફેરફારવાદૃષ્ટ સંસ્કાર આપી દરેક નિયમો કરવાની જરૂર છે. કોઇજ નિયમ ન હોય તે કરતાં કોઇ પણ નિયમ હોય તે સારો કે જેથી તેને અનુસરીને લિખકો અને છાપકા એકસરખા વર્તી શકે.

વાચનમાળા અને વર્ગસચૂકો વિષે પ્રોરબંદરના ઇ. ઇ. નો અભિપ્રાય.

(ગયા અંકથી ચાલુ.)

કવિતા ૧૫ સંબંધમાં રા. સા. ગોરીશંકરભાઇની સૂચનાઓ પણ સારી છે. કવિતા [illegible] અને રસભાવવંજક હોય તેજ સારી. જેમાં કાંઇ ઐતિહાસિક બનાવ ન હોય તે કવિતાજ નથી. " ભોજો ભગત કરે કંઈ વળાવી તરત ખીજતે ગયા રે " એવી કવિતાઓ બાળ વાંચતા જેવા કાંઇ વિષયની કવિતાઓ પણ બાતલ કરવા જેવી છે. એમ છતાં બીજી ચોપડીમાં સમાવેલા " જોઓ ભાઓ બાપજી " " વામનરાયા બાવું એક " ઇત્યાદિ કવિતાઓ ઉપર શુષ્કપણાનો આક્ષેપ કરી તેને નિરૂપયોગી ગણી કાઢવામાં આવી છે એ અભિપ્રાય બહુ ઉતાવળે સમંજસ નથી. નાનાં બાળકોના મુખમાં પ્રથમ આ કવિતાઓ મૂકવામાં આવે છે અને પરિપક્વ બુદ્ધિવાળા વિદ્વાનોને જે તુચ્છ લાગે તે બાળકોને પરમ લાગે છે, એ ભૂલી જવું જોઇએ નહીં. કિન્ડરગાર્ટનના ગીતની કવિતાઓ કરતાં આ ઓટલે બેસાડવા કહેવાની યથાર્થતા જરૂર લાગે અને તો કાઢીને એને પડતી ચોપડીમાં દાખલ કરો અને તે સાથે બીજું પણ કેટલાંક કડકાંકનાં નામનો પણ દાખલ કરો. વાચનમાળાના પહેલી (કવિતા સુધી) [illegible] તથા તેને ભોગવવામાં બે [illegible] ટિ વધારે છે એમાં તો સંદેહ નથી. કરવા લાયે તેમાં પણ કંઇ [illegible] ય ગણે, તે વાતની ના નથી, પણ રેવણ [illegible] ચિત્રથી એક વાર બાળમાં [illegible] અનુભવે, કે " મા, બા, છે " લાગી " તો તમને વિષ્ણુવનપતિ, [illegible] કહે કૃષ્ણ કહે બલપતરામ " લાગે છે આપ, સામાન્ય જ્ઞાન, નીતિ, [illegible] ના, અને વિદ્યાના વિષયોના જ્ઞાન બાળકોની તેમની સ્વભાવ પારખ શક્તિ ઉપર અને તેમની ગ્રહણશક્તિ ઉપર નજર રાખી કવિતામાં આવ્યું છે ગુજરાતીમાં બાળક પુસ્તકોની એવી સારી રચના હજી

નથી, અને જો એકંદર વાચનમાળાનું બારીક નાખવામાં ન આવે તો સારી રચના થઈ શકશે કે નહિ તે વિષે પણ સંદેહ છે. આ ઉપરથી એમાં સુધારાનો અવકાશ નથી, અથવા હવેની પ્રજા માટે નવીન પાઠોની અગત્ય નથી, એમ અમારું કહેવું નથી; અમે માત્ર તેની રચનાશૈલી વિષેજ કહીએ છીએ હાલ જે પાઠો છે તેનેજ હાલે કોઈ નવીન રસમય પાઠો એજ રચનાશૈલી ધ્યાનમાં લેઈને દાખલ કરવામાં આવે તો વળી વધારે સારૂ છે.

એમ છતાં રા. સા. કહે છે તે અમારાથી સમજાય છે. 'આપચડાઈ, હોંશિયાર છોકરો' વગેરે નીતિ વગેરે ।। પાઠોમાં હૃદયદ્રાવકતા તેઓ જોઈ શકતા નથી તેથી તેઓ તેને શુષ્ક કહે છે. અમે પણ સરસ પાઠોને પસંદ કરીએ છીએ ભૂગોળના પાઠને તેઓ નિરૂપયોગી ગણે છે, પણ તેઓ પોતાના નિબંધમાં બીજે ઠેકાણે લખે છે તેમ જો નવીન ભૂગોળના પુસ્તકો રચવામાં આવે તો પછી તેવા પાઠોની અગત્ય નથી એમ ન થાય તો એજ પાઠોને નવેસરથી લખીને પણ રાખવાની અગત્ય છે ઇતિહાસના પાઠો તો તેઓ કહે છે તેમ કમી કરવા જેવાજ છે નવા ધોરણોમાં બનાવ્યા પાઠોમાં નવીન વિષય દાખલ કર્યો છે. એમ છતાં વાચનપુસ્તકોમાંથી સામાન્યજ્ઞાન ।। પાઠો બિનકુદરતી કાઢી નાખવા એ તો ઠીક નથી, કેમકે એ પાઠો કેવળ વિષયપુંજ જ્ઞાન આપવાને નહિ, પણ બિબંધરૂપ ભાષાનું જ્ઞાન આપવાને પણ ઉપયોગી છે. એ સિવાય પ્રાણીવર્ણન, વનસ્પતિવિદ્યા, સંચા, ખગોળ, વિજળી, શારીર, પદાર્થવિજ્ઞાન, ઇત્યાદિ વિષયનું જ્ઞાન કરાવનારા પાઠ વાચન પુસ્તકોમાં છે, અને તેથી જો કે વાચનારને જે તે વિષયનું સંપૂર્ણ જ્ઞાન થતું નથી, એમ છતાં તે સંબંધી કાંઈજ માહિતી બાળકોને ન આપવી એ તો ઠીક નથી. પાછળથી તેઓ જણાવે છે તેમ, તેમાં સુધારણા જરૂર છે.

ઉપર કહ્યા તે પ્રત્યેક વિષયો જુદી જુદી વિદ્યાઓ છે અને તે સંપૂર્ણ જ્ઞાન પ્રાથમિક શાળાઓમાં નહિ, પણ પાઠશાળાઓમાંજ આપી શકાય અને એજ કારણથી વાચનપુસ્તકોમાં તે તે વિદ્યાની પરિભાષા પણ દાખલ કરવામાં આવી નથી સામાન્ય માહિતી તરીકે જો એ વાચનપાઠો વિદ્યાર્થીને સમજાવી શકાય. એમ છતાં રા. સા. કાશીરામભાઈ જે સુધારણા કરવા કહે છે તે સમજવાનું છે. તેઓ કહે છે કે વાચનમાળામાં કૃષિ, વ્યાપાર, પૂર્વજોના ચરિત્રો, હુન્નર અને કળા, આરોગ્ય સાચવવું, કુયોગ, ધર્મ, અને ઈશ્વર કે બીજા પાઠો દાખલ કરવાની અગત્ય છે અને તેમ કરતાં જે પાઠ નિર્માલ્ય જણાય પણ એવોજ સુધી એવા વિકલ્પ કમી પણ થઈ શકે. આ સૂચના સ્તુતિપાત્ર છે.

વાચનમાળાની જોડણી વિષે તેઓ જે કહે છે તે ખરેખર લાગુ નહિ તો મિત્રાચારી જોડણીના વિકલ્પ ભાષાનું વર્જન કમી કરે છે એટલું જ નહિ, પણ તેથી સ્વૈર થઈ જાય છે *

કન્યાશાળાની વાચનમાળા જુદી હોવા સંબંધી સૂચના, રૂપીઓ, દુનીઆ, " એવા ગોવિંદભાઈએ એ સંબંધે કોંધક તૈયારી કરી પણ " રૂપિયો, દુનિયા, " વગેરે બોલે છે. વાત ખરી હોય તો તેવા યોગ્યતાવાળા વિદ્વાન માણસની કેટલી અગત્ય છે ? અને જોડણી નિયમિત થશે તો જરૂર ઉપયોગી થશે, એમ અમારું માનવું છે. જે અનુસરીને " નદિયો, પડિયે, "

રા. સા. કાશીરામભાઈ વાચન પુસ્તકોના સંબંધે એ લખાણ પ્રચલિત થાય તો વ્યાકરણ-

* હમણા બુદ્ધિપ્રકાશમાં એ વિષે ચર્ચા ચલાવી સ્થાપી નિયમો કેળવણી ખાતું પ્રકટ કરે તો બહુ સારું પાછી જરૂર જણાતી નથી. " નદીઓ " ગુજરાતી બોલનાર કરતા કોંધક જુદું

"ના; લગાર પણ નહિ" પેન્ડયુલમે જવાબ આપ્યો. "હું ફરિયાદ કરું છું, તે, છ ટકોરાને માટે નહિ, કે સાડ ટકોરાને માટે નહિ, પણ લાખોને માટે"

"બહુ સારૂ" ઇયર્ડલે જવાબ આપ્યો. "પણ યાદ રાખો કે, તમે એક ક્ષણમા દશ લાખ ટકોરાનો વિચાર કરો છો તો પણ તમારે તો ફક્ત એકજ ટકોરો કરવાનો હોય છે, અને વળી યાદ રાખો કે તમારે હમેશા આમ તેમ ઝોલા ખાવાના હોવાથી, માટે દરેક ઝોલા વખતે ટકોરો થતા પહેલા તમને એક ક્ષણ આરામને માટે મળે છે"

"એ વિચારથી હવે મારૂં મન ફરે છે, હું કબુલ કરું છું" પેન્ડયુલમે કહ્યું.

"ત્યારે હું આશા રાખું છું," ડાયલપ્લેટે ઉમેર્યું "આપણે બધા તરતજ આપણા કામપર પાછા લાગી જઇશું. કારણ કે જો આપણે આ પ્રમાણે આળસુ થઇને બેસી રહીશું, તો છોકરીઓ બપોર સુધી પથારીમા સુઇ રહેશે"

આ ઉપરથી વજન, કે જેના નમ્ર વર્તન ઉપર કદી પણ આરોપ મૂકવામા આવ્યો નહોતો, તેણે તેને ચાલવામાટે જોરથી ધક્કો મારવામા પોતાના સંપૂર્ણ બલનો ઉપયોગ કર્યો, જ્યારે તેની સાથે એક મત થઇ ચક્કરોએ ફરવાનું શરૂ કર્યું, કાંટાઓએ ચાલવા માંડયું, પેન્ડયુલમે ઝૂલવાનું શરૂ કર્યું, અને તેની માન્યતાને માટે હમેશની માફક મોટેથી અવાજ કીધો જે વખત ઉગતા સૂર્યના કિરણો, ડાયલપ્લેટને સારી રીતે પ્રકાશિત કરતા, બારીઓમાં થઇને આખા રસોડામા રેલાયા ને તેમણે તેને એટલુ બધું પ્રકાશિત કરી નાખ્યું કે જાણે એવી પ્રકાશિત કોઇ વસ્તુજ નહિ હોય.

જ્યારે બેડુત ખાણ ખાવાને માટે રસોડામા આવ્યો, ત્યારે ઘડિયાળ સામું જોતા તેને માલમ પડ્યું કે તેન કરતા પોતાના બિસ્માનું ઘડિયાળ અડધો કલાક આગળ ચાલેલું છે.

સારાંશ—ઉપદેશ.

'મિનિટની કાળજી કરો એટલે કલાકો પોતાની જાતે તેમની કાળજી કરશે.'

આ એક પ્રસંશાપાત્ર સૂચના છે અને જ્યારે ઘણું કામ કરવાનું છે એવા વિચારથી આપણે મારૂં કામમાં કંટાળો ખાવા માંડીએ, ત્યારે દરેક સમયે એ યાદ કરવુ જોઇએ. આપણે જે કરવાનું છે તેને માટે હાલની પળજ કામની છે ભૂત કાળને માટે આપણે નાઈલાજ છીએ, અને ભવિષ્યકાળ અચોકસ છે, અર્થવા એક પળનો બોજો બીજી પળપર નાખવો એ સારૂં નથી. કોઇ પણ પળનો સારામાં સારો ઉપયોગ તેજ છે કે તે પળનું કામ તે પળમાજ કરવુ જોઇએ જો આપણે સો માઇલની મુસાફરી કરવી હોય તો તેજ વખતે આપણે એક ડગનું ચાલવુ જોઇએ, અને જો તે ગતિ ચાલુ રાખેલી હશે તો તે આપણને નાસીપાસ કર્યા વગર આપણી મુસાફરીને છેડે પહોંચાડશે. કંટાળો ઘણુંકરીને એક ચાલનો હિસાબ એક મિનિટમા ગણી કાઢવામા શરૂ થાય છે અને પછી હમેશા વધવા માંડે છે.

આ પ્રમાણે ભવિષ્યની જીંદગી તરફ નજર કરતા આપણે યાદ રાખીએ કે તેની કટોકટનો ભાર ઉપાડી રાખવાનું, તેના કલેશ મદન કરવાનું, કે તેના આવતા વિઘ્નોની સાથે બટવાનું, હાલને હાલજ આપણે નથી. દરેક પળ તેની માથે તેનો નાનો બોજો લઇને આવેછે,

અને ઉઠી જાય છે; અને તેની જગાએ તેના કરતાં સારે નહિ એવી બીજી આવે છે. જો એ પણ ખમી ખાય છે, તો તેજ પ્રમાણે બીજી અને ત્રીજી પણ પડ જાયે.

વળી કહ્યા એ દિવસ તરફજ નજર કરતાં, કેટલીક વખત કરજનો, મહેનતનો, અને રકમાંય તથા ધૈર્ય કે જેની આશા રાખવામાં આવે તેનો એકદમ ઉતાવળીયો વિચાર કરવાથી ખુસ્સો નરમ પડી જાય છે. હવે આ એક પળના ઉપર હલ્લો પડ્યાનો બાર મૂકવો તે અન્યાય કરેલુંજ છે. જે પડ્યા હોય એવું હોય તે કરવાનું છોડી દઈને કોઇ પણ માણસને બોલાવી કરવાનું શું છે તે પૂછી કાઢવા દો; અને પછી જો તેને અનંતકાળ સુધી છાનું હોય તોપણ તેણે કરી બોલું કામ કરવું નહિ જોઇએ પરંતુ કોઈ પણ કામ, બબ્બે પછી, વાંધું કર્યા પછી, આવતી કાલે સવારમાં, અથવા બીજે કોઇ વખતે સારી રીતે કરીશું, એવો વિચાર કરવોજોઇએ સાધારણ ભૂલ થાય છે. પણ જેવું હમેશા કરીએ તેવું હમણાં, હમણાંજ, આ વખતેજ આપણે કરવા માંડવું જોઇએ

કામકાજ તરીકે બહારજ બનતા બનાવ માણસને માટે તેના મનનું સમાધાન કરવાનું તેને પોતાને બહુ મહેનત છે, કે બીજા વખતે તે પોતે પોતાની રેવને તાબે નહિ થાય તેને માટે તે ઉત્તેજીત થયેલો છે એમ તે ધારે છે; પણ જે વિજય છે તે તો હાલના ઉત્તેજનપણા ઉપરજ રેવને તાબે કરવાને માટે થયો તેજ છે ને, અવિશ્વાસ મોળાને પડવા વગર હાલની પળે આપણે કરતા એકદમ પ્રયત્ન હમેશા કરતા રહીએ, કોઇ પણ વખતે જ્યારે તે બહુજ થોડું કરી શકાય એમ હોય તોપણ આ સારો પ્રયત્ન ચાલુ રાખીએ, તો દરેક વસ્તુ છેવટે પૂર્ણ થશે.

આજના કરતાં આવતી કાલે મારું કરાશે એ ઘણું સહેલું દેખાય છે, કરવા કરતાં એજ છે, આપણે ભૂલી જઇએ છીએ કે સવાર થશે એટલે તે વળી 'આજજ' થશે. (અર્થાત્ જેને આપણે કાલ કહીએ છીએ તેજ આવશે ત્યારે પાછી 'આજ' કહેવાશે.) આ પ્રમાણે અવિશ્વાસ પણ ફેરવારો સાથે જોડાઈ ચાલી જાય છે, કે જે કામની પગ કદી પૂર્ણ કરતી નથી.

જેઓ સારાં કામ કરવામાં પૈર્યથી મતિ ચાલુ રાખીને મહાત્મા, આબરૂ અને અમરપણું પામે છે, તેઓની સાથે આ પ્રમાણે નથી. દિવસે દિવસે, મિનિટે મિનિટે તેઓ હાથમાં લીધેલું કામ ચાલુ રાખેજે, કે જેના વખતના અને મહેનતના ચોકસ ભાગ પાડેલા હોય છે; અને આ પ્રમાણે કરીને આખો દિવસ થાય છે ત્યારે તેઓ જેવારે તેમની મહેનતરૂપી આરામ લેજે, અને તેમનું કામ તેમની પાછળ ચાલવા માંડેજે. (તેઓ કામની પાછળ ચાલતા નથી.)

ચાલો સારે આપણે જે કાંઇ આપણા હાથમાં કરવાનું આવે તે, હાલનો વખતજ યોગ્ય અને માન્ય કરવા યોગ્ય છે એમ યાદ કરીને આપણા સંપૂર્ણ બજાવી કરીએ.

જગજીવન દયાળજી મોદી.

દોહરો.—જળનાં મોજાં જળ વિષે, ઉઠી જેમ સમાય;
તેમ મનોરથ ગરિબના, અંતરમાં લય થાય.

લેખનશૈલી માટે વાર્ત્તા.

કાગળ કાપનારો હાથી.

હાથી જેવું ડાહ્યું પ્રાણી બીજું ભાગ્યેજ હશે. તેના ડહાપણની સેંકડો વાતો પ્રસિદ્ધ છે. હાથી આવું પ્રચંડ જનાવર છે તો પણ તે ઘણું બુદ્ધિમાન હોવાથી તેને જે શીખવીએ તે કાળજીપૂર્વક શીખી શકે છે. સતારાના છત્રપતિનો એક હાથી પોતાના ધણી ઉપર ચમ્મર ઢોરાડતો હતો. મોગલ બાદશાહનો હાથી હિંદુના દેવાલયમાં પેશી તેમાંની મૂર્ત્તિનો નાશ કરતો. ડા. ક્રાંકલીને હિંદુસ્તાનમાં એક હાથી જોયો હતો, તે હાથી એક નાના છોકરાની માં ગત થવાથી તેનું ઉત્તમ પ્રકારે રક્ષણ કરતો હતો. ઇત્યાદિ અનેક વાતો પ્રસિદ્ધ છે, તોપણ નીચે આપેલી વાત ખરેખરી ઘણી મનોરંજક અને ચમત્કારિક છે.

થોડા વર્ષ ઉપર માળવામાંથી એક તરૂણ રાજા નામદાર લોર્ડ લૅન્સ ડૉન સાહેબને મળવા માટે કલકત્તે ગયો હતો. આ રાજા જ્યારે ગવર્નર જનરલના બંગલામાં પેઠો, ત્યારે લોર્ડ સાહેબ લંડનની મેલમાથી આવેલાં સચિત્ર અને તાજાં વર્ત્તમાન વાંચતા હતા. તેમની પાસે એક હાથીદાંતની છરી હતી, તે છરી વડે તે વર્ત્તમાનપત્રનાં પાનાં વારંવાર કાપતા. રાજા સાહેબની અને તેમની મુલાકાત થયા પછી ઘણી નમ્રતાથી રાજા સાહેબે તેમને વિનંતિ કરી કે " કૃપા કરી આ હાથીદાંતની છરી મને આપો અને તેનો બદલો હું બીજે પ્રકારે આપને આપીશ. " આ વિનંતિ ઉપરથી લોર્ડ સાહેબે તે છરી તેમને આપી, તે જોઇ પોતાને ગાગ આવ્યા.

થોડા દિવસ પછી આ રાજા ફરી કલકત્તામાં આવ્યો, તે વખતે તે પોતાની જોડે એક હાથી લાવ્યો હતો. તે હાથીના જાકારનો દાંત ઘણી કુશળતાથી કોરી તેની એક બાંજુનો આકાર છરી પ્રમાણે કર્યો હતો. આ હાથી રાજા સાહેબે વહાઇસરાય આગળ રજુ કર્યો. અને લોર્ડ સાહેબ હાથી આગળ ઉભા છે એટલામાં સિપાઇઓ એક સેર જી પાથરી, તેના ઉપર જેનાં પાનાં કાપેલાં નહિ એવાં કેટલાંક વર્ત્તમાનપત્ર અને પુસ્તકો મૂકયાં. તે પછી તે ચતુર પ્રાણીએ દરેક વર્ત્તમાન પત્ર પોતાની સુંઢવડે ઉપાડી દાંતથી તેનાં પાનાં કાળજીપૂર્વક કાપ્યાં અને છેવટે તે વર્ત્તમાનપત્ર અને પુસ્તકો એક ઉપર એક ગોઠવીને પોતાના રાજા આગળ મૂકયાં.

ઉપરની હકીકત એડિન્બરોના સ્કૉટિસ સ્ટૅન્ડર્ડ બેઅરર નામના વર્ત્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેલી છે. હિંદુસ્તાનની કૃતિ સ્કૉટલાન્ડમાં પ્રસિદ્ધ થાય એ પણ એક ચમત્કાર છે. કલકત્તાના કોઇ વર્ત્તમાનપત્રમાં આ વાત પ્રસિદ્ધ થઈ છે કે નહિ તે ખાત્રીપૂર્વક કહી શકાતું નથી. માળવામાં જેવો ચટપટી અને ચતુર રાજા કોણ હશે તેના નામની ખબર પડી હોત તો સારૂં.

સર્વાશ્ચર્યમયં જગત્—કેરિબાના દ્વીપકલ્પમાં એક તરતો પથરો છે. આજકાલ યુરોપીય વિદ્વાનોની ચર્ચાનો વિષય તે થઇ પડયો છે. તેની નીચેથી દોરી કાઢતાં નીકળી જાય છે. પરંતુ મૃગજળની પેઠે તે હમ મટતો નથી. કેમકે ગમે તેટલી સૂક્ષ્મદૃષ્ટિથી જોવા છતાં તે જરાપણ પૃથ્વીને અડકેલો છે એમજ દેખાય છે ! અને તેથીજ તેનું ' તરતો પથ્થર ' એવું નામ પડેલું છે.

નવીન પુસ્તકો.

ક્રિયાત્મક ભૂમિતિ—શ્રીમંત ગાયકવાડ સરકારના ઉદાર આશ્રયથી સ્થાપિત થયેલી કલાભવન-તાબેની સંસ્થાને અંગે મીસરાછ જ્ઞાનમંજૂષા એ નવાળા નીચે વિદ્યાર્થીઓનાં વિવિધ પુસ્તકો તૈયાર કરવાનું કામ આરંભાયું હતું તેમાં કેટલાંક પુસ્તકો તૈયાર થયા પછી તે છપાયા વિના પડી રહ્યાં હતાં. આ તેમાંનું એક પુસ્તક પ્રે. ટી. કે મજમુદારની દેખરેખ નીચે રા. રા. મૂળજી રામનારાયણ વ્યાસ એમણે તૈયાર કરેલું છે. યુક્લિડની ભૂમિતિથી આ ભૂમિતિનો વિષય જો કે જૂદો છે તથાપિ તેની રચના તેજ પાયા ઉપર થયેલી છે યુક્લિડની ભૂમિતિ આપણે વિદ્યાર્થીની તર્કશક્તિ તથા બુદ્ધિપ્રકાશને હસ્તગત આપે છે ત્યારે આ ભૂમિતિ વિદ્યાર્થીની ક્રિયાત્મક શક્તિઓની નિપુણતા પમાડે છે. પૃષ્ઠિમા ને જે કંઈ પદાર્થો છે તે સર્વને આકૃતિ છે. એ આકૃતિઓ આલેખી બતાવવાની કળાને આલેખન કળા કહે છે. તેના બે પ્રકાર છે. હસ્તાવલેખન અને મિતાલેખન. એમાંના મિતાલેખનમાં આ પુસ્તકનો બહોળો ઉપયોગ છે;

ભૂમિતિની આકૃતિઓ કંપાસ પટ્ટી આદિક સાધનોથી દોરવાની કળા શીખવવા માટે તે આકૃતિઓનું આમ બનેરે અમિતનો વિષય શીખવનાર પુસ્તક ગુજરાતીમા અત્યાર સુધીમાં કર્તવ્ય ભૂમિતિ નામે એકજ હતું આ પુસ્તક અર્વાચીન અંગ્રેજી પુસ્તકનું ભાષાંતર હતું. તેમાં આ વિષય સંપૂર્ણ સમજવાનો નહીં હોવાથી પ્રસ્તુત ગ્રંથકર્તાએ જૈન કેરોલના અંગ્રેજી પુસ્તકને આધારે બીજા અનેક ગ્રંથની સહાયતાથી આ ગ્રંથ રચ્યો છે. ગ્રંથકાર પ્રસ્તાવનામાં જણાવે છે કે જૈન કેરોલના ગ્રંથની બત્તાવીસમી આકૃતિ જે હાલ બહાર પડી છે "તેમાં સાયન્સ અને આર્ટ ડિપાર્ટમેન્ટના અભ્યાસક્રમની પુષ્ઠિના માટે વક્રરેખાઓના સંબંધમાં કેટલાક ફેરફારો કરેલી છે, પરંતુ તે પૂરવણી કરેલા વિષયો પ્રથમવીજ પ્રસ્તુત પુસ્તકમાં સ્થ મહાવલા હતા." અર્થાત્ ક્રિયાત્મક ભૂમિતિના વિષયને ઉપયોગમાં લેવા સુધારા વધારા સાથે આ પુસ્તકમાં સંકલિત કર્યો છે

આ પુસ્તકના ત્રણ મુખ્ય ભાગ કર્યા છે. રેખાભિતિ, પતભિતિ અને રેખાત્મક અંક-ગણિત. જેઓએ આ પુસ્તક જોયું નથી અથવા આ વિષય ભણ્યા નથી, તે એ પુસ્તકના પારિભાષિક નવીન શબ્દો જોઇને ગભરી ઉઠે એવું છે, તથાપિ ધીરજથી જોઇને તપાસી જોવામાં આવે તો તે બહુ રમૂજી વિષય છે એમ દરેકને લાગશે અમે તો ધારીએ છીએ કે વિદ્યાર્થીઓને જો આ વિષય શીખવવામાં આવે તો યુક્લિડની પ્રતિજ્ઞાઓ સિદ્ધ કરી બતાવવાના મનના પ્રયાસ કરતાં અમુક નિયમોને અનુસરે સાધનો વડે જુદી જુદી આકૃતિઓ બનાવવામાં તેઓને વધારે રમૂજ આવે નિપુણતા મળે એમ છે જ્યાં યુક્લિડનો વિષય શીખવવામાં આવે છે ત્યાં તો આ પુસ્તક એક આવશ્યક સાધન થઇ પડશે એમ લાગે છે. તે સિવાય સ્વિય અને પંચ કામનો અભ્યાસ કરનારને પણ એના વગર ચાલે એમ નથી. પુસ્તકની ભાષા સરળ છે અને સ્વચ્છ બાળબોધ ટાઇપથી છાપેલું છે પુસ્તકના જોડાના ભાગમાં કેટલાક મનોરંજનો તથા પારિભાષિક શબ્દોના અંગ્રેજી પર્યાય આપેલા છે. પુસ્તક તૈયાર કરવામાં ગ્રંથકારે ઘણી મહેનત લીધી છે અને તે સારી રીતે સફળ થઇ છે એમાં સંદેહ નથી. આ મૂળજી ચિત્રકળામાં પણ પ્રવીણ છે અને કેટલીક ચિત્ર વિદ્યાને લગતી ચોપડી લખી

વગેરે તેમણે તૈયાર કર્યાનું સાંભળ્યું. [illegible] માટે વાર્ત્તા.
જ્ઞાનનો લાભ ઉત્તરોત્તર પોતાના મુનર [illegible]

ભૂતનું અસ્તિત્વ છે કે નહિ—[illegible] અનુરૂપ માહિતી આપણાં પણ આપેલી છે, અને ભૂત એ ભ્રમ માત્ર [illegible] વાતો નહિ, એમ આ ચોપડીમા સારી રીતે પ્રતિપાદન કરેલું છે. ભૂતને નામે [illegible] માણસોએ આ નાની ચોપડી વાચવા જેવી છે. આવાં પુસ્તકોનો હજી પણ વધારે પ્રચાર થવાની આવશ્યકતા છે આ ચોપડી વિષે મત આપતાં પેટલાદ ન્યાયરત્ન, ગાળાના વે. ગા. સં. શાસ્ત્રી દોલતરામ નારાયણ લખેછે કે " परन्तु भूतयोनयः सन्ति एतद्विषये बहूनि प्रमाणानि सन्ति. " રા. બિડાલકરે એમાંનાં થોડાંક પ્રમાણો તેમની પાસેથી જાણી લેઇ પુસ્તકમા નોંધ્યા હોત તો પ્રતિપાદ્ય વિષયનું વિશેષ રૂપષ્ટીકરણ થાત. અમને તો એ વિષયમાં મનની કલ્પનાઓ ઉપરાત કાઇ વિશેષ ભાસતું નથી.

गायकवाड सरकारनुं देशी केळवणी खातुं (इनामपत्रको).

માહે અગસ્ટ ૧૯૦૨

મેહેસાણા વિભાગની અભ્યશાળાઓ.

૧. ઑગષ્ટ. ખાંડણજ—મહેસાણા. લક્ષ્મચંદ લલ્લુ. ૧–૫–૦ શાળાના ઉપયોગ સારૂ (છોકરાંને ભણવા માટે મુબાઈ ઈલાકાનો નકશો ૧ રૂ. ૦–૫–૦ તથા હિંદુસ્થાનનો નકશો ૧ રૂ. ૦–૧૨–૦ આપ્યાં. ૨. માયાસુળ—ભાવસાર શીવા પ્રેમા. ૦–૪–૦ છોકરાંને પુસ્તક વહેંચ્યાં. ૩. સપ્ટેમ્બર. પાલોદર—મેહેસાણા. ભાવજી હરિદાસ ૧–૧૨–૦ તા. ૨૦–૮–૦૨ ના રોજ ૩ ½ ની સાકર તથા રૂ. ૦–૧૨–૦ નાં પુસ્તક વહેંચ્યાં. ૪. અરાડુ ,, મુખી. ઠાકોર ચેલાજી મણુજી ૦–૮–૦ તા. ૧૪–૮–૦૨ રોજ છોકરાઓને સાકર વહેંચી ૫. બાલુસા—વિજાપુર. દરોગા. દલસુખ કરસણદાસ ૦–૪–૦ તા. ૧૮–૮–૦૨ ના રોજ શાળાની વિઝિટ કરી સાકર વહેંચી

લાધાભાઈ ખીમજી ગાસ્તર.
બી કા.

અંબાશંકર પ્રભાશંકર
ડેપ્યુટી. એજ્યુ ઈન્સ્પે. મે. વિભાગ.

નીતિ શીખવી—એક નાનો છોકરો પોતાના બાપ સાથે પોતાની ગાડીમાં બેશીને જતો હતો. ગાડીમાં તેમની પાછળની બેઠક ખાલી હતી. એટલામાં એક ચાકી ગયા જેવો માણસ રસ્તે જતો હતો ત્યાં આગળ તેઓ આવી પહોંચ્યા. થાકેલા માણસને જોઇને પેલો છોકરો બોલ્યો કે, " બાપા જો આપણી પાસે બેસવાની ખાલી જગા હોય અને તેની બીજી કોઇને જરૂર હોય, તે વખતે તે ખાલી પડી રહે એ બહુ ખોટું ના કહેવાય ? " તે સાંભળીને તેના બાપે પેલા માણસને ગાડીમા બેસાડ્યો અને કહ્યું: " દીકરા, સારે હવે તું યાદ રાખજે કે, જેની બીજા માણસને જરૂર હોય એવી ચીજ આપણે વગર ઉપયોગની રાખવી મૂકવી એ પણ બહુ બોટું કહેવાય છે. "

નવીન પુસ્તકો ખરીદવાનું.

વિદ્યાલય બુક ડિપો
કલાભવન બરોડા

ચરકુલમ નંબર ૬

મે ચ. ભા. ઝોબાલાલ અનરલ સાહેબ તરફથી ચટકુલમ નં. ૧૬ તા. ૭-૧૧-૦૨ નો આ. પ. ૪૦૧ તા. ૧૩-૧૧-૦૨ માં પ્રસિદ્ધ થયો છે તેની કલમ ૪-૫-૬ મા જણાવેલું છે કે:—

" ૪ ચાળાખાતામાં કેટલાક મહેતાજીઓ બીલ મંજુર થવા સારૂ ઉપરી અમલદાર તરફ મોકલે છે, ત્યારે જલીના હુકમનો દાખલો જોડે છે. અને બીલ મંજુર કરનાર અમલદાર તરફથી બીલ મંજુર થઈ આવે બજનામાં અર્ધ થાવા સારૂ મોકલતી વખતે જલીના હુકમોની નકલો પણેરે કાઢી બે છે.

૫ મારે તમામ બજનાના અમલદારોને ફરમાવવામાં આવે છે કે હવે પછી અર્ધા બીજાની સાથે બદ્યાના નિયમની કલમ ૪૬ પ્રમાણે જલીના હુકમ પણેરેની નકલ જોડવામાં નહીં આવે તો એવા બીલના પૈસા અદા નહીં કરતા બીલ પાછાં મોકલવાં

૬ સદર પ્રમાણે તમામ બજનાના અમલદારે વર્તવું ઘટશે. "

ઉપર પ્રમાણે કહેલું છે મારે આ ખાતાના તમામ નોકરોએ આવાં બીજોનો અર્ધ પડાવતાં હુકમોની નકલો કાઢી ન મોકલતા બીજો સાથે સાહેબ રાખવી. તા. ૧૬ નવેમ્બર ૧૯૦૨.

બો. મો. J. P. J. Chhaganlal T. Modi
બો. વિદ્યાવિહારી.

બઢતીરાત.

સરકારી નોકર પોતાનો પગાર, બક્ષીસ વિગેરે સરકારમાંથી મળવા અ- ર્થે કરે તો તેને રદબાતલ કરવો કે નહિ તે સબબેના મે. ભા. બાં સરસુબાસાહે- બ તરફથી ચટકુલમ નં. ૧૬ તા. ૧૬-૧૦-૦૨ નો તા. ૧૬-૧૦-૦૨ ની આણાપત્રિકાના પાન ૩૨૪ ઉપર પ્રસિદ્ધ થયેલો છે ને તેમાં કુજુર હુકમ નં. ૧૦ તા. ૨૬-૧-૦૨ નો ઉલ્લેખ કરેલો છે. એ કુજુર હુકમ નં. ૧૦ તા. ૨૬-૧-૦૨ નો તા. ૩૦ જનેવારી સ. ૧૯૦૨ ની આણાપત્રિકાના પાન ૧૨૮ ઉપર નામ- દાર દિ. બા. દિવાન સાહેબ કજુરથી પ્રસિદ્ધ થયેલો છે તે નીચે પ્રમાણે:—

" હાલ આપણે ત્યાં બહુ જૂના ખાતાઓમાં જૂના જૂના પ્રકારની આકારે જોવામાં આવે છે, તેમાંની ઘણી ખરી અરજીઓ રદબાતલ કરવા

ઉપર લેવાનો વહિવટ નહીં હોવાથી વિનાં કારણ અરજીઓ બહુ થાય છે, અને તેથી કામમાં નાહક વધારો થાય છે તે બંધ કરવા માટે હવેથી એવો વહિવટ રાખવો કે, જે અરજીઓ સરકારના લાભ સારૂ અથવા સરકારનું જેમાં હિત સમાયું હોય અથવા જે ઉપરથી સરકારમાં કાંઈ ઉપજ આવવાની હોય તે સિવાયની બધી અરજીઓ તથા કોઈ પણ કાયદો, નિયમ, વટહુકમ અગર હજુર હુકમથી કે વહિવટથી જે બાબતની અરજીઓ મુકરર કિંમતના સ્ટાંપ ઉપર લેવાનું ઠરાવ્યું હોય અગર વહિવટ આસતો હોય તે સિવાયની બધી અરજીઓ એક આનાના સ્ટાંપ કાગળ ઉપર લેવાનો રિવાજ રાખવો

૨ આ હુકમ ન્યાયખાતાને ન્યાયના સંબંધના કામને લાગુ સમજવાનો નથી, તે સિવાયના કામે તે ખાતાને તથા બીજા બધા ખાતાને લાગુ છે

૩ આ હુકમ વહિવટદાર તથા તે દરજ્જાના અને તે ઉપરાતના સર્વ દરજ્જાના અમલદારે તરફ કરવાની અરજીઓને માટે લાગુ સમજવો

ટીપ —મુલકી ખાતાના માટે વહિવટદારે જે શબ્દમાં મહાલકરીનો સમાવેશ થાય છે એમ સમજવું

૪ આ હુકમ પ્રમાણે જે અરજીઓ સ્ટાંપ કાગળ ઉપર થવી જોઇએ ને તે પ્રમાણે તે ન કરી હોય તો તે ઉપર કાંઇ ધ્યાન ન આપતાં તેનો જવાબ પણ આપવામાં આવશે નહીં. આ હુકમમાં ઠરાવ્યા પ્રમાણે સ્ટાંપ કાગળો ઉપર અરજીઓ આવે તોજ તેના ઉપરથી યોગ્ય લાગે તો રીતસર તજવીજ કરવામાં આવશે અગર તેનો ઉત્તર આપવામાં આવશે

૫ વૃત્ત ઉપર પ્રમાણે અમલ કરવો અને છ મહિનાની અંદર જે હુકમમાં જે ફેરફાર કરવા જેવો હોય તે બાબત હકીકત, જે બાબતમાં નમુનો ઠરાવવામાં આવશે તે પ્રમાણે ખાતાઓ તરફથી રજુ થવી, એટલે આ હુકમમાં કાંઇ ફેરફાર કરવા જેવો હોય તે બાબત હુકમ આપવામાં આવશે

ઉપર પ્રમાણે શ્રીમંત સરકાર મહારાજા સાહેબની આજ્ઞા થઇ છે" ઉપર જણાવેલા વટહુકમ નં. ૧૧ તા ૧૮–૧૦–૦૨ માં નીચે પ્રમાણે છે—

" સ્ટાંપ કાગળ ઉપર અરજી કરવાના સંબંધમાં હજુર હુકમ નં. ૧૦ તા ૨૮–૧–૦૨ નો થયેલો છે તે પ્રમાણે સરકારી નોકર પોતાનો પગાર બાબ્બુ બિગરે સરકારમાંથી મળવા સારૂ અરજી કરે તો તેને સ્ટાંપ લેવો કે નહીં તે બાબત પ્રશ્ન રા. આ કોર્ટીનાર વિભાગ નામદાર સુબા સા-

કેમ તરફથી ઉપરથી જોવી અરજીને વટાંપ લેવો ન લેવાઓ જેવા અભિપ્રાયથી રિપોર્ટ નં. ૧૩ તા. ૨૩-૮-૦૨ નું કરેલું તે ઉપર મુ. મુ. ઈ. કુ. નં.૪૫ તા. ૨૭-૮-૦૨ નો પત્ર આવ્યો છે કે, "મૂળ વારસાઈનો હેતુ જોતાં આવી અરજીઓ રૂબરૂ હાજર ઉપર કરવી જોઈએ એમ જણાવું નથી સબબ આતાની અસાધારણ મંજૂર કરવામાં આવે છે. પરંતુ જે કામમાં કુટુંબથી પગાર વિગેરે અટકાવેલો હતાં તે મજકુર રિપોર્ટ અરજીઓ કરી બજાવનો વધારો કરવા અરજીઓ થતી હોય તો તેવી અરજીઓ સાદા કાગળ ઉપર સ્વીકારવી ન લેવાઓ. એમ જે ઠરાવ થયા આતા તરફથી તજવીજ રહેતા લેવાઓ."

ઉપર પ્રમાણે કુ કુમ થયો છે તો તે પ્રમાણે સર્વે ઠેકાણે વર્તવા સારુ.

ઉપર પ્રમાણે જોઈએ તેમણે અમલ કરવા તજવીજ રાખવી. તારીખ ૧૬ નવેંબર સન ૧૯૦૨ મુ વડોદરા.

ક્ષમુખ. J. P. J. Chhaganlal T. Modi.
એ. વિદ્યાધિકારી.

બી.

૧૧ મું. અંક ૬ ઠ્ઠો.

કલ્પવૃક્ષ

પોષ, સંવત્ ૧૯૬૯.

વિષયો.

૧. દેશળ... ... ... ૪૩
હળવી મીયા કોમેડી... ... ૪૩
કરેરીના તળાવ પ્રકારના દુષ્કરસીખવવાની શાળા. ... ૪૩
સરકસ કેળવણીનો પ્રતિદિન થતો વધારો... ... ... ૪૪
બંગાળનું બાળા સાહિત્ય... ૪૪
કેળવણીનો ફેલાવો કરવાની જરૂર... ... ... ૪૪
૨. કર્તવ્ય સૂચન... ... ...
૩ પ્રાચીન અને મધ્યકાલીન ભારતખંડની કેળવણી... ... ૪૫
૪. ગદ્યમંજરી ૫૧
૫ નાનાં બચ્ચાંઓ માટે વાત. ૫૩
૬ કાલમ કે કેદનો પ્રકાર... ... ૫૫
૭ ટીપુસુલતાનના જનાનખાનાની બારીક માહીતી. ૫૬
૮. તોડ ૫૭
૯. નવીન પુસ્તકો ૫૭
૧૦. ગાયકવાડ સરકારનું દેશીકેળવણી ખાતું (પ્રગતિપત્રકો) .. ૬૩
૧૧ ગાયકવાડ સરકારનું દેશીકેળવણી ખાતું. (વર્ષક્રમો). . ૨૧

પ્રસિદ્ધકર્તા


છોટાલાલ નરભેરામ ભટ્ટ.

વાર્ષિક કિંમત રૂ. ૨) પોસ્ટેજ રૂ. ૦-૩-૦

છૂટક અંકના રૂ. ૦-૩-૦

વડોદરા:
"વીરક્ષેત્ર મુદ્રાલય" પ્રિંટિંગ પ્રેસમાં છપાયું.

पुस्तकोनी पहोंच.



નીચેનાં પુસ્તકો ભેટ દાખલ ગળ્યાં છે તે આભાર સાથે સ્વીકારીએ છીએ:—

અવલોકન પોથી નંબર ૬. કર્તા રેવાશંકર પ્રભુરામ રાવળ. જૂનાગઢ, કાઠિયાવાડ. કીંમત ૨ આના.

સુજ્ઞ સવિતાગવરી અથવા બીડીની બેડી અને વ્યસનનું બંધન:—કર્તા નાનાલાલ છોટાલાલ શરાફ. કીંમત ૦–૩–૦ પોસ્ટેજ સાથે. આ નાનું પણ બીડીના વ્યસનીને ઘણું બોધક પુસ્તક છે. એમાં બે સુંદર પ્રસંગો વર્ણવીને ઉપયોગી બોધ કર્યો છે.

ભારત ભક્ત—(માસિક ચોપાનિયાનો ૧ લો અંક) કર્તા પ્રહ્લાદજી વૈદ્યનાથજી દવે તથા ગૌરીશંકર જયે. ગોતામી. વાર્ષિક મૂલ્ય રૂ. ૦–૧૨–૦ રૂપાલ (સંદર્ભ).

જાહેરખબરો.

ऋषिविद्या માસિકમાં વેદાનુકૂળ ધર્મ, સંસાર ને નીતિના વિષયો પ્રસિદ્ધ થાય છે. ઋગ્વેદ, યજુર્વેદ ગુર્જરગિરામાં વિસ્તરાય છે. વાર્ષિક મૂલ્ય રૂ ૧) ટપાલ સહિત અગ્રિમ. પારિતોષિક આ વર્ષ માટે "सत्यासत्य विचार." સમ્પાદક મંચ્છાશંકર જ. ત્રિવેદી. પોસ્ટ ગીરગામ મુંબઇ.

(૧૨)

પોસ્ટેજ માફ ! સાંભળી પાંચ કે તેથી વધારે ખરીદનારને પોસ્ટેજ માફ !!

મનોરંજક પુષ્પમાલા—' પ્રથમ પુષ્પ. ' એમાં વિદ્યાર્થીઓને ઉપદેશ મળે એવાં ભાષણ, રમૂજી સંવાદો, અને કવિતા છે. દરેક નકલનો એકજ આનો. એજંટ જોઇએ છે. વધારે ખુલાસો પત્રદ્વારે. મુ ઓના, પોસ્ટ પલસાણા. ભાસ્તર જી. કે. ગોળવલકર.

(૨)

રત્નમાલ નામના પુસ્તકની જાહેરખબર ઉપર વાંચનારનું ધ્યાન ખેંચવામાં આવે છે. એમાં લખેલા નવે નંબરને બદલે ફેબ્રુઆરી ઓગણીસ સુધી મુદત લંબાવવા કર્તા તરફથી જણાવવાની આગને સૂચના થઇ છે, તે પ્રમાણે અંક પત્રમાં સુધારી વાંચવાનું છે.

રત્નમાળ,

અથવા

ગુજરાતનાં પ્રાચીન રાજ્યો તથા રાજવંશીઓની પૃથક પૃથક તવારીખોનો સંગ્રહ.

'કર્ણસંગ્રામ' નામનો ગ્રન્થ વડોદરાના ગદ્યલેખક દેશળજી પાર્શ્વેથી મહેરબાન એલેકઝાન્ડર કીન્લાક ફ્રાર્બસ સાહેબે મેળવેલો, તેનું ભાષાંતર કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇએ પોતાની સરળ અને સભાજનની ભાષામાં ભાષાન્તર કરેલું છે "રાસમાળા" એને આ ગ્રન્થને કાંઈપણ સંબંધ નથી આ ગ્રંથમાં જૂદા જૂદા ભાટ, ચારણ, વહેરા લોકોના જૂના ચોપડાઓ અને દફતરોમાંથી મેળવેલી નીચેની બાબતોનો સમાવેશ છે—

ભૂચડ અને જયસિંહજીના યુદ્ધનું વર્ણન.

જયદેવ પરમાર વિષે	દામોદર નરવા વિષે
સાંબેલાર વિષે.	ચાંપેલાવંશ વિષે
ચાવડાવંશ વિષે.	જાતા જયપુતોના ચરિત્ર વિષે.
સોનવંશનું વિષે	અમદાવાદ વસવાની વાત.
કેમલ મહારાજા વિષે.	દાહી લોટિ વિષે
ગોવાડી જાગીર વિષે	મહીના પરમારો વિષે.
કનોજના રાજા સાથે દુશ્મનાવટ વિષે.	નાણુરિયા કબજાની વિષ.
કુમારપાળની બાણું ગામકુબર વિષે	પેટલાના કબજાની વિષે
કુમારપાળ રામનો ભાર	ગોધરા વંશ વિષે
ત્રણેયુગે ની જનાત વિષે.	ચુડાગના કાનોજી વિષે.

વગેરે, વગેરે

ઘણા દિવસ આપણમાં કાવ્ય અને કવીશ્વર દલપતરામના કરેલા ગુજરાતી ભાષાન્તર સાથે આ ગ્રન્થ છપાવવાના આવશે. મારફેર થવાના પ્રમાણમાંજ નકલો કપાવવાની છે, માટે જેમને આ પુસ્તકના ગ્રાહક થવાની ઇચ્છા હોય તેમણે નીચે લખી કબજાના નવેમ્બર માસની આખર સુધીમાં લખી જણાવવું પુસ્તક તૈયાર થયેથી વિ॰ પી॰ થી મોકલવામાં આવશે

કિંમત રૂ ૧-૮-૦ આનાઉપરાંત ગ્રાહક બનાવ્યે માટે કિંમત રૂ. ૧—૦—૦ પોસ્ટેજ જૂદુ

આ ઐતિહાસિક વિષયોથી પુસ્તકનો લાભ વધુ થઇ શકે માટે ગુ. વ. સોસાઇટીનાં લાઇફ મેમ્બરો તથા દેશદેશના લાઇબ્રેરીઓ અને કેળવણી ખાતાના શિક્ષકોમાંથી જેમણે અગાઉ ગ્રાહક થયે તેમણે અર્ધી કિંમતે આપીશું.—પાછળથી પુરી કિંમત પડશે.

આ જણાવ નીચેને શીરનામે કરવો —

રેવાશંકર અંબારામ ભટ્ટ,

ઠે. ગુજરાત વર્નાકયુલર સોસાઇટીની ઓફીસ;

અમદાવાદ.

॥ ૐ શ્રીહરિઃ ॥

શ્રીમંત સરકાર ગાયકવાડ મહારાજના કુટુંબમાં આ પાક વપરાય છે અને મરહુમ શ્રીમંત મલ્હારરાવ મહારાજ એનો બહુ ઉપયોગ કરતા.

દેશી વૈદકની કુંચી ! ! આર્યપાકક્રિયાનો ચમત્કાર ! !

શ્રીમંતોનો શોખ ! ગરીબોને ઉપકાર ! અને શરીરની જીવનમાત્રા ! !

હેમંત ઋતુનો શણગાર

પૌષ્ટિક પાક.

(રાજવૈદ્ય-ધનશ્યામ બાપુભાઇની ખાસ દેખરેખ નીચે તૈયાર થતા)

જે મેળવવા માટે પ્રતિવર્ષ હજારો મનુષ્યો આશાની નજરથી અમારા ઘર સામું જોયા કરેછે, છતાં ઘણા મનુષ્યો તેનાથી બેનસીબ રહેતા. તેથી આ વર્ષથી સર્વને લાભ મળે એટલા માટે અમે જથાબંધ પાક બનાવવાનો વિચાર રાખ્યો છે. એ પાક આઠ માસ શ્રમિત થયેલા શરીરને નવી શક્તિ અને જુસ્સો બક્ષે છે, મગજની શક્તિ વધારે છે, શરીરની કાંતિ દીપાવે છે, બળ વધારે છે અને કામ કરવામાં ઉત્સાહ ઉત્પન્ન કરે છે, રોગીને નિરોગી કરે છે, નવું પુરૂષત્વ આવે છે, અને વિલાસી જનોને પૂરો પાડેછે. તેનું કારણ-તેમાં ઉત્તમ કિંમતી દવાઓ જેવી કે, મોતીભસ્મ, ચાંદીભસ્મ, પ્રવાલભસ્મ, લોહભસ્મ, સુવર્ણ વગેરે પડે છે, તેમ વળી પૌષ્ટિક અને શક્તિવર્ધક વનસ્પતિનું નાખવામાં આવે છે જે બાબ કોઈ તરફથી જાણીતા માણસ ખાવામાં આવે છે, સ્વાદમાં પણ આ પાક અમૃતસમાન છે ખાધા પછી માણસો તે યાદ કર્યા કરે છે. આમારે મોટે વખાણ કરવા બરાબર બરાબર કરવી તેના કરતા દરેક માણસે જાતેજ અનુભવ લઇ એક વખત બનાવીજોવા અમારી નમ્ર વિનંતિ છે.

કિંમત ૬૨ ૪૦ તોલે કુરત રૂ ૨. સિવાય ઘણા ઉંચા પાક પણ બનાવવામાં આવે છે.

મુખ્યનો માર્ગ ક્રીષ્ટ રોડ કારંજ
રા. રા. ધનશ્યામ બાપુભાઇની કનેથી, વડોદરા. } મોતીશ્વર મનસુખલાલ પંડિત એન્ડ કું.

ગાયકવાડ સરકારના અને બીજા ઘણા મહારાજાઓ વગેરેના ખાસ વૈદ્ય

કેળવણી.

દોપકવૃત્ત.

અર્થ મળે કહ્યો ધર્મ સધાયે, જ્ઞાન મળે સનમાન પમાયે;
પ્રીતિ વધે પ્રભુ ભક્તિ જગા રાખો, ए शिक्षणविक्षण धर्म अमारो.

પુસ્તક ૧૫ મું. પોષ. સંવત ૧૯૫૯ અંક ૩ જો.

દર્શન.

અફ્રિકાનિવાસના અમીર દબીમુ પ્રાપ્તને પોતાના દેશમાં રેલવેની ઇલાયત માટે જે "ઇમ્પીરીયલ-કોન્ફરન્સ" ઉપરના વિચારની તેને લાયકાત. શિક્ષકો મેળવવાની આવશ્યકતા દર્શાવી છે તેની ખરાઇ કરવી કે કેમ અફ્રિકાનિવાસના અન્યાયોને સારી રીતવડી પાડવા અર્થે અંગ્રેજી તથા દેશની ભાષા માં ખાસ નિપુણ થયેલા કોણ તથા તે સાથે જોડાયેલા કહ્યું, અરબો, ચુકોણ, અર્મેરીકો, અને હિંદુસ્તાની, ભોટીયા વિગેરે લોકોના હેવ તેમજ પસંદ કરવા, વાપરે તે વિદ્યાર્થીઓ એમ.એ અને બી એ ની પરીક્ષાઓ પસાર કરી રોપી લેવાને, તથા તેઓને પ્રાન્ત ઉપરાંત કેમબ્રીજ સર્ટિફીકેટ પણ મેળવવાનું ઠેરાવું જોઇએ.

હિંદુસ્તાન નીતિ રીતિ વિષે તો જે કંઇ છે તે બધું જ્ઞાન આપવા જેવું છે. તે સંબંધે જે "ઓનરેબલ" પોતાની વિદ્વત્તા રીતિ વિવાદે અને ધર્મતત્વોને અભ્યાસ કરેલ તેનો અભિપ્રાય જણાવે છે કે આ "ઇન્ડિયન ડિપાર્ટમેન્ટ" ના કમ્પાઉન્ડ નીચે આસપાસના અને અફ્રિકાના દેશના વિદ્યાર્થીઓ. માટેની. અફ્રિકા નિવાસના વિદ્યાર્થીઓ ઉપરાંત હિંદુસ્તાની કેળવણી અને જોવા ઇચ્છનારને ઉપરાંત પેટાની રેલ્વે અને મુખ્યકરી મોકલવા અને દેખરેખ રાખવાને કોઇ ગણ."

આપણામાં કોન્ફરન્સ વિષે કેવીક ગેરસમજુતિ ભરેલ ભાષે છે કે કોન્ફરન્સ એ કોઇ ધર્મોપદેશ માટીમંદિ કે પોથી તપાસી કોઇ વાણા ખર્ચ કરવાના આવાજો છે એમનો ખરાદેહ તે ઉપરાંત કોન્ફરન્સ એ બીજા વિદ્વત્તા ઉપરાંતોને અંગ્રેજીના ભણતર ઉપરાંત ખાસ

પનાનો છે. હીરા અને બીજા કિંમતી પાષાણોને કાપવાનું કામ, સોનીનું કામ, કોતરકામ, ચિત્રકામ, પાલિસ કરવાનું કામ, અને પહેરવા પાડવાનું કામ તેમાં શીખવવામાં આવશે. વ્યાપારના તત્વને અનુસરીને અંગ્રેજી સાહિત્યનું જ્ઞાન પણ આપવામાં આવશે. તે સિવાય સંસ્કૃત, હિંદી અને બંગાળી શીખવવા ઉપરાંત દેશી ભાષામાં ગણિતવિદ્યાનું જ્ઞાન અપાશે. જૈનના છોકરાઓ માટે બોર્ડિંગની સગવડ પણ કરવામાં આવશે.

ઓજ પત્રનો ગયા નવેંબરનો અંક જોવાથી જણાય છે કે બંગાળામાં સંસ્કૃત કેળવણીનો પ્રતિદિન ઘણો વધારો થતો જાય છે. કલકત્તાની સંસ્કૃત કોલેજની પહેલી પરીક્ષા જે સન ૧૮૫૬ માં થઈ હતી તેમાં જ્યારે ૭૦૦ વિદ્યાર્થીઓ બેઠા હતા, ત્યારે આ વર્ષની પરીક્ષામાં લગભગ ૪૦૦૦ વિદ્યાર્થીઓ હતા. આ વધારો સંતોષકારક છે

બંગાળાના ભાષાસાહિત્યની અભિવૃદ્ધિ માટે લખતાં તે કહે છે કે બંગાળી ભાષાનું સાહિત્ય ઘણી ત્વરાથી વૃદ્ધિ પામે છે તથા તેમાં મુસલમાની અને તે પછીના વખતના ઐતિહાસિક ગ્રંથોથી સારો વધારો થયો છે આ પુસ્તકો ફ્રાન્સી, આરબી અને મરાઠી જૂના તવારીખ લખનારાઓના લેખો ઉપરથી સંભાળપૂર્વક શોધ કરીને તૈયાર કરવામાં આવ્યા છે પ્રખ્યાત જહાંગીર બાદશાહની બેગમ નૂરજહાનનું જન્મચરિત્ર અને બાજીરાવ પેશ્વાનો ઇતિહાસ એ બે પુસ્તકો હમણાજ પ્રસિદ્ધ થયા છે. બીજું પુસ્તક બંગાળામાં રહેનારા કોઇ મરાઠા ગૃહસ્થે લખેલું છે.

કેટલાક એમ માને છે કે કેળવણી [illegible] પછી ગઈ છે; પણ હજી કેળવણીનો ફેલાવો કરવાનો બાકી ઘણો છે એમ અહિંના ગયા વરસીપત્રકના આંકડા ઉપરથી માલમ પડે છે. ગાયકવાડી રાજ્યમાં હિંદુઓની જુદી જુદી જાતિઓની કુલ વસ્તી તથા તેમાં ભણેલાં અને અભણ સ્ત્રી પુરુષ કેટકેટલા છે તેની વીગત તેમાં આપી છે તે ઉપરથી આપણે સ્પષ્ટ જોઇ શકીએ છીએ કે બ્રાહ્મણ જેવી નિચે પછીની જાતિમાં પણ હજી ઘણાં અભણ સ્ત્રી પુરુષો છે, ત્યારે કોળી અને અંત્યજ વગેરેમાં તો તેથી પણ વધારે હોય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી શ્રીમંત ગાયકવાડ સરકારની કેળવણીના વધારા વિષે જે પ્રયત્ન થઈ રહ્યા છે તેને લીધેજ આજ આપણે આટલાં પણ ભણેલાં કે પુરુષ પ્રત્યેક જાતિમાં જોઇ શકીએ છીએ. એમ છતાં હજી પણ કેળવણીનો ફેલાવો કરવાનું વિશાળ ક્ષેત્ર આપણી દૃષ્ટિએ આવે છે.

कर्त्तव्यसूचन.

शिखरिणी.

હૈયે સજડ મૃદુ આલિંગન દઈ,
ઉસે પરમપ્રિતિ પંથે પચી રહી;

તિલા લાવણ્યેથી અદભુત કલા દાખવિ સખે,
અરે ! મિથ્યા તે, ને મરણ ભય ભલી ઉર ધખે. ૧
સુપુત્રો ભ્રાતાઓ રતિપતિ લજાવે રૂપ થકી;
સુકીર્ત્તિ ફેલાવે, જગત સઘળે પ્રાક્રમ કરી;
વખાણો બાંધીને અનુપમ સુખી કોઇ જન કહે;
અરે ! મિથ્યા તે, ને મરણ ભય ભાણી ઉર રહે. ૨
ફિરા મુખ્યા આડી, અખુટ ધનનો સંચય કરે;
ભળો ધર્મધારી બહુ બહુ ઉમેદે પરવરે;
છળ મેડી ઊંચા મણિમય બહેકો ઝગમગે;
અરે ! મિથ્યા તે, ને મરણ ભય ચિત્તે ચગચગે. ૩
રચી યંત્રો મોટા સકળ સરિતા સાગર તરે;
વિમાને બેસીને અખિલ નભ માંહે પરવરે;
કરી શોધો ભારી વિપુલ જગમાં સૂયશ વરે;
અરે ! મિથ્યા તે, ને મરણ ભય ભાગ્યા થરથરે. ૪
ભલે ભારે વિદ્યા ભણિ પઢિ ભાગે ભણિ ઘણી;
સમાજે ગર્જંવે, બહુ જન વિષે જાણ ભલી;
ચઢે હાથી ઘોડે અમલ ગઢ ભારી અનુભવે;
અરે ! મિથ્યા તે, ને મરણ ભય ભલો ડગમગે. ૫
કરે યત્નો કોટી તદપિ નવ ધ્યાને હરિ લહે;
સદા તૃષ્ણા પ્રેર્યો મન પવન વેગે બહુ વહે;
જડાઈ જંજાળે પ્રકૃત તનને શાશ્વત ગણે;
અરે ! મિથ્યા તે, ને મરણ પટિકાએ ભય ભણે. ૬
ફિરે ચોપે ચોપે સકળ કળ ભલે જગતની;
કરે ચિંતા સાથે મરણસજ્જકેરા નખતની;
સુનીતી ભક્તિની નિયમ સહકે જે ચહિ જશે;
સદા સુખી તે તો મરણ ભય તેને નવ થશે. ૭

ગોપાળજી ગોવિંદજી-વસઇવાળા.

પ્રાચીન અને મધ્યકાલીન ભરતખંડની કેળવણી.

(પ્રસ્તાવથી આગળ.)


વિદ્યાર્થીએ પ્રાતઃકાળમાં વહેલા ઊઠવું અને ઉઠીને પ્રથમ પોતાના ગુરૂને નમન કરવું પ્રાતર્ભોજન પૂર્વે તેણે બાકીના પોતાનો મોટા ત-

"પ્રજાપતિના ત્રણ પુત્રો—દેવ, મનુષ્ય, અને અસુર પોતાના પિતા પ્રજાપતિની સાથે અભ્યાસ કરવામાં વખત ગાળતા હતા. વિદ્યાભ્યાસનો ક્રમ સમાપ્ત થયા પછી તેમણે બ્રહ્મદેવને પ્રાર્થના કરી કે અમને છેવટનો ઉપદેશ આપો. પ્રજાપતિએ તે વાત માન્ય કરીને માત્ર 'દા' અક્ષરનો ઉચ્ચાર કર્યો. આ એકજ અક્ષરનો અર્થ દેવોના સંબંધમાં એવો હતો કે 'મનનો સંયમ કરો'; મનુષ્યોના સંબંધમાં એવો હતો કે 'આપો'; અને અસુરોના સંબંધમાં એવો હતો. કે 'દયાળુ થાઓ.' ભાષ્યકાર શ્રીશંકરાચાર્યે આ આખા વાક્યનું ઘણી સારી રીતે વ્યાખ્યાન કર્યું છે. ભાષ્યકારના કહેવા પ્રમાણે જે મનુષ્યોની ઇચ્છાઓ નિયમમા નથી તે દેવ છે. જેઓ ઘણા લોભી છે તે મનુષ્યો છે, અને જેઓ બીજાનો ઘાત કરવામાં પ્રીતિવાળા છે તેઓ અસુર છે. આ રીતે પ્રજાપતિના ત્રણ પુત્રોમાં તમામ મનુષ્ય જાતિનો સમાવેશ થાય છે, અને આ એકાક્ષરી ઉપદેશમાં અનુક્રમે આત્મસંયમ, દાન અને દયા રૂપે મનુષ્યજાતિમાં સઘળા કર્તવ્ય ધર્મનો સમાવેશ થઇ જાય છે."

"હિંદી તરૂણોની દૃઢ ગ્રહણધારણ શક્તિ અને તીક્ષ્ણ બુદ્ધિ જોઇને તેમના યુરોપીઅન શિક્ષકો વારંવાર આશ્ચર્ય પામતા જણાયા છે, પણ, જુના જમાનાની જેટલી જાતિઓ જાણવામાં આવી છે તેમાથી માત્ર ભરતખંડના આર્ય અથવા હિંદુઓએજ પોતાની સંતતિને જ્ઞાનનો દીવો અગણિત પેઢી-પરંપરા આપેલો છે, તે તેમાંના થોડાજ શિક્ષકો જાણે છે; એ દીવો હુમણાં જો કે ઝાંખો પડી ગયો છે એમાં કાંઇ શક નથી, તેની દીવટ ઉપર કાળરૂપી કાજળની પોપડી બાઝવાથી તે કઠણ થઇ ગઇ છે એ વાત પણ ખરી છે, તથાપિ પ્રાચીન સંસ્કૃત સાહિત્યરૂપી અખૂટ ખાણમાથી તેને હજી તેલ મળ્યા કરે છે, અને ઝાંખો ઝાંખો પણ હજી તે બળ્યા કરે છે. પ્રારબ્ધકૃત દશાંતરને ભૂલી જઇને હિંદુસ્તાનના શિક્ષકોએ પોતાનો ઉચ્ચ ઉદ્યોગ હજી જારી રાખેલો છે. મોટાં રાજ્યો ઉત્પન્ન થયાં છે અને નષ્ટ થયા છે, પણ જ્ઞાન એજ સર્વેશ્વરના પદને પહોચાડે છે, એવી દૃઢ શ્રદ્ધાથી આ ગરીબ શિક્ષકોએ પોતાનાં અપ્રસિદ્ધ ઘરમાં જ્ઞાનનો દીવો બળતો રાખ્યો છે. તેમણે શિક્ષણની જે પદ્ધતિ વખતો વખત શોધી કાઢી છે અને તેમાં સુધારો કર્યો છે તે પદ્ધતિમાં હાલની પાશ્ચાત્ય શિક્ષણ પદ્ધતિ સાથે મળતું આવે એવું ઘણું છે. ઉપલા વર્ગના લોકોમાં પણ આ શિક્ષણનો ક્રમ લાંબા કાળથી ચાલ્યો આવે છે અને તેથી કરીને તેમની બુદ્ધિને એવું કોઇ ઉત્તમ વલણ મળેલું છે, અને અભ્યાસ કરવામાં તેઓ એવા તો સરસ ટેવાઇ ગયેલા છે કે તેમને આજના કેળવણી આપનારા અંગ્રેજ વિદ્વાનો પોતાના

શિક્ષણ રૂપ કાર્ય માટે ઉત્તમ સાધનરૂપ માને છે એમ કહેવામાં આવે છે કે હિંદુસ્તાનમાં અંગ્રેજી કેળવણી આપવાનું કામ હજુ સીસામાં નવો દારૂ રેડવા બરાબર છે. પણ 'જ્ઞાનરૂપી પ્રવાહીને એક વાસણમાંથી બીજા વાસણમાં યંત્રક્રિયાથી ભરી દેવો એ કાંઈ કેળવણીનો ખરો અર્થ નથી, અને તેથી ઉપર કહેલી ઉપમા સાધારણ રીતે બંધબેસતી થતી નથી. મારે મતે એમ કહેવું જોઇએ કે, જેમ એક વૃક્ષનો કલમ બીજા જીવતા વૃક્ષમાં રોપવામાં આવે અને અંગ્રેજી કેળવણી હિંદના બાળકોને અપાવામાં આવે તે બે વાનો બરાબર છે. એ વૃક્ષનાં મૂળ ભૂતકાળ રૂપી જમીનમાં ઊંડા ગયેલાં છે. એ ઊંડી જમીનમાંનો રસ ભરેલો છે તે આ વૃક્ષને તથા તેના ઉપરની નવી કલમને પોષણ આપેછે તથા જીવતા રાખેછે મૂળ વૃક્ષ અને તેના ઉપરનો નવીન રોપો એ બન્નેથી થયેલાં ફળમાં એ બન્નેના ગુણ આવેછે તથા તેનાં ફળ પણ સ્વાદીષ્ટ થાયછે અને એક રીતે મૂળ વૃક્ષના અસલ ગુણનો નાશ ન થતાં તેમાં નવીન રોપાની કલમ દાખલ કરનારને પોતાની મેહેનતનો સારો બદલો મળે છે."

मकरसंक्राति.



મકરસંક્રાંતિનો તેહેવાર આ મહીનામાં આવશે. છોકરા પતંગો ચઢાવવામાં અને પેચ લડાવવામાં બહુજ મશગુલ થઇ ગયેલા જણાય છે અને તે દિવસે તો પતંગો ચગાવવાનોજ એ તેહેવાર હોય તેમ નાના મોટા પતંગબાજ છત ઉપરથી મંડવાના. તે વખતે આકાશમાં હજારો પતંગનું સંકલન થતું તેમના જોવામાં આવશે, પણ જે ખરેખરા પતંગનું ('પતંગ' એવું સંસ્કૃત પણ નામ છે) તે દિવસે સંકલન થતું હોય, તે દિવસે તેમાંથી કદાચ પોતાનોજ આકાશ દેખશે. ઉપર વર્ણવેલા છે કરાઓને એની આદિથી અંત-સુધી આખી બૈતી છે પૃથ્વી ના ગોળા ઉપર આવતા પૃથ્વીના નકશા ઉપર વિષુવવૃત્તની બન્ને તરફ મળી ત્રેવીસ અંશ ઉપર એક ટપકા કપકા વાળી લીટી દોરેલી છે. ઉત્તર તરફની લીટીને કર્કવૃત્ત અને દક્ષિણ તરફની લીટીને મકરવૃત્ત કહેવા આપણે પહેલું કરીને કર્કવૃત્તની પાસે આપણે રહીએ છીએ, એટલે આપણો સૂર્ય દક્ષિણ તરફ જતો જણાવા માંડે છે ત્યારથી આપણને તેની ગરમી ક્રમે ક્રમે ઓછી ઓછી જણાતી જાય છે તથા દિવસ પણ નાનો થતો જાય છે વિષુવવૃત્તની હદ સુધીને સૂર્ય પોતી તરફ દક્ષિણમાં ગયો ઓટલે તો આપણને આવા લાગતું હોય કે તાપ તથા દિવસમાન બન્ને ઘટવા માંડ્યા જેમ જેમ તે દક્ષિણમાં જતો જાય છે તેમ તેમ આપણને ટાઢ પડવા લાગે છે અને દહાડો હજુ પણ નાનો થતો જાય છે જો તે ઓગસ્ટમાંજ જતો અટકતો હોત તો આપણે આખરે ટાઢ અને અંધકારમાં ડૂબી જઈએ પણ તે મકરવૃત્ત આગળ જઇને ઉલટનો તથા પાછો હરતે જણાય છે, તે જણીને પાછો આપણને આનંદ થાય છે કે હવેથી ટાઢ ઓછી પડે તથા દિવસ મોટો થશે. જે દિવસે સાધી તે પાછો

કરવાનો આરંભ કરે છે તે દિવસને મકરસંક્રાંતિનો દિવસ કહે છે શા માટે આપણે તેને તેહેવાર માનીએ છીએ તેનું એક કારણ તો કાયક લક્ષમા આવ્યું હશે. અજવાળું અને ગરમી મનુષ્યાદિના જીવનને ઉપયોગી છે તથા તેથી તેને પ્રાણીમાત્ર ઇચ્છે છે, અને તેનો પ્રકાશ અને ગરમી વૃદ્ધિ થવી જે દિવસે શરૂ થાય, તે દિવસ આનંદનો અને તેથી તેહેવારનો નહિ તો પછી શાનો કહેવાય ?

સહેજ એક રાશિ પરથી બીજી રાશિ પર જે દિવસે જાય છે તે દિવસને સંક્રમણનો અથવા સંક્રાંતિનો દિવસ કહે છે તે દિવસે સૂર્ય મકર રાશિમા સંક્રમણ કરે છે માટે તેને મકરસ ક્રાંતિ કહેછે સહેજના સંક્રમણનું નિમિત્ત લઇને પંડિતો લોકોને એમ સમજાવેછે કે સહેજ જેમ સ્થિર નથી, પણ તેને સ્થિત્યંતર થાય છે તેમ માણસોને પણ સ્થિત્યંતર થાય છે. અને તે સ્થિતિ સારી આવે માટે સત્કર્મ કરવાની જરૂર છે પરોપકાર અથવા દાન પુણ્ય એ સત્કર્મ છે, માટે સહેજના સક્રમણ જોઇને લોકોની દાન પુણ્યની વૃત્તિ ઉત્તેજીત થાયછે અને તેથી લોકો તે દિવસે દાન કરે છે.

શિયાળાની ઋતુ રૂક્ષ (સૂકી) છે, માટે તે દિવસોમા સ્નિગ્ધ એટલે સ્નેહ (ચિકાશ) વાળા પદાર્થોના દાન પુણ્ય કરવા ઉપયોગી છે એમ માનેલુ લાગે છે. અને તેટલા માટેજ તે દિવસે લોકો તલના લાડુ વગેરે આપે છે. આચાર્યો પણ કહે છે કે—

"तिलस्नायी तिलोद्वर्ती तिलहोमी तिलोदकी ।
तिलभुक् तिलदाताच षट्तिलाः पापनाशनाः" ।

એટલે મકરસંક્રાંતિને દિવસે તલવડે સ્નાન કરવુ, તલ વાટીને તે શરીરે ચોળવા, તલનો હોમ કરવો, તલ મેળવીને પિતૃઓને અંજલી આપવી, તલ ખાવા, તથા તલનુ દાન કરવુ, એમ ૬ પ્રકારે તલ વાપરવાથી પાપનો નાશ થાય છે.


મકરસંક્રાંતિનો તેહેવાર પાળનાર માણસોએ તે દિવસે કેવી રીતે વર્તવું, તેનો પણ નિયમ કર્યો છે કે—

" दंता न शोध्या करजं न कार्यं छेद्यं न किंचित्तृणदारुपुष्पम् ।
दोह्यो न गोनामहिषीसमाजो भोज्यं च वर्ज्यं मदनो न सेव्यः" ॥

અર્થ—તે દિવસે લાકડાના દાતણથી દાંત ઘસવા નહિ; કઠોર વાણી બોલવી નહિ, ઘાસ, લાકડુ કે ફૂલ કાંઇ કાપવુ નહિ, ગાય, બકરી કે બે સને દોહવી નહિ; ખાવું નહિ; તથા કામ સેવવો નહિ.

એ આચાર પણ હિતકર્તા છે માટે તે પ્રમાણે વર્તવું મકરસંક્રાંતિ જેમ પંચાંગોમાં પણ કેટલુંક લખેલું હોય છે સંક્રાંતિ ઉપરથી લોકો અનાજના ભાવ વગેરેનું અનુમાન કરે છે પંચાંગમા સંક્રાંતિની મૂર્તિ લખેલી હોય છે જેટલી મૂર્તિ લખેલી હોય તેટલા શેરનું એક પણ ધાન્ય તે માસમાં વેચાય એમ લોકો કહેછે એ મૂર્તિઓ નક્ષત્ર ઉપરથી મુકરર કરેલી હોય છે. પંચાંગોમા વળી સંક્રાંતિનો આકાર, વાહન, ગમનની દિશા, વસ્ત્ર, વગેરે લખેલું હોય છે, પણ અમારા વાંચનાર માટે તે બધું જરૂરનું ન ધારીને આટલીજ માહિતી આપી છે.

નાનાં બચ્ચાંઓ માટે વાત.



એક શીંગમાં પાંચ વટાણા.

એક શીંગમાં પાંચ વટાણા રહેતા હતા, તે બધા લીલા રંગના હતા, તેમને રહેવાની શીંગ પણ લીલી હતી, તેથી આ નાના વટાણા એમ જાણતા હતા કે આખી દુનિયા લીલી છે.

એક દહાડો તેમાંનો એક વટાણો બડબડતો બહારનો બોલ્યો, "આપણે તો અહીંને અહીં હમેશા બેસી રહીશું ? મને તો હવે અહીં ગમતું નથી બધા દહાડા આપણે બેસી રહીશું તો આપણે કંઈ પણ જોવા નહિ પામીએ ! મને તો લાગે છે કે બહારને પાસે કાંઈ મીઠું જોવાનું હશે ખરું "

બીજો વટાણો બોલ્યો, " એ વાત તો મને પણ ખરી લાગે છે. આપણી શીંગની બહાર બીજું ઘણું જોવાનું જોઈએ "

એમ છતાં બહારની બાબતમાં શું છે તે તેમનામાંથી કોઈ બરોબર કહી શક્યું નહિ, અને એક પછી એક એમ આઠ દાડીયાં વીત્યા. પછી થોડી એક ગરમ બની; પેલી શીંગ પીળી પડી ગઈ અને પેલા વટાણા પણ પીળા પડી ગયા

એક દહાડો તેમની શીંગને આગળેક આવેલો જાડો ને કીંમને જોર કરીને તોડી નાખી અને તે કોઈ બાળકના હાથમાં દેવા એમ તેમને લાગ્યું. પછી તેને પેલા બાળકે પોતાના ડગલાના ગજવામાં નાખી ત્યાં બીજી શીંગો પણ પડી હતી.

" હવે આપણી શીંગ ઊઘડશે. " તેમના એક વટાણાએ કહ્યું અને તે બધા વટાણાને પણ એટલું જ જોવાનું હતું.

કોપી નાનો વટાણો બોલ્યો. " જોઈએ હવે આપણામાંથી કોણ કોપી આગળ જાય છે ! "

કોપી મોટો બોલ્યો, " હવે જે થવાનું હશે તે થશે. "

એટલામાં " ફટ " એવો અવાજ થયો ને પેલી શીંગ ઊઘડી. પેલા પાંચે વટાણા બહારના અજવાળામાં જમીન પર પડીને મડબડવા લાગ્યા. એક નાના છોકરાએ તેમને ઉંચકી લીધા ને પોતાના હાથમાં જોઈ તે બોલ્યો " મારી પાસે પાંચ વટાણા છે. જુઓ હવે હું તેને ઉડાડું છું ! " પછી તેણે પોતાની પાસે બંદૂકમાં એક વટાણો નાખ્યો અને તેને ઉડાડ્યો.

પેલો વટાણો બોલ્યો, " હવે હું કેવો દૂર જાઉં છું. જુઓ; તમારાથી પડાય તો મને પકડી પાડો. " એમ બોલતાં તે આંધે જઈને પડ્યો

બીજો વટાણો બોલ્યો " અને હું તો સીધો સૂરજની સામે ઉડીશ. " એમ બોલે છે એટલામાં તો તે દૂર જઈને પડ્યો

પછી બીજા બે બોલ્યા. " આપણે નથી ચડીશું કાં અથડીશું અને કોઈ ખૂણામાં અથડાને ઉભી જઈશું " એટલામાં, તે બન્ને બારણાની બોખર પડ્યા ને ગડબડતા ચાલ્યા એક ખાડામાં પડ્યા, પણ તેમને ત્યાંથી પેલા નાના છોકરાએ ઊંચકી લીધા ને ફરી ઉડાડ્યા. ઉડતા ઉડતાં તે બોલ્યા " આપણે તો સૌના કરતા આગળ જઈશું. "

છેલ્લો વટાણો બોલ્યો " જે થવાનું હશે તે થશે. " એવામાં તે પણ ઉડ્યો ને એક બારીની પાસે ખુલ્લી જગામાં પડ્યો. એ જગો પોચી તથા ભીની હતી

એ જગોના પાસે એક નાનું ઘર હતું. તેમા એક ગરીબ બાઈડી રહેતી હતી તે પોતાનું ગુજરાન ચલાવવાને નિત્ય કામ કરવા બહાર જતી હતી. તે ઘણી ગરીબ હતી. બહાર જતી ત્યારે પોતાની એક નાની છોડીને ઘેર મૂકીને જતી હતી તે બહુજ નાની હતી અને ઘણી સારી હતી. કોઈ દહાડો તેની માને પજવતી નહિ પણ તે બિચારી માંદી ને માંદી રહેતી તેથી તનામા રમવા કૂદવાનુ જોર નહોતું.

કેટલાક દહાડા વીત્યા ને વસંત ઋતુ આવી. એક દહાડો સવારે સૂરજ ઉગ્યો ને તડકો બારીમાં પડ્યને ઘરમાં આવ્યો. પેલી માંદી છોડીની મા કામે જવા તૈયાર થઇ અને છોડી બારીમાથી બારણે જોવા કરતી હતી. એટલામાં તે બોલી ઉઠી. " મા, આ બારીમાથી પેલું નાનું સરખુ જગાય છે તે શું હશે ! "

મા બારી પાસે ગઇ ને નીચે જોઇને બોલી " એ તો નાનો સરબો-વટાણો છે. તેને મૂળ ફુટયાં છે ને નાના નાનાં લીલા પાદડાં આવે છે. વાહ, હવે તારે માટે એક નાનો સરબો બાગ થશે ને તને ગમ્મત પડશે.

પછી તેની માએ તેનો ખાટલો બારીની પાસે ખેંચી આવ્યો એટલે પેલી માંદી છોડી બાટલામાં સૂતી સૂતી પેલો ઉગતો છોડવો જોવા લાગી એની મા પાછી પોતાને કામે ગઇ.

સાંજે તેની મા ઘેર આવી ત્યારે નાની છોડીએ તેને કહ્યું, " મા હવે મને જલદી સારૂં થશે એમ લાગે છે. અહીં તડકો સારો પડેછે તથા અજવાળું અને પવન સારાં આવે છે. આ નાનો વટાણો પણ સારી રીતે ઉગે છે હુ હવે ધીમે ધીમે ઉઠી શકીશ ને અજવાળામાં થોડીક ફરીશ. આજ મને હોંશિયારી આવી છે.

તેની માએ કહ્યું, " મારી વહાલી, તું ખરૂં કહેછે. " પણ તે વાત બધી તેને ખરી લાગી નહિ. તો પણ કેટલાક દહાડા સુધી પેલો છોડવો મોટો થતો ગયો ને પેલી નાની છોડી તેને જોયા કરતી હતી. એક દહાડો સવારે તે ઉઠી ત્યારે પેલા છોડવાને જોઇને તે અત્યંત ખુશ થઇને બોલી, " મા, મા, જો આને ખરેખર ફૂલ આવ્યું છે ! " તે જોઇને માને લાગ્યું કે હવે મારી છોડીને ખરેખર સારૂં થશે. ક્રમક થોડા દહાડાથી તે આનંદથી હસતી બોલતી હતી અને છેલ્લા થોડા દહાડાથી તો તે પોતાની મેળે બિછાનામાંથી ઉઠીને સવારમાં પોતાના નાના બાગમાં જઇને પેલા વટાણાના છોડને જોતી હતી. એના બાગમાં એકલો એકજ વટાણાનો છોડવો હતો,

એક દહાડો હવા સારી હતી ને દહાડો વાદળાં વગરનો હતો. તે દહાડે તે એક આખો કલાક બારી પાસે બારી ઉઘાડી મૂકી બેશી રહી. તેના જીવને આજ ઘણું સારૂં લાગતું હતું. તેની બારીની નીચે પેલો વટાણાનો છોડવો મોટો થયો હતો ને તેને ખૂબ ફૂલ બીલ્યાં હતાં. પેલી નાની છોડી ઉઠીને પેલા છોડવાનાં નાજુક પાદડાને વહાલથી પંપાળવા લાગી. આ દહાડો તે છોડીને ઘન ઘણો આનંદનો હતો.

" મારી ઠીકરી, દયાળુ પરમેશ્વરે તને સારૂં કરવાને અને આનંદ આપવાને પોતાની ઇચ્છાથી આ વટાણાને અહીં રોપ્યો છે અને તેને મોટો કરી તેનાપર પાદડાં ને ફલ આપ્યાં છે. " એમ કહીને તેની મા રાજી થઇ તથા પેલા છોડવાને બનાવે પરમેશ્વરે મોકલ્યો હોય તેમ તેના બણી હરતે મોઢે જોવા લાગી.

—સ્કૂલ ન્યૂસપેપર.

ફાનસ કે ફોનોગ્રાફ ?

એક માણસે એક વાર અમારી પાસે આવી આ પ્રમાણે કહ્યું—અમેરિકાની એક રેલવે કંપનીમાં મિગનલ આપવાની હાલસ એવા ખલાસીઓ આવ્યા છે કે તેમાંથી જુદા જુદા પાંચ રંગની રોશની ફેંકી શકાય છે. મિગનલવાળો ઉપરના કેવા પ્રકારને ફેરવે છે એટલે લાલ રંગની રોશની મીંડિયે કે આપ છે, બ્લ્યુ વાર તેને બરાબર ફેરવે તો પ્રકાર ફેરવીને આસમાની રોશની કે કે છે. આવે એવી રીતે પાંચ જુદા જુદા રંગમાંથી ગમેએ તે રંગની રોશની ફેંકીને તે મિગનલ આપી શકે છે

આ કામ માટે કાંઈ મોટી કારીગરી કરવામાં આવી નથી ફાનસને ફરતાં પાંચ બાકાં છે અને તેને પાંચ રંગના કાચ બેસેલા છે તથા પ્રકાર આપવાને એક ફરતા ટીનનો પડદો આવે આવી તેમાની બત્તીનો પ્રકાશ પડદાને અટકાવે તથા આડે તે બાકાં આગળ પડદામાનું બાકું આવી મુકાયાથી તે વાટે માત્ર પ્રકાશ બહાર નીકળી શકે છે. અલબત્ત, આ ઘીવનું ફાનસ ગોળાકાર છે

એક વાર એ ફાનસ સ્ટેશનના એક બેન્ચ ઉપર મૂકીને પેસેંજર કદાચ ગયો હતો, એવામાં રેલવેના ઉતારુ તરીકે બે માણસ ત્યાં આવીને બેઠા. તેઓ આપસમાં વાતો કરતા હતા તે વખતે આ વાત થયેલી હતી·

પહેલો—આજ તમે કહેતા કે આત્માના પ્રકાશથી બધું જ્ઞાન થાય છે અને શરીરના ગયા પછી પણ તે જ્ઞાનસ્વરૂપ આત્મા નાશ પામતો નથી, એ વાતમાં મને બહુ શંકા છે. શરીરના અંગોપાંગ વગર જ્ઞાનમાં કશું જોવામાં આવતું નથી, માટે મૃત્યુ પછી શરીરનો સંબંધ ન રહેવાથી તે જ્ઞાનના નાશ પામવાનો સંભવ છે, પદાર્થ નાશ પામ્યો પદાર્થમાત્ર પણ નાશ પામે છે તેમ

બીજો—અરે તમે શું જ્ઞાનસ્વરૂપ આત્માને શરીરરૂપ પદાર્થગત ધર્મ માનો છો ?

પહેલો—હા, એમજ તો.

બીજો—સ્થૂલ શરીર નાશ પામ્યા પછી પણ સૂક્ષ્મ શરીર રહે છે તે દ્વારા તે (આત્મા) બધી જાણે છે. બોલવે મૂક્યા પછી પણ સૂક્ષ્મ વગેરે રહેવાથી જ્ઞાનસ્વરૂપ આત્માનો નાશ નથી.

પહેલો—પણ સૂક્ષ્મ શરીરનો વિલય થયા પછી તો આત્માનો નાશજ કેમ ? અવયવ વગર તે રહીજ કેમ શકે ?

બીજો—શંકા પ્રબળ છે, અરે ને આપણે કોણ—

એટલામાં તેઓ બત્તીની નજરે પેલા ફાનસ તરફ પડી તેઓ આશ્ચર્યચકિત થયા હોય એમ તે તરફ ધ્યાન આંખો ઝીણી કરીને જોવા લાગ્યા, તેમાંથી અવાજ નીકળતો હતો.

પ્રથમ તો તેમને લાગ્યું કે કાંઈ ચીજવસ્તુ બંધ હશે. પણ તેમાંથી જ્યારે તેમને સ્પષ્ટ શબ્દો સંભળાયા ત્યારે તેમને તેતો ફિલ્મ કે ફોનોગ્રાફ હશે એમ લાગ્યું.

તેમાંથી પ્રથમ અવાજ હમણાં નો નિકળ્યો પછી આ પ્રમાણે ભાષણ સંભળાયું—

હું લાલ રંગના કાચનું બનેલું નહોતું તો આ ફાનસમાં રહેલા દીવાનો પ્રકાશ બહાર જઈ શકતજ નહિ; અને મિત્રો, (તે બીજા બાકાને ઉદ્દેશીને કહેછે) તમે બીજા બાકી નહોતા તો પણ તેજ તેની દશા થાત આપણામા રહેલી બત્તીનો પ્રકાશ આપણાદ્વારા બહાર પડેછે તેથીજ તે બત્તીનુ અસ્તિત્વ માલમ પડે છે.

ફાનસ બોલ્યું, અરે મૂરખાઓ છાના રહો જેમ કોઇ માણસને પાચ ઇંદ્રિયો હોય તેમ તમે ચારા બાકી છો, તે જેમ પાચ ઇંદ્રિયો દ્વારા બહારના જગત્‌ો જોઇ શકે છે તેમ હું તમારે રસ્તે બહારની વસ્તુઓને જોઇ શકું છું, પણ હુંજ ન હોત તો નિરાધાર આ બિચારો દીવો બહારના જગતને શી રીતે પ્રકાશી શકત! બહારનું જગત્‌ તેનાથી શી રીતે જોઇ—જાણી શકાત? શું શરીર વિના જીવ એકલો કદી ટકી શકેછે? તેમ મારા વગર આ મીણબત્તીનો દીવો ખુલ્લો પડીને શું કાર્ય કરી શકે?

લીલા રંગનો કાચ બોલ્યો, પણ અમે રંગીન કાચ છેરે તેથી તો વિચિત્ર રંગની સૃષ્ટિ તમારો દીવો જોઇ શકે છે!

ફાનસ–તમે તે ઠીક કરતા નથી; તમારા સ્વભાવ પ્રમાણે સૃષ્ટિ દીવાને બતાવો છો. તમે રંગ વગરના હોત તોજ સૃષ્ટિનું ખરૂં સ્વરૂપ દીવો જોઇ શકત; તમે ઉલટું બગાડયું છે.

લીલો કાચ–ત્યારે તો તમે અને અમે કોઇ ન હોત તો દીવો ચારે પાસે વગર અટકાવે જોઇ શકત. અમે તો લીલું લીલું પણ બતલીએ છીએ, પણ તમે તો તેને કેદજ કરી રાખોછો જો ફાનસજ ન હોત તો સ્વતંત્ર દીવો સૃષ્ટિને તેના ખરા સ્વરૂપમા જાણત, ઓટલુજ નહિ, પણ ચારે પાસે વગર અટકાવે જાણી શકત

આ વાત ચાલતી હતી એટલામાં પોટરે આવી ફાનસ ઉપાડી લીધું એમને તે બપોરામાં કહીનો કહીં નીકળી ગયો! તેમની આ રમુજી વાતથી આ બન્ને સાભળનારા તો દિગ્મૂઢ જેવા બનીને એક બીજાના મો સામુજ જોઈ રહ્યા! છેવટે પહેલા બોલ્યો:–મિત્ર! તારાથી જે ન થયું તે આ બદબુદ ફાનસે કરી બતાવ્યું હોય એમ લાગે છે

બીજો–ધન્ય છે ફાનસ! ફેર હવે કાંઇ શંકા છે? આ દેહરૂપી અવલંબન વગરનો આત્માજ સર્વત્ર છે. દેહના અવલંબિત થઇ રહેલો તો અમર્યાદ ને પરતંત્ર છે. આ તે ફાનસ કે ફેનોમ્યાન!!

ટિપુ સુલતાનના જનાનખાનાની અલ્પ માહિતી.

હિંદુસ્તાનનો ઇતિહાસ જાણનારને ટિપુ સુલતાન વિષે વધારે હકીકત કહેવાની જરૂર નથી ઈ સ ૧૭૯૯ માં અંગ્રેજોએ તેને મારી ટિપુનો એક ખાસ મહેલ હતો, અને તે મહેલની આસપાસ અનેક ચોકીઓ હોઇ મુખ્ય દ્વાર પાસે ઉઘાડી તરવારનો પહેરો હતો, અને ત્યાંથીજ મહેલમા જવાનો રસ્તો હતો. તે દ્વાર પક્કા બંદોબસ્તનું હોઈ ત્યાં આગળ ચાર બખ્તરબાધ બાંધવામાં આવતા બાધને ત્યાં બાંધવાનો મુખ્ય ઉદ્દેશ એવો હતો કે પ્રસંગ પડે તો તેમને છૂટા કરવા જેથી મહેલમા પ્રવેશ કરનાર શત્રુનું રોકાણ થાય અને તેટલા

જ્યારે સંખ્ત ગરમી પડતી હોય ત્યારે આ જંતુઓ બહુજ જલદીથી મુસાફરી કરે છે. અ- થવા જ્યારે પેટ ખાલી હોય ત્યારે પેટ ભરેલું હોય છે ત્યારે આળસુ બની જાય છે.

જે મુલકોમાં તીડો ઘણી વખત આવે છે ત્યાંના લોકોમાં તેને પકડીને ખાઇ જવાની રીત છે. આ રીત પણ ફાયદાથી ખાલી નથી કેમકે એથી એક તો દુકાળીયાં અને રાંક લોકોનાં પેટ ભરાય છે અને બીજું તેની અસંખ્ય સંખ્યામાં કાંઇ ઘટાડો થાય છે. મતલબ કે પૂરતી મહેનત અને કોશીશથી અમુક અમુક ખેતરો કે વાડીઓ તેના ત્રાસથી કેટલીક રીતે બચી શકે છે. પણ આસમાની આફતના મુકાબલામાં માણસની હોશીયારી કાંઇ વિશેષ ચાલી શકતી નથી.

તીડોએ હરેલી નોંધેકારક પાયમાલી પાછળ દુકાળનું પડવું કાંઇ નવીન વાત નથી. સેખાસાદી સાહેબ દમીરક (ડુમાસકસ) ના એક પૂરાં બનાવને કેવી સફાઇથી નઝમ (કવીતા) માં ગોઠવે છે.

"ચુંના કેહત સાલી શુદ્દ દર દમીરેહ: કે મરદાં હરામોસ્ત કરે દંદ ખસ્ક,
નમર કોહર્સબ્જી ન દરબાગ શખ્ત: ગલખ બોસ્તા ખુર્દ વ મરદમ ગલખ"

અર્થ:—ડુમાસકસમા એવો ભયંકર દુષ્કાળ પડયો કે ત્યાના લોકોએ અંરસપરસની પ્રીતિ છોડી દીધી. પહાડો પર કે બગીચાઓમા લીલોતરી કે ઝાડો રહ્યા નહિ ! તીડો બ- ગીચાઓને ખાઇ ગયા અને તીડોને માણસો ખાઇ ગયા. ! ! !

કાળા.

નવીન પુસ્તકો.

પદાર્થ પાઠમાળા—વિદ્યા, હુન્નર અને ૨ નેક તરેહના ઉદ્યોગોમાં બીજા દેશના લોકો આજકાલ આગળ વધતા જાય છે એટલા માટે આપણા દેશમાં પણ વિદ્યા હુન્નર વગેરેની કેળવણીની ખાસ અગત્ય છે એમ ઘણા વખત થી બોલાતું હતું. આ કેળવણી મેળ- વવાને શાળાઓમાં યોગ્યતા પ્રાપ્ત થવા માટે તેમને પદાર્થોનું નિરીક્ષણ શાસ્ત્રીય દૃષ્ટિથી કરતાં આવડવું જોઇએ. આ હેતુ મનમા રાખીને અંગ્રેજી રાજ્યનાં નવીન ધોરણોમાં 'પદાર્થપાઠ' નો વિષય દાખલ કરવામાં આવેલો છે પહેલાં પણ નિશાળોમાં કથિતપાઠના નામથી 'પદાર્થ પાઠો શીખવવામાં આવતા હતા, પણ તેનો હેતુ પદાર્થના સામાન્ય ગુણો અને વિશેષ ગુણો શોધવાનો, તેમનાં લક્ષણો મુકરર કરી તફાવત શો- ધી કાઢવાનો, અને ખાસ કરીને કોઇપણ પ્ર ઠ મોઢેથી શીખવાની એક નવીન પદ્ધતિ દાખલ કરવાનો હતો; વસ્તુઓનું શાસ્ત્રીય દૃષ્ટિ અવલોકન કરવા જેવો ક્રમ તેમાં રાખવામા આ- થી જોવાનો ન હતો. હમણા જે પદાર્થપાઠોની યોજના કરી છે તેમાં આ ક્રમ ધ્યાનમાં રાખવા માં આવ્યો છે તે આપણે હમણાજ જોઇશું.

નવીન ધોરણોમાં દાખલ કરેલા પદાર્થપા- ઠો શીખવવા માટે શિક્ષકના હાથમાં આપ- વા જેવા એકાદ પુસ્તકની જરૂર તે પછી ઉપ- ન્ન થઇ હતી. પોરબંદરના એજ્યુ ઇન્સ્પે. રા. સાં. કાશીરામભાઇએ પણ તે જરૂરિયાત જો- ઇ હતી. અને તેમણેજ થોડાક વખતમાં

કરવા અમારી અને વિચાર પુરઃસર ઓછા પુસ્તકો તૈયાર પણ કર્યું છે તે જોઇ હરકોઇ શિક્ષક ઘણો આનંદ પામશે. શિક્ષકોને ખરી જરૂરની લાગતે આ સાધન મળી ગયું છે અને એના યોગથી તેમનું કામ ઘણું સહેલું થઇ જશે એમ અમે ધારીએ છીએ. ર. સા. કાશીરામ-ભાઇએ આ પુસ્તકમાં ત્રણ ધોરણ સુધી શીખવવાના પદાર્થપાઠોનો ક્રમ બતાવ્યો છે અને તેથી પદાર્થપાઠમાળાના પહેલા ભાગ તરિકે એને પ્રકટ કર્યું છે. વિષય નવીન હોવાથી પહેલા ભાગના આરંભમાં તેમણે પ્રવેશક તરિકે જે નિબંધ લખ્યો છે તે ધ્યાનપૂર્વક વાંચી જવાની અમે શિક્ષક મિત્રોને ભલામણ કરીએ છીએ. પદાર્થપાઠની જરૂર શી ? એ વિષે લખતાં તેઓ લખે છે કે " બાળક શિક્ષકના હાથમાં આવ્યું નહોતું ત્યાં સુધી તે સ્વભાવે જ્યમ તેમ રમતું અને રમતમાં ને રમતમાં ભાળી વસ્તુઓ સાથે પોતાની ઇંદ્રિયોનો યોગ કરી જ્ઞાન પ્રાપ્ત કરતું હતું પણ જ્યારે નિશાળના ઓરડામાં બેસાય છે ત્યારે તે ક્રિયાથી મુક્ત થાય છે ને તેથી તે બીજાની કરતી આવલોકન શક્તિના પરિપૂર્ણ વિકાસરૂપી દીનચર્યામાં પડે છે." આથની આવેલી જૂની શિક્ષણપદ્ધતિ જોતાં આ વાતમાં અતિશયોક્તિ જેવું પેટાંજ છે તેમનું કહેવું એમ છે કે અનેક પ્રકારની સૃષ્ટિની ભાળ નિશાળની તક તેમને ન આપતાં નિશાળમાં બેસીને કેવળ પુસ્તકોમાંથીજ જ્ઞાન આપવાની અકુદરત કર્યાથી તેમનું શું હિત થવાનું છે ! તેમનું એ હિત કરવું હોય તો " બાળકોને રમતો દ્વારા કુદરતે જેમ જ્ઞાન આપ્યું તેજ ક્રમે નિશાળમાં પણ જ્ઞાન આપવાની જરૂર છે."

ર. સા. કાશીરામભાઇનો લખેલો આ ભાગ શિક્ષકોને જેમ ઘણો મનન કરવા જેવો છે તેમ તે બધા આવેગથી ભરાયલો હોવાથી રસમય પણ છે દીકરાઓની પેઠે વાચનારને તે તદ્રાગ સન્મુખ કરેછે અને પછી તે તેના હાથમાં જઇને ચોટેછે અવલોકન દ્વારા જ્ઞાન આપવાની અગત્ય પદાર્થપાઠોની કેટલી આવશ્યકતા છે તે ટૂંકામાં પણ ઘણી સરસ રીતે તેમણે બતાવી છે પદાર્થપાઠો શીખવવામાં કયા ક્રમે સંભારી રાખવા, તે વિષે લખતાં તેઓ છ નિયમ બતાવેછે. તેમાના (૧) સહેલા કે જાનીતા પરથી કઠણ કે અજાણ્યા પર જવું, અને (૨) બાળકોને સ્વાશ્રયી થતા શીખવવું, આ બે તો શિક્ષકોને સુનિશ્ચિત છે. વળી સિદ્ધાંત તેમણે એ કર્યો છે કે " મન અનિશ્ચિત વાતોપરથી ધીમે ધીમે નિશ્ચિત વાતોનું મનન કરવા આવે છે." પ્રથમ વસ્તુનું નામ, પછી તેના ગુણ, પછી તે વિરુદ્ધ વસ્તુના ગુણો ને તથા પછી મુખ્યત્વેકરીને બધું." તેઓ જ્ઞાનપ્રાપ્તિના જે ક્રમ બતાવે છે તે પણ ખાસ ધ્યાનમાં રાખવા જેવા છે." (૧) બીજાનો અનુભવ બહુ ધ્યાનમાં રાખવો. (૨) પોતે મનન મહેનત કરી જ્ઞાન મેળવવું." પહેલામાં પુસ્તકીય જ્ઞાનનો અને બીજામાં અનુભવનો મહાવેશ થઇ જાય છે, જે બીજા પ્રકારમાં ઉતરતો છે. બીજા પ્રકારનું સમર્થન કરતાં તેઓ ખરા અંત:કરણની લાગણીથી જણાવે છે કે "સંસારમાં જ્ઞાનરત્નનો જે ઉત્તમ ભંડાર ભરેલ છે તે જોવો (જાણવો) પ્રાપ્ત કરે છે, જે દીનભાગી ભારતભૂને બહુ જરૂરનો છે." વળી બાળકોમાં જિજ્ઞાસા એટલે નવું નવું જ્ઞાન મેળવવાની અભિલાષા, સ્પર્ધા એટલે બીજાની બરાબરી કરવાની ઇચ્છા, અને પ્રશંસા સાંભળવાની લાલસા જાગ્રત કરવી, એ પણ પદાર્થપાઠ શીખવવામાં ઉપયોગી તત્વો ગણ્યાં છે. સ્પર્ધા અને પ્રશંસા સાંભળવાની લાલસાને કોઇ કોઇવાર ગેરલાભ થતા હોય તો તેમ ન બનવાનાં કારણો પણ તેમણે બતાવ્યાં છે. પદાર્થપાઠોમાં વારંવાર પ્રયોગની અગત્યતા કરી એ તેમણે બહુ

સૂત્રને ઠેકાણે મંડાવ્યું છે. આ છ સૂત્રો શિક્ષક મનમાં રાખીને તે પ્રમાણે પદાર્થપાઠનું શિક્ષણ આપે તો તે જરૂર હિતકારક થાય એમાં સંદેહ નથી.

હવે પદાર્થપાઠ કેવા લેવા એ વિષય ઉપર લખતાં તેઓ જણાવે છે કે "આ અભયમાં પરદેશની પ્રજા ભૂસ્તરશાસ્ત્ર, કૃષિશાસ્ત્ર, ઇંદ્રિય વિજ્ઞાન શાસ્ત્ર, યંત્રશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર વગેરે વગેરે શાસ્ત્રોમાં નિપુણતા મેળવી આગળ વધતી જાય છે. માટે આપણાં બાળકોના મનમાં પણ તેવા સંસ્કારો બાલ વયમાં ઉપજાવી, તેનાં બીજ વેરી, પોષી વૃક્ષોને સારાં ફલો ઉપજાવવાની જરૂર છે. તાત્પર્ય એ છે કે પદાર્થપાઠોની યોજનામાં વિદ્યાનાં મૂળતત્વો ઉપર આધાર રાખવામાં આવ્યો છે. એ પદાર્થપાઠોના એકંદર અગિયાર સમૂહ પાડવામાં આવ્યા છે. ગ્રંથકારે આ દરેક સમૂહનું વીગતવાર વર્ણન આપ્યું છે, અને તે દ્વારા કયી કયી વિદ્યાઓનું જ્ઞાન આપી શકાય છે તે પણ યુક્તિથી બતાવ્યું છે.

આ પ્રમાણે પદાર્થપાઠ સંબંધી પ્રસ્તાવના કર્યા પછી તે પાઠો કેમ શીખવવા તે ઉપર તેમણે ટુંકામાં પણ સારું વિવેચન કરેલું છે અને તેમાં શિક્ષકે શીખવવાના પાઠ આગળથી તૈયાર કરી લાવવાની આવશ્યકતા ઉપર તેમણે ખાસ ભાર મૂકયો છે. કોઇ શિક્ષક ગમે તેટલો વિદ્વાન અને અનુભવી હોય તથાપિ જુદે જુદે વખતે આવનારા જુદા જુદા વિદ્યાર્થીઓની યોગ્યતા તેની તે હોતી નથી. માટે દરેક વખતે તેવા તેવા વિદ્યાર્થીઓની શક્તિ પ્રમાણે તેમને પાઠ આપવા માટે પણ આગમચની તૈયારીની જરૂર છે. અહીં આગળ તેમણે પ્રસંગોપાત્ત શિક્ષકોને આપેલો બોધ ખાસ ધ્યાન આપવા જેવો છે. તેઓ લખે છે કે " શિક્ષણશાસ્ત્રનો અભ્યાસ કરનારે જમાનાની સાથે આગળ વધવાની જરૂર છે. વધતું જતું જ્ઞાન સંગ્રહવાની જરૂર છે. નહિ તો જમાનો તેની આગળ જશે ને પોતે પાછળ રહેશે, " ઇત્યાદિ જમાનો શું ? તે શું કરે છે ? તે કેવી રીતે આગળ વધે જાય છે ? આપણે તેની દરકાર નથી કરતા માટેજ પાછળ પડીએ છીએ, ઇત્યાદિ બાલતોથી જેઓ અજાણ છે–પછી ગમે તો તે શિક્ષક હો, વેપારી હો, કારીગર હો, કે ખેડુત હો,–તે પોતાની કે પોતાના દેશની આબાદી કરી શકવામાં સદા નિષ્ફળજ નીવડવાનો.

ત્રીશમા પૃષ્ઠથી પદાર્થપાઠ આપવાના નમુના શરૂ કર્યા છે. પ્રથમ બાલવર્ગ માટે આપવાના પદાર્થપાઠના નમુના છે. પાઠ આપવાનાં સાધનો, પદાર્થોથી કઢાવવાના ગુણો તે કી રીતે કઢાવવા તેની વિગતવાર સૂચનાઓ, તથા શિક્ષક માટે કાંઇ વિશેષ જાણવા જેવું હોય તો તે પણ વિસ્તારથી આપ્યું છે. બાળવર્ગમાં પથરા તથા લાકડાના કકડાથી શરૂઆત કરી પછી તેના આકારના તથા રંગના પાઠો આપેલા છે. અને તે પછી અનુક્રમે બાળવર્ગના બીજા પાઠ, શીખવવાની પદ્ધતિ સહ આપીને પછી પહેલું, બીજું, અને ત્રીજું એ ત્રણ ધોરણમાં નિયત કરેલા અનેક પદાર્થ પાઠો આપેલા છે. શિક્ષકે આખા વર્ષમાં તે તે ધોરણોમાં શીખવવાના બધા પદાર્થપાઠો આમાંથી પદ્ધતિ સહ મળી શકે એમ છે એટલુંજ નહિ, પણ શિક્ષકે જાણી રાખવા જેવી કેટલીક નવીન હકીકત પણ આમાં મળી શકે છે. સાંગોપાંગ રીતે જોતાં જે વખતે આવા ઓછા પુસ્તકની શિક્ષકોને ઘણી અગત્ય હતી તેવે વખતે તૈયાર કરવામાં રા. સા. હરીરામભાઇએ શિક્ષકો ઉપર એક પ્રકારે ઉપકારજ કર્યો છે એમ કહેવામાં કાંઇ અતિશયોક્તિ નથી. પુસ્તકની કીમત ૦–૫–૦ આના રાખી છે, તે પણ પુસ્તકના પ્રમાણમાં જોતાં નજીવીજ છે.

અંગ્રેજી કન્યા પાઠાવલી નં. ૧–બાળકોની અવલોકન શક્તિ કેળવવા માટે પદાર્થપાઠોની આવશ્યકતા હવે બારે પાસેથી સ્વીકારવામાં આવે છે. આ પદાર્થપાઠો બીજા

ધોરણના વર્ગમાં આપવા માટે આ પુસ્તક મુનામદના રા. રેવાશંકર પ્રભુરામ રાવળ એમના તાબૂથી તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તકના યોગથી હરકોઇ શિક્ષક પોતાના વર્ગના પદ્યપાઠ સારી રીતે શીખવી શકે એમ લાગે છે. જુદા જુદા પદ્યોમાં શું અવલોકન કરવાનું છે તે બાળકોને એકદમ સમજાય નહિ, એ બાબી ગદ્યપાઠકર્તાએ દરેક પાનામાં મોટકો પાડી જે જે મુદ્દો તપાસવાના છે તે બધાએ સૂચી બતાવ્યા છે અને વિદ્યાર્થીઓએ અવલોકન કરી તે જે મુદ્દાનો દરકોઇ સમજવા માટે કોરી જગો રાખીછે. કર્તાનો હેતુ એવો છે કે વિદ્યાર્થી પ્રથમ પદ્યપાઠનું અવલોકન કરી તે વિષે પોતે જે જોયું સમજ્યા હોય તેની કાચી નોંધ કરે, જે નોંધ શિક્ષક તપાસી સુધારે, અને પછી મારા અક્ષરથી આ પુસ્તકમાં વિદ્યાર્થી પાસે લખાવે. આમ કરવાથી પદ્યપાઠનું યથાર્થ અવલોકન કરવાની વિદ્યાર્થીને ટેવ પડશે તથા તેનું જ્ઞાન પણ સુધારશે એવો મોટો ફાયદો થવાનો સંભવ છે આ કારણો આ પુસ્તક વિદ્યાર્થી માટે જેમ ઉપયોગી છે તેમ શિક્ષકોને પણ પદ્યપાઠ પાડતાં સારી સહેલાઇ કરી આપનાર હોવાથી અતિ ઉપયોગી છે. જુનાગઢ સ્ટેટના તથા પોરબંદર સ્ટેટમાં શાળાઓના ઉપયોગ માટે આ પુસ્તક મંજુર કરવામાં આવ્યું છે. બીજે સ્થળે પણ રા. રેવાશંકર આ પુસ્તક મોકલી આપશે તો તેનું ઉપયોગીપણું જણાઇ આવ્યાવિના રહેશે નહિ. બાકીનો મોટકો માટે પણ ઓર જે પ્રકાર એવા પુસ્તકો પ્રકટ કરવાની ઇચ્છા રાખેછે અને તે જાહેરી પાડ થયેલા જોવાને અમે ઇન્તેજાર છીએ પુસ્તકની કિમત રૂ. ૦-૨-૦ છે, પણ જો તેને સારો આશ્રય મળે તો કાચ પ્રકાશક તેથી પણ ઓછી કીંમત રાખી શકે. રા. રેવાશંકર પ્રભુરામ રાવળના આ શ્રમ માટે તેમને ધન્યવાદ ઘટે છે

ગાયકવાડ સરકારનું દેશીકેળવણીખાતું. (ઇનામપત્રકો.)



માહે સપ્ટેમ્બર ૧૯૦૧
વડોદરા પ્રાંત.

૧. વડોદરા રાવપુરા તુર્કી શા. ન્હાનુભાઇ પ્રેમાભાઇ કમીટી તરફથી ૧૦-૦-૦ મરીન ઇલાકાઓને ગોપીઓ રમેશે વહેંચી ૨ ઓ ગિ પદ્ધતીયા વડોદરા.મે. રા. બા. નાથજી દીવાનજીભાઇ તરફથી ૬ ૫-૦-૦ પૈકી વહેંચ્યા બે. કેકોલુપોન્ડેન્ટ માહેમે ૬. ૫-૦-૦, ૬. પેટલાદ બ. મુ. શેઠ. દામોદરદાસ ઝોટાણાએ ૩-૮-૦ પાણીની પરબ માટે આપ્યા. ૪" સા. મુ. ૬ સા. પરીખ. મુલાખીરામ નરસ્વધસે ૩-૮-૦ „ ૫. „ સરકુલ્યુલેટીંગ લા રો. ઝોટાણાએ ૪-૦-૦ અનુક્રમ આપ્યું. વડલા. તા. બોરસદના બા. ઝીણાભાઇ ૬ બાપદાસે ૪-૦-૦ „ ૬. „ ઉઁ ઝા. અમીયર ક્રેપ્ટ અદીપીયાં ઝેરેના આમીસા. ત્યા કડુમીયા કુજદાર એમણે બળાને ૧-૮-૦ પાણીની પરબમારે આપ્યા. ૭. સોજીત્રા સ મુ. ૬ સા. પ. ગોવીંદભાઇ બાબાભાઇએ ૧-૦-૦ પત્રાંક વહેંચ્યા. ૮ „ ઉઁ ઝા. વડોદરા ઝોકોએ ૧-૧૫-૦ પત્રાંકો તથા આકરી ગોપીઓ પત્તર પોરબંદર ઝેકરાને વેંચવી ૬. આદરજ સ. મુ ૬ ઝા. આસી. બાબ-

લાલ મોતીભાઇએ ૧-૦-૦ પતાસાંવહેંચ્યાં. ૧૦. મેહેળાવ સ. ગુ. શા. આસી. મોતીભાઇ અનેરભાઇએ ૧-૦-૦ ,, ૧૬. ,, વસો ઠક્કર. હરગોવીંદ મોતીએ ૨૫-૦-૦ બ્રાહ્મણના છોકરાને લાડુ જમાડયા ૧૯. ,, ગુ. ક. શા. ,, કન્યાઓને ,, ૧૭. બારકાલ ગુ. શા. ગોર. દલપતરામ રણછોડે ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૧૪. બાયલી સ. ગુ. શા. ગામ લોકોએ ૨-૦-૦ પતાસાં તથા છીંટ વહેંચી. ૧૫. દેવલી સ. ગુ. શા. પા. દેસાઇભાઇ હરકાંદાસે ૧-૦-૦ પતાસાં વેહેચ્યાં. ૧૬. મકરપુરા ,, પા. ગોકળભાઇ જોરાભાઇએ. ૩-૦-૦ પેંડા વેંહચ્યા. જમાદાર. અગરમીઆં નીજામભીયાંએ ૫-૦-૦ ગીરદ વેંહચી ૧૭. પોર સ. ગુ શા. શા. છગનલાલ દલસુખભાઇએ ૨-૦-૦ પતાસાં વેંહચ્યાં. ૧૮. કારવણ સ ગુ. શા. સ્ટેશન માસ્તર મંગારામ ભાઇશંકરે ૧-૦-૦ ધો ૩ થી ધો ૬ સુધીના છોકરાઓને બ્લોટીંગ પેપર કાગળ વહેંચ્યા. ૧૯ પારીણારા ગુ. શા. ઇશ્વરભાઇ દેશાઇ ભાઇએ ૨-૦-૦ ગાસ્તરને પાઘડી બદલ આપ્યા. ૨૦ કોરલી બ્રા. સ. ગુ. શા. પા. રામદાસ હરીભાઇ મુખીએ ૧૩-૦-૦ છોકરાઓને જમાડયા. ૨૧ પેટલાદ બાળશાખા શા. કાળીઆ પીતાંબર ખોડાદાસે ૧-૪-૦ પતાસાં વહેંચ્યાં. કુલ ૯૭-૭-૦

અમરેલીપ્રાંત.

૧. છારા સ. ગુ. શા. રઘુનાથજી પુંજાભાઇએ ૧-૦-૦ છોકરાઓને લાડુ જમાડયા ૨. હરકાં ગુ. ક. શા. ભાટીયા. ગોરધનદાસ ભાવજીએ ૧-૦-૦ પેંડા વેંહચ્યા. ૩. સાજીવાવાર સ. ગુ. ક. શા. પરબત ખીમા મુખીએ ૧-૦-૦ સાકર વહેંચી. ૪. ,, ક. ગુ. ક. શા. ,, ૧-૦-૦ સાકર વેંચી. કુલ ૪-૦-૦.

કડીપ્રાંત.

૧. બાસક સ. ગુ. શા. મકેતાજી મોતીલાલ નહાલચંદે ૧-૦-૦ ચોપડીયો વેહેંચી. ૨. ઉંઝા મંત્રી શા. છોટાલાલ રતીકરણે ૧-૦-૦ પાણીની પરબમાટે. ૩ મેડાઆદરજ સ. ગુ. શા. શા.લલ્લુભાઇ ઉમેદ ૧-૦-૦ પતાસાં વેહચ્યાં ૪. થોળ સ.ગુ શા. પા. ચતુર હરીભાંઈએ ૨-૦-૦ સાકર વેહેંચી. ૫ વસાઇ સ. ગુ શા. રા. જસભાઇ ભગુ ભાઇએ ૧-૦-૦ પતાસાં વેહચ્યાં ૬. કલોલ સ. ગુ. ક શા. શ્રી ગોસાંઇજી મહારાજના વધીવટ કરનાર હરગોવિંદ અમુલખે ૧-૮-૦ પતાસાં વેહેંચ્યા ૭. દેહગામ સ. ગુ. શા. શા. ભગનલાલ સાંકળચંદે ૧-૦-૦ પતાસાંવહેંચ્યાં. કુલ. ૮-૮-૦

નવસારીપ્રાંત.

૧. નવસારી સ. ઉ. શા. અબ્દુલમન-ઇમ્બ્રામ તથા ગીરધારે સાહેબ હરગોવાલા ઐમણે ૧-૮-૦ પાણીની પરબમાં આપ્યો. ૨ આમલી સ. ગુ શા. ગોપનજી લાવમાઇએ ૧-૦-૦ પતાસાં વેહેચ્યાં ૩. તવડી સ. ગુ. શા. શેઠ. હોરમજી દેરાબજીએ ૧-૦-૦ ગરીબ છોકરાને પી તથા ચોપડીઓ માટે આપ્યો ૪. ગણદેવી સ. ઉ. શા શેઠ ઇસ્માઇલ હુસેનભાઇએ ૧-૦-૦ પાણીની પરબમાં આપ્યો. ૫ પલસાણા સ. ગુ. શા. મહારાજ પ્રેમદાસજીએ સાકરીયા ખાંડવેહેંચી ૬. બગુમરા. મ. ગુ. શા. આસી ગાસ્તર રણછોડજી પુરૂશોત્તમે ૧-૦-૦ ખાંડ વેહેચી. ૭. અનાવળ સ. ગુ શા. રો. શોરાબશા કરદુનજીએ ૧૦-૦-૦ વાંગડુ ધડીઆળ આપ્યું. થાણાના ફોજદારે ૧-૦-૦ ખાંડ વેહેંચી. કુલ -૧૭-૮-૦. કુલ ઝોકંદર ૧૨૭-૭-૦

તૈયાર કરનાર કારકુન. Jeyshanker P. Joshi.

ગોવિંદ કાલીદાસ. દામોદર. વિદ્યાવિહારાવતી.

ગાયકવાડ સરકારનું દેશી કેળવણીખાતું.

પરિપત્રક નંબર ૧૦

કેળવણીખાતાની જે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મળેછે, તે વિદ્યાર્થીઓ મને તેટલી મુદત ગેરહાજર હોય તોપણ તેમની શિષ્યવૃત્તિની રકમ ન થતા પૂરેપૂરી અપાયછે, એમ જણાવવામા આવ્યુ છે તેમ હકીકતમા, કોશિકાણુ મહિનાઓમા તથા અત્યજકોમા, ગામતકોમાંઓ, અને કન્યા ગામ વર્ગો, વગેરેમા જ્યા જ્યાં શિષ્યવૃત્તિ ો આપાયછે તે તે ઠેકાણે ગેરહાજરી બદલની શિષ્યવૃત્તિ કાપવા બદલ જુદા જુદા નિયમ છે, તે દૂર કરી બધે ને માટે એક સરખો નિયમ કરવો ઉચિત જણાવાથી તે સંબંધી નીચે પ્રમાણે હુકમ કરવામા આવેછે.

રહોકરોને રજા આપવાનુ તથા શિષ્યવૃત્તિની રકમ કરવાનુ ધોરણ.

શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થી એકી વખતે ૬ દિવસ સુધી રજા લઇ ગેરહાજર રહે ત તેની શિષ્યવૃત્તિ કાપવી નહીં તે ઉપરાંત એકી વખતે વધારે દિવસ ગેરહાજર રહે તો તે તમામ દિવસોની શિષ્યવૃત્તિ કાપવી.

એક વર્ષના એકદર ૨૦ દિવસ કરતાં વધારે રજા કોઇને પણ આપવી નહીં.

કોશિકાણુવૃત્તિ પાઠશાળામા રહોકરોને પ્રમુતિના કારણે એક વર્ષમાં બે માસ સુધીની રીઢ લીવ એટલે નિમે પગારી રજા મળેછે તે ધોરણ કાયમ રાખવામા આવેછે

ઉપર પ્રમાણે હાલ જ્યાં જ્યાં શિષ્યવૃત્તિ આપાયછે ત્યાં ત્યાં તથા હવે પછી કે જ્યારે કોઇને શિષ્યવૃત્તિ મળે ત્યારે પણ એ પ્રમાણે અમલ થવો જોઇએ. તા. ૨ ડિસેમ્બર ૧૯૦૨

ઇસુમ. J. P. J. Chhaganlal T Modi.
એ વિદ્યાધિકારી.

શ્રી.

પુસ્તક ૧૧ મું. અંક ૪ થો.

કેળવણી

માઘ, સંવત્ ૧૯૬૯.

વિષયો.

૧. સંત... ... ... ૬૫
ઓબોને મેળાવડો... ... ૬૫
ચરખા... ... ... ૬૯
કામદેવ શાળાનો સ્મત કહ-
વતની હકિકતનો મેળાવડો... ૬૬
વડોદરા સ. યુ. શા. નં. ૧
નો મેળાવડો... ... ... ૬૬
પ્રજાકીયનાં વર્તમાનપત્રો સં-
ખ્યાદિ... ... ... ૬૭
૬. નિ ધાર આ સંસાર કેવળ
સ્વપ્ન દુઃખાગાર છે... ... ૬૮
૭. પ્રતિજ્ઞાપાલનું શિક્ષણ... ... ૬૮
૮. જુનાં બાળકોને સજ્ઞા થી
રીતે શીખવવી ? ૭૪
૯. રહેટાને રેહનિકાલ... ... ૭૭
૧૦. વર્ષાયત્નના જવાબો ... ૭૮
૧૧. ગાયકવાડ સરકારનું રેસીડેન્સ-
વધુ ખાતું (પ્રતાપપત્રો) ૮૧
૮. બાયકવાડ સરકારનું રેસીડેન્સ-
વધુ ખાતું. (વાદુકમો.)... ૮૩

પ્રસિદ્ધકર્તા

ઠાકોરલાલ નરભેરામ ભટ્ટ.

ભાવિક કિંમત રૂ. ૨) પોસ્ટેજ રૂ. ૦-૩-૦

છૂટક અંકના રૂ. ૦-૨-૦

વડોદરા.

"વીરેશ્વર મુદ્રાલય" પ્રિંટિંગ પ્રેસમાં છાપ્યું.

पुस्तकोनी पहोंच.

બાળગીત—એમ. સી. પંડ્યાની કંપની તરફથી આ પુસ્તક ભેટ ડાખલ મળ્યું છે તે બદલ ઉપકાર થયો છે. બાળજ્ઞાનવર્દ્ધક ગ્રંથમાળાનો આ બીજો ગણકો છે. આ નાની ચોપડી જેમને ઉદ્દેશીને પ્રકટ કરવામાં આવી છે તેમને ખરેખર ઉપયોગી છે. નાનાં છોકરાંને ઘટતાં ગાયનો, કસરતો, સંભાષણ, ડ્રીલ વગેરેનો એમાં સમાવેશ કરેલો છે અને તે તેમને પસંદ પડે એવા સહેલા રાગમાં અને શબ્દોમાં આપેલાં છે. બાળવર્ગના શિક્ષકોને આવી એક સદ્વાચકારક ચોપડીની ઘણી અગત્ય છે અને શાળાખાતા તરફથી તે જો શિક્ષકોને વાપરવા માટે મંજુર થાય તો ઘણી અનુકૂળતા થશે એમ લાગેછે. કીંમત સવા આનો છે તે કાંઈ વધારે નથી.

જાહેરખબરો.

ऋषिविद्या માસિકમાં વેદાનુકૂળ ધર્મ, સંસાર ને નીતિના વિષયો પ્રસિદ્ધ થાય છે. ઋગ્વેદ, યજુર્વેદ ગુર્જરગિરામાં વિસ્તરાય છે. વાર્ષિક મૂલ્ય ૩ ૧।) ટપાલ સહિત અગિમ. પારિતોષિક આ વર્ષ માટે "સત્યાસત્ય વિચાર." સમ્પાદક મંત્રાશંકર જ. દ્વિવેદી. પોસ્ટ ગીરગામ મુંબઇ.

(૧૧)

પોસ્ટેજ મફત ! સામટી પાંચ કે તેથી વધારે ખરીદનારને પોસ્ટેજ માફ !!

મનોરંજક પુણ્યપ્રભા—'પ્રથમ પુષ્પ.' એમાં ત્રિવાર્ષિકોને ઉપદેશ ગળે એવા બાપણ, રમૂજ સંભાષણ, આમે કવિતા છે. દરેક નકલનો એકજ આનો. એજંટ જોઇએ છે. વધારે ખુલાસો પત્રદ્વારે. મુ. એના, પોસ્ટ પલસાણું. આસ્તર છ. કે, ગોળનાકર.

(૧)

"નિબંધ માર્ગદર્શક ભા. ૧ લો." કી. ૩. ૦।= પોસ્ટેજ ૩. ૦।ના. ઘણાં પુસ્તકોને આધારે ને વિદ્વાનોની સલાહ પ્રમાણે ગોઠવણ કરી સંકલના કરીછે. આવું સરસ પુસ્તક આ વિષયપર એકે નથી. અને શ્રીમંતના દેશી કેળવણી ખાતાએ મંજુર કરેલું છે.

"બાળગીત" કી. ૩. ૦।ા પોસ્ટેજ ૩. ૦।ના. ફિન્ડરગાર્ટનપદ્ધતિએ બાળકોને તનની, મનની, અને નીતિની કેળવણી મળે અને તેમની બધી શક્તિઓ બીલે એવી સંકલના કરી છે.

બન્ને પુસ્તકમાં કમીશન કરા. નંગે રપ ટકા. આ સિવાય આ કંપની મુંબાઇમાં બીજાનો કોમે પણ પ્રકારનો માલ બે કે એક ટકા કમીશનથી મોકલી આપેછે.

(૧૨) એમ. સી. પંડ્યાની કંપની.
ભાણુગાછનીચાલી ઝવેરબજાર-મુંબાઇ.

કે ળ વ ણી.

દોયવરૂપ

અર્થ મળે વળી ધર્મ સધાયે, જ્ઞાન મળે સનમાન પમાયે;
પ્રીતિ વધે પસરે જશ સારો, એ શિષ્ટશિષણ ધર્મ અમારો

પુસ્તક ૧૫ મુ ભાદ્ર સવત્ ૧૯૫૯ અંક ૪ થો.

દર્શન

સ્ત્રીકોનો મેળાવડો.—પારેનીશ્વર નામના ગામમાં ગત ફાગણથી એમ ઘરે છે કે ગ્રહસ્થ મહિના પર સખનોર ગામના કેળવણી ખાતાના ઇનસ્પેકટર સાહેબ પધારવાના છે તે પ્રસંગે તેની પહોંચ સ્ત્રીકોમાં થી ૧૬૦ ઉપર પણ ઠરી ગયા આગળ મેજિસ્ટ્રેટ દર્શના મેળ બનાવવામાં આવ્યા હતા તથા આવન સ્વાગત વગેરેમાં મચ્યુ હતુ કેમકે થી એક બીજા પારસ્પરના ચિત્ત રિઝે સુમેળ સ્વપની હતી. પ્રથમ બેઠક મકરસિનો વર ડી મ ર ના બંગલામાં આપવું અને તે પછી બેઠક ચિત્ર આવવું આ કામ કરવાને હતો. આ પાર્ટી મેળાવડો ચિત્ર ૮ વાગ્યાનું અગાઉ હતો. સખનોર જેવા મુકામમાં આવી પારસીની સ્ત્રીઓ પહેલી જ આવા મિલન દેખાવની સ્ત્રીઓને નવીન જેવા જેવુ પણ બન્ને તેથી તેમને મનને કાંઇક વિલક્ષણતા પ્રાપ્ત થઇ એ કેમકે આ મેળાવડાની ખરી મુખ્ય બીજે બોલ તે પરસ્પર કુ ટુ ભ ભાવ પ્રેમ કેળવવો એ ખરેખર આપણે આવી આ વી ગમ્મત કુટુંબની અંદરોઅંદર પણ થતી નથી તો તેમના મનમાં કેટલી નિર્દોષતાને આનંદ આવતા હશે કેમ કે પ્રસંગે તેમની મનઃ ભાવ થઇ જાય છે

ઘરસંસાર—પણ અજ્ઞાનતા તે આપણી કમનસીબ બરાબર ચુસ્તપણે ઘરસંસારમાં વર્તવા માટે અમને પદેપદની જરૂર પડે છે પણ કેટલાક તેવી જરૂર પામતા જ નથી અને જીવનક્રમે તે ભલતી ચુકી કમ પડીને ઉપર આવી ખૂબ ઠોકરો ખાઇને કોઇ કોઇ વખતે કોઇ ઠેકાણે ઠરીઠામ થાય છે પણ તેવા કરતાં પહેલાંથી ચેતી ચાલનારા તે ઘણા સારા તેવી

વિદ્યા ઉપરથી એ માલૂમ પડી આવે છે કે આશરે પીસ્તાળીશ વરસની ઉમ્મરે આંખની દૃષ્ટીઓના અંદરના પડદાઓ કે જે ઉપર બાહેરનો પ્રકાશ પડવાથી જોઇ શકાય છે તે કંઇક કમજોર બનેછે જેમ વખત જતો જાય છે તેમ તે વધારે કમજોર પડતાં જાય છે. તે પડદાની આકૃતિ હમેશ બદલાતી રહેછે અને વાંચી શકવા માટે તે કાચબાના આકારની માફક બહાગોળ હોવી જરૂરની છે કમજોર થવાથી તે પડદાઓ કુદરતી રીતે તે આકારના પોતાની મેળે થઇ શકતા નહિ હોવાથી, તેને અકુદરતી રીતે એટલે ચશ્માના કાચની મદદથી તે આકારમા લાવવાની જરૂર છેજ.

કામરેજ શાળાનો રમત કસરતની હરિફાઇનો મેળાવડો—ગઇ સાલ ના પોષ માસના અંદગા અમે વાંચ્યા શાળાના આનાજ એક મેળાવડા ની હકીકત પ્રસિદ્ધ કરી હતી ચાલુ સાલે ડીસે મ્બર માસમા એવો મેળાવડો કામરેજ મુકામે થયો હતો તેની હકીકત ત્યાના એક શિક્ષક હરિ ભગવંત ગર્ગે તરફથી લખાઇ આવી છે, જેમા તેઓ જણાવે છે કે, " બાર સરકારી અને એકવીશ ગ્રામ્યશાળાઓનો એક જનરલ મેળાવડો કામરેજ મુકામે થયો હતો સદર સાલ તાવ ની બિમારી વિશેષ હોવા છતા પણ લગભગ બસો વિદ્યાર્થીઓ હાજર થયા હતા સરકારી તથા ગ્રામ્યશાળાના મળી છેતાળીસ શિક્ષકો હાજર થયા હતા. રા. સા પ્રેમાનંદભાઇ કે એ ઇ સાહેબ નિમંત્રણનો સ્વીકાર કરી બાલ પધાર્યા હતા ગામના સદ્‌ગૃહસ્થો અને મહાજન વર્ગ વગેરે પણ જોવા માટે આવેલા હતા ઓરણા શાળાના વિદ્યાર્થીઓ એકજ રંગનો ડ્રેસ કરી ધ્વજા પતાકા સાથે સ્વદેશાભિમાન ની કવિતા ગાતા ગાતા રમતને સ્થળે હાજર થયા હતા. મુ-રર કરેલી તમામ રમતો રંગાઇના જેટલો વખત ન બગડવાથી (૧) લાંબુ કૂદવું, (૨) ચુલાટથી કમાનો નાખવી, (૩) ઊંધે માથે ટટાર રહેવું, (૪) શિર ના તાડવું, (૫) આખે પાટા બાંધી ઘડો ફોડવો, (૬) દોરડું ઓંચવું, (૭) દડ પીનવા, (૮) એક પગે ચાલવું, (૯) કોયળામા પગ રાખી દોડવું, વગેરે કસરતો થઇ હતી રમતોમા સરસાઇ મેળવનાર ૪૬ વિદ્યાર્થીઓને ઇનામ આપવામા આવ્યા હતા કામરેજ તથા ઓરણાના વિદ્યાર્થીઓ તમામ રમતોમાં સારા ફતેહમંદ નીવડયા હતા શીયાની અને કઠોર શાળાના વિદ્યાર્થીઓ બીજે નંબરે આવ્યા હતા કામરેજ શાળાના વિદ્યાર્થીઓને કસરત શીખવવાનું કામ કૃષ્ણરાવ કાશીનાથ વર્તક નામે આસિસ્ટંટ માસ્તરે કર્યું હતુ જે માટે તેમને સાબાશી ઘટે છે રમતોનુ કામ પૂરું થયા પછી રા સા કે એ ઇ સાહેબે કસરતથી થતા ફાયદા વગેરે વિષય ઉપર બોધદાયક ભાષણ કર્યું હતુ જેની ઘણી સારી અસર થયેલી માનવામા આવે છે. કામરેજ શાળાના વિદ્યાર્થીઓએ ઇશ્વરસ્તુતિ તથા શ્રીમંત મહારાજા સાહેબની પુણ્યનામાવલિની કવિતાઓ સારા રાગથી ગાઇ સભાજનોને ખુશી કરી હતી, જે પછી ઇનામ વહેંચવામા આવ્યા હતા કામરેજ તાલુકા સ્કૂલ ઇન્સ્પેક્ટર સાહેબે સર્વનો આભાર માની ચહાપાણી માટે સર્વને નિમંત્રણ કર્યું હતુ અને પછી હાર કપડી વગેરે આપી મેળાવડો બરખાસ્ત કરવામાં આવ્યો હતો

વડોદરા સ. ગુ. શા. ન. ૧ મા પણ આવોજ એક મેળાવડો તા. ૧૮ મી જાનેવારીને રોજ કરવામા આવ્યો હતો નિશાળના મોટા ઓરડાને ચિત્રો, નકશા અને ફૂલના

કુંડાં વગેરેથી સુશોભિત કરવામાં આવ્યો હતો. મોગરાં, મેનરંજ, પારસ, વગેરે ઘરની અંદરની રમતો અને દોડવું, કૂદવું, દોડવું ઇત્યાદિ, ઉપર, વગેરે બહારની રમતોમાં છોકરાઓ આનંદથી ભાગ લેતા જણાતા હતા. તે સિવાય નાના નાનાં છોકરાઓએ કસરતમાં ઘણી સારી હરીફાઈ કરી બતાવી હતી. ઇનામ અને પ્રશંસાપત્રના પ્રસંગો પણ ઘણા જ મનોહર હતા. જોવા આવનાર સદ્ગૃહસ્થોનો એક વિદ્યાર્થીએ આભાર માન્યો હતો. શુ ગાતા હેડમાસ્તરના નિબ ત્યુદ્યા મે. રા. બા. વિશ્વેશ્વર કીર્તિ સાહેબ તથા રા. બા. પંડ્યાસાહેબ આદિ અને બીજી શાળાના શિક્ષકો પણ આવ્યા હતા. દરેક વિષયના સારું કામ કરતા જે મે. રા. બા. વિશ્વવિહારી આદિને હાથે ઇનામ વેદેજો આપવામાં આવ્યાં હતાં. મેજીસ્ટ્રાને અને વિદ્યાર્થીઓને આનંદ કરાવવામાં આવ્યો હતો તથા કેમિકલ પ્રયોગો અને મેજિકલેન્ટર્નના દેખાવ બતાવવામાં આવ્યા હતા. જુદી જુદી શાળાઓના વિદ્યાર્થીઓ આવીજ રીતે એકઠા મળી પ્રસન્ન રમત ગમતમાં જોડાય તો તેમને આનંદ મળવા સાથે એક બીજાના પરિચયના અને મીત્રતા જે અનેક લાભ થાય છે તે ઘણા સુવિદિત છે. કે તે બંને આ રમતે કાંઇ ઉદ્દેશ ન હતા શિક્ષક બંધુઓને અમે ખાસજ ભલામણ કરીએ છીએ કે તેમણે આને ઉત્સાહી પક્ષ પોતાના વિદ્યાર્થીઓમાં ઉત્સાહના બીજ રોપવા એ તેમનાં કર્તવ્યોમાનું એક મુખ્ય કર્તવ્ય છે.


ઇંગ્લાંડનાં વર્તમાનપત્રો મળ્યાથી હકીકત જણા ભાદ્રપદના વસંત પત્રમાં આપેલી છે જેમાં જણાવે છે કે, "લંડનના એકપેનિ (એક આનો) પત્રનું વાર્ષિક મૂલ્ય લગભગ ૪૦ લાખ રૂપિયા કરતાં ઉપર ૧૫ છે એટલે દારોજનું ૧૪૦૦૦ રૂપિયા મૂલ્ય થાય છે. અને મૂલ્ય કરતા ગ્રાહકોનો નફો વર્ષે લગભગ દશ લાખ રૂપિયા એટલે રોજના ત્રણ હજાર રૂપિયા ઉપર થાય છે. દરેક રેજીસ્ટર્ડ પત્રની એક લાખથી અધી લાખ સુધી નકલો વહેંચાય છે. નેરીજ રીતે સાપ્તાહિક પત્રો દર અઠવાડીએ અધી લાખથી પાંચ લાખ સુધી નકલો ખપે છે." વાચનનો કેવો જબરો શોખ !

જૂદા જૂદા ધંધાઓ અને વિષયોને લગતાં પત્રોની સંખ્યા તેમાં નીચે પ્રમાણે આપી છે:—

ખેતીવાડીને લગતાં.	૩૦	કરિશ્ચન સુતાર માટેનાં.	૧૪
સરકાર સંબંધી	૧૧	આર્ટિસ્ટ સંપ્રદાયનાં.	૧૧
ઇન્સોલ્વન્સી કાયદા સંબંધી.	૧૪	સરકારી ધર્મ સંપ્રદાયના.	૪૩
અંત્ય કસરત સંબંધી	૧૨	હારપરસનલ.	૩૦
કંડોલ-મીડર્નના.	૩	પરમુખ્ય દરજ્જા વેપારનાં.	૧
નાટક સંબંધી.	૧૩	દાક્તરોનાં.	૨૬
કેળવણી સંબંધી.	૩૭	કેટોગ્રાફીનાં.	૧૦
નાણાં સંબંધી.	૩૯	કુતરાં બાબત.	૪
ઉપાનવિદ્યા સંબંધી.	૧૬	ઘુરપાં બાબત.	૮
કાયદાનાં	૧૮	રમત ગમતનાં.	૪૦
સામાન્ય ધર્મનાં.	૪૬	ફેશન બાબત.	૩૭
વિદ્યુત્વિદ્યાનાં.	૧	મદ્યનિષેધનાં.	૩૨
અરોગ્યવિદ્યાનાં.	૮		

એજ પ્રમાણે માસિક ત્રિમાસિક પણ ઘણાંજ નીકળે છે. વાંચનારાઓના જૂદા જૂદા રસને અને વર્ગને અનુકૂળ પડે તેવાં જૂદા જૂદા પ્રકારનાં ૧૫૦૦ પત્રો નીકળે છે-જેમાંનાં ૪૦૦ ફક્ત ધર્મ અને ધાર્મિક તત્વજ્ઞાન સંબંધી છે !!

"નિઃસાર આ સંસાર કેવલ ત્યાજ્ય દુઃખાગાર છે."



હરિગીત.

આયુષ્ય [૧] અસ્થિર અલ્પ તેમા ત્રાસ અતિ અભ્યાસનો,
વળતી કમોવામાય પણ કંઈ પાર નથી કંકાસનો;
ધન પ્રાપ્ત કરીને રક્ષવું તેમાય કષ્ટ અપાર છે,
[૨] નિઃસાર આ સંસાર કેવળ [૩] ત્યાજ્ય [૪] દુઃખાગાર છે. ૧

પરણ્યાતણી પીડા પરમ તેમાં મળી જો પાપણી,
તો રાહુએ બાહુ ગ્રહ્યો ન શમે હૃદયની તાપણી;
સારી મળે ને ના નિવે શો દેહનો નિર્ધાર છે ?
નિઃસાર આ સંસાર કેવળ ત્યાજ્ય દુઃખાગાર છે. ૨

કંઈ પસ્તતિ ન થયાતણા ઉદ્વેગમાં અથડાય છે,
કંઈ પેટ કપુત પ્રજા પડી તે કષ્ટમાં કૂટાયછે,
લાયક મનુષ્યો કંઈક તે લેણા થકી લાચાર છે,
નિઃસાર આ સંસાર કેવળ ત્યાજ્ય દુઃખાગાર છે. ૩

[૬] આધિવનું મન સર્વદા વ્યાધિવનું તન જો હશે,
[૭] ધન તે ઉપાધિ વિનાનું તો તો સર્વ જન તારાં થશે;
નિઃસ્વાર્થ ન લહિશ હેત તુજ પર કોઈનુંય લગાર છે,
નિઃસાર આ સંસાર કેવળ ત્યાજ્ય દુઃખાગાર છે. ૪

વ્હાલા કહી વળગી રહી અળગી ઘડીય થતી નથી,
આ એવી તુજ પરદ્યોત તે પણ સ્વાર્થિ લેશ સતી નથી;
ભૂષણ ન આપીશ કાઢ દૂષણ (જો) વળતિ કેવો પ્યાર છે ?
નિઃસાર આ સંસાર કેવળ ત્યાજ્ય દુઃખાગાર છે. ૫

એમાં ભચ્યા રે'નાર તે [૮] છાલાં છતી આંખે છડે,
[૯] મૃગતૃષ્ણિકાને માની જળ હરવા તૃષા તે આયડે;

---

૧. ચંચળ ૨: સાર વિનાનો. ૩. તજવાયોગ્ય. ૪. દુ ખનું ઘર. ૫ પ્રજા ૬. મનની પીડા. ૭. ઉપાધિણી ગેરેની કડાકૂટ કરીને લાવવું પડે એવું નહિ. ૮. ગાંગરતા છોકરાં. ૯. ઝાંઝવાંનું પાણી

સંબંધ્યા છતાં સપડાય એથી અન્ય કોણ ગમાર છે !
નિઃસાર આ સંસાર કેવળ ત્યાજ્ય દુઃખાગાર છે. ૬
શો મોહ એનો રાખવો કે [1] દ્રોહ શો એનો વળી,
જગદીશની ઇચ્છી કૃપા કરિ મત્ન જય નહીં કળી;
તો તો મળે સુખ [2] નિકર ભયનાં [3] નિકરનો શું સુમાર છે ?
નિઃસાર આ સંસાર કેવળ ત્યાજ્ય દુઃખાગાર છે ૭
સંપત્તિ સંતતિ સુંદરી સ્નેહી સહોદરને વિષે,
સુવિચાર યાર લગાર કરિ તું કહે મને સુખ ક્યાં દિસે ?
એ સર્વની વૃદ્ધિ ઉપાધીનોજ [4] પારાવાર છે,
નિઃસાર આ સંસાર કેવળ ત્યાજ્ય દુઃખાગાર છે. ૮
[5] અનુપલ [6] દુરૂહવિહીન થા ઈષ્ટરમણમાં લીન થા,
[7] સચ્ચાસ્ત્રને તું અમાન થા સજ્જન કને જઈ દીન થા;
તો તો દયા શંકર કરી સકટ સકળ હરનાર છે,
નિઃસાર આ સંસાર કેવળ ત્યાજ્ય દુઃખાગાર છે. ૯

કવિ દયાશંકર રવિશંકર—ખંભાત.

ઇતિહાસનું શિક્ષણ.

ડા. આર્નોલ્ડ ઇતિહાસ શીખવવાનો મુખ્ય હેતુ જણાવતાં કહેછે કે, મનુષ્યને પ્રજાજન તરિકે અથવા નાગરિક તરિકે પોતાની ફરજો બરાબર રીતે અદા કરતા શીખવવું, એ ઇતિહાસ શીખવવાનો મુખ્ય હેતુ છે. એરિસ્ટોટલ અને હર્બર્ટ સ્પેન્સર પણ એમજ કહેછે આર્નોલ્ડ એ હેતુ રૂગબી પોતાના વિદ્યાર્થીઓને ઇતિહાસનું શિક્ષણ આપવામાં મુખ્ય હેતુ એ માનતો હતો કે તે દ્વારા તેમને નીતિ શીખવી શકાય, તથા જે બનાવો બની ગયા છે તેમાંથી જે સારા અને વખાણવાલાયક હોય તે ઉપર પ્રીતિ કરતાં તથા નઠારા અને ધિક્કારવા લાયક હોય તે તરફ અણગમો કરતાં પણ શીખવી શકાય. તેને મન ઇતિહાસનો અભ્યાસ એ એક ઇશ્વરની કુદરતનો અભ્યાસ હતો. સારા અને માઠા વચ્ચેની લડાઇ તેમાં સંતત ચાલેલી જોવામાં આવે છે. ડા. એન. ચટ્ટોપાધ્યાય એમણે માઇસોર કોલેજમાં ભાષણ આપતાં એક

---

૧. દ્વેષ. ૨. નિરન્તરિ તો. ૩. ફોળ. ૪. સમુદ્ર. ૫ જે પદ જોઇ ન શકાય વિચારોથી રહિત. ૬. સારાં શાસ્ત્ર.

વખતે કહ્યું હતું કે ઇતિહાસ ઉપરથી વિદ્યાર્થીઓમાં સ્વદેશાભિમાનની અને સ્વદેશના ગત કાળના બનાવો વિષે પ્રીતિ ઉત્પન્ન કરવા ઉપર અમેરિકાના યુનાઇટેડસ્ટેટ્સમાં ખાસ ધ્યાન આપવામાં આવે છે. જર્મનીની કસરત શાળાઓમાં અને પાઠશાળાઓમાં પણ તેજ તત્વને અનુસરીને શિક્ષણ આપવામાં આવે છે. તે દેશમાં તો "સર્વનો ઉપર જર્મની છે" એવી એક કહેવત સાથે ઇતિહાસના પાઠનો આરંભ અને સમાપ્તિ કરવામાં આવે છે!

ઇતિહાસશિક્ષણના આ મુખ્ય મુખ્ય ઉદ્દેશોમાંથી આપણે કયો પસંદ કરવો જોયો છે? અમને તો લાગે છે કે **આર્નોલ્ડ ઓફ રુગ્બી**નો માર્ગ આપણને વધારે અનુકૂળ અને બંધ બેસતો છે. વિદ્યાર્થીઓને ઇતિહાસનો પાઠ શીખવતી વખતે શિક્ષકે ભૂલવું નહિ જોઈએ કે તે એક વિદ્યાશાળાની ખુરશી ઉપર બેઠેલો છે અને બાળકોના મનને સારું વલણ આપવાની તેની પ્રતિજ્ઞા છે. ઇતિહાસ એ પાછલા બનાવોનું યથાવત્ કથન છે. અમુક સ્થળમાં અને અમુક કાળમાં જે જે બનાવો બન્યા છે તેનું દર્શન ઇતિહાસ કરાવે છે. આ બનાવો બનવાનાં કારણો ઘણાં હોય છે. કેટલાક કારણો પાસેનાં હોય છે ને કેટલાંક દૂરનાં હોય છે. આ કારણોથી અમુક પાત્રોનું વર્ત્તન અમુક રીતે થાય છે. પાત્રોનું વર્ત્તન અથવા તેમનાં કાર્ય ઉપરથી ઇતિહાસ જાણનારા તેમનાં લક્ષણો મુકરર કરે છે. આ લક્ષણોને આધારે એક પાત્રથી બીજા પાત્રને જૂદું પાડી શકાય છે અથવા તે બન્ને વચ્ચેનો તફાવત શોધી શકાય છે. આ તફાવત ઉપરથી આપણે અમુક પાત્રને સારું ને અમુકને નઠારું કહી શકીએ છીએ અથવા તેમને નંબરના અનુક્રમમાં મૂકી શકીએ છીએ.

જે ઐતિહાસિક પાત્રો વિષે આપણે ઉપર કહ્યું છે તે પોતાના કાળક્રમમાં અમુક અમુક ધારણાઓ મનમાં રાખીને તે પાર પાડવામાટે યત્ન કરતા હોય છે. તેમના તેવા યત્નથી કોઇ વખત એકાદ કુટુંબમાં, કોઇ વખત ગામમાં, કોઇ વખત પ્રાંતમાં અને કોઇ વખત આખા દેશમાં ભાંગફોડ, ફેરફાર, લાભહાનિ કે સારી માઠી અસરો થાય છે. એમાંની કેટલીક અસરો તાત્કાલિક હોય છે એટલે તે ઝાઝો વખત ટકતી નથી; કેટલીક અસરો જાયુકની હોય છે એટલે તે વડે કોઇ દેશ કે કોઇ પ્રજામાં જાયુકનો ફેરપ્યાર થઇ જાય છે. કેટલીક વાર એ પાત્રોનાં કાર્યથી દેશને તત્કાળ લાભ થાય છે અને ઘણે કાળે હાનિ થાય છે; કેટલીક વાર તત્કાળ લાભ થાય છે અને હમેશ લગી તે લાભ ટકી રહે છે; કેટલીક વાર તત્કાળ હાનિ થાય છે અને કેટલેક વખતે લાભ થાયછે. કેટલીક વાર તત્કાળ હાનિ થાય છે અને તે હાનિ ઘણા કાળ લગી ટકી રહે છે. કેટલાંક ઐતિહાસિક પાત્રો એવાં કામ કરે છે કે તે કામથી પ્રજાની રહેણીકરણી બદલાવા લાગે છે અને તે બદલાતાં બદલાતાં મૂળની રહેણીકરણીથી એટલી બધી બદલાઇ જાય છે કે તેમાં મૂળનો અંશ પણ

રહેતો નથી. કોઇક વાર ઐતિહાસિક પાત્રોનાં કાર્ય એવાં થાય છે કે પ્રજા તેથી પાછી હઠવા લાગે છે અને ઊણ તરફ જતી જાય છે.

ઇતિહાસનાં પાત્રો દેશ અથવા પ્રજાની રહેણીકરણી પર અસર માત્ર કરે છે એમ નથી. તે દેશની રાજત વધારે છે કે ઘટાડે છે; દેશને સ્વતંત્રતા આપે છે કે પરતંત્ર બનાવે છે; દેશમાં વિદ્યા વ્યાપારાદિની વૃદ્ધિ કરે છે કે તેનો હ્રાસ કરે છે, દેશનો પ્રજાને ઉત્સાહપૂરિત બનાવે છે કે ઉત્સાહહીન કરી નાખે છે; દેશના સનાતન ધર્મની વૃદ્ધિ કરે છે અથવા તેનો ક્ષય કરી નવીન ધર્મમાં તેમને યોજે છે; દેશને નીતિમાન્ કરે છે કે અનીતિમાન્ પણ કરે છે; તેમને વિચારશીલ અને દીર્ઘદર્શી બનાવે છે કે ઉદ્ધત અને તાત્કાલિક સુખની લાલસાવાળા બનાવે છે; તેમને રાજકાજમાં નિપુણ બનાવે છે કે અણસમજુ માણ્યજન બનાવી દે છે; તેમને જુલમ વેઠવાના સ્વભાવવાળા સહનશીલ બનાવે છે કે ટકોરો નહિ ખમનાર અનમી બનાવે છે ઇ૦ઇ૦ા, ઐતિહાસિક પાત્રોનાં જુદાં જુદાં કાર્યોની તાત્કાલિક કે સ્થાયી અસરો વખતો વખત દેશ ઉપર થયા કરે છે, અને તે પ્રમાણે પ્રજાની ઉન્નતિ કે અવનતિ પણ થયા કરે છે.

જે માણસો પોતાનું હિત ચાહતા હોય છે તેઓ બીજાઓના હિતની કરકાર કર્યા સિવાય પોતાનું હિત સાધી શકતા નથી. પોતાના હિતમાંથી કાંઇક હિસ્સો બીજાને આપ્યા સિવાય સ્વાર્થસિદ્ધિ કોણ કરી શકે છે? અર્થાત્ જેમની ઇચ્છા પોતાનું હિત કરવાની હોય (અનેતે બધાનીજ હોય છે) તેમણે બીજાઓના હિત માટે ઉદ્યુક્ત થવાની જરૂર છે. બીજાઓનું હિત તેજ આપણું હિત છે, અથવા બીજા શબ્દોમાં કહીએ તો દેશનું હિત તેજ દેશની પ્રત્યેક વ્યક્તિનું હિત છે. આટલા માટે ડાહ્યા માણસો દેશના હિતાહિત ઉપર સદાય જાગ્રત નજર રાખે છે, અને કયા કયા કામોની દેશ ઉપર કેવી કેવી અસર થાય છે તે સઈજ જણાઈ આવે લાયક તેઓ જોયા કરે છે. દેશને હિતકારી પરિણામની ઇચ્છા તેઓ બારીક નિરીક્ષણ પૂર્વક કરીને પછી પોતાનું કાર્યવ્યવસાયનું વહાણ તેઓ હંકારે છે. તેઓ પાછળ ઐતિહાસિક બનાવો અને તેથી થયેલી દેશ ઉપરની તાત્કાલિક અને ભાવિની અસરો ઉપર વિચાર કરીને પોતાના વહાણનો રસ્તો મુકરર કરી શકે છે પ્રત્યેક મનુષ્યનો વર્તન ક્રમ મુકરર કરવાને તથા તેના ઐહિક કર્તવ્યનો નિશ્ચય કરવાને ઇતિહાસનો અભ્યાસ ઓછોવત્તો ઘણો આવશ્યક છે કે તે વિષે પૂર્વપક્ષ કરવો નકામો છે. આપણા પૂર્વજોએ પ્રજામાં ખરું પ્રજાપણું આણવાને ઇતિહાસની જરૂર વિચારી હતી અને રામાયણ તથા મહાભારત જેવા ઇતિહાસ ગ્રંથો રચીને તેમણે તેનો ફેલાવો કર્યો હતો. એ ઇતિહાસોની પ્રજા પર કેવી અસર થઇ હતી, સ્મૃતિઓમાં તેનાથી કેવું સનાતન અને સ્વાત્મારૂપ પ્રાપ્ત થયું હતું, ઇતર લોકોને

તેમાંથી કેવી નીતિ શીખવાની મળતી હતી, તે બધાજ જાણે છે. આપણા અર્વાચીન ઇતિહાસનું પણ તેમજ છે.

સાંકડા મનના કેટલાક માણસો પોતે પ્રજાજન થવા ચાહતા નથી–પ્રજાજનત્વ શું છે તે તેઓ સમજતા નથી એ દિલગીરીની વાત છે. આપણા શિક્ષકોનો ધર્મ છે કે એ વાતની વિદ્યાર્થીઓને સમજ પાડવી; કેમકે ખરા પ્રજાજન તરિકે પોતાની જીંદગીમાં તેઓ વર્ત્તન કરે, એવા તેમને કરાય તોજ તેમના ઇતિહાસ શિક્ષણનું સાર્થક છે. એકનું હિત તે હિત નથી, પણ પ્રજાનું એકત્ર હિત તેજ ખરૂં હિત છે, એમ તેઓ સમજે, તથા પોતાના અંગત કામકાજમાંથી પરવારીને દેશના હિત તરફ પણ દરરોજ થોડો થોડો વિચાર કરતા રહેવાની તેમને ટેવ પડે, તેમજ દેશનાં સમુદાયાત્મક કાર્યોમાં ભાગ લેવા જતાં તેઓ સ્વાર્થજ કરે છે એવી તેમની બુદ્ધિ થાય, તોજ ઇતિહાસનું શિક્ષણ સાર્થ છે.

એવી રીતે ઇતિહાસ શીખવવો એ કાબેલ શિક્ષકથીજ બની શકે એવું છે. કૉલેજોમાં અગર પાઠશાળાઓમાં પ્રોફેસરો ઇતિહાસ કેમ શીખવેછે તે આપણે જોઇએ; અત્યાર સુધીમાં તેની ત્રણ પદ્ધતિઓ જાણવામાં આવી છે. ઘણાખરા પ્રોફેસરો વ્યાખ્યાનશૈલીથી ઇતિહાસ શીખવે છે. તેઓ અમુક સમય વ્યાખ્યાન માટે પસંદ કરીને તે સમયમાં બનેલા બનાવો કહી જાય છે. તે બનાવો સાથે બહારના બીજા બનાવો સંબંધ રાખતા હોય તો તેની હકીકત પણ કહી જાય છે, અને તેમ કરવાની સાથે તેમાંથી કાંઇ નીતિરૂપી સાર નીકળતો હોય તો તે અથવા રાજનીતિ સંબંધી પોતાના કાંઇ અભિપ્રાય હોય તો તે પણ કહે છે. ઇતિહાસમાં લખેલી ઝીણી ઝીણી કે નજીવી બાબતોને તે છોડી દેછે, પણ જે બાબતો કે આંકડા તે ઐતિહાસિક સમયના મુખ્ય બંધારણને ઉપયોગી હોય અથવા જેનાથી તે બનાવનાં કારણો કે અસરો વિશેષ સ્પષ્ટ થઇ શકતાં હોય તેને તેઓ અવશ્ય કરીને છોડી દેતા નથી. ઇતિહાસ શીખવવાની આ પદ્ધતિ પાઠશાળાઓમાં સાધારણ છે.

ઇતિહાસ શીખવવાની બીજી પદ્ધતિ વાતચીતની છે. ઓક્સફોર્ડ અને કેમ્બ્રીજની પાઠશાળાઓમાં તથા ખાસ કરીને જર્મનીની પાઠશાળાઓમાં આ પદ્ધતિનો છૂટથી ઉપયોગ કરવામાં આવે છે. પાઠશાળામાં એક જગો ઐતિહાસિક વાતચિત કરવા માટે મુકરર કરેલી હોય છે. તેમાં અઠવાડીઆમાં એક કે બે વાર પ્રોફેસર અને વિદ્યાર્થીઓ એકઠા મળે છે અને ઇતિહાસ સંબંધી વાત ચાલે છે. આ વાતચિત સાધારણ વાતચિતની ભાષામાં અને વચ્ચે વચ્ચે રમૂજ અને ગમ્મત થાય એવી રીતે ચાલે છે.

ત્રીજી પદ્ધતિ એ છે કે ઇતિહાસ શીખવનાર પ્રોફેસર પોતાના વિદ્યાર્થીઓને મોઢેથી હકીકત કહીને નોટ ઉતરાવે. પણ ખરૂં પૂછો તો નોટ ઉતા-

રાખવી એ પ્રોફેસરનું ખરૂં કર્ત્તવ્ય નથી. કેળવણીના કામમાં નિષ્ણાત પંડિતો એ પદ્ધતિ પસંદ કરતા નથી. વિદ્યાર્થીઓને પરીક્ષા માટેજ તૈયાર કરનારા બાનગી શિક્ષકો તેમને ગોખાવવા માટે કદાચ કહે તેમ કરતા હોય, પણ વિદ્યાર્થીનું ખરૂ હિત ચાહનાર શિક્ષક એ પદ્ધતિને કદી ઉત્તેજન આપી શકે નહિ.

ઉપરની ત્રણ પદ્ધતિઓ પૈકી પ્રાથમિક દરજી શાળાઓ માટે કંઈ ઉપયોગી થઇ શકે ? અમે તો ધારીએ છીએ કે એમાંની બીજી પદ્ધતિ થોડા ફેરફાર સાથે વધારે અનુકૂળ પડે એવી છે. ઇતિહાસનો જે પાઠ શીખવવાનો હોય તે પ્રથમ શિક્ષકે વાંચી જવો જોઇએ. કેવા રૂપમાં તે વાત બાળકો આગળ કહેવાની છે તે પ્રથમથી મુકરર કરી રાખવું જોઇએ અને જે જે અનુક્રમે વાત કહેવાની હોય તેના મુદ્દા એક કાગળ ઉપર નોધી રાખવા જોઇએ. વાતને રસિક કરવાને શું શું કરવા ધાર્યું છે તે પણ બને તો નોધી રાખવું, પણ ઘણે ભાગે વાત કહેનારની શૈલી ઉપર તેની રસિકતા આધાર રાખે છે એ ભૂલવું જોઇએ નહિ. સામાન્ય વાર્ત્તાના રૂપમા આ વાત વિદ્યાર્થીઓ આગળ કહેવી, પણ વચ્ચે વચ્ચે તેમને પ્રશ્નો કરતાં જવું કે જેથી તેમનું ધ્યાન વાર્ત્તાશ્રવણ તરફ આકર્ષાયલું રહે. વાર્ત્તા કહેતી વખતે તેના મુદ્દા કાળા પાટિયા પર લખતાં જવું. આ મુદ્દાઓ વિદ્યાર્થીઓ પોતાની નોટમા ઉતારી લે તો હરકત નથી, કેમકે એ મુદ્દા એવા સૂત્રરૂપ અથવા વાર્ત્તારૂપી સાંકળના આંકોડારૂપ હશે કે જે એક યાદ આવવાની સાથે તેને લગતી બધી હકીકત સ્મરણમાં આવી જશે. આવી રીતે વાર્ત્તા પૂરી થયા પછી કાળા પાટિયા ઉપર લખેલા જુદા જુદા મુદ્દા જેટલી હકીકત જુદા જુદા વિદ્યાર્થી પાસે કહેવરાવવી અને બની શકે તો બધી હકીકત પણ કોઇ વિદ્યાર્થી પાસે, કહેવરાવી જોઇ.

આટલું થયું એટલે ઇતિહાસનો પાઠ પૂરો થયો એમ સમજવાનું નથી. હજી એક ઉપયોગી બાબત રહી જાય છે. એકંદર પાઠ ઉપર શિક્ષકે હવે વર્ગને પ્રશ્નો કરવાના છે. વાર્ત્તામા કહેલો બનાવ શાથી બન્યો ?–કયા કયાં કારણો પરથી એજ બનાવ બન્યો ? જે સ્થળમા એ બનાવ બન્યો તેની આસ-પાસનાં સ્થળના કયા કયા બનાવો જોડે એ બનાવ સંબંધ રાખે છે ? કયો બનાવ કયા બનાવનું કારણ છે ? શું ન હોત તો એ બનાવ ન બન્યો હોત ? આ બનાવથી તાત્કાલિક લાભ કે હાનિ શી થઇ ? એ બનાવથી ભવિષ્યની અસર શી થઇ ? એ બનાવમાં કયાં પાત્રોએ મુખ્ય ભાગ લીધો છે ? એ બનાવમાં અમુક કામ બજાવવા ઉપરથી તમે એ પાત્રનો કયો ગુણ પારખી શકો છો ? એ પાત્રનાં બીજાં કામ તમને માલૂમ છે ? તે ઉપરથી કયા ગુણો

મારખી શકેા છેા ? એના એક'દર ગુણેા કે દેાષેા કહી શકેાછેા ? એના જેવા ગુણેાવાળું અથવા એથી ઉલટા ગુણેાવાળું બીજું કેાઇ પાત્ર ઇતિહાસમાં તમે જોયુ છે ? ઇત્યાદિ.

આવા પ્રશ્નેાના જવાબ દેવાને વિદ્યાર્થીઓને મહાવરેા થયેલેા હેાવેા જોઇએ. શિક્ષક જો એ રીતે ઇતિહાસનું શિક્ષણ આપે તેા વિદ્યાર્થીઓ એ માર્ગે ચઢે, એમા સ શય નથી. એ રીતે ઇતિહાસનુ શિક્ષણ આપવું એ ઇચ્છવાલાયક છે એમ હરકેાઇ શિક્ષકને લાગ્યા વગર રહેશે નહિ શિક્ષકનેા પવિત્ર ધ'ધેા, ભાવિ પ્રજાને યેાગ્ય વલણ આપવાની તેની જવાબદારી અને તેને સેાંપાયલા કાર્ય પ્રત્યે તેની ફરજ, એ ઉપર વિચાર કરીને શિક્ષકે ખરે માર્ગે પેાતાનું કાર્ય કર્યાં જવું; " પરીક્ષા " પૂરતું જ શિક્ષણ આપીને તેણે સ'તેાષ માનવેા જોઇતેા નથી.

નાનાં બાળકોને સંખ્યા કી રીતે શીખવવી ?

(એક અ ગ્રેજી માસિકની સહાયથી.)

નાના બાળકેાના સૌથી અનુભવી શિક્ષકેા એક મતે કબૂલ કરેછે કે નાના છેાકરાંઓને સંખ્યાનું શિક્ષણ આપવાની ઉત્તમ પદ્ધતિ નાની નાની વાતેા અને રમતેાની સહાયતાથી નીપડીછે. આ વિષય નાના બાળકેાને સ્વાભાવિક રીતે ચિત્તાકર્ષક નથી—અણગમતેા છે, અને તેથી તેમા બાળકેાનું મન સારી રીતે લાગે એમ કરવાને શિક્ષકના ચાતુર્યની આવશ્યકતા રહેછે. તે શિક્ષકે જોડી કાઢેલી રમૂજેાની ગુંથણીથી પૂરી પડેછે.

નાના બાળકેા હમેશા આકીનવાળા હેાયછે, અને તેઓને રમૂજી વાત ગમેછે, તેથી તેઓની આગળ તેઓને અગમ્ય વિષય ઉપર નાની નાની વાતેા કહેવામા આવે તેા તેઓ વગર મહેનતે આવા વિષય ઉપર લક્ષ આપશે એ નિ સંશય છે. દાખલા તરીકે થેાડી એક જૂદી જૂદી વસ્તુઓ લેા, તેમને વિષે નાની નાની વાતેા જોડેા, અને તેમને તે કહી બતાવેા એટલે તેઓના મુખ ઉપર આનદ ડોકીઆ કરતેા દેખાશે; અર્થાત્ તેઓને શિક્ષણ ભલે છે એવું જણાવા સિવાય તેઓ શીખતા દેખાશે

દૃષ્ટાંત માટે (કિન્ડરગાર્ટનની બક્ષિસના બાધનેામાંથી) થેાડીક ઇંટના બે મકાનેા બાધેા. એક મકાનનું નામ જીવનકાકાનું ઘર કરેા અને બીજાનું નામ જગજીવનદાસનુ ઘર ઓળખાવેા. હવે છ નાના છેાકરાઓને બેાલાવેા તેઓમાંના થેાડાકને જીવનકાકાને ઘેર જવાનુંછે, અને બીજાને જગજીવનને ઘેર જવાનુ છે એમ સમજાવેા, પછી છેાકરાઓને પેાતાની સખ્યા ગણવા કહેા અને કહેા કે અર્ધા છેાકરા જીવનકાકાને ત્યા જાઓ અને બાકીનાં જગજીવનદાસને ત્યાં જાઓ (અર્ધા અર્ધા થાગા બાબત । બાલ કરે તેા તેમની ભુલ બતાવેા.) છેાકરાઓ પેાતાની મેળે જ જીવનકાકાના ઘ માં જાય અને બાકીના [illegible]

બ્રાહ્મણોને પેર આપ, એટલે તેમને પૂછોઃ તમારી કેટલા જણ છોકરા ત્યાં ભણે ? તેઓ ઉત્તર મુજબ જવાબ દેશે કે ત્રણ. પીળાને (બ્રાહ્મણોના ઘર પાસે દુનેયાને) પૂછો, તમે આ પેર કેટલાં આલવાંછો ? તેઓ કહેશે કે ત્રણ. પાછા પૂછો, આ બ્રાહ્મણોના ઘર આગળનો અને પેલાં છોકરાંના ઘર આગળના બધાં મારી પાસે આવીને ઉભાં રહો તો કેટલા થશે. જવાબ ન મળે તો તેમને પછી તપાસી પાસે બોલાવો અને બધાંની સંખ્યા ગણી જવાને કહેો અને પૂછો એટલે છ કહેશે પાછાં અર્ધા અર્ધા જવાને કહેો. અને પાછા પૂછો. તમે કેટલાં છો ? દરેક જોગીચાળા કહેશે ત્રણ. હવે પ્રથમનું સ્વરૂપ ઉતારીને પૂછોઃ ત્યારે તમે અર્ધ કેટલા ? ત્રણમાં ત્રણ મળે તો કેટલા ? એમેરે પ્રથમની ભુલ અર્ધ કલાકે પછી પણ તમારી વાત ભણી રાખો તેમને કહેો કે છોકરાંને તમે છોકરાંને ત્યાં ભણોજો બરા, પણ આ તોફાની છોકરાંને (ખ્યાલ ન આપનો દોષ એવા છોકરાને બતાવીને) છોકરાંઓ પોતાને ત્યાંથી કાઢી મૂકે છે ત્યારે છોકરાંને ત્યાં કેટલાં છોકરાં રહેશે ? (જવાબ ન મળે તો એક છોકરાને બદલા કહેો, અને બધી ભણે કહેો. એટલે તેઓ ઝટ કહેશે કે મે પછી કહેો કે કાઢી મૂકેલા છે કેમ. બ્રાહ્મણોને પેર ભરો તો બ્રાહ્મણોને પેર કેટલાં છોકરાં થશે ? જવાબ ન મળે તો પ્રત્યક્ષ મોઢથી ગણાવી જુઓ. એટલે કહેશે કે બાર. પછી કહોકે કાઢી મૂકેલા છોકરાને પોતાના એક દોસ્તદારને સાથે લેવા જાય અને છોકરાંઓ તેને જવા દે તો છોકરાંને ત્યાં કેટલા છોકરા રહે ? અને બ્રાહ્મણોને ત્યાં કેટલાં છોકરાં થાય ? આમ વિવિધ રીતે છ અને છની વચ્ચેના આંકડાઓનો પરસ્પર સંબંધ આખો વર્ગ સમજે ત્યાં સુધી આ પ્રશ્ન ચાલુ રાખો.

વળી એવી બીજી એક ગોઠવણીની રમત છોકરાંઓમાં નિત્યે પ્રચારે રમાડી શકાય છે. શિક્ષકે એકાદ દોષવાળી વર્ગ તેમાં કેટલીએક વસ્તુઓ મૂકવી. ધારો કે દશ મુખ્યએ આપેલ વર્ગ પેલી વસ્તુઓ બરાબર જુએ એમ કહેો અને બધી બધાને બંધ કહેો. પછી તેમને કહેો કે હું હવે જરા વર્ગની બહાર જઇ આવું છું. એમ કહી ચોકીક વસ્તુ દોષવીનાથી દશ જણા મુખ્ય આવવી (કેટલી વસ્તુ લીધી છે તે છોકરાંઓ બરાબર ન પામે એવી રીતે ઉપાડી લેવી) પછી બધા આવીને તે દોષવી જે જાતી બધાને એક કાગળ કે પાટીપેની લાંકેલી હતી તે ઉપાડી દોષવીમા રહેવી વસ્તુ ગણવા કહેવો. બરાબર ધારો કે બાર થાય તો પૂછે કે બાર કેમ રહી ? તો કહેશે કે તમે ચોકીક બહાર ગઈ બધાંઓ ત્યારે પૂછો કે કુ કેટલી વાર બધો ? હવે આપેલ વર્ગ જવાબ ન દઇ શકે તો શિક્ષકે વર્ગને અંદરથી ગએલા વસ્તુઓ ક્યાં મૂકી દોષ તો મેળ બરાબર બધી જવા કહેવું. અથવા એક નાના છોકરાને તે ચીજ લઈ આવવા કહેવું. પાછો વર્ગ આવતાને જોવાને આતુર થઈ રહેલા છોકરાઓએ જે બારે ખોટું જવાબ દીધા હશે તો તેના સાચા જવાબ બરા કે તે બરાબરને તેઓ સાંભળી રહેશે. કેમકે વર્ગ બહાર તો ચોકીક વધારે વસ્તુ ઓછ કુમક નીચે મૂકવી આ વાતનું બધારે પુનરાવર્તન કરવું અને જુદા જુદા પ્રસંગોપરી એકવાર દોષવીનાથી ચોકીક વસ્તુઓ ઘટાવી અને બીજવાર તે પાછો મૂકાવીને દશ અને તેની વચ્ચેના આંકડાઓનો પરસ્પર સંબંધ સારી રીતે દસાવવા પ્રયત્ન કરવો.

બારે શિક્ષક સબ્બા ઉપર સારામાન્ય પાઠ આપનો દોષ ત્યારે બધાંના બાબ કરીને બહુ રમુજ બી બહારબહુત થઈ પડે છે. [શિક્ષકે જમીન ઉપર ચાક વડી] એક વર્તુળ દોરવું. તેના બરાબર બે બધાંના આંકડા બરાબર કહેવું. રાખો ત્રણ મોઢમાં કહેવું પછી પૂછવું

કે હવે કુંડાળામાં કેટલા લખોટા ગયા ? બે ને ત્રણ કેટલા થયા ? વળી બધિ અંદર ચાર લખોટા ભોકલવા યત્ન કરે તો કુંડાળામાં કેટલા લખોટા થાય ? પછી પૂછવું કે પાંચને ચાર કેટલા ? એ રીતે રમૂજ અને ગમત સાથે છોકરાંઓને સંખ્યાઓનું જ્ઞાન મળશે

આથી પણ વધારે સાદા પ્રયોગ અથવા રમત એવી રીતે થઇ શકે કે છોકરાઓમાંથી સંખ્યાના પ્રમાણમાં એક કિંવા બે અથવા વધારે પાસે દુકાન મંડાવવી. આ દુકાનોને નિશાળના બજારનું નામ આપવું. પછી નાનાં બાળકને શિક્ષકે બજારમાંથી થોડોક સોદો લઇ આવવા કહેવું. બધા છોકરાઓની સમક્ષ તે એક દુકાનેથી ચાર વસ્તુઓ વહોરે છે, અને બીજી દુકાનેથી બે વહોરે છે. પછી તેના કેટલા પૈસા થયા તે દુકાનદારને પૂછે છે; પણ તે પહેલાં સોદો વહોરનાર છોકરાએ પણ પોતાના ગજવામાંથી વાજબી થતા પૈસાની સંખ્યા કાઢી પોતાના હાથમાં રાખવી જોઈએ. અને દુકાન માંડનારના કહેવા પછી તે પૈસા બધાના દેખતાં ગણાવી જોઇ દુકાનદારને અપાવવા જો ખોટું હોય તો તે છોકરાની પાસે બીજી થોડી સરળ પડે એવી વસ્તુઓ લેવડાવવી અને તેના થતા પૈસા અપાવવા. જો દુકાનદાર ખોટો પડે તો દુકાનદાર દુકાનેથી ઉઠી જાય અને બરો છોકરો દુકાને બેસે. આ રીતે શિક્ષકે પોતાની કુશળતા વાપરી કેટલી ચીજો ખરીદી કેટલા પૈસા થયા વગેરે બાબત જુદા જુદા પ્રશ્નથી, વર્ગના મનમા ઠસાવવી. (પૈસાને ઠેકાણે ચીંચોડા, કોડી, લખોટી, ચણોઠી, મણકા જેવી બીજી ચીજો વાપરવા કહેવી.) અને ખરીદવાની ચીજોમાં ચા, ખાંડ, સોપારી વગેરે ઘરમા રોજ ઉપયોગ આવતી ચીજોના નામ પાડી ગમે તે અનુકૂલ પડતી વસ્તુઓ રખાવવી. વળી કેટલીએક કવિતાઓથી પણ ડીલ સાથે અંકસંજ્ઞાનું અનુભવજ્ઞાન છોકરાને આપી શકાય છે ઉદાહરણ માટે દશ છોકરાઓ નીચેની કવિતાથી દશ અને તેની વચ્ચેના આંકડાઓનો સબંધ પોતાની મેળે સમજી શકશે.

"આવો આવો તે દશ ઊભા થઈએ,
સાથે ચાલો, બધા બેશી જઈએ;
આવો આવો તે દશ ઊભા થઇએ.
એક બેસે તો નવ હારે રે'શે,
પાછો ઉઠે તો દશ જોશો જે છે;
બે જો બેસે તો આઠ ગણતા રે'શે.
ઉઠે પાછા તો દશ ગણશો જે છે,
ત્રણ બેસે તો સાત ઊભા ગણજો;
પાછા ઉઠો તો દશ, સાત ને ત્રણ જો.
ચાર બેસે તો છ ઊભા કે'શે,
ઉઠો ઉઠોને દશ ગણ્યો સૌ લેશે.
પાંચ બેસો જે અધો રહે હામે,
જે કો ઉભા તે આવો આ સામે.
તમો ઉઠો કે પાંચ અમો બેસીએ,
તમો બેસો અમો ઊભા થઇએ.
આવો આવો તે દશ ઊભા થઇએ,
સાથે ચાલો બધા બેશી જઇએ "

ઉપર પ્રમાણે એક હારમા ઉભા રાખેલા છોકરાઓ કવાયત શીખશે અને સ્વાભાવિક

રીતે એક વસ્તુનો સંબંધ બતાવે. વળી આવી કવિતા ઉત્સાહી શિક્ષકો વગર પ્રયે સહજ બનાવી શકશે; કેમકે એમાં કંઈ છંદશાસ્ત્રના કાયદા કાનૂની જરૂર નથી.

વળી આપણા ઘ વરસના નાનકડાઓને એક રમત આ પ્રમાણે રમાડી શકાય છે. એક લાકડાના પાટીઆમાં (કાચું પાટીયું પાકું બુદ્ધિની ચાની શકે) આપણે કેટલીએક તારની ચૂંકો અથવા ટાંકણીઓ ખોસીએ અને તેના ઉપર એક બે વર્ણ એવી સંખ્યાએ આંકીએ. પછી છોકરાઓને રબરની રિંગીઓ આપવી. જે રિંગીઓને ટાંકણી કે ચૂંક ઉપર નાખવા કહેવી અને પછી તેમાં કેટલી વીંટી થઈ ? તેમાંથી અમુક સંખ્યા કાઢી લઈએ તો કેટલી રહી ? તેમાં બીજો કોકરો બે ઉમેરે તો કેટલી થઈ ? વગેરેથી અંકજ્ઞાન ઘણું રમતે આપવામાં આવે છે.

ભા. ૨. મેરાઈ. પલસાણા.

સ્લેટોને દેશનિકાલ.

(ટી. એ ઉપરથી)

ઘોડા વગર ઉપર ગાળાપ્રધાનના હુકમ તરીકે આ શબ્દો બહુધા સામાન્ય થઈ પડ્યા હતા. પરંતુ હવે જમાનો બદલાયો છે. કારણ કે જૂના ઢાળથી વપરાતી સ્લેટોનો ત્યાગ કરીને તેમને દેશનિકાલની નિશાળમાંથી હમેશને માટે દેશનિકાલની શિક્ષા કરી છે એ ખરી વાત છે કે કેટલેક કેકાણે આ શિક્ષાનો અમલ કરવામાં ઢીલ થઈ છે એક જૂના ઓનેરી ઉપર કોઈ પણ જાતની શંકા આવેલી નહિ એવા નિયમને કાઢી મૂકવો એ બહુ મુશ્કેલ કામ છે, પરંતુ નવીન રીતીએ તેનો ઉપયોગ અને કરવાનું ફરમાન કાઢયું છે કારણ કે તેનો પાછો ફેરવી ન શકાય એવા સમૂળગા નાશનો વખત ધીરે ધીરે અને ક્રમસર વધતાં જતો આવ્યો આવે છે. આનું કારણ શું ? કયાં કારણોથી આવી શિક્ષા કરવામાં આવી છે. અને લાયા કાળથી માન પામેલા શાળાના એક ઉપયોગી સામાનથી આપણે શા માટે છૂટા પડવું જોઇએ ? અરેરે ! એને માટેનાં કારણો પ્રબળ અને મજબૂત છે અને ઘણાક શિક્ષકોને ગમતાં છે, બ્યારે કેટલાંક મુખ્યાગરી સાથે સંબંધ ધરાવે છે. સ્લેટોએ બહુજ નુકશાન કરેલું છે. દોષીપાત્ર ઠરાવો આવો અભિપ્રાય આપે છે શાળાખાતાના ઇન્સપેક્ટરો તેમને ભજતા આવે છે, અને વિચારવંત શિક્ષકો તેમના વિદ્યાર્થીઓની ખાતર તેમને અસ્પૃશ્યતાનો પન્ન કરી રહ્યા છે. લંડનની સ્કૂલબોર્ડ પાસે સાત લાખ સ્લેટો છે. તેઓ તેમને વેચવાને તૈયાર છે અને ગ્રાહકની રાહ જુએ છે. વળી આ આજેવાન શિક્ષકમંડળે પોતાની શાળાઓમાં સ્લેટોનો ઉપયોગ બંધ પણ કરી દીધો છે. ઇન્સપેક્ટર મી. પોકના પશ્ચિમ કોટસવૉલ્ડની કેળવણીના રીપોર્ટમાંથી લંડનના એક દૈનિક વર્તમાનપત્રે પોતા પગુત ઉપર આ મોટા ફેરફારને લાગીને લાવ પડતો એક કડકો ટાકયો હતો. "સ્લેટોને ભયોગ" એ મથાળા નીચે એ વર્તમાનપત્ર આપણને કહેછે કે પોંડસના શાળાના ઓરડામાં સ્લેટોનો ઉપયોગ ધીમે ધીમે નાબુદ થતો જાય છે. ઇન્સપેક્ટરને આ વાત ઘણી પસંદ પડતી હતી અને તેના તરફ પોતાનો સંપૂર્ણ સંતોષ તેણે જાહેર કર્યો હતો અને ઘણાં વર્ષથી સ્લેટોપેનને બદલે કાગળ

કલમનો ઉપયોગ કરવાની સંપત્ત બલામણો તે કરતો, તે જોતાં એ એમ કરે તે સ્વાંભાવિક હતું. તેણે ધ્યેયું કે શિક્ષકો પણ આ ફેરફારની તરફેણમાંજ છે.

હવે લખનારને જે કહેવું છે તે નીચે પ્રમાણેઃ—

છેલ્લાં ત્રણ વર્ષથી તે આ નવીન પદ્ધતિનો પ્રયોગ કરે છે અને તેણે અનુભવેલાં પરિણામો દુકામાં, અને બતાવવાનો તેનો ઇરાદો છે. આ પ્રયોગથી તેને પોતાને સંપૂર્ણ સંતોષ મળ્યો છે. સ્લેટોને કાગળ ઉપર પસંદગી આપવામાં મોટી ભૂલ થઇ છે એમ એની ખાત્રી થઇ છે. અને જે શિક્ષકો જૂના મતને વળગી રહ્યા છે તેમને જાતે અનુભવ કરીને મત બાંધવાની તે સખ્ત ભલામણ કરે છે.

બાળશાળામાંથી તુરતજ બહાર પડેલા ભીલ ધોરણના એક મોટા વર્ગના છોકરાઓ લખનારને સોંપવામાં આવ્યા હતા અને પહેલેજ દિવસેથી કાગળ કલમથી કામ લેવાનું તેણે શરૂ કર્યું હતું. છોકરાઓને કાગળ ઉપર લખવાનો અને આંકડા માંડવાનો કેટલોક અનુભવ થયેલો હતો પણ તે પેન્સીલથી થયેલો હતો, એટલે કે જેમની સાથે તેને કામ લેવાનું હતું તેમને તદ્દન કાચાજ ગણી શકાય અને પ્રયોગની શરતો પણ બ્યાજબી અને બરાબર હતી એમ કહેવાય.

બારી રીતે તો સ્વતંત્રરીતે જોતા પહેલું પરિણામ બહુ સારૂં આવ્યું નહિ. અક્ષરો ઝાંખા નીકળતા અથવા ખૂબ ધુંટાતા; ગુંચપુંચ લખાતા અથવા તો આખો કાગળ ભરાઇ જતો. ઘણીખરી વખત આંકડા પણ બરાબર દેખાતા તથા મોટા અને કાળા ભભર કામનો તો સુમારજ નહિ; પરંતુ દરોજને માટે અથવા તો દરેક કલાકને માટે નકલ કરવાના કાળા પાટીઆ ઉપરના નમુનાઓથી ધીરે ધીરે વાત સુધરવા લાગી અને સુધારાનાં સ્પષ્ટ ચિન્હ જણાવા લાગ્યા. વળી વર્ગના લખાણમા સ્પષ્ટ અને ન ભૂલાય એવી પાટી ગાલમ પડવા લાગી. શરૂઆતના મહિનાઓમાં જોવાતી સૂચનાઓ અને જરૂરી સુધારા બાબર લાગવા માંડ્યા તેમજ કાચા અને વાંકાચુંકા અક્ષરો સાથે આખો દિવસ માથું ફોડતાં બીલ્લજને કાબુમાં રાખવું મુસ્કેલ પડતું.

પરંતુ આખરે વખત બદલાયો અને શાળાનું વર્ષ પૂરૂં થવામાં ઘણા મહિના બાકી રહ્યા તે પહેલાં તો ગણિત અને ડિક્ટેશન સફાઇબંધ સ્વચ્છ અને બરાબર થવા લાગ્યાં. યાદ રાખવું જોઇએ કે શાળાના કામમાં સંતોષકારક સુધારા તરીકે બરાબર થતા કામને હું પહેલી પદવી આપું છું. આ સંબંધમાં વર્ગના છોકરાઓને સંભાળી રાખવાની અને ધ્યાન આપવાની ટેવ ધીરે ધીરે પડવા લાગી અને તેના પરિણામમાં કામ બરાબર થવા લાગ્યું. શરૂઆતમાં અક્ષર અને આંકડાઓનું બરાબર વલણ પકડવા તરફ તેમના પહેલા પ્રયત્નને વાળવામાં આવ્યો. આનું પરિણામ ખરા જવાબોમાં આવ્યું અને એક પાછળ ઘણીજ ચાલ્યું આવતું હોય તેમ બધી જોડણી આપોઆપ પાછળ આવી આવી. શિક્ષકો પણ આ પરિણામ લાવવાને માટે સખત પ્રયત્ન કરવો પડ્યો હતો. વળી એકજ છોકરાની એકસરખાઇ જોવાથી ખરેખરો કેટલો સુધારો થયો તે એક વખત નજર નાંખતાજ જણાઇ આવતું આ પણ એક કીમતી ફાયદો હતો; જ્યાં સ્લેટો વપરાય છે ત્યાં એની આશા વ્યર્થ છે.

બીજે વર્ષે બીજા ધોરણમાં આજ પ્રકારથી વધારે સારૂં પરિણામ આવ્યું અને

બખત્તરે પોતાની બાજી બતાવી કાલાખાતાના ઇન્સપેક્ટર અને મીલ કાલાખાતાની મુલા-કાત લેનારઓ પાસેથી અભિપ્રાયો મળ્યા. હવે ચોથા ધોરણમાં તેના છોકરાઓ સપ્રેમ વિશ્વાસ સાથે કલમનો ઉપયોગ કરે છે અને લાંબા વખતથી આકારો શીખેલા હોવાથી અક્ષર અને વિશ્વાસ રાખવા લાયક કામ કરવામાં વિશેષ ધ્યાન આપી શકે છે.

પ્રયોગનું આ પરિણામ આવ્યું છે પુરાવા વિદ્યાર્થીને કામળાનો ઉપયોગ કરવની શક્તિ આવવાના અટકાવ કેવાય તરીકે રબ્બર પેનનો ઉપયોગ છે એમ નહીં પરિવારને લીધે આપણા ધારવામાં હતું. મારા ધારવા પ્રમાણે આ વિચાર બરોબર ખોટો છે. રબ્બરો એ નિશાળમાં એક એવી વસ્તુ છે કે જે પુષ્કળ ઘોંઘાટ કરી મૂકે છે અને એમાંથી કામના મોટા જથ્થાનું રહોણ અને કે કલિપત દેખાવો બનવા તો શિક્ષકોનાં દબાણમાં ચિત્રો કાઢવાના ચિત્રકલા તરીકે આપણે કહ વિદ્યાર્થીઓ તેનો ઉપયોગ કરતા હતા અને બજાર પણ બનેલ આજુબાજુ થતા આ ચિત્રો ખુશી નખાતા હતા. ઘણા વિદ્યાર્થીઓના હાથમાં ચોરી કરવાના સાધન તરીકે તેઓની ખરાબ કામ કરવાની શક્તિ અદ્‌ભુત છે અને પકડવાના બજાર પણ ડર સિવાય બધે કાલાઓથી ઉપયોગી બજાર ગુમાવવામાં તેમની કોઇ બરાબરી કરી શકે તેમ નથી. કેહવું, એ કે સાધારણ મનુષ્યને દોષ તે કરતાં મને વસ્તુઓનો વિશેષ કંટાળો નથી તોપણ મારી સ્લેટોમાં કેટલેક બધ સમાપેલોછે તે બૂકી વસ્તુ લોકોએ નહિ લંડન રબ્બરોનો પેંસિલ બનાવનાર રબ્બરો સ્લેટનો પોકાર એકલ બાબતમાં સમાયેલ છે તે કહેછે કે " ડીપયેરીંગ" અને 'ટ્રુબ્બર ટ્રુબ્બોમીક' જેવા ચોપડી રોગોને દૂર કરીને કેલાવવામાં તેઓ મદદ કરેછે જો કે સદાય છે અને તેટલા માટેજ તેમનો ઉપયોગ બરોબર વાપરવો જોઇએ. વળી લખવામાં તેનો ઉપયોગ કરતાં આંખને વધારે બળ પડે છે.

આટલાથીજ આ સંબંધનો વાદ બધે બધને નિશ્ચય ઉપર આવવું જોઇએ અને દરેક શાળે જિલ્લીએ શોધવાનું જોઇએ મુકેલ છે તેટલુંજ નિશાળમાંથી રબ્બરો બોળી કાઢવાનું અભિપ્રાયમાં મુકેલ થવું જોઇએ

B M. BHATT.
B. A.

चर्चापत्रना जवाब.

મેહેરબાન "કેળવણી" ના મેનેજર સાહેબ,
મુ. વડોદરા.

સવાસવદ કે કે સવત ૧૯૫૮ ના ભાદરવા માસના કેળવણીના અંકમાં પ્રસિદ્ધ થયેલા ચર્ચાપત્રના કેટલાક મુદ્દાસર મારી અલ્પ મતિ અનુસાર આ નીચે આપું છું જે મહેરબાની કરી પ્રગટ કરવા મેં કરીશ.

અનુક્રમ નં.

૧ કીંમતી-પોતાના વતનની જોતા વેચ, દૂધ તથા ઘાંડાં વગેરે બાબત ઘાટેલા દોષ

એવો ચાદરો. સુજ્જની=કાઠીઆવાડમાં જેમ પાસે પાસે બાંધિયા મારીને હલકી ઓઢવા માટે રૂ ભરેલી ધડકીઓ બનાવવામાં આવે છે તેવી રજાઈઓ, છીંટની બનાવેલી.

૨ જગત્ ભૂરિશ્ર૦ કચ્છના અખાતમાં હોવી જોઇએ અને ઓટ એટલે બેટ શબ્દોદ્ધાર હોવો જોઇએ. કારણ, મહમદ બેગડો ત્યાં ચાંચીયા મોકાને વશ કરવા ગયો હતો, એવું ગુજરાતના ઇતિહાસમાંથી મળી આવે છે.

૪ આનન્દમંડલ (નામદાર) ગુણવાચક વિશેષણ. વિરોધ્ય કંપની.

૫ ચિંથારા અને ભરોંસો એ બેમાં ફેર માત્ર એટલો જ કે ભરોંસામાં પાસેના સંબંધવાળો અર્થ રહેલો છે. જેમ કે બાપના દાસને અચળ વિશ્વાસ છે. અને બે જણ વાત કરતાં એક કહે કે તમારો તો મને ભરોંસો જ છે? આ બે દૃષ્ટાંતમાં ભાવાર્થ એકજ છે પણ ભરોંસો વધારે નજીકના સંબંધવાળો અર્થ ધરાવે છે.

૬ અ બેદ્રિ=ત ઓટલે વગર અંદરો (અરબી) વ્યાકરણમાં જેને રીત બતાવનાર ક્રિયા વિશેષણ અવ્યય ગણાય.

બે વગર તરફદારીએ=નિષ્પક્ષપાતપણે.

૭ વૈસરાય (વાઇસરાય) અને ગવર્નર જનરલ એ બેમાં જુદા અર્થ રહેલા છે.

વાઇસરાય (ઉપરાજ) વાઇસ=ઉપ રૉય=રાજ. જેમ મુખ્ય શિક્ષકને પહેલો ઉપશિક્ષક. વળી વાઇસ પ્રિન્સિપાલ એટલે પ્રિન્સિપાલના હાથ-નીચેનો પહેલી પાયરીનો માણસ.

ગવર્નર જનરલ એટલે તમામ તાબાના ગવર્નરોનો સામાન્ય ઉપરી.

આ બંને પદવીઓ લૉર્ડ કેનિંગને આપવામાં આવી અને ત્યાર પછીથી જ તે ગવર્નર જનરલો વાઇસરાય કહેવાયા. ત્યાર પહેલાંના હેસ્ટિંગ્સ સુધીના ગવર્નરો માત્ર ગવર્નર જનરલ કહેવાતા.

જે વિશેષણો અને અવ્યયો ક્રિયાપદનો ગુણ બતાવે તે ક્રિયાવિશેષણ અવ્યય કહેવાય માટે ધોરણ ૩-૪ ના વિદ્યાર્થીઓને એટલી વ્યાખ્યા વધુ શીખવવામાં તેમજ સમજાવવામાં આવી તે પ્રમાણે પદચ્છેદ કરાવવામાં આવે તો મારા ધારવા મુજબ શિક્ષકોને ઝાઝી તસદી નહિ પડે.

૮ વિશેષનામ સામાન્યનામ થઇ શકે તે બાબત રા. બા. હરગોવિંદદાસકૃત મોટા વ્યાકરણની કલમ (૬૨) માં બીજા પારેમાફમાં જુઓ.

૧૦ વિશેષણ નામ તરીકે વપરાયલું હોય તો નામ ગણી લેવું એવો ખુલાસો સદર વ્યાકરણની કલમ (૧૨૦) માં છે તેમજ "પદચ્છેદ કરવામાં અઘરા શબ્દો" એ મથાળાવાળી હકીકતના પારેમાફ (૨) માં છે.

સ્વાદુ લાગ્યાં એમાં સ્વાદ ક્રિયાવિશેષણ છે. લાગ્યાંનો ગુણ બતાવે છે. પરંતુ શાક બહુ સ્વાદુ હતું એમાં સ્વાદ વિશેષણ છે અને શાકનો ગુણ તે બતાવે છે. શાકમાં સારો સ્વાદ હતો તેમાં સ્વાદ નામ છે.

૧૧ પશ્ચિમ એશિયાના પદચ્છેદમાં લેખકની ધારણા એટલે પશ્ચિમ "વિશેષણ" ને એશિયા "વિશેષનામ" બરાબર છે.

૨ સદરહુ આપેલાં ઉદાહરણમાં "ના" પ્રત્યયનો વિભક્તિ કાર્યના યોગે કરી "ના".

બનેલો છે. કારણ, આંગળીના નામાન્તર જાતિના નામોને જે પ્રત્યયો લાગેલા છે તે સર્વ મેવાથી બાલમ પડશે.

છઠ્ઠી વિભક્તિ હમેશાં સંબંધ બતાવે છે અને તેનું રૂપ વિશેષણ જેવું થાય છે જેથી આપણને શબ્દો સાધે સંબંધ ધરાવતાં સદરહુ પ્રત્યયનો ફેરફાર થયો છે.

૧૪ "ચમચા તથા કાંટાની" આમાં 'વતીને' શબ્દયોગી અવ્યય ગણી અને ચમચા તથા કાંટાને પેકેની વિભક્તિના સેટ હલકા ઘોરણોમાં અનુકૂળ પડશે પરંતુ સાતમા ઘોરણમાં જ્યાં વિભક્તિના અર્થ સીધવવામાં આવે છે તે અર્થ પ્રમાણે વિભક્તિ લગાડવી સર્વમાન્ય અને યોગ્ય ગણાશે. ઉપરના જ્ઞાન વાળાઓએ અર્થ પ્રમાણે વિભક્તિ ગણવી' અને નીચલા ઘોરણ માટે પ્રત્યય ઉપર વિભક્તિ ગણવી ઠીક પડશે એમ મને લાગે છે.

૧૫ ૬૬ ઇંચ=૫ હાથ પ્રમાણે એક ચોરસવે ત=૬૮-૧ નહિ પણ ૬૮-૦૧ ચો. ઉમ થવા જોઇએ હવે આમાં ગણિતકર્તાએ ૬૦૫ ૦૧ ચો. ઉંચની ઠસર ગુન્ન ગણી જવા દીધી હશે એમ લાગે છે.

૧૬ સદરના ખુલાસામાં લખવાનું કે બિટિશ રાજ્યના ઘોરણોની કોપી ખૂડાથી આપણાં ઘોરણ બાંધનાર સત્તાધીશો આગેજ અજાણ હશે, જેથી કંઇ વધુ ઓછા લાગ જણી હાથથી કોપી ખૂડા અંકાવી લખાવાનું બનવા પામ્યું હશે એમ સ્વાભાવિક જણાય છે રચ્યતા, સુંદરતા તથા લીટીઓનાં અંતરના માપ વગેરેની તુલનાના મુદ્દો એથી વિદ્યાર્થીમાં આવે છે. *

H H. Patel.
એ૬ શિક્ષક.

ગાયકવાડ સરકારનું દેશી કેળવણીખાતું (ઇનામપત્રકો)

આઠે અક્ષરોમ્બર સન ૧૯૦૨.

વડોદરા પ્રાંત.

૧. વડોદરા સ. ગુ. શા. નં ૨ ઝવેરી ખાળાભાઇ ઉદેરામે ૫-૦-૦ પેડા વહેંચ્યા ૧-,, સ. ગુ. શા. ૫ કેઇમીસ્ટ્રેસ લક્ષ્મી ગણેશે ૧-૨-૦ ઢાલડીઓ વહેંચી; કેળા પાર્વત બાઇએ ૧-૦-૦ ચમચા વહેંચ્યા. ૩. ,, રોડેર ઉર્ફે શા. વડોદરા અંગ્રેજમત ઇસ્લામ તરફથી ૧૦-૦-૦ પુસ્તકો. વહેંચ્યા. ૪. ,, ઉર્ફે ક. શા રોઢ અબાસઅલી મોહરઅલીએ ૧૪-૦-૦ મીઠાઇ વહેંચી ૫. ચેટલાદ ગ્ર. શા. રોઢ દાદાભાસ ઉદેરામે ૬-૮-૦ પાણીને પરબમાં ખર્ચ કર્યો ૬. ,, સ. ઉર્દૂ. શા. ભગીરથ, સૈયદ બાબીમીયા અહેમદઅલી તથા બાલ્ટ સરકુરીન બાઇમીયાં એમણે મળીને ૧-૮-૦ ,, ૭ નાર સ ગુ. ક શા. પા. શીવાભાઇ ઇશ્વરભાઇએ ૧-૦-૦ નવરાત્રીના ગરબાની ચોપડીઓ વહેંચી. બાકીનું અનોપસમ કેવળકરે

* આ અક્ષરાભ્યાસના જવાબમાં એક નીચે પત્ર પણ અમો છે જેમાં કેટલાક વિશેષ ખુલાસો કરેલા હોવાથી તે હવે પછી પ્રકટ કરવામાં આવશે —એડીટર.

३५३	वस्तुदर्शनशिक्षण.	परशराम बाळाजी कावतकर. अॅग्रीकल्चर सीक्स आसि. टीचर. फीमेल ट्रेनींग कॉलेज पुणें	०	३	०
३५३	नाटक कसें पहावें ?	शंकर बापुजी मुजुमंदार कसबा पेठ. हाउस नंबर ३०७ पुणें.	०	५	०
३५४	बाळ भारत.	वासुदेव गोविंद आपटे. बी. ए ट्युटर. टु एच. एच. प्रीन्सेस सावित्रीबाई साहेब ईदोर.	०	४	०
३५५	नवीन मराठी व्याकरण.	रॅवरन्ड गणपतराव रघुनाथ नवलकर. मुंबई युनीवरसीटीना फेलो. चर्चस्ट्रीट माझगांव मुंबाई.	०	७	०
३५६	रामसुधा.	बळवंत त्रिंबक इंदिड विद्याविनोद ऑफिस. सदाशीव पेठ न. ७३९ पुणें.	१	०	०
३५७	ग्यारिबाल्डी.	दामोदर सावळेराम यंदे पूर्णचंद्रोदय प्रेस बडोदरा.	१	०	०
३५८	सौराष्ट्र अथवा काठेवाड.	गणेश बळवंत मोदक बी. ए. हाईस्कूल. राजकोट.	१	१	०
३५९	उद्योग कसा करावा ? व कोणता करावा ?	मोरो गणेश लोटे हेडमास्तर. नागोठणें, तालुका पेण, जील्हा कुलाबा.	०	२	०

ता. ५ माहे जानेवारी सने १९०३.
इसवी. J. P. J. Chhaganlal T. Modi,
ओ. विद्याधिकारी.

देशी केळवणीखातानी मराठी शाळाओने माटे इनामखाते राखवा सारु नीचे जणावेलां मराठी पुस्तको मंजूर करवामां आव्यांछे.

अनुक्रम नंबर	पुस्तकनुं नाम.	कर्त्तानु नाम.	किम्मत. रु	आ	पा.	विशेष हकीकत.
३०९	क्रिकट अथवा चेंडुफळी.	बळवंत रामकृष्ण गोगटे. बी ए फर्स्ट आसिस्टंट मास्तर मिरज हाईस्कूल.	०	६	०	
३१०	डॉक्टर इसमाएल जानमहमद याचे संक्षिप्त चरित्र.	मोरोबा भिकाजी एम. ॲन्ड. बी ब्रॅन्च जी आई. पी ऑडीट ऑफिस मोरीबंदर मंबाई.	०	०	६	

१११	भगवद्गीता.	बळवंत त्रिंबक इदिट विद्याविनोद ऑफिस सदाशीव पेठ न. ७१९ पुणे.	•	४	•
११२	बाळ भारत.	वासुदेव गोविंद आपटे बी. ए. ब्युटर, टू एच. एच प्रिन्सेस सावित्रीबाई साहेब इदोर	•	४	•
११३	नवीन मराठी व्याकरण.	रेवरन्ड रणपतराव रघुनाथ नवलकर मुंबाई पुनवरसोडीना फॅलो चर्चेस्ट्रीट माझगांव मुंबाई	•	७	•
११४	राम सुधा	बळवंत त्रिंबक इदिट विद्याविनोद ऑफिस सदाशीव पेठ न ७१९ पुणे	१	•	•
११५	ग्यारिबाहदी	दामोदर सावळेराम यंदे पूर्णचंद्रोदय प्रेस बडोदरा.	१	•	•
११६	सोराष्ट्र अथवा काठेवाड.	गणेश बळवंत मोडक बी ए. हाईस्कूल राजकोट.	१	१	•

ता. २५ मी माहे डीसेंबर सने १९०२.

दसखत. J P J Chhaganlal T Modi.

अे. विद्याधिकारी.

देशी केळवणीखातानी संस्कृत शाळाओ माटे लायब्रेरी खाते राखवा सारु नीचे जणावेलां संस्कृत पुस्तको मंजूर करवामां आव्यांछे.

अनुक्रम नंबर.	पुस्तकनु नाम.	कर्त्तानु नाम.	किंमत. रु	आ	पा	रिमार्कस.
१	आधानाग्निपवेकानुष्ठान पद्धति (सभाष्य)	भगुलाल भाऊशंकर महाजनवाला बडोदरा	१	६	•	
२	ऋग्वेदीय ब्रह्मकर्म विषय १० स्वरसंधि	रा. रा जेशंकरभाई प्रेमानंद जोशी नायब विद्याधिकारी बडोदरा	•	४	•	
३	,, त्रिकाल संध्या, भस्मरुद्राक्ष धारणसह.	,,	•	१	•	
४	यजुर्वेदीय ब्रह्मकर्म विषय १० स्वरसाथे	,,	•	५	•	

ता. ९ मी माहे जनेवारी सने १९०३.

दसखत. J. P. J. Chhaganlal T. Modi.

अे. विद्याधिकारी.

દેશી કેળવણીખાતાની સંસ્કૃત શાળાઓ માટે ઇનામખાતે રાખવા સારુ નીચે જણાવેલાં સંસ્કૃત પુસ્તકો મંજૂર કરવામાં આવ્યાં છે.

અનુક્રમ નંબર.	પુસ્તકનું નામ.	કર્ત્તાનું નામ.	કિંમત. રુ.	આ.	પા	રિમાર્કસ.
૧	શ્રીરુદ્રાભિષેકાનુષ્ઠાન પદ્ધતિ (સભાષ્યા).	ભગુલાલ ભાઊશંકર ભટ્ટ વાઘવાડા વડોદરા.	૧	૬	૦	
૨	ઋગ્વેદીય, બ્રહ્મકર્મ વિષય ૧૦ સ્વરસાથે	રા સા. જયશંકરભાઇ પ્રેમાનંદ જાશી નાયબ વિદ્યાધિકારી વડોદરા.	૦	૪	૦	
૩	,, ત્રિકાળ સંધ્યા ભસ્મરુદ્રાક્ષ ધારણસહ	,,	૦	૧	૦	
૪	યજુર્વેદીય બ્રહ્મકર્મ વિષય ૧૮ સ્વરસાથે.	,,	૦	૫	૦	

તા. ૬ ઠ્ઠી માહે જનેવારી સને ૧૯૦૩.
દસ્તુખ. J. P. J. Chhaganlal T. Modi.
એ. વિદ્યાધિકારી.

દેશી કેળવણીખાતાની ગુ. શાળાઓ માટે લાયબ્રેરી ખાતે રાખવા સારૂ નીચે જણાવેલાં ગુજરાતી પુસ્તકો મંજુર કરવામાં આવ્યાં છે.

અનુક્રમ નંબર	પુસ્તકનું નામ.	કર્ત્તાનું નામ.	કિંમત રૂ.	આ.	પૈ.	રિમાર્ક.
૪૯૫	અમદાવાદ શેહેરની ભૂગોળ.	ચીમનલાલ મોતીલાલ મુનશી. ખાડીયા અરજનવાલની બડકી અમદાવાદ.	૦	૧	૦	ક.
૪૯૬	અભિજ્ઞાન શાકુન્તલા નાટક.	રા. બા. દલપતરામ પ્રાણજીવનદાસ બબ્બર બી. પી કાપસજી પટેલસ ટેંકરોડ ગીરગામ-મુંબાઇ.	૧	૪	૦	
૪૯૭	હિંદની કાચી દોલત અથવા વાર્તા વિનોદ ભાગ૧ પુસ્તક ૧ લેહલું.	નીલકંઠરાય ગલાભાઇ એલ. એમ. એન્ડ એસ. અમદાવાદ.	૧	૦	૦	
૪૯૮	કાવ્યરસિકા.	અરદેસર ફરામજી	૨	૦	૦	

		અખબાર દમણ. ગુજરાત.			
૪૯૯	પ્રબોધભારત (પ્રથમ ભાગ)	કલ્યાણજી ધર્મસિંહ ગાંધેલ હાજાભાદેવી રોડ- મુંબાઇ.	૦	૮	૦
૫૦૦	ઋગ્વેદોત્પત્તિ.	શ્રીમનરામ શિવરામ-કર વૈષ્ણવ-કેળવણી ખાતાની ઑફીસ. જુ નાગઢ કાઠિયાવાડ.	૦	૩	૦
૫૦૧	નજરાણો.	આદીનરામ સતુખરામ પારધી. રામી ગલી પાટણુકર-હાલ અમદાવાદ.	૦	૧	૦
૫૦૨	ગેતીચડી પ્રથમ વિચાર પોથી. ૧ લા ભાગ ૧ લો.	આદીનરામ અલુખરામ પારધી રામીવાડા પાટણુકર હાલ અમદાવાદ.	૦	૧	૦
૫૦૩	,, પોથી ૨ જી ભા ૧ લો.	સદર.	૦	૧	૦
૫૦૪	,, પોથી ૨ જી ભા. ૨ જો	સદર	૦	૧	૦
૫૦૫	સદર પોથી ૨ જી ભા ૩ જો.	સદર.	૦	૧	૦
૫૦૬	સદર પોથી ૩ જી ભા ૧ લો	સદર.	૦	૧	૦
૫૦૭	વિ૦ ૬ અંક ૧૭-૧૮ ગળતિવાહનો બગાડો	ફ્રોસિકરામ વિશ્વદરગામ મેરેજ ના ઓ ઇવ ખાતક અધિકારી વર્ગ વડોદરા	૦	૦	૬
૫૦૮	પંચરત્ન ગીતા.	વિશ્વનાથ ગોવિંદજી ત્રિવેદી અમનગર નાગરવાડા.	૧	૦	૦
૫૦૯	શ્રીદેવીમાહાત્મ્ય ભાષા અરણ્ય સમેત પ્રથમ ભાગ	સદર	૦	૧૨	૦
૫૧૦	સદર ભાગ ૨ જો	સદર	૦	૧૨	૦
૫૧૧	ગૃહબલરસ્ય.	દલિલચંદ કલ્યાણચંદ છત્રપતિ આડીગા. અમદાવાદ.	૦	૬	૦
૫૧૨	ખરદેરાગમન, આપણા કુંવારા-અંક ૧૫-૧૬	ફ્રોસિકરામ વિશ્વદરરામ મેરેજ ના ઓ એજ.સાયક અધિકારી વર્ગ વડોદરા.	૦	૦	૬
૫૧૩	અંકગણિત ભા ૧ લો	બેતીલાલ છગનલાલ દેસાઇ. બી ઓ એલ. બી. હાઇકોર્ટ વકીલ. અમદાવાદ	૦	૪	૦

૫૧૪	ગુજરાતનો ઇતિહાસ (સાદી રમુજી વાર્તાઓ)	ગોકળદાસ લેસંગભાઇ બારોટ, અને પોપટલાલ કેવળચંદ શાહ રાજકોટ.	૦	૧	૬
૫૧૫	પદાર્થવિજ્ઞાન	ભાનુશુખરામ નિર્ભુશુખરામ રાજકુમાર કોલેજ રાજકોટ.	૦	૧૨	૦
૫૧૬	ગુજરાતના ઇતિહાસની વાર્તાઓ	કરીમભાઇ રહીમ નાનજીઆણી. ગોધરા.	૦	૭	૦
૫૧૭	ગંજે શાપરાનયાને કાવ્યરસ.	સોરાબજી મચેરજી. સ્ટેશન રોડ નવસારી	૨	૧૨	૦
૫૧૮	ગાનચક્ર પુસ્તક ૪ થું.	રતનજી ફરામજી શેઠના. બહારકોટ અબદુલ રહેમાન સ્ટ્રીટ નં. ૩૪૫ મુંબાઇ.	૩	૦	૦
૫૧૯	ભામેરૂં તથા સુદામા ચરિત્ર (કડવા ૩, ૪, ૫,)	મંગળજી હરજીવન ઓઝા આસિસ્ટંટ તથા હાઉસ ગારતર કાઠિયાવાડ . મેલટ્રેનીંગ કોલેજ. રાજકોટ.	૦	૫	૦
	ભામેરૂં તથા ગોખા હરણ.	સદર.	૦	૫	૦
	અંગ્રેજી શિક્ષણનો માર્ગ દર્શિકા ભાગ ૧ લો.	સાકરલાલ અમૃતલાલ દ્વિવેદી. આસિસ્ટંટ ગારતર એગ્લોવર્નાકયુલર સ્કૂલ. પાદરા.	૦	૪	૦

તા ૬ ઠી માહે જનેવારી સને ૧૯૦૩.
દલસુખ. J. P. J. Chhaganlal T. Modi.
ગો. વિદ્યાવિહારી.

સ્ત્રીશિક્ષણપરીક્ષા.



નિશાળે બેઠયા પછી સ્ત્રીઓને પોતાનો અભ્યાસ વધારવાને ઉત્તેજન મળે, અને બહુપયોગી કામની બાબતોમાં દૃષ્ટિ થવા એ હેતુથી ગુજરાત વર્નાકયુલર સોસાયટીએ "સ્ત્રીશિક્ષણપરીક્ષા" સંબંધી કરેલી યોજનાના નિયમો અગર વર્ષના જુલાઇ આંકના "બુદ્ધિપ્રકાશ" ના મુખપૃષ્ઠ ૩-૪ ઉપર પ્રસિદ્ધ કરેલા છે. તે પરીક્ષા અમદાવાદમાં ગુજરાત વર્નાકયુલર સોસાયટીના મકાનમાં સોસાયટીના હોલમાં તા. ૨૭ મી ડિસેમ્બર ૧૯૦૩ ને શુક્રવારને રોજ બપોર પછી બે વાગ્યેથી શરૂ થશે. મોટી જે સગવડીઓની ઇચ્છા આ પરીક્ષા આપવાની હોય તેમણે નીચે સહી કરનારને તા. ૨૨ મી ડિસેમ્બર સુધીમાં તોંધેની હકીકત સાથે જણાવવું. પરીક્ષામાં પાસ થનાર મનેને સર્ટીફીકેટ આપવામાં આવશે તથા કોઈ બે જણને પાસ થનારને ઠરાવેલા ઇનામો પણ આપવામાં આવશે.

૧. પોતાનું નામ, બાપનું નામ તથા (પરણી હોય તો) ધણીનું નામ.
૨. જાત.
૩. કુમાર.
૪. કયા ભાષાની પરીક્ષા આપવા આવવાનું છે ?
૫. કયા કેન્દ્રમાં પરીક્ષા આપવાની છે ?
૬. શાળા કયારે છોડી છે, અથવા કઈ રૂઢિમાં શિક્ષક છે ?
૭. અત્યારે અભ્યાસ કયો છે કે નહિ, ને કર્યો છે તો કેટલો ?

૮ ઉપરની બાબતો સાથે પોતાના બાપ કે ધણીનું સર્ટીફીકેટ જોવી અત્યવશ્યકતું કે હમેશાં શાળામાં જતી કે બાઇ નથી તથા તે પરીક્ષા આપે તેમાં તેમની સંમતિ છે (બાપ કે ધણી ન હોય તો કોઈ પ્રતિષ્ઠિત ગૃહસ્થનું સર્ટીફીકેટ મોકલવું)

આ પરીક્ષા માટે નીચેનાં પુસ્તકો મુકરર કરવામાં આવ્યા છે અને તે ગુજરાત વર્નાકયુલર સોસાયટીની ઑફીસમાં નીચે પ્રમાણેની કિંમતથી મળે છે:—

પુસ્તકનું નામ.	કિંમત.
૧ કૂટુંબવ્યવસ્થા અને આરોગ્યવિદ્યા.	૦—૧૦—૦
૨ બાળબોધ અને તેના તાત્પર્યાર્થ ઉપાય.	૧—૦—૦
૩ છોકરાંઓની આરોગ્યતા.	૦—૬—૦
૪ શિક્ષા વચન	૦—૧—૦
૫ આરોગ્યતા અને સ્વચ્છતા.	૦—૧૦—૦
૬ બાલબોધ વચનો માટે અને કલાક.	૦—૪—૦
૭ બોધની બારબત.	૦—૨—૦

અમદાવાદ, તા. ૨૧-૧-૧૯૦૩

લાલશંકર ઉમીઆશંકર.
ઑનરરી સેક્રેટરી. ગુજરાત વર્નાકયુલર સોસાયટી.

REGISTERED NO B. 33

જાહેરખબર.



" કેળવણી " માસિક બાસ કરી શાળાખાતાના શિક્ષકોને ઉપયોગી થાય એવી રીતીથી દર દિવાળી માસની શરૂઆતમાં બહાર પાડવામાં આવે છે. એનું વરસ કાર્તિક માસથી શરૂ થાય છે. લવાજમ દર વરસના રૂ. ૨. પોસ્ટેજ આનો ત્રણ છે.

દશથી ઓછા પગારના શિક્ષકોને તથા ગુજરાતી અને મરાઠી મીડલ સ્કુલની સબઓર્ડીનેટ શાળાઓના શિક્ષકોને તેઓ પોતાના પરથી ખરીદ કરતા હોય તો દર્શન રૂ ૦-૧૧-૦ આના વરસ શરૂ થતો પહેલો નંબર મોકલવામાં આવે છે. પોસ્ટેજ બાદ વરસ શરૂ થયા પછી લવાજમ મોકલનાર દર અંકનો દોઢ આનો મોકલી આપે છે તો તેને પણ સિલકે હોય તેટલા અંકો મોકલવામાં આવે છે બધા શિક્ષકો વરસની અખબચ રૂ ૦-૧૧-૦ મોકલી પૂરું અંકો મંગાવે છે. તેવા માહકોને ચોપાનિયાં ન મોકલતાં તેમનું લવાજમ નવા વર્ષને માટે જમા રાખવામાં આવશે, અગર તે દરગીજાન તેઓ જણાવશે તો તેમને બરચે પરત મોકલવામાં આવશે. લવાજમ મોકલનારને પાવતી કોઈથી હોય તો તે બદલનો બે આનો વધારે મોકલવો તે સિવાય પાવતી મંગાવનારને જવાબ આપવામાં આવશે નહિ. પોસ્ટની ટિકિટો અર્ધા આનાવાળી ન મોકલતા બે આનાવાળી મોકલવી.

દર માસની પૂનમ સુધીમાં તે માસનો અંક ન મળે તો તે માસ પૂરો થતા અગાઉ આ તરફ જણાવવું. તે પછી લખનારને અંક મોકલવા બંધ રહેતો નથી

મેનેજર—કેળવણી.
નડિયાદ.

શ્રી.

પુસ્તક ૧૬ મું. અંક ૧૧ મો.

વિદ્યા

ફાલ્ગુન, સંવત્ ૧૯૬૯.

વિષયો.

૧. કોણ... ... ... ૮૩
ઓશિયાળુ કેવળ પરિણામ. ૮૩
૨. ઇંગ્લંડના ભાવિ ઉપર દૃષ્ટિ નાખવી. ૮૪
૩. પ્રવાસ સંબંધે... ... ૮૫
૪. ગુજરાતીઓ લોકો ઉપર... ૮૫
અનુકરણપ્રિય જગત ૮૫
૫. ગરીબોને ઉપયોગી... ... ૮૬
૬. ખાવાનો એ ગોળો ૮૬
૭. આર્યોનું ઉત્પત્તિસ્થાન ૮૭
૮. શ્રી. એન્ડ્રુઝ કૃત ગીતા. ... ૯૧
૯. નાના બાળકો માટે વાત... ૯૪
૧૦. બાળકોને ઉપયોગી... ... ૯૫
૧૧. બાળકોને ઉપયોગી... ... ૯૬
૧૨. બાળકોને ઉપયોગી... ... ૯૭
૧૩. બાળકોને ઉપયોગી... ... ૯૮
૧૪. ઉપકાર માટે વાત... ... ૧૦૦
૧૫. બાળકોને ઉપયોગી... ... ૧૦૦
વર્ણીબાનું (જૈનાભાસકર્તા) ૧૦૧
૧૬. બાળકોને ઉપયોગી... ... ૧૦૨
વર્ણીબાનું. (ચરિત્રપુસ્તક) ૨૪-૩૦

પ્રસિદ્ધકર્તા

છોટાલાલ નરસિંહ ભટ્ટ.

વાર્ષિક કિંમત રૂ. ૨) પોસ્ટેજ રૂ. ૦-૩-૦

છૂટક અંકના રૂ. ૦-૩-૦

મુદ્રક

"વીરક્ષેત્રખુકાલય" પ્રિંટિંગ પ્રેસમાં છાપ્યું.

પુસ્તકોની પહોંચ.

નીચેના પુસ્તકો તેમ જ પ્રસિદ્ધકર્ત્તા તરફથી ભેટ દાખલ મળ્યા છે તે બદલ આભાર માનીએ છીએ —

શ્રીઅંબિકા વિજય—માસિક પુસ્તક ૨ જાનો અંક ૧ લો અમદાવાદ ॥ જસવંત વિજય પ્રિન્ટિંગ પ્રેસમાં ॥ માનીક તરફથી આ માસિક ૨૦ માસે પકટ થાય છે એમાના ધર્મ-નકો અને કવિતાઓ વાચવા લાયક છે વાર્ષિક મૂલ્ય પોસ્ટેજ સાથેજ રૂ ૧ા છે

સ્વાત્મકર્તૃત્વવાદદર્શન પ્રથમ ભાગ —' શ્રીમદ્ જ્ઞાનગુરૂ ' નામની પુસ્તક-માળા પૈકી આ પુસ્તક વડોદરાસંસ્થાનના રા ણા વિદ્યાધિકારી સાહેબ તરફથી વિનામૂલ્યે માટે ભેટ દાખલ મળ્યું છે કીમત રૂ. ૧) છે

જાહેરખબરો.

ઋષિવિદ્યા માસિકમાં વેદાનુકૂળ ધર્મ, સદાચાર ને નીતિ ॥ વિષયો પ્રસિદ્ધ થાય છે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તથા અથર્વવેદ વિસ્તારાય છે વાર્ષિક મૂલ્ય રૂ ૧॥) ટપાલ મહિત અગ્રિમ. પાક્ષિક આ વર્ષ માટે " સત્યાસત્ય વિચાર " સમ્પાદક મહાશય કર્ણાવતી. પોસ્ટ ગીરગામ મુંબઇ

(૧૦)

લુંટ ! લુંટ ! લુંટ ! ! !

શિક્ષણપ્રકાશ ભાગ ૧ લો

સદર પુસ્તકથી શિક્ષક ॥ મદદ વિના ગમતી ભાષા મોડી લીપીઓ થોડી મુદતમાં શીખાય છે બુક તૈયાર છે કિં ૧૪ આના વી પી ૧૪ આના

વકીલ નિવાયન સખારામ દેવચાલોકર.

કનોલ—નોર્થ ગુજરાત.

(૭)

" નિબંધ માર્ગદર્શક ભા ૧ લો." કી રૂ ૦।= પોસ્ટેજ રૂ ૦।ના ઘણા પુસ્તકોને આધારે ને વિદ્વાનોની સનાદ પ્રમાણે ગોઠવણ કરી સંકલના કરીછે. આવું સસ્તું પુસ્તક આ વિષયપર એકે થયું નથી અને શીમંતના દેવી કેળવણી ખાતાએ મંજુર કરેલું છે

' બાળગીત ' કી રૂ ૦।ા પોસ્ટેજ રૂ ૦।ના નિબંધગોઠવણપદ્ધતિએ બાળકોને તનની, મનની, અને નીતિની કેળવણી મળે અને તેમની બધી શક્તિઓ ખીલે એવી સંકલના કરી છે

બન્ને પુસ્તકમાં કમીશન દર નંગે ૨૫ ટકા આ સિવાય આ કંપની મુંબાઇમાં મળતો કોઇ પણ માલનો માલ મે કરે એકે ટકા કમીશનથી મોકલી આપેછે

(૧૧) એમ. સો પેંડયાની કંપની.

ભાગુનાઇની ચાલી ભૂલેશ્વર—મુંબાઇ.

કેળવણી.



દોધકવૃત્ત.

અર્થ મળે વળી ધર્મ સધાયે, જ્ઞાન મળે મનમાન પમાયે;
પ્રીતિ વધે પસરે જશ સારો, એ શિશુશિક્ષણ ધર્મ અમારો.

પુસ્તક ૧૫ મું ફાલ્ગુન. સંવત ૧૯૫૬ અંક ૫ મો.

દર્શન.



સ્ત્રીશિક્ષણનું ઉત્તમ પરિણામ આપણે જે દેખીએ છીએ તે એવું છે કે તેઓ સુશિક્ષિત હોવાથી પોતાનાં બાળકોમાં ઉત્તમ ગુણો અને સદ્ વ્યવહારને લીધે લોક-વર્ગને શિક્ષકોનો અતિવર્ગ પ્રયાસ હતા પણ તેમાં તેઓ જોઇએ તેવા ફાવતા નથી તેનું કારણ એવું છે કે નાના બાળકોને તેમના શિક્ષકતા કરતા તેમની માતાઓનો સહવાસ અતિ વિશેષ વધારે હોય છે માતા ઘરે તેવો પોતાના બાળકને કરી શકે છે અહીં એ વિષે પુરાવાની જરૂર નથી. દાખલા તરીકે ગ્રીસ દેશની એક ગુલામ ઓલરેગ્ઝ જી. ટી મેકેન્ઝી જેણે ઘણાજ સમાજોન્નતિ વગેરે બાબતોમાં પણ આ વાત કેટલાક દાખલાઓથી સ્પષ્ટ કરી બતાવી છે. તે કહે છે કે " મનુષ્યને તેની માતાના ખોળામાં જે કંઇ સ્વરૂપ મળ્યું હોય તેવો તે થાય છે અને હિંદુસ્થાનનો તેવીશ વર્ષના અનુભવ છે અને તે દરમીયાન ઘણાજ સુશિક્ષિત કુટુંબોના સહવાસમાં હું આવેલો છું. મારા જે ઘણા જ જે જે સુશિક્ષિત વર્ગના બાળકો છે તેઓ પોતાની જીંદગીની લડત ચલાવવામાં સારી રીતે કેમ ફાવતા નથી તેના ઘણાં કારણોમાં એક કારણ આ પ્રમાણમાં એ આવ્યું છે કે તેમને બોધકર્તા તેવી માતાઓ નહોતી. તેનાજ આ બાબતોને તેમના બાલપણમાંજ દિવ્યમાતાનું અને બાળકની કુમાશને માટે ઘણો બોધ નહોતો. અને એક છોકરાની વાત યાદ આવે છે, આ છોકરો એ વખતે ઉચ્ચપ્રકારના જુદેજુદા આકારમાં રહીને દેહીઓના બાળકમાં અવતાર ધરતો હતો, અને મરણની તારબાબતની પરિસ્થિમાં પાસ થવાની તૈયારીમાં પડ્યો હતો. આ પરિક્ષામાં તે પાસ થયો હોત તો તેને જીંદગી મુક્તિ બ્રહ્મજ્ઞાનની સિદ્ધિ સંપ્રાપ્ત થઇ. પણ આ છોકરાની મા દરીયો દૂર બંધાઇ પડેલીમાં રહેતી હતી

તેણીએ તેને એક અસરકારક કાગળ લખી જણાવ્યું કે, ' ભાઇ તને ઘણા દિવસથી મેં જોયો નથી માટે મારો જીવ તને મળવાને ઘણો તલપાપડ થયો છે, તેથી આ કાગળ દેખત તું તરત અહીં આવજે. ' આ ઉપરથી આ છોકરાએ પોતાનો અભ્યાસ પડતો મૂક્યો અને પોતાની મા પાસે ગયો ! તે વખતથી આ છોકરાની સ્થિતિ બગડી તે બગડીજ ! હવે તે રખડેલ થઈ ગયો છે "

" એક બીજા જુવાનીયાની વાત પણ મારા સ્મરણમાં છે. તે કોઈ પરીક્ષામાં પાસ થયો નહિ અથવા પોતાનું ગુજરાન ચલાવવાનો કોઇ પ્રકાર તે શીખ્યો નહિ. પણ તેનામાં પુરૂષત્વની કાંઇક ચિણગારી હતી; તેથી તે વખત આવતાં પાસેના લશ્કરી મથકમાં ગયો અને તેમાં દાખલ થવાનો વિચાર કર્યો. તેની માએ આ વાત જાણી એટલે તેણે ઘરખરચના પૈસામાંથી આઠ આના લેઇ આઠ શબ્દો મોકલ્યા (આઠ આના આપી તાર કર્યો) તેની મતલબ એ હતી કે ' જો તારો મારા ઉપર પ્રેમ હોય તો તું લશ્કરી નોકરીમાં દાખલ થઇશ નહિ. ' તેને તાર મળ્યો ને તેવો તે પાછો ઘેર ગયો. હમણા તે પોતાના બાપના ઘરમાં રહે છે અને કાંઇ ધંધો કરતો નથી. "

" હવે એથી એક ઉલટોજ પ્રકાર કહું છું. હું જ્યારે પૂર્વ કિનારા પર હતો ત્યારે લશ્કરમાંના વોલંટીઅરોની કાયમત થતી હતી. એક છોકરો અંટેવાળી આવવાથી અખડાઇ પડયો અને તેની પાસેના સિપાઇનુ બાગનેટ તેની ગરદનમાં ભોંકાઇ ગયું, આ છોકરાને તરતજ હોસ્પિટાલમાં મોકલી આપવામા આવ્યો. ઘર આગળ આ વાતની ખબર થઇ એટલે આજુબાજુના લોકો તેની માની પાસે એકઠા થઈ ગયા અને આ ભયંકર બનાવ માટે તેની સાથે શોક કરવા તથ દિલાસો આપવા લાગ્યા. તે બાઈ એક આઇરિશ વિધવા હતી. તેનો ઘણો લશ્કરમાં સિપાઈ હતો અને કેટલાક વખત પહેલાં તે ગુજરી ગયો હતો. લોકોને પોતાની પાસે એકઠા મળેલા તથા દિલાસાનાં અનેક વચનો બોલતા જોઇને તે એકદમ ઘુરકિયું કરીને બોલી ઉઠીઃ ' શું તમે એમ ધારો છો કે બાગનેટનું એક અણિયું ભોંકાવાથી મારો છોકરો હવે મરવા પડયો છે ?' દશ દહાડા પછી તે સાજો થયો, અને મેં તેને એક એનજીનીયરના આંગણામાં રિટર તરીકે ફરતો જોયો હતો. આ ત્રણે દાખલા યુરોપીઅન છોકરાઓના છે અને તેમાંના બે છોકરાઓ એવા કમનસીબ હતા કે તેમને યોગ્ય માતાઓ મળી નહોતી. " તાત્પર્ય એ છે કે સ્વાશ્રયના ગુણવાળા છોકરાઓમાં બહુધા તે ગુણ માતાઓ તરફથીજ મળેલો હોય છે અને સ્ત્રી કેળવણીદ્વારા જે જે યોગ્યતાઓ બાળકીઓમાં આણવાનો આપણે ઉદ્દેશ રાખીએ છીએ તેમાં આ પણ એક મુખ્ય છે કે, ભાવી સંતતિ ઉત્તમ ગુણોવાળી થાય.

શૉર્ટસાઇટ અથવા ટુંકી નજર વિષે લખતાં લંડનનું એક પત્ર જણાવે છે કે, 'આજકાલ ઘણાં માણસો ચશ્માં પહેરીને ફરતાં જોવામાં આવે છે. મોટી ઉમરના માણસોને ચશ્માં પહેરવા પડે તેમાં તો કાંઇ નવાઇ લાગે નહિ, પણ નાની ઉમરનાં છોકરાં પણ મોટી સંખ્યામાં ચશ્માં પહેરવા લાગ્યાં છે એ જોઇને આપણી હાલની શિક્ષણપદ્ધતિમાં તો કાંઇ ખામી નહિ હોય એવો સંદેહ એની મેળે ઉત્પન્ન થવા લાગે છે. આપણા કરતાં જર્મનીમાં વિદ્યાભ્યાસ કરવા તરફ ઘણી પ્રવૃત્તિ છે અને અભ્યાસ કરવાનો દરકાર્જનો લાગટ વખત પણ વધારે છે. ત્યાં એક બાયવા બીજા પ્રકારનાં ચશ્માં પહેરવાનો એટલો બધો પ્રચાર છે કે જે કોઇ ચશ્માં ન પહેરતું હોય તે એક અપવાદરૂપ ગણી શકાય. ત્યાંના લોકો ખુલ્લી રીતે એનું કારણ બીજા જર્મન દાક્તર છે એમ જણાવે છે. આપણાં (અંગ્રેજી)

પુસ્તકો પણ જર્મન કોયાજ ટાઈપમા છપાય છે તેના છતાં ત્યાના કેટલા કુટુંબ દષ્ટિવાળા છોકરા આપણે ત્યા નથી; તેથી વળી સંદેહ ઉત્પન થાય છે કે ' કુટુંબ દૃષ્ટિનું કારણ એકલા જીવા દાદપજ નથી. નેત્રવિદ્યા જાણનારાઓએ કુટુંબ દૃષ્ટિ થવાના જે અનેક કારણો શોધી કાઢયાં છે તેમાં કોઇ વસ્તુને વારવાર પાસેથી જોવાના અભ્યાસને લીધે પણ નજર કુટુંબ થઇ જાય છે એમ જણાવે છે. આખના ડોળાની આકૃતિ ગોળાકાર હોય છે ત્યારે તે તનદુરસ્ત આંખ કહેવાય છે તે આગળપાછળ લંબગોળ થઇ જાય છે ત્યારે ' કુટુંબ દૃષ્ટિ ' થાય છે. આ સંબંધમાં શિક્ષકોનું કર્ત્તવ્ય એ છે કે તેમણે છોકરાને વાચતી કે લખતી વખતે વારવાર બેસવાની ટેવ પાડવી તથા જોવાના પદાર્થને એક ફુટ કરતા વધારે આખની પાસે આવવા દેવો નહિ. દુર્ભાગ્યે જે છોકરાઓની દૃષ્ટિ કુટુંબ થવાનો સંભવ હોય તેમને માટે બરમાં સિવાય બીજો ઉપાય નથી અને તે જોવાની આપવા તેમના માબાપને વારવાર ટોકવા કરવા.

ઉનાળા આરંભ—મોનોરથી એક મિત્ર લખી જણાવે છે કે ત્યાની હદ્દ શાળાનો ઉનાળાનો મેળાવડો કોઇ વખત નહિ જોવાયો એવા કારણમા આવ્યો હતો મેળાવડામા આશરે બો મોહમેડન ભાઇઓ તથા તાલુકાના વહિવટદાર સાહેબ અને બીજા અધિકારી સાહેબો પણ હાજર થયા હતા પ્રથમથી છપાવેલા બોલાવવાના પત્રો કબાવેલા બેહેંચી મેળાવડાનુ કામ શરૂ કર્યું હતું શાળાના મુનશીએ મોહમેડન કોમમા વિદ્યાગ્રહણ આગત વિષે સારૂ ભાષણ કર્યું હતું અને તેની બેતાલીસ પર મારી મદ અપવેલી ધારવામાં આવે છે.


શ્વાસોચ્છ્વાસ લેવાનો કુદરત—યુરોપખંડના કેટલાક વિદ્વાન ડાક્તરોનો અભિપ્રાય એવો થયો છે કે આપણે સ્વભાવિક રીતે જે શ્વાસોચ્છ્વાસ લેવાજોઇએ તેનેજ અમુક રીતે લેવા મૂકવાથી ઘણાક રોગ સારા કરી શકાય છે તેમણે પ્રયોગો કરીને સિદ્ધ કર્યું છે કે જોને ઊંઘ નહિ આવવાનુ દરદ થયુ હોય તેણે સાંજે વખત શ્વાસ રોકી રાખવાનો અભ્યાસ કરવો (અથવા આપણા શબ્દોમા કહિયે તો ' પ્રાણાયામ ' કરવો) આથી કરીને ઊંઘ નહિ આવવાથી તદ્દન કંટાળી ગયેલા ઘણાક દરદીઓ સારા થયા છે વળી શ્વાસ લેવાની કસરત કરવાથી ક્ષય રોગ શરૂ થતો અટકાવી શકાય છે એમ પોકારી વખત ઉપર એક વૈદ્યરીય સભા ત હતી જણાવવામા આવ્યુ છે સમુદ્ર માર્ગ પ્રવાસ કરવાથી જે બિમારી કષ્ટ આવે છે તે પણ ચોક્કસ રીતે શ્વાસોચ્છ્વાસ લેવા મૂકવાથી સારી થઇ શકે છે એ સિવાય દમ વગેરે બીજા પણ કેટલાક રોગ એ પ્રકારથી મટી શકે છે એવુ એ વિદ્વાનોનું મત દમણું થયુ છે કહે છે કે જર્મનિયના એક વિદ્વાન ડાક્તરે આ વિદ્યા ઉપર એક મોટુ પુસ્તક લખ્યુ છે. પ્રાણાયામથી થતા ફાયદાઓથી જે માહિત હશે તેમને યુરોપના આ મોટા ડાક્તરોના ચમત્કારિક શોધથી વિશેષ ચમત્કાર લાગશે નહિ.

ભાનુતાપ યંત્ર—વિદ્યાનિષ્ણાત પુરુષો વિજ્ઞાન જે મોટા સિદ્ધાંતો સિદ્ધ કરવામા ગુંથાયલા છે તેમાનો એક એ છે કે સૃષ્ટિની મોટી મોટી શક્તિઓનો ઉપયોગ શી રીતે કરી લેવો ? અમેરિકાના યુયોગ્રાફ જોઈને અને હિંદુસ્તાનના કારેરીના પંખાને તો આધાર પડેલા જણાયુ માંડી લીધું છે, બનાવ્યા જે તેના બાબતો ખરેખર અજમાવી કર્યો છે, અમદાવાદના કુન્નર ઉદ્યોગના પ્રદર્શનમા સૂર્યના કિરણથી રસોઇ કરવાનો એક નાનો મંડપો

પ્રયોગ પણ ઘણા જણે જોયેા છે; પણ એવેાજ પ્રયોગ મેાટા પાયા ઉપર કાલિફેાર્નિયામાં કરીને તે વડે યંત્રેા ચાલતાં કર્યાં છે હમણા એ યંત્રોનેા ઉપયેાગ કૂવામાંથી પાણી કાઢવા માટે કરવામાં આવે છે. સૂર્યકાંત કાચ તેા ઘણાએ જોયા હશે. તેની નીચે રૂ અથવા કપડું ધરવાથી તે સળગી ઉઠે છે. આવી જાતના મેાટા કાચનેા ઉપયેાગ કરી આ યંત્રના બેાઇલર ઉપર તેનેા તાપ પડવાથી બેાઇલરમાં વરાળ ઉત્પન્ન થઇ યંત્ર ચાલે છે અહીં જે કાચ વાપરવામાં આવ્યા છે તેમાંના એકનેા વ્યાસ તેા ચેાત્રીસ ફીટનેા છે ! કાલિફેાર્નિયામાં વરસમાં ૩૦૦ દિવસ સૂર્યનેા પ્રકાશ ચેાખ્ખેા પડે છે એટલે ત્યાં આ યત્ર સારી રીતે ચાલી શકે છે.

સહેલેા ઉપાય—શરદી, સલેખમા, ખાંસી, વગેરે સાધારણ ઉપદ્રવેા મટાડવાનેા એક સહેલેા ઉપાય એક પ્રખ્યાત દાક્તરે લખ્યેા છે. તે કહે છે કે ઠંડા પવનમાં થઇને જતી વખતે આપણે હમેશા મેા બંધ રાખવું અને શ્વાસેાચ્છ્વાસ નાક વાટે ચાલવા દેવેા. ઠંડી હવામાંથી ઉષ્ણ હવામાં અથવા ઉષ્ણ હવામાંથી ઠંડી હવામા એકાએક આવતાં અથવા એકાએક ગરમ કે ઠંડેા પવન લાગવાથી તે ઠંડી કે ગરમી ફેફસામા પહેાંચતાં શરદી વગેરે થવાનેા સંભવ હેાય છે. આવી હવા નાક કરતાં મુખવાટે વધારે જાય છે. આપણા નાકની રચના એવી છે કે તે દ્વારે હવા જોઇએ તેટલી અને વ્યવસ્થાપૂર્વક જાય છે; માટે એવે વખતે મુખ બંધ રાખી નાકથી દમ લેવામાં આવે તેા ઉક્ત ઉપદ્રવ થાય નહિ.

ન્યાયના વે બેાલ.



દેાહરા.

ન્યાય કહે, અન્યાયને, નથી તને કંઇ ભાન;
વિચાર કર મનમાં જરા, છેક ન થા નાદાન. ૧
કરમાં છે કાળી ધજા, વસ્તી ચારે ખંડ;
કુકર્મમાં ચકચૂર બન્યેા, ખૂણ મચાવ્યું બંડ. ૨
કલિજુગનેા આધાર તું, અસત્ય તારી ટેક;
અનીતિ તારી બેન છે, ભ્રાત દિસે અવિવેક. ૩
અનીતિ અવળે મારગે, અણુધને લઇ જાય;
માણસપણું જેમાં નથી, તેજ તને વશ થાય. ૪
હેાળીના તહેવારમાં, ધરડા બાળ સમાન;
કુશબ્દ બેાલી અનીતિને દેશે અદકું માન. ૫
ધ'ધન ચેારી જઈ કરે, અંગે ચેાળે ધૂળ;
વિચાર પણ કરતાં નથી, કેાણ આપણું કૂળ. ૬

શિવ ! શિવ ! શિવ ! આ રીતથી, ફોગટ થયો ફજેત;
સવળો માર્ગ સુજે નહિ, પડી આંખમાં રેત. ૭
અસત્ય, અનીતિ, અન્યાયથી, વર્ત્તે લોક ઘણાક;
પણ બોપાળું ફૂટતાં ખુએ આપનું નાક. ૮
ઢાચો કુંજ અસત્યનો ઉપરથી ચળકાટ;
વાર ન લાગે વધુસતા ચાર ઘડીનો ઠાઠ. ૯
છતા ઉજેશ સુજે નહિ, કરજો મનમાં ખ્યાલ;
સત્ય, નીતિ સુવિચારથી ચાલો રૂડી ચાલ. ૧૦
નીતિ ન્યાયનું મૂળ છે, મૂળ નીતિનું ધર્મ;
ખોળિ જુઓ ખટશાસ્ત્રને, તેમા જડશે મર્મ. ૧૧
આ કડવા પણ વ્યાજબી સુણી ન્યાયના બોલ,
અંતર પડદો ખોલીને તરજો ! કરજો તોલ. ૧૨

જી. કે. ગોળવલકર. બી.એ.

આર્યકિન્ડરગાર્ટન.

આ વિષય નવાં ધોરણોમા વહન નવો છે.

" શિશુશિક્ષણ " સિવાય આ સંબંધમા માર્ગદર્શકરૂપ થઈ પડે તેવાં સાહિત્યોનો અભાવ છે. કિન્ડરગાર્ટન શિક્ષણપદ્ધતિએ થોડા સમયમાં અમેરિકા, જર્મની, આદિ સુધરેલા દેશોમા જે સુધારાવધારા દાખલ કર્યા છે, તેની સાથે સરખાવતા એ કરતાં પણ નવાં નવાં સાહિત્યોની જરૂર જણાતી જાય છે. અમેરિકામાં આ પદ્ધતિ લગભગ ત્રીસ વર્ષના અરસામાં બાનગી સાદ્ધસરૂપે પ્રદર્શિત થઇછે, એટલુંજ નહીં પરંતુ સરકારી પ્રાથમિક નિશાળોના મૂળ પાયારૂપ તો થઈ પડી છે. એવું કહેવાય છે કે ઔદ્યોગિક કેળવણીમાં જે ઉત્તમ સ્થાને પહોંચવાને અમેરિકા ભાગ્યશાળી બન્યું છે, તેમાં આ શિક્ષણપદ્ધતિએ ઘણી સહાય આપી છે. જર્મની ને ઇંગ્લાંડમા પણ તેનો બહુ બહોળો વિસ્તાર થયેલો જોવામાં આવે છે, અને તેના શુભ પરિણામના સંબંધમાં હવે બે મત રહ્યા નથી. આવી જે શિક્ષણપદ્ધતિ તે નામદાર મુંબઇ સરકારે મુંબાઈ ઇલાકાની પ્રાથમિક નિશાળોમાં કેટલેક અંશે દાખલ કરવાની મોકળજ કરી છે.

આ વાત તો સ્પષ્ટ છે કે કિન્ડરગાર્ટનપદ્ધતિરૂપી ઝાડ **પરદેશી** છે કારણ કે તેની મૂળ ઉત્પત્તિ જર્મનીમાં થઈ હતી ને તેનો સ્થાપનાર એક જર્મન તત્ત્વવેત્તા ફ્રોબેલ હતો. આ ઝાડને આર્યભૂમિમાં રોપવાનું છે, એટલે જે માળીના શિર ઉપર આ જવાબદારી આવી પડી છે, તેને તે ઝાડના તેમજ તેની મૂળ ઉત્પત્તિના પ્રદેશના ખાસ ગુણોનું યથાર્થ અધ્યયન કરવું પડશે. તેનો શ્રમ આટલેથીજ અટકશે નહીં પરંતુ તે પરદેશી ઝાડને આ ભૂમિમાં રોપતાં પહેલાં તેને માટે કેવાં ખાતર નાખવાથી આ ભારતભૂમિ તેને પોતાની સંવૃદ્ધિ માટે અનુકૂલ થઈ પડશે, તે શોધી કાઢવું પડશે. પ્રથમ તો તે માળી કદાચ પોતાના પ્રયાસમાં સફળીભૂત પણ થશે નહીં. અનેક પ્રકારના પ્રતિરોધ સામે તેને કામ લેવું પડશે. આ પ્રસંગે આ શિક્ષણપદ્ધતિ સંબંધમાં બે બોલ બોલવામાં આવે તો તે અપ્રાસંગિક ગણાશે નહીં.

જુદા જુદા વિદેશી પ્રદેશોમાં વિસ્તૃત થએલી કિન્ડરગાર્ટનપદ્ધતિના અધ્યયી વિદ્વજ્જનને નીચેની બાબતો નજરે આવે છેઃ—

૧ કિન્ડરગાર્ટનશાળામાં શિક્ષક તરીકે સ્ત્રીશિક્ષકની નિમણૂક.
૨ કિન્ડરગાર્ટન શાળામાં બાળકો માટે બોર્ડિંગ હાઉસની વ્યવસ્થા.
૩ કિન્ડરગાર્ટન તથા પ્રાથમિક શાળાનું છૂટાપણું.
૪ કિન્ડરગાર્ટન ટ્રેઇનીંગ કોલેજની સ્થાપના.
૫ બીજા સદ્‌ગુણો સાથે **સ્વતંત્રતા**ના મહાન્ સદ્‌ગુણોનાં બીજ રોપવાની ખાસ સંભાળ.
૬ કિન્ડરગાર્ટન બાળકોની વય.
૭ કિન્ડરગાર્ટન શિક્ષણની ઉન્નત્યર્થે રાજ્યકીય તેમજ સાર્વજનિક ખંત ને ઉત્સાહ.
૮ વિદ્વાનો ને શિક્ષકોમાં દેશના કલ્યાણાર્થે શિક્ષણનો ધંધો લેવાની અત્યંત ઉત્સુકતા.
૯ કિન્ડરગાર્ટન કોન્ફરન્સની વાર્ષિક મિટિંગ ભરવાની ઉત્કૃષ્ટ જોગવાઇ.
૧૦ બીકેળવણીના ફેલાવાના શુભ પરિણામરૂપે માતાપિતાની બાળકોને સંગીન ને નિયમિત કેળવણી આપવાની સંપૂર્ણ સહાય.

અમે ઉપરની દરેક બાબત સંબંધમાં વિશેષ હકીકત કહીશું કે જેથી આ આર્યભૂમિમાં કિન્ડરગાર્ટનપદ્ધતિ કેવા સ્વરૂપમાં દાખલ થઈ શકે તેનો યત્કિંચિત્ ખ્યાલ વાચકવર્ગને આવી શકે. આ સ્થળે અમારે કહેવું જોઇએ કે આ વિષય આપવાનો ઉદ્દેશ પ્રજાવર્ગને-વિશેષે કરીને શિક્ષકવર્ગને પૂર્વોક્ત પદ્ધતિ સંબંધી સંપૂર્ણ જ્ઞાન આપવાનો નથી; કારણ કે લેખક પોતેજ આ વિષયમાં અપૂર્ણ જ્ઞાન ધરાવે છે. લક્ષ માત્ર ખેંચ રાખવામાં આવ્યું છે કે

આવા અપૂર્ણ ને ભૂલભરેલા અભ્યાસના સમારંભથી બીજા વધારે જ્ઞાનવાળા અધુરોની ઉમદા સહાય સંપાદન કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, જેના પરિણામમાં આ નવીન ને કઠિન વિષય ઉપર વિશેષ અજવાળું પડે ને શિક્ષકવર્ગને આ વિષયના શિક્ષણ માટે જે વિટંબના ભોગવવી પડે છે તે કેટલેક અંશે દૂર થાય. લેખક જે નમ્ર અભિપ્રાયો શિક્ષકવર્ગ સમક્ષ મૂકવા રજ લેછે તે બધા સર્વાંશે સાચા છે એમ માનવાનું કશું કારણ નથી. એક અપૂર્ણ જ્ઞાનવાળા બીજ અનુભવી મગજમાંથી ઉપજાવેલા વિચાર સંપૂર્ણ હોય નહિ તેવા અભિપ્રાય ઉપર ટીકા થઇ તેમાંથી સત્ય સિદ્ધાંતો નીકળી આવે એ લેખકને ઇષ્ટ છે માટે આ બાબતમાં શિક્ષકપ્રબુધવર્ગ અમને જરા મદદરૂપ થઇ પડશે, ને આ લેખ સંબંધમાં પોતાના ઈલાયદા પરંતુ પૂર્ણ જ્ઞાન તથા અનુભવવાળા અભિપ્રાયો આપવા કૃપા કરશે.

સ્ત્રીશિક્ષકની નિમણુંક.

ઈંગ્લાંડ વગેરે સુધરેલા દેશોમા સુધારાના બળે સ્ત્રીવર્ગ એવી સ્થિતિને પ્રાપ્ત થયો છે કે સ્ત્રીવર્ગ વ્યવહારિક કાર્યોમાં પુરૂષવર્ગ સાથે ભાગ લેછે, એટલુજ નહિ પરંતુ તેની સાથે સ્પર્દ્ધામાં ઉતરવા તૈયાર થાય છે. આ કારણથી પૂર્વોક્ત દેશોમાં સ્ત્રીશિક્ષક સહેલાઇથી મળી શકે છે. જેમણે ફ્રોબેલની કિન્ડરગાર્ટનપદ્ધતિના મુખ્ય આશયોનું અવલોકન કર્યું છે તેમને માલુમ છે કે કુમળા બાળકોનાં સુકોમળ અંતઃકરણમા કેટલીકબાબતોનાં બી રોપવામાં સ્ત્રી શિક્ષકની સંપૂર્ણ આવશ્યકતા છે. માતાના મધુર શબ્દોની અસર બાળકના મનમાં સચોટ થાય છે, એ સર્વને અનુભવસિદ્ધ છે બાલ્યાવસ્થામાં દીલસોજી ને વાણીમાધુર્ય એ બાળકના લક્ષણમાટે સંપૂર્ણરીતે આવશ્યક છે. એજ હેતુથી મહાન્ વિદ્વાનોએ માતાની દેખરેખ નીચે બાળકોને પ્રથમાવસ્થાનું શિક્ષણ આપવાનું વધારે પ્રાણદાયક નિશ્ચિત કરેલું છે. આ સૃષ્ટિમાં સ્ત્રીની ઉત્પત્તિનાં જે કારણો છે તેમાં બાળકોનો અભ્યાસ (શિક્ષણ) પણ એ મહત્વનું કારણ હોય એમ સિદ્ધ થાય છે, એટલે આપણે કહેવું જોઇએ કે બાલ્યાવસ્થાની સંપૂર્ણ વિગતિનો આધાર સ્ત્રીશિક્ષકની નિમણુંક ઉપર રહેલો છે. પરંતુ આ તત્વ આર્યકિન્ડરગાર્ટનમાં સામેલ થઇ શકશે નહિ. આ દેશના જનસમાજનો જેમને અનુભવ છે તેઓ એક અવાજે કહેશે કે પારસી સિવાય બીજી કોમમાં બાળકોના શિક્ષક તરીકે સ્ત્રીની સહાય સંપાદન કરવાનું કાર્ય મહા કઠીન છે. કન્યાશાળામાં જે સ્ત્રીવર્ગ છે તેનામાં કૃત્રિમ શાલિનતા જોવામાં આવે છે. બાળકો સાથે બાળકરૂપ ધારણ કરી એક રૂપને એક રસ થવાનો તે મહાન ગુણ શિક્ષકમાં અવશ્ય હોવો જોઇએ, તેનો અભાવ જોવામાં આવેછે. પુરૂષો સમક્ષ તો તે શોભ્યો પણ જડતો નથી આ કારણને લઇને આર્યકિન્ડરગાર્ટનમાં સ્ત્રીવર્ગની સહાય વિના કામ ચલાવું પડશે. અમારૂં કહેવું એમ નથી

કે પુરૂષવર્ગ તે કામ માટે તદન નાલાયક છે. સારી ટ્રેઇનિંગથી આ વર્ગ પણ પોતાનું કામ સારીરીતે બજાવશે.

બોર્ડિંગ હાઉસ.

સુધરેલા દેશોમાં અમુક વયે પહોંચ્યા પછી બાળકોને માબાપની દેખરેખમાંથી નિરાળા કરી બોર્ડિંગ હાઉસમાં રાખવામાં આવે છે ત્યાં તેઓ સ્ત્રીશિક્ષક અથવા લેડી સુપ્રિન્ટેન્ડેન્ટની દેખરેખ નીચે રહી પોતાનો અભ્યાસ કરેછે એટલુંજ નહિ પણ ત્યાં તેમને માટે બાવાપીવા, સુવા વગેરેની ગોઠવણ કરેલી હોયછે. આ પદ્ધતિ સારી છે કે નહિ તે ચર્ચા કરવાનો લેખકનો ઉદ્દેશ નથી, પરંતુ આર્યભૂમિનિવાસી જનોમાં એ પદ્ધતિ સાનુકૂળ થઈ પડશે નહિ. આર્ય માતા પિતા તથા બાળક વચ્ચે એવા પ્રકારની પ્રેમગ્રંથી બાંધેલી હોય છે, ને બાળકને બાલ્યાવસ્થામાં પોતાનાજ સમક્ષ રાખી અભ્યાસ કરાવવાની પ્રાચીન રૂઢીથી તે પ્રેમ ગ્રંથી એવી સંઘટ્ટ થયેલી છે કે ને ગમે તેટલા પ્રયાસે પણ છૂટી પડવી અશક્ય છે. આર્યમાતા પોતાના બાળકથી વિમુખ થવાનું કાર્ય કષ્ટરૂપ માને છે. ઈંગ્રેજ કે જર્મનમાતા બાળક જન્મે છે ત્યારથીજ, તેને અલગ રાખેછે. આર્યમાતાને બાળક વિનાનું ઘર સૂનું લાગે છે. એટલે અમને લાગે છે કે **આર્યકિન્ડરગાર્ટન**માં આ તત્વની પણ ન્યૂનતા રહેશે. માતાઓ બાળકોની અવલોકનશક્તિઓ ખિલવવાનું માથે લે અને બાળકો દિવસના અમુક કલાક શાળામાં અનુભવી શિક્ષકો પાસે શિક્ષણ લે તો પૂર્વોક્ત તત્વની પૂરેપૂરી ખોટ જણાશે નહિ

કિન્ડરગાર્ટન તથા પ્રાથમિકશાળાનું સમિશ્રણ.

અમેરિકા તથા ઇંગ્લાંડમાં આ પ્રકારની શાળાઓ અદ્યાપિ પર્યંત જુની જુદી જોવામાં આવે છે. આ બે દેશોમાં આ બન્ને પ્રકારની શાળાઓ વચ્ચે દ્વેષભાવ વધારે જોવામા આવે છે. પ્રાથમિક-શાળા પોતાના શિક્ષણમાં જે ભાગ પડતો મૂકે છે તે કિન્ડરગાર્ટનશાળા પૂરો પાડે છે. અર્થાત્ કિન્ડરગાર્ટન તેમજ પ્રાથમિક શાળા એ એકજ ઉદ્દેશનાં બે ચઢતા ઊતરતાં પગથીયા છે તે વાત બંને પક્ષો ભૂલી જાય છે. આ વાત તો સો કોઈ કબુલ કરશે કે બાળક જન્મે છે ત્યારથી ત્રણ વરસનું થાય છે ત્યાં સુધી અનુભવ ને પ્રત્યક્ષ અવલોકનદ્વારા સૃષ્ટિનું જ્ઞાન, સંપાદન કરે છે. ત્રણથી પાંચ વરસ સુધીમા પણ તેને પોતાની અવલોકન, સંશોધક ને કલ્પનાશક્તિ વગેરે કેળવવાની છે. પરંતુ જ્યારથી બાળક નિશાળના ઓરડામાં બેસાય છે ત્યારથી અવલોકનશક્તિની કેળવણીને બહુજ થોડો અવકાશ મળે છે. માત્ર શ્રવણને પ્રાધાન્ય આપવામાં આવે છે. કિન્ડરગાર્ટનશાળા આ ન્યૂનતાને પૂરી પાડે છે. જ્યાંસુધી પ્રાથમિક શાળા એમ ન માને કે કિન્ડરગાર્ટનશાળા એ પોતાનુંજ એક અંગ છે ને જેવી રીતે યુવાવસ્થાની

સંપૂર્ણતાનો આધાર બાલ્યાવસ્થાની સંપૂર્ણતા ઉપર રહેલો છે, તેવી રીતે પ્રાથમિક શાળાની સંપૂર્ણ સ્થિતિનો આધાર કિન્ડરગાર્ટનશાળા ઉપરજ રહેલો છે. એવો દૃઢ વિચાર થાય નહિ ત્યાંસુધી પરસ્પર વિરોધથી બંને શાળાનું કદીપણ ધ્યેય થાય નહિ. સદ્ભાગ્યે આ ઉપાધિ આર્યકિન્ડરગાર્ટનમાં ઉત્પન્ન થશે નહિ; કારણ કે અત્યલ્પ શાલી મુંબઇ સરકારે પ્રથમથીજ નવાં ધોરણોની યોજનામાં પ્રાથમિક ને કિન્ડરગાર્ટન શિક્ષણપદ્ધતિનું સમિશ્રણ કરેલ છે. સરકારેજ આ કામ માથે લીધુછે, એટલે શિક્ષકો અથવા વ્યવસ્થાપકોમાં મતભેદ થવા સંભવ નથી બાજી ઇલાકાની સરકાર પણ આ યોજનાનુ અનુકરણ કરશે એટલે આર્યભૂમિમા તે મુશ્કેલી આવશે નહિ. આટલું તો કહેવુ જોઇએ કે હજુ કિન્ડરગાર્ટનપદ્ધતિનો અમુક અંશજ પ્રાથમિક શાળામા દાખલ કરવામાં આવ્યો છે, પરંતુ અમને લાગે છે કે તે પદ્ધતિના સારાં પરિણામનો અનુભવ થયા બાદ જે કિન્ડરગાર્ટનપદ્ધતિ પોતાના યથાર્થ સ્વરૂપમા સુધારાના શિખરે પહોંચેલા ને ઔદ્યોગિક કેળવણીના મીઠા ફળ ચાખનારા પૃથ્વીના બીજા દેશોમાં પ્રદર્શિત થાય છે તે દાખલ થશે ત્યારેજ આ દેશના બાળકોને તે સર્વોત્કૃષ્ટ પદ્ધતિના ઉત્તમ ફળો ચાખવાનો લાભ લેવાનો પ્રસંગ મળશે, અને ત્યારેજ દેશની ઔદ્યોગિક ઉન્નતિનો પાયો નખાયો ગણાશે અંતે આર્ય કિન્ડરગાર્ટનનું સંગીન શિક્ષણ આપી શકે તેવા શિક્ષકોનો અભાવ છે, કારણકે હજુ સુધી ટ્રેઇનિંગકોલેજમા તે વિષયને પ્રધાનપદ આપવામાં આવેલુ જોવામાં આવતું નથી. તો પ્રથમ તો ટ્રેઇનિંગકોલેજના પ્રોફેસરોએ આ પદ્ધતિનો સંપૂર્ણ અભ્યાસ કરવાની આવશ્યકતા છે, એટલે સારા શિક્ષકો તૈયાર થશે ને દેશમાં બાળકોની બધી શક્તિઓને સમાનરીતે કેળવે તેવી કેળવણી આપવાનું કામ શરૂ થશે. તથાસ્તુ. (અપૂર્ણ.)

કાશીરામ માગજી ઉપાધ્યાય બી. એ.
એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર.
સ્વસ્થાન પોરબંદર.

મી. ઍન્ડ્રૂ કારનેગી.

(સમૃદ્ધિ અને અંતઃકરણ બન્નેનો ધણી)
આ સાઠ ક્રોડ રૂપિયાને કયા ભલા કામમાં વાપરવા?

એક વિદ્વાનો પ્રખ્યાત કવિ શેખ સાદી ફરમાવેછે કે " તવંગરી મમતાને લીધે નહિ પણ અંતઃકરણને લીધે છે. " આ વિષયમાં જે સમૃદ્ધિવાન પુરૂષોએ ઇનામ દાખલ કરવામાં આ-

વે છે તે એટલા માટેજ સમૃદ્ધિવાન ગણાવાનો હકદાર નથી કે તે સાડ કરોડ રૂપિયાનો માલીક છે. તે એટલા માટે પણ પોતાને સમૃદ્ધિવાન કહેવડાવી શકે છે કે તે મૃત્યુ પહેલાં સાડ કરોડ રૂપિયા કોઇ ભલા કાર્યમાં વાપરવાની ઇચ્છા રાખે છે અને ડંકો વગાડી તમામ દુનિયાને સલાહ આપે છે કે કોઇ માણસ તેને આ ગંજાવર રકમ કોઇ મનુષ્ય જાતના લાભના કાર્યમાં વાપરવાનો ઉત્તમ રસ્તો બતાવે. એક મહાન વિદ્વાનનું કહેવું છે કે " ઉદારો પાસે દોલત હોતી નથી અને દોલતમંદોને ઉદારતાની શક્તિ હોતી નથી. " પણ મી. કારનેગી તેના વચનની કેદમાં આવી શકે તેવો નથી. અતિ ચડો સમૃદ્ધિવાન છતાં તે તેટલોજ ઉદાર અને ભલો છે. તેનું કહેવું છે કે " જે માણસ સમૃદ્ધિવાન મૃત્યુ પામે છે તે જાણે કે પોતાને માટે એક કંગાલ મોત પસંદ કરે છે, પણ હું તેવું કંગાલ મોત પસંદ કરતો નથી. " એટલા માટેજ તે મૃત્યુ પહેલાં તમામ પૈસો ખર્ચ કરી દેવા ઇચ્છે છે આજ પણ તે લાખો રૂપિયા બેધડક ખર્ચ કરતો જાય છે. આ ઉદાર કરોડપતિએ હમણાંજ કેટલાક કરોડ રૂપિયા સ્કાટલાંડની યુનિવર્સિટિઓને આપ્યા છે અને તે સિવાય યુનાઇટેડસ્ટેટ્સ અને ઇંગ્લાંડમાં સો કરતાં પણ વધારે લાયબ્રરીઓ સ્થાપન કીધી છે. તેની તમામ સખાવતો અને ભલી લાગણીઓનુ વર્ણન કરવા અત્રે જગો નથી. તેનાં લોઢાનાં કારખાનાં એવાં મોટાં ગંજાવર છે કે તેના મેનેજર મી. સ્વેબનો વાર્ષિક પગાર ૨૫ લાખ રૂપિયા છે કે જે કરતાં મોટો પગાર કદાચજ કોઇ બાદશાહને મળતો હશે. વાચક વર્ગને વિચાર ઉત્પન્ન થશે કે આ ભલા માણસે આટલી સમૃદ્ધિ કયાંથી મેળવી ? સાંભળોઃ—

તેને તેના બાપ દાદા તરફથી એક પૈસો પણ વારસામાં મળેલો નહોતો. આ તમામ દોલત તેણે પોતાની જાત મહેનતથી પ્રાપ્ત કીધી છે.

મી. કારનેગીની વય આ વખતે ૬૮ વર્ષની છે એથી અનુમાન પ્રમાણે તે વધારે આયુષ્ય ભોગવવા ભાગ્યશાળી થશે એમ આશા રાખી શકાતી નથી ધારો કે કદાચ તે નેવું વર્ષ સુધી હયાત રહે તો તેનો તેટલો તમામ વખત આ ક્રુએરબંડારથી મુક્ત થવાની કોશીશ કરવામાં વપરાઇ જશે. પણ તે સાથે એ પણ યાદ રાંખવું જોઇએ કે તે રૂપિયા ફેંકી દેવા ઇચ્છતો નથી. ભલામાં ભલા મનુષ્ય જાતના લાભના કામમા ખર્ચ કરવા ઇચ્છે છે.

શું તમો એમ વિચાર કરોછો કે ચાર કરોડ પૌંડની રકમ કેટલી ગંજાવર છે ? જો મી કારનેગી દર મિનિટે એક પૌંડ સખાવત કરવા ઇચ્છે અને રાત દિવસમાં એક સેકન્ડ પણ વિશ્રાન્તિ ન લે તો આ તમામ પૈસાની સખાવત માટે તેને ૮૦ વર્ષની મુદત જોઇએ. જો તે દર મિનિટે એક શિલીંગના હિસાબથી સખાવત કરવા ચાહે તો ૧૬૦૦ વર્ષની લાંબી મુદતમાં આ દોલતનો ભંડાર ખલાસ થઇ શકે.

ચાર કરોડ પૌંડ ખર્ચી નાખવાથી કાંઇ મી. કારનેગી ગરીબ થઇ જતો નથી. જો કે તેમ થઇ જવાની તેની બહુજ ઇચ્છા છે. તેની વાર્ષિક આવક ૨૦ લાખ પૌંડ એટલે દરગેજના ૫ હજાર પૌંડ બરાબર ૭૫ હજાર રૂપિયા છે. કદાચિત્ ચાર કરોડ પૌંડની રકમને હાથ પણ ન લગાવે અને પોતાની વાર્ષિક આવકનેજ સારાં કાર્યોમાં વાપર્યા કરે તો નેવું વર્ષની વયે પહોંચતાં સુધીમાં ૫ કરોડ ૬૦ લાખ પૌંડ ખર્ચ કર્યા બાદ પણ તે પ્રથમ જુજબજ ચાર કરોડ પૌંડનો માલીક રહેશે. ઇતિહાસોમાં આવો કોઇ દાખલો ભાગ્યેજ મળી શકશે કે એક એકલોજ માણસ આટલી મોટી ગંજાવર દોલતનો વારસો ધરાવતો હોય અને કોઇ પણ મનુષ્યના રોક ટોક સિવાય પોતાની સ્વતંત્રતાથી પોતાના મત પ્રમાણે ખર્ચ કરવાને ઇરાદો રાખતો હોય.

શ્રી કારનેગીને માત્ર એક આઠ વર્ષની પુત્રી છે. પિતાની બાદ હયાત રહેવાની સ્થિતિમાં પણ આશા રાખી શકાતી નથી કે તેને પોતાના આપની દોલતનો કોઇ મોટો ભાગ વારસામાં પડેલો છે શ્રી કારનેગીને એક પણ છોકરો નથી કદાચ હોત તો પણ તેને આ દોલતનો કાંઇ લાભ મળી શકત નહિ, કેમકે તે પોતેજ પોતાનો વિચાર જાહેર કરી ચૂકયો છે કે છોકરાની જીંદગી ગરીબીયાજ હોવી જોઇએ અને તેમને પ્રસંગ દેવો જોઇએ કે તેઓ પોતાના ભલા માટે પોતાની જાતથી મહેનત કરી પૈસો તથા આબરૂ મેળવી શકે.

તેણે જે મતલબ પૂછેલો છે તેનો જવાબ આપવાની દુનીયાના દરેક માણસને છૂટ છે. કેમકે તેમ કરવાથી શ્રી કારનેગીને તેથી મુક્ત થવાનો ઉત્તમ માર્ગ મળી આવવા સંપૂર્ણ સંભવ છે. તેની ઇચ્છા છે કે આ સોનાનો પાહાડ જરદીથી બરાબર પ્રમાણે ઠેકાણે પડી જાય.

પ્રથમ એ જાણવું પણ ઘણું જ અગત્યનું છે કે આ ચાર કરોડ પૈકી તેણે કેવી રીતે મેળવ્યા. એટલા માટે અમો તેના જીવનચરિત્રની મુખ્ય મુખ્ય બાબતો નીચે જણાવીએ છીએ

શ્રી. કારનેગી રકાટલેન્ડના ઇન વારેના ઐતિહાસિક પ્રખ્યાત શેઠ્ઠર ડંફીન આર્ટનના રહેવાસી છે. તેનો પિતા કાપડ વણવાનો ધંધો કરતો હતો એટલે કે વણકર હતો તે અતિ-મહેનત અને કરકસરિયાપણાને લીધે પોતાની જાતને આનંદમા ગુજારે તેમ કરી શકવાનો હકદાર જન્મ્યો હતો, પરંતુ કાપડ વણાટના યાંત્રિક કારખાનાં નીકળવાથી તેનો રોજગાર બિલકુલ પડી ભાંગ્યો હતો આ કુટુંબને લગતા સાધનોના ફેરફાર અને તેના સુધારાના સમયમા એન્ડ્રીવ ૧૨ વર્ષનો હતો ૪ મે ૧૮૪૫ ના એન્ડ્રીવનું કુટુંબ સ્વદેશ છોડી અમેરિકામા રહેવા ગયું ત્યાં બાપ દિકરો એક રૂના કારખાનામા નજીવા પગારની નોકરી ઉપર ગોઠવાઇ ગયા. એન્ડ્રીવની વય નાની તેથી તેને માત્ર નામનોજ પગાર મળતો હતો તે થોડી મુદત બીતા બાદ એન્ડ્રુઅનો ફાયરમેન મુકરર થયો કામ ઘણુજ સખ્ત અને જોખમનું હતુ પણ તેણે તેને ભવિષ્યમા લાભ મળશે એમ સમજી ઘણીજ હોંશિયારીથી તે બજાવ્યુ

હવે તેની ચડતીનો સમય ઘણોજ પાસે આવ્યો હતો બે વર્ષ બીતા બાદ અમેરિકાના એક કળાકોશલ્ય માટેના પ્રખ્યાત શેઠ્ઠર પિટ્સબર્ગમા તે તારના દફતરીખાતામાં નાની સરખી નોકરીપર જોડવાયો.

આ સુધરવાજ તેની તેને ભવિષ્યમા મળનારી દોલતનો પાયો નખાયો હતો ૫ વર્ષ વર્ષની વયે તેનો વાર્ષિક પગાર ૬૦ પૌંડ થયો એ સમયના તેની વયના છોકરા માટે આ મુશ્કેલીનો ઘણોજ સારો હતો. પેન્સલ્વેનીઆ રેલવે લાઇન કંપનીના એક ઓફીસરે તેની બુદ્ધિ અને હોશિયારીથી પ્રસન્ન થઇ તેને સાત પૌંડના માસિક પગારથી તારખાતામા કારકુનની જગ્યા પર નોમ્યો. એ રીતે દર મહિને બે પૌંડના પગારનો વધારો થયો.

જ્યારે ત્રીસ વર્ષનો થયો ત્યારે તેના પગારની રકમ સાઠો પૌંડથી અલબત્તલ થવા લાગી ચરિત્ર ઘણું મોટું છે પણ કુંકામાજ મોટા બનાવો ઇશારા તરીકે કહી તેટલા પરજ સંતોષ ધરવામાં આવશે

થોડી મુદત બીત્યાબાદ શ્રી. કારનેગી પેન્સલ્વેનીઆ રેલવે લાઇન કંપનીનો સુપરીન્ટેન્ડેન્ટ મુકરર થયો. આ વખત સુધી નદીઓ અને નહેરો ઉપર લાકડાના પુલો બનતા હતા. આ કંપનીએ સૌથી પહેલે લોઢાના પુલો કુબા કરવાનુ માન પ્રાપ્ત કર્યું. (અપૂર્ણ)

ઢાબા.

નાનાં બચ્ચાં માટે વાત.



નવો કોટ (ડગલો.)

એક નાનો છોકરો હતો. તેની મા ઘણી ગરીબ હતી તેથી તેને માટે નવાં કપડાં તે લેઇ શકતી નહોતી. આ છોકરો ઘણો સારો હતો. તેને ફૂલ જોવાં ઘણું ગમતાં હતાં ને જનાવરો ઉપર તે ઘણું હેત રાખતો હતો. કોઇ નાનુ પેટું તેના જોવામાં આવે તો તે તેને ખવડાવતો હતો; અને કોઇ પંખીનુ બચ્ચું તેના માળામાંથી પડી ગયું હોય તો તેને ઉડતાં આવડે ત્યાં સુધી તે તેની સંભાળ રાખતો હતો.

હવે એમ કરતાં કરતાં એક વખત એવું થયું કે તેનો કોટ ઘણો જૂનો થઇ ગયો તથા તેમાં કાણા પડી ગયાં. શિયાળો પાસે આવવા લાગ્યો ને તેની માએ બીજો કોટ લેઇ આપ્યો નહિ.

એક દહાડો તે બેતરમાં ગયો ને ત્યાં બોર વીણતો હતો તેવામાં તેને એક ઘેટાનું બચ્ચું મળ્યું. તેણે તેને પૂછ્યું; " તમારો નાનો ડગલો ક્યાં છે ? "

છોકરે દિલગિર થઇને જવાબ દીધો તે તો ફાટી ગયો છે. " તે સાંભળીને ઘેટાના બચ્ચાએ કહ્યું: " તમારે ડગલો નથી તે જોઇ મને ઘણી દિલગિરી થાય છે, પણ તમે મારા પર માયા રાખતા હતા તેથી હું તમને મારું ઊન આપું છું તેનો નવો ડગલો બનાવજો. "

પછી પેલા ઘેટાએ પોતાના શરીર ઉપરથી ઊન ખેંચીને પોતાના નાના ભાઇબંધને આપ્યું. તે લેઇને તે છોકરો દોડતો દોડતો જતો હતો એવામાં એક બોરડીના જાળાએ તેને પૂછ્યું. " તમે આ શું લેઇ જાઓ છો ? "

છોકરે કહ્યું. " નવો ડગલો બનાવવાને ઊન લેઇ જાઉંછું "

" ત્યારે તો તે મને આપો એટલે હું તમને પીંજી આપીશ. " પછી પેલા કાંટાવાળા ડાળી આમતેમ હાલવા લાગી એટલે બધું ઊન પીંજાઇને સાફ થયું પછી પેલા બલા જાળાએ કહ્યું કે " લ્યો ભાઇ, આ તમારું ઊન. સંભાળીને લેઇ જજો કે બગડે નહિ "

રસ્તે જતાં ઘણી છોકરીએ એક કરોળિયાની જાળ દીઠી કરોળિયો તેની વચમાં બેઠો હતો. કરોળિયો તેને જોઇને બોલ્યો કે " તમારું ઊન મારી પાસે લાવો, હું તેના દોરા કરી આપીશ ને કપડું વણી આપીશ. તમે એકવાર મારો જીવ બચાવ્યો હતો તે હું ભૂલી ગયો નથી. તમારે માટે મારે કાંઇ કામ કરવું ઘટે છે. "

એમ કહીને તે કરોળિયે પોતાના પાતળા લાંબા પગવતી ખૂબ મેહેનત કરવા માંડી અને કેટલીકવાર પછી એક સુંદર ઊનનું કપડું તૈયાર કરીને તે છોકરાને આપ્યું.

કપડું લેઇને તે આનંદી છોકરો ગાતો ગાતો આગળ દોડ્યો તે એક પાણીના વેરેળા આગળ આવી પહોંચ્યો ત્યાં એક મોટો કાચલો પડેલો હતો તે તેને જોઇને બોલી ઉઠ્યો. ઉભો રહે છોકરા, આટલો બધો ઉતાવળો કેમ દોડે છે ? તારા હાથમાં તું શું લેઇ જાય છે ? "

છોકરે કહ્યું: " નવો ડગલો કરવા માટે કપડું. "

" સાર હું વેતરી આપું. " એમ કહીને કરચલે પોતાના પગની લાંબી કાતરોવડે માપના કાપ મારી કોટ વેતર્યો. પછી તે બોલ્યો: " હવે ઝાડે સીવનાર રહ્યો, "

એટલામાં ઝાડની ડાળી ઉપર એક પક્ષી બેઠું હતું તે બોલી ઉઠ્યું: " હું મીઠી આપુ છું. પછી તે પક્ષીએ એક લાંબો દોરો ચાંચમા લીધો અને આમતેમ ઉડવા લાગ્યું આવી રીતે ચાર વતી કાપ્યા પાડી દોરો પરોવીને ડગલો તૈયાર કરી આપ્યો

પછી તે ડગલો પેલા નાના છોકરાએ પહેર્યો ને પોતાની માને બતાવવાને ઘર ભણી દોડ્યો. (રફૂ. નૂ. ઉપરથી.)

બાળકોનું ભાષણ.

બન્યાં થયું એ કાંઇ હાસીખેલ નથી !

ભાઈ, બન્યા થયું એ કાઇ હાસીખેલ નથી. તમે તો જુઓ છો કે બન્યું ખાય છે ને દુઃ છે. ને કાઇ કામ કરતુ નથી તમે ધારતા હશો કે તેને તો મઝા છે પણ મને કહેવાની રજા આપો કે એમ સમજવામાં તમે મોટી ભૂલ કરો છો તમારે સવારમા મઝાની ઊંઘ કરેવી હોય તે વખતે તમને બગાડવામાં આવે ને તમને ગમે કે ? તમારા કપડામા એકાદ ડાઘો બરાબર રહ્યો હોય અને તે ભરે તમને મૂવાજી દેવામા આવે, તે ડાઘો તમારા શરીરમા બોકાય અને તમે રડવા માંડો, ત્યારે તમને હસિકા નાખવામા આવ, આ બધું તમે સહન કરશો કે ? વારૂ કહો તો બન્ય કે એક મોટો બચ્ચર આવીને તમારા નાક ઉપર બેસે અને તેનો બારીક લાબો ડખ તમને મારે, તેને ઉડાવવાની તમારા નાના બચ્ચા હાથમા તાકાદ નથી, તે વખતે તમે શું કરશો ? બાલજો, બાલજો; એક ઓરડામા ઘોડિયુ છે તમને તેમા એકલા સવાડયા છે. અને તમે ઊંઘી ગયા હો એમ જાણો મા બહાર ગઇ છે એવામા એક મોટુ બીબાકું તમારી સામે આવી બેસે છે અને તેની પીળી પીળી ચળકતી આખોયો તમારા સામે તાકીને જુએ છે તમને તે વખતે કેવું લાગશે ? વળી બાલજો તમે સેતરજી પર બડયા હો અને તમારા સામે એક ચળકતી મઝાની ટાકણી પડી છે તમને તે લેવાની મરજી થાય છે તેથી તમે પેટે ઘસડાતા ઘસડાતા ત્યા જાઓ છો. તમે તેને હાથમા ઝાલો છો કે તરત જ તે તમારી પાસેથી ખુચ્યાની લેવામા આવે છે ! તે વખત તમે રાજી થશો કે ? શું કોઇ પણ બચ્ચાને ગુસ્સે કરવાને એટલું શમ નથી ? તમારા પેટમા દરદ થતું હોય ને તમે રડવા માંડો ત્યારે બીજાં બધા કહેશે કે, ' છોકરૂં આડું છે ! ' તે વખતે તમને શું થાય છે ને તમે મોઢેથી કહી શકતા નથી, પણ બરૂ બોલો, તમે કેવો વિચાર કરશો ? તે બધું બચ્ચા સહન કરે છે. અને માટેજ હું કહું છું કે બચ્ચા થવું એ કાઇ હાસીખેલ નથી.

બુદ્ધિવર્દ્ધક પ્રશ્નમાળા.

(બાલ વિદ્યાર્થીઓ માટેજ.)

૧. એક મુસાફર કેટલાએક રૂપિઆ લઇને દેશાવર જવા નીકળ્યો પછી પોતાની

પાસે જેટલા રૂપીઆ હતા તેમાંથી એક ૧ રૂપીઓ શહેરમાં પેસતાં બ્રાહ્મણને આપ્યો. બાકી રહ્યા તેનો ½ શહેરમાં વાપર્યો. અને પાછા નીકળતાં એક રૂપિઓ ફરી બ્રાહ્મણને આપ્યો. એવી રીતે ત્રણ ગામ ફરતાં છેવટે એક રૂપિયો રહ્યો. ત્યારે તે કેટલા રૂપિયા લેઇને નીકળેલો ?

૨. કેટલાએક સરખા ક્રમિક અંકનો એવો એક ચોખુણ કરો કે, તેમાંના આંકડા ઉભા અથવા આડા ગણિયે તોપણ તેનો સરવાળો ૫૦ આવે.

૩. એક જણે કહ્યું કે,—એવા ૨૭ નામ છે તેમાંથી ૯ બાદ કરીએ તો બાકી ૯ રહે-ધૂળ ઉડે–તો તે નામ કયાં ?

૪. ૧૦ ફૂલઝાડનાં કુંડાં છે તે પાંચ ઓળમાં એવી રીતે ગોઠવો કે દરેક લારમાં ૪ કુંડાં આવી શકે.

સૂચના:—જવાબ સારા ફકતે કાગળની એકજ બાજુએ લખી માર્ચ માસની આખર તારીખ સુધીમાં મોકલી આપવા. પોતાનું નામ, ઠામ, સાફ ચોખ્ખા ફકતે લખવું. કુલ બધા જવાબ મોકલનારામાંના ચાર જણાનેજ (જવાબ અગાઉ આવશે તેને) ચાર ચાર આનાનું ઉપયુક્ત પુસ્તક ભેટ આપવામા આવશે. ચાર પ્રશ્નોમાથી એકે પણ પ્રશ્નનો જવાબ ખરો હશે તો " પ્રથમ પુષ્પ " નામની ચોપડી ભેટ આપવામા આવશે; પરતુ જેનો એકે પ્રશ્ન ખરો નહિ હોય તેને કંઇપણ ભેટ મળશે નહિ. પ્રશ્નવાળા કાગરમાં ટ. ખ. માટે અર્ધા આનાની એક ટીકીટ મોકલી આપવી. જવાબ સાથે ટીકીટ નહિ હોય તેને કંઇ પણ ઇનામ મળશે નહિ.

ઠેકાણું મુ. એના
પોષ્ટ પાલસાણા } જી. કે. ગોળવલકર માસ્તર.

चर्चापत्रना खुलासा.



ભાદ્રપદ માસના ચર્ચાપત્રનો ખુલાસો.

૧ દારીન–ટાટ. ઉપયોગ:—

ઝાપપંખા, પાકીટ, આરામ ખુરસીઓ અને ગાડી વગેરેમાં જડવામાં વપરાયછે.

બનાવટ– દેશીવણકરોની શાળની મદદથી લાલ, આસમાની વગેરે રંગોના સુતરથી બનાવે છે.

દીવેટી–દીવેટ જેવા.

ઉપયોગ–આમળાવાળા રૂમાલ, ચાદર અને માળા ઉપર જડવાની છત વગેરેમાં વપરાય છે.

બનાવટ–ત્રણ ત્રણ કે બધ્ધે તાર એકઠા કરી તે વડે ચાલુ વણાટમાં ઉપસે એવી ભાત પાડતા જાય છે. પછી તેમાં ફૂલ, ઝાડ અને વેલ વગેરે પાડે છે.

બાણી—સુતરાઉ વણાટ છે.

બનાવટ, ચશ્મામાં કહેવાથી કંઇ લાભ નથી. પ્રત્યક્ષ જોવાથી સહજ સમજાય છે.

સુજનીઓ—આ કાપડ ચોખા બોકોનાં કપડાને મળતું છે ઉપયોગ—પાસાતંડી, મૂડો, પેટી વગેરે થઇ શકે છે

બનાવટ, ઉપર નીચે તાર અને વચમા ૨ એ રીતે સળંગ તારોના પ્રથમથી અંત સુધી એક સરખું વણાતું જાય છે. તેનું પોત બહુ પોચું અને સુંવાળું હોય છે

૨ જગત્ મુખિર—કાઠિયાવાડ અથવા હિંદુસ્થાનનું પશ્ચિમ બિંદુ છે.
બેટ—એ " શંખોદ્ધાર " બેટનું નામ છે

૩ મહમદ બેગડાએ બે મહેમદાવાદ વસાવ્યાં છે, ૧ ચાંપાનેરની પડખાં, ૨ વાત્રક નદીથી પોડે દૂર કાલ છે તે,

ચાંપાનેરની પાસેનું મહેમદાવાદનો ખાબળો નાશ થયેલો છે, ચાંપાનેરથી અર્ધો મેલ ઉપર આ શહેરના ખંડેર નજર આવે છે, તે જોવાથી અસલ આ સ્થળે મોટું શહેર હશે એમ ધારવું થાય છે

૪ આતરણલ્—ભાવવાચક નામ. (પદવીનું નામ છે)

૫ બેદિક્ત—સદર. ૬ વિશ્વાસ અને ભરોસો. ૭ બેદિક્ત અને વગર તરજુમી.

આ શબ્દોનો ખ્રીસ્તીના પાકની છે. તે પાછો ઇંગ્રેજી ખ્રીસ્તીનામાનું ટ્રાન્સલેશન છે. ઇંગ્રેજી બાયબલ વિશ્વાસને માટે Trust અને ભરોસાને માટે Confidence વગેરે શબ્દો છે પણ ખરું ઉપરથી જોતા સમાન છે નો પણ તરજુમો કરતી વખતે એ બે શબ્દો વચ્ચે " and " આવવાથી " અને " થકી જુદા ભાવના પડેલા હોવા જોઇએ.

એજ પ્રમાણે બીજા પણ શબ્દનું છે.

૮ વેસરાય— ગવર્નર જનરલ—એ હિંદુસ્તાનના રાજ્યાધિકારીનો હોદ્દો છે.

૯ કેટલાક વિશેષણો અને અવ્યયો ક્રિયાપદનો ગુણ બતાવેછે ત્યારે વિશેષણ અને અવ્યયનું પદચ્છેદ કરવા વિષેની શંકાનું નિરાકરણ કોઇ વિદ્વાન ગૃહસ્થ કરશે તો વધારે સ્પષ્ટ થશે. *

૧૦ વિશેષનામ કોઈ પ્રસંગે સામાન્યનામ અને સામાન્ય નામ કોઇ પ્રસંગે વિશેષનામ થઇ શકે છે. (જુઓ હરગોવિંદદાસકૃત વ્યાકરણ ક ૬૨)

૧૩ છઠ્ઠી વિભક્તિ સંબંધ બતાવે છે, માટે આગળના શબ્દની જાતિ પ્રમાણે નો, ની, નુ, ના, ના. થાય છે " એથી વિશેષ કંઈ કરવું પડતું નથી.

૧૪ " સાદેશ્ય લોકનો ચમચા તથા કાંટાવતી ખાતા જોઇએ છીએ " તેમા ચમચા અને કાટાની છઠ્ઠી વિભક્તિ ગળવી (જુઓ ૬ કૃ. બા. ૨૫૨) અને બદલે શબ્દયોગી અવ્યય ગળવો. કારણ કે-" વડે " એ પ્રત્યય નહિ પણ શબ્દ છે. (જુઓ ૬. કૃ. બા ક. ૨૫૬ નો છેલ્લો પેરેા.)

૧૫ મોટા ગણિતનું અ. ૨૫ મું અપૂર્ણાંક અને ત્રિરાશી થઇ ગયા પછી શીખવવાથી શિક્ષક થોડી મહેનતે વિદ્યાર્થીને શીખવી શકશે.

---

* હરગોવિંદદાસકૃત વ્યાકરણમાંથી અવ્યયનું પ્રકરણ જોઇ જુઓ.—એડીટર.

૧૬ ૫ હાથ=૯૯ ઇંચ પ્રમાણે ગણતા ૧ ચો. વેંત=૯૮.૧ ચો. ઇંચ થાય છે અને કોષ્ટકમા ૧ ચો. વેંત=૯૮ ચો. ઇંચ લખેલું છે."

૧૭ આપણે અહીં જે આદી કોપી લખાય છે, તેમા શબ્દોને યોગ્ય પ્રમાણમાં સમાવવાનો, અસલ પ્રમાણે અક્ષરોની લંબાઇ પહોળાઇ રાખવાનો, મરોડ સુધારવાનો, આકડાં શીખવાનો, સ્વચ્છ અને દમ પ્રમાણે લખવાનો, અને અક્ષરોની નકલ કરતા શીખવાનો વગેરે હેતુ સમાયેલો હોવો જોઇએ

લાલની સાદી કોપી પ્રેસમા લીથોઓ અને બાના દોગલને આવે છે, તેથી ધારેલો હેતુ ઘણેક અંશે પાર પડે નહિ, તોપણ તેમા લાલ રંગથી અસલ પ્રમાણે શબ્દોના બાના પડાવવામા આવે છે એ ઠીક છે

મોહનલાલ સદાશિવ ભટ્ટ.
આસિ. માસ્તર સ યુ. શાળા નં. ૨ વડોદરા.

રાત્રીએ મેઘધનુષ્ય !

આપણે અહીં ચોમાસાના દિવસોમા કોઇ કોઇ વખત સવારે અને સંધ્યામગે આકાશમા સુદર રંગ બેરંગી ધનુષાકૃતિ (કે જેને આપણા લોક ગમ્મ તાણ્યો છે એમ કહે છે તે) આપણા જોવામા આવે છે તેને મેઘધનુષ્ય અથવા ઇંદ્રધનુષ્ય કહે છે.

આવા પ્રકારનું મેઘધનુષ્ય તો મૈા કોઇના દિઠામા આવ્યું હશે. અને તે ઘણે ભાગે દિવસે જોવામાં આવે છે એ ઉપરથી એમ ન જાણવુ કે ફકત તે દિવસોજ થાય છે, તેનો ચમત્કાર કોઇ કોઇ વખતે રાત્રીએ પણ જોવામા આવે છે

મૈા કોઈના જાણવામા છે કે સૂર્ય એ એક પ્રકાશિત ગોળો છે અને તે પોતાના કિરણોવડે સઘળી વસ્તુને પ્રકાશિત કરે છે, તેજ પ્રમાણે દિવસે વરસાદ રહી રહીને પડવાથી તેનાં બિંદુઓમાં થઇને સૂર્યના પ્રકાશિત કિરણો પસાર થતા તેમનુ વક્રીભવન અને પરાવર્તન થવાથી તે બિંદુઓના જુદા જુદા રંગ અને આકાર આપણને ધનુષાકૃતિમા માલમ પડે છે. તેનેજ આપણે મેઘધનુષ્ય કહીએ છીએ. જેમકે:—દિવસે આપણે સૂર્ય સામું જોઇએ છીએ તો આપણી આંખોમાથી પાણી નીકળે છે અને તેથી આપણે સૂર્યના કિરણોને રંગ બેરંગી જોઇએ છીએ, તેવીજ રીતે આ પણ બને છે, અને જેવી રીતે દિવસનું મેઘધનુષ્ય થાય છે તેવીજ રીતે રાત્રીએ પણ થાય છે ફેર માત્ર એટલોજ કે ચંદ્ર સૂર્યના તેજથી પ્રકાશિત થાય છે, અને તેથી તેમાથી પણ સૂર્યની પેઠે કિરણો તો પડે છે પણ તે કિરણો સૂર્યનાં કિરણો જેટલા ગરમ હોતા નથી, એટલે તેની સામે આપણે જોઇ શકીએ છીએ. આ પ્રમાણે તે કિરણો ઉપર કહ્યુ તેમ પાણીના બારીક કણોમાં થઇને પસાર થવાથી રાત્રીએ પણ મેઘધનુષ્ય જેવો સુદર આકાર થઇ આપણા આંખને રમણીય લાગે છે.

આપણે ઉપર કહી ગયા છીએ કે દિવસે થયેલું મેઘધનુષ્ય તો બધાના જોવામાં

આવ્યું હશે તે સૂર્યના કિરણોથી દેખાય છે પણ રાત્રીએ ચંદ્રના પ્રકાશથી પ્રકાશિત થયું મેઘધનુષ્ય પશ્ચાત્ય લોકોમાં આવ્યું નહિ હોય. આખો દિવસ પુષ્કળ વરસાદ થયા પછી જ્યારે સંધ્યાકાળે તે બીલકુલ બંધ થઈ જાય છે તેવે પ્રસંગે આ મેઘધનુષ્ય જોવામાં આવે છે આવું મેઘધનુષ્ય એક વખતે તા. ૪ છ ડિસેમ્બર સને ૧૮૪૫ ના રોજે હબેસાઇના ચેતાંચર પ્રાંતમાના નાર્ધ્યાંત નામના ગામમાં થયું હતું, પણ તે થતા પહેલાના દિવસે પશ્ચાત્ય જોસથી વરસાદ થયો હતો તે દિવસના વીજળીઓના ચમકારા, મેઘની ગર્જના અને વરસાદનું પૂર જોસથી પડ્યું. એ બધાએ બાળ લોકો ઉપર એવી તો નિર્દયતા વાપરવા માંડી કે " ન મૂર્ત્તે ન સ્થિરતિ " આ પ્રમાણે સતત પાંચ વાગના સુધી તોફાન સાથે વરસાદ ચાલ્યો. ત્યારપછી સંધ્યાકાળ થવા આવી એટલામાં તો વરસાદ બંધ થયો હોય તેમ એકદમ બંધ થઈ જઈ વિશ્રાંતિ લેવા બેઠો. અને સાંજ પડી એટલે ધીરે-ધીરે વાદળામાં છવાયેલો ચંદ્રમા પોતાના પૂર બહારથી ધીરે ધીરે દર્શન આપવા લાગ્યો એટલામાં તેની સામેની બાજુએ આકાશના ભીન્ન ભાગમાં સુંદર ને રંગોથી ચિત્રાયલું મેઘધનુષ્ય પણ દેખાવા લાગ્યું જોકે આ વખતે તેના સઘળા રંગો પૂર્ણ રીતે દેખાતા નહોતા તોપણ તે જોનારને કાંઈ વિચિત્ર આહ્લાદ આપતું હતું. પછીથી ચોરાજ વખતમાં તેણે પોતાના પૂરેપૂરા રંગો દેખાડવા માંડ્યા અને પોતાના તેજવડે આખુ આકાશ પ્રકાશિત કરી નાખ્યું. આ પ્રમાણે રાત રાત્રિએ અપૂર્વ અને ચિત્તાકર્ષક દેખાવ જોઈ સઘળા નગરવાસી લોકો આશ્ચર્યતામાં મગ્ન થઈ જઈ હર્ષમાં પરમેશ્વરની અગાધ લીલા વિષે તેના ગુણનું ગાયન કરવા લાગ્યા અને કેટલાક તો તે ઉપર કવિતાઓ જોડવા મંડી ગયા. કેટલાક તો ચાકારંગેજ કરવા લાગ્યા.

આ પ્રમાણે ધીરે ધીરે તે ધનુષાકૃતિ એટલી મોટી થઈ ગઈ કે તેમાંના જુદા જુદા રંગો સ્પષ્ટ દેખાવા લાગ્યા અને આકાશમાં આ ધનુષાકૃતિથી જે ભાગ અર્ધ ગોળ જણાતો હતો તેની વચ્ચે વચ્ચે કેટલાક તારાઓ પણ ચમકતા હતા, જેથી લાગે કે કોઈ ચિતારાએ તેના સુંદર રંગોથી નકશી કામ કર્યું હોય, તેમ જણાતું હતું. તેમજ ધનુષ્યની બાજુમાં પણ કેટલાક તારાઓ પોતાના હમેશના રિવાજ પ્રમાણે પ્રકાશી રહ્યા હતા. તેમાં વળી ધ્રુવનો તારો તો કાંઈ અપૂર્વ તેજ બતાવતો હતો. પણ કમનશીબે તેવો સુંદર દેખાવ ઝાઝી વાર ટકી રહ્યો નહિ, કલાક અર્ધા કલાકમાં તો તે ધનુષ્યની બે કમાનો એકદમ ઓછી થઈ જઈ પોણાજ વખતમાં આ દેખાવ હતો ન હતો થઈ ગયો અને તરતજ આકાશમાં પાછાં વાદળાં છવાઈ ગયાં અને સઘળે અંધકારમય થઈ ગયું.

આ જોઈ સર્વને આનંદ થાય એમાં કાંઈ વિશેષ આશ્ચર્ય નથી; પરંતુ આપણોઓએ એ ઉપરથી એવું સમજવું જોઇએ કે એ પણ પરમેશ્વરના અદ્‌ભુત ચમત્કારમાંનો એક છે બધી, બીલ ઉપર અવલંબી રહેનાર માણસને પણ આવા ચમત્કારથી સારૂ જ્ઞાન મળેછે એટલે કે જે કોઈ રસ્વપરાયણે કરીને આ ચમત્કારમાં ઉદય પામે છે તે ઘણા વખત સુધી ટકા રહેછે અને જે બીલની ઉપર આધાર રાખેછે તેનો મેઘધનુષ્યની પેઠે બોરાજ વખતમાં નાશ થાય છે, એ ખૂબ ધ્યાનમાં રાખવા જેવું છે.

K. C.

ઇબારતરચના માટે વાત.

બહુભાષાભિજ્ઞ મનુષ્ય.

એક કુંડી કરીને એક છોકરો હતો. તેનો બાપ સુથારનો ધંધો કરતો હતો અને પોતાનો છોકરો પણ એજ ધંધો કરે એવી તેની ઇચ્છા હતી, પણ એક ધર્મોપદેશકના કહેવાથી તેણે તેને ધર્મનો ઉપદેશ કરવાનું કામ શીખવા મોકલ્યો આ છોકરાનો વિદ્યાભ્યાસ પૂરો થતા પહેલાંજ તેને લૅટીન, ગ્રીક, હિબ્રુ, અરબી, સ્પેનિશ, ફ્રેંચ, જર્મન, સ્વિડિશ, એ-ઢલી ભાષાઓ સારી પેઠે આવડી આ છોકરો ૨૨ વર્ષની ઉમ્મરનો થયો ત્યારે તેને અરબી ભાષાના પ્રોફેસરની જગા મળી અને થોડા દિવસમાં યુનિવર્સિટિની ભાષાનો પ્રોફેસર થયો. ગામડો ગોરસ કરીને એક જર્મન વિદ્યાર્થી હતો તેના વિષે સન ૧૮૪૧ માં એવું લખ્યું છે કે તેને ગ્રીક, લાટીન, ઇટાલીયન, ફ્રેંચ, જર્મન, સ્પેનિશ, પોર્ટુગીઝ, ઇંગ્લિશ, ડચ, હંગેરિ-યન, ઓહિબ્રિયન, પોલિશ, સર્વિયન, ટર્કિશ, ઐરીશ, વેલ્સ, આલ્બેનિયન, બલ્ગેરિયન, ઇલીરિયન, વાલેશિયન, સંસ્કૃત, પર્શિયન, હિબ્રુ, આરબેનિયન, આરેબિક, સિરિઅક, સામા-રિયન, આમરીશ, ઈથિઓપિક, અબિસિનિયન, એંગ્લોશ, અમારિક, વગેરે ભાષાઓ ઉત્તમ આવડતી.

કાર્ડિનલ પાઆજમેન એણે એવું લખ્યું છે કે જ્યારે કોઇ પોર્ટુગીઝ માણસ તેની જોડે બોલે ત્યારે તે પોર્ટુગીઝ છે એમ લાગતું; તે અંગ્રેજી બોલે ત્યારે અંગ્રેજ છે એમ લાગતું. આ પ્રમાણે ને કોઇ પણ દેશના માણસની જોડે વાતચીત કરે એટલે તે દેશના માણસને એવું લાગતું કે આ આપણો દેશી કોઇ તેની જન્મ ભાષા પણ તેજ છે આ બહુભાષા-ભિજ્ઞ માણસ સને ૧૮૪૫ માં મરણ પામ્યો, તે વખતે તેને ઓછામાં ઓછી ૭૦ થી ૮૦ ભાષા આવડતી હતી. N.

ગાયકવાડ સરકારનું દેશી કેળવણીખાતું (ઇનામપત્રકો).

ગયા અંકથી ચાલુ.

૭ વડનગર સ. ગુ. ક. શેડ. મોહનભાલ હિંમતદાસે ૫-૦-૦. પતાસાં ૧-૪-૦ કપડાં ૩-૧૨-૦ વહેંચ્યા. ૮. સીપોર સ. ગુ. શા. શા. લલ્લુ ગમજીએ ૨-૦-૬, શિક્ષકોને ૧-૮-૦ તથા ગોળધાણા ૦-૮-૦ છોકરાઓને વહેંચ્યા ૯. સુદીયા ,, વ્યાસ આણંદરામ હાપેશ્વરદાસે ૧-૦-૦ સકર વહેંચી ૧૦ મિહપુર સ. ઉ. કં. શા. દરજી છગન અંબારામે ૧-૦-૦ પતાસા વહેંચ્યાં ૧૧. ઉંઝા સ. ગુ શા. સદ્‌ગૃહસ્થોએ ૧-૮-૦ ,, ૧૨. ,, સ. ગુ. કં. શા. હેડમીસ્ટ્રેસ પરસન સુનીતાલે ૧-૮-૦ છીંટ વહેંચી. ૧૩. ,, રાની શા. શેઠ છો-ટાલાલ રવીકચ્છદાસે ૧-૦-૦ ગરીબ છોકરાઓને બક્ષીસ કર્યો. ૧૪. ઉપેરા સ. ગુ. શા. શેઠ. આદીતરામ નથુરામે ૨-૦-૦. ગળ્યો ૧-૦-૦, પતાસા ૧-૦-૦ વહેંચ્યા. ૧૫. મેહુસાણા, શેઠ.

અમથારામ ઠનેચરે ૨-૮-૦, ૨-૦-૦ પતાસાં, ૦-૮-૦ ગોળધાણા વહેંચ્યાં. ૧૬. પાંચોટ,, માધા પુરસોતમે ૧-૦-૦ પુખનો વહેંચ્યા. ૧૭. લીંચ,, શાહ ઠક્કારલાલ અમથાલાલે ૧-૮-૦, પતાસાં ૧-૦-૦, ગોળ ધાણા ૦-૮-૦ વહેંચ્યાં. ૧૮. ધોળા,, મેહતાજી નરસિંહ મોહનભાઇએ ૧-૦-૦ ખાડ વહેંચી ૧૯. વમાણ ,, શાસ્ત્રી શીવશંકર હરિપ્રસાદે ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૨૦ ચરાડા ,, પીરા પોળવાડ વાણીયાનાં પચે ૧-૦-૦ ,, ૨૧. દેકેમાબ ,, શા. નરોતમ ખેમચંદે ૧-૦-૦ ,, શા. નાનચંદ એ ત્રણસે ૧-૦-૦,, ૨૨. આલરસુબા ,, ગે રવા- જી મી કનૈયાલાલ મહારાજ ગોકુળવાળા તરફથી ૧૦-૦-૦ ગમદળ વહેંચ્યું. ૨૩ ,, સ. ગુ. ક. શા. સદર ૫-૦-૦ ,, કુલ ૮૭-૧૨-૩. એકંદર કુલ ૨૨૮-૮-૩.

તૈયાર કરનાર કારકુન
મોતિંગ કાળીદાસ.

Joyshanker P Joshi.
દલસુખ. વિદ્યાવિહારી વતી.

નવસારી પ્રાંત (ગ્રામ્ય શાળાઓ)
આઠે ડીરેક્ટર ૧૯૦૨ ના માસ ખર્ચ

૧ અમલસુપુર તા. ૧૮-૧૨-૦૨ ગામના ગૃહસ્થો તથા મહેતાજી ૧-૮-૦ છોકરાઓને ખાડ, પતાસા અને બીટ વહેંચી. ૨. સીમોદરા પરીક્ષા વખતે ગામ લોકોએ ૦-૮-૦ છોકરાઓને સાકર ૩. ઇંટી તા. ૧-૧-૦૩ મેમ્બર લોકોએ ૦-૮-૦ દીવની દરબારના ઉસ્તાદ બક્ષ છોકરાને ખાંડ. ૪ કુવેદ તા ૨૮-૧-૦૩ ગામ લોકોએ ૦-૮-૦ છોકરાને ખાડ

પ્રેમાનંદ ધોળીદાસ પટેલ.

અંબુભાઇ દાજીભાઇ કારકુન. ઇપુટી ગોલ્યુકેશનલ ઇન્સ્પે નવસારી પ્રાંત.

નવે ખર્ચ ૧૯૦૨.

વડોદરા પ્રાંત.

૧. પેટલાદ સ. ગુ. શા હરકોર ડાહ્યાલાલ છોટાલાલે ૩-૮-૦ પાણી પાવા માટે ખર્ચ. ૨. સદર ગુ કન્યા. શા. પરી. ખુશાલદાસ નારણદાસે ૩-૪-૦ સદર ૩. સદર ઉંદુ શા બગીચાદાર. સૈયદ આલીમીયા એહેમદ અલી તથા માળી કેશવદાસ ગોપાળ ભણીને ૧-૮-૦ સદર ૪. સોજીત્રા સ ગુ શા. પા. ખુશાલભાઇ ભાયુછઓ ૧૦-૦-૦ મરીજ પારીદાર વિદ્યાર્થીને ભણવાના સાધન આપવાના ફંડમા આપ્યા પા. તળગીજ ઇ મુળજીભાઇએ ૫-૦-૦ સદર. ૫ મિટ્ટેળાવ સ. ગુ. ક શા. પા. રાવજીભાઇ ખુશાલભાઇએ ૧-૦-૦ સુખડી વહેંચી. ૬. બાકરોલ સ. ગુ. શા. મારફત. કાળીદાસ જેઠાભાઇએ ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૭ પીજ સદર બની. મુળજી કરણાજીકરે ૨-૦-૦ સદર ગામ લોક તરફથી ૨-૦-૦ સદર ૮. સદર ગુ. કન્યા. શા. બની. મૂળજી કરણાજીકરે ૧-૦-૦ સદર. ૯. સિદોલ સ. ગુ. શા. ગામના સદગૃહસ્થોએ ૧૨-૦-૦ છોકરાઓને ભણવા આપ્યું. ૧૦. વડાદલ સદર વહોરા અબેભાન મકુરે ૧-૦-૦ પેન્સીલો આપી. ૧૧. કુરાલ સદર રોહ. આબુ દલાજ-ભલ્લુભાઇએ ૨-૦-૦ સાકર વહેંચી. ૧૨. વલણ સદર રોહ નરોતમ અનમુએ

૩. ઠોસરવા સદર કાઠી. પુંજા સાંગાએ ૧–૮–૦ સદર. ૪. દ્વારકા સ. ગુ. ક. શા. ભાટીઆ. ગોરધનદાસ ગાવજીએ ૧–૦–૦ પેંડા વહેંચ્યાં. ૬ માંડવીના રહીશ. ગોસાઇ રાગગીરજી ચંદનગીરજી ૧–૦–૦ સાકર વહેંચી. મુંબાઇના રહીશ. ભાટીઆ. પદમશી ધનજીએ ૧–૦–૦ રસોટો આપી. ૫ બેટ સ. ગુ. શા. માંડવીના રહીશ. શેઠ. જેઠા સાગજીએ ૫–૦–૦ પેંડા વહેંચ્યા. ભાવા શ્રી રામથી પ્રાણુનાથે ૧–૦–૦ સાકર વહેંચી. ૬. બેટ સ. ગુ ક. શા. સદર ૧–૦–૦ સદર. ૬ માંડવીના રહીશ. શેઠ. જેઠા સાગજીએ ૨–૮–૦ પેંડા વહેંચ્યા. ૭ બેટ સ. ઉ. શા. સદર ૧–૦–૦ સદર. ૮. ચાંપાયળ સ. ગુ. ક. શા. ચલાળાના રહીશ શેઠ પ્રેમજી મોરારજીએ ૧–૦–૦ સાકર તથા ઝમરૂખ વહેંચ્યાં. ૯. કેરીઆનાગસ સદર. માસ્તર. મંગળભાઇ રામદાસે ૧–૦–૦ કોપરાં વહેંચ્યાં. કુલ. ૨૭–૬–૦.

કડી પ્રાંત.

૧ પાટણ સ. ગુ. શા. નં. ૩ રા. બા. હરિરાવ સ્મારક કુંડગાંથી ૫–૦–૦ વડનગરા નાગર છોકરાઓને પુસ્તકો આપ્યાં. વ્યાસ. દશરથલાલ ગંગારામે ૧૧–૦–૦ પુસ્તકો વહેંચ્યાં. ૨. પાટણ સ. ગુ. ક. શાળા નં. ૧ સદ્ગ્રંથકરથ મંડળે ૫–૪–૦ કાપડ તથા પતાસાં વહેંચ્યાં. ૩. સદર ઉર્દુ શા. સ્ટેશન માસ્તર. બાબુ કમરૂદ્દીન હુસેનખાંએ ૧૦–૦–૦ પુસ્તકો, રોટો, પેનો વહેંચી. ૪. હારીજ સ. ગુ. શા. બોરતવાડાના તલાટી. ડાહ્યાભાઇ મગનલાલે ૬–૦–૦ સાકર વહેંચી. મે. રા. બા. ગોવિંદભાઇ હાથીભાઇ આસિ. પોલીસ કમીશનર પાટણે ૧–૦–૦ સદર. ૫. ખાણસ્મા. સ. ગુ. ક. શા. રા. બા. છોટાલાલ બાબરભાઇ પાટણ દીકરીઓના નામણ સુખા સાહેબ તથા રા. બા. ગોવિંદભાઇ હાથીભાઇ પોલીસ કમીશનર સાહેબે મળીને ૧–૦–૦ મીઠાઇ વહેંચી. ૬. ધીણોજ સ. ગુ. શા. પા. નારાયણ ધોબાદાસે ૧–૦–૦ પતાસાં વહેંચ્યા. ૭. બહુચરાજી સદર. મુંબાઇવાળી શેઠ. મગનલાલ હરગોવિંદદાસે ૧–૦–૦ સદર. ૮. વિસનગર ઉર્દુ શા. વહોરા બાકરખાંએ ૨–૦–૦ રસોટો વહેંચી. ૯. ઉમતા સ. ગુ. શા. નાયકા. ચદા કુંવર પુરૂ કુંવરે ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૧૦. સીહપુર સદર શેઠ. રૂપનામદાસ ખેમચંદે ૨–૦–૦ સદર. ૧૧. સદર ગુ. ક. શા. પરી. પરભુદાસ પ્રહલાદજીએ ૬–૦–૦ છીંટ વહેંચી. ૧૨. ઉંઝા સ. રાત્રી. શા. મેહેતા. છોટાલાલ રવિકરણદાસે ૧–૦–૦ ગરીબ છોકરાઓને બક્ષીસ કર્યા. ૧૪. વીજાપુર સ. ઉ. શા. મુન્સી. કમરૂલ હુસેન ઇમામુદીને ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં ૧૫ કલોલ સ. ગુ. શા. માસ્તર. જગનાદાસ અમૃતલાલે ૧–૮–૦ સદર ૧૬. સદર ગુ. ક. શા. પકીસ. વિનાયક સખારામે ૩–૨–૦ પુસ્તકો તથા પતાસાં વહેંચ્યાં. ૧૭. ઉનાઉ સ. ગુ. શા. ગાગ સોકાએ ૩–૮–૦ પુસ્તકો તથા પતાસા વહેંચ્યાં. ૧૮. રાધેજ સદર સદ્ગૃહસ્થોએ ૩–૮–૦ પતાસાં વહેંચ્યાં. ૧૯. સાતેજ સદર મુખી. જેસંગ ઝવેરે ૧–૦–૦ ગોળપાપડી વહેંચ્યા. ૨૦. દેહેગામ સદર શા. મગનલાલ જેસંગદાસે ૨–૮–૦ પેંડા વહેંચ્યા. ૨૧. સદર ગુ. ક. શા. શીરેદાર. બાબાજીરાવ ધોંડગેરે ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. મગનઃ જેસંગે ૧–૪–૦ પેંડા વહેંચ્યાં. ૨૨. મગોડી સ ગુ. શા. કાકર કરસનજી ત્રીકમજીએ ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૨૩. હિંમતનગર સદર. નરોડાના શેઠ. લલ્લુભાઇએ ૧–૦–૦ સદર.

કુલ. ૬૬–૧૦–૦.

(અપૂર્ણ.)

ગાયકવાડ સરકારનું દેશી કેળવણીખાતું.

દેશી કેળવણીખાતાની ગુજરાતી શાળાઓ માટે ઈનામ ખાતે રાખવા ચાર નીચે જણાવેલાં ગુજરાતી પુસ્તકો મંજુર કરવામાં આવ્યાં છે.

અનુક્રમ નંબર	પુસ્તકનું નામ.	કર્તાનું નામ.	કિંમત રૂ.	કિંમત આ.	કિંમત પૈ.	વિભાગ.
૫૩૯	અમદાવાદ ફેરફેરની ભૂગોળ.	ચામનલાલ મોતીલાલ મુનશી. અમદાવાદ.	૦	૧	૦	
૫૪૦	અભિજ્ઞાન શકુન્તલા નાટક.	રા. બા દલપતરામ પ્રાણજીવનદાસ અમદાવાદ મુંબાઇ.	૧	૪	૦	
૫૪૧	હિંદની કાચી કેળવણી અથવા બાળબોધ પુસ્તક પેહેલું	નીલકંઠરાવ હરીભાઇ એલ. એમ એન્ડ એસ. અમદાવાદ	૧	૦	૦	
૫૪૨	કાવ્યરસિકા.	અરદેસર ફરામજી ખબરદાર ઇલાકા ગુજરાત	૨	૦	૦	
૫૪૩	પ્રબોધિભારત (પ્રથમ ભાગ)	કલ્યાનજી પ્રેમસિંહ મુંબાઇ.	૦	૮	૦	
૫૪૪	વિવાહ. અંક ૧૭–૧૮ બાળવિવાહનો બગાડો	કૈલાશકરામ વિશ્વેશ્વરરામ મેહેતા ઐ૦ પબ્લીક અધિકારી વર્ગ વડોદરા	૦	૦	૬	
૫૪૫	ગૃહવ્યવસ્થા	હરીલાલ કાશીભાઇ છત્રપતિ અમદાવાદ.	૦	૬	૦	
૫૪૬	પરદેશગમન, બાપણ્યા કુંવારા–અંક ૧૫–૧૬	કૈલાશકરામ વિશ્વેશ્વરરામ મેહેતા ઐપ સામ્રા અધિકારી વર્ગ વડોદરા.	૦	૦	૬	
૫૪૭	પદાર્થવિજ્ઞાન	બાલકૃષ્ણરામ નિર્ભેરામ રાજકોટ.	૦	૧૨	૦	
૫૪૮	ગુજરાતના મુનિદાસની વાર્તાઓ	કરીમઅલી રહીમ નાનજીઆણી ગોધરા.	૦	૭	૦	
૫૪૯	બાલબોધ પુસ્તક ૩ જું	રતનજી ફરામજી કોહેના મુંબાઇ.	૩	૦	૦	

તારીખ ૭ મારે ફેબ્રુવારી ૧૯૦૩

ઇલ્યુમ. J. P. J. Chhaganlal T. Modi.
ઐ વિદ્યાધિકારી.

૩. ટોકરવા સદર કાઠી. પુંજા સાંગાએ ૧–૮–૦ સદર. ૪. ઢારદાં સ: ગુ. કે. શા. ભાટીઆ. ગોરધનદાસ ગાવજીએ ૧–૦–૦ પેંડા વહેંચ્યાં. ૫ મ્છ ગાંડવીના રહીશ. ગોસાંઇ રામગીરજી ચંદનગીરજી ૧–૦–૦ સાકર વહેંચી. મુંબાઇના રહીશ. ભાટીઆ. પદમશી ધનજીએ ૨–૦–૦ રમેટો આપી. ૫ બેટ સ. ગુ. શા. માંડવીના રહીશ. શેઠ. જેઠા સામજીએ ૫–૦–૦ પેંડા વહેંચ્યા. ભાવા શ્રી રામશ્રી પ્રાણુનાથે ૧–૦–૦ સાકર વહેંચી. ૬. બેટ સ. ગુ. કે. શા. સદર ૧–૦–૦ સદર. ૭ મ્છ માંડવીના રહીશ. શેઠ. જેઠા સામજીએ ૨–૮–૦ પેંડા વહેંચ્યા. ૭ બેટ સ. ઉ. શા. સદર ૧–૦–૦ સદર. ૮. ચાંપાયળ સ. ગુ. કે. શા. ચલાળાના રહીશ: શેઠ પ્રેમજી મેારારજીએ ૧–૦–૦ સાકર તથા ઝમરૂખ વહેંચ્યાં. ૯. કેરીઆતાગસ સદર: માસ્તર. મંગળભાઇ રાગદાસે ૧–૦–૦ કેાપરાં વહેંચ્યાં. કુલ. ૨૭–૬–૦.

કડી પ્રાંત.

૧ પાટણ સ. ગુ. શા. નં. ૩ રા. બા. હરિરાવ સ્મારક કુંડમાંથી ૫–૦–૦ વડનગરા નાગર છેાકરાઓને પુસ્તકેા આપ્યા. વ્યાસ. દશરથલાલ ગંગારામે ૧૧–૦–૦ પુસ્તકેા વહેંચ્યાં. ૨. પાટણ સ. ગુ. કે. શાળા નં. ૧ સદ્ગ્રહસ્થ મંડળે ૫–૪–૦ કાપડ તથા પતાસાં વહેંચ્યાં. ૩. સદર ઉર્દુ શા. સ્ટેસન માસ્તર. બાબુ કેશવદાસ હુસેનખાએ ૧૦–૦–૦ પુસ્તકેા, ગેટા, પેનેા વહેંચી. ૪. હારીજ સ. ગુ. શા. બેારતવાડાના તલાટી. કાલાભાઇ મગનલાલે ૧–૦–૦ સાકર વહેંચી. મે. રા. બા. ગેાવિંદભાઇ હાથીભાઇ આસિ. પેાલીસ કમીશનર પાટણે ૧–૦–૦ સદર. ૫. ચાણસ્મા. સ. ગુ. કે. શા. રા બા છેાટાલાલ બાબરભાઇ પાટણ્ય વીજાપુરના નાયબ સુબા સાહેબ તથા રા. બા. ગેાવિંદભાઇ હાથીભાઇ પેાલીસ કમીશનર સાહેબે મળીને ૧–૦–૦ મીઠાઇ વહેંચી. ૬. ધીણેાજ સ. ગુ. શા. પા. નારાયણ ધેલાલાએ ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૭. બહુચરાજી સદર. મુંબાઇવાસી શેઠ. મગનલાલ હરગેાવિંદદાસે ૧–૦–૦ સદર. ૮. વિસનગર ઉર્દુ શા. વહેારા બાકરબાંએ ૨–૦–૦ રમેટો વહેંચી. ૯. ઉમતા સ. ગુ. શા. નાયકા. ચદા કુંવર ફુલ કુંવરે ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૧૦. સીદ્ધપુર સદર શેઠ. રૂપનાયદાસ ખેમચંદે ૨–૦–૦ સદર. ૧૧. સદર ગુ. કે. શા. પરી. પરભુદાસ પ્રલ્હાદજીએ ૨–૦–૦ છીંટ વહેંચી. ૧૨. ઉંઝા સ. આં. શા. મેમ્બરેાએ ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૧૩. ઉંઝા સ. રાત્રી. શા. મેહેતા. છેાટાલાલ રવિદરણદાસે ૧–૦–૦ ગરીબ છેાકરાઓને બદામ કેાં. ૧૪. વીજાપુર સ. ઉ. શા. મુન્સી. કમરૂલ હુસેન ઇમામુદીને ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં ૧૫. કલેાલ સ. ગુ. શા. માસ્તર. જગનાદાસ અમૃતલાલે ૧–૮–૦ સદર. ૧૬. સદર ગુ. કે. શા. વકીલ. વિનાયક સખારામે ૩–૨–૦ પુસ્તકેા તથા પતાસાં વહેંચ્યાં. ૧૭. ઉનાવ સ. ગુ. શા. ગામ લેાકેાએ ૩–૮–૦ પુસ્તકેા તથા પતાસાં વહેંચ્યાં. ૧૮. રાંધેજા સદર સદ્ગૃહસ્થેાએ ૩–૮–૦ પતાસાં વહેંચ્યાં. ૧૯. સાંતેજ સદર મુખી. જેસંગ ઝવેરે ૧–૦–૦ ગેાળમાણા વહેંચ્યા. ૨૦. દેહેગામ સદર શા. મગનલાલ જેસંગદાસે ૨–૮–૦ પેંડા વહેંચ્યા. ૨૧. સદર ગુ. કે. શા. શીરેદાર. બળવંતરાવ ધેાંડગેરે ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. મગના જેસંગે ૧–૪–૦ પેંડા વહેંચ્યાં. ૨૨. મગેાડી સ. ગ્રુ. શા. કબ્બર કરસનજી ત્રીકમજીએ ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૨૩. હિંમતનગર સદર નરેાડાના શેઠ. લલ્લુભાઇએ ૧–૦–૦ સદર.

કુલ. ૬૬–૧૪–૦.

(અપૂર્ણ.)

गायकवाड सरकारनुं देशी केळवणीखातुं. ત્રીજો અને ચોથો ભાગ.

આ ખાતાની ગુજરાતી શાળાઓ માટે ઈનામ
નીચે જણાવેલાં ગુજરાતી પુસ્તકો મંજુર કરવામાં આવ્યાં.

નંબર.	પુસ્તકનું નામ.	કર્તાનું નામ
૧૩૬	અમદાવાદ શેરદલાલની ડાયરી.	ચીમનલાલ કાલીદાસ ઓઝા અમદાવાદના વર્તમાનપત્રના તંત્રી
૧૪૦	અનિષ્ટ ચક્ર નાટક.	લાલ મુનશીના સાર ઉમરાન્ત વડોદરા રાજ્યના વકીલની તથા આખા રાજ્યના સર્વ તાલુકાની [illegible] થી પ્રથમ આવે છે તેસિવાય ગુજરાત કાઠિયાવાડની બબરો વિગતે અને ત્યાંની તથા હિંદુસ્તાનની [illegible]
૧૪૧	હિંદની ગાયી [illegible] ઉપદેશકોના પુસ્તકોની (રમુજી) નોંધ, "મિત્રને પત્ર" નો ગંભીર [illegible] પેદનું [illegible] વિષયો, કવિતા, વાર્તા, તથા રમુજી ટુચકા,
૧૪૨	કાવ્યસંગ્રહ. [illegible]પમાં મોટા આઠ પાનાનું પેપર છે. નમુનાનો [illegible] જે જોવાથી વધુ ખાત્રી થશે.
૧૪૩	પ્રોવિન્શિયલ [illegible] ભાગ) [illegible] હવે પોતે આ પત્રના લેખો વાંચી—તે માટે બંદોબસ્ત
૧૪૪	વિવાહ અંધશ્રદ્ધા [illegible] પ્રજાને ઉપયોગી લેખો લખવા સુચના કરી, "આ [illegible] ૧૮ વર્ષનાં પ્રજાની તમે યોગ્ય સેવા બજાવો છો." એવા શબ્દોમાં [illegible]
૧૪૫	ગૃહવ્યવસ્થા [illegible] દર ગુરૂવારે પેપર જરાં મોડું છપાય તો રાજબંદી [illegible] માણસો તે લેવા આવે છે. આથીજ આ પત્રની યોગ્યતા [illegible]
૧૪૬	[illegible] જણાશે.

આ [illegible] લવાજમ વરસનું કિંમત રૂ. ૧૫। છે. તેની સામે ગ્રાહકનાં [illegible] તેના વાચકોને જોવા કરતાં પણ વધારે પૈસા મળે, તેવી જીવાઈ ઠંડની [illegible] છે, તે માટે ફક્ત દર વરસે રૂ. ૦।। વધુ ખરચો પડે છે. બહાર ગામના ગ્રાહકને તેર આના પેપરનું અને બુક પોસ્ટનો ટપાલ ખરચ વધુ.

ઇનામ સુંદર બેટો. દર વરસના નિયમ પ્રમાણે આ પત્રના ૧૯૦૨ ના ગ્રાહકને (૧) "ગોખામંડળના શૂરવીર વાઘેરો" નામની ૧૭૫ પાનાની વાર્તાની બુક (૧) શ્રી. મહારાજા સાહેબ અને સર્વ રાજકુટુંબનો તથા

આ રાજ્યના આજ સુધીના સર્વ દિવાનોની બે રંગીન શાહીમા મુબાઇમાં છ પાંચેલી ૨૨-૬૮ ની મોટી સુંદર છબી તથા (૩) ચોપડીના આકારનું ડા યરી જેવી રોજની નોંધ રખાય તથા બીજા ૧૨ પાના તદન કોરા ગમે તે લખવા માટે ચાલે તેવી સવડવાળુ તથા તે સિવાય હિંદુ તીથી, તારીખ, અને પારસી રોજ અને વાર તેહેવારોની નોંધ સાથેના બાર માસના ૧૨ જુદા પાના એમ એક કર ૩૬ પાનાનું પંચાંગ એમ ત્રણ ભેટો મળે છે માટે તાકીદે ગ્રાહક થઇ ફકત રૂ ૧।। ના જુજ લવાજમમા આવી રુ ખુશ ભેટો તથા એક વરસ આલુ મોટુ –વાચવાલાયક પેપર મેળવો બીમારૂ ડ લેશો તો તો છેવટે બધી ભેટો તથા પેપર ફોગટ પડે છે. તે માટે જોઇએ તો બીમારૂ ડના નિય મની બુક મગાવી વાચી ખાત્રી કરો

નોટીસો અને જાહેરખબરો છપાવવા માટે ઉત્તમ સાધન છે તે મોક લનારને કમીશન મળે છે આ પત્રનો ૪૨૦૦ કોપીનો મોટો ફેલાવો છે

જોઇએ છે આ રાજ્યના દરેક નાના મોટા તાલુકા, મહાલ તથા ગા મોમાની પ્રજા હિતની લાગુવાળેગ બબરો લખનારા સરા બબરપત્રીઓ તથા ધ્યા ગ્રાહકો કરનારા એજન્ટો જોઇએ છે રૂબરૂમાન્તરો તથા ઇતર અર્થ કોણવા ચેલા પ્રજાજનોને એ રીતે લખવાનો અનુભવ થશે અને પ્રજાહીતનુ કાર્ય થશે લખનારના નામો હમેશાં છુપા રાખીયે છીયે સારા લખનારાને પેપર, કપાલ બરચ અને યોગ્ય બદલો મળે છે તેમ ગ્રાહકો કરનારાને કમીશન મળે છે

મરાઠી અને ગુજરાતી સયાજી વિજયના ભાવીકો જુદા થયાછે માટે સર્વ-પત્ર વહેવાર નીચેને નામે કરવો.

શા. માણેકલાલ અબારામ કાંકતર

અધીપતી, ગુજરાતી સયાજીવિજય—વડોદરા.

શ્રી.

પુસ્તક ૧૬ મું. અંક ૧ લો.

વિદ્યાવિજય

ચૈત્ર, સંવત્ ૧૯૬૯.

વિષયો.

૧ દર્શન ૧૦૫
ધર્મવિક્ષુ માટે શ્રીમંત મહા-
રાજ સા.ની ઇચ્છા ... ૧૦૫
જાનગી સાહબથી વિક્ષુ ૧૦૬
બર્નાડશોનો પાઠવેસિક કેમ થાય ૧૦૬
મુંબેરિકામાં કેળવણી ... ૧૦૭
ઓરિક્ષસ્તુ પરીક્ષા ... ૧૦૭
રાજમહેલમાં ધનાસભમારંભ ૧૦૮
૨ પાપ પૂર્વનું અપૂરતે તેનું ભાગ્યે
એ પ્રશ્નનું પરિણામ ... ૧૦૮
૩ છઠ્ઠા ધોરણમાં નિબંધવિક્ષુ ૧૧૦
૪ મી. એન્ડ્રુઝ ઇનનેગી ... ૧૧૩
૫ ઐતિહાસિક વાર્તા ૧૧૧
૬ કાળા પાણીનો બેટ ૧૧૫
૭ શ્રીમંત મહારાજા સાહેબનું
ભાષણ ૧૧૭
૮ વિદ્યાર્થીઓએ કેવી કેવી રીતે
વાંચવું બોલવું ૧૧૯
૯ અવાંતર ૧૨૦
૧૦ ઔદ્યોગિક શિક્ષણ ... ૧૨૧
૧૧ ગાયકવાડ સરકારનું રેવન્યુ ડિપા-
ર્ટમેંટનું ખાતું. (ખબરપત્રો) ૧૨૪
૧૨ ગાયકવાડ સરકારનું રેવન્યુ ડિપાર્ટ-
મેંટનું ખાતું (ખટકતો) ... ૧૨

પ્રસિદ્ધકર્તા

ભોટાલાલ નરભેરામ ભટ્ટ.

વાર્ષિક કિંમત ૩. ૨) પોસ્ટેજ ૩. ૦-૩-૦
છુટક અંકના ૩. ૦-૩-૦

મુદ્રક ૬૨.
"વીરક્ષેત્રમુદ્રણાલય" પ્રિંટિંગ પ્રેસમાં છાપ્યું.

पुस्तकोनी पहोंच.

નીચેનાં પુસ્તકો તેમના પ્રસિદ્ધકર્તા તરફથી ભેટ દાખલ મળ્યાં છે તે બદલ આભાર માનીએ છીએ—

નિર્ણયસાગરનું ચૈત્રી પંચાંગ—નિર્ણયસાગર છાપખાનાના માલિક તરફથી શકે ૧૮૨૫ની સાલના મનોહર પંચાગની પહોંચ ઉપકાર સાથે સ્વીકારીએ છીએ. એમાં જ્યોતિષ ચક્ર વગેરે ઘણીક ઉપયુક્ત માહિતી છે. બીજાં પંચાગો કરતા આ સુંદર, ઉપયોગી અને સરલ છે, એમ કહેવામા હરકત નથી.

શ્રીમન્ મહારાજા, તેમનો પરિવાર અને તેમના દીવાનોનો ચિત્રપટ—શ્રી સયાજીવિજયના માલિક ડાક્તર માણેકલાલ એંબારામ તરફથી ભેટ દાખલ મળ્યોછે તે બદલ આભાર માનીએ છીએ. એમા શ્રીમંત મહારાજા સયાજીરાવની તેમના પરિવારની અને તેમના વખતમાં થયેલા બધા દીવાનોની સુંદર છબીઓ છે. આ ચિત્રપટ શ્રીસયાજીવિજયના ગ્રાહકોને ભેટ દાખલ આપવામા આવેછે.

પત્રવ્યવહાર

સંખેડા—ગ્ય સલાહ બારોબાર લખી મોકલેલ.

ઉણાદ:—પ્રશ્નોના જવાબ પૂછનારને બારોબાર આપેલ.

જાહેરખબરો

ઋષિવિદ્યા માસિકમા વેદાનુકૂળ ધર્મ, સંસાર ને નીતિના વિષયો પ્રસિદ્ધ થાય છે. ઋગ્વેદ, યજુર્વેદ ગુર્જરગિરામા વિસ્તરાય છે. વાર્ષિક મૂલ્ય ૩ રૂા ટપાલ સહિત અગ્રિમ, પારિતોષિક આ વર્ષ માટે "સત્યાસત્ય વિચાર." સંપાદક મંત્રીશંકર જ. દ્વિવેદી પોષ્ટ ગીરગામ, મુંબઇ. (૯)

લુંટ! લુંટ! લુંટ!

શિક્ષણપ્રકાશ ભાગ ૧ લો.

આદર પુસ્તકથી શિક્ષકની મદદ વિના મરાઠી ભાષા થોડી લીપીસહ થોડી મુદતમાં શીખાય છે. બુક તૈયાર છે. કિ. ૧૩ આના વી પી. ૧૪ આના

વકીલ વિનાયક સખારામ દેવાલીકર.
કલોલ—નોર્થ ગુજરાત.

(૨)

"નિબંધ માર્ગદર્શક, ભા. ૧ લો કીં રૂ. ૦।૯ પોસ્ટેજ રૂ ૦।૦ના ઘણાં પુસ્તકોને આધારે ને વિદ્વાનોની સલાહ પ્રમાણે ગોઠવણ કરી સંકળના કરી છે આવું સરસ પુસ્તક આ વિષયપર જોકે નથી અને શ્રીમંતના દેશી કેળવણીખાતાએ મંજુર કરેલું છે.

બાળગીત કી રૂ. ૦।૯ પોસ્ટેજ રૂ ૦।૦ા કિન્ડરગાર્ટનપદ્ધતિએ બાળકોને તનની, મનની અને નીતિની કેળવણી મળે, અને તેમની બધી શક્તિઓ ખીલે એવી સંકળના કરી છે.

બન્ને પુસ્તકોમાં કમીશન દશ ને બે રૂપૈયા. આ સિવાય આ કંપની મુંબાઇમાં મળતો ક્રોઇ પણ પ્રકારનો માલ સેકડે એક ટકા કમીશનથી મોકલી આપે છે.

(૧૦) એમ જી. પંડ્યાની કંપની.
બાણાભાઇની ચાલી, ભૂલેશ્વર—મુંબાઇ.

કે ળ વ ણી.

દોધકવૃત્ત.

અર્થ મળે વળી ધર્મ સધાયે, જ્ઞાન મળે સનમાન પમાયે;
પ્રીતિ વધે પસરે જશ સારો, એ શિશુશિક્ષણ ધર્મ અમારો.

પુસ્તક ૧૫ મું. ચૈત્ર. સંવત્ ૧૯૫૬ અંક ૬ ઠ્ઠો.

દર્શન.

ધર્મશિક્ષણ માટે શ્રીમંત મહારાજા સાહેબની ઇચ્છા—એવું સાંભળવામાં આવે છે કે શ્રીમંત મહારાજા સાહેબ ગાયકવાડના શીખતા વિદ્યાર્થીઓને નીતિ શિક્ષણ સાથે ધર્મનું શિક્ષણ કેવી રીતે અપાય તે સબંધમાં વિચાર કરવાને એક કમિટિ નીમવા ધારે છે. જુદા જુદા ધર્મ માનનારની એક કમિટિ વિચાર કરી પરસ્પરને બાધ ન કરે એવી સામાન્ય ધર્મના તારો મુકરર કરે અને તે આધારે શિક્ષણ આપવામાં આવે તો બાળકોને સામાન્ય ધર્મનું જ્ઞાન થઇ શકે એટલું કરીને પરલોક, પરમેશ્વર, અને પરોપકાર, દયા, આદિક નીતિવર્ધક, એ સર્વ ધર્મોને સામાન્ય હોય છે, પણ આટલા શિક્ષણને ધર્મશિક્ષણનું રૂપ મળતું નથી જુદા જુદા લોકોના ધર્મ સબંધી આચારવિચાર જુદા જુદા હોય છે અને તેનેજ લોકો ધર્મ નામથી ઓળખે છે આ જુદા જુદા આચારોનું એકીકરણ થઇને તેમાંથી સર્વ સામાન્ય આચારવિચાર નીવડી કાઢવા એ કામ બહુ કઠણ છે. પ્રોફેસર જ્હોનસોના-ણાએ ધર્મ સંબંધી ભાષણ કર્યું, ત્યારે શ્રીમંત મહારાજા સાહેબે જે વિચારો દર્શાવ્યા હતા તે બધાના આ રબારે ઉપરોક્ત પત્ર પરથી. શ્રીમંત મહારાજા સાહેબે જણાવ્યું હતું કે, ધર્મના અનુકુલપની અને તેના શિક્ષણની પણ જરૂર અગત્ય છે, એ વાત હું મારી પેઠે સમજું, છું અને તેને માટે કેવા ઉપાય સેવા તે હું વિચારી રહ્યો છું. ધર્મ સંબંધી મારી જવાબદારી રાજ્યોના અને ધર્મના રક્ષકો ઉપર મબૂતી બેસાડવે, પણ તેઓ પોતાની ફરજ બજાવતા પ્રકારે બાબ એમ બનવું જોઇએ છાજે. તે નામદારે આગળ ચાલતા જણાવ્યું કે ધર્મનું શિક્ષણ પારસી, બ્રાહ્મણ, અને મહોમેડન વગેરે કોમને માટે પદ્ધતિસર અને સવળરીતે

કરાવી શકાય. પણ હિંદુ ધર્મની બાબતમાં ઘણી બાબતો ભેદબુદ્ધિ સિવાય નિર્બુદ્ધ ઉપર આણવાનું ઘણું કઠણ લાગે છે. આ બાબતમાં તું તમારી સલાહ માગું છું અને ઈશ્વરકૃપાએ જે થોડી સત્તા મારા હાથમાં છે તેનો ઉપયોગ ધર્મશિક્ષણના કામમાં કરવાને હું તત્પર છું. ધર્મશિક્ષણ અને ધર્મના રક્ષણની જવાબદારી એકલા રાજકર્ત્તા ઉપરજ મૂકવી બરાબર નથી. મારા રાજ્યમાં ધર્મશિક્ષણના ઉપાય યોજવાનો મારો વિચાર છે, પણ મારે તે પહેલાં વિદ્વાન અને લોકપ્રિય ગૃહસ્થોની એક કમિટિ નીમી તેમની સલાહ લેવાની છે; અને પછી એ બાબતમાં આગળનો પ્રયત્ન સરળ રીતે ચલાવી શકાશે. શ્રીમંત ગદ્દારાજા સાહેબના આ વિચાર ઘણા ગંભીર અને સ્થિર છે. પોતાની પ્રજાની લૌકિક અને પારલૌકિક સ્થિતિ સુધારવાની આટલી કાળજી રાખનાર ગદ્દારાજાની પ્રજાએ પણ પોતપોતાની ફરજ બજાવી તેમના શ્રમને સફળ કરવો અને તેમના પ્રેમને પાત્ર થવું એ તેનું કર્ત્તવ્ય છે.

ખાનગી સાહસથી શિક્ષણ—શિક્ષણને માટે કેવળ સરકાર ઉપરજ આધાર રાખીને બેસી રહેવા કરતાં જો ખાનગી પ્રયત્નથી શાળાઓ ચલાવવામાં આવે તો તેમાં લોકો પોતાની ઇચ્છા પ્રમાણેનું શિક્ષણ આપી શકે. મુંબાઇમાં અને પૂનામાં એવી કેટલીક શાળાઓ છે એમ છતાં તેમાંની કેટલીક સરકારની ગ્રાંટની પણ અપેક્ષા રાખે છે. મદ્રાસમાં ત્યાંના એક ગુજરાતી ગૃહસ્થે ગુજરાતી બાળકોને માટે એક શાળા સ્થાપી છે જેની પરીક્ષા વગેરે આપણા રાજ્ય તરફથી થાય એવી વ્યવસ્થા હાથમાં કરવામાં આવી છે અને તે પ્રમાણે મે. નાયબ વિદ્યાધિકારી સાહેબ હમણાંજ તે કરી ગયા છે. લોકોને પ્રિય જે ધર્મશિક્ષણ છે તે આપવાનું સરકારી શાળાઓ કરતાં ખાનગી શાળાઓમાં સહેલથી બની શકે એમ છે. યુરોપ વગેરે દેશોમાં ઘણીખરી શાળાઓ ખાનગી હોય છે. અમેરિકાના શિકાગોમાં તો રાકફેલર નામના કોટયધીશે એક વિશ્વવિદ્યાલય પણ પોતાના ખર્ચથી સ્થાપન કર્યું છે. આ વિદ્યાલય સને ૧૮૯૨ માં શરૂ કરવામાં આવ્યું હતું. આજ તેને અંગે વીશ મોટી મોટી ઇમારતો છે. બસેં અડીસેં શિક્ષકો છે. ૨૬૦૦ કરતાં વધારે વિદ્યાર્થીઓને તેમાં ખોરાકી પોશાકી તથા રહેવાની જગો આપવામાં આવે છે. તેનો દરસાલનો ખરચ ૩૦ લાખ રૂપિયા છે. આ સઘળો ખર્ચ ખાનગી છે. સરકારનો આશ્રય તેમાં બિલકુલ નથી. આપણા હિંદુસ્તાનમાં આવું થવાની જરૂર છે.

ભૂગોળનો પાઠ રસિક કેમ થાય—શિક્ષકોએ ભૂગોળનો પાઠ શીખવતી વખતે વર્તમાનકાળની દેશસ્થિતિ વિદ્યાર્થીઓને વર્તમાનપત્રો અને માસિકો ઉપરથી જણાવવાની ઘણી આવશ્યક છે. એથી કરીને તેમના જ્ઞાનનો વિસ્તાર થાય છે, તેમની જિજ્ઞાસા વૃદ્ધિ પામે છે, અને શિક્ષણ રસભરિત થાય છે. ઉદાહરણ તરિકે, હોલાંડ દેશ સમુદ્ર કરતાં નીચાણમાં છે માટે ત્યાંના લોકોએ મોટા મોટા બાંધ બાંધીને સમુદ્રનું પાણી જમીન પર આવતું અટકાવ્યું છે તથા જે પાણી દેશની અંદર આવે છે તેને વરાળયંત્રોથી અને જળચક્રોથી નિરંતર ઉલેચી નાખવાનો યત્ન ચાલુજ છે. સહરાના રણમાં નેહેરો ખોદીને ભૂમધ્યસમુદ્રનું પાણી અંદર લેવાની કોઇએ સૂચના કરી છે, અને તેમ કરીને ત્યાંની ભૂમી હવામાં ફેરફાર કરી તે જમીન વસ્તીને યોગ્ય કરવાનો વિચાર ચાલે છે. જળ માર્ગ ટુંકા કરવાને નેહેરો બાંધી છે, તેમાં સ્વેજની નેહેર પ્રખ્યાત છે પાસિફિક અને આટલાંટિકને જોડનારી પાનામાની નેહેરનો

ઉદ્યોગ પણ ચાલુ છે. જર્મનીએ જટલાંડમાંથી એક મોટી નહેર કાઢીને ઉત્તર અને બાલ્ટિક-સમુદ્રને જોડ્યા છે નિકેનો ઉપસાગર અને ભૂમધ્યસમુદ્ર વચ્ચે નહેર ખોદવાનો વિચાર ફ્રેન્ચલોકો કરે છે. રશિયા આમ્મસ નદીને તેના પ્રાચીન પાત્રમાં વાળીને કસ્પિયન સમુદ્રમાં લાવવા ધારે છે અને યુરોપમાંથી ગધ્ય એશિયામાં જવાનો માર્ગ કરવા ધારે છે. પૃથ્વીના પૃષ્ઠભાગ ઉપર માણસો કેવા કેવા મોટા ફેરફારો કરે છે તથા તેથી જમીનપરની હવામાં અને લોકોની સ્થિતિમાં પણ કેવા ફેરફાર થાય છે એ વાત આ રીતે સમજવી દાકારી

અમેરિકામાં કેળવણી—બંગમેન્સ યુનિયન તરફથી અમેરિકામાં પ્રવાસે ગયેલા એક ગૃહસ્થ પંડિત લાલને મુંબાઇમાં એક આપણું આપવાનાં વખાણવા હતુ કે અમેરિકનોની કેટલીક રીતિભાતો અનુકરણ કરવા જેવી છે તેઓ આખા દેશને પોતાનો દેશ સમજે છે આગગાડ ઉપર તેમને બેસવાથી ઉંડાણો કે કે તેઓ ચિત્રમાં ચિત્રેલા દેવોને પણ ઓઢી નહિ પહેરવા જુદા જો તે મુખને તેઓ ઇચ્છતા નથી ઉદ્યોગમાત્ર તેઓ ખરું સુખ સમજે છે તેઓ પોતાના પૂર્વજ વાશિંગ્ટન અને બેન્જમીનના જેવા થવાને સદા ઉત્સુક હોય છે અને તેમને પગલે ચાલે છે (આપણે ત્યાં રામ, યુધિષ્ઠિર, અર્જુન, શંકર, હરિશ્ચંદ્ર, દધીચિ અને ગાંધીઓના આચરણનું નકલ કરવા જેવાં છે) કેળવણીના સંબંધમાં બોલતાં તે કહ્યા જેથી એક બીજા પ્રત્યે અપૂર્ણાત ઉપજ થાય એવું કશું કેળવણી આપવામાં આવે છે. ગરીબ ને ધનાઢય સાથેજ બેસે છે રેલવેમાં પણ પેટેલા, બીજા ત્રીજા વર્ગની ગાડીઓ ન હોતાં એકજ વર્ગની ગાડીઓ હોય છે કે જેથી ધનવાન અને ગરીબ બેસી શકે છે. કોઇને પૈસાના દેશનપુંજો કરતા પોતાને મોટો માની ગર્વ કરવાનું કારણ બાકી નથી. અમેરિકાના મુનિસિપાલિટિમાં ડાહ્યો લોકોને માન બાકી નથી, પણ જેઓ બાકીના સુખનાં સાધનોની દોખભાળ કરેછે તેમનેજ માન મળે છે શાળાઓમાં વિદ્યાર્થીની નીમણુંક કરતી વખતે તેઓ કેટલું ભણ્યા છે તે જોવાતું નથી, પરંતુ તેઓ પોતાનું કામ કરવાને શક્તિમાન્ છે કે નહિ તે જોવાય છે અમેરિકામાં એક પણ માણસ અભણ માલમ પડતો નથી. દર સાત આઠ માણસને અંતરે એક શાળા ખોલવામાં આવી છે.

સ્ત્રીશિક્ષણપરીક્ષા—સ્ત્રીશિક્ષણના ઉત્તેજન માટે આપણા ગાદીની ગુજરાતવર્નાક્યુલર સોસાયટી પ્રતિવર્ષ જે પરીક્ષા કરી ઇનામો આપે છે તે સ્તુતિપાત્ર છે. આ યોજનાથી ઓછો પોતાના વિચાર છોડવી બનાવતા શીખે છે નિશાળ છોડયા પછી અને ગૃહકાર્યમાં પડ્યા પછી પણ તેમને પોતાનો અભ્યાસ ચાલુ રાખવાને ઉત્તેજન મળે છે અને તે નિમિત્તથી ઓછાને ઉપયોગી એવા વિષયો તેમના અભ્યાસમાં આવે છે સોસાયટીના આ બન્ને હેતુ બને દરજે એથી સિદ્ધ થયો અને પ્રતિવર્ષ ઉત્તેજન માટે કરેલો અર્થ નિષ્ફળ નહિ થાય એ સર્વ પ્રકારથી જોતાં સમજાય છે

આ વર્ષની પરીક્ષામાં એકંદર ૨૧ ઉમેદવારો હતી, તેમાથી ૧૮ પરોઢવાની હતી, એ આપણે ખુશી થવા જેવું છે. કુલ એકવીસમાંથી અગિયાર ઉમેદવારો પરીક્ષા આપવા હાજર થઇ શકી હતી, અને તેમાં પણ નવ વડોદરાની હતી. અગિયાર પૈકી ઉપર ના ધોરણમાં આઠ અને નીચલા ધોરણમાં ચાર બાકી કુલ આઠ પાસ થઇ હતી. અને તેમાંની દરેકને ૬૦ થી ૬૫ સુધી ઇનામના આપવામાં આવ્યા હતા.

ગઇ સાલ સાત સ્ત્રીઓ પરીક્ષામાં હાજર થઇ હતી અને આ વર્ષ ચારનો વધારો છે

તેથી ઉત્તેજનનો લાભ લેનારી મંડળીમાં પ્રતિવર્ષ વધારો થતો જવાની આશા બંધાય છે. ગુજરાતમાં સ્ત્રીશિક્ષણ સર્વત્ર છતાં સ્પર્ધાની પરીક્ષા માટે વપારે સ્ત્રીઓ વડોદરા રાજ્યમાંથી બહાર પડે એ વડોદરા રાજ્યની સ્ત્રીકેળવણીને બસૂસ શોભા આપનારૂં ગણાય. આ પરીક્ષામાં બહુધા ટ્રેનીંગ કોલેજમાં વિદ્યાભ્યાસ કરનારી સ્ત્રીઓ હાજર થાય છે. પણ શાળા છોડીને ગૃહવ્યવહારમાં પડેલી સ્ત્રીઓ પણ જતે દહાડે એનો લાભ લેવા લાગશે, તો સોસાયટીનો હેતુ સંપૂર્ણ અંશે પરિપૂર્ણ થયેલો ગણાશે.

રાજમહેલમાં ઇનામ સમારંભ—શ્રીમંત મહારાજા સાહેબે નામદાર ગોંડળના કુંવર સાહેબના સન્માનાર્થ ગઇ તા. ૧૬ મી માર્ચે વડોદરા શહેરની ગુજરાતી મરાઠી અને ઉર્દુશાળાના વિદ્યાર્થિઓ અને વિદ્યાર્થીનીઓનો એક મોટો મેળાવડો કર્યો હતો. આ મેળાવડો હોળીના તહેવાર દરમીઆન અકસ્માત્ ભરવાનો હતો તેમ છતાં મે. વિદ્યાધિકારી અને શિક્ષકવર્ગે બનતા પ્રયાસથી કતેહમદી સાથે પાર પાડ્યો હતો. છોકરા અને કન્યાઓએ નીતિવિષયક કવિતાઓ ગાઇ હતી તથા વાદ્ય ઉપરથી ડમ્બેલ્સની કવાયત કરી હતી જે જોઇને શ્રીમંત મહારાજા સાહેબ અને પ્રેક્ષકો ઘણા આનંદ પામ્યા હતા. મેળાવડામાં મે. રેસિડંટ સાહેબ આદિક યુરોપીયન અને દેશી ગૃહસ્થો પધાર્યા હતા. સમારંભનું કામ પૂરૂં થયા પછી શ્રીમંત મહારાજા સાહેબે દેશીરાજાઓ, આગેવાનો અને પ્રજાજનોની ફરજ વિષે અતિ બોધદાયક ભાષણ આપ્યું હતું. આ ભાષણનો બોધ જાણવા જેવો હોવાથી તેનો સાર અમે બીજી તરફ આપ્યો છે. છેવટે શ્રીમંત મહારાજા સાહેબે સ્વહસ્તે બાળકોને ઇનામ આપ્યાં હતાં.તથા સઘળાં બાળકોને સુકા મેવાનાં પડીકાં આપીને મેળાવડો વિસર્જન કરવામાં આવ્યો હતો. સહજ પ્રસંગ મળતાં વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવાની શ્રીમંત મહારાજા સાહેબની અભિરૂચિ ઉપરથી તેમની વિદ્યાપ્રિયતા અને દેશસુધારણેચ્છા વ્યક્ત થાય છે, એટલું જ નહિ, પણ પ્રજામાં તેની સારી અસર દેખાય છે અને લોકોને પોતાનાં બાળકોને વિદ્યાભ્યાસ કરાવવાને ઉત્તેજન મળે છે.

પાપ પૂર્વનું અપૂર્વ તે'નું જાણો એ પ્રકટ્યું પરિણામ.

સવૈયા એકત્રીસા.

વ્યાધિગ્રસ્ત શરીર નિરંતર અંતર આધિગ્રસ્ત અપાર,
દુષ્ટજનો દોરી દરબારે ગુના' વિના લુંટે ઘરબાર;
સગા હોય તે દગાખોર થઇ દુશ્મન પેઠે ભમે તમામ,
પાપ પૂર્વનું અપૂર્વ તે'નું જાણો એ પ્રકટ્યું પરિણામ. ૧

દૈવ વડે દંડાયો પરણ્યો બે રંડાયો થવા વિનાશ,
તેમાં એક સુશીલ ને શાંખિણી અથવા બેય બાકુ બદમાશ;

તે છંડાય ન ઘર મંદાય ન ભવ ભૂખી ના ભળે વિરામ,
પાપ પૂર્વનું અપૂર્વ તે'નું જાણ્યો એ પ્રકટયું પરિણામ. ૨
સુતા હોય તે જરયૌવનમાં વિધવા કે વંઠેલી થાય,
કે જમ જેવો જમઈ હોય તે કદાપિ ના કંઠાસ સુકાય;
શાણો સુત તે સ્વર્ગ સિધારે કપુત જીવી બોળે નામ,
પાપ પૂર્વનું અપૂર્વ તે'નું જાણ્યો એ પ્રકટયું પરિણામ. ૩
હાળ ગળે મુખ સર્વ ટળે સુખ ગાળ બધે સુત થઇ ચંડાળ,
કપાળ ફૂટે ગાળ ઘટે તો બને બાળ શો તનનો તાળ;
ગાળ હાળ વખતે ન મળે પણ ગાળ ન લે ન વદાયે રામ,
પાપ પૂર્વનું અપૂર્વ તે'નું જાણ્યો એ પ્રકટયું પરિણામ. ૪
બારાળામાં ધન ધીરે ને ઉઘરાણી રાણી થઇ જાય,
ધૂળધાણી વરવાઢ વધે ને પાણિ પેઠ પૈસો ખરચાય;
હામ હામ ને હામ ગુમાવી થાયે અદલા એક બદામ,
પાપ પૂર્વનું અપૂર્વ તે'નું જાણ્યો એ પ્રકટયું પરિણામ. ૫
સુરવર સરખો નરવર સુંદર સુરવધુ સરખી સુ દરી તેમ,
ધનમા ધનદતણો મદ મોટે પ્રજા ઊજળી સઘળું ક્ષેમ;
શાસ્ત્ર જતાં પણ પાઈ ન ખરચે કે બળ અચળ કરે નહિ નામ,
પાપ પૂર્વનું અપૂર્વ તે'નું જાણ્યો એ પ્રકટયું પરિણામ. ૬
નાની વય ને નિર્ધન તેમાં માનપિતા નિધનાધિન થાય,
કેશ જેટલું કરજ વધે, ના દેવામાં દમડી દેવાય,
રાત દિવસ શિર રામ ચંઢચારે તેમા વૃત્તિ હોય હરામ,
પાપ પૂર્વનું અપૂર્વ તે'નું જાણ્યો એ પ્રકટયું પરિણામ. ૭
સારો સાક્ષર છતાં સભામા અક્ષર એકે ના ઉચ્ચરાય,
કાયા તોડી ફોડિ ભરે પણ કોડીનું દર્શન ના થાય;
જ્યાં ત્યાં ભવ ભટકી જાણે પણ ઠરી ન બેસે ઘડીએ ઠામ,
પાપ પૂર્વનું અપૂર્વ તે'નું જાણ્યો એ પ્રકટયું પરિણામ. ૮
પિતા વિશારદ શારદ જેવા વેદશાસ્ત્રના વેત્તા હોય,
પુત્ર પછાડી પાગળ નિકળે જેમાં કશા ન વેતા હોય;
ગમાર જેવો જ્ઞાન વિનાનો ગોલાનો થઇ રહે ગુલામ,
પાપ પૂર્વનું અપૂર્વ તે'નું જાણ્યો એ પ્રકટયું પરિણામ. ૯
રાજ રોગ વા રક્તપિત્ત કે કાયા ઉપર નીકળે કોડ,
અધલા ઓઢ શરીરે આવે ગમેજ અનમાં અનના કોડ;
રક્ત વહે દિન નક્ત રહે નિઃશક્ત રહે પીડાઇ આમ,
પાપ પૂર્વનું અપૂર્વ તે'નું જાણ્યો એ પ્રકટયું પરિણામ. ૧૦

રંભાશી રંભોરૂ રમણી વર પામે અરનો સરદાર,
રતિપતિશો આકૃતિમાં તેને મળે કર્કશા જેવી નાર;
હોય શિરસ્તો નાતતણો તે મળે ન બીજી દેતાં દામ,
પાપ પૂર્વનું અપૂર્વ તે'નું જાણો એ પ્રકટયું પરિણામ. ૧૧
ઉત્તમ કવિવરની કવિતામાં ગુણગણ જે જનના ન ગવાય,
યાચક જનના યૂથ વિષે ના વાહવાહ જેની ઉચરાય;
કલંક લાગે કુળને એવાં સૂઝે સૌ કરવાનાં કામ,
પાપ પૂર્વનું અપૂર્વ તે'નું જાણો એ પ્રકટયું પરિણામ. ૧૨
કામ ક્રોધ મદ મોહ દ્રોહમાં મનોવૃત્તિ કેવળ રે' લીન,
ભલું કોઇનું ભાળી ન શકે ઉર દઇ નિશદિન દુભવે દીન;
સંત સંતતણી સંગત પણ વૃત્તિ વિષયથી નલે વિશ્રામ,
પાપ પૂર્વનું અપૂર્વ તે'નું જાણો એ પ્રકટયું પરિણામ. ૧૩
પરાધીનતામાં રહી જાયે મહા દીનતામાં દિન સર્વ,
ધરી ધંખના ધનની ગાયે ગુણ શંખના થઇ નિર્ગર્વ;
કરી પ્રેમને કરી કામમાં જરી જપાય ન હરિનું નામ,
પાપ પૂર્વનું અપૂર્વ તે'નું જાણો એ પ્રકટયું પરિણામ. ૧૪
દક્ષ જનોમાં દુર્ગુણ દેખે દુર્જન જોડે દિલ જોડાય,
ભલું તેટલું ભુંડુ ભાળે ભુંડામાં ભલપણ દેખાય;
કહે દયાશંકર કલમષમાં જાય જેમના આઠે યામ,
પાપ પૂર્વનું અપૂર્વ તેનું જાણો એ પ્રકટયું પરિણામ. ૧૫

કવિ દયાશંકર રવિશંકર.

છઠ્ઠા ધોરણમાં નિબંધશિક્ષણ.

આ પત્રમાં નિબંધના શિક્ષણ માટે અત્યાર સુધીમાં ઘણીવાર કહેવાઇ ગયું છે, તેમ છતાં સારા શિક્ષકો કોઇપણ વિષય શીખવવાની સારામાં સારી પદ્ધતિના શોધમાંજ હોય છે. તેવા ઉત્સાહસમ્પન્ન શિક્ષકો માટે આજ અમે છઠ્ઠા ધોરણમાં શીખવવાના નિબંધના સંબંધમાં થોડીક ઉપયોગી સૂચનાઓ કરવા ધારીએ છીએ, જે વાંચી તેઓ પોતાના તરફથી કાંઇક સુધારો વધારો સૂચવશે એમ આશા રાખીએ છીએ.

આપણી શાળાઓની પેઠે ઇંગ્લાંડની શાળાઓમાં પણ છઠ્ઠા ધોરણની સર્ટિફિકેટ પરીક્ષામાં નિબંધનો વિષય દાખલ કરેલો છે. ત્યાંનો એક લખનાર લખે છે કે, આ પરીક્ષા માટે જે અઢાર વિષયો ગણાય છે તેમાંનો નિબંધ પણ એક છે. એમ હોવાનું એક કારણ એ પણ છે કે બાર તેર વર્ષના નાના છોકરાઓને પોતાના દરરોજના પરિચયમાં આવની વસ્તુઓ સિવાય બીજની બહુ માહિતી હોય છે. તેઓ પરિચયના જનવરો, પોતાના ભાઇ-બંધો, પોતાના મહોલ્લા અને કદાચ ગામ, પોતાના ખેતરો કે ગામના કૂવા તળાવ નદી અને ગામની આસપાસના સ્થળ, વગેરે વિષે થોડું થોડું પણ જાણતા હોય છે. મોટાં શહેરમાં વસનારા છોકરાને ગામડાના ખેતરો અને લોક સ્થિતિ વિષે પ્રશ્નો પૂછીએ અથવા ગામડાના છોકરાને શહેરનાં નાટકો, ખેલ, તમાસા વિષે પ્રશ્નો પૂછીએ તો તેના જવાબ ભાગ્યેજ સંતોષકારક મળશે. જો આવો નિબંધ છોકરાઓને આપવો હોય તો તે સંબંધી માહિતી શિક્ષકે પ્રથમ તેમને આપવાની જરૂર છે જનમચરિત્ર અને ઐતિહાસિક બાબતો વિષે નિબંધ આપતાં પહેલાં તે કયા પુસ્તકમાં અને કયાથી કયા સુધી વાંચવું તે આગમચ જણાવવાની જરૂર છે. અઠવાડિયામાં આપવાના નિબંધો આગમચથી મુકરર કરી રાખવામાં આવે અને તે સંબંધી માહિતી કયા મળશે તે પણ જણાવી દેવામાં આવે તો વળી વધારે ઉપયોગી થાય.

નિબંધના કેટલાક વિષયો એવા હોય છે કે તેવો નિબંધ કેમ લખવો તેનો એકાદ નમુનો વિદ્યાર્થીઓ પાસે હોવાની જરૂર છે. આવો એકાદ સામાન્ય નિબંધ પસંદ કરીને શિક્ષકે કાળા પાટિયા પર લખવો અને છોકરા તે ઉતારી લઈ તેને સ્મરણમાં રાખે એ ઘણું ઉપયોગનું છે. આમ થવાથી વિદ્યાર્થીઓ માત્ર એકજ નિબંધની હકીકત જાણે છે. એમ થતું નથી, પણ બીજા નિબંધો કયી પદ્ધતિથી લખવા તે પણ તેઓ જાણે છે. બીજા નિબંધમાં તેઓ માત્ર હકીકત ફેરવે છે અને તે પોતાના શબ્દોમાં લખે છે જો તેઓ કોઇ સ્થળે પોતાના તરફનો વધારો કરે તો તે વળી ઘણું સારૂ ગણાય. નિબંધની સુધારણા કરવાની સૂચના આપતાં એક વિદ્વાન કહે છે કે, વાચનપાઠ શીખવતી વખતે એક એક વાકય શિક્ષકે બોલવું અને તે વાકય છોકરાં પાસે તેમના શબ્દોમાં બોલાવવું. કદાચ છોકરા તેના તે શબ્દો બોલી બતાવવા કરતાં કાંઇ વિશેષ ન કરી શકતાં હોય તો તેમને તે વાકયમાં સમાનાર્થ શબ્દો ગોઠવવા કહેવું, અથવા તે વાકય બીજે પ્રકારે બોલી શકાતું હોય તો તેમ બોલવા કહેવું. આવો અભ્યાસ છોકરાની ભાષા સુધારે છે, અને તેમને એકની એક બાબત જુદી જુદી રીતે લખવાની ટેવ પાડે છે. શિક્ષકે બાળકોને લખવાની અમુક રીતી પસંદ કરી આપવી જોઇએ અને તે પ્રમાણેજ લખવાની તેમને ટેવ પાડવી જોઇએ.

નિબંધ લખવામાં જેટલો વખત કાઢવાનો છે તે કરતાં તેને સુધારવામાં ઘણો વખત કાઢવાની જરૂર છે. અમને લાગે છે કે એક વખત અરધો કલાક કે વીસ મિનિટ નિબંધ લખવા માટે આપવી અને બીજે દિવસે એક કલાક તેને સુધારવા માટે રાખવો. નિબંધશિક્ષણનું ખરૂં કામ તેને સુધારતી વખતે થાય છે. જુદા જુદા વિદ્યાર્થીઓ જે જુદી જુદી જાતની ભૂલો કરે તેને અમુક વર્ગમાં ગોઠવીને કાળા પાટીયાપર લખવી, અને તેમાં જે સર્વસામાન્ય ભૂલ થતી હોય અથવા ઘણી મહત્વની ભૂલ હોય તેને મોટા અક્ષરથી કે રંગીત ચાકથી લખવી. આવી મહત્વની ભૂલોને સુધારવાનાં અનેક ઉદાહરણો તેમની પાસેથી માગીને તે સુધારવી. છોકરાં નિબંધ લખવામાં જે જે ભૂલો કરે છે તેમાં હકીકતની ભૂલો કરતાં વાક્યરચનાની ભૂલો ઉપર શિક્ષકે ખાસ લક્ષ આપવાનું છે, કેમકે હકીકત તો માહિતી પ્રમાણે વત્તી કે ઓછી લખી શકાય, પણ જે કાંઇ લખાયું છે તે ખરી ભાષામાં લખાયું છે કે કેમ, તે શિક્ષકે તપાસવાનું તથા શીખવવાનું છે. નિબંધશિક્ષણ એ કોઇ વિદ્યા કે સામાન્ય પદાર્થપાઠોનું શિક્ષણ નથી પણ ભાષાનું શિક્ષણ છે, એ વાત શિક્ષકે કદી ભૂલવી નહિ. છોકરાં નિબંધમાં કયી કયી જાતની ભૂલો કરે છે તે અહીં જણાવવાનું કારણ નથી, કેમકે તેનો સઘળા શિક્ષકને અનુભવ હોય છે. ઘણુંકરીને છોકરા બોલે છે તેમ લખે છે, અને તેથી બોલવામાં જે જે શબ્દોનો તેઓ અધ્યાહાર કરે છે તેનો લખવામાં પણ કરે છે. તેમના બાલવયને લીધે તેમને ભાષાની માહિતી ઓછી હોય છે, તેથી તેમને પ્રશ્નનો ઉત્તર મોઢેથી કે લેખી આપતી વખતે થોડાં શબ્દોમાં પતાવી દેવાની ટેવ હોય છે; અથવા બહુ બોલે છે તો અસંબદ્ધ બોલવાની ટેવ હોય છે. આ બે મુખ્ય દોષો સુધારવા ઉપર જે શિક્ષક ખંત રાખે છે તે નિબંધનું શિક્ષણ બેમાલૂમ રીતે પણ આપ્યાજ કરે છે એમ જાણવું.

અહીં થોડાક નિબંધોની એક યાદી અમે આપીએ છીએ, તે માત્ર વર્ગીકરણ સૂચવવાનેજ આપીએ છીએ. એના જેવાજ જરૂર પડતા બીજા નિબંધોનો તેમાં ઉમેરો કરી શકાય. બાળકોની શક્તિ વધતી જાય તેમ નિબંધો પણ ચઢતા પ્રમાણમાં જોઇએ એ વિચાર કરીને આમાં વર્ગ પાડવામાં આવ્યા છે, માટે એમાં ઉમેરો કરનાર શિક્ષકે અમુક નિબંધ ઘટે તે વર્ગમાંજ ગોઠવીને પછી શીખવવાનું રાખવું.

૧ ખેતર, વાવણી, કાપણી, ઋતુઓ, રેલવેસ્ટેશન, પાળેલાં પક્ષી કે પશુઓ, વર્તમાનપત્ર, ટપાલનો સિપાઇ, પોલીસનો સિપાઇ, બગીચો, બગીચો શી રીતે કરવો.

૨ મારૂં ઘર, મારા તેહેવારના દિવસો મેં શીરીતે ગાળ્યા, અમારી વિદ્યાર્થીઓની મુસાફરી, મને કયી રમત ગમે છે, મારો ખરો મિત્ર, મેં રવિવા-

૨ શીરીતે ગાળ્યો, મારી પોતાની જીંદગી, અમારી નિશાળ, મારી પસંદગીની ચોપડી, અમારા ગામડાની આસપાસની સહેલગાહ, પડોશમાંની પ્રખ્યાત જગો, પાંચ રૂપિયા મેં શી રીતે વાપર્યા, એક મિત્રની બક્ષિસ, ચોમાસાની સાત દહાડાની રજાના દહાડા મેં શી રીતે ગાળ્યા, ઘરમાની રમતો, મારો પસંદ કરેલો ધંધો.

૩ હું સૌથી વધારે વખાણું છું તે માણસ, શિવાજી, રણજીતસિંહ, અકબર, પ્રતાપસિંહ, કેશવચંદ્રસેન, પ્રેમાનંદ, સામળભટ, નરસિંહ મહેતો, સીતા, મીરાંબાઇ, શ્રીમંત સયાજીરાવ, સાતમા એડવર્ડ, મારો પસંદગીનો ગ્રંથ, મારો દેશ.

૪ અમારૂં રાજ્ય, એક પૈસાનો ઇતિહાસ, એક છત્રીનો ઇતિહાસ, મારી જન્મભુમિ, શહેરની અને ગામડાની જીંદગીનો મુકાબલો, લશ્કરી શિપાઇ ને પોલીસના શિપાઇનો મુકાબલો, સમુદ્ર ચોમાસની આગબોટો, લશ્કરી આગબોટો, ચોતરીઅર.

૫ દીવાના પ્રકાર, મુસાફરીના રસ્તા, કોયલાની ખાણ, બલુનમાં ઉડાન, ઇંગ્લાંડની મુસાફરી.

૬ કરકસર, હિમ્મત, મિત્રતા, મારા પાડોશી પ્રત્યે મારો ધર્મ, સત્ય, પ્રમાણિકપણું, પ્રાણીઓ પ્રતિ માયા, સારી રીતભાત, હઠાગ્રહ (ફરી ફરી કરવું.) ખુલ્લી રમત, આજ છે ત્યાં સુધી કામ કરો, આપણા ઉપરી પ્રતિ આપણો ધર્મ, સારી કેળવણીના ફાયદા.

મી. ઍન્ડ્રૂ કારનેગી.

(ગયા અંકથી ચાલુ)

જેમ આજકાલના પ્રખ્યાત ડાક્ટરો કોઇ પણ પશુની ચોપરીનું ઢાકણું લેઇ તે પશુનું નામ, તેનો આકાર, તેમજ તેની તમામ શરીરરચનાનો હેવાલ કહી દે છે તેમ મી. કારનેગી પણ બાલ્યપણ જેવો આકસ્મીક બનાવ બને તે બનાવથી તેનો તેણે વિચાર કર્યો કે હવે લાકડાના પૂતળાનો સમય જતો રહ્યો છે અને લોઢાના પૂતળાએ તેમની જગો લીધી છે આ વિચારની સાથેજ તેને ચઢતીનું એક બળ મોટાન નજરે પડ્યું. તેના વિચારોનું પરિણામ એ આવ્યું કે મી. કારનેગીએ " નેશનલ સુપ્રજ વર્કસ " એ નામથી એક લોઢાનું કારખાનું કરવું ઠીક્યું, અને રેલવેની નોકરીનું રાજીનામું આપી દીધું. પ્રથમ આ કારખાનામાં લોઢાના પૂલો અને પાછળથી પોલાદના પૂલો બનવા લાગ્યા.

હવે કારનેગી એક શ્રીમંત પુરૂષ બની ગયો હતો. કોયલા અને લોઢાની મોટી ગંજાવર ખાણોના માલીક થતાંજ તેના ઉપર દોલતનો વરસાદ છમછમ વરસવા લાગ્યો. એ તેજ દોલત છે કુબેરને હવે મી. કારનેગી બીજાઓના ભલા માટે તમામ આપી દેવા ઈચ્છે છે.

વીશ વર્ષની કારકિર્દી પછી સ્કોટલાન્ડના એક વણકરનો છોકરો દુનીયામાં લોઢા અને કોયલાનો બાદશાહ કહેવડાવવા લાગ્યો, અને તેની શક્તિ તથા દમામ એક મુકરર હદ સુધી બાદશાહો કરતાં પણ આગળ વધી ગયો. જ્યારે બાદશાહો મોટા મોટા દરબારો ભરી હીરા માણેકના તાજો પહેરી ધામધુમથી તખ્તપર બિરાજે છે ત્યારે મી. કારનેગી પણ એક બાદશાહી દોલતનો ફાંકો ધરાવે છે.

" કારનેગી સ્ટીલ કંપની " એ નામનું કારખાનું દુનીયામાં સૌથી મોટું કારખાનું છે. ગાત્ર હોમ્સ્ટડ (પેન્સલ્વેનીઆ) નામનું કારખાનું ૭૫ એકર જમીનપર પ્રસરેલું છે, તેમાં ઘણાજ કીમતી સંચાઓ ચાલે છે. કારખાનાના અમલદારો ઘણા અનુભવી, બાહોશ અને તેના જેવા ગુણો ધરાવનારા છે.

આ કારખાના સિવાય પણ મજકુર કંપનીએ અમેરિકાના બીજા જુદા જુદા શહેરોમાં ઘણાં કારખાના ઉભાં કીધા છે. વળી તે કોયલા અને લોઢાની કેટલીએક ખાણોનો માલીક પણ છે કારખાનામા ગ્યાસની લાઇટનો એક જુદોજ ભાગ રાખવામાં આવ્યો છે. આ તમામ કારખાનાઓમાં ૨૭ હજાર માણસો કામ કરે છે.

મી. કારનેગીએ પોતાના વતનમાંથી એક જુવાન મિત્રને બોલાવી પ્રથમ તેને પીટ્સબર્ગમાં કામ શીખવાને મોકલ્યો અને પાછળથી તેને કારખાનામાં પોતાનો ભાગીદાર બનાવી લીધો, તે ભાગીદારને દર વરસે ૨૫ હજાર પૌંડ નફો મળેછે. આ કંપનીના તમામ ભાગીદારોના કુટુંબી લોકોને કંપનીના કામકાજથી બીલકુલ અલગ રાખવામાં આવેલા છે. તેમને કારખાનાં સંબંધી કોઇ પણ જાતનો મત આપવાને અથવા કામકાજ કે તજવીજ કરવાનો હક નથી. મી કારનેગી, નફાના ચડતા ઉતરતા પ્રમાણમા મજુરોને મજુરીનો દર ચડતો ઉતરતો આપવો તે બાબતમાં ઘણોજ બાહોશ છે. તે પોતાના કારખાનાના તમામ માણસો ઉપર પૂરેપૂરો ભરોસો રાખે છે.

૧૨ વર્ષ પહેલાં મી. કારનેગીએ " પૈસો " એ નામનો એક નિબંધ લખ્યો હતો જે પ્રથમ " અમેરિકન રીવ્યુ " મા અને પાછળથી મી. ગ્લેડ્સ્ટનની દરખાસ્ત ઉપરથી " પાલમાલ ગેઝેટ " માં પ્રકટ થયો હતો. તે આ નિબંધમાં લખેછે કે " જરૂર પૂરતો ખર્ચ કરતાં જે પૈસો બચત રહેછે તેને સામાન્ય લોકોના લાભ અર્થે ખર્ચવો જોઇએ કેમકે તે પૈસાને ખર્ચવાનો તે સિવાય બીજો કોઇ ઉત્તમ માર્ગ હોઇ શકતો નથી. જે માણસ લાખો કરોડો રૂપિયા પોતાની પાછળ મૂકી જાયછે કે જેને તે પોતાની સાથે લઇ જઇ શકતો નથી તે એક કંગાલ મોતે મરેછે. "

કરોડપતિએ કરોડ રૂપીઆ સખાવત કરવા જોઇએ એજ તેની શોભા છે. પણ સવાલ એ છે કે તે કયા ઉત્તમ કામમાં વાપરવા ? એવીજ રીતે આ ચાર કરોડ પૌંડના વાપરનો હજુ સુધી ઉત્તમ માર્ગ મળ્યો નથી.

મી. કારનેગીએ પબ્લિકને ખબર આપી દીધી છે કે જોને આ ગંજાવર દોલતના વાપરનો ઉત્તમમા ઉત્તમ વિચાર બાલુમ હોય તે તેને જાહેર કરે. રબેને કોઇ ગરીબથી ગરીબ માણસની સલાહ પણ કારનેગી સાહેબને પસંદ પડી જાય અને તે તે પ્રમાણે અમલ કરે. થોડી મુદત સુધી તો આ બાબતના ત્રણસો કાગળો દરરોજ મી. કારનેગીને ટપાલ રસ્તે

પહોંચતા રહ્યા છે. સાહેબ મોસુલ લાયબ્રેરીઓ, સંગ્રહસ્થાનો, પ્રદર્શનો અને ગાયન શાળાના ઓનો બનાવવા માટે પુષ્કળ પૈસો આપી ચૂક્યા છે. આ સખાવતથી તે માણસ પર બંધક પ્રકારના પડી શકે છે કે તે કેવા કાર્યોમાં રૂપીઆના અર્થવાની ધારણા રાખે છે."

શ્રી કાર્નેગી જે હવે પચ્ચીસ પૈસાદાર બની ગયો છે, છતાં તે પોતાના ગરીબીના સમયને ભૂલી ગયો નથી. તે એટલા માટેજ પહેલી લાયબ્રેરીઓ લોકોના ભલા ખાતર સ્થાપન કરી જહોમત આપેછે કે બાળકોને પુસ્તકો વાચવાનો બહુજ પ્રસંગ મળે, કેમકે તેને સાભરે છે કે જ્યારે તે એક ગરીબ છોકરો હતો અને પુસ્તકો વાચવાની ઇચ્છા રાખતો ત્યારે તેને તે મળી શકતા નહોતા. તે યુનિવર્સિટિઓને પણ એટલા માટેજ લાખો રૂપીઆ આપી ચૂકયો છે; કેમકે તેની ખાત્રી છે કે દુનિયામા તમામ સખાવતોમા વિદ્યાની સખાવત ઉત્તમ છે. વિદ્યાને મદદ્યતાપીજ મનોરોના બાળકો પૈસો અને આબરૂ બંને મેળવી શકે છે

હવે શ્રીમતી મુક્ત થયાં શ્રી. કાર્નેગી પોતાના કારખાનાના એક કપની કરી પોતે કામકાજથી મુક્ત થઇ ગયો છે અને પોતાના વતન સ્કોટલાન્ડમા આવી રહ્યો છે. ત્યાં તેણે એક મોટો અમીરી મેહેલ સ્કેરબુ કેસલ વેચાતો લીધો છે કે જેની આસપાસ ચારે તરફ કેટલાક માઈલ જમીન પ્રસરેલી છે. તે જમીનમા તેના ખેડુતો ખેતી કરે છે તે પોતાના ખેડુતો સાથે એવી સરસ વર્તણુકથી વર્તેછે અને ખેતીનું કામ એવુ સરસ ચલાવે છે કે હમણાજ ત્રણ મહિના પહેલા એટલે માહ સપ્ટેમ્બર સને ૧૯૦૨ મા આપણા નામદાર શહેનશાહ સાતમા એડવર્ડ (કે જેમને ઇશ્વર સુખી રાખે તેઓ) સ્કોટલાન્ડમાં શ્રી કાર્નેગીના મેહેલમા મેહમાન થયા હતા. એ નામદારને તેનો ખેડુતો સાથેનો બહોળસ્ત એવો ખબંદાર ગમ્યો કે તે બાબતના તેમના મુખે મુલ્કા વખાણ કર્યા વગી હુકમ આપ્યો કે હવે પછી એવો બહોળસ્ત શહેનશાહના એટલે પોતાનાજ મેહેલને લગતી જમીનમા પણ કરવામા આવે.

" કાવ્યા-અમરેલી. "

ઐતિહાસિક વાર્તા.

અસાઇ ગામે મરાઠા અને અંગ્રેજો વચ્ચે જે કહોરી લડાઇ થઈ તે પછી જને વચ્ચે તહને માટે બોલણી થઇ. તા. ૧૭ નવેમ્બર સને ૧૮૦૩ થી તા. ૨૪ ડીસેમ્બર સન ૧૮૦૩ સુધી કેટલ વખતના વકીલ એક બીજા તરફ જતા તે વખતમા એક દિવસે એટલે તા. ૨૪ ડિસેમ્બરે અંગ્રેજોના સેનાપતિ મેજર જનરલ વેલેસ્લીના તંબુમા દોલતરાવ સિંધિયાનો વકીલ તહ બાબત કંઈ રાજ્યપ્રકરણની વાતો કરતો હતો તે વખતે બસવંતરાવ મોરપડે, નારોપંત નાના, વિઠ્ઠલપંત મુનશી, વગેરે મરાઠાના બધા મોટાઓ તંબુમા બેઠા હતા. તેજ પ્રમાણે મેજર-જનરલ વેલસ્લી, મેજર માલ્કમ આર્થર સ્ટુઅર્ટ, કેપ્ટન બ્રિગ્સ્ટન અને ગોવિંદરાવ વગેરે અંગ્રેજ પ્રમુખ સેનાપતિ અને વકીલ ત્યાં હાજર હતા. સિંધિયાનો વકીલ અને વેલસ્લી એમની મુલાકાત થઇ છેવટે મુખ્યપણે તહનામાનો ઠરાવ થયો. આ વાત તેજ તંબુમાં બેઠેલા નીજામ સરકારના વકીલે જાણી. આ તહનામાથી નિજામને બહુ મુલક મળવાનો હતો, કારણ, નિજામ

તરફથી અંગ્રેજોને પુષ્કળ મદદ મળી હતી, તેથી નિઝામને ભાગે કયા કયા પ્રાંત આવ્યા તે જાણવાની તે વકીલને ઇચ્છા થઇ. આ વકીલ નિઝામ સરકારનો મોટો સરદાર હતો અને તેનું નામ રાજા મહિપતરામ હતું. તેણે નિઝામને મળનારા પ્રાંત પ્રથમ જાણવાને માટે વેલસ્લી સાહેબ આગળ વાત કાઢી પ્રથમ તો તેણે વિનંતિરૂપે અને સ્નેહભાવે પૂછ્યું પણ તેનો બીલકુલ ઉપયોગ થયો નહિ. છેવટે તે વાત જાણવાને તેણે પાંચ લાખ રૂપિયા લાંચ આપવાને વેલસ્લી સાહેબને કહ્યું પણ તે બીચારો કમાયો જાણે કે વેલસ્લી જેવો ચતુર મુત્સદ્દી અલ્પ લાભમાટે બારે લાભનો ત્યાગ કરે? છેવટે વેલસ્લી સાહેબે ગંભીર ચહેરેથી તેને કહ્યું કે કોઇ પણ બાતમી તમે ગુપ્ત રાખી શકો કે નહિ? વકીલ હા કહ્યું. એ સાંભળી વેલસ્લીએ કહ્યું કે તમારી આકૃતિજ મારા હાથથી ગુપ્ત વાત કઢાવવાની નહિ આ સાભળી મહિપતરામને ઘણું દુઃખ લાગ્યું, અને અંગ્રેજ લોકો કેટલા રાજ્યકારસ્થાની હોયછે, અને તેમની સાથે ગમેતેટલા સ્નેહથી વર્તીએ તોપણ તેઓ પોતાની ગુહ્ય બીના બીજાને કદી કહેતા નથી, એવી તેની પક્કી ખાતરી થઇ. તોપણ તે નિઝામનો વકીલ શેરને માથે સવાશેર હતો. તેણે તે વાત જાણવાને પક્કો નિશ્ચય કર્યો. આ તકનામાની કલમો ગવર્નર જનરલ પાસે લઈ જનારા ટપાલના સિપાઇનો શિરચ્છેદ કરી તેણે પોતાની ઇચ્છા તૃપ્ત કરી. N.

કાળાપાણીનો ચેટ.

અંદામાન ને ત્યાંના લોક.

આ બેટ બંગાળાના ઉપસાગરમા બ્રહ્મદેશની દક્ષિણે આશરે ૧૬૦ માઇલ પર છે. તેમાં મુખ્ય ૩ બેટ હોઈ પ્રત્યેકની લંબાઇ ૫૦ માઇલ છે. આ પ્રત્યેક બેટની આસપાસ બીજા નાના નાના બેટ છે. આ દ્વીપસમૂહ પૈકી અંદામાન બેટ બધાની દક્ષિણે ૩૦ માઇલ ઉપર છે આ બેટમા નાના પ્રકારની વનસ્પતિ વિપુલ થાય છે પણ પશુ પક્ષી આદિ પ્રાણીની વસ્તી ઘણી અલ્પ છે. પરંતુ સમુદ્રમાં જળચર પ્રાણીની બીલકુલ ન્યૂનતા નથી. અંદામાન બેટના લોકના ચહેરા ઉપરથી તેમજ તેના કાળા રંગ ઉપરથી તે લોક હિંદુસ્તાનના અતિ પ્રાચીન રહેવાસીના વંશજ હશે એવું અનુમાન થાય છે. તેમના જેવા લોકો બ્રહ્મ ધર્મે ઠેકાણે નજરે પડે છે, પણ તેમનું રહેવું ઘણે વિકટ પર્વત અથવા તેવાજ દુર્ગમ સ્થાન પર હોય છે તેમને નિગ્રેટો એટલે નાનો નિગ્રો કહે છે.

અંદામાનના લોકોના શરીરનો આકાર ઠીંગણો હોય છે તેમની સ્ત્રીઓની ઉંચાઇ ત્રણ હાથ હોય છે અને પુરૂષની ઉંચાઇ તેથી કિંચિત્ વધારે એટલે બે ત્રણ ઇંચ અધિક હશે. તેમના શરીરનો વર્ણ કુષ્ણ હોઠ માથા જોળ હોય છે.

અંદામાની લોક છેક નગ્ન અવસ્થામાં હોય છે એવું કહીએ તો પણ ચાલશે કારણ કે શરીરપર તેઓ કાંઇ વસ્ત્ર રાખતા નથી. માત્ર કમરની આસપાસ એક પાતળી માલા વીંટાળે છે. જોકે તેમનું બધુ શરીર વસ્ત્રરહિત હોઇ માત્ર વસ્ત્રનો ભાગ લજ્જારક્ષાર્થે કરી હોય [illegible] વિચિત્રપ્રકાર [illegible] ગળાસુધી ગાયનો હાર

એ તેમનો પ્રીતિપાત્ર અંજાર છે. પોતાનો કોઇ સગો કે સ્નેહી મરણ પામે એટલે તેનું મસ્તક તે પોતાના કંઠમાં અત્યંત ભક્તિથી ધારણ કરે છે

આ લોકો લાલ માટી શોભાને માટે શરીરે ચોપડે છે અને તેઓ કદી ખેતી કરતા નથી તેમ ઢોર ઢાંક પણ પાળતા નથી, માટીનાં પાત્ર બેડોળ વાસણ બનાવેછે. અને વાસની નળીઓ કાઢી તેમા પાણી ભરવાને સુંદર પાત્ર બનાવે છે. માછલા પકડવામા આ લોક ઘણા ખબરદાર છે. તેમજ તરવામાં, કુસ્તી મારવામા અને દોડી હુમલો કરવામાં ઘણા નિપુણ છે. યુદ્ધસામગ્રીમાં માત્ર ધનુષ્યબાણ અને ભાલા એ બે મુખ્ય છે યુરોપીઅન લોકોએ અ-ગાઉના બેટમા પ્રવેશ કર્યો ત્યાં સુધી ધાતુના વાસણની તે લોકોને ખબર નહોતી આ લોક મુખ્યત્વે કરીને કુદરત, સમુદ્રગર્ભ, ઝાડપાનાં ફળ, કંદ મૂળ, મધ અને કીડા ઉપર પોતાનું ગુજરાન કરે છે. આ લોકો ઝાડની ડાળીઓ ઘર બાંધવાના ઉપયોગમા લેછે અને તેનું બારણું એટલું નીચું રાખે છે કે બૂમાટાને અગિયન કર્યા સિવાય અંદર જવાય નહિ. આ લોકોની કબરો પણ ઘણી ચમત્કારિક હોય છે. તે લોકોની વિધવા સ્ત્રીઓને અલંકાર પોતાના પ્રાણપતિનું મસ્તક છે.

તે લોકોમાં મૃતમનુષ્ય બદલ જોડ પ્રદર્શિત કરવાનો રીવાજ બહુ ચમત્કારિક છે. તેમનામાં કોઇ માણસ મરણ પામે એટલે તેના બધા અંગનું વર્ણન કરી તેના ઉપર બીજી માટીનું લેપન કરે છે ઈશ્વર વિષે તેમની એવી કલ્પના છે કે તે એક દુષ્ટ દુરાત્મા દોષ માનવ પ્રાણીમાં રોગ ઉત્પન્ન કરે છે. વાહ ! વાહ !

ઇ. સ. ૧૭૮૬ થી જમાઇકાની સરકારે આ બેટમા કાળા પાણીએ કેદી મોકલવાની શરૂઆત કરી. પરંતુ હાલમા ત્યાં કેદી મોકલવામા આવતા નથી. તેની પાસે પોર્ટમ્બેર કરીને એક બેટ છે ત્યા ઇ સ ૧૮૫૮ થી મોકલવાની શરૂઆત થઇ છે. એવું કહે છે કે હાલમાં ત્યાં ૧૨૦૦૦ ઉપર કેદીઓ છે. N

શ્રીમંત મહારાજા સાહેબનું ભાષણ.

દેશી રાજાઓ, આગેવાનો અને પ્રજાજનોની ફરજ.

ગોવા દિવસ ઉપર રાજમેદાનમાં નામ૰ ગોંડળના ઠાકોર સાહેબ પ્રીત્યર્થ વડોદરા દેહેગની મુજરાતી, મરાઠી તથા ઉર્દુ શાળાના છોકરાઓ તથા કન્યાઓનો મેળાવડો કરવામા આવ્યો હતો તે પ્રસંગે શ્રીમંતે જે પ્રસંગાનુસાર મરાઠીમા ભાષણ આપ્યું હતું અને તેનો ગુજરાતી અનુવાદ શ્રીસયાજીવિજયમાં આપેલો છે, તેમા સામાન્ય પ્રજાજન તરીકે તેમ વિદ્યાર્થી તરિકે પણ શીખવા જેવુ ઘણું દોવાથી અહીં તેનો સાર આપીએ છીએ. ગોંડળના ઠાકોર સાહેબની તથા તેમણે કરેલા સુધારા વધારાની અને વિદ્યોન્નતિની પ્રસંસા કરતા શ્રીમંત બોલ્યા હતા કે " તમારામાંના કોઇને મુસાફરી કરવા વિચાર થાય તો જરૂર ગોંડળ એક જોવા જેવું શહેર છે ત્યા વળી રેલવિજલો, રસ્તા, કુવ્વે, બસ, વગેરે સોકોપયોગી સગવડોએ કાંઇ ઓછા સુંદરમાં વધારો કર્યો છે લોકોને રાજાના નાના આકારપત્રોની

તુલના તેના ઉત્પન્ન ઉપરથી કરેછે. પણ તેની ખરી તુલના તો તેમની લોકકલ્યાણ વિષેની રીતિ ઉપરથી થવી જોઇએ,તેથી ના. ઠાકોર સાહેબના નાના રાજ્યને લીધે કાંઇ ઝમી કિમ્મત થતી નથી. નાનપણું અને મોટપણું એ તો પરમેશ્વર તરફથી મળેલી અથવા મળતી સ્થિતિ ઉપરથી હોય છે. કેટલાક દેશી રાજાઓની સ્થિતિ પૂર્વે ઉત્તમ છતાં હાલ તે સંતોષકારક નથી. તેનું કારણ, દેશી રાજાઓમાં જન્મથી દોષ હોતા નથી, તેમનામાં પણ શ્રેષ્ઠત્વ અથવા કમીપણું આવવાનું કારણ જો તમે સહેજ વિચાર કરશો તો તમારા ધ્યાનમાં આવશે કે **તેમને વિદ્યા મળે છે પણ તેમાં જોઇતો વિવેક અગર વિવેચનશક્તિ જોઇએ તેટલાં હોતાં નથી.** વળી તેમને શિક્ષણ ને સત્તા બન્ને જોઇએ. તેમને જ્ઞાન હોય, ઈચ્છા હોય, પણ અમલ કરવા માટે જો રસ્તો અને જગા હોય નહિ તો તે સઘળું નિષ્ફળ છે. × × રાજાઓ પ્રમાણે અમારો સમાજ પણ અડાણી છે. તેઓ સાર્વજનિક આગેવાનોની કિમ્મત જોઇએ તેવી કરતા નથી, તેથી તે આગેવાનો અંચાય છે. પણ તેથી તેઓએ હઠવું ન જોઇએ; કારણ, આપણા દેશની સ્થિતિ બેદારક છે. તેઓએ એવું મોટું મન રાખવું જોઇએ કે આ અજ્ઞાન છોકરાઓ આજે તેની કિમ્મત કરતા નથી. પણ તે મોટા થતાં અને જ્યારે એવો સારો વખત આવશે ત્યારે આપણા કામની કિમ્મત કરશે. જેમ માસ્તર વિદ્યાર્થીને મારે છે ત્યારે તેને તે ફાયદાનું ન માનતાં ખરાબ માને છે; પણ જ્યારે તે સંસારમાં પડેછે ત્યારે તે મારની કિમ્મતનું ઉપકારપૂર્વક સ્મરણ કરેછે. આજ પ્રમાણે સાર્વજનિક આગેવાનો અને રાજાઓની સ્થિતિ છે. લોકોએ પણ પોતાનામાં શું કમીપણું છે તે સમજી યત્ન કરવો જોઇએ. અમારા ધરડાઓની સ્થિતિ આવી સારી હતી, અમે તો ઉંચા કુળના, અમે તો આવા સારા, અમે તો આવા શાણા, એમ તેઓ માને છે, પણ તેને તો હું હાલ કાંઇ કિમ્મત આપતો નથી. જે પોતાના દુર્ગુણ, સદ્‌ગુણ, અને તેનો ઉપયોગ પણ ન જાણે તેને તો તે જ્ઞાન કેવળ નકામું હું સમજું છું, આવી ધમેંડી રાખો અને હાથ પગ ન હલાવતાં બેશી રહો તો કદી ઉદય નહિ થાય. તમારા દુર્ગુણો જાણો, આળસ મૂકીદો, બીજા સાથે તમારી તુલના કરો; તેમના સદ્‌ગુણો લ્યો ને તમારા ગુણો સાચવો અને પછી તે બેઉ ગુણોને મનમાં રાખી ન મેલતાં તેનો ઉપયોગ કરો. નહિ તો તે હોય ને ન હોય તે સરખા છે એટલે નકામા છે. માણસની કિમ્મત તેને મળતા માન અથવા તેની ડીગ્રીમાં નથી, પણ તેના ગુણોમાં છે. માટે સમાજે પોતાનાં કર્તવ્ય કર્મ સમજી તેનો પૂર્ણપણે વિચાર કરવો અને ભાવિ પરિણામ તથા અચડણોનો વિચાર કરી બધાએ યથાશક્તિ યથામતિ મંડીકરી દેશનું હિત સાધવું જોઇએ. કેટલાક જુની વાતો સારી માને છે અને કેટલાક નવી વાતો સારી માને છે. પણ હું પોતે તો એકે માનનારો નથી. હું તો એમજ કહું છું કે જુનું કે નવું જે સારું હોય તે લ્યો. તાત્પર્ય કે તમારી સ્થિતિ રીતિ અને નીતિનો વિચાર કરો એ સિવાય ઉદય માટે બીજો માર્ગ નથી." આપણે ત્યાંએ વિદ્યાની નજરે જોતાં ઘણું જ ઓછાય છે, પણ ઘણું કરવાનું બાકી છે. શિક્ષકો તૈયાર કરવાની કોલેજ, દેશી ભાષામાં સર્વ જ્ઞાન મળે તેવી સંસ્થા અને સાહિત્ય, અને બોર્ડીંગ વગેરે ઘણાં પૈસાનાં કામો આપણે કરવાનાં છે. પણ પૈસાની તંગી, દુકાળ અને લોકોની અજ્ઞાનતાથી તે હાલ થઇ શકતાં નથી તોપણ થોડા કાળ પછી તે અમલમાં આવશે".

કવારત કવિતા વિષે બોલતાં તેઓ સાહેબ બોલ્યા હતા કે, " હવે હું અત્રે થયેલી રમત ગમતો વિષે બોલીશ. તેમાં છોકરીઓની જે થઇ તે વિષે કહેવું જોઇએ કે તે ઘણી સારી

છે. ારણ કે હમેશાં ઓછાને શારીરિક કસરતની જરૂર છે. કેમકે તેથીજ સંતતિ સારી થાય. પુરૂષોને પણ તેની જરૂર છે. વળી આજની કવિતામા નીતિ સંબંધે એક કવિતા હતી. નીતિ આ શબ્દ બહોળો ચૂક છે, તેનો અર્થ બહોળો ઉંડો છે. મૂર્ખ, ભિક્ષુક, મુમક્ષુ, અને વિદ્યાર્થી, સર્વ તેના જુદા જુદા અર્થ કરશે તેનુ કારણ તેમનુ શિક્ષણ અને સમજ છે. પણ વિદ્વાની નજરે તો તેનો અર્થ એકજ છે. જેના બેજ મુદ્દા હું કહીશ તે ધર્મ અને સંસાર. સંસારમાં લોકોનું આયુષ્ય વધે અને સુખ મળે એ મુખ્ય બાહના હોય છે. કેટલાક પૂજન અર્ચન કરે છે તેમા પણ નનદુરસ્ત રહેવાના અને મરણ પછી સુખ મેળવવાના હેતુ હોય છે. બનબનકે જેમ જેમ લોકોમા સુધારણા અને વિચારોની ચળવળ થાય તેમ તેમ તેઓ જુદી જુદી યોજના કરે છે."

આ સંક્ષિપ્ત પણ સરવૈયો આપણા શ્રીમન્મહારાજા સાહેબના નીતિધર્મ સંબંધી વિચાર કેવા છે, પ્રજા તરફથી પોતે કેવા કર્તવ્યની આશા રાખે છે, અને તેમની આશાઓ માટે પોતે કેવા ઉપાયો યોજવા વિચાર રાખે છે તે જણાઇ આવે છે, અને તે ઉપરથી દરેક પ્રજાધર્મ સમજનાર માણસને પોતાના દેશપ્રતિ પોતાનું મહું કર્તવ્ય સમજવામાં ઘણી મદદ મળે છે. આ આપણા ઓજસ્વિ વિદ્યાર્થિની જે સંસ્થાઓ વડોદરી મોટી ઉઘાડવાનું અભિવચન આપેલું છે તે જલદી સિદ્ધ થાઓ એવી આપણે આશા રાખીએ છીએ.

વિદ્યાર્થીઓએ કેવી રીતે વાંચવું જોઈએ ?

એક યુરોપિન ડાકટરના વિચારો.

૧. વાંચતી વખત સીધું બેસવું જોઇએ. નમીને વાચવાથી ઘણાં નુકશાનો છે તેથી કેટલું નબળું પડી જાય છે. ચામ બરાબર ચાલતો નથી અને શરીર પણ બેડોળ થઇ જાયછે. ગરદનને વધારે નમાવી વાંચવાથી લોહીના આવતા જતા વેગમા અટકાયત થાયછે કે જે આખોની તેજને ઘણુંજ હાનિકારક છે.

૨. વિદ્યાર્થીના હદ પ્રમાણે ટેબલો તથા બેન્ચો ઉંચા હોવાં જોઇએ.

૩. વિદ્યાર્થીઓએ સારૂ સારૂ અક્ષરોવાળા પુસ્તકો, વર્તમાનપત્રો અને નોવેલો વાંચવાં નહિ જોઇએ.

૪. અજુઆ વધારે પ્રકાશમાં અથવા અજુઆ ઓછા પ્રકાશમા નહિ વાંચવું જોઇએ. તેમજ સૂર્ય અસ્ત થયે દીવા સિવાય પણ ન વાચવું જોઇએ.

૫ દીવાને એવી રીતે રાખવો જોઇએ કે જેથી મને તેના પર આંખ નજર ન નાખી શકે. સરલ રીત તો એજ છે કે દીવાનો પ્રકાશ પુસ્તકપર પડે. દીવા તરફ પીઠ રાખી બેસવાથી આ પ્રમાણે વાંચી શકાય છે.

૬. સુતા સુતાં ન વાંચવું જોઇએ, કેમકે તેથી આખોની રજોને સખ્ત નુકસાન પહોંચે છે.

૭ સીધા બેસીને વાચવું અને ઉભા થઇ આમતેમ ફરતા ફરતા વાંચવું એ બે રીતો નુકશાન વિનાની છે તે બે રીતો પૈકી પાછળની બેસવા જવાથી મુખ્યત્વ કરાતી હોવાની ભલામણ કરાવેછે.

૮. વાંચવાનો ઓરડો એવો રાખવો જોઇએ કે જેમાં હવા સ્વતંત્ર રીતે આવી શકે.

૯. ખોરાક લીધા પછી થોડો વખત આરામ લઇ વાંચવું જોઇએ.

૧૦. જ્યારે આંખો થાકી જાય ત્યારે ટાઢું પાણી એક ખુલ્લા વાસણમાં નાખી ચેહેરો તેમા બોળી દઇ આંખો ખુલ્લી રાખવી કે જેથી આંખો સારી પેઠે ધોવાઇ સાફ થઇ જાય. "કાબા."

---

*चर्चापत्र.



શિવશંકર જગન્નાથ ભટ્ટ—"ઋષિ" શબ્દની વ્યુત્પત્તિ શી છે? આર્ય લોકના મૂળસ્થાન કાકેસસ પાસેના "રૂપ" નામના મૂલક ઉપરથી તો એ શબ્દ નથી ઉત્પન્ન થયો?

છગનલાલ પિતામ્બર ભટ્ટ, ભાસર–(૧) મીઠું પારદર્શક કે અર્ધપારદર્શક? કથિતપાઠગાળામાં અને પાંચમી ચોપડીમાં એ ગુણ વિષે તફાવત પડે છે.

(૨) કુતુબમીનારે ૧૨૧ ગજ =૧૬૦ હાથ કેમ થાય?

(૩) કરિયાણું, વસાણું, તેજાના, મસાલા, એમાં તફાવત શો?

(૪) ચમામદાર, દરકદાર, સરદાર, પટાવત, સીલેદાર, બક્ષી, એ શબ્દોના સ્પષ્ટ અર્થ શા?

(૫) વ્યાકરણમાંના 'ભેદ' શબ્દની વ્યાખ્યા શી?

આદીભાઈ કાળીદાસ—

(૧) "સાતમી ચોપડી" ના પા. ૭૬માં, સ્ત્રીકેસર તથા પુંકેસર જેનાં પણ સિવાય ફળ આવતાં નથી, એમ લખેલું છે. પરંતુ કેટલાંક ઝાડ જેવાં કે વડ, ઉમરડો (ગુલર) વગેરેને કદી પણ ફૂલ થતાંજ નથી અને ફળ આવે છે તેનું કેમ? કનાય તેને "કેળવણી" પુસ્તક ૧૧ ના અંકમાં વનસ્પતિવર્ણન અંજીરની હકીકતમાં જણાવ્યા પ્રમાણે તે ઝાડનાં ફૂલ માનીએ, તો ફૂલ ખાંડેથી બીજ પેદા થાય એ વાત અસંભવિત લાગે છે. વડને ટેટા અને ગુલેરને ગુલરાં થાય છે તેમાં જે બીજ નીકળે છે તેને વાવવાથી નવા ઝાડ પેદા થઇ શકે છે તો ખરું શું માનવું?

(૨) આકાશમાં તારા ખરતા જોવામાં આવે છે તે શું છે?

(૩) છગનલાલ લલ્લુભાઇ શાહકૃત લેખચંદ્રિકામાં દરેક લખાણને મથાળે 'શ્રી' કરવાનું લખેલું છે. તેને બદલે દરેક "શુભ કાગળને મથાળે "લખવું" જોઇએ; કારણ કે અશુભ ઉપર તે પ્રમાણે લખવાનો વહિવટ જોવામાં આવતો નથી.

---

* આ ચર્ચાપત્રનો પૈકી કેટલાંક સવડ ન હોવાથી લાંબી મુદતે પ્રકટ થયાં છે તે વિષે મોકલનાર શિક્ષકો દરગુજર કરશે. શિક્ષક વર્ગને વિનંતી કરવામાં આવે છે કે એમાંથી બની શકે તેના ખુલાસારૂપ ચર્ચા કરી મોકલશો.—એડીટર.

ઔદ્યોગિક શિક્ષણ.

ઔદ્યોગિક શિક્ષણની આવશ્યકતા સંબંધમાં સાંપ્રત ચર્ચા ઘણે સ્થળે શરૂ થયેલી છે અને તેની અભિવૃદ્ધિ એ આપણા દેશની ઉન્નતિનું પહેલું પગથિયું છે એમ સાક્ષર વર્ગ પણ કબૂલ કરે છે ઔદ્યોગિક શિક્ષણની બાબતમાં આપણા દેશમાં પ્રયાસ થયા છે તથાપિ પચીસ કરોડ નેટલી હિંદુસ્તાનની વસ્તીને આદ્યોગિક શિક્ષણ આપવાની યોજના સાંપ્રત સમય સુધી જોઇએ તેવી થયેલી ન હોવાથી આપણા દેશ ની ઔદ્યોગિક સ્થિતિ અતિ-મંદ જણાય છે અને તેથી તેની સ્થિતિ દૂર કરવા માટે આ પછી પ્રજામાં ઔદ્યોગિક શિક્ષણ બહોળા પ્રમાણમાં દાખલ થવું જોઇએ. આવી પ્રતિનું શિક્ષણ આપવા યૂરોપ અને અમે-રિકામાં કેવા પ્રકારની યોજના છે તથા તેથી તે દેશનો ઔદ્યોગિક વિકાસ કેવો થયો છે, તે તથા આપણા દેશમાં ઔદ્યોગિક શિક્ષણ દાખલ કરવામાં આવે તો તે કઈ રીતે દાખલ કરવું ઇત્યાદિ બાબતોનું વિવેચન આ લઘુ લેખદ્વારા વાચક વર્ગને કરાવીએ છીએ

જ્ઞાનનું મહત્વ

આ સૃષ્ટિમાં જ્ઞાનનું મહત્વ વિશેષ છે, "નહિ જ્ઞાનેન સદૃશં પવિત્રમિહ વિદ્યતે," "જ્ઞાનહિ તેષા મધિકો વિશેષો," કિંવા "યસ્ય બુદ્ધિર્બલં તસ્ય" અને અંગ્રેજીમાં "Knowledge is power" એવા વાક્યો છે, જે જ્ઞાનનું મહત્વ બતાવી આપે છે હવે પ્રત્યેક માણસ જ્ઞાન મેળવવા પ્રયત્ન કરે છે તેનું કારણ શું ? એ પ્રશ્ન ઉપર આપણે વિચાર કરીશું તો જણાશે કે, દરેક મનુષ્યની સંસારયાત્રા સુખરૂપ પસાર થાય તેવી યોગ્યતા પ્રાપ્ત કરવી તે. આજ ઉદ્દેશની પાછળ આપણો સમાજ દોડતો છે, અને તે વિચારમાં ગમે તેટલા ઊંડા જ્ઞાનોનું વિસ્મરણ થયેલું છે. જેવા ઐહિક વસ્તુથી કંટાળનાર યોગીઓ પણ અવિચ્છિન્ન સુખ (પારલૌકિક) મેળવવાને માટે પ્રયાસ કરતા જણાય છે, અર્થાત્ સુખની લાલસા મનુષ્યમાત્રને છે અને તેથી પારલૌકિક સુખ મેળવનાર યોગીઓની અલ્પ સંખ્યા જાહેર કરીએ તો ઐહિક સુખ મેળવવાને આપણી રાત દિવસ ચલ્લા દેખવાથી જણાશે ઉદ્યોગમાં વૃદ્ધિ થયેલી છે. અને વ્યાપારઉદ્યોગમાં વૃદ્ધિ એ જ્ઞાનને પરિણામે છે, અર્થાત્ જ્ઞાન મે-ળવવા જનસમાજે પ્રવૃત્ત થયું જોઇએ. માણસને સુખનો અનુભવ મનદ્વારા થાય છે તેથી તે સુખ માનસિક કહેવાય છે મન એ ઇન્દ્રિય સૂક્ષ્મ હોવાથી સ્થૂલેન્દ્રિય દ્વારા સુખ દુઃખ પણ મનનેજ થાય છે. તોપણ જોઇએ તો પ્રથમતઃ શારીરિક સુખ, પછી માનસિક, અને પછી તાત્વિક એવી પ્રણાલિકા છે.

જંગલી લોકો શિકારપર નિર્વાહ ચલાવતા હોય છે. ભૂખના તાપનું નિવારણ કરવાને ફક્ત જાનવરોનું જ્ઞાન જોઇએ છે. ટાઢનું નિવારણ કરવા પશુના ચર્મનો ઉપયોગ કરે છે તેથી આપણી સ્થિતિ નથી. ઉપજવિદ્યા ચલાવવાની તથા ધાન્ય ઉત્પન્ન કરવાની આપણને જા-દિની છે ધાન્ય ખૂટવાથી અથવા અછત થવાથી પરદેશથી વ્યાપારીવર્ગ ગમે ત્યાંથી મોકલે છે. ખરેખર નિવારણ કરવા યોગ્યોનો સમૂહ ઘણો જ છે. સુખના વખારો માટે ઘણી નિ-ત્ય નિત્ય ચાલુ છે. સડેલો માલ જવા તારાયંત્રોની મદદ માગી છે, ઇત્યાદિ યુક્તિઓ સૂઝે છે, તે માણસમાત્રના સુખને માટે છે, એટલું જ નહિ, પણ અમેરિકાના યુનાયટેડસ્ટેટ્સમાં તો

મનુષ્યનાજ નહિ પરંતુ પશુના સુખને માટે પણ કાળજી રખાતી જોવામાં આવે છે તે ખરેખર આશ્ચર્ય પમાડે તેમ છે ! આવા જ્ઞાનનો સંચય દરરોજ વૃદ્ધિ પામતો જાય છે. તથા હવે પછીની પ્રજા એથી પણ વધારે સુખ ભોગવે એવી હાલના જમાનાના આગેવાનોની કલ્પના છે. જે શાસ્ત્રો ૫૦ વર્ષ પહેલાં આપણા સાંભળવામાં પણ નહોતાં તે પૂર્ણતાએ આવેલાં જોઇએ છીએ, તેમ નવનવીન શાસ્ત્રો અને શોધો ઉત્પન્ન થાય છે. એ શાસ્ત્રીય જ્ઞાનના સંસ્કારથી હવે પછીની પ્રજાની મનોવૃત્તિ ઉન્નત થાય અને ઐહિક વ્યવહારમાં તેઓ ઉચ્ચ પદ મેળવે એ દેશના હિતચિંતકોનું આદ્ય કર્તવ્ય છે.

શિક્ષણ.

આવા પ્રકારની સુખ સંપત્તિ મળવા માટે તેમ આપણી ભાવી પ્રજાના હિત માટે તથા તેના અંગભૂત જે કાર્યક્ષમતા એ બન્ને બાબતો શિક્ષણ વિના પૂર્ણ થતી નથી. શિક્ષણ કેવું હોવું જોઇએ એની વ્યાખ્યા કરતાં લાર્ડ બિશપ કહેછે કે " શિક્ષણ એટલે એકાદ વસ્તુની માત્ર માહિતી હોય તેજ નથી. એકાદ ગવૈયો ગાયન ગાય પણ તેને ગાયનનો રાગ કિંવા તે ગાયનના સૂર પૂછતાં તે કહેશે કે મને ખબર નથી. ઘણાક લોક મુખપાઠમાં અંગ્રેજી બોલે છે, તથા સાહેબ લોકોની બરાબર પણ અંગ્રેજી બોલે છે; પરંતુ તેમને તે ભાષાના શબ્દ કિંવા ટીકાનું જ્ઞાન હોતું નથી. તેમને ભાષા લખતા કે વાંચતાં આવડતી નથી. કોઇ માણસને લેખ લખવાની કુશળતા છતા વિવેચકશક્તિ હોતી નથી. " આપણામાં જે જે શક્તિઓ સૂક્ષ્મરૂપે રહેલી છે. તેનો પૂર્ણવિકાસ અને નિયન્ત્રણા થઇને તેના વિકાસથી અને નિયન્ત્રણાથી આપણા અને આપણા જેવા મનુષ્યને, અને ઇતર જીવોને સુખદ આયુષ્યક્રમ પસાર કરતાં આવડે, એવી સ્થિતિ જેથી આપણને પ્રાપ્ત થાય તેને શિક્ષણ કહેવું.

આપણા દેશમાં પ્રથમ કમ્પનીનું અને પછી બ્રિટિશ રાજ્ય થયા પછી અંગ્રેજી શિક્ષણ આપવાની શરૂઆત થઇ. આ શિક્ષણમાં આપણા દેશના શિક્ષણને મહત્વ આપવામાં આવતું હતું. નવીન પદ્ધતિથી રાજ્યનું બંધારણ કરવાનું હોવાથી આવા પ્રસંગે અંગ્રેજી શિક્ષણ રાજ્યને માટે જોઇતા નોકરો તૈયાર કરવા પૂરતું આપવામા આવતું હતું. પણ ઉપરના શિક્ષણના હેતુને અનુલક્ષીને આપવામા આવતું નહોતું. ત્યાર બાદ યુનિવર્સિટિ વગેરેની સ્થાપના થઇ, પરંતુ તેમાં ઔદ્યોગિક શિક્ષણને મહત્વ ન આપવાથી ઔદ્યોગિકશિક્ષણની મંદતા આપણા દેશમા ચાલુ રહી. વળી અંગ્રેજી શિક્ષણથી સારૂં વેતન આપી સરકાર નોકરીમાં રાખતા તેથી શરૂઆતમાં અંગ્રેજી વિદ્યા તરફ લોકોની રૂચિ ખેંચાઇ અને દરેક વર્ગે પોતાની પ્રજાને અંગ્રેજી શિક્ષણ આપવાનું શરૂ કર્યું. પરિણામ એ આવ્યું કે હાલ અંગ્રેજી સારૂં શિક્ષણ મેળવેલાને પણ નોકરીને માટે ઘણી વિટંબના વેઠવી પડે છે. કારીગર વર્ગની પણ આજ પ્રમાણે સ્થિતિ થઇ. રેલવેમા અને કારખાનામાં તેમને પગાર મળવાથી તેઓ પણ તે ધંધા હાથ કરવા લલચાયા અને એ રીતે પોતાનો વંશપરંપરાનો ધંધો તેમનો ગયો. બાકીની જે પ્રજાએ માત્ર ધંધામાં જોઇતો લાભ ન છતાં પણ જરી રાખ્યો તેથીજ હાલ આપણા દેશના ઉદ્યોગ જળવાઇ રહ્યા છે, અને સાંપ્રત જીર્ણોદ્ધાર થવાનો સંભવ છે. તે પ્રસંગે આપણા દેશના મુફલેસ હાલતના કારીગરે પોતાનો ધંધો જે બારીક સમયમાંથી પસાર થઇ સાચવી રાખ્યો છે, તેથી કંઇ થઇ શકશે.

સર્વને સામાન્ય શિક્ષણ આપવાથી કારીગર વર્ગની પ્રજા પોતાના ધંધામાં સકુશળ થઇ, એટલુંજ નહિ પણ યુરોપ અને અમેરિકાના વ્યાપારીવર્ગે આ દેશને ઉપયોગી વસ્તુઓ

પૂરી પાડી, અને તે મારી તથા સસ્તી વેચાવા લાગી તેથી તેમને જોવા પછી પણ તેમની સાથે હરીફાઇમાં ઉતરવાની યોગ્યતા આવી નહિ. કારણ, ઔદ્યોગિક શિક્ષણનો અભાવ હોવાથી તેમ પોતાનો ધંધો મૂકી દેવાથી આપણા દેશનો વ્યાપાર ઉદ્યોગ ઘણી ઉતરતી સ્થિતિમાં આવી ગયો છે.

હાલના શિક્ષણના સંબંધમાં ઉદર શિક્ષણ નામના પુસ્તકના કર્તા લખે છે કે મનોવૃત્તિ પ્રૌઢ દશામાં આણવાનું અમારૂં કર્ત્તવ્ય છે. જેમ કસરત કરવા જાય તો દંડ પેલવાને માટે મગદળ જોડી, પાવડા, દંડ, ચક્ર દંડ, વગેરે પ્રકાર એ વ્યાયામના સાધન છે અને તે શીખવવામાં આવે છે, તેજ પ્રમાણે કોઇ પણ ધંધો હાથમા લેવાનું સામર્થ્ય એ બુદ્ધિમાં છે, અને તે કેળવવી એ અમારા શિક્ષકોનો આશય છે વ્યવહારોપયોગી શિક્ષણ વ્યવહારમાં પડયા પછી અનુભવથી હોકરાં સહજ પ્રાપ્ત કરી લેશે અનુભવ એજ એમનો શિક્ષક છે. રસાયનશાસ્ત્ર, સૃષ્ટિશાસ્ત્ર, ભૂસર્ગશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, મિશ્રિત,—મિશ્રમ—આકરબ્રહ્મશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર, વગેરે જે વિષય હાલમા હાઇસ્કૂલમાં શીખાવવામા આવે છે તેનુ મમર્થન તે આ પ્રમાણે કરે છે. 'જૂદા જૂદા ગુણના પદાર્થ મિશ્રણથી સ્વતંત્ર ગુણવાળા પદાર્થ કેવી રીતે ઉત્પન્ન થાય છે, જગતને આશ્ચર્યમા મગ્ન કરી નાખનાર સૃષ્ટિવ્યાપાર માનવજ્ઞાનમા કેવો આવેલો છે અને સૃષ્ટપદાર્થમા કયી કયી નિગૂઢ શક્તિ છે તથા તે શક્તિનો ઉપયોગ માનવ પ્રગતિને કેવી રીતે સાધનભૂત કરી શકાય તે, તથા એવી બીજી અનેક સૃષ્ટ પદાર્થના જ્ઞાનથી પાનો સમજાય છે' (અપૂર્ણ)

અંબાલાલ મહારાંકર ભટ્ટ

ગાયકવાડ સરકારનું દેશી કેળવણીખાતું (ઇનામપત્રકો).

નવસારી પ્રાંત.

૧. નવસારી સ. ઉ. શા. અંજુમન તરફથી તેમજ મીર ખારે સાહેબ હાજમ શાહે બગીને ૧–૮–૦ પાણી ભરાવ્યું. બોળ અલીમાઇ આસરના વિષયા જોનપ બીબીએ ૬૦–૧૪–૬ છોકરા તથા ૬–૦ સંખ્યા રાઇ ને જમાડી લૂગડા આપ્યા. ૨. આમલી સ. ગુ. શા. મણી હાજાએ ૧–૦–૦ પતાસા વહેંચ્યાં ૩. તવડી સદર હોરમજી દોરાબજીએ ૧–૦–૦ મરણ પામના છોકરા માટે પીને માટે આપ્યો. ૪ ઉભરાટ સદરસદ્‌ગૃહસ્થોએ ૩–૦–૦ ખાડ વહેંચી. ૫. સદર ગુ ક શા. સદરે ૧–૮–૦ સદર. ૬. સંદેલપુર સ ગુ શા તલાટી વમનજી લાલભાઇએ ૨–૦–૦ ખાડ વહેંચી તથા ગરીબ છોકરાઓને આપરપાટ આપ્યો શેઠ ત્રીભોવનદાસ પ્રભુદાસભાસે ૧–૦–૦ ઘંટ વહેંચી સદ્‌ગૃહસ્થોએ ૧–૦–૦ સદર. ૭. પારજબૂ સદર પોસ્ટ દયાળજી હરીભાઇએ ૧–૦–૦ ખાડ વહેંચી. ૮. ગોવાડી સદર ગામ સોકારે ૫૦૦–૦–૦ ગ્રામનું મકાન બાંધવા આપ્યા તે. ૯. કમરેજ સદર સદ્‌ગૃહસ્થોએ ૧૪–૦–૦ પુરસ્કાર, પતાસા વહેંચ્યાં. ૧૦. કોદાર સદર. શા. કવેરચંદ પરાગભાએ ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૧૧. ઉભેલ સદર સદ્‌ગૃહસ્થોએ ૧–૧૨–૦ પુરસ્કાર, પતાસાં

શા. શ્રીમંત પોરબંદર દરબારના રાણાશ્રી તથા ભાવનગર દરબારના રાણાશ્રી પધાર્યા તેમણે ૨–૦–૦ સદર ૮ ઉંઝા સ. રાત્રી શા. મેહેતા છોટાલાલ રવિકરણદાસે ૧–૦–૦ ગરીબ છોકરાઓને ભણવા માટે ઉત્તેજનાર્થે બક્ષિસ આપ્યો. ૯ ઉનાવા સ. ગુ. શા. જુનાધડના નવાણ રસુલખાં બાવી સાહેબે ૨–૦–૦ પતાસાં વેહેંચ્યાં ૧૦ ઉપેરા સદર પા. ધરમદાસ હરીદાસે ૧–૦–૦ સદર ૧૧ મેહેસાણા સદર મે. રા. બા. કડી પ્રાતના સુબા સાહેબે ફંડગાંથી દર છોકરા દીઠ અઢેર બરફી વહેંચી. ૧૨. સદર સ. ગુ. કં. શા. સદર દર કન્યા સદર ૧૩. સદર સ. ઉ. શા. સદર દર છોકરા. સદર ૧૪. પાંચોટ સ. ગુ. શા. સદ્‌ગૃહસ્થોએ ૧–૮–૦ સાકર વહેંચી. ૧૫. બલોલ સદર. શા. લલ્લુચંદ પીતાંબરે ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૧૬. દહીઆરડા સ. ગુ. શા. માસ્તર. ગુલાબસંગ પ્રુલજીએ ૧–૦–૦ સાકર વહેંચી. ૧૭. મેડાઆદરજ સદર સદ્‌ગૃહસ્થોએ ૧૦–૦–૦ છોકરાઓને લાડુ જમાડ્યા તથા પુસ્તકો આપ્યાં. ૧૮ ડાગરવા સદર માસ્તર વાલજીભાઇ શામળભાઇએ ૧–૫–૬ ચોપડીઓ તથા પેન્સીલો આપી ૧૯ વડુ સદર અમીચંદ કુલચંદે ૧–૦–૦ છોકરાઓને વહેંચી આપ્યો. ૨૦ થોળ સદર પા. મોહન કશીદાસે ૨–૦–૦ ગોળ વહેંચ્યાં. સદ્‌ગૃહસ્થોએ ૨–૪–૦ આંકની ચોપડીઓ વહેંચી ૨૧ નંદાસણ સદર શા. તારાચંદ દીપચંદે ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં ૨૨ ગોઝારીઆ સદર શા. દામોદર મોહનલાલના પત્ની મગનલાલ રણછોડદાસે ૩૦–૦–૦. ૨૫–૦–૦ લાડુ જગાડ્યા તથા ૫૦–૦ ભણવાનો સામાન આપ્યો ૨૩. કલોલ સ. ઉ. શા. મેમ્બરોએ ૧–૪–૦ પુસ્તકો તથા પતાસાં વહેંચ્યાં ૨૪ નારદીપુર સ. ગુ. શા. ચકુલાલ સાંકળચંદે ૧–૦–૦ સાકર વહેંચી. ૨૫ પાનસર સદર શા. શામળચંદ જેચંદ ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં ૨૬. દેહેગામ સદર રા. સા. મગનલાલ લક્ષ્મીશંકર દેહેગામ મહાલના ન્યાયાધીશ સાહેબે ૨–૦–૦ સદર. ૨૭ કનીપુર સદર ગાંધી ખુશાલદાસ દયાળજી ભાઇએ ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. મગનલાલ દાજીરામે ૧–૦–૦ પુસ્તકો વહેંચ્યા. ૨૮ વાસણારોડ સદર આસી. ડાહ્યાલાલ જેહાલાલે ૧–૦–૦ બરફી વહેંચી. ૨૯ પાટણ ગાયનશાળા. સેનાપતી ઓફીસના ચીટનીસ રા. રા. સીંદે એમણે ૧–૦–૦ મીઠાઇ વહેંચી. કુલ ૩. ૯૦–૯–૬.

નવસારી પ્રાંત.

૧. નવસારી સ ઉ. શા. અંજુમન ઇસલામ તથા મીર પ્યારે સાહેબ હાજમ સાહ તરફથી ૧–૮–૦ પાણી ભરાવ્યું. ૨. તપડી સ. ગુ. શા. હોરમજી ડોસાભ ઇ આંતીયા તથા નવસારીના તેમના ભાઇબંધોએ મળીને ૨–૦–૦ મીઠાઇ વહેંચી. " નવસારીના શેઠ સોરાબશા ગાર્ડીએ તથા તેમના દોસ્તદારોએ ૨–૦–૦ સદર." હોરમજી દોરાબજી એમણે ૧–૦–૦ ગરીબ છોકરાઓને ફ્રીનો આપ્યો. ૩ ઉભરાટ સદર ઉભરાટ ગેટના નાયબ દોજદાર સીતારામ બળવંતરાવે ૧–૦–૦ ખાંડ વહેંચી. ૪. સદર સ. ગુ. ક શા. સદ્‌ગૃહસ્થોએ ૨–૧૪–૦ સદર. ૫ ગણદેવી સ. ગુ શા. સદર ૩–૦–૦. પતાસાં ૧–૮–૦. તા. છીટ ૧–૮–૦ વહેંચી. ૬. બીલીમોરા સ. ઉ. શા. ડાકટર મહમદ હુસેન સાહેબે ૨–૦–૦ ધોરણ ૪ના છોકરાઓને ધર્મ સંબંધી પુસ્તકો આપ્યાં ૭. નવસારી ટાટા કન્યાશાળા શેઠ જમસેદજી નસરવાનજી ટાટાએ ૯૫-૨-૦ કન્યાઓને વાડીમાં મેવાલાવી ટીપાટી આપી. " શેઠ. રતનજી ફરામજી દાબુએ ૨ ૧૪) કુંવરબાઇ દાબુ પ્રાઇઝના બે છોકરીઓને આપ્યા. કુલ ૧૨૪–૮–૦ કુલએકંદર ૪૩૧–૫–૬

તૈયાર કરનાર
ગોવિંદ કાલીદાસ દામોદર.

Chhaganlal T. Modi.
એ. વિદ્યાધિકારી.

ગાયકવાડ સરકારનું દેશી કેળવણીખાતું.

પરહુકમ નંબર ૧૩

પરહુકમ નંબર ૪૩ તા. ૧૮-૪-૦૧ થી આ રાજ્યની ઉર્દૂ શાળાઓમાં 'મુખ્તેસર તવારિખે હિંદ' નામનો ઇતિહાસ ધોરણ પાંચમા અને છઠ્ઠામા કેટલો કેટલો ચલાવવો, તે ઠરાવવામા આવેલુ છે, તેમા ફેરફાર કરવાની જરૂર જણાયથી નીચે પ્રમાણે ઠરાવવામા આવે છે.

ઉર્દૂશાળાના ધોરણ ૫,૬ મા ઇતિહાસ ચલાવવાનુ ધોરણ

પૃષ્ઠ ૨૦ થી ૪૩ અને પૃષ્ઠ ૪૬ થી ૬૯ સુધી, પોર્તુગીઝની આવક સિવાય મુસલમાનોની સ્વારીથી મુગલાઇ રાજ્યની અખર સુધી.

ધોરણ ૬ ઠામાં.

પૃષ્ઠ ૧૧૬ થી ૨૧૪ કંપનીની હકુમતથી સંપૂર્ણ.

ઉપર પ્રમાણે ઉર્દૂશાળા માટે છપાવવા ધોરણમા લાવ ફાદીયો સુધારો કરી લેવો; અને તે પ્રમાણે અભ્યાસ ચલાવવો તા. ૨૪ ફેબ્રુઆરી સન ૧૯૦૩

રલજીખ. J P. J. Chhaganlal T Modi.
એ વિદ્યાધિકારી.

જાહેરાત.

પારીના રહીશ હકર બેરૂચર પ્રેમજી એમણે તળની સ. શુ. શાળાના વિદ્યાર્થીઓને પાણી પાવા સારૂ તારીખ ૧-૨-૧૯૦૨ થી માસ બાર-સુધી પાણી પાવાની સવડ કરેલી તે મુદત પૂરી થતા તેમણે તારીખ ૧-૨-૦૩ થી દરમાસે રૂ ૧-૨-૦ ઠરાવ પ્રમાણે આગળના બાર માસ સુધી પાણી પાવા માટે આપવા ખુશી બતાવી કબુલાત લખી આપી છે. આ પ્રસંગે કેળવણીના કામમા તેમણે ઉદારતા જણાવ્યાથી તેમને ધન્યવાદ ઘટે છે. તારીખ ૨૮ માહે માર્ચ સને ૧૯૦૩.

એડનબાર્ડ. J. P. J. Chhaganlal T. Modi.
એ. વિદ્યાધિકારી.

REGISTERED NO. B-33.

શ્રી.

પુસ્તક ૧૧ મું. અંક ૭ મો.

કેળવણી

વૈશાખ, સંવત્ ૧૯૬૯.

વિષયો.

૧ ઉદ્યમ ૧૨૭
જર્મનીમાં વિદ્યાદુનરની કેળવણી. ૧૨૭
શિક્ષણસમાજ... ... ... ૧૨૮
ઓકળાવણી વધિકે ૧૨૮
વિદ્યાર્થીઓને કેળવણી. ... ૧૨૬
કેટલી શિક્ષણ અને અગ્રેજી.
ભાષા.... ... ... ૧૨૬
બેતીનું શિક્ષણ ૧૨૬
ગરીબ છોકરાને કેળવણી. ... ૧૨૬
રાજકોટ ઇન્ડોમલાણ. ... ૧૩૦
અંગ્રેજી અક્ષરાળા ૧૩૦
૨ મદની બચાવું ચિન્હ કયા ? ૧૩૧
૩ બાળકોની ઇન્દ્રિયશક્તિ. ... ૧૩૧
૪ સામાન્ય જ્ઞાનનો પાઠ (હિંદુસ્તાનના જંગલો). ... ૧૩૬
૫ બેન્જામીન ફ્રાંકલીનના બાળપણનો આનંદમય જેવો દાખલ ૧૩૬
૬ શિક્ષકસમાજ ૧૪૨
૭ વર્તમાન સમયની ખૂબીઓ વિષે (૩જી લેખ) ... ૧૪૪
૮ બાબરવાડ સરકારનું દેશી કેળવણીખાતું. (બનાવપત્રકો) ૧૪૫
૯ બાબરવાડ સરકારનું દેશી કેળવણીખાતું (સરાપુનરો.) ... ૧૫

પ્રસિદ્ધકર્તા

ઝવેરીલાલ નરભેરામ ભટ્ટ.

વાર્ષિક કિંમત રૂ. ૨) પોસ્ટેજ રૂ. ૦-૩-૦

છૂટક અંકના રૂ. ૦-૩-૦

વડોદરા;

"ધીરસ્તંભપુસ્તકાલય" માં પ્રિંટિંગ પ્રેસમાં છાપ્યું.

पुस्तकोनी पहोंच.

किन्डरगार्टन-तेना कर्त्ता काशीराम प्रागजी उपाध्याय बी. ओ. ओनरेरी डायरेक्टर स्वस्थान पोरबंदर तरफथी अभिप्रायार्थ मळ्युं छे ते आभार साथे स्वीकारीओ छीओ.

जाहेरअखबरो.

जोईओ छीओ--करशनदास प्रागजी गुजराती स्कूलमा अमदावाद के राजकोट ट्रेनींग कोलेजमां पहेला अगर बीजा वर्षमा पास थयेलो शिक्षक जोईओ छीओ माटे तेनी लायकात मेळवेला सप्रोओओ नीचे सही करनार तरफ अरजीओ मोकलवी. पगार लायकात प्रमाणे सर्टीफिकेट जोई आपवामां आवशे.

पितांबरदास मुरारजी
हेडमास्तर. के प्रा. शु. स्कूल.
कच्छीपाडा—कराची.

ऋषिविद्या मासिकमा वेदानुकूळ धर्म, संसार ने नीतिना विषयो प्रसिद्ध थाय छे ऋग्वेद, यजुर्वेद गुर्जरगिरामां विस्तराय छे. वार्षिक मूल्य ३ रा टपाल सहित अग्रिम् पारितोषिक आ वर्ष माटे " सत्यासत्य विचार. "
संपादक गंगाशंकर म. द्विवेदी पोष्ट गीरगाम, मुंबइ. (८)

लुंट ! लुंट ! लुंट ! ! !

शिक्षणप्रकाश भाग १ लो.

सदर पुस्तकथी शिक्षकनी मदद विना मराठी भाषा मोडी लीपीसह थोडी मुदतमां शीखाय छे सुधरो तैयार छे. कि. १३ आना. वी पी. १४ आना.

वकील विनायक सखाराम देवलालीकर.
(१) डहोळ—नोर्थ गुजरात.

" निबंध मार्गदर्शक भा. १ लो डीं ३ oj— पोष्टेज ३ oj०ना बधां पुस्तकोने आधारे ने विद्वानोनी सलाह प्रमाणे गोहवणु करी संकळना करी छे. आवु सस्तुं पुस्तक आ विषयपर जोवे नथी अने श्रीमंतना देशी केळवणीखाताओ मंजुर करेलुं छे.

बाळगीत डी ३. oj—ना पोष्टेज ३ oj०ना किन्डरगार्टनपद्धतिओ बाळकोने तनंनी, मनंनी, अने नीतिनी केळवणी मळे अने तेमनी बधी शक्तिओ खीले जेवी संकळना करी छे.

बन्ने पुस्तकोमां कमीशन दश नंगे २५ टका. आ सिवाय आ कंपनी मुंबाइमां गमातो कोइ पण प्रकारनो माल सेंकडे जेक टका कमीशनथी मोकली आपे छे.

(६) जेम सी. पंड्यानी कंपनी
भाणाभाइनीचाली भूलेश्वर.— मुंबाइ.

કે ળ વ ણી.

બોધકલ્પદ્રુમ.

અર્થ મળે વળી ધર્મ સધાયે, જ્ઞાન મળે સનમાન પમાયે;
મોનિ વધે પસરે જશ સારો, ए शिशुशिक्षण धर्म अमारो.

પુસ્તક ૧૬ મું. વૈશાખ. સંવત્ ૧૯૫૬ અંક ૭ મો.

દર્શન.

જર્મનીમાં વિદ્યુત્પ્રકાશની કેટલવણી—હાલમાં પ્રકટ કરવામાં આવેલી એક યોપરી ઉપરથી માલમ પડે છે કે જર્મનીના આશરે ચાર હજાર રેલવેસ્ટેશનોએ વિદ્યુત્પ્રકાશને લગતાં બાતમી પોતાની કેટલવણી આગળ ધરાર છે. આમ બધાં રેલવેસ્ટેશનોમાં આ એકમાં રેલવેસ્ટેશન વધારે ધ્યાન આપે છે. બીજાં બધાં કરતાં જર્મન રેલવેસ્ટેશનોમાં વીજળીનો પ્રકાશ કેટલો બધો ફેલાયો છે તેની વિગત પણ તેમાં આપી છે —

રેલવેસ્ટેશનોની લગતા ઉદ્યોગોમાં	૨૨૦
બાકીના બનાવવાના ઉદ્યોગમાં ...	૯૦
ધાતુ ગાળવાના ઉદ્યોગમાં	૫૦
પેટ્રોલિયમ તેલ	૫૬
બારુદખાનાની બનાવટ તથા તેને લગતા કારખાનાનો ઉદ્યોગ	૩૦૦
કાંડાને માટેની બનાવવામાં આવતી "ડેરિંગર" નામની બીજાનું પદાર્થ તથા બારીક ચામડાં બનાવવાનો ઉદ્યોગ	૫૦
કાચ પદાર્થને લગતી રસાયણી મેળવણીનો	૨૫૦
વારસની વનસ્પતિ. બાજ વસ્તુ તથા રંગ બનાવવાને લગતા પદાર્થોનો ઉદ્યોગ	૧૦૦૦
ચરબી તથા રંગના ઉદ્યોગ	૧૦૧
મોતિયાનો હુન્નર	૪૦૦
બીજા પદાર્થના ઉદ્યોગો	૩૫૦
પ્રયોગશાળા અને બેતારીકીને લગતા પ્રયોગો બાજમાનારાં બારકામ સોદાબાજી	૭૦૦
બારકારી બાતમીમાં	૧૦૦

દવા બનાવનારાઓ ... ... ૨૦૦ રાત્રીની તથા હુન્નરઉદ્યોગની શાળાઓના
ગદ્દનીશ તરિકે ૧૦૦

હુન્નરઉદ્યોગના વધારા માટે રસાયન વગેરે વિદ્યાઓનું શિક્ષણ તથા તેને વ્યવહારોપયોગી કરવાની આપણે અહીં કેટલી અગત્ય છે તે આ ઉપરથી ધ્યાનમાં આવશે. પ્રાથમિક શાળાઓના શિક્ષણનો ઓક પણ હવે પરિણામે ઉદ્યોગધંધા તરફ વિદ્યાર્થીઓનું વલણ થાય એવો હોવાની જરૂર છે.

શિક્ષણસમાજ—ચાલુ માસમાં ગણદેવી, વીસનગર, બેરાળુ, ગણેદ, નાંદોલ, વગેરે ઠેકાણે શિક્ષકસમાજ ભરાયા હતા. તેમાંથી સંખેડા, બહાદરપોર તથા નાદોલ શિક્ષક સમાજની હકીકત અમને મળી છે જેથી તેમાં થયેલા કામકાજની સંક્ષિપ્ત નોંધ બીજી તારે આપવામાં આવી છે. વડોદરારાજ્યમાં આવા સમાજ વારંવાર ભરવા લાગ્યા છે તે આનંદની વાત છે, કેમકે તેથી શિક્ષકોનો શિક્ષણના કામમાં ઉત્સાહ અને ખંત માલમ પડી આવે છે, એટલુંજ નહિ, પણ તેમને પરસ્પરના શિક્ષણના પ્રદર્શનથી પોતપોતાનું કામ સારું ચલાવવાને દૃષ્ટાંત મળી આવે છે. આવા મેળાવડામાં કોઇવાર ખાતાના અધિકારીવર્ગની હાજરી પણ જોવામાં આવે છે અને તે તેમના કામમાં મિત્રભાવે મદદ કરે છે, એ વળી વધારે પ્રશંસનીય છે. શિક્ષકના આવા સમાજ જુદે જુદે સ્થળે વારંવાર ભરાય છે, તેમ તેમની જ્ઞાનવર્ધક સભાઓ પણ વખતોવખત જુદી જુદી મળે છે, ત્યારે તે સર્વનું ઐકત્ય થઇને શિક્ષણવિષયક સુધારાવધારાના વિચાર માટે તથા શિક્ષકોના હિતને માટે તેમનું ઓક સાધારણ મંડળ સ્થપાવાની કેટલી અગત્ય છે, તે ઉપર શિક્ષકોના અગ્રણીઓએ જરૂર વિચાર કરવાની અગત્ય છે. ઈંગ્લાંડાદિ દેશમાં આવાં સર્વસાધારણ મંડળો છે અને તે ઘણે અંશે શિક્ષકોનું હિત કરવામાં સદા પ્રવૃત્ત રહે છે એ બાબત સુવિદિત છે. હાલની જ્ઞાનવર્ધક સભાઓ વિશેષ ઉત્સાહભર્યું અને ખરે માર્ગે કામ કરે તો તે સહજ બનવા જેવું છે એમ અમને લાગે છે.

સ્ત્રીકેળવણી વધેછે—પંજાબ પ્રાંતમાં સ્ત્રીઓ માટેની ઓક કૉલેજ થોડા વખતમાં ખુલ્લી મૂકવામાં આવનાર છે. તેને સરકાર તરફથી સારી મદદ મળેલી હોવાથી તે માટેનું મકાન પણ જલ્દીથી તૈયાર થાયછે. અને આવતા મે માસથી તેમાં વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવે એવો સંભવ છે. એ કૉલેજનું નામ મેન્ટગોમરી કૉલેજ એવું રાખવામાં આવનાર છે, અને તે માટે સીમલા કનવેન્ટનું સ્થળ પસંદ કરવામાં આવ્યું છે. તે કૉલેજ માટેના મકાનના તૈયાર કરવામાં આવેલા નકશામાં વર્ગો ઓરડાઓ, પુસ્તકાલય, શયનગૃહો, વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમાં સરકાર તરફથી પગાર મેળવતા વિદ્યાર્થીઓને શિક્ષક તરિકે લાયક બનાવવાનું શિક્ષણ આપવામાં આવશે, તેમ જે સ્ત્રીઓ યુનિવર્સીટીની જુદી જુદી [illegible] માટે તૈયાર થતી હશે તેને માટે વર્ગો ઉઘાડવામાં આવનાર છે.

કારણ તેમની ગરીબ સ્થિતિ છે. આવા લોકોને સરકાર મફત કેળવણી આપે છે, પુસ્તકો અને કપડાં વગેરે પૂરાં પાડે છે, તોપણ તેનો લાભ ઘણા લેતા જણાતા નથી. આવા લોકો માટે જો કેળવણી ફરજીયાત કરવામાં આવે તો તેને તેઓ એક પીડાજ સમજવાના. એમ છતાં એવી પછાત પડી ગયેલી કોમોની કેળવણી માટે ગાયકવાડી રાજ્યમાં ઘણુંજ લક્ષ આપવામાં આવે છે તથા વિધવિધ તરેહથી ઉત્તેજન આપી તેમને કેળવણી લેતા કરવામાં આવે છે એ ખરેખર પ્રશંસાપાત્ર છે. પરંતુ આવા ગરીબવર્ગની કેળવણી માટે માત્ર સરકાર ઉપરજ આધાર ન રાખતા વૈષ્ણવવર્ગના શ્રીમાન્ લોકો પણ ઘણું કરી શકે એમ છે. મુંબઇની ગીરોમાં કામ કરતા મજુરોનાં છોકરાંને કેળવણી આપવાને ત્યાં કેટલાક ગૃહસ્થોએ એક જ્ઞાનોત્તેજક મંડળ સ્થાપ્યું છે અને તેણે તે છોકરાઓને દિવસે અને રાત્રે કેળવણી આપવાની વ્યવસ્થા કરી છે. એ સિવાય હિંદના બેરખાદ ગી૦ દાદાભાઇ નવરોજીની બાદગીરીમાં કેટલોક વખત થયાં "પૂઅર બોયઝ સ્કૅમિનરી" નામની એક સંસ્થા સ્થાપન થયેલી છે તેમાં પણ જાતજાતના ભેદ સિવાય અનાથ બાળકોને કેળવણી આપવામાં આવે છે. આ બન્ને સંસ્થાઓ સરકાર ઉપર આધાર ન રાખનારી હોઇને સારી રીતે ચલાવવામાં આવે છે, તે પ્રશંસાપાત્ર છે. બીજાં શેહેરોના આગેવાનો પણ જ્યાં જરૂર લાગે ત્યાં તેવી ગોઠવણ કરશે તો તેથી પરિણામે દેશનું હિત થયા વિના રહેશે નહિ.

રાજકોટઉદ્યોગશાળા—રાજકોટના કેટલાક આગેવાન વાણિયા ગૃહસ્થોએ વાણિયા કોમને માટે આ ઉદ્યોગશાળા એકાદ વર્ષથી સ્થાપન કરી છે. પણ કહે છે કે તેટલા વખતમાં પણ તેમાંના થોડાક વિદ્યાર્થીઓ ધંધો શીખી રોજગારે લાગી ગયા છે. બે ચાર ઉમેદવારો પસે તો તે શાળાની સાથેજ દુકાનો મંડાવવામાં આવી છે. ગરીબ છોકરાઓને સ્કૉલરશિપો આપીને પણ દાખલ કરવામાં આવે છે શિક્ષકો પણ વણિકવર્ગના છે અને વિદ્યાર્થીને જીવન ચલાવવામાં ઉપયોગી થઇ પડે એવા સઘળી જાતના ધંધા ઇચ્છા પ્રમાણે શીખવવામાં આવે છે. હાલના વખતમાં જ્યાં ત્યાં ધંધો રોજગાર નથી એવી બૂમ પડે છે અને ઘણું ખરું તો તેને લીધેજ ઘણા થોડા પગારની સરકારી નોકરીઓ પણ જુવાન છોકરાઓ લાચારીથી માગતા ફરે છે, તેવા વખતમાં તેમના ગુજરાનને ઉપયોગી થાય એવા ધંધા તેમને શીખવી રોજગારે વળગાડવા એના જેવું સ્તુતિપાત્ર કામ બીજું નથી. જે અસાધારણ બુદ્ધિમત્તાવડે માણસ પોતાનો રસ્તો વિશાળ દુનિયાદારીની ભીડમાંથી ખોળી લે છે, તે સર્વને મળેલી નથી હોતી; જે ઉંચા પ્રકારની કેળવણી લેવાને મનુષ્ય સુખસંપત્તિ મેળવવાને સમર્થ થાય છે તેનાં સાધન સર્વને સુપ્રાપ્ય નથી હોતાં; અને જે વિદ્યાઓ પ્રયોગસહ મોટા પ્રયાસથી શીખવામાં આવે છે તેનો ઉપયોગ કરવાનાં સાદિત્ય બધાને બની નથી શકતાં. એવા વખતમાં સાધારણવર્ગના લોકોને તાત્કાલિક જીવનની મુશ્કેલીઓમાંથી છૂટા કરતા પૂરતા ધંધારોજગાર શીખવવાની સંસ્થાઓ જરૂર આવકારદાયક છે. આવી સંસ્થાઓ અમુક કોમને માટે ન હોતાં સર્વને માટે હોય તો તે વધારે લાભકારક ગણાય.

સંસ્કૃત પાઠશાળા—આમલાવાડામાં હાલમાં એક સંસ્કૃત પાઠશાળા ઉઘાડવામાં આવીછે. આ પાઠશાળાના ફંડમાં શેઠ ચીતુભાઈ માધવલાલે પચીસ હજાર રૂપિયાની

ગોરી રાખ આપેછે અને એકંદર ૬૦ વિદ્યાર્થીઓ હમેશ હાજર થયાનું થયું છે પાઠશાળા માટે એક મકાન બંધાવવાની ઘણી તજવીજ થાયછે. પણ અત્યારે મંદિરના ઉદ્યાન માટે આ સંસ્થા બેસાડવા વિષે મી છે. હાલમાં સંસ્કૃત ભણવાના મથેનું જ્ઞાન થાય અને બીજું ઘણું બોધક દેખાય છે. ભૂતા વખતના ઘણું કોયડાને વિદ્યાર્થીઓ જિજ્ઞાસુવૃત્તિ કરીને ગુરૂને ઘણી અડચણ કરતા હતા. પણ હાલના તેવું બોલવા આવતું નથી એનું કારણ બોધ ભણાય છે કે કેવળ સંસ્કૃત ભણેલા ગીજનસમાજનું પોતાનું ને વિદ્યાર્થી જોઈએ તેવું બનતું નથી આ પાઠશાળામાં શિક્ષક તરિકે કેવા વિદ્વાનની પસંદગી કરી છે તે બાબત તેમને અમે તે સંબંધમાં લિખિત બોલી કરવા નથી, તથાપિ એટલી સુચના કરી આવશ્યક ધારીએ છે કે પાઠશાળાના વિદ્યાર્થીને જેમ બને તેમ વ્યાવહારિક જ્ઞાન વધારવા અર્થે એ વિષય ખાસ લક્ષમાં રાખવાની જરૂર છે. તે સાથે પોતે શાસ્ત્રોના ગીજના વિદ્યાર્થીઓને રહેવાની જરૂર અને આવશ્યકતા પણ કરવાની જરૂર છે કેમકે ઘણુંકરીને સંસ્કૃત ભણનારા મોટે ભાગે ગરીબ બ્રાહ્મણ વિદ્યાર્થીઓ હોય છે અને તેમને તે બાબતની મદદ આવશ્યક હોય છે. એમ કરવાથી કદાચ પણ સંસ્કૃત પાઠશાળાના ફાયદા થઈ ન શકાય તો ઘણાજ ઓછા અંશથી તેને સારી હાલતમાં લાવી શકાય તો તે વધારે આવકારદાયક છે

चढती थवानुं चिन्ह क्यां ?

(હરિ-ગીતછંદ)

જે દેશમાં ભાગે સિતા યુવતિ સભી મનિજો હતી,
કુનિયેય અનુકરણીય જેની અકલ સત્કુનિજો હતી,
ત્યાં મૂઢ અક્ષરશૂન્ય અજ્ઞાનોજ અમે આવેશમાં.
ચઢતી થવાનું ચિન્હ કયા દેખાય છે આ દેશમાં ! ૧

વધુ શોળ વર્ષતણી અને સ્વામી ત્રયોદશ વર્ષનો,
બ્રી આશરો ત્યાં સ્વામિ શરૂ છે તર્ક પણ ઉત્કર્ષનો;
કોવિદ કંઈ મરવા પડ્યા કુલટા મળી તે કલેશમાં,
ચઢતી થવાનું ચિન્હ ક્યા દેખાય છે આ દેશમાં ! ૨

બોલતા હતાં શૈશવ અમા વહ્યા હતા જ્યાં સ્રોતમાં;
ત્યાં બેય પરમ કુટિલ કેવળ કામિ કોપિ કપૂતમાં;
કેવું કંઈક કરવું કરક વિદ્વત્ત જઈ વરયું વેશમાં,
ચઢતી થવાનું ચિન્હ ક્યાં દેખાય છે આ દેશમાં ! ૩

દેશોન્નતિ કરવા વિષે કંઈ સ્વોન્નતિ કરવા મચ્યા,
કંઈ ધર્મગુરૂ પર વિત્તવામાસ્વાદસ પુટમાં પચ્યા;
વિદ્વાન થયા ગુરૂક શબ્દ વિવાદના વિદ્વેષમાં,
ચઢતી થવાનું ચિન્હ ક્યાં દેખાય છે આ દેશમાં ! ૪

આનંદ અંતરનો ઊરો જઈ બાળલગ્ન વિષે વર્ત્યો,
ઈર્ષ્યા વસી જઈ આપ્તમાં ને સ્નેહ સગપણથી ખર્યો;
મદ કામ ક્રોધ કુટુંબમાં, વરણાગિ જઈ વસી કેશમાં,
ચઢતી થવાનું ચિન્હ કયાં દેખાય છે આ દેશમાં ! ૫

કે'વું ઘણું કરવું નહીં ફરવું રહી આડંબરી,
દોરાવું મન કે' ત્યાં અને જે ભોજ કરી તે છે ખરી !
કરતા દગાકૂટકાય પણ રે'વું હમેશાં ક્લેશમાં,
ચઢતી થવાનું ચિન્હ કયાં દેખાય છે આ દેશમાં ! ૬

સારી ક્રિયા હોય સાધ્ય તો જીવ જાય પણ કે'વી નહીં,
લેવું ગમે તેનુંય પણ પઇ પુણ્યમાં દેવી નહીં;
આવી સકલ વાતો રમી રહિ જેમના ઉદ્દેશમાં,
ચઢતી થવાનું ચિન્હ કયાં દેખાય છે આ દેશમાં ! ૭

જો અક્ષરે અક્ષર કહું તો થાય ભારત જેટલું !
તેથી જરી સંક્ષેપમાં સૂચન કર્યું, કહું કેટલું !
કરશે સહુન્નતિ જો હશે જરિએ દયા દેવેશમાં,
ચઢતી થવાનું ચિન્હ કયાં દેખાય છે આ દેશમાં ! ૮

કવિ દયાશંકર.

ચાળકોની ઇચ્છાશક્તિ.

જે છોકરો ડમ્બેલ્સની કસરત કરેછે તેનાં બીજાં અંગ મજબૂત થવાની સાથે તેના હાથના સ્નાયુઓ પણ મજબૂત થાયછે. એવો નિયમજ છે કે "ઉપયોગથી શક્તિ વૃદ્ધિ પામતી જાયછે અને અનુપયોગથી નિર્બળતા આવે છે." આ નિયમ શારીરિક અવયવોને જેટલો લાગુ પડેછે તે કરતાં પણ વિશેષ બીજી જગોએ લાગુ પડેછે એવો વિચાર તમે કદી કર્યો છે ? તમારામાંના ઘણા જણ જાણતા હશે કે તેજ નિયમ માનસિક શક્તિઓને પણ લાગુ પડી શકેછે. વારૂ હવે મને કહો કે કોઇ માણસની "પોતાની ઇચ્છા" કહેવા વડે તમે શું સમજી શકો છો ? "કોઇની પણ સ્વતંત્ર ઇચ્છા—જે ઇચ્છા બીજાની ઇચ્છા ઉપર અવલંબન નથી રાખતી એવી ઇચ્છા" એજ ખરો જવાબ છે. વારૂ, તમે તેનો વિચારપુરઃસર અને ખરે રસ્તે ઉપયોગ કરોછો ?

ઘણા માણસો નાની ઉમરમાંથીજ પોતાની ઈચ્છાશક્તિ ખોઇ બેસેછે, કેમકે તેમને પોતાની ઇચ્છાશક્તિનો ખરો ઉપયોગ કરવાની ટેવ પડેલી હોતી નથી, બીજાઓ જેમ કરેછે તેમ કરવાની તેમને ટેવ પડેલી હોયછે ઘણા માણસો આપણે એવા દેખીએ છીએ કે તેઓ અમુક કામ વિચારપુરઃસર નથી કરતા હોતા, પણ બીજાઓનુ જોઇ જોઇને કરેછે. જે કામ તેઓ કરે છે તેના કારણમાં તે એજ બતાવી શકશે કે " આખુ જગત્ તેમ કરેછે માટે હું પણ તેમ કરૂં છું ! " " તમે શામાટે રડોછો ? " " બધા રડેછે માટે ! " "તમે શામાટે જત્રા જાઓછો ? " " બધા જાયછે માટે ! " આ કહેવામા અતિશયોક્તિ નથી; ઘણા પુરૂષો અને સ્ત્રીઓ સમજ કરેછે તેમને વિચારાને પોતાની ઇચ્છાશક્તિ હોતીજ નથી બીજા દોરેછે ને માર્ગે તેઓ દોરાય છે, અને તેમાંથી ઉદ્ભવતા પરિણામને તેઓ દૈવકૃત કહીને સમાધાન માની લેછે મનુષ્યજન્મ પામીને તેઓ પોતાના તરફથી જગત્ને કાંઇ ફાયદો કરવાને શક્તિમાન્ થતાં નથી. વાચનાર, લગાર આસપાસ સ્થિર ચિત્તે નિહાળો એટલે તમે પોતે પણ, આ લખનાર સાથે એકમત થયા વિના રહેશો નહિ.

શામાટે તેઓ એવા છેકજ નિર્માલ્ય-ઇચ્છાશક્તિ વિનાનાં થઈ જાયછે ? એનો તાત્કાલિક ઉત્તર સહેલો છે તેમને તેમ કરવામા ઘણુ સહેલું પડેછે મગજને તસ્દી આપવી પડતી નથી. વિવેકશક્તિ, નિર્ણયશક્તિ, વગેરેનો ઉપયોગ કરવાની કડાકૂટમાથી તેઓ બચી જાયછે. પરસ્પર વિરૂદ્ધ વિચારોની લડાઇમાં મનને ઝોકાવવાના પ્રયત્નશીલ વ્યાપારથી તેઓ બચીજવા માગેછે. પ્રવાહની સામે તરવાની મેહેનત કરીને ઈચ્છિત કિનારે જઈ લાગવાના વ્યાપાર કરતાં જ્યાં પ્રવાહ લેઇ જાય ત્યા જઈ લાગવાનો ઓછો શ્રમ તેમને હમેશા ભાવડારદાયક હોય છે.

તેમને તેમના હમેશાના સલાહકારથી વિખુટા પાડો અને પછી તેમની મઝા જુઓ. તેઓ છેકજ નિરાધાર અને કાંઇ પણ કરવાને અસમર્થ થઇ ગયેલા જણાશે. તેમને પોતાને માટે વિચાર કરવો પડે એવી સ્થિતિમા મૂકીદો અને પછી તેઓ શુ કરેછે તે જુઓ. તેઓનો ઘણો વખત તો પોતાના અવ્યવસ્થિત મનને સ્થિર કરવામાં વહી જશે; અને બાકીના વખતમા તેઓ પશ્ચાત્તાપ કર્યા કરશે કે, અરે ! હજી સુધી અમે કાંઇ નિર્ણયાત્મક પરિણામ ઉપર આવી શકતા નથી ! "

જે પ્રજામાં આવાં ઘણાં માણસો ઉત્પન્ન થાય તે પ્રજાનો અધઃપાત પ્રત્યક્ષ પ્રમાણરૂપજ છે. તેને હવે પુરાવા આપીને સાબીત કરવા બેસવું એ વાંચનારનો મિથ્યા કાળક્ષેપ કરવા જેવું છે. પણ આવાં માણસોની ઉત્પત્તિ

અટકાવવી, અથવા બીજા રૂપમાં કહીએ તો પ્રજાનાં ઘણાં માણસ સ્વતંત્ર ઇચ્છાવાળાં થાય-પરાવલંબી ન થાય તેમ કરવું, એજ દેશનો ખરો ઉદ્ધાર છે, એમ કોઇ કહે તો તેને આપણે તુચ્છકારી શકવાના નથી; પણ એ કામ કોણ કરી શકે ? વંશપરંપરાથી પરાવલંબી અને નિરૂત્સાહ થવાનો મળતો વારસો શું માબાપે છોકરાને નહિ આપે ? માબાપ તરફથી આ વિષે પ્રયત્ન કરવામાં આવે તો તેઓ ઘણું કરી શકે એમ છે, પણ ઘણે ભાગે એ આશા દુરાશાજ છે. ત્યારે એ મહત્કાર્યનો બોજો આપણા **શિક્ષકોને માથે આવી પડે છે.**

શાળામાં ભણતા છોકરાંનું વાંચનારે બારીકીથી અવલોકન કર્યું છે ? આજકાલ પરીક્ષકો બૂમ પાડે છે કે, **છોકરાંમાં મોટામાં મોટો દુર્ગુણ કોપી કરવાનો છે.** તેનીજ જોડાજોડ બેસે એવી બીજી બોડ તેઓની **વિચારશક્તિ કેળવાયલી હોતી નથી**—તેઓ સ્વતંત્રરીતે વિચાર કરી શકતા નથી, એ છે. એનું કારણ એજ છે કે તેઓ તાત્કાલિક પ્રયત્નમાંથી બચી જવા માગતા હોય છે. મનને કે તનને મેહેનત આપવાનો કંટાળો બાળે સ્વાભાવિક છે અને તેથી કાં મોટાને કે કાં નાનાને તે હોય છે. શિક્ષકે પ્રશ્ન પૂછ્યો એટલે વિચાર કરીને કહેવું પડે તે કરતાં ગોખેલું હોય તે વગર વિચારે ભરડી જવાનું બાળકો વધારે પસંદ કરે છે. એનું કારણ બીજું શું છે ? મગજને તસ્દી આપવાનો તેમને કંટાળો હોય છે, કેમકે તેમ કરવાની તેમને ટેવ પડી હોતી નથી. તેમને વિચાર કરવાની ટેવ પાડો એટલે વગર વિચાર્યે ભરડી જવાનું તરતજ અટકશે. તેમને એકાદ દાખલો લખાવ્યો એટલે તેઓ બીજાની સ્લેટમાં જોવા માંડશે. કારણ ? તેઓ પરાવલંબી થઇ ગયેલા છે. તેમને પોતાની સ્વતંત્ર ઇચ્છા હોઈને તે પ્રમાણે કરવાની ટેવ પડી નથી. બીજો છોકરો ગમે તે લખે કે બોલે, પણ હું તો મને બરાબર લાગશે તેજ કરીશ, એવી ટેવવાળા જ્યાં સુધી તેઓ થયા નથી, ત્યાં સુધી કોપી ન કરવા દેવાની શિક્ષકની કાળજી ઓછી થવાની નથી. શિક્ષક અને પરીક્ષકના ઘણા ઘણા પ્રયત્નો છતા છોકરાં કોપી કરવામાં પાછી પાની કરતાં નથી તેનું કારણ હવે સ્પષ્ટ થયું છે કે તેમની પોતાની ઇચ્છાશક્તિ ગૂમ થઇ ગયેલી હોય છે. તે ઇચ્છાશક્તિ પાછી ઉત્પન્ન કરવી અને તેને કસરત આપી બળવાન કરવી એ શિક્ષકની યુક્તિ અને પ્રયત્ન પર આધાર રાખે છે. શિક્ષકનું મોટામાં મોટું કર્ત્તવ્ય કહો, કે સુધારો કહો તો તેજ છે કે **બાળકોની ઇચ્છાશક્તિને ઉત્તેજિત કરવી.** કોઇપણ બાબત વિષે દૃઢ ઇચ્છા હોવાનો ગુણ જેનામાં હોય તેના ઉપર ઇશ્વરની મેહેરબાનીજ સમજવી. કોઇપણ માણસનો હાથ મજબૂત ન હોય તો તેને મજબૂત કરવાને ડમ્બેલ્સની કસરત

ત જેમ સહેલો ઉપાય છે તેમ કોઇ માણસ પોતાની ઇચ્છાશક્તિને પણ મંજબૂત કરવા ધારે તો તે પણ કઠણ નથી. આપણે એક સહેલું ઉદાહરણ લેઇને આ વાત સ્પષ્ટ કરી શકીશું. ધારો કે તમોને વહેલા ઉઠવાની ટેવ પડે એવી તમારી ઇચ્છા છે. હવે આ કામ પ્રથમ તો તમને ઘણું કઠણ લાગશે, કેમકે વહેલા ઉઠવાની તમને ટેવ નથી. તોપણ બીજા કોઇની મદદ ન લેતાં તમારી પોતાની ઇચ્છાથી તમે દૃઢ નિશ્ચય કર્યો કે ગમે તેમ થાય તોપણ વહેલા તો ઊઠવું જ. બીજે દિવસે તમે ધારેલે વખતે ઊઠયા આથી માત્ર તમે તમારી ફરજ બજાવી છે એટલું જ નહિ, પણ તમારી ઇચ્છા શક્તિને તમે કસરત આપી દૃઢ કરી છે.

આખી દુનિયામાં મોટામાં મોટા જે પુરૂષો અને સ્ત્રીઓ થઇ ગયાં છે તે સર્વને તેમની પોતાની ઇચ્છા હતી. હમણા જે પુરૂષો અને સ્ત્રીઓ મહાન તરીકે ગણાય છે અથવા જેમણે કાંઇ ને કાંઇ મહત્કાર્ય કરી નામના મેળવી છે, તે સર્વને તેમની સ્વતંત્ર ઇચ્છા છે. હું એમ કહેવા નથી માગતો કે તેઓ ધારતાં કે ઇચ્છતાં હતા, પણ તેઓ પોતે પોતાના ઉપરજ વિશ્વાસ રાખનારો હતાં; બીજાની સલાહ ઉપર કે બીજાની કર્તૃત્વશક્તિ ઉપર આધાર તેઓ રાખતાં નહોતાં. જે તાત્કાલિક સુખ અને સહેલાઇની લાલચો માણસોના મનને દૃઢ નિશ્ચયથી ડગાવે છે અને તેવી રીતે ઘણી વાર ડગડગાવીને તેને ઢીલું અને નિર્બળ કરી નાખે છે, તેના સામે લડવાને તેઓ ધીરજથી પગ રોપે છે, તેઓ માત્ર પોતાનાં મન સાથે કર્તવ્ય અકર્તવ્યનો નિશ્ચય કરી નાખે છે, અને પછી મજબુત શબ્દોથી બોલે છે કે "આ તો હું કરવાનોજ" કે "આ તો હું નથીજ કરવાનો."

એક વિદ્વાન તરૂણ વિદ્યાર્થીઓને ઉદ્દેશીને જે વાક્ય કહે છે તે અહીં નોંધી રાખવા જેવું છે. તે કહે છે, "હે તરૂણો, હવે તમે થોડાજ વખતમાં સંસાર સમુદ્રમાં મુસાફરી કરવા નીકળી પડવાના છો. તેમાં ખડકો છે અને ભમરો છે. તમારે તમારા કાર્યાકાર્ય રૂપી ગંતવ્ય સ્થળનો નિશ્ચય કરી કર્તવ્ય રૂપી સુકાન મજબૂત સ્વતંત્ર ઇચ્છા રૂપી હાથથી દૃઢ પકડી રાખવું પડશે. ત્યાં બીજા વહાણો તો ઘણાંએ હશે, પણ તે સર્વની દિશાઓ નિરનિરાળી હશે. તમારે ત્યાં પોતાનું વહાણ પોતેજ હંકારી લઇ જવું જોઇએ અને પાણીની નીચે દેખાય એવા ખડકો અને ખડકોથી સાવચેતીથી રસ્તો કાઢી લેવો જોઇએ."

"પણ જો તમને વહાણ હંકારતાં નહિ આવડતું હોય તો તમારે સમુદ્રના ભોળાઓને સ્વાધીન થઇ તે જ્યાં લઇ જાય, ત્યાં તમારું વહાણ જવે અને કદાચ પાણી નીચે ડંકાયલા ખડક સાથે અથડાઇને તે તૂટી જવે. તે

બનતે તમારા માલનું અને તમારૂં શું થશે તે કહેવાની જરૂર નથી."

" માટે બાળકો, તમે તમારે માટે તમારી મેળે વિચાર કરતાં શીખો; બીજા ઉપર આધાર રાખવો નહિ. આ ગુણને લીધે ભવની બનતે તમે તેનાથી પોતાની મેળેજ બચાવ કરવાને સમર્થ થશો. "

હરકોઇ પ્રયત્નથી અને હરકોઈ યુક્તિથી શિક્ષકે બાળકોની ઇચ્છા શક્તિ કેળવવાની કેટલી જરૂર છે તેનું દિગ્દર્શન ઉપર કરાવ્યું છે. જે શિક્ષક એ કામમાં કૃતેહ મેળવે છે તે પોતાને ઉત્તમ શિક્ષક તરિકે ગણાવવાનો હક ધરાવી શકે છે. જેમ એક દુર્ગુણ બીજા દુર્ગુણને ઉત્પન્ન કરે છે, તેમ એક સદ્‌ગુણ પણ બીજા સદ્‌ગુણોનો જનક થાય છે. **પોતાનું કામ પોતેજ કરવું અને બીજા ઉપર અવલંબન રાખવાની ટેવ પડવા દેવી નહિ,** એટલોજ આ લેખનો સાર છે. બાળકોમાં એ ગુણ આવવાની સાથે તેઓમાંથી કોપી કરવી, આદિ દુર્ગુણો નષ્ટપ્રાય થશે, એટલુંજ નહિ, પણ " છોકરા આપેલા પાઠ કરી લાવતા નથી " એવી ફરિયાદ ઘણા શિક્ષકો તરફથી સાંભળવામાં આવે છે તે પણ નાબૂદ થશે. આ માસિકમાં અમે પહેલાં " ગરજ " એ વિષય ઉપર એક લેખ લખતી વખતે જણાવ્યું હતું કે શિક્ષકે વિદ્યાર્થીઓમાં ભણવાની " ગરજ " ઉત્પન્ન કરવી જોઈએ. તે ગરજ ઉત્પન્ન કરવાનો આ પણ એક માર્ગ છે. બાળકોને નાનપણથીજ તેમના કુમળા મગજને છાજે તેવા વિચાર પૂર્વક ઉત્તર આપવાની ટેવ પાડવાથી તેઓ વિચાર કરતાં શીખે છે. એ સિવાય પણ બીજા અનેક રસ્તા છે કે જે માર્ગે સારો શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને વિચાર કરતાં શીખવી શકે. આ ગુણ તેમને વિદ્યાર્થી અવસ્થામાં સદ્‌ગુણી સ્વતંત્ર, અને બુદ્ધિશાળી બનાવશે, પણ તે પછીની અવસ્થામાં તેમને એક ઉત્તમ પ્રજાજન બનાવી તે દ્વારા ઘણાનું હિત સાધવા લાયક બનાવશે અને એ બધું શ્રેયઃ તેના ઉદાર અને યત્નશીલ શિક્ષકને છે. (પણ આટલું થવાને શિક્ષકના મનમાં ખરી દેશદાઝ હોવી જોઇએ).

सामान्य ज्ञाननो पाठ.

હિંદુસ્તાનનાં જંગલો,

(સાતમી ચોપડીના " હવા અને ઉદ્‌ભિજ્જ વચ્ચેનો સંબંધ " એ પાઠને બદલે હાલપુરતો બનાવવાના સહાયકારી પાઠ તરીકે આ પાઠનો ઉપયોગ થઇ શકશે).

જંગલ ખાતું.

ઘણા ખેડૂત જાણતા નહિ હશે કે જંગલ ખાતું એટલે શું અને તેના અમલદારો શું કામ કરતા હશે ? તેઓ ખૂનો કરનારાને પકડી લાવતા હશે ? પણ એમ નથી. ખરી વાત તો એ છે કે મોટી સરકારી મિલકતનો વહિવટ કરનારા નાનાં મંડળમાં જંગલ ખાતાનો અમલદાર પોતાના કામનો હિસ્સો આપે છે. આજ સાલમાં ફક્ત વીસમની સાલગીની ઉપજનાજ બ્રિટિશ સરકારને બદલા લાખ રૂપિયા જંગલ ખાતાએ આપ્યા હતા

આરંભઃ—જંગલ ખાતાનું કામ શું ?

બ્રિટિશ સરકારની દેખરેખ દેઢળ ચલાવવામાં આવતાં જંગલોનો વિસ્તાર આશરે ૧,૨૮૦૦૦ ચોરસમૈલ જેટલો છે. તેમાનો ૮૧૦૦૦ ચોરસ મૈલ જેટલો વિસ્તાર આનામત રાખવામાં આવેલા એટલે ખાસ સરકારી મિલકત તરિકે ઠરાવેલાં જંગલોના છે. બ્રિટિશ મુલકનો વિસ્તાર ૬,૭૫૦૦૦ ચોરસ મૈલ જેટલો એટલે ઉપરનું જંગલ તેનો ફક્ત સાડા બાર ટકા જેટલો ભાગ છે અને બાનગી જંગલો તેમાં ઉમેરિયે તો જંગલોનું પ્રમાણ વધીને ૨૫ ટકા જેટલું આવશે.

જંગલનો વિસ્તાર

ફ્રાન્સનો એ પ્રમાણ સે કરે સોળ ટકા, જર્મનીમાં છવીસ, ઇંગ્લંડમાં પાંત્રીસ, સ્વિડનમાં બેતાલીસ અને ફિનલંડમાં ઇકત્તર ટકા જેટલું છે. હિંદુસ્તાનમા જે ભાગમાં હવા સુકી રહે છે તથા વારંવાર વરસાદની ખોટ પડે છે, ત્યાં જંગલોનો વિસ્તાર વધારવાની આગત્ય છે.

પરદેશમાં જંગલોનો વિસ્તાર.

મુલક, મદ્રાસ, મુંબઇ પ્રાંતો, વરાડ તથા અજમેરાના કેટલાક ભાગમાં જંગલની વસ્તી ઘણી જબરદસ્ત થયેલી છે, કેમકે ત્યાં વસ્તીનાં મુખ્ય મથકોથી દુર દુર અંતરે જંગલો આવેલા છે, અને તેથી તેની પેદાશનો લાભ તે મથકોને મળી શકે છે બાકીના કેટલાક ભાગોમાં, આસામમાં, તથા બ્રહ્મદેશમાં જંગલ વગરની જમીનના વિસ્તાર સાથે સરખામણી જંગલનો વિસ્તાર ઘણોજ મોટો છે. પણ ગંગા અને સિંધુ નદીની બીજી બાજુ મોટા મેદાનોમા જંગલનો વિસ્તાર ઘણોજ નાનો છે.

જંગલની જરૂર.

ફલાણાં બિનારા રાખે છેઃ—જંગલનો વિસ્તાર થોડો હોય તો તે દેશની ખેતી વાડીના સંબંધમાં બેદરકારી કરવા જેવું છે. ખેતીવાડી કરનારા મુલકમા હવાની બિનાશ જાંબો વખત બાબતી રાખવાની અગત્ય છે, અને એ કામ જંગલોજ બજાવે છે. માટે જેમ મુલકોમાં જંગલનો વિસ્તાર ઘણો મોટો હોવાની અગત્ય છે, આપણે ઉમેદ રાખીશું કે અવિષ્યમાં એવી જગોએ જંગલોનો વિસ્તાર વધારવાને બનતી કોશીશ સરકાર કરશે. પણ અત્યાર સુધીમાં જે કરવામાં આવ્યું છે—એટલે હિંદુસ્તાનના પહાડી મુલકોમાં તથા હિમાલયની તળેટીમાં જંગલોના મુખ્ય ભાગને આનામત રાખવામાં આવ્યો છે તે કામ વર્ષથી ઉપયોગી નીવડ્યું છે

(૨) **વરસાદ આણવામાં મદદ કરે છે:**—નદીનો પ્રવાહ એક સરખો રાખવા નો ઉપાય એજ છે કે નદીના મૂળ નજદીકનાં જંગલોની જાળવણી કરવી એમ છતા હિ- માલયના પગલાં આગળ ખીણ કે જ્યાંથી ઉત્તર હિંદુસ્તાનની નદીઓ પોતાનું પાણી મેળવે છે, ત્યા જે પાણી ઉપર તે તરફની તેહેરોને પાણી માટે આધાર રાખવો પડે છે, ત્યા જંગલોની જાળવણી કરવા માટે કાંઇ પણ સાવચેતીના પગલાજ લેવામા આવતા નથી એ ખેદકારક છે.

(૩) **લાકડાં અને બીજી પેદાશ પૂરી પાડે છે**—જંગલો પાણીની જાળવ- ણી કરવામાં અગત્યનો ભાગ બજાવે છે એટલુંજ નહિ, પણ હિંદુસ્તાનના લોકોને મકાન બાંધવાને, ખેતીનાં ઓજારો બનાવવાને, અને બળતણ માટે લાકડાં પૂરા પાડે છે વળી રેલવે માટે જોઇતી ચીજો અને દેશમા સામાન્ય વાપરની ચીજો પણ જંગલો પૂરી પાડે છે, તે સિવાય વેપાર ઉપયોગી ચીજો જે પરદેશ ખાતે નિકાસ કરવામાં આવે છે તે પણ જંગલોજ પૂરી પાડે છે.

જંગલોની જાળવણીના હેતુ

હિંદુસ્તાનનાં જંગલો ત્રણ જાતના ઇમારતી લાકડા પુરાં પાડે છે. (૧) સાગનાં લાકડાં. આ લાકડાં મુખ્યત્વે કરીને પરદેશ ખાતે ચઢાવવામાં આવે છે, (૨) રેલ્વે તથા એવાંજ બીજા મોટા કામોમાટે જોઇતા લાકડાં. (૩) વસ્તીના મોટા ભાગ માટે જોઇતાં નાનાં લાકડાં. ઉપલાં ત્રણમાંથી જે ચીજોનો જે ઠેકાણે જેવો ખપ હોય, તે પ્રમાણમા સ્થાનીય જંગલોની જાળવણી કરવામાં આવે છે. કોઇ જંગલોએ ફક્ત બળતણ ઘાસ, વાસ, ઇંડિયા રબર, રંગવાના કે ચામડાં સાફ કરવાના કાચા પદાર્થો માટે અથવા ફક્ત ઢોર ચરા- વવાની મતલબથીજ જંગલોની જાળવણી કરવામા આવે છે પણ ઘણે ઠેકાણે તો આમ હયાનિક ખપ પૂરતાજ જંગલો રાખવામાં આવેલા હોય છે.

જંગલની પરચુરણ પેદાશ

જંગલોમાં ઇમારતી લાકડાં વગેરે કીમતી પેદાશો સિવાય (૧) સાંઠાવાળાં ઘાસ જે સાદડી કે ટોપલીઓ વગેરે ગુંથવામાં કામ આવે છે અને વખતે ઘરની ટટ્ટીઓ કે પડદા પણ બનાવવામા કામ આવે છે તે અને ખાવાનાં ઘાસ, તથા (૨) ઝાડમાંથી નીકળતો પ્રવાહી જેવો કે ઇંડિયારબર, ગટાપરકા, ગુંદર, રાળ, રાજન, ગુગળ, વગેરે ઉપર પણ જંગલ ખાતાના અધિકારી ધ્યાન આપતા રહે છે. મતલબ કે તેવા તેવા વેપારને ઉપયોગી પદાર્થોના રક્ષણ માટે જંગલોની જાળવણી કરવામા આવે છે.

ઉપસ ઘારઃ—જંગલ ખાતા વાળા કામ

આસામમાં ઇંડિયા રબરનો વેપાર ચાલે છે. હિમાલયની વાયવ્ય તરફ ટરપેન્ટાઇન, રાજન, અને તારપીન બનાવટ થાય છે. દક્ષિણ તથા પશ્ચિમ હિંદના જંગલોમાથી ઘરડે એકઠી કરવામાં આવે છે એ ઉપરથી માલમ પડે છે તેમ રંગવા માટે તથા ચામડા સાફ કરવા માટે, અને એવાંજ બીજા ઘણાં કામ માટે વપરાતા બીજા પરચુરણ પદાર્થો મુજબ પાને કરી ઝાડના ફળ, છાલ, પાંદડા, રેસા, વેદકના કામમાં આવતા પદાર્થો વગેરે ઉપર

પ્રભુ જંગલખાતાને ખ્યાલ આપવું પડે છે. વળી, જંગલખાતાના અમલદારોને જંગલનું રક્ષણ કરવાની સાથે તેની આસપાસ રહેતા લોકોના ઢોરોને જંગલમાં ચરાવવા દેવાની સમવડ કરી આપવી પડે છે. જો જંગલખાતાનો કોઇ અમલદાર પ્રાણી અને વનસ્પતિ વિદ્યાનો રોગી હોયતો તેમાં તેને નાશકારક જીવજંતુઓ, ઝાડનો નાશ કરનારા ઝાડ ઉપર ઉગતા સૂક્ષ્મ રોગાણુઓ, તથા ઉપયોગમાં લેવ સલાહ એવા બધા બીજતંદુ ખાસ્સો રોપ્યો ઝાડવાની તક મળે છે.

બેન્જામીન ફ્રેંક્લીનના બાળપણનો બ્રજાયબ જેવો હેવાલ.

બેનજામીનફ્રેંકલીન પોતેજ પોતાના જીવનચરિત્રમા લખે છે કે, મને સાંભરે છે કે જ્યારે હું છ સાત વરસની વય કરતાં મોટી વયનો નહિ હતો ત્યારે એક દિવસે શિયાળાની ઋતુમાં બજાપર કુહાડી મૂકીને એક માણસ મારા ઘરમા ચાલ્યો આવ્યો, અને મને હસી પૂછવા લાગ્યો, "બ્હાલા છોકરા! શું તારા બાપની સરાણ ઘરમા છે," "જી હા સાહેબ;" મેં જવાબ આપ્યો તેણે કહ્યું, "શું બહોજ મ્હારો છોકરો છે શું મને આ કુહાડી સરાણ પર ચડાવી લેવા દઇશ?" તેણે જે મારાં વખાણ અને ખુશામતના બોલો કર્યા તે સાંભળી મેં કહ્યું, "હા સાહેબ સરાણ દુકાનમાં પડેલી છે" આ સાભળી જણે કે તે મને ફોસલાવી આપતો હોય તેમ મારી પીઠ ઠોકી બોલ્યો "અને તું બોહું બરબ પહોળી લઇ આવીશ?" હું કૂદતુજ જતી પાણીની ડિબલી લઇ આવ્યો. તેણે કહ્યું, "તમો બહુ લાયક માણસ બો છો. તમારી ઉમર કેટલા વરસની છે?" અને હજુ મે તેનો જવાબ પણ નહિ આપ્યો હતો તેટલામાં તો તે કહેવા લાગ્યો કે "બેશક તમારા જેવો સારો છોકરો મે કોઈ પણ વખત જોયો નથી., તમો જરા બોડી મિનિટ સરાણ ફુમાવશો?" હું મૂર્ખની માફક ખુશામતથી ફુલાઈ જઈ સરાણને જોરથી ફુમાવવા લાગ્યો. આ વખતના સરાણ ફુમાવવા મારે હું આજ સુધી પસ્તાવો કરું છું.

કુહાડી નવી હતી. તે પર ઘોડથી મહેનત કરીને અને ઘોડલા જોરથી સરાણને ફુમાવતો રહ્યો કે હું બિલકુલ થાકી ગયો. તેટલામાં રહેવાનો બંદ થવા લાગ્યો પણ હું જરા નહિ હજુ કુહાડી બરાબર પણ તેજ ન થઇ હતી, તેટલામાં તો મારા હાથમા ફોલલા પડી ગયા. કુહાડી તૈયાર થઇ ત્યારે તેના માલિક કહ્યું કે "બાપારા સરખના સરદાર, બાપારા તે બહું કામ કાઢું છે. હવે બજારથી રહેવામાં બત; નહિ બજાર તો બિલકુલ બાર બાઇશ." મેં પોતાના દીલને કહ્યું કે, અફસોસ! આવી ઠંડી ઋતુમાં સરાણ ફુમાવવી કેવું બહું કષ્ટદાયક કામ છે, પરંતુ મૂર્ખને સરદાર કહેવાવું એ તેના કરતાં પણ બહું સખ્ત છે. અજ્ઞાનપણના આ બનાવથી મને જે પાઠ મળ્યો તેને મેં છ દાયકા પર્યંત વિસર્યો નથી.

જ્યારે હું કોઇ દુકાનદારને પોતાના માલને સારૂ ખુશામતથી પાનો ચડતો જોયતા,

તેને હદ બહારનો વિવેક રસ્તામાં ગુચવાયેલો જોતો ત્યારે મને વિચાર થઇ આવતો કે આ માણસ પોતાની કુહાડી તેની સરાણપર ચડાવવા ઇચ્છે છે. જ્યારે હું જોઉંછું કે કોઈ માણસ લોકોની ખુશામત કરે છે અને સ્વતંત્રતાની પ્રીતિનાં મોટા ગપ્પા મારી રહ્યો હોય છે,–જો કે તે બાનગી જીંદગી ગુજારવામા ઘણોજ બાતકી છે––ત્યારે હું કહું છું કે અરે લોકો, તે ચાહે છે કે તમારી પાસે સરાણ ઘુમાવડાવે. જ્યારે હું જોઉં છું કે કોઇ માણસ સરકારી અમલદારની ખુશામત કરી કોઇ હોદ્દો મેળવવા શક્તિવાન થાય છે,–જો કે તે હોદ્દો ભોગવવાની તેમા લાયકાત નથી– ત્યારે હું કહું છું કે અરે કમનસીબ લોકો ! તમારે પોતે તેની સરાણ ઘુમાવવી પડશે.

ફ્રેંકલીન હજુ બાળકજ હતો, તે વખતે તે એક પાદરીને ઘેર મુલાકાત માટે ગયો. પાદરીએ મુલાકાત લઇ પાછળના દરવાજાથી તેને કાઢી મૂકયો. અને હજુ તે પોતાજ ઉગલા એક સાંકડી ગલીમા ચાલી ગયો હતો, કે પાદરીએ મોટેથી બૂમ પાડી કહ્યું કે " નમી જાઓ, નમી જાઓ. " પણ તે તેની શીખામણનો ભાવાર્થ સમજી શકયો નહિ, અને તે એકજ ઘગલું આગળ ચાલ્યો કે તેનું માથું એક આડા પાટડા સાથે જોર અફળાયુ .

પાદરીએ કહ્યું " મારા ભોળા છોકરા, તમો હજુ બાળક છો, અને જગત તમારી સામે છે તેમાથી પસાર થવાને માટે પણ નમવાનુ શીખો તો ઘણા પ્રસંગોએ ઠોકર ખાવાથી બચી જશો. પણ પ્રસંગ આવે નમવુ અને વળી તે સારી રીતે નમવુ એ કાંઇ સહેલો પાઠ નથી કે જે કોઇ મસેથી સાભળી લીધે યાદ થઇ જાય.

જ્યારે કોઇ માણસ ગુસ્સામા આવી જઇ તમારી સાથે વાત કરી રહ્યો હોય અને તમો જાણતા હો કે તે બ્યાજબી રસ્તા પર નથી, તેમ છતા જો તમો પણ તેની સામે રાતા પીળા બની જઇ મોટેથી બોલવા લાગી જાઓ તો એ તમારી મૂર્ખાઇ છે. જેમ પ્રચંડ ઝુંઝાતા પવન સામે નમી જવું કાંઇ શરમની વાત નથી. જ્યારે તમો એક દિવાના કુતરાથી દૂર ભાગોછો તો પછી દિવાના માણસની વાતનો જવાબ કેમ આપોછો ? ખુશીથી નમી જાઓ; અને તોફાન શાન્ત પડે ત્યારે મીઠાં મીઠા વચનો કહેવાં શરૂ કરો. તમારી કદર ને માટે તમને ઠપકો દેવામા આવે અથવા તમારી ભૂલચૂકનું તોહમત તમારાપર નાખવામાં આવે તો તમો નમી જાઓ

જો તમે નમ્રતાથી એટલુજ કહી દેશો કે " હું જાણું છું કે હું ગેરબ્યાજબી રાહપર છું, મને માફ કરો " તો તમો ખચીત માનજો કે તમે ઠપકો આપનારનો તમામ ગુસ્સો ડુંટાવી લીધો છે. આ વાતનો મેં અનુભાસ કર્યો છે,અને તેમ કરવામા તે એક રામબાણ ઉપાય જણાયો છે

ફ્રેંકલીન લખે છે કે એક દીવસ એક મિત્ર મારી પાસે આવ્યો કે જેની આંખો ગુસ્સાને લીધે લાલ બની ગઇ હતી અને તેના ગુસ્સાની જ્વાળા એટલા જોસમા આવી ગઇ હતી કે જાણે તે બદુકના દારૂની પેઠે હમણાજ સળગી ઉઠશે. તેને ગુસ્સે થવાનું કારણ એટલુંજ હતું કે મેં તેને આપેલું વચન તોડયું હતું મેં ભયંકર ચિન્તા દૂરથીજ જોઇ લીધા અને જોતા તે મારી પાસે આવ્યો કે મેં તેના બંન્ને હાથો પકડી લીધા અને કહ્યું કે " મારી ભૂલ માટે મને ઘણો પસ્તાવો થયો છે. હું ભૂલી ગયો હતો; મને માફ કરો. " હવે તે તો કહી શકવાનો હતો તે બિલકુલ નરમ પડી ગયો અને એ રીતે હું કપાતાથી બચી ગયો.

જે વખતે ફ્રેંકલીન પોતાના ભાઇના છાપખાનામાં હિસ્સેદારીનું કામ કરતો હતો તે વખતે તેણે જોયું કે તેનો ભાઇ અને સઘળા નોકરો જ્યારે કામ છોડી ઘેર જવાના હોય ત્યારે તેમનો ઘણો વખત નકામો જાય છે. ફ્રેંકલીનની બહુજ ઇચ્છા હતી કે જેમ અને તેમ કરતાં કરી વધારે વખત મારે વખત મેળવવો. તેથી તેણે પોતાના ભાઇને કહ્યું કે તમે મને ખોરાક માટે જે રકમ આપો છો તે મને રોકડી આપી દો. તેમ કેમ ? આ બાબતનું છાપખાનામાં મારી સાથેજ રાખવા મારી ઇચ્છા છે. તેના ભાઇને આ વાત પસંદ પડી અને તેને મજુરીની રકમ રોકડી આપવા લાગ્યો. ફ્રેંકલીન સુદાય અપેક્ષી રોટલી અને દરાખ, અખરોટ વગેરે મેવો ખરીદી લાવતો અને બારે પ્રેસનાં તમામ માણસો જમવા માટે ઘેર જતાં ત્યારે પોતાનેજ માટે ખોરાક જોતો, અને એ રીતે તેને જે વખત મળતો તે પુસ્તકો વાંચવામાં ગાળતો હતો. તે લખે છે કે ઉપર મુજબ બાબ બાબું કે જે ખોટી રેકું બહું સસ્તુ હતું કે મારે ખોટી રેકું પડ્યું અને વનસ્પતિ ઉપર ગુજરાન કરવાથી મારી બુદ્ધિ પ્રબળ કરતાં બહોળજ તેજ થઇ.

છાપખાનામાં કામ કરવાનો સમયમાં ફ્રેંકલીને જમવા બાબતમાં બહોળજ બાધાત મેળવી લીધી. અંગ્રેજ લોકમાં પોતાના વિચારો સારી પેઠે જતાવી આપવાની તેની ચતુરતિ બહોળજ ઉત્તમ છે. અને ખાત્રી છે કે સારા લેખો લખવા ઇચ્છનાર યુવાન માણસ તેને કમને કાગળો આવશે તો તે મદદ કરતાં વધારે આમ પેદાશી થશે


તે લખે છે કે અને કોઇ બાબતોથી ટોમસપીયરનું જૂનું પુસ્તક મળી આવ્યું. મેં આ પુસ્તકને પ્રથમ કોઇ પણ વખતે જોયું નહોતું. મેં તેને વારંવાર વાંચ્યું. મારું અંતઃકરણ તેનાથી બહોળજ ખુશ થયું. મેં તેની લખવાની પદ્ધતિને બહુજ પસંદ કરી અને મને ઇચ્છા થઇ કે તેને મૂળ પદ્ધતિ પ્રમાણે મારી ભાષામાં લખું. મેં તેનો કેટલોક ભાગ ચુંટી કાઢ્યો અને ફરી વાંચતા આવાર્યનો ખુલાસો કર્યો તેને પોતા દિવસ બોબજ પડી રહેવા દઇ મૂળ પુસ્તક જોયા વિના લખવા વિચાર કર્યો અને બોજ વખતમાં લખવું શરૂ કર્યું કે જ્યારે કરેક વિચાર મૂળ પુસ્તક મુજબજ બતાવવામાં આવ્યો હોય. બધા પડતા શબ્દો જે મને યાદ હતા તે મેં યાદગી આવ્યે મેં તેનો મૂળ ટોમસપીયરના લખાણ સાથે મુકાબલો કર્યો. મને તેમાં કેટલીક ખૂબો માલુમ પડી કે જેને મેં સુધારી. વળી મને માલુમ પડ્યું કે હજુ મને બધા શબ્દોની ખબર છે અને તેને પોગ્ય રચને ગોઠવવાની પદ્ધતિની પણ મને બબર છે બતલબ કે યુવાન ફ્રેંકલીને આ રીતે પોતાની લખવાની ઢબને સુધારી, તે લખે છે કે, ઉપરની મારી મહેનતનું પરિણામ એ આવ્યું કે મારી આગલી છંદોબંધમાં હું પોતાના વિચારો મારા પોતાના વર્તમાનપત્રમાં અને અમેરિકાની પાર્લામેન્ટમાં સુધારી કહી શકતો હતો.

ફ્રેંકલીન કહે છે કે " મારા ચડીઆ ભાઇનો સ્વભાવ બહોળ આકરો હતો તેથી મારાથી તેની સાથે વધારે વાર રહી શકાયું નહિ. મેં બોસ્ટનથી ન્યૂયૉર્ક જવાનો વિચાર કર્યો, પરંતુ મુસાફરીને માટે આપું વગેરે રસ્તામાં બર્ય નહિ હોવાથી પુસ્તકો વેચી નાખવા પડ્યાં. ન્યૂયૉર્કના છાપખાનામાં મને કામ નહિ મળવાથી મારે ફિલાડેલ્ફિયા જવું પડ્યું. અહીં મને એક છાપખાનામાં કીસાના અક્ષરો ગોઠવવાનું કામ મળી ગયું. અહીંઆ મેં મહેનત અને વાંચનના શોખથી કેટલાક જુવાન મિત્રો સાથે મિત્રાચારી કરી લીધી. મિત્રોની બેઠકમાં દિનપ્રતિદિન વધારો થતો ગયો. જે દિવસે હું આ શહેરમાં પહોંચ્યો હતો

તે વખતે મારી પાસે માત્ર ત્રણ પૈસા હતા; અને તેટલા વડે પહેલીજ રાત્રે ત્રણ રોટલી ખરીદી લીધી હતી" શું કોઇ આ ગરીબ છોકરાની આજની સ્થિતિ જોઇને કહી શકે તેમ હતું કે તે એક દિવસ આ શહેરનો સૌથી આબરૂદાર નાગરિક થઇ જશે; એક દિવસ આ ગરીબ છોકરા તરફ તમામ અમેરિકાની નજરો લાગી રહેવી હશે; તેઓ તેની વિદ્યા, હોશિયારી અને રાજનીતિજ્ઞતા પર ભરોસો રાખી ઘણાજ નાજુક વખતમા ફ્રાન્સ અને ઇંગ્લાંડમા તેને પોતાનો એલચી બનાવી મોકલશે; અને તેજ છોકરો કે જેને બાળવયમાં વિદ્યા પ્રાપ્ત કરવાનો કોઇ પ્રસંગજ મળ્યો નહોતો તે મોટો થઇ જગતને બતાવી આપશે કે જે વીજળી આકાશપર જોસ માર્યે છે તે તેજ છે કે જેને જમીનપર આપણે બે વસ્તુઓના ઘસારાથી ઉત્પન્ન કરી શકીએ છીએ; અને એમ પણ કોણ કહી શકત કે તે મૃત્યુ પહેલાં પાંચ સાત પરદેશી ભાષાઓમા નાત કરી શકશે ! !

" કાખા. "

શિક્ષક સમાજ.



અંબેડાબહાદરપોર–ગયા જાનેવારીની તા. ૧–૨ ને રોજ આ શિક્ષકસમાજની બેઠક થઇ હતી. આસપાસની એકંદર ૨૧ શાળાઓમાંથી ૩૪ શિક્ષકો સમાજમાં હાજર થયા હતા. શિક્ષકો સિવાય બીજા સરકારી અને બાનગી ગૃહસ્થોને પણ ઐક્ષક તરિકે નિમંત્રણ કરવામાં આવ્યુ હતું, સમાજનું સ્થળ શાળાના મકાનમાં રાખવામા આવ્યું હતું તેને ધ્વજા, તોરણ, વાવટા, છત્રીઓ વગેરેથી શણગાર્યું હતુ. ઇશ્વરસ્તવન અને શ્રીમંત મહારાજા સાહેબનો જયઘોષ કર્યા પછી પ્રમુખે, જુદા જુદા શિક્ષકોએ શિક્ષકના બધાને લગતા ભાષણો, અને પ્રદર્શનો કર્યાં હતા રા. જમિયતરામ મનસુખરામે નીતિની કેળવણી વિષે બોલતાં જણાવ્યું, હતું, કે વિદ્યાર્થીઓને નીતિમાન કરવા ઇચ્છનાર શિક્ષકે પોતે નીતિમાન થવું, જોઇએ. આ વાત જો સમજી શિક્ષકો મનપર લે તો ભાવિ પ્રજાને સુનીતિમાન કરવાને ઘણું વર્ષ ખોળવું પડે નહિ. કથિતપાઠ અને ફિન્ડરગાર્ટનનાં પણ પ્રદર્શન કર્યાં પછી શંકાઓ અને ચર્ચા માટે વખત રાખ્યો હતો જેમાંથી કેટલીકના નિર્ણય બીજા શિક્ષક બંધુઓની જાણ માટે અહીં ઉતાર્યા છે:—

(૧) ધોરણ ૧, ૨, ૩ માં છોકરાએ આંકમાં કેટલો વધારો કર્યો તે જાણવા માટે તે ધોરણના કેટલાગમાં ખાલી રહેતાં આસનોમાં માસની શરૂઆતમાં અને આખરમાં આંકનો અભ્યાસ પુરવો.

(૨) પરીક્ષાની મુદત ૭ માસ બાકી રહે એટલે નવો વિદ્યાર્થી દાખલ કરવો નહિ.

(૩) તા. ૧૦મી સુધીમાં ફી વસુલ કરી ત્રીજેરીમાં ભરી દેવાનો અને તા. ૨૦મી સુધીમા નવા છોકરા દાખલ કરવાનો વહિવટ ચાલે છે તે ફેરવી તા. ૧૫ મીનેજ જનેમ્મી કરવી.

આ નિર્ણયો તેમણે ચેતવણીની કેટલીક અગત્યની બાબતમાં લાદ્યાને કર્યા હોય એમ લાગે છે. તથાપિ ઓદ્યોગિક વર્ગે શિક્ષણને કાંઇ બધી બાદ મળી જતી હોય એમ અમારું ધારવું નથી. તે ઉપરાંત તરતજ ફરી વધુમાં વધુ કરવાની મુદત પાંચ દિવસ વધારવાથી અપવાદ તરીકે ઓછા હાજર કરવાની મુદત પાંચ દિવસ જેટલી ઘટાડવાથી કાંઇ બનવાનું, જેવી અસર બચાવનો સંભવ નથી. કેટલેક ઠેકાણે તો શાળાઓમાં એવો પણ નિયમ છે કે મહિનાની અમે તે તારીખે છોકરો હાજર થયા આવે તેને હાજર કરવામાં આવે છે. જેમને એ રીતે દંડવા માટે આમા બાજુથી કરી આવતી જવાબદારી ન હોય તે બને બીજે, મહિને હાજર થાય. એવા પ્રમાણે વર્ગના પરિણામ પર મોટી અસર થવાના બનાવથી પરીક્ષાના છ માસ બાકી રહ્યા ત્યારથી નવા છોકરા માટે બંધ થાય એ પણ વાસ્તવિક લાગતું નથી. કેમકે નવા છોકરાને હાજર કરી તપાસે તેનો અભ્યાસ તપાસી પછી તે વર્ગમાં હાજર કરવાને મુખ્ય શિક્ષકને પરવાનગી છે

આ રમાડે બીજા પ્રદર્શનમાં નિશાળોના બાળકો મૂળાક્ષરનું પ્રત્યક્ષ જ્ઞાન આપવાની આકૃતિઓ પણ કેટલીક હતી, જેની નોંધ લેવા અમે બધો ખંડ ૫ બીજો દીધો, અને શિક્ષકોના આવા મેળાવડાને બદ્ધ કુનેહ પ્રગટ કીધી છોમે

નાદોદ—તા. ૫ મી અને ૬ ઠી એપ્રેલને રોજ દક્ષિણ વિભાગની અમુક શાળાના શિક્ષકો અહીંના મળ્યા હતા. રામજીની ખેડ શાળાના મેડા ઉપર હતી તે બાબતના પ્રકારનાં ચિત્રો, કોટા, નકશા અને બીજા અહિંનોવડે શણગાર હતો. તેમાં ઓગણ બબોએ તો અંત:કરણનો પણ સહેજ નહોતો હતો દેખાવ સર્વ બાબતમાં ઉત્તમ હતો. ૧૪ શાળાને નિમંત્રેલ હોવાથી તેમાંના ૪૫ અને છાપરા વર્ગોનાં ૬ મળી ૫૧ શિક્ષકો હાજર હતા. રા. રા. ઝમનદાસ જસરાજ શાહ બી.એ. એમને પ્રમુખસ્થાન આપવું હતું સમારંભ નીચે પ્રમાણે કામ પણ છ.

તા. ૫–૪–૦૩

(૧) સ્વાગતસ્તુતિ. (૨) શ્રીમન્મહારાજાધિરાજને આભિ.
(૩) 'બાળવર્ગમાં બાઇનો રાજીઆત શી રીતે કરવી' એ વિષય ઉપર નિબંધ લખનાર બહેનોની શાળાના મહેનતાણા.
(૪) કિંડરગાર્ટન–કાના સાધન તથા ઉપયોગ (બાળવર્ગો).
(૫) ધોરણ ૪ થામાં અપૂર્ણાંકનો પાઠ આપનાર કાના શાળાના મહેનતાણા.
(૬) ઇનામના અસ્તિત્વ વિષે સંવાદ અને પદ
(૭) ધોરણ ૩ જામાં નામ શોધવાનો પાઠ—આપનાર દરેક શાળાના માસ્તર.
(૮) "સાવધાનની અમલ" (બાળગીત)
(૯) "બા, એ ઘરની કાળી છે." (બાલકાવ્ય)
(૧૦) કવિતાર્થનો સંકલ્પ (ધોરણ ૨ થી ૫ સુધી)
(૧૧) મનુષ્યોના ઉપયોગનો ઉપયોગ કવિતાના (ધો. ૩-૪ થા)

બીજો મેળા

(૧) નમસ્કૃતિ (૨) શ્રીમંત પ્રમંત્રા

(૩) 'શિક્ષક અને ઉપશિક્ષકના પરસ્પર ધર્મો' એ વિષય ઉપર નિબંધ. લખનાર કઠવાડા શાળાના મહેતાજી.

(૪) વાચનગાળાના પુસ્તક ૭ માના ઉદ્યોગના પાઠ ઉપર બંધો—(આણસ-ભા ધોરણ ૬.)

(૫) કન્યાઓના ગરબા (બાદલી સાથે).

(૬) ધો. ૨ જો વાચન પાઠ. આપનાર નાંદોલ શાળાના મહેતાજી.

(૭) વનસ્પતિની સૃષ્ટિ ઉપર સવાદ (ધોરણ ૬.)

(૮) રાણા પ્રતાપની એકાંત વિમાસણ (ધો. ૫.)

(૯) મ્યુઝિકલ ડમ્બેલ્સનો ૧૬ તાલમા ઉપયોગ. ધો. ૬.

(૧૦) સંગીત ઉપર ભાષણ. અને તેની સાથે હારમોનિયમ તથા વાચનમા-ળાના પ્રત્યેક છંદનો સંબંધ વગેરે—વક્તા રા. ગ. ગણપતરાવ ગોપાળરાવ બર્વે.

આ સમાજમાં ઉક્ત વિષયોનું દિગ્દર્શન હતું. બીજે દિવસે સમાજના ચાલુ કામે કમોલ વિભાગના બે રા. સા. ડે. એ. ઇ. સાહેબ લલ્લુભાઇ સાહેબ પધાર્યા હતા તથા સાક્ષર રા. રા. ભાભશંકર શામળભાઇ હવે બી. એ. અને અનિરૂદ્ધ જીવતરામ હવે પણ બી-રાજ્યા હતા. તેમાં રા. રા. અનિરૂદ્ધભાઇએ સમાજને ચા પાણી સાથે પાન બોપારી કર્યા હતાં. સાગાજિકોને સંગીત અને હારમોનિયમની અપૂર્વ મધુરતા લાગવાથી રાત્રી પડી હતી તેથી નાંદોલ શાળાના મહેતાજી છ. લ. શાહ તરફથી ઉત્તમ જાતની જલપાન આપ-વામાં આવી હતી.

રાત્રીના ૯ વાગે ફરીને સમાજ ભર્યો હતો તે પ્રસંગે વાચનગાળાના છંદો કેવી રીતે કયા રાગમાં તાલસુર સાથે ગાવા જોઇએ તે ઉપર શંકાઓ કાઢવાની છૂટ આપી હતી, જેમાં ઘણા ખરા ઉપશિક્ષકોએ ભાગ લીધો હતો અને તેમની શંકા ઉપર રા. રા. બર્વે સાહેબે મધુરી વાણીથી ખુલાસો આપી સૌને સંતોષ્યા હતા. વળી બાલકન્યાનું મરની રાણી વિષેનું ભાષણ વારંવાર શ્રવણ કરવા યોગ્ય અને મનહર થઇ પડયું હતું. આ સમાજને આપેલા અસાધારણ લહાવાને માટે તથા તેની ઉત્તમ જોગવાઇને માટે રા. છ. લ. શાહને ધન્યવાદ ઘટે છે

સામાજિક.

વર્ત્તમાન સમયની ભૂગોલવિદ્યા.

કુકી લોક

આસામ પ્રાંતમાં કાચર જીલ્લામાં જે કુંગરવાળો મુલક છે ત્યાના વિકટ પહાડોમાં આ લોકોની વસતી છે. કુકા લોકનાં ગામ સૃષ્ટિસંરક્ષિત તટબંદી જેવા છે એમ કહીએ તો કા-કત જેવું નથી. કારણ તે પહાડની આસપાસ વાડી ઝાડી હોઇ તેમાં વાઘોનાં અને સિંહ બગાદિ હિંસક પશુનાં ટોળાં ફરતાં હોવાથી તેમની શાન્તતાને ખલેલ કરવા ઇચ્છનાર નિષ્ફ-ળ થાય છે, તેથી તે લોક સ્વતંત્ર હોઇ બહાદુર કહેવા જેવી મહેનત કરવાના થાય છે અને તે વખાણવા છે.

આ લોક શરીરે ઘણા મજબુત હોય દેખાવમાં ભવ્ય દેખાય છે. તેમનો વર્ણ કૃષ્ણ છે તોપણ તેમની આખરી તેજસ્વી દેખાય છે તે વખાણ યોગ્ય છે. લડાઇના કામમાં કુશી શેરા પણ નિપુણ છે, પણ યુદ્ધકળાનું યોગ્ય શિક્ષણ તેમને ન હોવાથી તેમની બહાદુરી જોઇએ તેવી રીતે બહાર પડતી નથી. આ શ્રેષ્ઠ સૈન્યમાં આ લોકોની યોજના કરવામાં આવે તો ઇસિયા અને તેટલા પઠાણ મારે તો પણ તેમનું કશું ચાલવાનું નથી એવું બળવાન લોકોનું બારવું છે.

કુકી લોક સ્વભાવે ક્રૂર નથી પણ તેઓ અપમાન બિલકુલ સહન કરી શકતા નથી. વસ્તુનું વેર લેવાને તે લોકો જીવની પણ દરકાર રાખતા નથી આ લોકો હમેશા મેલા રહે છે કેમકે તેઓ વારંવાર સ્નાન કરતા નથી. તે પ્રાંતમાં ઠાર હોવાથી ગરમ થવું હોય તો ઠોવું પડે ! તે લોકો પોતાનું ગુજરાન પશુના માંસ અને ધાન્ય ઉપર કરે છે. શિકારના કામમાં આ લોકો બહુ બહાદુર છે હરિણાદિક માટે તેઓ વારંવાર ઢાળી પર ચઢાઇ કરીને તેનો નાશ કરે છે. તેમની યુદ્ધ સામગ્રીમાં એક ધનુષ્ય,, કેટલાક વિચારી બાણ, ભાલા અને એક તલ્વાર હોય છે આ લોકો ચઢાઇ કરતા પહેલાં યુદ્ધ દેવતાને કુકડાનો બલિ આપે છે. સંગ્રામમાં પડેલા વૈરીને અગ્નિદગ્ધ કરવામાં તે લોકો હલકાઈ ગણે છે માટે રણમાં પડેલા વૈરીના ઉપર માટી નાખી દાબી દે છે. અપૂર્ણ.

गायकवाड सरकारनुं देशी केळवणीखातु (इनामपत्रको).



નવસારી પ્રાંતની માધ્યશાળા માટે.

જાનેઆરી ૧૯૦૩

૧ સાંસપુર માધ્ય. ગામલોકો તરફથી પગારમા ૦–૮–૦ છોકરાઓને ૨. પીલાજ માધ્ય૦ પરીક્ષા વખતે ગામ લોકો તરફથી સાકર ૦–૮–૦ છોકરાઓને, ૩. ભોરપાણ માધ્ય૦ પરીક્ષા વખતે ગામ લોકો તરફથી ૦–૮–૦ છોકરાઓને. ૪ આનપોર માધ્ય પરીક્ષા વખતે ગામ લોકોએ પગારમા પહોંચ્યા. ૦–૮–૦ છોકરાઓને.

ફેબ્રુઆરી ૧૯૦૩.

૧ આમચક માધ્ય. મે. ર. બા. બારા વિભાગ નાયબસુબા સાહેબ મંજારામ ભગવાનજી ૦–૮–૦ છોકરાઓને બાંધવડેંચી. ૨. સોલાણી માધ્ય. ગામલોકોએ ૦–૮–૦ છોકરાઓને બાંધવડેંચી. ૩. ગોનરાખ માધ્ય. ગામલોકોએ ૦–૮–૦ છોકરાઓને બાંધ વડેંચી. ૪. વઘેસા માધ્ય. માધ્ય પંચોએ ૧–૦–૦ છોકરાઓને બાંધ વડેંચી ૫ દેવબા માધ્ય૦ પા. જમનાદાસ વઘેલાભાઇ રહેનારી ગજુરેતીના ૦–૮–૦ છોકરાઓને બાંધવડેંચી.

પ્રેમાનંદ ધોળીદાસ.
ગુજરી એજન્સી ઇન્સપેક્ટર, નવસારી પ્રાંત.

મહેસાણા વિભાગ. ગ્રામ્ય શાળાઓ માટે.

ઑક્ટોબર ૧૯૦૨ થી ફેબ્રુઆરી ૧૯૦૩ સુધી.

૧. ઑક્ટોબર્ આમોદ્રા–મહેસાણા શિવશંકર રેવાશંકર ગહેતા, ૦–૪–૦ પોતાનો ૮૮મો દિવસ હોવાથી છોકરાઓને સાકર વહેંચી. ૨. ,, વડનગર ,, શા. ગોરધન નાગરદાસ ૨–૦–૦ પોતાના છોકરાને શાળામાં બેસાડી પતાસાં વહેંચ્યાં. ૩. ,, મોઢવા–વિજાપુર જીવરાજ છગનલાલ ગહેતા, ૦–૪–૦ ખુશીથી છોકરાઓને ગોળ વહેંચ્યો. ૪. ,, ઉદવા–કડી ગામ તરફથી ૦–૩–૦ ગામ તરફથી ઈનામ વહેંચ્યુ ૫ ,, નવેમ્બર. વડાસણ–મહેસાણા મુખી મેઘા.જી બેચાર વગેરા ગામ પચોએ મળી ૦–૧૦–૦ શાળામાં ૯૫ ખુશીથી ગોળ વહેંચ્યો ૬ ,, પુદ્રા વિજાપુર શા. ગોકળદાસ કેશવજીમ ૧–૦–૦ ત્રીકમલાલ હરિશંકર ગહેતાજી ૦–૮–૦ છોકરાઓને સાકર વહેંચી. ૭. ,, રાવસાવ–કડી પા. રવા મણીરામ ૧–૦–૦ છોકરાઓને પુસ્તકો વહેંચ્યાં પા. રવુંઓ દોરા ૦–૮–૦ ૮. ,, ચુગાનણ ,, ગામ લોકો તરફથી ૨–૪–૦ શાળાની પરીક્ષા વખતે વહેંચ્યો. ૯ ,, લાખવડ–મહેસાણા વડનગરના બાલચંદભાઈએ ૦–૪–૦ છોકરાને સાકર વિગેરે વહેંચી ૧૦. ડિસેમ્બર્ ૨ ખરણા–વિજાપુર ચીમનલાલ ગગનદાસ ૧–૦–૦ છોકરાંને પુસ્તકો તથા પતાસા વહેંચ્યા ૧૧. ,, મોઢવા ,, મેહ. રૂપચંદ છગનજ ૦–૮–૦ છોકરાઓને સાકર જમાડવા ૧૨. જાન્યુઆરી. ભાંડુજ કડી શા ટબચંદ લલુભાઈ ૧–૧૦–૬ પરીક્ષા વખતે છોકરાને પુસ્તકો વહેંચ્યા. ૧૩. ,, નાવડી–મહેસાણા શા. ગુમાનદાસ કચરાભાઈ ૧–૪–૦ છોકરાને શાળામાં બેસાડી મોળાયો પુ વહેંચ્યા ૧૪. ,, કમત–કડી ગામના સદ્‌ગૃહસ્થો તરફથી ૨–૦–૦ પરીક્ષા વખતે છે કનેં પુસ્તકો વહેંચ્યાં. ૧૫. ,, ખંડાસ ,, ૦–૧૧–૦ સદર ૧૬ ફેબ્રુઆરીએ પુસ્તક.૮–મહેસાણા બાલચંદ લલુભાઈ ૦–૮–૦ પોતાના ઉમંગથી પતાસાં વહેંચ્યા. ૧૭ ,, માણેકપુર ,, દેવીચંદ વનેચંદ ૧–૦–૬ છોકરાઓને ઇનામ પુસ્તકો વહેંચ્યા. ૧૮. ,, ,, ,, દીપચંદ દીપચંદ ૦–૮–૦ ગા રા. નાકરી શાળામાં આપ્યા. ૨૦ ,, ,, ,, નાથમ કેશવજીએ બાપડમાં દીપતમાં ૦–૪–૦ પોતાની બદલી થવાથી સાકર વહેંચી. ૨૧ ,, ખાણ ,, મુખી દલસંગ મેલાજી ૧–૧૨–૦ તથા મત દાર મેળા ગોપનજી પરીક્ષા વખતે છે કનેને પુસ્તકો વહેંચ્યાં ૨૨ ,, આમોદ્રા ,, શીવશંકર રેવાશંકર ૧–૦–૦ ખજુર તથા પેનો છોકરાઓને વહેંચ્યા ૨૪ પાલોદરા મહેસાણા પરમચંદ રવચંદ ૦–૪–૦ છોકરાઓને સાકર વહેંચી. ૨૪,, રેવણ–વીજાપુર શા. દલસંદ કુબચંદી ૦–૮–૦ પોતાના બાળકોને શાળામાં બેસાડી ગોળ ખા વહેંચ્યા. ૨૫ ,, ,, ,, બારોદ માંડ શાળાએ ૦–૮–૦ પોતાના દીકરાને શાળામાં બેસાડી–મેનાણા વહેંચ્યા.

ગોપાળદાસ મોતીદાસ, સરતર. આણંદશંકર પ્રભાશંકર.

ફેબ્રુ ને બેજા ૮–પેટર મોરેમ–ખા વિભાગ.

ગાયકવાડ સરકારનું દેશી કેળવણીખાતું.

પટ્ટાહુકમ નંબર ૧૬

રેજમેળ વગેરેમાં લીટીઓ આંકવાનું બંધ કરાવવા બાબત

શાળાઓના આકસ્મિક તપાસની નજાસણી કરતા એમ જણાઇ આવેલું છે કે ઉપલાં ધોરણના વિદ્યાર્થીઓ રેજમેળ વગેરે લખે છે તેમ છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીઓ અક્ષરે લખે છે તમા લીટીઓ દોરેલા હોતા નથી, પણ અમાટ કે આંકણીથી લીટીઓ આકે છે પરીક્ષા વખતે આ પ્રમાણે ન થવું જોઇએ, એટલુંજ નહિ પણ હમેશા લખવામા લીટીઓ આકે છે, તે પદ્ધત બંધ થવાની જરૂર છે સઘળા શિક્ષકોએ ખાસ કાળજી રાખવી અને પરીક્ષા ને તપાસણી વખતે અધિકારીઓએ તે બાબત તપાસ કરી નેતેા અટકાવ થાય તેવી તજવીજ કરવી તારીખ ૭ માહે ઓક્ટોબર સ. ૧૮૯૬ મુ દેહેગામ

દામોદર

Chhaganlal T. Modi.

એ વિદ્યાધિકારી

પટ્ટાહુકમ નંબરે ૧૭

જુદી જુદી શાળાઓના દફ્તરની તપાસ એક સ્થળે થાય તેા તેનાં નામાં જે તે તરફ ન મોકલવા.

મહાલમાં ભરી દેવા બાબત.

શાળાઓના દફ્તરેા જે તે શાળા મારફત ઉતારજ થવાની તજવીજ કરવાની છે કેટલીક શાળાઓનાં દફ્તર નાના ગામમા ઉતારજ કરવાથી અનેક કારણોને લીધે તેના પૂરતી હીલત ઉપજતી નથી તેથી તાલુકાકુલમા કે મોટા સેની મોટી શાળામા તે દફ્તર મોકલી ઉતારજ કરાવવાનેા વહિવટ આલે છે. આવા રીતે જે તાલુકાકુલ કે મોટી શાળામાં દફ્તર ઉતારજના નામાં ઉપજે તે જે તે શાળાના મુખ્ય શિક્ષક તરફ મોકલી આપવામા આવે છે તેમ આ પદ્ધત ન કરતા જે જે શાળાના દફ્તરની ઉપજની હોડ બતાવી હોય તે શાળાના મુખ્ય શિક્ષકે એ દફ્તર ઉપજનું મહાલમાં ભરપાઇ કરી દેવું અને તે બાદલ જે તે શાળાના શિક્ષક તરફ ખત આપી દેવી. મહાલમાંથી પહોચ શાળાએ તેવાની જરૂર નથી. એક આકડી પહોચ મેળવી તેની આસપાસની રીતભર તજવીજ કરવી. તારીખ ૭ માહે ઓક્ટોબર સ. ૧૮૯૬ દેહેગામ.

દામોદર

Chhaganlal T. Modi.

એ વિદ્યાધિકારી

વટહુકમ નંબર ૧૮

અંકગણિતના દાખલા રીતસર અને પદ્ધતસર કરાવવા બાબત.

અંકગણિતના દાખલા વિદ્યાર્થીઓ નોટબુકો વગેરેમાં લખે છે તે રીતસર અને પદ્ધતસર હોતા નથી તે ઉપર ખાસ લક્ષ આપી તેમાં સુધારો થવા આ તરફથી વટહુકમ નંબર ૧૯ તા. ૨–૨–૦૧ નો કરવામા આવ્યો છે. પરંતુ ઘણી શાળાઓમા હજુ તે બાબત સુધારો થયો જણાતો નથી, તેમ મુખ્ય શિક્ષક ને ઉપશિક્ષકો કાળજી રાખી તે ઉપર પૂરતું લક્ષ આપતા નથી, તેથી ફરીથી તે તરફ તેમનું ધ્યાન ખેંચવામા આવે છે તેમ પરીક્ષા વખતે આવી ખોટી પદ્ધતવાળા દાખલાના ગુણ કાપવા પરીક્ષક અધિકારીઓ તરફથી યોગ્યતે તજવીજ રહેવાની જરૂર છે સબબ આ સબંધમાં સુધારો થવા લાગતા વળગતા શિક્ષકો તથા અધિકારીઓએ પૂરતા ધ્યાનજ લેવા આથી સૂચના કરવામા આવે છે. તારીખ ૭ એપ્રિલ સ. ૧૯૦૨ મુ. દેહેગામ.

દામોદર — Chhagnlal T. Modi
એ વિદ્યાધિકારી.

વટહુકમ નંબર ૧૯

ગુજરાતી ને બાળબોધ અક્ષર લખવામાં સ્ટીલપેનને બદલે બરુનો ઉપયોગ કરવા બાબત.

શાળાઓની તપાસણી કરતા એવું જોવામા આવે છે કે ગુજરાતી ને બાળબોધ અક્ષર લખવાને માટે બરુ ખરીદ કરી તે ની કલમનો ઉપયોગ કરવાને બદલે શિક્ષકો કંટિંજન્ટ રકમમાથી હિંદુ સ્ટીલપેન (કલમપેન) ખરીદ કરી તેજ વાપરે છે. તેમજ વિદ્યાર્થીઓ પણ તેનો ઉપયોગ કરે છે આથી રીતે બરુને બદલે સ્ટીલપેન વાપરવાથી ઘણુ ગેરફાયદા છે ને ઉપર લક્ષ ન આપતા તાત્કાલિક સરળના શોખા છે તે ઉપરજ નજર રાખે છે. આ વસ્તુ બરોબર ન હોવાથી બધ કરવા સંબંધે શિક્ષકો તથા પરીક્ષક અધિકારીઓએ તજવીજ રાખવી. આ વટહુકમ બહાર પડયા બદ કંટિંજન્ટમાંથી આવેલ ખરચ થયો હોય તો તે નામંજુર કરવા અધિકારીઓ તરફથી તજવીજ રહેવી. તારીખ ૭ માહે એપ્રિલ સ. ૧૯૦૨ મુ૰ દેહેગામ.

દામોદર. — Chhagnlal T. Modi.
એ. વિદ્યાધિકારી.

હદહુકમ નંબર ૨૦

હરછબાન શાળાના મકાનના આંકડા જુદી રીતે બરાબર બતાવવાની જરૂર હોવાથી આથી મહેરબાન રા. રા. અસાઈન્ટ બનરેલ સાહેબ તરફ લખતાં ઉપરહ મુખરાજ શાળા માટે હરેલા સદર હરછબાન શાળાઓ માટે મુકરર કરી તે બાબતનો હદહુકમ નંબર ૪૪ તા ૩–૩–૦૪ આપવામાં આવ્યો છે.

હરછબાન શાળાના મકાનના આંકડા જુદા બતાવવા માટે નવા સુધારા કરાવવામાં આવ્યા તે બાબત.

મા. ૮૧૭ તા. ૧૨ માર્ચ સન ૧૯૦૪ પર પ્રસિદ્ધ થયો છે. મુખરાજ શાળા માટે સરકારી પ્રમાણે હદ નીચે પ્રમાણે છે,—

જમા.	બરજ.
૨૨ શાળા આને.	૨૨ શાળા આને.
૩ દેશી શાળા.	૩ દેશી શાળા.
૧ હરછબાન શાળા.	૧ હરછબાન શાળા.
૧ દીનુ ઉત્પન્ન.	૧ પમાર.
૨ ગિરજોળા.	૨ મિશ્રી સાખલ.
	૩ ઠકોરજી ગિરજોળા.
	૪ વિશ્વાધિપમાર.
	૫ હમીરી મહેડમ.

ઉપર પ્રમાણે હરછબાન શાળા માટે સદર હરેલાં છે તે પ્રમાણે બાકીના બજાવવાનો રિવાજ રાખવો. તા ૩ એપ્રિલ સન ૧૯૦૪

મુ ન્ J P. J. Chhaganlal T. Modi.
એ વિધાધિકારી.

હદહુકમ નં. ૨૧

હરગોવિંદદાસ કુત અજિત ભાગ ૧ લો અજારવા બાબત.

આ ગામના દેશી નિશાળી બાતની મુખરાજી ઉર્દુ પચેરે શાળાઓમાં અંકગણિત બજારવામાં આવે છે. તાં હરગોવિંદદાસકૃત "અજિત ભા. ૧ લો" એ નામનું અંકગણિત તૈયાર કરાવ્યું છે તે ધોરણ ત્રીજા સુધી આવુ સ્કુલની વાર્ષિક પરીક્ષા વખત પહેલાં અનુકૂળ પડે તો ત્યારથી બજારવું અને અંકગણિતની કિમ્મત ૦–૪–૦ આને આના છે. અજિતનો જે જે ભાગોમાં અભ્યાસ કરેલું છે તે તે ભાગનો આ નવા અજિતમાંથી જે તે ધોરણમાં બજારવો.

સદર પુસ્તકો ચોકસા મુખ્ય વિદ્યાખાતામાંથી જેવા વિદ્યાખાતા તરફ મોકલવા રીતસર તજવીજ કરો. તા. ૧૪ એપ્રીલ સન ૧૯૦૪. જે. બજારમુંબા.

Chhaganlal T. Modi.
એ. વિધાધિકારી.

પટહુકમ નં. ૨૨

પ્લેગના કારણે શાળા બંધ થાય તે વગેરે બાબતની ખબર આપવા બદલ

પ્લેગના કારણે શાળા બંધ રાખવામા આવે તે બાબતની ખબર મંજુરીના નંબર તારીખ સાથે જે તે શાળાના મુખ્ય શિક્ષકે પ્રાંતના રા. બા. એજ્યુ ઈન્સપેક્ટર સાહેબને તથા ડેપ્યુટી ઇન્સપેક્ટરને તુરત આપવી

ઉર્દુ તથા અત્યંજ શાળા બદલ મુખ્ય શિક્ષકે ઉપરના બે અધિકારી ઉપરાંત બા. સા. ઉરદુ ડેપ્યુટી ઇન્સપેક્ટરને પણ તેજ પ્રમાણે ખબર આપવી.

સદર લખાણુમા શાળા કયી તારીખથી કેટલી મુદત બંધ રખી તે તથા શિક્ષકોનો વર્ગ કેવી રીતે કર્યા તે હકીકત પણ જણાવવી

શાળા ઉઘડેથી કયી તારીખથી શાળા ઉઘડી તેની ખબર પણ ઉપર પ્રમાણેજ જેમના તેમના તરફ આપવી તા ૧૪ એપ્રીલ સ. ૧૯૦૩
મુ આતરસુંબા

Chhaganlal T. Modi.
એ વિદ્યાધિકારી

સૂચના.

આ જાતની શાળાઓ તથા સ્પેશિયલ ઇન્સ્પેક્ટરશ્રીઓ તથા અધિકારી ઓની ઑફીસો સાથ સબરના શિક્ષા ખાતાના રહે

મેમણ ઉસ્માન યાકુબ શિક્ષકો બનાવનારે પોતાનુ બરોદરાનુ ઠેકાણુ બદલ્યા બાબત

નાર મેમણ ઉસ્માન યાકુબ પાસેથી કેળવણી પટહુકમ નંબર ૨૩ તા ૬-૧૨-૯૫ નો થયેલો છે તે પ્રમાણે હાલ વહીવટ ચલ્યા કરે છે. તેઓ હાલ બરોદરામા ન રહેતા પટાદરપુર રહે છે જેથી તેમના ઉપરના નામોણે બરોદરે જવાથી તેમને વખતસર ન પહોચતા અથડાય છે તેથી તે પ્રમાણે પોતાનું ઠેકાણું કેળવણીમા પ્રસિદ્ધ થવા તા. ૧૬-૪-૦૩ ના રીપોર્ટથી અરજ કરેલી છે માટે તેમનું ઠેકાણું હવેથી નીચે પ્રમાણે કરવા જણાવવામા આવે છે.

મેમણ. ઉસ્માન યાકુબ શિક્ષા બનાવનારે ઠેકાણું બગદામાં મસીદ પાસે
મુ પટાદરપુર
તા સંખેડા.

તા. ૨૧ મારે એપ્રીલ સન ૧૯૦૩
હસ્તાક્ષર J. P. J. Chhaganlal T. Modi.
એ. વિદ્યાધિકારી.

વહીવટ નંબર ૨૩ સન ૧૯૦૨-૦૩

માસિકપત્રકમાં વધારે તથા પૂરતી હકિકત મોકલવા બાબત

ખરચ વગેરેના આંકડા મોકલવા બાબત

સરકારી કાળા ખાતે દરમહા પડતા ખરચની હકીકત વખતો વખત જાણવાની જરૂર હોવાથી પગાર વગેરે ખરચની તપસીલ જે તે માસની જે તે માસના માસિકપત્રકમાં દાખલ કરવાની જે તે કાળાના મુખ્ય શિરાએ તપસીલ રાખવી. હાલ માસિકપત્રકોમાં છપેલો નમુનો છે તેના આ હકીકત જણાવવાનું કંઈ આમાં નથી. સબબ હવે પછી દરેક સરકારી કાળાના મુખ્ય શિરાએ આ હકીકત બીજા તેવા છપેલા આસ વધારા કૈફીયત મળતા સુધી હાલ ચાલતા માસિકપત્રકના કૈફીયતી પાછળ નીચે બતાવેલા નમુના પ્રમાણે ખરચની તપસીલ દાખલ કરી મોકલવા જવી

ખરચની તપસીલ

	પગાર			કન્ટિંજન્ટ પરચુરણ								
	પગાર	ઉપરી હોદ્દાનો પગાર	કાયમી	કાયમી કામકાજ	રેલવે ભાડાં	કાયમી	ટપાલખાતાનો કામકાજ	મજુરી	કાયમી	કુલ	કુલ જોડકર
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩
ચાલુ માસ નો પાછલો કુલ ખર્ચ												
ચાલુ માસમાં પડેલો ખર્ચ.												
કુલ જોડકર												

	નિમણુંકી ફોર્મ.	બઢતીવાળી ફોર્મ
હેડ્સ ઓફ		
મકાન બાબત		

૨ બાકી રહેલાં વર્ગવાર છોકરા તથા એમસ્ટ્રાક્ટ મુજબ નોકરોની હકીકતના કોઠામા " તમામ નોકરના નામ " એ આસનમા પૂરતી હકીકત કેટલીક શાળાના મેહેતાજીઓ જણાવતા નથી. માટે એ આસનમાં શિક્ષક, ચિત્રશિક્ષક, દરજી, સિપાઈ, કામદી, વગેરે શાળામાં જે જે નોકર હોય તેમના નામ, પગાર, વગેરે હકીકત દાખલ કરવી તે કોઠામાં જે એકિટંગ હોય તેની સામે એક્ટિંગ એમ સ્પષ્ટ બતાવવું જોઇએ

ઉપર પ્રમાણે તમામ પ્રકારની સરકારી શાળાના મુખ્ય શિક્ષકોએ આ વર્ષક્રમ પ્રસિદ્ધ થયા પછી મોકલવાના માસિકપત્રકમા હકીકત ભરવા તજવીજ રાખવી તા. ૨૭ માર્ચ એપ્રિલ ૧૯૦૩ મુ સીદ્ધપુર.

દામોદર. J. P. J. Chhaganlal T. Modi.
એ. વિદ્યાધિકારી.

શ્રી.

પુસ્તક ૧૨ મું. અંક ૮ મો.

કેળવણી

જ્યેષ્ઠ સંવત ૧૯૭૯.

વિષયો.

૧ ઉપોદ્ઘાત.
૨ બાલ્યલગ્ન અને શિક્ષા. ૧૨૮
૩ આજ શિક્ષણમાં કેમ અપાય.. ૧૪૮
૪ નિશાળ બહારનું શિક્ષણ અ-
વા પુરવણી શિક્ષણ .. . ૧૫૮
૫ "અનેરણી મતા દુઃખી". ૧૫૬
૬ આર્ય હિન્દુ આર્યન .. ૧૫૬
૮ આર્ય પ્રજાનિર્બળ થવાનું કારણ-
ભૂત. ૧૫૮
૯ વર્તમાન સમયની ખૂબીઓ
વિષે . ૧૬૬
૧૦ નવીન પુસ્તકો . . ૧૬૮
૧૧ પ્રાપ્તી સ્વીકારની પાવતી. . ૧૬૨
૧૨ આપકવાડ સંસ્કારનું કેળવ
ણી ખાતું (૨ નામપત્રકો) ૧૬૪
૧૩ આપકવાડ સંસ્કારનું કેળવ-
ણી ખાતું (૨ વટકુમો) .. ૨૧

પ્રસિદ્ધ કર્તા
છોટાલાલ નરભેરામ ભટ્ટ.

વાર્ષિક કિમત રૂ. ૨) પોસ્ટેજ રૂ. ૦-૩-૦.
છુટક અંક કિમત રૂ. ૦-૩-૦.

વડોદરા.
શ્રી રત્નપ્રિયાસ પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડમાં છાપ્યું.

	નિમણુંકી રકમ.	બાકારાતી રકમ.
કન્ફિર્મ્ડ.		
મકાન ભાડું		

૨ બાકી રહેલાં વર્ગવાર છોકરા તથા ગ્રેજ્યુએટ મુજબ નોકરોની હકીકતના કોઠામા " તમામ નોકરના નામ " એ આસનમાં પૂરતી હકીકત કેટલીક શાળાના મેહેતાજીઓ જણાવતા નથી. માટે એ આસનમા શિક્ષક, ચિત્રશિક્ષક, દરજી, સિપાઈ, મમાડી, વગેરે શાળામાં જે જે નોકર હોય તેમના નામ, પગાર, વગેરે હકીકત દાખલ કરવી તે કોઠામાં જે એકિટંગ હોય તેની સામે એક્ટિંગ એમ સ્પષ્ટ બતાવવું જોઇએ.

ઉપર પ્રમાણે તમામ પ્રકારની સરકારી શાળાના મુખ્ય શિક્ષકોએ આ હુકમ પ્રસિદ્ધ થયા પછી મોકલવાના માસિક પત્રકમા હકીકત ભરવા તજવીજ રાખવી તા. ૨૭ મારે એપ્રિલ ૧૯૦૩ ઇ સીહપુર.

ધમોદર. J. P. J. Chhaganlal T Modi.
એ. વિદ્યાધિકારી.

केळवणी.

दोधकवृत्त.

अर्थ मळे नेळां धर्म सधाये, ज्ञान मळे मनपान पवित्र;
प्रीति वधे पसरे जश सारो, ए शिक्षणथी धर्म अपरंपार.

पुस्तक १५ मुं. ज्येष्ठ संवत् १९५६. अंक ८ मो.

दृष्टांत.

ની કાર્યસાધકતા ઉપર વિશ્વાસ ન રાખતાં પોતેજ સદ્‌ગુણી, વ્યવસ્થિત, અને દૃઢ મનના થઇ જવું એજ ઉત્તમ ઉપાય અમને લાગે છે.

સારૂં શિક્ષણ કેમ અપાય ?—આ પ્રશ્નનો ઉત્તર આપતાં એક જૂના પણ વખણાઇ ગયેલા મહેતાજીએ પોતાની નોટ બૂક અમને બતાવી હતી. તેમાં લખેલા યોગાક નિયમો બતાવી તેમણે કહ્યું હતું કે આ નિયમોને મજબૂતીથી વળગી રહેવાવડે મારા વિદ્યાર્થીઓ સારા થયા છે. આ નિયમો કાંઇ નવા નથી તથા તે કોઇ શિક્ષકના જાણવા બહાર પણ નથી; માત્ર તેને મજબૂતીથી વળગી રહેવા જેટલા મનોબળની ગેરહાજરીને લીધે ઘણા શિક્ષકો કાર્યસિદ્ધિમાં પાછા પડે છે. તે નિયમો આ પ્રમાણે છેઃ—

૧. દરેક શિક્ષકે પરીક્ષામાં સખ્ત થવુ.

૨. કંઈ પણ અવ્યવસ્થિત લખેલું મંજુર રાખવુ નહિ; લગાર ભૂલ પણ માફ કરવી નહિ શુદ્ધ અને સાફ લખેલુંજ મંજુર રાખવું.

૩. જવાબ પદ્ધતિસરજ બોલાવવા તથા લખાવવા. અર્ધ માત્ર સમજણો બેદરકારી ચલાવી લેવું નહિ.

૪. શિક્ષણ ને પરીક્ષણ જોડું રાખવું.

૫. શું શીખવવાનું ને કેવી રીતે શીખવવાનું તે પ્રથમથી નક્કી કર્યા સિવાય પાઠનો આરંભ ન જ કરવો.

૬. શીખવેલું સમજે છે કે નહિ, તે પ્રશ્નોથી નક્કી કરતા જવું; છોકરા કહે કે અમે સમજ્યા છીએ તોપણ માત્ર તેમના કહેવાવડે સમજ્યા હશે એમ માનવું નહિ.

૭. શિક્ષકે બહુ ન બોલતાં વિદ્યાર્થીઓ પાસે બોલાવવાનો પ્રઘાત રાખવો.

૮. ચોગ્ય બોલમાં ને ચોગ્ય વખતમાં જેથી સ્પષ્ટ સમજાવી શકાય તે ઉત્તમ શિક્ષણ-પદ્ધતિ જાણવી.

નિશાળ બહારનું શિક્ષણ અથવા સૃષ્ટિનિરીક્ષણ:—આ રાજ્યની શાળાઓના શિક્ષકોએ છોકરાંને વખતોવખત નિશાળની બહાર લેઇ જઇને તેમને વસ્તુ, વનસ્પતિ, પ્રાણી, કારખાનાં, વગેરે પ્રત્યક્ષ બતાવીને શિક્ષણ આપવા સંબંધે સરકયુલર થયેલો છે. આ સરક્યુલરની સ્પષ્ટતા થવાના હેતુથી "નિશાળ બહારનું શિક્ષણ" એ મથાળા નીચે અમે પૂર્વે આ પત્રમાં એક બે વખત લેખ લખ્યા પણ છે. હમણા બગદી શાળા પત્રમાં "સૃષ્ટિ નિરીક્ષણ" એ મથાળા નીચે એવોજ એક લેખ અમે વાંચ્યો છે તેમા કયા વર્ગોને કેટલો વખત ગામ બહાર લેઇ જઇ શું શું બતાવવું વગેરે હકીકત આપેલી છે. આ હકીકત શહેર કરતાં ગામડાંની શાળાઓને વધારે ઉપયોગી થઇ પડે એવી છે. એમ છતા મથળા શિક્ષકોએ જાણવા જેવી ધારી તેનો સાર એક ફોટક રૂપે અહી આપીએ છઇએ—

ધોરણ.	કેટલા મહિનામાં કેટલી વખત.	કેટલે દૂર વખત કેટલા કલાક.	કેટલે દૂર વખત કેટલા કોસના સાથે હોવો જોઈએ?	કેટલે દૂર કયા જવું.	શું બતાવવું ?
ત્રીજું ધોરણ (ચાલુ)	૨	૦॥	૧૫	ગામમાં અને ગામની વચ્ચમાં.	મુખ્ય સ્થળ, પ્રખ્યાત વૃક્ષ, બાગ, ઝાડનાં થડ, મૂળ, ગાળા, પાંદડા, ફૂલ, વગેરે.
પરેતું ધોરણ	૨	૦॥	૧૫	ખેતર વગેરેમાં.	જૂદા જૂદા ઝાડ, પ્રત્યેક ઋતુમા થતા ફાર ઝાઝ ફળ ફૂલ, તેના અવયવોના ભેદ. માટી ખાણ, માટી ને રેતી વગેરેમા લઇજવા, કે બાર કલાની માહિતી ઇ૦
બીજું ધોરણ.	૩	૧	૨૦	નદી કે તળાવ વગેરે ઠેકાણે-ખણીમા.	જૂદા જૂદા ધાન્યોની માહિતી, વરસાદના દહાડામા પાણીનું વહન, ઉંચી નીચી જમીન, નદીનો પ્રવાહ, પ્રવાહ સાથે શું શું વહી જાય છે, વેઢેળા, તાણુ વધની ઓછી ઉંમ હોય છે, તલાવની રચના, સરોવરની કલ્પના, જૂદી જૂદી માટીના પ્રકાર, દિશાઓની કલ્પના, અંતરનુ માપ, વગેરે
ત્રીજું ધોરણ	૪	૧	૨૦	ગામથી આઘરે એક મૈલ દૂર લગી.	જૂદી જૂદી ઋતુમા ખેતરોમા ચાલતા કામકાજ, છોડવાઓનુ ઊગવુ, વધવુ, ફૂલ આવવાં, બીજ આવવા, વગેરે, જૂદી જૂદી જમીનમા જૂદા જૂદા થનારા પદાર્થ, ઋતુ પરત્વે વૃક્ષોની સ્થિતિ, નદી કે તળાવ ઉપરથી જાણવા, અખાત, વગેરે બાબતોની સમજુતી, ગામની પાસે ટેકરી હોય તો તે ઉપરથી ડુંગર, પર્વત વગેરેની કલ્પના: પ્રવાહના આધાર ઉપરથી નદી વગેરેના પાત્રોની ઉત્પત્તિની કલ્પના, ગામમા પોલીસસ્ટેટ કે કચેરી વગેરે હોય તે ઉપરથી ગામપરિવાર અને બંદોબસ્ત વગેરેનું જ્ઞાન; ઇ૦.

ધોરણ.	એક મહિનામાં કેટલી વખત.	કેટલી વખત કેટલા કલાક.	કેટલી વખત કેટલા છોકરા ભાષી લેખે કરી શકાય ?	કેટલે દૂર ક્યાં જવું.	શું બતાવવું ?
ચોથું ધોરણ.	૪	૧॥	૨૦	ગામથી આશરે ૧॥ મૈલ.	જૂદા જૂદા પ્રકારની જમીનમાં જૂદા જૂદા પ્રકારનો પાક, કપાસ કે શેરડી થતી હોય તો તેની આરંભથી અંતસુધીની માહિતી, અથવા જે જે ઉપજતુ હોય તેની માહિતી, તેનો વેપાર માથે સંબંધ, ત્યાં ન પાકનારી જણસો કયાથી આવતી હશે વગેરે કલ્પના, જૂદી જૂદી વનસ્પતિ તથા તેનાં અંગોનો મુકાબલો, પશુપક્ષીની ઓળખ, ગામની પાસે જીન કે મિલ હોય તેમાં બનતી સઘળી કૃતિઓની માહિતી, ગામની પાસે ખાડી હોય અને તેનું પાણી જમીનપર સૂકાઇ જતું હોય તો સમુદ્રના પાણીનું મીઠું કેમ બને છે તેની કલ્પના, ગામમાં તલાટી, પોલીસ થાણું, કે માજીસ્ટ્રેટની કચેરી હોય તો વસુલાત કેમ થાય છે, ગુન્હાઓની તપાસ શી રીતે ચાલે છે, વગેરે સમજાવવું, તથા જૂની અને હાલની ગણ્યપદ્ધતિનો મુકાબલો કરી સમજાવવો, ઇતિહાસમાં આવેલી જગો પાસે હોય તો તે બતાવી જૂના વખતની હકીકત કહેવી તે વખતની લોકસ્થિતિ, કારીગરી, વૈભવ, વગેરે જણવામાં હોય તે પ્રમાણે કહેવું.
પાંચમું ધોરણ.	૪	૨	૨૦	આશરે બે કે ત્રણ મૈલ.	પડતર જમીન અને તે શા માટે પડતર છે, જૂદી જૂદી જમીન ઓછાવત્તા પાકવાળી હોવાનાં કારણ, ઓછો વત્તો પાક હોવાનાં તથા ઝાડ ઉપર કમીજસ્તી ફળ આવવાનાં કારણ, શા-

ધોરણ	એક અઠવાડીયામાં કેટલી વખત.	દર વખત કેટલા કલાક.	દર વખત કેટલા વિદ્યાર્થી સાથે લેવો.	કેટલે દૂર કયાં જવું.	શું બતાવવું ?
					કબાજી શી રીતે ઉત્પન્ન થાય છે, તેને પાણી શી રીતે પાય છે, ગામની પાસે અરણ્ય કે ઝાડી હોય તો તેમાં કેવા બનવરો. રહે છે તેની પ્રત્યક્ષ કે કલ્પનાથી માહિતી, ગામના જુદા જુદા કારીગરોના ઘર હોય તો તેમના કામની માહિતી, ગામની પાસે ટેકરી હોય તો તે ઉપરથી આજુબાજુના પ્રદેશનો દેખાવ, નદી હોય ને હોડી હોય તો તે ઉપરથી વહાણોની કલ્પના, રેલવે હોય તો આગગાડીની તથા તેના રસ્તાની રચના, રેલવે બાતાના કામની બંદોબસ્ત અને તારની માહિતી; કોઇ ઐતિહાસિક સ્થળ પાસે હોય તો તે સંબંધી માહિતી આપવી.
૭મું ધોરણ.	૪	૨	૨૦	આજરે ત્રણ ચાર મૈલ ગામની નજીકના જંગલમાં કે પાસેના ગામમાં.	જમીન, ઝાડ, પ્રાણી, વગેરે સંબંધી કાંઇ નવીન જાણવા જેવું હોય તે બતાવવું, ઔષધ વગેરેના ઉપયોગમાં આવતી જંગલી વનસ્પતિ ઓળખાવવી, નવીન ઝાડ નજરે પડે તો તેની માહિતી જાણવામાં હોય તેટલી કહેવી, જંગલી જનવરો સંબંધી માહિતી, નદીના પૂર વગેરેની ખેતરો પર શી અસર થાય છે, હિમ વગેરે પડવાથી શું નુકસાન થાય છે, તે કહેવું, રસ્તામાં મળતા પથ્થર, મરડીઆ, વગેરેની ઉત્પત્તિ ને બનાવટ, તારે ગ્રહ, નક્ષત્ર, વગેરેની માહિતી, ચંદ્ર ગ્રહણ, સૂર્ય ગ્રહણ, ઉલ્કા પાત, વગેરે બની શકે તે તે માહિતી આપવી.

તાત્પર્ય એ છે કે છોકરાંનું વય, તેમનું જ્ઞાન, અને તેમની સ્થિતિ, એ ઉપર વિચાર કરીને શિક્ષકે તેમને ઘટે તેવા સ્થળમાં લઇ જઇને વખતો વખત નવી નવી વસ્તુઓ દેખાડી તેનું જ્ઞાન આપવું.

" સંતોષી સદા સુખી. "

વસંતતિલકા છંદ.

ધીમંત થાય વણી શ્રેષ્ઠ બને શ્રિમંત,
જેને નરેંદ્ર અરિઓથિ રહે નચિંત;
શાંતિ લહે ન કદિ પામિ સુરેંદ્રસ્થાનં,
સંતોષમેવ પુરુષસ્ય પરં નિધાનં ॥ ૧ ॥
છતી અઢાર વળિ ઇંદ્રિય સર્વ છતે,
જ્ઞાની થઇ અકથ જ્ઞાન કથે સુરીતે;
તૃષ્ણાનિ તૃપ્તિવિષુ નિષ્ફળતા સમાનં,
સંતોષમેવ પુરુષસ્ય પરં નિધાનં. ॥ ૨ ॥
રામા અનેક રમણીય અહો વરીને,
આલિંગનાદિ બહુ ભાવ ઉરે ભરીને;
સેવે તથાપિ દિલ દગ્ધ રહે નિદાનં,
સંતોષમેવ પુરુષસ્ય પરં નિધાનં ॥ ૩ ॥
કોટ્યાવધી તણું કરે ગણિ નિત્ય કોડું,
આપે ધણાક અલકાપતિ કેરું ઓહું;
તૃપ્તિ ન તેથી મળશે ધનમેરૂ માનં,
સંતોષમેવ પુરુષસ્ય પરં નિધાન ॥ ૪ ॥
જેને રથી નિત્ય મનોરથમાં ચડીને,
છતે અનેક જઇ દેશ પુરો લડીને;
લે દુર્ગ દુર્ગમ કરે ગજ અશ્વયાનં,
સંતોષમેવ પુરુષસ્ય પરં નિધાન ॥ ૫ ॥
યોગી યતી નહિ રતી સુખશાંતિ લેશે,
જ્યાં મુધિ કોઇ સુખમાં મન ચેષ્ટિ રહેશે;
ધારેલ ધ્યેય સહુ ધૃષ્ટ બનેજ ધ્યાનં,
સંતોષમેવ પુરુષસ્ય પરં નિધાન. ॥ ૬ ॥
કયાં કોઇ તોષ તજિ લેશ સુખી થયા છે,
તૃષ્ણાસરીતપુર મધ્ય વહી ગયા છેઃ
છે જે અતૃપ્ત તન વૈભવ એ અનંત,
સંતોષવંત જન તેહ સદાય સંત ॥ ૭ ॥

શાર્દૂલવિક્રીડિત છંદ.

દેવે દીલ દયા ધરી દુખિતને અન્નાદિ આપ્યું જરી,
ઇચ્છા રોજ નવી ધરી પછી અહો! ઊન્માર્ગમાં સંચરી;
જેને ભૃંગ ષટ્પાંક જેમ કુસુમે કંજે બને નીમન,
સંતોષેણ વિના પરાભવપદં પ્રાપ્નોતિ મૂઢોજનઃ ॥ ૮ ॥

કવિ શિવાનંદ રામકૃષ્ણ.

આર્ય કિન્ડરગાર્ટન.

(ગયા અંકથી ચાલુ)

કિન્ડરગાર્ટન ટ્રેનિંગ કોલેજની સ્થાપના.

અમેરિકાની માફક આ દેશમા એવી કોલેજ એક પણ નથી, કે જ્યાં કિન્ડરગાર્ટન પદ્ધતિનું સર્વોત્તમ શિક્ષણ અપાતુ હોય. "કૂવામા હોય તો હવાડામાં આવે" આ કહેવત આ સ્થળે યથાર્થ રીતે લાગુ પડે છે. કારણ કે જે જ્ઞાન બાળકોને આપવાનુ છે તે પ્રથમ શિક્ષકના મગજમા હોવું જોઇએ. આવા જ્ઞાનનો સ્વતઃ પ્રાદુર્ભાવ થવો દુર્ઘટ છે તો આ જ્ઞાનપ્રાપ્તિમાટે કોલેજની આવશ્યકતા અનુભાય. કિન્ડરગાર્ટનમાટે જૂદી કોલેજ સ્થાપવી એમાં પુષ્કળ નાણાંની જરૂર છે. અને એટલો બધો ખર્ચ સરકાર કરે કે કેમ તે જોવાનું છે. પરંતુ જે કોલેજો હાલ હયાત છે, તેમાં કિન્ડરગાર્ટનના વિષયનો સારો ભાગ આપવામા આવે અને ત્યાં એક વિદ્વાન કિન્ડરગાર્ટન પ્રોફેસરને નીમવાની સગવડ થાય તો થોડે ખર્ચે ઇચ્છિત ફળ પ્રાપ્ત થાય એમ અમારૂં માનવું છે. આ ઉપરાંત હાલમાં અમેરિકા ને જર્મની આદિ દેશોમાં જે ઉત્તમ કિન્ડરગાર્ટન પુસ્તકો રચાયાં છે, તેમાના કેટલાંક પુસ્તકોનું ભાષાંતર કરાવવાની ખાસ જરૂર છે. આજથી લગભગ દશ વર્ષ પહેલાં વડોદરા સરકારે "પેરેડાઇઝ ઓફ ચાઇલ્ડહુડ" નામના પુસ્તકનું ભાષાંતર કરાવી શિક્ષકવર્ગને ઉપકારી કર્યો છે પરંતુ તે ભાષાંતર હવે જૂનું થયું છે. સર્વના અનુભવમાં હશે કે કિન્ડરગાર્ટનની વય માત્ર ત્રીસથી ચાળીશ વર્ષની છે. છેલ્લાં દશ વર્ષમાં તે પદ્ધતિમાં અસાધ્ય ફેરફાર જોવામાં આવે છે. પૂર્વોક્ત ઇંગ્રેજી પુસ્તકની જે આવૃત્તિમાંથી ભાષાંતર કરવામાં આવ્યું છે; તેને નવી આવૃત્તિ સાથે સરખાવતાંજ ઉપરની વાત સાચી છે, એમ સ્પષ્ટ જણાશે.

જે શિક્ષણપદ્ધતિના સંગીન જ્ઞાનનો આધાર પરભાષા (અંગ્રેજી) ઉપર રહેલો છે તે પરભાષાને પ્રથમ તો સ્વભાષામાં ફેરવવી જોઈએ; તોજ તે ગુજરાતી નિશાળોના શિક્ષકોને ઉપયોગી થઇ પડે. કોલેજમાં કિન્ડરગાર્ટન પ્રોફેસર તરીકે કોઇ ગૃહસ્થને નીમતાં પહેલાં તેમને યૂરોપને અમેરિકાના જુદા જુદા દેશોમાં તે પદ્ધતિનો અનુભવ લેવા માટે સરકારને ખર્ચે મોકલવાની ગોઠવણ થાય તો તે ગૃહસ્થ પોતાનું કર્તવ્ય સંપૂર્ણ રીતે બજાવી શકશે.

સ્વતંત્રતાનું બીજ રોપણ.

આર્યાવર્તમાં જે રાજકીય વાતાવરણ પ્રસરી રહેલું છે તે યૂરોપ તેમજ અમેરિકાના ભિન્ન ભિન્ન દેશો કરતાં જૂદુંજ જોવા તથા અનુભવવામાં આવે છે. આર્યબાળકોનાં અંતઃકરણ ઉપર સ્વતંત્રતા રૂપી મહાન સદ્‌ગુણ બહુજ સંભાળપૂર્વક રોપવાની ખાસ આવશ્યકતા છે. દરેક સુશિક્ષકનું પ્રથમ કર્તવ્ય તો એ હોવું જોઇએ, કે પોતાના હાથ નીચે ભણતા બાળકોમાં રાજ્યપ્રતિ સુદૃઢ પ્રેમ અને સંપૂર્ણ માનની લાગણી ઉદ્‌ભાવિત થાય તેવી પોતાના શિક્ષણની યોજના કરવી જોઇએ. આ વાત તો નિર્વિવાદ છે કે, "જેવાં બીજ વાવીએ તેવાં ઝાડનાં ફળ થાય." બાળકોનાં અંતઃકરણમાં બાલ્યાવસ્થામાં જે છાપ પડેલી હોય છે તે કદી પણ ભૂંસાતી નથી.

કિન્ડરગાર્ટન બાળકોની વય.

અમેરિકા ને જર્મનીમાં બાળકો લગભગ ત્રણ વર્ષનાં થાય છે કે તુરત તેમને શાળામાં દાખલ કરવાનો રિવાજ ચાલે છે. આ બાળકો લગભગ સાત વર્ષની વયનાં થાય છે ત્યાં સુધીજ આ શાળામાં રહે છે. એટલે કિન્ડરગાર્ટન શિક્ષણ માટે તેમને લગભગ ચાર કરતાં વધારે વર્ષ મળે છે. કિન્ડરગાર્ટન પદ્ધતિનો જેણે અભ્યાસ કર્યો છે, તેમને વિદિત હશે કે ફ્રોબેલની વીશ બક્ષીસો છે તેનો સંપૂર્ણ અભ્યાસ કરવા માટે ચાર વર્ષ સાધારણ રીતે બસ છે. આર્યાવર્તમાં માબાપ પોતાનાં બાળકોને પાંચ વર્ષની વયે નિશાળે મોકલે છે. સાત વર્ષની વયે તો તેમણે પ્રાથમિક ધોરણોનો ક્રમ અવશ્ય શરૂ કરવો જોઇએ. કારણ કે આર્ય બાળકોને સ્વભાષા સાથે પરભાષાનો પણ અભ્યાસ કરવાની જરૂર છે. એટલે તે પુખ્ત ઉમરનો થઇ સંસારમાં પડે તે પહેલાં તેનો અભ્યાસ બનતા સુધી પૂરો થયો જોઇએ. એટલે આર્ય બાળકો માટે કિન્ડરગાર્ટનની વીશ બક્ષિસોનો ક્રમ એવી રીતે નિશ્ચિત થવો જોઇએ, કે તેનો લાભ તેઓ બે વર્ષમાં લઇ શકે. વાસ્તવિક રીતે જોતાં તો ત્રણથી છ વર્ષ એ કિન્ડરગાર્ટનને અનુકૂળ વય ગણાય છે. પરંતુ તે વયમાં આર્ય બાળકો તો નન્હા-

વસ્તીમાં ગૃહ અથવા શેરીમાં ભમતાં હોય છે. આ ઉપરથી સ્પષ્ટ જણાશે કે કિન્ડરગાર્ટનનો વર્ગ સંબંધી જે આશય છે તે આર્યાવર્તમાં પૂર્વોક્ત કારણને લઈને યથાર્થ રીતે ફલીભૂત થઈ શકશે નહીં, પરંતુ આ પદ્ધતિથી આપણાં બાળકોમાં પાંચ વર્ષની વય પછી પણ જે અવલોકન શક્તિની ખીલવણી થએલી જોવામાં આવતી નથી, તે તો જરૂર ખીલશે. તેની સાથે બાળકોમાં સ્વચ્છતા, નિયમિતતા, એકાગ્રતા, બીજા સાથે રહી કાર્ય કરવાની અભિરૂચિ આદિ ગુણોનો પ્રાદુર્ભાવ થશે હાલમાં જે ગોખણ પદ્ધતિ કરે છે તેના કરતાં કિન્ડરગાર્ટન પદ્ધતિ હુન્નર કરનારે સારૂં કામ કરશે એ નિઃસંશય છે. કિન્ડરગાર્ટન પદ્ધતિનો ઉદ્દેશ બાળકોના મનમાં જ્ઞાનને ઠાંસી ઠાસીને ભરવાનો નથી; પરંતુ બાળકના અંતઃકરણમાં પરમેશ્વરે જે શારીરિક, માનસિક, આધ્યાત્મિક ને નીતિ સંબંધી શક્તિઓ મૂકેલી છે, તે બધી શક્તિઓનો સ્વતઃ પ્રાદુર્ભાવ કરાવવાનો છે. એ પ્રાદુર્ભાવ શિક્ષક યા કોઈ પણ ગમે તેટલો પ્રયાસ કરે તોપણ અટકતો નથી, માત્ર દેખરેખની ખામીથી તે બધી શક્તિઓ સમાન રીતે કેળવી શકાતી નથી.

કિન્ડરગાર્ટન શિક્ષણની ઉત્પત્તિથી રાજકીય તેમજ સાર્વજનિક ખર્ચ ને ઉત્સાહ.

એ વાત તો સિદ્ધ છે કે "જેણે કેરીનો રસ ચાખ્યો હોય તેને તેની લહેજતની ખબર પડે" જે દેશના લોકોએ કેળવણીનાં સારાં ફળ ચાખ્યાં છે, તેજ લોકો કેળવણીની ખરેખરી બૂજ કરવાને સમર્થ થાય છે કેળવણીનો અભાવ છતાં કોઈપણ દેશ અભિવૃદ્ધિને પામેલો આપણે જોઈશું નહીં. અમેરિકા ને ઇંગ્લાંડમાં અત્યારે એવા લક્ષાધિપતિઓ છે કે જેઓએ પોતાના દ્રવ્યનો મોટો ભાગ સાર્વજનિક કેળવણીના ઉત્તેજનાર્થે અર્પણ કર્યો છે. જે દેશમાં આવા રત્ન પેદા થયાં હોય તે દેશ સુધારાના શિરોબિંદુએ પહોંચે એ નવાઇ જેવું નથી. પૂર્વોક્ત દેશોમાં રાજ્ય તરફથી પણ ઘણીજ સારી મદદ આપવામાં આવે છે. રાજાને પ્રજાના સંયુક્ત પ્રયત્નનું પરિણામ એ આવ્યું છે કે સુધરેલા દેશોમાં વસતીનો મોટો ભાગ કેળવાએલો હોય છે. કેળવણીનો અર્થ, કાંઈ વાચતાંલખતાં આવડવું અથવા વિષયો મોઢે શીખી જવા એ નથી તેનો અર્થ એ છે કે માણસની શક્તિઓને એવી રીતે કેળવવી કે જ્યારે તે આ સંસારમાં પડે ત્યારે તેના ઉપર જે કરલો આવી પડે તેને બરાબર રીતે ને નીડરપણે બજાવી શકે. સારા ભાગ્યે આર્યાવર્તમાં પણ આવા વીર ને સખી પુરૂષો ઉત્પન્ન થતા જાય છે, મેસર્સ વાડીઆ ને તાતાનાં નામ અને સખાવત આ દેશમાં સુપ્રસિદ્ધ છે; રાજાઓમાં પણ ગાયકવાડ સરકારે કેળવણીની બાબતમાં અમમ ભાગ લઈ

પોતાની ઉજ્વલ કીર્તિને ચોતરફ ફેલાવી છે. એટલે હવે એવો સમય આવ્યો છે કે જ્યારે રાજા ને પ્રજા બન્ને કેળવણીના સંબંધમાં પોતાની શી ફરજ છે, તે બરાબર સમજતા હોય તેમ જણાય છે, અને તેની વૃદ્ધિ માટે યથા-શક્તિ યથામતિ પ્રયાસ પણ કર્યા જાય છે. આ વાત તો સૌ કોઈ કબૂલ કરશે કે જેવી રીતે એક હાથે તાળી પડતી નથી, તેવી રીતે રાજા કે પ્રજા એકથી સંગીન કાર્ય થઇ શકતું નથી. રાજ્યને કેળવણી ઉપરાંત બીજી ઘણી બાબતો ઉપર ધ્યાન આપવાનું છે; એટલે તેની સાથે પ્રજાની સંપૂર્ણ મદદની આવશ્યકતા છે. અને તેમ થાય તોજ દેશહિત સચવાય. આર્યાવર્તમાં કેળ વણીપ્રતિ ઉત્સાહ ને ખંત જાગ્રત થયાં છે અને અલબત તેથી દેશને સારો ફાયદો થશે. પરંતુ આટલું તો કહેવું જોઈએ કે જ્યાં સુધી રાજ્યકર્તાઓ એમ ન માને કે પ્રજામાં પ્રસરેલી કેળવણીજ **એ રાજ્યનો મોટામાં મોટો ને અખૂટ ભંડાર છે** અને સોનાના સિક્કાથી ઉભરાઇ જતી ટ્રેઝરી કરતાં **પ્રજાનાં કેળવાએલાં સમગ્ર મનરૂપી ટ્રેઝરી એ વધારે બળવાન છે** અને ઉપયોગી છે, ત્યાં સુધી કેળવણીનું ખરેખરું સ્વરૂપ દેશમાં દાખલ થવું મુશ્કેલ છે. જે દેશમાં કેળવણી આપવી એ રાજ્ય કર્તાઓ માત્ર વેઠ તરિકે માને તે દેશનું તો કહેવુંજ શું ?

(અપૂર્ણ).

चार्ल्स डारविननुं रमूजी वृत्तांत.

(અંગ્રેજી ઉપરથી ભાષાંતર કરનાર એક ગ્રેજ્યુએટ)

શાસ્ત્રીય વિષયોના મેદાનમાં જે મોટાં નામો છે તેમાં ડારવીન પોતાના ખાસ પ્રકા-શથીજ પ્રકાશે છે. જુદા જુદા બાગોને સજાના મોટા શોખ તેણે કર્યા છે અને એ રીતે આપ-ણા જ્ઞાનભંડારમાં તેણે કીમતી ઉમેરો કર્યો છે.

પરંતુ જ્યારે તે કુમાર અવસ્થામાં હતો ત્યારે ભવિષ્યની મોટાઇનાં કોઈ પણ ચિન્હ તેનામાં જણાતાં નહોતાં. તે ધીમો અને ધીરજવાન વિદ્યાર્થી હતો અને શરમાળ. શિક્ષા તથા અનીજ પદાર્થો જેવી સઘળા પ્રકારની વિચિત્ર વસ્તુઓનો સંગ્રહ કરવાનો શોખ બરાબર હતો.

ચાર્લ્સ ડારવિનનો જન્મ શ્રુસબરીમાં ઈ. સ. ૧૮૦૯ માં થયો હતો. તેનો બાપ એ ગામમાં એક પ્રખ્યાત ડાક્ટર હતો અને દયાભાવ-તથા વિશ્વાસ મેળવવાની શક્તિને લીધે તેને સઘળે માન મળતું. તેનું શરીર ઉંચુ અને મજબુત હતું અને એનાથી ચાર્લ્સને પણ શરીરનો બારસો મળ્યો હતો. આ બારસો એને ભવિષ્યમાં ઠીક કામ લાગ્યો હતો. ડાક્ટર

ડાર્વિન વગી સુદ્ધા અવલોકન કરનાર હતો અને તેનો પુત્ર તેના શિક્ષણનું ઘણો આભારી હતો.

પોતાની માતાના સબંધમાં ડાર્વિનને ઘણું જ ઓછું યાદ હતું, કારણ કે તે તેની આઠ વર્ષની ઉમરે મરણ પામ્યા હતી. તે ઘણી મધુર અને માયાળુ સ્વભાવની સ્ત્રી હતી પરંતુ તેની તબિયત ઘણી નાજુક હતી.

પ્રત્યક્ષ મુલાકાતોની નિશાળમા આ છોકરાને મોકલવામા આવ્યો હતો. બોળપણ અને નિર્દોષપણાને લીધે તે બાલઓનો ઘણો વિશ્વાસ રાખતો અને એના નિશાળના ગોઠીયા તેનો ઘણી વાર લાભ લેતા. એના સબંધના એક રમૂજી વાત કહેવામા આવે છે એક વાર શાળાના એક જુવાન મિત્ર સાથે દુકાનો તરફ જોતો જોતો તે રાહેરમાથી જતો હતો. તેનો પગની એક બહિયારની દુકાનમા ગયો અને લાંબી કેટલાક કેક ખરીદ્યા તેનો બાપ દુકાનદારનો ઓળખીતો હોવાથી કેકના પૈસા તેમને તેણે આપ્યા નહિ.

પરંતુ દુકાન બહાર આવીને તેણે ડાર્વિનને કહ્યું કે, પોતે જે માગે તે પૈસા લીધા વગર દુકાનદારો તેને આપે છે. કારણ કે તેઓ એમ કરે એ શરતથી એના કાકાએ તેમને સો પૈસા મોકલ્યા હતા પોતાના કાકાએ મુકરર કરેલી એક જૂની ટોપી પહેરીને કોઈ છોકરો બાપ અને દુકાનમા પેસતી વખતે અમુક રીતે ટોપીને અડકે એટલે બસ' ડાર્વિને આ વાત અક્ષરે અક્ષર ખરી માની પછી જ્યારે તે છોકરાએ પેલી ટોપી તેને આપવાનું કહ્યું ત્યારે તેણે ને લીધી અને પ્રયોગ અજમાવવાને માટે એક કેકવાળાની દુકાને ગયો.

તેણે કેક લીધા અને ટોપીને અડકીને આવવા માંડ્યુ કે તરતજ દુકાનદાર તેના પર ધસ્યો. ડાર્વિને કેક ફેંકી દીધા અને છોકરીની સલાહનીને માટે ઘાંચી તે નાસી ગયો!

નરગશના વખતમાં તે એકલો લાંબે સુધી ફરવા જતો. આ વખતે પક્ષીઓ, પશુઓ અને જીવજંતુના સબંધમા પોતાથી બને તેટલી હકીકત ભેળી કરવામાં આખ અને કાનનો ઉપયોગ કરતો. તે ઘણોજ દયાળુ અને માયાળુ સ્વભાવનો હતો અને કોઈ પણ પ્રાણીને દુ:ખ થાય તે બની શકતો નહિ

માછલી પકડવાનો તેને શોખ હતો, પરંતુ જીવતા જીવોને આકડે વળગાડવાનું તેને ગમતું નહિ, તેથી જ્યારે તેને માલમ પડ્યું કે મીઠાથી અને પાણીથી તેઓ તરતજ મરી જાય છે ત્યારે તેને ઘણી જ શાન્તિ વળી.

શાળાના તેના એક મિત્ર પાસે દુનિયાની અજાયબીઓ નામનું એક શાસ્ત્રીય પુસ્તક હતું અને તે તેણે ડાર્વિનને આપ્યું હતું. સદરહુ પુસ્તક વાંચીને આ જુવાન પ્રાણીશાસ્ત્રવેત્તાને પોતે ભલે ફરીને બ્રિટીશ દેશોના પ્રાણી અને વનસ્પતિ નિદાગવાના વિષયો ઉપરથી એની કલ્પના ઉત્પન્ન થઈ

શાળાની જીંદગીના છેલ્લા ત્રિમાસમાં પોતાના બાકીની આખી તેઓની ઓરડીમા એક રસાયનિક પ્રયોગ શાળા તેણે તૈયાર કરી અને બધી જાતના કારણસરેલા ગેસો ભરવાના બાટલા વાસ્તે આ પ્રયોગોમાં મદદ કરતો અને તેથી તેના કેટલાક સોબતીઓએ તેને ગેસનું ઉપનામ આપ્યું હતું

પાછળથી તેના બાપે ડાક્ટરી વિદ્યાનો અભ્યાસ કરવાને માટે એને એડીનબરાની યુનિવર્સિટીમા મોકલ્યો. પરંતુ આમાં આ કામની દરકાર કરી નહિ અને એકાદ બે પ્રયોગ

જોયા પછી પોતાનો અભ્યાસ લગભગ છોડી દીધો. એડીનબરામાં તેને મિત્રો થયા હતા. વળી ન્યૂહેવનના માછીમારોમાં પણ તેણે કેટલાક મિત્રો કર્યા હતા કે જેમની સાથે તે માછલી મારવા જતો.

એડિનબરાની રૉયલ સોસાઇટીની એક સભામાં તેને સર વૉલ્ટર સ્કૉટ મળ્યો કે જે તે વખતે સભાનો પ્રમુખ હતો. તેને જોઇને ડારવિનને ઘણી અસર થઇ હતી અને તે વખતના દેખાવ અને તે મોટા ગ્રંથકાર તરફ તે ભય અને માનની લાગણીથી જોતો હતો. ચાર્લ્સનું મન વૈદકના ધંધામાં પડવાનું નથી તે જોઇને તેના બાપે એને પાદરી બનાવવાનો વિચાર કર્યો અને તેથી એને કેમ્બ્રિજની યુનિવર્સિટીમાં મોકલ્યો. અહીંઆં તે બાપણોમાં હાજરી આપતો, પરંતુ વનસ્પતિશાસ્ત્રને લાગતાં બાપણો સિવાય બીજામાં તેને રસ પડતો નહિ આ વિષયનો તેણે ઘણીજ ખંતથી અભ્યાસ કર્યો. તે ઘાસ અને ફૂલોની શોધમાં સીમમાં ઘણે દૂર સુધી ભટકતો.

કેમ્બ્રીજમાં તેને ગાયનનો શોખ લાગ્યો હતો. જો કે તેના કહેવા મુજબ તે એક પણ ગત બરાબર ગાઇ શકતો નહિ, તોપણ પોતાની કૉલેજના ગાનાર છોકરાઓને પોતાની ઓરડીમાં આવીને ગાવા બદલ તે ઘણી વખત પૈસા આપતો. તેને કેટલી ગતો આવડે છે તે બદલ તેના મિત્રો ઘણી વખત એની પરીક્ષા લેતા અને ઘણી રમૂજ સાથે તે આપણને જણાવે છે કે જો તેઓ રાગરાગીન ઘણું ધીમેથી અથવા વધારે ઉતાવળથી ગાતા તો તેને ઘણી જ મુઝવણ થતી.

પરંતુ કૉલેજમાં એનો ઘણોખરો વખત વંદાઓ ભેગા કરવામાં જતો. ઝાડોની સઘળી છાલ તે ઉખાડી નાંખતો અને એ પ્રાણીઓની શોધને માટે તેને ધ્યાનપૂર્વક તપાસતો.

એક વખત એક ઝાડની છાલ તે ઉખાડતો હતો તેવામાં બે નવાઇ જેવા વંદા તેના જોવામાં આવ્યા. અને દરેક હાથમાં એકેકને પકડ્યો. તેવામાં એક ત્રીજી જાત નજરે પડી, જે પેલા બે કરતાં પણ વધારે અલભ્ય હતી, અને તેથી તેને ખોવી એ એનાથી ખમાયું નહિ; પોતાના જમણા હાથમાંના વંદાને તેણે મોંમાં મૂક્યો, પણ તરતજ તે પ્રાણીએ એક પ્રકારનો ઘણોજ ખાટો પ્રવાહી ઉરાડ્યો જેથી તેની જીભ બળવા લાગી. આથી કરીને એ વંદાને તો થુંકી નાંખવો પડ્યો!

આપણા જેવા માણસો કે જે વંદા ખાવાના એટલા બધા શોખીન નથી તેમને તો વંદાને મોઢામાં મૂકવો એ એટલું બધું તો ગંદુ લાગે કે તેમ કરવાનો વિચારેય ન આવે. પરંતુ આ બનાવથી એટલુંજ જણાય છે કે જે કામ ડારવિન પોતે હાથમાં લેતો તેમાં તે ઘણાજ ઉત્સાહથી મંડ્યો રહેતો. કોઇ પણ પ્રયત્ન તેણે આદર્યો તો પછી ગમે તેવી અગવડોથી પણ તે પાછો હઠતો નહીં.

(અપૂર્ણ)

વર્તમાન સમયની ભૂગોળવિદ્યા.

કુકીલોક.

(ગયા માસથી ચાલુ)

આ લોકો યુદ્ધમાં જય પામે એટલે બહુ ખુશી થઇ પોતાના ગામમાં પ્રવેશ કરે છે, લશ્કરી પોશાક પહેરે છે, આનંદમા નાચે છે, અને ઝાઝે વગાડી મ્હોટા જયઘોષ કરે છે. આ પ્રમાણેજ થઇ રહ્યા પછી હસ્તગત કરી આવેલું શત્રુનું માથું એક લાકડી ઉપર ભરાવી તે ગામના સાર્વજનિક સ્થળે મૂકે છે આ પ્રસાગે કરવામા તે લોકો બહુજ માને છે.

કુકી લોક જો કે સ્વતંત્ર છે તોપણ તેમની જતિની વ્યવસ્થા બહુ સરસ છે, તેને લીધે તે લોકો લોકમતાત્મક રાજ્યપદ્ધતિનો ઉપભોગ લેતા હોય એવો ભાસ થાય છે. તે લોકો પૂરા રાજનિષ્ટ છે અને તેઓ " ના કિંચ પૃથિવીપતિ " એટલુ રાજાને માન આપે છે જાતિમાં પ્રમુખ તે રાજા કહેવાય છે અને તેને પુષ્કળ મંત્રીઓ હોય છે. આકોમાકે ટંટો થાય તો તેઓ પરસ્પરના પ્રાણ લે છે. તોપણ રાજાનું ખૂન કરવાની કલ્પના તેમના મનમા કદી આવતી નથી.

કુકી લોકમા લગ્નનો રિવાજ બહોળા ચમત્કારિક છે બહુ કરીને બાળપણમા લગ્ન કરવાનો રિવાજ નથી. છોકરીને ઋતુદર્શન થયા વગર તેનો વિવાહ કદાચિત્જ થાય છે અને છોકરીના બાપને વર શોધવાની બીલકુલ કાળજી કરવી પડતી નથી છોકરી મ્હોટી થાય એટલે તેની જાતના કોઇ મનગમતા તરણપુરૂષ ઉપર સ્નેહ કરે છે. પછી તે વરનો બાપ અથવા તેના કુટુંબનો કોઇ માણસ તે છોકરીની માગણી કરવા તેને ઘેર જાય છે. તે વખતે તે પોતાની સાથે એક મુખ્યયુક્ત કલશ લે છે. તે મથના લોકોનો કન્યાપક્ષના લોકો સ્વીકાર કરે તો તેમનો સ્વભ થાય છે, નહિ તો ગયેલા માણસો પાછા ફરે છે. મથસ્વીકારવિધિ પૂર્ણ થયા પછી વરને બોલાવે છે અને તે વખતે લગ્નનો નિશ્ચય થાય છે. વરનો બાપ વહુના જનકને રૂપ રૂપીઆ આપે છે. જો તે આપવાની શક્તિ તેનામા ન હોય તો વરને કેટલાક વર્ષ સુધી મસરાને ઘેર રહી ઘરસપણું કરવુ પડે છે. જે મુદત થઇ રહે એટલે બલીમ કરીને તેમનો આભાભ્યક્ષ હોય છે તે તેમનું લગ્ન કરી આપે છે

લગ્નની વખતે વર અને કન્યા બેઉ એક પથ્થર ઉપર પગ મૂકે છે પછી બલીમ તે ઉપર જળસિંચન કરે છે અને પછી કન્યાને ઉપદેશ કરે છે કે આજથી આ પુરૂષે તારૂં પાણીગ્રહણ કર્યું છે માટે તારૂ પતિવ્રત સંભાળ, અને પતિને તેની સેવામાં હાજર રહી સામ અને મધથી સંતુષ્ટ કરી આખી હયાત સુધી સુખ આપ, એટલે તને ઈશ્વર અંતતિ આપશે. આ પ્રમાણે તારૂં આચરણ નહિ થાય તો ઈશ્વર તને કડક શાસન કરશે.

કોઇ બાઇથી મરી જાય તો એક વર્ષ પછી તે તેણીનાં સગાવહાલાંને પોતાને ઘેર બોલાવે છે અને તેમને મંદની મીજબાની આપે છે અને પોતાના કોઇ કારણને તેમની પસંદગીની આગે છે આપણામા સ્ત્રીઓના કેશનુ વપન થાય છે પણ ત્યા પુરૂષના કેશનું વપન થાય છે, આ મોટો ચમત્કાર છે. પુરૂષને બીજુ લગ્ન કરવું હોય તો પ્રથમની સ્ત્રીના


મૃત્યુ પછી બે વર્ષ-તેથીનાં સગાંવહાલાંની પરવાનગી મેળવવી પડે છે. તે લોકોમાં સ્ત્રીઓને પણ પુનર્લગ્ન કરવાની છૂટ છે પણ તેમનામાં મ્હોટો નિયમ એવો છે કે વિધવા સ્ત્રીએ પતિના મૃત્યુ પછી બે વર્ષ સદાચરણમાં રહી પોતાના શ્વશુરગૃહના માણસોની પરવાનગી લેવી પડે છે. આ પ્રમાણે આ લોકો સુધરેલા લોકોની માફક સ્ત્રીઓ સાથે સમાન હકથી વર્તે છે એ મોટી જાણવા જેવી વાત છે વ્યભિચારી સ્ત્રીપુરૂષોને જાતિ તરફથી કડક શિક્ષાઓ મુકરર થયેલી છે.

કોઇ કુકી રાત્રે મરણ પામે તો તેનો દહનવિધિ સવારે કરે છે. તેઓ તેની ચિતા ઉપર કંઇ વૃક્ષપલ્લવ અને થોડા ચોખા મૂકે છે અને પછી પ્રાર્થના કરે છે કે અમે આપને છેવટના રામરામ કરીએ છીએ અને તમારો દ્રવ્યસંચય વગેરે જે હોય તે અમને આપો. બીજે દિવસે દેવતાને બલિ આપવાનો અને મદ્યભોજનનો સમારંભ થાય છે, તે વખતે મરી ગયેલા માણસના ગુણ ગાય છે અને શોક કરે છે. જો કોઇ પ્રમુખ અથવા રાજ્યપુરૂષ મરણ પામે તો તેના છેલ્લા સંસ્કાર વખતે માણસના મસ્તકની જરૂર પડે છે. તેને માટે તે લોકો લડાઇ કરી શત્રુનાં માથા કાપી આણે છે અને કોઇ કોઇ વખતે તો તેઓ પાસેના પ્રાંતમાં હલ્લો કરી માણસનાં માથાં લઇ જાય છે. સન ૧૮૭૧ માં કેટલાક કુકી લોકો કાચર, સિલહટ, અને ટીપરા એ પ્રાંતોમાં પ્રવેશ કરી ઘણા પુરૂષનાં મસ્તક લઇ ગયા હતા, પરંતુ હાલમા અંગ્રેજ સરકારનો પક્કો બંદોબસ્ત હોવાથી વધારે હરકત કરી શકતા નથી. આ લોકોમા તમાકુ પીવાનો શોખ ઘણો છે. પાંચ વર્ષનો નાનો છોકરો હોય તોપણ તેના મોંમાં તમાકુની નળી હોય છે.

આ લોકોમા ક્ષુધિતને અન્ન આપવું, ગરીબ માણસને ધર્મ કરવું, ગરજવાન માણસના દેવાનો નિકાલ કરવો, પ્રવાસીને આશ્રય આપવો, દેવતાને અર્પણ કરવા જોઇતો પદાર્થ કોઇ માગવા આવે તો તે આપવો, મોટા માણસનું મન રાખવું, થાકી આવેલાને વાયરો નાંખવો, બાળકો ઉપર દયા કરવી, મેના, પોપટ ઇત્યાદિ પક્ષી પાળી તેને બોલતાં શીખવવું, દેવની પૂજા કરવી. તૃષિતને જળ આપવું, અને પ્રત્યેક માણસ સાથે નમ્રપણે વર્તવું, ઇત્યાદિ કૃત્ય સ્તુતિપાત્ર અને પુણ્યનાં મનાય છે. આ નિયમો નીતિતત્વને અનુસરીને છે એમ કહીએ તો હરકત નથી.

N.

નવીન પુસ્તકો.



કિન્ડરગાર્ટન:—'કિન્ડરગાર્ટન શિક્ષણ' નામના પુસ્તકની પહોંચ અમે ગયા માસમાં સ્વીકારી છે. પોરબંદર સંસ્થાનના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર રા. સા. કાશીરામ પ્રાગજી ઉપાધ્યાય બી. એ. તથા મેહેતાજી જગજીવન કાલીદાસ પાઠક, એમણે આ પુસ્તક રચીને પ્રસિદ્ધ કર્યું છે. અંગ્રેજી રાજ્યનાં નવાં ધોરણોમાં પદાર્થ પાઠ તથા કિન્ડરગાર્ટનના વિષયો દાખલ થવાથી તેનાં પુસ્તકોની જરૂર હતી. આ વિદ્વાને તે બન્ને જરૂરો પુસ્તકો

લખીને પૂરી પાડી છે એમ કહેવાને દરકત નથી. એમની રચેલી " પદાર્થપાઠમાળાનું વિવેચન અમે ગયા બોધ આમના ફેળવણીમાં કરી ગયા છીએ, અને આ પુસ્તક પણ તેવું જ સારું લખાયું છે એમ જણાવવાને આનંદ થાય છે. ફિન્ડરગાર્ટન શિક્ષણ શું છે, તેની ઉત્પત્તિ કેમ થઇ, તેથી થતા ફાયદા છે, તથા તે શિક્ષણ કેવી રીતે આપવું, એ સઘળી બાબતો ટુંકામા અને સ્પષ્ટ રીતે આ પુસ્તકમા સમાવવામા આવી છે. તે ઉપરાંત ફ્રેબલની નવીન પદ્ધતિના શોધક ફ્રેસેા અને તેને અમલમા મૂકનાર પેસ્ટેલોઝાઇ તથા તેના શિષ્ય ફ્રોએબેલના સિદ્ધાંતો, ફિન્ડરગાર્ટનની ચીજો બક્ષિસો, આ બક્ષિસોનું વર્ગીકરણ બતાવનાર વૃક્ષ, બક્ષિસોના ઉપયોગમા લેવાની કવિતાઓ તથા બક્ષિસોના ચિત્રો, એ સઘળું આ નાના પુસ્તકમા છે, ચિત્રોની છાપ જોઇએ તેવી મકાઈ વાળી નથી. કવિતાઓ સારી છે તોપણ નાના બાળકોને ઝટ આવડે એવા ગમ તથા બોધની યોજના કરવાને કોઇ દલપતરામની કવિતાઓ "સારી ચોપડીઓ શોભાય" " વાડામાથી પાડુ એક " " બેરો બાંધો બાંધવા " વગેરે આ સ્થળે યાદ આવે છે પ્ર થકારે ચોથા બક્ષિસોનુ ગાડ આપ્યુ છે તે જોઇને અમે ઘણા પ્રસન્ન થયા છીએ. ઘન, સફાઇ, ચીરી, અને સિદ્ધ, એ ચારમા આકૃતિ માનો સમાવેશ થઇ જાય છે, અને ફિન્ડરગાર્ટનની ચીરી બક્ષિસોના એ ચાર મોટા ભાગ છે. ઘનમાથી ૧ થી ૬ તથા ૨૦ મી બક્ષિસની ઉત્પત્તિ છે, સફાઇમાથી ૭, ૧૩, ૧૪, ૧૮ની, ચીરીમાથી ૮, ૯, ૧૨, ૧૫, ૧૬, ૧૭ ની, અને સિદ્ધમાંથી ૧૦, ૧૧ અને ૧૯ મી બક્ષિસની ઉત્પત્તિ બતાવી છે આ ચીજો કઇ રીતે શીખવવી એ શિક્ષકને સ્પષ્ટતાથી સમજાવ્યુ છે, એમ પદ્ધતિસર બતાવેલું છે, અને તેથી પ્રત્યેક શિક્ષક એકવાર જરૂર ધ્યાન દેઇને આ પુસ્તક વાચી જાય તો ફિન્ડરગાર્ટનનું રહસ્ય તથા શિક્ષણપદ્ધતિ તેના હાથમા આવી જશે એમ અમારું માનવું છે. કીમત ચાર આના છે તે બેબાકના ભાવ આગળ નજીવી છે.

બોધામૃતના શૂરવીર વાઘેરો—આ નામનું પુસ્તક અમને અધ્યેતાના માટે મળેલું છે જેની પહોચ અમે પાછળ આપી ગયા છીએ ગુજરાતી " ભાષાજ્ઞ વિજય " ના ગ્રાહકોને પ્રતિવર્ષ ભેટ દાખલ એક પુસ્તક આપવામા આવે છે, તે પ્રમાણે આ પુસ્તક પણ ભેટ માટે પ્રકટ કર્યું છે રા. ભાષ્કરવાસ કેટલીક મુદતથી આવા વાર્તારૂપ પુસ્તકો ભેટમાં આપે છે તેમાં આ પુસ્તકે એક ઉપયોગી વધારો કરેલો છે મરાઠીમા આવું એક પુસ્તક લખાયલું છે અને તે ઉપરથી ગુજરાતી વાચનારને તેનો લાભ આપ્યો છે. ગુજરાતમા વાઘેરો એક શૂરવીર જાતિ છે તેમની શૂરવીરતા તથા જીવનક્રમનુ સ પૂર્ણ વર્ણન નથી કે આમા નથી તથાપિ એક ઉપન્યાસદ્વારા વાચકને તેનું બન્યુ તેટલું જ્ઞાન કરાવ્યું છે વર્ણનો સારાં છે અને પુસ્તક વાચવા જેવું છે.

પ્રાણી સંબંધી પાઠો.

બિલાડી.

પ્રસ્તાવના—બિલાડી વિષે પ્રથમ થોડીએક વાત કરો. બિલાડી છોકરાઓ પાસે આવે છે ને તેમને જોવાથી ખુશી થાય છે. તેની ખુશી કેમ જણાય છે? તે પોતાનો મુંવાળો રૂંવાનો ડગલો તેની સાથે ઘસે છે અને મ્યાંઉં મ્યાંઉં કરે છે. તે સવારની સલામ કરવા આગે છે અને જણાવે છે કે હું તમને જોવાથી ઘણી ખુશી થઇછું.

તે કોઇ વખત ગુસ્સે થાય છે? હા. અને તે વખતે તે ગુસ્સે થઈ છે એમ જણાવવા માટે મુખ પાડે છે. તેને કાંઇ પણ જોઇતું હોય ત્યારે તે મ્યાંઉં મ્યાંઉં કરે છે.

(૨) ખોરાક

બિલાડી બધી જાતના ખોરાકના કકડા ખાઇ જાય છે. તેને સૌથી વધારે શું ભાવે છે? તેને ઉંદર અને બીજા પક્ષીઓનું માંસ બહુજ ભાવે છે. ઉંદર પકડવાને માટે ધીરજથી લપાઇને બેઠેલી અથવા તો પક્ષીઓને પકડવાને માટે લપાતી લપાતી જતી બિલાડી તમે જોઇ છે?

તે વખતે તે શાંત, રમતીઆળને છોકરાઓને વહાલી લાગે તેવી લાગતી નથી. તે વખતે તો તેની આંખો વિકાળ અને લાલચોળ હોય છે. પૂંછડી હલાવે છે, અને કૂદકો મારવાને માટે તૈયાર થઇ રહે છે. ઉંદર આવે કે તરતજ એકદમ કૂદી પડે છે.

બરાબર ઝપટમાં લઇ ઉંદરને પકડી પાડે છે, હવે તે પ્રથમ જેવી શાંત બિલાડી હતી તેવી રહેતી નથી, પરંતુ દુષ્ટ રાક્ષસ જેવી લાગે છે, અને ખુશીથી તે બિચારા ઉંદરને ઘણીજ ક્રૂર રીતે કટકે કટકા કરીને ખાઇ જાય છે.

આ સઘળું ઘણુંજ ક્રૂર અને ભયંકર દેખાય છે:

બિલાડી તે કરે છે કારણ કે તેને તેટલા માટે બનાવી છે.

આ કેવી રીતે તે હું તમને કહું છું.

(૩) બિલાડી મારવાને માટે થએલી છે.

૧ **તેની આંખો**—ઉંદરો દરમાંથી ક્યારે બહાર આવે છે? રાત્રીએ કે જ્યારે સઘળું શાંત હોય છે. રાત્રીનો વખત એ બિલાડીને સૌથી સરસ શિકારનો વખત છે. આપણે રાત્રે બહુ કામ કરી શકતા નથી. આપણાથી દેખાતું નથી. પરંતુ બિલાડીની આંખો એવી છે કે જરા પણ અજવાળું હોય તો દેખી શકે છે. તદ્દન અંધારું હોય ત્યારે બિલાડી દેખી શકે એ તો ખોટું છે. પરંતુ જે વખતે બીજાં પ્રાણીઓ બીલકુલ દેખી શકે નહિ તે વખતે તે દેખી શકે છે. એક છોકરાને બોલાવી તેની આંખમાં ગોળ કાળો ડાઘો છે તે બતાવો. આ ડાઘો તે ડોળો છે. આંખમાં ડોળા વાટેજ પ્રકાશ પેસી શકે છે. બિલાડીની આંખ બહુજ ડોળો આપણા જેવો નથી. તે લાંબો સાંકડો ચીરો હોય છે. પણ રાત પડે છે ત્યારે આ ચીરો બધારે પહોળો થઇ જાય છે. રાત્રે તો ડોળો એક મોટી ગોળ બારીના આકારનો થઇ જાય છે કે જેમાં જરાપણ અજવાળું પેસી શકે છે.

જ્યારે લગભગ અંધારૂં હોય ત્યારે તે દેખી શકે છે તેનું આજ કારણ છે

૨ પોભા. મોઢાની દરેક બાજુએ ખુલ્લો ભાગ બતાવેલો, કે જેમાંથી વાળા કાંઈ વાગ અથવા તો પોભા નીકળી આવે છે

આ વાળના છેડાઓ વતી તેને લાગણી થાય છે અને અંધારામાં તે બહુ ઉપયોગી છે જે વડે તે પોતાનો રસ્તો કરી શકે છે

૩ તેના પગ—આ પ્રમાણે બહારના પરનું આવાક ઉંદરનું ચિત્ર બાળકોને બતાવવામાં આવે અને જ્યારે તે બિલાડીના પગનો અવાજ સાંભળે છે ત્યારે શું કરે છે તે બાબત પ્રશ્ન પૂછવામાં આવે તો તેથી બાળકને માઠું જ્ઞાન થશે બિલાડી ચાલવામાં અવાજ કરતી નથી. તે તેના પગના આગળા ઉપર ચાલે છે માણસ માફક તે પગના તળીયા ઉપર ચાલતી નથી

બાળકને બિલાડીના પગનું ચિત્ર બતાવો—જુઓ બિલાડીના આગલા પગને પાંચ આગળાં ને પાછલા પગને ચાર આગળા હોય છે દરેક પગને નરમ મુલાયમ ગાદી જેવું હોય છે જેથી તે ચાલે છે તે વખતે અવાજ થતો નથી આગલા પગને સાત ને પાછલાને પાંચ ગાદીઓ હોય છે.

જ્યારે બિલાડી ગુસ્સે થાય છે ત્યારે જો તમે તેને ઉંચકો તો તેનાં પગ કેવા દેખાય છે વાર ૨—દરેક આગળના નહોર વાંકા મજબુત ને અણીદાર કરેલા જોવામાં આવે છે પરંતુ જ્યારે તે આનંદમાં રમતી હોય છે ત્યારે તે તે નહોરને સંતાડી દેછે પરંતુ જ્યારે તે ગુસ્સે થાય છે ત્યારે આ બાતમી નહોરને પૂરા જોસમાં બહાર એ ચી કાઢે છે

પ્રશ્ન આ નહોર શું કામમાં આવે છે વાર ૨—જવાબ આ નહોર વડે બિલાડી પોતાનો શિકાર પકડે છે. જ્યારે તે ઉંદર ઉપર ઝાંપો મારે છે ત્યારે તે બારીકાળા નહોર તે (ઉંદર) ના બંધનના બાગમાં ઉંડા પેસી જાય છે અને ઉંદરને પકડી રાખે છે

૪ મોઢું—મોઢું ગોળ છે મોટું કુદરતે પરનું પહોળું છે અને નીચેનું જડબું મોઢા ઉપર ને નીચે એ પ્રમાણે ફરી શકે છે તે બહુ મજબુત છે

(અ) દાંત—બિલાડીના દાંત અણીદાર છે પકડવાને કાપી નાખવા માટે દાંત બનાવવામાં આવ્યા છે આગલા ભાગના નાના અણીદાર ૬ દાંત હોય છે આ સિવાય બીજા વધારે મોટા પરંતુ અણીદાર ચાર દાંત ઉપરાંત જડબાની દરેક બાજુએ ચમચાકાર પડોળા કરતાં આગળ નીકળેલા દાંત હોય છે, જડબું મોઢા ઉપર ને નીચે એ પ્રમાણે ફરી શકે છે. દાંત માંસને ચાવવા અથવા દળી નાખવાના કામમાં આવતા નથી પરંતુ તે તેને કાપી નાખે છે.

જો બની શકે તો આ દાંતનું ચિત્ર બાળકોને બતાવવું પ્રત્યક્ષ રીતે બિલાડી બતાવાય તો સૌથી બેહ.

(બ) જીભ—બિલાડીની જીભ લીસી નથી, પરંતુ કાંટા કાંટાવાળી છે. કોઈ પણ પ્રાણીનું માંસવાળું હાડકું બિલાડીને આપવામાં આવશે તો તે પોતાની કાંટાવાળી જીભવડે તે માંનું બધું માંસ ચાટી જશે. કાશીરામ પ્રાગજી ઉપાધ્યાય બી. એ.

ગાયકવાડ સરકારનું દેશી કેળવણીખાતું (ઇનામપત્રકો).

ફેબ્રુઆરી ૧૯૦૩.

વડોદરા પ્રાંત.

૧. વડોદરા શહેર કુંદું શાળો આસો. માસ્તર દાદાભાઇ રહેમાનભાઇએ ૧–૮–૦ પતાસાં વહેંચ્યાં. ૨. પેટલાદ સ. ગુ. શા. શેઠ દ્વારકાદાસ છોટાલાલે ૩–૪–૦ પાણી ભરાવ્યું. ૩. સદર સ. ગુ. ફં. શા. પરી. ખુલાખીદાસ નારણદાસે ૪–૧૪–૦ માહે નવેમ્બર સને ૧૯૦૨ થી જાનેવારી સને ૧૯૦૩ સુધી પાણી ભરાવ્યા બદલ ખરચ્યા. ૪. મેહેલાવ સ. ગુ. શા. દવે. લલ્લુ ધેલજીભાઇએ ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૫. પલાણા સદર ગામ લોકોએ ૩૦–૦–૦ છોકરાઓને લાડું જમાડવા. ૬. કંડારી સદર સદર. ૩–૦–૦ સાકર વહેંચી. મકરપરા તા. વડોદરાના રહીશ. પા. પ્રાગદાસ ખેહેચરભાઇએ ૧–૦–૦ સદર. ૭. સદર સ. ગુ. ક. શા. સદ્‌ગૃહસ્થોએ. ૩–૮–૦ સાકર ૨–૦–૦ તથા ૧–૮–૦ કાપડ વહેંચ્યું. ૮. કોલીઆદ સ. ગુ. શા. શા. લલ્લુભાઇ બહેચરદાસે ૪–૧૧–૯ પતાસાં, છીટ, પુસ્તકો વહેંચ્યાં. ૯. કુરાઇ સદર મેમ્બરોએ ૪–૮–૦ પુસ્તકો તથા સાકર વહેંચી. ૧૦. શીનોર સદર શા. ભાનજી ભમવાને ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૧૧. કોકણીઆ સદર ગામ લોકોએ ૧–૦–૦ સાકર વહેંચી. ૧૨. તેન સદર મે. આ. બા. જેમસેદજી અરદેસર દલાલ સાહેબે ૧–૦–૦ સદર. ૧૩. ટીંબરવા સદર ગામ લોકોએ ૧–૦–૦ સદર. આસી. માસ્તર વૈકુંઠરામ ગુણવંતરામે ૧–૩–૦ પુસ્તકો વહેંચ્યાં. ૧૪. દરાપુરા સદર જટ્ટ અંબાશંકર ભવાનીશંકરે ૧–૦–૦ પતાસાં તથા સાકરીઆ ચણા વહેંચ્યાં. પરોત. મણીશંકર પુરુષોતમે ૨–૦–૦ ગરીબ છોકરાઓને પુસ્તકો આપ્યાં, ૧૫. સરસવણી સદર વડોદરા મોટા પુલપુરના રહેનાર મહંત મથુરાદાસજી આતમારામજી મહારાજે ૩–૦–૦ છોકરાઓને રોકડા ૨–૦–૦ વહેંચ્યાં તથા ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૧૬. વાઘોડીઆ સદર મે. વડોદરા કાંપના રેસીડેન્ટ સાહેબે ૫–૦–૦ મીઠાઇ વહેંચી. ૧૭. સદર સ. ગુ. ફં. શા. સદર ૧–૦–૦ કાજુ, રેવડી, પતાસાં વહેંચ્યાં. ૧૮. મીયાગામ દરબારી ગા. મે. હાકોર સાહેબે ૯–૩–૬ પુસ્તકો, ૬–૨–૩ લુગડાં, ૨–૧–૩ પતાસાં ૧–૦–૦ વહેંચ્યાં. સદ્‌ગૃહસ્થોએ ૪–૦–૦ પુસ્તકો, ૩–૦–૦ પતાસાં ૧–૦–૦ વહેંચ્યાં. કુલ. ૮૭–૧૨–૩.

અમરેલી પ્રાંત.

૧. મોટા આંકડીઆ સ. ગુ. શા. ગામ લોકોએ ૧–૦–૦ સાકર વહેંચી. ૨. ઢોલરવા સદર માસ્તર નાથાલાલ જેઠારામ દવેએ ૧–૦–૦ સાકર વહેંચી. ૩. પાડરશીંગા સદર–હાથીગઢ સંસ્થાન ભાવનગરના રહીશ પા. પરબત ગંગદાસે ૧–૦–૦ સદર. ૪. ધાંટવડ સદર રા. આણંદજી દેવજીએ ૪–૦–૦ સાકર, ૨–૦–૦ ચોપડીઓ ૨–૦–૦ વહેંચી. ૫. દ્વારકા સદર મુંબાઇ વાસી શેઠ રામજી ગોરધનદાસ હરે ૧–૧૫–૦ સાકર વહેંચી. ૬. સદર સ. ગુ. ફં. શા. ભાટીયા ગોરધનદાસ માવજીએ ૧–૦–૦ પેંડા વહેંચ્યા. (અપૂર્ણ.)

ગાયકવાડ સરકારનું દેશી કેળવણીખાતું
(-ઘટહુકમો).

ઘટહુકમ નં. ૨૪ સન ૧૯૨૨-૨૩

જ્ઞાતવારીનું વાર્ષિક પત્રક મોકલવાનું તેમાં કયા કયા વર્ગમાં કયી કયી જ્ઞાતો દાખલ કરવી તે બાબત

રૈયી કેળવણી ખાતાના નિબંધ ભાગ ૨ માં આપેલા નમુના નંબર ૩૭ મુજબ જે જ્ઞાતવારીનું વાર્ષિક પત્રક મરહુમ્ નંબર ૯ તા. ૧૨-૧૨-૯૬ થી હરાવેલું છે, તે નમુનામાં નવીન ઓગસ્ટમારી સને ૧૯૨૧ ની સાલમાં થઇ તેને અનુસરી ફેરફાર કરવાની જરૂર છે, સબબ આ સાથેના નમુના પ્રમાણે દરસાલ જ્ઞાતવારીનું પત્રક તૈયાર કરી મોકલવું કયા કયા વર્ગમાં કયી કયી જ્ઞાતો દાખલ કરવી તેની સમજ નીચે પ્રમાણે છે, ને પ્રમાણે રજીસ્ટર વગેરેમાં જ્ઞાતવારીનો દાખલો રાખવો

વર્ગ તથા પેટા જ્ઞાતનું નામ	પેટા જ્ઞાતમાં કયી કયી જ્ઞાતોનો સમાવેશ કર્યો છે તેના નામ
હિંદુ વર્ગ. ૧	
પેટા જ્ઞાતનું નામ —	
૧ બ્રાહ્મણ	દરેક જ્ઞાતના બ્રાહ્મણ
૨ ક્ષત્રી	(ક) મુત્સદ્દી —કાયસ્થ તમામ જ્ઞાતીના, પ્રભુ ચંદ્રસેનિય, પ્રભુ પણામ્યા, અક્ષ-ક્ષત્રી.
	(ખ) મૈનિક —
	૧ મરાઠા
	૨ વાણેર
	૩ ધનર —
	કાઠી
	ક્ષત્રી
	ગરાસિયા
	જાદોન
	રજપૂત
	વાઘેલ
૩ સવાગ્યા તથા ભાટિયા	બધી જ્ઞાતના સવાગ્યા તથા ભાટિયા
૪ ચાબ્બિયા	બધી જ્ઞાતના મેમણ ચાબ્બિયા

વર્ગ તથા પેટા જાતનું નામ.	પેટા જાતમાં કઇ કઇ જાતનો સમાવેશ કર્યો છે તેનાં નામ.
૫ પાટીદાર તથા કણબી ૬ ભિક્ષાવૃત્તિ કરનારા બ્રાહ્મણ સિવાય.	સર્વ જાતના પાટીદાર તથા કણબી. (ક) અતીત, ગોસાઇ તમામ જાતના, જોગી, નાનકશાઇ, ભરથરી, વૈરાગી તમામ જાતના, સાધુ તમામ જાતના. (ખ) કાપડી, ખાખી, જંગમ, જોગીશાવળ, બાવા તમામ જાતના, સન્યાસી.
૭ ફરનારા અને હલકો ધંધો કરનારા.	(ક) કોળી તમામ જાતના, પારધી, રાવળીઆ, વાઘરી, વાદી. (ખ) કબુતરીયા, કમાણીયા, ગાંધર્વ, ગોંધળી (ભરાડી), ઘાટી, જાગરીપાતર, તલાવીઆ, નટ, પોમલા, બજાણીયા, ભાંડ, મેણા, મેહેર.
૮ નીચવર્ણના લોકો.	(ક) વાંસફોડા (ધાંચા) (ખ) ખાલપા (ચમાર વગેરે), ગરોડા, ગડસી, ચાંભાર, ઢેડ, ઢેડના સાધુ, તુરી, બરડ, ભંગીયા, મહાર, માંગ (રાવત), મેઘવાળ, રૂખેસર, રાજગર, રામદેવપીર, રાવળ, લોહાર, સેનવા, હુલસ્વાર.
૯ આર્યસમાજી તથા બ્રહ્મસમાજી ૧૦ બીજા હિંદુ.	આર્યસમાજ તથા બ્રહ્મસમાજના મતવાળા. (ક) આહીર તમામ જાતના, ખાંટ, ગવળી, ભરવાડ, ભોઇ, માછી, રબારી. (ખ) ઓડ, ઓતારા, કડીયા, કલાલ, કણસારા, કાગદી, કાછીઆ, કુંભાર, કોમટી, કંદોઇ. ખમાર, ખરાદી, ખવાસ, ખારવા, ખાસદાર, ખાત્રી (વાઝા) ગળીઆરા, ગાડરીયા. ગોળા, ઘડવી, ઘાંચી, ચારણ, ચિતારા, છોવારી, જીનગર, ડબગર, તંબોળી, દરજી, દલવાડી, ધનગર, ધુળધોયા, ધોબી, પખાલી, પટવા, પરદેશી, પીંજારા, બાવચા, બંધારા, બંધારા નાગર

વર્ગ તથા પેટા જાતનું નામ.	પેટા જાતમાં કઇ કઇ જાતનો સમાવેશ કર્યો છે તેના નામ.
"	બારજીવ જા, બાવસાર, બઢારી, મળ, મનોયાગ, મારવાડી, મારી, મોચી, રંગરેજ, લખવારા, લુહાર, લોધ (લોધા), વણકર, વણઝારા.
	(જી) મગદીયા મયવાગ, સલાટ તમામ જાતના, સાળવી (સાળી), સિકલીગર (મગયમુીયા), સુતાર, સોની, હજામ, તથા ઇતરજ્ઞાતને જાતે પ્રય લખ્યા હોય તેવા
જૈન વર્ગ ૨.	
જૈન ધર્મ પાળનાર	જે જૈન ધર્મ પાળતા હોય તે સર્વ.
અનાર્ય વર્ગ. ૩	
અનાર્ય	કાયોડિયા, કાકણા, કાટવાળીઆ, કોલગા, ગામેતી, ગામીત, ચોધરા, ઢોડીયા, તડવી, દુબલા, ધાનુકા, ભીલ, માનવી (નાયકડા) વસ્તવી (વાળવી), વસાવા, વારલી, તે સિવાય ભીલ

વર્ગ. ૪ થી ૮ અનુક્રમે પારસી, મુસલમાન, ખ્રિસ્તી, યાદુદી અને શીખ એ જાતના લોક જે તે વર્ગમાં ગણવાના છે

ઉપર પ્રમાણે જેમણે તેમણે હકીકત ભરવા વગેરેની તજવીજ રાખવાની છે. તા. ૨૪ માહે ઓગષ્ટ સ. ૧૯૦૩ મુ. મિહપુર.

Chhaganlal T. Modi,
એ વિદ્યાવિકારી

નમૂનો નંબર ૩૭

ગામ તાલુકો પ્રાંત ની સરકારી નિશાળમાં માહે જુલાઈ સ. ૧૯ ના આખરે આ નિશાળમાં (સરકારી રજીસ્ટર નંબર તથા આસામી રોજમાંની સરાસરી હાજરીનું પત્રક.

| | | |

પરિપત્રક નં. ૨૫.

ધોરણ પગારની પરીક્ષાના પત્રકમાં પરીક્ષા પહેલાના કુલ હાજર દિવસ ભરવા બાબત

ધોરણ પગારનો વર્ગોની વાર્ષિક તથા ત્રિમાસિક પરીક્ષા લેવામાં આવે તે વખતે પરીક્ષા પત્રકના આસન ૭ માં 'પરીક્ષા પહેલા કુલ હાજર દિવસ' આદી તે પ્રમાણે કુલ સંખ્યા મૂકવાની જગા સ્પષ્ટ ફેરવી તેમ જ બાજુના આસનમાં નવું નવું લખાયલું હોવાથી પરીક્ષા પહેલા એક વર્ગમાં વિદ્યાર્થી હાજર હોય તેટલા દિવસ મૂકાય છે. પરંતુ આ વર્ગમાં વિદ્યાર્થીઓ ઘણી મુદત પછી આવે છે ને મુદતના પ્રમાણમાં તેમનો અભ્યાસ ઘટતો નથી તેથી તેના પરીક્ષા પત્રકમાં વિદ્યાર્થી દાખલ થયો હોય ત્યારથી કુલ હાજર દિવસની સંખ્યા મૂકવાનો વહીવટ રાખવો. કોઇ વિદ્યાર્થી એજ વર્ગમાં પહેલાં દાખલ થયો હોય તો ધોરણ બદારમાં જે જે વખત હોય તે સઘળી મુદતના હાજર દિવસ ગણી તે ઉમેરીને આંકડા મૂકવા જોઇએ.

મૌખ્ય તથા ગામડી શાળાની પરીક્ષાના સંબંધમાં પણ ઉપરના ધોરણે દિવસ ભરવાનું રાખવાનું છે

પરીક્ષા પત્રકોનાં બાકી આસન ભરી લીધા બાદ રાખવાં જોઇએ

શાળાના મુખ્ય શિક્ષક તરફથી ત્રિમાસિક પરીક્ષાઓ થાય છે તેને માટે છાપેલા ફોર્મ અપાય છે માટે તેમણે પત્રકમાં હાજરી વગેરેના સઘળા આસન ભરવાનું રાખવું જોઇએ.

ઉપર મુજબ પત્રકો ભરવાનો અમલ આ પરિપત્રક મળ્યેથી દરેક શાળાના સંબંધમાં કરવાનો છે તા. ૬ ઠારે મે સને ૧૯૦૩ મુ કોદરા.

કામોદર

Chhaganlal T Modi,
એ ત્રિમાસિકારી

REGISTERED NO. B 93

શ્રા

પુસ્તક ૧૧ મું

અંક ૯ મા

૧૯૧૧

૧	દર્શન	૧	
	કરી દૃષ્ટિ	૬	
	નદિનુમા બ્યા ગામની ભાત		
	ઉપરની ગાદલી	૧૨૬	
	પ્રકાશમા કાવણીનુ ૪		
	ન	૧૨૬	
	રસોઈબારણી નારે બીજ		
	ન નામા ઉકાસ	૧૬૬	
	અધિક માસ બનકુમારી ન		
	ખેપા રીતિ	૧૬૬	
	નિબંધ કરવાની	૧૬૭	
	કે બી દ્રા બોમબાલા બંત		
	મા સાગ્યા ॥ વિનીત ન કિ		
	પિ	૧૬૭	

	ના ગીતા ન	૧૭૪
	છોકરા વિદ્યા	૧૭૪
૨	ન્ય બોધ જીવનચરિત્ર	
	(ચરિત્ર)	
૩	આપકિ ગાન	૧૬
૪	ઉિકાની ગાદલ	૧૭૭
૫	ગાં ન ા ી નુ ૧૬૬	
	૧૭૧	૧૩
૬	ગાળી ગબધા ગોપ-પિ	
	ણા ના ૧૭૬ ણા	૧૭૫
૭	ધર્મનિક કેળવણ । ગવાદ	૧૭૭
૮	ગવકવા ગર ન્યુ કેળ	
	ખુ ખાતુ (૬૮ ગપત્રો)	૧૭૪
	ગાવકવા ગર । નુ કેળ	
	ખુ ખાતુ (૧૮૬૫મા)	૧૭૬–૧૭૫

પ્રસિદ્ધ કર્તા

છોટાલાલ લલ્લુભાઇ ભટ્ટ.

વાર્ષિક કિંમત રૂ. ૧) પે સ્ટેજ રૂ ૦ ૩ ૦

૧૨ અંકના રૂ ૦ ૩ ૦

—વડી ઓફીસ—

વડોદરા.

શ્રી નૂતનવિદ્યાગ્રહ પ્રિંટિંગ પ્રેસ ઠે. ખંડેરાવ માર્કેટ પાસે વડોદરા ૬ થી

पुस्तकोनी पहोंच.

नीचेना पुस्तको तेमना कर्ता तरफथी भेट राखवा मोकल्या छे ते अत्र आ मथाळे आवे छे —

केळवणीनुं शास्त्र अने तेनी कळा—कर्ता ग भा हरगोविंददास कान्तिलाल हाराणा प्रीमत ३२ २)

सारी शीखामणो (नवमा पे)—कर्ता चु आ जयशंकर प्रेमानंद जोशी प्रीमत ३ ०–८–०।

शुक्ल यजुर्वेदीय श्रद्धाकर्म—कर्ता ग सा जयशंकर प्रेमानंद जोशी प्रीमत ३. ०–५–० आमा श्राद्ध विषयो दाखल करेला छे अने विषय उपर तेमनो प्रथम अेक मोटो पुस्तक लख्युं हतुं जेनी प्रीमत ३ ०–१२–० हती लगभग तेटलोज विषय आमा पण समाया छतां आ चोथीनी प्रीमत ओछी छे अेम जाणी राखवा जेवुं छे।

शिवदास कवि विरचित कामावतीनी कथा.—प्रकट करनार मनसुखराम रूपसंराम जोशी प्रीमत ०–४–०

जाहेरखबरो.

लघुभारत.

अर्वाचीनना मार्गानुरूप पुनर्रचनामां रचायुं लघुभारत मादित्यना जोगी अभ्यासीओने अति उपयोगी छे तेनो पहेलो अने बीजो भाग विद्वानोथी अत्यंत मान्य छे त्रीजो पहेलो भाग गायकवाडी ओळखी भातामां छपाय तथा लायब्रेरी अने अभ्यास आ लायब्रेरीओ माटे मंजुर थयो छे त्रीजो भाग अने ओळखी भातामां छपाय लायब्रेरी जेवा माटे पसंद पडयो छे हाल त्रीजो भाग आगळना बे भाग करतां पण विशेष प्रसिद्ध थयो छे.

ए२०० सुधी तेमनो पहेलो भाग डी ३ १–८–० वी पी थी ३. १–१२–० मां बीजो भाग डी ३. १–४–० वी पी थी ३ १–७–० मां तथा त्रीजो भाग डी ३ १–१४–० वी पी थी ३ २–२–० मां मळशे त्रणे भाग साथमां राखवाने मनोरंजक तथा आ विषयो विषेनो बोधदायक इनामी निबंध आठ आना प्रीमतनो भेट मळशे आवे पूठां ३. पांच वी पी थी मगावे आ भेट आपवा पुस्तको मंगावनारने मळवानो क्रम बनावो केमके तेनी प्रतो थोडी छे

अमदावाद रायपुर हनुमाननी खडकी. गणपतराम मगनराम भट्ट.

(२) प्रता नाथुभाई मोतीराम दवे

ऋषिविद्या आर्यिकाना वेदानुकूळ धर्म, समाज ने नीतिना विषयो पर आर्य ऋषिओ, मंत्रद्रष्टा ऋषिओ अने ऋषिकल्प विद्वानोना विचारो ए मूळ ३. पांच उपरांत तद्दित आर्यिका पाठेथि मंगावनार पासेथी ३. २–८–० लेखे मोकलवामां आवशे. ए पुस्तक ४०० पानानुं छे अने हिंदी भाषा मोटाक्षरे छपाय छे

કેળવણી.

દોધકવૃત્ત.

અર્થ મળે વધશે ધર્મ સવાયે, જ્ઞાન મળે મનમાન પમાયે;
મીતિ વધે પસરે જગ મારો, એ મિશુશિક્ષણ ધર્મ અમારો.

પુસ્તક ૧૫ મું. આશાઢ સંવત ૧૯૫૬. અંક ૯ મો.

દર્શન.

દુષ્ટ દૃષ્ટિ—અંગ્રેજીના મશહુર દૃષ્ટિવાદી જૈન વા જનવાસી આપણા "દૃષ્ટિ ઉપર ઉતર અને અજ્ઞાનની અસર" એ નામે એક પુસ્તક ઘણાં પ્રસિદ્ધ કર્યું છે તેમાં તેઓ જણાવે છે કે " ગામડામાં દોરા ધાગા તથા બીજા એવાજ કામ કરનારા પત્રે લખ્યા વાંચી નહિ જાણનાર ૪૮૬ છોકરાની આંખો મેં તપાસી હતી તેમાંથી મેં કરે ૧૮ ટકા જેટલા છોકરાઓની દૃષ્ટિ દુષ્ટ માલમ પડી હતી કુટુંબોમાં કોરેન્ટેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી મેં કરે ૮૧ ટકા જેટલા દુષ્ટ દૃષ્ટિવાળા માલમ પડયા હતા." આ મોટો તફાવત સ્પષ્ટ બતાવી આપે છે કે વાચનવંચન માંથે દુષ્ટ દૃષ્ટિ (short sight) ને વધારે સંબંધ છે આપણી ગુજરાતી પ્રાથમિક શાળાઓમાં પણ આ દોષનો આરંભ થઇ ચુકયો છે, અને તેથી જ આ બાબત ઉપર અમે શિક્ષકોનું ખાસ ધ્યાન આપવાનું બેવડું કહીએ છીએ. ગામડાની આપણા કરતાં જેનો રોજ વાચતી વખતી વખતની છોકરા ઓની બેનવડ વધારે સ્થિતિને માંથે નાખે છે અને તે માટે ટેક અને બે ચોમાં સુધારો કરવાની સૂચના કરે છે અમે ઓકવાર જણાવી ગયા છીએ તેમ કેટલાક વાચન પુસ્તકોના બેખુ દાબને દૃષ્ટિદોષનું કારણ બને છે. અમેરિકાના કેળવણી ખાતાના વડાઓનું આ બાબત ઉપર ઘણું લક્ષ ખેંચાયું છે અને તેમણે ટેક અને બે ચોમાં સુધારો કર્યો છે કે જે વખતે બેસવાનાં ટુંકાં નીચાં અને દોળાવવાળાં કરવા હોય તે પ્રમાણે થઈ શકે. આપણી શાળાઓમાં આ કામ અગત્યનું બની પડે, તો પણ બનતા સુધી છોકરા દરેક સ્થિતિમાં બેસીને કે ઉભાં રહીને લખે વાંચે તેમ કરવાની તેમને ટેવ પાડવી દરેક શિક્ષકથી બની શકે એમ છે. દુષ્ટ દૃષ્ટિનો દોષ અટકાવવા માટે સખત મહેનત જરૂરની તથાપિ દોષ-નાશક આ બરોબર ઉપાય છે, જેમ દરદોદને લાંબા વખત રહેશે નહિ. બીજા દોષોમાં તો બેસવા અને ટેક એવા ઘાટથી બનાવવામાં આવે છે કે છોકરાને દરદર એમના વિના આવે જ નહિ. આપણે ત્યાં તેમ ન હોય તો શિક્ષકે છોકરાંઓથી તે બાબી સુધારી લેવા જોઈએ

મહિસુરમાં વ્યાપારની અને ઉદ્યોગની કેળવણી—મહિસુરના દીવાને પોતાના રાજ્યમાં વ્યાપારની અને ઉદ્યોગધંધાની કેળવણી આપવા માટે ત્યાંના મહારાજા સાહેબની પરવાનગી મેળવી છે. વણાટનો ધંધો જ્યાં ચાલે છે ત્યાં ત્યાં તેની શાળાઓ ઉઘાડી છે અને બીજા મથકોમાં રેશમનો વણાટ, લુહારકામ, સુતારકામ, વગેરેની શાળાઓ ઉઘાડી છે. વિદ્યાર્થીઓને ઉદાર શિષ્યવૃત્તિઓ આપવાની પણ ગોઠવણ કરી છે. આપણા રાજ્યમાં પણ ત્રણ ચાર જગોએ ઉદ્યોગશાળાઓ ચલાવવામાં આવે છે; માત્ર વેપારધંધાની કેળવણી દેવી બાપા મારફત આપી સરકાર એવી ગોઠવણ કરવાની હાલના વખતમાં વિશેષ આવશ્યકતા છે.

પંજાબમાં કેળવણીનું પ્રદર્શન—તા. ૨૦ મી એપ્રેલને રોજ આ પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. પંજાબની અને મીરજાપોર, લખનોર, નાગપુર, વગેરેની શાળાઓમાં બનેલા કામનો મોટો સંગ્રહ તેમાં ગોઠવવામાં આવ્યો હતો. મુંબાઇ, બંગાળા, અને મદ્રાસ ઇલાકાના વ્યાપારનું અને બીજી વસ્તુઓનું પણ તેમાં પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું, તથા તે ઘણું આકર્ષક નીવડ્યું હતું, કેમકે માત્ર પુસ્તકો કરતાં તેમાં વર્ણવેલા પદાર્થોનું પ્રદર્શન ઘણું ઉપયોગી હોય છે. તે સિવાય વિદ્યાને લગતા યંત્રો, હિંદુસ્તાનના વિદ્યાર્થીઓને હાથે તૈયાર થયેલા કારીગરીના પદાર્થો, તેમણે કરેલાં ચિત્રકામ, નકશા, માટીના નમુના, ટાઇપ રાઇટિંગ અને ટેલીગ્રાફીનાં ચાલતાં કામ, પર્વત, નદી, વગેરેના દેખાવ, ઇત્યાદિ યથાસ્થિત ગોઠવવામાં આવ્યું હતું. કેટલીક પુસ્તકો પ્રકટ કરનારી કંપનીઓએ પોતાનાં પુસ્તકો પણ તેમાં મોકલ્યાં હતાં. લાહોરના એક વિદ્યાર્થીએ બનાવેલો એક જળયંત્ર પ્રેક્ષકોનું ઘણું ધ્યાન ખેંચતો હતો. આ પ્રદર્શન જોવાનો લાભ ૩૫ થી ૪૦ હજાર માણસોએ લીધો હતો, એજ તેનો દબદબો બતાવવાને પૂરતું છે. આપણી શાળાઓમાં પણ કોનફરન્સો ભરાય છે તે વખતે શક્ત્યનુસાર પ્રદર્શન ભરવામાં આવે છે તે ચહાવાલાયક છે.

સ્ત્રીકેળવણી માટે બીજા પ્રાંતોમાં ઉદ્યોગ—પાછલા મહિનામાં પંજાબમાં ઓન્જુકેશનલ કોનફરન્સની કેટલીક બેઠકો થઇ હતી, તેમાં પંજાબની સ્ત્રીકેળવણીની માઠી હાલતપર ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતુ. સંયુક્ત પ્રાંતોમાં પડદે રહેનારી મુસલમાન સ્ત્રીઓની કેળવણી માટે ખાસ ગોઠવણ કરવામાં આવી છે તથા તે કામ માટે બે યુરોપિયન અને ત્રણ મોહોમેડન સ્ત્રીઓની યોજના કરવામાં આવી છે. શિક્ષણના વિષયો કુરાન, ઉર્દુવાંચન અને લેખન તથા સાદું અંકગણિત, એ રાખવામાં આવ્યા છે. તે સિવાય વ્યાવહારિક અગ્રેજી, રસોઇનું કામ, ગૃહવ્યવસ્થા, શીવણકામ, ચિત્રકામ અને ગાયન, એ વિષયોપર પણ ધ્યાન આપવામાં આવે છે.

અધિક માસ જાણવાની સહેલી રીત—મરાઠી શાળાપત્રમાં કોઇ કરાંચીના લેખકે આ રીત લખી જણાવી છે. આ રીતની ઉપપત્તિ તેમાં ન આપતાં તેની ને લેખક માગણી કરે છે. આપણા રાજ્યમાં પણ જ્યોતિઃશાસ્ત્રમાં પ્રવીણ વિદ્વાનો ઘણા છે, તેમાંથી

કેમ તેની ઉપપત્તિ અમને લખી મોકલશો તો અમે તે ખુશીથી પ્રગટ કરીશું. તે રીત આ પ્રમાણે છે —

" લાલિરાહત ચક્રમાં ૧૩૫ મેળવીને તે સર્વાંકને ૩૮ વડે ભાગવા. જો ૧ કે ૨૦ શેષ રહે તો અધિક માસ આવનું જાણવો, જો ૪, ૧૫, ૩૩ કે ૩૪ શેષ રહે તો અધિકમાસ બેસતું જાણવો; જો ૭ શેષ રહે તો ચૈત્ર; ૯ કે ૨૮ રહે તો ભાદ્રપદ, ૧૨ કે ૩૧ રહે તો આષાઢ; ૧૭ કે ૩૬ રહે તો આશ્વિન; અને ૨૬ રહે તો વૈશાખ માસ અધિક જાણવો. કાર્તિકથી ફાલ્ગુન સુધીના માસ કદી અધિક આવતા નથી. "

ઉદાહરણ—કાલે ૧૮૨૩ મા કયો અધિક માસ તે જાણવું હોય તો ૧૮૨૩+ ૧૩૫=૧૯૫૮ થયા. તેને ૩૮ થી ભાગતાં ૨૦ શેષ રહે છે, માટે તે સાલમા આવનું અધિક માસ જાણવો.

સિંધમાં કેળવણી—સિંધથી એક મિત્ર લખી જણાવે છે કે, કૈદાબાદ (સિંધ)માં મારવાડને પાઠશાળા તથા બોર્ડીંગ શિક્ષણ આપવા માટે ટ્રેનિંગ કોલેજથી દક્ષાવદુ એક મોટું મકાન આશરે ત્રીસ હજાર રૂપિયાનું સરકારી ખર્ચથી બાંધવામાં આવે છે આ મકાન આવતા આગસ્ટ માસમા તૈયાર થશે. એમા ૬૨ વર્ષ પર શિક્ષકોને શિક્ષણ આપવા બોલાવશે તથા તેની રેખરેખ અને બરોબરસ્ત ટ્રેનીંગ કોલેજના પ્રિન્સિપાલ તથા એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર રાખશે.

શિકારપુરમા સરકારી હાઇસ્કુલમાં બહારથી આવનાર વિદ્યાર્થીઓની સગવડ માટે ૬૦ બોરડીનું મોટું મકાન તૈયાર થયું છે. યોગ્ય વખતમાં તે ઉપયોગ માટે ખુલ્લું મુકાશે.

સિંધની કન્યાશાળા માટે આસ એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર તરિકે મિસ કોક્સ નામે બાઇને મુકરર કરી છે, અને તેનું સદર સ્ટેશન કૈદાબાદ રાખ્યું છે એ બાઇ ૬૨ વર્ષ કેટલાક માસ કન્યાશાળાઓની વિઝિટ અને પરીક્ષા લેશે અને બાકીના વખતમા હિમેલ કોલેજમાં શિક્ષણ આપશે.

સિંધની કેટલીક શાળાઓમાં દર અઠવાડીયે એક કલાક " પોસ્ટઓફિસ તાના સામાન્ય કાનૂનોની માહિતી આપવાનું ઠરાવ્યું છે કે જેથી પોસ્ટઆફીસને પત્રની અગવડો ઓછી થાય.

સિંધમાં ૧૩૫ પાઠશાળાઓનું ચલણ જણાવ્યું નથી. બનવાજોગ કોઈ પાસે તે આંકડો હોય તો પાઠમાં મોકલે છે.


કચ્છી દશા ઓસવાળ જૈનપાઠશાળાનો દ્વિતીય વાર્ષિક રિપોર્ટ—આ રિપોર્ટની એક પ્રત તેના મેનેજરી તરફથી અમને મળી છે. આ પાઠશાળામાં જૈન વિદ્યાર્થીઓને ધાર્મિક, અંગ્રેજી અને ધર્મની કેળવણી આપવામાં આવે છે. ગત સાલ કરતાં ચાલુ વિદ્યાર્થીઓનો વિદ્યોપવાસ્તે સાલમાં વધારો થયો છે તે સંતોષકારક છે રિપોર્ટ ઉપરથી શાળામાં શીખવવાના વિષયોની અને શિક્ષકો વગેરેની અવસ્થા સારી જણાય છે.

વર્ષમાં ત્રણ વારને બદલે બે વાર પરીક્ષા કરવાનું તથા સવડ હોય તો કચ્છીઓશિવાયસિવાય બીજા વિદ્યાર્થીઓને પણ દાખલ કરવાનું ઠરાવ્યું છે તે અભિનંદનીય છે.

નારદીપુર શિક્ષકસમાજ—એપ્રેલ માસની ૨૫મી તારીખે નારદીપુર મુકામે એક શિક્ષકસમાજ ભરાયો હતો, જેની લંબાણ હકીકત એક શિક્ષક તરફથી મળી છે. અગિયાર ગામના શિક્ષકો મળ્યા હતા સભાસ્થાન ધ્વજા પતાકાદિકથી શણગાર્યું હતું. સમાજનીસાથે વિદ્યાર્થીઓની હસ્તકૃત કરીગરીનું એક પ્રદર્શન ભરવામાં આવ્યું હતું. અધ્યક્ષસ્થાન સરદવ શાળાના હેડમાસ્તર રા કુરણાશંકર જયશંકર પાઠકને આપવામાં આવ્યુ હતું. ઇશ્વરસ્તુતિ, મહારાજાની સ્તુતિ, ડમ્બેરસ સહિત કન્યાઓનું ગાયન, અને શ્રીમંતની છબીને પુષ્પાંજલિ સમર્પણ કર્યા પછી અધ્યક્ષે સભાના કામકાજ વિષે ભાષણ કર્યું હતું. રા પ્રભુલાલ નાથજીએ કિન્ડરગાર્ટન વિષે ભાષણ આપ્યું હતું. રા. રેવાશંકર દયાશંકરે સ્વદેશપ્રીતિ વિષે કથિત પાઠ આપ્યો હતો. વિદ્યાર્થીઓએ મોઢેથી ભાષણ આપ્યાં હતાં. રા. પૂજારામ મંછારામે ભૂમિતિનો કથિત પાઠ આપ્યો હતો. તે પછી કેટલાક શિક્ષકોએ ભાષણો અને જુદા જુદા વિષયોપર કથિત પાઠ આપી તેપર ચર્ચાઓ કરી હતી. વિદ્યાર્થીઓની વક્તૃત્વશક્તિના નમુના બતાવવામા આવ્યા હતા. આવેલા શિક્ષકોની ઉત્તમ મેહેમાનગિરિ કરી સમાજ વિસર્જન થયો હતો. બીજે સમાજ રૂપાલ મુકામે ભરવાનો ઠરાવ થયો હતો.

છીણુમ શિક્ષણ સમાજ—બીજો એક શિક્ષક સમાજ નવસારી પ્રાંતની ભરોલી વગેરે શાળાઓના શિક્ષકોનો છીણુમ મુકામે મળ્યો હતો. અધ્યક્ષ સ્થાન ભરોલી શાળાના હેડમાસ્તર મણિભાઇને આપ્યુ હતું. છીણુમ શાળાના હેડમાસ્તરે વ્યવસ્થા, ટેવ અને પ્રેમ વિષે નિબંધ વાચ્યો હતો. આવા સમાજને ભરવાથી શિક્ષકોનું પરસ્પર ઐક્ય થાય છે તથા શિક્ષણના કામમા તેમને પડતી મુશ્કેલીઓનો કેટલેક અંશે પરિહાર થાય છે. આ સમાજ ત્રણ ત્રણ માસે ભરાય છે.

" છે ધન્ય એવા ધરણી પતિને "



ઉપજાતિ.

પ્રજા પરે પ્યાર અપાર ધારે,
સંતાપ સર્વત્રજ તે વિદારે;
ટાળે વળી આવતી આપત્તીને,
છે ધન્ય ! એવા ધરણી પતિને. ૧
સન્યાયથી રાજી પ્રજા કરે છે,
જુલ્મી જનોને નકી દંડ દે છે.
અનીતિ ટાળી શિખવે નીતિને,

છે ધન્ય ! એવા ધરણી પતિને. ૨
કરે સ્વદેશે અતિ જે સુધારા,
ઉખેડી નાખે મૂળથી કુપારા,
દે દાન વિદ્યા હરિ દુર્મતિને
છે ધન્ય ! એવા ધરણી પતિને. ૩
સન્માનથી સાક્ષર તોષતા જે,
વર્તે બતાવે નૃપ ધર્મ જે જે,
દુરાગ્રહે ભય નહીં છકી જે,
છે ધન્ય ! એવા ધરણી પતિને ૪
લોકોપયોગી કરીને સુકામ,
કરે નવેખંડ અખંડ નામ.
પ્રભુપરે જે ધરતા પ્રીતિને,
છે ધન્ય ! એવા ધરણી પતિને ૫

અબાલાલ મહારાંદર બદ.

आर्य किन्डरगार्टन.

(પાછલા અંકથી ચાલુ)

આર્યાવર્ત ને બીજા સુધરેલા દેશોમા એક મહાન ભેદ, વિચાર કરતાં, પ્રતીત થાય છે. તે એ કે, આ સંસારમા હમેશા બે પ્રકારના મનુષ્યો હોય છેઃ ૧ પ્રવૃત્તિમાર્ગપરાયણ. ૨ નિવૃત્તિમાર્ગપરાયણ. આર્યાવર્ત જ્યારે સુધારાના શિખરે પહોંચેલો હતો, તે વખતે તેની સ્થિતિનું યથાર્થ નિરૂપણ કરીએ તો આપણે જણાયે કે તે દેશમાં તે વખતે નિવૃત્તિમાર્ગ પ્રધાન હતો. આર્ય લોકોના મનનું વલણ આશ્રમવ્યવસ્થાથી જ નિવૃત્તિમાર્ગપ્રતિ પ્રવાહ કરતું જણાતું હતું. ચાર વર્ણ-ધર્મ પૈકી પહેલા વર્ણ ધર્મમાં (ગૃહસ્થાશ્રમમાં) આર્ય લોકો યથાશક્તિ પ્રવૃત્તિ માર્ગમા તલ્લીન રહેતા હતા અને ગૃહસ્થનાં સઘળાં કર્તવ્યો નીતિને ધર્મ-વિધાનના પોષણે કરતા હતા. અમુક વયે અને અમુક સ્થિતિમાં મૂકાયા બાદ આર્ય પતિપત્ની વાન-પ્રસ્થાશ્રમ ગ્રહણ કરતાં અને પોતાનો વખત માત્ર સાધુસંતની સેવામાં ને ઈશ્વરભજનમાં ગાળતાં. ટૂંકામાં પોતાનું દેહનું સાર્થક કરવામાં તત્પર રહેતાં. ઇંગ્લાંડાદિ સુધરેલા દેશોમાં, જે બારીક દૃષ્ટિથી

નિશાળો ને શિક્ષકોમાં દેશના કલ્યાણાર્થે શિક્ષણ ના પ્રબંધ કેવાની અગત્ય છે મુકતા.

જોઇશું, તો જણાશે કે તે દેશોના સુધારાનું મૂળ લોકોની પ્રવૃતિ માર્ગ પર પ્રીતિ છે. તે લોકો એમ સમજે છે કે ઉદ્યોગ એ મનુષ્યને મોક્ષ રૂપ છે. જેવી રીતે સુધારાની ટોચે પહોંચેલા આર્યાવર્તમાં નિવૃતિ માર્ગ પ્રધાન હતો, પરંતુ પ્રવૃતિ માર્ગ નહોતો એમ નહોતું, તેવીજ રીતે હાલના યૂરોપના સૂધરેલા દેશોમાં પ્રવૃતિમાર્ગનું પ્રધાનત્વ છે એટલે તેમાં નિવૃતિમાર્ગનો અભાવ છે એમ નથી. તે દેશોમાં પણ હર્બર્ટ સ્પેન્સર ને આની બેસેંટ જેવાં મહાત્મા ઉત્પન્ન થયાં છે કે જે પોતાની મહાઅદ્‌ભૂત શક્તિથી લોકોના મન ઉપર નિવૃત્તિમાર્ગની આવશ્યકતાની છાપ દૃઢ રીતે પાડવાને શક્તિમાન થયાં છે. તોપણ દેશનો મોટો ભાગ પ્રવૃતિમાર્ગપરાયણ છે. તે દેશોમાં વેપારી ને તેવા અન્ય લોકો જ્યારે પોતાના ધંધામાંથી ફારક થાય છે, અને ઓફીસરો જ્યારે પેનશન ઉપર રીટાયર થાય છે, ત્યારે પોતાનો વખત ઈશ્વર ભક્તિમાં તો નહીં પરંતુ દેશના કલ્યાણ અર્થે ગાળે છે, એમ કહીએ તો ખોટું નથી. તેઓ મ્યુનિસિપાલીટી ને કેલવણીના કામમાં પોતાના લાંબા અનુભવનો ઉપયોગ કરે છે. આનું પરિણામ એ થાય છે કે તે દેશોમાં સાર્વજનિક કામો થોડે ખર્ચે ને સારી રીતે થાય છે. અત્યારે આર્યાવર્ત તરફ દૃષ્ટિ કરીશું તો માલૂમ પડશે કે પોતાના ધંધામાંથી નિવૃત્ત થએલા ઘણાક આર્ય ગૃહસ્થો પ્રવૃતિ માર્ગને પણ ધારણ કરતા નથી, તેમજ નિવૃત્તિ માર્ગને પણ ગ્રહણ કરતા નથી, પરંતુ હિંદના હતભાગ્યે, એક ત્રીજોજ માર્ગ તેઓએ શોધી કાઢયો છે. તેનું નામ આપણે **નિંદામાર્ગ** કહીશું. કોઇ પણ પ્રવાસી ગામડામાં જઈ ચોરા ઉપર બેઠેલા વૃદ્ધ પુરુષોને સાંભળશે અથવા શહેરના મંદિરમાં એક સ્થળે એકત્ર થએલા બુજરગો સાથે પ્રસંગ પાડશે તો તેમને જણાશે કે આ હિંદના બેરખાહ પોતાનો અમૂલ્ય વખત ઈશ્વરભક્તિમાં નહિ, નહિ દેશકલ્યાણાર્થે, પરંતુ માત્ર પરનિંદા કરવામાંજ ગાળતા હશે. થોડા સમય ઉપર ઇંગ્લાંડમાં બ્રિટિશ સરકારે નવો કેલવણી ધારો બહાર પાડયો તેમાં મતભેદ તો હતો, પરંતુ એકત્ર રીતે જોતાં તે માટે વૃદ્ધ તેમજ યુવાન પુરુષોએ પોતાની સંમતિ આપેલી જણાય છે, અને હવે તે કાયદાને કેવી રીતે અમલમાં મૂકવાથી તે ઉત્તમ ફળપ્રદ થઇ પડશે તે માટે ઇંગ્લાંડનો દરેક માણસ વિચાર કરતો જણાય છે. આવો બનાવ આર્યાવર્તમાં બનશે તો કાંઇ નવીજ ખૂબી જણાશે. સુધરેલા દેશમાં વિદ્વાનો તેમજ શિક્ષકો શિક્ષકના ધંધાને પોતાના જીવનના સાધનરૂપ માને છે. અને તે ધંધામાં પોતાનું તનમન અર્પણ કરી દે છે. આર્યાવર્તમાં આ ધંધો કનિષ્ટ ગણાય છે, અને શિક્ષકો માત્ર તેથી શ્રેષ્ઠ ધંધા ઉપર ચડવાના પગથીઆ રૂપ તેને ગણે છે. પરિ-

ક્ષામ એ આવે છે કે ફ્રેલ્વણીનો જે ફાયદો બાળકોને મળવો જોઇએ તેવો મળતો નથી. જે પ્રજામાં આવા વૃદ્ધો, આવા શિક્ષકો હોય તે પ્રજાનું કલ્યાણ ઘણામાં હજુ પછો વખત જોઇશે એમ કહેવામાં કશું ખોટું ગણાશે નહિ. જો રાજ્ય શિક્ષકોને સારા પગાર આપે ને જો સોકો શિક્ષકના ધંધા તરફ માનની લાગણીથી જુએ તો જ ઉત્તમ જ્ઞાનવાળા ને વિદ્યાભિમાની શિક્ષકો મળી આવે ને પ્રજાનું હિત થાય.

કિન્ડરગાર્ટન શિક્ષક-કોન્ફરન્સ.

અમેરિકાદિ દેશોમાં પ્રતિવર્ષ એક સ્થળે કિન્ડરગાર્ટન શિક્ષકો ને સુપરિન્ટેન્ડેન્ટો એકઠાં થાય છે અને પોતાનો આખા વર્ષનો અનુભવ પરસ્પર આપ લે કરે છે. કોન્ફરન્સના ફાયદા વિષે વિશેષ વિવેચન કરવાની જરૂર નથી. આર્યાવર્તમાં હજુ કિન્ડરગાર્ટન શિક્ષણ થોડા વખત થયાં દાખલ થયું છે ને તે વળી માત્ર મુંબાઇ ઇલાકામાં જ, એટલે કિન્ડરગાર્ટનની શાળાઓ સ્થપાય ત્યાર પછીજ કોન્ફરન્સની જરૂરીઆત ઉત્પન્ન થાય.

શ્રી ફ્રેલ્વણીને લીધે બાલની કિન્ડર શિક્ષણપ્રણાલી સદ્ભાવ.

શ્રી ફ્રેલ્વણીનો વિષય એવો છે કે તેને માટે જેટલું લખીએ તેટલું થોડું છે. દેશની ઉન્નતિનો ખરો આધાર શ્રીફ્રેલ્વણી છે, એ વાત આજે સૌ કોઇ કબૂલ કરે છે. બાળક જન્મે છે ત્યારથી જ પોતે જ્ઞાન સંપાદન કરવા માંડે છે. જ્ઞાન સંપાદન કરવાના ત્રણ ક્રમ છે. પહેલો ક્રમ જન્મથી તે બાળક ત્રણ વર્ષનું થાય છે ત્યાં સુધીનો ગણાય છે. આ સ્થિતિમાં માત્ર બાળક અનુકરણ જ કરે છે, માત્ર ચક્ષુ શ્રોત્ર સ્પર્શાદિ ઇંદ્રિયો દ્વારાએ પ્રત્યક્ષ જ્ઞાનની પ્રાપ્તિ કરતું જણાય છે. ચોથા વર્ષથી તે રમત દ્વારાએ જ્ઞાન સંપાદન કરે છે. તેમાં પણ રમતમા પ્રથમ માત્ર અનુકરણ જ કરે છે; ત્યાર પછી તે જે રમતમાં આનંદ આવતો હોય તે શરૂ કરે છે, ને છેવટે ઉપયોગી રમતમાં પોતાનો વખત ગાળે છે. ત્યાર પછી એવી સ્થિતિ આવે છે કે જેમાં બાળક પ્રત્યક્ષ તેમજ પરોક્ષ બન્ને પ્રકારનાં જ્ઞાન સંપાદન કરવાનું શરૂ કરે છે. પોતપોતાના સ્વાનુભવથી જ્ઞાન સંપાદન કરે છે, એટલું જ નહિ, પરંતુ બીજા પાસેથી સાંભળેલા જ્ઞાનને પોતાના અંતઃકરણમાં ભરી રાખે છે અને તેનો યોગ્ય સ્થળે ને યોગ્ય વખતે પાછો ઉપયોગ કરે છે. આ દુનિઆમાં જેટલું જ્ઞાન મનુષ્યે પ્રાપ્ત કરેલું હોય છે, તેનો મોટો ભાગ તો પરોક્ષ રીતે પ્રાપ્ત કરેલો હોય છે, પરંતુ આ પરોક્ષ જ્ઞાન રૂપી મકાનનો પાયો હમેશાં પ્રત્યક્ષ જ્ઞાનથી બંધાયેલો હોય છે એટલે જેમ પાયો મજબુત બંધાય તેમ જ્ઞાનરૂપી મકાન વધારે ઉંચું ને ટકે તેવું થઈ શકે છે.

પહેલાં ત્રણ વર્ષમાં બાળકોને પોતાના જ્ઞાન માટે માત્ર માતાની દેખરેખ ઉપરજ મુખ્ય આધાર રાખવાનો હોય છે. માતાનાં સઘળાં કાર્યો ને વચનોની સુદૃઢ છાપ બાળકના મન ઉપર પડે છે. તેટલા માટેજ જે માતાઓ સુધરેલી, સુશીલ ને વિદ્વાન હોય છે તે પોતાનાં બાળકનાં મનને જ્ઞાન રૂપી સારો ખોરાક પૂરો પાડી શકે છે.

(અપૂર્ણ).

કાશીરામ મગજી ઉપાધ્યાય. બી. એ.

शिक्षकनी नोटबूक.

ઈંગ્લાંડના એક સાપ્તાહિક પત્રમાં શિક્ષકની ખાનગી નોટબૂક વિષે એક લખનાર કેટલીક સૂચનાઓ કરે છે જેમાંથી આપણી શાળાઓના શિક્ષકોને ઉપયોગી થાય એવી રીતે તેનો કેટલોક ભાગ અહીં ઉતારી લેવામાં આવ્યો છેઃ તે લખે છે કે, "મોટેથી આપવાના પાઠની નોટ શિક્ષક રાખે છે અને વખતોવખત ઇન્સ્પેક્ટરો તે જુએ છે તે નોટબૂક વિષે હું બોલતો નથી. હું જે નોટબૂક વિષે બોલું છું તે શિક્ષકની ખાનગી નોટબૂક છે, આ નોટબૂકમાં શિક્ષણને લગતી કોઇ પણ હકીકત અનિયમિત રીતે લખી રાખેલી હોય છે. શિક્ષકને જે જે વખતે જે કાંઇ વિચાર શિક્ષણના સંબંધમાં થાય તે તેમાં નોંધેલા હોય છે. જુદી જુદી શિક્ષણ પદ્ધતિઓ–અજમાવેલી અને અજમાવવા ધારેલી–તેમાં નોંધેલી હોય છે. આવી નોટ કોઇ શિક્ષક રાખે છે?"

"ચાલતા જમાનાનો શિક્ષક આવી નોટબૂક રાખે છે. શિક્ષણના કામનું મહત્ત્વ તે જાણતો હોય છે. કયે વખતે કયી માહિતીની જરૂર પડશે તેની તેણે અગમચેતી કરેલી હોય છે. દરકોઇ નવી શિક્ષણની યુક્તિ, કોઇ નવીન પદ્ધતિ, શીખવતી વખતે ધ્યાનમાં રાખવા જેવી જણાયલી વાત, આ નોટમાં તે નોંધતો જાય છે."

"આ નોટમાં તે દૃષ્ટકથાઓ નોંધે છે. કાંઇ નીતિ શીખવવા જેવી રમૂજી વાતોને તે આમાં જગા આપે છે. છોકરાંને હસાવવાને તથા તેમને ઇમારત શીખવવાને ઉપયોગી વાતો તે વાંચે છે અને આમાં તેને દાખલ કરે છે," લેખક શિક્ષકને બલામણ કરે છે કે "આનંદથી હસતા વર્ગને શિક્ષણ સહેલાથી આપી શકાય છે. તમે આવી વાતો તમારી નોટ બૂકમાં નોંધશો તો તેનો ઉપયોગ કરવાનો વખત પણ તમને જલદીજ મળી રહેશે."

"કોઇ નઠારા છોકરાને સુધારવાની યુક્તિ તમારા મગજમાં આવે કે તરત તમે નોટબૂકમાં નોંધજો. શિક્ષણમાં કે શાળાની વ્યવસ્થામાં તમને અડચણ આવે તે પણ નોંધજો."

"તમે કોઇ કેળવણી સંબંધી માસિક કે સાપ્તાહિક વાંચો તો તેમાંથી પણ ઉપયોગી નોંધ કરતા જાઓ. કોઇ પેપરમાં તેવું જોવામાં આવે તો કટકો કાપીને નોટમાં ચોંટી દો. પરદેશની શાળાઓના વિદ્યાર્થીઓ સંબંધી કાંઇ વાંચો તો તેની પણ નોંધ કરો.

કેમકે વિદ્યાર્થીઓના સામાન્ય સ્વભાવ આખી દુનિયામા સરખાજ હોય છે "

"આપનાં વર્તમાનપત્રોમાંથી વર્તમાન સમયની બૂગોળ વિદ્યાની હકીકત મળી આવે છે તેનો સાર તમારી નોટમાં અવશ્ય નોંધો. તેમાં નકશા કે ચિત્ર આવ્યા હોય તે કાપી લેઇ તમારા નાના ભાઇબંધો માટે સંઘરી રાખો. આમ કરવાથી તમે તમારા વિદ્યાર્થીઓના વડાઞર થશો, એટલુંજ નહિ, પણ તમે કાંઇ પાઠ ચલાવતા હશો અને તે વખતે તમારી આનગી નોટ તમે કાઢશો, એટલે બધા વિદ્યાર્થી તત્કાળ એક ચિત્ત થઇ જશે તમારી નોટની એ બહુજ અસર છે "

" તમે કોઇ સુંદર કે જોવા લાયક વસ્તુ જુઓ તો તેનુ ચિત્ર તમારી નોટમા પાડી લેજો. તમે ચિત્ર ના પાડી શકતા હો તો તેની હકીકત કે વર્ણન નોંધી રાખો. કોઇ જગો જોવાથી તે તમને આકર્ષક લાગે તો તમારા વિદ્યાર્થીને તે જોવાની બલામણ કરવાનુ તમારી નોટમાં નોંધી રાખો. "

તમારી નોટમા એક ઋતુઓનુ પંચાગ રાખો કઇ ઋતુમા તમે કયા ફૂલ, કયા જંતુ, અને કયાં પ્રાણીઓ જુઓ છો તેની તેમા નોંધ કરો. કોયલ ક્યારે બોલે છે ? મોગરો ક્યારે ખીલે છે ? કેસૂડાં ક્યારે ફૂલે છે ?

કોઇ સારી કવિતા, કોઇ સારી કહેવત, કોઇ સારો શ્લોક, તમારી નોટમા જરૂર આવશ્ય પડતો જોઇએ. પાઠ શીખવતા તમે તેનો ઉપયોગ કરશો અને તમારા વિદ્યાર્થીઓની નોટમા તે ઉતરાવજો.

જે પુસ્તકો હમણા બહાર પડયા હોય તેની નોંધ રાખો. ને કયા મળે છે, તેની કીમત શી છે, તે પણ નોંધી રાખો.

બીજું પણ તમે જે કાંઇ વાંચો, જાણો, વિચારો, સાંભળો, તેમાથી શિક્ષણને ઉપયોગી થાય એવું હોય તે તમારી નોટબુકમાં સંગ્રહો. આવી નોટબુક જે શિક્ષકની પાસે હોય તેના વિષે તમે શો મત બાંધશો ? આવી નોટબુક સારા અને ઉત્સાહી શિક્ષક વગર બીજા કોની પાસે છે ?

चार्ल्स डारवीननुं रमूजी वृत्तांत.

(અંગ્રેજી ઉપરથી ભાષાન્તર કરનાર એક ગ્રેજ્યુએટ.)

(પાછલા માસથી ચાલુ)

કેમ્બ્રીજ છોડ્યા પછી કોઇ કુટુંબ ફીટ્ઝરોય સાથે શોધખોળની મુસાફરીમાં જવાનું તેને આમંત્રણ મળ્યું. ડારવીન ફીટ્ઝરોયને ગમતા ગયો પણ પોતાના નાકના આકારને લીધે તે તરત નામીચા થવાની બીકથી ઉપર આવી પડયો

આ બીકના આકારથી માણસોના સ્વભાવની તુલના પોતે કરી શકે છે એમ કેપ્તન ફીટ્ઝરોય માનતો. સાંજ આગે કેમ્બ્રીજના ડારવીનને માર ઓળખાણ થઇ અને તેઓએ તરતજ ફીટ્ઝરોયની બાબતી કરી આપી કે નાકે એને ખૂટે કર્યું.

ડારવીનની જીંદગીમાં બહુ પડેલો મોટો બનાવ હતો. બહોળો પ્રાણીઓ, અને છોડ ના-

ને વર્ગવાર ગોઠવવામાં તેને આ મુસાફરીથી ખરેખર શિક્ષણ અને અનુભવ મળ્યાં.

આરમાર આતું ઍડવેન્ચર અને બીગલ બે વહાણોને દક્ષિણ અમેરિકાના કાંઠાની તપાસ કરવાને માટે મોકલતું હતું.

લગભગ આખી મુસાફરી દરમ્યાન ડારવીન દરિયાના મંદવાડથી હેરાન થયો તોપણ તે હીમતથી પોતાના કામને વળગી રહ્યો અને ખંતથી કામ કર્યા કર્યું. તેમ છતાં કેટલીક વખત આ છોડી દઇને ઘેર પાછા ફરવાને લલચાયો હતો. દક્ષિણ અમેરિકામાં તે રહ્યો તે દરમિયાન ગુલામગિરિના કમકમાટ ઉત્પન્ન કરનારા દેખાવો જોવાની તેને પુષ્કળ તક મળી હતી, અને તેથી એને એટલું બધું લાગી આવ્યું હતું કે ત્યારપછી આ વિષય ઉપર તે હમેશ સખ્તાઇથી વિવેચન કરતો. પોતાને સારા ચોખ્ખા પાણીનો પ્યાલો નહિ આપવાને માટે એક હબસી છોકરાને મરણતોલ ચાબકાનો માર મારેલો તેણે જોયો હતો.

આ મુસાફરીમાં કરેલા મોટા કામથી ચાર્લ્સ ડારવીન પ્રખ્યાત થઇ પડ્યો. ઘેર આવ્યા બાદ ઘણાક મોટા માણસો તરફથી તેને મળવાનાં નોતરાં આવ્યાં હતાં અને તેમાં મુસાફર હંબોલ્ટ, ખગોળશાસ્ત્રી સર જોન હરશલ, લોર્ડ મૅકોલે અને કારલાઇલ પણ હતા. ત્યાર પછી પોતાની જીંદગીના મહત્વના કામ ઉપર તે મંડ્યો. ઘણાં વર્ષથી તે સાધનો એકઠાં કરતો હતો દુનિયાનાં પ્રાણી અને છોડવાઓની અસંખ્ય જાતોથી, તેમજ વળી આ બધાંને અમુક કુટુંબમાં અને કુટુંબોને વર્ગોમાં ગોઠવી શકાય છે, એ વાતથી કુદરતના બીજા મોટા વિદ્યાર્થીઓની માફક એને પણ આશ્ચર્ય લાગ્યું હતું.

વળી તેણે એમ પણ જોયું હતું કે સંભાળભરી રીતે ઉછેરવાથી અને શિક્ષણ આપવાથી પ્રાણી અને વનસ્પતિના દેખાવ તથા ગુણમાં મનુષ્યો ફેરફાર કરી શકે છે. હવે ડારવીને આ વિચારને આગળ ધપાવ્યો અને વિચારવા લાગ્યો કે આ બધી જાતો એકજ મૂળમાંથી ઉત્પન્ન થઇ છે અને જે જીંદગી તેઓ ગુજારે છે તથા જે પ્રદેશમાં રહે છે તેથી કરીને આ બધી જુદી જુદી જાતો થઇ છે, એમ માની અથવા સાબીત કરી શકાય કે નહિ?

મનુષ્ય જાતિનો અવતાર અને જાતોનું મૂળ એ બે મોટાં પુસ્તકોમાં તેણે પોતાના વિચારો પ્રગટ કર્યા.

આ પુસ્તકોએ મોટો ધોંધાટ કરી મૂક્યો અને ઘણા લોકોએ તેમને વાંચ્યા. પોતે જે કાંઇ શીખ્યા હતા તેથી ડારવીનના વિચારો એટલા બધા ઉલટા લાગ્યા કે ઘણા લોકો તેમની સામે થયા.

પરંતુ ડારવીન તેમની સાથે વાદમાં ઉતર્યો નહિ. ખુલ્લી રીતે પણ નરમાશથી તે પોતાના અભિપ્રાયો દર્શાવતો. પરંતુ તેમને અનુસરવાની કોઇને ફરજ પાડતો નહિ. પક્ષીઓ અને છોડ ઉપર તેણે ઘણાં પુસ્તકો લખ્યાં અને એક તો (earthworm) અળશીયાના પુસ્તકમાં નોંધ લગતું છે.

"કોઇ પણ પુસ્તકોમાં આપણે તેને પ્રાણિવિદ્યાના નિયમો સ્થાપિત કરનાર વિદ્વાન નોંધ્યો નથી, પરંતુ ઘણાંજ ક્ષુદ્ર જંતુઓમાં જે સૌંદર્ય તે જુએ છે તે નોંધ્યો." જેમ ઇચ્છનાર એક શાંત વિદ્યાર્થી તરીકે જોઇએ છીએ. ડારવીન

"તમે કોઇ કેળવણી લેતો હતો. સવારના સાતથી મધ્યાન્હ સુધી તે કામ કરતો અને ઉપયોગી નોંધ કરતા જાઓ

ચોપડી ૨. પરદેશની શાળાઓના

પાછળ પડોરે પોતાના મરીના પુતરા પોત સાથે તે ફરવા જતો. આ પુતરો પોતાના ધણી પછી થોડે દિવસે મરી ગયો હતો એક છોકરાની મારફત ફરતી વખતે તે પક્ષીઓના મળ્યા ખાતો.

પક્ષીઓ તેનાથી બીતાં હોય એમ જણાતું નહિ. એક વખત કેટલાક પક્ષીઓ તરફ જોતો તે ઉભો હતો તેવામાં કેટલીક નાની બિસકોલીઓ તેની પીઠ અને ખભા પર ચડી ગઇ. આ બધો વખત તેમની મરીજ માતા એક પાસેના ઝાડ ઉપરથી દયામણી રીતે ખૂબ પાત્રા કરતી હતી.

કેટલીક વખત પોતાનાં નાના છોકરાને પણ તે સાથે લેઇ જતો. એક નવી જાતનુ ઘાસ કે જે તેણે પોતે જોયું નહોતુ તે તેમાંના એકે કેવી રીતે શોધી કાઢયું, એ વાત મુલકાતે આવનારાઓને કહેવામા તેને આનંદ થતો. આ નાનો છોકરો જ્યારે ઘેર આવ્યો ત્યારે તેણે બાપને વખતે પેલું ઘાસ પોતાની રમણી આગળ મૂકયુ અને કહ્યું કે " અમે અજાયબ જોવા ઘાસ ખોળી કાઢનારા છીએ ! "

મરીનનો ઉદ્યોગ પ્રશંસનીય હતો. કુદરતના પ્રતિદામને લગતી દરેક ચોપડી તેણે વાંચી હતી. તેણે જે પુસ્તકો વાચ્યા હતા તેની યાદ જ્યારે તેને અવારનવાર આવી ત્યારે તે આશ્ચર્ય પામ્યો હતો. વળી તે ઉપર દષ્ટિ વાચનારો નહોતો, પણ જે વિષય વાચતો તેનું ખૂબ મનન કરતો, અને જે પ્રશ્ન પોતાને ઉપયોગી જવાબ તેના ઉપર તે નિદાની કરી શકતો.

ઘણાં સાદા સાધનોથી તે કામ કરતો, પરંતુ તેણે આશ્ચર્યકારક પરિણામો ઉપજાવ્યા છે એની ધીરજ કદી થાકતી નહિ. હાર એનાથી સહન થતી નહિ. અને પોતાનો પ્રયોગ સંપૂર્ણ કરવાને તેણે જ્યાં સુધી યત્ન કર્યો ન હોય ત્યા સુધી તેને કદી આનંદ થતો નહિ. આવી રીતે તેણે પોતાના પાછલા દિવસો ગુજાર્યા. આ વખતે તેની તબિયત નાજુક થતી ચાલી હતી. ઇ સ. ૧૮૮૨ ના એપ્રિલ માસમા તે શાંતિથી ગુજરી ગયો.

મરીન મારફત આપણે બધા પ્રખ્યાત શાસ્ત્રવેત્તાઓ થઇ શકીએ નહિ, તેમજ સઘળા વિદ્યાવ્યાસંગી મનુષ્યોને આશ્ચર્ય પમાડે અને ખુશ કરે એવા પુસ્તકો પણ લખી શકીએ નહિ. પરંતુ એની ધીરજ, ખંત અને કદી હાર નહિ એવી દીનતની નકલ કરી શકીએ, તેની મારફત અત્યંત ક્ષુદ્ર વસ્તુઓમા પણ સૌંદર્ય જોવાનુ આપણે શીખી શકીએ; અને—વેકેશના જરાઓમાં પુસ્તકો, પથરાઓમાં ધાર્મિક ભાષણો, અને દરેક વસ્તુમાંથી ફાયદા ખોળી શકીએ.

પ્રાણી સંબંધી પાઠો.

(લખનાર કાશીરામ પ્રાગજી ઉપાધ્યાય બી. એ.)

બિલાડીનાં સગાંવહાલાં.

પ્રસ્તાવના.

પાછલા પાઠમા બિલાડી વિષે જે કહેવામા આવ્યું હોય તેનું પુનરાવર્તન બાળકો પાસે કરાવવું. તે નીચે પ્રમાણે —

બિલાડી—એ માંસાહારી છે. તે બીજાં પ્રાણીને મારી નાખે છે; તેના કકડા કરે છે. આ ખોરાક તેને કુદરતી છે. બિલાડીને ઘરમાં પાળવામાં આવે છે તેથી તેના કુદરતી જંગલી ને ઘાતકી સ્વભાવમાં મોટો ઘટાડો થાય છે. પરંતુ જ્યારે તે ઉંદર અથવા બીજા પ્રાણીને દેખે છે ત્યારે તેનો સ્વાભાવિક ગુણ પ્રદર્શિત થાય છે.

બાળકો પાસે ક્રમશઃ બિલાડીની શરીરની રચનાનું વર્ણન કરાવો, અને બિલાડીની ટેવ, જીંદગી ને ખોરાકને અનુકૂળ થાય તેવાં જ અવયવો ઇશ્વરે બનાવ્યાં છે તે બાળકોને નીચે પ્રમાણે બતાવો.

૧—લાંબા મોઢાવાળું, અણીદાર, ટૂંકા દાંતવાળું, ઉપર ને નીચે ફરી શકે તેવા જડબાવાળું–બિલાડીનું માથું પ્રાણીને મારવા માટે જ બનાવેલું હોય એમ સિદ્ધ થાય છે.

૨—પંજાને ઝીણા મજબુત નહોર આપવાનું કારણ એ છે કે તે વડે બિલાડી પોતાનો શિકાર પકડી શકે.

૩—માંસનો આહાર કરવાના કામમાં મદદરૂપ થઇ પડે તે માટે જીભને ઝીણા ઝીણા કાંટા હોય છે.

૪—પ્રાણીને મારવાના કામમાં સ્ફુરતા ઉત્પન્ન કરવાના ઉદ્દેશથી બિલાડીનું શરીર વળે તેવું કરવામાં આવ્યું છે. તેના પગની નીચે ગાદી જેવું બનાવ્યું છે. તેના શરીરનું ઢાંકણ ઢીલું બનાવવામાં આવ્યું છે.

૫—બિલાડી એ રાત્રે ફરનારું પ્રાણી હોવાથી તેને પોતાનો ,શિકાર શોધી કાઢવા માટે જોવાની ખાસ શક્તિઓ હોવાની જરૂર જણાતાં તેની આંખો એવી બનાવવામાં આવી છે કે જેથી તે રાત્રે પદાર્થને બરાબર રીતે દેખી શકે. બીજાં પ્રાણીઓની આંખ કરતાં બિલાડીની આંખો કંઇ જુદા પ્રકારની જ હોય છે. બિલાડીના **થોભા** પણ એવા બનાવવામાં આવ્યા છે કે જે પોતાનું કામ કરે છે.

૨. બીજી જાતની બિલાડીઓ.

જે બિલાડીઓ જંગલમાં રહે છે તેનાં ચિત્રો બાળકોને બતાવો. આ પ્રાણી ઘરમાં પાળેલી બિલાડીના કરતાં ઘણું મોટું છે પરંતુ તેને તેટલી જ શક્તિવાન આંખો, તેવાજ ગાદીવાળા પગો, તેવાજ અણીવાળા પંજા, અને તેવાજ ભયંકર દાંતો હોય છે. અર્થાત્ પ્રાણી એક જ સરખું છે—માત્ર તે પાળેલી બિલાડીના કરતાં ઘણું મોટું છે, તે વાત બાળકો પાસે ચિત્ર દ્વારાએ કહેવો.

આ ભયંકર પ્રાણી, આખો દિવસ, પોતાના દરમાં સૂઇ રહે છે અને રાત્રે જંગલમાં ફરવા નીકળે છે, અને શિકારનો શોધ કરે છે. વાઘ બિલાડીના જેવો છે. ટૂંકામાં, તે મોટી બિલાડી છે એમ કહીએ તોપણ ચાલે.

વાઘનું ચિત્ર બાળકોને બતાવો અને તે ચિત્ર ઉપરથી તેના કદનો સાધારણ વિચાર આપો. તેને રંગબેરંગી ઢાંકણી હોય છે તે ઉપર બાળકનું ધ્યાન ખેંચો. સિંહ એ આ મોટી બિલાડીની એક જાત છે.

સિંહનું ચિત્ર બતાવી તેને બહુ ઘાટ અથવા કેશવાળી હોય છે, તે તરફ બાળકનું લક્ષ ખેંચો. વાઘને આવી કેશવાળી હોતી નથી તે ભેદ બરાબર સમજાવો.

આ ઘાતકી બિલાડી એટલી મજબૂત હોય છે કે તે ઘોડા અથવા ગાયનો શિકાર કરે છે કોઇ વખત તે માણસ ઉપર પણ હુમલો કરે છે અને તેના મજબૂત પંજાવડે તેને જ મહામા ધરતી લેટ બતાવે છે.

ચિત્તો, દીપડો, નાર વગેરે પ્રાણીના ચિત્રો બતાવવા અને જો વખત હોય તો તેના શરીરની રચના અને તે પ્રાણી સંબંધના આદતો વર્ણવી બતાવી પ્રકરણ પૂરું કરવું.

પાઠનો ઉપસંહાર.

(૧) બિલાડી માંસાહારી છે કારણ કે તેને બીજા પ્રાણીનો શિકાર કરવા માટેજ બનાવેલી છે.

(૨) બધી બિલાડી રાત્રે ફરનારી હોય છે. તેટલા માટે તેની આંખોવડે તે રાત્રે જોઇ શકે છે.

(૩) મોભા—અંધારામા બિલાડીને માર્ગદર્શકનું કામ કરે છે.

(૪) બિલાડીના પગ નીચે ગાદી જેવું હોય છે તેથી જ્યારે તે ચાલે છે ત્યારે અવાજ થતો નથી

(૫) જ્યારે બિલાડી ખુશી હોય છે ત્યારે તેના નહોર બે ગાદી વચ્ચે સંતાડી દે છે જ્યારે તે ગુસ્સે થાય છે ત્યારે તે પોતાના નહોર બહાર કાઢે છે

(૬) બિલાડીનાં જડબાં બહુજ મજબૂત છે તે ઉપર ને નીચે જઇ કરી શકે છે તેને બહુ મજબૂત અણીવાળા દાત હોય છે કે જે વડે તે શત્રુને કાપી કાઢે છે

(૭) હાડકાંમાથી માંસ કાઢી લેવાનું સરળ પડે તે માટે બિલાડીની જીભને કાંટા કાંટા જેવું કાપ હોય છે

(૮) સિંહ, વાઘ, ચિત્તો, દીપડો-વગેરે મોટી બિલાડીની જાતના પ્રાણી છે તે ભેંસ, માણસ, ઘોડા વગેરે મોટા પ્રાણીનો શિકાર કરે છે બિલાડીની માફક તે ઉંદરને મારતા નથી.

ધાર્મિક કેળવણીનો સવાલ.

(એક શિક્ષક)

નિશાળોમાં ધર્મનું શિક્ષણ આપવાનો સવાલ હાલ જોસબંધ ચર્ચાના માંડેલો છે પ્રજાની ધર્મ વિષે શિથિલ થતી વૃત્તિ જોઇ પ્રત્યેક દેશહિતૈષીના મનમાં એ સંબંધી વિચાર અત્યારે વમળ રહેતો નહિ હોય. દરેક પ્રજાને પોતાનો એક ખાસ ધર્મ અને તેના ઉપર પ્રત્યેક વ્યક્તિની દૃઢ શ્રદ્ધા હોય છે; પણ હિંદુ પ્રજા મૂળ એકેશ્વરવાદી અને એકધર્મી હોવા છતાં આજ અનેક ધર્મોમાં અને અનેક ડોગોમાં વહેચાઇ ગયેલી છે અને પરસ્પર કુસંપ અને વિદ્વેષ કરવામા નિમગ્ન થઇ રહી છે આર્ય એવા મહાન નામથી ઓળખાતી એ

સાત્વિક પ્રજા આજ મુસલમાનોથી પ્રાપ્ત થયેલા હિંદુપદને પામી છે; અને હિંદુસ્તાનમાં વસનાર દરેક હિંદુ–પછી તે ગમે તે વર્ણધર્મનો હોય–એવી વ્યાખ્યા હિંદુને માટે હાલ થઇ ગઇ છે, તે આફ્રિકામાં વસતા હિંદવાસીઓને હિંદી (Indian) નામથી ઓળખાતાં આપણે જોઇએ છીએ. આર્યત્વનું ગૌરવ જે પ્રત્યેક આર્યમાં વિલસી રહેલું તેને આપણે આજ કાળબળે આમ છિન્નભિન્ન થયેલું જોઇએછીએ. ધર્મ એ પ્રત્યેક આર્યનો આત્મા હતો તે મરી ગયો છે, ને આત્માવગરના શરીર જેવી હિંદુ પ્રજા દીસે છે. કેટલાકને ધર્મનું ભાન પણ નથી, કેટલાક ધર્મને નામે ઢોંગ આદરી બેઠા છે, ને કેટલાક ખરો આર્યધર્મ શો છે તે ન સમજવાથી સમુદ્રમાં ભાગેલા વહાણની પેઠે આમતેમ ઝોલા ખાયા કરે છે. આમ ધર્મનો હ્રાસ થવાનું કારણ દેશપર પરચક્રોની આવેલી અનેક આફતો, અને ખરો ધર્મ સમજાવનાર મહાત્માઓના અભાવે સ્વાર્થી માણસોએ ધર્મને નામે ધતિંગો ચલાવી દીધાં, તે છે. આવા સમયમાં કેળવણીના સંસ્કારવાળા લોકો ધર્મની શોધમાં પડ્યા અને સૌએ પોતાને અનુકૂળ લાગ્યો તે ધર્મ સ્વીકારી લીધો ને કેટલાક નાસ્તિક થઇ ગયા. ધર્માચાર્યો મોજશોખમાં અને દ્રવ્યલાલસામાં પડ્યા તેથી પોતાની વૃત્તિઓને પોષવા સિવાય પ્રજાને ધર્મનાં રહસ્ય સમજાવવાની ફરજ તેમણે બજાવીજ નહિ. તેમ કેટલાક આચાર્યો અનીતિવાન નીકળી આવ્યા જેથી ધર્મના ઉપર લોકોની આસ્થા ઓછી થતી ગઇ. વળી અનેક મતપંથોના પોતાને ખરા ને બીજાને ખોટા કહેવાના ઝગડા તથા પ્રત્યેક મતપંથની વિચિત્રતા જોઇને નવી કેળવણી પામેલાઓને એમ લાગ્યું કે હિંદુઓમાં ધર્મૈક્ય જેવું કાંઇ છેજ નહિ. જાતિઓની વિભિન્નતાના કંકાશમાં ધર્મભિન્નતાના કંકાશ મળવાથી પ્રજામાં વેર, ખાર, દ્વેષ ને કુસંપનો વધારો થયો. આજે આ દેશ જે પરાધીનતા ભોગવે છે તે આવાંજ કાંઈ કારણોને લીધે. દેશની આવીજ સ્થિતિ ચાલી જાય તો અધ પાત ક્યાં જતો અટકે તે કળી શકાય તેમ નથી, તેથી દેશદાઝવાળા મહાપુરૂષોને તેનો પ્રતિકાર કરવાનો વિચાર થાય એ સ્વાભાવિક છે. ધર્મ સમજ્યા સિવાય ધર્મપર આસ્થા બેસતી નથી અને પોતાનો અમુક ધર્મ છે એમ જાણ્યા સિવાય અમુક પ્રજા તરીકેનું પોતાને અભિમાન આવતું નથી, તેથી એક પ્રજાત્વ લાવવાને એક ધર્મ હોવાની જરૂર છે. ધર્મ એટલે અમુક મત સંપ્રદાય એટલોજ અર્થ લઇએ તો આમ એક ધર્મ કરવાનું હાલની સ્થિતિ જોતાં બહુ કઠિન છે. પણ હિંદુધર્મનાં સામાન્ય તત્વો શાં છે તેનો શોધ કરી તે પ્રજાને સમજાવવામાં આવે તો હાલના જમાનામાં ઉપયોગી થઇ પડે તે કારણથી હાલના જમાનાના અગ્રેસરો, ધર્મ શોધવા અને પ્રજામાં તે ધર્મનું શિક્ષણ દાખલ કરાવવા મથે છે. આપણા શ્રીમંત મહારાજા સાહેબને પણ એ વિચાર સ્ફુરી આવ્યો છે ને પોતાના રાજ્યમાં ધાર્મિક શિક્ષણ કેવી રીતે દાખલ કરવું તે ઉપર વિચાર કરવાને જ્ઞાતા પુરુષોની એક કમિટિ નીમી છે. તે પોતાનું કામ ચલાવે છે અને અમુક મુદત પછી કેટલોક વાદવિવાદ થઈ અંતે કંઇ નિર્ણયપર તે આવશે. તેમ થતાં પહેલાં અમારા પણ તે બાબતમાં કેટલાક વિચારો જણાવવાની અમે ફરજ સમજીએ છીએ, કમકે એ કામ રાજકીય નહિ પણ સામાજીક છે દરેક સુધરેલા દેશમાં ખાસ કરીને નિશાળોમાં ધર્મશિક્ષણ અપાય છે ને આપણે ત્યાં પણ તે અપાવું જોઇએજ. પણ તેમાં શા વાંધા છે અને તેનો નિવેડો શી રીતે થઇ શકે તે આ સ્થળે બતાવવાનો ઉદ્દેશ છે. (અપૂર્ણ)

ગાયકવાડ સરકારનું દેશી કેળવણીખાતું (ઇનામપત્રક૦.)

(પાછલા માસથી ચાલુ)

૭ કરીઆણાગમ સ ગુ. કે. શા. કોદરા સાગણીના કડીદાર સુતાર તુળશીદાસ વાયજીએ ૧-૪-૦ પતાસાં વહેંચ્યાં ૮. નાના ભંડારીઆ સદર પટેલ નથુ વાલાએ ૧-૦-૦ ગોળ વહેંચ્યો. ૯. નાના માંચીઆણા સદર ચતુરભુજ જગજીવન તથા હરીલાલ ગોવિંદે મળીને ૧-૦-૦ પતાસા વહેંચ્યાં. ૧૦. કેરાળા સદર આસી માસ્તર વલવદાસ મોરારજીએ ૧-૦-૦ સાકર વહેંચી. ૧૧. તરવડા સદર પા. હીરજી તથા ગરાસીઆ દેમા સાદલે મળીને ૨-૦-૦ ગોળ વહેંચ્યો. ૫ા નારણ તથા ગગા જેગમે મળીને ૧-૭-૦ સદર ૧૨. મોટા આકડીઆ સ ગુ. કે કન્યા શા. ગામ લોકોએ ૧-૦-૦ સાકર વહેંચી. ૧૩ રંગપુર સ ગુ શા સદર ૧-૦-૦ પતાસાં વહેંચ્યા. કુલ. ૧૯-૩-૦.

કડી પ્રાંત

૧. પાટણ સ. ગુ. શા. નં ૩ દેસાઇ ગોપાલઘર ગીરજાઘરે ૧-૦-૦ પતાસા વહેંચ્યાં. ૨. મહેર સ. ગુ કે. શા. નંબર ૧ રા. બા. માણેકબાઇ જમજાઇ નાથબસુબા સાહેબની પત્ની એમણે ૧-૦-૦ સદર ૩. બાલીસણા સ. ગુ. શા. સુલતાનબાઇ પ્રાગજીએ ૧-૦-૦ સદર ૪. સરીયદ સદર પા. કરસનદાસ રઘનાથે ૧-૦-૦ પુસ્તકો વહેંચ્યા. ૫. ઝણાણા સદર સ્કુલ કમેટીના મેમ્બરોએ ૧-૦-૦ ખજુર વહેંચ્યુ ૬ વડાવલી સદર ધારપુરના તવાડી શંકરલાલ બાપુજીએ ૧-૮-૦ સાકર વહેંચી. ૭ વિસનગર મહર ચિત્ર શિક્ષક હીમાભાઇ કાળીદાસે ૧-૮-૦ પતાસાં વહેચ્યા આમી માસ્તર નાથાલાલ દલપતરામે ૧-૦-૦ મહર. ૮. મહેર મ. ગુ. કે. શા. માસ્તર પ્રાણવાલ કુબખરામે ૧-૪-૦ સાકર વહેંચી. ૯. વાલમ સ. ગુ. શા. છગનલાલ મોતીરામ શાહે ૨-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૧૦ ભાન્ડુ સદર માસ્ટર લોકોએ ૩-૦-૦. પુસ્તકો ૨-૦-૦ તથા ૧-૦-૦ પતાસા વહેંચ્યાં. ૧૧. વડનગર સદર શેઠ મણીલાલ રેવાદાસે ૨-૮-૦ પતાસાં વહેંચ્યા ૧૨ મીઠપુર સ ઉ. કે. શા. મે. મીસ મેરી એન્ન લેવી સુ. બાઇએ ૧-૦-૦ લુગડા વહેંચ્યા. મકાનના માલીક શેઠ રણછોડ રેવારણે ૧-૮-૦ રસોડા વહેંચી. ૧૩. ઉંઝા સ. ગુ. શા. આમી માસ્તર મુળજીભાઇ લાલુભાઇએ ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૧૪. ઉંઝા સ. ગુ. રાત્રી શા. મેહેતા છોટાલાલ રતીકલાલે ૧-૦-૦ ગરીબ સ્થીતીના છોકરાઓને વહેંચી આપ્યો. ૧૫. મેદેસાણા મ. ગુ. શા. શેઠ વિરચંદ ભોવજીએ ૧-૮-૦ પતાસા વહેંચ્યા. ૧૬ મોટીસાઢ સદર શા. માકરણી રણછોડ ૧-૪-૩ પુસ્તકો વહેંચ્યાં ૧૭. બહોચ સદર મોની ભાણચંદ માનચંદ ૧-૧૨-૦ સાકર ને પથરપેનો વહેંચી. મહાજન લોકોએ ૧-૦-૦ સાકર વહેંચી. ૧૮. સાદોલ સદર વડનગરના શેઠ પરભુદાસ લલ્લાખીદાસે ૧-૮-૦ પતાસા વહેંચ્યાં. શેઠ નથુભાઇ જેઠાભાઇએ ૧-૮-૦ સદર. ૧૯. કલોલ સદર શા. રતનલાલ વરજીવન દાસે ૧-૮-૦ સદર ૨૦. સરાંત સદર ગાંધી મગનલાલ પાનાચંદ ૨-૦-૦ પતાસાં વહેંચ્યાં શેઠ કેવળ લલ્લુભાઇએ ૨-૦-૦ સદર. સુરતના રહીશ હરીલાલ મજમદારે ૧-૮-૦ સદર. ૨૧. કપાલ સદર ભાયભાર વીરચંદ માનચંદે ૧-૦-૦ મદર ૨૨. સાંતેજ સદર મહાજનોએ ૯-૦-૦ છોકરાઓને લાડુ જમાડયા. ૨૩. આતરસુંબા સદર મેમ્બરોએ ૧-૦-૦ પતાસા વહેંચ્યા.

મણીલાલ ચુનીલાલે ૧–૦–૦ પુસ્તકો વહેંચ્યા. ૨૪. સદર સ. ગુ. કં. શા રા. મણીભાઇ રણછોડદાસના ચીરણજીવીના સ્મારક ફંડમાંથી ૨–૮–૦ સદર. ૨૫. બહીયલ સ. ગુ. શા. પા. નારણદાસ ભોગીલાલે ૧–૮–૦ પતાસાં વહેંચ્યાં. કનીપુર સદર મુખી દેસાઇભાઇ નથુભાઇએ. ૧–૦–૦ સાકર વહેંચી ૨૭ મગોડી સદર પા. માધા રાયજીદાસે ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૨૮ વાસણા રાડોડ સદર શા. પુંજા અમુલખે. ૧–૦–૦ સદર. ૨૯ ધમીન્ન સદર હીરોલના પા. છગાભાઇ ધાભાઇએ. ૧–૦–૦ સદર. મેમ્બરોએ ૧–૦–૦ સદર. ૩૦ બારૈયા સદર શેઠ લલ્લુ ધરમચંદે. ૨–૦–૦ છોકરાઓને ખડીઆ પેનો તથા ચોપડીઓ આપી. કુલ ૬૦–૪–૩.

નવસારી પ્રાંત.

૧ વેસ્મા સ. ગું. શા. ત્રીભોવન પ્રાણવલભદાસે. ૧–૦–૦ ખાંડ વહેંચી. ૨ સદર સ. ગુ. કં. શા. દેસાઇ પ્રાણવલભદાસ ભગવાનદાસે. ૧–૦–૦ સદર. ૩ તવડી સ. ગુ. શા. હોરમજજી દોરાબજીએ ૧–૦–૦ ગરીબ છોકરાઓને શ્રી બદલ આપ્યો. ૪ પરનણ સદર ગુલાબભાઇ દયાળજીએ ૧–૦–૦ ખાંડ વહેંચી. ૫ કોસમાડા સદર સદ્‌ગૃસ્થોએ ૧–૦–૦ કોપી તથા કન્યાઓને વહેંચી આપ્યો. ૬ ધળા સદર વૈષ્ણુવ સંપ્રદાય શ્રી શ્રીજવાસી માહારાજ નંદલાલજીએ. ૧–૦–૦ સાકર વહેંચી. ૭ સેવણી સદર ગામ લોકોએ ૫–૦–૦. પુસ્તકો ૪–૦–૦ તથા ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૮ સોનગઢ સ. ગુ. કં. શા. વડોદરા વરિષ્ટ કોર્ટના વકીલ ખંડેરાવ ગોવિંદરાવે ૨–૦–૦ ખાંડ વહેંચી. કુલ ૧૩–૦–૦. કુલ એકંદર ૧૮૦–૩–૬.

તૈયાર કરનાર કારકુન. દલસુખ. Joyshanker P. Joshi,
ગોવીંદ કાળીદાસ. વિદ્યાધિકારી વતી.

માહે માર્ચ સને ૧૯૦૩.

વડોદરો પ્રાંત.

૧ પેટલાદ સ. ગુ. શાળા શેઠ દ્વારકાદાસ છોટાલાલે ૩–૪–૦ પાણી ભરાવ્યું. ૨ સદર ગુ. કં. શાળા પરી. બુલાખીદાસ નારણદાસે ૧–૧૦–૦ સદર. ૩ મલાતજ સ. ગુ. શા. ત્રવાડી ત્રીકમલાલ શીવલાલે ૧–૦–૦ બરફી વહેંચી. ૪ સીસ્વા સદર પા. રણછોડભાઇ કાહોનદાસે ૧–૮–૦. ૧–૮–૦. પતાસાં તથા ૦–૮–૦ પરબ માટે આપ્યો. શા. સુરચંદ ત્રજલાલે ૧–૦–૦ પાણીની પરબમાં આપ્યો. શા. અમૃતલાલ અમીચંદે ૧–૦–૦ સદર. ૫ ચોરંદા સદર ગામ લોકોએ ૫–૦–૦. ૧–૦–૦ પતાસાં. તથા ૪–૦–૦ પુસ્તકો વહેંચ્યાં ૬ ધાવટ સદર સદર ૪–૧૨–૦ ૧–૦–૦ સાકર, ૧–૦–૦ ધોતીઓ તથા ૨–૧૨–૦ ઓઢણીઓ વહેંચી. ૭. અણસ્તુ સદર પા. લાલભાઇ દેસાઇભાઇએ ૧–૦–૦ સાકર વહેંચી. ૮ બચાર સદર સદ્‌ગૃહસ્થોએ ૭–૧–૬ પુસ્તકો, પતાસાં, ખાંડ વહેંચી. ૯ માસર સદર પા. ભગવાન સખીદાસ તથા બુશાલ રાયજીએ મળીને ૧–૦–૦ સાકર વહેંચી. ૧૦ પાદરા સ. ગુ. કં. શા. રા. પરમોતમ હરજીવનદાસે ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૧૧ માસર સ. ગુ. શા. પા. બેહેચર બાજીએ ૧–૦–૦ લુગડાં વહેંચ્યાં. (અપૂર્ણ)

ગાયકવાડ સરકારનું દેશી કેળવણીખાતું

(વટહુકમો).

વટહુકમ નં. ૨૭

શાળાઓમાં હાજરીની હકીકત પૂરવાને માટે પેલીના ફોર્મ છપાવવામાં આવી જે તે સરકારી શાળાઓમા મોકલવામાં આવ્યા છે પરંતુ અત્રે જોવામા આવતી હકીકતમા કેટલેક ઠેકાણે ફોર્મ ભરી નંબરસર ફાર્મ તૈયાર કરી છપાવવા માટે મોકલવામા આવ્યા છે, તે છપાઈ જે તે શાળા મા મળવે કરતાં ન મળવું જૂનાં પેલીના ફોર્મ પડેલાં લા સુધી સાથે રાખવા તે બદલના પત્રક પ્રમાણે સુધારો કરી નવા હાજરીની હકીકત જરૂરવાન છે તે પ્રમાણે તજવીજ કરવી.

"પેલી" નું ફોર્મ બદલવામા આવ્યું છે

દરરોજ હાજર જોકહાજર, રીક્ષક બદલે ન પૂરતા વિદ્યાર્થીઓની તારીખ વાર હાજરીની હકીકત પૂરવી.

સદર પેલીના જુના ફોર્મમાં આસરે ૩-૪ શિક્ષકનો આવ્યા બાદનો વખત આડવા માટે છે પણ તેને માટે જૂદી હાજરી બૂકો શાળામા રાખવાનુ ઠરાવવામા આવે છે, માટે હવે પેલીના ફોર્મોમા વખત આડવાની અપેક્ષા રહેતી નથી. આવી જૂની હાજરબૂક દરેક પ્રકારની સરકારી શાળામા તેના મુખ્ય શિક્ષકે આ સાથે સામેલ રાખેલા નમુના પ્રમાણે રાખવા તજવીજ કરવી. તારીખ ૨૬ મહે મે સ. ૧૯૦૩ મુ. નવસારી.

શિક્ષકો માટે હાજર બૂક જૂદી રાખવી.

Chhaganlal T. Modi.
એ વિદ્યાધિકારી.

ગામ/પરું તાલુકો ની શાળાની રોલી (હાજરી) માહે સને ૧૯૬૦ ખદલ.

તારીખ.	ધોરણ અગર વર્ગ	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,	રિમાર્ક
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩
કુલ સંખ્યા.												
હાજર સંખ્યા તા ૧ તા ૨ તા ૩												

ટીપ—૧ શાળામા જેટલા વર્ગા હોય તે પ્રમાણે આસનો વધારે ઓછા દોરી લેવા તજવીજ થવી

૨. જે તારીખે સંખ્યામા ફેરફાર થાય તે તારીખના આસનમા હાજર સંખ્યાપર કુલ સંખ્યાનો આકડો લાલશાહીથી મૂકવો

૩ પૃષ્ટમા જેટલી તારીખોની હકીકત રહી શકે તે લખવી

૪ પૃષ્ટની પાછલી કોરી બાજુનો પણ આકડાને ઉપયોગ કરવો

શિક્ષક શાળામાં હાજર રહ્યા બદલનું વખત પત્રક.

ક્રમ	શિક્ષકનું નામ	જગ્યા	પગાર	શાળામાં આવ્યાનો તથા તાથી જવાનો દરરોજનો વખત.														નોંધ આવ્યા તથા પરિણામ આવી ગયાની વિગત.		શેરો.
				તા ૧		તા ૨		તા ૩		તા ૪		આ પ્રમાણે તા ૫ મીથી તા ૩૧ મી સુધીના આસન ૧૩ થી ૫૬ દોરવા						આવ્યા માનમાં કેટલા દિવસ	રોજી કેટલા દિવસમાં ગઈ	
				આવ્યા	જવાનો	આવ્યા	જવાનો	આવ્યા	જવાનો	આવ્યા	જવાનો									
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨							૧૩	૧૪	૧૫

ટીપ—૧ દરરોજ મુખ્ય શિક્ષકે નીચે કુંડી સહી કરવી
૨ દર પૃષ્ઠમાં જોડવા આસની હાજરી રહી શકે તેટલાની રાખવી
૩ ઠરેલા પીરિયડ કરતાં વધારે દિવસ મોડા આવ્યા કે વહેલા ગયા હોય તેટલા દિવસની જોડે તેટલી રજા મેળવી હોય તે આસન ૧૪માં જણાવવું.

દેશી કેળવણી ખાતાની ગુજરાતી શાળાઓ માટે ઈનામ ખાતે રાખવા સારૂં નીચે જણાવેલાં ગુજરાતી પુસ્તકો મંજુર કરવામાં આવ્યાં છે.

નંબર	પુસ્તકનું નામ.	કર્તાનું અગર પ્રગટ કરનારનું નામ.	કિંમત રૂ.	કિંમત આ.	કિંમત પા.	રિમાર્કસ.
૫૫૦	જીવનસાફલ્ય અથવા જીંદગીનો ઉપયોગ	લક્ષ્મણશંકર માધવજી શુક્લ. ફર્સ્ટ આસિસ્ટંટ માસ્તર તાલુકદારી ગગરાણિયા સ્કૂલ. વઢવાણ કેંમ્પ.	૧	૮	૦	
૫૫૧	'પુણ્ય અને પાપ,' રંકથી રાય. અંક. ૧૯–૨૦	કેશવરામ વિઘ્નહરરામ મેહેતા. બી. એ. 'શ્રેય-સાધક અધિકારી વર્ગ' વડોદરા	૦	૨	૦	
૫૫૨	નિબંધ કરમાળા સમુદાય ૩ જો.	કરમચંદી રહીમ નાનજી-આણી. બી. એ. ગોધરા.	૦	૬	૦	
૫૫૩	'પિતા' અંક–૨૩–૨૪	કેશવરામ વિઘ્નહરરામ મેહેતા. બી. એ. 'શ્રેયઃ સાધક અધિકારી વર્ગ' વડોદરા.	૦	૦	૯	
૫૫૪	રસાયન શાસ્ત્રનાં મૂળ તત્વો.	શિવરામ ગંગાધર સંત. સાયન્સટીચર કલા ભવન. વડોદરા	૧	૮	૦	
૫૫૫	મેઘાડમ્બર	કવિ. જીવરામ અજરામર ગોર. 'સરસ્વતી શૃંગાર' ના અધિપતિ. ભુજ કચ્છ.	૦	૩	૦	
૫૫૬	શેઠ. ગોવિંદજી કલ્યાણજી મૂળજી. જે પી. નું જીવનચરિત્ર	કલ્યાનજી ધર્મસિંહ. કાવ્યેલ. કાલના દેવી રોડ. મુંબાઇ.	૧	૮	૦	
૫૫૭	ચરિત્ર માળા (ભોગલ સમય)	હરિપ્રસાદ કાલાભાઇ છત્રપતિ. બી. એ. ખાડીયા, અમૃતલાલની પોળ, અમદાવાદ.	૦	૪	૦	
૫૫૮	ગુજરાતી ગરબાવળી	કાશીશંકર મૂળશંકર વડોદરા. લાડવાડા.	૦	૪	૦	
૫૫૯	આર્દ્ર તરલોની હાનિનાં કારણ.	ત્રિલોકનાથ પ્રેમાનંદ મુનશી. સંખેડા મુનસફ કોર્ટ કારકુન.	૦	૨	૦	

તારીખ ૧૧ મી જુન સને ૧૯૦૬ ઈ. ગણરેવી.
લલુભ. , J. P. J Chhaganlal T. Modi,
એ વિદ્યાધિકારી.

કેશવ કેલવણી ખાતાની ગુજરાતી શાળાઓ માટે લાયબ્રેરી ખાતે રાખવા સારૂ નીચે જણાવેલાં ગુજરાતી પુસ્તકો મંજુર કરવામાં આવ્યાં છે.

ક્રમાંક નં.	પુસ્તકનું નામ	કર્તાનું અગર પ્રકટ કરનારનું નામ	કિંમત. રૂ	આપા.	ટિપ્પણ.
૫૨૨	પરમદયા રાવકૃષ્ણ-ના બે પ્રવચન	ઇચ્છારામ ઇચ્છારામ બી એ મદારવળા, કારે વાડી ગીરગામ મુંબાઇ	૦	૮	૦
૫૨૩	માપન તત્વ.	નારાયણ ઉમેચંદ કાર રાજ પરેલ તળાવનો રસ્તો ગીરગામ મુંબાઇ	૦	૪	૦
૫૨૪	ગૃહસુખ.	પ્રેમલાલજી વૈષ્ણવજી દવે ફપાલ તા ખુકે કલોલ	૦	૦	૩
૫૨૫	જીવન સાફલ્ય અર્થવા જીંદગીનો ઉપયોગ.	લક્ષ્મીશ કર આધવજી ગુ કવ ફર્સ્ટ આસિ આસ્તર તાલુકદારી ગરાસિયા સ્કુલ, વઢવાણ કેમ્પ.	૧	૮	૦
૫૨૬	રર્ટ-કર્ડ અરીથમેટીક ભાગ ૧ લો.	મોતનલાલ આર. અધો વૈદ્ય આસિ. માસ્તર, ન્યુ ઈંગ્લીશ સ્કુલ અમદાવાદ	૦	૩	૦
૫૨૭	'પુણ્ય અને પાપ.' 'રકથી રાય' અ ક. ૧૯–૨૦.	હેમચંદરામ વિષ્ણદરરામ મેદેતા બી. એ. 'એસ સાયક અધિકારી વગ વડોદરા	૦	૨	૦
૫૨૮	નિબંધ કરમાળા સ-મુદાય ૩ જો.	કરમઅલી રહીમ નાન-જી આબૂ બી એ. ગોધરા.	૦	૧	૦
૫૨૯	શાસોપયોગી દિપ.	મુળજી કર અભયરામ ભટ્ટ. દેરાસ્તર કમુનિસિ-પાલ મુખ્ય સ્કુલ. મુ આમોદ જીલ્લે ભરૂચ	૦	૫	૦
૫૩૦	'પિતા' અંક ૨૩ ૨૪	હેમચંદરામ વિષ્ણદરરામ મેદેતા બી એ 'એસ સાયક અધિકારી વર્ગ' વડોદરા.	૦	૦	૫

૫૩૧	રસાયન શાસ્ત્રનાં મૂળ તત્વો.	શિવરામ ગંગધર સંત, કલાભવન, વડોદરા.	૧	૮	૦	
૫૩૨	મેઘાડંબર.	કવિ જીવરામ અજરામર ગોર સરસ્વતિ શૃંગારના અધિપતિ. ભૂજ. કચ્છ.	૦	૩	૦	
૫૩૩	વૈદ્યકલ્પતરૂ પુસ્તક ૧ થી ૫.	વૈદ્ય જટાશંકર લીલાધર ત્રિવેદી જામનગર, વાળા. અમદાવાદ. રીચીરોડ.	૧	૪	૦	પ્રત્યેક પુસ્તક માટે.
૫૩૪	શેઠ ગોવિંદજી હાકર સી મુળજી જે. પી. નું જીવન ચરિત્ર.	કલ્યાનજી ધર્મસિંહ. મુબાઇ. કાન્હેલ. કાલબાદેવી રોડ.	૧	૮	૦	
૫૩૫	જીવોત્પત્તિ તત્વ.	નારાયણ હેમચંદ્ર. કાવસજી પટેલ તલાવનો રસ્તો ગીરગામ. મુબાઇ.	૦	૪	૦	
૫૩૬	ચરિત્રમાળા (બોગલ સમય.)	હરિપ્રસાદ ગાંધાભાઇ છત્રપતિ અમદાવાદ. ખાડીયા, અમૃતલાલની પોળ.	૦	૪	૦	
૫૩૭	પદાર્થ પાઠમાળા ભા. ૧ લો.	કાશીરામ પ્રાગજી ઉપાધ્યાય બી એ ડેપ્યુટી એજ્યુ. કેશનલ ઇન્સપેક્ટર સંસ્થાન પોર બંદર.	૦	૫	૦	
૫૩૮	બોધલું.	રૂસ્તમજી પેસ્તનજી મસાની એમ. એ. બોરાબજાર કોટ મુંબાઇ.	૧	૮	૦	
૫૩૯	યોગદિવાકર.	ગણપતરાવ ગોપાળરાવ બર્વે સંગીત શાસ્ત્રી ભાવનગર.	૩	૦	૦	
૫૪૦	સમાજઉત્પત્તિ તત્વ.	નારાયણ હેમચંદ્ર. મુંબાઇ. કાવસજી પટેલ તલાવનો રસ્તો. ગીરગામ.	૦	૪	૦	
૫૪૧	ગુજરાતી ગરબાવળી.	કાશીશંકર મૂળશંકર. લાડવાડા. વડોદરા.	૦	૪	૦	
૫૪૨	આર્યતરૂણોની હાનિનાં કારણ.	ત્રિલોકનાથ પ્રેમાનંદ મુનસી. સંબેડા મુનસફ કોર્ટ કારકુન.	૦	૨	૦	
૫૪૩	'પ્લેગથી બચવાનો કોઇ ઉપાય નથી શું ?' અંક. ૨૫	કૈલાશકરામ વિઘ્નહરરામ મેહેતા. બી. એ. 'શ્રેયઃ સાધક અધિકારી વર્ગ.' વડોદરા.	૦	૨	૦	
૫૪૪	જ્ઞાનગુટિકા યા વેદાન્તની પ્રથમ પોથી.	દુર્લભજી ડી. વેદ. સિવિલ સ્ટેશન. રાજકોટ. કાઠીયાવાડ.	૦	૪	૦	

તારીખ. ૧૧ માહે જુન સને ૧૯૦૩ મુ. ગણદેવી.

દલસુખ. J. P. J.

Chhaganlal T. Modi,
એક. વિધાધિકારી.

देशी केळवणीखातानी मराठी शाळाओ माटे इनामखाते राखवा सारु नीचे जणाविलां मराठी पुस्तको मंजूर करवामां आव्यां छे

अनुक्रम नंबर.	पुस्तकनुं नाम.	कर्तानुं अगर प्रगट करनारनुं नाम.	किंमत. रु	आ	पा	रिमार्क.
११७	बकुल पुष्पमाळा	दामोदर सावळेराम यंदे व्यवस्थापक अथ सप्तादक मंडळी बडोदरा	०	१	६	
११८	श्रीमद्भगवद्गीतासार	सदर.	०	१	०	
११९	बरात खेळण्याचें खेट	सदर.	०	०	०	
१२०	अमीर अबदुल रहेमान यांचें चरित्र	सदर.	०	१२	०	
१२१	रामायण कार्तिक लोक १५वगैरे.	सदर.	०	१	०	
१२२	पेटवण्याची कळा.	वेदवत रामकृष्ण गोगटे बी ए फर्स्ट असिस्टंट मास्तर निरज हायस्कुल	०	०	०	
१२३	मराठी कवि मंडळ	नारायण नरसिंह फडणीस जळगांव खानदेश एडीटर अंक काव्य रत्नाकरी	०	११	०	

तारीख १२ मार्च जुन सने १९०३

Chhaganlal T. Modi,

ओ विद्याधिकारी.

देशी केळवणी खातानी मराठी शाळाओ माटे लायब्रेरी खाते राख-वा सारु नीचे जणावेलां मराठी पुस्तको मंजुर करवामां आव्यां छे.

अनुक्रम नंबर	पुस्तकनुं नाम.	कर्त्तानुं अगर प्रगट करना-रनुं नाम.	किंमत. रु.	आ	पा.	रिमार्क.
२६०	श्रीतुकाराम.	गणेश विष्णु चीपलुणकर शाणी मंडळी बुधवार पेंठ पुणें.	०	७	०	
२६१	बकुल पुष्पमाळा.	दामोदर सावळेराम यंदे वडोदरा ग्रंथ संपादक मंडळी.	०	१	६	
२६२	श्रीमद्भगवद्गीतासार.	सदर.	०	१	०	
२६३	न्यायशास्त्र भाग. २	सदर.	१	८	०	
२६४	घरांत खेळण्याचे खेळ.	सदर.	०	४	०	
२६५	अमीन अबदुल रहेमान यांचे चरित्र.	सदर	०	१२	०	
२६६	रामायण कालीन लोक स्थिति.	सदर	०	३	०	
२६७	पोहण्याची कला.	बळवंत रामकृष्ण गोगटे बी ए. फर्स्ट असिस्टंट मास्तर मिरज हाइस्कुल.	०	४	०	
२६८	वस्तु पाठावलि भाग पहिला.	विष्णु पांडुरंग केशरी हेड मास्तर प्रॅक्टीसींग स्कूल पुणें.	०	५	०	
२६९	मराठी कविमंडळ.	नारायण नरसिंह फडणीस. जळगांव खानदेश.	०	१०	०	
२७०	श्रीमद्गीता दर्शन.	अनंत वामन बर्वे.	०	२	०	

तारीख १२ माहे जुन सने १९०३.

Chhaganlal T. Modi,
એજ્યુ. વિદ્યાધિકારી.

હજુર નગદી વ હિસાબી ખાતું.
એકાઉન્ટન્ટ જનરલ કચેરી.

વટહુકમ નં. ૪૦.

"P. M." એવા નિશાનના રૂપિયા નહિ લેવા બાબત.

"જે અર્થે ખજાનાના અધિકારી અને સરકાર કામના સબંધે પૈસાની આપ લે કરનાર સર્વ અમલદાર એઓને આ વટહુકમથી જણાવવામા આવે છે કે,–બ્રિટિશ સરકારના કલદાર રૂપિયા પૈકી કેટલાએક રૂપિયા ઉપર "P. M." એવું નિશાન હોય છે. ને એવા નિશાનવાળા રૂપિયા નહિ લેવા મુંબઇના એકાઉન્ટન્ટ જનરલ સાહેબનો અભિપ્રાય થયેલાનું રેસીડેન્સીથી લખાણ આવ્યુ છે માટે એવા નિશાનવાળા રૂપિયા કોઇ પણ ઠેકાણે લેવા નહિ. ભરણા વગેરેમા એવા નિશાનવાળા રૂપિયા આવે તો તે નહિ લેતાં ભરણું લાવનારને પરત આપવા જોઇએ. તા ૨૨ મી જુન ૧૯૦૩. મુ. કરનાળુ.

(Sd) Dayabhai Harjivandas,
એકાઉન્ટન્ટ જનરલ.

ઉપર મુજબ લાગતા વળગતાએ અમલ કરવા માટે મહેર વટહુકમ પ્રસિદ્ધ કરવામા આવે છે. તા. ૪ જુલાઇ સન ૧૯૦૩. મુ. વડોદરા

ટૂંકોદર J. P. I.

Chhaganlal T. Modi,
એ. વિદ્યાધિકારી.

PUBLISHED NO B 33

શ્રી

પુસ્તક ૧૧ મ અંક ૧૦ મો

કલ્પવૃક્ષ

શ્રાવણ સંવત ૧૯૮૯

વિષયો

૬ ૬		૫ ૫	૧
ઉપમા ૧ ૫ ૨	૮૩	૫ ૫ ૫ શ્રી સ્થ ૬	૧ ૧
૫૫૫૫	૧૮૭	૫૫૫૫૫૫૫૫ ૬ ૧૫૫	૧ ૮
૬૫૫૫૫૫૫૫૫૫૫	૧૮૩	૮ ૬૫ ૫૫ ૫૬ ૫૨	
૧૫૫ ૫૫૬ ૬૫ ૬	૧૮૩	૬૫૫૫ ૫૬૫૫૫૫	૧ ૬
૫૬૬૬૫ ૫૨ ૬	૧૮	૫૫૫ ૬૫ ૬૬૬૬૫	૧ ૭
૩ ૬૬૬૬૬૬૬૬ ૫૬૬૬ ૫૫૫૬		૬ ૬ ૫ ૫૨ ૬ ૫૬૬૬૬	
૬ ૫૫૫૫૫૫૫	૧૮૪	૫૫૫ ૫૫૬ (૫૬ ૫૫૫૫૬)	૧ ૫
૬ ૬ ૬૫ ૫૫૬૬૬૬૬ ૫૬૬	૧૮	૬ ૫૫ ૬૨ ૬ ૬૫૬૬૬	
૬૬૬ ૫૫૫૫૫૫૫૫ ૬૬		૫૫૫ ૫૫૫૫ (૬૬ ૫૫)	૧૭

૬૬૬૬૬ ૬૫૫૫

૬૬૬૬૬૬૬૬

કે ળ વ ણી.

દોધકવૃત્ત.

અર્થ મળે વળી ધર્મ સધાયે, જ્ઞાન મળે મનમાન પમાયે;
પ્રીતિ વધે પસરે જશ સારો, એ શિગુશિક્ષણ ધર્મ અમારો.

પુસ્તક ૧૫ મું. શ્રાવણ સંવત્ ૧૯૫૬. અંક ૧૦ મો.

દર્શન.

શિક્ષકોનો પગાર—ઇંગ્લાંડમાં અને ફ્રાન્સમાં શિક્ષકોના પગાર કેટલા હોય છે તે અમુકની ઇચ્છા આપણા શિક્ષકોમાંથી કેટલાકના મનમાં સહજ થઇ આવતી હશે. પોતાના પ્રોફેસરોની સ્થિતિની સાથે પોતાની સ્થિતિનો મુકાબલો કરી લેવાની ઇચ્છા પણ સાહજિક છે. એ ૨૪ વર્ષ પર ગયા જુલાઇના ઇન્ડિપન્ડન્ટ ઓબ્ઝર્વરમાં કેટલીક માહિતી આપી છે તે નીચે પ્રમાણે છે. ઇંગ્લાંડમાં શિક્ષકોના ત્રણ વર્ગ થાય છે. (૧) પાઇમરી શાળાઓના શિક્ષકો, તે આપણે અહીંની દેશી શાળાઓને મળતી છે. (૨) સેકંડરી મોટી શાળાઓ તે આપણે અહીંની અંગ્રેજી હાઇસ્કૂલોને મળતી હોય છે. એ શાળાઓના શિક્ષકો યુનિવર્સિટિમાં પાસ થયેલા હોય છે (૩) બોર્ડિંગ શાળાઓ એવા ઇંગ્લાંડના જુદા જુદા પરગણાના કોકોના છોકરાઓને રાખીને અભ્યાસ કરાવવામાં આવે છે. એ શાળાઓના શિક્ષકોના મહાનરી પગાર નીચે પ્રમાણે છે:—

ઇંગ્લાંડના પ્રથમ તરફની આખની પ્રાઇમરી શાળાઓના શિક્ષકો (આસિસ્ટંટ માસ્તરો) ને વર્ષે ૫૮ પૌંડ.
જુદાં જુદાં બોર્ડ તરફથી આખની પ્રાઇમરી શાળાઓના શિક્ષકોને ૮૩ પૌંડ.
પ્રથમ શાળાઓના હેડમાસ્તરોને વર્ષે સરાસરી ૧૭૩ પૌંડ.
બોર્ડની શાળાઓના હેડમાસ્તરોને વર્ષે ,, ૧૭૦ પૌંડ
સેકંડરી મોટી શાળાઓના આસિસ્ટંટ માસ્તરોને વર્ષે, ૭૦ થી ૨૦૦ પૌંડ.
,, ,, હેડમાસ્તરોને ,, ૩૦૦ થી ૭૦૦ પૌંડ.
બોર્ડિંગ શાળાઓના માસ્તરોને ,, ૫૦ થી ૨૦૦ પૌંડ.

ઉપર બતાવેલા પગાર કરતાં કેટલીક શાળાઓના શિક્ષકો વધારે પગાર પણ મેળવે છે. કોક આસ્તરો તો ૭ પ્રાઇમરી શાળાઓના શિક્ષકો કરતાં વર્ષે ૫૦૦ પૌંડ પગાર મેળવે છે. સેકંડરી કે ૧ શાળાઓના હેડમાસ્તરોમાંથી કેટલાકને ૨૦૦૦ પૌંડ મળે છે. બોર્ડ સ્કૂલ શાળા

શિક્ષકોને પગાર ઉપરાંત રહેવાનું મકાન અને ખોરાકી મળે છે, તથા કેટલાક હેડમાસ્તરો દર વર્ષે ૧૦૦૦ પૌંડ કે તેથી વધારે પણ મેળવે છે. જેમ તેઓ ભારે પગાર મેળવે છે તેમ તેમનો ખર્ચ પણ ભારે હોય છે. જો માસ્તર પરણેલો હોય તો તેને ઓછામાં ઓછું ઘરબાડું દરવર્ષે ૩૦ પૌંડ, કર વગેરેના ૧૫ પૌંડ, અને ખોરાકી પોશાકી વગેરે ખર્ચના ૧૦૫ કે તેથી પણ વધારે થાય છે. વળી તેઓ શિક્ષણપદ્ધતિનું સારું જ્ઞાન ધરાવનારા હોય છે અને પોતાના ધંધામાં ઘણા કુશળ હોય છે. એમ છતાં કોઇને લાગશે કે ઇંગ્લાંડની શાળાઓના શિક્ષકોને મુકાબલે વધારે પગાર મળે છે, પણ તેમણે જાણવું જોઇએ કે જે કેટલાક હકો આપણી અહીંની શાળાઓના શિક્ષકોને મળેલા હોય છે તે તેમને નથી હોતા. જેમ કે,-

(૧) ઇંગ્લાંડની કોઇ શાળાના શિક્ષકને પેન્શન્ મળતું નથી; એમ છતાં પ્રાઇમરી શાળાઓના શિક્ષકોએ પોતાને માટે એક સારું પ્રોવિડંટ ફંડ સ્થાપન કરેલું છે.

(૨) શિક્ષકોને પોતાની નોકરીનો કાંઇ હક હોતો નથી, તેમ તે અમુક મુદત સુધી રહેશેજ એવો કાંઇ ભરોસો હોતો નથી. આસિસ્ટંટ માસ્તરો ૪૦ વર્ષની ઉમરના થયા પછી પોતાના કામને માટે અયોગ્ય માનવામાં આવે છે, અને એક જગોએથી તેમણે નોકરી ગુમાવી તો પછી બીજે ઠેકાણે મળવાનો તેમને સંભવ હોતો નથી. ઘણુંકરીને દરેક બોર્ડ સ્વતંત્ર હોવાથી તથા શાળાઓ આબાદ હોવાથી, તેમ બહુધા આસિસ્ટંટ માસ્તરોની બહાલી બરતરફી હેડમાસ્તરના હાથમાં હોય છે તેથી, શિક્ષકોને સહજ કારણ મળતાં ઘેર બેસવાનો પ્રસંગ આવે છે.

(૩) દરેક શાળાના હેડમાસ્તરોનો પગાર છોકરાંની સંખ્યા ઉપર આધાર રાખે છે, અને છોકરાંની સંખ્યા હેડમાસ્તરની ખાસ યોગ્યતા ઉપર આધાર રાખે છે. અર્થાત્ શિક્ષકોનો પગાર પણ તેના પ્રમાણમાંજ હોય છે.

ફ્રાન્સની શાળાઓ ઇંગ્લાંડ કરતાં હિંદુસ્તાનની શાળાઓને વધારે મળતી આવે છે. ત્યાંની શાળાઓ ઇંગ્લાંડની પેઠે બોર્ડને તાબે નથી પણ સરકારને તાબે હોવાથી તેના નોકરોને નિયમિત પ્રોમોશન અને પેન્શન્ પણ મળે છે. ત્યાંની દેશીશાળાઓના છ વર્ગ કરેલા છે, અને તેના શિક્ષકોને રહેવાને ઘર ઉપરાંત ૩૬ થી ૮૦ પૌંડ સુધી વાર્ષિક પગાર મળે છે. આ પગાર પૂરતો છે એમ ધારવામાં નથી આવતું, તેથી જેમ આપણે અહીં શિક્ષકોને પોસ્ટ ખાતાનો લાભ આપવામાં આવે છે તેમ ત્યાં પણ, શિક્ષકોને શાળાના વખતની બહાર કોઇ પણ ધંધો કરવાની અથવા સ્થાનિક રાજ્યવ્યવસ્થામાં નોકરી કરવાની છૂટ છે.

કન્યાપાઠશાળા—કેવળ હિંદુ સ્ત્રીઓથી ચાલતી આ કન્યાપાઠશાળા દેહેરાદૂન નામે એક કસ્બામાં છે. આ પાઠશાળાની સ્થાપના ૧૯૦૨ માં થઇ હતી. શ્રીમતી કેરાદેવી અને શ્રીમતી કેશવીદેવી નામે બે ગૃહસ્થ સ્ત્રીઓએ રૂ ૩૦૦૦ આપી આ કન્યાશાળા સ્થાપન કરી હતી અને માસિક ૬૬ રૂ. ઉત્પન્ન થાય એટલું ફંડ પણ ઉભું કરેલું હતું. સરકાર તરફથી દર માસે રૂ[illegible] ગ્રાંટ મળે છે. શ્રીમતી મહાદેવી લેડી સુપ્રીન્ટેન્ડન્ટ છે. ગામની નર પ્રતિષ્ઠિત સ્ત્રીઓની રૂ[illegible] મેનેજીંગ સબ કમિટિ નીમી છે જે શાળાના કામની દેખરેખ તથા વ્યવસ્થા રાખે છે. કેટલીક સ્ત્રીઓ ઓનરરી શિક્ષક તરીકે શાળામાં કામ કરે છે. હાલ ૩૫

બાબતો ૧૫ કન્યાઓ છે અને ૬૭ બચ્ચાંઓ થતાં બધાં છે. આ કન્યા પાઠશાળામાં નીચે પ્રમાણે વિષયો શીખવાય છે —


(૧.) ધાર્મિક શિક્ષણ.	(૭) વિદ્યાના મૂળતત્વો.
(૨.) સંસ્કૃત.	(૮) ગાયન (ભજન અને કીર્તન).
(૩.) બાળબોધ વિધિ	(૯) રમોદ.
(૪.) બગાસી અને અંગ્રેજી (બન્ને અપેક્ષિક).	(૧૦) સીવણ, મોજાં કામ, ગૂંથણ અને ભરત કામ.
(૫.) અંકગણિત.	(૧૧) આરોગ્યવિદ્યા
(૬.) ઇતિહાસ અને ભૂગોળ.	

સ્ત્રીકેળવણીના વધારા માટે બીજાઓનો આવો કુમળાશ જ્યાં હોય ત્યાં જરૂરીયાત ઇચ્છિત સુધારણા થઇ શકે છે, અને અનિષ્ટ પરિણામ આવતું નથી.

વિદ્યાર્થકસમાજ—અમો આમમાં વીસનગર ખાતે એક વિદ્યાર્થકસમાજ ભરવામાં આવ્યો હતો. ૫૦ વિદ્યાર્થી એકત્ર મળ્યા હતા પ્રમુખ સ્થાન શા. ગોકળદાસ મથુરદાસ શાહ, બી. એ., એલ. એલ. બી. ને આપવામાં આવ્યું હતું. ઇશ્વરસ્તુતિ, શ્રીમંતપ્રશંસા, બત્રીસ થાડ શારીરિક કેળવણી વિષે વાસણા શાળાના મેડીતાજી જયશંકર ભટ્ટે ભાષણ આપ્યું હતું તથા પ્રમુખે વિવેચન કર્યું હતું તે પછી છોકરાઓને સીટી વગાડીને કવાયત કરાવી હતી. બાદ સભાના ભાષણો તથા ચર્ચાઓ થયા હતા તે પછી કવિત પાઠ આપી બતાવવામાં આવ્યા હતા તથા છેવટે શ્રીમંતનો ઉપકાર માની સભાજ વિસર્જન થયો હતો. વિદ્યાર્થી જ્યારે પોતાનું કર્તવ્ય સમજતા થશે ત્યારેજ આવા સમાજો ભરવાનો હેતુ સફળ થયો એમ આપણે સમજીશું.

ઇતિહાસનું શિક્ષણ—ઇતિહાસના શિક્ષણ માટે પાઠ્ય અને ઘણીવાર વિવેચન કરેલું છે, એમ છતાં જુદા જુદા વિચારોનો સમૂહ કરવાને ઉત્સાહી શિક્ષકો સદા તત્પર હોય છે ઇતિહાસ શીખવવાની જુદી જુદી રીતો પૈકી બ્યાખ્યાન પદ્ધતિ, વિવેચન પદ્ધતિ, આલેખન પદ્ધતિ (નોટ કરાવવાની પદ્ધતિ), અને સંભાષણ પદ્ધતિ, વગેરે ઘણીક પદ્ધતિઓ પ્રસિદ્ધ છે કેટલાક અનુભવી શિક્ષકો એમ પણ માનતા લાગ્યા છે કે કથન પદ્ધતિ અથવા રમમય વાર્તારૂપે ઇતિહાસ બાળકોના આગળ મૂકવો એ વધારે અનુકૂળ છે, પણ ઇગ્લાંડના હાલના એક સામાયિકમાં નાના બાળકોને ઇતિહાસ શીખવવાની એક નવીન પદ્ધતિની બતાવવામાં આવે છે તે કહે છે કે ઐતિહાસિક જુદા જુદા બનાવોની એક રમમય વાર્તા કરીને તે વિદ્યાર્થીઓ આગળ કહી જવી પછી ઐતિહાસિક પાત્રોના પ્રતિનિધિ પાત્રો વર્ગમાંથી ચુંટી કાઢવાં અને તે બનાવ ખરેખરો બનતો હોય તેમ તેમની પાસે અજવી બતાવરાવવો. આ ઉપરથી બાળકો સમજશે કે ઇતિહાસ એ ખરો બનેલો બનાવ છે—ગોઠી કાઢેલી વાત નથી. બધા બાળકોનું શિક્ષણ આમ આપી શકાય કે નહિ, તે શિક્ષકની કેળવણી ઉપર રહેશે, પણ ઇતિહાસના શિક્ષણદ્વારા બાળકોનો મનોરંજન આપી વિદ્યાળુ બનાવવાનું જે આનંદનું સ્થળ છે એવો તેમને અનુભવ કરાવવાની સાથે આવો તેમને શિક્ષણ આપી શકાય એ

આર્ય કિન્ડરગાર્ટન.



(પાછલા માસથી ચાલુ.)

મનુષ્ય ને પ્રાણી વચ્ચે મહાન ભેદ એ છે કે પ્રાણી જન્મે છે ત્યારથીજ પોતાના જરૂર પડતા સંપૂર્ણ જ્ઞાન સાથે જન્મે છે. પ્રાણીનું બચ્ચું કેવી રીતે ચાલવું, પોતાનો ખોરાક કેવી રીતે શોધી કાઢવો, શત્રુથી પોતાનું રક્ષણ કેવી રીતે કરવું, તે જન્મથીજ જાણે છે પરંતુ મનુષ્ય જન્મે છે તે વખતે નિરાધાર ને અપૂર્ણ જ્ઞાનવાળું હોય છે. ઇશ્વરે તેનામાં મનુષ્યત્વ ખીલવવાની શક્તિ મૂકેલી છે કે જેથી રફતે રફતે તે જ્ઞાનમાં તે પ્રાણી કરતાં ચઢી જાય છે, એટલુંજ નહિ પરંતુ મહાપ્રયાસે ઇશ્વરત્વના પદને પણ પ્રાપ્ત થવાને શક્તિમાન થાય છે, હવે એ સવાલ ઉત્પન્ન થાય છે કે તે જ્ઞાન કેવી રીતે બાળક સંપાદન કરે છે. બાળક **આબતરાથી** જ્ઞાન સંપાદન કરે છે; તે સર્વ દિશામાં ચાલી જુએ છે, સઘળી વસ્તુઓનો સ્પર્શ કરે છે, અને તેમાંથી પોતાને જે ઉપયોગી ને લાભપ્રદ જ્ઞાન માલુમ પડે છે, તેનું ગ્રહણ કરે છે. જે નિયમ શારીરિક સૃષ્ટિમાં લાગુ પડે છે તેજ નિયમ માનસિક સૃષ્ટિમાં પણ લાગુ પડે છે. તે બધા પ્રકારના વિચારો કરે છે, ને તેમાં જે તેને જનસમૂહને ઉપયોગી લાગે છે, તેનો સ્વીકાર કરે છે. આ રીતે બાળકો સઘળા વસ્તુઓના **આબતરા** કરે છે; તેમાંથી સારૂં ને નરસું શું તેનો નિર્ણય કરે છે, ને જે સારૂં નીવડે છે તેને વળગી રહે છે. **મનુષ્યત્વનો આ ખાસ ગુણ છે.** અને આ ગુણની અભિવૃદ્ધિ વિશેષ કરીને બાલ્યાવસ્થામાંજ થાય છે. જો આ પ્રમાણે સ્થિતિ હોય તો બાલ્યવસ્થામાં બાળકની આસપાસ સત્ય, સદ્‌ગુણ, સૌંદર્ય ને પ્રેમનું વાતાવરણ પ્રસારવું જોઇએ. આ કામ ઘણું કરીને માતાને કરવાનું હોવાથી સ્ત્રીકેળવણીની કેટલી આવશ્યકતા છે તે સિદ્ધ થાય છે.

કેળવણી કેવા પ્રકારની આપવી જોઇએ ને તેનો શો ઉદ્દેશ જોઇએ તે વિષે બે બોલ બોલી. અમે આ વિષય પૂરો કરીશું અને પ્રસંગ આવ્યે હવે પછી કિન્ડરગાર્ટન એટલે શું, તેનો શો ઉદ્દેશ છે, તેમાં કેટલી બક્ષીસો છે, ને દરેક બક્ષીસોમાં શું શું આવે છે, વગેરે જાણતો અમારા સુજ્ઞ વાચક વર્ગ સમક્ષ મૂકીશું.

બાળકોને એવા પ્રકારની કેળવણી આપવી જોઇએ કે જેથી તે નિશાળ છોડી જીંદગીમાં જોડાય ત્યારે તેને જાણે કોઇ નવાજ પ્રદેશમાં પ્રવેશ કર્યો છે એમ ન લાગે. કેળવણી ને જીંદગીને અરસપરસ ઘાટો સંબંધ હોવો જોઇએ.

કેળવણી એ આત્મ ઉન્નત્યર્થે નથી પરંતુ જનહિતાર્થે છે તે વાત તેણે સમજવી જોઇએ. આવા પ્રકારનો સંબંધ હોવાનાં ત્રણ કારણો છે.

૧. આત્મ-પોષણ કરવાને લાયક બાળકોને તૈયાર કરવાં એ શાળાનું પ્રથમ કર્તવ્ય છે.

૨. શાળામાં બાળકોને એવી રીતે કેળવવાં જોઇએ કે તે જનહિત ખાતર પોતાના હિતનો ભોગ આપે.

૩. શાળા ને જીંદગી એ પરસ્પર ભિન્ન નથી પરંતુ એક છે તેવું જ્ઞાન બાળકના મનમાં ઉતારવું જોઇએ. મનુષ્યના જન્મથી મરણ પર્યંત કેળવણીની ક્રિયા ચાલુ રહે છે. કેળવણીની શરૂઆત જન્મ અગાઉથી થાય છે ને તે મરણ પછી પણ ચાલુ રહે છે, એ વાત પુનર્જન્મ માનનારાને અસંભવિત લાગશે નહિ દરેક વસ્તુ કે જેને આપણી જીંદગી સાથે સંબંધ છે, અને જે આપણા વિચારને લક્ષણ બાંધવામાં મદદ રૂપ થઇ પડેછે, તે આપણને કેળવણી રૂપછે. શાળા માત્ર આ કેળવણીનો એક અંશછે શાળાનું મુખ્ય કર્તવ્ય એ છે કે જ્યારે મનમુકોમળ સ્થિતિમાં બહારની છાપ ગ્રહણ કરવાને લાયક હોયછે ત્યારે તેના ઉપર સદ્‌ગુણો ને લક્ષણના બીજનું દૃઢ આરોપણ કરવું. આની અસર જીંદગી પર્યંત પહોંચે છે, માટેજ શાળ નું કર્તવ્ય મહત્તમ કહેવાય છે. આ સંસારરૂપી રણભૂમિ ઉપર મનુષ્યને જે વેષ ભજવવાનો છે તેની પાત્રતા સંપાદન કરવાને શાળા એ નાટકની આરૂક રિહર્સલ રૂપ છે. શાળામાં રોપાએલા સદ્‌ગુણો યા દુર્ગુણોદિનાં બીજ જીંદગીમાં ફળપ્રદ નીવડે છે. શાળા એ બાળકને જીંદગી માટે તૈયાર કરે છે, એટલું જ નહિ પરંતુ તે જીંદગીનો એક અંશ છે. શાળા ને જીંદગીમાં સંપાદન કરેલી કેળવણી પરસ્પર વિરોધી નથી પરંતુ પરસ્પરાપેક્ષી છે.

K. P Upadhyaya.
એજ્યુ ઇન્સ્પે. સ્ત્ર. પોરબંદર.

ઐતિહાસિક ચરિત્ર.

સુલતાન રજીઆ બેગમ.

(લેખક-નર્મદાશંકર લાલશંકર ત્રિવેદી બાદશાહ)

સુલતાન રજીઆ બેગમ દિલ્હીના ગુલામ વંશના ત્રીજા બાદશાહ અલ્તમશની પુત્રી હતી. આલતમશ તાતારના એક અમીરનો ખાંગે પુત્ર હતો. એને તેના પિતાએ બાદશાહને

અંદર અંદર દ્વેષ હોવાથી એક વખત શિકારને બહાને તેડી જઈ એની પાસે જે કઇ દ્રવ્ય હતુ તે સર્વે લુંટી કપડાં લત્તાં ઉતારી ગુલામ તરીકે એક સોદાગરને ત્યાં વેચી આવ્યા. આ બાળવયના ગુલામને તે સોદાગરે વળી બુખારાના એક શાહજાદાને ઘેર વેચ્યો. ગુલામ ખુબ સુરત હોવાથી શાહજાદે વિચાર્યું કે જેવું એનું રૂપ છે તેવીજ એની બુદ્ધિ હોય તો પછી એનામાં કાંઇ ન્યૂનતા રહે નહિ. એમ ધારી અલ્તમશને ઉંચા પ્રકારની કેળવણી આપવામા આવી હતી, પરન્તુ શાહજાદાના મરણ પછી વળી ભાગ્યદેવીએ બીજા એક સોદાગરને ત્યાં એ રત્ન વેચાતું અપાવ્યું, જે એને ગીજની (જે તે સમયમાં મધ્ય એશિઆની રાજ્યગાદીનું શહેર હતું) માં લઇ આવ્યો. ગીજનીનો હાકમ સુલતાન મહમદ ઉર્ફે શાહબુદ્દીન ગોરી હતો. તેણે એની સુંદરતા અને હોંશીઆરી સાંભળી એને ખરીદવા ઘણી ઉત્સુકતા દેખાડી, પણ તેના માલિકે તેના હદ ઉપરાંત પૈસા માગ્યા. એટલા પૈસા દેવાની બાદશાહની મરજી ન હોવાથી સોદાગર વળી એને પાછો બુખારા લઇ ગયો. થોડા દિવસ પછી સુલતાન મહમદનો પ્યારો સિપાઇ સાલાર (સેનાપતિ) કુતુબ-અલ-દીન બાદશાહ પાસેથી આજ્ઞા લઈ એને ૫૦ હજાર રૂપીઆમાં વેચાતો લઇ આવ્યો, અને પોતાને ઘેર રાખ્યો. ત્યાં એણે પોતાના ડાહાપણ અને હોંશીઆરી તથા મોહક ચહેરાથી બધાને રાજી અને વશ કરી દીધા. સર્વ કોઇ એને ચહાવા લાગ્યા. પોતાની બુદ્ધિવડે અલ્તમશ શનૈ: શનૈ: વૃદ્ધિ પામતો ગયો અને ઉત્તરોત્તર પદવીએ ચઢતો ગયો. છેવટે એને ગુલામગીરીથી સ્વતંત્ર કરી કુતુબ-અલ-દીને પોતાની પુત્રી પરણાવી. સુલતાન મહમદગોરીના મોત પછી કુતુબ-અલ-દીન દિલ્હીનો બાદશાહ થયો, ઇ. સ. ૧૨૧૫. કુતુબ-અલદીનના મુઆ પછી તેના પુત્ર આરામશાહને ગાદી મળી ઇ. સ. ૧૨૧૯. પરન્તુ તે નિર્બળ હોવાથી થોડી મુદતમાં તેને પદભ્રષ્ટ કરી તેનો બનેવી અલ્તમશ ગાદીપર બેઠો, ઇ. સ. ૧૨૨૦. અહા! ભાગ્યદેવી શું નથી કરી શકતી!! જે બાળપણથીજ ગુલામ તે વળી દિલ્હીનો બાદશાહ થયો ત્યારે તૃણનો મેરૂ કે બીજું શું! કહેવત છે કે " પુરૂષના નસીબ આગળ પાંદડું છે! " માટે ખરેખર પુરૂષ પ્રયત્ન કરે તો ભાગ્ય સહાય કરેજ કરે.

અલ્તમશને ઘણા બાળકો હતા પરન્તુ તેમાંથી રજીયા બેગમ સર્વથી મશહૂર અને નામદાર થઇ ગઇ છે. રજીયાનું સૌંદર્ય, લાવણ્ય અને માધુર્ય અલૌકિક હતું. એક મુસલમાન ઇતિહાસ લખનાર લખે છે કે એના સૌન્દર્યની જ્યોત્સ્નાનો પ્રકાશ એટલો બધો હતો કે તેના પ્રતાપથી અન્ન પણ રંધાઇ જાય! એના પિતાને તે પ્રાણ સમાન વાહાલી હતી. સર્વ કુટુંબમંડળ અને અમીર ઉમરાવો એના ઉપર વારી જતા હતા, અને તેને રાજદરબારનો શૃંગાર સમજતા હતા. રજીયાના અલૌકિક સૌન્દર્યે ઘરના અને બહારના સઘળા માણસોનું ધ્યાન ખેંચ્યું હતું. આ બાળાના નિર્દોષ રૂપને નિહાળી પ્રેમી જનો અથાગ આનંદ મેળવતા હતા, અને એની રસિક બાની ઉપર પોતાનો જન કુરબાન કરતા હતા. એની દિવ્ય કાંતિથી ઝળકી રહેલા ગૌર શરીર તરફ નજર કરતાં એમ માલૂમ થતું હતું કે ઇશ્વરે તેને ખરેખર બાળપણમાંજ ધોળી હોવી જોઇએ. તેના શરીરમાં હમણાં યૌવનનાં સર્વ લક્ષણો છોડી જીંદગીમાં જોડાય ત્યા અપ્રકટ હતાં; હસી ઉઠેલાં બને નેત્રોમાં યૌવનની પ્રભા એમ ન લાગે. કેળવણી ને જ થયેલા પ્રવાહસમ ઘેરા રંગના સ્વર્ગીય અમૃતથી ભરેલા દેહાલય છવાઇ રહ્યું હતું. તે મુખ અને યૌવન બને

વચ્ચેની અવસ્થાને અનુભવતી હતી કુદરતી રૂપનાજ ભંડારમય દિવ્ય સુંદરીના, પૃથ્વીને પણ રૂપવતી બનાવતા તેના અવર્ણનીય સૌન્દર્યને નિહાળીને અનેક સુંદરીઓ પણ પોતાનું મસ્તક નમાવી—અરે સૌ કોઇ તેના અલૌકિક સૌન્દર્યની પાસે કૃતજ્ઞ હૃદયથી પોતાનું મસ્તક નમાવી તેના સૌન્દર્યને માન આપતા હતા. રજીયા અનિર્વચનીય બાહ્ય સૌન્દર્યથી ભરપુર હતી એટલુંજ નહિ પણ તેના આંતરિક સૌન્દર્યે પણ તેની કીર્તિમાં વધારો કરી તેનું હૃદય ઉદાર, પવિત્ર અને મરહબાથી ભરપુર કર્યું હતું. જો કે એની જનેતા બિલકુલ ખરાબ હતી; તે એવી કઠોર દિલની અને જુલમગાર હતી કે સર્વ કોઇ તેને દેખતાજ ધ્રુજતું હતું અને દૂર નાસતું હતું, વળી તે અલંત, ક્રોધી, ઇર્ષ્યાવાળી અને અલ્પ બુદ્ધિની હતી. તોપણ તેની પુત્રી આપણી કથાનાયિકા તેવી ન નીવડતા દિવસે દિવસ સદ્‌ગુણોસ પન્ન થતી ગઇ હતી. સ્ત્રી તો શું પણ પુરૂષોનું પણ શાણપણ એના આગળ તુચ્છ હતુ એના પિતાએ એને બાળવયમાં ઘણી ઉત્તમ પ્રકારની ગૃહકાર્યની તેમજ રાજનીતિના વિષયોની કેળવણી આપી બહુ પ્રકારની ક્રિયામા હોશીઆર કરી હતી, જેથી કરીને તે લખવા વાંચવામાં, ભરતાદિ ભરવામા, ચિત્રો આલેખવામા, તેમજ ધર્મસબન્ધી અને રાજનીતિ સબન્ધી મન્ત્રો મસલતોમા ઘણી પ્રવીણ હતી મશહુર કુતુબમિનાર જે દિલ્હીની નજદીક છે, અને જેને જોવા માટે દૂર દેશના માણસો આવે છે, તે કુતુબદીને પોતાનું મરહુ થવાથી અધૂરો મુકો હતો અને અલ્તમશે તે આ વખતે પુરો કરાવ્યો હતો. કહેછે કે મિનારનું કામ પુરૂં થયા પછી એ પોતાના પિતા સાથે તેના દર્શન કરવા ગઇ હતી, અને ત્યાં જઇ દિલ્હી શહેરનો ચોતરફી કુદરતી અને માનુષી દેખાવ જોઇ ઘણી ખુશી થઇ ગઇ હતી અને તે ખુશાલીમા તેણે તેના પિતાની તારીફના બેત (કાવ્ય) મિનારપર કોતરેલા છે. એ પરથી સાબિત થાય છે કે એ કાવ્યકળામા પણ નિપુણ હતી

ઇ. સ. ૧૨૨૬ માં અલ્તમશ બાદશાહ મોટું કટક લઇ જે મુલક હાલ હિંદુસ્તાનની દક્ષિણમાં જીતાયલા નહોતા તે ઉપર ચઢાઇ લઇ ગયો, અને તે છતવામા એને હરેક પ્રકારે વિજય મળ્યો. એ કામમાં એને છ વર્ષ લાગી ગયા. તે દરમ્યાનમા રાજ્યસભામાં સવાલ ઉઠ્યો હતો કે બાદશાહની ગેરહાજરીમાં રાજ્યકારભાર કોના હાથમા સોંપવો ? તે વખતે સઘળા અમીરોએ એકમત થઇ એ અખત્યારી રજીયા બેગમને સોંપી અને બાદશાહના પ્રતિનિધિ તરીકે એને તખ્તપર બેસાડી. જો કે એને ભાઇઓ હતા પણ તે લાયક ન હોવાથી બેસાડવામા આવ્યા નહિ. બાદશાહે પોતાના હાથથી પોતાની પ્યારી પુત્રીને તખ્તપર બેસાડી પોતાના વજીરો અને અમીરોને કહ્યું કે આ રાજ્યનો સઘળો ભાર મારા પુત્રોને માટે નહોતો બાકે હોવાથી તેમનાથી જુદો થઇ શકાને નહિ—કદાપી ૨૦ જણ એકઠા થઇએ તો પણ—તે મારી આ કામળા અને નાજુક બાળા મારે હું બિલકુલ હલકો સમજું છું. કેમકે બુદ્ધિશાળીએ એને મોટું અંત:કરણ બક્ષ્યું છે, જેથી એ સર્વ કરતા વધારે મહત્વાકાંક્ષી, બુદ્ધિશાળી, કાર્યકુશળ અને વિવેકી છે. ખરેખર હતું પણ તેમજ. બાદશાહની ગેરહાજરીમા રજીયા બેગમને એની હિંમત અને હોંશીઆરીથી રાજ્યકારભાર ચલાવ્યો અને એવો અદ્‌લ ન્યાય પ્રમાણિકપણે કર્યો કે સર્વે તેનાથી રાજી થયા રાજ્યના અધિકારીઓ પણ તેનું બુદ્ધિકૌશલ્ય, કાર્ય કરવાની ઉત્તમ રીત, સૂક્ષ્મ વિચાર પદ્ધતિ, રાજ્યધુરા ધારણ કરવામા દક્ષતા, કે કોઇ પણ કામમાં અસાધારણ માદ્દમ અને નિડરતા વગેરે જોઇને ખુશી

જોઇને આશ્ચર્ય પામ્યા. તેના પોતાના ભાઇ પણ કબુલ કરવા લાગ્યા કે બેશક એજ રાજ્ય કરવાને લાયક હતી, અને પિતાએ એ ડહાપણનું કામ કર્યું કે રાજ્યની દોરી અમારા હાથમાં ન આપતાં રજીયાને આપી. ઇ. સ. ૧૨૩૨ માં જ્યારે અલ્તમશ દિલ્હીમાં પાછો આવ્યો ત્યારે રજીયા બેગમે હકુમતની લગામ પિતાના હાથમાં પાછી સોંપી અને પોતે ગૃહકાર્યમાં તથા વિદ્યાભ્યાસમાં મશગુલ થઇ રહી.

ઇ. સ. ૧૨૩૬ માં બાદશાહ મુલતાન તરફ જવાની તૈયારી કરતો હતો તેવામાં બિમાર થઇ ગયો અને જલદીથી તેના પ્રાણ ઇશ્વરના પરમ પવિત્ર શાંતિમય સ્વર્ગ લોકમાં સિધાર્યા. તેની પ્યારી પુત્રીને પિતાના પ્રાણોત્સર્ગથી અત્યંત શોક અને અફસોસ થયો. અલ્તમશના મરણ પછી શહેનશાહતમાં અંધાધુંધી શરૂ થઇ. કારણ કે તેનો પુત્ર ફીરોજશાહ ઉર્ફે રુકનુદીન રાજ્યાસન ઉપર બેઠો, પણ તે નાહિંમત અને બદચાલનો હતો, અને સર્વ પ્રકારે પોતાની દુર્ગુણી દુષ્ટ માને વશ હતો. તેણે સઘળી રાજ્યલગામ પોતાની માના હાથમાં આપી પોતે ઐશઆરામ અને મોજમજાઓ ભોગવવા લાગ્યો. ફીરોજે નીતિ, વિવેક, ધર્મ અને બીજા સદ્‌ગુણોને હમેશાંને માટે પોતાના હૃદયમાંથી દેશવટો આપ્યો હતો. તે પ્રકૃત્યોના ભાન વગરનો હોઇ રાત્રીદિવસ ઉંચી જાતના શરાબો પીવામાં, વેશ્યાના નાચરંગો અને તમાસાઓ જોવામાં, તથા કુલટા સ્ત્રીઓની સાથે વિલાસો કરવામાં જ કાળ ગાળતો હતો અને ખૂબ પૈસા લુંટાવતો હતો. એથી કરીને સર્વ પ્રજા કાયર થઇ કંટાળી ગઇ. તેની માએ પણ બેહદ જુલમ ગુજર્યો હતો, જેથી સર્વે અમીર ઉમરાવ પણ બેજાર થઇ ગયા અને છેવટે મુલકમાં ફિસાદ ઉભો થયો, અને રૈયતે એકદમ ફિરોજને પદભ્રષ્ટ કર્યો. હવે વળી સવાલ ઉઠ્યો કે તખ્ત પર કોને બેસાડવો? સર્વની દૃષ્ટિ રજીયાબેગમપર પડી અને સર્વેએ કહ્યું કે એનાથી વધારે યોગ્યતાવાળો હાકેમ આપણને કોણ મળશે? પછી તેઓએ તેની ઘણી વિનંતી કરી કે તું ગાદીપર બેશ. પ્રથમ તે ના કબુલ થઇ, પણ જ્યારે તેણીએ જોયું કે સર્વની મરજી ઘણી છે સારે આખરે કબુલ થઇ અને સુલતાન રજીયાના નામથી રાજ્યાસનપર બેઠી. (અપૂર્ણ.)

પ્રાણી સંબંધી પાઠો.

(લખનારઃ કાશીરામ પ્રાગજી ઉપાધ્યાય, બી. એ.)

પાઠ ૨૩ મો.

કૂતરો.

કૂતરાના સ્વભાવ, ટેવ તથા ખોરાક માટે બાળકો જે જાણતા હોય તે કહાવી આ પાઠની શરૂઆત કરવી.

કૂતરો એ બહુ [illegible] પ્રાણી છે. તે એટલો બધો નરમ ને આજ્ઞાકિંત છે કે તેને જલદીથી શીખવી [illegible] તરાના કરતાં બીજું કોઇ પ્રાણી પોતાના ધણી પ્રતે વફાદાર અને પ્રેમાળ [illegible] દાસ્ય છ [illegible] કોને સમજાવવો.—

બિલાડી ને [illegible]

બિલાડી માણસના કરતાં જે ઘરમાં પોતે રહેતી હોય તે ઘરને બહારે ચાહતી હોય એમ જણાય છે. કૂતરો પોતાના ધણીને માટે બહુ ચાહના રાખે છે જે સ્થળે પોતે રહેતો હોય તેની તે દરકાર કરતો નથી.

પ્રશ્ન—જ્યારે કૂતરો કોઇ અજાણી બિલાડીને જુએ છે ત્યારે તે કેવી રીતે વર્તે છે તે બાબતો પાસે કહાવજો.—

૨. કૂતરાના શરીરની રચના.

(૧) શરીર—બિલાડીના શરીર કરતાં કૂતરાનું શરીર વધારે લાંબુ અને ઉંચી બાંધણીનું હોય છે પરંતુ બિલાડીના શરીર માફક તેના શરીરનું દેખાવ (આકાર) ગોળ હોય છે.

કેટલાક કૂતરાને લાંબા ચુળવાળા પગ હોય છે બીજાને ટૂંકા પગ હોય છે તે સારૂ પ્રયોજકાર્યને બાબતે પાસે કહાવવાની જરૂર છે

કૂતરાના પગ નાજુક પરંતુ બહુ મજબૂત હોય છે દોડવાના કામમાં તે આવે છે કૂતરાની જાતી બતાવી બાળકોને કહેવી કે તે ઉંચી તે પડોળી હોવાનું કારણ એ કે તે વડે કૂતરો ખૂબ દોડી શકે. આ બાબતો બહુ સારૂ હોવાનાર છે

૨. પગ—બિલાડીના પગ માફક કૂતરાના આગલા પગને પાંચ તે પાછલાને ચાર આંગળાં હોય છે આંગળાંને ગાદી જેવી હોય છે કારણ કે બિલાડી તે માફક કૂતરો પણ આંગળાં ઉપર ચાલે છે. દરેક આંગળાને નહોર વાંકા વળેલા મજબૂત નહોર હોય છે

બિલાડી જ્યારે ખુશ મીજાજમાં હોય છે ત્યારે તેના નહોરને માંસ વચ્ચે સંતાડી દે છે જ્યારે ક્રોધે થાય છે ત્યારે તે તેને બહાર બહાર કાઢે છે તે જ્યારે ચાલે છે ત્યારે તે પોતાના નહોરને ઉપાડેલા રાખે છે તે વાત આપણે આગલા પાઠમાં શીખી ગયા. કૂતરો આ પ્રમાણે કરી શકતો નથી જ્યારે તે ચાલતો હોય છે ત્યારે પણ તેના પંજાના નહોર હરેક પગલે જમીન માંયે અથડાય છે તેના પગ માંયે જાડેરી ગાદીઓ આ બાબતમાં તેને કાંઇ મદદ રૂપ થતી નથી. આ ઉપરથી નિદ્ધ થાય છે કે જ્યારે કૂતરો ચાલે છે ત્યારે અવાજ થાય છે. અને તેના નહોર જમીન માંયે કાયમ અથડાવાથી તે બુઠ્ઠા થઇ ગયા છે બિલાડીના સબ પગમાં આ નહોર અણીદારના છે અને ચાલવાથી અવાજ થતો નથી તે વાત ઉપર બાળકો નું ધ્યાન ખેંચવું.

કૂતરાઓ રોટલો તે તેના પદાર્થોને શા માટે જમીનમાં દાટે છે તે વિષે બાળકો પાસે વિચાર કરાવો.

કૂતરો જમીનમાં ખાડો ખોદીને તેમાં રોટલો સંતાડે છે. પંખીઓ પકડાડે તે જમીન ખોતરે છે અને ખાડો છે આ પદાર્થોને ખાવાના માટે બનાવેલા નથી પરંતુ ખોરાકના કામમાં આવે માટે બનાવેલા છે.

૩ મોઢું—બિલાડીના કરતાં કૂતરાનું મોઢું વધારે અણીદાર હોય છે નીચલા જડબાને બિલાડીની માફક ઉપર તે નીચે એ પ્રમાણે બેઉ પ્રકારની ગતિ હોય છે અને તે બહુ મજબૂત છે દાંત અણીદાર તે તીક્ષ્ણ છે. તે બિલાડીના દાંત જેવા જ છે. તેને પદાર્થોને ચાવવા અથવા ચૂંથવા માટે નહિ પરંતુ તેના કટકા કરવા માટે બનાવેલા છે બિલાડી માફક કૂતરો પણ આંબાહારી છે કૂતરો તે બિલાડી ખાતાં નથી તે પોતાના

કોઇ એમ નહિ કહે કે અમે હિંદુ ધર્મ કે આર્ય ધર્મ માળીએ છીએ. આશ્ચર્યની વાત છે કે બધા હિંદુ ધર્મના ફાંટા છતાં હિંદુ ધર્મનું મૂળ સ્વરૂપ આજ કાંઇ રહ્યું નથી એટલે હિંદુ ધર્મ તે કયો એ સમજાવવાનું આજને સમે મુશ્કેલ થઇ પડેલું છે. પરદેશી માણસ આવીને કોઇ હિંદુને પૂછે કે હિંદુ ધર્મનું સ્વરૂપ શું તો તેને નીચું જ જોવું પડે. કુમકે સર્વમાન્ય એવો એક પણ ધર્મ આજ હિંદુસ્તાનમાં પ્રવર્ત્ત નથી. મૂળના વૈદિક ધર્મનું સમર્થન કરવા જતાં તેમાં પણ ભૂલો કાઢનારા ઘણા આર્ય મહાત્માઓ નીકળી આવશે. બધાજ સંપ્રદાય કે મતવાળા પોતાના ધર્મને હિંદુ ધર્મ કહેશે, છતાં તેમાંના કોઇ પણ વર્ગમાં સામ્ય માલમ પડશે નહિ. એ વિરોધને લીધે—અને વિરોધ તે ધર્મમાં રહેલાં નૈતિક તત્ત્વોનો નહિં પણ તેના રૂપ (form) નો છતાં દરેક ધર્મવાળા એક બીજા સાથે લઢી મરે છે. વૈષ્ણવ ધર્માંઓ શિવનું નામ દેતાં અભડાઇ જાય છે ને દેવીભક્તો શિવવિષ્ણુની ઠેકડી કરે છે. વળી જૈનોના ઉપર તેઓ નાસ્તિકતાનો આરોપ કરે છે ત્યારે જૈનો તેમના ધર્મને કુમાર્ગગામી, ઢોંગી ને હાસ્યાસ્પદ ગણે છે. એમ નાના મોટા પ્રત્યેક ધર્માંઓ એક બીજાની નિંદા કરવામાં જ મશગુલ રહેવામાં ધર્મનુતા સમજે છે. અને એટલું જ નહિં પણ ઇતિહાસ આપણને એમ પણ બતાવશે કે એ ધર્મોની ભિન્નતાએ તો લોહીની નીકો વહેવડાવી છે.

પ્રચલિત રિવાજ કહો અથવા વિશ્વનિયમે કહો, પણ માબાપ જે ધર્મ પાળતાં હોય તે તરફ બાળકનું પ્રથમ વલણ હોય છે ને ઘણું ખરું તે જ ધર્મ તે સ્વીકારે છે અને તે ધર્મને માટે મોટા માણસનાં કરતાં બાળકમાં વધારે તીવ્ર લાગણી હોય છે, એટલે પોતાના ધર્મની થતી નિંદા તે સાંખી શકતું નથી. કદાચ સાંખી રહે છે તો મનમાં મુંઝાયા કરે છે કે ઘેર જઇને પોતાના માબાપને કહીને નિંદા કરનારની સાથે ક્લેશ કરાવે છે. આ કારણથીજ શિક્ષકોએ ધર્મની બાબતમાં તટસ્થ રહેવાનું શ્રેય ગણેલું છે. જ્યારે પ્રજા જુદા જુદા ધર્મ પાળનારી છે ત્યારે તેમનાંજ બાળકો એટલે વિદ્યાર્થીઓ જુદા જુદા ધર્મ પાળનારાજ હોય અને એવા જુદા જુદા ધર્મના વિદ્યાર્થીઓનું સંમિશ્રણજ નિશાળમાં હોય છે. જ્યાં આવી સ્થિતિ છે ત્યાં કોઇની લાગણી ન દુઃખાય એવી રીતે ધર્મનું શિક્ષણ આપવાનું કામ કેટલું મુશ્કેલી ભરેલું છે તે સહેજ જાણી શકાય એવું છે.

ઉપરની મુશ્કેલીનો વિચાર કરતાં અમુક મત કે પંથ એવો ધર્મ શબ્દનો અર્થ પડતો મૂકી સામાન્ય અર્થમાં ધર્મ શબ્દનો વિચાર કરીશું અને તેમાં હિંદુ ધર્મનું સામાન્ય સ્વરૂપ શું હોવું જોઇએ તે જોઇશું. ધર્મ શબ્દનો વ્યુત્પત્યર્થ તો ધારણ કરનાર—અધઃપાત થતાં મનુષ્યને પકડી રાખનાર—એટલોજ થાય છે. ને એમાંજ ધર્મનું ખરું રહસ્ય સમાયલું છે. સામાન્ય કે વિશેષ ગમે તે અર્થમાં ધર્મ લો, પણ તેનું ખરું કામ તો આત્માને પવિત્ર કરવાનું અને ઉન્નતિને માર્ગે લઇ જવાનું છે. જે ધર્મ એ કામ કરતો નથી તે ધર્મ જ નથી. આજ કારણથી ધર્મ અધર્મ શબ્દનો પ્રયોગ ઘણી વખત પુણ્યપાપના અર્થમાં કરવામાં આવે છે. અમુક માણસ ધર્મી છે એટલે પુણ્યશાળી છે ને અધર્મી છે એટલે પાપાચરણી છે એમ ગમે તેવો અજ્ઞાન માણસ પણ સમજી શકે છે. ધર્મ એ ફરજ (duty) અથવા કર્તવ્યના અર્થમાં પણ ઘણી વખત વપરાય છે. અને સ્વધર્મે નિધનં શ્રેયઃ એમ કહી-

ને શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને અમુક મત કે પંથનો નહિ પણ કર્તવ્યનો જ બોધ કરેલો છે. "તે મતના ધર્મ તમારો" એમ કહેવામાં કવિ શ્રી દલપતરામે મત માનોને તેમનો ધર્મ નહિ પણ કરજ સમજાવી છે. આચાર. પ્રથમો ધર્મ" એમ કહીને એક કેળવણે આચારને ધર્મ કહેલો છે. પણ હું ધારું છું કે તે કેળવણે આચાર એટલે હાથ નહાવું ધોવું કે સ્નાન મધ્યા કરવી ને ધર્મને નામે શારીરિક ક્રિયાઓ કરવી એટલોજ એનો અર્થ થતો નથી, પણ તેની સાથે સારું વર્તન રાખવું તે થાય છે. આચાર તે આચરણના અર્થમાં છે, ને તે સારું રાખ્યાથી જ ઈશ્વર રાજી થાય; નહિ કે દીસાં ઠપકા કરીને ધર્મનો ખૂબ કોળ રાખીને મનોવૃત્તિઓને મલીન રાખે, અને ગુપ્ત રીતે, ઉપરથી ધાર્મિક કહેવાતા છતાં, અનેક કાળાં પોપાં કરે. તેથી સાત્વિક વર્તન તે જ ધર્મ છે. તે માટે જ કહ્યું છે કે ધર્મસ્ય પ્રભુરચ્યુતઃ. ઈશ્વર ધર્મનો બેલી છે ધર્મનો અર્થ કોઇ કોઇ વખતે નીતિ (Morality) અને ઈશ્વરપ્રાપ્તિનો માર્ગ (Riligion) થાય છે માટે ધર્મશિક્ષણ એટલે નીતિનું શિક્ષણ લઈશું તો તે સર્વમાન્ય થઇ પડે એમ છે, કેમકે નીતિના તત્વો એટલે સત્ય બોલવું, દયા, પરમાર્થ, પ્રમાણિકતા, ન્યાયવૃત્તિ, પ્રાણી માત્ર ઉપર માનની લાગણી વગેરે વિષયો કોઇ પણ પ્રજાથી કે ધર્મથી ના કહેવાય કે તેમાં વાંધો કાઢી શકાય કે તેમાં વાંધો કાઢી શકાય એવો નથી દરેક ધર્મમા ને દરેક પ્રજામાં નીતિથી ચાલવાને બોધ ગણેલું છે તે પ્રમાણે ચાલનારજ માન પામે છે ને તેથી વિમાર્ગી નિંદાય છે. કોઇ પણ ધર્મ એવો નહિ હોય કે જેમા અનીતિએ ચાલવાનું ફરમાન હોય. એટલે નીતિના શિક્ષણમાં સર્વ કોઈ સમત થશે એ વાત નિર્વિવાદ છે પરંતુ હાલમા આ રાજ્યની નિશાળોમા નીતિનું શિક્ષણ અપાય છે છતા ધાર્મિક શિક્ષણનો પ્રશ્ન ઊભો થયો છે તે ઉપરથી જણાય છે કે નીતિથી ધર્મ જુદોજ છે તેમ ઉપર કહેલા ધર્મના અર્થોથી પણ આ શિક્ષણ આપવાનો ધર્મ જુદો છે કેમકે તે અર્થો પણે એ નીતિ શિક્ષણને બળતા આપનારા જ છે. ત્યારે એ ધર્મ તે ઈશ્વરપ્રાપ્તિનો માર્ગ જ હોવો જોઇએ અને તે જે જુદા જુદા હિંદુ ધર્મના મત પંથો ઈશ્વરપ્રાપ્તિના માર્ગ તરીકે પોતાને ગણે છે તે નહિ, પરંતુ આખી હિંદુ પ્રજાને માટે એક સામાન્ય ધર્મ. હાલના જમાનામા એવો કોઇ સર્વસામાન્ય હિંદુ ધર્મ નથી; તેથી તેનું કોઇ નવું જ રૂપ કલ્પવું પડશે તેમ કરવાને માટે બધા પંથોમાં જે સામાન્ય તત્વો હોય તે બધા શોધી શોધીને તેનો સંગ્રહ કરવામાં આવે ને તેને જ એક હિંદુ ધર્મ તરીકે ઓળખવામા આવે તો બની શકે એવું છે.

(અપૂર્ણ.)

સુધી ખાડીમાં નાની બોટો આવ જા કરે છે. મારમાગોમથી મુંબાઇ દરરોજ બોટો આવ જા કરે છે તેથી વ્યાપારમાં બન્ને સંધાઇ ગયેલાં છે. અહીંથી નીચે દક્ષિણમાં ૪ દિવસે બોટ જાય છે અને ચોમાસાની મોસમમાં બંધ થાય છે, પણ કારવાર ટપાલની બોટ જાય છે. ઉત્તર તરફે મુંબઇ સાથે વ્યવહાર ચાલુ રહે છે. માંહેનો ભાગ રેલ્વેથી જોડાયો છે અને એ રીતે આ મધ્ય મથક થવાથી મોટું વ્યાપારી મથક થયું છે.

M. K. P.

સૃષ્ટિસૌંદર્ય.

અત્યુચ્ચ ગિરિશિખરપર અગ્નિરથ.

વરાળની યુક્તિ નીકળવાથી અગ્નિરથ વગેરે પ્રચારમાં આવી માણસને કેટલું બધું બ થયું છે! પણ માણસની સુખપ્રાપ્તિ હમેશા અપૂર્ણ રહે છે. પ્રત્યેક દિવસે નવી નવી બનાઓ કાઢી પોતાનો શ્રમ કમી કરવાનો અને સુખ વધારવાનો તેમનો ક્રમ શરૂ છે. ઇંગ્લંડ કરીને યુરોપખંડમાં ફ્રાન્સ, ઇટાલી અને જર્મની વચ્ચે એક નાનો દેશ છે. તે બહુ તો ડુંગરાળ છે તોપણ નિસર્ગ દેવતાનું એક રમણીય મંદિર ત્યાં હોવાથી તે ઘણો પ્રસિદ્ધછે. ત્યાં લુસર્ન કરીને એક સરોવર છે. તે સરોવરની પાસે રિધી નામનો એક પર્વત છે. તે પર્વતનો દેખાવ ચિત્તાકર્ષક હોવાથી સૃષ્ટિસૌંદર્યનો ઉપભોગ લેનારા પ્રવાસીજન તે સ્થળે વારંવાર જાય છે. પણ આ પર્વતની રચના અતિ વિકટ હોવાથી તદ્દર્શનોત્સુક પ્રવાસીજન તે ગિરિ પાસે જઇ નિરાશ થઇ પાછા જાય છે. આથી ત્યાંના લોકોએ તે પર્વત ઉપર રેલ્વેનો રસ્તો કર્યો છે. જ્યાં આગળ પહેલાં ચઢવું પણ મુસ્કેલ હતુ, ત્યાં અગ્નિરથમાં બેસી બેસી આરામમાં જઇ શકાય છે, એ શું થોડી આશ્ચર્યની વાત છે!

આ ગિરિશિખર પર માત્ર ઉનાળામાં રેલ્વે શરૂ હોયછે. કારણ, બીજા દિવસોમાં બરફ પડવાથી રેલ્વેને ઘણી ખાસ્તી હોય છે. આ રેલ્વેનું મુખ્ય સ્ટેશન વિટ્ઝનૌ છે ત્યાંથી આ ગાડી નીકળે છે. ગાડીની પોહોળાઇ ૧૦ ફુટછે અને તેમાં ૯ મુસાફર બેસી શકેછે. એક ડબ્બામાં એવી રીતે ૭ બાનાં હોવાથી ૫૪ માણસનો સમાવેશ થાય છે. આ ગાડીનું એન્જીન રોગાનની બાટલી જેવું હોય છે, અને તેની વ્યવસ્થા ઉત્તમ પ્રકારની હોય છે. આગગાડીના ડબ્બાની રચના એવી સરસ કરેલી હોય છે કે તેમાં બેસનાર આવેલા પર્વતની અપૂર્વ શોભા જોઇ શકે. આ ગાડી જેમ જેમ ઉપર ચઢે છે તેમ તેમ સુંદર દેખાવ નજરે પડે છે. પર્વત ઉપર વહેનારો પોલો જળપ્રવાહ, ઠેકઠેકાણે હરી ગયેલો દુગ્ધધવલ હિમપ્રદેશ, કટકેક કોસાજે બહાર નીકળી આવેલી ભયંકર કોર અને નીચે જોઇએ તો આંખો ફરી જાય એવી અત્યંત ઉંડી ગુફા, ઇત્યાદિ જોઇ પ્રવાસી જન પરમેશ્વરના ગુણ ગાય છે. નાના છોકરાઓ ભય પામી પોતાની માતાને બાઝી પડે છે અને બાયિક લોકો અમિરથમાં બેસી દુઃખિત રહ્યે સુરક્ષિત થઇ જવા માટે પરમેશ્વરની પ્રાર્થના કરે છે. આ દેખાવ ઘણો રમણીય લાગે છે આ રેલ્વેની એકંદર લંબાઇ ૭૯૫૦ સિગ ફુટ છે.

ઉપર કહેલી સ્ટીલ્ટ્રનોંડની-રેગીમોંહન રેલવે કરતાં બીજી એક 'આર્યંગારક રેલવે પ્રદારી દેશમાં પર્વત ઉપર બનેલી મોટ સાનમાલવાડોર નામે છે, તેનો દેખાવ બહોળ અને રંકાક છે. લુપ્તાનો નામનું આરપ્મ પર્વતની પાસે એક રમણિય સરોવર છે તેની સામે સા-નુસાલ્વાડોર નામનું એક શિખર છે. તે સરોવરમાં પ્રકાશની લીલા વિલક્ષણ થાય છે ય વારે જ્યારે સૂર્યનાં કોનેરી કિરણો આ સરોવરના જળસંચય ઉપર ચળકે છે, ત્યારે જાણે તે પર્વતને સોનાનાં બનેલા બાર્યા હોય એવો ભાસ થાય છે આ પર્વત ઉપર પરમેશ્વરની પ્રા બના કરવાનું મંદીર છે તેથી ઘણા ભાવિક લોકો વાર વાર ત્યાં જાય છે પણ ત્યાં જવું બહુ દુર્ગમ હોવાથી હાલમા રેલવે કરવામાં આવી છે

આ પર્વત ઉપર જવા માટે બે સ્ટેશનથી ગાડી ઉપડે છે તે સેગન લુપ્તાનો સરોવર પાસે છે અને તેને આકાશગ્રહમ (સ્વર્ગ) કહે છે કારણ તે સ્થળ બહુ રમણિય હોવાથી તે નામ તેને પ્રાપ્ત થયું છે આ રસ્તો એક મૈલ કરતાં વધારે લાંબો છે પર્વતના શિખર ઉપરનું સ્ટેશન સ્ટાર્ટિંગ પોઇન્ટથી ૨૬૦૩ ફૂટ ઉંચું છે અને પર્વતનું શિખર સમુદ્રની સપાટીથી ૨૬૮૨ ફૂટ ઉંચું છે. આ રસ્તાના મધ્ય ભાગે ૧૬૦૪ ફૂટ ઉપર એક નાનું સ્ટેશન હોઇ ત્યાં રેલવેને ઉપર ધકેલવા માટે એક વિદ્યુયંત્ર તૈયાર કર્યું છે આ સિવાય ત્યા એક વરાળનું એન્જીન મૂક્યું છે આ રેલવેનું બધું કામ ફ્યાનિનિવિચ નામની કુચર અને કપુરર નામની કંપનીએ કર્યું છે. આ દેખાવ એટલો સુંદર છે કે તેનું જેટલું વર્ણન કરીએ તેટલું ઓછું છે.

"ઇવનસ્ટીન ગીટીંગ" નામના વર્તમાન પત્રના અધિપતિએ પોતાના મિત્ર માંડળોને ખાસ સૂચના કરી છે કે જે કોઇ મુસાફરીના બાપ તેમણે આ સાનસાલ્વાડોર પર્વતનું દર્શન કરવાને કદી ચૂકવું નહિ. N

ઔદ્યોગિક શિક્ષણ.

(પૃ ૧૨૭ થી ચાલુ)

આબ્જનું બીજારોપણ, પોષણ તથા પરસ્પર સંપર્ક નષ્ટ થાય છે. અને તેને સ્વતંત્ર નિરીક્ષણ કરવાની તથા પ્રયોગ કરવાની કુશાગ્રબુદ્ધિ પ્રાપ્ત થાય છે બ્રહ્મજ્ઞ ગુરૂઓથી પ્રકૃતીની ગહનસૃષ્ટિનું જ્ઞાન થઇ બોળા બાળે ઇશ્વરના કર્તૃત્વનો મહિમા ન જાતાં તે ઇશ્વરના કર્તૃત્વનો કંઇક અંશ મનુષ્યથી નિર્મિત બુદ્ધિથી ઇશ્વરકર્તૃત્વનું ચિંતવન કરવાને સુયોગ્ય થાય છે. વનસ્પતિ શાસ્ત્રના જ્ઞાનથી ગુલાબના ફૂલમાં પણ એક જ્ઞાનનોન્મેષ હોય છે. બટેરના પુષ્પમાનો રેણુ અને મદન પુષ્પનો રેણુ ભિન્ન છે, બનફ્શા-ના પુષ્પની મંજરી ભિન્ન દેખાય છે પરંતુ પુષ્પરેણુના નિરીક્ષણથી તો એકજ વર્ગમાંના છે, એમ સમજાય છે. આવા આવા જ્ઞાનથી-નિરીક્ષણ શક્તિ વધે છે.

આજ પ્રમાણે ગણિતના જ્ઞાનથી-ગ્રહણ શી રીતે થાય છે, આપે થાય છે, મનોનું ભેદને કયાનું કારણ શું, ક્ષુધાનો અસ્તોદય ક્યારે થાય છે, વજનેરે નિર્ણય કરનાર જ્યોતિ-ષી કંઇ દૈવિક નથી, પણ ગણિતથી જ તેઓને આ બાબત સમજાય છે, એવું જ્ઞાન થતા મનુષ્યના મનનું ભોળાપણ નાશ પામે છે, પરિણામથી મળ નવા પુરાણા વર્ગ ક્રમ ઉપરથી

હાલના સમયમા વર્તનક્રમ કેવો રાખવો કે જેથી સંસાર સુખરૂપ પસાર થાય તે સમજાય છે વ્યાકરણ અને ભાષાશાસ્ત્રના યોગે એક નિયમનો અપવાદક શબ્દ લક્ષમા રાખવા માટે અધ્યયનનો વિકાસ કરવો પડે છે અને અધ્યયન તથા સ્મરણશક્તિનો વિનાસ તે બન્નેના રમા હમેશા ઉપયોગી થઇ પડે છે

શિક્ષણક્રમમા ધંધાને ઉપયોગી પડે એવા વિષયો દાખલ કરવાની અગત્ય નથી એમ ઉપર ટાંકેલા અભિપ્રાયથી જણાય છે પણ આ મત વધારે વજનદાર નથી કારણ ઔદ્યોગિક કેળવણી મળવાની પણ જરૂર છે ધંધાને લગતા કેટલાક વિષયને આપણા વિશ્વવિદ્યાલયના શિક્ષણક્રમમા દાખલ કરવામા આવ્યા છે ચિત્રકળા (Drawing) આ વિષય હાઇસ્કૂલોમા પણ દાખલ થયલો છે આથી ધંધા-શિક્ષણને ઉપયોગી બાબતોનો બહોળા વિષય પ્રમાણે શિક્ષણમા સમાવેશ થવાની જરૂર છે એમ અનુમાન કરવાને હરકત જેવુ નથી મનુષ્યને અનુભવ ઉત્તમ શિક્ષક છે એ વાત ખરી, પરંતુ અનુભવરૂપી શિક્ષકનુ વેતન (પગાર) જબરૂ છે માણસ, એકાદ ધંધાપર ચિત્ત લગાડીને ધંધો કરવો તથા તેમા નવો માર્ગ ખોળી કાઢવા પ્રયત્ન કરવો, ઇત્યાદિ બાબતોનો જેમને અનુભવ થયો છે, તેઓએ એવા ઉદ્‌ગાર કાઢયા છે કે,—

'પ્રથમના ધંધાથી લોકોને થયલા અનુભવ અને ફાયદાનુ શિક્ષણ જો એમની બાલ્યાવસ્થામા મળ્યુ હોત તો અમને કેટલોક અનુભવ મેળવવાને માટે જોઇતો વખત બચ્યો હોત અને દ્રવ્યહાનિ પણ કમી થઇ હોત ' આ અનુભવીઓના ઉદ્‌ગાર પરથી જણાય છે કે સામાન્ય શિક્ષણ ઉચ્ચ ખરૂ, તથાપિ સાંપ્રત કાળને અનુસરીને એકી વખતે સામાન્ય તેમ ઔદ્યોગિક શિક્ષણ આપવુ જોઇએ સામાન્ય શિક્ષણપર લોકરૂચિ કમી નથી તેથી તે શિક્ષણ સાથેજ ઔદ્યોગિક શિક્ષણ આપવાથી તેને વ્યવહારિક જ્ઞાન મળશે તો બન્ને હાર્યે સધાશે વળી સામાન્ય શિક્ષણથી મન મોકળુ થઇ, ઉચ્ચ મનોવૃત્તિ જાગૃત થશે

પૂર્વના શિક્ષણની દિશા

પૂર્વના શિક્ષણની રીતિ કેવી હતી તેનુ દિગ્દર્શન ઉપર કરાવ્યુ છે તેથી જણાશે કે પૂર્વના શિક્ષણનો હેતુ મનોવૃત્તિને જાગૃત કરવાને અને કર્મવૃત્તિને અટકાવવાને માટે વિશેષ હતો ગ્રેફ્રેમર મેકસ મૂલર પ્રભૃતિ તત્ત્વવેત્તાઓ, આર્યાવર્તને વ્યવહાર-નિરત કહેવા કરતા પરમાર્થ નિરત કહેવો એ ઠીક ગણ્યુ છે તો પણ આર્યાવર્તની કોઇ પણ કાળની સ્થિતિ લઇશુ તો તેમ કોઇ પણ પ્રાચીન મનુષ્યોની ઇતિહાસ લઇશુ તો, અથવા કોઇ પણ કાળમાના આપણા ગ્રંથનુ અવલોકન કરી જોઇશુ તો તેથી જણાશે કે વ્યવહારમા તેમ વ્યાપારમા આર્યવર્ત ઉન્નત અવસ્થામા હતો રામાયણકાળ કિંવા ભારતકાળમાના રીતિરિવાજોનુ સંશોધન કરીએ તો એવા પ્રસંગ પણ આપણે બતાવી શકીએ કે આર્યવર્તને ઉપયોગી વસ્તુઓ પરદેશથી આવતી નહતી, એટલુજ નહિ પરંતુ કેટલાંક વસ્તુ બહાર સ્થાન આર્યાવર્ત હતુ ઇટાલીમા ૨૦૦૦ વર્ષ પહેલાની એક કબર ખોદતા તેમાની મડદાની પેટીમાથી કાળા રંગના મલમલની એક ધડી નિકળી હતી જે હિંદુસ્તાનની બનાવટની હતી બાકી ચૌદસો વર્ષ પૂર્વનો એક ચીન દેશનો લેખ મળેલો છે, તે જોતા જણાય છે કે ચીન દેશમા કાગળના બદલે હાર વગેરે વસ્તુઓ જતી હતી, તે હિંદુસ્તાનમા બનતી હતી

રોગમાં ફ્રામ્બેસ્ઝ નામનો એક રાગ થઈ ગયો તેણે એવી તકરાર કરી હતી કે યુરોપનું નવું દ્રવ્ય વ્યાપારદ્વારા પૂર્વ દેશમાં તણાઈ જાય છે, અને એવી સ્થિતિ કેટલોક સમય કાયમ રહેશે તો આ દેશમાં નાણાં બિલકુલ રહેશે નહિ. પ્રસિદ્ધ ઇતિહાસવેત્તા મેકીનો કહે છે કે, દરસાલ યુરોપમાંથી તે વખતે ૬૦ લાખ રૂપિયા હિંદુસ્તાનમાં જતા હતા, પરંતુ હાલની સ્થિતિ વિપરીત છે. હાલમાં આપણા ઉપયોગને માટે બીજી દુનિયાની બીજી પણ બંદરોમાંથી આવે છે અને આપણા દેશના લાખો રૂપિયા પરદેશ આવે બંધ થઈ ગયા છે. મિ. વાગલે એવું માને જણાવે છે કે 'હિંદુસ્તાનના પ્રાચીન ખુલ્લા હવે તારા પામ્યા છે, અને તેથી આખું હિંદુસ્તાનને જ નુકસાન છે એમ નહિ પણ આખા જગતને છે હાલની અપ્રમત્ત, ઉદ્યમશીલી સાથે, આગ્રહનો આરંભ અને મનાણાનો રેલમી વર તે હવે ક્યાં છે! આજથી પંદરસે વર્ષ ઉપર વ્યાપારનો સિલ્કીનો સોદાસ્તંભ ('લાટ') બોલ ગણ વાના કુનરની સાક્ષી પૂરે છે મિ. ઑલ્ડ નામનો જીલ્લર સર્વાલાનું (geological Survey)નો અધિકારી કબૂલ કરે છે કે, એવું કામ મોટા જબરજસ્ત જની શક્યું થયું છે, અને હાલ પણ એવાં કામ બનાવી શકે એવા કારખાના પૃથ્વી ઉપર થોડાક જ છે

હાલ આપણા ઉપયોગને માટે નોર્વે, અને જપાન, દીવાસળીની પેટીઓ તૈયાર કરે છે બધારે તો શું, પરંતુ આપણા દેશની સ્ત્રીઓને ચડેલ ટાની બંગડીઓ, માળાઓ, ગજનો, તેમ સૌભાગ્યચિહ્ન બિન્દીને માટે કંકુ તૈયાર કરવા માટે વિદેશીય પ્રજા રાત દિવસ યત્ન કરી કરે છે, તે આપણા ઉપર કેટલો મહદ્ ઉપકાર! તેમની વ્યાપારી મનસા આપણે ગાય જેવા જેવી હાલ ઠીને તે કહેશે કે અમે તમારા દેશના ઉપયોગના માલનો જ મોકલતા નથી! તો આપણને કેટલી વિટમ્બના પડે તેનો ખ્યાલ કરવાનું કાર્ય હવે તમને સોપું છું.

Δ.

ગાયકવાડ સરકારનું દેશી કેળવણીખાતું (ઇનામપત્રકો.)

(પાછલા ભાગથી ચાલુ)

૧૨ ઇંદોલા મદ્ર ગ ઝોટાલાલ રામદાસે ૧-૦-૦ બરડી વડોદરી ૧૩ ચોર મદ્ર પા રાંદેર નાંદ ભવાનદાસે ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં ડભોઇ મદ્ર મે રેસીડેન્ટ આદેશે ૧૦-૦-૦ પતાસાં તે તેના તે તબાસ શાળામા વહેંચ્યા તથા કન્યાશાળામા કિપર્સ વહેંચ્યાં ૧૫ ચાંપાનેરના મદ્ર મે સ. વા. ગોવિંદરાવ મહારાજના વહીવટદાર સાહેબે ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં ૧૬ મદ્ર સ. ગુ. કં. શા. મે ગ. બા. પોલીસ કમીશનર સાહેબે ૧-૪-૬ પતા સાં, પાપડીઓ તથા રોટલીઓ વહેંચી. ૧૭ ચરોતર મ ગુ. શા. માટે કેળવણીકાર બાબારાવજી તથા સ્વામીબાપ ગમ ગ પધીમાર્ગીએ મળીને ૧-૮-૦ બીજા ૧-૦-૦ તથા ૦-૮-૦ પતાસાં વહેંચ્યાં. કુલ ૫૬-૦-૦,

અમરેલી પ્રાંત.

૧ વંથલીના સ. ગુ. શા. પા દોશી છગનલાલે ૧-૮-૦ પતાસા વહેંચ્યા ૨ પોરબંદર મદ્ર પા. મણીશંકર ઝવેરભાઇ જોષીએ તેમના તરફથી રામદાસ બાંધેલે ૬-૦-૦ મદ્ર ૩ ચરોતર મદ્ર મોતી મેમણ હાજીએ ૧-૦-૦ મદ્ર કોઠ મોરબીવાસે જવરજ મંદુ ના બાળાએ ૧-૮-૦ મદ્ર ઉંઢારમાં મ. ગુ. કે. શા. મુ બાદશાહી શેઠ તથા ૨ પતાસાવાળે ૬-૧૮-૬

ચોપડીઓ તથા સ્લેટો વહેંચી. ૫. આરંભડા સ. ગુ શા લધુભા લધુભાએ ૧૮-૦-૦ સાદર વહેંચી ૬ બેટ સદર રા. સા. જેરામ વીઠ્ઠલ ઓખામંડળ મહાલના મુનસફ સાહેબ ૧-૦-૦ સદર. શેઠ હરીદાસ હેમરાજે ૩-૮-૦ સદર. ૭ અમરેલી બીમાણીપા.ક ઉ. શા. શેઠ હાજી અબ્દુલ શકુર જમાલ ઝવેરી ૧-૫-૦ પુસ્તકો વહેંચ્યા. કુલ. ૧૬-૧૫-૬.

કડી પ્રાંત.

૧ મણુંદ સ. ગુ શા અમીન ઈશ્વરભાઇ અમુલખભાઇએ. ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં ૨ કંથરાવી સદર. આચાર્ય ચુનીલાલભાઇ વીઠ્ઠલભાઇ મહારાજે. ૭-૧૨-૦ ચોપડીઓ વહેંચી. ૩ વિસનગર સ. ગુ. કં. શા. રા. સા. વેણીશંકર રેવાશંકર મહાલ મુનસફ સાહેબે. ૨-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૪ ઉંઝા મ. રાની શા. મેહેતા છોટાલાલ રવિકરણદાસે. ૧-૦-૦ ગરીબ છોકરાઓને બક્ષીસ કર્યા. ૫ ઉનાવા સ. ગુ. શા. ગામલોકો તરફથી ૬-૦-૦ પુસ્તકો વહેંચ્યાં, કદોઈ મોતી જીવાભાઇએ ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૬ સૂરજ સદર આસી માસ્તર સોમનાથ શામળભાઇએ ૧-૦-૦ સદર. ૭ ઝુલાસણ સદર સદ્‌ગૃહસ્થોએ ૧-૮-૦ સદર. ૮ વીજાપુર સ. ઉ. શા. મુસલમાન સદ્‌ગૃહસ્થોએ ૭-૮-૦ પુસ્તકો, પતાસાં વહેંચ્યાં ૯ વસાઇ સ. ગુ. શા. સદ્‌ગૃહસ્થોએ ૧૦-૦-૦ પુસ્તકો, પતાસાં વહેંચ્યાં. ૧૦ દીટોડા સદર શા. જીવાભાઇ રણછોડભાઇએ ૨-૦-૦ પાણીની પરબમાં આપ્યા. ૧૧ દેલ્હુગામ સ. ગુ કં. શા. સદ્‌ગૃહસ્થ સ્ત્રીઓએ ૪-૦-૦ છીંટ, પતાસાં વહેંચ્યાં. ૧૨ ધારીમણા સ. ગુ. શા. મેમ્બરોએ ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં ૧૩ પાટનાકુવા સદર મુખી કેવળદાસ બેહેચરદાસે ૧-૦-૦ ચોપડીઓ વહેંચી. કુલ ૪૬-૧૨-૦.

નવસારી પ્રાંત.

૧ તવડી મ. ગુ. શાળા શેઠ હોરમજી દોરાબજીએ ૧-૦-૦ ગરીબ છોકરાઓને ફીને માફ આપ્યો જગા દાઠીએ ૨-૦-૦ પાણીની પરબમાં આપ્યા. ૨ પોંસરા સદર રા ખુશાલભાઇ લલ્લુભાઇએ ૧૨-૦-૦ તમામ છોકરાઓને જમણ આપ્યું. ૩ ધામણ સદર પા. હીરા લખાએ ૨-૮-૦ બરફી વહેંચી. ૪ કામરેજ સદર ગામ લોકોએ ૧૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૫ ઓરસુા સદર સદર ૪-૦-૬ ચોપડીઓ ૧-૪-૦ પતાસાં વહેંચ્યાં. ૬ ગણદેવી સદર ખેતીવાડીના ઉપદેશક આદીતરામ સબુખરામે ૧-૮-૦ ખેડુતના છોકરાઓને ખેતીવાડી વિષે પ્રથમ પોથી ૨૪ વહેંચી. ૭ વ્યારા મ. ધા. વ. બોર્ડીંગ શાળા કંટ્રાક્ટર મંગળભાઇ પુંજભાઇએ ૭૦-૦-૦ છોકરાઓને લાડુ જમાડ્યા. કુલ ૪૫-૪-૬ કુલ એકંદર ૧૫૬-૦-૦

તૈયાર કરનાર કારકુન.
ગોવીંદ કાળીદાસ.

ઉપમુખ Joyshanker P. Joshi,
વિદ્યાધિકારી પ્રાંત

એપ્રીલ ૧૯૦૩.

વડોદરા પ્રાંત.

પેટલાદ મ ગુ. શા. શેઠ કારકાંદાસ છોગાવાળે ૩-૪-૦ પાણી બગાડ્યું. ૨ મોજ શા સદર આમી. માસ્તર વિદ્યાગમ ગજાભાઇએ ૧-૦-૦ પતાસાં વહેંચ્યા. ૩ પરમા સદર ગામ લોકોએ ૨-૦-૦ સદર ૪ ગમોલ મા. સદર ૩-૦-૦ પુસ્તકો તથા કાગર

વડેચી/ પ્રભાકેગ સદર પા. દામજી મીઠાભાઇએ ૧-૦-૦ પતાસા વડેચ્યા. ૬ભાકર સદર વસોના પા લલ્લુભાઇ તળશીભાઇએ ૧-૦-૦ સદર ૭ મોખડા સદર મોરીઆદીના પા મરધાબાઇ ભગવાનદાસે ૪-૦-૦ પતાસાં, પુસ્તકો તથા છીંટ કન્યાઓને વડેચી ૮ રહેવાની સદર સારસાના પા. ધનજીભાઇ જેમંગભાઇએ ૧-૮-૦. પતાસાં ૦-૮-૦, પુસ્તકો ૧-૦-૦ વડેચ્યાં. ૯ વલ્લભ સદર વૈદ્ય નાથાભાઇ વનારશીએ ૧-૪-૦ સાકર વડેચી. ૧૦ શીનોર મ. ગુ કેં. શા. ગામધોક તરફથી ૩-૦-૦ છીંટ વડેચી. ૧૧ હરકાંદાસ લાલાભાઇએ ૧-૦-૦ પતાસાં વડેચ્યાં. ૧૧ જરાલ સ ગુ શા. ન્યુલકમેરીના ભેગરો તરફથી ૧-૦-૦ સદર. ૧૨ દગપુરા સદર અમીન દાદાભાઇ ઉમેદભાઇએ ૨-૦-૦ પાણીપાતા માટે આપ્યો. ૧૩ ગવાસદ સદર તલાટી પાનાચંદ હીમચંદે ૯-૦-૦ પાણીની પરબ માટે આપ્યા. ૧૪ બાજીપુરા સદર પા. જવેરભાઇ છગાભાઇએ ૧-૦-૦ સાકર વડેચી. ૧૫ કોયલી સદર પા. તરસીભાઇ ગોવિંદભાઇ તથા પા છોતાભાઇ જેસંગભાઇએ મળીને ૨-૦-૦ પતાસા વડેચ્યા. ૧૬ પનીઆદી સદર ગામ શેરો તરફથી ૬-૧૨-૬ પુસ્તકો, ૧-૪-૬ કોળીના છોકરાઓને ખુંસ્યાં, ૧-૦-૦ કન્યાઓને રેજા, ૧-૦-૦ મીઠાઇ એ પ્રા. વહેચ્યુ. ૧૭ નડા સદર ગામ પંચો તરફથી ૧-૦-૦ પતાસાં, રેવડીઓ વહેચી. કુલ ૪૩-૦-૦.

અમરેલી પ્રાંત.

૧ અમરેલી મ. મ. કં. શા રા. ભા. ગોવિંદભાઇ હાથીભાઇ આસી. પોલીસ કમીશનર સાહેબે. ૧-૦-૦ પતાસાં વહેચ્યાં ૨ દામનગર મ. ગુ. કં. શા ખુબચંદ રતીરામ નગાભાઇએ ૧-૦-૦ સદર. ૩ ચલાલા સ ગુ. શા. ભાભેદાવાળા કરભાર શ્રી ભોજખુમાએ ૧-૦-૦ સદર. ૪ કોડીનાર સ. ગુ. શા આસી માસ્તર અલીદુમેન રજાબીપાએ ૧-૦-૦ સાકર વહેચી. ૫ દ્વારકા સ. ગુ. શા. મુંબાઇના શેઠ રામજી આસરે ૨-૦-૦ ગોળ ચણા વહેચ્યા. ઠાકર પ્રેમાનંદ સુંદરજીએ ૧-૦-૦ સાકર વહેચી. ઠાકર જગન્નાથ પ્રાગજીએ. ૧-૦-૦ સદર ૬ દ્વારકા મ ગુ કં. શા. બાદીઆ ગોકળદાસ માવજીએ ૧-૦-૦ પેંડા વહેચ્યા. વાપરા કાકુ લક્ષ્મીદાસના વિધવા સ્ત્રી બાઇ રૂપકુંવરે ૧-૮-૦ સાકર, પકવા વહેચ્યા. ૭ વરવાળા મ. ગુ શા. મુબાઇવાળા શેઠ કરમ દામ હરગોવિંદ ચતુરે ૧-૧૨-૦ બાદીઆ, ઝાડુ વહેચ્યાં. ૮ વરવાળા મ ઉ શા. ગામના વૈષ્ણવ તથા મદ્‌ભદ્રસ્થ તરફથી ૪-૮-૦ ગોપડીઓ, ૧-૪ ૦ રતેડો, ૦-૪-૦ પેનો, ૧-૮-૦ સાકર, એ પ્રા. પ્રસાદ વહેચ્યુ ૯ મેટ મ. ગુ. શા. મે. ગોવળ હરતા કિશન સાહેબ અજબલાલ બીરદાને ૨-૦-૦ પતાસાં વહેચ્યાં. ૧૦ મેટ મ. મુ. કં. મદર ૧-૦-૦ સદર. ૧૧ અમરેલી બીમાધીપા ફ. ગુ. શા. અમરેલીની અજુમન ઇસ્લામ તરફથી ૬-૧-૦ મરીજ બેકરાઓને પુસ્તકો, રતેડો વહેચી ૧૨ અમરેલી બીમાધીપા ફ. કં. મેમબ ઇસાદીન હાજ હિસામુદ્દીનભાઇ અમરેલીનના આપીપની એમણે ૧-૦-૦ ગોપડીઓ, પેનસીલ અને કાગળો આપ્યા. ૧૩ અમરેલી બાજબજાર ફ. કં. શા. મદર ૧ ૦-૦ મદર. ૧૪ ના ના. બાંડણીઆ ફ, ગુ શા. ગામ પંચ તરફથી ૧-૦-૦ સાકર વહેચી ૧૫ નાના બાંડણીઆ ફ ગુ કં. શા સદર ૧-૦-૦ મદર. ૧૬ માઢપાવદર સ. ગુ ફ. શા રાજ કમેરીના મેમબરોએ ૬-૦-૦ સાકર. બાંડ. બરફી વહેંચી. ૧૭ મોટા બાંડણીઆ મ. ગુ કં. શા.

લાડીના રહીશ શેઠ પરભુરામ વશરામે ૧–૦–૦ બરફી, પેંડા વહેંચ્યા. ૧૮ શંભુપરા મ. ગુ. શા. માસ્તર હરિશંકર મોરારજીએ ૧–૦–૦ સાકર વહેંચી. ૧૯ માછ્યાવદર મ ગુ. કં. શા. ગામ લોકોએ ૧–૦–૦ સાકર, પેંડા વહેંચ્યાં. કુલ ૩૬–૧૩–૦.

કડી પ્રાંત.

૧ પાટણ સ. ગુ. શા. નંબર ૧ સોની મોહોકમચંદ બેહેચરદાસે ૨–૦–૦ પાણી ભરાવ્યું. ૨ સદર નંબર ૩ આદીતરામ સલુકરામે ૧–૪–૦ પુસ્તકો આપ્યા. ૩ સદર મરેહી શા. રા. સા. વિનાયકરાવ રામચંદ્ર પાટણ વિભાગના સરકોન્દાર સાહેબે ૧–૮–૦ પતાસા વહેંચ્યાં. ૪ મણુંદ સ. ગુ. શા. પાટણ તથા ઉનાઉ શાળાના શિક્ષકોએ મળીને ૧–૦–૦ સદર. રા. બા. કડી પ્રાંતના પોલીસ નાયબ સુબા સાહેબે ૧–૦–૦ સદર. ૫ વડાવળી મદ્ર ભગત શંકર કેવળરામે ૧–૮–૦ સાકર વહેંચી. ૬ વડનગર સદર મણીઆર ગોવરધનદાસ બલાખીદાસે ૫–૦–૦ નાગર વાણિઆના છોકરાઓને આપ્યા. ૭ ઉંઝા સ. ગુ રાત્રી શા મેહેતા છોટાલાલ રવિકરણદાસે ૧ ૦–૦ ગરીબ સ્થિતિના છોકરાઓને બક્ષીસ કર્યો. ૮ કાણલી સ. ગુ. શા. સિદ્ધપુરના મોટા મહના મહંત, રામભારથી તરફથી ૫–૧૦–૦ ચોપડી તથા ૧–૧૨–૦ સાકર વહેંચી. ૯ ખેરવા સદર શા જમનાદાસ અમીચંદ તથા શા ઈશ્વરલાલ ડોસાભાઇએ મળીને ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૧૦ અથોલ સદર શા મોહનલાલ લાલચંદે ૧–૦–૦ ખારેકો વહેંચી. ૧૧ પીલુદરા સદર રા. વલ્લભ નાગરદાસે ૧–૦–૦ ગોળધાણા વહેચ્યા ૧૨ કડી મ. ગુ કં. શા. રા માણેકલાલ અંબારામ સયાજી વિનયના અધીપતી એમણે ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૧૩ વડુ સ ગુ. શા. શા. અમીચંદ ફુલચંદે ૩–૦–૦ પાણીની પરબ મંડાવી. ૧૪ જુવાસણ સદર સોની ખુશાલચંદ જગજીવને ૧–૦–૦ સદર. ૧૫ વીજાપુર સ. ગુ કં. શા મે. ડાકટર સાહેબના પત્ની એમણે ૧–૦–૦ પતાસાં વહેચ્યાં. ૧૬ ગોઝારીઆ સ. ગુ શા. અમીન મોતીલાલ કેશવલાલે ૧–૦–૦ સદર. સદ્‌ગૃહસ્થોએ ૪–૮–૦ પુસ્તકો વહેંચ્યાં. શા. દામોદર મોહનલાલ વતી શા. મગનલાલ રણછોડે પાણી પીવા માટે લોટો નંગ. ૧. ૦–૯–૦ તથા ૦–૧૨–૬ પવાલાં નંગ ૫ આપ્યાં. ૧૭ મહુડી સદર રા મોતીચંદ માંકળચંદે ૧–૦–૦ સાકર વહેંચી ૧૮ વમાઈ સદર શા. કકલભાઈ હાથીદાસે ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. શા. વીઠલદાસ સાંકળચંદે ૨–૮–૦ સદર. ૧૯ ચરાડા મદર સદ્‌ગૃહસ્થોએ ૩–૦–૦ મદર. ૨૦ કુકરવાડા મદર ગાંધી વીઠલ મગને ૧–૦–૦ મદર ૨૧ આજોલ મદર સદ્‌ગૃહસ્થોએ ૧–૮–૦ મદર ૨૨ નારદીપુર સદર સૈદ્ધ્ય શિક્ષક સમાજ તરફથી ૧–૦–૦ સાકર વહેંચી. ૨૩ ટીંટોડા મદ્ર શા જુવાભાઇ રણછોડભાઇએ ૨–૦–૦ પાણીની પરબમાં આપ્યા ગાધી મગનલાલ મોતીચંદે ૩–૦–૦ બાલગુના છોકરાઓને કપડાં વહેંચ્યાં. ૨૪ દેલગામ સદર વકીલ છોટાલાલ મોહનલાલે ૪–૪–૦ પુસ્તકો, ૦–૮–૦ પતાસાં વહેંચ્યાં. મે. રા. સા. મુનસફ સાહેબે ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૨૫ દેલગામ સ. ગુ કં. શા મે. રા. બા. વિધાધિકારી સાહેબે ૧–૦–૦ મદર. અમીન લલ્લુભાઇ બેચભાઇએ ૧–૦–૦ સદર. ૨૬ નાદોલ સ. ગુ. શા. મેઘજીએ ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૨૭ આતરસુબા મ ગુ કં શા મે. રા બા વિધાધિકારી સાહેબે ૧–૦–૦ મદર. કુલ ૬૨–૩–૬.

(અપૂર્ણ)

ગાયકવાડ સરકારનું દેશી કેળવણીખાતું
(વટહુકમો).

વટહુકમ નંબર. ૩૭

મોમવતી અમાવાસ્યાની રજા નહિ પાળવા બાબત.

કુજુર હુકમ અન્વયે વ ફુ. નં ૧૩ તા ૨૯-૧૧-૦૧ થી મહાપર્વ એટલે મહત્વ વંગેરેની રજા નહીં પાળવા ઠરેલુ છે જના કેટલીક કચેરીઓમાં મોમવતી અમાવાસ્યાની રજા મહાપર્વ ગણીને પાળવામાં આવે છે એમ જણવામાં આવ્યુ છે તો હવે પછી કોઇ પણ કામમાં આવી રજા પાળવી નહીં તારીખ ૭ શુ માહ ૧૯૦૩

દસ્તુખ J. P. J. Chhaganlal T Modi,
એ વિદ્યાધિકારી.

વટહુકમ નંબર ૩૮.

પુસ્તક વેચાણના પૈસા બાબાશાહે ન લેતા દફતરે લેવા બાબત.

ડેહેગ અને કડી પ્રાંતમા બાબા નામે બાબાશાહ ચાવડા હોદ્દાથી કિતાબખાનાના પુસ્તકોના વેચાણના પૈસા આવે તો તે બાબાશાહે લેવાના સબબમાં વ. ફુ નં ૩૮ તા ૨૮-૪-૦૨ નો કરવામા આવેલો છે પરતુ ઘણે ખરે ઠેકાણે બજારમા બાબાશાહ પૈસાનુ ચલણ ન હોવાથી વધારે અડચણ પડવા લાગી તેથી બાબાશાહ પૈસાને બદલે કલદાર બાબા નાણું લેવા તથા મહાલમા ને કલદાર નાંખવાનાણું બરણામા લે એ પ્રમાણે મજુરી થવા ઠિપણ નં. ૭૪ તા. ૬-૩-૦૩ નું સાદર કરતાં તે લગત નામદાર દિવાન સાહેબના ફુ ફુ ન. ૨૭ તા. ૧૬-૫-૦૩ થી તે પૈસાની મજુરી થઇ છે માટે આ વટહુકમથી જણાવવામાં આવે છે કે:—

કિતાબખાનાના વેચાણના રૂપેથી કલદાર પૈસા લેવા ને તે પૈસાનુ બરણું મહાલ વિનેરીમાં કરવુ. તા. ૧૪ શુ માહ ૧૯૦૩

દસ્તુખ. J. P. J. Chhaganlal T. Modi,
એ વિદ્યાધિકારી.

REGISTERED NO B 5

વર્ષ ૧૬ મું અંક ૧૦ મો.

[illegible]

શ્રાવણ સંવત ૧૯૮૯

વિષયો

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

પ્રસિદ્ધ કર્તા

ભાઈલાલ લલ્લુભાઈ ભટ્ટ

[illegible]

[illegible]

पुस्तकोनो पहोंच.

नीचेनो पुस्तको तेमना कर्ता तरफथी भेट दाखल मळ्या छे
वामा आवे छे —

भारत मार्तंड वेदांतभट्टाचार्य श्री गट्टु लालाष्ट
ई० कवि शिवानंद रामकृष्णभाइ. आ चोपडीमां भा. वे. गट्टुलाला
जद्द पंथमां लखेलुं छे. केटलीक कविता वखाणवा जेवी छे त्यारे
दोषो जोवामा आवे छे. नाना ४० नां ६४ पृष्ट छे कीमत रु. ०-१

गुलदस्ते तमीझ याने सप्तशिक्षा मुक्तावली—" विविध
कर्ताओ तरफथी थएलो मळ्यु छे. एमां व्यवहारोपयोगी सं.
चोवीश विषयो लखेला छे. भाषा गुजराती छे तथापि कांईक उर्दु ढ
वयो भास अने वाचवा जेवा छे. एमानो " वेपार " नामनो वि
री वर्गना लोकोओ खास वांचवा जेवो छे. पाका पुंठानी ११२
रु. ०-१४-० छे.

जाहेरखबरो.

ऋषिविद्या भारतना वेगतुरुण धर्म, संभार ने
थाय छे ऋग्वेद, यजुर्वेद गुजरातिभाषा
मूल्य रु. १।) टपाल सहित अग्रिम पारितोषिक आ वर्ष माटे
संपादक मंत्रालय कर्ज. द्विवेदी. पोस्ट नीलगाम मुखड.

કેળવણી.

દોધકવૃત્ત.

અર્થ મલે વળી ધર્મ સધાયે, જ્ઞાન મલે સનમાન પમાયે;
નીતિ વધે વસરે જશ સારો, એ શિશુશિક્ષણ ધર્મ અમારો.

પુસ્તક ૧૫ મું. ભાદ્રપદ સંવત્ ૧૯૫૬. અંક ૧૧ મો.

દર્શન.

પ્રાથમિક શાળાઓમાં ઘરેલાનું રોપાણ—અમ્બર પ્રાંતના ડિરેક્ટર ઓફ પબ્લિક ઇન્સ્ટ્રક્શન ગોમપે એક મગ્યુમુર કોઠી પોતાના પ્રાંતમા પ્રસિદ્ધ કર્યું છે કે ત્યાં મહારાજા એડવર્ડના જન્મ દિવસને રોજ એટલે તા ૯ મી નવેમ્બરે પ્રાથમિક શાળાઓના અને નિચલ સ્કૂલોના વિદ્યાર્થીઓએ નિશાળના કંપાઉન્ડમાં, રસ્તાઓની બાજુઓપર અને બીજી પ્રકારે જગોમા ઝાડો રોપવા. અમેરિકાના યુનાઇટેડ સ્ટેટસની શાળાઓમાં આ નિયમ જ ચાલુ છે. ત્યા ઝાડો રોપવાના દિવસને આર્બરડે એટલે ઝાડોનો દિવસ કહે છે વિદ્યાર્થીઓ તે દિવસે નિશાળના કંપાઉન્ડમા અને નજીકના રસ્તાઓની બાજુએ પોતપોતાનાં ઝાડો રોપે છે, તેમને પાણી પાય છે અને તેની સંભાળ કરે છે. અમેરિકા પ્રાંતના ઘણાક ભાગમાં ઝાડોની અતિશય તંગી છે, તેથી ત્યા પણ આ ઝાડો રોપાવવાની કલ્પના ઘણીજ ઉપયોગી થઇ પડશે એમ લાગે છે

આ ઝાડો રોપવા માટે ઘણુ ધન ખરચ આપ ખોદવા તથા તેમા ખાતર વગેરે નાખી તે બાગ તૈયાર કરવા, વગેરે બાબતો તે જ સરકયુલરમા આપેલી છે. જે બાગમાં વાવેલાં ઝાડોને પાણી પાવાની એક યુક્તિ તેમા બતાવી છે બાદીનો એક મોટો ખાડો તેને તળિયે બરાબર ઠાંસો આપવા જેવું બાકુ કરવું પછી તે ખાડાને ઝાડનાં મળિયા નજીક ઠાંસવો. પછી વરસાદ ન હોય તો બે અઠવાડિયાને આંતરે તે ખાડો પાણીથી ભરો કરવો જમીને ચાસ્યા પછી તેની આસપાસ ને ઘાસ ઉગી આવેલી પાણી કરવી અને તે ઉપર કાંઇની ચાર કરવી. આ વાતની દુરસ્તી વગેરે નિશાળનાં છોકરાંથી કરાવવી

નિશાળના દરેક વર્ગમાંથી નિશાન ચાર ઝાડોનું રોપાણ થવુ જોઇએ. બાળવર્ગને આ કામમાંથી મુક્ત કરવામાં આવે છે ઝાડો રોપવાને બાગ ખોદવા વગેરે કામ બાળકો

છેક નાનાં હોવાથી ન કરી શકે એમ હોય તો નિશાળની પીના ઉત્પન્નમાંથી તે કરવું. તેમજ જેમનાં વૃક્ષો સારાં થાય તેમને તથા જે શાળાના માસ્તરે આ કામમાં ઘણી કાળજી રાખી હોય તેમને ઈનામ પણ તેમાંથીજ આપવું. રેવન્યુ ખાતાના સરકારી દફતરમાં તે ગાડ છોકરાંનાં વાવેલાં છે એવો દાખલો રહેવો જોઇએ. આંબા, મહુડા, પીપળો, વડ, આંબલી, લીમડા, વગેરે છાયાવાળાં વૃક્ષો રોપવામાટે પસંદ કરવાં.

વનસ્પતિના ઉદ્‌ભવને ઉત્તેજન આપવાનો આ એક સારો માર્ગ છે. જે દેશમાં વૃક્ષોની ઉત્પત્તિ થોડી છે ત્યાં તો આ પ્રથા એક આશિર્વાદ સમાન થઇ પડવાનો. તે સાથે વિદ્યાર્થીઓને પણ એક પ્રકારની ખુલ્લી હવાની કસરતનો લાભ મળશે, એટલુંજ નહિ, પણ તે સાથે તેમને વનસ્પતિવિદ્યાનો પણ શોખ ઉત્પન્ન થશે.

વર્નાક્યુલર હાઇસ્કૂલ—ઇન્ડિયન એજ્યુકેશન નામે પત્ર અગસ્ટના અંકમાં જણાવે છે કે " શ્રીમંત ગાયકવાડ મહારાજા વિદ્યા તથા સાહિત્યની ઉંચા પ્રકારની કેળવણી દેશી ભાષામાં આપવાને એક વર્નાક્યુલર હાઇસ્કૂલ કાઢવાના છે." શ્રીમંત મહારાજા સાહેબની એવી ઉદાર ઇચ્છા ઘણા વખતથી છે અને તેને જલદી પાર પડેલી જોવાને આપણે ભાગ્યશાળી થઇએ. વર્નાક્યુલર હાઇસ્કૂલ કરતાં પણ શિક્ષકોની ટ્રેનીંગ સ્કૂલની હાલ વિશેષ અગત્ય છે. એમ કેળવણીના કામ તરફ લક્ષ આપનાર દરેક વ્યક્તિને જણાયા વગર રહેશે નહિ. નિશાળનો પ્રત્યેક શિક્ષક પોતાનો ધંધો ચલાવવાની ખરી પદ્ધતિથી વાકેફ હોવાની જરૂર છે અને તે સાથે આજકાલ પ્રસિદ્ધિમાં આવેલાં કેળવણી આપવાનાં નવાં સાધનોની પણ તેને માહિતી મળવાની જરૂર છે, જે ટ્રેનીંગસ્કૂલ જેવી સંસ્થા સિવાય બીજે સ્થળે નવીન શિક્ષકને મળવાં કઠણ છે. આપણે આશા રાખીશું કે શ્રીમંત મહારાજા સાહેબ આ જરૂરની સંસ્થા તરફ જેમ બને તેમ જલદી નિગાહ કરશે.

જાપાનમાં હિંદુ વિદ્યાર્થી—પંજાબનો રહેવાસી મહમદ સાદીનામનો એક વિદ્યાર્થી જે જાપાનમાં રહીને અભ્યાસ કરે છે, તેણે અમૃત શહેરના એક દેશી ભાષાના સામાહિક પત્રમાં જણાવવા જેવો કાગળ લખ્યો છે. તેમાં તે જણાવે છે કે, હિંદુસ્તાનના વિદ્યાર્થીઓનો જાપાનમાં પ્રેમભાવથી સ્વીકાર કરવામાં આવે છે. ત્યાં આશરે પચાસેક પેઢીઓ હિંદમાંથી વ્યાપાર ચલાવનાર વેપારીઓની છે; તે પેઢીઓના મેમ્બરો હિંદી વિદ્યાર્થીઓની અનુકૂળતા માટે પોતાથી બનેટલું બની શકે તેટલું ખરા ભાવથી કરે છે. કોલેજની દર મહિનાની ફી રૂ. ૩) છે અને સ્કૂલની ફી રૂ. ૨॥ છે, પણ હિંદી વિદ્યાર્થીઓને તે બંને ફીમાંથી મુક્ત કરેલા છે. જાપાનની ભાષા વિષે અમને એમ કહેવામાં આવે છે કે કોલેજનાં વ્યાખ્યાનો સમજવા જેટલી જાપાની ભાષા પાંચ કે છ મહિનામાં શીખી શકાય છે. મી. આદી હિંદી વિદ્યાર્થીઓને સલાહ આપે છે કે તેમણે જાપાનની કોલેજમાં દાખલ થવા આવવું હોય તો બે મહિનામાં હિંદુસ્તાનથી નીકળવું કે જેથી સપ્ટેંબર આગમાં કોલેજ ઉઘડે તેટલા અરસામાં તે જાપાનની ભાષાની જોઇતી માહિતી મેળવી શકે. ત્યાં દરેક ધંધો શીખવાની ફેટલી મુદત લાગે છે તેઓ સંબંધમાં તે જણાવે છે કે, (૧) જનીઓ બનાવતાં આઠ મહિનામાં શીખી શકાય છે; (૨) [illegible]નમણી બનાવતાં ચાર મહિનામાં; (૩) પેન્સિલો બનાવતાં દોઢ મહિનામાં; (૪) મા[illegible]ી છ મહિનામાં; (૫) કપડાં બનાવતાં એક વરસમાં, (૬) રબ

બનાવવા બે વરસમાં; (૭) સીમેંટ, ચીની માટીનું કામ, કાગળ બનાવવાનું કામ, અને કાચની બાલકીઓ બનાવવાનું કામ, એ સઘળું એક વરસમાં શીખી શકાય છે. જેમને અનુકૂળતા હોય તેમને હુન્નરયોગ શીખવાનો બનપાન વંચારે ખનૂકૂળ છે.

શિક્ષણના જીલ્લાઓમાં ફેરફાર—સિક્ષથી એક મિત્ર લખી જણાવે છે કે હાલમાં શિક્ષણના જીલ્લાઓમા કેટલોક ફેરફાર થયો છે મુખાઇ ઇલાકાની મુખ્યણ શીખનારને શિક્ષણ બનુકૂલ પડે છે, માટે તે હકીકત શિક્ષકો જિજ્ઞાસુની જાણ પારો એમ ધારી અત્ર આપી છે. તે સિવાય તે દરેક જીલ્લામા કેટલા કેટલા તાલુકા છે તે પણ બનુકૂળતાએ જાણે કે જેથી શિક્ષક અને ગુજરાતનો કોઇક મુકામથી કરવાનું શિક્ષકોને અનુકૂળ પડે.

૧. ઉત્તર અમદાવાદ કે અપર સિંધ જીલ્લો-૫ તાલુકા જેકરાબાદ, શાહેદાદપુર, કૂબ, કરમોર, કંધકોટ

૨. સખર જીલ્લો—૭ તાલુકા સખર, શિકારપુર, મીરપુરમથેલો (સખર સબ ડિવિઝનમા), રોરી, મીરપુર બાથેલો, ઘોટકી, ઉબારો (રોરી મ. કિ).

૩. હાલાનુા જીલ્લો—૧૧ તાલુકા હાલાનુા, ગોદરો, કમ્બર, હૈદરીઆ (હાલાનુા સ. કિ), નસીરાબાદ, પેંદર, કડર (પેંદર મ કિ), મેરપુ, ઘારૂ, ટોદી (સેરપુ સ. કિ).

૪. કરાચી જીલ્લો—૧૧ તાલુકા કોટડિમ્બાન, કોટરી, માજન્દા (કોટરી સ. કિ), કરાંચી (કરાંચી સ. કિ), કુડા, સીરપુર માકણ, ઘોરાબારી (કુડા સ. કિ), રીરપુર બાથેલો, મુબારક, બલરી (મુબારક બી), ઝાડબંદર (ઝાડબંદર સ. કિ).

૫. હૈદરાબાદ જીલ્લો—૧૮ તાલુકા હૈદરાબાદ (હૈદરાબાદ સ કિ), ટાંડો, બદીના, ટંડો બાગેલો, ટેન મોલતનો (ટંડો સ કિ), હાલા, શેરોહાદપુર, ટંડો અલાયાર (હાલા મ. કિ), નોહકરો કિરોલ્ટ, કડીઆરો, ઓરો, મરકંદ (નોહકરો કિરોલ્ટ મ. કિ).

૬. થરપારકર જીલ્લો—૬ તાલુકા મીરપુર બાજા, નગર, બાયો, ઉમરકોટ, ડાહરો, દીપલો, મીઠી, નગરપારકર, બાબરા (નં. બ્લોબાર).

૭. પૈરપુર મથેલાન—બીજું કેવી રાજ્ય છે

શિક્ષકસમાજ—એમના બારામાં ખાને બધા ગુજરાતના શિક્ષકસમાજ બરાબર બનો. નેમા કોણી બખાવવા ત્રિ, કરિતા તથા બર્ગેનિઝેશન કેવા બાબતુ તથા શિક્ષણ કરી હતા

નકામનારૂપ શાળાઓ—એક મિત્ર લખી જણાવે છે કે તેને ગોરા વખત ઉપર કેટલીક શાળાઓની મુલાકાત લેવાનો પ્રસંગ બન્યો હતો. તે વખતે તેમણે કેટલીક સારી બબાદી શાળાઓની નોંધ લીધી હતી. બા શાળાઓને તેઓ નકામનારૂપ શાળાઓ કહે છે. એમની બોધ.—

સુરત બહાજન બનાથ બાલાશ્રમ છે. બા બાશ્રમ સ્થાપન કરવામાં બેસન્ટ મેમોરિયલના ટ્રસ્ટીબોના મુખ્યસ્થ બત્યન્ત નામાબાર્ડ હરીલાલના પુત્ર હરગોવનદાસ એમને

કર્યો છે. આ આશ્રમમાં બાળકોને વિદ્યા ઉપરાંત હુન્નરો શીખવવામાં આવે છે અને તે લગભગ ત્રણ વર્ષની મુદતમાં એવાં તો ઉત્તમ કારીગર નીવડ્યાં છે કે જે કામ જોઈ પ્રેક્ષક છક થઈ જાય ! અમદાવાદના ઔદ્યોગિક પ્રદર્શનમાં આ આશ્રમ તરફથી ઘણો સામાન આવ્યો હતો, અને તે આકર્ષક હતો. આ બાળકોને વિદ્યાહુન્નર ઉપરાંત સંગીત પણ શીખવવામાં આવે છે. તે કામ આ રાજ્યની ગાયનશાળાના પેન્શન લેઈ રિટાયર થયેલા એક શિક્ષક કેશવરાવ ભગવંત કરે છે. ગુજરાતનાં નિરાશ્રિત બાલકાશ્રમોમાં આ આશ્રમ ખાસ જોવા લાયક છે. તેના ચાલકો આ આશ્રમ સ્થાયી નહો એવી ઇચ્છા રાખે છે એ ઘણું પ્રશંસનીય છે. દુકાળના પ્રસંગે ઉઘાડેલા આ આશ્રમમાં હજી પણ નિરાશ્રિત બાળકોને દાખલ કરવામાં આવે છે, એ જાણી દરેક વાંચનાર પ્રસન્ન થશે. બીજી નમુનારૂપ શાળા—

ટાટા પારસી કન્યાશાળા છે. આ કન્યાશાળા નવસારીમાં છે અને પારસી કોમના સખી ગૃહસ્થ શેઠ ટાટા એમણે સ્થાપન કરેલી છે. આ કન્યાશાળામાં ફક્ત પારસી કોમની કન્યાઓનેજ દાખલ કરવામાં આવે છે, અને તેમને સામાન્ય તેમ સંસારોપયોગી શિક્ષણ આપવામાં આવે છે. એ સિવાય ત્યાં એક બાળવર્ગ કાઢી તેને કિન્ડરગાર્ટન પદ્ધતિથી શિક્ષણ અપાય છે, જેથી ઘણી નાની ઉમ્મરની કન્યાઓની ચંચળતા, હોશિયારી અને કાર્યદક્ષતા જોઇ પ્રેક્ષકને આનંદ થાય છે. છઠ્ઠા ધોરણમાં અને ફ્રેન્ચોટ કલાસમાં ઉત્તમ પ્રકારના નિબંધો લખતાં, નામું લખતાં, અને આરોગ્યતા તથા ધર્મ-નીતિ વગેરે વિષયોનું શિક્ષણ આપવામાં આવે છે. શાળાનો આકર્ષક દેખાવ ખરેખર પ્રશંસાપાત્ર છે. ત્રીજી નમુના રૂપ શાળા—

નવસારીની સ. ગુ. છોકરાઓની શાળા—આ શાળા પણ એક ઉત્તમ શાળા પૈકી ગણાય છે. શાળામાં શિક્ષણ તથા વ્યવસ્થા ઉત્તમ જોવામાં આવે છે. આ શાળાના વૃદ્ધ તથા અનુભવી હેડમાસ્તર રા. રા. નરભેરામભાઇએ ચાલતા જમાનાને અનુસરી શિક્ષણમાં થતા સુધારાવધારા લક્ષમાં રાખી તદનુરૂપ પ્રતિદિન શાળામાં સુધારો કર્યો છે. શિશુશિક્ષણ (કિન્ડરગાર્ટન) નું કામ આ શાળામાં ઉત્તમ પ્રકારે ચલાવવામાં આવે છે, અને તે સંબંધી માહિતી રા. રા. નરભેરામભાઇએ સારી મેળવેલી છે. જમાનાને અનુસરતી કેળવણી આપ-આપવાની પદ્ધતિ લક્ષમાં રાખી બીજા શિક્ષકો પણ જો ખંતથી પોતાનું કામ કરવા મારે તો તેઓ પણ પોતાની શાળાઓ સારી કરી શકે.

सो वार धिःकार छे.

શાર્દૂલવિક્રીડિત છંદ.

પૂછે પાડ ન પાપિ પેટ પડિને માતાપિતાનો કદા,
... વિલાસ દાસ બનિને દારાતણો સર્વદા;
અરસામાં તે જપાનની જાપાન કૂળ, મૂળ સુબંનું જેનાથિ વતનાર છે,
ટલી મુદત લાંગે છે તેઓ સંબંધ
શીખી શકાય છે; (૨) દોઢાસણી બ
મહિનામાં; (૪) આપ્યુ અ તાં છ મા

એવા કીર્તિ[1]કુમાર નીચ સુતને સો વાર ધિક્કાર છે. ૧
પામી સ્વામિ પવિત્ર [2]મિત્ર સરખો તેજસ્વિ નામી છતાં,
પાખંડિત તજે ન [3]ચંડિ મઇને લાજે ન સામી થતાં;
ભાંડે [4]ક્લેશ હમેશ એશ કરવા બ્હાલે. બ્યભીચાર છે,
એની દુષ્પથગામિની યુવતિને સો વાર ધિ ક્કાર છે. ૨
સિદ્ધ સ્વાર્થ થતા સુધી [5]સુધિ કરી સંબધિ થાયે સદા,
રાખે અંતરમાં અદા નવ કદા ભાળે પડયે આપદા,
રૂદે નિંદ્ય અનર્થ વ્યર્થ કરતાં, જે અર્થના વાર છે,
એવા પૂર્વરિપૂ સમા વડિલને સો વાર ધિક્કાર છે ૩
જે આચાર્ય અયોગ્ય કાર્ય કરવા થે આર્યથા ન ચરે,
હૈયામાં ધત માત્ર [6]છાત્રગણનુ હેવાતણો સંચરે;
બોલે તેથિ વિરૂદ્ધ જે અધમતા [7]આખ્યન્તરાચાર છે,
એવા દ્વેષિ અધર્મિ ધર્મગુરૂને સો વાર ધિક્કાર છે. ૪
બોલે મિષ્ટ અનિષ્ટ હેતુ સરવા પ્રિષ્ટ હેયુ કરી,
કૈ ગર્વિષ્ટ બની તકે નવ અટે [8]નિર્દિષ્ટ કામે જરી;
ના પીરાય વસુ વધૂ કુમતિનો પાપી [9]અપૂપાર છે,
એવા નેષ્ટ [10]વયસ્યને અવનિમા સો વાર ધિ ક્કાર છે. ૫

કવિ દયારાંકર રવિશંકર, ખંભાત.

સ્ત્રીને સદુપદેશ.

ગરબી.

"અમી પાને ને પણ આપ્યા રે"—એ રાગ

સખી સદ્‌ગોધ સદાએ લેજો રે,
એની જ પત અધાને દેજો..... ... ...સખી૦ ૧
સૂર્યોદય પહેલા નિત્ય જાગો રે,
પ્રભુ પ્રાર્થના કરી મુખ માગો રે,
કામ ક્રોધ કપટ વૈર ત્યાગો ... ...સખી૦ ૨
નિર્મળપણું સદા આચરવુ રે,

---

૧ કીર્તિ—ચંદ ૨ મિત્ર—સૂર્ય ૩ ક્રોધી ૪ ખોટી બુદ્ધિ ૫ મિત્ર પર્વ.
૬ બોલવા ચાલવા ૭ બોલવારૂપે કામે ૮ બહુ ૯ મિત્ર

દાતણ નાવણ દિન દિન કરવું રે,
નીચ નહોર નારીથી ડરવું.... .....સખી૦ ૩
માત તાતની આજ્ઞા પાળો રે,
નૈતમ ગ્રંથ નીતિના નિહાળો રે,
પ્રાણી પૂરા પ્રેમેથી પાળો.....સખી૦ ૪
સતીતણાં ચરિત્રો પરખો રે,
ગુણ ગાઇ તેના મન હરખો રે,
સ્વભાવ શીળો રાખો તેહ સરખો.....સખી૦ ૫
વિદ્યાવંતી બાળાઓ મળજો રે,
સયાજીરાવના ગુણ ગુણ રે;
સત્ય શીળ પાળીને રળજો..... .....સખી૦ ૬

ત્રિભુવન પુરૂષોત્તમ શુકલ.
મોટા માંચિયાળા ફ. શા. મહેતાજી.

હિંદુસ્તાનનો ઇતિહાસ અને તેનું શિક્ષણ.

ઇતિહાસનો શિક્ષક.

ઇતિહાસનું શિક્ષણ સારી રીતે અપાવાની આવશ્યકતા છે એમ ચારે પાસથી કહેવામાં આવે છે. એ તો આપણા સાંભળવામાંજ છે કે ઇતિહાસ જેવો રસિક વિષય કોને નીરસ અને ગોખણરૂપ હોવાથી કંટાળા ભરેલો લાગે છે. કેટલાક શિક્ષકો હજી પણ એમ માને છે કે ઇતિહાસ તો ગોખાવ્યા સિવાય આવડેજ નહિ, અને તેથી તેનું ગોખણ કરાવવાને તરેહવાર યુક્તિઓ યોજે છે, જેમાંની થોડીક આપણે જોઇશું.

ઇતિહાસનું શિક્ષણ શા માટે સારૂં નીવડતું નથી, તેનાં કારણો શોધતાં પહેલું તો આપણા જાણવામાં એ આવે છે કે,

(૧) તેના શિક્ષકોમાંથી કેટલાક પોતે ઇતિહાસની સંપૂર્ણ માહિતીવાળા હોતા નથી. તેમને તેનું ઉપર ચોટિયું જ્ઞાન હોય છે; બહારનાં પુસ્તકો વાંચીને તેમાં વધારો કરેલો હોતો નથી. તેમાંના કેટલાકનું જ્ઞાન પુસ્તકાધીન હોય છે.

૨. તેમને પોતાને તેમાં રસ જ પડતી નથી. વાર્તાઓનાં પુસ્તકોમાં જે મુખ્ય પાત્રો હોય છે તેમનું કાળાંતરે ફરી દર્શન થાય છે, પણ ઇતિહાસનાં પાત્રોમાં તેમ હોતું નથી, તેથી આગળ નવાં પાત્રોનું દર્શન થતાં પાછનાંને ભૂલી જવામાં આવે છે. એ રીતે ઇતિહાસની વાર્તાઓ અખંડ નહિ પણ તૂટક થાય છે. વળી ઇતિહાસ એ વસ્તુતઃ વાર્તાગ્રંથ નથી હોતો પણ વિદ્યાનો ગ્રંથ છે. એક વિદ્યા તરીકે તે વિદ્યાર્થીઓને શીખવવામાં આવે છે, તેથી તેમાં વાર્તાની પેઠે રસભરિત સંકલના ગોઠવાયલી નથી હોતી. તેવા ગ્રંથો લખનારનો હેતુ પણ તેને વાર્તાગ્રંથ તરિકે રસિક કરવાનો નથી હોતો; પણ કાળક્રમમાં એક દેશ કેવા પ્રકાર-

ના ફેરફારને આધીન થાયછે, એ ફેરફાર ઇષ્ટ કે અનિષ્ટ અથવા હિતકર કે અહિતકર શાથી નીવડે છે, અને એમ ફેરફાર શાને આધીન હોય છે, એ વગેરે બતાવવાનો હોય છે આ કારણથી ઇતિહાસ એ કુરસદે વાંચવાના ગપ્પાના ગ્રંથ તરીકે લખાયો નથી હોતો અને તેથી તેમાં રસજ્ઞ માત્ર રોકનાર વખતે નાસીપાસ થાય તો તેમા કાંઇ આશ્ચર્ય જેવું નથી એમ છતા જેઓ તે લખનારનો હેતુ સમજે તેમને તે રસજ્ઞ પણ લાગે છે એક દેશના કાળક્રમે સ્થિતન્તર થવાના હેતુ જાણવાની જેમને આદેશ હોય તેમને તો ઇતિહાસ વાર્તાગ્રંથ કરતા પણ વધારે રસિક લાગશે પણ જેમને દેશની ઉન્નતીપડતીની પરવા ન હોય તેમને ઇતિહાસ કેવળ કંટાળારૂપ લાગે તો તેમાં નવાઇ નથી

૩. તેવા શિક્ષકો પોતે પણ ઇતિહાસ ગોખીને તૈયાર થયેલા હોય છે. એમ હોવાથી ઇતિહાસ શીખવવાની બીજી પદ્ધતિ તેઓના જાણવા બહાર હોય તો તેમાં કાંઇ ઝાઝું આશ્ચર્ય કરવા જેવું નથી. તેઓ ઇતિહાસશિક્ષણનાં વ્યાખ્યાનો સાભળતા કે વાંચતા હોતા જોઇએ, અથવા ઇતિહાસના ચાળા ગ્રંથોમા તે શીખવવાની પદ્ધતિ બતાવેલી છે તે તેઓએ વાંચેલી હોવી જોઇએ, તથાપિ એ અસસાધ્ય પદ્ધતિ અજમાવવા કરતાં વગર ગમની ગોખણપદ્ધતિને તેઓ વળગી રહે તે પણ બનવા જેવું છે

૪ ગમે તેને ઇતિહાસ શીખવવાની ફરજ પાડવામાં આવે છે. પ્રાથમિક શાળાઓમાં તો તેમ કર્યા સિવાય છુટકો નથી, પણ ચડતા દરજ્જાની અંગ્રેજી શાળાઓમા પણ તેમજ જોવામા આવે છે ઇતિહાસ એ જેનો આમ વિષય છે તે શિક્ષક ઇતિહાસ સારો શીખ્યો હોય એ વિવાદની વાત નથી, પણ એ વાત પડતી મૂકીને આગળ જોઇએ તો—

૫ તેમનું પરચુરણ વાચન ઘણું કમી હોય છે. અને તેથીજ તેમના શિક્ષણમાં રસજ્ઞ, ઉત્સાહ અને જીવ દેખાતો નથી બુદ્ધ, શંકર, બટ્ટાચાર્ય, કે નુરજહા વિષે ઇતિહાસમાં જેટલું લખેલું છે તે કરતા તેમનાં રસજ્ઞ ચરિત્રો કોઈ પુસ્તક, માસિક કે સામયિકમાં ઘણી વખત જોવામા આવે છે ઇતિહાસનો શોખીન શિક્ષક તો તેને વાંચ્યા વગર રહે નહિ, અને વાંચ્યુ હોય તો તેનો ઉપયોગ પોતાના શિક્ષણમા કર્યા વગર પણ રહે નહિ. પણ કારણને અભાવે કાર્યનો પણ અભાવજ હોય છે.

૬. ઇતિહાસ શીખવવા જેવા મુદ્દાઓ તેઓ જાણતા નથી હોતા ઇતિહાસના પુસ્તકમાં લખેલી ઘણી બાબતોમાંથી કયી બાબતો ખાસ ધ્યાનમા રાખવા જેવી છે, અથવા કયી બાબતો અમુક બનાવના કારણરૂપ છે, અથવા કયી બાબતોએ હિંદુસ્તાનની ભૂમિપર ભૂમાપ નહિ એવી લીટીઓ દોરી છે, અથવા કયી બાબતો નીતિ શીખવે છે કે રાજદ્વિજ્ઞાન ઉત્પન્ન કરે છે, આ વાત જાણ્યા વિના ઇતિહાસ શિક્ષણ સારૂ ન બને એ સ્પષ્ટ જ છે.

૭. સૌથી ઉપરનું કારણ આપણા જાણવામાં એ આવે છે કે, ઘણાક શિક્ષકો ઇતિહાસને નહિ જાણેલી પણ જાણેલી વાતોનો સંગ્રહ સમજે છે ! તેઓ એમ સમજે છે કે ઇતિહાસ શીખ્યા પછી તેનો કશો ઉપયોગ નથી બાળકોને માથે આ નકામો બોજો છે તેનો ઉપયોગ પરીક્ષક આગળ રજુવાન કરતા સુધી છે, અને પછી તે બધી જવાનો છે !

ઉપલાં કારણોથી એમ ધ્યાનમાં આવશે કે જેમનું ઇતિહાસ સંબંધી જ્ઞાન થોડું છે, અને જેઓ ઇતિહાસશિક્ષણના હેતુઓ ખરી રીતે જાણતા નથી હોતા, એવા શિક્ષક પાસેથી સારી રીતે ઇતિહાસ શીખવાયલો જોવાની આશા શી રીતે રાખી શકાય ?

ઇતિહાસ શી રીતે શીખવાય છે.

આજ સુધી કેટલાક શિક્ષકો ઇતિહાસની સારભૂત નોટો તૈયાર કરીને તે ઉપરથી ઇતિહાસ ગોખાવતા હતા; કેટલાક છાપેલી નોટોનો પણ ઉપયોગ કરતા હતા. નોટમાંથી એકાદ પ્રકરણ બીજા દિવસને માટે બતાવી આપવામાં આવતું અને બીજે દિવસે તે બોલાવી, લખાવી કે પૂછી જોવામાં આવતું. ઇતિહાસ ગોખીને તૈયાર કરવા માટે તરેહવાર યુક્તિઓ યોજવામાં આવતી હતી. તેમાંની એક એવી હતી કે ઇતિહાસના યાદ રાખવા જેટલા ભાગને પદ્યમાં ગોઠવી ગોખાવવામાં આવતો. રાજાઓનાં નામ અને સાલો છોકરા એમ કરીને યાદ રાખતા હતા ! પણ ઇતિહાસશિક્ષણનો એ જમાનો હવે વીતી ગયો છે. છાપેલી નોટો ચલાવવાનું કેળવણી ખાતાએ બંધ કર્યું છે. હવે માત્ર લખેલી નોટોનો આ કામ માટે કોઇ જગોએ ઉપયોગ થતો હશે !

નોટો ઉપરથી શિક્ષણ આપવાની પદ્ધતિ દૂર થઇ છે એમ માનીએ તો પણ ગોખણ કમી થયું નથી. પહેલાં ટુંકી નોટો વિદ્યાર્થિઓને ગોખવી પડતી હતી, તેને બદલે હવે ઇતિહાસની ટેક્સબૂકના લાંબા પારેગ્રાફ ગોખવા પડે છે ! હજી 'આટલા પેરા વાંચી લાવજો' એમ કહેવાનો જમાનો વીતી ગયો નથી.

કેટલાક શિક્ષક મેહેનતુ હોય છે તે વિદ્યાર્થિઓ પાસે ઇતિહાસ વંચાવે છે અને કઠણ શબ્દના અર્થ કહે છે. ઇતિહાસના વિષયની સમજણ આપવાને બદલે ભાષા સમજાવવાનું કામ ચાલે છે. એવી રીતે ઇતિહાસ સમજ્યા પછી પણ તે ગોખી લાવવાનું તો કાયમજ રહે છે; કેમ કે ઇતિહાસના ગ્રંથમાંથી શિક્ષકે સમજાવેલી વાત વિદ્યાર્થિઓ પોતાની ભાષામાં શુદ્ધ લખી કે બોલી જાણતા નથી, તેથી વિદ્યાર્થિઓ તેને અક્ષરશઃ ગોખે છે અને ઉપર નંબર મેળવે છે. નોટપદ્ધતિમાં તો તેમને નામો, સાલો, અને મુખ્ય બનાવો માત્ર ગોખવા પડતા હતા, તેને બદલે ઇતિહાસના પુસ્તક ઉપરથી શીખતાં તો તેમને વાક્યો અને આખા પારેગ્રાફ ગોખવા પડે છે ! હવે એમાં સુધારો કેમ થાય તે જોવાનું રહ્યું.

(ચાલુ રહેશે.)

ઐતિહાસિક ચરિત્ર.

સુલતાન રજીયા બેગમ.

(લેખક–નર્મદાશંકર સદાશિવ ત્રિવેદી–શાહજંદ.)

(પાછલા માસથી ચાલુ).

તખ્તપર બેઠા પછી તેના લશ્કરમાં પક્ષાપક્ષી પેદા થઇ. કોક પક્ષના સૈનિકો તેના પક્ષમાં તો બીજા વિરુદ્ધમાં હતા. જેઓ વિરોધી હતા તેઓ કહેતા હતા કે રજીઆ અમે

તેની સાથે અને હોશીયાર હોય તથા સાથી હોય તોપણ શરમ જેવી વાત છે કે બીજાંતિ અમારા ઉપર રાજ્ય કરે ! મરિ અમે તેના તાબામાં રહી શકીશું નહીં. તે સઘળાએ એકઠા થઇ બળવો કર્યો, અને ફીરોજના છોકરને પોતાનો આગેવાન નીમી દિલ્હીપર ચઢી આવ્યા ને મુહમ્મદના લશ્કરનો પરાજય કર્યો. પરન્તુ તે પછી રજીયા બેગમે એવી તજવીજ કરી કે ફાતું બેગ કરી જઇ એના પક્ષમાં આવ્યું. પછી જે કોઇ બળવાખોર આગેવાનો હતા તેમને શાહીએ કતલ કરાવ્યા, અને બાકીના બીજાઓને કૃપાદૃષ્ટિ દેખાડી પોતાના સ્નેહી બનાવી લીધા. એવા સમયમાં મુલકમાં શાન્તિ અને સુતેહ થઇ બે વર્ષ સુધી રાજકારભાર સારી રીતે ચાલ્યો. આ વખત રાજ્યસત્તાનું યૌવનપૂર ઉભરાઇ રહ્યું હતું. એનો દેખાવ ભવ્ય અને પ્રતાપવાન હતો, અને મનોહર શરીર વિસ્તારથી તેનું સૌન્દર્ય સંપૂર્ણ વિકસિત કુસુમવત્ દૃશ્યમાન થયું હતું. એનું વિશાળ અને સપ્રભ કદ તથા પ્રફુલ્લિત સૌન્દર્યમય જોનારને તેજથી આંજી નાખતું—ગભરાવી નાખતું હતું. તેનો વર્ણ શ્વેત હતો અને નેમાં માત્ર ફક્ત ખીલેલી ગુલાબ કળીએ ઘણો જ વધારો કર્યો હતો. સર્વે કોઇ એની વિનીત કાન્તિ અને નિષ્કલંકેપા સમ ધૃતિ આગળ નિસ્તેજ બનતાં હતાં બરોબર એ રાણી કોણ સર્વથી માન પામવાને લાયકની હતી, તેમજ માનિક ચિતચુંબક તેજથી જનમંડળ ઉપર જાદુ કરવાને જન્મેલી હતી. આ મોહક સુંદરી સુંદરતા અને લાવણ્યમા રમ્ય કળી તેવીજ વિશુદ્ધ હતી. તેની કાન્તિ નિર્દોષ અને નિષ્કલંક હતી. અત્યાર સુધીમાં તેનું ચિત્ત મોહથી લાંબે સંબંધ પામ્યું નહોતું તેનું મન અને તન બંને દેશની વૃદ્ધિ કરવા અને મરીયલ રાખવામાં તલ્લીન થયું હતું જેથી બીજી કોઇ પણ વાતનો ખ્યાલ એને આવી શકતો નહીં. એની ખુબસુરતી અને વિદ્યાની ચોતરફ તારીફ થવા લાગી હતી, અને શાહજાદાઓ અમીર ઉમરાવો તેના અનુપમ સૌન્દર્ય, લાવણ્ય અને માધુર્યપર મોહિત થઇ ઇચ્છી રીતે આવા મોકલતા હતા. એવા સજ્જના ઘણા અભિલાષી પુરૂષોએ એનો પ્રેમ મેળવવા મારે ઘણી કોશિશો કરી પણ તે કોઇને પ્રસન્ન આવવા દેતી નહોતી, સઘળો વખત રાજ્ય સંબંધી કાર્યોમાં કાઢતી, કેમકે હજીપુરી આ નવયૌવનાનું મન જરાતરા પ્રપંચોથી વિકારી થયું નહતું. રજીઆ બેગમ રોજ રાજસભા ભરતી હતી, અને તેમાં મરદાની લેબાસ પહેરી આવતી હતી. જનાની પોષાક અને બુરખો ઉતારી નાખો અને રાજકિરીટ ધારણ કરતી હતી, અને હસ્તે મુખે મંદમંદ મુસકાતી મજની માફક આવી નખ્તપર બેસતી હતી, અને દાદ ફરીયાદો સાંભળતી હતી. ખુલ્લે બહોંચે હાથીપર બેસી રાજસવારી કાઢતી હતી. આ પ્રકારથી બાદશે પોતાની તીક્ષ્ણ બુદ્ધિથી રાજ્યકારભારમા ઘણી શોભા અને વૃદ્ધિ કરી બાપદા કાનુનમાં સુધારા કર્યા હતા. મુલકના જે કોઇ બદમાશો આગળના બાદશાહની અવ્યવસ્થિત અને બેદરકારીભરત બરેલી અવિચારી રાજનીતિથી થયેલી હતી તે સઘળી દૂર કરી, મોટા મોટા રજીઆ અને મુકદમાઓનો ધિક્કારસુસાર પણ પ્રબળ્યિકપણે કાયદાને અનુસરીને નિકાલ કરતી હતી. એ રીતે તેણે રાજનીતિમા અને કારભારમાં ઘણી ચાલાકી અને હોશીયારી દેખાડી નેપી અને ન્યાયથી રાજ્ય ચલાવ્યું. આખરે ઇતિહાસ લખનાર પણ કહે છે કે એક હબસી જુવાન જે રજીઆનો ખાસ અમલદાર હતો, અને જેનું નામ જમાલ-ઉદ્દીન કહેવાતું હતું, જે બહુ હોશીયાર અને ગુણવંત હતો તેના ઉપર હદાર દિલની રજીઆનો પ્રેમ મોટામો બરોબર ! દુનરની નિયમ અતિ બળીન છે ઋતુ આપ્યે પહેલે ઉગાડ્યા

ઉદ્ભવ્યા વિના રહેજ નહિ આ પણ તેમજ થયું. સ્વાભાવિક રીતે યૌવનમદમાં ઉપજતા પ્રેમના ક્ષણિકના પ્રભાવથી હમેશા વિશેષ પરિચયમા આવતા યોગ્ય મનુષ્ય સાથે રહેજ જાણે અજાણે પ્રીતિ જોડાય તેમાં નવાઈ નથી. રજીઆ જ્યારે ઘોડેસ્વાર થતી હતી ત્યારે જમાલનો હાથ ઝાલી ચડતી હતી, અને તે તેના પગ પેંગડામાં મૂકાવતો હતો. તે ઉપરથી કેટલાક અમીરોને ક્રોધ ચઢ્યો અને શંકા થઈ કે એક કમજાત પરદેશી માણસ ! તેને રાણી આટલો પોતા પાસે આવવા અને સ્પર્શ કરવા શા માટે દે છે ! અમીરોનો દ્વેષ વૃદ્ધિ પામતો ગયો. રાણીનો પણ જમાલપર દિન પ્રતિદિન પ્યાર વધતો ગયો અને તેને ઉંચે દરજ્જે ચઢાવતી ગઈ, તે એટલે સુધી કે તેને વડો વજીર બનાવ્યો ! આ ઉપરથી બાકી રહ્યું હતું તે પૂરું થવાથી સરદારોમાં ચર્ચા અને વિસાદ આરંભાયાં. બળવાખોરોનો આગેવાન ભટન્દીના કિલ્લાનો સરદાર અલ્તૂનીયા નામે તુર્ક હતો. જ્યારે રજીઆને એ થયેલા બખેડાની ખબર પડી કે તુરત લશ્કર લઈ ભટન્દીના કિલ્લાપર ચઢી ગઈ. પરન્તુ રસ્તામાં જતાં તેનું જ લશ્કર ફરી ગયું, અને તેના પ્યારાં હબશી ગુલામને તેની નજર આગળ કતલ કરી નાંખ્યો ! આ કમકમાટ ભરેલો બનાવ જોઈ રાણીને એટલો શોક અને ક્રોધ થયો કે લશ્કરને તેનો ભય લાગ્યો કે જરૂર હવે એ અમને મારી ન ખાવશે, તેથી તેને પણ બાંધી કેદ કરી અલ્તૂનીયા પાસે લઇ ગયા, અને લશ્કર પોતે દિલ્હી પાછું ગયું. ત્યાં જઈ બીજા ભાઈ બહેરામ જે પ્રીરોજના જેવોજ બદચાલ અને કૃત્યાકૃત્યના ભાન વગરનો હતો તેને તખ્તપર બેસાડ્યો. અલ્તૂનીયા પાસે જ્યારે રજીયા કેદ હતી ત્યારે તેના મનમાં અનેક તર્ક પરંપરા ચાલવા માંડી કે અરેરે ! જેણે મારા પ્રીયતમને કતલ કરાવી નાંખ્યો તેના આશ્રયતળે આજે હું મારી જીંદગી ગાળું છું ! તેની દયાની ભીખારિણી થયેલી છું ! તેના પડતા બોલને ઝીલવાની સ્થિતિમાં આવી પડી છું ! અરે પ્રભુ ! આ દુષ્ટ પ્રાણ કેટલા નિર્દય છે કે મારી સમક્ષ મારા વ્હાલાનું મરણ થયું છતાં પણ હજી જેવીને તેવી સ્થિતિમાં રહેલા છે. અરે ! હું હતભાગિની રાજરાણી મટી એક ગુલામડીની સ્થિતિ ભોગવું છું ! એ રીતે હમેશાં વિચારકર્તી ગમગીન ચ્હેરે કાળ નિર્ગમન કરતી હતી. તેની આવી દુઃખજનક સ્થિતિ અને તેનું અનુપમ લાવણ્ય જોઇ અલ્તૂનીયાને તેના ઉપર દયા અને પ્રીતિ બંને ઉપજ્યાં. બંને એકદમ કેદીની સ્થિતિમાંથી તેને મોકળી કરી પછી તે તેના અનુપમ સૌન્દર્યપર મોહિત થઇ તેની સાથે લગ્નથી જોડાવા સ્નેહયુક્ત તદબીરો કરવા લાગ્યો. છેવટે રાણીના કૃતજ્ઞ હૃદયે તેની સખાવત અને બ્હાદૂરી જોઇ તેની સાથે લગ્ન કરવા કબૂલ કર્યું. અલ્તૂનીયા ઘણો લાયક માણસ હતો તેથી જ્યારે એ બંનેના લગ્નની તૈયારી થઇ ત્યારે ભટન્દી શહેરના આખાલટહ સર્વે ઘણા ખુશી થયા. અલ્તૂનીયાએ અપ્સરા જેવી દિવ્ય સુંદરી સાથે વિવાહ કરી પોતાના જીવનને કૃતાર્થ કર્યું. પરન્તુ ભાગ્યદેવીએ આ પ્રેમાળ દંપતીને ઘણા દિવસ સંસારનો લ્હાવો લેવડાવી સુખી ન થવા દીધા. થોડા દિવસ પછી આ વિલાસી જોડું વધારે સુખ મેળવવાના લોભથી લશ્કર એકઠું કરી દિલ્હી તરફ રવાના થયું. એવા ઇરાદાથી કે બહેરામને તખ્તપરથી ઉઠાડી પોતે બેસવું; પણ તેમના સુભાગ્યે જોર ન કર્યું: તેનું લશ્કર બ્હાદુરીથી લડ્યું પણ વિજય મળ્યો નહિ બે ભયંકર યુદ્ધ થયાં, જેમાં જંબરી ખુનરેજી થઇ પણ બંને વેળા રજીઆ પરાજય પામી. છેલ્લા યુદ્ધમાં બંને જણ કેદ પકડાયાં, અને અલ્તૂનીયાનો શિરચ્છેદ કર્યો બહેરામ એટલું જ કરીને બેસી ન રહ્યો તેનું સૈન્ય પણ કઠોર અને નિર્દય હૃદયનું થઇ

બેહું. તેને ન રજઆબેગમના અલૌકિક સૌન્દર્યનો, કે ન તેના મધુરોક્તિનો, કે ન તેની લાવણ્યતા અને લાવણ્યનો, કે ન તેની પૂર્વે કરેલી દેશસેવાનો ખ્યાલ આવ્યો કે શરમ લાગી, અને એકદમ રજઆબેગમને પંજુ કતલ કરી નંખાવી! અફસોસ! સોવાર અફસોસ!! પાષાણને પણ પિગળાવે એવો નિર્દય બનાવ બન્યો! કહે છે કે એટલુ એટલુ દુઃખ પડયું છતાં પણ રજઆબેગમની વસંતપુંજ છેવટ સુધી એવી ને એવીજ સૌન્દર્ય અને લાવણ્યથી ભરપૂર રહી હતી, જે જોઇને વજ્રકઠણ મનુષ્યને પણ આશ્ચર્ય અને દયા ઉપજ્યા વિના રહે નહિ. શું એની અસીમ સહનશીલતા!! સુલતાન રજઆના પ્રાણોત્સર્ગને સાત સદી થઇ ગઇ છે, પણ એણે એવા દબદબા અને માનમરતબાથી રાજ્ય કર્યું હતુ અને એનું નામ કાઢયું હતું કે જેથી આજ સુધી તેની વાહવાહી કાયમ રહી છે. ઇતિહાસકર્તાઓ એને હિંદુસ્તાનના તમામ મશહૂર બાદશાહોની કતારમા મૂકે છે. ન્યાય તો એ એનોજ કહેવરાવી હતી. તે ઓરત હતી તોપણ બુદ્ધિમાન, ભણવાન, મહત્વાકાક્ષી, સૂક્ષ્મ વિચારવાળી, કાબેલ અને પ્રજાપ્રેમી હતી. પરમ કૃપાળુ પ્રભુ! સુલતાના રજઆબેગમ અને મહારાણી વિકટોરીઆ જેવી રાણીઓ અને તેવાજ પ્રજાપ્રેમી રાજાઓ સ્વર્ગના ઇચ્છનારી હિન્દી પ્રજાને પ્રાપ્ત કરાવેદ. તથાસ્તુ!!

પ્રાણી સંબંધી પાઠો.

(કા. પ્ર. ઉપાધ્યાય, બી. એ.)

કૂતરાની બીજી જાતો.

પાંચ્યા પાઠની બાકી રહ્યા પાઠમાં પણ આ પ્રાણીના શરીરની રચનાના આસ પાસ જોનું બાળકો પાસે ક્રમસર-પુનરાવર્તન કરાવવું અને સંભાળથી કૂતરા ને બિલાડીના શરીરના ભેદની સરખામણી કરવી. પ્રશ્નોદ્વારા જે જવાબ બાળકો આપે તે અનુક્રમે કાળી પાટીયા ઉપર લખવા તજવીજ કરવી.

૨. ખોરાક અને તેને કેવી રીતે પકડવામાં આવે છે તેની વિધિ.

બાળકોને વરનું ચિત્ર બતાવો. વરનો કૂતરા સાથેનો ધારો સંબંધ અને તેનું નામ બાળકોને શીખવો. વાસ્તવિક રીતે વરુ એ ઘણોજ ભયંકર ને જંગલી કૂતરો છે એમ કહીએ તો ચાલે.

આ રહ્યો બિલાડી ને તેના મળતાવડાનો શિકાર કરવામાં કેવી યુક્તિ વાપરે છે એટલે તે શત્રે ભટકે છે, પોતાના શિકાર તરફ ધીમે ધીમે ન દેખાય તેવી રીતે પ્રયાણ કરે છે, અને લાગ આવે તુરતજ તેના ઉપર એકદમ ઝપો મારે છે, વગેરે વર્ણને સમજાવવું.

વરુ હમેશાં ટોળામાંજ રહે છે અને શિકાર કરે છે તે પોતાના શિકારની પછવાડે દોડી તેને થકવી નાંખે છે. બિલાડીની માફક તેની પાસે છૂપી રીતે જતા નથી. તેઓની દેખવાની શક્તિ બહુ તીક્ષ્ણ છે અને તેને પોતાના શિકારની ગંધ બહુ દૂરથી આવે છે તે પોતાના શિકારની પછવાડે જમીન તરફ માથું નીચે નમાવીને દોડે છે અને તે ગંધની પછવાડે

ગાઉના ગાઉ દોડી જાય છે. તેઓની શ્રવણેંદ્રિય (સાંભળવાની શક્તિ) પણ બહુજ તીક્ષ્ણ છે. તેની આંખો મોટી ને મજબૂત છે. તે બિલાડીની માફક રાત્રે જોઇ શકતાં નથી. દિવસના પ્રકાશમાં તેની આંખોને ઢાંકવા માટે બિલાડીની માફક પડદો હોતો નથી.

શિયાળ, કોડેલું ને જંગલી કૂતરા—એ સાધારણ કૂતરાનાં બીજાં સગાંવહાલાં છે.

શિયાળનું ચિત્ર બતાવી શિકારી કૂતરાઓનાં ટોળાંની મદદથી તેનો શિકાર કેવી રીતે કરવામાં આવે છે તે બાળકોને બતાવો.

૩ કૂતરાની જાતો.

ઈંગ્લાંડમાં કૂતરાની વિવિધ જાતો હોય છે પરંતુ હિંદુસ્તાનમાં તેવા ભાગ પાડેલા જોવામાં આવતા નથી, માટે ગુજરાતી બાળકોને કૂતરાની જાતોની માહિતી આપવાની જરૂર નથી.

गायकवाड सरकारनुं देशी केळवणीखातुं (इनामपत्रको.)

(गया मासथी चालु)

नवसारी प्रांत.

૧ નવસારી સ. ઉ. શા. અબ્દુલ્લભન ઇસલામ દરગાવાલા મારફ્યારે સાહેબે મળીને ૧–૮–૦ પાણીની પરબમાં આપ્યા. ૨ તવડી સ. ગ્રા. શેઠ હોરમજી દોરાબજીએ ૧–૦–૦ છોકરાઓને આપ્યો. કોળી કુંવર પરસોતમે ૧–૦–૦ પાણીની પરબમાં આપ્યો. કોળી હીરા ગોવને ૧–૦–૦ સદર. ૩ ચોંસરા સદર રા. સા. ભીમભાઇ મોરારજી બ્યારામહાલના વહીવટદાર સાહેબે ૨૬–૨–૦ શાળામાં લાયબ્રેરી માટ પુસ્તકો નંગ ૨૭ આપ્યાં. ૪ ધામણ સદર પટેલ હીરા લખા તથા નારણ જેગીએ મળીને ૫–૦–૦ બરફીપતાસાં વહેંચ્યાં. ૫ માંગરોળ સદર પટેલ સાહેબજી અબ્દુલાજીએ ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૬ કામાડી સદર ગુલાબ રૂપનાયે ૧–૦–૦ ખાંડ વહેંચી. ગામ લોકોએ ૧–૦–૦ સાકર વહેંચી. ૭ કોસમાડા સદર સદ્‌ગૃહસ્થોએ ૧–૦–૦ પાણી પાવા માટે આપ્યો. ૮ ધોળા સદર ગામ લોકોએ ૧–૦–૦ પુસ્તકો, ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૯ ડુંગરા સદર સદર ૪–૦–૦ પુસ્તકો, ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૧૦ ગણદેવી, સદર શેઠ દ્વારકાદાસ ગોકળભાઇએ ૧–૧૨–૦ પાણીની પરબમાં આપ્યો. ૧૧ બીલીમોરા સ. ઉ. શા. બી. બી એન્ડ. સી. આઇ. રેલ્વેના કોલસાના કંટ્રાક્ટર મરહુમ જોબ્બ અલીભાઇ આસરભાઇ મુંબઇવાલાના ધણીઆણી જેતબબીબી તરફથી ૭–૮–૦ બગદાદી કાયદા તથા સીપારા ૩૦ વહેંચ્યા ૧૨ સોનગઢ ધા. વ. ગૃ. શા. શ્રીમંત યુવરાજ કેસરીસિંગરાવ મહારાજે ૬–૦–૦ છોકરાઓને લાબસીનું જમણ આપ્યું. ૧૩ સોનગઢ ધા. વ. ગૃ. બો. કં. શા. સદર ૪–૦–૦ સદર. કુલ. ૬૫–૧૪–૦. કુલ એકંદર. ૨૦૭–૧૪–૬.

તૈયાર કરનાર કારકુન. હસ્તાક્ષર. Jayshankar P. Joshi,
ગોવીંદ કાંગીદાસ. વિદ્યાધિકારીજાતી.

ગાયકવાડ સરકારનું દેશી કેળવણીખાતું
(વટહુકમો).

વટહુકમ નંબર ૩૪.

"આમ્બરાળાની દાસની પ્રથા અને તદ્વિષયમાં કેળવણી ખાતું નવીન ધોરણ દાખલ કરવા બાબત ઠરાવ નંબર ૧૮૪૩ તા. ૨૩-૮-૦૨ નું સાદર કરવામાં આવ્યું, તે સંબંધમાં દિવાન સાહેબનો કુ. કુ. નં. ૧૬ તા. ૧૮-૫-૦૩ નો થયેલો તેની કલમ ૨ માં નીચે પ્રમાણે ફરમાન થયું છે

આમ્બરાળાના નોકરોને કેળવણી ખાતામાં તથા બીજા ખાતાઓમાં જગાઓ આપવા ન જરીજ રહેવા બાબત

"આમ્બરાળાના નોકરો કેળવણી ખાતાના કાયમના નોકર નહિ ગણાવાથી સારા મળતા નથી એમ શાળા ખાતાનું કહેવું છે તેને માટે મુંબઈ ખાતાએ તથા મે આ બાબત દિવાન સાહેબને જે યોગ્યના બતાવી છે કે—જે મોટેરાઓની આમ્બરાળાનું પરિણામ પહેલું સારું આવે, તેમને ઉમર વગેરે કારણો આપ ન લેતાં કેળવણી ખાતામાં બોલી પડતી જગાએ લેવા અગર બીજી રીતે લાયક હોય, અને ૨૫ વર્ષની અંદર પડેલા આમ્બરાળાના મોટેરાઓ તરીકે કામ કરનો હોય, તો બીજા ખાતામાં પણ દાખલ કરવા એ પ્રમાણે તદ્વિષયક રાખવાથી સારા નોકરો મળવા હરકત પડશે નહિ. આટે તે પ્રમાણે તજવીજ ખાતા તરફથી રહેવી."

ઉપર પ્રમાણે ફરમાન થયું છે માટે આ ખાતાના અધિકારીઓ તથા બીજા ખાતાના અધિકારી સાહેબોની માહિતી માટે તથા યોગ્ય પ્રમાણે અમલ થવા સારૂ આ વટહુકમ પ્રસિદ્ધ કરવામાં આવે છે તા. ૩૧ ઓગષ્ટ સન ૧૯૦૩.

ઠરાવ્યું. J. P. J. Chhaganlal T. Modi
એ વિદ્યાધિકારી

વટહુકમ નંબર ૩૫.

"જ્યાં કન્યાશાળા ન હોય ત્યાં છોકરાની શાળામાં કન્યાઓને દાખલ કરવામાં આવે છે નિમિત્તે આપ્ત ૧ સાની કલમ ૧૪૬ પ્રમાણે તેવી કન્યાઓની ઉમર ૧૦ વર્ષ પૂરાં થતાં તેમને રજા આપવા ઠરેલું છે. પરંતુ દશ વર્ષ કરતાં વધારે ઉમરની કન્યાઓને દાખલ કરવાની મંજુરી આપવાનો અધિકાર આ

નિયમ કાયમ કરવા બાબત અને કન્યાઓની ઉમર.

તરફ તથા એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરને મળવા ટિપણ નં. ૧૨૦ તા. ૨૪-૫-૦૩ નું કર્યા લગત નામદાર દિવાન સાહેબની હુજુરથી શા. શુ. હુ. હું. નં. ૩૪ તા. ૨-૭-૦૩ નો નીચે પ્રમાણે થયો છે.

" ખાતાની ભલામણ મંજુર કરવામાં આવે છે. પરંતુ દશ વર્ષ ઉપરાંત છોકરીઓને શાળામાં રાખવાની તે મે. રા. બા. વિદ્યાધિકારી સાહેબનો શેરો નં. ૨૦૯ તા. ૨૫-૬-૦૩ પ્રમાણે પારસી કોમની કન્યાઓને પંદર વર્ષ પૂરાં થતાં સુધી અને બીજી કોમની કન્યાઓને ૧૩ તેર વર્ષ પૂરાં થતા સુધીજ રાખવી. "

ઉપર પ્રમાણે હુકમ થયો છે માટે તે પ્રમાણે જેમણે તેમણે પ્રાંતના રા. બા. એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબની મંજુરી લઇ અમલ કરવો. તા. ૩૧ જુલાઇ ૧૯૦૩.

દલસુખ. J. P. J. Chhaganlal T. Modi.
એ. વિદ્યાધિકારી.

જાહેરાત.

મોજે સૈદવ તાલુકે કલોલના રહીશ શેઠ કેવળદાસ લલ્લુભાઇ એમણે ગામ કલદાર ત્યાંની સરકારી ગુજરાતી શાળામાં દર વર્ષે ગરીબ કોમના છોકરાઓને ભણવાનો સામાન તેના વ્યાજમાંથી આપવા માટે ત્યાંના રહીશ .... જેઠાલાલ પાનાચંદને ત્યાં વ્યાજે મૂક્યા છે. આ તેમની ઉદારતાને માટે તેમને ધન્ય વાદ ઘટે છે. તારીખ ૨૯ મીએ જુલાઇ સને ૧૯૦૩.

દલસુખ. J. P. J. Chhaganlal T. Modi.
એ. વિદ્યાધિકારી.

જાહેરાત.

મોજે સૈદવ તાલુકે કલોલના રહીશ શેઠ જગજીવન સાંકળચંદને ત્યાં પુત્ર પ્રસવ થવાથી તેની ખુશાલીની યાદગિરી રહેવા માટે મજકુર ગામની સરકારી ગુ. શાળામાં ભણતા ગરીબ વિદ્યાર્થીઓને સ્લેટ, પુસ્તકો વગેરે તેમને ભણવાના કામમાં હરેક રીતે મદદ કરવા સારૂ રૂ. ૫૧) અકે એકાવન તા. ૨૭-૧-૧૯૦૨ ના રોજ અનામત મૂકવાનું જણાવી તેના વ્યાજમાંથી ઉપર પ્રમાણે ભણતા ગરીબ વિદ્યાર્થીઓને મદદ કરવા જણાવ્યું છે. આ પ્રમાણે કેળવણીના કામમાં ઉદારતા વાપરી ઉત્તેજન આપેલું જણાવાથી તે માટે શેઠ મજકુરને ધન્યવાદ ઘટે છે. તા. ૩૧ મીએ જુલાઇ સને ૧૯૦૩.

Chhaganlal T. Modi.
J. P. J. એ. વિદ્યાધિકારી વડોદરા રાજ્ય.

श्री

गायकवाड सरकारनुं देशी केळवणी खातुं.

सरक्युलरो, वटहुकमो, वगेरे.

इ. स १९०२–०४

संवत १९५९–६०

गायकवाड सरकारनुं केळवणी खातुं.

पटहुकम नंबर. १

કયી જાતની અરજીઓ કેટલી કિંમતના રટાપના કાગળ ઉપર કરવી, ને કયી અરજીઓ સ્ટાંપ વગરના કાગળ ઉપર કરવી તે સંબંધમા તા. ૩૦-૧-૧૯૦૨ ની આજ્ઞાપત્રિકાના પાન ૫૦૮ ઉપર દુજાર હુકમ નોંધ અંક ૧૦ તા. ૧૫-૧-૦૨ નો તથા તા. ૬-૩-૦૨ ની આજ્ઞાપત્રિકાના પાન ૬૦૬ ઉપર પટહુકમ અંક ૧૮, ૪૨૭ તા. ૨૫-૨-૦૨ નો નામદાર દિવાન સાહેબ તરફથી પ્રસિદ્ધ થયા છે તે નીચે પ્રમાણે —

અરજીઓ સ્ટાંપના કાગળ ઉપર કરવા બાબત

દુ કા. ઇ. દિ બ. આ. દુ હુ નો અંક ૧૦. દિવાન કચેરી.

દુજાર હુકમ.

"હાલ આપણે ત્યા જુદા જુદા ખાતાઓમા જુદા જુદા પ્રકારની અરજીઓ કરવામાં આવે છે, તેમાની ઘણી ખરી અરજીઓ સ્ટાંપ કાગળ ઉપર લેવાનો વહિવટ નહિ હોવાથી વિના કારણ અરજીઓ ઘણી થાય છે, અને તેથી કામમા નાહક વધારો થાય છે તે બંધ કરવા માટે હાલથી એવો વહિવટ રાખવો કે, જે અરજીઓ સરકારના લાભ માટે, અથવા સરકારનુ જેમાં હિત સમાયલુ હોય, અથવા જે ઉપરથી સરકારમાં કાંઇ ઉપજ આવવાની હોય તે સિવાયની બધી અરજીઓ, તથા કોઇ પણ કાયદો, નિયમ, પટહુકમ અગર દુજાર હુકમથી કે વહિવટથી જે બાબતની અરજીઓ મુકરર કિંમતના સ્ટાંપ કાગળ ઉપર લેવાનું ઠરાવ્યુ હોય અગર વહિવટ આવતો હોય તે સિવાયની બધી અરજીઓ એક આનાના સ્ટાંપ કાગળ ઉપર લેવાનો રિવાજ રાખવો.

બધી અરજીઓ સ્ટાંપ કાગળ ઉપર કરવી એ ઠરાવ

૨ આ હુકમ ન્યાયખાતાને ન્યાયના સંબંધના કામને લાગુ પડવાનો નથી તે સિવાયના કામે તે ખાતાને તથા બીજા બધા ખાતાને લાગુ છે.

ન્યાયના ખાતાના ન્યાય કામને લાગુ નથી.

૩ આ હુકમ વહિવટદાર તથા તે દરજ્જાના અને તે ઉપરાંતના સર્વ દરજ્જાના અમલદાર તરફ કરવાની અરજીઓને માટે લાગુ સમજવો.

હાને લાગુ

ટીપ—મુકરી ખાતાના માટે વહિવટદાર એ શબ્દમાં મહાલકરીનો સમાવેશ થાય છે એમ સમજવુ.

૪ આ હુકમ પ્રમાણે જે અરજીઓ સ્ટાંપ કાગળ ઉપર થવી જોઇએ ને તે પ્રમાણે તે ન કરી હોય, તો તે ઉપર કાંઇ ધ્યાન ન આપતા તેનો જવાબ પણ આપવામાં આવતો નહિ આ હુકમમા ઠરાવ્યા પ્રમાણે સ્ટાંપ

સ્ટાંપ પ્રમાણની અરજીઓ ઉપર ધ્યાન અપાશે નહિ

કાગળ ઉપર અરજીઓ આવે તોજ તેના ઉપરથી યોગ્ય લાગે તો રીતસર તજવીજ કરવામાં આવશે.

× × × × ×

૬ ઉપર પ્રમાણે શ્રીમંત સરકાર મહારાજ સાહેબની આજ્ઞા થઇ છે. તા. ૨૫ જનેવારી ૧૯૦૨ "

હુ. દિ. ફ. જા. નં. ૪૨૭
દિવાન કચેરી.

વટહુકમ

" અરજીઓ એક આનાના સ્ટાંપ કાગળ ઉપર લેવાના સંબંધમાં હુજુર હુકમ નં. ૧૦ તા. ૨૫-૧-૦૨ નો આજ્ઞાપત્રિકા પાન ૫૨૮ ઉપર પ્રસિદ્ધ થયો છે. તેના ખુલાસા તરીકે ફોજખાતાના ટિપ્પણ ઉપર હુજુર હુકમ તા. ૧૯ ફેબ્રુઆરી ૧૯૦૨ નો થયા અન્વયે આ હુકમથી ફરાવવામાં આવે છે કે, નીચે બતાવેલા પ્રકારની અરજીઓ એક આનાના સ્ટાંપ કાગળ ઉપર કરવાની જરૂર નથી.

હવે અરજીઓ સ્ટાંપ કાગળ ઉપર કરવાની જરૂર નથી તે બાબત

૧ સરકારી નોકરોએ રજા મળવા કરેલી અરજીઓ (મેડીકલની દાખલ સ્પેશિયલ રજા સિવાયની બીજી રજા બાબત).

૨ જે લખાણ ખરેખર અરજી ન છતાં નિયમ પ્રમાણે અગર કોઇ હુકમ પ્રમાણે સરકારી નોકરો વગેરેને તજવીજ કરવી પડે છે તેવી અરજીઓ, જેવી કે પરીક્ષામાં બેસવાની અરજી, હયાતી પત્રક રજુ કર્યાની અરજી, કોન્ટ્રાક્ટરે કબાલા પ્રમાણે માલ આપ્યા પછી તે તપાસી લેવા બાબત આપેલી અરજી વગેરે.

૩ સરદાર, મિસેદાર, ઇનામદાર વગેરે તરફથી થાની રૂપે અગર બીજા રૂપે આવનાર લખાણો કે જે વિશેષ કરીને આગેવા ખુલાસા તરીકે હોય છે તે.

તા. ૨૫ ફેબ્રુઆરી ૧૯૦૨."

ઉપર મુજબ આ ખાતામાં જેમણે તેમણે અમલ કરવો. તા. ૧૭ ઓગસ્ટ ૧૯૦૩.

દફ્તરમુખ. J. P. J. Chhaganlal T. Modi.
એ. વિદ્યાધિકારી.

વટહુકમ નંબર ૨.

મે. રા. બા. ઓફિસિયેટિંગ કલેક્ટર સાહેબનો વટહુકમ નં ૩૧ તા. ૨૮-૨-૦૩ નો આઠ્ઠાધિકિરો પાન ૭૩૨ તા. ૫-૩-૦૩ ના પ્રસિદ્ધ થયો છે. તેની કલમ ૩ માં કલ્યાલા મુજબ આ ખાતાની મુખ્ય ઑફીસ માટે આમ કરાવેલા તેની, તથા ખાતાના સામાન્ય નમુનાઓ અને ગમ્બના અને મંજુરાલ્યુ નમુના પૈકી આ ખાતાને લાગુ પડે એવા નમુનની બાદીઓ અનુક્રમે ત્રિ. ક, ખ, ગ, થી આ સાથે પ્રસિદ્ધ કરવામા આવે છે સબબ તે મુજબ કોઈએ તેમણે મામણી કરવા વધિવટ રાખવો.

'મામણી પત્રો' નાં નમુના આપુ આને છપાવવામા આવ્યા નથી, તે છાપી પૂરા પાડવામા આવે ત્યાં સુધી નીચે મુજબ, પાંચમા આવેલા કમે નામ દાખલ કરી મામણી કરવા વધિવટ રાખવો. તા. ૧૦ માર્ચ ૧૯૦૩ અને ૧૯૦૨.

દસ્તખ. J. P. J. Chhaganlal T Modi
એ વિધાધિકારી.

ખાતાના ખાસ એટલે ફકત વિદ્યાધિકારી ઓફીસના ઉપયોગ માટે. નિ. ક.

નંબર.	નમુનાનું નામ.
૧	૨
૧	મેહેતાજીની બદલીના હુકમ.
૨	,, ને આસિ. કર્યાના હુકમ.
૩	પાકીટ ઇંગ્રેજી મોટાં.
૪	,, નાનાં.
૫	ભરતિયાં પા કાગળ ઉપર.
૬	,, અડધા ,,
૭	ડેપોના વેચાણના રૂપીઆ જમાં કર્યા બાબત પહોંચ. અ.
૮	પુસ્તકના અભિપ્રાય મંગાવવાની યાદી તથા અભિપ્રાય આપનાર તરફથી ભરવાની હકીકત.
૯	ટપાલ બુક ઇંગ્રેજી.
૧૦	જાવક ,,
૧૧	આવક ,,
૧૨	માસિક પત્રકો ઉપરથી હકીકત ભરવાનું રજીસ્ટર.
૧૩	જનરલ માગણી પત્રક. અ.
૧૪	,, બ.
૧૫	મુંબઇથી બારોબાર પુસ્તકો મોકલવામાં આવે તેનું ભરતિયું.
૧૬	મોદી નોંધવહી.
૧૭	મોકલું સિલક પત્રક.
૧૮	રેલ્વેમાં દાગીના મોકલ્યા બદલ રસીદ સાથે મોકલવાનો પત્ર.
૧૯	પુસ્તકો ખરીદવાનો ઓરડર.
૨૦	પેટા કિતાબખાના માટે પુસ્તકો વગેરે મોકલવામાં આવે છે તે વખતે પેટીઓ ઉપર ચોંટવાનાં લેબલો.
૨૧	વર્તમાનપત્રોના ફકરા મોકલવાની યાદી.

સા. શેરો.

વટહુકમ નંબર. ૨ તા. ૨૦-૮-૦૩ સાથે સામેલ. તા. ૨૨ માહે અગસ્ટ સને ૧૯૦૩.

ઇસમુખ. J. P. J. Chhaganlal T. Modi,
એ. વિદ્યાધિકારી.

ખાતાના સાધારણ એટલે ખાતાની સર્વ કચેરીઓ અને શાળાઓને ઉપયોગી પડે એવા.

નિ. સ.

નંબર.	નમુનાનું નામ.
૧	૨
	સર્વ સામાન્ય.
૧	આસિક રજા પત્રક.
૨	બદલ્યા પત્રક
૩	છૂટી પહોંચ
૪	ફેરીઓનાં માગણી પત્રક
૫	ચોપડીઓનાં ઇન્ડેન્ટ.
૬	સાદા બીલ.
૭	ફેરીને માટે આવેલાં પુસ્તકોનું જમાખર્ચી પત્રક.
૮	પાકીટો અર્ધા આનામાં વેચવા તેવા
૯	,, એક ,,
૧૦	,, બે ,,
૧૧	કાપડો ઉપર ચોડવાની ચીઠ્ઠી.
૧૨	મંજુરી મળવા બાબતનું પત્રક.
	અધિકારીઓ માટે.
૧૩	ઓન્ટનાં બીલ
૧૪	,, સર્ટીફિકેટ.
૧૫	વાર્ષિક પરીક્ષાનું હકીકત પત્રક
૧૬	બેટ લીધાનાં પત્રક.
૧૭	નાના પરિણામ પત્રક
૧૮	મોટાં ,,
૧૯	આસિક પત્રકનાં તારણ પત્રક
૨૦	ઈનામ પત્રક.
૨૧	ઇનામ પર ચોડવાની ચિઠ્ઠી.
૨૨	આખ્ય શાળાના રિપોર્ટ.
૨૩	ફેરીનાં ત્રિમાસિક નામ વગરનાં (પરીક્ષક અધિકારીઓ માટે.)
૨૪	એડિટરના ફેરો
૨૫	આસિ. ની બદલીના હુકમ.
૨૬	,, મેહેતાજીપર હુકમ.
૨૭	ફેરીમાંથી બદલ અખર.
૨૮	૬૩ વસુલ કરનાર અધિકારી તરફથી મોકલવાનો દાખલો.
૨૯	આસ કરજીયાત તથા નિયમિત શાળાઓની સંખ્યાનું તારણ.
૩૦	કરજીયાત શાળાઓના ૬૩ વસુલ લીધાની પાવતી.
૩૧	આદર્શાડિયા પત્રક.
૩૨	નિમણુકી અર્થનાં કાલવણી પત્રકો.
૩૩	નવિન આસિ ની નિમણુક કર્યાનું પત્રક

૩૪ દરેક શાળામાં કયી કયી જાતનો કેટકેટલો સામાન છે, તે બદલનું પાંચસાલી પત્રક.
૩૫ પ્રોગ્રામ.
૩૬ સરકારી શાળાઓના નામની યાદી વિભાગવાર.

શાળાઓ માટે.

૩૭ કેટલોગ.
૩૮ સરકારી શાળાનાં માસિક પત્રક.
૩૯ ગ્રામ્ય ,, ,,
૪૦ અભ્યાસ પત્રક.
૪૧ ટાઇમ ટેબલ.
૪૨ પ્રમાણ પત્ર (સર્ટીફિકેટ).
૪૩ ડેપોનાં ત્રિમાસિક નામવાળાં (શાળાના મેકેતાઓ માટે).
૪૪ વાર્ષિક રજીસ્ટર.
૪૫ જાતવારીનું પત્રક.
૪૬ ઉભરવારી ,,
૪૭ મુદતવારી ,,
૪૮ ટુંકી (શાળાની સાજરીનું પત્રક).
૪૯ નોકરોનું વખત પત્રક.
૫૦ સરકારી શાળાનાં પરીક્ષા પત્રક ધોરણ વગર.
૫૧ ,, ૧ લું.
૫૨ ,, ૨ જું.
૫૩ ,, ૩ જું.
૫૪ ,, ૪ થું.
૫૫ ,, ૫ મું.
૫૬ ,, ૬ ઠું.
૫૭ ,, ૭ મું.
૫૮ કન્યા શાળાનાં પરીક્ષા પત્રક ધોરણ વગર.
૫૯ ,, ૧ લું.
૬૦ ,, ૨ જું.
૬૧ ,, ૩ જું.
૬૨ ,, ૪ થું.
૬૩ ,, ૫ મું.
૬૪ ,, ૬ ઠું.
૬૫ ,, ૭ મું.
૬૬ ગ્રામ્યશાળાનાં પરીક્ષા પત્રક ધોરણ. ૧ લું.
૬૭ ,, ૨ જું.
૬૮ ,, ૩ જું.
૬૯ ઉર્દુ શાળાનાં પરીક્ષા પત્રક ધોરણ વગર.
૭૦ ,, ૧ લું.
૭૧ ,, ૨ જું.
૭૨ ,, ૩ જું.
૭૩ ,, ૪ થું.
૭૪ ,, ૫ મું.
૭૫ ,, ૬ ઠું.

૭૬	ફરજીયાત શાળાના આસિક પત્રક
૭૭	ફરજીયાત શાળાના ગેરહાજર છોકરાનુ પત્રક.
૭૮	ફરજીયાત શાળામા દાખલ થએલા છોકરાનું કમી થવારાનું પત્રક.
૭૯	ફરજીયાત શાળાનું કાયમ રજીસ્ટર
૮૦	ફરજીયાત શાળામા દાખલ થવા આવેલા છોકરાંનુ દાખલા પત્રક.
૮૧	ધર્મશાળાની પત્રક.
૮૨	છાપરા ચળાઇના બીલ
૮૩	પી તથા છોકરાની હકીકતનુ પત્રક
૮૪	બારણીશી
૮૫	મીંયાની ચીઠ્ઠીઓ
૮૬	છોકરાઓને સામાન આપ્યાની હકીકતનુ પત્રક.
૮૭	એક સરકારી નિશાળમાથી બીજી સરકારી નિશાળમા બદલી વખ તે આપવાનો દાખલો
	કૃષિશાળા માટે
૮૮	સર્ટીફિકેટ ઉત્તમપદનુ
૮૯	„ પ્રથમપદનુ
	કલાભવન માટે
૯૦	મેમોરેન્ડમ મોટા
૯૧	„ નાના
૯૨	નોટપેપર
૯૩	પાટીઠ
૯૪	બુક્સ અંગેની લેવાની નોટ.
૯૫	લાયબ્રેરીમા દાખલ થવાના.
૯૬	બુકમનુ રજીસ્ટર.
૯૭	રબની શીશી ઉપર ચોડવાના લેબલ.
૯૮	વર્ક રજીસ્ટર
૯૯	ડે બુક એન્ડ્રુકચર્ડ આર્ટીકલ્સ
૧૦૦	કલાસીફાયર.
૧૦૧	ઇન્ડેન્ટ.
૧૦૨	લેજર.
૧૦૩	ડેબુક (મદીનીવર્ગ)
૧૦૪	ઈમ્પર ઇન્ડેન્ટ
૧૦૫	મસ્ટર.
૧૦૬	બરતિયા ફોર્મ.
૧૦૭	સોદાબુક
૧૦૮	બોડબુક.
૧૦૯	રબીર પૈમાની.
૧૧૦	બીલ.
૧૧૧	એસ્ટીમેટ.
૧૧૨	લેયાર આલની પટ્ટીઓ
૧૧૩	ઇન્ડીમેલ્ટ.
૧૧૪	કામની ટિકીટ.
૧૧૫	સહરને બોડવાની.
૧૧૬	લેટર પેપર

૮

૧૧૭	ભાવનાં પત્રક ઇંગ્રેજી.
૧૧૮	" ગુજરાતી.
૧૧૯	ઉધરાણીનાં પત્ર.
૧૨૦	રેહવે નાકાનાં દાખલા ફોર્મ.
૧૨૧	દરવાજાના પાસ ફોર્મ.
૧૨૨	કારીગરોની હાજરીના દાખલા ફોર્મ.
૧૨૩	પ્રવેશ વિજ્ઞાપ્તિ પત્ર.
૧૨૪	પ્રવેશક પત્રક.
૧૨૫	વિષયવાર પરિણામ પત્રક.
૧૨૬	સ્ટેટમેન્ટ ઓફ સ્ટડીઝ.
૧૨૭	પરીક્ષક નીમવાનાં.
૧૨૮	માર્કશીટ.
૧૨૯	કલાકનાં હાજરી પત્રક.
૧૩૦	શિલ્પ ઉત્તમ પદનાં સર્ટીફિકેટ.
૧૩૧	યંત્ર શાળા "
૧૩૨	રંગ શાળા "
૧૩૩	લીવિંગ સર્ટીફિકેટ.
૧૩૪	બોઇલર ઇન્સ્પેકશન એકટનાં સર્ટીફિકેટનાં.
૧૩૫	ઉદ્યોગ શાળાના ખર્ચનાં.
૧૩૬	બોધક પત્રક.

સા. શેરો.

વટહુકમ નંબર ૨ તા. ૨૦-૮-૦૩ સાથે સામેલ. તા. ૨૨ માહે અ-

ગષ્ટ સને ૧૯૦૩.

દલસુખ. J. P. J.

Chhagnlal T. Modi,
એ. વિદ્યાધિકારી.

રાજ્યના સર્વ સાધારણ નમુના પૈકી આ ખાતાને ઉપયોગી મરે એવા નમૂના (મે રા. આ. એકાઉન્ટન્ટ જનરલ સા. ના. ૧, હુ. નં. ૩૧ તા ૨૮-૨-૦૩ તથા ૩૨ તા. ૩-૩-૦૩ નીચે આપેલી યાદી) નિ ગ.

નમુનાનો નંબર.	સર્વ સાધારણ નમુનો નંબર.	નમુનાનું નામ.
૧	૨	૩
		શાળાઓ તથા શાળા ખાતાની તમામ કચેરીઓના ઉપયોગ માટે.
૧	૫	જમીનની સાયકી દર્શાવતું પત્રક નિ. ઘ
૨	૧૫	હાજરી પત્રક મરાઠી.
૩	૧૯	ટપાલ ચોપડી.
૪	૨૮	જનરેરનામું
૫	૨૯	પાચમાસી ઉત્પન્નનું પત્રક
૬	૩૦	હરરાજીનું રજીસ્ટર નિ. ઙ
૭	૩૧	મજુર કર્યા બાબત બાસિક પત્રક નિ. ઇ
૮	૩૨	હરરાજીની દારૂ પિવાડ્યાનો રિપોર્ટ.
૯	૩૩	જોહેરનામુ પ્લેસિક કર્યાનો રિપોર્ટ
૧૦	૩૪	જંગમ માલ હરરાજ કરવાની શરત.
૧૧	૩૫	દફ્તરના કાગળો શોધવા બાબત તથા નકલો આપવા બાબત આવેલી ફીનું રજીસ્ટર.
૧૨	૩૬	ડેડસ્ટોક સામાનનું રજીસ્ટર.
૧૩	૩૭	સામાન કોના તાબામા છે તેનું પત્રક.
૧૪	૪૦	કાયમિદરી બાબત સબંધે રેકોર્ડ.
૧૫	૪૧	રેહવે ભાડા સબંધે રેકોર્ડ.
૧૬	૪૭	નિઅથુક રેકોર્ડ.
૧૭	૪૮	કચ્ચા ખર્ચની રેકોર્ડ.
૧૮	૫૦	કન્ટિજન્ટની રથળપ્રત બાબતી
૧૯	૫૧	કંતર બાબતની રથળપ્રત બાબતી પૈસા આપ્યા બાબત.
૨૦	૫૨	કચેરીમા તથા તિજોરીમાં પૈસા ભર્યા તે જમા કર્યા બદલ પૈસા રજુ કરનારને આપવાની બાબતી.
૨૧	૫૩	જમા ઉ ખર્ચ (મિલન)
૨૨	૫૪	પગાર પત્રક નંબર ૧૧ આખા કાગળ ઉપર
૨૩	૫૫	" જે કચેરીનું જેહેરમ નાનું હોય તેના ઉપયોગ માટે અડધા કાગળ ઉપર.
૨૪	૫૮	" નિ. અ
૨૫	૫૯	રજા પત્રક નિ. છ
૨૬	૬૦	પગાર લેવા હાજર નહિ થયેલા લોકોની યાદી નિ. ગ.
૨૭	૬૧	જે લોકોનો પગાર આગળ બદલ હપ્તર છે તેનું પત્રક નિ. ક ગુજરાતી.

૨૮	૬૩	પુરવણી પગાર પત્રક આખા કાગળ ઉપર નિ. ઘ ગુજરાતી.
૨૯	૬૪	,, અડધા કાગળ ઉપર ,,
૩૦	૬૮	લાસ્ટ પે સર્ટીફીકેટ.
૩૧	૬૯	સિપાઇ તથા બીજા લોકોની નોકરીની હકીકતનો તકતો.
૩૨	૭૦	પેન્શન ગ્રેચ્યુઇટીના નિયમ પ્રમાણે નિ. ઘ નો તકતો.
૩૩	૭૨	સર્વીસ ટીકીટ વ કાર્ડની માગણીનું ઇન્ડેન્ટ નંબર ૧.
૩૪	૭૩	,, ,, રીજમેળ નંબર ૬.
૩૫	૭૫	નવીન નોકર નિમ્યા બદલ પત્રક.
૩૬	૭૬	કાગળોની ફેરિસ્ત નિ. ક.
૩૭	૭૭	જનરલ ફેરિસ્ત નિ. ખ.
૩૮	૭૮	દફતરખાનામાંથી બહાર મોકલેલા કાગળોની નોંધનું રજીસ્ટર નિ. ઘ.
૩૯	૭૯	રિકાર્ડના નિયમ પ્રમાણે સાલ આખર હકીકત મોકલવાનું પત્રક નિ. ઇ.
૪૦	૯૫	મકાન ભાડા બદલ.
૪૧	૯૬	જથ્થુ તમલમાત આપવા બદલ.
૪૨	૧૧૦	કયી કચેરીમાં કેટલા દિવસ તુમાર રહ્યો તથા શરૂ થયાથી કેટલા દિવસે તેનો નિકાલ થયો તેનું ત્રણ માસ સુધી વિલંબ થયાનું પત્રક નિ. ક.
૪૩	હિ. સા. નં. ૧૦	અનામત રકમના નિકાલ કરવા સંબંધીની બાબતી.
		ફકત વિદ્યાધિકારી કચેરીના ઉપયોગ માટે.
	સર્વ સાધારણનો નંબર.	
૪૪	૬	જમીન ખેતોનું રજીસ્ટર નિ. ગ.
૪૫	૧૨	હજુરમાંથી આવેલી અરજીઓની નોંધવહી નમુનો નિ. ૧૫.
૪૬	૧૩	હજુરમાંથી આવેલી અરજીઓના નિકાલ બાકીની હકીકતનું પત્રક ત્રીમાહી નમુનો નિ. ૧૬.
૪૭	૮૧	જે જગ્યાની ગ્રેડ બાંધેલી છે, ગ્રેડલે મિનીમમ ગ્રેડઝીમમ પગાર હરેલા છે, તે જગ્યાના નોકરને ગ્રેડની બઢતી આપવા બાબત.
૪૮	૮૭	પેન્શન ગ્રેચ્યુઇટી બદલ.
૪૯	૯૨	ખાતાના મુખ્ય અધિકારીનું ફરતું કમી થયા બદલ.
૫૦	૯૪	પુરવણી જંત્રી મંજુર થવા બાબત.
૫૧	૯૯	ટિપ્પણ રજીસ્ટર નિ. ઙ.
૫૨	૧૦૦	ટિપ્પણની નોંધ બુકની અનુક્રમણિકા નિ. ઙ.
૫૩	૧૦૩	જે ઇસમને સરકારમાંથી પગાર મળે છે ત્યાં કાંઇ કામ સોંપ્યું ન હોય અગર કમી પગારની જગ્યાનું કામ સોંપ્યું હોય તે બાબત.
૫૪	૧૦૪	લાયકી બદલ પત્રક.
૫૫	૧૦૬	બાસ હજુર હુકમની નોંધ બુક નંબર. ૧.
૫૬	૧૦૭	હજુર વતી દિવાન હજુર હુકમની નોંધબુક નંબર. ૨.
૫૭	૧૦૮	દિવાન હુકમની નોંધબુક નંબર ૪.

૫૮	૧૦૯	નોંધબુક ઉપર ગોઠવાની ચિઠ્ઠીનો નમુનો.
		ફક્ત અધિકારીઓની કચેરીના ઉપયોગ માટે.
૫૯	૧	નવીન નોકર નિમ્યા તથા જુનાને બઢતી આપી તથા નોકરોની ફેર બદલી કરી તેની ઠેપનું રજીસ્ટર નિ. ફ.
૬૦	૩	નોકરને શિક્ષા કરવામાં આવે તેની નોંધનું પત્રક નિ. ફ.
૬૧	૪	હજૂરથી તથા ખાતાના મુખ્ય અધિકારી તરફથી જે નોકરોની નિમણૂક થાય છે એવા નોકરોને કસુરના સંબંધે થએલી શિક્ષાનું માસિક પત્રક નિ. ફ.
૬૨	૭	રજના ખાતાની અનુક્રમણિકા.
૬૩	૮	રજની બતાવણી.
૬૪	૯	અરજદારને અરજીની આપવાની પાવતીનો નમુનો નિ. ૧
૬૫	૧૦	અરજદારને અરજીનો નિકાલ થયાની ખબર આપવા બાબત નમુનો. નિ ૧૩
૬૬	૧૧	પોતાના તરફ થએલી અરજીની નોંધવહી નમુનો. નિ ૧૪
૬૭	૨૦	આવક બારનિશી.
૬૮	૨૧	જાવક બારનિશી.
૬૯	૨૨	વકીલકામની નોંધ બુક
૭૦	૨૩	ઉધરાણી
૭૧	૩૭	મામલીના પૈસા ભરવાની કબુલત
૭૨	૩૮	બાકી કામનુ પત્રક
૭૩	૩૯	રોજનિશી (ડાયરી)
૭૪	૪૨	જરી (બજેટ).
૭૫	૪૩	જરીની રકમમા ફેરફાર કરવાનો તકતો.
૭૬	૪૪	જાપ્તા તમલકાતની વસુલ બાકીનુ પત્રક
૭૭	૪૫	તમલકાતની પામબુક
૭૮	૪૬	બતાસાતની પામબુક
૭૯	૭૧	તપાસણીના ઓર્ડર
૮૦	૭૪	બજેટની વસુલ બાકીનુ પત્રક.
૮૧	૮૦	નિમણૂક કરવા બદલ ટિપ્પણનો નમુનો
૮૨	૮૨	મળ પ્રોમેટ અથવા એડિટિંગ નિમેલા ઇસમને કાયમ કરવા બદલ.
૮૩	૮૩	રજા આપવા તથા જરીની એડિટિંગ ગોઠવણ કરવા બાબત.
૮૪	૮૪	એડિટિંગ નીમેલા ઇસમને પુરી મુદતનું બતાવન્સ આપવા બાબત.
૮૫	૮૫	ઉગામી પ્રેક્ટિકમની મંજુરી બદલ.
૮૬	૮૬	જે નોકરની સાઠ વર્ષની ઉમર થઇ હોય તેને વખારે મુદત નોકરીમાં રાખવા બાબત
૮૭	૮૮	નોકર લોકો નોકરી છોડી જાય તેને પોશાખ આપવા બાબત.
૮૮	૮૯	નોકરને બક્ષીસ પોશાખ વિગેરે તેની પાસે રહેવા દેવા બાબત
૮૯	૯૦	એક ખાતામાંથી બીજા ખાતામાં નોકર મોકલવો હોય

		તેના બદલ પગારદારોને બઢતીનું ધોરણ કરવા બાબત અંદાજની મંજુરી બાબત.
૫૦	૫૧	ધોરણ નિમણુંકો કેન્સલ થવા બાબત.
૫૧	૫૨	શરતચુક, બાદબાકી, સરભર્યું, અડચિયાણ વગેરે બાબત નિમણુંકો વધારવા બાબત.
૫૨	૫૩	બજારોને ઓપિયાણ આપવા બાબત.
૫૩	૫૪	વસ્તીપત્રકની બાકી મોંદી વસ્તીના બાબત.
૫૪	૧૦૧	કેળા તથા કેરની મુદત દિવસનું ઠરાવું તેમજ પત્રા ફિ. ૮
૫૫	૧૦૨	નિરંક પત્રવ્યવહાર થવા બાબતનું દિવસનું લોટ બોલવાનું પત્રા ફિ. ૪
૫૬	૧૦૫	કેસર બાબ વસ્તીક દિવસનું પત્રા.
૫૭	૧૧૧	કેળિયાનો નમુનો દિવસનું માપે બોલાવવા.
૫૮	૬. ૪૬. નં. ૪	બજારમાં તપાસણીનું પત્રા.

મા. ઇ.ઇ.

ઠરાવ નંબર ૨ તા. ૨૦-૮-૦૨ માંથી આગેલ તા. ૨૨ માંથી ૨૪૦ ૨૪ ને ૧૮૦૩.

ઇન્ડેક્ષ. ઇ. ઇ. ઇ. Chhaganlal T. Mehta,
દિવાન છે.

કેળવણી.

દોધકસૂત્ર.

અર્થ મળે વધે ધર્મ સવાયે, જ્ઞાન મળે મનમાન વધાયે;
પ્રીતિ વધે પસરે જશ મારો, એ જિજ્ઞાસુજીવણ ધર્મ અમારો.

પુસ્તક ૧૫ મું. આશ્વિન સંવત્ ૧૯૫૬ અંક ૧૨ મો.

દર્શન.

વિદ્યાર્થીઓના માતાપ્રતિ કર્તવ્ય.

મુબઈની અગ્રગણી હાઈસ્કૂલના કેળવણીના મેળાવડા પ્રસંગે આના ડિરેક્ટર જનરલ મી. જી. એફ. આર્નોલ્ડે એક ભાષણ આપ્યું હતું જેનો ઘણોક ભાગ અહીં આપવો છે તે કહેછે કે, "હું આજ કરીને વિદ્યાર્થી ગણના માતાપ્રતિ બોલું છું. વિદ્યાર્થીઓનું હિત કરવાનું તેમના હાથમાં બહું છે. તમારાં છોકરાંની સ્થિતિ ઘણી ઉપયોગી છે. પણ કોઈ વખત તમે એક બાજુ શિક્ષકને માથે નાખો તે ઠીક નથી. છોકરાનો બધો વખત ભણવા માંહી ખરચાતો નથી પણ બહાર જાયછે, અને જો તમે શિક્ષકને તેના કામમાં સહાય કરો નહિ અને અનુકૂળ આપો નહિ તો તમારા જાણતાં સુધારવાનું ઘણુંએ અગમ કામ બાકી રહી જાયે બાળકોને સુધારવાના પ્રસંગ શિક્ષક કરતાં તમને વધારે મળેછે તથા તેમની ગાઢ મિત્રતા સુધારવાની સત્તા શિક્ષક કરતાં તમારામાં વધારે છે."

"અને બાપ છે કે તમારામાના ઘણાક તો પોતાના સંતાનના અભ્યાસના અગાધ શત્રુ છે. તમે બન્ને કોઇ વાર તેમને નીતિનું શિક્ષણ આપો છો? તમે તેમને હાનિકારક રમતોને અને આનાકાનિ થવાને કાંઇ અમ કરોછો? મને તો લાગે છે કે તમે તેમને ઘણે તેમ કરવા દેછો અને જે જે વસ્તુની તેમને ઇચ્છા થાય તે તે તેમને આપોછો. પોતાનાં બચ્ચાં તરફના બાળમોહથી એમ બને એ સ્વાભાવિક છે તથાપિ એના પરિણામ નુકસાનકારક નીવડેછે જે જે કામ તેઓ પોતાને માટે કરવાને શક્તિમાન્ છે તે બધાં તેમની માટે તમે કરી આપોછો. અને જે કાંઇ તેઓ પોતાની માટે કરી શકતા નથી તે તમે પણ તેમને માટે કરતા નથી. તમે તેમને પોતાનાં ઘડિયાળ અને ઓઢાડવા શેલ આપોછો. તેમને બોરડવાને અક્ષિજુ ઇયળનાં કપડાં શેલ આપોછો, તેમને નિશાળે જવા આવવા માટે બાઇસિકલ કે ગાડી આપોછો, અને કોઇ કોઇ વાર તો તેમની મોપડીઓ ઊંચકવા માટે માણે નોકરને મોકલોછો. આ રીતે

જ્યારે તેઓ બરેબરનાં છોકરાંજ હોયછે. ત્યારે તમે તેમને મોટાં માણસની નકલ કરતાં શીખવોછો. પણ એથી પરિણામ શું થાયછે ? મોટાં માણસો આગળ તેઓ હાંસીને પાત્ર જણાયછે; અને તેના કરતાં પણ બરાબ પરિણામ એ થાય છે કે તેમના મનમાં પોતાને માટે ઉંચા વિચાર બંધાઇ જાય છે, જેથી તેમનો નીતિરીતિમાં સુધારો વધારો થતો અટકે છે, અને આ બંધનની પોકલી બાલી પતરાજીની ટેવ તેમની પછીની ઉમ્મરમાં પણ ભૂસાતી નથી. તેઓ પછીથી કોઇના દાજમાં રહેતાં નથી અને પોતાની મરજીમાં આવે તેમ કરવાની તેમને આદત પડી જાય છે. પણ એના કરતાં પણ વધારે બરાબ વાત તો એ છે કે તમે તેમને પ્રમાણિકપણાનો અને સત્યનો કદી ઉપદેશ આપતા નથી. જો કદાચ તેઓ જૂઠું બોલે છે તો તમે તેમને શિક્ષા કરતા નથી પણ દરગુજર કરો છો, અને તેથી તેમના મનમાં સત્યની અગત્ય ઓછી ગમે છે. પરંતુ તેઓ જ્યારે જ્યારે અસત્ય બોલે, ત્યારે ત્યારે તમે તેમને સખ્ત ઠપકો આપતા હો તો તેઓ હમણા જેવા અવિશ્વાસપાત્ર ગણાય છે તેવા રહે નહિ. તમારે બદલે તેમને નીતિ શીખવવાનું કામ નિશાળમાં શિક્ષકો કરે છે બરા, પણ નિશાળની બહાર તેમની નીતિરીતિ ઉપર દેખરેખ રાખવાને તેઓ અશક્ત છે. ”

આર્નોલ્ડ સાહેબનું આ પ્રાસંગિક કથન વિદ્યાર્થીઓનાં માબાપે ધ્યાનમાં લેવા જેવું છે. હમણા હમણા વિદ્યાર્થીઓ પતરાજીખોર, અસભ્ય, અને ગેાળી નીવડતા જાય છે, તેનાં બીજાં કેટલાંક કારણોમાં માબાપોની બેદરકારી એ મુખ્ય છે, અને છોકરાંના છંદનું અનુવર્તન કરતાં જ્યારે તેઓ અટકશે, ત્યારેજ કાંઇક અંશે તેમાં સુધારો થશે.

નીતિની કેળવણી.

મુંબાઇ ઇલાકાના જાહેર કેળવણી ખાતાના ઇ. સ. ૧૯૦૧-૦૨ ની સાલના રિપોર્ટમાં પણ વિદ્યાર્થીઓની નીતિની કેળવણી સંબંધે એફ. જી. મેલ્મી જે લખે છે તે જાણવા જેવું છે. તે લખે છે કે “ કોલેજોમા કે નિશાળોમાં સીધી રીતે નીતિનું શિક્ષણ અપાતું હોય તેવું કાંઇ છે નહિ. મારો અભિપ્રાય એવો છે કે ટેકસબૂક ઉપરથી નીતિ શીખવવાનો પ્રયત્ન કરવો વ્યર્થ છે. નિશાળની અને તેમના રહેવાનાં ઠેકાણાંની ડિસિપ્લીન એ તેમને નીતિ શીખવવાનું મુખ્ય સાધન છે. તે સિવાય રમવાની જગોએ (જે રમનો શિક્ષકની દેખરેખમાં રમાય છે તેવી જગોએ) પણ નીતિના પાઠ (કર્તવ્યરૂપે) શીખવાય છે. સારાં પુસ્તકોનાં વાચનમાંથી બેમાલૂમ રીતે નીતિની અસર અંતઃકરણને થાય છે. અને એ સૌ કરતાં શિક્ષકની વર્તણુંક છોકરાંની નીતિ પર બારે અસર કરે છે. હિંદુસ્તાનના વિદ્યાર્થીઓની ચાલચલકતમાં તથા રીતભાતમાં કોઇ ગંભીર દોષ રહેલો હું જોતો નથી; માત્ર **અનિયમિતપણું** એ આ દેશના લોકોમાં સ્વભાવજન્ય દોષ છે. અને કોલેજોના તથા નિશાળના શિક્ષકોને તેની સાથે સંતત યુદ્ધ કરવાનું છે; આ દેશમાં ઘણા બધા (ઉપવીત, લગ્ન, સીમંત, ઉત્તર ક્રિયા ઇ૦) પ્રસંગો આવે છે કે તેમાં કાં શિક્ષકોએ કે કાં વિદ્યાર્થીઓએ ઘર આગળ અવશ્ય રોકવું પડે છે. આ કામ માટે જરૂર પૂરતી રજા શિક્ષકે કે ઉપરીએ આપ્યા વિના ચાલતું જ નથી. આવી રજા એક વાર આપવામાં આવ્યા પછી વળી ઉપરીને ખબર આપવામાં આવે છે કે તે પ્રસંગ થોડા દહાડા માટે મુલતવી રહ્યો છે, અથવા નજીકનું કોઇ સગું માંદુ થઇ ગયું છે, અથવા હું જાતે માંદો થયો છું, અથવા ગાડી

ગયો અને પુ,—મારે આટલી વધારે રજા મંજુર કરવી. આ દેશના શિક્ષક આ રીતે અનિયમિત થઈ શકે છે અને વિદ્યાર્થીને પણ તેમજ થાય છે. વિદ્યાર્થીના બાપ આવે વખતે મોટા દુશ્મનની ગરજ સારે છે. તે આટીને કહેશે કે આ વખતે તો વિદ્યાર્થીએ પ્રસંગ ઉપર હાજરે થવા વિના ચાલવાનું નહિ. × × × શિક્ષકોના હાજરીપત્રકમાં કોઈ મહિનો એવો મારા જોવામાં નથી આવ્યો કે તેમાં શિક્ષકની કેજ્યુઅલ્ લીવ નિશાન ન થયેલા હોય આ ઉપરથી એ સ્પષ્ટ છે કે જે લોકો પોતાના હાથમાં મોટા હક્ક આવવાને, કાંઇક અંશે આમ અમલને લીધે અને કાંઇક અંશે અનિસ્વભાવને લીધે, અસહ્ય હોય તેવી ઘણી મુશ્કેલીથી અવકારમાં ઉપર આવી શકે."

આ ઉપરથી આપણે જોઇશું કે પરદેશી વિદ્વાનોનો આપણી નીતિરીતિ વિષે કેવો અભિપ્રાય છે. શિક્ષકોએ પોતાનામાં નિયમિતપણું આદિ ગુણો પોતે સાવધાનીથી આણવા જોઇએ, કેમકે તે સિવાય વિદ્યાર્થીઓમાં તે ઉપદેશ માત્રથી આવી શકવાનો નથી, એમ ઉપરના એક્ટ. ઇ. સેક્રેટરી સાહેબના અભિપ્રાયથી પણ સ્પષ્ટ થાય છે તેમણે પોતાના રિપોર્ટમાં કોલેજોના વિદ્યાર્થીઓને ઉદ્દેશીને લખેલું છે, પણ પ્રાથમિક માણસોમાં તો માબાપના અજ્ઞાનને લીધે સદ્દેરમાસ્તર કારણથી પણ ઉઘરાણી થાય છે એમ છતાં શિક્ષક ની સખ્ત ડિસિપ્લીન થવું કરી શકે છે એ વાત ખરી જોવાની રહે.

શબ્દો છૂટા પાડવાના નિયમો.

ગયા અધિવેશનના ગુજરાતશાળાપત્રમાં ગુજરાતી ભાષાના લેખનમાં શબ્દો છૂટા પાડવા વિષે કેટલાક નિયમો આપી વિવેચન કર્યું છે ભાષાનું લેખન જેમ જેમ તેમ નિયમિત થાય એ ઇષ્ટ છે, અને શિક્ષકોને તો તે વધારે ઇષ્ટ છે, એ વિષે વિવાદની જરૂર નથી યોગ્ય વખત ઉપર બુદ્ધિ પ્રકાશના ગુજરાતી ભાષાની જોડણી સંબંધી ચર્ચા ઉઠી થઈ હતી, પણ તે ઉપર વિશેષ ઊહાપોહ થઈ કાંઇ નિર્ણય થયેલો જાણવામાં આવ્યો નથી. એમ છતાં ગમે ત્યારે પણ ગુજરાતી ભાષાનો એકાદ પ્રમાણભૂત કોશ બહાર પડશે ત્યારે એ વિષયનો ઘણો ખરો નિકાલ થશે એમ લાગે છે, પણ તે અરસામાં શબ્દો છૂટા પાડવા સંબંધી કાંઇક નિયમો જાણવામાં આવે તે ખોટા ઉપાડની વાત નથી. ગુજરાતશાળાપત્ર કહે છે તેમ એવા નિયમોને અભ્યાસે એકજ લેખક જુદે જુદે સ્થળે જુદી જુદી રીતે શબ્દો છૂટા પાડે છે અને તેથી લખનારના મનની તત્ત્વ જોવે બેદરકારી કે અસ્થિરતા જણાય. છે કયા શબ્દો એવા કે છૂટા લખવા સંબંધી વારંવાર અનિશ્ચય જેવામાં આવે છે તે તેમાં તારવી કાઢેલું છે આ તારવણી તથા તેનો નિર્ણય આ પ્રમાણે તેમણે જણાવેલો છે —

અ. સંપૂર્ણ ક્રિયાપદોના અવયવો એકઠા લખવા કે જુદા ?—જુદા

ઇ સાધ્યસિદ્ધ શબ્દોના અવયવો એકઠા લખવા કે જુદા ?—એકઠા વિશેષણ વિશેષ્યનો કર્મધારય હોય ત્યાં છૂટા લખવાથી હાનિ નથી.

ઉ નામયોગીને નામ કે સર્વનામથી જુદા લખવા કે એકઠા ?—જુદા

ઋ. બે અવ્યયો જોડાઇને એક અવ્યય થયો હોય ત્યાં તેના અવયવ જુદા લખવા કે એકઠા ? 'પણ' ના અર્થના 'એ' અવ્યયને જુદો લખવો કે એકઠો ? —એકઠા

ઌ. નિષેધવાચક અવ્યય 'ન' જુદો લખવો કે એકઠો ?—એકઠો

ગુજરાતશાળાપત્રમાં ઉપર પ્રમાણે નિર્ણય કરેલો છે અને ઘણે અંશે તે માન્ય રાખવા જેવા છે. શિક્ષકોને માટે અમે આ પત્રમાં પાનાં નં. ૬૯૪૮ના ભાદ્રપદ—આશ્વિનના અંકોમાં અનુદેખનના નિયમો આપ્યા છે ત્યાં શબ્દો છૂટા પાડવા સંબંધી નિયમો પણ આપેલા છે. એ નિયમો જોવાથી જણાશે કે શાળાપત્રમાં આજ જે નિયમો લખ્યા છે તેમાં અને એમાં મોટે ભાગે તફાવત પડતો નથી. એ નિયમો ફરી અહીં ઉતાર્યા છે —

૧. પ્રત્યેક શબ્દ પૂરો થયે તેને બીજા શબ્દથી જુદો પાડવો.

૨ પ્રત્યય તથા ઉપસર્ગ આદિ વગેરેને શબ્દનાં અંગ ગણીને શબ્દની સાથે જોડાંજ લખવા.

૩. જે શબ્દયોગી અવ્યયો પ્રત્યય તરિકે વપરાયા હોય તેમને શબ્દના જોડા લખવા અને શબ્દયોગી અવ્યય તરિકે વપરાતા હોય તેમને છૂટા લખવા, જેમ, છોકરા-ગારે-છોકરાને માટે, ઘરમાહે-ઘરની માહે, વગેરે

૪. બે ત્રણ શબ્દ મળી એક કેવળપ્રયોગી થયો હોય તો તે શબ્દો છૂટા છૂટા લખવા. જેમ, હરે હરે ! ગમ ગમ ! શિવ શિવ શિવ ! નહિ નહિ ! વગેરે.

૫. બે કે વધારે શબ્દો મળીને થયેલો સમાસવાળો શબ્દ એકહોજ લખવો, જેમકે માબાપ, ઘરધણી સર્વગુણસંપન્ન, ઇ૦.

૬. કર્મધારય સમાસ નકકીજ હોય તો આખો સમાસાંત શબ્દ જોડો લખવો; પણ સંશય હોય તો છુટોજ લખવો. જેમ, "અધિક મતિમાન જન વાદમાં જીતશે." એ વાક્યમાં 'મતિમાન' 'જન'નું વિશેષણ ગણીને કર્મધારય માનીએ તો ચાલે અને ન માનીએ તો પણ ચાલે. એ પ્રસંગે વિશેષણ છૂટાંજ લખવાં. પણ 'મહાજન', 'પ્રિયમિત્ર', વગેરેમાં કર્મધારય નથી છે, માટે તે શબ્દ જોડાજ લખવા.

૭. બે અવ્યયો મળીને એક અવ્યય થયો હોય તો તે પણ જોડોજ લખવો જેમ, તોપણ, ગમેતેમ, ઠીકઠાક, વગેરે.

આ ઉપરથી જોવામાં આવશે કે શાળાપત્રમાં આજ જેને માટે શંકાઓ ઉત્પન્ન કરી તેનું નિરસન કરવામાં આવ્યું છે તે વિષે યથામતિ અભિપ્રાય આ પત્રમાં અગિયાર વર્ષ આગમચ અપાઇ ગયેલો છે. તેમ છતાં પ્રત્યેક દશકે ચાલી આવનારાને નવીન કરવાની જરૂર છે, અને તેમ કરીને શાળાપત્રે અતજ્જ્ઞ શિક્ષક વર્ગ ઉપર ઉપકાર કર્યો છે.

ભાદરણની વેદશાળામાં ધનામસમારંભ—ભાદરણમાં વે. શા. સં. ૨૮ સા. જગશંકર પ્રેમાનંદ જોષીએ સ્થાપન કરેલી સંસ્કૃત વેદશાળામાં ગયા મહિનામાં એક ધનામ સમારંભ કરવામાં આવ્યો હતો ગામના પ્રતિષ્ઠિત ગૃહસ્થો, વિદ્વાનો તથા અમલદાર વર્ગ તેમાં પધાર્યો હતો. બત્રીશ વિદ્યાર્થીઓ હાજર હતા, તેમની પરીક્ષા કરી સભા આનંદ પામી હતી. સ. ગુ. શાળાના હેડમાસ્તરે 'તમાકુનું વામન ન કરવું', વગેરે બાબતો ઉપર અસરકારક ભાષણ આપ્યું હતું. વેદશાળામાં ચાલતા કામથી ખુશ થઇ મહાલકરી ભોગીલાલભાઇએ રૂ. ૧૭) કલદારનાં 'શુક્લયજુર્વેદીય બ્રહ્મકર્મ' નાં પુસ્તકો અક્ષિસ આપ્યાં હતાં. તે દિવસે જન્માષ્ટમી હોવાથી પા. વજેભાઇ નાથજીભાઇએ ગ્રામ્યન્યાયાધીશ નીમાવાની

પુસ્તકોમાં ૨. ૨ ની બક્ષીસ વિદ્યાર્થીઓને ફરમાવવામાં આવી. છેવટે મંગલ ઉપરાંત આની
મળ્યા વિખરાઈ હતી.

કન્યાઓના ગૃહશિક્ષણમાં ખામી.

સવૈયા ઓગણીસા.

બોલે બોલી બાળા થઈ કે બોલકણી કરવા મન ધ રે,
વારે વારે વગર વિચારે અયોગ્ય શબ્દ અનેક ઉચારે,
માત તાત આ દીને અંટે લાડકડીને લાડ લડાવા,
બાળકડીનું શીદ બગાડો ચાલ ચાલતા રાખી આ'વા ! ૧
ગોરો કે કાળો વર ગમશે કે ગમશે સાસુ તો શું કે'શો ?
વઢે કરી વર તો ન ચેડશો, કપરે ચાકરિયે ના રે'શો,
એક બાળ કે તો દશ દેલે ન આપશો સાસુને ખાવા,
બાળકડીનું શીદ બગાડો ચાલ ચાલતા રાખી આ'વા ! ૨
આ પ્રકારનું શિક્ષણ મળતા સાત વર્ષની થાય સુતા કે,
ઓલ્યા બાલનું કુલ દિપાવું કપટ કળા કુલટાનું આ કે;
અશન વસન મન ગમતું આપી માતપિતા બનતા કે લાંબા,
બાળકડીનું શીદ બગાડો ચાલ ચાલતા રાખી આ'વા. ૩
કર સરિતા તટ ઉપર જાયે સમાન વયની તનયા ટોળી,
મન ગમતું ત્યા નાંય ગાય ને એક એકને નાખે રોળી;
કેક કૂદતી હોય છોકરિયો, કેક મચે છેડા મેલાવા,
બાળકડીનું શીદ બગાડો ચાલ ચાલતા રાખી આ'વા. ૪
કેક છોકરિયો ગાય રાજિયા ગુણી રાજિ આ થાયે લોકો,
બીજો બા'રજ મચે પરસ્પર પક્ષ ના કોઈ કહે આ રોકો,
કે કિશોરિયો કટાક્ષ કરતી પ્રિયતમનાં અંતર રીઝાવા,
બાળકડીનું શીદ બગાડો ચાલ ચાલતા રાખી આ'વા ! ૫
હોય પાંચ કે સાત વર્ષ લગિ આ વૃત વિધિપૂર્વક કરવાનું,
દુરાચારના શિક્ષણમાં પછિ શેષ રહે શું શીખવવાનું ?
ઘર પાસે આ ગોરપે નું વૃત કે નહિ પરનું ઘર મંડાવા,
બાળકડીનું શીદ બગાડો ? ચાલ ચાલતા રાખી આ'વા ! ૬
રમવા નિત્ય જતી હોય પુત્રી ત્યાં પણ કંઈ કંઈ શીખે આવું,
આવું લખતાં શરમ ઊપજે શું તેથી હું લખી બતાવું ?

ગોરચો ગરબાની ગમ્મતમાં કોઇ સુતા મૂકે ન ભણવા,
બાળકડીનું શીદ બગાડો ? ચાલ ચાલતા રાખી આ'વા ! ૭
નવરાત્રીની રાત્રિ વિષે તનુગાત્રિ વળી લેગી મળિ સર્વે,
તન મન ભૂષણ દૂષણથી ભરિ ગરબા ગાવા જાયે ગર્વે;
બાળકિયેાને લેઈ જાય ત્યાં પ્રયેાગ સાથે બેાધ બતાવા !
બાળકડીનું શીદ બગાડો ? ચાલ ચાલતા રાખી આ'વા ! ૮
જુગારિ જારી અવિચારી જન વિચારિ તક ન્યા હેાય મળેલા,
થેાલ જોઇ તે ઠેાકે ઠળિયા ચલાવિને ચતુરાઇ ચળેલા;
તેને ઉદ્દેશી કંઇ યુવતી ગરવી થઇને મંડે ગાવા,
બાળકડીનું શીદ બગાડો ? ચાલ ચાલતા રાખી આ'વા. ૯
વિવાહમાં ઉત્સાહ ધરીને દાહ દક્ષને ઉપજે એવાં,
ગીત ગાય ગુણહિણિયેા જે નહિ શાણાને સાભળવા જેવાં;
એવકૂપ પુરૂષેા બેાલે નહિ બિભત્સ ગીતેા બંધ રખાવા,
બાળકડીનું શીદ બગાડો ? ચાલ ચાલતા રાખી આ'વા.! ૧૦
વિવાહ રૂપી વર્ષાઋતુમા ઘન ગર્જન વાદિત્ર ગણાયે.
બંધુક બા'ર કડાકા છે જ્યાં પ્રભા જ્ઞાન રવિની ન જણાયે;
વાદળિયેા રૂપી વનિતાઓ મંડે અપશબ્દો વરસાવા,
બાળકડીનું શીદ બગાડો ? ચાલ ચાલતા રાખી આ'વા. ૧૧
ફાગણતણાં ફટાણાં કરતાં ટાંણાનાં ગીતેા બહુ બેાટાં,
દમ નહિ એવા દાદુર જેવાં મસ્ત બને શુધિ માણસ બેાટાં;
શિશુ વયથી શિક્ષણ આ'વું ત્યાં કેમ શુદ્ધતા દે સચવાવા;
બાળકડીનું શીદ બગાડો ? ચાલ ચાલતા રાખી આ'વા. ૧૨
મન મદીન કરનારા રસ્તા નભે શિરસ્તાને તે નામે,
એ રસ્તે પળનારા સર્વે પામે પસ્તાવેા પરિણામે;
તથાપિ સારાસાર સમજિને સુમાર્ગને જાયે નહિ સા'વા,
બાળકડીનું શીદ બગાડો ? ચાલ ચાલતા રાખી આ'વા ! ૧૩
નાતનાતના સર્વ નિપુણ નર છેક લેાકનેા ભય છેાડીને,
દુષ્ટ રિવાજ મચે અટકાવા જ્ઞાજા જન થઇ જીત જોડીને;
એક વાર નિષ્ફળ જાયે પણ નિપજાવે મનમા ન નિરાશા,
તેાજ દયાશંકર બંધાયે અભીષ્ટ સિદ્ધ થવાની આશા. ૧૪

કવિ દયાશંકર રવિશંકર--ખંભાત.

હિંદુસ્તાનનો ઇતિહાસ અને તેનું શિક્ષણ.

(ગયા માસથી ચાલુ).

ઇતિહાસશિક્ષણમાં સુધારો કેમ થાય ?

આ કામ માટે તો ઇતિહાસ સારી રીતે શીખવી શકે એવા શિક્ષકો હોવાની જરૂર છે અમે તે આપણને ઇતિહાસ શીખવી શકે એમ ધારવામાં આવશે ત્યાં સુધી ઇતિહાસ-શિક્ષણમાં સંપૂર્ણ ફતેહ મળવાની નથી. ઇતિહાસ એ ફક્ત મનને આરામ આપનારી વાર્તા નથી, વિદ્યા પણ છે, એમ માનવાની જરૂર છે ગણિત, ભૂમિતિ, રસાયન વિદ્યા, વગેરે શીખ-વવાને જેમ ખાસ યોગ્યતાવાળા શિક્ષકોની જરૂર કૉલેજોમાં અને ટ્રેનિંગ સ્કૂલોમાં માનવામાં આવે છે તેમ ઇતિહાસશિક્ષક માટે પણ અમલમાં કેટલીક અડચણોને લીધે પ્રાથમિક શાળાઓમાં વિષયવાર શિક્ષકની યોજના કરી શકાતી નથી એ ખરું છે. પણ ઇતિહાસ વિષયક ખાસ માહિતી ધરાવનારા શિક્ષકના હાથ નીચે તૈયાર થયેલા શિક્ષકો પણ કેટલેક અંશે સારું શિક્ષણ આપી શકે.

બાકી શું જોઇએ ?—ઇતિહાસશિક્ષણના હાવડા અને હેતુ પૂર્ણપણે સમજનારો શિક્ષક ઇતિહાસ શીખવવાની યોગ્યતા મેળવી શકે એમ બધું જોઇએ અલબત્ત કે શિક્ષકના બીજી યોગ્યતાની સાથે આ પણ જોઇએ. ઇતિહાસશિક્ષણના હાવડા ત્રણ ભાગમાં વે હેચી શકાય —

અ માનસિક હાવડા.

બ. નૈતિક અથવા નીતિ સંબંધી હાવડા

ક શારીરીક શિક્ષણરૂપ હાવડા

ઇતિહાસશિક્ષણના આ હાવડા જેટલા બધા દેખાડાતા છે કે તેનો વધારે વિસ્તાર કરવાની અગત્ય નથી, તેમ છતાં તેનું સવિસ્તર વિવેચન હમણાંજ કરીશું. પણ જે પેહેલા બીજા વિદ્વાનો ઇતિહાસના સંબંધમાં શું કહે છે તે પણ જાણવા જેવું થઇ પડશે. " હિંક " નામે વિદ્વાન ઇતિહાસના હાવડા ગણાવતા કહે છે કે,—

અ. જેમ કોઇ માણસ મુસાફરી કરતો હોય, તે જેમ જેમ આગળ વધતો જાય તેમ તેમ નવી નવી સૃષ્ટિરચના અને દેખાવો જોતો જાય છે તથા તેથી પ્રતિક્ષણે તેના મનને કોઇ અપૂર્વ આનંદ થતો જાય છે, તેમ ઇતિહાસ પણ વિદ્યાર્થીઓના આગળ નવા નવા વિવિધ મનોરમ દેખાવો હાજર કરે છે અને તેના મનને વિસ્તારે છે. નવાં નવાં દૃશ્યોની પેઠે ઐતિહાસિક દૃશ્યો પણ વિદ્યાર્થીઓ આગળ જો વર્ણનરૂપે તાદૃશ ખડાં કરવામાં આવે તો તે તેમને આનંદ ન આપે, અને ઉપરો કંટાળો આપે, એ શું વિસ્મયકારક વાત નથી ?

બ ઇતિહાસ વિદ્યાર્થીને વર્તમાનકાળના બંધનથી મુક્ત કરે છે. અર્થાત્ તેના મનને વર્તમાનકાળનાં દૃશ્યોથી ક્ષણભર છુટું કરીને તેને ભૂતકાળનાં બનાવોમાં પ્રવૃત્ત કરી દે છે, તે વખતે ભૂતકાળ એ બધો તેના મનને વર્તમાન કાળ જેવો ભાસે છે !

ક. ઇતિહાસના શિક્ષણથી સ્વાભાવિક નિયમે મનના બનાવો, માનુષોના કરતેવ્યા નિયમો તરીકે સમજવાની ઘણ દૂર થાય છે

"ફૂલર" નામે વિદ્વાન ઇતિહાસના ફાયદા કાંઇક અલંકૃત ભાષામાં જણાવે છે. તે લખે છે કે,—

ક. ઇતિહાસ માણસને વૃદ્ધાવસ્થાની કરચલીઓ ને પળિયાં આણ્યા સિવાય વૃદ્ધ બનાવે છે. અર્થાત્ અનુભવ મેળવવા માટે જે અડચણો અને ત્રાસ વેઠવો પડે છે તે ન પડતાં ઇતિહાસ માણસને અનુભવી બનાવે છે.

ખ. ઇતિહાસ આપણને સંક્ષેપમાં આખી દુનિયાનું જ્ઞાન આપે છે, અને આપણે માણસમાં તથા માણસોએ સ્થાપેલી સંસ્થાઓમાં જે કાંઇ જોવાની ઇચ્છા રાખીએ, તે સઘળું ઇતિહાસ બતાવે છે.

ઉપરના વિદ્વાનોના અભિપ્રાયથી આપણા જાણવામાં આવે છે કે ઇતિહાસ વિદ્યાર્થીના મનને વિસ્તારે છે તથા તેની બુદ્ધિને તીવ્ર કરે છે, એ વાત બાજુએ મૂકીએ તોપણ તે સ્મરણશક્તિને બળ આપે છે અને કલ્પનાશક્તિને ઉત્તેજિત કરે છે, એ વાત તો સર્વ કોઇ માન્ય કરે એવી છે.

સ્મરણશક્તિનું ખેડાણ.

એમ છતાં પણ ઇતિહાસમાં કેટલુંક તો ગોખણ આવશે એ વાતની ના પડાતી નથી. પણ તે ગોખણના ભાગને બુદ્ધિમાન શિક્ષક જેમ બને તેમ દુકો કરી શકે ને તે પણ સ્પષ્ટ સમજાઇ જાય તેવો સહેલો કરી શકે. ઇતિહાસમાં અમુક બનાવની તારીખો ગોખવા જેવી હોય છે. જમીન પર જેમ મૈલના થાંભલા ઉભા કરેલા હોય છે તેથી અમુક સ્થળ અમુક મૈલ ઉપર છે, એ જેમ સમજાય છે, તેમ ઇતિહાસની તારીખોથી અમુક બનાવ આટલા વખતને અંતરે બન્યો છે એમ સમજાય છે. બનાવનું પૂર્વાપર જ્ઞાન તારીખથીજ થાય છે અને તે જ્ઞાન થવાથી ઇતિહાસના બનાવ સ્મરણમાં રહેવા સાથે અમુક બનાવ અમુક બનાવનું કારણ છે, એ વગેરે હકીકતો પણ ધ્યાનમાં રહે છે.

તારીખો સિવાય ઇતિહાસમાં એવા કેટલાક મુદ્દાઓ હોય છે કે તે યાદ રાખવાથી આસપાસની ઘણી હકીકત યાદ આવી જાય, અને તે જો ન હોય તો બાકીનો ભાગ સંબંધ વગરનો થઇને સમજાયજ નહિ. એવા મુદ્દા પણ યાદ રાખવાની જરૂર છે.

આ બે જાતનું ગોખણ તે નુકસાનકારક ગોખણ નથી, પણ સ્મરણશક્તિને પોષનારૂં સાહિત્ય છે. માત્ર હદ ઉપરાંત ભોજન જેમ પાચનશક્તિને ક્ષીણ કરે છે તેમ હદ ઉપરાંત ગોખણ સ્મરણશક્તિને દાબી દે છે.

કલ્પનાશક્તિનું ખેડાણ.

ઇતિહાસના શિક્ષણમાં વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિ કેળવાય એવાં સાધનો ઘણાંજ છે. જે કોઇ શિક્ષક પોતાના મનવડે ભૂત કાળનો કોઇ ઐતિહાસિક બનાવ જોઈ શકતો હોય—તે બનાવને પોતાની કલ્પનામાં આણીને ઉભો કરી શકતો હોય અને ઊભા થયેલા બનાવને હુબેહુબ શબ્દો વડે ચીતરી શકતો હોય–યથાર્થ વર્ણવી શકતો હોય તો તેજ ઇતિહાસનો ખરો શિક્ષક છે. જે ચિત્ર તેની પોતાની કલ્પનાના પટ ઉપર પડેલું છે તે શબ્દોદ્વારા પોતાના વિદ્યાર્થીઓની કલ્પનામાં તે આખું શકે એટલી તેનામાં આવડત જોઇએ. કેવળ વર્ણનથીજ આ કામ સરશે એમ કહી શકાતું નથી; બનાવને તાદૃશ કરવાને ચિત્રો, મિશ્ર, નકશા વગેરેની મદદ તેને આદરવી પડશે.

ઐતિહાસિક કલ્પના કરતી વખતે કલ્પનાશક્તિને ઊભરે ઢૂર બહાર જવા દેવી ન જોઇએ કલ્પના તે કલ્પનાજ ન થવા દેવી જોઇએ, નાથેનો ત્યારે જોઇએ દૂર જઈ શકે તેટલેજ દૂર કલ્પનાને જવા દેવી ખરા બનાવને કલ્પિત બનાવનુ રૂપ આપવાથી છોકરા પણ પોતાની કલ્પના બરાબરજ રીતે ગોઠવી દેવા શીખે છે. કેમકે તેમનામા બીજી શક્તિનુ બળ વિશેષ હોય છે શિક્ષકે આ વાત ધ્યાનમા રાખીને,—હાલ્યુ કેમ ને કલ્પના પછી—હાલ્યુ ન હોત તો કલ્પના પણ ન હોત, એવી રીતે શિક્ષણ આપવુ બરાબર કે છોકરાં કારણપૂર્વક કલ્પના કરે એવી તેમને ટેવ પાડવી.

ઇતિહાસ વિદ્યાર્થીઓની માનસિક શક્તિઓને કેળવે છે એમ આપણે ઉપરના ઉદાહરણોથી જોયુ છે અને તેથી ઇતિહાસના બધા શિક્ષણના કેટલા મુદ્દા સિદ્ધ થયા જોઇએ તે પણ જોયું છે. તે મુદ્દા આ છે.—

અ ઇતિહાસમાંથી મળી આવતા નિયમો શોધી કાઢવા

બ. હેતુ ઉપરથી કલ્પના કરીને બનવા જોગતો કે દિન બાદ્ધા વગેરેનો નિર્ણય કરવો.

આ બે શક્તિઓ ઇતિહાસના શિક્ષણદ્વારે વિદ્યાર્થીમા આવે તો બીજુ શું જોઇએ ?

ઇતિહાસમાથી નીતિની કેટલીક કેવી રીતે આપાય છે તે હવે પછી બતાવશું.

(અપૂર્ણ).

પ્રાણી સંબંધી પાઠો.

(ક્ષ. પ્રા. ઉપાધ્યાય, બી. એ)

ઘેટું.

પ્રારંભ—ઘેટુ એ અતુલ્ય ઉપયોગી પ્રાણી છે જીવતા ને મુઆ પછી પણ તેનો ઉપયોગ થાય છે તે રાતદિવસ ઉઘાડો હવામા પડ્યુ રહે છે તેને ઊનનું ઓઢવા હોય છે. ઊન એ ઘેટાનો શિયાળામા પહેરવાનો ડગલો છે. વગેરે હકીકત બાળકો પાસે શરૂઆતમાં કહેવરાવી

જો ઘેટાના ટોકળાને એમને એમ રહેવા દેવામા આવે તો ઉનાળામા તે પોતાની મેળે ખરી પડશે ને આવતા શિયાળા માટે એક નવું ટોકળુ (ઊનનું) ઊગશે પરંતુ આપણે ઉન વાની શરૂઆતમાં ને ઊનને કાપી લેઇએ છીએ કારણ કે તે આપણને ઉપયોગી છે

કાપેલા ઊનનો આપણે જો ઉપયોગ કરીએ છીએ તે બાળકને દૃષ્ટાન્ત સમજાવવું.

ઘેટાનું માસ આવતા પાઠમાં, તેની ચરબી—માખણ ને ઘી બનાવવાના કામમાં, તેની ચામડી-ચામડું બનાવવાના કામમા આવે છે, તેના ટોકળા ને ખરીઓના વિવિધ પદાર્થો બનાવવામાં આવે છે.

૨. ઘેટાનો ખોરાક.

દાંત—આપણે શીખી ગયા છીએ કે અમુક પ્રાણી કેવો ખોરાક ખાય છે એ વાત જ્યારે આપણે જોવી કહેતી હોય ત્યારે આપણે તેના દાતનું અવલોકન કરીએ છીએ. આ-

૧. ઉચ્ચાર ઉપર સારી પેઠે લક્ષ આપવું જોઇએ.

૨. પાઠનું મથાળું વંચાવવા જરૂર છે. પાઠનો અંક પણ શુદ્ધ બોલતાં શીખવવો.

૩. સરળ વાંચે તેમ થવું જોઇએ.

૪. સંગ્રહસ્થાન રચાવવામાં આવ્યા છતાં તેમાંથી પાઠમાં આવતા પદાર્થો બતાવવામાં આવતા નથી. કેટલેક ઠેકાણે બીનજરૂરના કે થોડા ઉપયોગી પદાર્થો સંગ્રહસ્થાનમાં ભેગા કરવામાં આવે છે. પણ પાઠમાં આવતો પદાર્થો કે જે પોતાના ભાગમાં ન થવાથી છોકરાં જાણતાં ન હોય કે દીઠા ન હોય તેવા પદાર્થો રાખવામાં આવતા નથી. જેમકે ગુજરાતના કડી પ્રાંતમાં સરસવ ઘણા થાય છે ત્યાં છોકરા તે જાણે પણ વડોદરા પ્રાંતમાં ને કાનમના ભાગમાં તે થોડાના જ દીઠામાં આવ્યા હોય છે ને ઘણા છોકરા ઓળખતા નથી, છતાં તે સંગ્રહસ્થાનમાં હોતા નથી. તે જ પ્રમાણે વટાણા, લાંગ, મસૂર, બંટી, કોદરી, નાગલી, કણઝાં (કણઝીનાં થી), ડોળી, કાપરી (કસુંબીનાં થી, જેમાંથી તેલ નીકળે છે), વગેરે. આ પદાર્થો સંગ્રહસ્થાનમાં રાખી છોકરાંને બતાવવા જોઇએ. બીજા ઘોરણમાં છોકરાં નાના હોય છે. તેમણે ઘણા પદાર્થો કે વસ્તુઓનાં નામ સાંભળેલાં હોતા નથી કે તે પદાર્થો દીઠેલા હોતા નથી. કેટલાંક નામ જાણેલાં હોય છે કે દીઠેલાં હોય છે છતાં તેની બરાબર ઓળખ થયેલી હોતી નથી. દુનિયામાં તેમનો પ્રવેશ થોડા દિવસનો ને નવો હોય તેથી તેમને ઘણું નવું જાણવાનું હોય છે. બીજી ચોપડીમાં ઘણા પાઠ એવા છે તેથી દરેક પાઠમાં આવતા પદાર્થનું પાકું જ્ઞાન તે પદાર્થો વારેવારે બતાવીને અને પૂછીને કરાવવું જોઇએ.

૫. પાઠમાં આવતાં ચિત્રો બતાવી તે સમજાવવાં જોઇએ.

૬. વાતીઓ મોઢે કહેવડાવી તેમાંથી બોધ કે શીખામણ પૂછવી જોઇએ.

૭. સામાન્ય જ્ઞાનના પાઠોમાંથી મોઢે હકીકત છોકરાંને આવડવી જોઇએ ને તેની પાકી સમજપૂર્વક ઓળખ કરાવી જોઇએ. જેમ, મેવાનાં નામ, વાસણનાં નામ, લૂગડાંનાં નામ, ઘરના ભાગ, શરીરના અવયવો, અનાજનાં નામ, તૈલી પદાર્થનાં નામ, વાજાં, સગાં, ઋતુઓ, મહિના, વાર, વગેરે.

૮ ઝાડ, છોડવા ને તેના અવયવો, મૂળીઆં, થડ, ડાળાં, પાંદડાં, કળી, ફૂલ, ફળ, બીઆં, આ સઘળું બતાવવું. છોડ કેમ ઉગે છે તે પ્રત્યક્ષ કુંડામાં વાવ કે બીજા કશાના દાણા તેમની પાસે વવરાવી રોજ તેની શી હકીકત બને છે તે પ્રત્યક્ષ બતાવવી જોઇએ. કેટલાક ખંતી મેહેતાજીઓ નિશાળની આસપાસ બાગ કરી તેમાં જુદી જુદી પ્રકારના છોડ વાવે છે ને શોભિતા કયારા કરે છે, પણ છોકરાંને પાઠમાનો વિષય પ્રત્યક્ષ થાય એવું જ્ઞાન આપવાને થોડુંજ કરે છે.

નાનાં નાનાં છોકરાં, જેમના જોવામાં કે સાંભળવામાં કોઈ વખત નહિ આવેલા,

સાહેબોએ પરીક્ષા વખતે કરેલી સર્વ સાધારણ સૂચનાઓ આ પત્રમાં પ્રકટ થવા મોકલવાની વિનંતિ કરીએછીએ.—એડીટર.

તથા જેમને તેનો યોગ્ય ઉપયોગ છે એવા મુસ્તિર, અખબાર, બેઠ, સરોવર વગેરેના આકાર રેખાનું જ્ઞાન તેમને થવા માટે અથવા તેવા આકારો પ્રત્યક્ષ બતાવીને તેનું જ્ઞાન તેમને આપવા માટે પ્રયત્ન શિક્ષકો તરફથી થાય, જે જોઇને કેટલાક પ્રેક્ષકો કદાચ ખુશી થાય, પણ તે બાળકોને પોતાના શરીર ઉપરનાં મૂતર, રેશમ, ઊન, કે શણના કપડા ઓળખતાં ન આવડે અથવા તે શી રીતે ઉત્પન્ન થાય છે તેનું જ્ઞાન છોકરાને ન હોય અથવા તેનું જ્ઞાન આપવાનું ઓછા બદલવાનું અનુવાકો આવે, એ ઠીક નહિ બાળકોને જેમ પુસ્તકોની બાબતો સમજવામાં આવે છે તેમ તેમની આસપાસની સામાન્ય બાબતો વિષે પણ તેમને માહિતી મળતી રહે એમ કરવાની શિક્ષકે હમેશા ખાસ ગમરી રાખવી જોઇએ.

"करांचीना लेखके अधिमास संबंधी आपेली रीतनी उपपत्ति."

સૂર્યનું એક રાશિમાંથી બીજી રાશિમાં જવું તેને સંક્રાંતિ કહે છે જે મહિનામાં સંક્રાંતિ ન હોય તે અધિમાસક. અધિમાસ દર ત્રણ વર્ષ પછી આવે છે એમ કહેવાય છે, પણ ખરું (બારીકીથી) ૩૧૧૫૩૧૨૮૮૦ વર્ષોએ આવે છે તેની ઉપપત્તિ સિદ્ધાંત ગ્રંથોમાં આપેલી છે.

આપણા કરાંચીના બંધુની રીતે શકના ૧૭૫ ઉમેરીને ૩૮ વડે ભાગતા અમુક અમુક શેષે અમુક અમુક અધિમાસ આવે છે તેના કારણોમાં ત્રણ બાબતોનો વિચાર કરવાનો છે (૧) શકના ૧૭૫ ઉમેરવાનું કારણ શું ? (૨) ૩૮ વડે શામાટે ભાગવામાં આવે છે ? અને (૩) અમુક શેષે અમુક અધિમાસ કેમ આવે છે ? એમાં પહેલાંને છેવટે વિચારીશું.

બતાવેલી રીતે આવેલી શેષોને નીચે પ્રમાણે ગોઠવીએ —

૩૬	૧	૪	૭	૯	૧૨	૧૫	૧૭	૨૦	૨૩	૨૬
આશ્વિન,	શ્રા૦,	જેઠ,	વૈ૦,	ભા૦,	આષાઢ,	જેઠ,	આશ્વિ,	શ્રા૦,	જેઠ,	વૈ૦,
૨૮	૩૧	૩૪								
ભા૦,	આષાઢ,	જેઠ.								

* अत्रैकस्मिन्मासेऽधिमः स्यात् द्विसङ्क्रान्तिकश्च क्षयाख्यः कदाचित्।
सप्त कार्त्तिकादिकेषु चान्यत्र, स्यात् तदा वर्षमध्येऽधिमावष्टौ च ॥ सि० शि० ॥

જે મહિનામાં સંક્રાંતિ ન હોય તે અધિમાસ અને જેમાં બે સંક્રાંતિઓ થતી હોય તે ક્ષય માસ. ક્ષયમાસ કાર્તિકાદિ સાત માસોમાં હોય છે, ત્યારે વર્ષમાં બે અધિમાસ થાય તેમાં પહેલો પ્રાયુત (અથવા પ્રવૃત્ત) અને બીજો અધિમાસ એમ નિર્મૂલસિદ્ધાંતકાર કહે છે.

* શ્રીયુત બાલકૃષ્ણપંત જોષી સંક્રાંતિના આંતથી બીજી સંક્રાંતિના અંતે સુધીમાં સૌરમાસ ગણાવે છે.

એમાં અમુક સમાનતા છેઃ જુઓ ૩૬ શેષ પછી ત્રણ વર્ષે ૧ શેષ આવે છે; એક પછી ત્રણે ચાર; ને ચાર પછી ત્રણ વર્ષે ૭ શેષ. એમ નવ વર્ષ સુધી ત્રણ ત્રણ વર્ષને અંતરે ત્રણ અધિમાસ આવે છે. પછી બે વર્ષે નવ (૯) શેષે. (ફરી ત્રણનો ક્રમ ચાલ્યો) ૯ પછી ત્રણ વર્ષે ૧૨ ને બાર પછી ત્રણ વર્ષે ૧૫ એમ ૭ વર્ષસુધી ત્રણ ત્રણ વર્ષને અંતરે બે અધિમાસ આવે છે. પછી બે વર્ષે ૧૭ શેષે એક અધિમાસ આવે છે. અહીંથી ફરી પાછો પૂર્વવત્ ક્રમ ચાલ્યોઃ—૩+૩+૩+૨+૩+૩+૨ એટલે કુલ ૧૯ વર્ષમાં સાત અધિમાસ આવે છે. બીજાં ૧૯ વર્ષમાં તે ને તે ક્રમે આવે છે.

એને બીજી રીતે તપાસીએઃ-પ્રત્યેક વર્ષે અધિમાસ શેષ સંબંધી દિન ૧૧૩૦પરા૩૦ ચઢે છે. એ રીતે પહેલા ત્રણ વર્ષના ગણતાં, (૧૧૩૦પરા૩૦) ×૩=૩૩૧૦૧૩૭૩૦ દિનાદિ થાય. તેમાંથી પૂરા અધિમાસના દિન ૩૦ બાદ જતાં બાકી ૩૧૦૧૩૭૩૦ એટલી શેષ દરેક ત્રણ વર્ષે અધિમાસ પૂરો થતાં વધે છે. એવા ત્રણ અધિમાસની શેષનો સવાળો ૯૩૧૦પરા૩૦ ત્રણ અધિમાસ જતાં વધે છે. ત્યાર પછી તેમાં બે વર્ષના અધિમાસ શેષ સંબંધી દિનો, ૨×(૧૧૩૦પરા૩૦)=૨૨૭૩૪પા૦ ઉમેરતાં ૩૧૩૦૧૩૭૩૦ થાય છે. એટલે સુધીમાં અધિમાસ પૂરો થઈ જાય છે. માટે ત્રણ વર્ષના અધિમાસ શેષ સંબંધી દિનો ઉમેરવા પડતા નથી; બે વર્ષના ઉમેરવા પડેછે. પ્રથમ નવ વર્ષ સુધી ત્રણ ત્રણ વર્ષે ત્રણ અધિમાસ આવે છે. અને પછી બે વર્ષે એક અધિમાસ આવે છે તેનું કારણ એજ છે. એ (૩૧૩૦૧૩૭૩૦) માંથી અધિમાસના દિન ૩૦ જતાં ૧૩૦૧૩૭૩૦ શેષ (૩+૩+૩+૨ વર્ષના અંતરવાળા) ચાર અધિમાસ જતાં વધે છે. વળી તેમાં ત્રણ વર્ષના અધિમાસ શેષ સંબંધી દિનો ઉમેરીને અધિમાસના દિન ૩૦ બાદ કરતાં ૪૫૦૧૨પા૦ બાકી શેષ રહે છે. તેમાં બીજા ત્રણ વર્ષના અધિદિનો ઉમેરીને ૩૦ બાદ કરતાં ૮૦૦પરા૩૦ બાકી વધે છે. ફરીથી બે વર્ષનાં ૨૨૭૩૪પા૦ અધિદિનો ઉમેરતાં ૩૦૮૮૩૭૩૦ થાય છે. તેમાંથી અધિમાસના દિન ૩૦ બાદ કરતાં ૦૮૮૩૭૩૦ વધે છે. એમ ત્રણ ત્રણ વર્ષને અંતરે ૭ વર્ષ સુધીના બે અધિમાસ ગયા પછી ફરી બે વર્ષે અધિમાસ આવે છે. તેનું કારણ પણ એજ છે. એ ઉપરથી ૩+૩+૩+૨+૩+૩+૨ વર્ષને અંતરે સાત અધિમાસ શાથી આવે છે, તે સમજાયું હશે.

લાગલાજ ઓગણીશ વર્ષના અધિમાસ શેષ સંબંધી દિનો કાઢીને તેને ૩૦ વડે ભાગીશું તોય સાત અધિમાસ આવશે. એમ ઓગણીશ વર્ષમાં સાત અધિમાસ સિદ્ધ થાય છે. ફરીને તેજ ક્રમ પાછો આવે છે. એટલે ૧૯ વર્ષે તેનો તે અધિમાસ ફરી આવે એમ સહજ અનુમાન થાય.

હવે આપણે કરાંચીસ્થ બંધુએ બતાવેલી શેષોને અધિમાસના જથામાં ગોઠવીએઃ—

આશો	ભાદ્રપદ	શ્રાવણ	આષાઢ	જેઠ	વૈશાખ	ચૈત
૧૭	૯	૧	૧૨	૪-૧૫	૨૬	૭
૩૬	૨૮	૨૦	૩૧	૨૩-૩૪		

૧૭ શેષે આશો. ત્યારપછી ૧૯ વર્ષે ૩૬ શેષે ફરી આશો આવે છે. ભાદ્રપદ, શ્રાવણ અને આષાઢને માટે પણ તેમજ છે. માત્ર જેઠ ૧૯ વર્ષમાં (અધિમાસના એક સપ્તકમાં) બે વાર, ને ૩૮ વર્ષમાં ચાર વાર અંતઃપાતી થાય છે. છતાં તેમાં પણ ૪ અને ૨૩; ૧૫ અને ૩૪ વચ્ચે

* જેમ નાની પેટી મોટી પેટીની અંદર પડે છે-આવી રહે છે, તેમ નાનો ચાન્દ્રમાસ

એટલે અંતર છે. ૨૬ દીવે વૈશાખ આવેછે. ત્યારપછી ૧૮ વર્ષે ૭ દીવે વૈશાખ આવતો નથી, પણ ચૈત્ર આવે છે, તે અધિમાસ દીવાની ન્યૂનાધિકતાને લીધે છે વૈશાખ પછી ૧૮ વર્ષે ચૈત્ર; ને ચૈત્ર પછી ૧૯ વર્ષે વૈશાખ આવે છે એટલે અધિમાસના એક સમયે ચૈત્ર અને બીજા સમયે વૈશાખ એમ ૩૮ વર્ષે એ ભાગો ફરી અંત પામે છે.—અધિમાસ તરીકે આવે છે. એટલા માટેજ ૩૮ વર્ષે ભાગવામાં આવે છે.

હવે શક ઉપરથી ઉપજાવેલી અમુક દીવે અમુક અધિકમાસ આવે છે તેનું કારણ તપાસીએ—શકારંભ પૂર્વે કહ્યો અધિમાસ દત્તો તે બીજાને આપણે કલ્પના ગતવર્ષો ઉપરથી અધિમાસ ઉપજાવવા જોઇએ શકપર્વ કલ્પગત વ. ૧૯૭૯૮૧૧૭૯ તેને ચં. ૧૫૭૧૨=૨૩૬૭૫૬૬૧૪૮ અવમાસ એને ×૩૦=૩૧૦૨૬૭૮૪૮૮૦ ગતતિથ. એક કલ્પ (બ્રહ્માનો એક દિવસ) મા ૧૫૫૫૨૦૦૦૦૦૦૦ સૌર દિવસ' અને ૧૫૬૩૩૦૦૦૦૦ અધિમાસ' આવે છે. અધિમાસને ×૩૦=૪૭૩૯૯૦૦૦૦૦૦ અધિતિથ થાય. તે ત્રૈરાશિક વિધિએમાટે —

$$\frac{\text{ગતતિથ } ૩૧૦૨૬૦૭૮૪૮૮૦ \quad \text{કલ્પ અધિતિથ } ૪૭૩૯૯૦૦૦૦૦૦}{\text{કલ્પસૌરદિન } ૧૫૫૫૨૦૦૦૦૦૦૦}$$

$$\text{કે } \text{ગતા} = \frac{૫૬૧૮૮૪૧૫૩૦૪૫૩૧૧}{૧૪૪૦} = \frac{૩૧૪૩૪૬૬૩૪૦૩૦૭}{૧૪૪૦} = ૨૧૮૨૬૮૩૮૭૮\frac{૪૮૭}{૧૪૪૦}$$

અત અધિતિથ (શક પૂર્વે કલ્પના) તેને ૩૦ વડે ભાગતા ૭૨૭૨૨૧૨૮૨ અધિમાસ આવ્યા. શેષ ૧૪$\frac{૪૮૭}{૧૪૪૦}$ અધિતિથ રહે છે. કલ્પારંભમા 'યુગપત્પ્રવૃત્તિ' ને લીધે અધિમાસ શેષનો સંભવજ નથી. પછી કમે અધિમાસો ગતા અધિમાસોના એક સપ્તકમા ચૈત્ર અને બીજા સપ્તકમાં વૈશાખ આવે અર્થાત્ સપ્તકની એકીએ ચૈત્ર અને બેકીએ વૈશાખ આવે. અને

મોટા સૌરમાસની અંદર પડે છે. (ત્યારે અધિક માસ થાય છે.) તેની સ્પષ્ટતા માટે સાંપ્રત સમયમાં સૂર્યનો મધ્યમ ભોગ અંશ છે, તે ઉપરથી સૂર્યને મેષાદિ રાશિ ભોગવતા લાગતા સાધન દિનો —

મે૦	વૃ૦	મિ.	કર્ક	સિં	કન્યા	તુ૦	વૃ૦	ધ૦	મ૦	કુ૦	મી૦
૬૦	૩૧	૩૧	૩૧	૩૧	૩૦	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૩૦
૫૫	૨૪	૩૩	૨૮	૨	૧૯	૫૭	૨૭	૧૫	૧૪	૪૯	૨૩
૩૬	૫૬	૩૨	૩૫	૫૨	૪	૨	૩૪	૩	૦	૪૩	૩૧

અને ચંદ્રમાંનું માપ ૨૯।૩૧।૫૦। છે તે જે મહીનાના સાધન દિનો ૩૦ થી અંદર હોય તેમાં અંત પામી ગયો નથી. તે ઉપરાંતનીમા થાય છે. તેથીજ ચૈત્રથી આસો સુધીના સામો અધિમાસ તરીકે આવે છે. આસો કૃષ્ણમાં, આસપ્ત મિ૬મા, આસપ્ત કર્કમાં, અષાઢ મિથુનમા; જેઠ વૃષમાં, વૈશાખ મેષમાં અને ચૈત્ર મીન સંક્રાંતિમાં અંત પામી થાય છે. અધિમાસોના એક સપ્તકમાં પ્રથમ સંક્રાંતિમાં આવનાં અધિમાસ શેષ દિનોનો સરવાળો બે વાર ત્રીસ થઇ જાય છે. (દર સંક્રાંતિમાંથી.) તેથી જેઠ ને વાર અંત પામી થાય છે. ૩૮ વર્ષમાં એ (જેઠ) વાર વાર અને બીજા બે વાર અંત પામી થાય છે, અને ચૈત્ર વૈશાખ બેજ વાર અંત પામી થાય છે.

બીજા અધિમાસો સાત સાત અધિમાસે આવતા હોવાથી (મુગમતા સારૂ) ગત-અધિમાસો ૭૨૭૬૧૨૮૨ ને ૭ વડે ભાગ્યા તો લબ્ધિ ૧૦૩૬૫૧૬૧[૧] અને શેષ ૫ અધિમાસ રહે છે. અત્ર લબ્ધિ (સમકની) એટલી સંખ્યા છે; માટે ચૈત્ર[૨] સુધીનાં સમકો ગયેલાં (એટલી હોત તો વૈશાખ સુધીનાં સમકો ગયેલાં ગણાત) શેષ પાંચ અધિ માસ છે માટે ચૈત્ર પછી આવતા અધિમાસોને ક્રમે પાંચમો અધિમાસ શ્રવણ છે. માટે શકારંભ પૂર્વે (૧૪$\frac{૨૯}{૩૮}$ અધિદિન શેષ હોવાથી એક વર્ષ ઉપર) અધિમાસ શ્રાવણ ગયેલો. શક પૂર્વે એક વર્ષ ઉપરાંત એટલે શકની એક ઋણ સંજ્ઞા થઇ તે ૧૩૫ માંથી બાદ કરી ૩૮ વડે ભાગતાં ૨૦ શેષ રહ્યા. એ શેષે શ્રાવણ માસ ગણેલો છે. ત્યાર પછી ૧૯ વર્ષે એટલે શકે ૧૮ માં ૧ શેષે પાછો શ્રવણ આવે છે. ફરી ૧૯ વર્ષે ૨૦ શેષે પાછો શ્રાવણ. વચ્ચે આવતા અધિ માસો રીત પ્રમાણે ઉપજાવી લેવા. એ ઉપરથી અમુક શેષે અમુક અધિમાસ આવવાનું કારણ સ્પષ્ટ સમજાશે.

શકમાં ૧૩૫ ઉમેરવા એ અધિમાસ આણવાનું આવશ્યક કારણ નથી. પણ અ-ધિમાસ માલૂમ પડે; ને સાથે સંવત્ પણ જણાય એટલા માટે કોઇ ડાહ્યા માણસે યોજના કરેલી છે પણ સંવત્નું લગભગ અડધું વર્ષ વીત્યા પછી શકનું નવું વર્ષ બેસે છે. અને ચૈત્રથી આશો સુધીના અધિમાસો આવે છે; તેથી ખરો સંવત્ આવવામાં એક વર્ષની ભૂલ રહે છે. શકે ૧૮૨૩ ના ઉદાહરણમાં અધિકમાસ શ્રાવણ છે. અને ૧૩૫ ઉમેરતાં ૧૯૫૮ થાય છે; પણ સંવત્ ૧૯૫૭ માં એ અધિમાસ આવેલો છે. માત્ર એકનો ફરક રહે છે; તે વિચારીને સંવત્ કહેવો.

ઉપર ૧૩૫ ને આપણે અનાવશ્યક ગણેલા છે ત્યારે કંઇ પણ ઉમેર્યા વગર ૩૮વડે ભાગતાં અધિમાસ દર્શાવનારી શેષોની અપેક્ષા રહે એ વાસ્તવિક છે. તેને માટે શકની સંવત્ શેષોનો પણ કોઠો નીચે આપેલો છે.

" કંઇ પણ ઉમેર્યા સિવાય ૩૮ વડે ભાગતાં શક સંવત્ની ઉપયોગી શેષો. "

અધિમાસ.	શ્રાવણ	જેઠ	ચૈત્ર	ભાદ્ર પદ	આ પાડ	જેઠ	આશો	શ્રા	જેઠ	વૈશા ખ	ભાદ્ર પદ	આષાડ	જેઠ	આશો
સંવત્નીશેષો.	૦	૩	૬	૮	૧૧	૨૨	૧૬	૧૯	૨૨	૨૫	૨૭	૩૦	૩૩	૩૫
શકની શેષો.	૧૮	૨૧	૨૪	૨૬	૨૯	૨	૩૪	૩૭	૨	૫	૭	૧૦	૧૩	૧૫

---

* कथितकल्पगतोऽर्कसमागणो रविगुणो गतमासससमन्वितः ।
खदहनैर्गुणितस्तिथिसयुतः पृथगतोऽधिकमाससमाहतात् ॥
रविदिनासगताधिकमास .....। सि० शि०

+ उत्तरार्द्धम् । गोऽद्रीन्द्वादिकृताङ्कदस्रनगगोचद्राः शकाब्दान्विताः
सर्वेसकलिताः पितामहदिने स्युर्वर्त्तमाने गताः ॥ सि० शि०

१ पूर्वार्द्धम् । विधिदिने दिनकृद्दिवसाः करेन्द्रियशरेषुमुवोऽर्चद संगुणाः ।
.....

२ लब्धाहतादेवनवेषुचन्द्र ।: कल्पेधिमासाः कथिताः सुधीभिः ॥ पूर्वार्द्धम्
शि०

સંવત્ અને શકને ૩૮ વડે બાદની સેસો પૈકી ઉપર બતાવેલી સેસોએ બતાવેલા અધિક માસો આવે છે. શકમાં ૭૮ ઉમેરીને ૩૮ વડે ભાગી નવી ઉપયોગી સેષો ઉપલબ્ધ કરીએ તો અધિમાસોની સાથે સન પણ જણાય એમ ગણિતનો અદ્વિતીય અનિર્વચનીય છે.

દલીછાસ અદ્વિજીભાઇ પટેલ.

નવીન પુસ્તકો.

રેખાત્મક યથાદર્શન પ્રથમભાગ—દેશીભાષાદ્વારા ઉંચા પ્રકારનુ શાસ્ત્રીયજ્ઞાન આપવાનો ઉપક્રમ વડોદરાની કલાભવનની સંસ્થાના સ્થાપનની સાથે થયો હતો અંગ્રેજી ભાષામાંથી વિદ્યાના ઉપયોગી ગ્રંથોના મગાડી અને ગુજરાતીમા ભાષાન્તર કરવાને શ્રીમંત મહારાજા સાહેબે મોટી મોટી રકમો મંજુર કરી ગ બા વિશ્વનાથરાવ કલ્યાણરાવ ગજ્જરને સુપરત કરી હતી. જુદા જુદા વિદ્વાનોની મદદથી તેમણે તે કામ ચાલુ કર્યું હતુ અને તદનુસાર કેટલાક ગ્રંથો તૈયાર પણ થયા હતા, તેમાનો આ એક ગ્રંથ છે આ ગ્રંથનું ગુજરાતી ભાષાન્તર રા. ગજ્જરરાવ રાજગ કર બદ્દ એમણે કરેલુ છે ગ્રંથ ચિત્રવિદ્યાને લગતો છે તેથી માધારભૂ વાચનગ્રંથ તરિકે નહિ, પણ કલાભવનના અભ્યાસના ગ્રંથ તરિકે એનો ઉપયોગ થઇ શકે, એમાં પ્રથમ ચિત્રવિદ્યાસંબંધી આકૃતિઓ સાથે સબંધ મગજનો બાંધણીનો બાગ સમજાવ્યો છે અને પછી પદાર્થને જોઇને તેનું ચિત્ર કાઢવાના કેટલાક અભ્યાસ રજુ કર્યા, પ્રકાશ, ક્રિયા તથા દર્શનાનુશાસન શાસ્ત્રનો આ વિદ્યાની સાથે સબંધ એ બધેરે સમજાવ્યું છે ભાષા સ્પષ્ટ અને સમજાય એવી છે. તેમ છતા નવીન યોજેલા પારિભાષિક શબ્દો નવીન શીખનારને ધ્યાન આપીને સમજવા જેવા છે અંગ્રેજીભાષાના વિદ્યાને લગતા અથવા કોઇ કુલને લગતા આમ શબ્દો કે જે સંસ્કૃત કે ગુજરાતીમાં તે તે વિદ્યાકુલના અભાવથી મળી શકે નહિ, તેની નવીન યોજના કરીને શબ્દોની વૃદ્ધિ કરવા કરતા તેના તેજ શબ્દો રાખ્યા હોત તોપણ હાનિ નહોતી, કેમકે જે અર્થો પૂર્વે આ દેશમાં સ્વપ્નને પણ નહોતા તેના વાચક શબ્દો આ ભાષામા ન જ હોય, એ દેખીતું છે. એને માટે નવીન શબ્દયોજનાના મદાકપટે થઇ શકે છે અને તેમ થયા પછી પણ મૂળ શબ્દવડે વ્યવહાર ચલાવવાનો અર્થ લિખનના ધ્યાનમાં આવવાનો મત્ન તો પાછો ઉભોજ રહે છે. અસ્તુ આ પુસ્તકનો વિષય સમજાવવાને કામ કામ આકૃતિઓનો ઉલ્લેખ કરેલો છે, પણ તે આકૃતિઓ પુસ્તકમા જોવામાં આવતી નથી. કદાચ એ બધી આકૃતિઓ લાકડી તૈયાર કરાવીને છેવટે આપવા ધાર્યું હશે, પણ વખતસર તૈયાર નહિ થઇ શકવાથી કે બીજા કોઇ કારણથી તે રહી ગઇ હશે એમ લાગે છે. પરતુ આકૃતિઓ વગર શીખનારને સમજવું કાઠુ પડે એમ છે માટે તે અવશ્ય ગ્રંથને જોડવાનાં આવશે એમ આશા રાખીએ છીએ આ પુસ્તક વડોદરા દેશી કેળવણી ખાતાના રા. બા. વિદ્યાધિકારી સાહેબના ગ્રંથપ્રસિદ્ધકરણમાં મળી શકશે. આવા ગ્રંથો પ્રકટ કરવા એ ગુજરાતી ભાષા શીખેલા વિદ્યાર્થીઓ ઉપર પરમ ઉપકાર છે.

ગાયકવાડ સરકારનું દેશી કેળવણીખાતું

(ઇનામ પત્રકો.)

નવસારી પ્રાંતની ગ્રામ્યશાળાઓ. માર્ચ ૧૯૦૩.

૧ કમગખ ગ્રામ્યશાળા મેહેતાજી હાથીભાઇ જમનાભાઇ ૦–૮–૦ છોકરાઓને હાજરી વહેંચ્યા ૨ ધોળણ પાગડી ગ્રામ્યશાળા ગોર જેનુ ભગવાને ૦–૮–૦ પતાસા વહેંચ્યા ૩ બોલવડ ગ્રામ્યશાળા ગોરધન પરમોતમ પારેખે ૧–૦–૦ પતાસા તથા ચોપડીઓ વહેંચી ૪ વાડ ગ્રામ્યશાળા ડાહ્યા બાપા ૦–૮–૦ છોકરાઓને ખજુર વહેંચ્યુ ૫ ગાગડાંબા ગ્રામ્યશાળા અબેબાન કુવરજી ૦–૮–૦ છોકરાંઓને સાકર વહેંચી ૬ રાયુત ગ્રામ્યશાળા ગામ લોકો તરફથી ૦–૧૨–૦ છોકરાઓને ખાજા વહેંચી ૭ મોરીઆ ગ્રામ્યશાળા ગામ લોકો તરફથી ૦–૯–૦ છોકરાઓને ખાજા વહેંચી

માહે એપ્રીલ ૧૯૦૩ ના ગામ બદલ.

૧ બનેજર ના હામરેજ ગ્રામ્ય શાળા ગ્રામ્ય પંચોએ પરીક્ષા વખતે છોકરાઓને પતાસા ૨ કપુર તા બ્યાન ગેહ નાનાનાથ ગાપુરજી ૦–૪–૦ છોકરાને ખાજા ૩ પુનાગ ના વેગાળ પરેન મહમદ ઇમમજી ૦–૮ ૦ છોકરાને પતાસા ૪ આદરોદ ,, ગામ લોકોએ ૦–૪–૦ છોકરાને ખાજા ૫ બિલવાણ તા. ગોનગઢ ગીમત યુવ ૮૮ કૃતેમિ હરાન મહારાજ મારેખે ૧–૦–૦ છોકરાને મીઠાઇ

નાગરજી ગોવિંદજી અસીસ્ટાંટ

પ્રેમાનંદ ધોળીદાસ
ડે. એ નવસારી પ્રાંત.

માહે મે ૧૯૦૩ ના ગામ બદલ.

વડોદરા પ્રાંત.

૧ પેટલાદ મ ગુ નાણા ગે' હાજરાદાસ જગન્નાથે ૩–૪ ૦ પાણી ભરાયુ ૨ પેટલાદ સ ગુ કં, શાળા પરિખ મુનાબીદાસ નાગુદાસે ૩–૪–૦ માર્ચ, એપ્રીલના ગામમા પાણી ભરાયુ તે બદલના નાખ્યા ૩ મોજીલા મ ગુ શા. આમિ માસ્તર. પુરશોતમ હર જીવનદાસે ૧–૦ ૦ પતાસા વહેંચ્યા પટેલ પરમોતમ દાદાભાઇએ ૪ ૮–૦ પુસ્તકો વહેંચ્યા. ઉમરગા મેમોરીયલ ફંડમાથી ૬–૧–૩ મદદ, મે ગ માં બાળકૃષ્ણ ભીખાજી વિગે મોજીલા મહાલ ન્યાયા સીમ ગાહુમે ૧૦–૦–૦ પટેલ. નાથાભાઇ રણછોડભાઇ એસીસ્ટન્ટ કમીશનર ઓરીજના એકાઉન્ટન્ટ એમણે ૧૭–૦–૦, ૧૭ ઉમીયાશંકર લક્ષ્મણજી દેમાઇ મોજીલાના નોધણી કામદાર માહેમે ૫–૦–૦, નણે ગૃહસ્થોએ પાલીનરના ગરીબ છોકરાઓને ઉત્તેજન આપવાના ફંડમા આપ્યા ૪, મોજીલા મ ગુ કુ. શા ઉમરગ દરના ડાહ્યાભાઇ વહેરીભાઇએ ૩–૪–૮ લાગડા વહેંચ્યા ગામી. ઝવેરભાઇ નાથાભાઇએ ૩ ૮–૦ પતાસા વહેંચ્યા ૫ નાગ મ ગુ કુ શા. ગામ ઓડના રહીશ મોતીભાઇ જે ભાઇએ ૧૨–૦–૦ કાપડ તથા પતાસા વહેંચ્યા ૬ બાગવાડુ મ ગુ શા ગામ લોક તરફથી ૩–૮–૦ પતાસા વહેંચ્યા ૭ બારણ્ય મ ગુ - શા પટેલ વજલભા૦ નાથુભાઇએ ૩–૧૧–૩ ૨ ૧૦મુ ના બાજના ૨૮મથા નાપાસ થયેલી કન્યાઓને ઇનામ વહેંચ્યુ ૧ ૧–૦ ૨ ૧૧મુ ના બાજમાથી બગ્ન

જિનબિંબ ભરાવી પ્રતિષ્ઠા કરાવેલ છે પાલણપુર મધ્યે ૮ ચાતુર્માસ કર્યા છે. શુ ત્યાં પટેલ ભાઇચંદ ભગુદાસ ૧૧-૪-૦ પુસ્તકો વહેંચ્યા. ૫ કામદાર મ શુ શા ત્રિભોવનદાસ કરમચંદ હરજીવને ૯-૦ કન્યાઓને માનપુરાનું જમણ આપ્યું. ૧૧ ઓગળા મ શુ શા દેવચંદભાઇના દેમાઇ ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૧૨ ગાડા સ શુ શા નગીનદાસના દેમાઇ શિવાભાઇ વ- એ ૨૧-૦-૦ શ્રીફળમા ઘડીઆળી આપ્યું ૧૫-૦-૦ તથા ૪-૦-૦ કન્યાઓને ૦-૮-૦ ના છોકરાઓને ૨-૦-૦ પતાસા વહેંચ્યા. ૧૩ કંબોઇ મ શુ શા કેશર દલા ઇચ્છરે ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૧૪ બાકરોલ સ શુ શા. ગ. ભાઇચંદ ખેડેચરભાઇએ ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં ગામ આબુદેના પા ભાઇલાલે ૧-૦-૦ પાણી ભરાવવા આપ્યો. ૧૫ બામણગામ સ શુ શા ભારમુના પા. ખમયાભાઇ ગોવિંદભાઇએ ૫-૦-૦ પાણીપાવા બદલ ૨-૦-૦ તથા ૨-૮-૦ કન્યાઓને પુ તરો ને ૦-૮-૦ પતાસાં વહેંચ્યા ૧૬ મીંઢા મ. શુ. શા. ગામ નારના પા ચુનીલાલ રણછોડભાઇએ ૧-૮-૦ પાણી પાવા તથા પતાસા વહેંચવા આપ્યો. ગામ લોટાએ ૨-૦-૦ પતાસા, ૧-૦-૦ છીંટ ૦-૮-૦, તથા ૦-૮-૦ આકની મોપડીઓ વહેંચી. ૧૭ પીંજ મ શુ શા. પા નારણભાઇ નાથાભાઇ ગામ દિનમંડારાણા એમણે ૫-૦-૦ પતાસા વહેંચ્યા પા. લલ્લુભાઇ શકરાભાઇ ગામ ઓડના એમણે ૧-૦-૦ પતાસા વહેંચ્યા. પા. લલ્લુભાઇ દામાભાઇ ગામ ગુણાવના એમણે ૧-૮-૦ સદર. ૧૮ પીંજ મ શુ ક શા. દિનમંડાના પા નાનાભાઇ અવચળભાઇએ ૩-૮-૦, છીંટ ૧-૦-૦, પતાસા ૦-૮-૦ વહેંચ્યા. દિનમંડના પા. ધોળાભાઇ જીવાભા ઇએ ૩-૮-૦ સદર. દિનમંડાના પા નગદભાઇ નાથાભાઇ મીન દાણભાઇએ ૬૦-૦-૦ પ્યાલા નંગ ૧૩૦ ૬.૨૫-૦-૦, છીંટ કિનારી ૧૦-૦-૦, પતાસા ૫ ૦-૦ એ પ્રમાણે વહેંચ્યુ ઓડના પા લલ્લુભાઇ શકરભાઇએ ૧૩ ૫-૦ પુસ્ત ૧ ૦-૦, છીંટ ૫ ૮-૦, પતાસા ૦-૮-૦ તથા ૧-૦-૦ પાણીની પરબમા સુખાદના પા ભીખાભાઇ લલ્લુભાઇએ ૧૬-૮ -૧૦. પ્યાલા ૧૦૪ ૧૩-૮-૦, પતાસા ૧-૦-૦, ઓરડી નંગ ૨ ૦.૧-૮-૦ ઘાસરો નંગ ૧ ૨.૦-૮-૧૦ એ પ્રમાણે વહેંચ્યુ. દિનમંડાના પા દાદભાઇ ન ૮ભાઇએ ૧૫-૪-૦. છીંટ ૧૮-૪-૦, પતાસા ૧-૦-૦ વહેંચ્યાં ૧૯ પલાગા મ શુ શા નામ અણદરા તા નડા- આના પા. મરચાભાઇ જીવાભાઇએ ૨-૦-૦ પતાસા વહેંચ્યા ૨૦ ઝાલમ શુ મ. શુ. શા ઝૂરકોડીના પા ગોકરભાઇ વજભાઇએ ૧-૦-૦ મદ્ર ૨૧ કઠિવા મ શુ. શા. પરબુદાસ મ- ગાદાસે ૧-૦-૦ પાણી ભરાવ્યું. ૨૨ ભડકદ સ શુ શા. પા. ખેમાભાઇ શકરદાસે ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૨૩ ગોડાસ મ શુ શા સુથર ત્રિભોવન મોતીચાંદે ૧-૮-૦ પતાસાં તથા ગોળપાપડી વહેંચ્યા ૨૪ કુંડાર મ શુ. શા વડાદરાના શેઠ દીનાનાથ પુરુષોત્તમદાસે ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં ૨૫ શિનોર ગ. શુ. શા કલ્યાણ નગોતમ કુમેરદાસ ૧-૦-૦ સદર. આણી. નાથાભાઇ હાથીભાઇએ ૧-૦-૦ સાકર વહેંચી. પરી. હીમતલાલ કલ્યાણજીએ ૫-૦-૦ પતાસા. વહેંચ્યાં. ૨૬ વરખડ મ. શુ. શા. મુખી હીરાભાઇ મુળજીભાઇએ માહે આવેથી ત્રણ માસ સુધી પાણીની પરબ મંડાવી. ૨૭ મોટા કંગાળા મ. શુ. શા. સારમાના પા. મહીજીભાઇ ન- થોતમે ૨-૦-૦ ૧-૦-૦, પતાસાં, તથા ૧-૦-૦ ગરીબ છોકરાને લુગડા માટે આપ્યો ૨૮ પાલજ મ શુ શા. મા મોતીલાલ નાથાભાઇ મકાતીએ ૩-૪-૦. ૨-૮-૦ પાણી પી વા બદલ તથા ૦-૧૨-૦ પીતળનો લોટો આપ્યો. ૨૯ આમુસદ સ શુ. શા ગામ કુંવારા-

ના અમીન. હાથીભાઇ હીરાભાઇએ ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ગામ ચાણસદના પા. વહેરી
રીભાઇ કુબેરભાઇએ ૧–૦–૦ સદર. ગામ ચાણસદના પા. કાશીભાઇ પરસોતમદાસે ૧–૦
–૦ સદર. પા. લાલાભાઇ લલ્લુભાઇ તથા પા. લક્ષ્મીદાસ પરસોતમદાસે મળીને ૨–૦
સદર. ૩૦ વહુ સ. ગુ. શા. મેઘાકોઈ તા. વડોદરાના રહીશ શા. મોતીચંદ ચુનીલાલે
–૦ સદર. ૩૧ ભાસર સ. ગુ. શા. રણુના રહીશ પા. ચતુરભાઇ નથુભાઇએ ૧–૦–૦ ની હારડા
રણુના રહીશ પા. નરોતમ વહેરીભાઇએ ૨–૪–૦, ૧–૦–૦ પતાસાં ૧–૪–૦ છીંટ વહેંચી.
૩૨ રણુ સ. ગુ. શા. બાવા. બાલમુકુન્દદાસ મંગળદાસે ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. નડીઆ-
દના દેસાઇ અમથાભાઇ બેચરભાઇએ ૧૨–૦–૦. ૯–૦–૦ કાપડ, ૧–૦–૦ પતાસાં વહેં-
ચ્યાં. સેજપરના પા. મુળજીભાઇ હીરાભાઇએ ૮–૪–૦, ૭–૪–૦ કાપડ, ૧–૦–૦ પતાસાં
વહેંચ્યાં. ૩૩ છાણી સ. ગુ. શા. રા. ત્રીકમજી ભાઇએ ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં ૩૪ છા-
ણી સ. ગુ. કે. શા. રા. વીઠ્ઠલભાઇ ગોવિંદભાઇએ ૧–૦–૦ સદર. ૩૫ ભાયલી સ. ગુ. શા.
પા. નરોતમ જેરાભાઇએ ૨–૦–૦ સદર. ૩૬ વરણામા સ. ગુ. શા. ગામ વસોના પા. જે-
ઠાભાઇ ધેલાભાઇએ ૫–૦–૦ ફંડમાં આપ્યા પા. ભાઇલાલ ભુલાભાઇએ ૬–૦–૦. ૫–૦–૦
ફંડ, તથા ૧–૦–૦ માફક વહેંચી. ૩૭ સેવાસી સ. ગુ. શા. ગામ પેટલાદના રહીશ. શા.
મોતીલાલ ગોકળદાસે ૧–૦–૦ પાણી પીવા બદલ આપ્યો. ૩૮ મંડાળા સ. ગુ. શા. રા.
પાળ દેસાઇએ ૧–૪–૦. પતાસાં વહેંચ્યાં. ૩૯ અભિપુરા સ. ગુ. શા. માસ્તર મહાશંકર
શવરામ તથા ગામ લોક મળીને ૧–૦–૦. ૦–૮–૦ પુસ્તકો તથા ૦–૮–૦ સાકર વહેંચી.
૦ જરોદ સ. ગુ. શા. પાઠક મુગીરામ કૃષ્ણરામે ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૪૧ સોજીત્રા
સ. બાળશાખા શા. કેશરબા મેમોરીઅલ ફંડમાંથી ૨–૭–૬ પાટીદારના નાપાસ થયેલા
વિદ્યાર્થીઓને પુસ્તકો આપ્યાં ૪૨ પીજ સદર ગામ ઉતરસંડાના પા. નરેરભાઇ નાથાભાઇ-
એ ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ઓડના પા. લલ્લુભાઇ શંકરભાઇ તથા સુણાવના પા. લલ્લુ-
ભાઇ દાદાભાઇ મળીને ૧–૦–૦ સદર. કુલ. ૩૦૯–૦–૭

અમરેલી પ્રાંત.

અમરેલી સ. ઉ. શા. એડિટર હિદાયતુલ મોઅમેનિન મેમણ અબ્દુલ્લા હસ્માઇલે ૫–૭–૬ પુસ્તકો વહેંચ્યાં. ૨ મોટા આંકડીઆ સ. ગુ. શા. શ્રીનગર ખંભાળીના રહીશ સોની સુંદરજીએ ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૩ દામનગર સ. ગુ. શા. રા. સા. દામનગર તાલુકાના ફોજદાર સાહેબે ૧–૮–૦ સદર. રા. ખીમચંદ ભાયચંદે ૧–૪–૦ સદર. મુંબઇ-નિવાસી શેઠ વલ્લભદાસ તારાચંદે ૩–૦–૦ સદર. ૪ દામનગર સ. ગુ. કે. શા. રા. સા દામનગર તાલુકાના ફોજદાર સાહેબે ૧–૧૩–૦. ૧–૮–૦ પતાસાં, ૦–૫–૦, પુસ્તકો વહેં-ચ્યાં. પોરબંદરના શેઠ વલ્લભદાસ તારાચંદે ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૫ ચલાળા સ. ગુ. શા. માંડાપુર દરબારશ્રી ભુપતસીંહ ભાણુભાઇએ ૧૦–૦–૦ સદર. લખાણી હાકરશી કાનજીએ ૧–૦–૦ સદર. ભગત ભાણાભાઇ સોમાભાઇએ ૧–૦–૦ સદર. શાળાના મેમ્બરોએ ૧–૦–૦ સદર ૬ ખાંભા સ. ગુ શા. હોસ્પીટલ આસી. ડાક્ટર બાપુરાવ બ્યંકટરાવે ૧–૦–૦ પાણી પાવા માટે આપ્યો. સદ્ગૃહસ્થોએ ૧–૮–૦ સાકર વહેંચી. (આપણે.)

ગાયકવાડ સરકારનું દેશી કેળવણીખાતું.

જાહેરખબર

વડોદરા મોડલ હોમે ઉપરની કુસિશાળામાં સન ૧૯૦૩-૦૪ ના વર્ષનું પૂર્વસત્ર શુક્રવાર તા ૬ ઠારે નવેમ્બર સન ૧૯૦૩ થી શરૂ થાય છે માટે ઉમેદવારોએ તા. ૨૯ મારે અકટોબર સન ૧૯૦૩ સુધીમા દાખલ થાય એવી રીતે પોતાની અરજીઓ બા. સા. મોડલ હોમે અને કુસિશાળાના સુપરિન્ટેન્ડેન્ટના સરનામે મોકલવી અને જેમને દાખલ કરવાનો હુકમ મળે તેમણે જરૂરી દાખલા લઇ નીમેલી તારીખે જાતે તેમના તરફ હાજર થવું.

દાખલ થવા અરજ મોકલવા બાબત

ઉમેદવારોએ આ રાજ્યના દેશી કેળવણી ખાતાના (ગુજરાતી, મરાઠી અગર ઉર્દુ) છઠ્ઠા ધોરણના અગર અંગ્રેજી ચોથા ધોરણના પાસ થયેલા અને સોળ વર્ષની વય કરતા કમી નહીં તથા પચીસ વર્ષ ઉપરાત નહીં એવા આ રાજ્યના વતની હોવા જોઇએ

આ શાળાનો અભ્યાસક્રમ બે વર્ષનો રાખવામાં આવેલો છે અને તેમાં ખેતીવાડીને લગતા તમામ વિષયો ઉપરાત જમીન માપણીનું કામ અને મુલકી તલાટીને ઉપયોગી વિષયો શિખવવામા આવશે

' સરકાર નોકરીમાં મુલકી ખાતામા દાખલ થવાની પરીક્ષા સબંધી નિયમ ' જે તા. ૨૪ જુલાઇ ૧૯૦૨ ની આજ્ઞાપત્રિકાના પાન ૩૦૫ ઉપર પ્રસિદ્ધ થયો છે તેની કલમ ૮ માં કુસિશાળાના ઉમેદવારોમાટે નીચે પ્રમાણે જણાવ્યું છે —

" કુસિશાળાની પહેલી પરીક્ષામા પાસ થયેલો ઉમેદવાર આ પરીક્ષાના પહેલા વિભાગના દરેક વિષયમાં તથા એકંદરીએ ½ ટકા મેળવેથી તે વિભાગમાં, તથા બીજા વર્ષની પરીક્ષામા પાસ થયેલો ઉમેદવાર બન્ને વિભાગના દરેક વિષયમાં અને એકંદરીએ ½ ટકા મેળવેથી બન્ને વિભાગમાં, પાસ થયો એમ ગણવામાં આવશે. "

આ શાળામા દાખલ થવા ઇચ્છનાર ઉમેદવાર માટે કોઇ પણ જાતની ફી રાખેલી નથી. જે વિદ્યાર્થીઓ નિયમિત હાજરી તથા અભ્યાસથી સંતોષ આપશે તેમને યોગ્યતા અને સવડ પ્રમાણે શિષ્યવૃત્તિ આપવામા આવશે.

આ શાળામા દાખલ થનાર ઉમેદવારોને સવડ પ્રમાણે બોર્ડિંગમા રહેવાની જોગવાઇ કરવામાં આવશે તા. ૧૨ સપ્ટેમ્બર ૧૯૦૩.

દલપુખ. J. P. J. Chhaganlal T. Modi,
એ વિદ્યાધિકારી

ફ. પ્રા. જા. નં. ૧૦૫૧

સુચના

દફ્તરની વ્યવસ્થા કરવા સંબંધી નિયમો જે તે શાળાઓમાં આની ગયા છે તેનો અમલ બાબતે હુકમ થયા પછી કરવા મે. રા. બા. વિદ્યાધિકારી સાહેબ તરફથી પરહુકમ નં. ૨૮ તા. ૨૯–૬–૦૩ નો કેળવણી ચોપાનીયામાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે,

રાખવાના તથા કાઢવાના શિક્ષા ખરીદવા બદલ.

વ્યવસ્થા કરવાનો હુકમ થયે 'રાખવાના' તથા 'કાઢવાના' ગિજાની શાળાઓમાં ૦૨૨ પડવાની. આ પ્રાંતની શાળાઓ માટે જે તે શાળાના કંટીજન્ટમાંથી શિક્ષા ખરીદ થવાનો બંદોબસ્ત કરવા મે. રા. બા. વિદ્યાધિકારી સાહેબ તરફથી નં. ૪૮૫ તા ૨૯–૭–૦૩ થી લખાઇ આવ્યું છે.

એ ત્રણ જગોએ તપાસ કરતાં પોતાના ખર્ચે દરેક શાળામાં શિક્ષા મોકલી આપવા દવે બેચરલાલ શામળદાસ એમણે કબુલ કર્યું છે અને તા. ૩–૮–૦૩ થી જણાવ્યું છે,

શિક્ષા કેવી હબના છે તથા શી રીતે મગાવવા તે નીચે પ્રમાણે:—

૧ 'રાખવાના' તથા 'કાઢવાના' એવા અક્ષરો કોતરેલા પીતળના લાકડાના રંગીત હાથાવાળા ડબા, ગાદી તથા લાલ લીલી શાહીની શીશીઓ સાથે મળશે.

૨ શિક્ષાની જોડની કીંમત રૂ. ૨–૧૪–૦ બે રૂપીઆ ચૌદઆના કલદાર મોકલવાના છે. પૈસા શાળાના ખર્ચે મોકલવાના છે તેથી તે અર્થે આ લખાણ આધારે કંટીજન્ટ બાતે લખવો.

૩ શાહી ખૂટે ત્યારે દરેક શીશીના ૦–૪–૦ ચાર આના કલદાર મોકલવાથી પોતાના ખર્ચે મોકલી આપશે. શાહીની શીશીઓ પરભારે કોઇને બીજે ઠેકાણેથી મળે એમ હશે તો તે લેવાને હરકત નથી. કદી શીશીઓ નહિ મંગાવતાં રંગ વાપરવાનું કોઇના ધ્યાનમાં આવશે તો તેમ કરવા હરકત નથી.

ઉપર પ્રમાણે શરતોથી તેમણે શિક્ષા કરી આપવા જણાવ્યું છે તો જેમને જરૂર હોય તેમણે તેમના તરફ પરબાર્યું લખી મગાવી લેવાની તજવીજ કરવી. તેમનું ઠેકાણું: વડોદરા ન્યાયમંદીર પાછળ હનમાન ફળીયામાં છે. તા. ૧૨ માહે સપ્ટેંબર સન ૧૯૦૩ મુ. વિમનગર

Narayan B. Pandit,
એજ્યુ. ઇન્સ્પેક્ટર પ્રાંત કડી.

મ. મુ. મે.

ગાયકવાડ સરકારનું કેળવણીખાતું.

ઠરાવોની અનુક્રમણિકા સને ૧૯૦૨-૩

૧	તા. ૬ ઠે. ૨	વીસ્ત્રન્જનની ગામડી જીલ્લાની શાળામાં મરાઠી ભણ્યા-ના પેસાપ્રમાણે મદદનો આકડો .	૨
૨		ઇનામ સારૂ પેસી માટે મંજુર થયેલા પુસ્તકોની યાદી.	૩, ૫, ૬, ૨૩, ૨૬, ૪૮.
૩		ગર્વમેન્ટ (બાતમી ગૃહસ્થોની ત્રીજી ગણના.)	૭,૭,૩૦,૩૧,૫૮,૫૮.
૪		કાયદા-કાનુન	
		(૧) કુવિદ્યાલયની પ્રવેશપરીક્ષા	૮
		(૨) કલાભવનની પ્રવેશ પરીક્ષા . .	૮
		(૩) શાસ્ત્રીબાળા માટે ઉમેદવારો .	૧૫
		(૪) કેટલી અરજીઓને ધ્યાન આપવું છે. .	૧૭
૫	તા. ૬ ઠે. ૮	શ્રી. મગનભાઇની પરથારાની બાબત ..	૧૦
૬	,, ૫	" ફિદાયતુલ મોઅલ્લીમીન " ચોપાનિયું ઉર્દુ શાળાઓ-માં રાખવાની મંજુરી.	૧૦
૭	,, ૧૫	મુખ્યકચેરી અધ્યાના કળદાર હરનું પત્રક.	૧૨
૮	,, ૭	વિદ્યાર્થીઓને ચોપડી આપવા બાબત તે સ્થળે ચોપડી મોકલવા બાબત	૧૪
૯	,,	૮ પરીક્ષાની ફી પાછી આપવા બાબત ...	૧૫
૧૦	,,	૯ બીજા ભાષે કુટુંબોની નકલો આપવા બાબત	૧૭
૧૧	,,	૧૦ સ્કોલરોને ફી આપવાનું તથા શિષ્યવૃત્તિની કપાત કરવાનું ઠેરાવ્યું.	૨૧
૧૨	,,	૧૧ કરી અને વધારાના પ્રાંતની શાળાઓમાં ફીમા બાબતનું કયા નિયમો લેવું.	૨૩
૧૩	,,	૧૩ ઉર્દુશાળાઓના ઇતિહાસના ચોપડામા સુધારો. ..	૩૧*

* ઠરાવોના પૃષ્ઠાકમા પૃષ્ઠ ૩૧ ને બદલે ૧૩ છપાયું છે અને તે પછી તેજ અનુક્રમે છેક સુધી આવ્યો છે માટે ૧૩ ને બદલે ૩૨, ૧૪ ના ૩૩, એ પ્રમાણે બધે ઠેકાણે પૃષ્ઠાક સુધારી લેવા મિટેરાનો કરી —એડીટર.

૧૪ ,, ૧૬ રોજમેળ વગેરેમાં લીટીઓ આંકવાનું બંધ કરાવવા બાબત. ૩૩

૧૫ ,, ૧૭ દફ્તરોની હરગીજ જે સ્થળે થાય ત્યાંથી પરભાર્યા મહાલનાં નાણું ભરી દેવા બાબત.... ... ... ૩૩

૧૬ ,, ૧૮ અંકગણિતના દાખલા રીતસર અને પદ્ધતસર કરાવવા બાબત. ૩૪

૧૭ ,, ૧૯ ગુજરાતી ને બાળબોધ અક્ષર લખવામાં સ્ટીલપેનને બદલે બરુનો ઉપયોગ કરવા બાબતે. ૩૪

૧૮ ,, ૨૦ ફરજીયાત શાળાનાં મદરેા. ૩૫

૧૯ ,, ૨૧ રા. બા. હરગોવિંદદાસકૃત અંકગણિત બા. ૧ લે શાળાઓમાં ચલાવવા બાબત. ૩૫

૨૦ ,, ૨૨ પ્લેગ વગેરેના કારણે શાળા બંધ થાય તે બાબતની ખબર આપવા બદલ ૩૬

૨૧ ,, સૂચના (સિદ્ધ બનાવનારે ઠેકાણું બદલ્યું તે બાબત) ૩૬

૨૨ ,, ૨૩ માસિકપત્રકમાં વધારે હકીકત મોકલવા બાબત. ... ૩૭

૨૩ ,, ૨૪ બતવારીનું વર્ગીકરણ. ૩૯

૨૪ ,, ૨૫ ચોરશુન્નદારની પરીક્ષાના પત્રકમાં પરીક્ષા પહેલાંના કેટલા હાજર દિવસ ભરવા બાબત. ૪૩

૨૫ ૫ ૬ નં. ૨૭ હેલીના ફોર્મમાં સુધારો કરવા વિષે તથા શિક્ષકોની હાજરીમુક્ત રાખવા વિષે. ૪૫

૨૬ ,, ૨૮ દફ્તર રિકાર્ડના નિયમનો અમલ મુલતવી રાખવા વિષે ૫૩

૨૭ ,, ૨૯ મિસ્રો, પત્રકો, વગેરે સાથે રિપોર્ટ નહિ જોડવા બાબત. ૫૩

૨૮ ,, ૪૦ P. M. નિશાનના રૂપિયા નહિ લેવા બાબત. ... ૫૪

૨૯ ,, ૩૦ મોમબત્તી અમાવાસ્યાની રજા નહિ પાળવા બાબત. ... ૫૫

૩૦ ,, ૩૧ પુસ્તકવેચાણના પૈસા કળદાર લેવા બાબત. ... ૫૫

૩૧ ,, ૩૪ ગ્રામ્યશાળાના નોકરોને સરકારી ખાતાઓમાં જગા આપવા બાબત. ૫૭

૩૨ ,, ૩૫ ભિન્નશાળાઓમાં કન્યાઓને કેટલી ઉમર સુધી રાખી શકાય, તે બાબત. ૫૭

કેળવણી.

પુસ્તક ૧૫ મું. સંવત્ ૧૯૫૯.

પ્રસિદ્ધકર્તા.

છોટાલાલ નરભેરામ ભટ્ટ.

વાર્ષિક કીંમત રૂ ૧ પોસ્ટેજ રૂ. ૦-૩-૦

છૂટક અંકના રૂ ૦-૩-૦

દશથી ચોદા પગારના શિક્ષકોને તથા વિદ્યાર્થીઓને ખાસ લાભ

વર્ષ શરૂ થતાં અગાઉ લવાજમ મોકલી આપે તો રૂ ૦-૧૨-૦.

વર્ષ શરૂ થયા પછી દરેક અંકનો રૂ ૦-૧-૬

વડોદરા.

નૂતનવિલાસ પ્રેસ.

અનુક્રમણિકા

૧૧ અભ્યાસ કેવી રીતે કરવો ૧૪૭, ૧૭૩, ૧૮૮
૧૨ અર્વાચીન જાપાન. ૮૮ ... ... ૮૮
૩ આપણા બાળકનો આરામનાં સારો ઉપયોગ કયી રીતે કરવો ૧૪૫
૪ આર્ય ક્રિન્ડરગાર્ટન ...૧૧, ૨૮, ૫૪.
૫ આર્યાવર્તમાં ક્રિન્ડરગાર્ટન પદ્ધતિનો અમલ ૬૩, ૮૩, ૧૦૭ ૧૨૮
૬ ઇંગ્લાંડનાં બાળકોનાં ૬૮
૭ ઉપકારક રચના માટે વાત. ૧૧૮
૮ ઉદ્યોગ ધંધાની કેળવણી ... ૧૮૬
૯ ઉદ્યોગ વિષે જુદા જુદા વિદ્વાનોનાં વચનો. ૧૬૧
૧૦ એક મેહેનતુ વિદ્યાર્થી. ૧૩૬
૧૧ ઔપચારિક શિક્ષણ. ૫૧, ૬૩, ૧૧૩, ૧૩૦
૧૨ કવિતા.
(૧) ઓગણીસમી સદીની કોટરી (ના. ન. ભટ્ટ) ૧૦૫
(૨) કોકિલ પ્રતિ અન્યોક્તિ (કે. ઇ. ૨) ૧૩૫
(૩) ચાતક પ્રતિ અન્યોક્તિ (કે. ઇ ૨) ૬૨
(૪) જવાદે ! જવાદે ! ! ... ૧૨૭
(૫) દેશ ભક્તિ (કે. મ. પટેલ.) ૮૨
(૬) નાની કન્યાઓ માટે ગાયન (ત્રિ. જ. પંડિત.)... ૧૫૪
(૭) પરમેશ્વરને પ્રભુ પ્રાર્થના (કે. ઝિ. ૬૫) ૭
(૮) પિતા મહિમા (ઉ. પુ મુંદ્રા) ૪૬
(૯) પિતૃ સદ્‌ગુણ (મો. દી. કાપડિયા) ૨૪
(૧૦) શુભ સંવત્સરારંભ (જ. ઉ. મોદી)... ... ... ૨
૧૩ કેળવણી વિષે હિંદી સરકારનો ઠરાવ ૧૪૭, ૧૬૫, ૧૭૭
૧૪ ગાયકવાડ સરકારનું કેળવણીખાતું (બ્રીટીશ પત્રકો) ...૧૬, ૪૭, ૭૫, ૬૬, ૧૧૦, ૧૩૧, ૧૪૭, ૧૮૪.
૧૫ ગાયકવાડ સરકારનું કેળવણીખાતું (ઠરાવો) જૂદા પૃષ્ઠ... ..૧—૧૨૪
૧૬ ગુજરાતી ભાષાની જોડણી અને તેના નિયમો ૧૫૬
૧૭ ગુજરાતી વાચનમાળા સંબંધી વિચાર ૧૫૫, ૧૬૩, ૧૭૬, ૧૮૫
૧૮ દૃષ્ટાંત.
(૧) આગ્રાનો તાજમહેલ.... ...૪૪
(૨) ઇંગ્લાંડમાં પ્રાથમિક કેળવણી ૧૬૧
(૩) એક સ્તુત્ય ઠરાવ ... ૮૧
(૪) ક્રિન્ડરગાર્ટન ... ૧૫૩, ૧૬૬
(૫) કેળવણી ૪૩
(૬) ગુજરાતી ટેક્સ્ટ બુકો... ૧૭૦
(૭) ગુજરાતી નવીન વાચનમાળા. ૧૦૩, ૧૨૫
(૮) ગુજરાતી વાચનમાળાની રૂપરેખા ૬૧
(૯) ચિત્રોનો શિક્ષણમાં ઉપયોગ. ૧૦૫
(૧૦) ટેકનિકલ એજ્યુકેશન. ૧૮૫
(૧૧) ટ્રેનિંગ કલાસ ... ૧૮૭
(૧૨) તારીખ ઉપરથી ખાર. ૬૨
(૧૩) તીરોને બનતી કેટલીક બીના. ... ... ૧૬.

(૧૪) ત્રામાળા બોર્જક હિતવર્દક સ-
ગાજનો રિપોર્ટ. ... ૧૩૪
(૧૫) દક્ષિણ ધ્રુવની શોધ. ૧૬૩
(૧૬) નવી વાચનમાળામાં ચરિત્રના
પાઠો. ૧૦૪
(૧૭) નિબંધ શિક્ષણ. ... ૧૨૪
(૧૮) નિશાળમાં આનંદ. ૧૩૩
(૧૯) નિશાળોમાં વાચનશાળાઓની
જરૂર... ... ... ૧૨૫
(૨૦) પદાર્થ પાઠમાળા. ... ૧૭૦
(૨૧) બાળકોની આરોગ્યતા માટે
વિદ્વાનોના વિચારો ... ૪૫
(૨૨) બોરસદ શહેરની શાળાઓ ૧૫૪
(૨૩) બોઢાની ઇબારત રચના. ૧
(૨૪) લગ્ન પ્રસંગ. ... ૭૯.
(૨૫) લંડનની મહત્તા. ... ૪૪
(૨૬) લેખણી પરીક્ષા. ... ૧૨૩
(૨૭) વડોદરા રાજ્યના કેળવણી
ખાતાનો રિપોર્ટ. ... ૧૦૧
(૨૮) વ્યાપારી શિક્ષણના નિયમો.૨
(૨૯) શિક્ષક સમાજ. ... ૩, ૨૨
(૩૦) શિક્ષકે ધ્યાનમાં રાખવું. ૨
(૩૧) શિક્ષણ સંબંધી સૂચનાઓ.૮૦
(૩૨) શ્રી. દ ઓ. જૈ. પાઠશાળાનો
તૃતીય વાર્ષિક રિપોર્ટ. ૧૫૩
(૩૩) સાતમું બોરણ. ... ૫૯
(૩૪) સિંધમાં કેળવણીને ઉત્તે-
જન. ૧૮૭
(૩૫) સિંધમાં નવા તાલુકા. ૩
(૩૬) સોનેરી નિયમો. ... ૧૩૩
(૩૭) સ્ત્રી કેળવણી. ૬૦, ૧૫૧
(૩૮) હિંદુસ્તાનની ભાષાઓ. ૪૩
૧૯ નવીન પુસ્તકો
(૧) આરોગ્યતા પાઠ પોથી ભા.
૧ લો. ૧૪૬
(૨) ઔરંગઝેબ અને પરમ-
હંસ ૫૭
(૩) કિરાતાર્જુનીયનું ભાષાન્તર.
... ... ૧૬૫
(૪) પદાર્થ પાઠમાળા ભા. ૨ જો.
... ... ૧૪૭
(૫) લઘુભારત ભા. ૩ જો. ૬૯
૨૦ પત્રવ્યવહાર. ૯૫
૨૧ પદાર્થપાઠ. ૭૨, ૯૦, ૧૧૧, ૧૪૧,
૧૮૦
૨૨ પદ્ધતિ... ... ... ૪૬
૨૩ પ્રાણી સંબંધી પાઠો ૧૩
૨૪ બાલકનમા બબેડો. ૩૦
૨૫ ભૂગોળની નવી યોજનાનું સિંહાવ-
લોકન. ૧૩૯, ૧૭૪, ૧૯૨
૨૬ મિશિયન વિદ્યાલયો અને કેળવણી.
... ... ૧૧૬.
૨૭ વીશ બક્ષિસોનું ઝાડ... ... ૧૫૭
૨૮ વ્યાકરણનું શિક્ષણ. ૬૬, ૮૬, ૧૮૯
૨૯ વ્યાકરણનું શિક્ષણ આપવામાં ખામી
અને તેને સુધારવાના ઉપાય... ૮
૩૦ વ્યાપારી શિક્ષણમાં જર્મન અને જાપા-
નની પ્રગતિ. ૧૯૪
૩૧ સરકારી શાળાઓમાં ધર્મ શિક્ષણ. ૨૫
૩૨ સંવત ૧૯૫૯ ની સાલનું પશ્ચાવ-
લોકન... ... ...૩
૩૩ સંવત ૧૯૬૦ ની સાલનું પંચાંગ. ૧.
૩૪ હિંદુસ્તાનનો પ્રતિહાસ ને તેનું શિક્ષણ
... ... ૩૪, ૫૦

ગાયકવાડ સરકારનું દેશી કેળવણીખાતું.

વર્ષદુકમોની અનુક્રમણિકા સને ૧૯૦૩-૦૪.

નં. ૧ અરજીઓ સ્ટેમ્પ કાગળ ઉપર કરવા બાબત... ... ... ૧

નં. ૨ નમુનાની ચાદીઓ નિ. ક, ખ, ગ. ૩

બહેરામખર ક્વિદ્યાળાની પ્રવેશ પરીક્ષા ૧૩

સૂચના—કડી પ્રાંત માટે રાખવા કરવાના શિક્ષકો ૧૪

નં. ૪ રાત્રીશાળાના બહેતાળાને કેળવણીક્ષ ૧૫

નં. ૬ મંજુર થીબનારને ઉત્તેજન. ૧૫

નં. ૮ કેવી અરજી ઉપર સ્ટેમ્પ ન લેવાય ૧૫

નં. ૯ બાલ બગાડ વગેરે બાલ મંજુર થએલી રકમ ૧૭

નં. ૧૧ રિક્ષાં સંબંધી ૧૮

બહેરાત ...૧૯, ૩૫, ૩૬, ૪૭

નં. ૧૩ ગ્રીન્સેરીમા ભરેલી બબ્બા બાકીની રકમ ક્યાં સુધી પરત મળી શકે ૨૧

સૂચના-રાખવા કરવાના શિક્ષકો ભરીલવા બાબત... ૨૧

" બાબતના નમુના તથા અક્ષર મરિતની બાબતો ૨૧

ઇનામ લાયબ્રેરી માટે મંજુર થએલાં પુસ્તકો. ૧૩, ૪૮, ૧૧૨

નં. ૧૪ ખેતમજરને રખારીમાં દાખલ કરવા ૧૮

નં. ૧૫ શિક્ષકોના છોકરાઓને અંગ્રેજી અભ્યાસવાની સગવડ ... ૨૮

નં. ૧૧ કરજબાત શાળામાં કંઈ બરબાદ્ય વિષેનો નમુનો. ... ૩૧

નં. ૧૭ બાકિદારની રકમ વસુલ કરવી ૩૧

નં. ૧૮ પ્લેગના કારણથી શાળા બંધ કરવા કોનો અભિપ્રાય લેવો ૩૨

ન. ૨૪ નવીન રિવાઈ મંજુર થએલી યાદિનો ૩૩

નં ૧૯ નિરર્થક ખબાવો નહિ કરવા બાબત ૩૪

નં. ૨૧ બાબત શાળાના સુપ્રિન્ટેન્ડેન્ટનો ઇલકાબ ૩૫

નં. ૨૨ શાળાન્ત કરનાર વિદ્યાર્થીઓને ઇનામો આપવા બાબત. ૪૧

ન. ૨૩ દાબરીના દિવસો બજારે આપવા બાબત. ૪૩

નં. ૨૪ સર્વિસબુક લેવી સૂચનાઓ રાખવા બાબત. ૪૮

પ્રાથમિક કેળવણીના નિબંધનો મુસદ્દો ૫૧

ન. ૨૫ રજાને દિવસે પરીક્ષા કર્યા બદલ મોબદલા બાબત ૫૭

નં. ૨૬ નાશ કરવાના કાગળોની ફેરિસ્તો કોણે તપાસવી ૫૭

નં. ૨૭ બંધ રહેલી શાળા ફી વસુલ કરવાની મુદત ૫૮

નં. ૨૮ સર્વિસબુક બોરે બોડવાની બુકનો નમુનો. ૫૮

ન. ૨૯ પ્રમોશનની બાકીના ફિક્કેદ મુકવી ૬૦

નં. ૩૦ શિક્ષકોની કમવારી...૬૫, ૬૭, ૨

ન. ૩૧ પત્રકરૂપે રજા મંજુર કરવાના નમુના... ...૭૩, ૬૮, ૧૧૩

નં. ૩૨ બાબરાઓને બહેતાળાએ રજાને

લાખસો તથા લાસ્ટ ચે સટરિફિકેટ
મેળવવા બા. ૮૭
નં. ૩૭ તૈયારીની રજા પાસ દિવસ
ફરતા વધારે નહિ આપવા બા. ૮૭
નં. ૩૮ ગાઢાન બાડાની ફ્યુલતો સ્ટાપ
ઉપરે લેવો. ૮૮
નં. ૩૫ રોજમેળ ફ્રમી ફરી જમુના
પ્રમાણે હિસાબ ચુખવવા બા. ૧૦૧
નં. ૪૯ તુમાર પદ્ધતિ બંધ કરવા બા. ૧૦૪
નં. ૪૧ ફક્તર રિકાર્ડ સબબી ખુલાસો ૧૦૬
નં. ૪૨ લખાણમાં ચેરેઆઇ તથા અનુ-
ક્રમ નંબર નાખવા બા. ... ૧૧૦
નં. ૪૦ મુખ્ય ગ્રેડ પ્રમાણે શિક્ષક રાખવા
બા. ૧૧૦
સૂચના-પરાતણીબાબી પગાર
મંગાવવા બા. ૧૧૧

૧૯૦૩ આસોવદ.	૧૯૦૩ કારતક.	૧૯૦૩ માગશર.	૧૯૦૪ પોષ.	૧૯૦૪ મહા.	૧૯૦૪ ફાગણ.	૧૯૦૪ ચૈત્ર.	૧૯૦૪ વૈશાખ.	૧૯૦૪ જ્યેષ્ઠ.	૧૯૦૪ અષાઢ.	૧૯૦૪ શ્રાવણ.	૧૯૦૪ ભાદરવો.	૧૯૦૪ આસો.
તિ. વા.	તિ. વા.	તિ. વા.	તિ. વા.	તિ. વા.	તિ. વા.	તિ. વા.	તિ. વા.	તિ. વા.	તિ. વા.	તિ. વા.	તિ. વા.	તિ. વા.
	૧૧ ૨.	૧૨ મ.	૧૩ શુ	૧૫ સો.	૧૪ મં.	૧ શુ	૨ ૨.	૩ બુ	૪ ગુ	૫ સો	૬ શુ	૭ શ	૮ મ.
	૧૨ સો.	૧૩ બુ.	૧૪ ગ	૧ મં	૧૫ બુ.	૨ શ	૩ સો	૪ શુ	૪ શ	૬ મ	૭ શુ	૮ ૨.	૯ બુ
	૧૩ મ.	૧૪ શુ	૧૫ ૨.	૨ બુ.	૨ ગુ	૩ ૨	૪ મ	૫ બુ	૫ ૨	૭ બુ.	૮ શ	૯ સો.	૧૦ ગુ.
	૧૪ બુ	૧૫ શુ	૧ સો.	૩ શુ	૩ શ	૪ સો	૫ બુ	૬ શ	૬ સો	૮ ગુ.	૯ ૨	૧૦ મં	૧૧ શુ
	૧૫ શુ	૧ શ.	૨ મ.	૪ શુ	૪ શ	૫ મ	૬ ગુ	૭ ૨.	૭ મ	૯ શુ.	૧૦ સો	૧૧ બુ	૧૨ ગુ
	૧ શુ	૨ ૨	૪ બુ	૫ શ.	૫ ૨	૬ સો	૭ શુ	૮ સો	૮ બુ	૧૦ શ	૧૧ મં	૧૨ ગુ	૧૩ શ
	૨ શ.	૩ સો	૫ શ	૬ ૨.	૬ સો.	૭ મ	૮ શુ	૯ મ	૯ ગુ	૧૧ ૨	૧૨ બુ	૧૩ શુ	૧૪ ૨
	૩ ૨.	૪ મ.	૬ શુ.	૭ સો	૭ મ	૮ શુ	૯ ૨	૧૦ બુ.	૧૦ ગુ	૧૨ સો	૧૩ બુ	૧૪ શ	૩૦ સો.
	૫ સો	૫ બુ	૭ શ	૮ મં	૮ બુ	૯ શ	૧૦ સો	૧૧ ગુ.	૧૧ શ	૧૩ મ	૩૦ શુ	૩૦ ૨.	
	૬ મ.	૬ શુ.	૮ ૨	૯ બુ.	૯ ગુ	૧૦ ૨	૧૦ મં	૧૨ શુ	૧૨ ૨	૧૪ બુ	૧ શ	૧ સો.	
	૭ બુ.	૭ શુ	૯ સો	૧૦ ગુ	૧૦ શુ.	૧૧ સો	૧૧ બુ	૧૩ શ	૧૩ સો	૩૦ ગુ	૨ ૨	૨ મં	
	૮ ગુ.	૯ શ.	૧૦ મ.	૧૧ શુ	૧૧ શ.	૧૨ મ	૧૨ ગુ	૧૪ ૨	૧૪ મં	૧ શુ	૩ સો	૪ બુ	
	૯ શુ.	૧૦ ૨	૧૧ બુ.	૧૨ શ.	૧૨ ૨	૧૩ બુ	૧૩ શુ	૩૦ સો	૩૦ બુ	૨ શ	૪ મં	૫ શુ	
	૧૦ શ.	૧૧ સો.	૧૨ શુ	૧૩ ૨.	૧૩ સો	૧૪ શુ	૧૪ શ	૧ મ	૧ ગુ.	૩ ૨	૫ બુ	૬ શુ.	
	૧૧ ૨	૧૨ મં.	૧૩ શુ	૧૪ સો.	૧૩ મ	૩૦ શુ	૩૦ ૨	૨ બુ	૨ શુ	૪ સો.	૫ શુ	૭ શ	
	૧૨ સો.	૧૩ બુ	૧૪ શ	૩૦ મં	૧૪ બુ	૧ શ	૧ સો	૩ શુ	૩ ૨	૫ મ.	૬ શુ	૮ ૨	
	૧૩ મ	૧૪ ગુ.	૩૦ ૨.	૧ બુ	૩૦ શુ	૨ ૨	૨ મ.	૪ શુ.	૪ શ	૬ બુ	૮ શ	૯ સો.	
	૧૪ બુ.	૩૦ શ		૨ શુ.		૩ સો.	૩ બુ	૫ શ.	૫ ૨	૭ બુ	૮ ૨	૧૦ મ	
	૩૦ શુ		૧ ગ	૩ શુ	૧ શુ	૪ મં	૪ શુ	૬ ૨	૬ સો.	૮ શુ	૯ ૨	૧૧ બુ	
		૧ શુ	૨ ૨	૪ શ	૨ શ	૫ બુ	૫ શુ	૭ સો	૭ મ	૯ શુ.	૧૦ સો	૧૧ મ	
	૧ બુ	૨ શ.	૩ સો.	૫ મ	૩ ૨.	૬ સો	૬ શ	૭ મ.	૮ બુ	૧૦ શ	૧૧ મ	૧૨ બુ.	
	૨ શુ	૩ ૨.	૪ મ	૬ બુ	૪ સો.	૭ મં	૭ શુ	૮ બુ.	૮ ગુ	૧૧ ૨.	૧૨ બુ.	૧૩ શુ.	
	૩ શુ	૪ સો.	૫ બુ	૭ શુ	૫ મ	૮ બુ	૮ શ	૯ સો	૯ ગુ	૧૨ સો	૧૩ શુ	૧૪ ગ.	
	૪ શ.	૫ મ	૬ શુ	૮ ૨	૬ સો.	૯ બુ	૯ શુ	૧૦ મં	૧૦ શુ	૧૩ મ	૧૪ શુ	૧૪ ૨	
	૫ ૨.	૬ બુ.	૭ શુ	૯ સો	૭ મં	૧૦ બુ	૧૦ શ	૧૧ બુ	૧૧ શ	૧૪ બુ	૧૫ શ.	૧૫ સો	
	૬ સો.	૭ શુ	૮ ૨	૧૦ મં	૮ બુ	૧૧ શુ	૧૧ ૨	૧૨ શુ.	૧૨ ૨	૧૫ શુ	૧ ૨	૧ મ	
	૭ મં	૮ શ.	૯ સો.	૧૧ બુ	૯ શુ	૧૨ ૨	૧૨ સો.	૧૩ શ	૧૩ સો.	૧ શુ	૨ સો	૨ બુ	
	૮ બુ	૯ ૨	૧૦ મ	૧૨ શુ	૧૦ શ	૧૩ સો	૧૩ મં.	૧૪ શુ	૧૪ મં.	૧ શ.	૩ મ	૩ શુ	
	૯ શ.	૧૦ સો.	૧૧ બુ	૧૩ શુ	૧૧ ૨.	૧૪ બુ	૧૫ શુ	૧૫ બુ	૧૫ બુ	૨ ૨	૪ બુ	૪ શુ	
	૧૦ ૨	૧૧ મં	૧૨ શુ	૧૪ ૨	૧૨ સો.	૧૫ શુ	૧ શ	૧૬ મં	૧ શુ	૩ સો.	૫ શુ	૫ શ	
	૧૧ સો.	૧૨ બુ	૧૩ શ	૧૫ સો	૧૩ મં.	૧૬ બુ	૧ ૨	૧ સો	૨ શુ	૪ મં.	૬ શુ	૬ ૨	
	૧૨ મં	૧૩ શુ	૧૪ ૨	૧૬ મં	૧૪ બુ	૧૭ શુ	૧ સો	૨ મં	૩ શુ	૫ શ	૭ શુ	૭ સો	
	.....	૧૪ શુ	૧૫ સો	૧૭ બુ	૧૫ શુ	૧૮ શ	૨ મં	.....	૪ ૨.	૫ બુ	.....	૮ મ	

शुभ संवत्सरारंभ.



आ नटवर वसंत खेले—ए राग.

आ प्रातःसमीर सुगंधि, वहो करतो तनमन तृप्ति;
शीतोष्ण करो रवि रेले, आनंदे द्विजगण खेले. १

आ वर्ष करो ए रीत्ये, कल्लोल तमोए नित्ये;
नभ चक्र खंड शशि वर्ष, दिन व्यतीत करो पूर हर्षे. २

ए नवीन वरसनी माहे, प्रभु करजो तमने रहाये;
मंगळमय अवसर आवो, आनंद बधे उभरावो. ३

धंधा शुभ सत्य सूझाडी, दुःख दळदर दो वणमाडी;
शांति सघळे प्रसरावो, सहु जन ल्यो सुखनो ल्हावो. ४

गत वर्ष गयुं दिन गणतां, आ आव्युं नवीन स्मरतां;
सहु आयुष्य एम वहीने, जाये जो बेसी रहीए. ५

निज देश हितार्थ प्रयत्नो, करी संचो सुकृत रत्नो;
यश सुरभि विश्व प्रसारी, वसजो उर सन्मति धारी. ६

लि.
उद्येच्छु-गुणानुरागी
नगीनदास दयाळजी मोदी.
पटादर.

કે ળ વ ણી.

દોધકવૃત્ત.

અર્થ મલે ઘર્મ સાધાયે, જ્ઞાન મલે સનમાન પમાયે;
પ્રીતિ વધે વસરે જગ સારો, ઇ જિનુશિક્ષણ ધર્મ અમારો.

પુસ્તક ૧૬ મું. કાર્તિક સંવત્ ૧૯૬૦. અંક ૧ લો.

દર્શન.



મોક્ષની ધર્મારત્ન રચના—વિદ્યાર્થીઓ બોધવામા કેવી ખાની ધરાવે છે તે દરેક શિક્ષક સારી રીતે જાણે છે અને કોઇ પ્રશ્ન વિદ્યાર્થીને પૂછીએ હોય તો તેનો જવાબ તે પ્રશ્ન વાચવી ન આપતાં બોલાય શબ્દો મુખ બોલીને આપશે અને કેટલાક પાસેથી એક વાક્યમાં જવાબ પૂરો કરવો જેવાને પાચ સાત પ્રશ્નો શિક્ષકને કરવા પડશે આવું વાંચ બોલવાનો તેમને મહાવરો ન હોવાથી આમ થાય છે અને એટલા માટેજ આ પત્રમાં પાછળ અઠવાર કહેવામાં આવ્યું છે કે શિક્ષકે છોકરાં પાસેથી પૂરેપૂરા વાક્યમાં જવાબ લેવાની પદ્ધતિ રાખવી જોઇએ. છોકરાંને એકાદ દાખલા કહેવા કહ્યા હોય તો તે પણ તેઓ ઘણીવાર સંબંધપૂર્વક અને કમસર કહી શકતાં નથી એમ જોવામાં આવેલું છે તેમની આ ખામી સુધારવા માટે છે નીચલા ધોરણથી તેમને કુણી કુણી વાતો શિક્ષક કહેતો અને પછી તેમની પાસે તે કહેવરાવતો, એ રીતે પાછળના ધોરણમાં અમે વિદ્યાર્થી કહી ગયા છીએ ઉપરાંત એજ વિષયને ઉદ્દેશીને " ટીચર્સ ગ્રેડ " નામના અંગ્રેજી આપણા ધોરણમાં પણ કેટલીક સૂચના કરેલી છે. તે કહે છે કે, બાળકોને બોલવાની શક્તિ પ્રાપ્ત કરાવી આપીને એક વાત સાંભળ્યા પછી તે પૂરી પાંચની તે કહી શકતું નથી. આ રોગ તેની બેદરકારી પણ કહી જાય છે, અને તેના પરિણામમા આપણે પછી વાતોઓનાં રૂપાંતર પામેલાં આબાળાએ છીએ. એક માણસે એક વાત કોઇને કહી, તેણે પોતાની બોલવાની ખામીને લીધે તે વાતમાંથી થોડું ભૂલી જઇને તથા થોડું નવું ઉમેરીને જુદાજ રૂપમાં તે વાત બીજાને કહી; તેણે પણ તેમજ કરીને ત્રીજાને કહી. એ રીતે છેલ્લા સાભળનાર પાસે એ વાત એવા રૂપમાં પહોંચે છે કે જેમા તેનું મૂળ સ્વરૂપ કેવળ બદલાઇ ગયેલું હોય છે ઘણીક વાર્તાઓમા અને કહેવાઓની સાબળી વાતોમાં પણ એમજ થયેલું હોય છે. આ બાબી

નાનપણથી નિશાળમાં શિક્ષક સુધારવા ધારે તો તે બની શકે એવું છે. છોકરાંને નાની અને સાદી પણ રસભરિત વાતોના ટુચકા કહેવા, અને તેમની પાસે તે કહેરાવવા. શિક્ષક વાર્તાઓ કહે તે સાંભળીને છોકરાં રાજી થાય, પણ જો તેમની પાસે કહેવરાવવામાં ન આવે તો તેથી કાંઇ અર્થ સરતો નથી. શિક્ષકે જે વાત કહેવાની તે તેમની પાસે કહેવરાવવા માટેજ હોવી જોઇએ. ધોરણ બહારનાં છોકરાંને કહેવાની વાતો ઘણીજ ટુંકી જોઇએ. અને લાંબી હોય તો તેના ભાગ પાડવા જોઇએ. તેના તથા પહેલા ધોરણના વખતપત્રકમાં વાતો કહેવાનો ખાસ વખત રાખવો જોઇએ. બીજા અને ત્રીજા ધોરણમાં તેથી ચઢતી વાતો કહી શકાય. ચોથા ધોરણથી મોટા પુરુષોનાં ચરિત્ર કહેવાનો આરંભ કરવો. વાચનમાળામાં એવી ઘણીક વાર્તાઓ અને ચરિત્રો હોય છે, તે પણ સાદ્યંત કહેવરાવવાનો અભ્યાસ રાખવો. તે સિવાય પ્રાચીન અને નવીન ઇતિહાસમાં આવેલાં પ્રખ્યાત પાત્રોનાં ચરિત્રો, શોધકો, અને જાણીતા માણસોનાં ચરિત્રો તેમને કહેવાં શિક્ષક બરાબર સુધી જે જે વાર્તાઓ કહે તેની એક સંક્ષેપ નોંધ તે રાખે તથા નવીન નવીન વાર્તાઓ અને પ્રસંગો તેને સૂઝતા જાય તેમ તેમ તેનો તેમાં સંગ્રહ કરે, તો પછી વાર્તાના વિષયો શોધવાની મહેનત તેને પડશે નહિ.

એ સિવાય દરરોજના બનાવ અને બાળકોને લગતી બીનો પૂર્ણ ભાષામાં તેમની પાસે બોલાવવી, વર્તમાન સમયના બનાવો તેમણે કે શિક્ષકે વર્તમાન પત્રોમાં વાંચ્યા હોય તેની આપ લે કરવી, ઇત્યાદિ પ્રકારથી તેમનું સામાન્ય વ્યાવહારિક જ્ઞાન વધવાની સાથે તેમની ભાષા સુધરશે, એટલુંજ નહિ, પણ મોટેની ઇમારત શિક્ષણનો વારો જે દિવસે હશે તે દિવસની તેઓ આતુરતા રાહ જોવા લાગશે.

શિક્ષકે ધ્યાનમાં રાખવું—કોઈ વૈધ ક્રોધના આવેશમાં આવેલો હોય તે વખતે તેની પાસેથી રોગનો ઉપાય સાંભળીને તે પ્રમાણે કરવાને કોઇ ડાહ્યો માણસ ઇચ્છે નહિ, કેમકે તે વખતે દરદીની પ્રકૃતિ સુધારવાને તે લાયક હોતો નથી, એમ સહુ જાણે છે. તેજ પ્રમાણે ક્રોધના આવેશવાળો શિક્ષક પણ વિદ્યાર્થીઓને સુધારવાને લાયક રહેતો નથી. અર્થાત્ તે ક્રોધ ઉતરી જઇને પુનઃ તેને આનંદીપણું અને શાંતતા પ્રાપ્ત થાય ત્યારે જ તેણે પોતાનો ધંધો જરૂરી કરવો એ સારું છે, અન્યથા, તેનાથી પોતાના હાથ નીચેનાં બિચારાંનું હિત થવાને બદલે અહિત થઇ જવાનો વધારે સંભવ છે.

વ્યાપારી શિક્ષણના વિષયો—થોડા વખત પર લંડનના નેશનલ યુનિયન ઓફ ટીચર્સના બોર્ડ તરફથી વ્યાપારી શિક્ષણની પરીક્ષા કરી પાસ થનાર કેટલાક વિદ્યાર્થીઓને રૂપાના તથા પીતળના ચાંદ એનાયત કરવામાં આવ્યા હતા. ચાંદ લેનારા વિદ્યાર્થીઓ નીચેના દશ વિષયોમાં પસાર થયા હતા:—

૧. વ્યાપારી અંકગણિત.
૨. વ્યાપારી ચોપડા.
૩. વ્યાપારી પત્રવ્યવહાર.
૪. ગૃહવ્યવસ્થા (ડુમેસ્ટિક ઇકોનોમી)
૫. હસ્તકલા શિક્ષણ.
૬. ફ્રેન્ચ ભાષા.
૭. જર્મન ભાષા.
૮. અંગ્રેજી ભાષા.
૯. સંક્ષિપ્ત લેખન.
૧૦. ટાઇપ રાઇટિંગ.

આ ઉપરથી જણાય છે કે પહેલા પાંચ વિષયો તો દેશી ભાષામા પણ શીખવી શકાય એવા છે, પણ પરદેશ જઈને વેપાર કરનારા વેપારીના કલાર્ક બનાવવાને છેલ્લા ત્રણની પણ આવશ્યકતા છે, અર્થાત્ દેશી ભાષા દ્વારા વ્યાપારી શિક્ષણ આપવામા પણ કાંઈ પણ અંગ્રેજી શીખવવાની આવશ્યકતા રહે છે.

શિક્ષક સમાજ—ગયા મહિનામા દ્વારકામાં એક શિક્ષક સમાજ ભરાયો હતો આપન કવિતાઓ થયા પછી આરબકાના મેહેતાજીએ બાળકોમા બારાખડીનુ શિક્ષણ આપી બતાવ્યું હતું તથા કવિતાશિક્ષણ, રસમયત શાસ્ત્ર, નોકરીમા રાખવી જોઈતી સાવચેતી વગેરે વિષયો ઉપર સપ્રયોગ વ્યાખ્યાનો જુદા જુદા શિક્ષકો તરફથી થયા હતા.

ઓકટોબર માસ ઉપર વીસનગર શિક્ષક સમાજની હકીકત અમને મળી હતી જે વધુ સંકોચને લીધે અમે પ્રસિદ્ધ કરી શક્યા નહોતા. એ સમાજમા પણ પ્રથમ ઈશ્વર સ્તુતિ તથા શ્રીમત પ્રશંસા સરસ્વતિના ફોટા આદ શારીરિક કેળવણી વગેરે બાબત, મીઠીની નિશાનીથી ક્યારત, બાળબોધ, ક્ષયિરાબિમગ્રહનો કવિતપાઠ, વગેરે વિષયો ચર્ચાયા હતા.

સિંધમાં નવા તાલુકા—શાહબંદરથી રા. નર્મદાશંકર મહાશિવ ત્રિવેદી જણાવે છે કે, હાલ એક માસ થયાં થરપારકર જીલ્લામા નવી નીકળેલી જબરાઉ નદીને લીધે ઘણી આબાદી થવાથી બીજા ૩ નવા તાલુકા કાઢ્યા છે. (૧) નસરત, (૨) પીયોરો, (૩) સંજોરો.

પાછળ અમે સિંધના તાલુકા ગણાવેલા છે તેમાં કેટલેક ઠેકાણે ભાષાની ભૂલ થયેલી છે. તો આ પ્રમાણે સુધારીને વાચવું —

ઉમર સરહદમા જ્યાં "દુપ" છે ત્યાં યુચ" જોઈએ
સખર જીલ્લામાં જ્યાં "શેરી" છે ત્યા "રોરી" જોઈએ
કરાચી ,, ,, મીરપુર માથેલો ,, ,, મીરપુર માથેલો ,,
,, ,, ,, મોરપુર બાંધેલો ,, મીરપુર બાંધેલો ,,
ઢેંગરાઢ ,, ,, સરકંદ ,, મકરંદ ,,

संवत् १९५९ नी सालनुं पक्षावलोकन.



કેવાર એ સૃષ્ટિનો મુખ્ય નિયમ છે કે સર્વના ગતિમા હોય છે તેજ જગત્ કહે છે પ્રતિવર્ષ જગતમા આપણે કાંઇ ને કાંઇ ફેરફાર થતા જોઇએ છીએ મનુષ્યો પોતાના સાંસારિક અને આધ્યાત્મિક સુધારા વધારા પાછળ નિરંતર મહેનત કરી રહ્યાં છે, રાજાઓ પોતાની રાજ્યતૃષ્ણાને તૃપ્ત કરવાને અને પોતાનું ગૌરવ વધારવાને સદા ઉદ્યોગશીલ છે. પ્રજાઓ પોતાનું સ્વાતંત્ર્ય રક્ષવાને તથા ઉચ્ચપદ પામવાને કટિબદ્ધ છે. શરીરધારી જે જે કાર્યમાં પોતે નિપુણ છે તેનો અભ્યાસ વધારવાને અને પોતાને સુપોષ્ય કરવા સદા મહેનત કરે છે. વિદ્વાનો અને લોકો પોતાની વિદ્યામાં તથા જ્ઞાનમા

ઉપયોગી ફળ પ્રજા સન્મુખ રજુ કરવાને મેહેનત કર્યા કરે છે; અને કુદરત પોતાના સ્વભાવ પ્રમાણે સ્વતંત્ર રીતે પોતાનું કાર્ય કરે જાય છે.

લોકો કહે છે કે કાળનું એક ચક્ર છે તે ચક્રનો કુદરત ફેરવે છે. એ ચક્રનો ઘેરાવો ઘણોજ મોટો છે. કોઇ તો કહે છે કે તે મનુષ્યની કલ્પનાની બહાર છે; પણ અમે કહીએ છીએ કે ચક્ર છે માટે તે ગોળ છે, અને તેનો વ્યાસ ગમે તેટલો અપરિમિત હોય તોપણ તે ચક્રનાં મધ્યનાં વર્તુલ તો આપણને દૃષ્ટિગોચર થઇ શકે, કેમકે ગમે તેટલા મોટા ચક્રનું પણ નાનામાં નાનું વર્તુલ હોય છે (વિદ્વાનો તેને બિંદુ કહે છે). આ ચક્રનાં વચલાં વર્તુલ ઉપર આપણે ઉદયાસ્ત થતા જોઇએ છીએ. આપણી દૃષ્ટિ આગળથી ઘણાક બનાવો પસાર થતા જોઇએ છીએ ગયા વર્ષમાં પણ એ ચક્ર ઉપર થઇને પસાર થતા કેટલાક બનાવો જોયા છે; આપણે તેને ગતવર્ષના બનાવ કહીએ છીએ.

દિલ્હીમાં મોટા દબદબા સાથે રાજ્યારોહણનો સમારંભ થયો અને શ્રીમન્મહારાજા સાતમા એડવર્ડના છત્ર નીચે હિંદ મૂકાયું. તેના અમલમાં હિંદુસ્તાનના લોકો પોતાની ઉત્તમ અભિલાષાઓ સફળ થવાની આશા રાખે છે. બીજો બનાવ આપણે નોંધી રાખવા જેવો એ હતો કે ઇન્ડિયન નેશનલ કોન્ગ્રેસની મહાસભા અમદાવાદમાં ભરવામાં આવી તથા તે નિર્વિઘ્ન પસાર થઇ. તેને અંગે એક ભવ્ય પ્રદર્શન પણ આપણે જોયું. આપણને એવી ખબર મળી છે કે આપણા વાઇસરાય લોર્ડ કર્ઝનને હિંદમાં અમલ કરવાની મુદતમાં વધારો મળ્યો છે. આ સમયમાં તે હિંદનુ કાંઇક હિત કરવા ધારે છે એમ કહેવાય છે. મુંબાઇના લોર્ડ નોર્થકોટ આસ્ટ્રેલિયા ખાતે ગયા છે.

સરકારના જુદાં જુદાં ખાતાના અધિકારીઓએ પ્રજાના હિતને માટે ગઇ સાલમાં જે જે યત્નો કર્યા છે તે પૈકી જોઇએ તો પોસ્ટ ખાતાએ મનીઓર્ડરના દરમાં ઘટાડો કર્યો છે; મુંબાઇ ઇલાકાના મેહેસુલી ખાતાએ ગુજરાતના ખેડુતોની બાકી ભાંડી વાળી છે તથા તગાવી માફ કરી છે. દુકાળનાં બાંધકામ લાંબી મુદત સુધી ચાલુ રાખી ભૂખે મરતાઓને આશ્રય આપ્યો છે. કેળવણી ખાતાએ કોલેજોમાં ફી વધારી છે તથા ઉંચી કેળવણી ગરીબોને દુષ્પ્રાપ કરી છે. પ્રાથમિક શાળાઓમાં કિન્ડરગાર્ટન અને પદાર્થપાઠ જેવા વિષયો ગઇ સાલ દાખલ કર્યા હતા. તે શીખવવાની પદ્ધતિ શિક્ષકોને બતાવી છે. મધ્યપ્રાંતના કેળવણી ખાતાએ ખેતીવાડી અને વનસ્પતિ વિદ્યાનાં મૂળતત્વો શાળાઓમાં દાખલ કરવા શ્રમ કર્યો છે. અંગ્રેજી ભાષાના શિક્ષકો માટે ટ્રેનિંગ કોલેજોની સ્થાપના થઇ છે. અને મુંબાઇ ઇલાકાના કેળવણી ખાતાભાટે વિશેષ ખુશી થવા જેવું એ છે કે લોકલફંડની તથા મ્યુનિસિપાલિટીની પ્રાથમિક શાળાઓને અપાતી સરકારી મદદમાં સેંકડે ૫૦ ટકા જેટલો ફાળો આપવાનું સરકારે કબુલ કર્યું છે.

સરકાર સિવાય બાનગી સાહસથી પણ કેળવણી માટે લોકોએ કેટલોક ઉપક્રમ કરેલો એ વર્ષમાં આપણે જોયો છે. અમદાવાદમાં એક સંસ્કૃતશાળા સારા પાયાપર કાઢવામાં આવી છે. ભહિસુરમાં વ્યાપાર ઉદ્યોગની કેળવણી માટે શાળાઓ સ્થાપવામાં આવી છે બંગાળામાં ખેતીવાડીની શાળાઓ સ્થપાઇ છે. જૈન ગૃહસ્થોએ બંગાળા વગેરે સ્થળે સંસ્કૃત વિદ્યાલય સ્થાપ્યાં છે; અમદાવાદ, સુરત, મુંબાઇ, વડોદરા વગેરે સ્થળોમાં અનાથાશ્રમ સ્થાપી તેને સારી રીતે ચલાવવામાં આવે છે. જૈન ભાઇઓ આ દયાના કામનાં આગળ પડતો ભાગ લે

છે એમ કહ્યા સિવાય આ વધુ નથી.

આપણા વડોદરા રાજ્યમાં પણ શ્રીમંત મહારાજા સાહેબની કૃપાથી કેળવણી બહુ આગળ વધેલું આવ્યું છે. તેઓ શ્રીએ રાજ્યદેશમાં એક ઠેકાણે મફત કરી પ્રાથમિક કેળવણી લેતાં છોકરા છોકરીઓને ઉત્તેજન આપ્યું છે. વિદ્યાર્થીઓને નાનપણથી મુસીબતમાં કરવાને તેમને ધર્મનું શિક્ષણ આપવાને તજવીજ થવાને છે શ્રીમંત કૉન્ફરન્સના સભ્ય પ્રસંગે એક પ્રદર્શન ભરવાનો ઇરાદો રાખે છે તથા દેશી આપણા ઉદ્યોગનું શિક્ષણ આપવા તે માટે એક વર્ગોપયોગી કારખાનું કાઢવાનો તેમનો વિચાર છે એમ આનંદ સાથે આપણે સાંભળીએ છીએ.

મુંબઇમાન આઇજીએ પણ કેળવણી ખાતાનાં એ આપણા ભાઇઓની નિમણુક કરી છે એ ખુશી થવા જેવું છે તેમનું એક મોટું કોન્ફરન્સ પૂના ખાતે ભરાયું હતું અને મુસલમાન કોમમાં કેળવણીનો વધારો કરવા માટે ઘણા ઉપાય કરાયા હતા. એક સારું જેવું ફંડ પણ તેમણે સ્થાપન કર્યું છે. દેશપરદેશના મુસલમાન સદ્‌ગૃહસ્થો તરફથી તેમના ભવિષ્યને કેળવણી આપવા માટે સારી મોટી રકમો અદ્યાપિ આપવામાં આવે છે હમણાં વળી બાબાજી છે કે બોમ્બાઇની બેરામ પાંદેને મુસલમાન કન્યાઓની કેળવણી માટે એક ફાંડ સ્થાપન કરવાનો ઉપક્રમ કર્યો છે. અમરેલીમાં મોમીનભાઇઓ તરફથી એક ગુજરાતી શાળા ધાર્મિક ભારી રીતે ચલાવવામાં આવે છે, તેની પણ અહીં નોંધ લીધા વગર આવતું નથી. આદિકા, ઝાલરેજ અને બીજા વગેરે કેટલાક આપણા સાહસિક મુસલમાન ભાઇઓ વસીને ત્યાં વેપાર વગેરે ચલાવે છે એવી વાત એ ઉપરથી આપણે જાણીએ છીએ સાથે સાથે આપણા સાહસિક હિંદુ ભાઇઓને પણ ધન્યવાદ આપીએ છીએ કે મુલાકાત જેવા દૂરના પ્રદેશમાં રહી તેમણે મોટો ધંધો ઉઘરાવ્યું કરી એક વિદ્યાપણ ત્યાં સ્થાપ્યું છે. કોઇ પણ પ્રજા જ્યાં જાય ત્યાં પોતાના રીતિ રિવાજ અને ધર્મ પણ સાથે લેતી જાય એ સ્વાભાવિક છે

ગયા વર્ષમાં બીજું પણ કેટલાક કેળવણીના કોન્ફરન્સો, શિક્ષક સમાજ અને જ્ઞાન સભાઓ થયા હતા. ગુજરાતી વાંચનમાળાના પુસ્તકોમાં સુધારો વધારો કરવાને તથા શિક્ષણ સંબંધે બીજા કેટલાક વિચાર કરવાને અમદાવાદ ખાતે પણ એક કોન્ફરન્સ સરકાર તરફથી ભરાયું હતું મુંબાઇ ઇલાકાની મરાઠી વાચનમાળા તથા ગુજરાતી વાચનમાળા એક સરખી કરવાનો કેળવણી ખાતાનો ઇરાદો છે, તથા કન્યાશાળાઓ માટે ઉપરનાં ધોરણોમાં ચલાવવાને બાલ બહુ પુસ્તકો એક ગુજરાતી બાપાના બાદોશ વિદ્વાન હાથ રચાવવામાં આવે છે, એમ પણ અમારા જાણવામાં આવ્યું છે.

ગુજરાતી ભાષામાં એ વર્ષમાં કેટલાંક સારા પુસ્તકોનો ઉમેરો થયો છે. પોરબંદરના એજન્ટ ડેપ્યુટીએ કેળવણીને ઉપયોગી ડિક્ટરમાઇન તથા પદ્યપાઠમાળાના પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે, જેનો શિક્ષકો ઘણો ઉપયોગ કરે છે એ જાણી અમે ખુશી થયા છીએ રા. બા. હરગોવિંદદાસ કાંટાવાળાએ સંસારસુધારો પછી આ વર્ષમાં "કેળવણીનું શાસ્ત્ર અને કળા" એ નામના બે મોટાં પુસ્તકો પ્રકટ કર્યાં છે આ પુસ્તકો વિષે જાણવા જેવી હકીકત આ માસિકમાં હવે પછી અમે આપવાનો ઇરાદો રાખીએ છીએ, તેમ જ્યાં અમે એકબીજાનો ઉલ્લેખ કર્યા વિના આવતું નથી કે શિક્ષકોને પોતાના ધંધામાં મદદ કરનારા વિદ્વાનો અને ઉપદેશ કરનાર મુનીની ગરજ સારે એવાં બે પુસ્તકો છે. દરેક શિક્ષકે અવશ્ય

સંગ્રહવા જેવાં તથા વખતોવખત મનન કરવા જેવાં એ છે. આ રાજ્યના ફૂલવણીખાતા તરફથી કેટલીક ટેક્સ્ટ બૂકો ઉપરાંત શ્રી સયાજીજ્ઞાનમંજૂષાનાં કેટલાંક પુસ્તકો પ્રકટ થયાં છે.

આ વર્ષમાં બીજા વિષયો સાથે સંસારસુધારણા અને ધર્મવિચારણાની પણ જાગ્રતિ જોવામાં આવી છે. શ્રીમંત મહારાજા સાહેબે બાળલગ્ન અટકાવવાની ઇચ્છા બતાવી તે વિષે ચર્ચા ઉભી કરી છે, જેનું પરિણામ ચાલુ સાલમાં જોવાની આપણે આશા રાખીએ છીએ. જૈન ધર્મની સ્થિરતા કરવાને જૈન બંધુઓ તરફથી જુદે જુદે પ્રકારે સભાઓ વગેરે સાધનોથી યત્ન કરવામાં આવ્યો છે. સનાતન ધર્મ અને આર્યસમાજના અનુયાયીઓ તરફથી પણ ભાષણાદિ ક્રમ ચાલુ રહ્યો છે. કાશીમાં આનીબિસાંટના યત્નથી હિંદુકોલેજ આબાદ થતી ગઇ છે.

દુનિયાંનાં સુખસાધનોમાં વૃદ્ધિ કરવાને વિદ્યા એજ પરમ કારણભૂત છે એમ આપણે જાણીએ છીએ. એવી વિદ્યા જાણનારા વિદ્વાન શોધકોએ પોતાના બુદ્ધિબળથી કેટલાક નવા શોધનો આ વર્ષમાં ઉમેરો કર્યો છે. એક વિદ્વાને કાચને લોઢા જેવો કઠણ અને ટકાઉ બનાવવાનો શોધ કર્યો છે; બીજાએ રસ્તાઓ સાફ રાખવાને તેપર પેત્રોલિયમ તેલ છાંટવાનો પ્રયોગ કરી જોયો છે; ત્રીજાએ રેતીમાં વહાણ ચલાવવાની કલ્પના કાઢી છે ! ચોથાએ પોતાની ઇચ્છા પ્રમાણે બલૂનની ગતિ નિયમિત કરવાની મેહેનત કરી છે; પાંચમાએ વગર તારે સંદેશા મોકલવાની રીતમાં સુધારો કરી તેને વ્યાવહારિક રૂપ આપ્યું છે; છઠ્ઠાએ ભારે સાહસ કરીને ઉત્તર ધ્રુવની શોધ સંપૂર્ણ કરી છે; સાતમાએ રેડિયમ નામની સ્વયંપ્રકાશ ધાતુ શોધી કાઢી છે; અને એજ રીતે બીજા અનેક નાના મોટા શોધ પરદેશસ્થ વિદ્વાનો, અને શાહસિકોએ કર્યા છે. એ સઘળાની યાદીમાં આપણા દેશના એક બે જણનાં નામ જોવામાં આવે તો ઘણી આપણને વિશેષ આનંદ થાય.

કાળચક્રના બધાજ આરા કાંઇ સુખ શાંતિ અને પ્રજ્ઞાની આબાદીથી ચળકતા જોવામાં નથી આવતા, કેટલાક આસમાની સુલતાની આફતોથી જાખા પડી ગયલા પણ જોવામાં આવે છે. એ વર્ષમાં આપણે સર્વિયાનાં રાજા રાણી વગેરેનાં ખૂનના માઠા સમાચાર સાંભળ્યા છે. સોમાલી લેન્ડમાં ગાંડા મુલ્લાંના બખેડાનો ઉપદ્રવ હજી શાંત થયો નથી. રશિયામાં યાહુદીઓની નિર્દય રીતે કતલ કરવાની વાત આપણે કાને આવી છે. ઇરાનમાં બાબી પંથના લોકોને કમકમાટ ઉપજે એવી રીતે મારી નાંખવાની ખબરો મળી છે. માસિડોનિયાનો બળવો હજી પૂર જોસમાં પોતાનો વિનાશ ફેલાવતો જાય છે અને હજારો ખ્રિસ્તીઓ તથા તુર્કો એક બીજાનાં ગામનાં ગામ ઉડાવી દેછે ! આફ્રિકા અને અમેરિકાના મહાદ્વીપોમાં પ્રજાઓ પરસ્પર લડાઇ કર્યા વિના બેશી રહી નથી !

મનુષ્યો જ્યારે સ્વાર્થલોભથી અથવા મતભેદ સહન ન થવાથી આમ એક બીજાનો વિનાશ કરવાને પ્રવૃત્ત થઇ રહ્યાં છે ત્યારે કોઇ કોઇ જગોએ કુદરતે પણ પોતાનો કોપ પ્રકટ કરેલો આપણે જોયો છે. કલકત્તા વગેરે શહેરોમાં આગથી ભારે નુકસાન થયું છે; ઇંગ્લાંડ વગેરે સ્થળોએ વાતાવરણના તોફાનથી મોટી હાનિ થઇ છે; માર્ટીનિક વગેરે ટાપુઓમાં ભૂકંપ અને જ્વાળામુખીએ વિનાશ કર્યો છે; ઉત્તર અમેરિકામાં અગ્નિદેવ કોપીને મોટાં જંગલોને સ્વાહા કરી ગયા છે. ચીનના દક્ષિણ ભાગમાં દુકાળે કેર વર્તાવ્યો છે; અને દુષ્ટ

અરબીઓ હજી હિંદુસ્તાનને ઓડ્યું નથી. ઇશ્વર એ આફતમાંથી હવે હિંદુસ્તાનની પ્રજાને મુક્ત કરે તો સારું !

કેટલાક મહાન પુરૂષો એ સાલમા દેવલોક પામ્યા છે, તેની નોંધ આપણે ખેદ સાથે લેવીએ છીએ રોમના પોપ મહારાજા, ઇગ્લાંડના મુખ્ય પ્રધાન લોર્ડ સેલ્સબરી, પાર્લામેન્ટના મેમ્બર અને હિંદના હિતચિંતક મી. કેન વગેરે રાજનીતિજ્ઞ માણસોને આપણે ખોયા છે. વડોદરાના રાજકુટુમ્બમાથી પણ શ્રીમતી મહાલક્ષ્મીબાઇ સ્વર્ગસ્થ થયાં છે.

આ રીતે આ વર્ષ પણ બીજા વર્ષોની પેઠે સુખદુ ખાત્મક નીવડ્યું છે આવનું વર્ષ સુખપ્રાપ્તિમાં પમાર થાય તે માટે આપણે તે સર્વેશ્વરની પ્રાર્થના કરીએ છીએ અને વિશેષે કરીને હિંદમાથી દુકાળ મરકી વગેરેની આફતો નાશ પામે, સરકારની રાજનીતિ પ્રજાને વિશેષ લાભપ્રદ નીવડે, ખેતીવાડીની અને વિદ્યાકુવરની વૃદ્ધિ થાય, દેશહિતૈષી પુરૂષોના આયુષ્યની વૃદ્ધિ થાય, અને સર્વત્ર કુસંપની પ્રસાર થાય, એટલી અરજ કરીએ છીએ. તથાસ્તુ.

॥ વર્ષારંભે પ્રભુ પ્રાર્થના ॥

॥ રાગ કલ્યાણ ॥

વંદીએ વિશ્વભરા ઓ વિશ્વના પતિ,
તુજ કૃપાવડે બને સ્વદેશ ઉન્નતિ. વં૦—ટેક.
બને કૃપાળુ થાય દૃષ્ટિ તારી અમળણી,
તુર્ત તો ટળે વિપત્તિઓ ઘણી ઘણી,
દોષકોશ શોષ થાય દૈવઅગ્રણી.
ચરમાં, સ્થિરમાં, ક્ષરમાં, તુજ નિવાસ,
સ્વપ્રકાશ, કર વિલાસ, અદ્ભૂતાકૃતિ — વં૦—૧
સત્ય પ્રેમ ને ઉમંગ તુજથી પામીએ.
તોજ અધઃપાતદેરી ઘાત વામીએ
શ્રી સરસ્વતી સુકીર્તિયોજ જામીએ.
ધર્મે, કર્મે, ભર્મે, ધરે હામ,
જન તમામ, ઠામ ઠામ, હરખુસંમતિ. વં૦—૨
અતિ અનાથ જાણી હાથ સાહી શ્રીહરી,
દુખાબ્ધિમગ્ન સ્વપ્રજાને તારી લે જરી,
ઉત્સાહ પ્રેર અમવિષે ઉમંગ આદરી;
ત્રાતા, જ્ઞાતા, શાતા, દઈ અધીક,
ટાળ બીક, હરણ ઠીક, ધારીએ ધૃતિ.— વં૦—૩
ચિદાનંદ સુખકંદ જય કૃપાવના,

સુફળ કરો આર્યબંધુકેરી કામના,
વિકટ વિઘ્ન જાય થાય કામ હામનાં.
રિદ્ધિ, સિદ્ધિ, બુદ્ધિ, અભરાભર,
અજરામર, તુજ પદ પર, રહો સન્મતિ. વંદી૦—૪

કવિ, શિવાનંદજી રામકૃષ્ણ.

વ્યાકરણનું શરુઆતનું શિક્ષણ આપવામાં ખામી અને તેને સુધારવાના ઉપાય.

શિક્ષકોને માટે આ એક ગહન પ્રશ્ન છે. જુદી જુદી શિક્ષણ શૈલીઓની હિમાયત કરવામાં આવે છે, અને કેટલાક ખંતીલા શિક્ષકો તેને અજમાવી પણ જોતા હશે, તથાપિ આજ સુધી જે નામાં એજ આવ્યું છે કે વ્યાકરણના શિક્ષણનો પાયો કાચો નંખાયછે. ત્રીજા ધોરણથી આ વિષયની શરૂઆત થાય છે, અને અલબત્ત, તે વખતે શીખનારાઓનું વય વ્યાકરણ જેવા ગહન વિષયમાં પ્રવેશ કરવા જેવું હોતું નથી; એમ છતાં બીજી તરફથી કહેવામાં આવે છે કે, જે બાળકો નાનાં છે તો શીખવાનું પણ ક્યાં વધારે છે? માત્ર શબ્દોના વર્ગજ એ ધોરણમાં જાણે એટલે બસ છે. વિચાર કરતાં જણાય છે કે ગુજરાતી ભાષાના તમામ શબ્દોનું વર્ગીકરણ કરી તેને પાંચમાંના કોઇ પણ મથાળા નીચે ગોઠવી દેવા અને શા કારણથી અમુક મથાળા નીચે ગોઠવ્યા તેનું કારણ સમજવું, એ ખરેખર મુશ્કેલ કામ છે. વ્યાકરણમાં આપેલા નિયમોને અનુસરીને વાંગ્મયમાળામાં (ભણે પછી તે ચોથી ચોપડી હોય) આવેલા શબ્દોનું વર્ગીકરણ વ્યાકરણવિદ્યાના કોઇ જાણીતા સાક્ષરને પણ ઘડીભર વાદમાં ઉતારે એવું છે, એમ અમે હિમ્મતથી કહી શકીએ છીએ એમ છતાં પણ જેમને તે શીખવવામાં આવે છે તેઓ તે જાજ શીખી શકે એમ કહેવાય નહિ. માત્ર અડચણ ક્યાં છે અને તેને શી રીતે મટાડવી એ શોધી કાઢવું એ કુશળ શિક્ષકોનું કામ છે.

કેટલાક ઉપલક વિચાર કરનારા જણાવે છે કે એટલી નાની વયમાં વ્યાકરણ શીખવવાની ઉતાવળ કરવાનું શું કારણ હતું? કેટલાક જેમને શિક્ષણશાસ્ત્રની ગમ નથી તેઓ તો એમ પણ કહે છે કે વ્યાકરણનીજ શી અગત્ય છે? ભાષાના નિયમો જાણ્યા વગર પણ ભાષા અભ્યાસથી શુદ્ધજ બોલાય છે. પરભાષા શીખવાને તેનો ઉપયોગ હોય તો તે વખતેજ બપપૂરતું વ્યાકરણ શીખવી લેવું. આ દલીલો કોઇ શિક્ષકને ખરેજ દમવા લાયક લાગશે. અને તેજ કારણથી અમે પણ તેના સમાધાનમાં ઊંડા ઉતરવાની જરુર જોતા નથી. વિદ્યાના ઘણાક ગ્રંથોમાં નવીન જ્ઞાન ઉપરાંત જે કાંઇ શિક્ષણ હોય તો તે એજ છે કે વિશેષ ઉપરથી સામાન્ય ઉપર આવતાં અને સામાન્ય ઉપરથી વિશેષ ઉપર જતાં શીખવવું. અથવા સ્પષ્ટ કહીએ તો જુદાં જુદાં અનેક સરખાં ઉદાહરણો લેઇને તે ઉપરથી એક નિયમ ઉપજાવી કાઢવો; અને તે નિયમ બીજાં ઉદાહરણોને લાગુ પાડતાં આવડવો. વ્યવહારમાં અને શાસ્ત્રોમાં મનની જે શક્તિનો ઘણો ઉપયોગ થાય છે તે આ છે. એ શક્તિને બીજા નામો

આરંભ વ્યાકરણથી કરવામાં આવે છે પદાર્થો બતાવીને શીખવવાની વિદ્યા કરતાં આ કાંઈક જુદી જાતની વિદ્યા છે એમાં પદાર્થોનાં અદૃશ્ય વાચકોની વિદ્યા શીખવવાની હોય છે, અને તેથીજ નીચ ઘોરણના નાનાં બાળકોને કઠણ લાગે છે

પણ ખરી કઠણાઈ વિષયનિરૂપણમાં નથી, એમ એક વિદ્વાન સાથે વાતચીત કરતાં અમને જણાઈ આવ્યું છે. તે પોતાના અનુભવપરથી જે કહે છે તે તેનાજ બોલમાં આપવું ઉપયોગી થશે. તે કહે છે કે "વ્યાકરણ શીખનો છોકરો શું શીખતો હોય? આપણું ગાલ્ત કે આપણું કાંઈ? તે ગાલ્તનો આરંભ કર્યો બાપથી કરો છો? તમે કહેશો કે વાચનમાળાની નિદાન ચોથી ચોપડીની ભાષાથી, તો અહીંજ તમારી ભૂલ છે વ્યાકરણની તમે શરૂઆત કરોછો, વ્યાકરણનાં તમે હજી એકડેએક શીખવો છો અને તે શીખવવા માટે ઉદાહરણ તમે પાંચી કે પંતાળામાંથી લ્યો છો, તે શીખનર શી રીતે સમજી શકશે? તમારી ભૂલ હવે તમને જણાઈ હવે વ્યાકરણ શીખવવાની શરૂઆત વખતે તેમાંની ભાષા પણ સહેલી હોવાની જરૂર છે નામ, સર્વનામ, વગેરેના નિયમો (ભલે પછી તે ઘણી સારી રીતે તમે શીખવ્યા હોય) શીખવીને પછી ચોથી ચોપડીમાંથી એકાદ વાક્ય આપી તેનું વર્ગીકરણ છોકરા પાસે તમે કરાવવા યત્ન કરો છો ખરૂ કહો, તમને કોઈ વખત એ વર્ગીકરણ કરતાં શકો નથી પડતી? ચોથી ચોપડીની ભાષા કાંઈ છેક સહેલી નથી. ભાષાની કેડીમાં તે ચોયા પગથિયા જેટલી ઊંચી ગયેલી છે એ વાત વીસરવી જોઈતી નથી. વ્યાકરણનું વિવરણ પણ નેટલે દરજ્જે આવે ત્યારે તે ભાષાનો ઉપયોગ થઈ શકે. ભાષાના (વ્યાકરણના) શરૂઆતના વિવરણ માટે તો ભાષા પણ શરૂઆતનીજ જોઈએ હવે મારૂં કહેવું તમે સમજી શકાય હશે ગુજરાતી પહેલી ચોપડીની ભાષા શરૂઆતની કહેવાય ચોથી ચોપડીનું એકાદ અવતરણ વાપરવા કરતાં 'આ અને રૂ આપ' જેવા ભાષાની શરૂઆતનાંજ વાક્યો જોઈને તમે વ્યાકરણ શીખવવા માંડો તો અને લાગે છે કે તમે જે શબ્દોના વર્ગ શીખવવા ઉપાડોઠો તે સહેલાઈથી શીખવી શકાશે શબ્દોના વર્ગ શીખવવામાં પણ તમારે ક્રમવાર રીતે પ્રથમ વાક્યપૃથક્મૂર્તિથી આરંભ કરવો પડે છે જ્યાં કાંઈ માંડે ગુજરાતી પહેલી ચોપડીના શરૂઆતના પાઠો જોવા સારા ઉદાહરણ તમને ક્યાં મળશે? વ્યાકરણ કેમ શીખવવું તે હું કહેતો નથી, કેમકે તે તો ઘણા સારા શિક્ષકો જાણે છે, પણ શરૂઆતમાં તે શીખવવાને ઉદાહરણ માટે ભાષા પણ સહેલી લેવી જોઈએ એમ કહું છું."

"વળી શબ્દોના વર્ગીકરણ માટે તેની જે વ્યાખ્યાઓ આપવામાં આવેલી છે તે બહુ સાધારણ સ્વરૂપમાં હોય છે તથા તે લાગુ પાડતા પહેલા વિચાર કરવા જેવું ઘણું હોય છે તેથી તે બધા શબ્દોને સરખી રીતે બાળકો લાગુ કરી શકતા નથી, પણ વર્ગીકરણનું કેટલુંક જ્ઞાન થયા પછી તથા અનુભવ થયા પછી તેમાં વિશેષ સમજણ પડે છે. જેમકે વ્યાકરણનો વિષય શરૂ કરતાંજ પ્રથમ નામની વ્યાખ્યાથી શરૂઆત કરવામાં આવે છે 'નામ એટલે જે શબ્દવડે પ્રાણી પદાર્થ વગેરે ઓળખાય છે તે' પરંતુ જે ભાષામાંથી તમે નામ ઓળખાવો છો અથવા આ વ્યાખ્યા સમજાવ્યા પછી તમે જે ભાષામાંથી જોડણીને નામના શબ્દ ખોળાવો છો, તેમાં આ વ્યાખ્યામાં ખુલ્લી રીતે જેનો સમાવેશ થાય છે તેના કરતાં વધારે બારીક વિચાર કરવો પડે એવા શબ્દો આવેલા હોય છે આવો

વિચાર બાળક કરી શકતાં નથી હોતાં અથવા 'અમુક શબ્દને શામાટે નામ કહેવું' તેનો તેઓ જવાબ નથી આપી શકતાં, તોપણ તમે તેમને કંઈ કારણ કે વ્યાખ્યા લાગુ કરી આપ્યા સિવાય નામ કહેવડાવો છો. જેમ, 'આ નાનો સરખો ઉંદરડો જોને કેવી શેખી કરે છે, એને મારા **સામર્થ્યનું ભાન** નથી.' 'ઘણુંએ ફૂંફાં માર્યાં.' 'બૂમો પાડવા માંડી.' ઉપરનાં ઉદાહરણો ત્રીજી ચોપડીનાં છે. એમાં મોટે અક્ષરે લખેલા શબ્દોને નામના વર્ગમાં તમે મૂકાવો છો, પણ તે શા કારણથી નામ છે, તે વ્યાખ્યા ઉપરથી શરૂઆતમાં છોકરાંને સમજાવવું મુશ્કેલ પડે છે. શરૂઆતમાં બાળકોની વિચાર કરવાની શક્તિ ઓછી હોય છે; ભાવરૂપ પદાર્થોને બતાવનારા શબ્દોનું વર્ગીકરણ વિચાર કરીને કરવા કરતાં તેઓ શબ્દના રૂપ ઉપર વિશેષ આધાર રાખે છે. અને તેજ કારણથી હોપ સાહેબના વ્યાકરણની રચનામાં શબ્દના રૂપના ધોરણને પ્રાધાન્ય આપેલું હતું."

"આથી નિયમ કે વ્યાખ્યાની સમજ જુદી ને ઉદાહરણથી પદચ્છેદમાં શીખવાનું જુદું, એમ શરૂઆતના શીખનારના મનમાં ભેદ પડી જાય છે ને તેથી તેમનું મન ગુંચવાડામાં પડે છે. સબબ શરૂઆતમાં વ્યાખ્યાના ઉપરના સ્વરૂપ પ્રમાણે બંધ બેસે એવાં ઉદાહરણોની જરૂર છે."

શિક્ષણના અનુભવી વિદ્વાનની આ સૂચના અમને અનુકૂળ લાગે છે. પ્રત્યેક ઉંચા ધોરણના શિક્ષકોની ફરિયાદ હોય છે કે વ્યાકરણ પાછલા ધોરણમાંથી કાચું ચાલ્યું આવે છે. આ ફરિયાદ છેક વ્યાકરણના શરૂઆતના વર્ગ આગળ જઈને અટકે છે. ચોથી ચોપડીના પાઠોમાં આવેલા શબ્દોનું વર્ગીકરણ કરતાં શીખવવાથી તે આરંભ કરે છે. તેમાં એવા વિચિત્ર શબ્દો આવે છે, એવાં સંયુક્ત ક્રિયાપદો આવે છે, એવાં વિલક્ષણ ક્રિયાવિશેષણો આવે છે કે જેનું વર્ગીકરણ વ્યાકરણોક્ત નિયમે કરતાં વિદ્યાર્થીઓ ગુંચવાય છે. એમ છતાં પણ પરીક્ષા વખતે તે ચોપડીમાંથી વર્ગીકરણ કરવાનું સોંપવામાં આવે છે, જેથી શિક્ષકો કલાસબૂક છોડીને બીજી તરફ દૃષ્ટિ કરતાજ નથી. પણ જો શરુઆતમાં સહેલી ભાષાનાં ઉદાહરણો લેઈને તેજ શબ્દોના વર્ગ શીખવવામાં આવે તો અમને લાગે છે કે વિદ્યાર્થીઓ બહુ સહેલાઈથી અને ગુંચવણમાં પડવા સિવાય શબ્દોના વર્ગો શીખી શકશે. આમ થવાથી છઠ્ઠા ધોરણ સુધી પણ શબ્દોનું વર્ગીકરણ કરવામાં છોકરાં ચૂકો કરે છે તે અટકશે. કેમકે અંકગણિતની પેઠે ક્રમે ક્રમે અઘરૂં શીખવતાં જવાની પદ્ધતિથી વિદ્યાર્થીઓનું ભાષાજ્ઞાન વધવાની સાથે તેમને વ્યાકરણનું ચોખ્ખું જ્ઞાન થતું જશે. **ભાષાની સાથે વ્યાકરણ શીખવવું અથવા ભાષા ઉપરથી વ્યાકરણ શીખવવું પણ એકલું વ્યાકરણ શીખવવું નહિ,** એ વ્યાકરણના ઉત્તમ શિક્ષકનો આધારસ્તંભ છે.

પ્રથમ શરૂઆત પહેલી ચોપડીથી કરવી. તેમાંનાં વાક્યોનું પ્રથક્કરણ કરી તેમને ક્રિયાપદ અને કર્તૃપદ (જે ઘણું કરીને નામ કે સર્વનામ હોય છે) શીખવવું. આ રીતે નામ સર્વનામ શીખ્યા પછી વિશેષણ વગેરે શબ્દના બીજા વર્ગ શીખવવા. આમ કરવાથી બીજો ફાયદો એ થાય છે કે ભાષાના બંધારણની–વાક્ય રચનાની શરુઆત ક્રમ થાય છે તેમાં પણ ધીમે ધીમે આડકતરી રીતે સમજણ પડતી જાય છે અને ભાષા ઉપરથી તેના નિયમો શીખવવાનો હેતુ કેટલેક દરજ્જે પાર પડે છે. પહેલી ચોપડીનાં ઉદાહરણો પૂરાં થયા પછી બીજા ત્રિમાસિકમાં બીજી ચોપડીનાં ઉદાહરણો લેઈ તેમાંથી શબ્દના વર્ગ ફલેવરાવવા, અને છેવટના

વિદ્યાર્થિઓમાં જે ઓપરી વાચનની આવની હોય તેમાંથી શબ્દોના વર્ગ પાડતાં શીખવવું. એમ ધીમે ધીમે શીખવવાથી બાળકો કેવી આસાનીથી શીખી શકે છે તે તમે અનુભવ કરશો ત્યારેજ જણશો. આમ કરવાથી શિક્ષકનો ને વિદ્યાર્થીનો બન્નેનો ભાર ઓછો થઇ શિક્ષણનું કામ મઝેનું થશે એવો અમને અનુભવ છે.

आर्य किन्डरगार्टन.

(ગયા વર્ષના પૃ ૧૮૫ થકી)

(રા. સા. કાશીરામ પ્રાગજી ઉપાધ્યાય. બી એ)

ગયા અંકમાં કિન્ડરગાર્ટન પદ્ધતિ આર્યાવર્તમાં કેવા સ્વરૂપમાં દાખલ થવી જોઇએ તે વિષે આપણે વિચાર કર્યો. આપણે એમ સિદ્ધ કરી શકાય કે આર્યાવર્તની ભૂમિમા કિન્ડરગાર્ટન રૂપી વિદેશીય વૃક્ષ રોપતાં પહેલાં તેને પોષણ કરનાર તેમજ અનિષ્ટ કરનાર પદાર્થોમા ફેરફાર કરવો પડશે, નહિતર તે બાલ મૃત્યુ પામે અને મહા પ્રયાસ વ્યર્થ થશે. હવે આપણે કિન્ડરગાર્ટન એટલે શું અને તેનો શોધક કોણ ? તે પદ્ધતિનો ઉદ્દેશ શો છે અને તે પદ્ધતિ આધુનિક કાળમાં ઉત્તમ ગણાવા માટે શું ગુણ છે ? તેમા કયા સાધનોનો સમાવેશ થાય છે ? વગેરે બાબતો વિષે ટૂંકામાં વિવેચન કરીશું.

સર્વ કોઇને વિદિત છે કે આજકાલ ઇંગ્લંડ તેમજ આર્યવર્તમા " કેળવણી " ના ગવડોએ પ્રજાનું ધ્યાન ખેંચેલું છે. ઇંગ્લાંડમાં કેળવણીનો નવો યુગ પ્રસાર થયો છે અને નવી સંસ્થાઓ અને ધોરણો ખોલવા શરૂ થયા છે. ઇંગ્લાંડને એમ જણાયું છે કે કેટલાક મુખરેખા દેશો વેપાર તેમજ હુન્નરકળામાં ઇંગ્લંડને હરાવવા લાગ્યા છે. દેશની ઉન્નતિનો મુખ્ય આધાર વેપાર ને હુન્નરકળા છે. ઇંગ્લંડને બારીક તપાસ કરતા સ્પષ્ટ જણાયું છે કે પોતે બીજા દેશો કરતાં વેપાર વગેરેમાં પછાત પડતુ જાય છે તેનું કારણ એ છે કે તેનાં બાળકોને ઔદ્યોગિક કેળવણી જેવી રીતે અપાવી જોઇએ તેવી અપાતી નથી. અને તેટલા માટે તેણે પોતાની પ્રાથમિક શાળાઓમા મોટો ફેરફાર કર્યો છે. ઇંગ્લંડે આટલેથીજ સંતોષ માન્યો નથી પરંતુ ઉચી કેળવણીનો પાયો પણ મજબૂત કરવા માટે પ્રયાસ કરી રાખ્યો છે. દાખલાંજ એક ઇંગ્લેજ ગૃહસ્થે સંશોધનશાળા (રીસર્ચ લેબરેટરીટસ) માટે એક મોટી મંજલદર રકમ ખરચવાને સારૂ રોયલસોસાઇટિને સત્તા આપી છે.

આર્યાવર્તમાં કેટલાદિવસોથી જાગૃતિ થવા જોવ તેમ જણાય છે. મી. જે. એન ટાટાએ પોતાની સિલકનો મોટો ભાગ રીસર્ચ લેબરેટરીની સ્થાપના માટે આપવા કર્યો છે અને તે વાત બહાલદેર છે. હિંદુસ્તાનની સરકારે તે યોજનાને આંત કરણપૂર્વક અનુમોદન આપ્યુ છે. તેથી તે યોજના થોડા વખતમાં અમલમાં મૂકાશે એવી આશા રહે છે.

જો કદાચ આ યોજના અમલમાં મૂકવા વખત આવે તો કેળવણીખાતા નીસરણીના ઉપલાં પગથીયા તો ઘણાજ સુદૃઢ થશે. બી. એ. ની પરીક્ષા પાસ કર્યા પછી સંશોધનનું બહોળું ક્ષેત્ર ઉઘાડું થશે. પરંતુ તેમાં એક મોટી મુશ્કેલી ઉત્પન્ન થશે તે એ કે, આ શાળામાં પદાર્થવિજ્ઞાન શાસ્ત્રની કેટલીક શાખાના માત્ર વિદ્વાનોજ મોકલે કરવાના નથી

પરંતુ તે સિદ્ધાંતો કેવી રીતે અમલમાં મૂકવા તે વિષેનું સંગીન જ્ઞાન સંપાદન કરવાનું હોવાથી માત્ર ઉત્તમ રીતે કેળવાયેલી અવલોકનશક્તિજ આ વિકટ કાર્યમાં ફળીભૂત થઇ શકશે. ગુજરાતી પહેલા ધોરણથી બી. એ. ની પરીક્ષા સુધી જેમણે અભ્યાસ કર્યો હશે તેમને તો સુવિદિત હશે કે તે આખો શિક્ષણક્રમ માત્ર પોપટીયું જ્ઞાન સંપાદન કરવાનો છે. પરિણામ એ આવ્યું છે કે યુનિવર્સિટીની પરીક્ષા પસાર કરેલા ઘણા ખરા વિદ્વાનોની અવલોકન શક્તિ, ઉત્પાદક શક્તિ વગેરે સંપૂર્ણ રીતે અભિદગ્ધ થયેલી જણાતી નથી. અપવાદ તો હશેજ, પરંતુ તેથી તો સાધારણ નિયમ વધારે દૃઢ રીતે પ્રતિપાદિત થાય છે.

ક્ષણભર એમ માનીએ કે પૂર્વોક્ત શાળા ઉઘડી, અને તેમાં આપાતા સંગીન જ્ઞાનને યથાર્થ રીતે ગ્રહણ કરી શકે તેવા પાત્ર વિદ્યાર્થીઓ તેમાં દાખલ થયા અને શાળાનું કામ ક્રમસર સત્વર ચાલવા માંડયું. આ સ્થીતિ પ્રાપ્ત થયાં છતાં અમે ઉપર કહ્યું તેમ કેળવણીનો માત્ર એક ભાગ સુદૃઢ થયો પરંતુ તે મકાનનો પાયો (પ્રાથમિક કેળવણી) તો કાચો રહેશે. એટલે પૂર્વોક્ત શાળા ઇષ્ટ ફળને આપનારી નીવડી શકશે નહિ તે વાત નિર્વિવાદ છે.

આ ઉપરથી એવો પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે, કેળવણી રૂપી નીસરણીનાં નીચલાં પગથીઆં કેવી રીતે મજબૂત થઇ શકે ? કેળવણીનો પાયો પ્રથમથીજ સંગીન નાંખવો એજ આ પ્રશ્નનું નિરાકરણ છે. શિક્ષણની સંગીન શાસ્ત્રીય પદ્ધતિ એજ ઉત્તમ માર્ગ છે. કારણ કે આ પદ્ધતિદ્વારા સંપાદન કરેલું જ્ઞાનજ મનુષ્ય જે સ્થિતિમાં મૂકાય તે સ્થિતિમાં કામમાં આવી શકે છે. જેની બુદ્ધિ, અવલોકન અને ઉત્પાદક શક્તિઓ બાલ્યાવસ્થાથીજ કેળવાયેલી છે તે પછી તત્વજ્ઞાની થાય, વેપારી થાય, કારીગર થાય કે રાજ્યાધિકારી થાય તો પણ તે પોતાનું કર્ત્તવ્ય સારી રીતે કરી શકે છે.

આ શિક્ષણ પદ્ધતિની શરૂઆત કેવી રીતે કરવી ? અદ્યાપિ પર્યંત શાળાઓમાં વાંચન, લેખન અને ગણિત-એવી એક ત્રિપુટી શીખવવામાં આવતી હતી. આધુનિક વિદ્વાનોએ તે ત્રિપુટીમા એક તત્વનો વધારો કર્યો છે અને તે બુદ્ધિની કેળવણી છે. જુની શિક્ષણ પદ્ધતિમાં " ગોખણ " ઉપર વિશેષ ભાર મૂકવામાં આવતો હતો–સ્મરણ શક્તિની કેળવણી એજ મુખ્ય ઉદ્દેશ મનાતો હતો. કોથળાની માફક મનમાં જ્ઞાન રેડવાનો પ્રયાસ થતો અને તે જ્ઞાનને ખૂબ દાબી દાબીને ભરવામાં આવતું. પરિણામ એ થતું કે બાળકોના તન ને મન નિર્બળ થતાં અને જીંદગીની લડાઇ માટે નાલાયક નીવડતાં. આ જૂની પદ્ધતિને દૂર કરી નવી પદ્ધતિ દાખલ કરવાના ઉદ્દેશથી ઇશ્વરે ફ્રોબેલ નામના એક મહાત્માને ઉત્પન્ન કર્યો. આ મહાત્મા તથા તેના ગુરૂ પેસ્ટેલોઝાઇની જીંદગીનાં વૃત્તાંતો ગુજરાત શાળાપત્રમાં આપેલાં છે માટે આ લેખમાં તેનો સમાવેશ કરી વાચક વર્ગને નકામી તકલીફ આપવાની જરૂર નથી; માત્ર તેમના સિદ્ધાંતોજ આપી સંતોષ માનીશું.

પેસ્ટેલોઝાઇએ પોતાની આખી જીંદગી બાળકોને વિદ્યાદાન આપવામાંજ ગાળી હતી. તેના સિદ્ધાંતો ઘણાજ ઉત્તમ અને અનુકરણીય હતા. પોતે જે બોલતો તેજ કરતો, તેથી તે બહુ લોકપ્રિય થઇ પડયો હતો.

૧ કાંઇ પણ 'જાણવું' તેના કરતાં 'થવું'.એ તેનો મુખ્ય સિદ્ધાંત હતો.

૨ જ્ઞાન એ સૌથી ઉંચો ઉદ્દેશ નથી; લક્ષણ રૂપી મહત્તર ઉદ્દેશના પગથીઆરૂપ છે.

૩. શાળા અને ઘરનું કર્ત્તવ્ય બાળકની આમપાસ પ્રેમ, પવિત્રતા અને સૌજન્ય-

રૂપી સુંદર ઢબ પ્રચારવાનું છે અને તેમાં બાલકે મુખ્ય કામ કરવાનું છે.

૫ સર્વ શારીરિક તેમજ માનસિક શક્તિઓને સમાન રીતે કેળવવી

૬. નીતિનું સંગીન શિક્ષણ આપવા માટે શિક્ષકે દૃષ્ટાંત રૂપ થવું.

૭. ગોખણપટ્ટીને હમેશાં ધિક્કારવું.

આ તેમજ ફ્રોબેલના સિદ્ધાંતો અવશ્ય મનન કરવા યોગ્ય છે દરેક બહેનોએ પોતાની નિશાળમાં આ સિદ્ધાંતોને પાયા ઉપર ચોદાની રાખવાની આવશ્યકતા છે. ફિન્ડરગાર્ટન પદ્ધતિના પિતા ફ્રોબેલે આ સિદ્ધાંતોનું બરાબર મનન કરેલું હતું ફ્રોબેલના સિદ્ધાંતો નીચે પ્રમાણે હતા —

૧. સર્વ વસ્તુનું મૂળ એકજ ઈશ્વર છે, તો સર્વ પદાર્થને એક સરખા નિયમ લાગુ પડવા જોઇએ બાલની અભિવૃદ્ધિમાં જે નિયમ જોવામાં આવે છે તેજ નિયમ બાળકની અભિવૃદ્ધિમાં પણ લાગુ પડવા જોઇએ.

૨. જેમ ખાલી ટોડ કે ઝાડમા કાંઇ નવું ઉત્પન્ન કરી શકતો નથી તે પ્રમાણે કેળવણી આપનાર ગુરૂ બાળકના મન ને તનની શક્તિઓ કેળવવા ઉપરાંત કાંઇ નવીન કરી શકતો નથી

૩. ધર્મ ને નીતિના પાયા વિનાની કેળવણી નિરર્થક છે.

૪. દરેક વયને અનુકૂળ કેળવણીની જરૂર છે કારણ કે આગલી વયની સંપૂર્ણતા ઉપર પાછલી વયની સંપૂર્ણતાનો આધાર છે.

૫. બાલવાટિકામા સુશિક્ષિત માતાની રેખરેખ અવશ્ય લાભપદ છે.

આ સિદ્ધાંતો ફિન્ડરગાર્ટન પદ્ધતિનાં સૂત્ર રૂપ છે. તેનુ બારીક કરવાથી વિષય લાગો થઇ નિયમ થઇ પડે તેની બીજીયે બાબ સવિસ્તર વર્ણન કરવું યોગ્ય ધાર્યું છે હવે આપણે ફિન્ડરગાર્ટન એટલે શું તે વિષે બે બોલ બોલીશું. (અપૂર્ણ)

प्राणी संबंधी पाठो.

(ઠા. પ્રા. ઉપાધ્યાય બી. એ)

(૧) કુકડો.

પ્રારંભ—બાળકોને કુકડાનું ચિત્ર બતાવો અને તેનુ નામ આપો. આપણે તેને કુકડો અથવા મૂંડ કહીએછીએ. મૂંડની બાજાને આપણે મૂઠણી કહીએ છીએ. કુકડો એ પણ એક ઉપયોગી પ્રાણી છે, પરંતુ તે જ્યારે મરી જાય છે ત્યારેજ ઉપયોગી થઇ પડે છે જીવતાની બાબતે તે જીવતા ઉપયોગી થતુ નથી. કુકડાનુ માંસ ખાવાના કામમા આવે છે

(૨) ખોરાક.

કુકડો ખાવામાં અકરાંતીયું છે. તે જે જોવે તે ખાય છે તો તેને પેટરમા પૂરું કરવા દેવામા આવે તો તે માસ ખાઇને અને જમીનમાંથી ચૂણિયા ખોદી કાઢીને પોતાનું ગુજરાન કરે છે. જો તે બાજ અથવા બહારનાં પેટરમા પ્રવેશ કરે છે તો તે નીચે પડેલાં કણો ને જમીનમાંથી બહારને ખોદી કાઢી ખાઇ જાય છે પાનખર ઋતુમાં તેને ઘણા ટેટા ને

તેવાં બીજાં ફળો બહુ ભાવે છે. પરંતુ જ્યારે તે ભૂખ્યું થાય છે ત્યારે તે ગમે તે ખાઇ પોતાનું પોષણ કરે છે. કૂતરા ને બિલાડીની માફક તે માંસના કટકા પણ ખાય છે. આ સ્થળે હુક્કર ને ઘેટું, હુક્કર ને બિલાડી, ને હુક્કર ને કૂતરા વચ્ચે જે ભેદ જણાય તેની સરખામણી બાળકો પાસે કરાવવી અને હુક્કર વિષે જે હકીકત માલૂમ પડે તે શોધાવવી.

(૩) હુક્કરના શરીરનું બંધારણ

(૧) માથું—હુક્કરનું માથું અણીવાળું અને લાંબા ભૂંગળા જેવા મોઢાવાળું હોય છે તે બરાબર બતાવવું. ભૂંગળા જેવું મોઢું એ તરૂણાસ્થિ (કુંમળા હાડકા) નું બનેલું છે અને તે વડે જમીન ખોદાય છે. આ મોઢાના છેડા ઉપર બે નસકોરાં હોય છે. હુક્કરની સુંઘવાની શક્તિ બહુ તીક્ષ્ણ હોય છે.

હુક્કર પોતાના ખોરાક માટે ખેતરોમાં ભટકે છે. અગર જો કે મૂળિયાં અને તેવા બીજા પદાર્થો જમીનની અંદર દટાયેલાં હોય છે પરંતુ હુક્કર ઘ્રાણેંદ્રિય દ્વારા તેને શોધી કાઢી પોતાના નળાકાર મોઢાવતી તેને જમીનમાંથી બહાર ખોદી કાઢે છે. આ મોઢું તેને બહુ ઉપયોગી છે. કારણ કે તે તેને જે ખોરાક પોતાને બહુ પસંદ છે તેના ઉપર જીવવાને લાયક બનાવે છે, વગેરે હકીકત બાળકો પાસે ચિત્ર બતાવી કઢાવવી.

જો હુક્કરને બિલાડી, કૂતરા અથવા ઘેટા જેવું માથું હોત તો તે કાંતો ભૂખે મરત અથવા તેને બીજી જાતનો ખોરાક ખાવાની જરૂર પડત તે બાબત ઉપર બાળકોની કલ્પનાશક્તિનો ઉપયોગ કરાવવો.

પોતાનો શિકાર પકડવાને, અને તેના કટકા કરવાને માટે બનાવેલું બિલાડીનું પહોળું પરંતુ ગોળાકાર માથું જમીનમાંથી મૂળીયાં ખોદી શકે નહિ. કૂતરાનું લાંબું ને અણીવાળું નાક તેમજ ઘેટાના નરમ અને સઘળી દિશામાં ફરે તેવા હોઠો પૈકી દરેક (નાક તથા હોઠ) પોતાનું કામ કરવાને લાયક છે, પરંતુ જમીનમાં ખોદવા અને તેમાંથી મૂળિયાં કાઢવાને માટે તદન નાલાયક છે. આ ઉપરથી બાળકને શીખવી શકાય કે પરમેશ્વરે જે સ્થળે જે વસ્તુ જોઇએ તે વસ્તુ પૂરી પાડી છે

૨ મોઢું—બન્ને જડબામાં મોટા ને મજબૂત દાંતવાળું મોઢું બાળકને બતાવવું. ઘેટાની માફક તેને દાઢો છે. તે ઉપરાંત તેને માંસાહારી પ્રાણીની માફક, પણ ચાર મોટા અણીવાળા દાંત હોય છે. તે દાંત બન્ને જડબામાં સરખે ભાગે વહેંચાયેલા હોય છે.

ભૂંડના બે પ્રકાર છે. ૧ નર. ૨ માદા. આ પૈકી નરની બાબતમાં ઉપોક્ત અણીવાળા દાંત દંતૂશળ માફક વધીને મોઢા બહાર નીકળી આવે છે.

જંગલી હુક્કર એ જંગલના પ્રાણીઓમાં સૌથી ભયંકર છે. તેને લાંબા દંતૂશળ હોય છે કે જે તે પોતાના શત્રુની સામે વાપરે છે.

હુક્કર માંસ તેમજ ઘાસ ઉપર જીવે છે કારણ કે તેને માંસના કટકા કરવા માટે તેમજ ઘાસનો ઝીણો ભૂકો કરવા માટે દાંત આપેલા છે.

૩. સાંભળવાની અને જોવાની ઇંદ્રિય—હુક્કરની આંખ નાની અને ઉંડી ઉતરી ગયેલી હોય છે અને કાન લાંબા ને સીધા છે. સાધારણ સ્થિતિમાં હુક્કરની આંખ આળસ ભરેલી જણાય છે પરંતુ જ્યારે તેને પોતાના શત્રુ સામે સાવધ રહેવાની જરૂર પડે છે ત્યારે તેની આંખ તેમજ કાન બહુ તીવ્ર થાય છે.

આ જાતમાં બિલાડી, કૂતરા અને બેઠાની સરખામણી કરાવવી. માંસાહારી પ્રાણીની આંખો, તેમને પોતાનો શિકાર પકડવાને સરળ થઇ પડે તેટલા માટે તીક્ષ્ણ ને તેજવાળી હોય છે. બેઠાની આંખો મોટી, ઘ્હીકણ અને સાવધ હોય છે પરંતુ તે બધની સહેજ નિશાનીથી ચોકી ઉઠે છે.

૪. શરીર—શરીર બંદુકના બૂંગળા જેવું ગોળ, બરદન બહુ દૂબી અને બાયુ અને વાંસો એક સપાટીમાં હોય છે. તેની પૂંછડી દૂબી ને પાતળી છે. જે સાધારણ રીતે ગુચ્છવાળી હોય છે આખી બાડીને કાબુ હોય છે તેના ઉપર આકડા વાળ ઉગેલા હોય છે, તે લાંબા ને દૂબા હોય છે

૫. પગ—પગ દૂબા છે અને પગના તળીયામાં બેઠા બાકડ બે ચીરા પડેલા હોય છે. પગને ચાર આંગળાં હોય છે. આગલા બેને શીંગડા જેવા કાળની બરી હોય છે પાછલા બે નાનાં અને બાલની વખતે જમીનને અડકતા નથી.

પ્રશ્ન—આપણે બરીવાળાં પ્રાણી વિષે શું શીખ્યા ? ઉત્તર—તે સઘળા બોરાક વાગોળે છે. હા, ઘણાખરાં તેમ કરે છે એ બરૂ પરતુ બધે કે કુકડાને બરી છે છતા તે બોરાક વાગોળતુ નથી. તેને માત્ર એકજ હોજરી છે અને તે બોરાકને ગળી જાય છે તે પછેથી ચાવે છે.

૪. ઉપયોગ.

કુંકરનું માંસ બાવાના કામમા આવે છે તે વાત અગાઉ કહેવાઇ ગઇ આમ સિવાય બાકીના શરીરના બાગો પણ ઉપયોગી છે

૧ ચામડી—આ પ્રાણીની ચામડીનો કોઇ વખત જૂતી પાડવામા આવે છે તેના ઉપર રંગ ચડાવી તેનું બોઢાના છત બાંધે ચામડુ બનાવવામા આવે છે.

૨ રૂંવાંટી—આ ઘણી રીતે ઉપયોગી થાય છે. જે વાળ વાસા ઉપર ઊગે છે તે લાંબા અને મજબુત હોવાથી અંગ્રેજ લોકો તેનો ઉપયોગ કરે છે આ વાળના બ્રશ ને બાવરણી બનાવવામાં આવે છે લાંબા વાળ હોય તો તેની વાળવાની સાવરણીઓ તૈયાર કરાય છે દૂબા ને લાંબા વાળનાં દાંત નતબા સૂમડા સાફ કરવાના અને વાળ ઓળવાના બ્રશ બનાવવામાં આવે છે. ઇંગ્લાંડમાં મોચી બોડા સીવવામાં સોયને બદલે આ વાળનો ઉપયોગ કરે છે.

ઉપસંહાર.

(૧). કુકર પોતાના માંસમાટે બાદ કરીને ઉપયોગી છે

(૨). જમીનમાંથી બોદી કાઢીને મૂળિયા ઉપર જીવવાને માટે તેને બનાવ્યુ છે.

(૩). તેનું બાયું બાયુ ને બણીબાણું અને તેનું બોદુ ચૂમળા જેવું છે.

(૪). માંસાહારી તેમજ વાગોળનારાં પ્રાણી બાકડ કુકર પોતાના બોરાક માટે બાદ રીને શોધ કરવાનુ નથી અને તે મળે તે તે બાઇ લે છે

(૫). બાપને બેઠાની બાકડ તેને ચાર દાઢો છે. તે ઉપરાંત ચાર અણીવાળા મોટા દાંત છે.

(૬). નખને બા ચાર હાત દંતૂશળ રૂપે વધી મોટા બહાર નીકળેલા હોય છે.

(૭). કુકરને સાંભળવાની ને જોવાની શક્તિ બહુ સારી હોય છે.

(૮). બેઠાં બાકડ તેના પગ ચીરાવાળા છે, પરંતુ તે બોરાકને વાગોળતું નથી.

તેને માત્ર એકજ હોજરી છે.

(૯) ખોરાક માટે તેના માંસનો ઉપયોગ કરવા ઉપરાંત આપણે તેની ચામડીનાં ચામડાં બનાવીએ છીએ અને તેના વાળનાં ઘણા પ્રકારનાં બ્રશો થાય છે.

गायकवाड सरकारनुं देशी केळवणीखातुं

(इनाम पत्रको.)

(गया भागथी चालु.)

७ કોડીનાર સ. ગુ શા. શેઠ નારાયણદાસ રાયવજીએ ૨–૮–૦ પતાસાં, પેન્સીલો, તથા પથ્થરપેનો વહેંચી. મે. રા. બા. નારાયણરાવ શીવરામ ઓખામંડળ તાલુકાના મુન્સફ સાહેબે ૨–૦–૦ સાકર વહેંચી. શાહ ધર્મસિંહ જેઠાએ ૨–૮–૦ સાકર, પેનો, પેનસીલો વહેંચી. શા રામચંદ મોતીચંદે ૧–૦–૦ સાકર વહેંચી. ૮ કોડીનાર સ. ગુ. કં. શા. મે. રા. સા. નારાયણ શીવરામે ઓખામંડળ મહાલના મુનસફ સાહેબે ૨–૮–૦. પતાસાં વહેંચ્યાં, તથા કન્યાઓને ખુટતી ચીજો આપવા બદલ આપ્યા. ૯ ડારકાં સં. પાઠશાળા બીકાનેર મહારાજના મંદીરના અધિકારી સ્વામીશ્રી શીંદગીરીજીએ ૪–૧૧–૩ પુસ્તકો વહેંચ્યાં. ૧૦ વરવાળા સ. ઉ. શા. મુંબઇવાળા કરસનદાસ હરગોવિંદ ચતુ એમણે ૧–૦–૦ છોકરાઓને દાળીઆ આપ્યા. ૧૧ અમરેલી સ. ગુ. સતીપુર ૫. શા. હકર જગજીવન કલ્યાણે ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૧૨ અમરેલી ભીમાણીપા સ. ફ. ઉ. કં. શા. અમરેલીના મેમણ ઇબ્રાહીમ દાઉદ હીદાયતુલ્લ મોઅમેનીનના અધિપતિ તરફથી ૧–૦–૦ કુરાન શરીફ, સીપારા, તથા ગુજરાતી ચોપડીઓ વહેંચી. ૧૩ આરબવાડા સદર સદર ૯–૬–૦ કુરાનશરીફ, બગદાદી, અરબી, ઉર્દુ એ કાયદા, ગુજરાતી પેહેલી ચોપડીઓ તથા છીંટ વહેંચી. ૧૪ મોટા આંકડીઆ ગુ. ફ. કં. શા. સોની સુંદરજી લાલજી ખંભાળીઆવાળા એમણે. ૧–૮–૦ પતાસાં વહેંચ્યાં. ૧૫ તરકતલાવ ગુ. ફ શા. ગરાશીઆ હીપા હમીરે ૨–૦–૦ સાકર વહેંચી. ૧૬ કેરીયાચાડ ગુ. ફ. શા. પા. કાના માંડણે ૧–૦–૦ સાકર વહેંચી. કુલ ૭૧–૯–૬.

કડી માંત.

૧ પાટણ સ. ગુ. શા. નંબર ૧ સોની મોહોકમચંદ બેહેચરે ૨–૦–૦ પાણી ભરવ્યું. ૨ પાટણ સ. અં. શા. રકોલર તરફથી ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૩ મણુંદ સ. ગુ. શા. રા. બાપાલાલ રણછોડે ૧–૦–૦ સદર. ૪ ચાણસ્મા સ. ગુ. કં. શા. મે. રા. બા. છોટા ભાઇ બાબરભાઇ પાટણ વિભાગના નાયબ સુબા સાહેબે ૧–૦–૦ સદર. પા. શીવાભાઈ લક્ષ્મીચંદે ૧–૦–૦ કપડાં વહેંચ્યાં. ૫ શંખલપુર સ. ગુ. શા. વાડીલાલ લલ્લુભાઇએ પાણી પાવા માટે પરબ મંડાવી. ૬ દેણપ સ. ગુ. શા. ગામ લોક તરફથી ૧–૦–૦. પુસ્તકો ૦–૧૨–૦, સાકર ૬–૪–૦, વહેંચી. ૭ વડનગર સ. ગુ. શા. શેઠ ફતેહચંદ સાંકળચંદે ૧–૮–૦ પતાસાં વહેંચ્યાં. ૮ વડનગર સ. ઉ. શા. વોહોરા સકુરભાઇ સાબીદભાઇએ ૧–૧૪–૦ સીપારા વહેંચ્યા. ૯ ઉઝા સ. નાયટ શા. મેહેતા છોટાલાલ રવિકરણદાસે ૧–૦–૦ ગરીબ સ્થિતિના છોકરાને ભણવા માટે બક્ષિસ તરીકે વહેંચી આપ્યો. ૧૦ હનાવા મ. ગુ. શા. શા. માંડુ છગનલાલે ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં ૧૧ મોટી દાઉ સ. ગુ. શા. શા. કેવળ ગુલાબચંદે

૩-૦-૦ પાળુની પરબ બંધાવી. ૧૨ બગોદરા સ. ગુ. શા આસી. માસ્તર ઉકાજી ગણેશજીએ ૧-૪-૦ સાકર વહેંચી. ૧૩ લાંબણજ સ ગુ શા સદ્‌ગૃહસ્થોએ ૭-૦-૦ કપડાં તથા પતાસા વહેંચ્યા ૧૪ કડી સ. ગુ શા મોતી વીરપુર ગીરધરે ૧-૮-૦ પતાસા વહેંચ્યા. ૧૫ વડુ સ ગુ. શા. શા. અમીચંદ પુરૂષચંદે ૩-૦-૦ પાળુની પરબમાં આપ્યા. ૧૬ વંટાલ સ. ગુ શા. મોતીભાઇ શંભુદાસે ૧-૦-૦ પાળુની પરબમા આપ્યો ૧૭ મહુડી સ. ગુ. શા. ધોડાદા વર્ધીજના મુખીયાજ મહારાજે ૧-૦ ૦ પુસ્તકો વહે ચ્યા ૧૮ લાડોલ સ ગુ. શા પંડ્યા વિઠ્ઠલભાઇ પાનાચંદ તથા શેઠ નંદુભાઇ ૨-૮-૦ પતાસા વહે ચ્યા પા. રામચંદ તળ ચરામે ૧-૦-૦ મદર. ૧૯ કુકરવાડા સ. ગુ શા. પા. તાપીદાસ પરભુદાસે ૧-૦-૦ સદર ૨૦ સણોસરા સ ગુ. શા. પા. રૈયા કેવળે ૧-૦-૦ સદર ૨૧ કમાલ સ. ગુ શા પ્રેમજીભાઇ વૈદ્યનાજીએ ૧૭-૦-૦, ૧૬-૦-૦ પુસ્તકો, ૧-૦-૦ પતાસા વહેંચ્યાં ૨૨ હિંમતનગર સુ શા. સ. મૂળજીભાઇ રણછોડભાઇએ ૨-૦-૦ પાળી પાવા બદલ આપ્યા. ૨૩ હેડુગામ સ ગુ શા. માજ અમરાલીના. પા. હીરાભાઇ કાળીદાસ ૨-૦-૦ પતાસા વહેંચ્યા ૨૪ હેડુગામ સ ગુ શા કં. શા. મોહન માસ્તર નાથરદાસ દયાળને ૧-૦-૦ ૦-૮-૦ પતાસાં, તથા ૦-૮-૦ આંકની ચોપડીઓ વહેંચી. ૨૫ આનરસુબા સ ગુ શા પટી સાકળચંદ ચુલાજીએ ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં ૨૬ મગોડી સ. ગુ શા. શા ઉમરચંદ નંદુભાઇએ પાળી પીવાની પરબ બંધાવી. કુલ ૫૮-૮-૦.

નવસારી પ્રાંત

૧ નવસારી સ ગુ કં શા. આસી માસ્તર ચુનીલાલ મૂળચંદે ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૨ નવસારી સ અ. શા. રા વિષ્ણુ બાળકૃષ્ણ કાવળે એમણે ૩ ૦-૦ પાણી પાવા માટે આપ્યા. ૩ નવસારી સ. ઉર્દુ શા અજુમન ઇસ્લામ તથા મીર પ્યારે આદીમ દરમા યાવા એમણે મળીને ૧-૮-૦ સાકર. ૪ વેજલપોર સ ગુ કં. શા કેસાજ મકનજી ડાહ્યાભાઇ વકીલે ૨-૦-૦, ૧-૦-૦ સાકર, ૧-૦-૦ છીટ વહેંચી ૫ તવડી સ. ગુ શા. શેઠ હોરમ જી દોરાબજીએ ૧-૦-૦ ગરીબ છોકરાઓને બક્ષિસ કર્યા. ૬ ગણદેવી સ ગુ શા ઓધવજી કુંવરજીએ ૧-૦-૦ પતાસા વહેંચ્યાં. ૭ ચોરીસી મ. ગુ શા રા. નારણ ભગાએ ૧-૦-૦ કેળા વહેંચ્યાં. ૮ કોદાર સ. ગુ. શા. શા. છગનલાલ પાર્વતીજીવનદાસે ૧-૦-૦ પતાસા વહેંચ્યા ૯ કોદાર સ. ઉર્દુ શા. છીવા જીવા અનેજ તથા ઇસપ ઇબ્રાહીમે મળીને ૨-૦-૦ પાણી ભરાવ્યુ. ૧૦ ગણદેવી સં ગુ શા શા. દ્વારકાદાસ ગોકળભાઇએ ૧-૧૨-૦ સદર ૧૧ વેગણીયા સ ગુ શા. પટેલ નારણજી કુંવરજીએ પાણીની પરબ બંધાવી. ૧૨ ઝેરવાવડી સ. ગુ શા. મહારા જ નરસીદાસ ગુરૂ રઘુનાથદાસે ૩-૨-૦ પુસ્તકો વહેંચ્યાં. ૧૩ સોનગઢ સ. ધા. વ. ગૃ. ઓ. શા. મે. રા. બા. ઉગરસીભાઇ લીલાધર આસી. એકાઉન્ટન્ટ જનરલ સાહેબ એમણે ૪-૮-૦ લાયસીનું બક્ષિસ આપ્યુ. ૧૪ સોનગઢ સ. ધા. વ ગૃ ઓ કન્યા શા સદર ૨-૮-૦ મદર

કુલ ૨૭-૬-૦.

પુલ એકદર રૂા.૬-૮-૪

Jeyshanker P. Joshi.
દિવાણિકારી વતી.

તૈયાર કનાર દવસુખ
જોશિ કાલીદાસ.

માહે જુન ૧૯૦૩ કરી માંત.

૧ પાટણ સ. ગુ. શાળા નંબર ૧ સોની. મોહોકમચંદ મોહેંચરદાસે ૧-૦-૪ પાણી ભરાવ્યું. ૨ પાટણ સ. ગુ. કન્યાશાળા નંબર ૧ શા. પોપટલાલ વર્ધમાને ૨-૮ ૦ પેંડા વહેંચ્યા. ૩ બાલીસણા સ. ગુ. શાળા શા. પ્રહ્લાદભાઇ દામોદરદાસે ૧-૨-૦ પાણીની પરબમાં ખર્ચ કર્યો. ૪ રણજ સદર ગામ લોકોએ ૩-૮-૦ પતાસાં, પુસ્તકો, છીંટ વહેંચી. ૫ હારીજ સદર રા. સા. અન્ના વિશ્વનાથ હારીજ મહાલકરી સાહેબે ૧-૦-૦ સાકર વહેંચી. ૬ વડાવલી સદર ધારપુરીના તલાટી શંકરલાલ બાપુજીએ પાણી પીવાની ગોઠવણ કરી. ૭ વસાઇ સદર સ્કુલ કમેટીના મેમ્બરોએ ૧-૦-૦ સાકર, પતાસાં વહેંચ્યાં. ૮ વિસનગર સ. ગુ. કન્યા શા. શા. નારણલાલ નરભેરામે ૭-૦-૦. ૪-૦-૦ ચોપડીઓ, ૩-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૯ કડા સ. ગુ. શાળા હવે. બબલ રેવાશંકરે ૧-૦-૦ ચોપડીઓ વહેંચી. સદર સદર જાની પુરસોતમ દેવશંકરે ૧-૦-૦ સદર. ૧૦ સિપોર સદર સદગૃહસ્થોએ ૬-૮-૦. ૫-૮-૦ પુસ્તકો, ૧-૦ ૦ પતાસાં વહેંચ્યાં. ૧૧ ઉંઝા સ. રાત્રી શાળા મેહેતા છોટાલાળ રવિકરણદાસે ૧-૦-૦ ગરીબ છોકરાઓને ભણવાના ઉત્તેજનાર્થે આપ્યો. ૧૨ દેવરાસણ સ. ગુ. શા. ગામ લોકોએ ૨-૦-૦. ૧-૮-૦ પુસ્તકો, ૦-૮-૦ પતાસાં વહેંચ્યાં ૨૩. ખેરવા સદર સ્કુલ કમેટીના મેમ્બરોએ ૩-૮-૦ પતાસાં, પુસ્તકો તથા લુગડાં વહેંચ્યાં. ૧૪ કડી સ. ગુ. કન્યા શા. રા. હીરાલાલ ત્રંબકલાલે ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૧૫ વડુ સ. ગુ. શાળા શા. અમીચંદ પ્રેમચંદે ૩-૦-૦ પાણી ભરાવ્યું. ૧૬ ચાણ સદર પા. મોતી નરોતમે ૧-૦-૦ ખાંડ વહેંચી. પા. ગલાબ આત્મારામે ૧-૦-૦ સાકર વહેંચી. ૧૭ સૂરજ. સદર આસી. માસ્તર સોમનાથ શામળભાઇએ ૧-૦-૦ સાકર વહેંચી. ૧૮ ગોઝારીઆ સદર અમીન ગરબડભાઇ નથુભાઇએ ૧-૦-૦ કેરીઓ વહેંચી. શા. મગનલાલ રણછોડે ૧-૦-૦ સદર. ૧૯ કલોલ સદર શા. શોભારામ મનસુખરામે ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૨૦ ઉનાઉ સદર પંડ્યા. શંકરલાલ નાનાલાલે ૨-૦-૦ પાણીની પરબ મંડાવી. ૨૧ રૂપાલ સદર ગામ લોકોએ ૩-૧૨-૦ ચોપડીઓ, પતાસાં વહેંચ્યાં. ૨૨ છત્રાલ સદર ત્રિવેદી. હરિલાલ હિંમતરામે ૫-૦-૦ પુસ્તકો વહેંચ્યાં. ૨૩ મોટી આદરજ સ. ગુ. શાળા ના. ફોજદાર. ઇમદાદહુસેન હુસેનમીયાએ ૧-૦-૦ ખાંડ વહેંચી. મુખી. મેઘજી ખનાજીએ ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં ૨૪ ટીંટોડા સદર ગાંધી મગન મોતીચંદે ૧૦-૦-૦ પતાસાં, ચોપડીઓ વહેંચી શા. સાંકળચંદ રાયચંદ વગેરે ગામ લોકોએ ૧-૧૨-૦ દાગીનો વહેંચ્યા. ૨૫ પલીયડ સદર મેમ્બરોએ ૧-૪-૦ પુસ્તકો, પતાસાં વેહેંચ્યા.

કુલ ૬૭-૧૪-૦

નવસારી પ્રાંત.

૧ નવસારી સ. ઉર્દુ શાળા અંજુમન ઇસલામ તથા મીરખ્યારે સાહેબે મળીને મળીને ૧-૮-૦ પાણી ભરાવ્યું. ૨ તવડી સ. ગુ. શાળા શેઠ હોરમજજી દોરાબજીએ. ૧-૦-૦ ગરીબ છોકરાઓને ફીસાદ બક્ષીસ કર્યો તથા કેરીઓ વહેંચી. ૩ ધામણ. સદર બાવાજી લાલદાસજી શ્રીગુરૂ પરબુદાસજીએ ૩-૦-૦ કેરીઓ વહેંચી. ૪ વેળાળ સદર રા. સા. ભગવાનજી હરીનંદજી વેળાળા મહાલના વહીવટદાર સાહેબે ૫-૧૧-૦ પુસ્તકો, ગીલાઇ વહેંચી. ૫ કોસંબા સદર સદર ૧-૦-૦ સાકર વહેંચી. ૬ કોસ સ. ઉર્દુ. શાળા

શેઠ અહમદ મહમદ સીદાતેએ ૨-૦-૦ પાણીની પરબ મંડાવી. ૭ કોદરા સ ગુ. શાળા માટના સદ્‌ગૃહસ્થોએ ૧-૦-૦ પતાસાં, ૦-૮-૦ મોપડીઓ, ૦-૮-૦ પેન્સીલો વહેંચી. ૮ મણુદેવી સદર શા. હારકાદાસ માંડાભાઇએ ૧-૧૨-૦ પાણીની પરબ મંડાવી- ૯ મણુદેવી સ. ગુ. કન્યા શા. મે રા. બા. ત્રિવાધિકારી સાહેબે ૧-૨-૦ પતાસાં વહેંચ્યાં. ૧૦ બીલીમોરા સ ગુ શા. શેઠ ત્રીભોવન તાપીદાસે ૨-૦-૦ કેરીઓ તથા આંડ વહેંચી. ૧૧ ખનોરી સદર ગામ લોક તરફથી ૯-૦-૦ પતાસા, ચાપડી વગેરે અર્થે મારૂ આપ્યા ૧૨ મરત સદર પટેલ હરીભાઇ જેગીભાઇએ ૧-૦-૦ આંડ વહેંચી ૧૩ ધમડાળા સદર પટેલ કાળીભાઇ હરીભાઇએ ૨-૦-૦ પતાસા, આંડ વહેંચી. ૧૪ પલસાણા સદર આસી. માસ્તર હરીદત્ત મથારામે ૧-૦-૦ પાણીની પરબ મંડાવી ૧૫ બારા સ. ગુ શા રા. પરમોતમ મોરારે ૧-૦-૦ પતાસા વહેંચ્યા ૧૬ સોનગઢ મ ધા. વ. ગુ શા. મુંબાઇ વાળી શેઠ નારણદાસ મનોહરદાસે ૧૪-૦-૦ ૧૧-૦-૦ લાભગીનુ બદામ આપ્યું તથા ૩-૦-૦ સાકર વહેંચી. ૧૭ સોનગઢ સ. ધા. વ ગુ. કન્યા શા સદર ૬-૦-૦, સદર ૧-૪-૦ ૧૮ સોનગઢ મ. ગુ. શા. મુબાઇના શેઠ હરગોવીંદદાસ નગીનદાસે ૩-૦-૦ સાકર વહેંચી. ૧૯ સોનગઢ મ ગુ. ક શા સુરતના શેઠ ભગવાનદાસ ગોકળદાસે ૧-૪-૦ આંડ વહેંચી. મુબાઇના શેઠ હરગોવીંદદાસ નગીનદાસે ૭-૧૪-૦ સાકર ૨-૪-૦ તથા ૫-૮-૦ ઈંટ વહેંચી. કુલ ૬૫-૧૫-૦

વડોદરા પ્રાંત.

પેટલાદ મ ગુ શા શેઠ. હારકાંદાસ છોટાલાલે ૩-૪-૦ પાણી બનાવ્યું ૨ પેટલાદ સ. ગુ. કન્યાશાળા પરી. ખુબાખીદાસ નારણદાસે ૧-૧૦-૦ સદર ૩ સોજીત્રા મ. ગુ શા. પા. હાથીભાઇ લલ્લુભાઇએ ૨-૦-૦ કેરીઓ વહેંચી. આસી માસ્તર પુરૂશોતમ હરજીવનદાસે ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં ૪ નાર સદર માજી હેડમાસ્તર છગનભાઇ છગનભાઇની વિધવા બાઇ બાઇ રળીઆતે ૨-૦-૦, પુસ્તકો ૧-૦-૦, પતાસા ૧-૦-૦ વહેંચ્યા ૫ નાર મ. ગુ. કન્યા શા. સદ્‌ગૃહસ્થોએ ૪-૦-૦, ઈંટ ૩-૮-૦ તથા પતાસા ૦-૮-૦ વહેંચ્યા ૬ ધર્મજ મ. ગુ. શા તારાપુરના પા. બકોરભાઇ કુલાભાઇએ ૨-૦-૦ પતાસા વહેંચ્યા સોજીત્રાના ગોમાંઇ આશાવત અમરતવને ૨-૦-૦ સદર ૭ ધર્મજ સ ગુ કન્યા શા સદર ૬-૦-૦ પીતળના પ્યાલા ૮૩ તથા પતાસા વહેંચ્યા ૮ બાદરપુ મ ગુ શા. ઘોલાના પા. કાળીદાસ નારણદાસે ૧-૮-૦ પતાસાં વહેંચ્યા. ૯ બાદરપુ સ ગુ કન્યા શા. સદર ૧૬-૦-૦, ૧૫ ૦-૦ પુસ્તકો, ૧-૦-૦ પતાસા વહેંચ્યા. ૧૦ વાલચોડ મ ગુ. શા. કાલાભાઇ હનુભાઇ તથા ગુલાબમ ગ મેઘાએ બગીચે ૧-૦-૦ પતાસા વહેંચ્યા ૧૧ કામર સદર ગામ સુબાવના પા. કુલાભાઇ નરશીભાઇએ ૩-૦-૦ રેવા, પતાસા વહેંચ્યા ગામ તરફથી પા. ધોળી ભાઇ વાઘજીભાઇએ ૧-૨-૦ પુસ્તકો તથા પતાસા વહેંચ્યા ૧૨ ઝાંગા સદર માજી માસ્તર મોતીભાઇ છોટાલાલે ૧-૦-૦ પતાસા વહેંચ્યાં. ૧૩ બાકરપુ સદર માસ્તર ભગવાન ત્રીકમજીએ ૧-૦-૦ આંડ, પતાસાં, કેળાં વહેંચ્યાં. ૧૪ ઝરેળા મ ગુ. શાળા દફ્તર સુનીલાલ મોતીભાઇ ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૧૫ મેરેળાવ સદર ગામ પચાયતના પા. મોતીભાઇ ડાહ્યાભાઇએ ૨-૦-૦ સદર ૧૬ મેરેળાવ મ. ગુ કન્યા શાળા. સદર ૧-૦-૦ સદર ૧૭ મલાવજ મ ગુ. શાળા ગામ લોક તરફથી બ્રહ્મ ભુતાગના મંડીપામાંથી ૪-૪-૦.

૩-૧૨-૦ પુસ્તકો, ૦-૮-૦ પતાસાં વહેંચ્યાં. ૧૮ બાકરોળ સદર બાંધણીના પા. કાળીદાસ દ્વારકાંદાસે ૩-૦-૦ પાણીની પરબ મંડાવી. ૧૯ બામણગામ સદર પા. મનોર કાળીદાસે ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૨૦ મોગરી સદર પા. મુળજીભાઇ કુંગરભાઇએ ૧-૦-૦ સદર. ૨૧ સીસ્વા સદર સદ્‌ગૃહસ્થોએ ૮-૦-૦ છોકરાઓને ભણાવ્યા. ૨૨ વસો સ. ગુ. કન્યા શાળા ૨૯ સા. ડાહ્યાભાઇ લલ્લુભાઇ પુરોહીત એમણે ૩-૦-૦ ઉપલા ધોરણની કન્યાઓને બક્ષીસ આપ્યા. ૨૩ વસો સ. ઉર્દુ શાળા મોમીન રહેમાનભાઈ પીરભાઇએ ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૨૪ વસો સ. અંત્યજ શા. શેઠ. લલ્લુભાઇ ડોસાભાઇ તથા ઢેડના પંચ તરફથી ૧-૮-૦ સદર. ૨૫ પીઝ સ. ગુ. કન્યા. શા. રા. મણીલ લ ગણપતરામે ૧-૦-૦ સદર. ૨૬ પલાણા સ. ગુ. શાળા ગામ આણંદના પા. કેશરભાઈ ગરબડભાઇએ ૧-૦-૦ સદર. ૨૭ પીપળા સદર. કીનખીલોડ થાણાના નાયબ ફોજદાર ભાઉશાએ ૧-૦-૦ કેરીઓ વહેંચી. ૨૮ ભૂરાકોઇ સદર પા. લલ્લુભાઇ ગોવીંદભાઇએ ૨-૦-૦ પાણી ભરાવ્યું. ૨૯ ડેમોલ સદર સદ્‌ગૃહસ્થોએ ૪-૦-૦ સદર. ૩૦ કિનખલોડ સદર વાલવોડના પા. ચતુરભાઇ વાયજીભાઇએ ૨-૦-૦ પુસ્તકો વહેંચ્યાં. પા. વાલાભાઈ વરજભાઇએ લાડુનું જમણ આપ્યું. ૩૧ કાવીઠા સદર પા. પરભુદાસ ગંગાદાસે ૧-૦-૦ પાણીની પરબ મંડાવી. ૩૨ વટાદરા સદર શા. ડાહ્યા વનમાળીનાં વિધવા સ્ત્રી મોંઘી એમણે ૧-૦-૦ કેરીઓ વહેંચી. ૩૩ સાવલી સદર. માણેકલાલ પુરશોતમે ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. અમૃતલાલ ગોરધનદાસે ૧-૮-૦ પાણી પાવાના કુંડમાં આપ્યા. ૩૪ ગોહડા સદર ગામ લોકોએ ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૩૫ કુ ડાવના રહીશ શેઠ હીરાલાલ પુરશોતમદાસે ૫-૦-૦ પુસ્તકો વહેંચ્યાં. ૩૬ આસોજ સદર રા. રામચંદ ગંગાધર તથા પટેલ જેરભાઇ દેસાઇએ ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૩૭ વલણ સદર પા. મહમદ આદમસાએ ૧-૦-૦ ખાંડ વહેંચી. ૩૮ કુરાઇ સદર મેમ્બરોએ ૧-૦-૦ સાકર વહેંચી. ૩૯ બરકાલ સદર મણીશંકર કાશીરામે ૨-૦-૦ પાણીની પરબ મંડાવી. ૪૦ તેન સદર ગામ લોકોએ ૨-૦-૦. પુસ્તકો ૧-૮-૦, પતાસાં ૦-૮-૦ વહેંચ્યાં. ૪૧ મોગા કરાળા સદર ગામ નડીઆદના રહીશ પા. ભીખાભાઇ લક્ષ્મીદાસે. ૫-૦-૦ પતાસાં, છીટ, રૂમાલ એ પ્રા. વહેંચ્યું. ૪૨ પાદરા સદર શા. મોહનલાલ નાનાભાઇ એમણે ૨-૮-૦ પાણી પીવાની પરબ મંડાવી. ૪૩ પાદરા સ. ગુ. કન્યાશાળા મે. લેડી સુ. સાહેબે ૨-૦-૦ કન્યાઓને રૂમાલ વહેંચ્યા. ૪૪ નવાસદ સ. ગુ. શા. ગામલોકોએ ૩ ૦-૦ પુસ્તકો, પતાસાં વહેંચ્યાં. ૪૫ સરસવણી સદર મોજે ધાયજના પટેલ નાથાભાઇ રણછોડભાઇએ ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૪૬ ચાણસદ સ. ગુ. શાળા પા. જેસંગ રણછોડભાઇએ ૧-૦ ૦ પતાસાં વહેંચ્યાં. પા. હરીભાઇ ગોપાળે ૧-૦-૦ સદર. ૪૭ જલાલપુર સદર ગામલોકોએ ૩-૦-૦ પુસ્તકો વહેંચ્યાં. ૪૮ રણું સદર પંડ્યા વિશ્વનાથ માધવરામે ૨-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૪૯ છાણી સદર મોતીભાઇ મનોરભાઇએ ૧-૮-૦ કેરીઓ વહેંચી. છોટાલાલ કાળીદાસે ૧-૮-૦ સદર. અમીન નારણભાઈ ભાઇભાઇએ ૩-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૫૦ કોયલી સદર. પા. લલ્લુભાઈ ગોકળદાસે ૨-૦-૦ બરફી વહેંચી. ૫૧ વરણામા સદર તપાસણી કામદાર સાહેબે ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૫૨ ગોર સદર શા. જેઠાલાલ ખીમચંદે ૧-૦-૦ કેરીઓ વહેંચી ૫૩ ચુવાડી સદર પા. લલ્લુભાઈ નારણદાસે ૧-૮-૦ પતાસાં વહેંચ્યાં. (અપૂર્ણ)

ગાયકવાડ સરકારનું દેશી કેળવણી ખાતું

(વટહુકમો.)

વટહુકમ નંબર ૪

રાત્રીશાળાના મેહેતાજીને ફેન્યુઅલ રજા આપવા બાબત.

શાળાના શિક્ષકોને કસરત શિક્ષક તથા રાત્રીશાળાના મેહેતાજીનું કામ સોપવામા આવે છે તે શિક્ષકોને ફેન્યુઅલ રજા બન્ને ફેકલ્ટીની એકજ વખતે આપવા વટહુકમ નંબર ૨૮ તા. ૫-૨-૯૭ નો કરવામા આવ્યો છે પરંતુ એ પ્રમાણે થવાથી તેઓને નુકશાન થાય છે કેમકે રાત્રીશાળાના મેહેતાજીને દિવસની નોકરીની રજાની જરૂર હોય ને ગામી શાળામા તેને કામ કરવા અડચણ ન હોય તો પછી તેને દિવસની રજા પ્રમાણે રાત્રીશાળાની પણ રજા મણાવવી એ ઉચિત નથી, સબબ વટહુકમ નં ૨૮ તા. ૫-૨-૯૭ નો રાત્રીશાળા પૂરતો રદ કરી વટહુકમ કરવામા આવે છે કે રાત્રીશાળાના મેહેતાજીની તે શાળાની ફેન્યુઅલ રજાનો સબંધ દિવસની શાળાની નોકરીની ફેન્યુઅલ રજા સાથે ન રાખતા એ બન્ને ફેકલ્ટીની તેમને જુદી જુદી ફેન્યુઅલ રજા આપવી. તા. ૧૨ સપ્ટેમ્બર સન ૧૯૦૩

દસ્તુખ. ફ. ફ. ઝ

Chhaganlal T Modi,
એ. વિદ્યાધિકારી.

વટહુકમ નંબર ૬

સંસ્કૃત શીખનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા બાબત કેટલા વર્ષ સુધી ચાલવો.

જે શાળાઓમાં પાચમા અને તે ઉપરાતના ધોરણોમાં સંસ્કૃતનો વિષય ઐચ્છિક તરીકે ચાલતો હોય, તેમા તે વિષય સાથે પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવા ખાતર ત્રિમાસિક તથા વાર્ષિક પરીક્ષા વખતે નીચે પ્રમાણે તજવીજ રાખવાનો વહિવટ રાખવો.

પાકનો અનુક્રમ સંસ્કૃતમા મળેલા દોકડા (ગુણ) ઉમેરી નહી કરવા બાબત

સંસ્કૃત વિષયમાં મળેલા દોકડા (ગુણ) બીજા વિષયોમા મળેલા દોકડા (ગુણ) માં ઉમેરી કુલ કર્યા બાદ સઘળા વિદ્યાર્થીઓનો પસાર થવાનો અનુક્રમ નક્કી કરવો અને વાર્ષિક પરીક્ષામા પસાર થયા બાદ ઇનામ એ અનુક્રમે આપવાનું થતુ

ઇનામ આપવામા સંસ્કૃતમાં પસાર થનારને પહેલી પસંદગી આપવી

ઇનામ આપવામા પણ એકદર વિદ્યાર્થીઓ પૈકી સંસ્કૃતમાં પૂરી પરીક્ષા આપી તેમાં પસાર થનાર વિદ્યાર્થીઓને પહેલી પસંદગી આપવી. આના વિદ્યાર્થીઓને અભાવે બીજા વિદ્યાર્થીઓને ઇનામ આપવા માટે પાત્ર ગણવા.

ઐચ્છિક વિષય હોવાથી સંસ્કૃતમાં ઉત્તમ દોકડા મેળવનાર વિદ્યાર્થી અધિકારીને ખાસ ઇનામને પાત્ર જણાય તો તેને તે પ્રમાણે ઇનામ આપવા આથી પ્રતિબંધ નથી.

ખાસ ઇનામ આપવા પ્રતિબંધ નથી.

જે શાળાઓમાં સંસ્કૃત ચાલતું હોય તે શાળાના મુખ્ય શિક્ષકોએ આ પ્રમાણે ઠરેલા ધોરણની વિદ્યાર્થીઓને માહિતી આપવી.

ઉપર પ્રમાણે લાગતા વળગતાઓ તરફથી તજવીજ થવી. તા. ૨૨ સપ્ટેમ્બર ૧૯૦૩

દલસુખ. J. P. J. Chhaganlal T. Modi.
એ. વિદ્યાધિકારી.

વટહુકમ નંબર ૮.

કયી કયી જાતની અરજીઓ કેટલી કિમ્મતના સ્ટાંપ કાગળ ઉપર કરવી અને કયી જાતની અરજીઓ સ્ટાંપ વગરના કાગળ ઉપર કરવી તે સંબંધમાં વટહુકમનં. ૧ તા. ૧૭-૮-૦૩નો પ્રસિદ્ધ કરવામાં આવેલો છે. આ ખાતામાં અમુક પ્રકારની અરજીઓ સ્ટાંપ કાગળ ઉપર નહીં કરવા સંબંધે ટિપ્પણ નં ૧૫ તા. ૧૫-૮-૦૩ નું કરવામાં આવેલું તે લગત નામદાર દિવાન સાહેબની હુજુરથી તા. ૮-૯-૦૩ ના શેરાથી નીચેના પ્રકારની અરજીઓ ઉપર સ્ટાંપનો આક્ષેપ ન લેવા હુકમ થયો છે.

આ ખાતા માટે કયી અરજીઓ ઉપર સ્ટાંપનો આક્ષેપ લેવો નહીં

૧ ગ્રંથકારને ઉત્તેજન મળવા બાબતની.
૨ કોઇ અંગ્રેજી કે સંસ્કૃત વગેરે પુસ્તકનું ભાષાન્તર દેશી ભાષામાં કરવા અને તે બદલ પારિતોષિક મળવા બાબતની
૩ શાળાઓમાં મારી તરીકે ભણવા બાબતની.
૪ ગરીબાઇ વગેરેના કારણથી આગળ અભ્યાસ કરવા સારૂ શિષ્યવૃત્તિની માગણી બાબતની.
૫ શ્રાવણ માસ દક્ષિણાની પરીક્ષા આપવા વગેરે બાબતની.
૬ કૃષિશાળા, કલાભવન, ઉદ્યોગ શાળા અને ગાયન શાળા વગેરે સંસ્થામાં દાખલ કરવા બદલની વિદ્યાર્થીઓની અરજીઓ.
૭ પરીક્ષા પસાર કર્યાનું સરટિફિકેટ મળવા બાબતની.

ઉપરની અરજીઓ ઉપર સ્ટાંપનો આક્ષેપ નહીં લેવા આ ખાતા માટે હુકમ થયેલો છે માટે જેમણે તેમણે એ પ્રમાણે અમલ કરવો

તા. ૨૩ સપ્ટેમ્બર ૧૯૦૩

દલસુખ. J. P. J. Chhaganlal T. Modi.
એ. વિદ્યાધિકારી.

વટહુકમ નંબર ૯.

વટહુકમ નંબર ૬૨ તા. ૧૧-૬ ૯૯ માં જણાવેલી શાળાઓ સિવાયની કેટલીક શાળાઓનાં સરકાર તરફથી અગર ગામ મંદિરો અંધારાં મકાનોની અપરા ચણાઈ તથા સફેદકામ દુરસ્તી બદલ અર્થે મુદ્દલી ખાતાના પબ્લિક વર્કસના નિયમની ક. ૬૬ ને અનુસરી કરવાને હોવાથી તેનો બે વર્ષ અનુભવ જોવાથી તે પ્રમાણે અર્થ માટે રકમ પૂરી ન પડી શકવાથી જે તે ઠેકાણા માટે વધારે તે પ્રમાણે એ બદલ અર્થ મંજુર થવા રા. બા. વડોદરા અને કડી પ્રાંતના એક્ઝીકયુટીવ ઇન્જીનીયર સાહેબો તરફથી લખાઇ આવ્યા કુપરથી તે બદલ ટીપણ નં. ૧૫૦ તા. ૨૦-૪-૦૩ નું કરવામાં આવેલું તે જગત નામદાર દિવાન સાહેબની હજુરથી સા. બા ખા નં. ૧૦ તા. ૪-૮-૦૩થી નીચે જણાવેલી શાળા માટે તેની સામે જણાવ્યા પ્રમાણેની રકમ મકાનની ચણાઈ તથા સફેદકામ દુરસ્તી બદલ મંજુર થઇ છે

અનુક્રમાંક.	મહાલનું નામ.	શાળાનું નામ.	નિમનોકરી રકમ કલદાર	રિમાર્ક
૧	પેટલાદ	વલસણ સ. ગ્રા. શાળા.	૩૨-૦-૦	
૨	,,	અંબાવી ,,	૨૦-૦-૦	
૩	સાવલી.	ખનેજ ,,	૨૪-૦-૦	
૪	પાટણ	અણાર ,,	૧૨-૦-૦	
૫	,,	સરીયેાદ ,,	૧૧-૦-૦	
૬	,,	જગરાજ ,,	૧૮-૦-૦	
૭	,,	કુણુધેર ,,	૧૬-૦-૦	
૮	વડાવલી.	વડાવલી ,,	૧૨-૦-૦	
૯	,,	વમધ ,,	૧૨-૦-૦	
૧૦	કલોલ.	સાનેજ ,,	૧૨-૦-૦	
		કુલ.	૧૭૨-૦-૦	

ઉપર પ્રમાણે નિમનોકરા મંજુર થઈ છે એટલે પ્રત્યેક સાલે તેટલી રકમ સુપી જે તે શાળા માટે ખરચ થવાનો છે. સબબ વટહુકમ નંબર ૨૯ તા. ૨૮-૪-૦૦ તથા વટહુકમ નં. ૩૦ તા. ૨૩-૫-૦૦ માં જણાવ્યા મુજબ કામ કરાવવા જેમણે તેમણે તજવીજ કરવી. તા. ૨૩ સપ્ટેંબર ૧૯૦૩.

દસ્તુખ. J. P. J. Chhaganlal T Modi,
એ. વિદ્યાધિકારી.

શ્રી.

વટહુકમ નમ્બર ૨૧.

દફતરની વ્યવસ્થા કરવા સંબંધી નવીન નિયમ હુજુર મુલ્કી ખાતેથી પ્રસિધ્ધ થઇ તે નિયમની એક એક પ્રત દરેક શાળા તરફ તે ખાતા તરફથી મોકલાઇ ગઇ છે. કુદરતી કારણસર તે નિયમ પ્રમાણે બીજો હુકમ થતા સુધી અમલ નહીં કરવા વટહુકમ ન. ૨૮ તા ૨૯-૬-૦૩ નો કરવામા આવેલો છે. એમા કેટલોક સુધારો થવા સંબંધે રા. સા. જનરલ દિવાઁ ઇન્સ્પેક્ટર સાહેબ સાથે ફરમાં વાટાઘાટ થઇ નક્કી થયેલી બાબત માટે તેમના તરફ લખવામાં આવી ગયેલું છે તે મુજબ જેમના તેમના તરફ તેઓ તરફથી જણાવવામા આવશે. માટે આ વટહુકમ પહોંચેથી દરેક શાળાના મુખ્ય શિક્ષકોએ નવીન નિયમ પ્રમાણે દફતરની વ્યવસ્થા કરવી તા. ૩ ઓક્ટોબર ૧૯૦૩

દફતરની વ્યવસ્થા કરવા સંબંધી નવા નિયમ પ્રમાણે દફતરની વ્યવસ્થા કરવા બાબત

Chhaganlal T. Modi
એ વિદ્યાધિકારી

દસ્તુખ.

શ્રી.

જાહેરાત.

નડિયાદના દેશાઇ ગોકળભાઇ ડાહ્યાભાઇએ બાદરણ મ મુ. કન્યાશાળામાં રૂ. ૨૫) ના બાજનુ સૈ. દીવાળીબાઇ દીપાબાઇ એ નામનુ દર વર્ષે અનસ્તિવધુમાં પહેલે નંબરે પાસ થનાર કન્યાને ઇનામ આપવા માટે રૂ ૨૫) ઉપરાંત આપેલા તે રકમ બાદરણના પટેલ નીકમભાઇને ત્યા બાજે મોકલી છે આ તેમની હકારતા માટે તેમને ધન્યવાદ ઘટે છે. તારીખ ૧૫ માર્ચે ઓક્ટોબર સને ૧૯૦૩.

Chhaganlal T. Modi
એ. વિ[illegible]

દસ્તુખ.

કેળવણી.

દોધકવૃત્ત.

અર્થ મલે બહોં ધર્મ સધાયે, જ્ઞાન મલે સનમાન પમાયે;
શાંતિ વધે પસરે જગ સારો, એ શિક્ષણનિ ધર્મ અમારો.

પુસ્તક ૧૬ મું. માગશીર્ષ સંવત્ ૧૯૬૦ અંક ૨ જો.

દર્શન.

ગુજરાતી વાચનમાળાની સુધારણા—આ કામ માટે ઉતર વિભાગના એ. ઇ. ઇન્સ્પેક્ટરની દેખરેખ નીચે રા. મા. વલીપતરામ મોતીરામ આદિ આઠસંગ્રહની યોજના થયેલી આજ્ઞાવાળા આવી છે તેથી આ કામ ઉતમ રીતે પાર પડેલુ જોવાની આપણે આશા રાખીયું. પ્રથમના કવિક પુસ્તકો લખનાર વિદ્વાનોએ જે ક્રમ ધ્યાનમાં લઈને પુસ્તકો લખ્યાં છે તે ક્રમ આ વખત નવિ છોડી દેતા હાલની જરૂરિયાતને અનુસરતી રચના કરવામા આવે તેવા તે સિવાય બીજો ઉપયોગી થાય એમા તો સશય નથી. આવાં પુસ્તકોની રચનામા બાળ અને વિષય બન્ને ઉપર ધ્યાન આપવાનું રહે છે કવિક પુસ્તકોમાં પણ પાઠ્યાથી ને સ્વયં ત્યાગ આપ કરવો પડે એ કીક લાગતું નથી. પુસ્તકમાં અમુક વિષય દાખલ કર્યા પછી સમજવામાં આવે કે આ વિષય તો તે ઘોરણના છોકરાંની બુદ્ધિ ઉપરાંતનો છે, અથવા બીજા કોઈ કારણથી તેમને શીખવવાની અગત્ય નથી લેખો પડતો મુકવો, તે કરવા પ્રથમથીજ આ વખતના બાળકોની ઉમર, તેમની બુદ્ધિનો વિકાસ, અને તેમની ભાવિ જીંદગીની જરૂરિયાત વગેરે ઉપર લક્ષ આપી રચના કરવામા આવે તો તેવો કેમાર કરવો પડે નહિ.

આપણ વિષે પણ આ વખત પાછી કાળજી રાખની પડશે ગુજરાતી ભાષાની જોડણી સુધારવા કરવા ઘણી વાર પ્રયત્ન કર્યા પછી પણ હજી નિર્ણય પ્રસિદ્ધ થયો નથી, એમ છતા વાચનમાળામાં જે જોડણી લખવામાં આવશે તેજ ભોડે આપે પ્રમાણભૂત ગણવાની. હાલની વાચનમાળામાં એ મુજબ ઘણા વિકલ્પ આવે છે. બનતા સુધી કવિક પુસ્તકોમાંથી-અને તેજ ધોરણને અનુસરીને હાળાખાતાનાં પુસ્તકોમાંથી પણ-જોવા વિકલ્પ દુર કરવા જોઈએ. અમુક જોડણી ખરી છે કે ખોટી છે એમ કહેવાનો અમારો આશય નથી, પણ હાલના

ચોગ્યકો જે જોડણી યોગ્ય ગણે તે પણ સર્વત્ર એક સરખી હોવી જોઇએ.

વાચનમાળાની કવિતાઓ સંબંધે પણ આ વખત વિચાર કરવો ઘટે છે. જે કવિતાઓ છે તેમાંથી કયી કયી કરવી અને કયી નવી દાખલ કરવી એ વિષે અમારે હાલ કાંઈ કહેવાનું નથી; માત્ર જે કવિતાઓ દાખલ કરવામાં આવે તેમાં જો કોઈ નવીન રચના હોય તો તે સારી રીતે તપાસીને દાખલ કરવી જોઇએ. કવિતામાં એકલું અર્થનું મહાત્મ્યજ પ્રીતિ ઉપજાવનાર હોતું નથી, પણ પ્રસાદાદિ બીજા ગુણોની પણ આવશ્યકતા છે. તેમજ 'ભારત ભૂમિ' શબ્દને 'ભારતભૂમિ' કરી નાંખવો પડે એવું કાવ્યકૌશલ નવીન જમાનો ભાગ્યેજ પસંદ કરશે, એ પણ ધ્યાનમાં રાખવાનું છે. વાચનમાળાની સુધારણા અર્થે જે વાંધાધાટ થવી જોઇએ તે અમારા જાણવા પ્રમાણે થઇ ગયેલી છે એટલે તે સંબંધમાં હમણા વિશેષ કહેવાની અગત્ય અમે જોતા નથી. માત્ર ચોગ્યકો યશોભાગી થાઓ એજ અમારી વાંચ્છના છે.

શિક્ષકસમાજ.

સોજીત્રા શિક્ષકસમાજ—આ સમાજના સંબંધમાં અમને અવિસ્તર હકીકત એક પ્રેક્ષક મિત્રે લખી મોકલી છે, પણ તે લાંબી હોવાથી અહીં તેનો સાર માત્ર પ્રકટ કરવો પડયો છે. ગયા ઓક્ટોબર માસમાં તે ભરાયો હતો અને મુખ્યત્વે કરીને ધર્મનું શિક્ષણ, નિશાળ બહાર છોકરાઓને લેઈ જઈ આપવાનું શિક્ષણ, અને ગામડાંની શાળાઓમાં પડતી અડચણો આ ત્રણ વિષયો ચર્ચાયા હતા. આ ત્રણે વિષયો મહત્વના છે. પ્રેક્ષક જણાવે છે કે એમાંના પહેલા બેનું શિક્ષણ સોજીત્રા શાળામાં અપાયછે. નિશાળના એક ઓરડાને પ્રાર્થના મંદિર કરાવી તેમાં શાળાના પ્રથમના તથા પછીના વખતમાં વિદ્યાર્થીઓને એકઠા કરી ઇશ્વરસ્તવન અને નીતિનો ઉપદેશ કરવામાં આવે છે. આ પદ્ધતિ બીજી શાળાઓએ પણ અનુકરણ કરવા જેવી છે. પ્રેક્ષક વાજબી રીતે જણાવે છે કે કોઈ કામની અડચણો તેને અમલમાં મૂકવા સિવાય જણાતી નથી. આપણી શાળાઓમાં ધર્મનું શિક્ષણ આપતાં શી શી અડચણો આવે છે તે અમલ કરી જોયા પછીજ જણાય. પ્રેક્ષકના જણાવવા પ્રમાણે સોજીત્રા શાળાના કમ્પાઉન્ડમાં એક જવાળામુખીનો નમુનો કર્યો છે તથા વિદ્યાર્થીઓએ બાગના નાના નાના કયારા બનાવ્યા છે. ઉપલા ધોરણના છોકરાઓએ બાગમાં ઘરો વગેરેના સંસ્થિનથી ભૂમિતિનાં આકારો ને નકશા વગેરે આકૃતિઓની રચના કરી છે. નિશાળના કમ્પાઉન્ડમાં આવા દેખાવ પ્રેક્ષકને આનંદજનક લાગે એમાં નવાઇ નથી; કિન્ડરગાર્ટન અથવા બાલવાટિકા સંબંધે થતું કાર્ય માત્ર દર્શન પૂરતું ન હોવું જોઇએ એમ અમે ઇચ્છીએ છીએ. એમ છતાં પણ પણ શું શું થવાની જરૂર છે તે આવા સમાજાદિ પ્રસંગે બીજાઓને બતાવી આપવાનો શ્રમ લેવા માટે સોજીત્રા શાળાને ધન્યવાદ ઘટે છે.

મેડા આદરજ શિક્ષક સમાજ—એ પણ ઓક્ટોબરમાં ભરાયો હતો. ઇશ્વરસ્તવન અને શ્રીમંતગુણપ્રશંસાદિ થયા પછી નિશાળમાં છોકરાઓની હાજરી સારી રાખવા સંબંધી નિબંધ વંચાયો હતો. નાનાં છોકરાંને આંક કેમ શીખવવા તે સંબંધે ૨૪૭નો ગડિયો શીખવી બતાવ્યો હતો તથા છોકરાઓએ 'પાટણી કુંવર' નું સંભાષણ કર્યું હતું.

તીડને લગતી કેટલીક હકીકત—આપણ સાલનો પાક તૈયાર થયા પછી ગુજરાતના ઘણા ભાગમાં તીડોએ મોટું નુકસાન કર્યું છે. આ તીડોનો નાશ કરવાના ઉપાયો સંબંધી કેટલીક હકીકત હિંદી સંગ્રહસ્થાનની પ્રાણીવિદ્યાને લગતી શાખાના હાલના સુપરિન્ટેન્ડન્ટ મી ઈ. પી. સ્ટેબિંગે તૈયાર કરી છે, જેમાંથી થોડોક ભાગ અહીં આપીએ છીએ, જે આપણી ખેતીવાડી લાગતા વિદ્યાર્થીઓને અગત્યનો થઈ પડશે. તીડોની ઘણીક જાતોમાંથી એકજ જાત હિંદુસ્તાનમાં આવેલ પડે છે તે પશ્ચિમ હિંદુસ્તાનના રેતાળ ભાગોમાં જોવામાં આવે છે. તેમનું બારણું જન્મસ્થાન સુલેમાન પર્વત, બલુચીસ્તાન, દક્ષિણ અફઘાનીસ્તાન અને ઈરાનનાં રેતાળ જંગલો તરફ છે.

તેઓ વનસ્પતિનો કેવો નાશ કરે છે તે તો સહુ જાણે છે. તેઓ બે રીતે બગાડ કરે છે. (૧) જહાજથી ઉડતા આવી ખેતરોનો નાશ કરે છે (૨) પ્રથમ આવી ગયેલા તીડના ઈંડાંમાંથી ઉત્પન્ન થયેલાં તીડો પાછો આવતા સુધી પગે ચાલીને વનસ્પતિને આડે આવે છે. સને ૧૮૯૧ માં કોહાટ અને હિંગનઘાટ જીલ્લાઓમાં એવોજ નાશ તેમણે કર્યો હતો. તેઓ તમામ લીલી વનસ્પતિ આડે કરી નાંખે છે એટલુંજ નહિ, પણ વખતે ગટરો, કૂવા, વાવો, બંગલે પૂરી નાંખે છે, ઘરોમાં ઉતરી પડે છે અને બજારોમાં ભરાઈ જાય છે. તેમના મડદાંમાંથી ઉત્પન્ન થતા બદબો વાસને લીધે રોગ પણ ફાટી નીકળે છે.

એ તીડોનો નાશ કરવાના ઘણા ઉપાય છે તેમના ઈંડાનો અથવા પાખ આવ્યા પહેલા તેઓ થોડા મારવાની સ્થિતિમાં હોય તે વખતે તેમનો નાશ કરવાનો દરેક પ્રયત્ન કરવો જોઇએ. (૧) જો ઈંડાં હોય તો તેમને જમીનમાંથી ખોદી કાઢી તેમનો નાશ કરવો અથવા હળ ફેરવી જમીનમાં ઉંડા દાટી દેવા. (૨) જો થોડા મારવાની સ્થિતિમાં આવ્યા હોય તો તેમનો બુધ્ધીથી નાશ કરવો, અથવા બની શકે એમ હોય તો ઘાસ પાથરી તેમને સળગાવી દેવાં, અથવા ક્રિયોસોટ (creosote) અથવા Huile lourde નામનું તેલ તેમાં રોડ ગણ્યુ પાણી ભેળવીને છાંટવું. (૩) તેઓ હારોમાં ગોઠવાઈને આવતા આડે તેમના આગળની આગળ એક બે ફૂટ ખોદતી ઉંડી ક્યારી બાંધવી અને તેમાં તીડોને પડતા દેઈ ઉપર માટી નાખી દેવી. (૪) આગળ વેગ વધ્યા તીડો ભરાયા હોય ત્યાં તેમને આગળ નાખવાનો યત્ન કરવો.

પાખવાળાં તીડ આવતાં અટકાવ તો દોરડા, કેરોસીન તેલના ખાલી ડબા, ચટણે જે બળી આવે તેનો ગોર કરી મૂકવો. આગનો ધુમાડો અને ઉડતા ચાબડાથી પણ તેઓ પોતાની દિશા બદલી નાખે છે તરતની પાખ આવેલા તીડો ખેતરમાં પડ્યા હોય તો લાબા ખાડી કોયળા કે ચાસોની હોળીઓ કરી તેમાં તીડો ભરાઈ જાય એમ કાપણી ખેતરમાં દોરવું અને તેમાં જે બગાડ બાય તેને પૂરાં કરવાં.

તીડોની સામે સખ્ત ચલાવવા માટે દરેક જીલ્લામાં નીચેની વિગતો પૂરી પાડનારાં રજીસ્ટરો તૈયાર રાખવાં જોઇએ

૧. તીડોનાં ટોળાં દેખવાની તારીખો.
૨. ઈંડા મેલવા જવાની તે તારીખો.
૩. ઈંડાં સેવાઈને બહાર નીકળવાની તારીખો
૪. અમુક સ્થળે પાંખવાળી હાલતનાં આવતાં કેટલી મુદત પછાર થઈ.

૫. જીલ્લામાં તીડોનાં ઈંડાં મેલવાનો ભાગ બતાવનારો નકશો.

૬. તીડો કયી દિશાએથી અમુક સ્થળે આવે છે અને કયી દિશાએ પાછાં ફરે છે તેની નોંધ.

૭. તીડોનાં ટોળાંની સંખ્યાનો સુમાર.

૮. જીલ્લામાં દાખલ થતી વખતે તેઓ તંદુરસ્ત કે માંદાં જણાતાં હતાં? અને બીજી કોઇ જાતના જીવડા અથવા પક્ષીઓએ તે ઉપર હુમલો કર્યો હોય તેની વીગત.

૯. કયી જાતનો પાક તેઓએ ખાધો અને કેટલું નુકસાન કર્યું?

આ વિગતો બેાડાંક વર્ષ સુધી ભેગી થયા પછી પ્રાણીવિદ્યા જાણનાર વિદ્વાનો ભવિષ્ય માટે ઉપયોગી શોધખોળ ચલાવી શકે.

शिशुसद्बोध.

સવૈયા એકત્રીશા.

હે પ્રિય બાળક સત્ શિક્ષા આ, શ્રવણ કરીને નિત્ય વિચાર,
અતિ ગુણવંતો થાવા કર તું, નિજ મનમાં વિદ્યા વિસ્તાર;
યોગ્ય હુકમ સૌ માતપિતાના, કર તું સ્નેહે અંગીકાર,
છે ઘર એક નિશાળ જગતમાં, એથી તું સમજીશ પ્રચાર. ૧

જો ઘરમાં દુરગુણ બળ લાગે, તો કરવો કુળવાન પ્રસંગ,
કુળવંતાનાં બાળક જોડે, હરવું ફરવું એકજ રંગ,
પરાઈ વસ્તુ કદી ન હરવી, નહીં બોલવા બોટા બોલ;
સાચ રમતથી સદા રાખવો, આ જગમાં જન્મી નિજ તોલ. ૨

માતપિતાની સામે કદિયે, રીસ કરી કરવો નહિ ક્લેશ,
સારાં કપડાં અંગ સજીને, જવું નિશાળે બાત! હમેશ;
ક્રમવું જમવું રીત પ્રમાણે, વળી રાખવો સાદો વેષ;
પરસ્પ થે લડતાં લજવાવું, નહીં રાખનો મનમાં દ્વેષ. ૩

જશો ન કદિયે ઠામ કુઠામે, જશો ન કોઇ અજાણ્યા સાથ,
નહિ કરશો કંઇ આળ કોઇની, લાંડો ન બળિયા સાથે બાથ,
પ્રભુ પ્રત્યે વિશ્વાસ રાખીને, કરવું નિત્ય પોતાનું કામ,
વિદ્યાવ્યાસ કરીને જગમાં, સદા રાખવું નિર્મળ નામ. ૪

મોતીચંદ હીરજી ઠક્કર, આટકોટ.

सरकारी शाळाओमां धर्मनुं शिक्षण शी रीते आपी शकाय ?

આજ કાલ જ્યારે ધર્મશિક્ષણ આપવાની ચર્ચા ચોતરફ ચાલી રહી છે, અને સઘળી પ્રજાઓના ધર્મની લાગણી ન દુખાય તથા સઘળા છોકરાઓને પોતપોતાના ધર્મનું જ્ઞાન મળે અથવા તેમ નહિ તો સામાન્ય ધર્મનું જ્ઞાન મળે તો પણ ઠીક, એમ બુદ્ધિમાન પુરુષો ઇચ્છવા લાગ્યા છે, તે વખતે આપણે પણ એ સંબંધી કાંઈક વિચાર કરીશું તો તે કવખતનો નહિ ગણાશે. સદ્‌ગુણને સદ્‌ગુણને માટેજ સહાયક જોઇએ એ તો સર્વોત્તમ વાત છે, પણ એ ચાહના મનુષ્યના અંત કરણમાં કયી જગોએથી ઉત્પન્ન થાય છે ? એ ચાહનાનું મૂળ શું છે ? વિદ્વાનો કહે છે કે પ્રત્યેક માણસ પોતાની (અથવા બીજા શબ્દોમાં કહીએ તો આત્માની) ઉન્નતિ ઇચ્છે એ સ્વાભાવિક છે. પણ ઘણા જણ આત્માની ઉન્નતિ રાખે છે અથવા તે કયે પ્રકારે થાય તે જાણવામાં શ્રમ કરીને ઉલટે માર્ગે વળી જાય છે. પંડિતો નિર્ણય કરી ગયા છે કે સમષ્ટિ આત્મા સાથે તદ્રૂપ થવું એ આત્માની ખરી ઉન્નતિ છે. સાદા શબ્દોમા કહીએ તો સર્વનિયંતા, સર્વેશ્વર અને સર્વજ્ઞ ઇશ્વરની પાસે પાસે જવાય એવે રસ્તે જવું એ આત્માની ઉન્નતિ છે સદ્‌ગુણો મનુષ્યને તે માર્ગે લેઇ જાય છે, માટે સદ્‌ગુણો સહાયક છે. આ રીતે સદ્‌ગુણો (આપણે તેનો કેમણા ' નીતિ ' શબ્દથી વ્યવહાર કરીએ કીએ) અથવા સુનીતિનું મૂળ ધર્મ છે એમ સમજાય છે

તત્ત્વજ્ઞાનીઓ આ ઇશ્વરસંબંધી ધર્મને જે રીતે પ્રતિપાદન કરે છે તે જો કે પરસ્પર વિવાદનો વિષય છે તથાપિ સામાન્ય દૃષ્ટિથી જોતા તેમા વધારે, અસંભવ કે અતિશયોક્તિ જેવું થોડું જ હોય છે પણ એકાદ મત સ્થાપિત થયા પછી તે મતનું પ્રતિપાદન કરનારા ગ્રંથોમાં કેટલીક વાતો એવી જોવામાં આવે છે કે હાલના સુધરેલા જમાનામા, અને વિશેષે કરીને કારબુવાદીઓને તે યથાસ્થિત લાગતું નથી. ક્રિસ્તી, મુસલમાન, પારસી, જૈન અને હિંદુઓનાં ધર્મપુસ્તકોમાં એવી વાતો ઘણી છે કે જેના વિષે કારણુવાદીઓએ પૂછેલા પ્રશ્નોનો હજી મનમાનતી રીતે આપી શકાયા નથી કદાચ આ કારબુથીજ બ્રહ્મોસમાજ, પ્રાર્થના સમાજ, આર્યસમાજ, વગેરે સંસ્થાઓની સ્થાપના થઇ હશે. એમ છતાં તે સમાજો તરફ પણ બધા સુધરેલા અને વિદ્વાન લોકો આદર બતાવતા હોય એમ પણ નથી, કેટલાક ધર્મપુસ્તકોના લખાણોનો અર્થ કારણુવાદીની પેઠે ભમ ખેંચતો કરીને તે ધર્મપુસ્તકોને જ અનુસરે છે, નવીન સ્થાપનાની તેમને અગત્ય લાગતી નથી, કેટલાક બધા ધર્મોની બુદ્ધિવાદથી ચોકના પ્રતિપાદન કરવાને રાજી છે, તેમને ઝાઝો યશ મળતો જોવામા આવતો નથી. ધર્મની આવી સ્થિતિમાં સરકારી નિશાળોમાં ધર્મશિક્ષણ કેવે પ્રકારે આપી શકાય એ આપણે વિચારવા બેસા જોઇએ.

એક વાર ફરીને ધર્મપુસ્તકોનાં પાના ફેરવી જોઇએ. તેમાં આપણી દૃષ્ટિએ ચાર ભાગ પડે છે. (૧) આચાર, (૨) નીતિ, (૩) તત્ત્વજ્ઞાન, (૪) અને ચમત્કારિક કથાઓ. બધા ધર્મ પુસ્તકોમાં મુખ્યત્વે કરીને નીતિ અને તત્ત્વજ્ઞાન મળતા આવે છે, અદ્‌ભુત કથાઓ પણ સરખી જ છે, નથી મળતો આવતો માત્ર આચાર. પણ હમણાનો કાળ એવો થઈ ગયો છે કે આચાર અને ચમત્કારિક કથાઓ એજ ધર્મના મુખ્ય અંગ હોય

એમ સામાન્ય લોકો સમજતા જણાય છે, અને આપણે પણ એ બેનો ત્યાગ કર્યા સિવાય ધર્મનાં બાકી બે અંગ—નીતિ અને તત્ત્વજ્ઞાન—શીખવી શકીએ તોજ ધર્મનું શિક્ષણ આપ્યું કહેવાય.

નીતિ અને તત્ત્વજ્ઞાન શીખવવામાં 'આચાર' અને 'અદ્‌ભુત કથાઓ' ઉપયોગી છે કે નહિ, અગર એ બેવગર નીતિ અને તત્ત્વજ્ઞાન શીખવાય કે નહિ, એ પ્રશ્ન ઉપજાવવાની અહીં જરૂર નથી. જો ધર્મશિક્ષણ આપવું ઇષ્ટ છે, અને 'આચાર' તથા 'કથાઓ' એ ધર્મનાં અંગ મનાયલાં છે, તથા આપણે તેનો ત્યાગ કરીને નીતિ તથા તત્ત્વજ્ઞાન શીખવીએ તો તે ધર્મશિક્ષણ મનાય નહિ, તો પછી આચાર અને કથાઓ શીખવવી અર્થાત્ જ પ્રાપ્ત થાય છે.

પણ તે શીખવવામાં હાલનો સુધરેલો જમાનો એક ભય જુએ છે. તે જુએ છે કે હાલની વિદ્યા કળા અને સુધારાને કાંઇક અંશે અટકાવ કરનારા વેહેમો આ આચાર અને અદ્‌ભુત કથાઓમાંથી ઉત્પન્ન થાય છે. આ વેહેમ, અને અસંભવ શીખવીને બાળકોની કારણબુદ્ધિ કે શોધકબુદ્ધિને બીલકુલ પહોંચાડવું કોઇ રીતે ઇષ્ટ નથી. એટલા માટે ધર્મશિક્ષણ આપવું ઘટતુ હોય તો તે ભલે આપવું, પણ તેમાં આચાર તથા ધર્મપુસ્તકોમાંની અદ્‌ભુત કથાઓ વગરવિચાર્યે કદાપિ શીખવવાની પરવાનગી આપી શકાય નહિ.

વિદ્યાખાતાની સંસ્થાઓના ચાલકોની હજુજમાં આમ પરસ્પર વિરોધી દલીલો રજુ કરવામાં આવે છે. એ બન્નેનું સમાધાન થાય એવો કોઇ રસ્તો શોધી કાઢવાની હવે અગત્ય ઊભી થઇ છે.

આપણી શાળાઓમાં હિંદુ, જૈન, મુસલમાન, પારસી અને ખ્રિસ્તી વિદ્યાર્થીઓ હોઈ શકે. તેમાં પણ ગુજરાતી મરાઠી શાળાઓમાં પ્રમાણમાં મોટો ભાગ હિંદુઓનો હોય છે. હિંદુધર્મમાં જો કે અનેક મતભાગ છે, તથાપિ મોટે ભાગે તે સઘળા વેદ, શ્રીમદ્ ભાગવત, ભગવદ્‌ગીતા, ઉપનિષદો, સ્મૃતિઓ, અને મહાભારત, આ પુસ્તકોને માન આપે છે અને તેનાં વચનોને પ્રમાણ ગણે છે. મહાભારત જો કે ઇતિહાસ છે તથાપિ ધર્મનો તેમાં મોટો ભાગ સમાયલો છે. પુરાણોમાં કેટલાંક પ્રાચીન અને કેટલાંક અર્વાચીન જેવાં છે, તથા તેનાં જે વચનો ઉપર કહેલા ગ્રંથોને વિરોધી ન હોય તેજ માન્ય ગણાય છે, માટે તેની પૃથક્‌ગણના ઉપર કરવામાં આવી નથી.

ધર્મનું વ્યાખ્યાન કરતી વખતે અમુક ધર્મ, આચાર, કથા અમેવા મત ખોટા છે એમ કહેવાથી સામાની લાગણી દુખાય છે; પણ તેને ખરો કહીને અમુક હદમાં લાવી મૂકવાથી તેમ થતું નથી. ભગવાન્ શંકરાચાર્યે પોતાનું મત પ્રતિપાદન કરવામાં એ શૈલી ધારણ કરેલી જણાય છે, અને તે શૈલી અનુસરવા જેવી છે એમ કોઇ પણ વિચારશીલ વ્યાખ્યાતાને જણાયા વગર રહેશે નહિ

હિંદુધર્મના જાણનાર પંડિતોના કહેવા પ્રમાણે હિંદુધર્મનાં સામાન્ય તત્ત્વો નીચે પ્રમાણે હોઇ શકે:—

ઈશ્વર છે. તે સાકાર ને નિરાકાર બન્ને હોઇ શકે.

જગત છે, અને તે ભૂમંડળની પેઠે અનંત આકાશમાં છે. (જે અનંત તારાઓ રૂપે અનંત આકાશમાં ભ્રમણ કર્યા કરે છે તે-

. માંનાજ કોઇને સ્વર્ગાદિ જાં ન કહ્યા હોય ! વસિષ્ઠાદિ બ્રહ્મજ્ઞાનીઓ તેમની કલ્પનામય સૃષ્ટિઓમાં મણુના કરે છે).

૩ પુનર્જન્મ અને પરલોક પણ તેવાજ દરેકને સત્ય છે.

૪. તીર્થ, સ્નાન, દાન, ધ્યાન, મંત્રજપ, હરિકીર્તન, વગેરેથી અંત કરણની શુદ્ધિ દ્વારા મોક્ષ મળે છે (પુનર્જન્મ ન થવો તે મોક્ષ).

૫. સિદ્ધિઓ અને યોગના ચમત્કાર, મંત્રસિદ્ધિ, ધારણાદિ છ પ્રયોગ, વગેરે મનના સ્થિરીકરણના પ્રભાવ છે. તેનાથી જે લોકોત્તર કાર્ય બની શકે તે બધાને મુક્ત-જ નથી. કોઇ તો કહે છે કે તે બધા પરોક્ષ થાયો છે.

૬. ભૂતાદિનો વળગાડ, ભડુ, ડાકણ્યૂજણ, નજરનથી, વગેરે વહેમ છે, અને સિદ્ધિ વગેરેના તે પડછાયા છે, એમા સત્યના કાઈ નથી.

૭. સ્વયંપ્રકાશના આધાર વિચારપૂર્વક પળવા યોગ્ય છે, દેશકાળ તેમાં ફેરફાર કરી શકે.

ઉપર કહ્યા પ્રમાણે જ જો હિંદુધર્મ શીખવતો હોય તો તેમાં વાંધો લેવા જેવું યોગ્ય આક્ષેપ પડતું નથી. એમ છતા પણ સરકારી નિશાળોમાં જે શિક્ષણ આપવા છે તેને વધાર્યાઓ આક્ષેપ આવે તો તે સંભવિત છે. પણ જે લોકો પોતાના બાળકોને બીજા લોકિક શિક્ષણની સાથે ઉપર કહ્યું તેવું ધર્મનું શિક્ષણ તે તે પુસ્તકોમા લખેલા આચાર અને અદ્‌ભુત કથાઓ દ્વારા આપવા ખુશી ન હોય તેમની ઇચ્છા વિરુદ્ધ તેમ કરવું પણ દિતાવહ ન કહેવાય આ કારણથી સરકારી શાળાઓમાં આ શિક્ષણ ઔચિત્યક આપી શકાય તો દરકત જેવું નથી.

બીજી વાત એ છે કે સીધી રીતે ધર્મનું શિક્ષણ આપવામા ઠીક ન લાગતું હોય તો આડકતરી રીતે પણ તે આપી શકાય. (૧) ઉપર કહેલા સર્વમાન્ય મુદ્દાઓમાંથી આચાર, નીતિ, અને તત્વજ્ઞાનને પ્રતિપાદન કરનારી કથાઓનો સંભાળપૂર્વક સમાવેશ કરીને બહારના વાચન માટે તે પુસ્તકો વિદ્યાર્થીઓના હાથમાં આપી શકાય. (૨) આપણી પૂર્વે થઈ ગયેલા લોકોના આચાર વિચાર કેવા હતા, તેમની નીતિ કેવી હતી, તેમની સામાજિક સ્થિતિ કેવી હતી, તેમની ધર્મ સબંધી માન્યતા કેવી હતી, એ વાત આપણે ઇતિહાસદ્વારા શીખવી શકીએ છીએ. એજ વિષયનું ઉપયુક્તપણ કે વિસ્તાર કરીને એક સ્વતંત્ર પુસ્તક થઇ શકે અને "પ્રાચીન તથા અર્વાચીન ધર્મ સંબંધી લોકોની માન્યતા" એ મથાળા નીચે એ વિષય શાળા-માં શીખવી શકાય. એમાંથી શીખનારે શું ગ્રહણ કરવું અને શું ન ગ્રહણ કરવું, એ બાબ શીખવનાર શિક્ષકની યોગ્યતા તથા શીખનાર વિદ્યાર્થીની નિર્ણયશક્તિના આધાર પર રહી શકશે. બીજી કોઇપણ રીતે નહિ, તો આ રીતે પણ સરકારી શાળાઓમાં ધર્મશિક્ષણનું તત્વ દાખલ કરી શકાશે એમ અમને લાગે છે.

આર્યકિન્ડરગાર્ટન.



(કા. પ્રા. ઉપાધ્યાય બી. એ.)

(ગયા માસથી ચાલુ.)

કિન્ડરગાર્ટન એ જર્મન ભાષાનો શબ્દ છે અને તે સાન્વર્થક છે. કિન્ડર=બાળક ગાર્ટન=વાડી-વાટિકા. સમૂહાર્થ—બાળવાડી અથવા બાલવાટિકા એવો થાય છે.

બાળવાડી એનો અર્થ કેટલાક સમજે છે તેમ બાળકને રમવાની વાડી એમ નથી પરંતુ બાળરૂપી બગીચો એવો અર્થ છે. જેવી રીતે છોડ પોતાની મેળે બગીચામાં ઉગે છે તેવી રીતે આ જનસમૂહરૂપી બગીચામાં બાળરૂપી છોડ સ્વકીય સત્તાથી વૃદ્ધિ પામે છે. આ વિચાર કિન્ડરગાર્ટન શબ્દની વ્યાખ્યામાં ગુપ્તરૂપે રહેલો છે.

બક્ષિસ—ફ્રોએબેલ પોતાની પદ્ધતિમાં વપરાયેલી રીતોને "પાટ" નામ આપવાની ના કહે છે. કારણ કે ફ્રોએબેલનાં સાહિત્ય "પાટ" રૂપ નથી પણ બાળકોને આનંદદાતા રમતોરૂપ હોવાથી તે ગીફ્ટ અથવા બક્ષિસ શબ્દ વાપરે છે. ફ્રોએબેલની બધી મળીને વીશ બક્ષિસો છે. તેમાં કેટલીક બક્ષિસના નામથી અને કેટલીક 'ઓકયુપેશન' અથવા ઉદ્યોગના નામથી ઓળખાય છે. બક્ષિસમાં બાળકને તૈયાર સાધન પૂરાં પાડવામાં આવે છે અને ઉદ્યોગમાં બાળકોને પોતાની રમત માટે કેટલાંક સાધનાં તૈયાર કરવાં પડે છે, એ તફાવત છે. કિન્ડરગાર્ટનની બક્ષિસોનાં નામ નીચે પ્રમાણે છે:—

૧. વિવિધ રંગના ઊનના ગુંથેલા છ દડા.
૨. લાકડાનો ગોળો, ઘન ને નળાકાર.
૩. એક લાકડાના ઘનના આઠ નાના ઘન
૪. એક લાકડાના ઘનના આઠ નાના લંબ ચોરસ.
૫. એક લાકડાના ઘનના થાંભલા.
   અ. નાના ૨૧ આખા, ૬ અડધા ને ૧૨ પા ઘન-કુલ ૩૯ ટુકડા.
   ઘ. ૧૨ આખા ઘન. ૧૨ પ્રીઝમ. ૧૨ અર્ધનળાકાર, ૮ જેની એક બાજુ પા ગોળ છે તેવા ઘન.
૬. એક લાકડાના ઘનના નાના નાના લંબ ચોરસ ૨૭ થાંભલા. તેમાં ૧૮ આખા, ૬ ચોરસ અડધા, ને ૬ અર્ધ લંબ ચોરસ. કુલ ૩૬.
૭. ચોરસ ને ત્રિકોણાકાર જડાં પત્તાં.
૮. આકૃતિ ગોઠવવાની સીધી સળીઓ (લાકડાની).
૯. આખી અડધી ને પા લોઢાની કડીઓ.
૧૦. ચિત્ર દોરવા માટે સાધનો.
૧૧. કાણાં પાડવાનાં સાધનો.
૧૨. ભરતકામનાં સાધનો.
૧૩. કાગળ કાપવા ને તેને ચોંટાડવાનાં સાધનો.
૧૪. સાદડી ગુંથવાનાં સાધનો.

૧૫. આકાર બતાવવાની લાકડાની ચીજો
૧૬. જાત્રા સાધારણી ચીજો (૪૮ પેટી) જોઇએ
૧૭. કાગળની જાત જાત ને થવાની પટ્ટી.
૧૮. કામળ વળવાનાં સાધનો
૧૯. પટારા તથા બોકાની સણાથી થતા આકારો
૨૦ ચીજ ને માટીના આકારો

અમેરિકામા આ બક્ષિસોના કેટલોક ફેરફાર કરવામા આવ્યો છે પરન્તુ આ સ્થળે તે આપવાની જરૂર નથી.

દરેક બક્ષિસ શું કામ કરે છે તે વિષે અત્યન્ત વર્ણન કરવાથી આ લેખ કેળવણી જેવા માસિકપત્રમા છપાવવા લાયક રહે નહિ પરન્તુ એક પુસ્તક પ્રકટીત થાય, માટે આ સ્થળે તે બધી બક્ષિસોનું માત્ર સિંહાવલોકનજ કરી અમે સંતોષ માનીએ તો બોટું નહિ કહેવાય.

ફિન્દરગાર્ટન પદ્ધતિનો મુખ્ય હેતુ બાળકોને પદાર્થોના બે જ્ઞાન આપવાનો છે, તો આ પ્રકારનું જ્ઞાન કેવી રીતે મેળવાય થઈ શકે, તે વિષે બે બોલ બોલવા જરૂરના છે આ જ્ઞાન માટે નીચે લખેલી બાબતોની જરૂર છે.

૧. પદાર્થોની ઉત્તમ પસંદગી.
૨. તેનો ક્રમ
૩ પદાર્થની જે છાપ મન ઉપર પડે તેનું પુનરાવર્તન
૪. બુદ્ધિ દોરાએ તે છાપનુ પૃથક્કરણ
૫. નિર્ણય

ફ્રોએબ્રની પદ્ધતિ સૌથી શ્રેષ્ટ ગણાય છે, તેનું કારણ એ કે ફ્રોએબે પોતે બાળકના મનનું યથાર્થ અધ્યયન કરી કુદરતનું અવલોકન કરી, બાળકની માનસિક શક્તિઓની બીલવણીનો ક્રમ શોધી કઢાયો છે, એટલુ જ નહિ, પરન્તુ તે ક્રમ અનુસારે બાળકોને શિક્ષણ આપવા માટે સાધનો પૂરા પાડ્યાં છે અને તેનો ઉપયોગ કરવાની યોજના બતાવી છે આ જગતમા આકારવાળી વસ્તુઓ જોવી તો દડો (ગોળાકાર) એ સાદામા સાદા આકારવાળી વસ્તુને. બાલ્યાવસ્થામાં બાળકને સાદામા સાદા પદાર્થ બતાવવો એ આવશ્યક છે, કારણ કે તે વખતે બુદ્ધિ બરાબર કામ કરી શકતી નથી ફિન્દરગાર્ટનશિક્ષણના સાધનો નીચે પ્રમાણે છે

પહેલી બક્ષીસમા દડો રાખવામાં આવ્યો છે કારણ કે, તે બધા આકારમાં સાદામા સાદો ને મૂળ રૂપ છે જૂદા જૂદા રંગના દડાથી બાળકોને રંગનુ જ્ઞાન આપી શકાય છે બે પ્રકારના રંગમાં વિરૂદ્ધતા બતાવી શકાય છે મૂળ રંગોના મિશ્રણથી ઉત્પન્ન થતા મિશ્ર રંગો પણ પ્રત્યક્ષદ્વારા સમજાવી શકાય છે

બીજી બક્ષીસમા પહેલી બક્ષીસ સાથે સબંધ જાળવી રાખવાના ઉદ્દેશથી લાકડાનો ગોળો રાખવામા આવ્યો છે. આ સાથે સિલીન્ડર (નળાકાર) અને ઘન આપવામાં આવ્યા છે બરાબરથી માટે હમેશા બે પદાર્થો પરસ્પર વિરૂદ્ધ હોવા જોઇએ. ગોળા ને ઘનની વચ્ચે આકારની વિરૂદ્ધતા છે વિરૂદ્ધતાનું અમોઘ જ્ઞાન થવા માટે સમાનતાની પણ જરૂર છે.

તેટલા માટે ગોળાને ધન બન્ને એકજ પદાર્થના બનાવવામાં આવ્યા છે. બળાકાર એ આ બન્ને ગોળ ને ઘન પેઢી દરેક સાથે સંબંધ બતાવે છે. એટલે કે તે મધ્યસ્થ આકાર છે. આ જગતમાં જેટલા આકાર જોવામાં આવે છે, તે બધાનો સમાવેશ આ પૂર્વોક્ત ત્રણ પ્રકારના આકારોમાં થાય છે. અર્થાત્ બધા આકારોના મૂળ બાપા રૂપ આ ત્રણ આકારો છે, એટલે જો આ ત્રણ આકારોની બાળકના મન ઉપર દૃઢ છાપ પડે તો બાકીના આકારોનું જ્ઞાન સહજ થઈ શકશે. આ ત્રણ આકારો આખી વસ્તુના છે, તે વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે.

ઉપરની ત્રણ બક્ષિસોમાં આખી વસ્તુઓની વાત આવે છે. પરંતુ જ્યાં સુધી આપણને વસ્તુના ભાગનું જ્ઞાન થતું નથી, ત્યાં સુધી તેની જીજ્ઞાસાવૃત્તિ યથાર્થ રીતે સંતૃપ્ત થતી નથી. વસ્તુઓના બાહ્યાકારાદિના જ્ઞાનથીજ સંપૂર્ણ જ્ઞાન મળ્યું કહેવાય નહિ; પરંતુ વસ્તુના પૂરેપરા જ્ઞાન માટે આખી વસ્તુ અને તેના ભાગના, તેમજ તે ભાગોના પરસ્પર સંબંધની માહિતી મેળવવાની આવશ્યકતા છે. કોઈ પણ છાપ મન ઉપર પડે છે કે, તુરત બુદ્ધિ તેનું પૃથક્કરણ કરે છે, એ માનસશાસ્ત્રનો નિયમ આ સ્થળે લાગુ પડે છે.

આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે, વસ્તુના ભાગ કરવાની જરૂર છે. તે ભાગ ગમે તેમ કરવાથી સચોટ ને ચોકસ જ્ઞાન થશે નહિ, માટે વસ્તુના ભાગ અમુક ક્રમમાં થવા જોઇએ. કુદરતનું અવલોકન કરવાથી ત્યાં પણ અમુક ચોકસ નિયમાનુસાર વસ્તુઓના ભાગ કરેલા જોવામાં આવશે. વનસ્પતિશાસ્ત્રમાં પણ વનસ્પતિના આકાર અને તેના અવયવોની સંખ્યા ઉપર, તેના જુદા જુદા વિભાગોનું ધોરણ રાખેલું જોવામાં આવે છે, અને બાળકોના મનને કેળવવા માટે જોઇતાં સાધનોના માર્ગદર્શકરૂપ સિદ્ધાંતો ફ્રોબેલે કુદરતના અવલોકનમાંથીજ શોધી કહાડ્યો છે. ત્રીજી બક્ષિસથી છઠ્ઠી સુધીની બક્ષિસો (બિલ્ડિંગ) બાંધકામ કરવાની બક્ષિસો કહેવાય છે. (અપૂર્ણ.)

वाल्कनमां वखेडो.

જે વખતે આપણે આપણા કામકાજમાં મશગુલ હોઈએ તે વખતે આપણી આસપાસ શા બનાવ બને છે તે ઉપર ડાહ્યા માણસો સદા ધ્યાન આપ્યા કરે છે કેમકે તેની સારી માઠી અસરો કદાચ આડકતરી રીતે આપણને પણ થવાનો સંભવ છે. આ કારણથીજ ઘણા લોકો વર્તમાનપત્રો અને માસિક ચોપાનિયાં વાંચવાનો બહારનો રાખે છે. આપણા મિત્રો અને કદાચ વિદ્યાર્થીઓ પણ તે વાંચતા હશે તો તેમાં તેમણે વાંચ્યું હશે કે બાલ્કનોનિયામાં બખેડો ચાલે છે અને તુર્ક સરકારનું લશ્કર ત્યાંનાં ઘણાંક આખાં બાળી નાંખે છે તથા હજારો લોકોની કતલ થઈ ગઈ છે. આ બખેડો શાંતી થશે ત્યારે તે કેવા રૂપમાં શાંત થશે, અગર તે જલદી શાંત ન થાય તો તેની અસર યુરોપનાં રાજ્યો ઉપર કાંઈ થાય કે નહિ, વગેરે ઘણીક બાબતોનો અનુમાની ઇન્દ્રજ કોઈક વાચકને થતી હશે. પરંતુ તે ઇચ્છા તૃપ્ત કરતા પહેલાં થોડીક તેની પાછળની હકીકત જાણી લઈએ.

ઇતિહાસમાં તમે વાંચ્યું હશે કે રોમનું રાજ્ય પડી ભાંગતા પહેલાં તેના બે ભાગ થયા હતા; એક પૂર્વ રોમન રાજ્ય અને બીજું પશ્ચિમ રોમન રાજ્ય. પૂર્વની રાજધાની કોન્સ્ટાન્ટિનોપલ હતી અને બીજાની રોમ હતી. ઇ. સ. ૪૧૦ આ જર્મનોએ રોમ ઉપર ચઢાઈ કરીને પશ્ચિમ રોમન રાજ્યનો અંત આણ્યો, પણ પૂર્વ રોમન રાજ્ય તો પછી લગભગ એક હજાર વર્ષ સુધી ચાલ્યું, ત્યાં સુધી તેના બાદશાહો પોતાને રોમના બાદશાહ કહેવડાવતા હતા.

આ હજાર વર્ષમાં રાજ્યના સીમાડાપરની પ્રજાઓ વારંવાર હુમલા કરતી આ પ્રજાઓમાં એક તો સ્લાવ નામે હતી, આ લોકોના ટોળેટોળા રાજ્યના સીમાડા ઉપર આવતાં અને રાજ્યનો થોડો થોડો ભાગ જીતી લેતાં હતા. બીજી એક સર્બ નામની પ્રજા હતી, તેણે તે રાજ્યમાંથી એક પ્રાંત જીતી લેઇને સર્વિયા નામે સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. ત્રીજી એક બલ્ગાર નામે પ્રજા હતી, તેમણે એક પ્રાંત જીતી બલ્ગેરિયાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. આ લોકો સ્લાવ લોકોની ભાષા બોલે છે અને હમણાં સ્લાવ તરિકે ઓળખાય છે. એ સિવાય બીજી પણ કેટલીક પ્રજાઓ હુમલા કર્યા કરતી હતી આ બધા લોકો ખ્રિસ્તી ધર્મ પાળનારા હતા. એક હજાર વર્ષ વીતી ગયાં છે

આ વખતે મધ્ય એશિયામાં તુર્ક નામે એક પ્રજા હતી. તેમણે મુસલમાની ધર્મનો અંગીકાર કર્યો હતો. આ લોકો દેશ જીતતા જીતતા પશ્ચિમ તરફ આવ્યા ખ્રિસ્તી લોકોનું તીર્થ પાલેસ્ટાઇન તેમણે જીત્યું, તે વખતે મુસલમાન અને ખ્રિસ્તીઓ વચ્ચે સાત મોટાં યુદ્ધ થયાં તે ક્રુસેડના નામથી ઓળખાય છે. હજી તેઓ પશ્ચિમમાં આગળ વધ્યા અને કોન્સ્ટાન્ટિનોપલને ઘેરો ઘાલી તે જોરદાર લીધું. સર્વિયા, બલ્ગેરિયા અને સ્લાવ લોકોનાં બીજાં સંસ્થાનો પણ તેમણે જીતી લીધાં. આ રીતે યુરોપમાં તેમનો પગપેસારો થયો. ત્યાંથી તેઓ આગળ વધ્યા અને જર્મનીની રાજધાની વીએના ઉપર નજર કરી વીએનાને ઘેરો ઘાલ્યો, પણ છેવટે પાછા હઠ્યા તે હંગરીની બહાર આવીને અટકયા નહીં તો જુઓ. ગ્રીસ પણ આ વખતે તુર્કના કબજામાં આવી ગયું છે, અને આર્મેનિયા તથા હંગરી એની ઉત્તર સરહદ થઈ છે.

કોન્સ્ટાન્ટિનોપલમાં તુર્કના સુલતાનોએ રાજ્ય કરવા માંડયું. ધર્મના ભેદને લીધે ખ્રિસ્તી પ્રજાપર જુલમ ગુજારવા લાગ્યા અને તેથી બે પરિણામનો આણ્યા વગર રહ્યા નહિ ઇ. સ. ૧૮૨૧ માં ગ્રીસમાં બળવો થયો. બળવાખોર કનલ આલી ફ્રાન્સ, ઇંગ્લાંડ, અને રશિયાએ ગ્રીક લોકોને મદદ કરી, અને ગ્રીસ સ્વતંત્ર થયું.

અને ૧૮૪૫ માં રિમિયા દ્વીપકલ્પના લોકો ઉપર જુલમ થવા લાગ્યો તે વખતે રશિયાએ તેમની મદદ કરી. ઇંગ્લાંડ અને ફ્રાન્સ તુર્કની મદદે આવ્યાં. બળવાખોર લડાઈ થઈ. આ લડાઇના પરિણામમાં રોમાનિયા પ્રાંત સ્વતંત્ર થયો.

અને ૧૮૭૮ માં તુર્ક લોકોએ બલ્ગેરિયા પ્રાંતમાં ઘણો જુલમ કરવા માંડયો. રશિયાએ ફરીને તેમની મદદ કરી અને તેનું લશ્કર કોન્સ્ટાન્ટિનોપલ સુધી પહોંચી ગયું. આ વખતે યુરોપના રાજ્યો વચ્ચે પત્રો અને મંત્રિન કોન્ફરમાં એક મોટું "રાજકીય કોન્ગ્રેસ" ભરાયું. તેમાં થયેલા ઠરાવ તુર્ક સરકારે માન્ય રાખવાના હતા, તેથી —

સર્વિયા પ્રાંત ફરી સ્વતંત્ર થયો.

રોમાનિયા સ્વતંત્ર થયો.
બલ્ગેરિયા પણ સ્વતંત્ર થયો.
મોન્ટીનિગ્રો સ્વતંત્ર તો થયો પણ સુલતાનના ઉપરીપણા નીચે.
બોસ્નિયા અને હર્ઝેગોવિનિયા આસ્ટ્રિયાના તાબામાં ગયા.
ગ્રીસને થેસલી અને એપિરસ પ્રાંતો વધારી આપ્યા.
સને ૧૮૮૫ માં પૂર્વ રોમેલિયા પ્રાંત બલ્ગેરિયા સાથે જોડી દીધો.
સને ૧૯૦૭ માં ક્રીટ પ્રાંતમા બળવો થયો. યુરોપનાં રાજ્યો વચમાં પડ્યાં અને ત્યાંના લોકોને પોતાનું રાજ્ય ચલાવવાનુ ધોરણ નક્કી કરી આપી સુલતાનનું માત્ર નામનું ઉપરીપણું રાખ્યું.

તુર્ક રાજ્યનો પાછલો ઇતિહાસ અહીં સુધી આણી મૂક્યા પછી આપણે હવે તેની હાલની કારકિર્દીમાં પ્રવેશ કરી શકીશું. એક વાર ફરી નકશો જુઓ: હવે તુર્કના રાજ્યમાં **આલ્બેનિયા, માસિડોનિયા,** અને **રોમેલિયા,** એ પ્રાંતો આવેલા જણાય છે.

માસિડોનિયા પહેલાં તો ગ્રીસને લગતો પ્રાંત હતો. ગ્રીસનો સિકંદર પાદશાહ માસિડોનિયાનો વતની હતો. ગ્રીસ અને માસિડોનિયા બન્ને રોમન લોકે જીતી લીધાં હતાં. રોમન રાજ્યનો પૂર્વ ભાગ તુર્ક લોકે જીત્યો ત્યારે તે તુર્કના કબજામાં આવ્યાં હતાં. તેમાંથી ગ્રીસ સ્વતંત્ર થઇ ગયું હતું અને માસિડોનિયા હજી તુર્કના તાબામાં છે.

પણ હમણાનું માસિડોનિયા બદલાઇ ગયું છે. તેમાં હવે એકલા માસિડોનિયન લોકો નથી, પણ બલ્ગર, ગ્રીક, સર્બ, આલ્બેનિયન્, તુર્ક, અને યાહુદી, વગેરે જાતોના લોકો વસે છે. એમાંની પહેલી ત્રણ પ્રજાઓએ તો પૂર્વે રાજ્ય પણ કરેલાં છે અને તેમાંની દરેક પ્રજા એમ માને છે કે અમારો વગ લોકોમાં વધારે છે. તેમનામાં રાજખટપટી ટોળીઓ છે. તેઓ માસિડોનિયાના બધા લોકોને એમ સમજાવે છે કે "હમણા જે તુર્ક સરકાર આપણાપર જુલમ કરે છે તેમાંથી અમે તમને છોડાવીશું; તમે અમારા પક્ષમાં આવો." બીજો એક પક્ષ છે તે એમ કહે છે કે "નહિ, અમે એક પ્રજાને મોટી શામાટે માનીએ? માસિડોનિયા સ્વતંત્ર થવુ જોઇએ." પણ તેમનું કામ કેવું વિષમ થઇ ગયું છે તે નીચેની હકીકત ઉપરથી જણાશે.

આલ્બેનિયન કોણ છે?—આ એક પર્વતોમાં રહેનારી પ્રાચીન શુદ્ધ પ્રજા છે. તેમની વસ્તી દોઢ લાખને આશરે છે. તેઓ ઇટાલીમાં, ગ્રીસમાં, માસિડોનિયામાં, અને બીજે ઠેકાણે વેરાતા રહે છે. ત્યાં પણ તેઓ પોતાની ભાષા બોલે છે અને પોતાના રિવાજ પાળેછે. તેઓમાંના કેટલાક મુસલમાન છે ને ઘણાક ક્રિસ્તીઠે. ધર્મના તફાવતની લાગણી તેમના અંતઃકરણમાં ઘણી જણાતી નથી. તુર્ક રાજ્યની સ્થાપના થઈ ત્યારથી તેઓ રાજ્યમાં કાંટા સરખા છે, તેઓ માત્ર નામનાજ તાબેદાર છે. લશ્કરમાં નોકરી કરવાની તેમને ફરજ પાડવામાં આવે છે તેમ છતાં તેમણે તુર્ક સરકારથી સ્વતંત્ર થવા માટે ગ્રીસને મદદ કરી હતી. તુર્ક લશ્કરમાં તેઓ સરસ ગણાય છે અને સુલતાનના બોડીગાર્ડ પણ તેમનામાંથીજ પસંદ કરેલા છે. તેમને કાપાકાપી ને લૂંટફાટ કરવી ઘણી પસંદ છે. ઘણીવાર તો તેઓ અંદર અંદરજ લડી મરે છે અને ભયંકર ખૂનામરકી ચલાવી મૂકે છે. તેમનામાંથી મેંકડે પ્રધાન તો એવાજ મોનથી ભરે છે,

તેમની રાણીઓ બધાયલી છે અને તેમની બારણે તેઓ પોતાના ટંટા વગેરે પતાવે છે એમ છતાં પ્રજા તરિકે તેમનું એકત્વ જોઇએ તેટલું નથી, હમણા હમણા તેઓએ તેવી હિલચાલ કરવા માંડી છે જો તેમનામા પ્રજા તરિકેનું એકત્વ બળ હોત તો તેઓએ કયારનું એ બાલકનનું સ્વતંત્ર અને બળવાન રાજ્ય રચાપ્યું હોત. અર્વાચીન સુધારાઓ તેમના પર્વતોના રહેાણમા હજી પ્રવેશ કર્યો નથી. દરેક આલ્બેનિયન સદા હથિયાર બધ રહેછે, અને તેમનો મોટો ભાગ હજી લુંટ ઉપર પોતાનો નિર્વાહ કરે છે પરથી આલ્બેનિયન લોકોના લાભમાટે હમેશા કાળજી નથી છે અને તેમને સ્વતંત્ર કરવાની તરફેણમાં છે.

હાલની મોન્ટેનિગ્રોની ખટપટમા કારણરૂપ આ આલ્બેનિયન લોકો છે. સને ૧૮૭૮ માં (આજથી ૨૫ વર્ષ ઉપર) મોન્ટેનિગ્રોના વોકોને તુર્ક સરકારે જે જે વચનો આપેલા હતાં તેમાનું એક પણ પાળવામાં આવ્યું નથી મોન્ટેનિગ્રોની ક્રિસ્તી પ્રજા ઉપર તમામ તુર્ક અધિકારી રાજ્ય ચલાવે છે. માજીસ્ટ્રેટ, પોલિસ, રેવન્યુ ઓફીસરો અને લશ્કર એ સર્વે તુર્ક છે. ક્રિસ્તી પ્રજાપર જુલમ ગુજારે તેમાં તેઓ કાઇ ખોટું માનતા નથી બીજી વાત એ છે કે તુર્ક સરકાર પોતાના નોકરોને વખતોવખત પગાર આપતી નથી, ત્યારે તે અમલદારો પોતાની ક્રિસ્તી પ્રજાને લુંટીને કે મારફાડ કરીને અને વખતે ખૂન કરીને પણ પોતાનુ કામ કરી લે છે. તુર્ક અમલદારો આગળ ક્રિસ્તી પ્રજાની દાદ લાગતી નથી.

આ જુલમથી બચવા મોન્ટેનિગ્રોના ઉપર આલ્બેનિયન લોકોએ બળતામો થી હોમ્યા જેવું કર્યું ઘણાક વરસથી આલ્બેનિયનો મોન્ટેનિગ્રો ઉપર હુમલા કર્યા કરતા હતા, લોકોને લુંટતા હતા, ખૂન કરતા હતા અને તેમને કાઢી મૂકી તેમની મિલકતના પોતે ધણી થતા હતા ડ્રોસાકો, પોનાડ્રિટ્ઝ અને સ્કોડ્રિક્રા પ્રાંતના ઘણા ભાગમા તો આલ્બેનિયનોની વસ્તી ઘણી વધી ગઇ હતી તેમણે ક્રિસ્તી પ્રજા ઉપર જુલમ કરવા માંડયો અને તુર્ક સરકારે તે તરફ કાંઇ ધ્યાન આપ્યું નહિ (કેમકે તે આલ્બેનિયનો મુસલમાન હતા.)

આલ્બેનિયન અને તુર્ક લોકોને હથિયાર રાખવાની છૂટ છે, બાકી બખ્તર, બંદુક, અને બીજા લોકોને તેવી છૂટ નથી. જો તુર્ક સરકાર પોતે આપેલા વચન પ્રમાણે સુધારા કરે તો તેને તુર્ક અમલદારો બદલીને મોન્ટેનિગ્રોનોને તે અધિકાર આપવો પડે (આપેલા વચનોમા એ પણ એક કલમ હતી); પણ તેમ કરવાથી આલ્બેનિયનો બીજીવાર એવુ હતું, કેમકે એમ થવાથી તેમના હાથમાંથી તેમનો ક્રિસ્તી શિકાર ખુંચાવી લેવા જેવુ થતું હતું. આ ઉપરથી આલ્બેનિયનોએ તુર્ક સરકારને સાફ જણાવી દીધુ હતું કે મોન્ટેનિગ્રોના તાબામાં તેઓ કદી પણ રહેવા ઇચ્છતા નથી.

બખેડાનું કારણ હવે લગભગ સમજાયું હશે. આટલે વાત આવ્યા પછી તુર્ક અમલદારોએ મોન્ટેનિગ્રોન પ્રજાનાં ઘરોની જડતી લેવા માંડી અને સંતાડેલાં હથિયારોની શોધ ચલાવી. તેમ કરતાં વધારે જુલમ ગુજારવા લાગ્યા, લૂંટફાટ ચાલી, સ્ત્રીઓની ઇજ્જત લુંટાવા લાગી અને ખૂન પણ થવા લાગ્યા. મોન્ટેનિગ્રોનો આ જુલમની સામે થયા અને દેશમા બખેડો ચાલુ થયો.

આન્ટિવા અને ડુલિગ્નો બન્ને પડોસાં તો બારફન દીપકલ્પમાટે એક બીજાના હરીફ હતા, પણ આ બખેડો તેઓ ભણી ગયા, અને બન્નેએ મળી મુલતાન પાસે આગબોટો કબજે

જે વચનો તેણે માસિડોનિયાને આપેલાં છે તે પૂરાં કરવાં. જો સુલતાન તે પૂરાં કરે છે તો આલ્બેનિયનો ડોળા કાઢે છે, અને નથી પૂરાં કરતો તો આ બે રાજ્યો ગુસ્સે થાય છે. હમણાં તો બંડ શમાવવાને માટે તુર્ક સરકાર લશ્કર મોકલે છે, અને તેઓ ગામડાંનાં ગામડાંઓ નાશ કરે છે; એમ આપણે વર્તમાનપત્રોમાં વાંચીએછીએ.

પણ વાંચનાર, તમે હમણાં કહી શકો છો કે માસિડોનિયાનું શું પરિણામ આવશે? ધારો કે કદાચ મોટો બળવો થાય ને તેમાં યુરોપનાં બીજાં રાજ્યોની સહાય આવી મળે અને માસિડોનિયા જીતે, તો તે સ્વતંત્ર થાય ખરું? તે થઈ શકે—પણ તેમ થવાને તે દેશની જુદી જુદી જાતની પ્રજાઓમાં જે ઐક્ય જોઈએ તે હમણાં જણાતું નથી; કદાચ બોસનિયાની પેઠે તે આસ્ટ્રિયાના કબજામાં જઈ પડે; કદાચ તે રાજ્યના ત્રણ નાના નાના ભાગ પડી જાય. પણ આ બધી અટકળો છે, અને તે રાજદ્વારી પુરુષોને માટે રહેવા દેઈ હવે પછીનાં પત્રોમાં આવતી બીના સારી રીતે સમજવાને બની આવે એટલું તો આ લેખથી થઈ શકશે એમ અમે ધારીએછીએ.

હિંદુસ્તાનનો ઇતિહાસ અને તેનું શિક્ષણ.

નીતિનું શિક્ષણ.

પ્રાચીન વખતથી એમ કહેવાતું આવ્યું છે કે **'નીતિનાં હજાર વચનો કરતાં એક દૃષ્ટાંત વધારે અસર કરે છે.'** અને તેમાં પણ કલ્પિત દૃષ્ટાંતો કરતાં ખરેખર બનેલા બનાવનાં દૃષ્ટાંતો વધારે અસર કરે છે. ઇતિહાસમાંથી એવાં અનેક દૃષ્ટાંતો મળી શકે છે તથા-તેવડે નીતિનો બોધ કરી શકાય છે. "બેન" નામે ઇતિહાસકાર કહેછે કે, "નિશાળેથી ઘેર જતી વખતે વિદ્યાર્થી પોતાની સાથે માણસના સુખદુઃખની વાતોના જેટલું બીજું નથી લેઈ જતો." આ કથન યથાર્થ છે. માણસની ઐતિહાસિક વાતોમાં શું શું હોય છે, તેનો વિચાર કરીએ તો તેમાંથી બહુધા નીચેના મુદ્દા મળી આવે છે.—

અ. તેના ધારેલા મનોરથો.	ઋ. તેને મળેલો સારો બદલો.
આ. તેના મનોવિકાર.	ૠ. તેને થયેલી શિક્ષા.
ઇ. તેની ઇષ્ટપ્રાપ્તિ.	ઌ. તેના દુશ્મન.
ઈ. તેની અનિષ્ટપ્રાપ્તિ.	ૡ. તેના મિત્રો.
ઉ. તેના સદ્‌ગુણો.	એ. તેની નિષ્ફળતા.
ઊ. તેના દુર્ગુણો.	ઓ. તેનો વિજય.

આ બધી બાબતો ઇતિહાસમાં શિક્ષક બાળકોને દેખાડી શકે છે અને તે દ્વારા તેમને નીતિ શીખવી શકે છે. સદ્‌ગુણને બક્ષિસ મળેલી અને દુર્ગુણને શિક્ષા થયેલી જેમ કલ્પિત વાતોમાં નિયમે કરીને જોવામાં આવે છે તેમ ઇતિહાસમાં સદૈવ જોવામાં આવતી નથી, એ વાત ખરી છે, તો પણ બુદ્ધિમાન્ શિક્ષકને તેમાંથી પણ બાળકોને શીખવવા જેવાં સાહિત્યો ઘણાં મળી આવશે. હિંદુસ્તાનના ઇતિહાસમાં નીતિશિક્ષણનાં સ્થળ અનેક છે જેમાંથી થોડાંક અહીં બતાવીએ છીએ:—

૧. ખુદની વાત કહીને તેણે જગતના ભલા માટે રાજા વૈનવનો અને પોતાના મુખનો ત્યાગ કર્યો એમ કહેવામાં આવશે ત્યારે છોકરાંના હૃદય પીગળ્યા વગર રહેશે નહિ.

૨. ચીનોડની રાણી પદ્મિની, દુશ્મનના હાથમાં જવા કરતાં પોતાની આબરૂ બચાવે જીવનાં ચિતામાં પડી બળી મુઈ, એ દેખાવ જો બાળકોના આગળ તાદૃશ વર્ણવ્યો હોય તો તેઓ તેને ભૂલશે કે ?

૩. પૌરવ કેદ પકડાયા પછી સીકંદરે તેને છોડી દીધો એ તેની ઉદારતા બતાવે એવી છે ?

૪. અકબરે પોતે મુસલમાન છતાં હિંદુઓ સાથે મોટા મનથી મેળાપ રાખ્યો. આ તેનું મહામનપણું દાખવો લેવા જેવું નથી શું ?

૫ પૃથુરાજે મહમદ ઘોરીને પકડ્યા પછી છોડી દીધો અને ઘોરીએ તેને પકડ્યા પછી મારી નાખ્યો: આ દૃષ્ટાંતથી એકનું વીરત્વ અને ઔદાર્ય, તથા બીજાની ક્રૂરતા તથા કપટતા નથી બતાવી શકાતી ?

૬. ઔરંગઝેબનો રાજ્ય માટે સતત પ્રયત્ન (તેના બીજા ગુણો તરફ દૃષ્ટિ કરવા જેવા ન હોય પણ) શું અનુકરણીય નથી ?

૭ સત્તાવનના બળવામાં જે સરદારો હતા તેમની તાત્કાલિક બુદ્ધિ, અને મરતુ પ્રભુ પોતાની ફરજ બજાવી એવી દૃઢતા શું શીખવા લાયક નથી ?

૮. દશરથના પુત્ર રામના ઇતિહાસમાંથી પિતૃભક્તિ, એક પત્નીવ્રત, પ્રજાવાત્સલ્ય, અને ધર્મતત્પરતા, વગેરે અનેક નીતિપાઠ શું નથી મળી આવતા ?

અને એજ પ્રમાણે હરિશ્ચંદ્રનુ પ્રમાણિકપણું, શિવાજીનું દેશાભિમાન અને સ્વધર્માભિમાન, મોટા માણસોએ પોતાનુ અવ્યસ્થિતપણું, નાનાફડનવીસની રાજ્યકાર્યદક્ષતા તથા સ્વદેશપ્રીતિ, કલાપ્રવીણોનો સ્વદેશહિતમાટે પ્રયત્ન, રાણાઓનો રાજ્યલોભ અને તેથી થયેલો નાશ, રાંજાઓનો દુરાચાર અને તેના માઠા પરિણામ, વગેરે જોઇએ તેટલાં નીતિબોધક દૃષ્ટાંતો ઇતિહાસમાંથી મળી શકે છે અમને તો લાગે છે કે દૃષ્ટાંતો ઉપરથી નીતિ શીખવવી હોય તેને ઇતિહાસ જેવું બીજુ સારૂ સાધન નથી.

પૂર્વપક્ષ—કોઇ કહેશે કે ઇતિહાસનાં પાત્રો ઘણા દૂરના છે એટલે જૂના વખતમાં થઇ ગયેલાં છે, તેમનાં કામકાજ, સ્થિતિ, રીતિ, વગેરે આજના કરતાં જુદાં હતા. તે ઉપરથી નિશાળનાં બાળકો (પોતાની સ્થિતિની અસભાનતા દેખીને) કેમ બોધ લેશે ?

સમાધાન—દુનિયામાં જે ધામધૂમો મોટા પાયાપર ચાલે છે તેજ ધામધૂમો નિશાળમાં ને તેની આસપાસ નાના પાયાપર ચાલે છે. જે ગુણો દુનિયામાં મોટાં મોટાં રાજકીય કાર્યો કરવામાં કામે લાગેલાછે તેજ ગુણો નિશાળોમા અને નાના નાનાં છાપગામાં નાનાં નાનાં કાર્યો કરવામાં આવશ્ય પડે છે કાર્યો નાનાં મોટાં છે અને વધેઘટે મોટા બને છે, પણ ગુણો તેના તેજ છે આ પ્રમાણે ગુણોની સમાનતા હોવાથી ઐતિહાસિક પાત્રો પણ બોધપાત્ર સાબિત થઇ શકે છે

ઐતિહાસિક બનાવોમાં આપણે કોઇ વાર લોભ, અસત્ય, આપસ્વાર્થીપણું, અને ક્રોધપણું (બીકણપણું) વગેરે તજવાલાયક દુર્ગુણો જોઇએછીએ, કોઇ વખત ઔદાર્ય, સત્ય, આત્મત્યાગ, અને હીંમત જોઇએછીએ એના એ ગુણો આપણે નિશાળના નાના મંડ-

ળમાં બાળકોમાં પણ જોઇએછીએ. અને તેથીજ ઇતિહાસનાં દૃષ્ટાંતોની સામ્યતા નિશાળના બનાવો જોડે કરીને નીતિ શીખવી શકાય છે. એવે વખતે શિક્ષકે બનાવના નાના મોટા પણા ઉપર ભાર ન મૂકતાં તે બનાવના નીતિનાં લક્ષણોપર ભાર મૂકવો આવશ્યક છે.

રાજકીય શિક્ષણ.

બાળકોને બુદ્ધિની અને નીતિની કેલવણી નો ઇતિહાસ સિવાય અન્ય સાધનોથી પણ આપી શકાય, પણ તેમને રાજકીય કેલવણી આપવાને ઇતિહાસ એક મુખ્ય સાધન છે અને તેથી કેટલાક વિદ્વાનો એમ માને છે કે વિદ્યાર્થી ભવિષ્યકાળમાં એક ઉત્તમ નાગરિક નીવડે એ ઇતિહાસશિક્ષણનો મુખ્ય હેતુ છે. પણ ઉત્તમ નાગરિક તરિકેની પોતાની ફરજ અદા કરતાં શીખવવાનાં ઘણાં સાહિત્ય હિંદુસ્તાનના ઇતિહાસમાં જોવામાં આવતાં નથી. પરદેશીના હુમલા, રાજદરબારની ખટપટો, અને પરસ્પરની લડાઇઓ સિવાય એમાં બીજું થોડુંજ આપણા જોવામાં આવે છે. ઇગ્લાંડ, ફ્રાન્સ, ઇટલી, યુનાઇટેડ સ્ટેટ્સ વગેરે દેશોનીપેઠે પ્રજાનું ઐક્ય હોઇને તેણે રાજકાજમાં ભારે ઉથલપાથલો કરી હોય એવું તેમાં જોવામાં આવતું નથી રાજકાજમા પ્રજાનું તત્વ ઉમેરવાનો વિચાર આપણને પાશ્ચિમાત્યો પાસેથી મળેલો છે. એટલે એ કામ માટે હિંદુસ્તાનના ઇતિહાસ કરતાં ગ્રીસ, રોમ કે ઇગ્લાંડનો ઇતિહાસ વધારે અનુકૂળ છે. પણ હિંદુસ્તાનના ઇતિહાસના શિક્ષણની સાથે તેવું કાંઈ શીખવી શકાય એમ હોય તો માત્ર જુદા જુદા પ્રસંગે બીજી પ્રજાઓએ શું શું કર્યું છે તેનાં પ્રસંગોપાત્ત ઉદાહરણો આપીને શીખવી શકાય.

પ્રજાજનતા.

ઉપર કહ્યા પ્રમાણે પ્રજાજનતાનો પાઠ આપણે હિંદના ઇતિહાસમાંથી ન શીખવી શકીએ તો પણ **સ્વદેશાભિમાન** વિષે તેમાં સાહિત્ય છે. આ સ્વદેશાભિમાન ઉંચી પ્રતિનું નથી; જાત્યભિમાન અને ધર્માભિમાન તેમાં મુખ્ય છે અને દેશાભિમાન ગૌણ છે. એમ છતાં એ જાત્યભિમાન અને ધર્માભિમાનને દેશાભિમાનનું પગથિયું આપણે બનાવી શકીએ.

હિંદુસ્તાનના ઇતિહાસમાં આપણે જેને માટે ભગરૂર થઇએ એવા શૂરવીરો ઘણા જોવામાં આવે છે. આ ભગરૂરીને આપણે સ્વદેશની પ્રીતિના રૂપમાં ફેરવી શકીએ છીએ. હિંદી બાળકો પોતાના પૂર્વજોને માટે ભગરૂર થઈ શકે અને એ રીતે તેમનામાં સ્વમાનની લાગણી આવી શકે. મતલબ કે આપણી નિશાળોને ઇતિહાસના સાધનથી આપણે સ્વમાન સંમજનારી પ્રજા ઉછેરવાનું સ્થળ બનાવી શકીએ. ત્યારે હવે ઇતિહાસ શીખવવાની ખરી પદ્ધતિ કેવી હોવી જોઇએ ?

(અપૂર્ણ.)

ગાયકવાડ સરકારનું દેશી કેળવણીખાતું

(ઇનામ પત્રકો.)

(મથા માસથી ચાલુ)

૫૪ વડનગર. સદર ગામ લોકોએ ૩-૮-૦ પતાસા, પુસ્તકો વહેંચ્યા. ૫૫ પેટલાદ બાળકાખા શાસ્ત્રી શા. છોટાલાલ હરીવલ્લભદાસે ૧-૮-૦ કેરીએ વહેંચી. મુન્શી ગોવીંદભાઇ રણછોડભાઇએ ૧-૮-૦ સદર. કુલ ૧૫૦-૪-૦

અમરેલી પ્રાંત.

૧ અમરેલી મ. ગુ. કન્યા શા હેડમીસ્ટ્રેસ મંગળા આદિલરામે ૨-૦-૦ પતાસા વહેંચ્યાં. ૨ સાવરકોટ સ ગુ શાળા વાચા મવદાસ તથા જગજીવન દેવશીએ મળીને ૧-૦-૦ સાકર વહેંચી. ૩ રાજપુર સદર ગુ. સા માધવરાવ વાસન નીલાનગર મહાવકરી માફતે ૧-૦-૦ કન્યાઓને બક્ષીસનો સામાન આપ્યો ૪ ચાવંડ સદર પટલ મારજી ગણેશ ૧-૦-૦ સાકર વહેંચી. ૫ પાડરસી શા સદર મહાજનોએ ૧-૦-૦ સદર ૬ ધારી સદર ૫-૦-૦ પતાસાં વહેંચ્યા. ૭ ધારી સ. ગુ કન્યા શા. ઠકર બેચર પ્રેમજીએ ૨-૦-૦ ઠીંટ વહેંચી. ૮ ધોરાજ સ. ગુ શા વજીરામ જીવરાજે ૧-૮-૦ સાકર વહેંચી. મેમ્બરોએ ૨-૦-૦ સદર ૯ ઢાકાં સ ગુ શા. ગોકળદાસ લીલાધરે ૧-૦-૦ સદર ઇંગ્રેજી શાળાના માસ્તર ઝવેરદાસ છગનલાલ ૧-૦-૦ સદર ૧૦ ઢાકરા સ ગુ કન્યા શા. ભાટીયા ગોરધનદાસ માવજીએ ૧-૦-૦ પેંડા વેહેંચ્યા. ૧૧ બેટ સ ગુ શાળા રોઠ પુરુષોત્તમ માવજીએ ૯-૦-૦ કેરીઓ વહેંચી શ્રી લક્ષ્મીજી મંદીરના બ્રહ્મચારીજી શ્રીકૃષ્ણ વલ્લભજીએ ૯-૦-૦ સદર ૧૨ બેટ સ ગુ કન્યા શાળા રોઠ પુરુષોત્તમ માવજીએ ૪-૦-૦ કેરીઓ વહેંચી. શ્રી લક્ષ્મીજી મંદિરના બ્રહ્મચારીજી શ્રીકૃષ્ણ વલ્લભજીએ ૩-૮-૦ સદર ૧૩ બેટ સ. ઉર્દુ શાળા રોઠ પુરુષોત્તમ માવજીએ ૨-૦-૦ સદર. અધિકારી વીરજીધરજી લક્ષ્મીદાસજીએ ૨-૦-૦ સદર. ૧૪ બેટ અંગ્રેજી પાઠશાળા. રોઠ પુરુષોત્તમ માવજીએ ૨-૦-૦ સદર. બ્રહ્મચારીજી શ્રીકૃષ્ણ વલ્લભજીએ ૧-૦-૦ સદર વાઘોઆ મ ઇ કન્યા શા. બીલખાવાળાં બાઇ પીતુબાએ ૫-૦-૦ કન્યાઓને રમ્ય રોઠણીનું વર્ણન આપ્યું કુલ ૫૫-૦-૦

કુલ બેઠક ૩૩૮-૧-૦

તૈયાર કરનારે
ઠા ગોવિંદ મણીદાસ.

દસ્તખત
Jaishanker P Joshi,
વિદ્યાધિકારીવતી.

આર્ય શાળાઓ-ભેલુસાળા વિભાગ.

૧ આર્ય-બાલોતળા, મહેમાળુ સખા ધનગર ૦-૮-૦ છોકરાઓને ખજુર વહેંચ્યું. ૨ „ ખરોડ, વિજાપુર. માધાભાઇ મનોરભાઇ ૬-૦-૦ છોકરાઓને પાણી પીવા પરબ બંધારી બુધાઇ ગામ સુધી ૩ „ પુષ્પા „ શેઠ ગોકળદાસ તથા મહાજન તરફથી ૩-૪-૦ છોકરાઓને પુસ્તક ૦-૪-૦ „ પતાસા વહેંચ્યાં ૪ „ સોખડા „ કુલ નાથજી ૧-૪-૦ છોકરાઓને સુખડી વહેંચી ૫ „ આકાસણ. કડી. પા પરભુદાસ નાથજી ૦-૪-૦ છોકરાઓને પતાસાં વહેંચ્યાં ૬ અમિલ-બોરીઆણી, મહેમાળુ તલાટી મણીશંકર રણછોડ ૦-૮-૦ „ ૭„

સાંગણપુર ,, મહેતાજી પુરૂષોતમ છગન ૦-૬-૦ છોકરાઓ માટે નકશો ખરીદી આપ્યો. ૮ ,, મળમધુ ,, મતાદાર રૂપજી રેહુજી છોકરાઓને પાણી પીવા ચાર માસ ઉનાળો પરબ બેસાડી ૯ ,, બોરજનાડોદા, કડી. શુકલ બાળાશંકર પ્રાણશંકર ૦-૮-૦ છોકરાઓને પોતાનો છોકરો નિશાળે બેસાડી ગોળ વહેંચ્યો ૦-૮-૦ મહેતાજીને આપ્યા. ૧૦ ,, સોખડા, વિજાપુર. પા. લાવતદાસ બહેચર શા. રવચંદ છવરાજ ૧-૮-૦ છોકરાઓને વાર્ષિક પરીક્ષા વખતે પુસ્તક વહેંચ્યાં. ૧૧ મે-સાંગણપુર મહેસાણા પા. રાયચંદ સાંકળા ૦-૮-૦ છોકરાઓને પતાસાં વહેંચ્યાં. ૧૨ ,, વડાસણ ,, કલાલ બાપુદાસ ગણેશદાસ ૦-૮-૦ ,, ૧૩ ,, ચરાડુ ,, મુખી ચેલાજી મસુરજી ૦-૪-૦ છોકરાઓને પરીક્ષા વખતે ખાંડ વહેંચી. ૧૪ ,, કલીયણપુર, વિજાપુર. પા. રામચંદ્ર દેવરાજ, પા. છવા દેવકરણ, પા. ઝુકર ડોસા ૧-૫-૬ પરીક્ષા વખતે પુસ્તક વહેંચ્યાં. ૧૫ જુન-બોરીઆવી, મહેસાણા. મહેતાજી બેચરદાસ લક્ષ્મીરામ ૦-૪-૦ પરીક્ષા વખતે પતાસાં વહેંચ્યાં. ૧૬ ,, સાંગણપુર ,, મુખી રાયચંદ જેઠજી ૦-૮-૦ પરીક્ષા વખતે પુસ્તક વહેંચ્યાં. પા. મોતી ગણદાસ ૦-૮-૦ ,, શા મોહન ચમીચંદ ૦-૮-૦ ,, માકર વહેંચી. પા. ખુશાલ ઉમેદ ૦-૮-૦ ,, ,, મહેતાજી પુરષોતમ છગન ૧-૦-૦ કાગળ, બરૂ, પેનસીલ વગેરે છોકરાઓને આપ્યાં. ૧૭ ,, આખજ ,, પા ખેમચંદ ઉમેદરાજ, શેઠ નગીનદાસ બલાખી ૨-૦-૦ બન્નેએ મળી પરીક્ષા વખતે પુસ્તક વેહેચ્યાં. ૧૮ ,, આકણજ ,, શા. મૂળચંદ જોપાળ ૦-૪-૦ પોતાને ઘેર પુત્ર પ્રસવ થવાથી પતાસાં વેહેંચ્યાં. ૧૯ ,, મોખાસણ ,, ગામલોક તરફથી ૧-૮-૦ પરીક્ષા વખતે પુસ્તક વેહેંચ્યાં. સોની મોહન દામોદર ૦-૪-૦ સાકર વેહેચી. ૨૦ ,, સોખડા વિજાપુર શા. રવચંદ છવરાજ, શા. છગન છવરાજ ૧-૦-૦ પોતાનાં છોકરાંને નિશાળે બેસાડી પુસ્તક વેહેંચ્યાં. ૨૧ ખાવડ, કડી. ગામલોકો તરફથી ૦-૮-૦ છોકરાઓને સાકર ખુશીથી વહેંચી. ૨૨ જુલાઈ-સોખડા, વિજાપુર. પા. રામદાસ મરોલદાસ, જોશી. પરભાશંકર કામેશ્વર ૦-૧૨-૦ બને થઇ પુસ્તક તથા પતાસાં વહેંચ્યાં. ૨૩ ,, કૈયલ, કડી. લવાર હુંજર બહેચર ૦-૪-૦ પતાસાં વહેંચ્યાં.

ક. ડાહ્યાભાઈ ભીમજી માસ્તર. અંબાશંકર પ્રભાશંકર
ડેપ્યુટી. એજ્યુ. ઇન્સપેક્ટ-મેહેસાણા વિભાગ.

નવસારી પ્રાંતની ગ્રામ્ય શાળાઓ.

મે-૧ કુચેદ તા. નવસારી. ચોર આત્મારામ કાશીરામ ૫-૦-૦ છોકરાઓને શીરો જમાડ્યો. ૨ તોરણગામ તા. ગણદેવી. પટેલ મણી જેગીભાઇ ૦-૪-૦ છોકરાઓને પતાસાં. ૩ વળોટી તા. ગણદેવી. પટેલ ડાહ્યાભાઇ હરીભાઇ ૦-૪-૦ છોકરાંઓને ખાંડ. ૪ દેશરા તા. ગણદેવી. તલાટી ડાહ્યાભાઇ મોરારજી ૦-૪-૦ છોકરાંને પતાસાં. ૫ શીંગપુર તા. સોનગઢ. પટેલ રોડીયા વાણીઆ ૦-૫-૦ છોકરાંને ખાંડ. ૬ બીલવાણ તા. સોનગઢ. શ્રીમંત યુવરાજ કૃતેસિંહરાવ મહારાજ સાહેબ ૨-૦-૦ છોકરાંઓને ખાંડ. ૧. જુન—૧ નડોદ નવસારીના રા. ગુલાબચંદ વજીજી તથા પટેલ અંબેલાલ કુંવરજી ૨-૦-૦ પુસ્તકો તથા ખાંડ વહેંચી. ૨ મોરથાણા ગ્રામ્ય પંચોએ દરોગાની વીઝીટ વખતે. ૦-૮-૦ ખાંડ વહેંચી. ૩ માણેકપોર ગ્રામ્ય પંચોએ ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. જુલાઈ—૧ કુચેદ પટેલ નથ્થુ ગમા ૦-૮ ૦ છોકરાઓને ખાંડ ને કોપરૂં. ૨ પોપડા. પરીક્ષા વખતે ગામ લોકો તરફથી ૦-૮-૦

પતાસાં છોકરાઓને. ૩ એરણાનુ. આમ લોકો તરફથી ૦-૮-૦ બાંટ છોકરાઓને. ૪ કામોદ ભુખા પેસા લાવા ૦-૯-૦ છોકરાઓને કેરીઓ. આગરવા-૧. કુડી ૨-૮-૩ પોલ કેવળભાઈ છગનભાઈ ૧-૦-૦ છોકરાઓને પેડા તથા બદામ ૨ કુલેદ. મોતીરામ નારાયણ કલાનુજ ૬-૦-૦ છોકરાઓને ખાજપુડા તથા દુવપાક બદામ.

નાયબ ગોવિંદજી અંબાવાલ. પ્રેમાનંદ ધોળીદાસ પટેલ.

———— ૨ એ-મુ. ઇન્સપેક્ટર ન પ્રાંત

આહે બુલાખ ૧૯૦૩.

વડોદરા પ્રાંત.

૧ વડોદરા સ. મ. કન્યા શા. ન ૧ મે. રા બા વિદ્યાધિકારી સાહેબના પાની એ-મણે ૭-૦ ૦ પેંડા વહેંચ્યા. હેડમીસ્ટ્રેસ. સગુનાબાઇ દેવ એમણે ૩-૦-૦ રમકડા વહેં-ચ્યાં. સૈ. વશોદરાબાઇ મારપુરે ૩-૧૨-૦ ચોપડીઓ વહેંચી ૨ પેટલાદ સ ગુ શા ગોં-દારકોદાસ ઠોકરાણે ૩-૪-૦ પાણી ભરાવ્યુ ૩ પેટલાદ મ. ગુ કન્યા શા. મે લેડી સુ. સાહેબે ૨-૦-૦ છાંદ વહેંચી. ૫ા. રણછોડદાસ વલદાસે ૧-૦-૦ પતાસાં વહેંચ્યા ૪ પેટલાદ સ. ઉર્દુ શાળા ભગીરદાર સૈયદ અલીમીયા એલેમદભાઇ સા. તથા આજ ફોજદાર કડુમીયાં સાહેબે મળીને ૧-૦-૦ પાણી ભરાવ્યુ. ૫ સોજીત્રા મ. અંત્યજ શા મુન્સી. કાવુમીયાં નથનમીયાં તથા આમી. કાલાભાઇ વીરરામે મળીને ૧-૦-૦ પતાસા વહેંચ્યા ૬ થાંભા સ. ગુ શાળા પા. કાશીભાઇ કભાભાઇએ ૧-૦-૦ ,, ૭ ઝારોળા સદર. પોલીસ પટેલ ઓનભાભાઇ નાગજીભાઇએ ૧-૦-૦ ,, ૮ મેહેળાવ મરા આમી આસ્તર મોમાભાઇ ગોકળભાઇ તથા બાપુજી નથુભાઇએ મળીને ૧-૮-૦ , ૯ મેહેળાવ મ ગુ કન્યા શા ગામ નારણ જ ગીરધરભાઇ ગોકળભાઇએ ૧-૦-૦ ,, ૧૦ બાકરોલ સ ગુ શા દેસાઇ બાપા ભાઇ મ વરસીભાઇએ ૩-૦-૦ કન્યાઓને કાપડ વહેંચ્યું ગામપોકે ૧-૮-૦ પતાસા વહેં-ચ્યાં. ૫ા. લલ્લુભાઇ જેચભાઇએ ૧-૦-૦ પતાસા વહેંચ્યા. ૧૧ બામણગામ મ ગુ શા ૫. કાશીભાઇ ખુશાલભાઇ વિગેરે લોકોએ મળીને ૨૦-૦-૦ તમામ છોકરાને બદામ આ પ્યું. ૧૨ સીમરવા સ. ગુ. શા. મણીલક્ષ્મીએ ૪-૦-૦. પાણી માટે ૨-૦-૦, પતાસા ૧-૦-૦, તથા આંકની ચોપડીઓ વહેંચી ૧-૦-૦. ૧૩ વસો સ ગુ શા મોની નાથા પીતાંબ રે ૧-૮-૦ પતાસા વહેંચ્યાં. અમીન છોટાભાઇ ચતુરભાઇએ ૫-૦-૦ પાણીની પરબમાં આપ્યા. ૧૪ વસો સ. ગુ. કન્યા શાળા શા કીકા વલવદાસે ૧-૧૨-૦ પતાસા વહેં-ચ્યાં. ૧૫ વસો સ. અંત્યજ શાળા મણીલક્ષ્મીએ ૩-૮-૦ પતાસાં વહેંચ્યાં ૧૬ ભુરાડોલ સ ગુ. શા. પા. દેસાઇભાઇ લલ્લુભાઇએ ૫-૦-૦ છોકરાને બાજપુડા બદામ આ. ૧૭ કાવિઠા મ. ગુ. શા. પા. પરભુરામ મ ગાદારે ૧-૮-૦ પાણી ભરાવ્યું. ૧૮ જેપુર મ ગુ શા. મેહેળાવના પા. સોમાભાઇ મુનદારે ૧-૮-૦ પતાસાં, ચોપડીઓ, પેનો વહેંચી ૧૯ રઢોલી સ ગુ શા આજ આસ્તર ઇશ્વરભાઇ કહાનદારે ૩-૫-૬ પુસ્તકો, પતાસા વહેંચ્યાં ૨૦ શામોર સ. ગુ શા પટી. મણેકલાલ લાલભાઇએ ૧-૦-૦ પતાસા વહેંચ્યા. ૨૧ બાલસર મ. ગુ શા. પા. વીરૂલ મખીદારે ૧-૦-૦ સાકર વહેંચી. ૨૨ મ ગુ. શા. આસી. આસ્તર રણછોડભાઇ હરગોવી દારે ૧-૦-૦ ચોપડીઓ વહેંચી. ૨૩ કપડા મ ગુ શા. ગાદાર ગાંતીના બહા-રાજ બાબરામજી મોહનજીબાબીજીએ ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૨૪ વડુ સ ગુ શા ગાદા

લોકોએ ૧-૮-૦ સાકર, પતાસાં વહેંચ્યાં. ૨૫ માસર. સ. ગુ. શા. ગજેરાના પા. મોહનભાઇ એ ૧-૦-૦ સાકર વહેંચી. ૨૬ કરખડી સ. ગુ. શા. સદ્‌ગૃહસ્થોએ ૧૦-૦-૦ પુસ્તકો, પતાસાં વહેંચ્યાં. ૨૭ દુધવાડા. સ. ગુ. શા. ગામ લોકોએ ૩-૮-૦ સદર. ૨૮ કરચીઆ ,, સદર ૧-૦-૦ પતાસાં વહેંચ્યા. ૨૯ અબિપુરા. માસ્તર મહાશંકર કેશવરામે ૨-૦-૦ પુસ્તકો, સાકર વહેંચી ૩૦ બહાદરપુર ,, મેંબરોએ ૧-૦-૦ સાકર વહેંચી. ૩૧ સ. ગુ. કન્યાશાળા સદ્‌ગૃસ્થોએ ૫-૯-૦ પતાસાં, સાકર તથા છીંટ વહેંચી. કુલ. ૧૧૨-૯-૬

અમરેલી પ્રાંત.

૧ દામનગર સ ગુ. શા. ઠકર. ગોવીંદજી ભાવજીએ ૨-૮-૦ પતાસાં વહેંચ્યાં. ૨ ,, ગુ કન્યા શા. હસા થાણુદારે ૧-૦-૦ ,, ૩ ચલાળા સ ગુ. શા. મેમણ. ઓસમાણ મોહણે ૧-૦-૦ ,, આરી માસ્તર રામપુંજીએ ૧-૦-૦ ,, ૪ કોડીનાર સ. ગુ શા. ગૌરીશંકર લક્ષ્મીરામે ૧-૦-૦ સાકર વહેંચી. ૫ ,, ગુ કન્યા શા. વકીલ. જમનાદાસ વનમાળીએ ૧-૦-૦ ,, ૬ દ્વારકા મ. ગુ શા શેઠ. ગોરધન ભાવજીએ ૧-૦-૦ પેંડા વહેંચ્યા. કાકુ લક્ષ્મીદાસે ૧-૦-૦ કેરીઓ વહેંચી ૭ બેટ સ. કુંઇ શા. શેઠ. પુરશોતમ ભાવજીએ ૧-૦-૦ પાણી ભરાવ્યું. ૮ અમરેલી ભીમાણીપા ફ. ઉ. કન્યા શા. મેમણ. ઇબ્રાહીમ દાઉદે ૬-૪-૦ રીપારા ૭૦ તથા પતાસાં વહેંચ્યા. ૯ સણોસરા મ. ગુ. ફ. શા. મેમ્બરોએ ૧-૦-૦ સાકર વહેંચી. ૧૦ મોટા ભંડારીઆ સ. ગુ ફ. કન્યા શા. રાજા કરશન પટેલે ૧-૦-૦ ,, ૧૧ કેરાળા સ. ગુ. ફ. શા. ગામ લોકોએ ૧-૧-૦ સાકર વહેંચી. કુલ ૧૯-૫-૦

કડી પ્રાંત.

૧ પાટણ સ. ગુ શા. નં. ૧ સોની મોહોકમચંદ બેચરદાસે ૨-૦-૦ પાણી ભરાવ્યું. ૨ પાટણ સ. અંત્યજ શા રુકોલરોના બાપે ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૩ બાલીસણા સ. ગુ. શા. સદ્‌ગૃહસ્થોએ ૩-૦-૦ ,, શા. પ્રહલાદજી દામોદરદાસે ૪-૮-૦ પાણી ભરાવ્યું. ૪ ધીણોજ ,, ઉપદેશક આદીનરામ સબુખરામે ૨-૦-૦ પુસ્તકો વહેંચ્યાં. શા. શવચંદ રૂપચંદે ૨-૧૪-૦ પાણી ભરાવ્યું. ૫ વિસનગર ,, ચિત્ર શિક્ષક હીમાભાઇ કાળીદાસે ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. આસી. માસ્તર નાથાલાલ દલપતરામે ૧-૦-૦ ,, ૬ એરાળુ ,, દેસાઈ કાળુભાઇ મોતીભાઇએ ૧-૦-૦ ,, ૭ ઉમતા ,, દ્વારકાંદાસ ભગવાનદાસે ૧-૦-૦ ,, ૮ બન્કા ,, શા. છગનલાલ કુંવરશી તથા શા. નગીન ભીખાએ મળીને ૧-૦-૦ કેરીઓ વહેંચી. ૯ સિદ્ધપુર ,, પા. મુળીલાલ દામોદરે ૬-૦-૦ ,, ૧૦ ,, ગુ. કન્યા શા. ઠકર ભગવાનદાસ વલભદાસ મુબઇવાળાએ ૧૨-૦-૦ છીંટ, પતાસાં વહેંચ્યાં. ૧૧ ઉંઝા રાત્રી શા. મેહેતા છોટાલાલ રવિકરણદાસે ૧-૦-૦ ગરીબ છોકરાને વહેંચી આપ્યો. ૧૨ ઉપેરા સ. ગુ. શા. શેઠ. ગલાબચંદ રૂગનાથે ૧-૦-૦ પાણી ભરાવ્યું. ૧૩ મેહેસાણા ,, શેઠ. નગીનદાસ રાયચંદે ૧-૧-૦ પતાસાં વહેંચ્યાં. ૧૪ લીંચ ,, શા. ભાઇચંદ જેહીદાસે ૧-૦-૦ ,, ૧૫ લાંધણજ ,, શા પાનાચંદ માધવજીએ ૭-૮-૦ બે માસ પાણી પાવા આપ્યા. ૧૬ ચેાળ ,, પા. દામોદર રાઘવજીએ ૧-૪-૦ સાકર વહેંચી. પા. ઇશ્વર પરભુદાસે ૧-૪-૦ ,, ૧૭ લાડોલ ,, સોની મોહન દલસુખે ૧-૮-૦ પતાસાં વહેંચ્યાં. પા. મોતી જેઇતારામે ૧-૮-૦ ,, ૧૮ કુકરવાડા ,, પા તાપી પરભુદાસે ૧-૦-૦ ,, ૧૯ કલોલ ,, શા

નરોત્તમ પરબુદાસે ૨-૦-૦ „ ૨૦ નારદીપુર „ મુબાઇ, મેસર્સ રોન્ડર્ટ ઇલેકટ્રિક કંપની તરફથી ૧-૦-૦ સાકર વહેંચી રા અબુંલાલ ભગનલાલે ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં ૨૧ દીદોડા „ શા. બેચર પરબુદાસે ૧-૨-૦ કુબેરના લાડુ બ્રાહ્મણના છોકરાને આપ્યા. ૨૨ ઇસ્માઇ „ સદ્‌ગૃહસ્થોએ ૧-૦-૦ પતાસાં વહેંચ્યા ૨૩ પાટણ ગાયન શાળા. હરગોવિંદ શાસ્ત્રીએ ૧-૦-૦ પેંડા વહેંચ્યા. કુલ રૂ. ૬૪-૦-૦.

નવસારી પ્રાંત.

૧ નવસારી સ. કુંવર શાળા અબ્દુમન ઇમદાદે ૧-૦-૦ પાણી ભરાવ્યું ૨ તવડી સ. શુ શા. હોરમસજી દોરાબજીએ ૧-૦-૦ ગરીબ છોકરાઓને બક્ષીસ કર્યો ૩ પોમરા સદર જીવણજી વલબભાઇએ ૧૫-૦-૦ શાળાના છોકરાઓને ગળપણ આપ્યું ૪ છીબળ સદર ગામ લોકોએ ૨-૦-૦ પતાસાં વહેંચ્યા કોલીના જમીનદાર ૧-૦-૦ સદર ૫ વરીઆવ સદર આગી મહમદ ઇસ્માઇલ ધેવાભાઇએ ૧-૦-૦ સાકર વહેંચી મોતીભાઇ નરોત્તમદાસે ૧-૦-૦ સદર. ૬ વરીઆવ સ શુ કન્યાશાળા પારસ રામશંકર ગોરીશ કરે ૧-૦-૦ સદર ૭ ગણદેવી સ. શુ. શા લાલભાઇ કરાને ૧-૧૨-૦ પાણી ભરાવ્યું ૮ ધમડાછા સદર કાળી મીણા કાળીએ ૧-૮-૦ કેરીઓ વહેંચી ૯ નિયોલ સદર ગામ લોકોએ ૩-૦-૦ પુસ્તકો ખાડ વહેંચી. ૧૦ મહુવા પા ખો. શા સદ્‌ગૃહસ્થોએ ૩-૮-૦ સાકર, ખાંડ વહેંચી. ૧૧ મહુવરીઆ મ શુ શા. સદર ૧-૮-૦ ખાડ વહેંચી. ૧૨ બારા સદર પરમોતમ મોરારે ૧-૦-૦ પતાસાં વહેંચ્યા. ૧૩ સોનગઢ પા ખો શા. શા. લલ્લુ પરમોત. મે ૨-૮-૦ કેરીઓ વહેંચી. રા. પા નવસારી પ્રાંતના એકઝીકયુટીવ ઇજીનીયર સાહેબે ૧-૦-૦ સાકર વહેંચી ૧૪ નવસારી ટાટા કન્યાશાળા મે. લેડી સુ સાહેબે ૧-૦-૦ મીઠાઈ વહેંચી. કુલ એકંદર ૨૪૬-૧૦-૬.

તૈયાર કરનાર મોહનભાઈ. Jeyshanker P Joshi.
ગોવિંદ કાળીદાસ વિદ્યાધિકારી વતી.

માહે અગસ્ટ ૧૯૦૩.

વડોદરા પ્રાંત.

વડોદરા મ. મ શા. નં. ૩ રા. નથુ રામચંદ્ર વેદાતીએ ૩-૦-૦ ગોપડીઓ વહેંચી. ૨ વડોદરા સ સુ શા. ન. ૧ રા કરમરામ બળવંતરાએ ૧-૦-૦ હસરત કરનાર છોકરાઓને દૂધ પીવા આપેલ. ૩ વડોદરા મ. ગાયનશાળા મે. હોરમસજી બાબા મૈસોરિયર રાજ્યના કેળવણી ખાતાના જનરલ સાહેબે ૫-૦-૦ પેંડા વહેંચ્યા. ૪ વડોદરા ફીનેશ ટ્રેનીંગ શાળા તથા શુ. અ. કન્યાશાળા નં. ૧ શા માં શ્રીમંત વાયોજી રાજે સિંધેનાં પત્ની એમણે ૫-૦-૦ મીઠાઇ વહેંચી વચ્ચે શાળામાં. સૌ આઇ સાહેબ આંબેકર એમણે ૫-૦-૦ „ મે. આ. બા. કેરશાસપજી ફરામજી સાહેબના પત્ની એમણે ૧૦-૦-૦ „ શ્રી. નૃસિંહાચાર્ય મહારાજ તરફથી ૩૫-૦-૦ રકાબરોને બાલિનીબાઇના પુસ્તકો વહેંચ્યા. ૫ પેટલાદ મ શુ.

શા. શેઠ હારકાંદાસ છોટાલાલે ૩-૪-૦ પાણી ભરાવ્યું. ૬ પેટલાદ સ. ગુ. કન્યાશાળા પરી. ભુલાખીદાસ નારણદાસે ૩-૪-૦ ,, ૭ પેટલાદ સ. સંસ્કૃત વ્યાકરણ શાળા પરી. માણેકલાલ મોતીલાલે ,, દરેક વિદ્યાર્થીઓને ધોતીયું, કોટ, તથા ટોપી એ પ્રમાણે વહેંચ્યું. ગામ રંગીપુરના પા. વાયજીભાઇ મુળજીભાઇએ ૫-૦-૦ છોકરાઓને પુસ્તક આપવા આપ્યા. પરી. નારણભાઇ કેશવલાલે ૧૪-૧૪-૦ માહે જુલાઇ સને ૧૯૦૩ માં તમામ છોકરાઓને અનાજ આપ્યું. ૮ સોજીત્રા સ. ઉ. શા. વહોરા કરીમ નુરજીએ ,, પાણી ભરાવ્યું. ૯ ધર્મજ સ. ગુ. શા. ગામ લોકોએ ૨-૦-૦ પતાસા વહેંચ્યાં. ૧૦ ધર્મજ સ. ગુ. કન્યાશાળા સદર ૧-૦-૦ ,, મેહેળાવ સ. ગુ. શા. પા. બાપુજી નથુભાઇએ ૧-૮-૦ ,, ૧૨ બાકરોલ ,, પા. મથુરભાઇ પરભુદાસે ૧-૦-૦ ,, પા. ગોકળભાઇ દેસાઇભાઇએ ૧-૦-૦ ,, ૧૩ રામોલ ,, શા. જેઠાલાલ હરજીવનદાસે ૧-૦-૦ ,, ૧૪ રૂદેલ ,, પેટલાદના જેશી અંબાલાલ વેણીશંકરે ૧-૦-૦ ,, ૧૫ જલસણ ,, ગામ લોકોએ ૧૫-૧૩-૦ છોકરાઓને લાડુ જમાડયા. ૧૬ ભુરાકોઇ ,, માસ્તર હરીલાલ વેણીરામે ૫-૦-૦ ,, માલપુડા જમાડયા. ૧૭ કાવીઠા ,, શાળાના મહેતાજી તથા આસિસ્ટંટોએ ૧૩-૦-૦ ,, લાડુ જમાડયા ૧૮ જોળ ,, શા. છગનલાલ ગંગાદાસે ૫-૮-૦ ,, લાપશી જમાડી પતાસાં વહેંચ્યાં. ૧૯ સોખડા ,, સદ્‌ગૃહસ્થોએ ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૨૦ કરજણ સ. ગુ. શા. શા. ખીમચંદ લક્ષ્મીચંદે ૨-૦-૦ પુસ્તકો વહેંચ્યાં તથા લાડુનું જમણ આપ્યું. ૨૧ શીનોર ,, પા. ત્રીકમ કેશુરે ૧-૦-૦ સાકર વહેંચી. ૨૨ દરાપુરા ,, શા. છગનલાલ જયચંદે ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. પા. દરભાઇ ઇચ્છાભાઇએ ૧-૦-૦ ,, પા. લલ્લુભાઇ ખુશાલભાઇએ ૧-૦-૦ ,, ૨૩ વડુ ,, શા. દેવચંદ લાલચંદે ૧૫-૦-૦ છોકરાઓને કંસાર ઘી જમાડયો. ૨૪ બાયલી ,, ગામ લોકોએ ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૨૫ કોયલી ,, ,, ૧-૦-૦ બરફી વહેંચી. ૨૬ કરમસીયા ,, ,, ૪-૦-૦ પુસ્તકો વહેંચ્યા. મતાદાર પા. કાળીદાસ વરખભાઇએ સદર છોકરાઓને માલપુડાનું જમણ આપ્યું. ૨૭ કારવણ ,, ગામ લોકોએ ૮-૮-૦ સાકર, પુસ્તકો વહેંચ્યાં. ૨૮ કારવણ સ. ગુ. ક. શા. ગામના સદ્‌ગૃહસ્થોએ ૩-૪-૦. ૦-૧૨-૦ સાકર, ૨-૮-૦ છીંટ વહેંચી. ૨૯ સંખેડા સ. ગુ. શા. રા. સા. વહીવટદાર તથા બીજા સદ્‌ગૃહસ્થોએ મળીને ૧૫-૦-૦ ૩-૧૨-૦ પતાસાં, ૧૧-૪-૦ પુસ્તકો વહેંચ્યાં. કુલ. ૧૬૨-૪-૦.

નવસારી જીલ્લો.

૧ નવસારી સ. ગુ. શા. મે. રા. બા. કોડારે સાહેબ જાડા એમણે ૪-૮-૦ ઇનામ માટે આપ્યાં. શેઠ રતનજી ફરામજી દાણુત તરફથી ૪-૦-૦ ,, વકીલ માણેકલાલ શીવલાલે ૪-૦-૦ મીઠાઈ વહેંચી. ૨ ,, સ. મ. શા. ,, ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૩ ,, સ. ઉ. શા. અજુમન તરફથી ૧-૦-૦ પાણી માટે આપ્યો. ૪ આમલી સ. ગુ. શા. આસી. બાબુભાઇ ખુશાલભાઇએ ૧-૦-૦ પતાસાં વહેંચ્યા. ૫ વેસ્મા સ ગુ. કન્યાશાળા શેઠ દુલભદાસ લક્ષ્મીદાસે ૨-૦-૦ પુસ્તકો તથા બાંડ વહેંચી. ૬ તવડી સ. ગુ. શા. હોરમજી દોરાબજી પોસ્ટે ૧-૦-૦ ગરીબ કોમના છોકરાઓને આપ્યો. ૭ પરજણ ,, અબેલાલ રતનજીએ ૧-૦-૦ બાંડ કોપરું વહેંચ્યું. ૮ પડધા ,, અનાવળા પંચોએ તથા કોળી લોકોએ મળીને ૧૪-૦-૦ મોહું ધડીઆળું આપ્યું.

(અપૂર્ણ)

ગાયકવાડ સરકારનું દેશી કેળવણી ખાતું.

(વટહુકમો)

વટહુકમ નંબર ૧૩

કામગિરી બદલ આપવાની ત્રીજેરીમાંથી લીધલી રકમ કોઈ કિસ્સામાં કોઈ કારણસર અદા થઈ ન હોય તે સાલ આખરે ત્રીજેરીમાં પરત ભરવામાં આવે છે, તે બે વર્ષ સુધીમાં નિયમને અનુસરી માગણી થયેથી અદા થવા બદલ મેહેરબાન રા. બા એકાઉન્ટન્ટ જનરલ સાહેબ તરફથી વટહુકમ ન ૮ તા. ૨૪-૧૦-૦૩ નો

બદલાવવાની બાકીની રકમ કોઈ કારણસર ત્રીજેરીમાં પરત ભરી દોવા તે બે વર્ષ સુધીમાં પરત મળી શકે તે બાબત

આજ્ઞાપત્રિકા પાન ૧૭૦ તા. ૨૯-૧૦-૦૩ પર પ્રસિદ્ધ થયો છે તેનો ઉતારો નીચે પ્રમાણે છે:—

" કામગિરી બદલ તથા બદલા પેટે કરી બક્ષનામાંથી ઉપજી લીધેલા પૈસા કિસ્સાવાર અદા કરતા કોઈ કારણસર બાકી આખરે બાકી રહે તો તે બક્ષનામાં પરત ભરવામાં આવે છે, ને જેવી રીતે પરત ભરવામાં આવેલા પૈસા પાછા બક્ષનામાંથી લેવાના પ્રસંગે પુરવણી બિલ નહિ કરતાં નિ. ' અ ' ના નમુના પ્રમાણે પાવતીપત્રક કરી પૈસા લેવા બાબત નિયમની કલમ ૨૧ મા કહેલા નિશાની (અ) ના નમુના નીચે સમજુતીની કલમ ૪ માં લખેલું છે

નિયમની કલમ ૨૧ માં કહેલા નિ (અ)ના નમુના ની સમજુતીની કલમ ૪

૨ આવી રીતે પરત જમા થયેલા પૈસા કેટલી મુદતસુધી આપી શકાય તેની સ્પષ્ટતા નહિ હોવાથી તે બાબત બાબત જેક વકિયલટનર તરફથી રિપોર્ટ આવે સર્વે ઠેકાણે અમલ થવા માટે આ વટહુકમ કરવામા આવે છે કે, આવી રકમો પરત જમા થયા તારીખથી બે વર્ષની અંદર માગણી થયેથી આપવાની તજવીજ થવી જોઇએ. એ મુદત પછી જેવી રકમો બચત થયા પ્રમાણે ગણવાની છે. તા. ૨૪ ઓકટોબર સન ૧૯૦૩. "

આવી રકમો પરત જમા થયાની તારીખથી બે વર્ષની અંદર માગણી થયે આપવી જોઇએ.

સદરહુ પ્રમાણે આ ખાતાના અધિકારી બધા અમલ કરવા તજવીજ રાખવી. તા. ૨ નવેમ્બર સન ૧૯૦૩.

શુ મ. દસ્તુર Chhaganlal T. Modi.
એ. વિદ્યાધિકારી.

સૂચના.

દફતરની વ્યવસ્થા કરવા સંબંધી નિયમો આવી ગયા છે તેનો અમલ કરવા બે રા. રા. વિદ્યાધિકારી સાહેબ તરફથી વટહુકમ નં. ૧૧ તા. ૩-૧૦-૦૩ ના કેળવણી ગેઝેટીયરમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

વ્યવસ્થા કરવાનો હુકમ થવાથી રાખવાના તથા ફાડવાના શિક્ષાની શાળાઓમાં જરૂર પડવાની. આ પ્રાતની શાળાઓ માટે જે તે શાળાના કંટીજંટમાંથી શિક્ષા ખરીદ થવાનો બંદોબસ્ત કરવા મે. રા બા. વિદ્યાધિકારી સાહેબનું ફરમાન થયેલુ છે.

મદરહુ શિક્ષાઓ બદલ તપાસ કરતાં પોતાના ખર્ચે મુખ્ય મુખ્ય તાલુકાની સ્કુલોમા શિક્ષા મોકલી આપવા દવે બેચરલાલ શામળદાસે કબુલ કર્યું છે, અને તા ૨૬-૧૦-૦૩ થી જણાવ્યું છે.

શિક્ષા કેવી હશે તથા તે શી રીતે મંગાવવા તે નીચે પ્રમાણે —

૧ રાખવાના તથા ફાડવાના એવા અક્ષરો કોતરેલા પીતળના લાકડાના રંગીન હાથાવાળા કુમા ગાદી તથા લાલ લીલી શાહીની શીશીઓ સાથે મળશે

૨ શિક્ષાની જોડની કીંમત ૩. ૨-૧૪-૦ બે રૂપીઆ ચૌદ આના કલદાર મોકલવાના પૈસા શાળાના ખર્ચે મોકલવા અને તે ખર્ચ આંકણાણુ આધારે કંટીજંટ ખાતે લખવો. મંજુરી લેવાની જરૂર નથી.

૩ શાહી ખૂટે ત્યારે દરેક શીશીના ૩. ૦-૪-૦ ચાર આના કલદાર મોકલવાથી પોતાના ખર્ચે મોકલી આપશે શાહીની શીશીઓ પરભારે કોઇને બીજે ઠેકાણેથી મળે એમ હશે તો તે લેવાને હરકત નથી.

૪ કદી શીશીઓ નહીં મંગાવતાં રંગ વાપરવાનું કોઇની ધ્યાનમાં આવશે તો તેમ કરવા હરકત નથી. પરંતુ ગ્રીકાર્ડના નિયમમાં જણાવ્યા પ્રમાણે શાહી બરોબર ચકચકતી અને સ્વચ્છ શિક્ષો કરતાં ઉઠવી જોઇએ.

૫ શિક્ષાઓ જે તે શાળાઓના મહેતાજીની માગણી થયેથી પાસેની તાલુકા સ્કુલમાં મોકલી આપશે ત્યાંથી જેમણે તેમણે મંગાવી લેવાની તજવીજ કરવી પડશે

ઉપર પ્રમાણે મરતોથી તેમણે શિક્ષા કરી આપવા જણાવ્યું છે તો જેમને જરૂર જણાય તેમણે તેમના તરફ પરભારું લખી મંગાવી લેવાની તજવીજ કરવી તેમનુ ઠેકાણું વડોદરા ન્યાયમંદિર પાછળ હનમાન ફળીયામાં છે

તા ૧૬ નવેમ્બર ૧૯૦૩ M. C. Desai,

અ જે. એ એજ્યુ. ઇન્સ્પેકટર, પ્રાંત વડોદરા.

સૂચના.

સરકારી ગુજરાતી શાળાઓના હેડમાસ્તરો અને મહેતાજીઓને આથી સૂચવવામાં આવે છે કે જે શાળાઓની લાયબ્રેરીમા અક્ષરગણિત કિંમત ૩. ૧-૧૦-૦ તથા ગામના નમુના કિંમત ૩. ૧-૮-૦ ન હોય તો તે શાળાના ચાલુ માસના માસિક પત્રકમા જે તે શાળાના મુખ્ય શિક્ષકે આ હકીકત જણાવવી. તા ૨૦ નવેમ્બર સને ૧૯૦૩.

Chhaganlal T. Modi.

J. P. J. એ. વિદ્યાધિકારી.

કે ળ વ ણી.

દોધકવૃત્ત.

અર્થ ભલે વધ્યો ધર્મ મ ગાયે, જ્ઞાન ભળે ગતમાન પ્રપાયે;
પ્રીતિ વધે પસરે જશ સારો, એ શિશુશિક્ષણ ધર્મ ઉગારો.

પુસ્તક ૧૮ મું. પૌષ સંવત્ ૧૯૬૦. અંક ૩ જો.

દર્શન.



ચોક્કસ વસ્તુનો વિષય કરેલ દર્શનની નીચે પ્રમાણે મુખ્ય પાંચ બાબત પાડે છે

૧. મનુષ્યોની ઉત્પત્તિ—આર્યોત્પત્તિ, પ્રજાઉત્પત્તિ, વગેરે

૨. મુક્તિની પ્રાપ્તિ.

૩. મનની વિશુદ્ધતા—દયા તથા જ્ઞાનની પ્રાપ્તિ વગેરે

૪. કુળ કૈવલ્યપ્રદ.—સત્યવાદી સત્યવાદી, ચોરનારી, માનારી, વિશ્વાસ ઘાતકીની, વગેરે દુષ્કર્મોના કુફળોત્પ

૫ સાંપ્રદાયિક અનેનું પાલન અને બીજાઓનું

આ પાંચ બાબતોમાં આપણે જરા બારીકીથી નાખીશોધીએ વિચાર કરવાથી જણાશે કે હાલ નિશાળમાં આપણા વિદ્યાર્થીઓને શિક્ષક ભાઈ ઇતિહાસ્યની કેળવણી આપે છે અને બાકીની બાબત ઉપર પૂરતું ધ્યાન આપવાનું તેમનાથી બની શકતું નથી. પણ તેમ જે ન થાય તો કેળવણી અપૂર્ણ રહે છે આ તેથી જે કામ થતું હોય તે બંધ પાડવું નથી કેળવણી અપૂર્ણ હોવાને તેનાં અંગો પૂર્ણ થવાની જરૂર છે. તેમ વિદ્વાન કેળવણીના બાકી નીચે પ્રમાણે જણાવે છે —

(૧) ક્રિયા, (૨) પદ્ધતિ, (૩) ક્રિ ૬, અને (૪) સાહિત્ય ઇતિહાસનાં મહાન, આદર્શરૂપી, જોગારેટની, મુક્તિપ્રદ, ઇનીક્ર, અને બીજા વગેરેનો સમાવેશ થાય છે. આ બધા પૂર્ણ પદાર્થ પછી કેળવણીનાં પાયે બંધો કરવા જરૂર ધ્યાન આપવાનું જ બની રહે એમ નથી.

હિંદુસ્તાનની ભાષાઓ—હિંદુસ્તાનમાં જેટલી ભાષાઓ બોલાય છે તેમાંની મુખ્ય છે તેમાંની (૧) દ્રાવિડી, (૨) મનભાષી, (૩) તૈલંગી કે તેલુગુ, (૪)

દ્રાવેડી કે તામીલ, આ ચાર ભાષાઓનાં મૂળ તાતારિયન કે તુરૂનિયનમાં હોય એમ જણાય છે, તોપણ થોડા વખતપર તે ભાષાના એક વિદ્વાન સાથે વાત કરતાં તેણે જણાવ્યું હતું કે એ ભાષાઓનાં મૂળ પણ ગુજરાતી, મરાઠી, વગેરેની પેઠે સંસ્કૃતમાંજ છે. સંસ્કૃતમાંથી ઉત્પન્ન થયેલી ભાષાઓના ત્રણ વર્ગ પાડીએ તો પહેલા વર્ગમાં (૧) મરાઠી, (૨) ગુજરાતી, (૩) મેવાડી, (૪) મારવાડી, (૫) કચ્છી, અને (૬) સિંધી, આ છ ભાષાઓ આવે; બીજા વર્ગમાં (૧) બાળી, (૨) રાંગડી, (૩) બીજ, (૪) મુલતાની, (૫) કાશ્મીરી, અને (૬) પંજાબી, એ ભાષાઓ આવે; અને ત્રીજા વર્ગમાં (૧) હિંદી, (૨) અંગાળી, (૩) નેપાળી, તથા (૪) ઉડિયા, આ ભાષાઓ આવી શકે.

લંડનની મહત્તા—રા. રા જગજીવન દયાળજી મોદી લખી જણાવે છે કે, "લંડન સ્પેક્ટેટર્સ" નામના પત્રમાં લંડનની દેશસ્થિતિ વિષે જે હેવાલ આપેલો છે તે જાણવા જોગો છે. લંડન શહેર કેવડું મોટું છે તેનો બરોબર ખ્યાલ આવે તે માટે તેઓ તેમાંથીજ જણાવે છે કે, કોઇ પણ માણસ લંડનની પૂરેપૂરી હકીકત જાણતો હશે કે નહિ એ બાબત શંકાજ રહે છે. જેવો કોઇ પણ માણસ કે જે લંડનના એકાણું બા-ગોમાં થઇને ફર્યો હોય? અથવા તેની લગભગ એકહજાર જાહેર પ્રાથમિક નિશાળોની જેણે ભેટ લીધી હોય? અથવા એકમો ને પદર માઇલની તેની ટ્રામ્વેમાં બેશીને મુસાફરી કરી હોય? અથવા તેનાં બધો છોતેર રેલવે સ્ટેશનનાં પ્લેટફોર્મ ઉપર જે ચોક્યો હોય? લંડન શહેરની હદનો પૂરો વિચાર આપવો એ ઘણું અઘરું છે. નવ મુંબાઇ કરતાં વધારે તો એની વસ્તી છે. એકલા એના બાગોએજ ચાર હજાર એકર જમીન રોકેલી છે. દરેક વર્ષ

સ્વરમંડળના કામ ઉપર મોટમોટા પ્રસિદ્ધ દેશી પરદેશી ૨૦ હજાર માણસો બનેલર ચોરીમાં ભૂખી કાને લાગેલા હતા ઇટલી દેશની રાજધાનીમાનો એક પ્રસિદ્ધ ચિત્રકાર (ચિત્રી) હતો તેને દર મહિને રૂ ૧૦૦૦) આપતા હતા તેમજ અમાનત અલ્લીખાં સિતારજીને રૂ. ૧૦૦૦), મહમદખા નત્થુખાંને રૂ ૫૦૦), મહમદ ગરીબ દમાઇને રૂ. ૫૦૦), ઇમ આમખા ગુમમદમાત્રને રૂ ૫૦૦), મહમદખા ખુશનવીસ બગલાને રૂ ૫૦૦), મોહનલાલ વકિલને રૂ. ૫૦૦), મનોહરલાલ લાહોરીને રૂ ૫૦૦) મોહનલાલ લાહોરીને રૂ. ૬૮૦), બાલિમખા ગુમમદમાત્રને રૂ. ૨૦૦), એ પ્રમાને માસિક પગાર આપતા હતા કેવો મોટો અર્થ !!

બાળકોની આરોગ્યતા માટેના વિદ્વાનોના વિચારો—અમારે બીજી ત્રણ ચાર દરજજ ધનજી કામાજીએ આ મથી કેટલાક વિદ્વાનોના અભિપ્રાય લખી જણાવ્યા છે જે શિક્ષકોને જાણવા જેવા હોવાથી અહીં આપ્યા છે –

૧ બાળકોને કેળવણી આપવામા સાધારણ ભૂલ એ છે કે છોકરીઓના મગજમાં માત્ર તેમના દેખાવ તરફ ધ્યાન દઇએ છીએ અને તેના અંત કરણોની કાઇ દરકાર કરતા નથી. પરંતુ છોકરાઓના સંબંધમા અમો તેમના બાહ્ય પાને શણગારવા એટલી તો કાળજી રાખીએછીએ કે તેમની શારીરિક કેળવણીનો ખ્યાલ પણ રહેતો નથી

" એડીસન "

૨ સારૂં ભણેલ થવા પહેલા સારા દોર થવુ જરૂરનુ છે

" બોક કહેવત "

૩. જેટલી ઉત્તમ પ્રકારની કેળવણી આપી શકાતો તેટલીજ તે આપી છે પરંતુ શરત એટલી કે શરીરને કાઇ નુકસાન ન પહોંચે. એવી રીતે અને એટલી હદ સુધી કેળવણી આપવી કે જેથી શારીરિક શક્તિઓ નબળી પડી જાય, તો તે એ ફળ આપે છે કે સઘળી આશાઓ નાશ પામે છે કે જે આશાઓ માટે આટલી મેહનત, ખર્ચ અને ચિંતા કરી હતી.

" હુમ્બર્ટ સ્પેન્સર "

૪. જો મારે બાળકો હતે તો તેમની સાળ વર્ષની વયે તેમના બેશરાફ તનદુરસ્ત અને ખુશનસ્બ શરીર જોઇ હું ઘણો ખુશી થતે, અને તેઓ એ છોકરાના મુકાબલામા અજ્ઞાન રહ્યા હોય કે જેઓ પોતાની બીજા વર્ષની વયે ઉત્તમ પ્રકારની કેળવણી મેળવી પોતાની તનદુરસ્તી ગુમાવી નકામા બેસી રહેતા હોય, દરેક વખતે દુ ખના ભરેલા હોય અને પોતાના દોસ્તો માટે બોજા રૂપે બની ગયા હોય હુ કેળવણીને અરાજ કહેતો નથી. પણ તનદુરસ્તીની વધારે કદર કરૂં છું.

" બોક હિ દુરતાની "

વિદ્યામહિમા વિષે.

ગઝલ.

" આ બલકનો બનાવનાર એક છે ખુદા. " એ રાગ.

અમૂલ્ય રત્ન છે જુઓ, વિદ્યા વિદ્યા વિદ્યા;
છે પંડિતો તેના પરે, ફિદા ફિદા ફિદા. અમૂલ્ય. ૧
આ વિશ્વમાં વિદ્યા રૂપી, બળનો છે ખરો;
ભણી ગણી બણી બળનો, ઉરમાં ભરો. અમૂલ્ય. ૨
ન ચોરથી લુંટાય કે, ચુંટાય તો નહિં;
છે અભય ને અખૂટ ધન, સૃષ્ટિમાં સહી. અમૂલ્ય. ૩
વિશેષ વાવરે વિશેષ, વૃદ્ધિ પામશે;
ખૂટે નહિ તેવો બળનો, હૃદય બળશે. અમૂલ્ય. ૪
ભણ્યા ગણ્યાનો ભાઈ ભાગ, માગે ન કદા;
સ્વદેશ કે વિદેશમાં, સાથે રહે સદા. અમૂલ્ય. ૫
વિદ્યા ભણ્યાથી વિશ્વમાં, અનેક ફાયદા;
અભણ રહ્યાથી આદમીને, આવે આપદા. અમૂલ્ય. ૬
ભણ્યો ગણ્યો અનેક વિધ, સુખ ભોગવે;
અભણ રહે દરિદ્રતાનું, દુઃખ જોગવે. અમૂલ્ય. ૭
ઉમાદત્ત ઉમંગથી, આ કાવ્ય તો કરી;
વિદ્યાર્થીના લાભની, વાંચો પૂરી ફરી. અમૂલ્ય. ૮

ઉમીયાશંકર ખુશાલરાય,
કચ્છમુંદ્રા તાલુકાસ્કૂલમાસ્તર.

પદ્ધતિ.

પદ્ધતિ એટલે અમુક ચોક્કસ પરિણામ મેળવવાનો રસ્તો અગર રીતિ. પદ્ધતિથી વસ્તુ, વિચાર અને ક્રિયાનો એવો સંયોગ અને એવી આવસ્થા થાય છે કે જેથી આપણે આપણું કાર્ય કશા પણ ગભરાટ વગર, વખત અને મહેનતના યોગ્ય અર્થે, ક્રમબદ્ધ રીતે કરી શકીએ છીએ.

કેળવણીના સંબંધમાં પદ્ધતિ શબ્દનો અર્થ શિક્ષણ અને કેળવણીના કાર્યમાં ક્રમેક્રમે મેળવવાને આગળથી ગોઠવેલો રસ્તો એવો થાય છે. એ રસ્તો ગોઠવનારાએ, વિદ્યાર્થીઓને જ્ઞાન આપવામાં તથા તેમની શક્તિઓ ખીલવવામાં જે જે સાધનોની જરૂર પડે તથા જે જે

બનાવો કરવી પડે તે તમામનો વિચાર કરવાનો હોય છે. એટલે શિક્ષકમાં તે વિષયના સંબંધે જે જ્ઞાન હોય તેનો શિક્ષણશાસ્ત્રના નિયમોને અનુસરીને તેમાં ક્રમ કરવામાં આવે છે. શિક્ષણને લગતા સિદ્ધાન્તો નિયમો અને પદ્ધતિની એવી એવી મકરના થાય છે કે જેમાં શિક્ષક પોતાના જ્ઞાન, બુદ્ધિ અને વિચારશક્તિનો ઉપયોગ તેના વિદ્યાર્થીઓ પ્રતિ કરી શકે

પદ્ધતિ એ માત્ર આગળથી ગોઠવેલો વિચાર કે ક્રમ કે વ્યવસ્થા કે યુક્તિ નથી, તો કે એ બધી બાબતો થોડે કે ઘણે અંશે તેમાં રહેલી છે તેમ પણ તેનું ખરું લક્ષણ પૂર્ણ શુદ્ધ લક્ષ્ય અને તે મેળવવાનાં કેટલાંએક સ્વાભાવિક અને સહજ સાધનો એ છે શિક્ષકે પોતે પોતાને પૂછવું જોઇએ કે મારે શું કરવાનું છે? શા માટે કરવાનું છે? અને એ કેવી રીતે કરવાનું છે?

કાનને એની મેળે થવા દેવાના સિદ્ધાન્તથી પદ્ધતિ તદ્દન વિરુદ્ધ છે એ બાલ્યવાણી સિદ્ધાન્ત કે જેમાં વિચારને બિલકુલ અવકાશ નથી, અને જેમાં ગમે તે રીતે પણ આખર કામ થઈ જશે એવી આશા રાખવામાં આવે છે, તેમાં વખત જતા સુધી શિક્ષકને હાકલો નથી ત્યાં સુધી શિક્ષક પ્રમાદમાં રહે છે. શિક્ષણમાં એટલી બધી મહત્તની અને ઘણી સંભાળ રાખવા લાયક બાબતનો સમાવેશ થાય છે કે જે બાબતોનો એવા આકસ્મિક સંયોગ ઉપર આધાર રખાય નહીં. દરેક જણવું જોઇએ કે તેની કેળવણીનો આધાર મોટે ભાગે તેની પદ્ધતિ ઉપર છે.

છતાં એમ નથી ધારવાનું કે પદ્ધતિ બધું કરી દે છે. એ તો માત્ર સાધન અને દિશા સૂચક છે કે જેનાવડે શિક્ષણ એવું કરી શકાય કે જીવનારાઓની શક્તિઓ ઉદીપ્ત થાય, અને અનુકૂળ મનોવલનોથી તે શક્તિઓમાં સત્ય વિચાર માટે અને સત્ય આચાર માટે બળ આવે.

શાળાઓમાં અનુસરવા લાયક સિદ્ધાન્તો કે જે શિક્ષણની દરેક બાબત પર કંઇક પ્રકાશ પાડવા જોઇએ તે પદ્ધતિના સામાન્ય નિયમો કહેવાય છે. આ નિયમો બધા એક લક્ષ્યને અનુસરતા હોવાથી થોડે કે ઘણે અંશે પણ દરેક શિક્ષણમાં પળાવા જોઇએ. શિક્ષકે તેમનો કેટલીવાર કયાં આગળ કેટલો ઉપયોગ કરવાથી વધારે લાભદાયક થશે તેનો વિચાર કરીને, અને પોતાના હાથમાં જે કામ છે તેની કુલ જરૂરિઆતોને પૂરી પાડશે તે બેલાશી કહાડીને, તેનો ઉપયોગ કરવો જોઇએ તેના હાથનો દરેક બાગ જો સામાન્ય નિયમોને અનુરૂપ હશે તો એ નિયમો તેનો પોતે શિક્ષણનાં બધા મળતરો ઉપર લાવશે અને કયી રીતિએ થવું તથા કયાં આગળ તે ખૂબમાં પાડશે તે બતાવશે

એ સામાન્ય નિયમો નીચે પ્રમાણે છે:—

૧ આપણે આપણા કામ પદ્ધતિને અનુસરીને જેવું જોઇએ મન જે ક્રમ પ્રમાણે બીજી હકે તે ક્રમ પ્રમાણે આપણે ચાલવું જોઇએ. મનને બીજવવાનો ક્રમ મન ઉપરબોજ ન થાય એવો જોઇએ.

૨. પદ્ધતિ જીવનારાની આવશ્યકતાને, યોગ્યતાને, જ્ઞાનને અને ટેવોને સંપૂર્ણ અનુકૂળ જોઇએ. બાલ્ય આદી અને અસરકારક જોઇએ. જ્ઞાન અને કેળવણી સાથે સાથે ચાલવાં જોઇએ.

૩. વિદ્યાર્થીના મન ઉપર પ્રથમ પડતી છાપો ઘણી અસરકારક અને શુદ્ધ હોવી જોઇએ.

૪. બાળકની સામાન્ય બુદ્ધિ એવી ખેડાવી જોઇએ કે જેના ઉપર કોઇ વિશેષ કેળવણીનો પાયો નાંખી શકાય. પ્રમાણમાં બધી શક્તિઓની વૃદ્ધિ કરવી જોઇએ.

૫. નહાના બાળકના સંબંધમાં તેમની ઇન્દ્રિયોને વધારે કેળવવી જોઇએ. કાન કે આંખ એકલાનો ઉપયોગ થવા દેવા કરતાં બન્નેનો થાય તેમ કરવું જોઇએ. હાથની સાથે મનને પણ કામ કરતું બનાવવું જોઇએ.

૬. શિક્ષણ યાંત્રિક નહિ પણ વિચારમય બનાવવું જોઇએ. સ્મરણ અને વિચાર બન્ને શક્તિ ખીલવવી જોઇએ.

૭, બાળકની વ્યક્તિગત વિશેષતા કદાપિ ભૂલવી ન જોઇએ. જે શક્તિ તેનામાં હોય તેને માન આપી, બધી બાબતમાં તેના આત્મપ્રયત્નને ઉત્તેજન આપવું. શિક્ષકનું કામ એ છે કે બાળકનો વધવાનો રસ્તો નિર્વિઘ્ન કરવો કહેવા કરતાં તેની પાસે શોધ કરાવવી.

૮, શિક્ષણ શબ્દથી નહિ, પણ વસ્તુથી અને મનમાં ચોખ્ખો ખ્યાલ આવે એવા વિચારોથી આપવું જોઇએ. જ્ઞાનને બદલે જ્ઞાનના માત્ર શબ્દોજ ન અપાય તેને માટે સદા જાગ્રત રહેવું જોઇએ

૯. શિક્ષણ પાસેમાં પાસેની વસ્તુથી શરૂ થવું જોઇએ. પાસેની, વાસ્તવિક અને અનુભવમાં આવતી બાબતો ઉપરથી દૂરની, માનસિક અને કાલ્પનિક બાબતો ઉપર જવું જોઇએ.

૧૦. જ્ઞાત ઉપરથી અજ્ઞાત, સરળ ઉપરથી વિષમ, દૃષ્ટાંત ઉપરથી નિયમ, અને મૂર્ત ઉપરથી સિદ્ધાન્ત ઉપર જવું જોઇએ. જાણીતી અને મૂળ બાબતો પ્રથમ લેવી જોઇએ અને જ્યાં સુધી તે પૂર્ણ રીતે ગ્રહણ થાય ત્યાંસુધી તેના ઉપર યત્ન કરવો જોઇએ. દરેક બાબતનું જ્ઞાન બરાબર અને સ્પષ્ટ થવું જોઇએ. એક પણ બાબતમાં પડેલી પૂર્ણ સમજણ શીખનારાઓમાં ગમ અને આત્મશ્રદ્ધા ઉત્પન્ન કરે છે.

૧૧. વૃદ્ધિ ક્રમે ક્રમે થવી જોઇએ. ઉત્તરોત્તર જ્ઞાનનો ક્રમ અને સંબંધ એક પછી એક સમજાયા પછીજ લેવો જોઇએ.

૧૨. શિક્ષણ એવી રીતે ચલાવવું જોઇએ કે જેમાં શિક્ષક અને શીખનાર બન્નેને ઉત્તેજન મળે. મંદ શિક્ષણ સફળ થઈ શકતું નથી મનોયત્નો એવાં ન આપવાં જોઇએ કે જેથી શીખનારાઓ નાકામેદ થાય.

૧૩. બાળકમાં જે ચીજ લાવવાની છે તે બધીમાં અભ્યાસમાં રસ એ પ્રથમ છે. શિક્ષણની સફળતાનો આધાર એ રસ ઉપર છે.

૧૪. બાળકોને પરિણામ બતાવીને નહિ પણ કારણો બતાવીને દોરવાં જોઇએ.

૧૫. વાસ્તવિક શિક્ષણમાં શિક્ષણ અને શીખનાર વચ્ચે વિશ્વાસ અને પ્રીતિની લાગણી એ આવશ્યક છે. શિક્ષક સ્નેહાળ જોઇએ.

૧૬. હમેશાં યાદ કરાવ્યા વગર અને વિચારાવ્યા વગર ઘણું ભૂલી જવાય છે. "અટકયા વગર બોલ્યા કરો" એ ઝાકોટોનો એક માનીતો સિદ્ધાન્ત છે. કોમેનીઉસ વારંવાર યાદ કરવાને "સ્મૃતિના પિતા અને માતા" તરિકે ગણે છે.

૧૭ ચંચળતા અને જિજ્ઞાસા એ બાળકનાં સ્વાભાવિક લક્ષણ છે. અમુક બાબત શીખવવાની સાથે તે બનતાં સુધી અનુભવમાં મૂકાવી જોઇએ જ્ઞાન અને કાર્ય સાથે થવાં જોઇએ

૧૮. ફેરફાર અને વિશ્રામ બાળકને કંટાળો ન આવવો જોઇએ શિક્ષણ બની શકે તેટલું રસિક કરવું જોઇએ પણ એ છેક રમત જેવું થઈ જાય એ જોખમકારક છે.

૧૯. આગમ એ બધી બાબતોનું મૂળ છે માટે પદ્ધતિ તેજ કે જેમા દરેક શીખનાર ઉદ્યોગમા રહે

૨૦. વિદ્યાર્થીઓ પોતાની મેળે જે કરી શકે તે શાળામા કરાવવું ન જોઇએ એટલે પોતાની મેળે જે ન કરી શકાય તે શાળામા કરવાનો તેમને વખત મળવો જોઇએ

ઉપર ગણાવેલા નિયમો તે સામાન્ય નિયમો છે તે જૂદા જૂદા વિષય, કાર્યક્રમ નરિકે ગણિત, ભાષાજ્ઞાન, વાચન વગેરેને લાગુ કરીને, તે તે વિષયની વિશેષ પદ્ધતિ દરેક શિક્ષક મુકરર કરી શકે. એ પદ્ધતિ શોધી કઢાડવામા અને તેનો ઉપયોગ કરવામા શિક્ષકની શોધકબુદ્ધિ, જ્ઞાન અને સૂક્ષ્મ વિચારનો ઘણો ખપ છે જે શિક્ષક પોતાની મેળેજ જોઈ કઢાડેની પદ્ધતિ વાપરે, તે કેટલો લાભ કરી શકે ! દાખલા પદ્ધતિ યાંત્રિક ઢબે ન ચાલવી જોઇએ, પણ દરેક વિશેષ પ્રસંગને અનુસરીને નવી કરવી જોઇએ.

કોઇ પણ વિષયને માટે અમુકજ પદ્ધતિ હોઇ શકે નહિ સવાય એટલો ખ્યાલ જોઇએ કે એ બરાબર છે કે નહિ ? અને એ સ્થિતિના જેટલી બનાવી શકાય તેટલીમા તે સારામાં સારી છે કે નહિ ? પદ્ધતિના નિયમો અને સૂચનાઓને જડ થઇને વળગી રહેવાનુ નથી, સ્થિતિને લગતો જ્યા જેવો ઘટે ત્યા તેવો ફેરફાર કરવાને દરેક સ્વતંત્ર છે

કોઇ પણ કાર્ય ક્રમસર અને પદ્ધતિસર કરવાથી આપણે વધારે કરી શકીએ છીએ અને ઓછા વખતમા વધારે સારાએ કરી શકીએ છીએ. એ નિયમ શિક્ષણમા પણ લાગુ પડવો જોઇએ

શિક્ષણમા થતી ઘણી બધી પદ્ધતિની ખામીની ટોપ છે શક્તિઓને ખીલવવાનું, કેળવવાનું અને જ્ઞાન આપવાનુ કામ ઘણી કાળજીપૂર્વક ગોઠવેલી પદ્ધતિઓ વગર થાય એ કેટલું બધું અસંભવિત છે ! વખતે ક્વચિત્ એમ બની જાય, પણ તેથી કરીને સર્વ પ્રસંગે તે ખરું ઠરે નહીં.

આવી પદ્ધતિના કેટલાએક લાભો ટૂંકામા આપણે જોઇએ —

૧. શિક્ષક અને વિદ્યાર્થી બન્નેનો કેટલોક વખત બચે છે
૨. બીજી મહેનતથી ઘણા વધારે આપ છે
૩ આવ મહેનત જ બચે છે એમ નહિ, પણ જૂની પદ્ધતિથી થતા નુકસાનોથી પણ બચાય છે.
૪ શીખનારને શ્રમ અને કંટાળો લાગતો નથી
૫ શિક્ષણને પૂર્ણતા તરફ દોરે છે અને વિષયને રસિક કરી ધ્યાન એકત્રમા મદદ કરે છે
૬. કામમાં ઉતાવળ થતી નથી અને મારું કરી શકાશે એવો શિક્ષકને વિશ્વાસ રહે છે.

૭. નિષ્ફળતા કે નિરાશા અનતાં સુધી થતી નથી.

૮. શીખવતી વખતે બળની તકોનો સારામાં સારો ઉપયોગ કરી લેવાને શિક્ષકનું મન છૂટું રહે છે.

શિક્ષક શક્તિમાન અને મહેનતુ હોવા છતાં પદ્ધતિઓ સારી વાપરવાની ફરજમાંથી તે મુક્ત થઇ શકતો નથી. સારી પદ્ધતિવાળો શિક્ષક પોતાની જાત તરફ, બાળક તરફ અને સોકરો તરફ પોતાની ફરજ બરાબર અદા કરે છે. કારણ કે તેથી તેની પોતાની શક્તિ અને વખતનો બચાવ થાય છે, બાળકને જે જોઇએ તે આપી શકાય છે, અને સોંપેલે વિશ્વાસથી જે મહત્વનું જોખમ તેના ઉપર મૂકેલું છે તેમાંથી તે પાર ઉતરે છે.

બીજાને શીખવવાથી આપણે શીખીએ છીએ. દરેક વિષયનો તેથી ચોખ્ખો અને પૂર્ણ ખ્યાલ લાવવો પડે છે. જે બુદ્ધિમાન શિક્ષક પદ્ધતિસર શીખવે છે, તેને જણાશે કે શીખવતાં શીખવતાં તેની બુદ્ધિને વિશેષ પ્રકાશ મળે છે, અને તેનું જ્ઞાન વિશાળ અને ઉંડું થાય છે. એટલે બીજાને લાભ કરવા જતાં પોતાને પણ પ્રમાણમાં લાભ થાય છે. ઘણીવાર તેને જણાઇ આવશે, કે જે બાબત તે પાકી ધારતો હતો તે ખરેખરી રીતે પાકી નથી, પણ અધૂરી છે. પોતાની એ અપૂર્ણતાનું ભાન થવા માટે ઉલટો તે આભાર માનશે. વાસ્તવિક શિક્ષણથી આપણા વિચારો જેટલા શુદ્ધ અને સ્પષ્ટ થાય છે, તેટલા બીજા કશાથી થતા નથી. કોઇ પણ હકીકત મનમાં રાખવાનો અને સમજવાનો સાચો અને ખરો રસ્તો એ છે કે તે બીજાને કહેવી અને સમજાવવી. બીજી રીતે કહીએ તો બીજાને શીખવવાથી આપણે શીખીએ છીએ; આપી દેવાથી લઇએ છીએ. આ કહેવું કેટલું ખરું છે તે જેનો સારી રીતે શીખવતા હશે તે દરેક પોતાના અનુભવથી જાણી શકશે. આ ઉપરાંત સારી રીતે શીખવવામાં કર્તવ્ય બજાવવાનો અને મુશ્કેલીઓ છતવાનો જે આનંદ મળે છે તે પણ ભૂલી જવાનો નથી.

કુસુમ.

હિંદુસ્તાનનો ઇતિહાસ અને તેનું શિક્ષણ.

ઇતિહાસ શીખવવાની ખરી પદ્ધતિ.

(ગયા માસથી).

ઇતિહાસ શિક્ષણનો ઉપયોગ અત્યાર સુધી જણાવ્યો છે તે ઉપરથી કોઇપણ વાંચનાર જોઇ શકશે કે બાળકોની માનસિક, અને નૈતિક ઉન્નતિ કરવાને ઇતિહાસ ઉત્તમ સાધન છે તથા તેમનામાં પ્રજાજનતા, સ્વદેશપ્રીતિ, અને સ્વમાનની લાગણી ઉત્પન્ન કરવાને તે અદ્વિતીય સાધન છે. ઇતિહાસના શિક્ષણ વગર આપણે તે ઉત્પન્ન કરી શકતા નથી અને તે ઉત્પન્ન થયા સિવાય દેશની ઉન્નતિનાં બીજ આપણે વાવી શકતા નથી. એ ઉપરથી જણાશે કે નિશાળોમાં ઇતિહાસનું શિક્ષણ કેટલું બધું અગત્યનું છે. અને તે ઉપર બરાબર ન આપવામાં આવે તો આપણે આપણા દેશનું કેટલું અહિત કરીએ છીએ. આવો ઉપયોગી વિષય માત્ર બોજાભરી રીતે શીખવવામાં આવે અને તેનાથી થતી નિરાશાની અસરો બાળકોના મનપર થાય નહિ એ કેટલું બેદરકારી છે! આટલા માટે ઇતિહાસ શીખવવાની

પદ્ધતિમાં સુધારો થવો આવશ્યક છે. અહીં અમે તે વિષે પણ કાંઈક સૂચના કરવા ધારીએ છીએ.

દેશની ભૂગોળ વિદ્યાને ઇતિહાસ શિક્ષણનો ઉપોદ્ઘાત કરવો એ ઇતિહાસ શિક્ષણની ખરી પદ્ધતિનું પહેલું પગથિયું છે ઇતિહાસ અને ભૂગોળને ગાઢો સબંધ છે, તેથી એકના શિક્ષણમા બીજાનો ઉપયોગ થવોજ જોઇએ. નકશો બતાવીને આપણે વિદ્યાર્થીઓને બતાવી શકીયું કે દેશ પર સ્વારી કરનારને મળતો જયપરાજય દેશસ્થિતિ પર કેવો આધાર રાખે છે' દેશના હવાપાણી ત્યાના લોકોની રહેણીકરણી પર કેવી અસર કરે છે, અને તેથી તે લોકો સ્વાભાવિક રીતે લડવાને કે તાબે થવાને કેવા લાયક થઈ રહે છે' આ અને એવીજ બીજી બાબતો નકશા ઉપરથી સારી રીતે બતાવી પડે છે, અને ઇતિહાસના બનાવને તે રિગદ (જડ સમજાઇ જાય એવા) બનાવી મૂકે છે. ઇતિહાસના સંબંધમાં આવતાં શહેરો વી ભૂગોળ સંબંધી સ્થિતિ પણ એટલાજ માટે જાણવી મુકવી અવશ્યની થઇ પડે છે. આ કામમાટે દેશની રાજકીય ભૂગોળ પણ અવશ્ય જાણવા જેવી છે. ભૂગોળ સ્મરણશક્તિને તથા નિરીક્ષણ શક્તિને કેળવે છે અને ઇતિહાસ નિર્ણયશક્તિને કેળવે છે. નિર્ણય કરવાને સ્મરણ તથા નિરીક્ષણ પ્રથમ હોવાની જરૂર છે અને એટલાસાટે ઇતિહાસ કરતા ભૂગોળનું શિક્ષણ પહેલું શરૂ કરવામા આવે છે જો તમે ધારો તો હિંદુસ્થાનના ભૂગોળનું પુનરાવર્તન એજ હિંદુસ્થાનના ઇતિહાસનો પહેલો પાઠ બનાવી શકો

આ પ્રમાણે ઇતિહાસના શિક્ષણનો પાયો રચ્યા પછી શિક્ષકનું શું કર્તવ્ય છે તે જોઇએ પ્રથમ તો બાળકોની જીજ્ઞાસાવૃત્તિને ઉશ્કેરવી જોઇએ એટલે તેમને જ્ઞાન મેળવાની ઇચ્છા થાય એમ કરવું જોઇએ, એ જીજ્ઞાસા ઉમ્મરના પ્રમાણમા ઉશ્કેરાય છે, માટે **દરેક વર્ગને ઇતિહાસ શીખવવાની પદ્ધતિ જુદી જુદી હોવી જોઇએ** આ પ્રશ્ને એ પદ્ધતિનાં ત્રણ પગથિયા કરી શકાએ —

અ. પ્રાથમિક કે કલ્પનાનું પગથિયું.

આ. સ્મરણનું પગથિયું.

ઇ. છેવું કે નિર્ણયનું પગથિયું

નાનાં છોકરાને વાતો ઘણી પ્રિય હોય છે માટે ઇતિહાસના શરૂઆતના પાઠને વાર્તાનું રૂપ આપવું જોઇએ. લડાઇઓ, યોગ, ચઢાઇઓ, વગેરેનુ સચિત્ર વર્ણન હોય તો ઘણું સારું. મહાન પુરુષોના ચરિત્રોમાંથી આશ્ચર્યકારક વાતો પણ કહી શકાય. વાર્તારૂપ વર્ણનો માટે હિંદુસ્તાનના ઇતિહાસની અનુક્રમણિકા આ પ્રમાણે થઇ શકે —

(૧) હિંદુસ્તાનની ભૂગોળ.

(૨) વૈદિક સમય —ઋષિઓ.

(૩) વીર કાર્યો—રામાયણ ને મહાભારત.

(૪) બુદ્ધ.

(૫) સિકંદરની ચઢાઇ

(૬) રજપૂતનાં રાજ્યો.

(૭) મહમદ ગજનવી

(૮) મહમદ ઘોરી અને પૃથ્વીરાજ

(૯) અલાઉદ્દીન ખીલજી અને ચિતોડ.
(૧૦) તૈમુરનો હુમલો.
(૧૧) ચંદબરદાર.
(૧૨) જહાંગીર ને નુરજહાન.
(૧૩) ઔરંગજેબ.
(૧૪) શિવાજી.
(૧૫) નાદીરશાહની ચઢાઇ.
(૧૬) પાણીપતની છેલ્લી લઢાઇ.
(૧૭) પ્લાસીની લઢાઇ.
(૧૮) મહિસુરનો હૈદરઅલી.
(૧૯) પંજાબનો રણજીતસિંહ.
(૨૦) હિંદુસ્તાનના રાજાઓ સાથે અંગ્રેજોની લઢાઇઓ. ક્ષામવારીની લઢાઇ, ચીલીયનવાળાની લઢાઇ, ઇ૦
(૨૧) સતી થવાના અટકાવનો કાયદો ને રામમોહનરાય.
(૨૨) સને ૧૮૫૭ નો બળવો. લખનોર, કાનપુર, ને દિલ્લીના બનાવ.
(૨૩) મહારાણી વિક્ટોરિયા.

ઉપર ગણાવેલા પ્રસંગ ફકત સૂચના રૂપ છે. ઇતિહાસમાંથી બીજા એવા ઘણા પ્રસંગ નીકળી શકે.

આ વાર્તાઓ સાથે ચિત્રો, નકશા, શિકલ, અને પાટિયાપર કાઢેલી આકૃતિઓનો છૂટથી ઉપયોગ કરવો જોઇએ. લઢાઇનું વર્ણન તો સ્થળ ચીતર્યા સિવાય કદી કરવું નહિ. વાતો કહેતી વખતે જુદાં જુદાં ઐતિહાસિક પાત્રોના મુકાબલા વગેરે કરવાનું બની શકે ત્યાં તેમ કર્યા વગર રહેવું નહિ. જેમ, પંજાબમાં શરૂઆતમાં આવેલા આર્યોની જીંદગીનો આજના હિંદુની જીંદગી સાથે મુકાબલો કરી શકાય; પૂર્વના બુદ્ધના સાધુઓનો હાલના ખ્રિસ્તી પાદરીઓ સાથે મુકાબલો કરી શકાય; ઇ૦.

એ રીતે વાર્તારૂપે મોઢેથી પાઠ શીખવ્યા પછી તે વાત ઇતિહાસના પુસ્તકમાં હોય તો તેમાંથી તે વાંચવાને છોકરાંને કહેવું, અને વાચ્યા પછી પુસ્તક બંધ કરાવી તેમાંથી છોકરાંને પ્રશ્નો પૂછવા અને કેટલી વાત તેમના મન ઉપર ટકી રહી છે તે જાણી લેવું.

ઇતિહાસમાં લઢાઇઓ સંબંધી શીખવવામાં આવે ત્યારે આ બાબતોપર લક્ષ રાખવું જોઇએ.

(૧) લઢાઇનો હેતુ–શા માટે લઢાઇ થઇ?
(૨) ક્યારે?
(૩) બન્ને પક્ષ.
(૪) આગેવાનો.
(૪) સ્થળ.
(૫) હકીકત–શી રીતે લઢાઇ લઢવામાં આવી તથા પરિણામ શું થયું તે.

ચરિત્રો હોય તો—

(૧) વર્ણન-તે માણસ શાને લીધે પ્રખ્યાત હતો ?

(૨) જન્મ વખત અને સ્થળ.

(૩) કેળવણી—નિશાળની કેળવણીજ નહિ, પણ તેને પોતાના કામને માટે તૈયાર થવાનાં જે સાધનો જરૂર હોય તે એમા જણાવવા

(૪) મુખ્ય બનાવ—તેની જીંદગીના બધા બનાવ કહેવા જો બની શકે તો વર્ષવાર બનાવો ગણાવી જઈને પછી એકત્ર કરવા

(૫) મરણ-વખત અને સ્થળ

અહીં ઇતિહાસ શિક્ષણનુ પહેલુ પગથિયું પુરૂ થાય છે બીજા પગથિયાને આપણે સમજણનું પગથિયું કહ્યુ છે, કેમકે તેમા કેટલીક પ્રમાણભૂત બાબતો આપણે યાદ રાખવાની હોય છે, અને એ પ્રમાણભૂત બાબતો ઉપર ઇતિહાસ શિક્ષણના ત્રીજા પગથિયાનો આધાર છે. ઇતિહાસના કેટલાક બનાવો ને હકીકતો મન તરિકે સમજણમા રહેતા પછીજ તે બનાવોએ જનસમાજપર શી અસર કરી છે તે શોધી શકીએ છીએ એટલા માટે સમજણ સાથે કેટલીક હકીકત તથા તારીખો યાદ રાખવાની જરૂર પડે છે ઇતિહાસમા તારિખો ને આંકો હાડ ગાડ આપેલી હોય છે, પણ તેમા ઉપયોગી ને નિરુપયોગી કયી કયી છે તે શિક્ષકે નક્કી કરી વિદ્યાર્થીઓને જરૂરની હોય તેજ તારીખો યાદ રાખવા કહેવું તારિખો સાથે બનાવનો સબંધ અવશ્ય જોડવો જોઇએ; કેમકે તે સિવાય તારીખોનો કાંઇ ઉપયોગ નથી. કેટલીકવાર ઇતિહાસમાં તારીખો અગત્યની રીતે આવી આવે છે તેનો બાજ લેવા ચૂકવુ નહિજોઇએ ખ્રીસ્તીની સદાય ૧૭૫૭ માં થઇ અને સિપાહીઓનુ બંડ ૧૮૫૭ માં થયું. આ યુક્તિથી તારિખો સટ યાદ રહે છે પણ બોગસ જનાબોજ તે યુક્તિનો ઉપયોગ કરવો

ઇતિહાસ શિક્ષણની આ બીજી પાયરી છે અને તે શીખવવાની પદ્ધતિ પણ પહેલી પાયરીના શિક્ષણ કરતા કાંઇક ભિન્ન છે શિક્ષક જુદા જુદા રાજ્યો અનુક્રમે શીખવવા માગતો હોય તો પહેલ શીખવવો હોય તેની કુંડળી હકીકત પ્રથમ મોઢેથી કહેવી, અને પછી વાચનપાઠની પેઠે ઇતિહાસ વંચાવવો, તેમાના અઘરા શબ્દો કહેવા, અઘરા વાક્યો સમજાવવા, અને આખી હકીકત પણ જરૂર પડે તો કહેવી કાયુ પાડિયું અને નકશો વગેરે હાજર રાખવાં અને ઘડે ત્યા તેનો ઉપયોગ કરવો પાઠ પૂરો થયા પછી તેમાથી જે પ્રમાણભૂત હકીકતો વગેરે આપણુ હોય તે વિષે વર્ગને પ્રશ્ન કરવા

ઇતિહાસ શિક્ષણની ત્રીજી અથવા ઉંચલની પાયરી નિરૂપણાત્મક છે વિદ્યાર્થીઓની નિરૂપણશક્તિને તેથી કસવામા મદદ છે નિશાળના મોટા ઉપરના વર્ગમા એનો ઉપયોગ થઇ શકે ને સમજવા માટે વિદ્યાર્થીઓનું એક વારનું ઇતિહાસનુ જ્ઞાન પાકુ થયેલું હોવુ જોઇએ કેમકે ઇતિહાસના તેમણે જે વાનો જાણી છે તે ઉપરથી તેમને તે તે બાબતના નિરૂપણ ઉપર આવવાનું હોય છે જેમકે—

(૧) ઐતિહાસિક બનાવોનો પરસ્પર સંબંધ જોડવો

(૨) કોઈ બનાવના પાસેનાં (તાત્કાલિક) અને દૂરના કારણો ખોળી કાઢવાં.

(૩) કોઈ કારણો ઉપરથી અમુક બનાવ આગે કેમ તેને બનવા માંડ્યો તે મુકરર કરવું


(૪) કોઇ બનાવની તાત્કાલિક શી અસર થઇ અને તેથી બીજાની શી અસર થઇ તે નક્કી કરવું.

(૫) કોઇ પ્રજાના જાતિ લક્ષણો કેવાં છે તે શોધી કાઢવું.

(૬) કયે ક્રમે પ્રજાની સ્થિતિ અને રીતભાતવગેરેમાં ફેરફાર થતો ગયો અને તે ફેરફાર કરનારાં કારણો ક્યાં હતાં તે જાણવું. ઇત્યાદિ.

આ જાતના શિક્ષણ માટે પાછળ કહ્યું તેમ ઇતિહાસનું એક વાર સારું જ્ઞાન થયેલું હોવું જોઇએ. શિક્ષકે આ વખતે કાળનો અનુક્રમ પકડીને શીખવવાની જરૂર છે. અમુક કાળ સુધીનો ઇતિહાસ લેઇને તેના પહેલાંના કાળના ઇતિહાસની તે કાળ ઉપર શી અસર થઈ છે તે નક્કી કરવું, તે કાળમાં શી ઊથલપાથલો થઇ અને તે ઉથલપાથલોએ આવતા કાળના ઇતિહાસ માટે શી તૈયારીઓ કરી મૂકી એ વિદ્યાર્થીઓ પાસેથી કઢાવવું. આ વખતે વિદ્યાર્થીઓને ઐતિહાસિક વાર્તાઓ અને તેવાંજ બીજાં પુસ્તકો વાંચવાના મળે તો વધારે ઉપયોગી થાય, પણ ગુજરાતી ભાષામાં હજી તેવાં પુસ્તકો થોડાં છે. તે સાથે અમને એમ પણ લાગે છે કે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ કરતાં કાંઇક ચઢતા દરજ્જાની કેળવણી મેળવનારા વિદ્યાર્થીઓજ ઇતિહાસનું આ પ્રકારનું જ્ઞાન મેળવી શકે. પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને પાછળ બતાવેલી બે પાયરીનું જ્ઞાન અપાશે તો પણ તેમનું ઇતિહાસનું જ્ઞાન હાલના કરતાં વધારે સંગીન થશે. શિક્ષકે આટલી વાત તો બાસ યાદ રાખવી કે તેનું કામ જેટલું વિદ્યાર્થીઓને ઇતિહાસ શીખવવાનું છે, તેના કરતા તેમને પોતાની મેળે ઇતિહાસ શીખતા કરવાનું વધારે છે. મતલબ કે તેમને ઇતિહાસમાં રસજ ઉત્પન્ન થાય તેમ કરવાને શિક્ષક જો કાંઇ કરી શકશે તો તેણે ઘણે ભાગે ઇતિહાસ શીખ્યો એમજ જાણવું.

आर्यकिन्डरगार्टन.



(કા. પ્રા. ઉપાધ્યાય બી. એ.)

(ગયા માસથી ચાલુ.)

ત્રીજી બક્ષીસના ઘનને લંબાઇ, પહોળાઇ અને જાડાઈદ્વારાએ ત્રણ વાર દૂભાગવાથી આઠ ઘન ઉત્પન્ન થાય છે. આ આઠ ઘન પૈકી દરેક મોટા ઘનને આકારમાં સર્વાંશે મળતો આવે છે; પરંતુ તે મોટા ઘન કરતાં કદમાં નાનો છે આ ઉપરથી બાળકના ધ્યાન ઉપર આ વાત લાવી શકાય છે, ત્રીજી બક્ષીસમાં "કદ" નો વધારો થાય છે. "કદ" સાથે એક બીજું તત્ત્વ પણ દાખલ થાય છે તે "સંખ્યા" છે ત્રીજી બક્ષીસમાં બાળકને આકાર ઉપરાંત "કદ" ને સંખ્યાનું જ્ઞાન આપી શકાય છે. વસ્તુઓનું સંપૂર્ણ જ્ઞાન સંપાદન કરવાની જે પ્રકૃતિ કુદરતે બાળકમાં અંત કરણમાં મૂકી છે ને જે વૃત્તિની સંતૃપ્તિ ઉપર દુનિયાના સુધારાનો આધાર છે તેનું મૂળ આ બક્ષીસદ્વારા રોપાય છે

ત્રીજી બક્ષીસને બારીકાઇથી તપાસતાં જણાશે કે, તેમાં વસ્તુ અને તેના ભાગોના આકારનો ભેદ સ્પષ્ટ રીતે પ્રદર્શિત થાય છે આ બક્ષીસમાં બાર્ક ભાગો આ

બી વસ્તુના આકારના જેવા નથી પરંતુ કાંઈ જુદાજ આકારના જણાય છે, એટલે આ બક્ષીસથી બાળકોને જુદા જુદા આકારોનું જ્ઞાન આપી શકાશે આ બક્ષીસમા ' સફાઇ ' નો વિચાર પણ આવે છે

પાચમી અને છઠ્ઠી બક્ષીસને અનુક્રમે ચીજ અને ચોથી બક્ષીસ માથે ગાઢો સબધ છે ચીજને લખાઇ, પદેલાઇ, ને લકાઇમા બે વાર દુભાગીએ તો પાચમી બક્ષીસ થશે, અને તેરોજ સબધ ત્રીજી ને છઠ્ઠી બક્ષીસ વચ્ચે છે તે બક્ષીસાતા, આમા આકાર એક સમાન છે.

આ ઉપરથી જણાશે કે, પહેલીથી છઠ્ઠી બક્ષીસ સુધીમા ૭ પ્રકારના આકારોદર્શાવ્યા વરાયા આવે છે. ૧ ગોળ, ૨ ઘન, ૩ ત્રણાકાર, ૪ ચોરસ, ૫ લબ ચોરસ, ૬ ત્રિકોરસ બાળકના જ્ઞાન માટે આ આકારો જોઇએ તેટલા છે

વિવિધ પ્રકારનું જ્ઞાન બાળકને સચોટ થાય, તેટલા માટે તે સંપાદન કરવાનો નિયમ જોઇએ, નહિતર તેની રીતે આપણે કુદરતમા જડ વસ્તુઓની બાજતમા વસ્તુઓના એક ઉપર એક એ પ્રમાણે અવ્યવસ્થિત ઢગલા થયેલા જોઇએ છીએ તેવી સ્થિતિ જ્ઞાનસ બધી જુદી જુદી છાપની પણ થવા સભવ છે આ નિયમને ફ્રોબેલ " સમાનતા, વિરૂદ્ધતા ને મધ્યસ્થતા " નો કાયદો કહે છે. ફ્રોબેલની બક્ષીસો ક્રમવાર શીખવવામા આ કાયદાની કાળે કાળે જરૂર પડે છે, માટે તે બરાબર સમજવા પ્રયાસ થવો જોઇએ આ કાયદાનો ઉપયોગ કેવી રીતે કરવો, તે વાત આગળ બક્ષીસના પ્રકરણમા આવી ગઈ છે

આગળ કહેવાઇ ગયું કે, બી'ડીન-મોડિસના ત્રણ પ્રકારના આકારો થઈ શકે છે. ૧ જીંદગીના આકારો, ૨ સૌદર્યના આકારો, ૩ જ્ઞાનના આકારો આકારોના પૃથક્કરણ ત્રણ ભાગ કરવામાં એક સારો ઉદ્દેશ રાખેલો જોવામા આવે છે માનસશાસ્ત્રીઓ એમ કહે છે કે, આત્માની મુખ્ય ત્રણ શક્તિઓ છે બુદ્ધિ, મનોવૃત્તિ, અને ક્રિયાશક્તિ બાળકના મનની શીખવણિ આધારે આ ત્રણ ઉપર છે. ઘનના આકારો બુદ્ધિને શીખવે છે, સૌદર્યના આકારો અત કરણની વૃત્તિઓને ઉચ્ચતર બનાવે છે, ને સમતોલનો પાયો નાખે છે. જીંદગીના આકારો ક્રિયાશક્તિને બળવાન બનાવે છે

ઉપરના જુદા જુદા પદાર્થોને અડકવાથી સુઘવાથી, ચખાથી, અને તેનાવડે વિવિધ પ્રયોગો કરવાથી બાળકોને પ્રત્યક્ષ જ્ઞાન થાય છે ગુણોદ્વારાજ પદાર્થોનું જ્ઞાન થાય છે, અને આકાર, કદ, સખ્યા, વગેરે પદાર્થોના ગુણો છે, અને તેના બક્ષીસોમાં ઉપયોગ કરેલો છે.

ફ્રોબેલ બાળકોને પદાર્થોનું જ્ઞાન પૃથક્કરણ પદ્ધતિદ્વારા આપે છે, કારણ કે તે પદ્ધતિ સ્વાભાવિક જણાય છે, અને તેટલા માટે પ્રથમ ઘનથી શરૂ કરી સપાટી ઉપર, પછી લીટી ઉપર ને છેવટે બિંદુ ઉપર આવે છે પહેલી છ બક્ષીસમા ઘનની વાત આવે છે, અને સાતમી બક્ષીસમાં ' સફાઇનો વિષય " દાખલ કરેલો છે આઠમી, નવમી, બારમીમાં સીધી ને વક્ર લીટીને અવકાશ આપેલો છે અને દસમી, અગીઆરમી, ને ઓગણીસમીમા બિંદુઓનું જ્ઞાન આપવામાં આવેલું છે ૧૩ મી, ૧૪ મી, ને ૧૮ મી બક્ષીસમા " સફાઇ " નો વિચાર આપેલો છે સાતમી ને ઉપરની ત્રણ બક્ષીસોમા ભેદ માત્ર એટલોજ છે કે, સાતમી બાકીના સાધનોમાં " સફાઇ " દેખાઈ શકે તેવી છે, પરંતુ ઉપરની ત્રણ બક્ષીસોમાં


'બનાવટ' નું તત્ત્વ દેખાતું નથી. એટલે સાતમી ને પૂર્વોક્ત ત્રણ બક્ષીસોમાં પદાર્થોના ગુણ (સફાઈ) ના ચઢતાં પગથીઆં છે. પંદરમી, સોળમી, ને સત્તરમી બક્ષીસોમાં એવાં સાધનો છે કે, જેને લીટી તેમજ (લીટીથી બનેલી) સફાઈ સાથે સંબંધ છે, એટલે તે લીટી ને સફાઇના મધ્યસ્થ આકાર છે. વીશમી બક્ષીસમાં માટીના ઘન પદાર્થો બનાવવાનું શિક્ષણ આપી શકાય છે.

આ સિંહાવલોકનથી સિદ્ધિ થાય છે કે, ફ્રોબેલે વિચાર પૂર્વક સર્વ સાધનોને વ્યવસ્થામાં એવી રીતે મૂકયાં છે કે, બાળકોને ચઢતા ક્રમમાં જ્ઞાનની સીડી ઉપર ચઢવાનો પ્રસંગ મળે, આ ગોઠવણમાં બાળકોને આનંદ થાય, તે વાત વીસરવામાં આવી નથી. બાળક આનંદદ્વારા જ્ઞાન મેળવે, એજ ફ્રોબેલનો સિદ્ધાંત હોય એમ જણાય છે.

ફ્રોબેલની શિક્ષણપદ્ધતિમા બાળકની, કુદરત ને આનંદદ્વારા, સઘળી શારીરિક માનસિક ને આધ્યાત્મિક શક્તિઓની ખીલવણીનો સમાવેશ થાય છે, અને તેટલામાટે તેની પદ્ધતિ ઉત્તમ ગણાય છે. આધુનિક શિક્ષણશાસ્ત્રનો મુખ્ય સિદ્ધાંત એ છે કે, બાળકોને પદાર્થોદ્વારા જ્ઞાન આપવું જોઇએ, અને આ સિદ્ધાંતને ફ્રોબેલની પદ્ધતિમા સંપૂર્ણ રીતે લાગુ પાડવામાં આવે છે.

જેવી રીતે વસંતઋતુ ગુલાબના પૂલનો છોડ જમીનમાંથી જોઇતો પોષક પદાર્થ પોતાની મેળે ચૂસી લેછ અને વૃદ્ધિ પામે છે, પરંતુ જે ગુલાબના છોડ ઉપર માળી ખાસ ધ્યાન આપે છે અને તેને અનુકૂળ ખાતર પૂરૂ પાડે છે, તે કાંઇ નવીનજ પ્રકારનાં ને અતિશય સુંદર સુગંધી પૂલો ઉત્પન્ન કરવાને શક્તિમાન થાય છે. આ નિયમ બાળકરૂપી છોડને લાગુ પડે છે. સ્વછંદપણે ઉછરેલાં અને કુદરત, માતા, ને શિક્ષકની સંપૂર્ણ દેખરેખ નીચે ઉછરેલાં બાળકના મનની અભિવૃદ્ધિમાં મોટો ફેર જોવામાં આવે છે. બાળકોને ઉત્તમ બનાવવાં હોય તો જે ખોરાક તેમના શરીર ને મનને પોષે છે તે ઉત્તમ હોવો જોઇએ. પૂર્વોક્ત છોડ જમીનનો બધો રસ ચૂસી લેતો નથી, પરંતુ જેટલાની પોતાને જરૂર છે તેટલોજ ગ્રહણ કરે છે. તેજ પ્રમાણે કુદરતની ઇચ્છાનુસાર બાળકને ખીલવવું હોય તો તેની સમક્ષ અનુકૂળ સાધનો મૂકવા અને તેને પોતાની મેળે કામ કરવા દેવાં જોઇએ. શિક્ષકે તો માત્ર માર્ગદર્શક થવું, અને કયે રસ્તે કામ કરવું તે બતાવવું. બાળકોને સંપૂર્ણ સ્વતંત્રતા આપવી નહિ; કેમ કામ કરવું, તેની યોજના તો થવીજ જોઇએ, અને તે યોજના ફ્રોબેલે પૂરી પાડી છે. જીંદગી માટે બાળકોને ઉત્તમ રીતે તૈયાર કરવાનો અને તેમના મનમાં જુદાં જુદાં શાસ્ત્રોનાં મૂળતત્ત્વો આરૂઢ કરવાનો ઉત્તમ રસ્તો આ શિક્ષણપદ્ધતિ પૂરો પાડે છે. પ્રભુ આ પદ્ધતિનો વિજય કરો. આર્યાવર્તમાં તેનો સંપૂર્ણ પ્રચાર થાઓ, અને આપણા બાળકો સ્વાશ્રયી, ઔદ્યોગિક કેળવણી પ્રતિ પ્રીતિવાળાં, મજબૂત બાંધાનાં, અને ઉત્તમ નીતિનાં નમુનારૂપ થાઓ. તથાસ્તુ. તથાસ્તુ. તથાસ્તુ.

વીસ બક્ષીસોનું ઝાડ.



ટીકા—આ બાબો પ્રયત્નરૂપ પદ્ધતિ અનુસાર કરવામા આવ્યા છે આધુનિક કિન્ડરગાર્ટનરો આ વીસ બક્ષીસોના માત્ર પ્રયત્નરૂપ પદ્ધતિદ્વારાએજ ભાગ પાડવા એક મત થતા નથી. તેઓ પૂર્વોક્ત વીસ બક્ષીસોના પ્રયત્નરૂપ તેમજ સંયોગીકરણ પદ્ધતિદ્વારાએ ભાગ પાડવાનું દુરસ્ત ધારે છે, પરંતુ શિશુશિક્ષણનુંો ક્રમ સાચવી રાખવાના ઉદ્દેશથી અમે માત્ર એકજ પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. ઉપાધ્યાય કાશીરામ પ્રાગજી

એજ્યુ ઇન્સ્પે સ્ટ. પોરબંદર.

નવીન પુસ્તકો.

ઔરંગઝેબ ને પરમનુંસ

અંગ્રાજી ઉપરથી ગુજરાતીમાં ભાષાન્તર કરેલુ આ નાનું પુસ્તક છે વાર્તાની કલ્પના કરવી, તેમાનાં પાત્રોને સાજીવ બનાવી રાખવા, અને અનેક પ્રસંગોનું રસમય વર્ણન કરવું, એમાંજ કવિના ખરા કવિત્વની કીમત થાય છે. એક સામાન્ય કથા અને જેને 'નોવેલ કહે છે તે કથામાં મોટું અંતર છે. નોવેલ લખનાર એક સામાન્ય કથામાંથી હકીકતવાર રસભરી તારવી કાઢે છે અને પુસ્તકનાં પૃષ્ટો ઉપર તેને ભાષામા ચીતરી કાઢે છે. વાંચનાર જાણે રંગભૂમિ ઉપર બનતા બનાવ જોતો હોય તેમ તેમા તલ્લીન બની જાય છે, જુદાં જુદાં દૃશ્યોનો સંબંધ ને ચતુરાઇથી જોડી દેઇ અને વાચનારને છેવટે આખી વાર્તાનું ભાન કરાવે છે અમને તો લાગે છે કે નોવેલ એ નાટકને વધારે મળતુ આવે છે લખનારની ભાષા ઉપર એમાં ઘણો આધાર રહે છે

કેટલાક વાર્તાલેખકો વાર્તામાં અમુક કાર્ય બનતાં દેખાડે છે, પણ તે કાર્યનો કર્ત્તા કોણ છે તેની ઓળખ લાંબા વખત સુધી આપતા નથી, અને એમ કરીને શ્રોતાની જીજ્ઞાસાને ઉશ્કેરે છે. જીજ્ઞાસાવૃત્તિને જાગ્રત રાખવી એ વાર્તા લખનારની એક બીજી કળા છે. રસની ખામી કવચિત્ તે વડે આચ્છાદિત થાય છે; પણ તે ખામી નથી હોતી, ત્યારે તો આ જીજ્ઞાસાવડે વાંચનાર વાર્તાને પૂરી કર્યા સિવાય મુશ્કેલીથી છોડી શકે છે. કોઇ કોઇ વાર જીજ્ઞાસાવૃત્તિને ઉશ્કેરવાની કડાકૂટમાં પડીને લેખક વાંચનારને છેવટ સુધી અંધારામાં રાખે છે. "अति सर्वत्र वर्जयेत्" એ ન્યાયથી તેને પણ હદ હોવી જોઇએ, નહિતો વાર્તા અસંબદ્ધ અને ક્લેશથી સમજવા જેવી લાગે છે. કવચિત્ રસભંગ પણ થઇ જાય છે.

વાર્તા લખનારે "सुखदुःखसमुद्भूति रसभाव निरन्तरम्" આ સાહિત્યકારનું વચન સદા યાદ રાખવા જેવું છે. રસ અને ભાવનું વર્ણન કરવામાં પરસ્પર વિરોધી રસોનું એકી કરણ થઇ ન જાય એ પણ સાચવવાનું છે. રસાભાસથી પણ બચવાનું છે.

કેટલાક વાર્તાકાર વાર્તાદ્વારા નીતિ કે તત્વજ્ઞાન શીખવવાના હેતુથી ઉપર કહેલી બાબતને પ્રાધાન્ય આપતા નથી પણ નીતિ કે તત્વજ્ઞાનનેજ પ્રાધાન્ય આપી સ્પષ્ટ શબ્દમાં તેનું કથન કરે છે. આવો ગ્રંથ, મોટે ભાગે વાર્તાગ્રંથ તરીકે વખણાતો નથી; વાર્તાગ્રંથમાંથી તો નીતિ કે તત્વજ્ઞાન માત્ર ધ્વનિત થવું જોઇએ; તેનું સ્વશબ્દવાચ્યત્વ કદી પણ ન હોવું જોઇએ.

આ બધા સાથે લખનારની લેખનશૈલી પણ તેમાં મોટો ભાગ બજાવે છે એ અમે પાછળ કહેલું છે. પ્રસ્તુત પુસ્તકમાં આપણે તેજ બાબત જોવાનું છે, કેમકે વસ્તુ તથા તેની સંકલનાની જવાબદારી ભાષાન્તર કર્તાને માથે નથી.એમ છતાં અહીં કહ્યા સિવાય ચાલતું નથી કે ગ્રંથની વસ્તુસંકલના ઉત્તમ છે. હિંદુ સ્ત્રીઓની પાતિવ્રત્ય તરફ પરમ આસક્તિ, તેમની અન્ય જાતિની સ્ત્રીઓને મુકાબલે પવિત્રતા ને કુલીનતા, ઉદાર મનની વ્યક્તિઓનુ સ્વધર્મમાટે સ્વાત્માર્પણ, ઇત્યાદિ વિષયો એવી સરળ રીતે એમાં વ્યંજિત કર્યા છે કે જેથી આપણે તેના કર્ત્તાને ધન્ય વાદ આપી શકીએ છીએ. કર્ત્તાએ જે કર્યું છે તેને ગુજરાતી ભાષામાં ભાષાંતરકારે યથાર્થ ઉતાર્યું છે, અને તેમ કરવામાં બીજા કેટલાકની પેઠે ભાષાનું કાઠિન્ય કે ડોળ નથી કર્યું, પણ સાદી અને સરળ ભાષામાં રસભાવ ઉતાર્યા છે. જો ભાષાંતરકારે લખ્યું ન હોત તો અમે તો એમજ જાણત કે આ વાર્તા મૂળ ગુજરાતીમાંજ લખાઇ છે. વાર્તામાં કોઇ કોઇ સ્થળે કવિતાઓ છે, તે ઉપરથી ભાષાંતરકર્ત્તા કવિતા પણ સારી કરતા હશે એમ પ્રતીત થાય છે. એ તો અમે નિઃસંદેહ કહી શકીએ છીએ કે ભાષાંતરકર્ત્તાએ ગુજરાતી ભાષાસાહિત્યનો સારો અભ્યાસ કર્યો છે, અને તે કેવળ ભાષાજ નહિ પણ ભાષાદ્વારા વ્યક્ત થતા જનસમાજના મનોભાવને સારી રીતે જાણે છે. જનસ્વભાવને ન જાણનારના લખાણમાં જે જે ખૂબો અજાણપણે થવાનો સંભવ રહે છે તે આમાં નથી એ ઉપરથી આ અમારૂં અનુમાન છે.

આટલું કહ્યા છતાં ઔરંગજેબ અને પરમહંસની આ ઐતિહાસિક કથામાં શો વૃત્તાંત સમાયલો છે એ વિષે અમે અત્ર કાંઇજ ચુવવાની જરૂર જોતા નથી. માત્ર આ ઔરંગજેબ બાદશાહના સમયની નવલ કથા છે અને તે વાંચવાની સહૃદય બંધુઓને અમે નિઃશંક ભલામણ કરી શકીએ છીએ. રા. રા. જગજીવનદાસ પાડકને અમે આ તેમના સ્તુતિપાત્ર પ્રયાસ માટે અભિનંદન આપીએ છીએ.

ગાયકવાડ સરકારનું કેળવણી ખાતું.

કેળવણી ખાતાની ગુજરાતી શાળાઓ માટે ઈનામ માટે રાખવા સારૂ નીચે જણાવેલાં ગુજરાતી પુસ્તકો મંજુર કરવામાં આવ્યા છે.

મંજુરીનો નંબર	પુસ્તકનું નામ	કર્તાનું અગર પ્રસિદ્ધ કરનારનું નામ	કિંમત. રૂ.	આ.	પા.	રિમાર્ક
૧૬૦	બંદ ગોખરૂ.	દુર્ગાનાથ ગૌરીનાથ દવે વડોદરા.	૧	૦	૦	
૧૬૧	અંકગણિત બાગ ૨ જો.	મોતીલાલ જીવણભાઇ દેસાઇ અમદાવાદ	૦	૩	૧	
૧૬૨	ચૈતિક આત્મબોધ	નારાયણ હેમચંદ્ર નું બાઇ	૦	૦	૦	
૧૬૩	મનુ વૈદ્યનિતત્વ.	ભાઇ.	૦	૮	૦	
૧૬૪	સુદર્શનાખ્યાન.	ભાઇ.	૦	૮	૦	
૧૬૫	ગજપુતરેહવાંનો.	ભાઇ.	૦	૮	૦	
૧૬૬	ટેસ્ટર ગુજરાતી બા ફરજુ.	કરમનદાસ નાગરદાસ સુરત.	૧	૮	૦	
૧૬૭	ચેનિદ.	લલુભાઇ નારણજી દેસાઇ વડોદરા	૩	૦	૦	
૧૬૮	અદલાબાદ કોરકનુ ચરિત	ત્રિભોવનદાસ પ્રેમાનંદ મુનશી. અમિયા	૦	૬	૦	
૧૬૯	નાનચા પુસ્તક ૪ થું.	રેવાશંકર કરસનજી ગોવા મુબઇ	૩	૫	૦	
૧૭૦	અહલાદનમાલ.	વિશ્વનાથ ગોવિંદ જ અમદાવાદ.	૧	૮	૦	
૧૭૧	કવાની કન્યા.	અમરસીંહજી નગનિદનાથ જીવણી.	૧	૪	૦	
૧૭૨	બીરબલ.	બાલ નરસા પરમાનંદ ગ. ભાવનગર	૦	૧૨	૦	
૧૭૩	લલુભાઇ બા. ૩ જો	લલુભાઇ કેશવલાલ વકી અમદાવાદ	૧	૧૪	૦	
૧૭૪	ઇસપ પરીકથા.	નંદશંકર કેશવરામ દવે વડોદરા.	૦	૧૦	૦	
૧૭૫	બાલ પ્રકાશ.	ભગવાન નગીનદાસ પટેલ અમદાવાદ	૩	૦	૦	

તારીખ ૨૭ મી નવેમ્બર સને ૧૯૦૩.

વડોદરા. J. P. J. Chhaganlal T. Modi.
એ. નિયમિકારી.

देशी केळवणीखातानी मराठी शाळाओ माटे इनामखाते राखवा सारु नीचे जणावेलां मराठी पुस्तको मंजूर करवामा आव्यां छे.

अनुक्रम नंबर.	पुस्तकनु नाम.	कर्तानु अगर प्रगट करनारनु नाम.	किंमत रु	आ	पा	रिमार्क.
१२४	पाण्याचा आरोग्यशा स्त्रदृष्ट्या विचार.	दामोदर सावळेराम यदे. वडोदरा.	०	४	०	
१२५	काश्मीर वर्णन	सदर.	०	१	०	
१२६	सद्कोळी.	स्टेला नवलकर. मझगांव मबई	०	२	०	
१२७	गणित रत्नाकर.	पटवधर्धन आणि मंडळी रत्नागिरी.	०	९	१	
१२८	श्री जगद्गुरु गौतम बुद्ध चरित्र	गोविंद नारायण काणे प्लीडर. अमरावती. वराड.	०	१२	०	
१२९	लोंकरीचें विण शिकण्याचें पुस्तक, भा पहिला	रुक्मणीबाई सहगिरी. गीरगाव. मुबई.	०	१३	०	
१३०	राणीचें राज्याचा इतिहास.	नारायण नरसिंह. साठें ज्ञानप्रकाश मुंबई.	२	०	०	
१३१	व्यवहारो[illegible] युक्त बाल मजरी.	हरीबा लक्ष्मण कदम व डोदरा. बाबाजीपुरा.	०	२	०	
१३२	ऋण नि[illegible]धक	रा बा. रामचंद्र आबाजी राजे असि फेमीन कमीश्नर वडोदरा.	०	५	०	
१३३	भारतामृत भा[illegible]ग २ रा	बळवंत त्रिंबक द्रवीड पुणें.	५	७	०	

ता. ४ माहे डीसेंबर सने १९०३.

दामोदर

Chhaganlal T Modi,
ओ विद्याधिकारी.

દેશી કેળવણી ખાતાની ગુજરાતી શાળાઓ માટે લાઇબ્રેરી માટે રાખવા સારૂ નીચે જણાવેલાં ગુજરાતી પુસ્તકો મંજુર કરવામાં આવ્યાં છે. –

અનુક્રમ નં.	પુસ્તકનું નામ.	કર્તાનું અગર પ્રકટ કરનારનું નામ	કિંમત રૂ.	આ.	પા.	રિમાર્ક.
૫૪૫	રામચરિત.	નારાયણ હેમચંદ્ર કાયમ જી પટેલ તળાવનો રસ્તો ગીરગામ મુંબાઇ	•	૬	•	
૫૪૬	મૃગાવિની.	સદર	•	૮	•	
૫૪૭	વૈદિક આર્યસમાજ	સદર	•	૬	•	
૫૪૮	મનુષ્યોત્પત્તિતત્વ.	સદર.	•	૪	•	
૫૪૯	સુંદરવિલાસ.	સદર	•	૪	•	
૫૫૦	રજપુત ટેક વાર્તા.	સદર.	•	૪	•	
૫૫૧	વેદસંહિતા	સદર.	•	૬	•	
૫૫૨	મંદોદરી.	દુર્ગાનાથ ગૌરીનાથ દવે વડોદરા પ્રતાપ સબધાની પોળ	૧	•	•	
૫૫૩	અંકગણિત ભાગ ૨ જો	મોતીલાલ જીવણલાલ દેસાઇ. બી. એ એલ. એલ. બી. હાઇકોર્ટ વકીલ અમદાવાદ	•	૩	૬	
૫૫૪	રેવર ગુજરાતી બાઇબલ.	કરસનદાસ નારણદાસ સુરત.	૧	૮	•	
૫૫૫	બોધેદ.	લલ્લુભાઇ નારણજી દેસાઇ વલ્લભાઇ કુબમાન ગોરી	૩	૦	•	
૫૫૬	અહલ્યાબાઇ હોલકરનું ચરિત્ર.	ત્રિભોકનાથ પ્રેમાનંદ મુનશી સ જોડા મુનસફ કોર્ટ	•	૬	૬	
૫૫૭	ચાનચક્ર પુસ્તક ૪ થું.	રતનજી કવાસજી ગોદના મુબાઇ બદારગેટ અબદુલ રહેમાન સ્ટ્રીટ ન. ૩૪૫.	૩	•	•	
૫૫૮	મહાભારત સાર.	વિશ્વનાથ ગોવિંદજી જામનગર વાળા જામનગર નગરવાચન.	૧	૮	•	
૫૫૯	હિંદુસ્તાનની ઉન્નતિનો માર્ગ.	પ્રાણજીવન મોતીચંદ્ર અમદાવાદ	•	૭	•	
૫૬૦	પ્રેમચારી કન્યા.	બ્રાનીરાંકર નરસિંહરામ ની બડી	૧	૪	•	
૫૬૧	પાતંજલ યોગદર્શન.	મહાદેવ રામચંદ્ર જાયુમ્બો ગ્રંથ દરવાજા અમદાવાદ	•	૧૨	•	

વરહુકમ નંબર ૧૪.

રબારી (ભરવાડ, આહીર, ગવળી) ની જાતના 'ધનગર' જાતના લોકોને દાખલ કરી પ્રીતપા પુસ્તક સામાનનો લાભ આપવા બાબત

નિબંધ બા. ૧ લા ની કલમ ૧૧૭ ના અપવાદ ૭ માં દર્શાવેલી જાતોમાં 'ધનગર' ની જાત દાખલ નથી રબારી (ભરવાડ, આહીર ગવળી) એ જાતો દાખલ છે. તેજ જાતના ધનગર લોકો પણ હોવાથી તેને સદર જાતમાં દાખલ કરવામાં આવે છે. માટે નિબંધ બા. ૧ લાની સદર કલમમાં 'રબારી (ભરવાડ, આહીર, ગવળી, ધનગર)' આ પ્રમાણે સુધારો કરી ધનગર લોકોને પણ દાખલ કરવા. તેજ પ્રમાણે સદર નિબંધની કલમ ૧૫૫ માં પણ 'ધનગર' જાતિ દાખલ કરવી. અને તે જાતના લોકોને સદર બંને કલમમાં જણાવ્યા પ્રમાણેનો લાભ આપવો. તા. ૯ ડીસેમ્બર સ. ૧૯૦૩.

Chhaganlal T. Modi.
એ. વિદ્યાધિકારી.

સરકયુલર નંબર ૧૫.

પોતાના છોકરાઓને અંગ્રેજી અભ્યાસ કરાવવાના સંબંધમાં સરળતા થવા બાબત હકીકતવાર પત્રક ભરી મોકલવા બાબત

આ ખાતાના શિક્ષકો પોતાના વતનથી દૂર હોવાના કારણે અગર અંગ્રેજી શાળાવાળા ગામમાં નોકરી ન હોવાના કારણે પોતાના છોકરાઓને અંગ્રેજી અભ્યાસ કરાવવાના સંબંધમાં સરળતા થવાને માટે અંગ્રેજી શાળાવાળા ગામમાં અગર તેની નજદિકના ગામમાં બદલી કરાવવાની અરજી કરે છે, ને કેટલાક ઉપર પ્રમાણે સેવક ન હોવાથી અગર ટુંકા પગારને લીધે પોતાના છોકરાઓને પોતાની ઈચ્છા પ્રમાણે આગળ અભ્યાસ કરાવી શકતા નથી, તે બાબતમાં તેમની અડચણો દૂર થઈ શકે અને વિશેષ કાંઇ સરળતા કરી શકાય એવું છે કે કેમ તેની માહિતી મેળવી યોગ્ય તે વિચાર થવા સારૂ પ્રત્યેક શાળામાંથી પ્રત્યેક શિક્ષકના સંબંધમાં નીચે મુજબના પત્રકમાં હકીકત ભરવા જેવી હોય તે ભરીને પત્રક ફેબ્રુઆરી આખર સુધીમાં આ તરફ મુખ્ય શિક્ષક મોકલવું. જે શાળામાંથી કોઇ પણ શિક્ષકને આંવી હકીકત ભરવાની ન હોય તેમને પત્રક મોકલવાની જરૂર નથી. પ્રાંતના કારકુન અધિકારીઓને આવી હકીકત મોકલવાની હોય તો તેમણે સદર મુદતમાં મોકલવી. તારીખ ૧૪ માહે ડિસેંબર મુ. ઉંઝા.

Chhaganlal T. Modi.
એ. વિદ્યાધિકારી.

	૬	[illegible]
	૭	રમળ, ઢોહો અને કળદાર પમાર.
	૮	ભણવા લાયક છોકરાઓની સંખ્યા.
	૯	શું ભણે છે
	૧૦	અંગ્રેજી ભણાવવાની ઇચ્છા છે કે કેમ.
	૧૧	કેટલી મુદત પછી અંગ્રેજી શાળામા દાખલ કરવાનો વિચાર છે.
	૧૨	અંગ્રેજી શાળામા દાખલ કરવા કેવી સવડ છે. જેમકે અંગ્રેજી શાળાવાળું ગામ, શાળાવાળા ગામમા સગો બગેરે.
	૧૩	સવડ ન હોય તો કેવા પ્રકારની તજવીજ કરવા ધારણા છે.
	૧૪	પ્રાતમા અંગ્રેજી શાળાવાળા કોઈ ગામમા બોર્ડિંગ કાઢવામા આવે અગર બેવી કંઈ વ્યવસ્થા કરવામાં આવે તો મોકલવા ઇચ્છા છે કે કેમ.
	૧૫	આ પ્રમાણે સવડ થાય તો ક્યાં સુધી ખર્ચ આપવા ઇચ્છા છે (કપડાં, પુસ્તક, અંગ્રેજી શાળાની ફી સિવાય)
	૧૬	પુસ્તો ખર્ચ કરવા ગુંજાસ ન હોય તો ઠરાવવામા આવે તેવે રમણે રાખવા માટે કપડા ખર્ચ સિવાય પુસ્તક, સામાન બાબાખર્ચ અને અંગ્રેજી શાળાની ફી બદલ ખર્ચ માટે વધારેમા વધારે કેટલી રકમ આપવા ખુશી છે.
	૧૭	શિક્ષકની સહી.
	૧૮	રિમાર્ક.

पुस्तकोनो पहोंच.

नीचेना पुस्तको तेमना प्रसिद्धकर्ता तरफथी भेट दाखल मळ्यां छे, जेनो आभार साथे स्वीकार करीओ छीओ—

મુંબાઇ સમાચારનું સન ૧૯૦૮ નું પંચાંગ—नीडमिनना आंकडाओ भेट ओमा दाखल, तार आपी मनिआर्डर वगेरेनी माहिती पण आपवामां आवी छे

चन्द्र—अंक १ ला तथा अंक २ जो ३५ हरिभान डाह्यालाल नाथ ब्रेनना रसभरी आ मासिकने पुनः सजीवन थएलु जोई अमने अत्यंत आनंद थाय छे अेनो लेखक वर्ग जेटलो अे गुजरातनी आबादी भारी अेटला सत्वरी शक्ति अेम लागे छे पण अेम थवा सिवाय कारण मूल्य ३. २ सुरत, मोदागर प्रेसमा प्रगट थाय छे.

सौंदर्य—अंक १ लो हरे माधवजी प्रागजी अगियारीना तंत्रीपणा नीचे आ मासिक जानेवारी १९०४ थी प्रगट थयु छे शारीरिक, मानसिक, सामाजिक, अने आत्मिक उन्नति करनारा लेख चर्चावाना हेतुथी आ मासिक प्रगट थयुं छे ईश्वर अे हेतु अेने सफळ करे वार्षिक मूल्य रु. १) पोस्टेज जुदु आना छे भावनगर, विद्याविलास प्रेसमा प्रगट थाय छे.

रत्नमाळ अने गुजरातनां राजयो तथा राजवंशीओनी तवारीखो नो संग्रह—प्रसिद्ध कर्ता ग. ग रेवाशंकर अंबाराम भट्ट, अमदावाद. अे के ग्रांट साहेबे जुदा जुदा स्थळोमा फरीने भाट भाग्रो वगेरेना मुखथी गुजरातनी जे जे अैतिहासिक कथाओ सांभळी हती ते उपरथी करीथर दयाशंकर, अेमणे अ पुस्तक लख्युं हतुं. आ पुस्तकमां रत्नमाळा नामे हिंदी कविता रूप अर्थे गुजरातनी भाषांतर सथे आपेलो छे. अेमा भुरडे पंचाशर छपुं त्यां सुधीनी हकीकत छे ते पछी छपाती पुस्तकोनी पचीस कथाओ वगेरे छे जे घणी रसभरित अने चित्ताकर्षक छे आशरे नाना आरसो पृष्टना पुस्तकनी किंमत रु. १ छे.

अशोक.—कर्ता छगनलाल अमथी मेटेना गुजराती सोसायटीना आसि सेक्रेटरी, अमदावाद आ पुस्तक उपरथी अशोकनुं स्वरूप केवु व्यक्त थयु छे तेनुं निशाळोमा आवता इतिहासमांना अशोकना संक्षिप्त वर्णनथी थतु नथी छिपाडो आ पुस्तक पाची अशोकनुं आखी घणी माहिती विद्यार्थीओने आपी शके अेवु धर्मतुं हाडक स्वरूप तथा तेनो प्रचार करी करीने अशो, तेना शिला लेखोमा शु लखेलुं छे, वगेरे हकीकत आना उपरथी मालम पडे छे तथा ते साथे आ महान् नरपतिना मरण नमणनी हकीकत पण घणी जणवा जेवी छे. अेम्बोसना गिल्टेड पाका पुंठाथी पुस्तकने शोभायमान करेलु छे पोस्टना देशी देवचणी भाना तरफथी छपाममां तथा लाइब्रेरीओमां राखवा मंजूर थयेलु छे किंमत रु. ० १०० छे.

जाहेर खबरो.

केळवणीनुं शास्त्र अने तेनी कळा. भा. १ लो तथा बीजो दरेक आनानी थीनत रु पोस्टेज जुदा आना. कर्ता दलपतराम डाह्याभाइ कायस्थना शाळानी चाकरीओ माटे नथ ट्रेनिंग क्लेजमा गीनतीमा माटे मंगाववु छे मळवानां ठेकाणांः—कर्ता पासेथी, नडियाद-वीसनगरमां तथा व्यापारी बेन-बजारमां.

કે ળ વ ણી.

બોધકવૃત્ત.

અર્થ મળે ચળી ધર્મ સચાયે, જ્ઞાન મળે મનમાન પમાયે;
પ્રીતિ વધે પસરે જશ સારો, એ ત્રિગુણશિક્ષણ ધર્મ અમારો.

પુસ્તક ૧૬ મું. ભાદ્ર સંવત્ ૧૯૬૦. અંક ૪ થો.

દર્શન.



જ્ઞાનમ્ પરમ્ ધારણમ્—આપણી ચળવળની નિશાળોમા આ ચારણ આજકાલ જોવામાં આવતું નથી. તાલુકાની કેટલીક મોટી શાળાઓમાં દર્જા ને ચીખવાય છે પણ પરીક્ષાના દરમા એકદરે વિદ્યાર્થીઓનું પ્રમાણ તેમા ઘટી ગયેલું જોવામા આવે છે આનું મુખ્ય કારણ એ છે કે મેટ્રિકોકેટ પરીક્ષા છણા ધોરણમા થાય છે જેથી તેમા પ્રમાણ થોડા વિદ્યાર્થીઓ પોતાને દેશી ભાષાના કેટલા ધોરણમા પાસ થવું જરૂરનું છે, તેમના માબાપ પણ એમજ માને છે, અને કેટલાક તો એમ પણ માનતા છે કે દશી ભાષામા વધારે ચોપડી વાંચવા જેવું કાંઈ ખાસ જણાતું નથી. પણ આ પ્રકાર કેટલો શોચનીય છે તે તેના પરિણામ ઉપર સમજી શકે છે. આજકાલ જૈન ચોપડીમા નવા નવા અભ્યાસ વધુ જોવામા આવે છે. તેઓ છણું ધોરણ પ્રમાણ કર્યા પછી ઘરે બાપે કરવા કરે છે, કેમકે અંગ્રેજી ભણી તેમને અપાવવા જેટલી તેમના માબાપની આર્થિક સ્થિતી હોતી નથી; પણ પાછળ કશું તેમ મેટ્રિકોકેટ મેળવવા પૂરતો અભ્યાસ કરવાની તેમના માબાપની ઇચ્છા હોવાથી, ગામ શિક્ષક તેમને વધારે અભ્યાસ કરવાને લલચાવે છે, તોપણ તેમા તે બાબતમાં કોઈ પાસે છે. બીજી રીતે જોતા છણા ધોરણનો અભ્યાસ તેમનામાં જોઈતી યોગ્યતા આપવાને સંપૂર્ણ નથી. તેઓ અંકગણિતની રીતો શીખે છે, પણ તેનાં કારણ સમજતા નથી દાખલા ગણી નિશાળ બુનિતિના કરી શકે છે પણ તે તેમના મનમાં બુધ્ધિપ્રકાશ આવી કે પના ઉદારતાને પોષાય છે, અક્ષરબુનિતની વિદ્યા દેશી ભાષામાં નષ્ટપ્રાય થતા આવી છે, ભાષાબુધ્ધમાં શબ્દવિચાર માત્ર આવે છે, પણ તે શબ્દોનો પરસ્પર સબંધ, કે વાક્યવિચાર સમજવા વિના ધ્યાનમાં આવતો નથી, તે તેઓ સમજતા નથી હોતા, અને એ પ્રકારે તેમનું જ્ઞાન અધૂરું રહી જાય છે, વાચન તો ઘણા તેઓ પ્રતિવર્ષે કરે છે ખરા, પણ જેવી

ખરી કવિતાનું તેમને ભાન થાય એવાં કાવ્ય તેમના વાંચવામાં નથી આવતાં, અને એ રીતે સાહિત્યથી તેઓ અજાણ રહી જાય છે; સાતમી ચોપડીમાં વિદ્યાના છૂટક છૂટક પાઠો આવેલા છે તેટલાવડે કોઇ વિદ્યાનું તેમને પદ્ધતિસર અને સંગતિવાર જ્ઞાન થતું નથી; હિંદુસ્તાનનો ઇતિહાસ માત્ર શીખવાવડે ઇતિહાસ શિક્ષણથી જે ફળ થવું જોઇએ તેથી તેઓ બેનસીબ રહે છે; અને એજ પ્રકારે વિચાર કરીશું તો હાલના છઠ્ઠા ધોરણથી ગણિત, ભાષા સાહિત્ય કે વિદ્યાના મંદિરના ઉમરા ઉપર પણ તેઓ આવી શકતા નથી. જો તેમની મોટી ઉમ્મરને લીધે ધંધા રોજગાર કે નોકરી લેવાને તેમને અતિ ઘણી આવશ્યકતા હોય તો તેવા પ્રસંગમાં ચલાવી લેવા તરિકે છઠ્ઠા ધોરણને દેશી ભાષાના શિક્ષણની પરિસમાપ્તિરૂપે ભલે માન્ય રાખવામાં આવે, પણ હાલનો જમાનો તથા છઠું ધોરણ શીખનાર બાળકોનું નાનું વય જોતાં તે ઉપરાંત પણ ઓછાદ વર્ષ તેમને શાળામા રહેવાની ફરજ પાડવામાં આવે, અને તે અરસામા સાતમા ધોરણના વિષયો તેમને શીખવાય, તો તે તેમનું હિત કર્યુંજ કહેવાશે. આ કામ નોકરી વગેરેની લાયકાતનુ સર્ટિફિકેટ છઠ્ઠા ધોરણમાંથી સાતમા ધોરણમાં લેઇ જવામા આવે તોજ બની શકે. જો વિદ્યાર્થીઓ અગર તેમનાં માબાપો વધારે અભ્યાસ કરવાના લાભ સમજી શકતા હોત, તો આમ કરવાની જરૂર રહેત નહિ; પણ જ્યાં સુધી પ્રજાનો મોટો ભાગ કેળવણીનું રહસ્ય સમજતો થયો નથી, ત્યાં સુધી તાત્કાલિક લાભની આશાથીજ માત્ર તેઓ પોતાનાં બાળકોને નિશાળે મોકલે છે. આવી સ્થિતિમાં નાની ઉમ્મરના વિદ્યાર્થીઓને તેમના અધૂરા અભ્યાસ માટેજ શાળાની કેળવણી પૂરી થયેલી માનવાનું કારણ જે રીતે બેસેડી શકાય તે રીતિ ધારણ કરવાની ઘણી જરૂર છે.

સ્ત્રી કેળવણી—દેશની સાંસારિક સ્થિતિ સુધર્યા શિવાય દેશહિતના કરેલા ઘણાક વિચારો નિરર્થક જાય છે એ આપણે પ્રતિદિન જોઇએ છીએ. સાંસારિક સ્થિતિ સુધારવાને સ્ત્રીકેળવણી એ અગત્યનું સાધન છે એમ પણ બહુ કબૂલ કરે છે. સ્ત્રીકેળવણીપતિ પહેલાંના જેવો નિરુત્સાહ તો હવે જોવામાં આવતો નથી, પણ હજી એમાં ઘણાં માણસો છે —અને તેમાં કેટલાક કેળવાયલા ગૃહસ્થો પણ છે—કે જેઓ હાલની સ્ત્રીકેળવણી તરફ અસંતોષની નજરે જુએ છે. કેટલાક તો વધીને એમ પણ કહેવા તૈયાર થાય છે કે સ્ત્રીકેળવણીએ સુધારાને બદલે ઉલટો બગાડો કર્યો છે! સ્ત્રીકેળવણીનો ગમે તે પ્રકારે વધારો થયેલો જોવાને ઇચ્છનાર વિદ્વાનોને આ વચનો ઉન્મત્તપ્રલાપ જેવાં લાગવાનો સંભવ છે, તથાપિ લગાર ધીરા પડીને વિચાર કરતાં આપણને પણ જણાય છે કે તેમણે ઉતાવળા થઇને જે વચનો કાઢયાં છે તેમાં છેકજ તેમનો દોષ નથી. આપણે છોકરા અને છોડીઓને કેળવણી આપવાના કામમાં આપણા સાર્વભૌમ રાજ્યકર્ત્તાના દેશની પદ્ધતિનું અનુકરણ કરતા આવ્યા છીએ, અને તેમ કરવામાં વારંવાર દેશાચારના તથા દેશવિચારના ભેદને ભૂલી જઇએ છીએ. પરદેશીઓના મારા ગુણોનું અનુકરણ કરવામાં આપણે ગ્રહણ કરીએ છીએ, પણ તેમના રીતિરિવાજ વગેરેને પસંદ કરી લેવામાં આપણે ટીકાને પાત્ર થઇએ છીએ. આપણી સ્ત્રીઓ તે યુરોપની સ્ત્રીઓ નથી, આપણો ધર્મ તે યુરોપનો ધર્મ નથી, આપણી હાલતો તે યુરોપની હાલતો નથી, આપણા આચારવિચાર તે યુરોપના આચારવિચાર નથી, અને આપણી કન્યાઓની કેળવણી તે પણ યુરોપની કન્યાઓની કેળવણી ન હોવી જોઇએ.

જે વાત આપણે મહત્વની માનીએ છીએ, તેની કદાચ તેમાં ગણના નહિ હોય, અને જે વાત તેમનામાં મહત્વની હશે તેને આપણે કદી કાંઇ ગણતા જ ન હશું. તાત્પર્ય એ છે કે આપણી કલ્પનાઓની કેળવણી આપણા દેશને અનુકૂળ તત્વો ઉપર સ્થાપિત થયેલી હોતી જોઇએ તેમને બદલી ધર્મની ને નીતિની અને તેમને ઉપયોગી થાય એવા કેળવણના કેળવણી પણ આત્મિક કેળવણીની સાથે આપેલ અપાવી જોઇએ કે હાલની કેળવણીના ધર્મ કે જે સુનીતિનું મૂળ સ્વરૂપ છે, તેની કેળવણી તરફ છેક જ દુર્લક્ષ દેવાયું હોવાથી છોકરા અને છોકરીઓ બન્નેની નીતિ બગડે છે એમ ન કહીએ તો પણ તેમના નીતિ સુધરતી તો નથી જ એમ કહેવામાં વાંધો જરૂર તો નથી. મુનાસબ આ વાત હવે કેળવણીના અધિકારીઓ અને વિદ્વાનોના ધ્યાનમાં ઉતરી છે. ધર્મની અને નીતિની કેળવણી કેવી રીતે આપી શકાય ને વિષે ચર્ચા ચલાવા લાગી છે આપણા શ્રીમંત મહારાજા માટેલ જેઓ પોતાની પ્રજાની સુધરણા માટે અત્યંત આતુર છે–તેમણે પણ આ પ્રશ્ન કેળવણી બાબત મનન રૂપ છે દેશના શ્રીમંત નાગમાં પણ જાગૃતિ આવી છે. શ્રીમંતો અને દેશોપયોગી ગૃહસ્થો આ કામ માટે પ્રયત્ન કરી રહ્યા છે અને કેવી રીતે કેળવણી આપવાથી સ્ત્રીઓ સ્વધર્મ સુખકારી અને દેશના સમુદાયમાં ઘરને વિષે વિચાર ચલાવી રહ્યા છે. એવા વખતમાં સુરતમા ગુલાબદાસ ભાઈદાસ સનાતન ધર્મનીતિ ઉદ્યોગ કન્યાશાળા તથા નીતિબોધક કન્યાશાળા નામની સંસ્થાને જન્મ થયો સાંભળી આપણે આનંદિત પામીયું એનું નામજ એવું છે કે તે વિષે વિવેચન કરવાની અગત્ય રહેતી નથી. એમા ધર્મ, નીતિ, પાકકળા શીવણ વગેરે બાબત, ઉપરાંત શીખવાની સાથે ડોકટર અને સમૃત શીખવાની પણ ગોઠવણ કરી છે સમૃત શીખવામાં એવો હેતુ રાખવામા આવ્યો હોવો જોઇએ કે તેથી સનાતન ધર્મનાં તત્વો સ્ત્રીઓ સમજી શકે પ્રાચીન નીતિની મહત્તા સમજે અને તેમના મન વિશાળ થાય ઇત્યાદિ આ સ્ત્રી આશ્રમ્ય માટે મોટવારી પણ નજરે પડે છે અને આશા રાખીયું કે વડોદરા અને બીજ સ્થળોના સદ્ગૃહસ્થો આવા મનનીય કાર્ય તન કરી વાતની કન્યાઓ તથા સ્ત્રીઓની સુધરણા માટે આવા યત્નો કરે

તારીખ ઉપરથી વાર કાઢવાની રીત—પ્રસ્તુત આપણા મરાઠી શાળા પત્રમાં સખારામ ગણેશ દેસાઇ નામના એક મરાઠી શાળાના હેડમાસ્તરે આ રીત આપેલી છે તે આમ છે કે ૪ આ ની સંખ્યામાં ૪ ઓછા કરી તે સંખ્યાને, શીષ વધારી સંખ્યાને, અને ત્રણેવારીથી જે વિવક્ષિત તારીખ મુકીના પ્રત્યેક મહિનાના દિવસોની સંખ્યાને સાથે ભાગવી, શેષ રહેતી સંખ્યાઓ ગણવાઓ કરી જે સરવાળાને ૭ વડે સાથે ભાગવા. એમ કરતા ૦,૧,૨,૩,૪,૫,૬ શેષ રહે તો અનુક્રમે રવિ, સોમ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિવાર જાણવા.

ઉદાહરણ —૧૯૦૨ ના આસોની ૬ ઠી તારીખે કયો વાર હતો ?

ક્રિયા —સનની સંખ્યા ૧૯૦૨ માંથી ૧ બાદ કરતાં રહ્યા ૧૯૦૧, શીષ વધારી સંખ્યા ૪૯૦, ત્રણેવારીના દિવસ ૩૧, ફેબ્રુ આરીના દિવસ ૨૮, માર્ચના દિવસ ૬, એ સર્વને સાથે ભાગવાથી અનુક્રમે ૪,૫,૩,૦,૨, બાકી રહે છે. એ બાકીઓમાં મરાઠીમાં ૪ થા છે તેને સાથે ભાગતા ૦ રહે છે માટે તે રવિવાર હતો.

* ૪૦૦ ચાર વર્ષે એક, ૧૦૦ સો વર્ષે ૨૪, અને ૪૦૦ ચારસે વર્ષે ૯૭ લીપ વર્ષ આવે છે

चातक प्रति अन्योक्ति.



सोरठो.

मरे तृषाथी छेक, अथवा याचे इंद्रने;
खगमां मानी एक—चातक हजो चिरायुषो. १

हरिगीत.

कहु सत्य शुण चातक ! चरण तोडी ने नृत्य करीश तुं,
आ मत्तगज छे भ्रान्ति धाराधर तणी न धरीश तुं;
तारा समाने दे न ए आपे सदा अनुरूपने,
छे नियम के नक्कीज दे मातंग दान मधूपने. २
उंचो करीने कंठ याचे शींद हे चातक ! वृथा,
आ मेघनुं सर्वस्व केवळ गर्जना छे सर्वथा;
आशा विषे आशा भार्या तारा समा रे' जोइने.
पण टिपुं तोय कदापि आ घन आपतो नथी कोइने. ३
धरि टेक चातक एक सर नद ह्रद भणी भाळे नहीं,
धिःकार तोयदने तृषा जो ते'नी कदि टाळे नहीं;
याच्या छतां आपे न पण निर्लज्ज थइ जो जाय तो,
चातक ! तने धिःकार वारंवार एने चा' यतो. ४

सवैया एकत्रीशा.

ललित लताओ उद्भव थाये बीज अंकुरित थतां जणाय,
कंद कंदलित कैं दर्शाये मनमा जन सर्वे मकलाय;
धाराधरनी वृष्टि वडे सौ सृष्टि विषे आनंद न माय,
चातक ! पातक आ तकमां जलबिंदु न जो तव मुखमां जाय. ५
रे प्रिय चातक ! ते घन जूदा तृष्णा टाळे सोनी जेह,
काशधवल शारदघन आ तो नीर विनानो निःसंदेह;
बहु बऊ करि बोले ए तोये तोय न आपे टीपुं एक,
वीरा शान्त था शोक न कर तुं तनिश नहीं एवा लहि टेक. ६
ह्रद नद सर सागर वापी वा पीयुष तुल्य कुवानां नीर,

વિચાર આ શાળામાં સારી રીતે મદદ આપવાનો છે. આ શાળામાં આ તેમજ બીજા દેશના હુન્નરોનું જ્ઞાન અપાશે. ૧૮૯૯ ના વર્ષની શરૂઆતમાં મી. પાદશાહે, લોકોને આ યોજનાનો ઉદ્દેશ સમજાવવા માટે, દેશમાં જુદે જુદે સ્થળે મુસાફરી કરી. જે સંસ્થા હજુ સુધી માત્ર દરખાસ્તના રૂપમાંજ હયાતી ભોગવે છે, તેના આશયના સંબંધમાં શંકા રૂપી જે ઝાકળનાં વાદળાં આવી રહેલાં દેખાતાં હતાં, તે મી. પાદશાહે વીખેરી નાખ્યાં. આ ગ્રહસ્થ જ્યારે લખનૌ પધાર્યા તારે તેમની સાથે મારે ટૂંકી વાતચીત થઇ, અને ત્યાર પછી એક મારા વિદ્વાન મિત્ર સાથે આ સંબંધમાં જે લાંબી ચર્ચા થઇ તે ઉપરથી મને લાગ્યું કે **મી. તાતાનો** મહાન આશય કેટલેક અંશે સમજવાને હું સમર્થ થયો છું; વિચાર કરતાં જણાય છે કે શાસ્ત્રીય શોધો માટે તેમજ ઉદ્યોગો અને હુન્નરની કેળવણી માટે, ઉપયોગી શાસ્ત્રીય સિદ્ધાંતોના સંબંધમાં **આર્યબુદ્ધિને પશ્ચિમનું** જે ગુરૂપદ સ્વીકારવું પડે છે તેમાંથી તેને (બુદ્ધિને) મુક્ત કરવાનો મી. તાતાનો આશય હોવો જોઇએ. મ્હને તુરત જણાયું કે આ સંસ્થાથી **કેળવણીની** શ્રેણીનાં ઉપલાં પગથીઆં સુધારવાની વ્યવસ્થા થશે, પરંતુ નીચલાં પગથીઆં તો જે જુનું સ્થિતિમાં છે, તેજ સ્થિતિમાં રહેશે " **પાયોનીઅર** " પત્રમાં મુંબઇવાસી મી. **વૅલેસ** નામના અંગ્રેજ ગ્રહસ્થે આપેલા એક કાગળથી મારો આ વિચાર દૃઢ થયો. તે ગ્રહસ્થે એમ બતાવી આપ્યું કે જ્યાં સુધી કારીગરો, અને લેખોરેટરીમાં કામ કરનારા આસિસ્ટંટો આ વિષયમાં બરાબર કેળવાય નહિ, ત્યાં સુધી આ શાળાનું અન્વેષણ કામ અપ્રતિહત રીતે ચાલશે નહિ. જ્યા સુધી આપણા ગ્રેજ્યુએટોની અવલોકન તથા તોલનશક્તિ સારી રીતે અભિવૃદ્ધિ પામી હોય નહિ, ત્યાં સુધી આ શાળામાં જે કામ કરવાનું છે, તેના ખરા સ્વરૂપને તેઓ બરાબર જાણી શકે નહિ. આ ઉપરથી આખી શ્રેણીની સુધારણા કેવી રીતે થઇ શકે, એ પ્રશ્ન મ્હારા અંતઃકરણમાં સ્ફુર્યો, ને તેનો ઉત્તર પણ પ્રશ્નેજ સૂચિત કર્યોઃ તે એકે,—કેળવણીના પ્રારંભથીજ શરૂઆત કરવી. મનુષ્ય ગમે તે ધંધો ગ્રહણ કરવા ઇચ્છે તેમાં શિક્ષણની શાસ્ત્રીય પદ્ધતિ તેને સારી રીતે સહાય કરે છે. અધ્યાપક, કારીગર, વેપારી, રાજ્યાધિકારી, એલ્ચી, આ પૈકી સર્વ ધંધાદારીઓને બાલ્યાવસ્થામાં તેઓએ ગ્રહણ કરેલી શાસ્ત્રીય પદ્ધતિ તેમના અભ્યુદયને ઉપકારક હોય છે. મારે કેટલાંક બાળકો છે ને મ્હારા મિત્રના ઉપર પણ તે સંબંધમાં ઇશ્વરની કૃપા છે. આ અમારાં બાળકો ઉપર પૂર્વોક્ત શાસ્ત્રીય પદ્ધતિનો પ્રયોગ કરવાનો અમે મને ૧૮૯૯ માં નિશ્ચય કર્યો.

શિક્ષણ કામ કેવી રીતે શરૂ કરવું? ક્યાં શરૂ કરવું? કયી પદ્ધતિ અનુસરવી? ને આ સંબંધમાં જોઇતી ખબર, પુસ્તકો અને સાધનો કયાંથી મેળવવાં? વગેરે મુશ્કેલીઓ પ્રથમ દર્શને ઉભી થઇ. પરંતુ આ મુશ્કેલથી અમારો ઉત્સાહ નરમ પડ્યો નહિ, " **ફ્રીહિંદ એસોશીએશન** "ની વાર્ષિક સભામાં પ્રોફેસર **આર્મસ્ટ્રોંગે** જે વાત સ્પષ્ટ કરી તેના ઉપરથી અમે અમારું શિક્ષણ શરૂ કર્યું. અત્યારસુધી આ દેશની નિશાળોમાં વાચન, લેખન ને ગણિતની ત્રિપુટી શીખવવામાં આવતી. પ્રોફેસર સાહેબે આ ત્રિપુટીમાં " **બુદ્ધિની કેળવણીના તત્વ** " નો વધારો કર્યો. શિક્ષણની પ્રચલિત પદ્ધતિમાં સ્મરણશક્તિ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે પરંતુ બુદ્ધિની કેળવણી ઉપર જેટલું ધ્યાન આપવું જોઇએ તેટલું અપાતું નથી. સમજ્યા વગર સ્મરણશક્તિ ઉપર જે અસહ્ય ભાર

આવી પડે છે તેથી તે શક્તિ કુંઠિત થઇ જાય છે, શરીર ને મન નબળાં થાય છે, અને અંત કરણ અધમ થાય છે ગત વર્ષમાં ડો. રામસ્વામી આય ગારે આપણા વિદ્યાર્થી ઓના દુંડી નજરનો સામાન્ય વ્યાધિ સારી રીતે પ્રવર્તેલો છે, એ વાત તો પ્રયોગદ્વારા સિદ્ધ કરી આપી હતી. ફ્રાંસિસ વૉર્નરની માફક આ મહાત્મ્ય આપણી શાળામા ભણતા દરેક બાળકની આરોગ્યતા અને માનસિક ટેવોના સબંધમા પ્રતિવર્ષ રીપોર્ટ બહાર પાડવાની પદ્ધતિ દાખલ કરે તો એનાથી તેથી હિંદને ઘણો લાભ થાય. ડો. આયગર બાલ-મનના અભ્યાસની તરફેણમા છે. તે કહે છે કે પૂર્વોક્ત દુંડી નજરના વ્યાધિનાં કેટલાક કારણોમાં રમખ્યશક્તિના ઉપર જે બહુ ભાર મૂકવામા આવે છે તે મુખ્ય છે દરેક રાઉરમા જન-સમૂહનું સારૂં કરવાની ઇચ્છા રાખનારા ઘણા યુવાન ને વિદ્વાન ડાક્ટરો હોય છે તેઓ બાળ કોમાં જે ગાંડપણ આમીઓ જોવામા આવે છે તે જોઈ કાઢવામા, તેમજ તે વ્યાધિ મટાડ વામા શિક્ષક તેમજ માબાપને મદદ કરે તો ઘણા બાળકો અકાલિક વ્યાધિ, નબળાઇ ને મરણના સપાટામા આવી પડતા બચે અમે પ્રથમથીજ બુદ્ધિને કેળવવાને ઉદ્દેશ રાખ્યો.

વસ્તુદ્વારા શિક્ષણ આપવાની પદ્ધતિ કે જે હાલ ઇગ્લાંડમા બહુ ચર્ચાઇ રહી છે, અને પ્રોફેસર આર્નોલ્ડ જેનો મુખ્ય ઉપદેશક છે, તે પદ્ધતિ અમે કેટલેક અંશે અમલમાં મૂકી આ અંગ્રેજ વિદ્વાને પોતાના બાળકોને તે પદ્ધતિદ્વારા શિક્ષણ આપ્યું હતું. ઈંગ્લંડના કેટલાક મુખ્ય મદરેસાઓની સભા સમક્ષ તે શિક્ષણની કસોટી થઇ હતી, અને બાળકો તે કસોટીમા કતેહમંદ પણ નીકળી આવ્યા હતા એ વિદ્વાન પ્રોફેસરનો એવો અભિપ્રાય થયો છે કે બાળકોને સંજીવન જ્ઞાન વસ્તુદ્વારા આપી શકાય. મ્હે આ પદ્ધતિનું અનુકરણ કરવા માંડ્યું વસ્તુદ્વારા કેટલીક આપવાના પ્રયોગો આજ બધા ને એક પ્રયોગમાં તો એકાથને હિસ્સો પણ લીધો. બન્ને પ્રકારના બી પાણીમા પલાળ્યા, ઉપરની ફોતરી કઢેડી ને આંતરાનું નિરીક્ષણ કરાવ્યું, વળી દલની સંખ્યા ગણાવી, એક નોટ-બુકમાં આ અવલોકનનો સાર લખાવ્યો. દરેક બાળકે કેટલાક બીજા જુદા જુદા વાસણમા રોપાવ્યાં, તેને ઉગવા દીધાં, તેઓના કણમૂળ બહાર નીકળ્યા અને તેમા પાદડા ફૂટ્યાં આ પાદડાં બળી ગયા પહેલા તેને તપાસ્યાં. ને ત્યારપછી બાકી પાદડા સહિત લાંબા પાતળાં થડ દરમ્યાન આ પાદડાંને જોતાંજ ને આકૃતિ નમૂનો જોઇ બાળકોએ કેટલાક પાદડાની નસો બળીના આકારની ને કેટલાકની સીધી લીટીના આકારની દેખાઇ આટલું જ્ઞાન થયા પછી બાળકો ખેતરમા ગયાં, અને ત્યા એકદલ ને દ્વિદલ છોડો જોઈ જોઈ કાઢવા લાગ્યા. તેઓ બહુ પ્રસન્ન દેખાતા હતા અને એમ માનતા હતા કે તેઓએ કાંઇ નવીન શોધ કરી છે. ત્યારપછી તેઓને વનસ્પતિ શાસ્ત્રનું પુસ્તક બતાવ્યું અને કેટલાક છોડોના નામ શીખવવા માં આવ્યા. આ પરિણામથી હું પ્રસન્ન થયો ને આ પદ્ધતિનુંજ અનુકરણ કરવાનું નિશ્ચિત કર્યું. આ પદ્ધતિના ફાયદા દેખીતા છે, પરંતુ તેના પરિણામ બહુ ધીમા છે આ દેશમાં હાલમાં જે પરીક્ષાપદ્ધતિ પ્રચલિત છે, તે આ પદ્ધતિને બાધકર્તા છે અક્ષરજ્ઞાનના ગુરૂ કરતાં જ્યારે ઉપર હાથમા વિશેષ ધ્યાન આપવું છે તેમ છતા અમે તો તે પદ્ધતિનેજ વળગી રહ્યા, અને હજુ પણ તે ચાલુ રાખી છે. (અપૂર્ણ)

વ્યાકરણનું શિક્ષણ.

૧. શાળામાં ચાલતા વિષયોમાં વ્યાકરણની જગા.

સાધારણ રીતે એમ માનવામાં આવે છે કે વ્યાકરણ જાણવાથી માણસ શુદ્ધ ભાષા બોલી શકે છે અથવા લખી શકે છે. અર્થાત્ વ્યાકરણ ભણેલો માણસ "દુ ખાધું" "કાગળ વાંચી," "ચોપડો લખ્યું," "ગામની ગયો" એવા પ્રયોગો કરશે નહીં, અને તે કયા નિયમ પ્રમાણે ન કરવા તેનું કારણ પણ આપી શકશે. પણ વ્યાકરણ શીખવાથી જો માત્ર આટલોજ અર્થ સરતો હોત, તો તેને આજ શાળાના વિષયોમાં જે ઉંચામાં ઉંચી પદવી આપવામાં આવે છે તે આપવામાં આવત નહીં. કારણ કે ભાષાને સામાન્ય રીતે શુદ્ધ બોલવી અને શુદ્ધ લખવી એ તો વગર ભણેલા પણ સારા સમાજમાં રહેલા માણસો પણ કરી શકે છે, તો તેમાં વ્યાકરણ ભણવાથી વિશેષતા શું ? તેની ખરી વિશેષતા તો એ છે કે ભાષાની તે ખૂબી સમજાવે છે. અમુક વાક્ય અમુક સ્થળે કેટલું કામ કરે છે, અથવા અમુક શબ્દ અમુક વાક્યમાં શી ફરજ બજાવે છે, તે તે સમજાવે છે, અને આ રીતે જોતાં વ્યાકરણનું મહત્ત્વ વધી જાય છે. આ રીતે ભાષામાં વપરાતા દરેક પ્રયોગોના ઝીણામાં ઝીણા ભેદોના રહસ્ય સાથે વ્યાકરણ સંબંધ ધરાવે છે, અને તેથી વિચારશક્તિના બહુ સૂક્ષ્મ અંશોની ખીલવણીમાં તે મોટો ભાગ બજાવે છે; આ પ્રમાણે જોતાં વ્યાકરણની પદવી શાળામાં ચાલતા વિષયોમાં ઉંચી હરે છે. પણ જેમ હરકોઇ વિષયના સંબંધમાં છે તેમ વ્યાકરણમાં પણ છે કે એ ઉંચી પદવી તેને યોગ્ય રીતે શીખવવામાં આવે તોજ રહે છે. માત્ર નિયમો અથવા વ્યાખ્યાઓ ગોખાવવાથી અને એક અમુક યાંત્રિક પદ્ધતિ પ્રમાણે પદચ્છેદ કરાવી જવાથી આ ઉંચી પદવી જાળવી શકાતી નથી. એ ટૂંકા ઉદ્દેશથી વ્યાકરણનો વિષય શિક્ષકોને તેમજ વિદ્યાર્થીઓને કંટાળા ભરેલો ત્રાસજનક અને નીરસ લાગે છે. પણ ઉપર જણાવ્યું તે પ્રમાણે ભાષાની ખૂબીઓ સાથે જો તેનો સંબંધ કરવામાં આવે, તો વાસ્તવિક રીતે તે વિષય તેવો નથી પણ બુદ્ધિને ખીલવવામાં એક પ્રધાન સાધન તરીકે ગણી શકાય તેવો છે.

૨. વ્યાકરણનું કલા અને શાસ્ત્ર તરિકે અવલોકન.

કલા તરીકે વ્યાકરણ ભાષાના અમુક નિયમો અને તે વાપરવાની કેટલીએક રીતિઓ તથા શબ્દના પ્રકારો પાડવાની સાથે સંબંધ ધરાવે છે. આ સંબંધ મુખ્યત્વે કરીને પદચ્છેદ સાથે એટલે શબ્દોને તેના ઠરાવેલા વર્ગોમાં ગોઠવવા અને તેનો વિવિધ સંબંધ બતાવવા સાથે છે. આમાં પણ વિચારશક્તિની મદદ વગર કાંઇ બની શકે તેવું નથી. શબ્દને અમુક વર્ગમાં મૂકવા અને તેનો વિવિધ સંબંધ જાણવા તેને પૂરેપૂરા સમજવા જોઇએ. અને જે કારણે તે વપરાયા હોય તે કારણો તે શું કર્તવ્ય બજાવે છે તેનો પૂરો ખ્યાલ આવવો જોઇએ. આમ થયા વગર કોઇ પણ શબ્દને તેના ખરા રૂપમાં સમજી શકાય નહિ, અને તેથી તેને યોગ્ય વર્ગમાં મૂકી શકાય નહિ, અથવા તેનો યોગ્ય સંબંધ બતાવી શકાય નહીં. આથી પદચ્છેદ કરવામાં જરૂર પડે વિચારશક્તિની અને ઝીણી સમજ-

શક્તિની જરૂર પડે છે પણ જણાવવાની દિલગિરી થાય છે કે પદચ્છેદની પ્રચલિત પદ્ધતિ આ રીતની દોરવા કરતાં એક અમુક માર્ગિક નિયમે ચાલ્યા કરવું તેને વિશેષ મળતી છે આ માર્ગિક રીતિમા માત્ર અમુક નિયમો વિદ્યાર્થીઓને આપવામા આવે છે, અને પદચ્છેદ કરવામાં વિચારનો બહુજ થોડો ઉપયોગ થાય, અને ઘણીવાર મૂંઝવણમા પડી જવાય, તેવા કેટલાએક બોટા નિયમો પણ આપવામાં આવે છે દાખલા તરીકે કેટલીક વાર વિદ્યાર્થીઓને એમ શીખવવામા આવે છે કે " જેમા મહેનત પડે છે તે ક્રિયાપદ " " જેમા ફેરફાર થતો નથી તે અવ્યય " આવા નિયમો આપવાથી છોકરાઓ વિચારનો જેમ અને તેમ થોડોજ ઉપયોગ કરે છે, અને શબ્દોની કિમ્મત તેની આસપાસના સંબંધ ઉપરથીજ જે હકીકત કરવાની હોય છે, તેને બદલ માત્ર તેના રૂપ ઉપરને તેના બાહ્ય આકાર ઉપરથી કરે છે. એ દેખીતુંજ છે કે તેથી તેમની વિચારશક્તિ ખીલવવામા મદદ કરી શકાતી નથી અને ઉલટું એક બોટી ટેવ પડી જાય છે કે જેથી વિદ્યાર્થીઓ " જેમા મહેનત પડે છે તે ક્રિયાપદ " એવું જ્યારે સમજતા હશે, તે " છે " " હશે " એવા શબ્દોને ક્રિયાપદ શી રીતે કહેશે ? અને " જેમા ફેરફાર થતો નથી તે અવ્યય " એજ નિયમ માત્ર જેઓ જાણતા હશે તેઓ " અને " " કમર " વગેરે શબ્દોને અવ્યય કેમ નહીં ગણે ? કેટલીક વાર તો આવા પૂરા ખરેખા નિયમોના પણ ઉપયોગ વગર, માત્ર યાદ રખાવવાથીજ પદચ્છેદ કરી દેવાનો ચડિયટ ચલાવવામા આવે છે વિશેષે કરીને સર્વનામ અને અવ્યય જેવાના સંબંધમા આવો પ્રકાર કેટલીક વાર બને છે શિક્ષક એમ સમજી આપે છે કે આટલા આટલા શબ્દો અથવા જુનો કાયદો એવા જેવા શબ્દો આવે તો તે આખ મીંચીને સર્વનામજ કહેવાય અને વિદ્યાર્થીઓ શિક્ષકના આ કિમ્મતી બોધને અક્ષરે અક્ષર યાદ રાખી લે છે આથી પરિણામ કેવું બોટું આવે છે તે વિદ્યાર્થી સમજાવવાની કંઈ પણ જરૂર નથી, કારણ કે આપણ મર્મ તેનો આવી રીતે અનુભવ કરીએ છીએ આ રીતે ચલાવવાથી છોકરાઓની વિચારશક્તિની બોડામા બોડી ખીલવણી થાય છે અને માત્ર વિચાર વગર અટકળ મારવાની છેક નુકસાનકારક ટેવને ઉત્તેજન મળે છે એટલામાટે એ પદ્ધતિ કોઈ પણ કોરાળે ચાલતી હોય તો તે તુર્તજ દૂર કરવા જેવી છે અને તેને બદલે વિચારપૂર્વકજ કહેવરાવવાની પદ્ધતિ જેમ બને તેમ જોરાવા પ્રમાણમા દાખલ કરવાની જરૂર છે અને બોલું શીખવાય, પણ જેટલું શીખવાય તેટલું કેવળ વિચારની મદદથી કરી શકે એવું બને તોજ વિદ્યાર્થીઓને તે વર્તમાનમાં અને ભવિષ્યમાં લાભપ્રદ છે

લાભ તરિકે જોતાં પણ વ્યાકરણ કેટલું કિમ્મતી છે તે ઉપરના ભાગમાં કેટલુંક આવી ગયું છે. વિશેષમા અહીં એટલું જણાવવું બસ થશે કે વ્યાકરણ એ ચાલ્ત તરીકે ભાષાના પણ અક્ષરો ખીલવનાર છે. ભાષામા કયું વાક્ય કેટલું કિમ્મતી છે તે બતાવી તે દરેક વાક્યમાં દરેક શબ્દ જે ભાગ ભજવે છે તે ઘણી સારી રીતે બતાવી આપે છે કેવળ શબ્દો અને તેના અર્થો ઉપરથીજ તે વિચાર કરવાનું શીખવે છે, એટલે વસ્તુ વગર માત્ર તત્ત્વો ઉપરથીજ વિચાર કરવાની જે બાળકને ટેવ પાડે છે પણ આ સર્વ લાભ થવાનો આધાર આપણે જણાવ્યું તે પ્રમાણે તે શીખવવાની પદ્ધતિ ઉપર છે, જો પદ્ધતિ આ લાભોને ઉદ્દેશીને લેવામાં આવી હશે તોજ આ લાભો લેવાને શક્તિમાન થઈ શકાશે નહિતો ઉલટું કેટલીક બોટી ટેવો પાડવાનું પણ તે સાધન થઈ શકશે (અપૂર્ણ)

કુસુમ.

ઇંગ્લાંડના બાળકો.

ઇંગ્લાંડના બાળકો હિંદુસ્તાનના બાળકો કરતાં વધારે સ્વચ્છ અને બુદ્ધીશાળી હોય છે કેમકે તેમના માબાપો આ દેશના માબાપો કરતાં વધારે બુદ્ધીશાળી અને કેળવણી પામેલાં હોય છે. તેઓ પોતાના બાળકોની આરોગ્યતા અને કેળવણી માટે બહુજ કાળજી રાખે છે. ઇંગ્લાંડમાં રીવાજ છે કે ઘણુ કરીને લોકો સવારમાં સાત વાગે અથવા તેથી મોડા ઉઠે છે કેમકે તે દેશ હીંદુસ્તાન કરતાં ઘણો ઠંડો છે. પૈસાદાર અને સારી સ્થિતિવાળા લોકોના બાળકો ઘરના એક જુદાજ ઓરડામાં રહે છે કે જે ઓરડાને નરસરી અથવા બાળકોને ઉછરવાની જગો કહે છે. જ્યારે બાળકો તે ઓરડાની બહાર રહેવાને લાયક થઇ જાય છે ત્યારે પણ તેમને ઘરમાં રહેવાને જુદો ઓરડો મળે છે. નહાઇ ધોઇ કપડાં પહેરી લીધા બાદ સવારના આઠથી નવ વાગ્યાની વચમાં નાસતાની ઘંટડી વાગે છે એટલે ઘરનાં સઘળાં નાનાં મોટાં જમવાના ટેબલપર આવી હાજર થાય છે. આ વખતે અથવા ત્યાર પહેલાં ઘરમાં જરા પણ ગડબડ થતી જોવામાં આવતી નથી. સૌ ચૂપચાપ પોતાના કામપર હાજર થાય છે. બાળકોને ખાસ કરીને ચૂપ રહેવા અને શોભાઇ નહિ કરવાને શીખવવામાં આવે છે. નાના બાળકો જ્યારે જમવાના ટેબલપર હાજર થાય છે ત્યારે તેમને માટે ઉંચા પાયાની ખુરશીઓ રાખવામાં આવે છે, એટલામાટે કે તેઓ સહેલાઇથી ટેબલ સુધી પહોંચી શકે.

જમી રહ્યા બાદ જ્યારે ઘરના ડ્રોઇંગરૂમમાં જઇ બેસે છે અને અહીં તહીંની વાતો કરવામાં રોકાય છે ત્યારે બાળકો નિશાળે જાય છે અથવા જેમની સ્થિતિ ઘેર શિક્ષકો રાખવા જેવી હોય છે તેઓ પગારદાર સ્ત્રી શિક્ષકો પાસે લખવા વાંચવામાં રોકાય છે. સ્ત્રીઓ પણ લખવા વાંચવા કે ભરતશીવણના કામમાં લાગી જાય છે. બપોરે ટીફીન ખાવામાં આવે છે કે જેને લેનશન કહે છે. આ વખતે ઘણુંકરીને સઘળી કચેરીઓ અને કારખાનાં બંધ થઇ જાય છે. સાંજરે સાત વાગે રાતનું ખાણું ખાવામાં આવે છે. સાંજના આઠ વાગે બાળકો સૂવાના ઓરડામાં ચાલ્યા જાય છે પણ ઘરના બીજા માણસો ડ્રોઇંગરૂમમાં બેશી વાતચીત કરતા રહે છે. કેટલાક વર્તમાનપત્રો વાંચે છે, કેટલાક જુદી જુદી જાતની રમતો રમે છે અથવા વાજું વગાડી દીલ ખુશ કરે છે. સવારે ઉઠતાંજ અને રાત્રે સૂતા પહેલાં ઘરધણી ઇશ્વરપ્રાર્થના કરે છે, તેની સાથે તેની સ્ત્રી, છોકરાં અને બીજાં કુટુંબીઓ જો હાજર હોય છે તે ભાગ લે છે.

ઘણું કરીને ઇંગ્લાંડના ઘરોમાં એકજ ઘરનાં સ્ત્રીપુરુષ અને છોકરાં હોય છે કેમકે હિંદુસ્તાનની પેઠે તે દેશમાં સઘળા ભાઇ બેનોના બાળકો અને તેમના સ્ત્રી પુરુષો એક ઘરમાં રહેતાં નથી.

કેટલેક વખતે સાંજરે બાપ અને બાળકો મળી ઘરમાંજ રમતો રમી પોતાના મનનું રંજન કરે છે તેને "બાળકોનો કલાક" કહે છે. બાપ નાના બાળકો સાથે મળી જઇ રમે છે. કદી તે ઓરડામાં તેની પાછળ દોડે છે. કદી તે લાંબો અને ઘુંટણો નીચે રાખી ઘોડો બની જાય છે અને બાળકો તેની પીઠ પર સવાર થાય છે. જરા મોટી વયના બાળકો હિંડર-

ગાર્ટનની બહિમે ની આધુનિકોના ઘર કે બગલા બનાવી રમે છે. છોકરીઓ ઢીંગલીઓથી રમી દિવસ ખુશ કરે છે.

ઇગ્લાંડના બાળકોને રમત ગમતનો પણ ઘણોજ શોખ હોય છે કે જેવો હિંદુસ્તાન ના બાળકોને હોય છે તેઓ હાળાના પણ હિંદુસ્તાનના બાળકો કરતા વધારે ઉદ્યમી બને છે. જે બાળક અભ્યાસ પાઠ તૈયાર ન કરી લાવે તેને શિક્ષક સજા કરે છે કે હાળામા છૂટી વખા બાદ કેટલોક વખત તેને બેસાડી રાખે છે

હિંદુસ્તાનના ગરીબ આત્મજના બાળકોને જે વખતે કમાવાની જરૂર પડે છે તેજ વખતે ઇગ્લાંડના ગરીબ આત્મજના બાળકોને પણ પડે છે અને એટલા માટે ત્યાના ઘણાં કારખાનાઓમા પણ છોકરાઓ નોકર રહે છે આ નાના પક્ષીઓ નાના નાના કેમ પેટની ગુજરાત માટે આમ તેમ ફરતા આવતા નજરે પડે છે

દુનિયાના બધા બાળકોની કોઈ વાત મરખી આવુમ પડે છે તો તે રમત રમવાની છે ઇગ્લાંડના બાળકો આખી દુનિયાના બાળકોમા રમત રમવામા પહેલા નંબરે આવે છે. એમ પડે છે તેથી શીઆળાની લાંબી લાબી સાંજોએ બાળકો ઘરમા બેસી કેટલીક રમતો રમે છે, વર્તાઓ કરે છે, અને જે પુસ્તકો તેમનુ જ્ઞાન વધારવા અને તેમને આનંદ પમાડવાને તૈયાર કરવામા આવેલા હોય છે, તેમાંથી ચિત્રો જુવે છે શીઆળા બહાર જે બરફ પડે છે તે ઉના પોત જેવા મરેલ હોય છે. તે વખતે કેટલાક બાળકો ઘેરથી બહાર નીકળી બરફ અને બરફના ગોળા બનાવી એક બીજાને બાથવા રૂપે મારતા હોકોને મારે છે. હિકેટ બેટ અને ફટબોલ એ નામની રમતો તો ઇગ્લાંડનીજ ગણાય છે કે જે ના મોટાથી તે નાના સુધી મારે રમે છે

એ૯૯૭ ધનજી કાવા.

નવીન પુસ્તકો.

લઘુભારત ભાગ ૩ જો.

આપણા પ્રસિદ્ધ કવિ રા. રા. ગણપતરામ રાયરામ ભટ્ટ તરફથી બોરા મહિના અગાં તેમના રચેલા લઘુભારતનો ત્રીજો ભાગ બહાર પાડયો છે. મહાભારતનુ ૪ થું વિરાટ પર્વ અને ૫ મું ઉદ્યોગ પર્વ એ બે ભેગા. અભાવડા છે રમત પુસ્તકો મહાભારતને ગોરડીના મોંઢાની ઉપમા આપે છે તે યથાયોગ્ય છે, કેમકે આ પુસ્તક વાંચવાથી આપણને પદે પદે રસાવિષ્ટ અને અભ્યસ વધારામા અતિશય રસ આવવા પડે છે કથાઓના પ્રસંગ તરીકે અનુક્રમના મનને પકડી રાખે એવુ ગોઠવ પર્વ હોય તો તે વિરાટ પર્વ છે, એમા સદેહ નથી. બાળબોધ બહુધા એની કથા ઉપરજ પોતાના શ્રોતાઓને કમાવે છે અને રસજ આપે છે ગમીર અભ્યાસો તેમાંથી રાજકીય અને વ્યાવહારિક અનેક પ્રકારના ઉપદેશ મેળવી શકે છે. જનસ્વભાવનું ચિત્ર તો એમા જે પ્રકારે એવું પાડયું છે કે કલ્પનો વર્ષ વીસા છતાં પણ તેના રંગ જેવા ને તેવાજ અખંડાકાર રહ્યા છે ! લખવાને આનંદ ઉપજે છે કે આ બધું કવિ ગણપતરામ પોતાની આ સારરૂપ કૃતિમાં ઉતારી શક્યા છે અથવા વાંચનાં વાંચનાં

યુધિષ્ઠિરનું દિનેચ્છકપણું, દ્રૌપદીના મનનું ઉન્નતપણું તથા પતિપ્રેમ, તેનું આત્મસ્થિત કૃતીત્વ, ભીમનું પરાક્રમ અને ક્ષમાશીલતાનો વર્ણ, કીચકના મનની નિર્લજ્જતા, દુર્યોધનની અટપટ, વનવાસમાં ઉતરેલા ઉત્તર કુમારની રમૂજ અને ગોગ્રહણનું પ્રકરણ, આ સઘળું જોતે રીતે વર્ણવેલું જોવામાં આવે છે કે તેમાં ત્યાગભાગનો અવકાશ રહેતો જ નથી.

વિરાટ પર્વ જોવી રીતે વાંચનારને માટે રમૂજી પ્રસંગોથી ભરેલું છે, તેવીજ રીતે ઉદ્યોગ પર્વ રાજનીતિ, અધિવિગ્રહ, અને વ્યવહારનીતિથી ભરેલું છે; એમ છતાં એવા પ્રસંગ રસિક વાંચનારે એક વાર આદર્યા તો પછી તેને છોડી દેવા એ તેને મન જરૂરનું જ નથી. નીતિ અને તત્વજ્ઞાનથી ભરેલા અંશોનું સારરૂપે રસિક ગ્રંથન કરવા બદલ આપણે હરિ ગણપતરામને ધન્યવાદ આપીએ છીએ. વિદુરનીતિ અને સનત્સુજાતને કહેવાં 'અધ્યાત્મ જ્ઞાનનો પણ આ પર્વમાં કવિએ સારી ચતુરાઈથી સંગ્રહ કર્યો છે મહાભારતના કયા કયા વિષયો તેમણે સંગ્રહ્યા છે કે છોડી દીધા છે તે અહીં કહેવાની જરૂર નથી, પણ સંગ્રહેલા વિષયો કેવી રીતે વર્ણ્યા છે ને કેવી સરાણ છે, અને તે જોવું અમે આપનાં પાઠ્યાં બે પુસ્તકોના અવલોકન વખતે કહી ગયા છીએ તેટલું અહીં પણ કરીએ છે. મતલબ કે કવિતા કરવાની કવિની શક્તિ તેમના સ્વાધીનમાં હોય તેમ તેઓ મહાભારતે લખવાનું તે લખી ગયા છે અને જ્યાં જ્યાં પ્રસંગ આવ્યા છે ત્યાં તેને રસિક કરવાને ચૂક્યા નથી. સૈરંધ્રી અને કીચક વગેરેના પ્રસંગનાં ઉતારવા અમે રજા નથી લીધી અહીં આપી શકતા નથી જે આપે દિલગીર છીએ. કૃ [illegible] રે લખે છે તે અમે હજાર રમૂજ સાથે વાંચ્યું છે, પણ તે છે [illegible] એકે કીધેલા પુસ્તકનો લાભ અનેક છે, પણ જાતે ખરીદવાનું નામ પાનેથી મફતનું પુસ્તક મેળવવા માગણી કરે; જેમાં તેનો પરિશ્રમ, વિચાર તદ્દન ન ધરે, ત્યાં ગ્રંથકાર પોતાના ઉદ્યોગમાં ઉત્સાહ શી રીતે [illegible] ખરીદી બે આનાનું ભંગ થયું બગડું માગી ન શકાય, પણ [illegible] કિંમતનું પુસ્તક મફતમાં મુખે મહેનત લેવરાવામાં આવે [illegible] શબ્દો ચાલતો હોય ત્યાં ભાષા ચાલિતનો ઉચ્ચાર શી રીતે હોય ? [illegible] ગોટાળેની વાત કરી. પણ અનેકના વાચનદોષ પૂરતાજ [illegible] પણ એવીજ જોવામાં છે; કે જેના ઉચ્ચારણમાં, જોડાક્ષરોમાં, [illegible] દાખલા દેખાય છે " વાત તો ખરી છે, પણ વાચનનો ગોખ [illegible] તેનાં કારણો છે, એમ માની કવિએ સમાધાન પામવું જોઈએ. હરિ ગણપત આ પરિશ્રમ આપણે વાચનો લાભ લેવી આપે [illegible] પણ પ્રાચીન અવર્વાચીનોએ મળી બધામાં તેવી આશા નહોતા [illegible] લાભમાં લીધું કર્યું. બધાના કારણ પરિશ્રમ વગેરેનો ખરચ વધારે [illegible] નારને ગૂઢ ભાગમાં સંક્ષેપમાં મહાભારત તમને આપી કરો [illegible] ગોળી ગાળ નથી.

ઔદ્યોગિક શિક્ષણ.

(પાછળ પૃષ્ઠ ૧૯૬થી ચાલુ.)

ફ્રાન્સની કેળવણી–ફ્રાન્સની આ પ્રકારની કેળવણી મ અધે ઈંગ્લન્ડમા વ્યાપારીશિક્ષણ માટેનો રિપોર્ટ કરવા માટે નિમાયલી મંડળીએ કરેલા રિપોર્ટમા નધે છે કે "ફ્રેન્ચ લોકોના પ્રાથમિક શિક્ષણક્રમમા પ્રાથમિક, અને વરિષ્ટ શિક્ષણાલય જેવી બીજી કોઇ પણ મહત્વની સંસ્થા જણાતી નથી. આમની શાળાઓ સરકારના ખરચથી ચલે છે અને તેમ જ કેટલીક શાળાઓ મફત શિક્ષણ આપે છે. તેમ તે શાળામા ઔદ્યોગિક શિક્ષણ પણ અપાય છે તેમા મુખ્ય વિષયો–ગર્ણત, ફ્રેન્ચ, ઇતિહાસ, સ્પાનિશ, ઈંગ્લિશ, જે ભાષા તથા ઇતિહાસ, ભૂગોળ, કાયદા, અર્થશાસ્ત્ર, ગ્રહિણી શાસ્ત્ર, વ્યવહાર શાસ્ત્ર, જમાખર્ચ (હાસુ), સરકારી કામકાજની માહિતી, મુખ્યત્વ ધધાની માહિતી, ચિત્રકળા, એ વિષયો પણ આવે છે. એની શાળાઓ હાવ ર, બૉંડો, આર્મેંસ વગેરે સ્થળે છે આ શાળાઓના નેકડે ઉપ વિદ્યાર્થીઓ વ્યાપારી લોકોની પેઢીઓ પર જાય છે અને ૨૫ વર્ષમા દાખલ થાય છે ૧૮૪૮ થી નેપાલિક પંચ તરફથી સ્ત્રીઓને અને પુરૂષોને વ્યાપારી શિક્ષણ તથા ઔદ્યોગિક શિક્ષણ મફત આપવાની શાળા સ્થાપન કરવામાં આવી છે. પારીસ ચેમ્બર ઓફ કૉમર્સે કાઢેલી મફત શિક્ષણ આપનાર શાળામાં ૨૨૦૦૦ વિદ્યાર્થીઓ શિખે છે કેટલીક વ્યાપારી શાળામા તો મુખ્યત્ (Short hand-writing) લઘુલેખનપદ્ધતિ, (Type writing) અક્ષરલેખનપદ્ધતિ, શિખવામા આવે છે વળી કેટલેક ઠેકાણે (Mercantile business) વ્યાપારી પદ્ધતિ, અને (Banking business) પેઢીના વ્યવહાર એટલે શરાફી માહિતી આપવામા આવે છે ત્યાં દાખલ વકીલ, બેરિસ્ટર, અને બન્નેમા જેટલી બુદ્ધિમત્તા જોઇએ તીએ તેટલી બુદ્ધિમત્તા ઝોકાદ વેપારીને, પેઢીવાળાને, અગર વ્યાપારીના મુનિમને જોઇએ છીએ એવો રિવાજ છે અને તેથી વેપારીવર્ગમાં પણ વિશિષ્ટ બુદ્ધિમત્તાવાળો વર્ગ પણ દૃષ્ટિગોચર થાય છે અને વ્યાપાર ઘણો ચમત્કારક આવે છે." આ પ્રમાણે ગાહુદા અને રાય નામના ફ્રેન્ચ ગ્રંથકાર લખે છે એવી સ્થિતિ આપણા હિંદુસ્તાનની આવે પન્ન આપણ સમજવા ! ઓદ્યોની પાઠશાળાના ઘોડક ઘોડનેા વ્યાપાર ખાતે પાસે કરવામાં આવે છે અને તેમની વ્યાપાર પદ્ધતિનુ નિરીક્ષણ કરવાનું કામ શિક્ષકોનું હોય છે અદ્યની પરીક્ષાની પદ્ધતિ પણ જર્મનીના જેવી છે.

ઇટાલી માનું શિક્ષણ—ઇટાલીમાં ૧૮૬૮ મા વ્યાપારી શિક્ષણનો આરંભ થયો વ્યાપારી વરિષ્ટ શિક્ષણાલય સ્થાપન થઇ શરૂ થયાબાદ તેના પ્રવર્તકોએ ઇતર વર્ગો. એટલે વકીલ, ડૉક્ટર, માસ્તર, ઇજનિયરો, આદિને જેવી પદવીઓ આપવામાં આવે છે તે પ્રમાણે આ શિક્ષણાલયના વિદ્યાર્થીઓને પણ માનની પદવીઓ આપવાનો સરકારે ઠરાવ કર્યો. અને તે શાળામાં પ્રચાર અર્થે વિદ્યાર્થીઓને વરિષ્ટ શિક્ષક નિમવામાં આવતો અને પરદેશના વ્યાપારના તેમને મોકલી નિમવામા આવતો. એવો ઠરાવ

કર્યો. સને ૧૮૮૩ માં બારીમાં વ્યાપારી શિક્ષણાલય સ્થાપન કરી તે સાથે એક આપારીની ઓફીસ જોડી દીધી. ૧૮૮૪ માં સરકારે સ્વતંત્ર ખરચથી એક ઉચ્ચ પ્રતિનું વ્યાપારી શિક્ષણાલય કાઢયું છે તેની વ્યવસ્થા કૃષિવિદ્યા, ઔદ્યોગિક જ્ઞાન, વ્યાપારીય જ્ઞાન, તેમ આરોગ્ય સંબંધી જ્ઞાન ધરાવનાર ગૃહસ્થોની એક મંડળી રાખે છે. આ શિક્ષણાલય માટે સરકાર પ્રતિવર્ષ ૩૨૦૦ પૌંડ ખર્ચ કરે છે, જેથી આ શાળાની યૂરોપમાંની ઉત્તમ શાળામાં ગણના થાય છે.

અમેરિકાનું ઔદ્યોગિક શિક્ષણ--અમેરિકામાં આ શિક્ષણનો પ્રચાર થયાને માત્ર પચાસ વર્ષ જેટલીજ મુદત થઇ છે. સને ૧૮૫૦ ની સાલમાં ત્યાં વ્યપારી શાળાઓ ૨૬૩ હતી અને તેમાં ૭,૬૨૦ વિદ્યાર્થી શિખતા હતા. ૧૮૯૪ ની સાલમાં આ શાળાઓ વધીને તેની સંખ્યા ૫૧૪ થઇ તથા તેમાં ૧,૧૫,૭૮૪ વિદ્યાર્થી શિક્ષણ લેવા લાગ્યા. ત્યાં વ્યાપારી શિક્ષણની ખરેખરી શરૂઆત ૧૮૯૩ ની સાલથી થઇ. ડૉકટર જેમ્સ, વાર્ટન, એ બન્ને સદર શાળાના પ્રોફેસરો હતા. તેમણે યૂરોપ ખંડમાં પ્રવાસ કરી આ બાબતની માહિતી મેળવ્યા પછી આ સુધારણા અમેરિકામાં દાખલ થઇ છે, પરંતુ આ બાબતનો સુધારો વધારે ઘણી ઝડપથી થયો અને માત્ર સાત વર્ષમાં એટલે ૧૯૦૦ ની સાલમાં અમેરિકાની આવા પ્રકારની શાળાઓ યૂરોપ ખંડના વિદ્યાલયોને પણ ટક્કર મારે તેવી સ્થિતિમાં આવી છે!

હવે આપણા હિંદુસ્તાનના સંબંધમાં તેને મુકાબલે જોઇએ તો આપણને કંઇ પણ પ્રયત્ન થયો હોય એમ જણાશે નહિ. ડૉકટર હંટરે ઇ. સ. ૧૮૭૮ માં હિંદુસ્તાનમાં વ્યાપારી અને ધંધાનું શિક્ષણ દાખલ કરવું જોઇએ એમ અભિપ્રાય આપ્યો હતો જેને બ્રિટિશ શહેનશાહત તરફથી અનુમોદન પણ મળ્યુ હતું. તેમ ૧૮૮૪-૮૫ માં રોયલ કમીશન ઓન ટેકનિકલ એજ્યુકેશન એ નામની મંડળીએ પણ આવા શિક્ષણની આવશ્યકતા છે એમ જણાવ્યું હતું. તથાપિ આપણને આવું શિક્ષણ મળવા સંબંધી યોજના થયેલી નથી તેનું કારણ શું હશે તે સમજાતું નથી!

A. M.

પદાર્થપાઠ.

(કા. પ્રા. ઉપાધ્યાય બી. એ.)

(પદાર્થ ને પદાર્થનું અસ્તિત્વ.)

છોકરાઓને ઇંટ અથવા બીજી સામાન્ય વસ્તુ બતાવી તેનું કદ, રંગ, અને આકાર કહેવા કહો.

આટલું તમને કેમ આવડયું? આંખથી એટલે કે જોવાની ઇંદ્રિયથી.

છોકરાઓના હાથમાં તે આપી તેમની પાસેથી પ્રશ્નોદ્વારા કઢાવો કે તે કઠણ અને ખડબચડી છે.

આ અમે સ્પર્શેન્દ્રિયથી જાણીએ છીએ.

એક શીશામાં ગુલ બબળ ભરી અને બીજામાં પાણી ભરી છોકરાઓને બતાવો

અને કહેવું કે આપણે સ્પર્શેંદ્રિયથી અથવા ચક્ષુની મદદથી આ બેમાં શું ભેદ છે તે જાણી શકાય નહિ

તે જાણવાને આપણે રસ્તો કયો ? તે બન્ને વીસા સુધી જુઓ આ આપણે નાસિકા (ઘ્રાણેંદ્રિય) વડે જાણી શકીએ છીએ

જુઓ આ બે ઘેાળી વસ્તુના કકડા છે. એક ખાંડનો અને બીજો મીઠાનેા.

ચક્ષુવડે દેખાય છે કે તે બન્નેના આકાર, રંગ અને સામાન્ય દેખાવ પણ બિલકુલ સરખા છે, તેથી તે બન્નેને જુદા જુદા ઓળખી શકતા નથી, પરંતુ જીભવડે ચાખવાથી તેનેા તફાવત જાણવાના આવે છે. આ ચાખવાની ઇંદ્રિયથી થયું

આ પ્રમાણે જે વસ્તુ આપણે એક અથવા વધારે ઇંદ્રિયથી ઓળખી શકીએ છીએ તે પદાર્થ કહેવાય છે ;

તારે જે વસ્તુ અસ્તિત્વમાં છે તેને આપણે પદાર્થ કહીએ છીએ, કે જે આપણે અમુક ઇંદ્રિય વડે જાણીએ છીએ.

આપણી આસપાસની હવા પણ પદાર્થ છે આપણે જાણીએ છીએ કે તે છે કારણ કે બન્ને કે આપણે તેને જોઈ શકતા નથી, સુંઘી શકતા નથી તેમજ ચાખી શકતા નથી તેા પણ જ્યારે તે ગતિમાં હેાય છે ત્યારે આપણે તેને સાંભળી શકીએ છીએ અને શ્વાસોશ્વાસ લેતી વખતે જ્યારે તે ઠંડી અને નમકે રા વારે આવે છે ત્યારે તેનેા આપણને સ્પર્શ થાય છે

૨. પદાર્થ એ અવિનાશી છે.

એક છોકરાના હાથમાં " ગનકોટન " (Gun cotton) આપી તેને સળગાવો એકદમ ભડકેા થશે અને તે એટલી બધી ઝડપથી બળી જશે કે હાથને બિલકુલ ગરમી લાગશે નહિ અને તમામ અદૃશ્ય થઇ જશે

" ગનકોટન " નું શું થયું ? તે નાશ પામ્યું નથી તેનું રૂપાન્તર થયું છે અને હવામાં ગામને રૂપે મળી ગયું છે.

બળતી મીણબત્તી અથવા કેાલસાનેા વિચાર કરેા શું થાય છે તે પાઠના પાઠાની મદદથી છોકરા પાસે કહેવડાવેા. મીણબત્તી ચરબી અને વાટની બનેલી છે આ પદાર્થ તેમજ કેાલસામાં " હાઇડ્રોજન " અને " કાર્બન " ના બનેલા છે. સળગવામાં " હાઇડ્રોજન " બળે છે અને તેનું પાણી બને છે " કાર્બન " માંથી " કાર્બાનીક એસિડ " ગાસ થાય છે. કેાઇ પણ વસ્તુનેા નાશ થતેા નથી કેાલસા તે ચરબીનું ફક્ત રૂપાંતર થાય છે

બને મીઠું, ખાંડ, કટકડી, સેાડા વિગેરે બળીને બેળવીએ તેા શું થાય છે ? આ પદાર્થો અદૃશ્ય થાય છે તેનેા નાશ થયેા લાગ એમ દેખાય છે પણ ખરે બરના તેનેા નાશ થયેા નથી. આપણે જાણીએ છીએ કે આ પદાર્થો હજુ પાણીમાં છે કારણ કે પાણીની વરાળ કરવાથી તે પદાર્થો આપણને પાછા મળી આવે છે

કોઇપણ પદાર્થનું તેમજ થાય છે આપણે તેનેા ભૂકેા કરી પાણીમાં બેળવીએ અથવા બાળી નાંખીએ તેા પણ તેનેા નાશ થતેા નથી આપણે ફક્ત તેનું રૂપાંતર કરીએ છીએ.

૩ પદાર્થ એ રજકણેાનેા બનેલેા છે.

ખાંડ, મીઠું અથવા તેા ચાકના બે ટુકડા એક બીજા સાથે ઘસેા. ઘસવાથી શું

થયું ? તે પદાર્થનાં નાનાં રજકણો થાય છે. ખોડું એક મીઠું અથવા ખાંડ પાણીમાં નાંખશો તો તદન અદૃશ્ય થઇ જશે. આનો અર્થ શું ? તે પદાર્થનાં પાણીમાં એટલાં બધાં બારીક રજકણો થઇ ગયાં કે તે દેખી શકાતાં નથી; સૂક્ષ્મદર્શક યંત્રવડે પણ તે દેખી શકાય નહિ.

પાણીથી ભરેલ નળામાં ઓલીવ (Olive) ના તેલનું ટીપું નાંખી તેને એકાદ્ મિનિટ સુધી હલાવો. તેલનું શું થાય છે? તેલના એક ટીપાનાં સેંકડો નાનાં નાનાં ટીપાં અથવા કણ થઇ જાય છે જે પાણીની ઉપલી સપાટી તરફ ચઢતાં દેખાય છે. નળીની અંદર પારો ભરી તેને પુષ્કળ તપાવીને વરાળ કરો. આ વરાળ આપણે જોઇ શકતા નથી ત્યારે એ ચાલી જાય છે એ કેમ દેખાય ? તે નળી ઉપર એક ઠંડું ખડખચડું વાસણ રાખશો તો આ વરાળ તે પર ચોંટી જશે ને હવે આપણે "મેગ્નિફાઇંગગ્લાસ" (Magnifying glass) ની મદદથી જોઇએ તો તેના ઉપર ઘણાંજ બારીક ધોળા રંગનાં ગોળ ટીપાં માલૂમ પડશે. પણ તે એટલાં બધાં બારીક હોય છે કે નરી આંખે દેખાય નહિ. આ બધા ઉપરથી તમે શું જાણી શકો છો? પદાર્થનાં ઘણાંજ નાનાં રજકણો થાય છે તે. ખાંડ, મીઠું અથવા તો બાફ ઘસવાથી તેનાં રજકણ થયાં તે આપણે જોયાં, તેમજ તેલ અને પારાનાં પણ રજકણો જોયાં. પારાની વરાળનાં રજકણો એટલાં બધાં બારીક હતાં કે તે બિલકુલ દેખી શકાતાં નહોતાં અને તેમાંનાં ઘણાં એકઠાં થયાં ત્યારેજ "મેગ્નિફાઇંગગ્લાસ" ની મદદથી આપણે તે જોઇ શક્યા.

૪. નક્કર પ્રવાહી અને ગેસીઅસ.

પદાર્થની ત્રણ સ્થિતિ વિષે શીખેલા પાઠ પરથી છોકરાઓ પાસે હકીકત કઢાવો.

૧. નક્કર પદાર્થોને અમુક આકાર હોય છે અને હમેશાં તેટલીજ જગ્યા રોકે છે. તેઓનો આકાર કે કદ બદલાતાં નથી. આ બદલવા માટે ઘણા જોરની જરૂર પડે છે.

૨. પ્રવાહી પદાર્થો પોતાનું કદ જાળવી રાખે છે. તે સહેલાઇથી ફેરવી શકાતું નથી. આ બાબતમાં તેઓ નક્કર પદાર્થને મળતા આવે છે. તેઓને ખાસ આકાર હોતો નથી પરંતુ જે વાસણમાં તેને નાંખીએ તે વાસણનો આકાર તે ધારણ કરે છે અને એવી રીતે પ્રસરી જાય છે કે ઉપલી સપાટી સીધી રહે છે.

૩ ગાસને અમુક આકાર અથવા તો કદ હોતું નથી. જો કોઈ પણ વાસણમાં ગાસ નાંખીએ તો તેનાથી આખું વાસણ ભરાઈ જાય. પરંતુ પ્રવાહી પદાર્થની પેઠે તેને સપાટી હોતી નથી. ગાસને દાબવાથી તે ઓછી જગ્યામાં રહી શકે છે.

ઉપર આવી ગયેલી બાબતો છોકરાઓને ફરીથી પૂછવી અને છોકરાઓને બીજા દૃષ્ટાંતો પૂછવાં. જરૂર પડે તો શિક્ષકે મદદ કરવી. અગાઉના પાઠની સહાયતાથી આ કામ ઘણું સહેલું થઈ પડે છે.

૫. આ ભિન્નભિન્નસીયતોનું કારણ.

જો નક્કર પદાર્થો મેજ ઉપર મૂક્યું તો ત્યાં ઘણો વખત તેમને તેમ પડી રહેશે અને તેના કદમાં અથવા આકારમાં ફેર પડશે નહિ. પ્રવાહી પદાર્થને જો વાસણમાં ભરી રાખ્યું તો તેનું પણ તેમજ થશે. જો ગાસને બંધ વાસણમાં નહિ રાખીએ તો એકદમ ફેલાઇ જઇ આખા ઓરડામાં તે પ્રસરી જશે. ઇંટ અથવા તો એવા નક્કર પદાર્થ પોતાનો આકાર જાળવી રાખે છે તે કોની મદદથી ? સંલગ્નતાની. (અપૂર્ણ)

થયું ? તે પદાર્થનાં નાનાં રજકણો થાય છે. ચોકું એક મીઠું અથવા ખાંડ પાણીમાં નાંખશો તો તદન અદૃસ્ય થઇ જશે. આનો અર્થ શું ? તે પદાર્થનાં પાણીમાં એટલાં બધાં બારીક રજકણો થઇ ગયાં કે તે દેખી શકાતાં નથી; સૂક્ષ્મદર્શક યંત્રવડે પણ તે દેખી શકાય નહિ.

પાણીથી ભરેલ નળમાં ઓલીવ (Olive) ના તેલનું ટીપું નાંખી તેને એકાદ મિનિટ સુધી હલાવો. તેલનું શું થાય છે? તેલના એક ટીપાનાં સેંકડો નાનાં નાનાં ટીપાં અથવા કણ થઇ જાય છે જે પાણીની ઉપલી સપાટી તરફ ચઢતાં દેખાય છે. નળીની અંદર પારો ભરી તેને પુષ્કળ તપાવીને વરાળ કરો. આ વરાળ આપણે જોઇ શકતા નથી ત્યારે એ ચાલી જાય છે એ કેમ દેખાય ? તે નળી ઉપર એક ઠંડું બરફચડું વાસણ રાખશો તો આ વરાળ તે પર ચોંટી જશે જો હવે આપણે "મેગ્નિફાઇંગગ્લાસ" (Magnifying glass) ની મદદથી જોઇએ તો તેના ઉપર ઘણાંજ બારીક ધોળા રંગનાં ગોળ ટીપાં માલૂમ પડશે. પણ તે એટલાં બધાં બારીક હોય છે કે નરી આંખે દેખાય નહિ આ બધા ઉપરથી તમે શું જાણી શકો છો? પદાર્થનાં ઘણાંજ નાનાં રજકણો થાય છે તે. ખાંડ, મીઠું અથવા તો ચાક ઘસવાથી તેનાં રજકણ થયાં તે આપણે જોયાં, તેમજ તેલ અને પારાનાં પણ રજકણો જોયાં. પારાની વરાળનાં રજકણો એટલાં બધા બારીક હતાં કે તે બિલકુલ દેખી શકાતાં નહોતાં અને તેમાંનાં ઘણાં એકઠાં થયાં ત્યારેજ "મેગ્નિફાઇંગગ્લાસ" ની મદદથી આપણે તે જોઇ શક્યા.

૪. નક્કર પ્રવાહી અને ગેસીઅસ.

પદાર્થની ત્રણ સ્થિતિ વિષે શીખેલા પાઠ પરથી છોકરાઓ પાસે હકીકત કઢાવો.

૧. નક્કર પદાર્થોને અમુક આકાર હોય છે અને હમેશાં તેટલીજ જગ્યા રોકે છે. તેઓનો આકાર કે કદ બદલાતા નથી. આ બદલવા માટે ઘણા જોરની જરૂર પડે છે.

૨ પ્રવાહી પદાર્થો પોતાનું કદ જાળવી રાખે છે. તે સહેલાઇથી ફેરવી શકાતું નથી. આ બાબતમાં તેઓ નક્કર પદાર્થને મળતા આવે છે. તેઓને ખાસ આકાર હોતો નથી પરંતુ જે વાસણમાં તેને નાંખીએ તે વાસણનો આકાર તે ધારણ કરે છે અને એવી રીતે પ્રસરી જાય છે કે ઉપલી સપાટી સીધી રહે છે.

૩ ગાસને અમુક આકાર અથવા તો કદ હોતું નથી. જો કોઈ પણ વાસણમાં ગાસ નાંખીએ તો તેનાથી આખું વાસણ ભરાઈ જાય. પરંતુ પ્રવાહી પદાર્થની પેઠે તેને સપાટી હોતી નથી. ગાસને દાબવાથી તે ઓછી જગ્યામાં રહી શકે છે.

ઉપર આવી ગયેલી બાબતો છોકરાઓને ફરીથી પૂછવી અને છોકરાઓને બીજા દૃષ્ટાંતો પૂછવાં. જરૂર પડે તો શિક્ષકે મદદ કરવી. અગાઉના પાઠની સહાયતાથી આ કામ ઘણું સહેલું થઈ પડે છે.

૫. આ ભિન્નભિન્નતાનું કારણ.

જો નક્કર પદાર્થો મેજ ઉપર મૂક્યું તો ત્યાં ઘણો વખત તેમને તેમ પડી રહેશે અને તેના કદમાં અથવા આકારમાં ફેર પડશે નહિ. પ્રવાહી પદાર્થને જો વાસણમાં ભરી રાખ્યું તો તેનું પણ તેમજ થશે. જો ગાસને બંધ વાસણમા નહિ રાખીએ તો એકદમ ફેલાઇ જઇ આખા ઓરડામાં તે પ્રસરી જશે. ઇંટ અથવા તો એવા નક્કર પદાર્થ પોતાનો આકાર જાળવી રાખે છે તે કોની મદદથી ? સંલગ્નતાની. (અપૂર્ણ)

ગાયકવાડ સરકારનું દેશી કેળવણીખાતું

(ઇનામ પત્રકો.)

(૫ ૮૨ થી ચાલુ)

૬ કોમારી „ ઉકરાતદાર ધોત્ર મુસજી આદમજીએ ૧-૦-૦ બાડ વર્ષેથી ૧૦ વરીબાબ સ. ગુ. કન્યાશાળા પાટણ કરમચંદ કરસનદાસ પ્રભાશંકર ૩-૦-૦ છીટ વર્ષેથી. પાટણ રામલક્ષ્મ કરમચંદ મણીશંકરે ૧-૦-૦ સફેદ વર્ષેથી. ૧૧ બ્યારો સ. ગુ. શા. કૃષ્ણજી સુરજરામ રાવળદાસે ૧- ૧૨-૦ „ મોતગઢ પેટ. ખેટ કન્યાશાળા રા. સા. વરીયઢદાર માદેવે ૧-૦-૦ બાડ વર્ષેથી. રેવામોક્ષેમ બ્રહ્મભટ્ટ દેવીપ્રસાદે ૧-૮-૦ છીટ વર્ષેથી મોટી તેલ બ્રહ્મભટ્ટે ૧-૦-૦ „ ૧૩ મોતગઢ સ. ગુ કન્યાશાળા શા. અમથાભાઈ જીવનદાસે ૨-૦-૦ „ મોટ ખનજીભાઈ મંચેરજીએ ૨-૦-૦ „ દેશમુખ ઇસ્તમજી દાદાભાઇએ ૧-૦-૦ „ કુલ ૪૭-૧૨-૦.

અમરેલી પ્રાંત.

૧ મરમીયા સ. ગુ. શા. માસ્તર વખતરામ બુદ્ધેશ્વરે ૧-૦-૦ પતાસાં વર્ષેથી. ૨ દાસા સ. ગુ. કન્યા શા. મોહ મોરબતરામ આવજીએ. ૧-૦-૦ પેડા વર્ષેથી. મોટ હરીરામ હેમરાજે. ૧૫-૪-૦ કાપડ વર્ષેથી ૩ બીજાપુરી સ. ગુ. શા. મોટ હરી હેમરાજે ૧૦-૦-૦ પુસ્તકો, કપાં, સાકર વર્ષેથી. અમરેલી બીજાબીબા ૬. ઉ કન્યા શાળા મેમ્બ્રુ-ખબદીન દાદરે ૧-૦-૦ બરેલી મીણબત્તી વર્ષેથી. ૫ આપાયણ સ. ગુ. ૬ શા. બીજા કરજીએ ૧-૦-૦ સાકર વર્ષેથી. } ૩૦-૪-૦

કડી પ્રાંત.

૧ પાલજ સ. ગુ. શા. નં. ૧ મોની મોતીકમચંદ ચેલારામે. ૧-૮-૦ પાણી ભરા બું. ૨ મહેસ „ નાનજી કેશવે. ૧-૦-૦ પતાસાં વર્ષેથી. ૩ વડાવલી „ પારપુરીના તમા કી કાંકણાથ બાપુજી તથા મોનાથ જીવા બાઈ વર્ષેથીમાબજે ખાતરે ૧૫-૦-૦ ઝોકાને બાકાના લાડુ બનાવ્યા ૪ બહુચરાજી „ અમદાવાદના શેઠ ચુનીલાલ ઝવેરીએ ૮-૦-૦ લાડુ બનાવ્યા. „ ૫ વાવબ „ પોત નાનજી પરમોતમે. ૩-૬-૦ પાણીની પરબમાં આપ્યા. ૬ વલભર „ પોત નેણશંકર ગુલાબરામ ૩-૦-૦ પુસ્તકો, પતાસાં વર્ષેથી. ૭ વડનગર સ. ગુ. કન્યા શા. બાઇ. ૩-૦-૦ પતાસાં, કપડાં, વર્ષેથી. ૮ ઉંઝા રાખી શા. મોડેના ઝોઢાલાલ રણોડભાઇએ ૧-૦-૦ મરીન ઝોકરાઓને બદામના કેનેજનાર્યે આપ્યા ૯ કામી સ. ગુ. શા. પતાસાં રેવીદાસ તથા છગા અનોપે મેન્ગોરેએ ૧-૦-૦ મોગા વર્ષેથી. ૧૦ ખેરવા „ પ્રાણજીવન પ્રેમશંકર તથા શંભુરામ મણીપતરામ પચોલીએ ૧-૮-૦ મોગા, પાણા વર્ષેથી. ૧૧ ભયોલ „ શા. છગન પનજીએ ૧-૮-૦ „ શા. અમર તારાચંદે ૧-૮-૦ „ તથા પતાસાં વર્ષેથી. ૧૨ મેર મ. ગુ. શા. ભાઈ. ગોપાલરામ મારવરામે ૧-૦-૦ પતાસાં વર્ષેથી. ૧૩ ગુજર „ મોટ મેઘજી ચેલારે. ૧-૦-૦ સાકર વર્ષેથી. ૧૪ ગોલાણ „ ભાણેજ શંકરભાઇ રામે કરાને ૩-૦-૦ પેંડા વર્ષેથી. ૧૫ રાંધેજ „ પુનમરામ ભંગા-

રામે ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૧૬ બહીયલ સ. ઉર્દુ શા. મુન્સી સૈયદ બાવાસાહેબ કરીમુદીને ૧-૪-૦ ,, કુલ ૪૭-૨-૦. કુલ એકંદર ૩૧૮-૧-૦

તૈયાર કરનાર કારકુન
ગોવીંદ કાળીદાસ.

દામોદર

Joyshanker P. Joshi,
વિદ્યાધિકારી બતી.

નવસારી પ્રાંતની ગ્રામ્યશાળાઓ.

ઓકટોબર ૧૯૦૩.

૧ આમકચ ગ્રામ્યશાળા વગનજી મકનજી મહુવા મહાલ બાંધપાણી તબદીલદાર. ૧-૦-૦ છોકરાઓને ખાંડ વહેંચી. ૨ ઘઢા ગ્રામ્યશાળા. ફકીર ભીખા પરબ મંડાવી. છોકરાઓને પાણી પીવા શાળામાં પરબ મંડાવી. ૩ કુચેદ ગ્રામ્યશાળા મે. નવસારી મહાલના ફોજદાર સાહેબે ૦-૮-૦ છોકરાઓને ખાંડ વહેંચી.

માહે નવેમ્બર સને ૧૯૦૩.

૧ સરબ ગ્રામ્યશાળા ગામલોકો તરફથી ૦-૮-૦ છોકરાઓને પતાસાં ૨ દાંતી ગ્રામ્યશાળા શ્રીમંત સ્વારી પધારેલી તે વખતે ૨-૦-૦ છોકરાઓને મીઠાઇ વહેંચી. ૩ આમણપુર ગ્રામ્યશાળા ગામ લોકોએ પરીક્ષા વખતે ૦-૮-૦ પતાસાં છોકરાઓને. ૪ સદર રધા ગોવન ૦-૪-૦ છોકરાઓને ખાંડ. ૫ સદર ગામ લોકોએ ૧-૦-૦ કન્યાઓને છીંટ. ૬ ધામડોદ લુબા ગામ લોકોએ ૦-૪-૦ છોકરાઓને ખાંડ.

નારણજી ગોવિંદજી.

પ્રેમાનંદ ધોળીદાસ પટેલ,
ડે. એજ્યુ. ઇન્સ્પે. નવસારી પ્રાંત.

માહે સપ્ટેંબર ૧૯૦૩.

વડોદરા પ્રાંત.

૧ વડોદરા સ. ગુ. શા. નંબર ૭ રા. શંકરરાવ આનંદરાવે. ૧-૦-૦ આશ્રમના અભણ છોકરાઓને નજેબી વહેંચી ૨ વડોદરા સ્ત્રી શિ ૫. પાઠશાળા વકીલ ગોકુલદાસ હરીવલવદાસે. ૬૧-૧૩-૦. રોકડા ૫૦) પતાસાં ૪) તથા રેજા નંગ ૨૫ ૩. ૭-૧૩-૦ એ પ્રમાણે ઇનામ વહેંચ્યું. ૩ પેટલાદ સ. ગુ. શા. શેઠ દ્વારકાદાસ છોટાલાલે. ૩-૪-૦ પાણી ભરાવ્યું. ૪ પેટલાદ મં. વ્યાકરણ શાળા રા. સા. પેટલાદ વિભાગના ડે. ઇ. જીવણલાલભાઇએ. વિદ્યાર્થીઓને નજાડી દક્ષણા આપી. પા. પરભુદાસ વલ્લભભાઇ ગામ ગાનપુરાના એમણે ૨-૦-૦ ભોજનાશ્રમ માટે આપ્યા. ૫ પેટલાદ સ. ઉર્દુશાળા. પઠાણ એમનખાં મોહબતખાંએ. ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૬ સોજીત્રા ,, વઘોરા કરીમ નુરજીએ. આખો ગામ પાણી ભરાવ્યું. ૭ ધર્મજ સ. ગુ. ક. શા. પા. મોતીભાઇ લાલાજીએ. ૫-૦-૦ ધોરણ ૬ ની કન્યાને કપડાં ૪-૯-૦ ના તથા પતાસાં ૦-૮-૦ વહેંચ્યાં. ૮ ભાદરણ સ. ગુ શા. પા. ઇશ્વરભાઇ વાઘજીભાઇએ. ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૯ ચાંગા ,, મીહીજના પા. લલ્લુભાઇ દેમાઇભાઇએ ૧-૦-૦ ,, ૧૦ ગાડા ,, ઓરોળાના વહોરા. કાસમ નુરજી તથા અસમાલ દાઉદે ૧-૦-૦ ,, ૧૧ વમો ,, મોની. નાથા પીતાંબરે ૨-૦-૦ ,, ૧૨ પીજ સ. ગુ. કન્યા. શા. આરતી. છગા વેણીભાઇએ ૫-૦-૦ બદલી વહે-

રહેવી જોઇએ ”

મદરહુ વટહુકમને અનુસરી આ ખાતામાં સર્વે લાગતા વળગતાએ અમલ કરવો. તારીખ ૩૧ ડીસેંબર સન ૧૯૦૩.

ચુ. મૂ. Chhaganlal T. Modi.
એ વિદ્યાધિકારી.

વટહુકમ નંબર ૧૮.

'કેટલીક શાળાઓ તરફથી પ્લેગને લીધે અમુક મુદત સુધી શાળા બંધ કરવાની મંજુરી મળવા લખાણો થાય છે, તે લગત રા. સા. ડેપ્યુટી એજ્યુ. ઇન્સપેકટરો તથા રા. બા. એજ્યુ. ઇન્સપેકટરો માસ્તરોની માગણી પ્રમાણે મંજુરી થવા બીન ખાત્રી કરે બલામણો કરે છે એ સ્થિતિ મરાબર કહેવાય નહિ, સબબ જણાવવાનું કે, જે સ્થળે પ્લેગ ચાલતો હોય ત્યાંની શાળામાં વિદ્યાર્થીઓની હાજરી નહિ જેવી રહેતી હોય ને તેથી શાળા બંધ કરવા જેવી સ્થિતિ તે શાળાના

તાલુકાના સદર સ્ટેશનવાળા માસ્તરે પ્લેગ કામદારનો ને ગામડાના મહેતાજીગે મુખીનો ને જ્યાં માજીસ્ટ્રેટની કચેરી હોય તે માજીસ્ટ્રેટનો અભિપ્રાય શાળા બંધ કરવા બદલ મોકલવો

મુખ્ય શિક્ષકને જણાય તો તાલુકાના સદર સ્ટેશનના ગામવાળાઓએ રા. સા. પ્લેગ કામદારનો અભિપ્રાય મેળવી તેમણે યોગ્ય અધિકારીની મારફતે રિપોર્ટ કરવો ને ગામડાના મહેતાજીઓએ તે ગામના મુખી પટેલનો અગર ત્યાં માજીસ્ટ્રેટની કચેરી હોય તો માજીસ્ટ્રેટનો અભિપ્રાય મેળવી યોગ્ય અધિકારી મારફતે રિપોર્ટ કરવો, અને ખરેખરી શાળા બંધ કરવા જેટલી મુદતની જરૂર હોય તેટલી મુદતની મંજુરી માગવી. કદાપી તે મુદતની અંદર પ્લેગ શાંત પડી જાય અગર નહિ જેવો થઇ જાય તો માસ્તરે તુરત શાળા ઉઘાડી તે બદલ પ્રાંતના રા. બા. એજ્યુ. ઇન્સપેકટર મારફત રિપોર્ટ કરવો. જો એ વિરૂદ્ધ કાર્યના તરફથી વર્તણુક થશે તો જેટલી મુદત શાળા બંધ ઉઘડશે તે મુદતને માટે તે યોગ્ય તે શિક્ષાને પાત્ર થશે.

૨ આ વટહુકમ ગ્રામ્ય શાળાઓના મહેતાજીઓને પણ લાગુ છે માટે જે સરકારી શાળા સાથે જે જે ગ્રામ્ય શાળાઓનો સંબંધ હોય તે તે સરકારી શાળાના મુખ્ય શિક્ષકે સંબંધ રાખનારી દરેક ગ્રામ્ય શાળા તરફ સદર વટહુકમની એકેક નકલ કરાવી તાબડતોબ મોકલી દેવી. તારીખ ૧૬ જનેવારી સન ૧૯૦૪.

આ વટહુકમ ગ્રામ્ય શાળાના મહેતાજીઓને પણ લાગુ છે માટે દરેક તે સંબંધ રાખનારી સરકારી શાળાએ એકેક નકલ તે તરફ મોકલવી

J. P. J.

J. A. Dalal,
વિદ્યાધિકારી.

વટહુકમ નંબર ૧૯.

નવીન રિકાર્ડ નિયમ પ્રમાણે દસ્તરોની ફેરીસ્તો તૈયાર કરવા બાબત.

દફ્તર રિકાર્ડના નિયમનો અમલ કરવા બાબતે આ તરફથી વટહુકમ ન. ૧૧ તા. ૩ ઓક્ટોબર ૧૯૦૩નો કેળવણીમાં પ્રગટ કરવામાં આવ્યો છે તથા કેટલાક મુખ્ય શિક્ષકો તરફથી તેમજ અધિકારીઓ તરફથી પુરવણી નિયમની માગણીઓ આવે છે ને નિયમનો અમલ પુરવણી નિયમ થયેથી કરવો કે શી રીતે વગેરે પુછવામા પુછવામા આવે છે, પણ હજુ પુરવણી નિયમ પ્રસિદ્ધ થયો નથી ને તે થતા વખતે દીર્ઘ થશે તો તેથી દફ્તરની વ્યવસ્થા કરવામા અટકાયત કરવાનુ કારણ નથી, પણ કાઢવાના કાગળો નાશ કરતા નીચેના કાગળો બાકીના બધી બાકીના કાગળોનો નાશ કરવો.

૧ શાળાના જલ્સાના વર્ગોના તથા વસતિગૃહના તથા સ્પેન્સર ઇન્સ્ટીટ્યુશનના પાચમા અને તે ઉપરાતના ધોરણોના પરીક્ષા પત્રકો તથા પરિણામ પત્રકો.

૨ વર્તમાનપત્રો.

૩ એક્ઝીબીશન (પ્રદર્શન) સબંધી કાગળો.

૪ હરકોઇ વિરોધ પ્રમાણે માટે આવેલો હુકમ અથવા કાગળ.

૫ શાળાનું વાર્ષિક રજીસ્ટર.

૬ મફતીમ સમાચાર સબંધી કાગળો.

૭ પરીક્ષાના અવાલપત્રોની નકલો શાળામા રહે છે તે.

૮ સર્ટિફિકેટની નકલો.

ઉપર પ્રમાણેના જણાવેલા કાગળો બહલ કેટલાક મુકામો થઇ પુરવણી નિયમ બહાર પડવાનો છે તે દરમ્યાન તેનો નાશ કરવો નહિ પણ તેની નિયમને અનુસરી ફેરીસ્તો તૈયાર કરવો. તા. ૨૮ જનેવારી સન ૧૯૦૪.

દફ્તરખાતુ. J P J J A Dalal,
વિદ્યાધિકારી.

વટહુકમ નં ૨૦

નિરર્થક લખાણો નહિ કરવા બાબત.

કેટલાક આસ્પેક્ટર વગેરે તરફથી નિરર્થક લખાણો આવે છે તેથી નાહક કામનો વધારો થાય છે માટે કોઇપણ આસ્પેક્ટર ડેપ્યુટી એજ્યુ ઇન્સ્પેક્ટર, રા બા એજ્યુ ઇન્સ્પેક્ટર તથા આ તરફ કોઇપણ નિરર્થક લખાણ કરવુ નહિ, તેમ એજ્યુ ઇન્સ્પેક્ટરોએ તથા ડેપ્યુટી એજ્યુ ઇન્સ્પેક્ટરોએ પણ કોઇપણ નિરર્થક લખાણ આ તરફ કરવું નહિ જેમના તરફથી એવાં લખાણો આ તરફ આવશે તેમનાં માટે ગેરલા તે તૈયાર કરવાની જરૂર પડશે.

૨ એન્યુ ઈન્સ્પેક્ટરોએ તથા ડેપ્યુટી એન્યુ ઈન્સ્પેક્ટરોએ પણ પોતાના તાબા માંતરો તરફથી નિરંધક લખાણ આવે તો તે માટે તેમણે તેમને યોગ્ય તે તપિયત કરવી

તા ૧૮ જાનેવારી સન ૧૮૪૦

એન્યુ ઈ તથા ડેપ્યુટી એન્યુ ઈ માંત રોતરફથી નિરંધક લખાણ આવે તો તે માટે મોજબ તપિયત કરવી

દલસુખ J P J J A Dalal,
વિદ્યાધિકારી

REGISTERED NO B 33.

શ્રી

પુસ્તક ૧૬ મું અંક ૬ ઠ્ઠો

કલ્પવૃક્ષ

ચૈત્ર સંવત્ ૧૯૬૦

વિષયો.

૧ ઉપદેશ
૨ ધર્મ ઉપર ૨૦ બોલની અસર ૧૦૧
૩ ઉપદેશ ૧૦૬
૪ મુંબઇની દેરાવાસીમાં ભણતા ૧૦૭
૫ શ્રી ચંદ્રપ્રભ સ્વામીજી મંદિર ૧૦૯
૬ પાઠે ૧૧૮
૭ શ્રી મોક્ષમાં ગમન કર્યું ૧૧૬
૮ અમારે ત્યાં મહીના ૬ રહ્યા (૮ વિદ્યાર્થી) ૧૧૫
૯ ખાવાપીવામાં ધર્મ સાધન રહિત ૧૧૭
૧૦ ૧૧૮
૧૧ ૧૧૯
૧૨ ૧૨૧
૧૩ ૧૨૨
૧૪ ૧૨૩
૧૫ ૧૨૪
૧૬ ૧૨૫
૧૭ ૧૨૬
૧૮ ૧૨૭
૧૯ ૧૨૮
૨૦ ૧૨૯
૨૧ ૧૩૦
૨૨ ૧૩૧
૨૩ ૧૩૨
૨૪ ૧૩૩
૨૫ ૧૩૪
૨૬ ૧૩૫
૨૭ ૧૩૬
૨૮ ૧૩૭

પ્રસિદ્ધકર્તા

છોટાલાલ જગજીવનદાસ પારેખ

ઠેકાણું ધર્મ પ્રકાશ પ્રેસ ૩૦

મુદ્રક આત્મારામ ૩૦

કોટડા

શ્રી ધર્મ પ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ કંપની [illegible]

કે ળ વ ણી.

બોધકવૃક્ષ.

ધર્મ મળે ધનો ધર્મ સધાયે, જ્ઞાન મળે મનમાન પમાયે;
પ્રીતિ વધે રસરંગ જગ સાંપે, એ ત્રિગુણિયણ ધર્મ અણરો.

પુસ્તક ૧૧ મું. ચૈત્ર સંવત ૧૯૬૦. અંક ૬ ઠ્ઠો

દર્શન.

વડોદરા રાજ્યના કેળવણી ખાતાનો રિપોર્ટ—અને ૧૮૯૮-૧૮૯૯ થી અને ૧૯૦૧-૦૨ સુધીના ચાર વર્ષના ગાયકવાડ સરકારના કેળવણી ખાતાના રિપોર્ટો જોવાથી આ રાજ્ય કેળવણીના કામમાં કેટલું આગળ વધેલું છે તે બરાબર જણી આવે છે કેળવણી બાબત બાકીના રાજ્ય કરતાં માનથી આ રાજ્ય કેટલા નંબરે અને છે, જોકે હાલ કેટલા ટકા વિદ્યાર્થીઓ અને અશિક્ષિત કેટલા, તેમજ કેળવણીનું ખર્ચ કેટલું થાય છે, બાકી બીજા બાબતો હાલ કેટલા ટકા કેળવણી બાબત અગત્યના છે અશિક્ષિત શાળાઓના અને કેટલી શાળાઓના વિદ્યાર્થીઓના પ્રમાણમાં તે જોવું કે વિદ્યાર્થીએ અનુક્રમે ૪૫ અને ૭ ટકા જેટલા આવી રહે છે એટલે કેળવણી કરતાં અશિક્ષિત કેળવણી આપવામાં ૬ ગણો ખર્ચ થાય છે, એટલે ખર્ચના આંકે છે અશિક્ષિત પ્રજાઓમાં જી વસ્તીની આંક ૨૩૧૦૦ ગણવી છે, તેમાં કેટલા ટકા ખાતાની જી વસ્તી ૧૬૨૧૪૬ જેટલી છે વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં તે તો અશિક્ષિત શીખનારા એક વિદ્યાર્થીને કેટલી શાળાઓમાં શીખવતા એક શિક્ષક કરતાં બાકી બધું લગભગ ૬ ગણો વધારે કરવો પડે છે. નીચે આપેલા આંકડાઓ ઉપરથી આ બધું જોવામાં આવશે —

	શાળાની સંખ્યા.				વિદ્યાર્થીઓની સંખ્યા.			
અંગ્રેજી કેળવણી ખાતું	૧૯૯૯	૧૯૦૦	૧૯૦૧	૧૯૦૨	૧૯૯૯	૧૯૦૦	૧૯૦૧	૧૯૦૨
આર્ટ્સ કોલેજ.	..	૧	૧	૧	...	૨૩૬	૨૧૬	૨૦૧
હાઇસ્કૂલો.	...	૩	૩	૩	...	૯૦૫	૮૮૬	૭૪૮
એંગ્લો વર્ના. સ્કૂલો.	...	૧૪	૧૪	૧૪	...	૧૩૭૭	૧૪૦૧	૧૫૬૪
એન્ટ્રન્સ સ્કૂલો.	...	૪	૪	૪	...	૬૩૪	૬૩૯	૫૬૩
	...	૨૨	૨૨	૨૨	...	૩૧૫૨	૩૧૪૨	૩૨૮૧
દેશી કેળવણી ખાતું								
સરકારી શાળાઓ.	૫૯૬	૫૮૩	૫૮૩	૫૭૯	૬૫૫૭૯	૬૦૮૩૮	૬૧૦૩૪	૫૭૬૪૧
ગ્રામ્ય શાળાઓ.	૬૪૪	૫૦૩	૫૩૬	૫૫૫	૧૮૮૪૮	૧૩૬૦૦	૧૫૬૦૨	૧૬૨૨૨
સ્પેશિયલ ઇન્સ્ટીટ્યુશન.	૮	૮	૯	૯	૭૫૨	૭૬૮	૮૧૭	૮૭૧
ફન્ડની શાળાઓ.	૩	૩	૩	૩	૩૫૬	૩૮૨	૩૧૬	૩૨૧
રજીસ્ટર ગામડી શાળાઓ.	૫૨	૪૬	૪૩	૪૫	૪૨૯૬	૩૪૭૦	૩૩૦૫	૩૫૪૧
રજીસ્ટર બાલશાળા શાળાઓ.	૧૫	૧૩	૧૨	૧૨	૧૪૧૬	૧૬૧૮	૧૬૧૨	૧૭૭૨
સ્કૂલ્સ અંડર ઇન્સ્પેક્શન.	૩	૩	૩	૩	૨૭૬	૩૦૬	૨૬૧	૩૧૬
	૧૩૨૧	૧૧૧૬	૧૧૮૬	૧૨૬૦	૬૧૫૨૬	૮૧૫૮૨	૮૩૨૭૭	૮૦૬૫૩

સને ૧૯૦૧-૦૨	આવક.	ખર્ચ.
અંગ્રેજી કેળવણી ખાતું.	૨૭૫૨૦-૮-૩	૧૪૭૦૬૮-૧૨-૭
દેશી કેળવણી ખાતું.	૧૧૨૬૪૬-૩-૭	૫૫૬૭૫૩-૧-૪
પ્રીન્સ કોલેજ		૨૨૬૬૫-૨-૬
વિલાયતમાં ભણનારા વિદ્યાર્થીઓનો ખર્ચ.		૨૬૮૬-૭-૩
	૧૪૦૧૬૬-૧૧-૧૦	૭૨૬૨૩૬-૭-૮

ઉપરના કોષ્ટકમાં મેળિયા આંકડા આપ્યા છે તે ઉપરથી ચાર વર્ષમાં થયેલો વધારો ઘટાડો સમજાશે. 'દેશી કેળવણી ખાતામાં જે સરકારી શાળાઓ આપી છે તેમાં ગુજરાતી અને મરાઠી છોકરા છોકરીઓની પૃથક્ શાળાઓ ઉપરાંત અંત્યજ શાળાઓ, દરજી બાત શાળાઓ, ધાણુકા, ભીલ વગેરેની બોર્ડીંગ શાળાઓ અને રાત્રી શાળાઓનો પણ સમાવેશ થાય છે. ઉદ્યોગ શાળાઓ, ગાયન શાળાઓ અને સંસ્કૃત શાળાઓનો સમાવેશ સ્પેશિયલ ઇન્સ્ટીટ્યુશનમાં થાય છે. એ સિવાય કન્યાઓને ગાયન શીખવવાને કેટલાક આસ્ વર્ગ ઉઘાડ્યા છે, મોટી ઉમરની સ્ત્રીઓને માટે જનાના ક્લાસ કાઢેલા છે, અનાથ બાળકોને માટે અનાથાશ્રમ સ્થાપન કરેલાં છે, તથા વડોદરામાં એક ખેતીવાડીનો વર્ગ છે. રિપોર્ટ બનેવાથી જણાય છે કે શિક્ષણસંસ્થાની વ્યવસ્થા ઉત્તમ રીતે ચલાવવામાં આવી છે, જો કે પાછલી સાલો કરતાં શાળાઓની સંખ્યામાં થોડોક ઘટાડો થયો છે, અને તે કુદરતી, મરકી વગેરે કારણોને આભારી હોય એમ લાગે છે. લશ્કરી લોકોને શીખવાને માટે સાત મિલિટરી સ્કૂલો કાઢી છે, જેની પરીક્ષા પ્રતિવર્ષ એ. ઇ. મારફત કરવામાં

બાળ વર્ગને માટે રંગીત ચિત્રોવાળી ચોપડી રચવામાં આવશે. આ ચોપડી શીખ્યા પછી બાળકો સહેલી વાતો વાંચી શકે એવાં થશે એટલે તેમને પહેલી ચોપડી શીખવવામાં આવશે, અને તેની રચના તેમને ઘટે તેવા કિન્ડરગાર્ટનના ઉદ્યોગો ને રમતગમત સહિત કરવામાં આવશે; એમ છતાં બાળગીત અને કિન્ડરગાર્ટનના ઉદ્યોગોને નોખા રાખવામાં આવશે. ભૂગોળ અને સૃષ્ટિસૌંદર્યના પાઠો, સ્થાનિક ઐતિહાસિક દેખાવોના, વાર્તાઓના અને ચરિત્રોના પાઠો પ્રાંતવાર જુદા જુદા રચવામાં આવશે, પણ બીજી બાબતમાં બધા પ્રાંતની વાચન માળાઓ સરખી રહેશે "—ઇત્યાદિ.

આ સિવાય અમને ખબર મળી છે કે ગુજરાતના સારા સારા, વિદ્વાનોની પણ ભાષા રચના વગેરેમાં તેઓ સલાહ પૂછે છે, અને બ્લેકબોર્ડ વગેરે અમુક મુકરર ધોરણપર લખવાના પણ તેમણે નિયમો નક્કી કર્યા છે. આ કારણોથી આપણે આશા રાખીશું કે નવીન વાચનમાળા વિશેષ ઉપયોગી નીવડશે.

નવી વાચન માળામાં ચરિત્રના પાઠો—એજ્ય પત્રના માર્ચના અંકમાં પોરબંદરના એજ્યુ. ઇન્સ્પેક્ટર કે. પી. ઉપાધ્યાય લખી જણાવે છે કે, વાચનમાળામાં ચરિત્રોના પાઠ બહુ ઉપયોગી છે, કેમકે તેનો સંબંધ વિદ્યાર્થીઓના નીતિ શિક્ષણ સાથે છે. કલ્પિત વાતોની અસર જલદી ભૂંસાઇ જાય છે, પણ ખરી વાતોની અસર ચાલુ રહે છે, માટે નીતિ શીખવવાને કલ્પિત વાતો કરતા ચરિત્રો વધારે ઉપયોગી છે. એનાં ચરિત્રો ઇતિહાસ, દંત કથાઓ, પુરાણો અને ધર્મગ્રંથો, તથા હાલનાં તથા પાછલા વખતનાં પ્રસિદ્ધ સ્ત્રીપુરુષોનાં વૃત્તાંતોપરથી રચવા અનુકૂળ થશે. આવાં ચરિત્રોની તેમણે એક યાદી પત્ર ને સાથે આપી છે. જેમ કે:—

દુઃખમાં ધૈર્ય	... ...	યુધિષ્ઠિર, નળ.
સત્યનિષ્ઠતા.	... ...	હરિશ્ચંદ્ર, દશરથ.
પરોપકારાર્થે સ્વાત્માર્પણ	... ...	વિક્રમ, દધીચિ.
પિતૃભક્તિ.	... ...	રામ, શ્રવણ.
ઇશ્વરભક્તિ	... ...	ધ્રુવ, પ્રહ્લાદ, નરસિંહ, મીરાંબાઇ, અંબરીષ.
સ્વદેશભક્તિ	... ...	પ્રતાપ, શિવાજી, પૃથુરાજ, દાદાભાઇ, વાશિંગ્ટન, વેલિંગ્ટન.—અહલ્યાબાઇ, લક્ષ્મીબાઇ, ચાંદબીબી, એલિઝાબેથ.
પાતિવ્રત્ય	... ...	સીતા, સાવિત્રી, દેવહૂતી, મૈત્રેયી, દમયંતી

આ ઉત્તમ સૂચનાઓ છે, અને તેમાં બીજા પણ વધારો કરી શકાય. જેમકે—

વાત્સલ્ય	કણ્વ ને શકુંતલા.
પિતૃભક્તિ	શર્મિષ્ઠા, પૂરૂ, પરશુરામ.
માતૃભક્તિ	ભીષ્મ, વિચિત્રવીર્ય.
સહનશીલતા	અર્જુનાંગ્ય.
દાનશીલતા	કર્ણ.
અઘટિત પુત્રપ્રેમ ને તેનાં પરિણામ.	ધૃતરાષ્ટ્ર.
પાપનું ફળ...	પુરોચન-લાક્ષાગૃહદાહ.

પ્રત્યુપકાર ...	... .	બલાસુર ને અર્જુન.
જુગારનો આઠ દોષ	... .	યુધિષ્ઠિર, નળ
કડવી વાણિનાં ફળ.	... .	શિશુપાલ ને કૃષ્ણ
ક્ષમા અને ક્રોધ.	...	યુધિષ્ઠિર અને દ્રૌપદી (ગૃહપત્ની અને રાજરાણી)
પ્રબલપુરૂષાર્થ .	. .	ભગીરથ

ઇત્યાદિ અનેક પ્રાચીન ચરિત્રો અને કથાનકો નીતિ શિક્ષણમા ઉપયોગી થાય એવા છે અમે આશા રાખીએ છીએ કે રા. સા. દામોદરની સૂચના ઉપર કમિટિ અમૂલ લક્ષ આપશે.

ચિત્રોનો શિક્ષણમાં ઉપયોગ—શિક્ષકે ભની કાંઈ નોટસો ચિત્રો એકઠા કરવા આજ કાલ આવાં ચિત્રોનો સુકાળ છે પેપરોમા, ચોપાનિયામાં, કેલ્ડમીયોમા, અને પુસ્તકોમાં તે ઘણા મળે છે ને મિશન શાળાની લાઇબ્રેરીઓમા ને સંગ્રહસ્થાનમા પણ ચિત્રનાં કાંઈ હોય છે આ ચિત્રો છોકરાને વેહેંચી આપવાં ને તેમની પાસે તે ઉપરથી આલમ પડતી હકીકત કે ને ચિત્રનુ વર્ણન લખાવવુ. વાચનમાળા વગેરેના ચિત્રોનો પણ તેવોજ ઉપયોગ કરી શકાય. ઈગ્લાંડની શાળાઓમાં આવા ચિત્રોદ્વારા વિદ્યાર્થીઓને વાક્યો રચતાં અને તેથી આગળ વધીને નિબંધ લખતા પણ શીખવે છે હમારા રચનાના શિક્ષણમા આપણી શાળાઓના શિક્ષકો આવાં ચિત્રોનો ઉપયોગ કરે તો તેથી તેમને પણ અનુકૂળતા થવાનો સંભવ છે.

ઔગણીસમી સદીની લૉટરી.

હરિગીત છંદ.

આશા ધરી અતની પરે અગણીત નર કૈં આવતો,
કરલેખના ઉદ્યોગમાં રજની તદા નવ સાપડે !
પુરૂષાર્થવિણ પ્રારબ્ધપર રહેતી પ્રજા મહ છે વધી,
લક્ષ્મી કમાવા લાલચે લૂટઇ જતા લક્ષાવધિ !! ૧

જુગાર કૈક પ્રકારના પ્રારબ્ધવાદીએ રચ્યા,
જન જાત કરના લોભથી આ કુપથમાં રેકે છે ભચ્યા !
વિદ્વાનની વિદ્યા વધિ જુગારરૂપે ઊદધી,
પ્રત્યક્ષ મેજરી લૉટરી લૂટઇ ગયા લક્ષાવધી !! ૨

ગિરનારના ગિરિ શિખરપર જતા પગથિયા ચાપવા—
વિદ્વાન જનમંડળ મળી યુગ સંગ સાધન સોંપવા -
યોજ્ય ભણી યુક્તિ પધારી જાણ લૉટરિની ખરી,
જે લૉટરીની લાલચે લૂટઇ ગયા લક્ષાવધિ !! ૩

ચલિ ગોઠ જે જન ચાર પાસ વિશ્વાસ લૉટરિના કરી,

અર્ધા ખપાવ્યા દામ કૈં ઇનામમાં વહેંચ્યા ભરી !
" હાર્યો રમે બમણો જુગારી " રીત એ તો છે છતી,
એ લૉટરીની લાલચે મારી ગઈ કંઈની મતિ !! ૪

છઠ્ઠો વિભાગ સુભાગિ માટે વહેંચવા અમ આદર્યો !
પ્રત્યેક જન પામે ઇનામો ઘાટ એવો આચર્યો !
દીધો ભુલાવો મજબૂત જડ સહુને બનાવા ભ્રાંતથી !
આ લૉટરીની લાલચે લૂંટાઇ ગયા પરમારથી !! ૫

પુરૂષાર્થહિન જન લાલચુ લોભાય એ તો સ્પષ્ટ છે,
(પણ) વિદ્વાન અનુભવિ વણિક કૈં ભોળા થયા એ કષ્ટ છે !
મુદ્દામ કામ મળ્યા નહીં આશા અફળ ગઈ સર્વની !
આ લૉટરીની લાલચે ગઇ બુદ્ધિ અર્થ નિખર્વની !! ૬

આશા સહુ ધરતા હતા ધનવાન બનવા સામટા !
પામ્યા પરાણે પર્ખવા નિજ ખોઇ'તી જેણે મતા !
રે ! રે ! રૂપૈયા રોક ! ફેરો ફોક કીધો આપથી !
આ લૉટરીની લાલચે લુટાઇ ગયા વિચુશાપથી !! ૭

છે ધન્ય ! આવી લૉટરીની પ્હેલના કરનારને !
એ રીત રાંકજનોતણા પઇસા મુખે હરનારને !
દાતાર આવી રીતથી લક્ષ્મીતણા બનનારને !
છે ધન્ય આવી લૉટરીની લાલચે ફરનારને !! ૮

દેખી શિખ્યા જન અવર આવી લૉટરીઓ સ્થાપવા,
આ દેશમેરી બેશ રૈયત કલેશને ઝટ કાપવા !
લેતા ટિકિટ જન લાખ રાખી આશ થાવા લખપતિ !
તે લૉટરીની લાલચે લૂટાઇ થઇ જાતા જતિ !! ૯

શોખીન જન સર્વત્ર છે, સુખ સાજ શોધે છે સદા,
ઇચ્છે સહજમાં શે મળે ધન, શે ટળે સહુ આપદા !
ઇચ્છા અહર્નિશ એવિમાં આવા જુગારો સાંભળી,
તૈયાર કૈં થાયે ટિકિટ લેવા છોડે કૈં ખળભળી !! ૧૦

પ્રારબ્ધ અજમાવા પડે સૌ ધર્મનું બ્હાનું કહી,
અંતે ઘસે કૈં હાથ, છેવટ લૉટરીનું લહિ લહી !
દે છે શિખામણ લૉટરી તદપી ન માને લોભિયા !
પાછા પડે પસ્તાઇને એવા અનેક અભાગિયા !! ૧૧

એ ટિકિટથી થાતા ખુવાર અનેક જન આશા ભર્યા !
છે ધન્ય લૉટરિ દેવિ ! તેં ભંડાર તુજ પૂરા ભર્યા !
બાવા રહે નહિ લોટ પણ દે દોટ લૉટરિ લાલચે !
અંતે વકાશી વલવવે ધન સર્વ લૉટરિને પચે !! ૧૨

નથિ સત્યવાદી મર્દ કો, નથિ વ્હાલ અદ્રોહમા રહ્યું,
છે સ્વત્વ તેપણ એટલું, પન જાદ છે ધર્મે વધુ,
એકાંતરે આ સૌટની ન્યુ રહેની ચ્યેન છે,
સમષ્ટ રહેશે દૂર તો તેથી મદા સુખ ચેન છે ૧૩

દોહરો

જો ગુજાર આ જગતમા, પ્રગટ કરી નવ ધન,
તો કદેનત સરકારની, અતિ ઓછી થઈ જાન

N N Bhatt B A 1886.

આર્યાવર્ત્તમાં કિન્ડરગાર્ટન પદ્ધતિનો જય.

એક વિદ્વાનનો સ્વાનુભવ.

(પાનુ ત્રીજાથી ચાલુ)

એવો કામ વિષય નથી કે કિન્ડરગાર્ટન શિક્ષણ ફ્રોબેલે બનાવેલી અને અમલમા મૂકેલી પદ્ધતિ સિવાય સારૂ થવું જોઇએ, અને બીજાની સાથેસાથે તેનો છેડો આવવો જોઇએ આ નિબંધ તેના શિક્ષણમા જે સિદ્ધાંતો શીખવવામા આવે છે તેનો બીજા વિષયો સાથે સંબંધ કેવોક જોઇએ, બાળકોની દૃષ્ટિમા જે પદાર્થ આવે તે દેખાડો આવે છે, તેનો આ વિષયના શિક્ષણમાં ઉપયોગ કરવો એવી સૂચના આ પદ્ધતિના મૂળ સ્થાપક (ફ્રોબેલ) વખતો વખત કરે છે ઉદ્યોગોના આ બાબત માત્ર સૂચનાજ આપવામા આવી છે પરંતુ તે તો અલ્પ કરવુજ એવી આજ્ઞા થએલી નથી. " પદાર્થપાઠ " ના નામથી ઓળખાતો વિષય બહુ બહોળો અને કિન્ડરગાર્ટન માંથી ગાઢો સબંધ ધરાવનારો છે મિસિસ કેન્ડર્મે કિન્ડરગાર્ટન વિષયના સિદ્ધાંતોનો આ વિષયમાં ઉપયોગ કર્યો છે તે વાજબી કર્યું છે. તેણીના " પાઠો " માં એવા પદાર્થોનો સમાવેશ થએલો છે કે જેથી બાલકને તેના પોતાના, તેમજ બાજીના ઘોડાના, પાળેલા જનાવરોના અને આપણા દેખાવોના રૂપ, રંગ, આકાર, કાર્યાલય, પોચાણ તથા અવાજ ને ગંધ વગેરે ગુણોનું જ્ઞાન થઇ શકે. પોતાના પુસ્તકની પ્રસ્તાવનામા તે કહે છે કે તેણીએ ફ્રોફેસર મરોના બનાવેલાં " બાલમારે પદાર્થપાઠ " નામના પુસ્તકોનો બહોળો ઉપયોગ કીધો છે. પરંતુ મહારો એવો અભિપ્રાય છે કે મી. ફીકસનાં બનાવેલા પુસ્તકો આ વિષયના સંપૂર્ણ શિક્ષણ માટે ઉત્તમ છે. તેમાં પદાર્થપાઠ ને ફ્રોબેલનો વિષય સાથે સાથે આપેલો છે પદાર્થપાનું શિક્ષણ બગાજ, બાય અને આખરી ફ્રોબલથી માટે અનેરંજક અને અનુકુળતાથી પ્રાપ્ત થઈ શકે તેવા પદાર્થોનો પ્રેરણ ખુલાસો મૂકે છે અને બાલકોની જીજ્ઞાસા વધારે સુખી બનાવે છે સાઉથ કેન્સિંગ્ટન મ્યુઝીયમ પદાર્થપાઠ સંબંધી જે મરસ્યુલર ૧૮૮૫ ના જુનની તા. ૨૫ મીએ નીકળ્યો હતો તે ઉપરના વિચારને પ્રતિધ્વનિત કરે છે આ મરસ્યુલરમાં લખેલું છે કે પદાર્થપાઠ-શિક્ષણના ત્રણ મુખ્ય ઉપયોગો છે, તેમાં પહેલો અગત્યનો ઉપયોગ એ છે કે, બાળકોને અવલોકન કરતાં, ને વસ્તુઓની સમાનતા ને ભેદ શોધી કાઢતાં

પડામાં આવે છે. આ પદ્ધતિ સારી નથી. છોકરાઓને એક વાર એ નિયમ કયાં કયાં વપરાય છે તેના ખરા દાખલાનું સારી રીતે ભાન થવું જોઇએ. અર્થાત્ એ દાખલાઓથી એ નિયમ છોકરાઓના મનમાં એક વાર ઠસી જવો જોઇએ. આમ થયા વગર તેના અપવાદો અને અશુદ્ધ રૂપો તેના ધ્યાનમાં શી રીતે આવી શકે? ઉલટું પહેલાં અપવાદો આપવાથી છોકરાઓ કાંઇક ગુંચવાશે અને નિયમને સારીરીતે સમજવામાં વિઘ્ન આવશે. તેટલા માટે નિયમનાં શુદ્ધ રૂપો એકવાર સારી રીતે ઠસ્યા પછીજ અપવાદો અને અશુદ્ધ રૂપો બતાવવાં જોઇએ.

૮. કોઇ પણ શબ્દનું પદચ્છેદ કરતાં તેના બહારના દેખાવ પરથી એટલે તેના રૂપ ઉપરથી તેની કિમ્મત કરાવવી ન જોઇએ. રૂપ ઉપરથીજ કિમ્મત કરાવવાની પદ્ધતિ બહોળે ઠેકાણે ચલાવવામાં આવે છે અને તેથી કહેવાની જરૂર નથી કે છોકરાઓ એક યાંત્રિક લક્ષણ પ્રમાણે જવાબ આપવાને ટેવાઇ જાય છે. વિચારનું એથી પ્રાધાન્ય રહેતું નથી, અને સમજશક્તિનો ઉપયોગ કીધા વગર માત્ર રૂપ ઉપરથી અટકળે જવાબ અપાય છે. આપણો ઉદ્દેશ આ પ્રમાણે કરવાનો નથી પણ છોકરાઓને સમજતા કરવાનો છે અને તેમની સમજશક્તિને ખીલવવાનો છે, તેથી આપણે તેની પાસેથી દરેક જવાબ સંબંધપૂર્વક અર્થ સમજીને આપે તેમ કરવું જોઇએ, અને કેવળ રૂપ ઉપરજ આધાર રાખીને આપેલો જવાબ આપણે ખરા તરિકે સ્વીકારવો ન જોઇએ. એકનો એક શબ્દ જૂદા જૂદા અર્થમાં વપરાતો હોય છે અને તે પ્રમાણે વ્યાકરણમાં પણ તે જૂદા જૂદા વર્ગમાં આવી જતો હોય છે, પણ તે માત્ર રૂપ ઉપર ધોરણ રાખનાર વિદ્યાર્થી કળી શકતો નથી. આપણે શીખવતી વખતે પણ આવા જૂદા જૂદા અર્થમાં વપરાતા એકના એક શબ્દના ઘણા પ્રયોગો બતાવવા જોઇએ અને છોકરાઓ પાસેથી પણ માગવા જોઇએ. આ પછી તુલના કરાવીને તેમની પાસેજ તેનો ભેદ કઢાવવો જોઇએ, અને તે જૂદા જૂદા વર્ગના છે એમ સાબિત કરી આપવી જોઇએ.

આ પ્રમાણે વ્યાકરણ શીખવવાથી, વ્યાકરણનું શિક્ષણ નિબંધ લખવામાં પણ વિદ્યાર્થીઓને કેટલીએક મદદ કરશે. છોકરાઓને શુદ્ધ વાક્યજ બોલવાની અને લખવાની ટેવ પડશે અને વાક્યમાં આવતા શબ્દોનું મહત્ત્વ તેઓ સમજશે તેથી વગર મહત્ત્વના અને નિરર્થક શબ્દો તેઓ વાપરશે નહિ, અને શબ્દોમાં ભૂલ ભરેલાં રૂપો પણ તેઓ નિયમો સમજતા હોવાથી વાપરશે નહિ. શિક્ષકે એટલી કાળજી રાખવી જોઇએ કે જ્યારે જ્યારે વિદ્યાર્થી એવા ભૂલ ભરેલા પ્રયોગો કરે ત્યારે ત્યારે વ્યાકરણનો વિષય ચાલતો હોય કે ન હોય પણ એવાં ભૂલ ભરેલાં વાક્યો તેમની પાસે સુધરાવવાં જોઇએ. આથી જેમ મને તેમ ઓછી ભૂલો તેઓ કરશે અને શુદ્ધ પ્રયોગો વાપરતાં તેઓ શીખશે.

આ પ્રમાણે એકંદર હકીકત જોતાં વ્યાકરણનો વિષય શાળામાં ચાલતા વિષયોમાં એક ઉંચા પ્રકારનો વિષય છે, અને બાળકોની ઘણામાં ઘણી શક્તિઓ ખીલવવામાં ઘણી સારી મદદ કરનારો છે. પરંતુ ઉપર કહ્યા પ્રમાણે તેની ફત્તેહનો આધાર કેવળ શિક્ષકોની મહેનત ઉપર છે એ ફરી ફરીને કહેવાની જરૂર છે. તેને નીરસ બનાવીએ છીએ તે પણ આપણેજ અને રસિક બનાવી શકીએ એમ પણ આપણેજ છીએ, તો તેને કેવો બનાવવો એ આપણેજ નક્કી કરવાનું છે.

કુસુમ.

पदार्थपाठ.

ઠા. પ્રા. ઉપાધ્યાય બી. એ.

(ગયા અંકથી ચાલુ)

સ્થિતિસ્થાપકતા.

આ ગુણ શું છે તે છોકરાઓને પૂછો. પદાર્થની સ્થિતિમાં ફેરફાર કર્યા પછી તે પાછા પોતાની મૂળ સ્થિતિ એકદમ ધારણ કરી લે છે એ શક્તિ તે આ ગુણ છે આ ગુણ નક્કર, ને પ્રવાહી પદાર્થોમાં તેમજ આપણા દેહ છે કેટલાએક સ્થિતિસ્થાપક અને સ્થિતિસ્થાપક ન હોય તેવા પદાર્થોનાં નામ છોકરાઓને પૂછો. વાદળી, ચુસ્ત અને ઢીલ જેવા કેટલાએક સામાન્ય પદાર્થોની અને નેતર, બ્રેડબોલ, ઘડિયાળની કમાનની, રબર, ફલાલીન અથવા ફૂગડાંની સ્થિતિસ્થાપકતા બતાવો. જૂદી જૂદી સ્થિતિસ્થાપકતા વિષે છોકરાઓને દરીકત પૂછો. કેટલાએક પદાર્થો દબાવથી, કેટલાએક ખેંચવાથી, અને બીજા કેટલાએક વાળવાથી સ્થિતિસ્થાપક છે એમ જણાય છે

એક " સ્પોરજન " મેન્ટલપર મૂકો. તે ઘડીએ બરાબર શા માટે ? બત્તી બરાબર બરાબર સાધે અથડાય છે ત્યારે જગા સપટ થાય છે અને અંદરની હવા દબાય છે હવા સ્થિતિસ્થાપક હોવાને લીધે તે પોતાનું મૂળ કદ મેળવવા એકદમ ફૂલે છે. હવાના આ ફૂલવાપીજ બરાબર ઉંચે ચઢે છે.

એક બાજુ કરેલા સપટ પથ્થરપર તેલ અથવા ઘાટી ચોપડી તેના પર હાથીદાતનો બ્રશોરો પછાડો. જેવો તે પાછો ઉછળે કે તરતજ તે ઝીલી લો. બ્રશોરો પથ્થરની સપાટીને થોડી જગ્યામા અડકે છે પણ આપણે તેને સામુ જોઇશું ત્યારે આપણા જોવામા આવશે કે તેના મોટી જોળ નિશાની પડી છે અને જેના પથ્થર સાથે અથડાની વખતે બ્રશોરો સપટ થાય છે અને આ સપટ થતી વખતની જોળ નિશાની છે તેની સ્થિતિસ્થાપકતાને લીધે તે પોતાનું મૂળ કદ ધારણ કરે છે અને તેમ કરતાં તે ઉછળે છે

અવકાશના ગુણ વિષે પાછળ આવી ગયેલ દરીકત છોકરાઓને પૂછો. દરેક જાતના પદાર્થને અવકાશ હોય છે, એટલે કે દરેક વસ્તુ અમુક જગ્યા રોકે છે. આપણે કેટલીક વખત પદાર્થના અવકાશના સબંધમા કેવળ એકજ બાબત વિષે એટલે ફક્ત લંબાઇ વિષેજ વિચાર કરીએ છીએ કેટલીક વખત તેના અવકાશ વિષે આપણે બે બાબત ધ્યાનમા લઇએ છીએ, એટલે લંબાઇ અને પહોળાઇ તથા તેની સપાટી વિષે પણ બોલીએ છીએ. કેટલીકવેક વખત તેના અવકાશ વિષે ત્રણ વિચાર કરીએ છીએ, લંબાઇ, પહોળાઇ અને જાડાઇ. આ વસ્તુ જે અવકાશ રોકે તે છે.

લંબાઈનું માપ.

૧. આપણાની જૂની રીત —

કોઇ પણ વસ્તુનો વહેવાર ચલાવવામાં તેના કદ વિષે ચોકસ ખ્યાલ કરવા ઘણા વખત પહેલા જરૂર પડી હશે, ઘણા જૂના વખતમા લોકો હાથ અને પગ કુદરતી માપ તરીકે વાપરતાં એમ જણાય છે અને કદાચ તે વખતે તે બહુ અનુકૂળતાવાળાં જ-

પણ ઘણું માન હતું. ફ્રાન્સમાં પણ એવીજ શિક્ષણ પદ્ધતિ હતી. હાલમાં એટલે ૫૦ વર્ષ પહેલાં પણ આજ પ્રતિનું શિક્ષણ આપવામાં આવતું હતું. તે વખતે શિલ્પશાસ્ત્ર, ચિત્રવિદ્યા, ઇન્દ્રિયવિકાસ આદિ શિક્ષણનું જરાય મહત્વ નહતું. તથાપિ હાલ તે માર્ગે પ્રવૃત્તિ ન કરતાં જેમાં દેશનું હિત સમાયલું છે તે શિક્ષણ બહોળા પ્રસારમાં આપાય છે.

ગ્રીસ અને ઈટાલી:—આ પ્રમાણે ગ્રીસ અને ઈટાલીમાં પ્રાચીન કાળમાં આર્યાવર્તમાંના ક્ષત્રિય વીર-લોકોના કાળની જેવી સ્થિતિ હોવાથી પ્રથમતઃ યુદ્ધ કરવામાં અને વક્તૃત્વ કલામાં તેઓ નિષ્ણાત હતા. આ શિક્ષણ ત્યાંનું સંપૂર્ણ હતું. પ્લેટો કહે છે કે, ૧૭થી ૨૦ વર્ષ સુધી શારીરિક શિક્ષણ આપવું. અને તે આ સિદ્ધાંત માટે दृढं देहे दृढं मनः એ તત્ત્વ આગળ ધરે છે.

અર્વાચીન શિક્ષણ:—હાલનું શિક્ષણ કેવું હોવું જોઇએ એટલે તે કેવા આશયનું જોઇએ તે ઉપર જણાવી ગયા છીએ. હાલના શિક્ષણનો પ્રદેશ હાથ, પગ, ઇત્યાદિ સર્વ કર્મેન્દ્રિયો તથા સર્વ જ્ઞાનેન્દ્રિયો પૂર્ણ વિકસિત કરવી તે છે

જર્મનીમાં એવો રિવાજ છે કે, સામાન્ય શિક્ષણ લો અગર ઔદ્યોગિક શિક્ષણ લો. સર્વે વિદ્યાર્થીઓએ શાળા છોડ્યા પછી બે અગર ત્રણ વર્ષ સુધી લશ્કરમાં ઉમેદવારી કરવીજ જોઇએ. પણ કેટલાક સામાન્ય અને ધંધાશિક્ષણના વિદ્યાર્થીને આ ફરજમાંથી મુક્ત કરવામાં આવે છે. તેના સમર્થનાર્થે તે એમ પ્રતિપાદન કરે છે કે, યૂરોપમાં હાલ ઇંગ્લંડ, ફ્રાન્સ, જર્મની તથા ઇતર નાના નાના રાજ્યમાં ઐક્યતાનો તંતુ થયલો છે. તેથી રાજ્યલોભના મુદ્દાને બદલે ઘણું ઉગ્ર વ્યાપારી યુદ્ધ શરૂ થયું છે, અને તે યુદ્ધ માટે પ્રત્યેક દેશ વ્યાપારી વર્ગ તૈયાર કરે છે આ યુદ્ધમાં દેશ જીતી કબજે કરવાના નથી પણ મોટાં મોટાં બજારો (Markets) હસ્તગત કરવાનાં હોય છે. આ યુદ્ધમાં લોહી વહેવરાવવાનું નથી કે પ્રાણહાનિ થતી નથી પણ ખુશીથી દ્રવ્યહરણ શી રીતે કરી શકાય તે માટે યત્ન કરવામાં આવે છે. અને આ કાર્યમાં ઇતર સર્વ દેશ કરતાં જર્મન દેશે ઘણી કુશેદ મેળવી છે; કારણ, ઔદ્યોગિક શિક્ષણ પર હાલ તે દેશમાં ઘણું ધ્યાન અપાય છે.

જર્મનીના ઔદ્યોગિક શિક્ષણનું દિગ્દર્શન— જર્મનીમાં પ્રાથમિક વ્યાપારી શિક્ષણાલય ૨૮૦ છે, અને તેમાં ૧, ૨૫,૦૦૦ વિદ્યાર્થી શિક્ષણ લેછે. તેમાં કેટલીક કન્યાઓ પણ છે. લિપઝિકમાં **વ્યાપારી વિશ્વ વિદ્યાલય** છે અને તે ૧૮૩૧માં સ્થાપન થયું છે. તેમજ મ્યુનિચમાં ૧૮૬૮માં **વરિષ્ટ વ્યાપારી શિક્ષણાલય** (High school) સ્થાપન કરેલું છે. અને એક ઔદ્યોગિક-શિક્ષણાલય અથવા શિલ્પકળા વરિષ્ટ વિદ્યાલય સ્થાપન કરેલું છે. હાલમાં પ્રત્યેક શાળામાં વ્યાપારી વર્ગ કાઢવામાં આવેલો છે, અને **હમબર્ગ** તથા **બર્લીન**માં પણ નૂતન વ્યાપારી વિદ્યાલય (Commercial College) સ્થાપન કરવાની તૈયારી થઇ છે

જર્મનીના ઈ. **વિલિયમ** નામના ગૃહસ્થે "Made in Germany" એ નામનું પુસ્તક લખ્યું છે. તે કહે છે કે — અમેરિકા કહે છે કે અમારે કુશલ માર્ગદર્શી (Directive traders) વ્યાપારી જોઇએ, અને જર્મની કહે છે કે 'યુદ્ધ માટે જેવા યોદ્ધા જોઇએ તે પ્રમાણે વ્યાપાર માટે વ્યાપારી ગિપાઇઓનાં ટોળાં તૈયાર કરવાની અમારે જરૂર છે. યૂરોપ અને અમેરિકામાંના જાણીતા દેશમાં જર્મનીએ આગલ પગલું ભર્યું છે. જર્મનીના

વ્યાપારી શિક્ષણ સાથે ઇંગ્લન્ડના વ્યાપારી શિક્ષણની તુલના કરીએ તો સૂર્યના તેજ આગળ જેમ મશાલનું તેજ તે પ્રમાણે છે. જર્મનીના વ્યાપારીઓને વ્યાપારી કલાનું જ્ઞાન હોય તેઓ ચિત્ર, શિલ્પ, સુતારી વગેરે કામમાં પણ નિપુણ થાય છે, તેમ જે ધંધામા તેમને પડવાનું હોય તેનું તેમને સપ્રયોગ જ્ઞાન આપવામા આવે છે. ધારો કે ચોકડું તૈયાર કરવાનું હોય તો (૧) ચોકડા માટે કેટલું લાકડું જોઇએ, (૨) તે તૈયાર કરતા કેટલો વખત લાગશે, (૩) કયા કયા હથિયારોનો ખપ પડશે, અને (૪) તે તૈયાર કરતા કેટલો ખર્ચ થશે, તેની હકીકત એકજ માણસ કહી શકે તેમ કરી શકે છે આ પ્રમાણે તમામ શાળામા શિક્ષણ આપવામા આવે છે.

જર્મનીમા સામાન્ય શિક્ષણાલય તેમ વ્યાપારી અને ધંધા શિક્ષણાલય પુષ્કળ છે આ બાબત વધુ વિસ્તારથી વિવેચન કરવામા આવ્યું નથી પણ આ શાળાની પરીક્ષાની પદ્ધતિ ઘણી જૂદી તરેહની છે તેમ જાણવા જેવી છે, જેથી તે અત્રે દર્શાવવામા આવે છે

આ શાળાઓમાંની પરીક્ષા ઘણીખરી મોહલી હોય છે ઘણા પરીક્ષક સ્વતંત્ર શિક્ષક પ્રત્યેક શાળામાં આપેલા હોય છે, અને ત્યા ૧૫ દિવસમા ત્રણ અગર ચાર વાર પરીક્ષા સ્વતંત્ર ઓરડામા થાય છે. પ્રત્યેક પખવાડીઆમા જે માહિતી અને નકશા તથા તેઓએ જે હિસાબની ચોપડીઓ લખેલી હોય છે તે પરીક્ષા વખતે જોવામા આવે છે આ ચોપડીઓ પરીક્ષક શિક્ષક જોઇ તેમા જે ખામી હોય તે સુધારી આપે છે પરીક્ષા લેતાં પરીક્ષકોનો હેતુ છોકરાને વાતચિત કરતા સારી રીતે આવડે છે કે નહિ, મેળવેલી માહિતી બીજાને બરાબર કહી શકે છે કે નહિ, તેજ ખાસ કરીને હોય છે છોકરાંઓને વસ્તુ દર્શન શિક્ષણ એટલે ડિસ્ક્રીપ્ટીવ ૮ વર્ષ સીખ્યા પછી જૂદી જૂદી જાતના પદાર્થવાળી એટલે પ્રાણીસાસ્ત્રની, અને પ્રાણીસાસ્ત્રની વગેરે વ્યાપારી જરૂરીનું સ મદરયાન પ્રત્યેક વ્યાપારી વરિષ્ટ શિક્ષણાલય સાથે જોડેલું હોય છે, અને તે સ મદરયાનદ્વારા વિદ્યાલયમા દર્શનશિક્ષણ આપવામાં આવેછે, એટલે એક વખત આરંભ થયેલા ડિસ્ક્રીપ્ટીવ શિક્ષણને ન અટકાવતા તેની વૃદ્ધિ કરવામાં આવે છે. પાઠશાળામાં જવાના અગર વ્યાપારી પેઢીપર જવાના પ્રશ્ન પત્રમાં ૫૦ પર્યંત પ્રશ્નો હોય છે અને તેમાના પાચ છ પ્રશ્ન તારવી કાઢી વિદ્યાર્થીઓએ તે પર ૪૫ા પ્રમાણે ઉત્તર આપવા એવો નિયમ હોય છે. આ પ્રમાણે પરીક્ષા પસાર થવાની જરા પણ ત્યાં બીક નથી. આપણા દેશની પરીક્ષાની પદ્ધતિ આથી જૂદા પ્રકારની હોવાથી નિચારા વિદ્યાર્થીઓની સર્વ આશા પરમેશ્વર પર! કારણ કેટલાક વિષય શીખવવાની બરાબર યોજના હોતી નથી. દાખલા તરીકે પબ્લિક સર્વિસ પરીક્ષામા દાખલ થયેલા રેલ્વેએળ બાબતમાં પૂરતું જ્ઞાન આપવામા આવતુ નથી, તેમ પરીક્ષકનુ પણ તે વિષય સબધી જ્ઞાન જરૂર હોય તો હોય તો હોય ત્યાં પછી શું પરીક્ષા કરે? પરીક્ષકના પ્રશ્ન પણ બાધ્યાનાજ કરે છે અને છોકરાઓએ પણ જે ગોખી મારી હોય તે લખી નાખે છે. અર્થાત્ આ પ્રમાણે વ્યાવહારિક બાબતનું જ્ઞાન તેમને મળતું નથી. તેમનો શ્રમ નિષ્ફળ જાય છે જર્મનીની શિક્ષણ અને પરીક્ષણ પદ્ધતિમાંથી કેટલી બધી બાબતો આપણે ધ્યાનમાં લેવા જેવી છે!

A. M.

એક મહેનતુ વિદ્યાર્થી.

આસ્ટ્રિઆ હંગરીની રાજ્યગાદીનો ૧૫ વર્ષની વયનો વારસ આર્ક ડ્યુક ફ્રાંસ ખરેખર દુનિયાના તમામ બાળકોથી વધારે ભાગ્યહીન છે. કોઇ પણ રાજ્યગાદીનો વારસ બાદશાહી મહેલોમાં ઉછરવા અને મોજશોખમાં જીંદગી ગાળવાને પેદા થાય છે, પરંતુ આ શાહજાદાને બાળપણથીજ એવી તમામ મોજશોખો અને રમતોથી દૂર રાખવામાં આવ્યો છે કે જેને માટે દરેક બાળક સ્વતંત્રતાથી હક રાખી શકે છે.

આસ્ટ્રિઆ હંગરીના જુદા જુદા પ્રાંતોના રહેવાશીઓ જુદી જુદી ૧૧ ભાષામાં વાત કરનારા છે, એટલે કે દરેક પ્રાંતની ભાષા એક એકથી જુદી છે. એટલા માટે આ શાહજાદાને એ તમામ ભાષાઓ શીખવા ફરજ પાડવામાં આવી છે. કેમકે તે જાણ્યા સિવાય તેને ગાદીપર બેસવાને લાયક સમજવામાં આવતો નથી. તેને જેમ બાળકો એક બીજા સાથે રમે છે તેમ રમવાની છુટ નથી, કેમકે તે કામ તેના હોદ્દાને લાયક નથી. તેને શીખવાડવામાં આવતી ૧૧ ભાષાઓ શીખવાડવાની એવી પદ્ધતિ ઠરાવવામાં આવી છે કે જે તેને માટે ખરેખર સંકટ છે.

એટલી મહેનત અને સંકટ હોવા છતાં પણ આશા નથી કે તે બાદશાહી તાજ પહેરી પોતાની જીંદગી આનંદમાં ગાળી શકશે; કેમકે મોટા મોટા અનુભવી વિદ્વાનો મત બાંધે છે કે આસ્ટ્રિઆ હંગરીનું રાજ્ય જલદીથી ખરાબ થઇ જશે.

પરંતુ જે અવ્યવસ્થા આજકાલ આસ્ટ્રિઆ હંગરીમાં ફેલાઇ છે, તે રાજ્યને વ્યવસ્થિત રીતે જાળવી રાખવાને માટે, આસ્ટ્રિઆનો હાલનો શેહેનશાહ અને બીજા રાજ્ય હિતેચ્છુ પુરૂષો ઇચ્છે છે કે શાહજાદા મજકુરને આ હોદ્દાને માટે આગળથીજ તૈયાર કરવામાં આવે તો રાજ્યને હરકત પહોચે નહિ.

જર્મની અને આસ્ટ્રિઆની અસભ્ય ભાષાઓ સિવાય તેને અંગ્રેજી અને ફ્રેંચ ભાષા પણ શીખવાડવામાં આવશે કે જેથી તે યૂરોપની રાજ્ય સંબંધી હકીકતથી સારી પેઠે માહિતગાર થઇ શકે.

આસ્ટ્રિઆ હંગરીમાં ઘણા પ્રકારના લોકોની વસ્તી છે જેમની એક બીજાની ભાષા એક બીજાથી જુદીછે. જર્મની, બોહિમિયા અને હંગરી એ ત્રણે લોકોમાં તો ઘણોજ કુસંપ છે. તે સિવાય કાયદાની ૧૯ કોન્ગ્રેસો આ દેશમાં છે, અને તે સર્વનો બંદોબસ્ત એકજ શેહેનશાહના હાથમાં છે.

આ શાહજાદાનું રોજીંદુ કામ એક કેદી કરતાં પણ ખરાબ છે. તે બિચારાને દરરોજ સવારના પાંચ વાગે જગાડવામાં આવે છે. એક કલાકમાં સ્નાન અને કસરત કરી અભ્યાસ કરવો શરૂ કરે છે. પોતાના ૧૮ શિક્ષકો પૈકી ૩ પાસેથી પાંચ થઇ ૮ વાગે નાસ્તો કરે છે. ૧ થી ૩ વાગ્યા સુધી તેને મિલિટરી (લશ્કર) નું શિક્ષણ આપવામાં આવે છે. તેને આમ કરીને લશ્કરનું, એન્જીનીયરનું, તલવારની કવાયતનું, બંદુકની કવાયતનું, ખાઇ ખોદવાનું, શિકાર રમવાનું, સવાર થવાનું અને કસરત વગેરેનું કામ શીખવાડવામાં આવે છે.

બાળકના ૬ ઠ્ઠા વર્ષથી ૬ વર્ષ સુધી તેને કરીથી અભ્યાસ કરવો પડે છે પ્રાચીન તથા હાલની ભાષા, તત્વજ્ઞાન, ન્યાયશાસ્ત્ર, ઇતિહાસ, જ્યોતિષ અને વિજ્ઞેકશાસ્ત્ર પણ તેને શીખવાડવામાં આવે છે કે જેથી તે પોતાની બાદશાહી ફરજને બરાબર બજાવી શકે.

સાંજના ૬ વાગે તેને ખાવું લેવાનો તથા એક કલાકમાં વાતચીત આગે નીતિ મર્યાદાથી વર્તવાનો પ્રસંગ આપવામાં આવે છે, અને બરાબર ૭ વાગે તેને સૂવાની રજા આપવામાં આવે છે.

અઠવાડિયામાં બે વખત તેને દાક્તરની સલાહ મુજબ કસરત કરવાનો પ્રસંગ આપવામાં આવે છે કે જ્યાં તેને તમામ વિદ્યાર્થીઓમાં એક જુદા દરજ્જાનો બેસાડવામાં આવે છે. અહીંનાં તેનો મોટો ભાઈ પ્રિન્સ ઓફ વેલ્સ બીજા ૨૭ વિદ્યાર્થી અને બીજા ઘણા પ્રોફેસર વગેરે તેને ઘેરી લેતા હોય છે, કેમકે બાદશાહી કુટુંબની કુમળી જીવનથી હમેશા તેઓ ખબરદાર રહે છે.

નાના આર્કડ્યુકને ૪૦૦૦૦ ડોલરનું આવિષાણ મળે છે પણ તે તેમાંથી એક પૈસો પણ અર્થે કરી શકતો નથી. તે તમામ રકમ બેંકમાં જમા રાખવામાં આવે છે ૨૦ વર્ષની ઉમરે તેના સ્વર્ગવાસની રકમ વધીને ૧૦૦૦૦૦૦ ડોલરની થઇ જશે પરંતુ જો તે મરણ પહેલાં લગ્ન નહિ કરે તો તેની આખાયે આવતી રકમ ગરીબ ફંડમાં જમા થઇ જશે.

આર્કડ્યુક ફ્રાન્સિસ ફર્ડિનાંડ ઓસ્ટ્રિયાના રાજ્યાસનનો વારસ છે. તેને ૨૦ વર્ષની ઉમરે ગાદી મળશે. તેને ૨૫ વર્ષની ઉમરે તેના સ્વર્ગવાસની રકમ વધીને ૧૦૦૦૦૦૦ ડોલરની થઇ જશે પરંતુ જો તે મરણ પહેલાં લગ્ન નહિ કરે તો તેની આખાયે આવતી રકમ ગરીબ ફંડમાં જમા થઇ જશે. તેને ૨૦


ઇબારત રચના માટે વાત.

નાની ઉમરમાં અજબ વિદ્વત્તા.

આપણા દેશમાં ચારે બાજુએ બૌદ્ધ ધર્મનો પ્રચાર થયો. ચંદ્રગુપ્ત, કનિષ્ક, અશોક વગેરે પરાક્રમી ગાદીએાએ તેને ઉત્તેજન આપ્યું. વેદ નાશ પામ્યો તે વખતે શંકર આર્ય નામે મહાપુરુષ નવમા સૈકામાં ઉત્પન્ન થયા. તે ગૌડપાદાચાર્યના શિષ્ય ગોવિંદ યતિ પાસે અધ્યયન કરી દિગ્વિજય કરવા નીકળ્યા અને મોટે મોટે ઠેકાણે બૌદ્ધ વિદ્વાનોનો પરાજય કરી ફરી વેદધર્મની સ્થાપના કરી. તે પછી દ્વારકા, જગન્નાથ, ગુજેરી ઇત્યાદિ ઠેકાણે મઠ સ્થાપન કરી તપશ્ચર્યા કરવાને માટે ગયા. આટલું પરાક્રમ તેમણે નાની ઉમરમાં કરેલું. આમનાજ જેવી જ્ઞાનદેવની વાત છે. આ મહાપુરુષ ઇ. સ. ૧૨૮૦ માં જન્મ્યો અને ઇ. સ ૧૨૯૬ માં મરણ પામ્યો. માત્ર ૧૬ વર્ષ આ દુનીઆ ઉપર તે રહ્યો પણ એટલી અલ્પ ઉમરમાં તેણે વેદાન્ત જેવા કઠણ વિષયપર અનેક ગ્રંથ રચ્યા. તે પૈકી જ્ઞાનેશ્વરી અને અમૃતાનુભવ એ બે મુખ્ય છે. એ બંનેમાં થઇને આશરે ૧૧ હજાર શ્લોક છે. આ તેના રચેલા ગ્રંથ ઇશ્વર, આત્મા અને બ્રહ્મ એવા ગહન વિષય પર છે. અને તે ઉપરના ગ્રંથ માન્ય છે કે તે ગ્રંથની ઉત્પત્તિથી આજ સુધી એ વિષયપર વાદવિવાદ ચાલે છે પણ તેમાંનો એક પણ સિદ્ધાન્ત ખોટો ઠર્યો નથી. આવા મહાનુ પુરુષ આપણા દેશમાં થઇ ગયા તે માટે આપણને આનંદ અને અભિમાન થાય તો તેમાં આશ્ચર્ય નથી.

આજ પ્રમાણે યુરોપખંડમાં પણ જૉનમન જેવા કેટલાક વિદ્વાન થયા તેમનાં ચરિત્ર વાંચીએ એટલે અતિશય આશ્ચર્ય લાગે છે. આમનીજ પંક્તિમાં ક્રિસ્ટિયન હેનેકર હતો. આ અલૌકિક બુદ્ધિવાન પુરુષ હ્યુસેક ગામમાં સન ૧૭૯૨ ના ફેબ્રુઆરી મહિનાની ૬ ઠ્ઠી તારીખે જન્મ્યો હતો. તે દશ મહિનાનો થયો ત્યારે તેની ધાત્રી કોઇપણ ચોપડી પ્રસિદ્ધ કરી કે તેના આગળ જે જે શબ્દનો ઉચ્ચાર કરીએ તે પ્રત્યેક શબ્દનો ઉચ્ચાર આબેહુબ સ્પષ્ટ કરી બતાવતો તે બોલ બોલતો થયો ત્યારે પ્રસિદ્ધ ગ્રંથના જૂના કવર પૈકી પડેલા પાંચ ભાગનો આરંભ કરેતો. જ્યારે તે બે વર્ષનો થયો ત્યારે ચિત્રની દુકાનમાંથી જૂના અને નવા કવરની ચોપડાવલિ જોઇ જાતો કરેતો અને ત્રીજે વર્ષ દુનિયાના ઇતિહાસ અને ભૂગોળ પૈકી ઘણીખરી વાતો કરેતો એ તેજ વર્ષ ગાડેના ચાલે દેખ આવા શીખ્યો. ચોથે વર્ષ તેણે ચિત્રની ધર્મ અને ભવિષ્ય ગુરુનો અભ્યાસ કર્યો. વિષય ગમે તેટલો કઠણ હોય તોપણ તે બાર કલાકમાં તેટલી તેના મનમાં ઠસાવતો જોવામાં જ નહિ પણ તે વિષય ઉપર વાદવિવાદ કરી તે બોલાવતા અધિક પ્રાણ પણ આપતો.

રહિયન વિદ્યાલયો અને કેળવણી.



(લખનાર ચીનજી હ મહારાજ, રિસિવર સાખપુર)

આજકાલ રશિયા જેવા મહાન યુદ્ધની ક્રયાઓના ધનિ ચારેગુ કાને પ્રતિ પડે બધા કરે છે. આવા વખતે રશિયન કેળવણી અને વિદ્યાલયો સબંધે થોડીક હકીકત વિદ્યાર્થી વર્ગને ઉપયોગી થઇ પડશે એમ સમજી હું અત્રે કરું છું

રશિયા દેશ જેટલા વિસ્તાર છે તેના પ્રમાણના લોક વસ્તી તથી પણ મોટી નદીઓ, પર્વતો મોટા, અને જંગલોથી ભરપૂર છે દેશના પ્રમાણમાં મોટા નગરો પણ જે એટલું જ નહિ. પણ કેળવણીના સારા સારાનો ત્યાંના મોટા વર્ગમાં અભિરુચિ ધરાવે છે

રશિયન બાળકો સાત આઠ વર્ષની વયે નિશાળમાં જવાનું શરૂ કરે છે એ ઉમર અનેક્રિયન કરતા ઘણી તકલીફ ભોગવી પડાય છે દરેક બાળકો બાપ કે વાલીઓ નજીકના બે ત્રણ માઇલ વચ્ચે એકાદ શાળા પણ જોવા છે શિક્ષણનું કામ ભણવું અને બોધ આપે કે વાંચતા કરવામાં આવે છે રશિયન નાના બાળકોને પણ ભણવાની એટલી બધી હોંસ હોય છે કે તેઓ ઘરથી છે ત્રણ માઇલ સુધી દૂરની શાળામાં રમતગમત જવા ચાલતા નથી એમની માનસિક અને શારીરિક શક્તિ વધારે સમજ એટલા પરથી જ જણાઇ કે તેઓ દૂર રમતમાં પોતાનો ખર્ચો, અગવડ ભૂલી જાય છે ત્યાં પણ આપણા દેશની પેઠે ઉનાળા ચોમાસાની રજાઓ હોય છે નાના છોકરા અને છોકરીઓને સ્ત્રી શિક્ષક શીખવે છે અને મોટા છોકરાને પુરુષ શિક્ષક શીખવે છે દરેક મુખ્ય શાળાના વિદ્યાર્થી કરતા નાની શાળાના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનું આવે છે, અને પછી મુખ્ય શાળાના વિદ્યાર્થી બીજી શાળાના વિદ્યાર્થીઓને શીખવે છે. ત્યાં એક એવું પણ ધોરણ છે કે દરેક આઠવાડીએ મુખ્ય અને ઉપરની શાળાના વિદ્યાર્થીઓનો ખાસ મેળાવડો મુખ્ય શાળાના મકાનના કરવામાં આવે છે જેમાં મુખ્ય શાળાના ઉંચા વર્ગના વિદ્યાર્થીની દેખરેખ નીચે રમતગમતનું કામ કરવામાં આવે છે. તે ઉપરાંત તો વ્યવસ્થિત હોય છે કે શિક્ષકો આવે છોકરો પછી તેનું અવલોકન કરે છે મુખ્ય શાળાને માટે એવો એવો અવકાશ હોય છે કે તે આખા વરસના મેળાવડામાંથી શું અવલોકન કર્યું અને કરવું એનો કેવા પ્રકારનો કરવા જોઇએ ? તેનાપર અવલોકન કરનાર ઉંચા વર્ગના વિદ્યાર્થીઓ પાસે નિબંધ લખાવાય છે. તથા તે ઉપરના અવલોકન શક્તિ કેવી કેટલી છે તે ઉપર નક્કર બનાવી શકે છે એ નિબંધો તપાસવા માટે મુખ્ય શિક્ષકના તાબામાં નીચે તાબાના શિક્ષકોની એક કમિટિ નીમવામાં આવે છે. અને પછી શ્રેષ્ઠ નિબંધ નંબર તેનું જાહેરનામું તે કમિટિ બહાર પાડે છે.

શિક્ષણનું બીજું કામ વિદ્યાર્થીઓના ઘરોથી કરે છે: નિશાળમાં આવ નહીં કરી કામચલાવવાના આવે છે

નિશાળનું મકાન બહુ અને પરોણાની બરદાસમાં દોરા છે મુખ્ય શાળાને માટે આગળના ભાગમાં આવ હોય છે. અને તેમાં વર્ગવાર રૂમ હોય છે. પાણી અને બિજલી આખે બુકો ગોઠવેલા રાખેલા હોય છે. અકેક્ટ બહારના ઉંચા વર્ગોનું કામ એક્ઝિબિશિયર બાબુ કરે છે નિશાળ માટેનું કામ ઘરનું કામ વિદ્યાર્થી કે- મહારાજાથી કરું નહીં પણ એકાદ

કાલતુ ગામડીયાથી થાય છે. સ્કૂલનું મકાન ઘણું ખરૂં વસ્તીવાળા ભાગોથી દૂર હોય છે ગામડાની નાની નિશાળો દેવળ નજીક કે દેવળની ઓરડીમાં બેસે છે.

નાની શાળાના શિક્ષકોને સરકારથી દરમાગો નથી પણ ગામના લોક તેમનું ગુજરાન ચલાવે છે અને મહેનતના પ્રમાણમાં શિક્ષકને સરકાર તરફથી અમુક રકમ મળે છે. તેમને રહેવાને ગામ તરફથી ઓરડી કાઢી આપવામાં આવે છે, અને જોઇતો મરમામન પણ પૂરો કરી આપવામાં આવે છે. આવી સ્કૂલો પણ સરકાર દેખરેખ નીચે તો ખરીજ. ત્યાં પણ શિક્ષકોને સારી વર્તણુંક બદલ ખાસ કાળજી રાખવી પડે છે, કેમકે ગામમાં કર્તા હર્તા અને સલાહકાર શિક્ષક વર્ગ હોય છે. તેમ શિક્ષક વર્ગથી પોતાના ધંધા સિવાય બીજો ધંધો સરકારની ખાસ પરવાનગી વગર થતો નથી.

गायकवाड सरकारनुं देशी केळवणीखातुं

(इनाम पत्रको.)

माहे डीसेंबर १९०३.

वडोदराप्रांत.

૧ પેટલાદ મ ગુ. શાળા શેઠ દ્વારકાદાસ છોટાલાલે ૩-૪-૦ પાણી ભરાવ્યું. ૨ ,, સ. ગુ. કન્યા. શા. પરીખ. ખુલાખીદાસ નારાણદાસે ૩-૪-૦ ,, ૩ ,, સ. સંસ્કૃત બ્રાહ્મણ શાળા. પરી. નારાયણ કેશવલાલે શાળાના દરેક છોકરાને દરરોજ સીધું આપવા માંડયું છે ૪ ,, સ. ઉર્દુ શાળા જાગીરદાર શૈયદ અલીમીયાં એહમદ અલી સા. એમણે ૧-૧૨-૦. ૧-૦-૦ પતાસાં તથા ૦-૧૨-૦ પાણી માટે આપ્યો. ૫ ,, મ. અંત્યજ શા. ચમારના પંચોએ ૧-૦-૦ પતાસાં વહેચ્યાં. ૬ સોજીત્રા સ. ઉર્દુ શાળા વહોરા કરીમ નૂરજીએ આખો ગામ પાણી ભરાવ્યું. ૭ નાર સ. ગુ. શાળા ધરમજના અમીન ભાઇલાલભાઇ બેચર ભાઇ ૨-૦-૦ પતાસાં વહેચ્યા. ગજેરાના પા. મીયાભાઇ જીવાભાઇએ ૧-૦-૦,, ૮ ,, મ. ગુ. કન્યા. શા. ધરમજના અમીન ભાઇલાલભાઇ બેચરભાઇએ ૧-૦-૦ ,, પા મીયાભાઇ જીભાઇએ ૧-૦-૦ ,, ૯ ધરમજ મ ગુ શા. પા. નરસીભાઇ નાગરભાઇએ ૧-૦-૦ શાળાના છોકરાઓને લાડુ ૬૦ માણા. ૧૦ કામરેજ ,, નગેતમ ઇધરદાસે ૧-૦-૦ સાકર વહેંચી. ૧૧ ઓરીણા ,, માસ્તર હરગોવીંદ લાયીભાઇએ ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં., રા. સા. ભોગીલાલ જગનલાલ સીમ્બા મહોલના મહાજનકરી સાહેબે ૧-૦-૦ ,, ૧૨ બારેજા ,, આગામના હીરાલાલ નારણદાસે ૧-૦-૦ ,, મ ધોળાના ભાઇલાલ ગીરધરદાસે ૭-૮-૦. ૧-૮-૦ પતાસાં, ૪-૦-૦ છીંટ તથા ૨-૦-૦ પાણીની પરબ માટે આપ્યા. દેસાઇ આપાગાહેબ નરસીભાઇએ ૧-૦-૦ ગામકળ વહેંચ્યાં. ૧૩ આમલુગામે સા. ગોપાળ કુલચ દે ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૧૪ સીસ્વા ,, ગોબેલ લખમણજી ચેમલજી ગે ૨-૦-૦ ,, ૧૫ વમા કાશીઆ આત્મારામ ગેનદાસે ૨-૦-૦ ,, ૧૬ પલાણા ,, પા. મોતીભાઇ મનોરભાઇએ ૧-૦-૦ ,, વાયેસા છ ગનભાઇ કેશવજી ગે ૧-૨-૦ ,, બારોચા ગણેશજી મદાસે ૧-૧-૦ ,, ૧૭ ડુંગોલ ,, ગામ

ભોડાએ ૧-૦-૦ ,, ૧૮ કારીઝ ,, પા પ્રભાભાઇ કીશોરભાઇએ ૧૦-૦-૦ છોકરાને જ-
માવવા ૧૯ મારવી ,, પા. બીખાભાઇ જીવરાજભાઇએ ૧-૪-૦ પનામા વદેચ્યા સા
સંજુ મથુરે ૧-૦-૦ ,, ૨૦ સાદ માર મ ચુ શા. ગા નાથજી પરભુદાસે ૧-૦-૦ પના-
સાં વદેચ્યાં. ૨૧ રનેાલી ,, પા. પ્રભાભાઇ નથુભાઇએ ૧-૦-૦ પેડા વદેચ્યા. ખાસરભાઇ
રણછોડભાઇએ ૨-૦-૦ ચણા વદેચ્યા. ભાદરવાના શા મગનરામ જગજીવને ૧-૦-૦ પ-
તાસાં વદેચ્યા. સુરતના શા હરકચંદ ખેમચંદે ૫-૦-૦ ડીનરગાઉનનો માલાન લેવા
આપ્યા. ૨૨ કોકણીઆ ,, નામ લોક તરફથી ૧-૦-૦ પતાસા વદેચ્યા. આસી મણત
ખેમચંદ જગજીવને ૧-૦-૦ આદની ખોપરીઓ વદેચી ૨૩ ગીંગણા ,, ગામના સદ્-
ગૃહસ્થોએ ૧-૮-૦ આફુ વદેચી ૨૪ દરાપુરા , પા તળાજા ૬ ગીરધરભાઇએ ૧-૦-૦
પતાસાં વદેચ્યા ૨૫ ગારીયાધર ,, શેઠ છોટાલાલ અનરૂપજી ને ૧-૦-૦ ,, ૨૬ ચાપુસર ,,
પોપ તળશીભાઇ ખુશ હલાઇએ ૮-૮-૦ પતાસા તથા ખાનુ વગેરે માટે આપ્યા ૨૭ ક-
રચણી ,, પુરૂષોત્તમ કલ્યાણજી જરાલ સુ. ત૮ ૧-૦ ૦ પતાસા વદેચ્યા ૨૮ ઢાણી ,,
શા. ઝવેરાલાલ કાળીદાસે ૧-૮-૦ ત્રણકળ તથા છે દરને મારી જરી આપી ૨૯ છટીલા ,,
શા. મુનીયાલ ખુશાલી ૧-૦-૦ પતાસા વર્ત્યા ૩૦ યુથણી પા ભાયુ પરબોતમે ૧-૦-૦ ,,

કુલ ૭૦-૮-૦

અમરેલી પ્રાત.

૧ ગારીયા ચ. સુ શાણા ગાણના મેઘજીએ ૦ -૧૮-૦, ૨-૦-૦ આફુ તથા
૦-૧૮-૦ ખેરડા વદેચી. ૨ રતનપુર ચ સુ શા ભુના ખોડીદાસ પુરેાતમે ગામણીયા ગોદ
ની ગાંઠો ૦-૮-૦ પાણી દર આમે ભરવા માટે આઠ આના પા ૭ ગામ મુંધીની ગોઠવણ
કરી છે. ૩ ધારવાડ ,, દરબારીઆ દરબાર બીમજાન મજારીઆ ૬ ૧-૦-૦ આફુ વદેચી. ૪
ધારગાં ,, શેઠ બીસ્વેશ્વરદાસ જેઠાભાઇએ પુસ્તકો નંગ ૧૦૦ વદેચ્યા. ૫ ,, ચુ કનાભાળા
શેઠ ગોરધનદાસ ખારજીએ ૨-૦-૦ પેડા વદેચ્યા ૬ગામના - દીલ શેઠ ગીરધરદાસ જેઠા-
ભાઇ ૩૦-૦-૦ રૂપીયા વદેચ્યા. ૫ ઢાકડા મ પા ગાળ શેઠ ગીરધરદાસ જેઠાભાઇ
૬-૮-૦ પુસ્તક વદેચ્યા ૭ ઢાકડા મં ખેડદાણા શેઠ ગીરધરદાસ જેઠાભાઇ તથા લીબાધેર
ઠાકારશ્રીએ ૨૦-૦-૦ આપ્યા, પુસ્તકે વદેચ્યા. ૮૮ પુરેાતમ ગણેશજીએ ૧-૦-૦ આફુ
વદેચી. ૮ વરવાળા સ. ચુ શા. ઠક્કર દેવજી વિશાને ૪-૦-૦ ની ૧૮ વદેચી. શેઠ આપાભાઇ
ઠક્કરશીએ ૨-૦-૦ ૪૦૨ વદેચી. ૯ બેટ મ. ચુ કનાભા. શેઠ વીસનજી મુંદરજીએ ૩ પુ
નાં પતાનાં આપે મંદીરના અંબીકાની ૩૮-૫-૦ રૂપીયા વર્ત્યા. ૧૦ બેટ મ ઉ શા બેટ
મંદીરના અધિકારી માહેમોએ ૩૦-૧૫-૦.૨૪-૧૧-૦ રૂપીયા વર્ત્યા તથાર ૮-૪-૦ છોકરાને
બક્ષીસ આપ્યા. ૧૧ બેટ સ ઉ શા બેટ મંદીરના અધિકારી માહેમે ૧૮-૪-૦
રૂપીયા વદેચ્યા ૧૨ બેટ મ. ચુ. શા બેટ મંદીરના અધીકારી માહેમોએ ૬૫-૭-૦
તથાગ છોકરાને રૂપીયા વદેચ્યા. શેઠ બીસનજી મુંદરજીએ ૩-૦-૦ પતાસાં વદેચ્યા. મહા-
જન તરફથી ૧-૦-૦ આફુ વદેચી. ૧૩ વડી મ ચુ શા. મેપત બાપુજીએ આકમણી-
યાંએ ૧-૦-૦ ખા ઉપર વદેચ્યું ૧૪ મોટા બારીઆ સ ચુ ૪ કનાશા શા પા. મેઘજી પદ-
માએ ૧-૦-૦ આફુ વદેચી. ૧૫ ગારીયા મ. ચુ ૩ મ.ગામ વેરાઇએ ૩-૪-૦ ખજુર
વદેચ્યું. ૧૬ નાના આંકડીઆ ,, પ્રભાશંકર રામપ્રસાદ એ ૧-૦-૦ આફુ વદેચી. ૧૭ સાદ

જાહેરાત.

શેઠ સુંદરલાલ પદમશી ઓઝા પોતાને વતન બેટ શંખોદ્ધાર ગયેલા તે વખતે ત્યાંની શાળાઓનો ઇનામ સમારંભ કરી તમામ છોકરા તથા કન્યાઓને કપડાં આપી એકંદરે રૂ. ૧૫૦) સુધીનું ઇનામ વહેંચ્યું હતું તથા ત્યાંની શાળાઓના કામથી ખુશી થઇ રૂ. ૨૦૦ હજાર-ની રકમ કાઢી તેના વ્યાજમાંથી સદર શાળાઓમાં સ્કોલરશીપ આપવાની ઇચ્છા જણાવી છે. આ પ્રમાણેના તેમના વિદ્યાવૃદ્ધિના સ્તુત્ય પ્રયાસ માટે ધન્યવાદ આપવામાં આવે છે. તા. ૨૭ ફેબ્રુઆરી ૧૯૦૪.

શેઠ સુંદરલાલ પદમશીને ધન્યવાદ આપવા બાબત.

દલસુખ L. B. P. J. A. Dalal,
વિદ્યાધિકારી.

વટહુકમ નંબર. ૨૩.

સરકારી શાળાઓમાં પાંચમા અને તે ઉપરાંતના ધોરણોમાં વાર્ષિક પરીક્ષામાં બેસનાર જે વિદ્યાર્થીની તે શાળામાં દાખલ થયાની મુદત ત્રણ માસ કરતાં કમી, ને ચાળીસ દિવસ કરતાં કમી હાજરી હોય, તેને પરીક્ષામાં નહિ બેસાડવા વટહુકમ નં. ૩૮ તા. ૪-૩-૯૭ નો થયેલો છે. પણ પ્લેગના કારણે બંધ રહેલી ફ્રેટલીક શાળામાં એવા વિદ્યાર્થીની હકીકત મુજબ કમી હાજરી થવાથી તેને વાર્ષિક પરીક્ષામાં બેસાડવાને માટે મંજુરીઓ મળવા લંબાણો આવે છે તેથી કામનો વધારો થાય છે, માટે તે કમી થવા અને એક સરખો વહિવટ રહેવા સારૂ વટહુકમ કરવામાં આવે છે કે,— પ્લેગના કારણે બંધ રહેલી શાળાનાં પાંચમા અને તે ઉપરાંતના ધોરણમાં વાર્ષિક પરીક્ષામાં બેસનાર જે વિદ્યાર્થીની ત્રણ માસની દાખલ થયાની મુદતની સામે હાજરી ચાળીસ દિવસ કરતાં કમી થતી હોય, પણ જો તે શાળા પ્લેગના કારણે બંધ થઇ નહોત તો તે મુદતમાં જેટલા દિવસ કામ ચાલત તેટલા દિવસમાં તે શાળામાં હાજર રહી શકત અને તે દિવસો તેની હાજરીની મુદતમાં વધત; સબબ તેટલા દિવસ ગણતાં જો તેની હાજરીની મુદત ચાળીસ દિવસ થતી હોય તો તેને વાર્ષિક પરીક્ષામાં બેસાડવો. એજ પ્રમાણે બીજા જે ધોરણોને માટે હાજરીની મુદત હોય તેને માટે પણ આ વટહુકમ પ્રમાણે અમલ કરવો. તા. ૧૦ માર્ચ સન ૧૯૦૪.

પ્લેગના કારણે બંધ રહેલી શાળા તે મુદત ચાલુ હોત તો તે મુદતના કામ ચાલત તેટલા દિવસ મંજુર આપવા બાબત.

દલસુખ J. A. Dalal,
વિદ્યાધિકારી.

ML

વહુકમ નં. ૨૬

હુજુર હુકમ નોંધ અંક ૪૪ તા. ૨૩-૧૨-૦૩ની તથા તે નીચે નાજરાર દિવાન આદેબના તા. ૨૮-૨-૦૪ ના થયેલા સોગની નકલ દિવાન ઓફીસથી ગેરા નં. ૪૭૮ મન ૦૩ ૦૪ થી આ તરફ આવી તેમા હુજુર હુકમમા ફરમાવેલ છે તેની મતલબ નીચે પ્રમાણે.

આવેલ બુક જેવી એક બુક રાખી તેમાં રકમો, તારીખ સમજુતી વિગરે લખવા રકમા રહી જવ રીતે કરી દેવી.

કારકુન મોકાની સર્વિસ બુકમા તેમને આપેલા રકમો, તારીખ, સમજુતી વિગરેનો ઉલ્લેખ હોતો નથી પરંતુ એવા પ્રકારની આપેલી સમજુતીનો પણ દાખલો રહેવો જોઇએ. તો એવા પ્રકારના દાખલા કારકુન મોકાની કસુર એકત્ર કરવાઈ આવે એવા કસુરી પુસ્તક ખાતાએ રાખવા તેનો નમુનો વગેરે દિવાન ઓફીસથી મુકરર કરાવી લેવો. તે નમુનો તૈયાર થાય ત્યાસુધી હાલની સર્વિસ બુક પ્રમાણે એક બુક પ્રત્યેક કારકુન પાસે આપવી અને તેમા જેવે તેવે ઉપરની બાબત જેની તે વખતે નોધી અમલદારની સહીઓ લેતા રહેવી.

નાજરાર દિવાન સાહેબનો તા. ૧૮-૨-૦૪ નો ગેરો નીચે પ્રમાણે થયેલો છે.

"હુજુર હુકમના બીજા પ્રમાણે નમુનો કેવા પ્રકારનો રાખવો તેનો મુસદો અકાઉન્ટ ખાતેથી તાબડતોબ રજુ થવો. અને એ નમુને મુકરર થતાં સુધી દરેક નોકરના પાસે એક બુક રાખવી તેમાં કસુરો નોંધવાની તજવીજ સર્વ ખાતાઓમા રહેવી."

ઉપર પ્રમાણે ફરમાન દોવાથી આ વહુકમથી જણાવવામાં આવે છે—આ ખાતામા જે જે કારકુનો તથા સિપાઇની સર્વિસ બુકો રહે છે તે દરેક નોકરે સર્વિસ બુક જેવી એક બુક પોતાની પાસે રાખવી અને તેમાં રકમો, તારીખ ને સમજુતી વિગરે અને તે જેની તે વખતે નોધી ઉપરી અમલદારની સહી લેતા રહેવી.

૩. ઉપરનિસબતમાં તેમાં પોતાની તાબાના મુખ્ય સિપાઇની ને મુખ્ય સિપાઓએ પોતાના ૨. જા. ગોલ્ડ..૪-૫ પ્રમાણે સહીની સહી લેતા રહેવી. તા. ૧૪ માર્ચ સન ૧૯૦૪. મુકામ નવસારી.

ઉપરનિસબતમાં મુખ્ય સિપાઓએ મુખ્ય સિપાઓએ પોતાના ગોલ્ડ. ૪ પ્રમાણે સહી લેવી.

J. A. Dalal.
જિલ્લાધિકારી.

REGISTERED NO B 83

શ્રી

પુસ્તક ૧૧ મું અંક ૭ મો.

કંઠવાણી

વૈશાખ, સંવત્ ૧૯૧૯.

વિષયો.

૧ સ્તવન ... ૧૨૩
જોખો પરીક્ષા ... ૧૨૩
નિબંધ ... ૧૨૭
નિષ્કુળાનંદ અને પ્રેમાનંદની કવિતા ... ૧૨૯
ગુજરાતી ગદ્યપદ્યકથાની ઉત્પત્તિ અને પ્રાચીન સુધારો ... ૧૩૫
૨ અવાડે અવળે ... ૧૩૭
૩ અક્ષરબ્રહ્મ ગિરનારવાસીની પદ્યવિનોદ ... ૧૩૮
૪ આદર્શ શિષ્ય ... ૧૩૯
૫ ગદ્યપદ્યમય સત્ય રત્ન કેળવણી ભાગ ૧ (ઇનામપત્રો) ... ૧૪૨
૬ ગદ્યપદ્યમય સત્યરત્ન કેળવણી ભાગ ૧ (સમયસુધારો) ... ૧૫૧
૭ બોધક કેળવણીના નિબંધો ... ૧૫૧

પ્રસિદ્ધકર્તા

છોટાલાલ નરસિંહભાઈ ભટ્ટ.

વાર્ષિક કિંમત રૂ ૧ પોસ્ટેજ રૂ ૦-૩-૦

છૂટક અંકના રૂ ૦-૩ ૦

વડોદરા

વીરક્ષેત્રમુદ્રાલય પ્રિન્ટિંગ પ્રેસ.

કે ળ વ ણી.

દોષરહિત.

અર્થ મળે વર્ધો ધર્મ સહાયે, જ્ઞાન મળે સનમાન પમાડે;
મીનિ વધે પ્રસરે જગ સારુ, એ શિક્ષણનિક્ષણ ધર્મ અમારો.

પુસ્તક ૨૬ મું. વૈશાખ. સંવત્ ૧૯૬૦ અંક ૭ મો.

દર્શન.

લેખી પરીક્ષા—નિત્ય ઓની પરીક્ષા વખતે મેદાની પરીક્ષા કરતાં ઉપરના વિદ્યાર્થીઓમાં લેખી પરીક્ષા કરવા તે પ્રમાણે દમણ દમણ પ્રશ્નો આપે છે એમ કબાબી વખતમાં જણાવવામાં આવ્યું છે એટલું જ નહિ, પણ પરીક્ષકની પસંદગી યોગ્યતા પણ જણાવવામાં આવે છે, કંઈ અપૂર્ણતા રહી જાતી નથી, અને વિષય કેટલે દરજ્જે તપાસવો છે તે જણાઈ આવે છે વધુમાં ઉપરોક્ત પ્રિન્સિપાલ વિદ્યાર્થીઓની પોતપોતાના ક્લાસમાં કેવળ તે નિયત કરેલ પરીક્ષામાં બેઠક આપી શકતા નથી કિન્તુ બીજાઓના વિષે પણ તેઓની પરીક્ષા તો આપ કલાસે લેખ કરવાનું આવે છે અને ઉપર કેટલાએકોએ તો વિદ્યાર્થીઓને જાતે પ્રશ્નપત્રો આપી પરીક્ષા આપ છે, આવે પ્રસંગે પ્રશ્નપત્રો કઇરીતે કાઢવા ઉપર ઉપર થોડી ઘણી સૂચના તે આપવામાં આવી છે વિદ્યાર્થીઓને શીખવી જરૂરની જણાય છે, એ વિષે પ્રસંગ આવ્યે નિયમો ઇન્સ્પેક્શન ઓફીસરોએ પત્રમાં આપ્યા છે તે વિદ્યાર્થીઓ પૂરે પૂરી ખબર રાખે તો ઘણું સારું થઇ જાય

૧ પ્રશ્નપત્ર ધ્યાન આપીને પૂરેપૂરું વાંચી જાઓ.

૨. કોઇ પણ પ્રશ્નનો પૂરેપૂરો અર્થ તમને સમજમાં ઉતર્યા પછીજ તેનો ઉત્તર લખવાનો આરંભ કરો.

૩. જે પ્રશ્નમાં સમજૂતી હોય તે પ્રશ્નના પહેલાં અક્ષરો ગોઠવી જાઓ.

૪. પ્રશ્નોનું કોઇ પણ ક્રમ પ્રમાણે પ્રથમ નોંધ્યા પછી તે પ્રશ્નો લખવા માંડવું.

૫. તમારે જે કોઇપણ ક્લાસને લેખ કરાવ સમાન-સમયવારી આવેલો ન હોય એવી રીતે લખો.

૬. દરેક જવાબ જેમ બને તેમ ટુંકામાં લખવા તરફ ખાસ ધ્યાન આપો.

૭. દરેક લખાણ સ્પષ્ટ વંચાય એવું લખવું. (પ્રશ્નના પેટાપ્રશ્નો જુદા જુદા હોય તો દરેકનો જુદો જુદો પેરેગ્રાફ કરવો).

૮. એક પ્રશ્નનો જવાબ પૂરો કરીને બીજો જવાબ લખવા માંડો તે પહેલાં લખાઈ ગયેલો જવાબ બરાબર વાંચી જાઓ.

૯. અટકળ કરીને કાંઈ લખવું નહિ; તમને બરાબર આવડે છે એવી ખાત્રી હોય તેજ લખો.

૧૦. બે અર્થ થાય એવું અથવા શક પડે એવું કાંઈ લખવું નહિ. તમને જે બરી રીતે જોતાં ન આવડતું હોય, તે આવડે છે, એમ દેખાડવાને કાંઈ લખશો નહિ.

આ બધાની સાથે એક સૂચના નિર્બળ મનનાં બાળકોને વધારે ઉપયોગી છે. તે એ કે, લખનારે દરેક જવાબ પોતેજ તૈયાર કરવો. જેઓ અપ્રમાણિકપણે બીજાનું જોઈને લખે છે, તેઓને તેમનાં લખાણ ઉપરથી પરીક્ષક તરતજ પકડી કાઢે છે, અને તેનું પરિણામ એ થાય છે કે તેમનું બરું લખેલું હોય તે પણ નકામું જાય છે.

નિબંધશિક્ષણ—નિબંધ લખવામાં વિદ્યાર્થીઓ તરેહવાર જાતની ભૂલો કરે છે તે વિષે આ ચોપાનિયાના પાછલા અંકોમાં અમે ઘણી વાર વિવેચન કરેલું છે. વાક્યરચનાના કેટલાક સાદા નિયમોના અજાણપણાને લીધે આવી ભૂલો થાય છે; તે ઉપરાંત ચોપાધોરણથી શરૂ થતો ઇમારત રચનાનો પાયો પણ કાચો રહે છે, તે પણ આવી ભૂલોનું એક કારણ છે. આના ઉપાયમાં ઈંગ્લાંડની શાળાના એક શિક્ષકે એક યુક્તિ અજમાવી છે, અને તે લખે છે કે તેથી ઘણો ફાયદો થયેલો છે. આપણા શિક્ષકોના જાણવા માટે તે અહીં ઉતારીએ છીએ:—

તે લખે છે કે, આ યુક્તિ મેં ચોથા ધોરણમાં અજમાવી હતી. નવા અભ્યાસની શરૂઆતમાં ઇમારત રચનાના નિયમો દરેક છોકરાને તેની ચોપડીમા છેલ્લે પાને ઉતરાવ્યા અને તે મોઢે કરાવ્યા. આમ કરવાથી મારી મહેનતનો બચાવ થયો એટલુંજ નહિ, પણ તેમની ભૂલો સુધારવામાં જે કીમતી વખત રોકાતો હતો તેનો પણ બચાવ થયો

ઇમારતરચનાના નિયમો.

૧. એક પણ શબ્દ લખતા પહેલાં જે વાક્ય લખવાનું હોય તે તમારા મનમાં બોધી જાઓ.

૨. એક બાબત લખી રહો એટલે પૂર્ણ વિરામ કરો. પછી બીજું વાક્ય વિચારી જાઓ, તે લખો, અને પૂર્ણ વિરામ કરો. આ રીતે છેવટ સુધી લખે જાઓ.

૩. કોઇ વાક્યમાં 'અને' 'તથા' 'પણ' એ શબ્દો એક કરતાં વધારે વખત આણવા નહિ, તેમ તે શબ્દો વાક્યની શરૂઆતમાં પણ મૂકવા નહિ.

૪. વાક્યો લખવામાં એક ને એક શબ્દ ફરી ફરીને લખ્યા કરવો નહિ.

૬. લાંબાં વાક્યો ન લખતાં ટૂંકાં વાક્યો લખો. અઘરા શબ્દોને બદલે સહેલા શબ્દો લખો.

૬. તમારે જે લખવાનું છે તે વિષય અઘરો હોય તો તેના સંબંધે તમારે તમારા મનને પૂછવા અને પછી જે જવાબ નીકળે તે લખવા.

૭. લખી રહ્યા પછી તે વાંચી જાઓ અને કોઇ જગોએ વિરામચિન્હ રહી ગયું હોય તો તે મૂકો કે બીજે સુધારો કરવો હોય તે કરો.

આની સાથે એક નિયમ વધારવો જોઇએ છે,—

૮. જે શબ્દ તમે લખો તેની જોડણી તમે બોલતા હો તેમ ન કરવી, પણ તમારી ચોપડીઓમાં તે શબ્દની જેવી જોડણી કરી હોય તેમ કરવી.

નિશાળોમાં વાચનશાળાઓનો અભાવ—'લિટરેચર ઓફ રીડિંગ' નામના ગ્રંથમાં પોતાના એક આખ્યાનમાં જણાવ્યું હતું કે "વાચન એ કેળવણીનું બળ છે." આપણી આજકાલની દરેક પ્રકારની સામાન્ય માહિતી ઉપર આધાર રાખે છે અને સામાન્ય માહિતી વાચન ઉપર આધાર રાખે છે. આ વસ્તુ શાળાના વિદ્યાર્થીઓની સામાન્ય માહિતી બહુ ઓછી હોય છે. ઘણાક શિક્ષકો પોતાને ભારેલા વિષયો સિવાયના બહારના ચાલુ વિષયોને અવિદ્યમાન રૂપમાં કરે છે. તેમના દાખલામાં તેવી માહિતી આપવાનો વખત હોતો નથી, અને જોકરાં કે તેમનાં મા બાપ વર્તમાનપત્રોમાંથી માહિતી મેળવતા હોતા નથી. એમ છતાં બનતા બનાવોની ભરપૂર માહિતી વિદ્યાર્થીઓને તેમ શિક્ષકોને બહારથી ઇષ્ટ છે. શિક્ષકો કદાચ એકાદ બૂમરેંગ પર આંખો ખરીદ કરી બાંધતા હોય તોપણ તેનો લાભ નિદ્રા ઉપરાંત વર્ગના વિદ્યાર્થીઓને પણ ઘણી ઓછી જગોએ આપતો કરી આના પ્રતીકાર તરિકે દરેક નિશાળમાં એક એક વાચનશાળા ઉઘાડવાની જરૂર છે. નિશાળ માટે સરકારે એકાદ સારું વર્તમાનપત્ર ખરીદ કરવાની પરવાનગી આપવી જોઇએ અને વાચનશાળા માટે નિશાળના મકાનમાંથી એકાદ ઓરડો ખાલી કાઢવો જોઇએ ચાલુ માસના ચોપાનિયાં અને વર્તમાનપત્રો ત્યાં ગોઠવેલા એક ટેબલ કે પાટલી ઉપર પડ્યાં રહે અને છૂટીના વખતમાં વિદ્યાર્થીઓ તે વાંચે આમ થવાથી છોકરાંની જીજ્ઞાસા ઉત્તેજિત થશે અને તેમને સામાન્ય માહિતી મેળવવા આપોઆપ પ્રવૃત્તિ થશે. જે શાળાઓ એક વખત ઓરડામાં આવે છે ત્યાં વચમાં બારણાને બદલે એક કબાટ છૂટી આપી આ વાચનશાળાનો લાભ લેવાનો વિદ્યાર્થીઓને અવકાશ મળશે

ગુજરાતી વાચનશાળાની સુધારણા સારુની સૂચનાઓ—ગુજરાતી વાચનશાળાનો પુનરુદ્ધાર થાય છે તે વખતે ગુજરાતના ઘણીક વિદ્વાનો તટસ્થ થઇ છાનામાના બેસી રહ્યા નથી, એ આનંદની વાત છે, મરે મહિને અમે ચોપડીઓ સંબંધે સૂચનાનો ઉલ્લેખ કર્યો હતો, તેવીજ રીતે આ વખતે રા. રા. આનંદશંકર ભાપુભાઇ ધ્રુવ અને રા. રા. રમણભાઇ મહિપતરામ નીલકંઠ એમણે ગુજરાતી વાચનશાળાની પુનરુદ્ધારક કમિટિને કરેલી સૂચનાઓ સંબંધે બે શબ્દ કહેવા પ્રસ્તાવના છોડીએ છીએ.

તેમણે એક અંગ્રેજી ચોપાનિયાના આકારમાં આ સૂચનાઓ છપાવી કમિટિ તરફ મોકલી આપી છે. આ ચોપનિયામાં તે સૂચનાઓ બે ભાગમાં વેહેંચી નાખી છે. ગુજરાતી ચોપડી ૧ લી તે સાતમી ચોપડી સુધી સામાન્ય રીતે શી શી બાબતોઓ છે અને તે સુધારવાને શું શું થવાની જરૂર છે વગેરે હકીકત પહેલા ભાગમાં લખી છે; બીજા ભાગમાં એ ચોપડીઓના કયા કયા પાઠ નિરુપયોગી કાઢી નાખવા જેવા છે અને કયા કયા પાઠો નવેસરથી લખવા જેવા છે, અથવા ફેરવવા જેવા છે તે બતાવ્યું છે. આ ફેરફાર કેવો થવો જોઇએ તે પણ સાથે સાથે પોતાના અભિપ્રાય સહિત આપતા ગયા છે. ગુજરાતી વાચનમાળાના નવી રીતે સુધારા વધારાની વખતે ગુજરાતી ભાષા ના પ્રખ્યાત વિદ્વાનોની સલાહ કમિટિ કરવાની જરૂર હતી; આ તેમ થયું હોત તો હાલની કમિટિના મેમ્બરોને વિશેષ કીમતી સૂચનાઓ મળી શકત, તેમ તેમનું કામ વધારે સહેલું થવાની સાથે લોકપ્રિય અને વિશેષ ઉપયોગી થાત. નિરાશ સરકાર તરફની તેવા તે તે વિદ્વાનોના અભિપ્રાય પૂછવામાં આવ્યે તો તે પણ સારું છે. ગુજરાતી ભાષા પ્રાંતભેદે કરીને થોડા થોડા ભેદવાળી છે, તથા સાહિત્યની જુદી જુદી શાખાઓના અભ્યાસભેદે કરીને વિદ્વાનોનાં મત પણ ભિન્ન ભિન્ન હોય, એમ છતાં બહુ મતમાંથી સારાનું તારવણી કાઢવાનું કામ સરળ થઇ પડવાનો સંભવ છે.

ઉપર લખેલા ચોપાનિયામાં જે જે ફેરફાર અને વધારો સુધારો કરવાની સૂચનાઓ કરી છે તેમાની મોટે ભાગે ઓછી છે, કે તે સર્વમાન્ય થઇ શકે. સામાન્ય સૂચનાઓમાં તેઓએ કવિતા, ઇતિહાસ, ભૂગોળ, વિદ્યા, નીતિ, સામયિક સુધારવા, અને ધર્મ સંબંધી વિવેચન કરેલું છે, અને તે બાબત કાવ્યમાં હેતુ, પ્રાચીન માહિતી, વગેરે કેટલાક નવીન વિષયોને પાઠેની યોજના કરવાની સૂચના પણ કરી છે. જે વિદ્વાનોએ કવિતા કેવી લેખકે તેનો નિર્ણય કેવી લાક્ષણિક કવિતા નો અભ્યાસ સારો કરી શકે. પ્રસ્તુત ચોપાનિયાકારે જે સૂચનાઓ કરવા બાબી છે તે ઉપરથી એમ સમજાય છે કે મારા અંગ્રેજી કવિઓના કાવ્યના નમુના પર રચાયલી કવિતાને પસંદગી આપવી, અથવા બીજા શબ્દોમાં કહીએ તો બાહ્યરંગ પ્રધાન કાવ્ય પસંદ કરવા. આ યુગ ઉત્તમ છે પણ તે સર્વે કવિતાના પ્રસાદ યુગને બીજો જોવો જોઇએ તો નથી પ્રસાદ વગરની અર્થગૌરવવાળી કવિતાઓ બાળકો માટે બહુ જોર્ય નીવડી શકે. સૂચના કરનાર ગૃહસ્થો જે કાવ્યના વિષયને બાલવાચનમાળામાં નવીન દાખલ કરાવવાની સૂચના કરે છે તેનાં ઉદાહરણરૂપ, હોઇ શકે એવી કવિતા મનોહર પસંદ કરવા જોવી હોઇ શકે. ચોપનિયામાં રે. ન. નરસિંહરાવ બી.એ. નામના "વિષય વિલાપ" જેવા કાવ્યની પસંદગી કરવા માટે બહોળા અક્ષરોમાં ઉલ્લેખ કરેલો છે. તે ઉપરથી સમજાય છે કે કવિતા તરિકે અને સામાજિક સુધારણા તરિકે લેખક વૃંદે આ ગ્રંથને નમુનારૂપ માનતા હોવા જોઇએ. અને એ કાવ્ય જોયું નથી જોયા તે વિષે કાંઇ અભિપ્રાય કહી શકતા નથી.

ચોપાનિયાના બીજા ભાગમાં ચોથી ચોપડીના પાઠોથી સૂચનાઓનો આરંભ કર્યો છે. ચોથી ચોપડીના ૪ થી ૧૦ પાઠોમાંથી કાઢી નાખવા ની સૂચના કરી છે. તેઓ કહે છે કે, પ્રાચીન બાબતોના મુખાક્ષરનાજ એ પાઠો છે માટે તેઓ વાચનમાળામાં રાખવાની જરૂર નથી આ વાત ખરી હશે પણ તે સાથે બાળકોને વિષયોના બાળપોથીને અનુકૂળ કરવાને કરી રોચકતા કરવી તે બતાવવાની પણ જરૂર હતી. વાચનમાળા એ ઇતિહાસના પુસ્તક બાળકોને સ્થિતિમાં

બ્યાસલા છે, તે હવે કમી થયો, ત્યારે થોડેઘણે અંશે બાલમોધ નિબંધો કેટલી બીજી રીતે રૂઢ ગોવી પેઠના થયા તે બાદ રાખ્યું છે. પૃ૬ ૩૧-૩૨ ના પ્રસંગથી તેઓ બરાબરે છે કે ગવૈયા અને પરાણ પડ્યો એકજ વિષય દોરાયો તેમાંથી એક કમી કરવા જોગો છે. અમલ બાદમાં તેઓ લખે છે કે, બરજીના પ્રસંગમાંથી પાડો ચાલવાના મત ઉપર બાણી અસર કરે છે અને તે તજવા જોગ્ય છે. વળી વિશેષમાં તેઓ બરાબરે છે કે બાળકને નવીન બોધ તે તેનેજ રીતે બોલતા પાડોશી કરતાં જે બોલે તેમના ઉપર બાંધવો જોઇએ નહિ. પ્રસંગ બોલીમાં, પાત્રસંબંધી આપે બરોબરી ટીકાકાર છે, અમો ઉદ્દેશ બતાવા રૂપથી કેટલુંક બિનાધાર પ્રવેશ લખે છે પણ તે માટે તો પ્રતિકારવાનું છે કે આવા પાઠોમાં પણ બાજી પ્રસંગ ઉત્તેજનાર અમર્યાદ અને કાલ્પનિક થવી જતી કહેવાય છે બાળકોના સ્વતંત્ર વર્તનનું નિરીક્ષણ કરવાની આવશ્યકતા એ જોતાં કોઇ પણ તેમને સ્વતંત્રવિષયોનાં, કામાં ન બંધ એવાં અને બાહ્ય બાબતો સોંપ નથી જરૂરીના પ્રસંગ બાબતોના અનુભવ પર્યંત બાંધી તેમના મનને બિનજરૂર અસર થવી જોઇએ બધી જાય રાખવાનું કારણ આપને કાંઇ સમજાવ્યું નથી કવિતા અને ગદ્યવાચનો વિષય એકજ હોય તે તરફ જે ગાયબંધી બતાવવામાં આવી તે પણ વિષય પાઠ જોવો છે ગદ્યવાચનનાં પુસ્તકોમાં એકજ વિષયના બે પાઠો દોરાયો બાબતને અર્થાવબોધ સહજ થવાની સાથે તેમને એમ પણ સમજાવે કે એકજ વિષય બન્ને રીતે જણાવી શકાય છે બાબતો સારો પરિચય થવાને માટે જૂની ને બરાબર બાબત જો પદ્ધતિ બીજારોપી બાબે છે અને ગદ્યવાચનના પુસ્તકો માટે તે વિષય જોઇએ પણ. સામાન્ય ચોપડીના ઉદ્દેશ પાઠોના કે એકજ વિષયની કવિતા ને ગદ્ય બન્ને બાબતે છે એ તો બરાબર નથી એ બરી વાત છે.

હવે ચોપડીનો પાઠ ૧૪૨-૧૪૩ ના બાબતો જોગ બાબતો સમેટી છે આ પાઠ ઘણી નાખવાની સૂચના કરી છે, તેનું કારણ બરાબર નથી આજ મુખીના નવીન ગોપને આધારે બોલી વિદ્વેષ બાંધતી જોઇએ કેમ કોઇ કોઇ રાજાને ન આવે ? વિદ્યાર્થીએ ને બોલી બાંધતી બીજી કમી રીતે એકસ્થળનાં પૂરી પાડી શકે ? એમ છતાં આ ચોપડીમાંનો જે જે કવિતા અને ગદ્યના પાઠોના મુદ્દા, વિચાર, કે ક્રમ આપે ત્યાગજા બતાવ્યા છે તે બધા બરાબર વિચારણા બતાવેલા લાગે છે. વિષયબાંધણીમાં કવિતા ઉપર બાબત વિચાર કરવો જોઇએ બરાબર બાબતે છીએ.

જવાદે ! જવાદે !!

(ભુજંગી)

ત્વરાથી ન ઝુરો તું થતો, જવા દે,
બની ક્રોધને ચંચુ ગતો, જવા દે !
વિચારીશ ના વેર વાદે વિષાદે,
બધું ગીત આ ગા, જવા દે ! જવા દે !!

ન ટેકી તું ટંટા મિષે થા, જવા દે !
વિવેકી તું વાંધા વિષે થા, જવા દે !
કદી ક્રૂરતાને જતો માન ના દે,
ક્ષમાવંત થાને ! જવા દે ! જવા દે ! ! ૨

ન કોપીશ કોશુ અણુંએ, જવા દે !
સ્વતઃ તુંય ભૂલે ઘણુંએ, જવા દે !
વહી જાય આ આયુ આખું પ્રમાદે,
ભલે જાય ગુસ્સો, જવા દે ! જવા દે ! ! ૩

ભલાને કહે ભૂંડું, તોયે જવા દે !
કૃતઘ્ની કરે કૂડું તોયે જવા દે !
ન લે વેર, જો રાહ, થાતું થવાદે !
કૂતે' પામશે તુ, જવા દે ! જવા દે ! ! ૪

મતી જેવિ તેવું વદે સૌ જવા દે !
ન તે ક્યાંથી લાવે હદે સૌ જવા દે !
ભલે ભુડું બોલે કદી બોલવાદે,
ધરી ધીર ચિત્ત, જવા દે ! જવા દે ! ! ૫

જુઓ પ્રેમનાં વાદળાં રંગચાળાં,
અને વેરનાં વાદળાં તેમ કાળાં;
જતાં પ્રેમનાં જો ન રોકાય જ્યાંદે,
ભલે તો પછી વેરનાંએ, જવા દે ! ! ૬

તને કોઇ મારે તું તોયે જવા દે !
તને કોઇ દે ગાળ તોયે જવા દે !
ન મારીશ ભાંડીશ, કિંતુ દવા દે,
પ્રભુ સૌ જુએ છે; જવા દે ! જવા દે ! ! ૭

आर्यावर्त्तमां किन्डरगार्टनपद्धतिनो जय.

એક વિદ્વાનનો સ્વાનુભવ.

(પાછલા માસથી ચાલુ).

બાળકોએ પોતાની મેળે શોધ કરતાં તથા અનુમાન કાઢતાં શીખવું જોઇએ. " આ હર્બર્ટ સ્પેન્સરના શબ્દો છે, અને તે કુદરતના અભ્યાસનો ઉદ્દેશ બતાવે છે. આ ઉદ્દેશ બર લાવવામાં પ્રોફેસર મૅરીનાં પુસ્તકોએ અમને

મદદ કરી નહિ, મી. ફીકસે થોડી મદદ કરી. "સ્ટેન્ડર્ડ મેગેઝીન" માં આપેલા "આર્કેડીઅન કેલેન્ડર" અને "સ્કુલ વર્ક" નામના માસિકપત્રકમાં આપેલા "નેચર લેસન્સ" નામના વિષયો અમને બહુ ઉપયોગી થઇ પડયા. બાળકના શિક્ષણમાં વિષયો કયા ક્રમમાં શીખવવા તે સંબંધમાં હું તેમજ મ્હારો મિત્ર એક મત થયા નહિ, તેથી અમે જુદાં જુદાં અભ્યાસપત્રક તૈયાર કર્યાં. મારા મિત્રે ફેકટીકલ (પદાર્થ વિજ્ઞાન) ને (રસાયન શાસ્ત્ર) શરૂઆત કરી અને મેં કુદરતના પદાર્થોથી કામ આરંભ્યું. કુદરતના પદાર્થોનો અભ્યાસ મને બાળકની કેળવણીમાં પાયારૂપ લાગ્યો. આ પ્રકારનો અભ્યાસ અવલોકનશક્તિ ખીલવે છે, અને બુદ્ધિના વિકાસનાં સાધનો પૂરાં પાડે છે. રાત્રિ દિવસ એ કુદરતના દેખાવોમાં પણ આશ્ચર્યજનક દેખાવ છે. આકાશમા સૂર્યનો રથજ પર્યટણ કરે છે તેથી **સવાર ને સાંજ** એવા વખતના બે સ્વાભાવિક મુખ્ય ભાગ થાય છે. સૂર્યની આસપાસ ચંદ્ર ફરે છે, તેથી એક **માસ** અને તેના બે **ભાગ વદી ને શુદી** એ પ્રમાણે ભાગ ઉત્પન્ન થાય છે. વખતના આ સ્વાભાવિક વિભાગોના ઘડીઆળ દ્વારા જે મનુષ્યકૃત ભાગો પાડેલા તે શીખવી શકાય છે. પ્રાકૃતિક કુદરત (Physical nature) નું અસ્તિત્વ **અવકાશમાં** રહેલું છે; તેટલાજાટે દિવસે સૂર્યની મુસાફરીની મદદથી, રાત્રે ધ્રુવના તારાની સહાયથી, અને હમેશા હોકાયંત્રથી, **ચાર મુખ્ય દિશાઓ અને ખૂણાનું** જ્ઞાન થઇ શકે છે. પ્રસ્તાવનારૂપે આ વિષય પૂરો કર્યો બાદ પદાર્થ અને તેની ત્રણ સ્થિતિ પ્રયોગદ્વારા બતાવવામાં આવે છે, અને ત્રણે સ્થિતિનો આધાર ઠંડી ને ગરમીના ઓછા વધતા પ્રમાણ ઉપર રહેલો છે તે સમજાવાય છે. હવા, પાણી, ને પૃથ્વી—આ ત્રણ તત્વો વાયુરૂપ, પ્રવાહીરૂપ અને ઘનરૂપ એ ત્રણ સ્થિતિના દૃષ્ટાંતો તરીકે આપી શકાય છે. હવામાંથી ઉત્પન્ન થતાં પવનો, તેની ગરમી અને ભાર, એ વિષે પ્રયોગ કરી બાલકોને હવાના ગુણોનું જ્ઞાન આપી શકાય છે; જે સ્થળે પાણી સ્વભાવિક સ્વરૂપમાં મળી આવે છે તે બતાવાય છે અને તે કયાં રૂપ ધારણ કરી શકે છે તે વાત પણ પ્રયોગદ્વારા કરી શકાય છે. પૃથ્વી વિષે વિવેચન કરતાં પૃથ્વીની સપાટીની અસમાનતા અને જમીનના ગુણ વિષે પ્રયોગથી અને તેટલું જ્ઞાન આપી શકાય છે. આખા વર્ષ સુધી બાળકો પાસે નીચેની બાબતોનું અવલોકન કરાવવું અને તેની નોંધ એક નોટમાં લેતાં શીખવવી. લાકડીનો જમીન ઉપર પડતો પડછાયો, સૂર્યોદય ને સૂર્યાસ્તનો સમય, હવાનો ભાર ને ગરમી, પવનની દિશા, વરસાદ પડવાના દિવસો અને કેટલો વરસાદ પડયો તે, અનાજ ને શાક વાવવાની ને લણવાની

૧૩૦ ' ' '

હોય ત્યારે જ. તે સિવાય તેમનો ઉપયોગ થઈ શકે નહીં. આમ કહેવાથી ઓછાંવત્તા પ્રમાણ વિષયમાં પાડી શકાય.

(૧) ધનોત્પાદક, (૨) ધનવિભાજક, અને (૩) ધનસંવર્ધક, આ ત્રણ વર્ગોનો તથા દરેકનો ધનોત્પાદક છે. બીજા દેશમાંથી આપણા દેશમાં ધન લાવનાર વર્ગ ધનસંવર્ધક છે અને ડૉક્ટર, વકીલ, શિક્ષક વિગેરે ધંધાવાળા ધન વિભાજક છે. ધન વિભાજક વર્ગની હાલ સંખ્યા અતિશય વધી ગઇ છે પૂર્વતા અને આજથી આ બન્ને તત્ત્વના પ્રમાણમાં જોઇએ તો પૂર્વના આજથી કરતાં વધારે થઇ છે અને પૂર્વતા કરતાં વધારે સંખ્યા, વકીલ, ડૉક્ટર, શિક્ષક અને સેવક વગેરેની થવાથી હવે તેમનો ભાવ પણ પૂછાતો નથી, એવી સ્થિતિ આવી પડી છે. કારણ કે આ પણ એક ધંધાનો ભાવ વધી પડવાથી તેની કિંમત ઘટી છે. પ્રથમ બી. એ. પાસ થયેલાને રૂ. ૧૦૦) પગાર મળતો હતો. હાલ તેની કિંમત ઘટીને રૂ. ૨૦–૨૫ ની થઇ છે. શરૂઆતમાં ડૉક્ટર લોકોને રોજની રૂ. ૫૦,૪૦, ૧૦, ૮, ની પ્રાપ્તિ હતી. હાલ તેમને તેટલી રકમ બહિનામાં પણ મળતી નથી, અને દુકાનમાં બેસ બેસ માંખો મારવા કરે છે. વળી આ વર્ગને જે મળે છે તે એકનું લક્ષને બીજાને આપ્યા બરાબર છે. બળદ કે ભેંસના શરીરમાં મોટી હોય ત્યાં સુધી ભૂખ્યા વધે, માણસના દેહમાં ખોપરી હોય તોજ માણસને શોભે, તેમ આપણા દેશમાં દ્રવ્ય હોય તો આ વર્ગનું ગાડું સારું ચાલે. પણ જ્યારે આપણા દુર્ભાગ્યે પડેલો જેવા હિંદુસ્તાનના અંગમાં દરિદ્રરૂપી રૂધિર હોવાજ કાંપી ? વળી તેમાં ડૉક્ટર લોકો દેશી ઔષધ ન વાપરતાં અંગ્રેજી દવાઓ વાપરે છે તેથી પૈસું પણ દ્રવ્ય હોય તે પણ પશ્ચિમના દેશમાં ખેંચાઇ જાય છે. આ કરતા આપણા આર્યવૈદ્યક શાસ્ત્રને અનુસરી ઔષધોપચાર કરવામાં આવે તો ને વધારે સસ્તાં અને લોકોને પણ ગુણકારી આવે. વળી આપણી ગરીબાઇમાં પણ આ દવાનો લાભ ઘણા રોગથી મુક્ત થઇ શકે. જેથી વૈદ્યકવિદ્યાનું સંશોધન થવાની આ દેશમાં ખાસ અગત્ય છે, અને પ્રાચીન વૈદ્ય વિદ્વાને ઉત્તેજન આપી એ ધંધાનું પણ પુનર્જીવન કરવું જોઇએ. આપણા દેશી વિદ્વાન ડૉક્ટર વર્ગ પોતાના પોચાલ જ્ઞાન સાથે આર્યવૈદ્યકશાસ્ત્રને પણ ઉત્તેજન આપનારી સંસ્થાઓ હિંદુસ્તાનના જુદા જુદા વિભાગમાં ઠામ ઠેકાણે વૈદ્યવિદ્યાનું શિક્ષણ આપવાનું શુભ કર્મ કરશે તો હાલ જે આ ધંધો લઇ બેઠેલા ઉંટવૈદોને લીધે તેમના પરથી લોકોને શ્રદ્ધા ઉઠી ગઇ છે તે પુનઃ બેસે અને આર્યવૈદ્યકશાસ્ત્રાનુસાર ચિકિત્સા થવાથી આ દેશને પણ લાભ થાય. મુંબાઇમાં આવું એક આયુર્વેદવિદ્યાલય સ્થાપન થયાનું આ લખનારના જાણવામાં હોવાથી તેના પ્રયોજકને આ સ્થળે અભિનંદન આપવામાં આવે છે. આશા છે કે આ જ્ઞાનનું અનુકરણ પ્રત્યેક વિભાગમાં થઇ બહોળા પ્રમાણમાં આ જ્ઞાનનો પ્રસાર થઇ આપણી પ્રજાને આર્યવૈદ્યના જ્ઞાનથી વાકેફ કરવાને પ્રયાસ થશે.

ધનોત્પાદક અને ધનસંવર્ધક—આ વર્ગ વધારે ઉત્પન્ન કરવા આપણા દેશના કૃષ્ણુ રાજ્યકર્તાઓનો હક નિશ્ચય હોવો જોઇએ. હાલના સર્વ વિદ્વાન વર્ગને પણ આ બાબતમાં ઉત્તેજન આપવાની પૂર્ણ ઇચ્છા છે એમ જણાય છે, કારણ કે હવે તેમને પણ ખાતરી થઇ છે કે આપણા દેશમાં ધનોત્પાદક અને ધનસંવર્ધક વર્ગ નિરખવા માટે જ્યાંસુધી યોજના નહીં થાય ત્યાં સુધી આપણા દેશનો ગુણાત્મક વિકાસ કરી માત્ર નોકરીની માગણી કરવી

રતો આપણી પાસે આવશે. પરંતુ તેમને જુદા જુદા વિષા હુનરમાં પડવાતું શિક્ષણ આપવાની યોજના થવાથી દેશ દ્રવ્યવાન થશે અને સરકારને શિર કરજનો પડેલો બોજો પણ ઓછો થશે. સરકાર દેવાદાર મટવાથી તેમને બેહુતોની જમીન આક્ષસા કરવાની પણ જરૂર પડશે નહીં.

આમ હોવાથી ઔદ્યોગિક શિક્ષણને ઉત્તેજન આપવું એ ઘણું મહત્વનું અને ઉત્તમ કાર્ય છે. A. M.

ગાયકવાડ સરકારનું કેળવણીખાતું

(ઇનામપત્રકો).

નવસારી પ્રાંતની ગ્રામ્યશાળાઓ.

માહે જનેવારી ૧૯૦૪.

૧. આમણપુર ગ્રામ્યશાળા નાગર નારણ કોળી ૦–૪–૦ છોકરાઓને પતાસાં વહેંચ્યાં. ૨. આમણપુર ગ્રામ્યશાળા રઘનાથજી ગોપાળજી ૦–૪–૦ છોકરાઓને પતાસાં વહેંચ્યાં. ૩. ધામડોદલુંભા ગ્રામ્યશાળા પટેલ ડાહ્યાભાઈ મનોરભાઈએ ૫–૦–૦ છોકરાઓને પોતાના છોકરાના વિવાહ પ્રસંગે કંસાર જમાડયો. ૪. કુચેદ ગ્રામ્યશાળા ગોવિંદ લાલા અંબેટીના પટેલ ૦–૮–૦ છોકરાઓને સાકર વહેંચી. ૫. કોસમાડી ગ્રામ્યશાળા ગામ લોકોએ ૧૦–૦–૦ વાર્ષિક પરીક્ષા વખતે શાળાના ઉપયોગ સારૂ લાયબ્રેરી તથા ડેસ્કટોક સામાન ખરીદવા આપ્યા. ૬. પાલી ગ્રામ્યશાળા ગામલોકો તરફ ૦–૪–૦ છોકરાઓને પરીક્ષા વખતે ખાંડ વહેંચી. ૭. માકણ ગ્રામ્યશાળા ગ્રામપંચોએ ૦–૫–૦ છોકરાઓને પરીક્ષા વખતે સાકર વહેંચી. ૮. લાડવી ગ્રામ્યપંચોએ ૦–૪–૦ છોકરાઓને પરીક્ષા વખતે પતાસાં વહેંચ્યાં.

નારણજી ગોવિંદજી. પ્રેમાનંદ ધોળીદાસ પટેલ.
કા. અંબાલાલ. ડેપ્યુટી એજ્યુ. ઇન્સપેક્ટર નવસારી પ્રાંત.

માહે ફેબ્રુઆરી ૧૯૦૪.

૧. ગાંગપુર ગ્રામ્યશાળા શ્રીમંત યુવરાજ મહારાજ સાહેબના લગ્નની ખુશાલીમાં ગામલોકો તરફથી ૦–૮–૦ છોકરાઓને પતાસા વહેંચ્યાં. ૨. ગાંગપુર ગ્રામ્યશાળા પરીક્ષા વખતે ગ્રામપંચોએ ૦–૮–૦ છોકરાઓને પતાસાં વહેંચ્યાં. ૩. સોમણી ગ્રામ્યશાળા ,, ૦–૮–૦ છોકરાઓને ખાંડ વહેંચી. ૪. ઐરયાણ ગ્રામ્યશાળા ગામલોકોએ પરીક્ષા વખતે ૦–૮–૦ છોકરાઓને પતાસાં વહેંચ્યાં. ૫. જોળવા ગ્રામ્યશાળા પટેલ વીરમ ગોપાળે પરીક્ષા વખતે ૬–૪–૦ ખાંડ વહેંચી. ૬. ઉમરાખ ગ્રામ્યશાળા પરીક્ષા વખતે ગામ લોકોએ ૦–૮–૦ છોકરાઓને પતાસાં વહેંચ્યાં.

(અપૂર્ણ.)

શ્રી.

ગાયકવાડ સરકારનું કેળવણી ખાતું.

જાહેરખબર.

પ્રાથમિક કેળવણીના નિબંધનો મુસદ્દો આ નીચે પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમાં જણાવેલા ધોરણો વગેરે વાટાઘાટ થઈને નક્કી થઇ ગયાં છે એટલે તે વિશે હવે લખાણ વિવેચન કરવાનું રહેતું નથી. પરંતુ કોઈ અમુક બાબતમાં ખરેખર ઉપયોગી એવી સૂચના સાભાખાતાનાથી વિચારપૂર્વક કોઈ નોકરોને કરવાનું જરૂરનું લાગે તો તે થવા માટે આ મુસદ્દો "કેળવણી" આ છાપ્યો છે માટે કોઈ અવશ્ય સૂચના કરવાની હોય તો નીચના નમુના પ્રમાણે પત્રરૂપે સ્પષ્ટ સમજાય એવી રીતે દુકામા દફીકત તા. ૧ લી માહ મે સન ૧૯૦૪ સુધીમાં મોકલવી બસ સમજવું અથવા નિરર્થક લંબાણ લખાણ કરવું નહીં

પ્રાથમિક કેળવણીના મુસદ્દા સંબંધી સૂચના કરવા જેવી હોય તો તે કરવા બાબત.

બાબત	હાલ મુસદ્દામા શી રીત છે	કેવી રીતે ફેરફાર કરવાની જરૂર છે તે.

તા. ૮ મી એપ્રિલ ૧૯૦૪.

J A Dalal
વિદ્યાધિકારી.

L. B. P.

હસ્તુમ

શ્રી.

પ્રાથમિક કેળવણીના નિબંધનો મુસદ્દો.

આ રાજ્યની રૈયતમાં પ્રાથમિક કેળવણીનો પ્રસાર થઈ તેઓની સુખ સમૃદ્ધિમાં વધારો થાય તે માટે જેમની પાસે સાધન હોય તેવાં માબાપોએ પોતાનાં છોકરાંઓને

હેતુ.

અમુક વર્ષ સુધી અવશ્ય શિક્ષણ આપવું જોઈએ એવું ઇષ્ટ જણાયાથી શ્રીમંત સરકાર મહારાજા સયાજીરાવ ગાયકવાડ સેનાખાસખેલ સમશેરબહાદુર એમણે નીચે લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે:—

प्रकरण १ लुं.

प्रारंभना नियमो.

१. आ निबंधने " प्राथमिक केळवणीनो निबंध " कहेवो.

शंका.

२. आ निबंध—

स्थानिक व्याप्ति मने शरुआत.

(अ) जे जे तारीखथी

(आ) जे जे शहेरो, कस्बाओ तथा गामोने लागु छे एवु हजूर मंजुरीथी विद्याधिकारी वखतोवखत आज्ञापत्रिकामां प्रसिद्ध करशे,

(अ) ते ते तारीखथी

(आ) ते ते शहेर, कस्बा तथा गामोने लागु थशे.

३. परंतु आ निबंधमां लखेला कांई पण मजकूरथी—

जो जे नियमोने आधीन बाध नथी ते.

(अ) अमरेली महालमा फरजीयात केळवणी संबंधी जे जे नियमो अगर व्यवस्था हाल अमलमां हशे तेने, अगर

(आ) फरजीयात केळवणी संबंधी सदरहु नियमो अगर व्यवस्था बीजा तालुकाओने ज्यारे ज्यारे लागु करवा जरूर जणाय त्यारे ते नियमो अगर व्यवस्था ते ते तालुकाओने लागु करवा कांई पण बाध आवे छे एवु समजवानुं नथी.

४. विषय अगर पूर्वापर संबंधथी विरोध न आवतो होय तो नीचे लखेला शब्दोनो नीचे मुजब अर्थ समजवो.

आ निबंधमां शब्दार्थ.

अ. " माबाप " ए शब्दमां

(१) दरेक माणस, जेना वास्तविक रक्षणमां कोई छोकरुं होय, अथवा

(२) कोई छोकरांना भरणपोषणने वास्ते जे कोई माणस

जवाबदार होय एवा कोई पण पालकनो समावेश थाय छे.

ब. "शिक्षण-योग्य उम्मरनां छोकरां" एटले

(१) ने छोकराओए पोतानी उम्मरनुं छट्टुं वर्ष पूरुं कर्युं होय परंतु चौदमुं वर्ष पूरुं कर्युं न होय ते; तथा

(२) जे छोकरीओए पोतानी उम्मरनुं छट्टुं वर्ष पूरुं कर्युं होय पण बारमुं वर्ष पूरुं कर्युं न होय ते;

एम समजवुं.

क. "शाळा" एटले

(१) सरकारी शाळा, किंवा

(२) आ सरकारनी मददथी चालती कोई पण शाळा, किंवा

(३) वखतोवखत जे जे संस्थाओने आ राज्यना शाळा-खाता तरफथी शाळा तरीके स्वीकारवामां आवे ते संस्थाओ—

एम समजवुं.

ड. (१) "बहिवटदार" ए शब्दमां महालकरीनो समावेश थाय छे, अने

(२) आ नियमथी जे जे अधिकार बहिवटदारने आपवामां आव्या होय ते ते अधिकार बहिवटदारना साधारण अगर विशेष हुकमथी तेमना बदले तेमनी गेरहाजरीमां जे ते महालना अमलदारकुन पण अमलमां आणी शकशे.

प्रकरण २ जुं.

शिक्षणनी फरज तथा तेमांथी मळवानी माफी.

शिक्षण-योग्य उम्मरनां छोकरांओने शाळामां मोकलवां जोईए.

५. आ नियमनी कलम ६ मां दर्शावेला योग्य कारणो सिवाय कोई कारण न होय तो शिक्षण-योग्य उम्मरनां सघळां छोकरांओने तेमनां मावापोए शाळामां मोकलवां जोईए.

६. नीचे जणावेलां कारणो, शिक्षण-योग्य उम्मरनां छोकरांने शाळामां नहि मोकलवाने योग्य कारण गणाशे:—

फरजमांथी मळवानी माफीनां कारणो.

अ. मावापनी वार्षिक पेदाशनी सरेराश रुपिया दोढसोथी ओछी होय तो ते;

आ. जो कोई छोकरांओ पोताना कोई पालकना वालीपणामां रहेतां होय अने जो तेमनी तरफथी तेवां पालकना कबजामां आवेली

(१) कांई स्वतंत्र मिलकतनो अंश, अगर

(२) कांई स्वतंत्र करी शकाय तेवी मिलकतनो अंश दर वर्षे रुपिया दोढसोनी सरेराशथी ओछी पेदाशवाळो होय तो ते;

इ. वृद्धावस्थाथी किंवा मांदगीना कारणथी केवळ अशक्त थई गयेलां मावापनी वरदास किंवा चाकरी करवामां छोकराओनी सतत हाजरीनी जरूर होय तो ते;

ई. कांई पण कायमनी शारीरिक किंवा मानसिक खोड किंवा निर्वलताने लीधे जे छोकरांओथी कांई पण शिक्षण मेळववुं अशक्य होय तो ते;

उ. (१) देशी शाळाना चोथा धोरणनो, अगर

(२) वखतोवखत जे धोरण हुजूरनी मंजुरीथी विद्याधिकारी ठरावे तेनो अभ्यास पूरो कर्यो छे एवो, अथवा

(३) शाळा शिवाय अन्य रीते सदरहु छोकरांने योग्य शिक्षण मळे छे एवो इन्स्पेक्टर अथवा डेप्युटी इन्स्पेक्टर तरफथी दाखलो मळ्यो होय तो ते.

खुलासो—शाळा शिवाय अन्य रीते कोई छोकरांने योग्य शिक्षण आपवामां आवे छे एवो दाखलो मळवा माटे कोई मागणी करे तो शाळा खातानो इन्स्पेक्टर, डेप्युटी इन्स्पेक्टर, एमणे ते छोकरांने एवी रीते शिक्षण आपवामां आवे छे ए वाचन शाळाना छोकरांनी माफक तेने तपासी पोतानी खात्री करी ते प्रमाणे तेने दाखलो आपवां जवुं.

ऊ. जे छोकराओना रहेठाणना स्थानथी पासेमां पासेना रस्ते आसपास

(१) एक एक माईलनी हदमां, किंवा

(२) वखतोवखत जे हद हजूरनी मंजुरीथी विद्याधिकारी तरफथी आज्ञापत्रिकामां प्रसिद्ध करवामां आवे ते हदमां कोई पण प्राथमिक केळवणी मळी शके तेवी शाळानी सवड न होय तो ते, तथा

ए. रैयतमांथी जे जे वर्गने माटे स्वतंत्र शाळाओ किंवा इलाहिदा शिक्षण वर्ग उघाडवानी जरूरियात वखतोवखत राज्य तरफथी मानवामां आवती होय, पण तेवी शाळाओ अगर वर्गो जे स्थळे उघाडेला न होय तो ते ते स्थळना छोकरा.

प्रकरण ३ जुं.

साधनवाळां मावापोनी यादीओ तैयार करवा संबंधी.

७. जे जे कस्बा अगर गामनी वस्ती त्रण हजारनी अंदर होय ते कस्बा अगर गामना पटेल तथा महेताए पोतपोताना कस्बा अगर गामनी शाळाओना शिक्षकोनी मदद लेईने पोतपोताना कस्बा अगर गामने माटे परिशिष्ट अ मां दर्शावेला नमुना प्रमाणे एक यादी बनावी तेमां

त्रण हजारथी ओछी वस्तीवाळा कस्बा तथा गाम माटे.

(क) जे जे इसमोने शिक्षण योग्य उम्मरना छोकरा होय अने तेमनी वार्षिक पेदाशनी सरेराश दोढसो अगर तेथी वधारे होय तेमना नाम, तथा

(ख) तेमना कुटुंबमां शिक्षण-योग्य उम्मरनां छोकराओनी संख्या दर्शावशे.

८. जे जे कस्बा अगर शहेरनी वस्ती त्रण हजार अगर तेथी वधारे होय ते ते कस्बा अगर शहेरने माटे

त्रण हजार अगर तेथी वधारे वस्तीवाळा कस्बा तथा शहेर माटे.

(१) जे ते तालुकाना वहिवटदारे, अगर

(२) वखतोवखत हजूरना फरमानथी आज्ञापत्रिकामां प्रसिद्ध

यादी प्रमाणे छोकराने एक मासनी अंदर शाळामा मोकल वानी आवश्यकता.

दाखल करेलां सर्व मावापोए जो विवादना ठ रावथी पोताने कांई माफी मळी न होय तो ते यादीमा दर्शावेला शिक्षण योग्य उम्मरना सर्व छोकराने सदरहु यादी प्रसिद्ध थयानी तारीखथी एक मासनी अंदर शाळामां माकलवा जोईए.

दाखल नहीं करावेलां छोकरांना नामनी मुख्य शिक्षके तहिवटदार तरफ यादी मोकलवी

१५. उपर दर्शावेली त्रीस दिवसनी मुदत अंदर जे जे मावापोए पोताना शिक्षण-योग्य उम्मरना छोकराने शाळामा दाखल करेलां न होय ते ते मावापोना नाम तथा दाखल नहीं करावेलां छोकरानी संख्यानी बाबत जे ते शाळाना मुख्य शिक्षके एक याद बनावीने ते—

(अ) तालुकाना तहिवटदार तरफ, अगर

(आ) दरतोबस्त हजुर मजुरीथी विद्याधिकारीना हुकमथी आ बाबत जे जे इलम अगर संस्थाने अधिकार मळ्यो होय ते ते इलम अगर संस्था तरफ

मोकलवी.

खुलासो:—जो कोई शहेर, कस्बा अगर गामनां एथी वधारे शाळा होय तो ते ते शाळाना मुख्य शिक्षके विद्याधिकारी तेमना जे हुकम अगर जथा ठरावशे अने आज्ञा आपशे तेमा प्रसिद्ध करशे ते ते हुकम अगर ठेकाणामां रहेता होय तेवां मावापोना नामनी तथा नहीं दाखल करावेला शिक्षण-योग्य उम्मरना छोकरानी संख्यानी याद मोकलवी जोईए.

दाखल नहीं करवा बाबत शाळन

१६ (१) शाळाना मुख्य शिक्षक तरफथी उपरनी कलम १४मां बताव्या प्रमाणे याद आवे, ते तारीखथी सात दिवसनी अंदर

(अ) तहिवटदारे, अगर

(आ) बखतोबखत जे जे इलम अगर संस्थाने आ बाबत हुजूर मजुरथी विद्याधिकारीना हुकमथी अधिकार आपवामा आवेलो होशे ते इलम अगर संस्थाए

शाळामां दाखल नहीं करावेला दरेक शिक्षण योग्य उम्मरना छोकरा दीठ तेमना कसूरदार मावापने एकेक रुपियो दंड करवो जोईए; अने

(२) आ प्रमाणे करेला दंड बाबत सूचनापत्र करी कसूरदार मावापने ते सूचनापत्र मी रुबरु आपवी जोईए.

(३) आ प्रमाणे करवाना आवेडा दंड जयां सुधी सदरहु शिक्षण-योग्य उम्मरवाळा छोकराने शाळामां दाखल करवामां आवे नहीं त्यां सुधी दर छोकरा दीठ दर महिने एक एक रुपियो प्रमाणे चालु रहेशे.

१७. उपर प्रमाणे आपवाना सूचनापत्रमा दंडनी रकम दर्शाववी, ने कसूरदारने एवी पण ताकीद आपवी के जो-

सूचनापत्रनी तारीखथी त्रीस दिवसनी अंदर दंड माफ थइ शकत.

(अ) सूचनापत्र पहोंचाड्यानी तारीखथी त्रीस दिवसनी अंदर कसूरदार तरफथी सदरहु दंडनी रकम

(१) वहिवटदारने, अगर

(२) वखतोवखत आ बाबत तेने अधिकार मळ्यो होय तेने

मोकलवामां आवशे नहीं; अगर

(आ) ते मुदतनी दरम्यान जे छोकरा बाबत आ प्रमाणे कसूर करवामां आवी होय ते छोकराने शाळामां दाखल करवामां आवशे नहीं

तो सदरहु दंडनी रकम कसूरदार पासेथी जमीननी मेहेसूलनी बाकी वसूल करवानी रीत प्रमाणे वसूल करवामां आवशे.

छोकरानी मेहाजरी बाबत अबजवदारी.

१८. (१) जे मावापे आ नियम प्रमाणे पोतानां छोकराने शाळामां दाखल करवा जोईए तेवा मावापे पोतना छोकराने शाळामां दाखल कर्यो, पछी ते छोकरो सतत शाळामां जाय छे के नहीं ए जोवानी ते मावापनी फरज छे.

(२) परतु एम ठरावबामां आवे छे के:—

(क) जो ते छोकरुं पोतेज मांदुं होय तो ते सारुं थता सुधी, अगर

(ख) घरमा बीजुं कोई मांदुं होवाथी तेनी हाजरीनी खास जरूर होय तो वधारेमा वधारे पंदर दिवस सुधी, अगर

(ग) कांई नियमित मुदत सुधी मावापना घघामा तेनी विशेष मददनी खास जरूर पडे तो वधारेमा वधारे पदर दिवस सुधी,

ते छोकरुं शाळामांथी गेरहाजर रहे तो उपर लखेली फरज तेटली मुदत सुधी तेने लागु थती नथी एम समजवुं.

१९. (१) उपर कलम १८ मां दर्शावेला कोई योग्य कारण शिवाय अगर प्रथमथी रजा मेळव्याविना जो कोई शिक्षण योग्य उम्मरना छोकराने शाळामा दाखल कर्या पछी तेने

दाखल थया पछी गेरहाजरी बाबत शासन.

(अ) सतत पदर दिवस सुधी, अगर

(आ) त्रुटक त्रुटक मुदतथी पण एक मासनी अदर बीस दिवस सुधी

गेरहाजर राखवामा आवे तो तेवी कसूर बाबत कसूरदार मावापने कलम २१ प्रमाणे शिक्षा केम न करवी तेनुं कारण दर्शावबा सारु सात दिवसमा हाजर थवा मुख्य शिक्षके फरमाववु.

(२) अने ते प्रमाणे हाजर थई कसूरदार मावाप तरफथी पोतानां छोकरानी गेरहाजरी बाबत योग्य कारण दर्शावबामा आवे नहीं तो कलम २० तथा २१ मा दर्शाव्याप्रमाणे मुख्य शिक्षके शासन करावबुं.

२०. दर महिनानी ८ मी तारीखनी अंदर शाळाना मुख्य शिक्षके आ प्रमाणे —

गेरहाजरी बाबत मुख्य शिक्षके दाखलो मोकलवा बाबत

(१) (अ) योग्य कारण शिवाय, अगर

(आ) प्रथमनी रजा मेळव्या शिवाय गया मासमां गैरहाजर राखेलां छोकरांनां नाम.

(२) गैरहाजरीना दिवसनी संख्या, तथा

(३) कसूरदार मावापोना नामनी एक यादी बनावीने

(अ) जे ते शहेर, कस्बा अगर गामना पटेल तरफ अने ज्यां एकथी वधारे पटेल होय त्यां तेमना मुख्य पटेल तरफ, तथा

(आ) जे जे शहेरमां लत्ता अगर जथा पाडी ते आज्ञापत्रिकामां प्रसिद्ध करवामां आव्या होय ते ते शहेरमा तेना लत्ता अगर जथा मांट नीचे कलम ३० मां दर्शाव्या प्रमाणे नियेला संभावित गृहस्थ तरफ ते यादी मोकलवी.

प्रथमनी कसूर बाबत शासन.

२१. (१) उपर प्रमाणेनी याद पहोंच्याथी सदरहु पटेले अगर संभावित गृहस्थे कसूरदार मावापने आ प्रथमनी कसूर बाबत छोकरा दीठ बे आना दंड करवो.

(२) (अ) परंतु जो कसूरदार मावाप पोतानां तेवां गैरहाजर राखेलां छोकराने कसुरनी तारीख पछी नियमितरीते शाळामां मोकले छे एम तेमने जणाय तो, अगर

(आ) बीजां कोई संतोषकारक कारणथी कसूरदारनी प्रथमनी कसूर बाबत माफी आपवानुं सदरहु पटेल अगर संभावित गृहस्थने योग्य जणाय तो ते प्रमाणे माफी आपवानो तेमने अधिकार छे.

पछीनी तेवी बे कसूरो बाबत शासन.

२२. आ प्रमाणे एक वार कसूर कर्या पछी फरीथी ते ने ते वर्षमां तेवी कसूर करवामां आवे तो सदरहु पटेल अगर संभावित गृहस्थे तेवी बीजी अने त्रीजी कसूर माटे दरेक कसूर दीठ चार चार आना दंड करवो.

२३. (१) सदरहु पटेल तथा संभावित गृहस्थे आ प्रमाणे एक मासमा जेटलो दंड कर्यो होय ते बाबत दर महिनानी १९ मी तारीखे एक यादी बनावी तेमां कसूरदारनां नाम तथा दंडनी रक्कम दर्शावी ते यादी

दंड वसूल करवानी मुदत.

(अ) तालुकाना वहिवटदार तरफ, अगर

(आ) वखतोवखत आ बाबतमां जे जे इसम अगर संस्थाने हजूर मंजुरीथी विद्याधिकारीना हुकमथी अधिकार आपवामां आवे ते ते इसम अगर संस्था तरफ

मोकलवी, अने

(२) आ प्रमाणे यादी पहोंच्यानी तारीखथी पंदर दिवसनी अंदर सदरहु वहिवटदारे अगर जे ते इसम अगर संस्थाए यादीमां लखेला दंडनी रकम जे ते कसूरदार पासेथी वसुल करवी जोईए.

२४. (१) जो उपर प्रमाणे कोई कसूरदार मावापने एक ने एक वर्षमा त्रण वखत शासन थया छता तेवी ने तेवी कसूर फरीथी ते ने ते वर्षमां ते मावाप करे अगर करवी जारी राखे, तो सदरहु कसूरदारनुं नाम, कसूरनो प्रकार तथा तेने पूर्ण करवामां आवेला शासननी हकीकत दर्शावीने शाळाना मुख्य शिक्षके ते बाबतनी एक लेखी जाहेरात बारोबार

त्रणथी पधारे कसूर थाय त्यारे शासन करवा बाबत.

(अ) तालुकाना वहिवटदार तरफ, अगर

(आ) वखतोवखत आ बाबतमां जे जे इसम अगर संस्थाने हजूर मंजुरीथी विद्याधिकारीना हुकमथी अधिकार मळ्यो होय ते इसम अगर संस्था तरफ मोकलवी; अने

(२) आ प्रमाणे जाहेरात आवेथी

(अ) सदरहु वहिवटदारे, अगर

(आ) वखतोवखत जे जे इसम अगर संस्थाने हुजूर मंजुरीथी विद्याधिकारीना हुकमथी आ बाबत-

मां अधिकार मळ्यो होय ते ते इसम अगर संस्थाए

कसूरदार मालपनी ने रुपियाथी वधारे नहीं एटली रकम सूधी ने योग्य लागे तेटलो दंड करी,

(३) शासननी तारीखथी पंदर दिवसनी मुदतमा ते वसुल करवो.

२९. आ निबंध प्रमाणे करेला दंडनी सर्व रकम जमीन मेहेसुलनी बाकी वसुल करवानी रीत प्रमाणे वसुल करी शकाशे. परंतु

जंगम मिलकतमांथीज दंडनी रकम वसूल करवी.

ते कसूरदारनी फक्त जंगम मिलकतमाथीज वसूल करी शकाशे.

प्रकरण ५ मुं.

किरकोळ.

२१. आ निबंध प्रमाणे जे जे कसूरवदल—

(अ) दंड करवामां आव्यो होय ते दंडनी रकम बाबत, तथा

दंडनी रकम बाबत त्रिमाही माहिती डेप्युटी इन्स्पेक्टर त. रफे मोकलवा बाबत.

(आ) जे जे दंडनी रकम वसूल थई होय ते बाबत त्रिमाही माहिती

(१) जे ते वहिवटदार, अगर

(२) वखतोवखत जे जे इसम अगर संस्थाने आ बाबत हुजूर मंजुरीथी विद्याधिकारीना हुकमथी अधिकार आपवामां आवे ते ते इसम अगर संस्थाए,

ताबुकाना डेप्युटी इन्स्पेक्टर तरफ अमुक अमुक तारीखोहिने मोकलवी.

२७. आ निबंध प्रमाणे ते

काढीनाखाना स्थानिक अमलदारोनी फरज.

(अ) शिक्षण-योग्य उम्मरनां छोकरांओनी यादीओ संपूर्ण [illegible]नी छे के नहीं, अगर

(आ) (१) वार्षिक पेराशना कमीपणाने लीधे, अगर

(२) अवश्य शिक्षणनी फरजमाथी माफी मळवानां बीजां कारणो आ नियंधमां स्वीकारवामा आव्यां छे ते कारणोने लीधे,

आपवामा आवेली माफीने माटे वास्तविक कारणो छे के केम ? तथा

(इ) शासनरुपे करेला दंडनी रकम बराबर गणवामां आवी छे के नहीं अने ते वसुल करावबा चांपता उपायो लेवामां आवे छे या नहीं,

ते विगेरे सर्व बातो जोवानी फरज शाळाखाताना परीक्षक अमलदारो उपर खास रीते नांखेली छे एम समजवु.

डेप्युटी इन्स्पेक्टर, इन्स्पेक्टर तथा विद्याधिकारीना कर्तव्य तथा अधिकार.

२८. (१) शाळाखाताना परीक्षक अमलदारो उपरांत जे ते डेप्युटी इन्स्पेक्टरो तथा इन्स्पेक्टरोए पण शाळाओनी पोतानी मुलाकात दरम्यान उपरनी कलम (२६) मां कहेली बाबतो विषे पोतानी खात्री करता जवी जोईए.

(२) जो कोई पण बाबत विषे पोताना मननी समाधानकारक खात्री न थाय तो तेमणे तेवी दरेक बाबत विषे कारणो सहित विवेचन करी पोताना अभिप्रायसह निवेदनपत्रथी विद्याधिकारीने जाहेरात आपवी जोईए.

(३) आवी जाहेरात आव्या उपरथी विद्याधिकारीने

(अ) जे ते तालुकाना वहिवटदारनो, अगर

(आ) वखतोवखत आ बाबतमां जे जे इसम अगर संस्थाने हजूर मंजूरीथी विद्याधिकारीना हुकमथी अधिकार आपवामा आवे ते ते इसम अगर संस्थानो

ठराव फेरवबानो, अथवा

(इ) जे ते वहिवठदारना, अगर

(ई) वखतोवखत योग्य अधिकारीना हुकमथी अधिकार पामेला

जे ते इसम अगर संस्थाना उपरी अमलदार तरफ, ने ते पहिवटदार, इसम अगर संस्थाना सदरहु ठराव संबंधी टीका करी जेनी तेनी सदरहु मफलत बाबत योग्य ते विचार थता लखाण करवानो अधिकार छे.

विद्याधिकारीए जरूरीयात नमुना करी आपवा आपवा.

१९. आ निबंधना हेतु माटे जे जे लखाण करवा पडे अगर हिसाब राखवा पडे ते सारु योग्य सवडशाळा जरुरीयात नमुनाओ विद्याधिकारीए तैयार करी

बडोदा शहेर तथा बीजा योग्य कस्बाओना लत्ता अगर जथा विद्याधिकारीए पाडी आपवा.

२०. (१) जे जे शहेर तथा कस्बानी वस्तीना मोटा प्रमाणने लीधे आ निबंधना फरमावेली सर्व व्यवस्था ते शहेर अगर कस्बाना एकज पटेल अगर महेनाथी रहेवी मुश्केल लागे तेवा शहेर तथा कस्बानां नाम विद्याधिकारीए नमुद करी आज्ञापत्रिकामा प्रसिद्ध करवा, अने

(२) आ प्रमाणे प्रसिद्ध करेला शहेर तथा कस्बाना एकंदर वस्तीना योग्य प्रमाणथी सोईस्कर लत्ता अगर जथाओ पाडी तेवा दरेक लत्ता अगर जथाने सारु एक एक पटेल अगर बीजो एक एक समावित गृहस्थ नमुद करी आपी जे ते शहेर अगर कस्बाना जे ते लत्ता अगर जथाना नाम सामे ए प्रमाणे नीमी आपेला पटेल अगर संमावित गृहस्थनुं नाम पण आज्ञापत्रिकामा प्रसिद्ध करवुं.

(३) आ प्रमाणे जुदा जुदा शहेर तथा कस्बाना जुदा जुदा लत्ता अगर जथाओना नाम तथा दरेकने माटे नमुद करेला पटेल अगर बीजा संमावित गृहस्थनुं नाम प्रसिद्ध थया पछी

(अ) आ निबंधथी पटेल अगर महेताने जे जे अधिकार आपवामां आव्या छे

(आ) ते ते अधिकार सदरहु लत्ता पटेल अगर

संभवित गुरुत्व पोताना लत्ता अगर जथा पूरता अमलमां मूकी शकशे, तथा

(इ) तेमना उपर जे जे फरज मूकवामा आवी छे,

(ई) ते ते फरज तेमणे अदा करवी.

तलाठीओ तथा बीजा खाताना नोकरोना मदद.

२१. (१) आ नियमथी गामना पटेलो उपर जे जे फरजो नाखेली छे ते ते फरजो योग्यरीते अदा थई शके ते सारु जे ते गामना पटेलने ते ते गामना महेताए संपूर्ण रीते मदद करवी जोईए.

(२) अने आ प्रमाणे आ नियमना हेतु माटे जे जे कर्त्तव्य बजावबु पडे ते ते कर्त्तव्य पूरता गामना महेताओ शाळाखाताना नोकर छे, एम समजवुं.

(२) अने तेज प्रमाणे आ नियमनो हेतु सारीरीते पार पडे ते अर्थे लागतावळगता सर्व कोई खाताना नोकरोए शाळाखाताना नोकरोने जरुरीयात मदद करवी जोईए, एवी तेमनी फरज छे एम समजवु.

परिशिष्ट (अ).

(कलम ७ मां कहेलो नमुनो.).

जे जे इसमोनी वर्षिक पेदाशनी सरेराश

रु १५० दोढसो अगर तेथी वधारे हशे, तेवा इसमोनी यादी.

क्रम नंबर.	इसमनुं नाम, बापनुं नाम.	शिक्षण योग्य उम्मरना छोकरांनी संख्या			
		छोकराओनां नाम	उम्मर	छोकरीओनां नाम	उम्मर.
१	२	३	४	५	६

ગુજરાત યુનીવર્સલ એજન્સી નંબર. ૧૮૭૫ ટંકશાલ સામે. અમદાવાદ.

અમદાવાદની આદત— સુરત, કાપડ, રેનો કોટ, રેશમી તથા કલમી ધોતીજોડા દુપટા સાડીઓ ચાદર, સજાવટી, કીનખાબ, બંગડીયો, બ્રાસનાં, છીદરીઓ, ટોરબનરી, કુર્તા, બેગા, મીણાદ, કરીયાવર, દવાઓ ગુટીઓ; સાબુ, મીનરલની, દીવાસળી, અનાજ, કરીયાણા, મણીહારીનાલ, કટલરીસામાન, ચાકલાટ, ગુ, કુલ, વગેરેમીકુ, ઘી, તેલ, તેજ, ચાંદી, સોનુ વગેરે અમદાવાદમાં મળતો અને બનતો દેશી તથા વિલાયતી બધ કમીશન ઉપર કાપડથી મોકલવામા આવે છે, તથા બહારગામવાળાઓનો દરેક જાતનો માલ બહુ વાજબીભાવથી તારીદે વેચી આપવામાં આવે છે. વળી અમારી આદતમા છપાવવાનુ, રંગાવવાનુ, ધોવરાવવાનુ, સીવડાવવાનું, બાયડરો ગાંઠીઓ મશીનોના વાછડા વગેરે દુરસ્ત કરાવવાનું, બેના દરેક ગીરીટ કરાવવાનુ, કેરોસ એન્જીનો કરાવવાનું, વુટકટ-એન્જીન કરાવવાનું વગેરે કામો સભાળ ભાગ અને તારીદે બનપસદ થાય છે; આપી કોઈ કામકાજ તરફ કારકો થાય છે. કામના પ્રમાણસર મજુરી મુકરર લેવામા આવે છે આકારભાવ-ન. ૧)થી ૧૦ સુધી દર રૂપીયે ૧આનો, રૂ ૧૦)થી ૧૫)સુધી બા આનો, રૂ ૧૫થી ૫૦)સુધી ૧ આનો, રૂ. ૫૦થી ૧૦૦સુધી સેકડે રૂ. ૧, રૂ. ૧૦૦થી રૂ. ૨૫૦)સુધી સેકડે રૂ. ૧, તે ઉપરાત ૨ સેકડે દલો બાબ ખાસ નિયમો:—નોટપેડ રાખ રૂપા નથી, બોબાઇ કિમતના રૂપૈયા અગીદની મોકલે પોસા કે કપડા, બાબીના માલ મોકલી વેચપુ મોકલવી, બનાવ કરવાનો આવે છે, બાલ મોકલવાનાં દેશ કરતા અર્ધ મજાવનારને લીક છે, બાકી ગાહક પોતાનુ નામ ઠામ ગામ જીલ્લો પોસ્ટ અને રેલવે સ્ટેશન વગેરે બોબ્બા અક્ષરે લખવુ: લોટ બધ મરીદીનાં મળતો વધારા મજુરે આપવામા આવે છે, કાની શકે તો મરીદની સાથે નમુનો મોકલવો કે જેથી કુંદ કુરક પડે નહિ, પણ નમુનો મોકલે તોકાની કાચ તો માલની જાત અને પોગત તથા કિમતનો અદાજો બરાબર લખવા, કમમાફક રૂ બોબા માલ પણ મોકલીએ છીએ, રૂ: ૧૦)સુધીનો માલ મગાવનારે કપેયા મોકલવાની અગે મોકલવા, બેન્ક વેરાની બીજા પણ ઉપર પ્રમાણેનુ, સમજવુ; વધુ વીગત તથા વિશેષ મારિની માટે ઉપરોક્ત બીજીને લખવુ, બનુના બોટ બધ કામ માટે બા બદોબસ્ત કરવામા આવશે; કામ પાડી બાની કરવ

સુંદર મનોહર ફેન્સી અને ચમત્કાર ચીજો તથા વિચિત્ર વસ્તુઓ.

કલામતી કલમદાન—કોઇ લટકાવવુ હોય તે ચાદીની બધ કુચીઓનુ ઝુમખુ પણ તેમાથી ચા પેનસીલ અને હોલ્ડર પેન કેરવતાજ નીકળી આ છે, કિમત માત્ર આઠઆના

અદ્ભુત કલમ—બડીઆના બોગરાની બદુક નહિ, એકવાર શાહી ભરી કે લખ્યેજ જાઓ બ માસ્ના મહેની હોવાથી ચલાવ ત્યારે કામના લાગે ર કાય છે કિમત રૂ બાત, બા રૂ ૧) તથા રૂ ૧૫

પોકેટ ઘંટી—ખરેખ જીર મરી મસાલા વગે ખપ પડે ત્યારે તરતજ દળાઈ જાયછે. કિમત ૩ ર થી ૩ ૫) સુધા

ફોનોગ્રાફ—ગાયન રમાડવા અને બજાર સાર ગવાનું મનોહર અદ્ભુત ય ૬. એની સાથે બાપ ભરેલી ચુડીઓ ૪, બનાવુ ૧, તથા ચાલન સોય ગવાનો મચો ૧ મફત કિમત રૂ ૧૩ તથા રૂ ર ફોનોગ્રાફની ગાયન ભરેલી ચુડીઓ દઝન ૧) ન રૂ. ૧૫) તથા ગાયન બધા વગરની દઝન ૧) ન રૂ.૧૨ના હિસાબે ફોનોગ્રાફ મેનારને વેચાતી મળે

ઓસલેટ વોચ—એક તો ટાઇમ જોવા અને બીજુ હાથે પહેરી શકાય એવા પ્રકાર " એ પથ ને બે કામ." નકરી સોનાની ફેન્સી પટ્ટીઓ અનકીમાં બા ઘડીબાબ એવી ખૂબીથી બેસાડેલ છે કે ચાર ચાંદુ બારીક, ચુમાર બગર ઘડ ન પુરા લાગે પડેલી ઘડે છે તે અડતા લાયે બનાવ બેની રહે છે બાંધે નાનુ મોટુ પડતુ નથી બ પણ કિમત જુઓ તો માત્ર રૂ. ૧૮)

પોકેટ પખા—સુંદર ચીજના મનોહર બ બીજાનાં ગમવા લાયક બા પખા બિનહિસા અને ખાસ ઉપોગી ચીજ છે કિમત ૪ બાત

અદ્ભુત બીયો—બા ચમત્કારી ચીનની કારીગરીનો બાશ્ચર્યકારક ઉગતા નમુનો બા નાનકડાં બીજા પાણીમાં નાખવાજ તેમાથી ૨

ચમત્કારી ચુના. ચુનામા લાકડા ઘાલી મોથો કવાની કે વીજળીથી વા ઘાતવાથી મહેનત પડે અને ધુમાડાથી કટાળો આવે છે પણ ગ્યાસથી ગળતા આ ચુના વાપરવાથી એ બધી કડાકુટ મટી જાય છે અને સર્વ જનતાની સ્વાદીષ્ટ રસોઇ કરી કાય છે વળી આ ચુના મુસાફરીમા સાથે રાખ વામા પણ સુગમ થઇ પડે છે કિમત રૂ. ૩ થી ૧૫ સુધી પોસ્ટમા નહિ પણ રેલ્વેમા મગાવવા.

રાસક્રોપ સીસ્ટમ નોચ—ગજવામાં, ઘડી માળ રાખવાનો ખોખ લોપ તો બહુથી સારૂ, મજબુત, વર્ષોસુધી ચાલનારૂં, ૩૬ કલાકની ચાવીવાળુ, તીરવતુ, મોગગરી ચાવી દેવાનુ, ઉપરની ઠેશથી કાટા ફેરવવાનુ સુદર અને શોભિતુ આ નોચ વા- ય કિમત રૂ ૬) મખમલની ગાદીવાળા બાકસ ધાગના એક કાચ અને કમાન સાથે

...વાળુ ટાઇમપીસ—ભેજ ઉપર રા ઐવાર્યવાળુ સુદર સસ્તુ અને સારૂ માળ કિમત રૂ ૨।

ઓકેડાયન—હાર્મોનીયમને મળતા અવાજનુ થી વગાડવાનુ ચોરસ વાજુ પુરી ૧૦ ચાવીના ૪"થી ૧૦)-તથા ૮ ચાવીના રૂ ૩)

ચીકટ પંખા—ગીરામા હોય ત્યારે જાણે ચીકટ પડી છે મગુ ચલાવ ત્યારે પખો ખેચી કાઢી પવન નખાય છે અને ચિત્તને શાન્તિ પમાડાય છે કિમત રૂ ૦।"તેમાના ગુમસુદ્ધ દુનદાનો રૂ ૦।।

દુધમાંથી માખણ કાઢવાના સચા—કિમત રૂ ૦।।

વાળ કાપવાના સચા—કિમત રૂ ૮)

લીબુ નીચોવવાના સંચા—કિમત રૂ ૦।।

ઓક્સોમ્રડરી મશીન—મખમલની ટોપીઓ, બુટ, માડીની ગોરો, તકીયા વગેરે ઉન અને રેશમ થી બનાવતા સરસ સચા યેજ બેઠે કુશીન સ્ત્રીઓને ધધો કરવાનુ આ મશીન અમુલ્ય સાધન છે કિમત રૂ ૫)

પોકેટ લેમ્પ—બીડી પીનારા માટે બાસ કામ નો, અને તુમારશાહે તો જરૂર રાખવા જેવોજ જરા નાની કેરની કે બગી હવા-ઝપાટાથી બુજાવાનુ જ જોઇ ત્યેા, દીવાસળીની પણ જરૂ રૂ ૧)

લોભ નાશક દવા—વાળ સા મડી બગડતી નથી, પણ સુવાળી થા

મોતીનાં તોરણ—આ તોરણ હવાર ચળકતા લાબા સુદર મોતીના બાધવાથી ઘરની શોભા વધે છે કિમ રૂ ૫)

નંબરનાં તાળાં—ચાવીની જ મેળવી જાણે તેજ ઉઘાડે બીજાનાં નહિ કિમત રૂ ૦।। થી ૧।।

લોક પ્રિય સુંદર કાંસકી—સ્ત્રીઓને ભેટ આપવા લાયક ઉમદા રૂ ૦। થી રૂ ૧)

ઘંટડીનાં તાળાં—ચોરીથી ઉ ડાજ જાય કેમકે આ તાંબાની વાગતા અને ઉઘાડતા ટકોરીઓ વ રૂ ૦।। થી ०।।।

વાંસળી-બંસી—ભો વડે વ રૂ ०।।

રબ્બરના સુંદર મોનોગ્રા પોકેટ કાંસકા આયનો—હ સુદર આયનો અને તેવીજ ગનદ ની મરસ ડોયળી સાથે કિમત રૂ

સોળ ફળનું ચાકુ—ગજવ અને તેમા ચાકુ કાતર અસ્તરો ક ખી વગેરે કુલે ૧૬ ચીજ છે તે લાગે છે કિમત રૂ ૧।।

અર્ક કપુર—કોલેરા અને ઝ ઉપર ગમખાધુ અકસીર દવા, વી

દરાજનો બલમ—ગમે તે લાન કે કાળી દાદર ગા। ચાર દ છે કિમત બબી ૧ નો રૂ ૦।

વિશેષ માહિતી માટે એ મોટું કેટલોગ તથા બાજના લાખા પાનાની ચોપડી મગાવો લખો

મેનેજર—"ગુજરાત ગુની નંબર. ૧૮૭૫ ટંકશાલ

---

* અમદાવાદ-ખી ગુજરાત

REGISTERED NO B 33.

પુસ્તક ૧૬ મું. શ્રી. અંક ૮–૯ મો.

કેળવણી

પ્રથમ તથા દ્વિતીય જ્યેષ્ઠ, સંવત્ ૧૯૬૦.

વિષયો.

૧. દર્શન. ૧૩૩
સોનેરી વિષયો.... ... ૧૩૩
વિદ્યાર્થીમાં આનંદ. ... ૧૩૩
ગ્રામજનો બોલાવે ત્યારે
સભાજનો રિપોર્ટ ... ૧૩૪
૨. પ્રેમિક પ્રીતિ અન્યોન્યિ... ૧૩૫
૩. અભ્યાસ કેવી રીતે કરવો? ૧૩૭
૪. ખૂબીબાજના શિક્ષણની નવી
પોલનાનું બિંદાવલોકન. ૧૩૯
૫ પદ્યમ. ૧૪૪
૬. આપણા વર્ગનો માસામ
સારૂ વિષયોગ શીરીતે કરવો. ૧૪૫
૭. નવીન પુસ્તકો. ૧૪૬
૮. ગાયકવાડ સરકારનું દેવી કેળ-
વણીખાતું (ઉનાળપત્રો), ૧૪૭
૯. ગાયકવાડ સરકારનું દેવી કેળ-
વણીખાતું (વટહુકમો). ૧૫૭
૧૦ દુ નં; ૨૫ રજાને દિવસે પરીક્ષા
કર્યા બદલ ભોમકના બાબત. ૫૭
૧૧. દુ નં ૨૬ તારા કરવાના કાગ-
ળોની ફેહરિસ્તો કોર્ટના પાસવી ૫૭
૧૨. દુ નં. ૨૭ બંધ રહેલી
શાળાની ફી વસુલ
કરવાની મુદત. ૫૮
૧૩. દુ નં ૨૮ સર્વિસ
બુક જોડે જોડવાની બુક-
નો નમુનો ૫૮
૧૪. દુ. ન ૨૯ પ્રમોશનની
અરજીમાં લિખિત મુકરર. ૬૦
ઇનામખાતે મંજુર કરેલાં
પુસ્તકો. ૬૧
બદલેરમાપર ૬૩
૧૫. દુ. નં. ૩૦ શિષ્યવૃત્તિની ફ-
મયાદી ૬૫
૧૬ દુ નં. ૩૧ પત્રકરૂપે સ-
ાથ કરવાના નમુના ... ૭૩

પ્રસિદ્ધકર્તા

છોટાલાલ લલ્લુભાઇ ભટ્ટ.

વાર્ષિક કિંમત રૂ ૨) પોસ્ટેજ રૂ. ૦-૩-૦

છૂટક અંકના રૂ ૦-૩-૦

વડોદરા.—શ્રી રણછોડ મુદ્રાલય પ્રિંટિંગ પ્રેસ.

કામ ઘણું સારું ચાલે છે. આનંદ ગેરહાજરની હકીકી કરે છે, એ વાત શિક્ષકે જાણવી જોઇતી નથી. છોકરાં સ્વભાવેજ આનંદી હોય છે; તેમને ઉદાસીનતા અને સુસ્તી પસંદ હોતી નથી. જે પાઠ તેમને માટે રસિક કર્યો હોય છે તે તરફ તેઓ ઘણી પસંદગી બતાવે છે અને તેમાં પૂરું ધ્યાન આપે છે. જે પાઠ નીરસ હોય છે અને યાંત્રિક રીતે શીખવાય જાય છે તે ઉપર તેમનું ધ્યાન ચોટતું નથી. છોકરાં ગમે તેવા કઠણ પાઠને સમજી લેવા યત્ન તો કરે છે, પણ શિક્ષકે પાઠ શરૂ કરતા પહેલાં તેમાં તેમને રસ પડે તેમ કરવું જોઇએ અને પાઠ પૂરો થતા સુધી તે રસ ચાલુ રહેવો જોઇએ.

કેટલા શિક્ષણમાં રસ હોય તેથી બસ થતું નથી; નિશાળની જગો પણ આનંદદાયક જોઇએ. નિશાળ સારી હવા ને અજવાળાવાળી જગો ઉપર આવી હોય, આસપાસ ગંદકી હોય નહિ, ચારે પાસ ખુલ્લી જગા હોય, અનેક પ્રકારના ઝાડની ઘટા આવી રહી હોય, નિશાળને લગતો એક નાનો સરખો બાગ હોય, નિશાળનું મકાન સુંદર બાંધણીથી અનુકૂળ બાંધેલું હોય, તેને ચિત્રો વગેરેથી શણગારેલું હોય, છોકરાને બેસવાની બેઠકો કમવાર અને અનુકૂળ હોય, નિશાળમાં સરસામાન પૂરતો હોય, એવે ઠેકાણે આનંદ એની મેળેજ આવીને વસે છે. આ બધાની સાથે છોકરાંનાં કપડાંની પણ સ્વચ્છતા હોવાની જરૂર છે. તેમને રમત ગમતનાં સાધનો પણ હોવાં જોઇએ. એ સઘળું છતાં શિક્ષકે નિશાળની અંતર્બંધવ્યવસ્થા નિયમિત ન કરી હોય તો આનંદનો પૂરતો લાભ વિદ્યાર્થીઓ લેઇ શકતા નથી. શિક્ષકો બાળકો પ્રતિ માયાળુ હોવા જોઇએ, તથા તેમની શિક્ષણપદ્ધતિ સારી જોઇએ એ વાત તો પૂર્વે કહેવાઇજ ગઇ છે. શીખવાને માટે બાળકોને ગરજ ઉત્પન્ન કરવી એ એક શિક્ષકનું મુખ્ય કર્ત્તવ્ય છે. ગરજ ઉત્પન્ન કરવાને માટે તેણે બાળકોની જીજ્ઞાસાવૃત્તિને ઉશ્કેરવી જોઇએ. કોઇ પણ વાતનો વખાણ શિક્ષકને મોઢે સાંભળ્યો એટલે તે જાણવાની બાળકોની ઇચ્છા સહજ થાય છે, તેને અહીં જીજ્ઞાસા કહીએ છીએ. શિક્ષકે નાનાં છોકરાંની જીજ્ઞાસાવૃત્તિને ઉત્તેજન આપવાને નાની નાની વાતો ઝેકડી કરી રાખવી જોઇએ. સંક્ષેપમાં શિક્ષકે પોતાનો અને વિદ્યાર્થીઓનો દિવસ આનંદમાં જાય તેમ કરવાને પોતાથી બનતી મેહેનત કરવી એ પ્રત્યેક શિક્ષકનું કર્ત્તવ્ય છે.

ત્રાગાળા જોગજ હિતવર્દ્ધક સભાજનો ૧૯૦૩ સુધીનો રિપોર્ટ—સરકાર તરફથી જે સાર્વજનિક શાળાઓ સ્થાપન કરી કેળવણી આપવામાં આવે છે તેના કરતાં કોમવાર શાળાઓ સ્થાપી તેમાં કેળવણી આપવામાં આવે તે વધારે લાભકારક થઇ પડે છે એમ આ રિપોર્ટ ઉપરથી જોવામાં આવે છે. અમદાવાદમાં ત્રાગાળા વગેરે વર્ગનાં છોકરાંને કેળવણી આપવા માટે રા. રા. અમૃતલાલ કેશવલાલ તથા રા. રા. જયચંદ હીરાચંદ જોગજ એમના પ્રયાસથી બે વર્ષથી એક સભાજ સ્થાપન કરવામાં આવ્યો છે અને કેટલુંક ફંડ એકઠું કરી એક શાળા સ્થાપવામાં આવી છે. આ શાળામાં બાળકોને તથા બાળકાઓને સામાન્ય કેળવણી ઉપરાંત સંગીત તથા ભરતશીવણ વગેરેનું શિક્ષણ આપવાની ગોઠવણ કરવામાં આવી છે. આ સભાજનો બીજો મેળાવડો દી. બા. અંબાલાલ સાકરલાલના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો, જે વખતે રા. રા. જયચંદ હીરાચંદને તેમના બાગ તરફ એક સોનાનો ચાંદ અર્પણ કર્યો હતો તથા શાળાના શિક્ષકોને પણ ઉત્તેજન તરિકે અમુક રૂપિયા બક્ષિસ આપ-

બાબતે અલગ કરતા. જુદી જુદી ભાષાના વૃદ્ધસ્થો પોતાની બાળકોને કેળવણી આપવાનું કામ બારીકીને કરવાને બે તો ધર્મ વગેરે અગત્ય ની બાબતોનું શિક્ષણ આપવાની ઘણી અનુકૂળતા પણ સાથે જરૂરની બાબતો ઉપર ખેડૂતું ધ્યાન આપવાનું બની શકે. બાળાઓ કોળજ વિદ્યાર્થી સમાજના આ કામ તરફ અમે સંપૂર્ણ પસંદગી બતાવીએ છીએ.

कोकिल प्रति अन्योक्ति.

મારઠો.

વર્ષામાં નિર્ભીક[1]–દાદુર જ્યાં વક્તા બને;
મૌન ધરે ત્યા પીક[2], કરે ઠીક તે સર્વથા. ૧
કોકિલ ! કરે શું ગાન ! કરીરના[3] કાનન[4] વિષે;
છે દુઃખ સાર્થ સ્થાન, અશોકદાયિ અશોકવન. ૨

દોહરો.

શૃગાલ, શશ,[5] શાર્દૂલથી, દૂષિત હતું વન જેહ;
પક્ષમણાયક પરમૃને[6], કર્યું પ્રતિષ્ઠિત તેહ. ૩
મૌન તનો ઋલકંઠ[7] ! ગા—પક્ષમ, ધરિને પ્રેમ;
નીકરી કાકકદમ્બમા,[8] તું વર્ત્તીશે કેમ ! ૪
સમાન વર્ણ શરીરનો, કેર કશો ન ગણાય;
દીક[9] પીકનો ભેદ પણ, વસંતમાં વર્ત્તાય. ૫

ભીનિ.

ચક્રવાક,[10] ચરણાયુધ,[11] ચકોર, પારાવતાદિ[12] સૌ પ્રાણી;
બોલે જ્યાં લગી ન સુણે—વસંતમા કોકિલાતણી વાણી. ૬

દોધક.

કોકિલ ! કોમળ કૂનિત[13] તા'રું, ધારુ તેયાપિ નથી આંહિ સારું.

---

૧ નિર્ભય. ૨ કોયલ. ૩ કરડો. ૪ વન. ૫ સસલો. ૬ કામદેવ ૭ કોયલ ૮ કાગડાનું ટોળું. ૯ ટાપો. ૧૦ ચકવો. ૧૧ કુકડો. ૧૨ કબૂતર. ૧૩ અવાજ.

मूढ मनुष्य तमाम रहे छे, द्वीक अने पिक एक छहे छे. ७

हरिगीत.

कंइ छे कलह काकोलनो[1] कपिकूल कंइ कळकळ करे,
कंइ घोर शोर शृगाल करि आनन्द अन्तरनो हरे;
कंइ काक मळि ककळी रह्या ज्यां आ'वुं सघळुं थाय छे,
त्यां परमकोमळ कंठथी कलकंठ ! तुं शिद गाय छे ! ! ८
ऋतुराजमां[2] अलिमालयुक्त[3] रसालनी[4] शाखा विषे,
रे'नार कोकिलना जुओ शा कर्मना शाखा दिसे !
नापाक काक वराक[5] सौं मळि चंचु मारे शीषमां,
आ पीक तेथी टळटळे दोडे भमे दश दीशमां. ९
कलहंस[6] केकी[7] कालकंटक[8] कीर, कोयष्टी[9] मळी,
कलरव करो ! विचरो ! परम आनन्दथी टोळुं वळी;
विधिविवश बाळरसाळनो छाया मनोहर छोडिने,
कोकिल वसेछे कुटजमां[10] मूकत्वमां मन जोडिने. १०
माकन्दमञ्जरिनो[11] मधुर ले स्वाद धरि अनुरागने,
कलकंठ ! जाणी याग ना छेडीश पञ्चमरागने;
आ जाय वायसमंडळी व्याकुळ थइ को स्थानथी,
सुणि ते श्रवण सत्पक्षिना करशे बधिर कुध्वानथी.[12] ११
मृदु कुमुद कुन्द कदम्ब केतक कमळकेरा कुञ्जमां,
कलकंठ ! चम्पकचय अगर जातीप्रसुनना[13] पुञ्जमां;
अनुराग शे न धरे ? करे शिद शोक ? शुं एथी थशे ?
जन जन्मशे कंइ कोइ कदि जे गुण ता'रा जाणशे ! १२

कवि दयाशङ्कर रविशङ्कर—खंभात.

---

१ कागडो. २ वसंत. ३ भमरानी पंक्ति. ४ आंबो. ५ अधम. ६ हंस. ७ मोर. ८ એક જાતનું પક્ષી. ९ એક જળચર પક્ષી. १० ઇંદ્રજવનું વન. ११ आंबानी मांजर. १२ ठोर अपाय. १३ जाईनां फूल.

અભ્યાસ કેવીરીતે કરવો ?

જે શિક્ષકને સારીરીતે શીખવવાની ઇચ્છા હોય, તેણે પ્રથમ પોતે સારીરીતે શીખવું જોઇએ. શીખવાથી અભ્યાસ સારો થાય છે, અને અભ્યાસથી શીખવવું સારૂં થાય છે. કોઇ પણ વિષય સારીરીતે શીખવવાનો પ્રથમ ક્રમ એ છે કે તે વિષય પોતે સારીરીતે શીખવો. શિક્ષક પોતે જો વિષય બરાબર જાણતો હશે, તોજ તેના વિદ્યાર્થીઓમાં તે વિષયનો ચોખ્ખો ખ્યાલ આવી શકશે. જો શિક્ષકજ તેમાં ગુંચવાતો હશે, તો તેના વિદ્યાર્થીઓ તેના અધૂરા અને નહિ સમજાતા વિચારો માત્ર યાદ રાખતા શીખશે. જે શિક્ષક બરાબર જાણતો હશે, તે વિદ્યાર્થીઓની સાથે તેના પ્રયત્નમાં ભાગ લઇ શકશે અને મુશ્કેલી આવતાં ગમે તેમ છોડી દેવાનો વિચાર કરશે નહિ પણ મુશ્કેલી ક્યાંથી આવી છે તે ખોળી કાઢી તેને જીતતાં શીખવશે.

કોઇ કોઇ વિષયનો પણ શિક્ષકે હમેશાં અભ્યાસ કરતા રહેવું જોઇએ. એમ નહિ થશે તો તેનું મન જડ થઇ જશે, તેની પદ્ધતિઓ યાંત્રિક થઈ જશે, શીખનારાના વિચારો તે જાણી શકશે નહિ, અને તેની બુદ્ધિ ઘટવા માંડશે.

નીચેની સૂચનાઓ શિક્ષકોને અભ્યાસ કરવામાં અને વિદ્યાર્થીઓને જ્ઞાન, શક્તિ અને મળતા પ્રસંગોનો સારામા સારો ઉપયોગ કેવી રીતે કરવો તે બતાવવામાં કામ લાગશે. વિદ્યાર્થીઓમાં તેથી ધ્યાન, ઉદ્યોગ, અને પૂર્ણ વિચાર કરવાની ટેવ પડશે અને શીખેલી બાબતનો તુર્ત અમલ કરી શકે એવો અભ્યાસ કરતાં તેમને આવડશે. વળી આ સૂચનાઓના જ્ઞાનથી ઉપયોગી અને લાભકારક પુસ્તકો વાંચવાને તેઓ આકર્ષાશે અને હાલના વિદ્યાર્થીઓમાં ચંચાતાં હલકાં અને અનીતિભરેલાં પુસ્તકો તથા નાટકો વાંચવાં તેઓને બિલકુલ ગમશે નહિ.

૧ એક સાથે ઘણો અભ્યાસ કરવાને દોડવું નહિ. એમ કરવાથી એક પણ બાબત સારી આવડતી નથી અને શક્તિઓ વ્યર્થ ખરચાય છે. એથી એમ નથી કહેવાનું કે જાણી જોઇને અભ્યાસ ઓછો જ કરવો. માત્ર એટલું કહેવાનું છે કે ઉપયોગનું હોય તે કરતાં વધારે કરવાને દોડવું નહિ. જેટલો બાબતો જીંદગીની તૈયારીને માટે, હાલનાં કામોને માટે, અને ભવિષ્યનાં કામોના પાયાને માટે જરૂરની હોય તેટલીના ઉપર પ્રથમ ધ્યાન આપવું.

અભ્યાસનો વિષય પસંદ કરતાં ઉતાવળ ન કરવી અને એક વાર પસંદ કર્યા પછી વાજબી કારણ વગર તેને છોડવો નહિ. પોતાની શક્તિ અને

સ્થિતિ તપાસીને પસંદગી કરવી અને જોવું કે પસંદગીમાં બીજો કોઈ મહત્વનો વિષય રહી તો જતો નથી ? એક વાર પસંદ કર્યા પછી એકદમ તેને છોડવો નહિ. વિદ્યાર્થીઓને ટેવ હોય છે કે પ્રથમ તેઓ એક અમુક વિષય પસંદ કરે, અને પછી તે વિષયનાં મૂળતત્વો પણ પૂરાં જાણ્યાં ન હોય તેટલામાં બીજો પસંદ કરે. આમ કરવાથી એક પણ વિષય સારો થાય નહિ.

શરૂ કરવું ઘણું અને પૂરું કશું કરવું નહિ, એ ઘણી બરાબ ટેવ છે. આ ટેવથી શીખનારનાં વખત અને શક્તિ નિરર્થક બરબાય છે.

વિદ્યાર્થીએ પોતાના જ્ઞાનની હદ ચોક્કસ કરવી જોઇએ, અથવા બીજી રીતે કહીએ તો પોતે કેટલું જાણે છે અને કેટલું નથી જાણતો તે પોતે જાણવું જોઈએ. આમ થયા વગર વિદ્યાર્થી પોતાના જ્ઞાનને માટે ગર્વ ભાની બેસશે. સોક્રેટિસ કહેછે કે જ્ઞાનનું ભાન એ જ્ઞાન મેળવવાનું પ્રથમ પગથીઉં છે.

૨. અભ્યાસ વિચારયુક્ત કરવો. વિચારપૂર્વક અને માનસિક યત્નપૂર્વક મેળવેલું જ્ઞાન ઘણું કીમતી છે. એ સહેલથી યાદ રહી શકે છે, જોઇએ ત્યારે વાપરી શકાય છે, અને બીજી કોઇ પણ રીતે મેળવેલા જ્ઞાનના કરતાં વધારે સ્પષ્ટ ચોખ્ખું અને કાયમનું હોય છે. પુસ્તકના શબ્દો માત્ર યાદ રાખવાની પદ્ધતિ આવી બાબતમાં બિલકુલ વાપરવાની નથી, તેમ એક પછી એક બાબતો મનમાં ભરી દઇ ભંડાર વધારી દેવાનો નથી, પણ ધીરે ધીરે એક બાબતનો મન સાથે પૂર્ણ સંબંધ થયા પછીજ બીજી અને પછી ત્રીજી એમ ચઢવું જોઇએ.

જ્ઞાનનો મન સાથે સંબંધ કરવાથી આત્મપ્રયત્નની શક્તિ આવે છે, અને કઠિન બાબત આવતાં પોતાની મેળે સમજી શકાય છે. મદદથી ઘણું સમજી શકાય, તેના કરતાં મદદ વગર પોતાની મેળે થોડું સમજી શકાય તે કીમતી છે.

એક વાકયનો પૂર્ણ અર્થ મનમાં આવ્યા સિવાય બીજું લેવું નહિ, ઉતાવળ ન કરવી. ચોખ્ખી રીતે સમજવાને અને વિચારવાને પૂરતો વખત લેવો. માનસિક ખોરાક જલદીથી પચી શકશે નહિ, અને પચાવવા જશો તો અજીર્ણ થશે.

ઉતાવળથી કરેલો અભ્યાસ સફળ થતો નથી. કોઈ પણ બાબત જ્યાં સુધી બધી રીતે સમજાય નહિ, ત્યાં સુધી તેને માટે ફરી ફરીને વિચારવું; પુસ્તક બંધ કરવું અને વાંચ્યું હોય તે ફરી બોલી જવું. જ્યાં સુધી એમ ન કરી શકાય ત્યાં સુધી મૂકી દેવું નહીં.

જૂદા જૂદા વિષયનાં બંધારણ અને હેતુઓ જૂદા જૂદા હોવાથી તેમનો

અભ્યાસ કરવાની રીત પણ જૂની જૂદી હોય છે. અભ્યાસ અમુક રીત પ્રમાણે કરવાથી જ્ઞાન જોઇએ તેટલું અને જરૂરીયો મેળવી શકાય છે. ગમ પડે તેનો સંબંધ થાય છે, અને સ્મૃતિમાં ઘણેલથી રહી શકે છે. યાદ રાખવું કે જ્ઞાન મેળવવું એટલે શબ્દો મેળવવા નથી. શબ્દો માત્ર મેળવવાના ગોખણમાં બિલકુલ રસ પડતો નથી અને પાઠ નિર્જીવ લાગે છે.

૬. શીખવા ધારેલી બાબતોમાં મુખ્ય અને ગૌણ કયું તે સમજવાને પુષ્કળ યત્ન કરવો. મુદાનું અને વગર મુદાનું કયું છે તે ખોળી કઢાડવું. ઘણા વિદ્યાર્થીઓ અમુક વિષયની ઉપર ઉપરની બાબતો શીખવામાંજ પોતાનો વખત ગુમાવી દે છે. ખરી રીતે તો વિષયના ઉંડા ભાગમાં જવું જોઇએ, તેનું પ્રધાન તત્વ ખોળી કાઢવું જોઇએ, અને પછી ઉપર ઉપરની હકીકતો તેને જોડવી જોઇએ. ઝાકેટો કહે છે, " પ્રથમ થોડો બાગ ચોકસ શીખો, અને બાકીનો પછી તેના ઉપરથી શીખો. "

(અપૂર્ણ.)

કુસુમ.

મૂગોલના શિક્ષણની નવી યોજનાનું સિંહાવલોકન.

(ડી. પ્રા. ઉપાધ્યાય બી એ.)

જેવી રીતે ફિન્ડરગાર્ટન શિક્ષણમાં પ્રથમ વસ્તુદ્વારા પ્રત્યક્ષજ્ઞાન, અને પછી પ્રત્યક્ષજ્ઞાન, બાળકોને પ્રાપ્ત કરવાનો ક્રમ છે, તેજ પ્રમાણે મૂગોળશિક્ષણનો તેજ ક્રમ રાખેલો જોવામાં આવે છે. જેવી રીતે ખેતરવિષયાદિ વિષયોનું જ્ઞાન સંપાદન કરવામાં અમુક ભૂમિકા સ્થાપિત થયેલી છે, તેવીજ રીતે મૂગોળશિક્ષણમાં પણ અમુક ભૂમિકા નિશ્ચિત કરવાની આવશ્યકતા છે આ વિષયના શિક્ષણની જે ભૂમિકા છે તેમાં પ્રથમ ભૂમિકા તો માત્ર પ્રત્યક્ષ જ્ઞાન માટેજ છે તે ભૂમિકામાં સાતથી દશ વર્ષના બાળકોને ભૂગોળ સંબંધી માત્ર પ્રત્યક્ષ જ્ઞાનજ આપવામાં આવે છે, તેનો ક્રમ નીચે પ્રમાણે હોય છે:—

૧. નિશાળના મકાનનો નકશો સ્કેલ ઉપરથી દોરતાં શીખવવો.
૨ ગામની શેરી, ચોટું, જાણીતાં મકાનો વગેરેનું જ્ઞાન.
૩. ગામ ને તેની સીમનો નકશો દોરતા શીખવવો.
૪ નિશાને પુછવાના જ્ઞાન માટે કંપાસનો ઉપયોગ
૫ જુદા જુદા અંતર આવેલા કુદરતી પદાર્થોનું અંતર દોઢાપંદરાય આપવાનું જ્ઞાન.

પહેલી ભૂમિકામાં આ તેમજ બીજું જ્ઞાન આપવામાં આવે છે.

પ્રથમ ભૂમિકા.

સાતથી દશ વર્ષનાં બાળકોને માટે.

ઉપર જોયું તે પ્રમાણે પ્રથમ બાળકને નિશાળનો સ્કેલ ઉપરથી નકશો કાઢતાં, અને તેમાં આવેલા પદાર્થોનું અંતર માપીને તે પદાર્થોને તે નકશામાં કયે સ્થળે મૂકવા જોઇએ તે શીખવવું. અને ત્યાર પછી કલમ ૨, તથા ૩ માં આવેલા વિષયોનું જ્ઞાન બાળકોને પ્રત્યક્ષ રીતે આપવું. જુદા જુદા અખતરા કરી આ જ્ઞાન આપી શકાશે. નિશાળના મકાનની દીવાલ કેટલી લાંબી, ને કેટલી પહોળી છે તે પ્રથમ ફીટપટ્ટીવતી માપ કરી બતાવવું. ને પછી જુદાં જુદાં અંતરોનું અનુમાન કરાવતાં શીખવવું. ત્યાર પછી બાળકોને સીમની માહિતી આપવાને ગામ બહાર લઇ જવાં ને ત્યાં નીચે પ્રમાણે અવલોકન કરાવવું.

ગામડાનાં બાળકોને સાધારણરીતે કુદરતના વિવિધ દેખાવો વચ્ચે લાંબી અથવા ટૂંકી મુસાફરી કરવાના પ્રસંગો શેહેરનાં છોકરાં કરતાં વધારે મળે છે. કેટલાંક શહેરો એવે સ્થળે આવેલા હોય છે કે તેની આસપાસ કેટલાક માઈલ સુધી કુદરતી મનોરંજક દેખાવ જોવામાં આવતા નથી. ગામડાની બાબત તેમ નથી. સહેજ બહાર નીકળતાં કુદરતી વસ્તુઓ દૃશ્ય થાય છે. હોકાયંત્ર (કંપાસ) નો ઉપયોગ શેહેરનાં છોકરાં શીખી શકે છે પરંતુ તે ઉપયોગને અમલમાં મૂકવાના વધારે પ્રસંગો ગામડાંનાં બાળકોને મળે છે. ભૂગોળશિક્ષણમાં કંપાસનો ઉપયોગ આવશ્યક ગણાય છે, કારણ કે તે યંત્રદ્વારા બાળકો ચાર મુખ્ય દિશા અને મુખ્ય ખૂણા શોધી શકે છે. અમુક વસ્તુ બીજી વસ્તુથી અમુક દિશામાં અમુક અંતરે આવેલી છે, એવું જ્ઞાન જ્યાં સુધી મનુષ્ય સંપાદન કરે નહિ, ત્યાં સુધી વ્યવહારનાં કાર્યો ચાલી શકે નહિ. બાળકો ટેકરી ઉપરથી પાસેના પદાર્થોનાં અંતર તથા સ્થિતિ કંપાસ દ્વારા માપતાં અને તેનો કાગળ ઉપર નકશો કાઢતાં શીખે, એ ભૂગોળના શિક્ષણમાં આવશ્યક છે, કારણ કે તેથી બાળકોની અવલોકનશક્તિ વિકાસ પામે છે. બાળકોને પ્રત્યક્ષજ્ઞાન આપવાનાં જે સાધનો છે તેમાં ભૂગોળશિક્ષણ એક મુખ્ય સાધન છે એમ કહીએ તો ખોટું નથી. હિલગીરી માત્ર એટલીજ કે હાલમાં ભૂગોળશિક્ષણનો મુખ્ય આશય તદ્દન ભૂલી જવાયો છે, અને માત્ર જુદા જુદા દેશો, તેનાં શેહેરો, પર્વતો, નદીઓ, વગેરેનો મુખપાઠ કરવામાં આ વિષયનું સર્વ સામર્થ્ય સમાયેલું છે. પરિણામ એ થાય છે કે જ્યારે બાળકો ભૂગોળ પૂરી શીખી રહે છે ત્યારે તેને શુષ્ક નામો સિવાય બીજું કાંઇ આવડતું નથી.

બાળકો પોતે દેશના જે ભાગ અને તેમાં આવેલી વસ્તુઓનું નિરૂપણ કરશે, તેનો પ્લાન કાગળ ઉપર કાઢતાં શીખશે, એટલે તે ઉપરથી તેને જુદા જુદા દેશના વિભાગો જુદા જુદા સ્કેલથી નકશારૂપે કાગળ ઉપર શી રીતે કાઢવા જોઇએ તેનું સામાન્યજ્ઞાન પ્રાપ્ત થશે. એકજ વિભાગનાં જુદાં જુદાં માપ પ્રમાણે જુદા જુદા કદના નકશા થઇ શકે છે અને તેમ કરવું તે જરૂરનું છે. દૃષ્ટાંત:—બાળકોને સમજાવી શકાય કે નિશાળના મકાનનો નકશો સ્લેટ ઉપર કાઢવો હોય તો આપણે તે મકાન જેવડો પહોળો અને લાંબો નકશો કદી પણ કાઢી શકીએ નહિ, પરંતુ અમુક ફીટના અંતર માટે અમુક ઇંચનું માપ નિશ્ચિત થશે તોજ સ્લેટ ઉપર તે નકશો નીકળી શકશે. આ સિવાય પદાર્થની રૂપરેખા દોરવામાં અમુક વાંકે કયે

રહેલ સાબરો અથવા તે ૩પરેખાના ગોદેના ભાગમાં આવી રહેલી વસ્તુઓનાં રહસ્ય કયે કેટલે સાબરો તે ઘણ નકશી કરવાને સ્થેર ઉપર કેટલાક આડા અને ઉભા લીટા દોરવા પડે છે. તેને ભૂંડ ઉ ને રેખાંશ કહે છે અને તે નકશીમાં દોરવામાં બહુ ઉપયોગી છે, તે બાબતને સૌજન્ય રહ્યાય. એકબ વસ્તુ નાની અથવા મોટી બતાવવાનો આધાર અક્ષાંશ રેખાંશના પ્રમાણ ઉપર રહેલો છે.

નિશાળના નાના ઉપરથી બાળકને માપકાનો, અને તે ઉપરથી તેના ખરાબરનો નકશો દોરવા શીખવવું. ૩પરેખા અને વસ્તુઓની સ્થિતિ નિશ્ચિત કરવા બાબતે તેથી સહેજ આવો નહિ, પરંતુ દેશના વિભાગો કે ઉંચાઇ તથા નીચાણ દેખાય તેવો નકશો દોરતાં પણ શીખવવું. કારણ કે છોકરીઓ એવું જ્ઞાન બહુ ઉપયોગી નીવડે છે. આ જ્ઞાનથી બાળક પૃથ્વીના ગોળ કોઇ બાળના નાના ટુકડાની તે વિભાગની સપાટીનો સહેલ ખ્યાલ મેળવી શકે છે અને તે સંબંધમાં બાળ અનુભવો કરી શકે છે. આ જ્ઞાન માત્ર માપ રેખાનો નામાત્ર ગોખાવવાથી થતો નથી.

ખેતીનું સંપૂર્ણ શિક્ષણ બાળકોને નિશાળના એક નાના ઓરડામાં બેસીને અપાતું નથી. તેથી તો આજ પોપટીયું જ્ઞાન થઈ છે. બાળકને વખતો વખત બેદરે બાગ આજ બહાર ઘેરે છેડે કરવા લેવા જવા પડે છે, અને રસ્તા ઉપરમાં પાસે જુદી જુદી વસ્તુઓનું નિરીક્ષણ કરવું પડે છે આવે પ્રસંગે નદીના કાંઠા અને ટેકરીની બાજુનો બનાવી તે નદીનું પાણી કયેલા કયી દિશામાં વહે છે, તે પાણી પથ્થર અને બાકીને ઓછી કેવી રીતે કુટકુટ બીજે બનાવે છે, તથા બીજી નદીઓ થી રીતે બને છે, અને નદીના પ્રવાહની નીચવા બદેલામાં કેવી રીતે ખેતીને ઉપયોગી બાબત પૂરાય છે—આ બાબતો વિષે બાળકો પાસે બાબત કરાવી સમજ. ઉંડા ફળદ્રુપ નદી, તેના કાંઠા ઉપર આવેલા કેટલાના ખેતરમાં કેવી રીતે પાક

ઘોડો કે બોટ વગેરે પદાર્થોની સાથે સરખામણી કર્યા પછી પાણીને પ્રવાહી પદાર્થ કહેતા જોઈ બાળકો કેવી રીતે શીખ્યા, તે તેમની પાસે કહેવરાવો.

જ્યારે આપણે પાણીને જુદા જુદા વાસણમાં મૂક્યું, ત્યારે શું બન્યું? વાસણનો કરેક ખૂણો ભરાય, તેવી રીતે તે ફેલાતું, તે વાસણનો આકાર લેતું.

પાણીના ચલણ વિષે તને શું જણાય છે? તે કદી ઢગલામાં રહી શકતું નથી, પણ હમેશા સપાટીજ રાખે છે.

તમને મૂઠી ભરીને પાણી આપવા માટે કહું કે હું આ તોલામાં મારો હાથ બોળું: હું તેમ કરી શકીશ? નહિ.

બોરના, આકડના, દ્રાક્ષના અથવા વટાણાનાં ઢગમાં હું તેમ કરી શકીશ, પણ હું મૂઠી ભરીને પાણી લઇ શકીશ તેમ પકડી શકીશ નહિ.

આવું શામાટે છે? કારણ કે જે નાના રજકણોનું પાણી બનેલું છે, તેઓ જેવી રીતે નક્કર પદાર્થના રજકણો દૃઢતાથી સાથે રહી શકે છે, તેવી રીતે રહી શકતાં નથી.

તમને યાદ છે કે વાસણમાં થરો ભેળીને તેમાનું સઘળું પાણી આપણે ખાલી કર્યું હતું. જ્યારે મે થરો હલાવ્યું ત્યારે શું બન્યું? પાણી ટપકારૂપે નીચે પડ્યું.

આ ટપકાઓનું પછી શું ચયું? તેઓ તો એકત્ર થઇને એક ઝરો થયો, અને તે પછી ટેબલપર થઇને નીચે વહી ગયા.

ત્યારે જુઓ કે પાણીમાના આ ગુણો છે કે જેથી આપણે તેને પ્રવાહી પદાર્થ કહીએ છીએ.

(૧) તેને પોતાનો કંઈ આકાર નથી પણ જે વાસણમાં તે હોય છે તેવો આકાર ધારણ કરે છે (૨) તે ઢગલામાં રહી શકતું નથી પણ હમેશા સરખી સપાટી રાખે છે (૩) તે હાથે પકડી શકાતુ નથી. (૪) તે ઝરાયો અથવા ટપકાંથી વહી શકે છે

જે પદાર્થોમા આ ગુણો છે તે તમા પાણી પ્રવાહી પદાર્થ છે એમ છોકરા પાસે કહેવરાવો.

આગલા પાઠોમા કહી ગયા છે તેવા કેટલાક પદાર્થો તેમની પાસે ગણાવો.

૨ પાણીના બીજા વધારાના ગુણો—હવે ચાલો આપણે આ પાણીના ગ્લાસો તપાસીએ અને તેના બીજા વધારે ગુણો શીખીએ

(૧) (ચક્ષુરિંદ્રિયથી) દૂધનો કાચનો પ્યાલો, કોઇ લાલ, કાળી, આસમાની શાહી અને બીજા કોઇ હાજર હોય તેવા રંગીન પદાર્થના પ્યાલા સાથે પાણીનો (કાચનો) પ્યાલો મૂકો.

પાણીને જરાએ રંગ નથી, એમ છોકરા પાસે કહેવરાવો. તે સફેદ નથી. દૂધ સફેદ છે તે રંગ વગરનુ છે જ્યારે હું આ દડો તેની પાછળ ધરી રાખુ છું ત્યારે હું પાણીના આગળ દડો જોઇ શકું છું, તેથી આપણે પાણી વિષે શું કહીએ છીએ? તે પારદર્શક છે.

(૨) રસેન્દ્રિયથી—દૂધ, ગોળો સરકો, ચા અથવા કેફી, ગોળી પાણીમા ખાંડ જેવી ખાંડ અથવા મીઠું અને બીજા કોઇ હાજર હોય તે ગ્લે વસ્તુ છે કરને ચાખવા દો.

અમોનાં દરેકને પોતાનો ખાસ સ્વાદ અથવા સોરમ છે. હવે તેજ પ્રમાણે તેઓને પાણીની અજમાયેશ કરવા દો.

પાણીને તેની પોતાની સોરમ અથવા સ્વાદ નથી એવું તેમને સમજાવો. તે સ્વાદ વગરનું છે

(૬) ઘ્રાણેંદ્રિયથી— છોકરાની પાસે જુદા જુદા પ્રવાહી પદાર્થો મુકાડીને તેજ રીતે આંખના આશ્રે તેઓને તેઓ પોતાની આપ બધે કરી ઓળખી શકે.

દરેકને તેની પોતાની બધે છે. હવે તેઓને પાણી સુંઘાડો. તેઓ શું જુએ છે કે પાણીને પોતાની ગંધ નથી તે ગંધ વગરનું છે. આ મોટા શબ્દનો અર્થ સમજાવો.

પ્રયોગથી પાકની પટેલાના દિવસે કોઇ સખ્ત ગંધવાળા પદાર્થના વાસણની પાસે-પાસ કબાટમાં પાણીનો ભરેલી રકાબી મૂકો. (સાધારણ લીંબુ રંગ અથવા ટર્પેન્ટાઇનનું તેલ આને માટે ચાલશે). અઠવાડિયા પછી બારણું ખોલી કબાટને બધે સુંઘો, તમે જે કર્યું છે તે છોકરાને કહો, રકાબી બહાર લાવો, અને છોકરાઓને તે પાણી સુંઘાડો. તેઓને માલૂમ પડશે કે જેવી ગંધ બીજા વાસણના પદાર્થોમાં છે તેવીજ ગંધ તે પાણીમાં છે.

આ કેવી રીતે બન્યું હશે ? તે બે વાસણો કબાટમાં રાખ્યા એક બીજાની પાસે પંરતુ પડ્યાં હતાં. તે સખ્ત ગંધવાળા પદાર્થનો જરા પણ ભાગ બરોબરી રીતે પાણીમાં નાંખવામાં આવ્યો નથી.

છોકરાને કહો કે તે પદાર્થના નાના રજકણો ગેસ (વાયુની સંપુર્ણ મેળવણી) ના રૂપમાં બહાર આવે છે અને આ નાના રજકણોને પાણી ચૂસી લે છે, અથવા તેમાં તે પીગળી જાય છે

પાણી પશુજન્ય શોષક (ચૂસે એવું) છે અને ગેસોને ચૂસી લઇ પોતામાં રાખેછે

આ ગેસોને મને તેટલા વખતી રાખવા તેવા કરવાને માટે જે પાણી રકાબીમાં વધારા બહને જાડું રહે છે તે પાણીના, અરે માટીની નળીમાં કોલસા બ્યાસની બનાવટના પાક તરફ જુઓ. આ બન્ને બ્યાસો છે. આપણે તે વિષે બધેના બોલી બતાવીએ. હવેના પાઠમાં આપણે બ્યાસ વિષે બાસ વર્ણન કરીશું.

પાણી ક્યારે પણ શોષક છે, માટે જે ટાકીઓમાં પીવાને માટે, તથા આપણે ખોરાક રાંધવાને માટે, પાણી ગળેલું હોય છે, તે ટાંકીઓને બરાબર ગંધથી જેમ અને તેમ દૂર રાખવાની જરૂર છે. એવું પાણી પીને આપણે બિલકુલ બિમાર રહીએ નહિ.

(૬) પાણીના કેટલાક ઉપયોગ.

પાણીના આપણે જે ઉપયોગો કરીએ છીએ તેનો આધાર તેના બાસ ગુણો ઉપર છે એવું બતાવો.

પીવાના જોખા જોખા પદાર્થો વિષે છોકરાં પાસે વાત કરાવો. (જે બધા પદાર્થો, પાણી તથા બીજા કોઇ પદાર્થની મેળવણીથી બનાવેલા હોય છે.) પણ પાણી તે સઘળા કરતાં બારું છે.

(૧) તે કુદરતી પાન (પીવાનું) છે.

જ્યારે તેઓ મૂર્છામાં (બેભાન) અને તરસ્યા હોય ત્યારે તેઓને કયું ઔષધ તો ઠીક લાગે ? કોઇ પણ પદાર્થ પાણીના જેવો સ્વાદિષ્ઠ અને ઠંડક આપનાર નથી.

(૨) તે કુદરતી મેલ કાઢનાર સાધન છે.

આપણાં ઘરો વાળી ઝૂડી ધોવામાં તથા માફ કરવામાં અને આપણા ગંદા લૂગડા ધોવામાં પાણીનો ઉપયોગ છે એવું છોકરીને કહેવા દો

પાણી કરડ ઉત્પન્ન થાય તેવા રોગોત્પાદક અને અનિષ્ટ પદાર્થને પસડી જાય છે

જો આપણે તન્દુરસ્તીમા રહેવુ હોય, તો આપણા શરીરને વારંવાર ધોવાની તથા સઘળે સાફ રાખવાની જરૂર છે.

તે(પાણી)ને (પુષ્કળ) વાપરો અને સઘળી ગંદકી દૂર કરો, કારણ કે ગંદકીએ રોગનું મજબૂત મૂળ છે અને પાણી એ ગંદકીનો કટ્ટો દુશ્મન છે.

(૩) આપણે પાણીવડે આપણો ખોરાક રાંધીને તૈયાર કરીએ છીએ

ખોરાક તૈયાર કરવામા પાણી કેટલું બધું ઉપયોગ છે તેનો છોકરા પાસે વિચાર કરાવો

પાણી રંગ વગરનું, સ્વાદ વગરનું, અને ગંધ વગરનું છે, માટેજ આ હેતુ સારવામાં તે ઉપયોગી છે.

રડતે રડતે ચાટલું શીખ્યો. પાણી રાતુ, આસ્માની અથવા પીળું છે એમ ધારો.

જો તેમા બકવામા આવ્યું હોત, તેનું શું થાત ?

આપણા શરદનો, પટાઓ, રૂમાલો, આપણી બેસવાની જમીન અને ટેબલો ઉપર રાતો રંગ ચઢે છે એમ ખ્યાલ કરો, કારણ કે તેઓ રાતા પાણીમાં ધોવામા આવ્યા હતાં.

જો પાણીમા તેની પોતાની સોરમ અથવા સ્વાદ હોત તો શું થાત ? તેનો તેની પાસે વિચાર કરાવો

જો પાણીને ખોરાક રાંધવામાં આવ્યો હોય, તે પાણીની સોરમ તેમા આવત, પાણી-નીજ સોરમ તેમા ધોએલ દરેક વસ્તુમાં આવત.

(૪) પ્રાણીઓ પાણીમાં જીવે છે.

માછલા તથા બીજા પ્રાણી જે તદ્દન પાણીમાજ જીવે છે (રહે છે), તેના વશે છોકરા પાસે વિચાર કરાવો

આ સઘળાં પ્રાણીઓને હવાની જરૂર પડે છે; હવા વગર તેઓ મરી જાય.

હવા તેઓ કેવી રીતે મેળવે છે ? શ્વાસ લેવાને માટે શું તેઓ પાણીની સપાટીપર આવે છે ? નહિ. કારણ કે તેમાના ઘણાક કદી પાણીની સપાટીપર આવતાં નથી.

પાણીમાં પોતામાં પુષ્કળ હવા છે. પાણી શોષક છે અને તેની સપાટી ઉપરના દરેક ભાગમાંથી તે હવાને ચૂસી લે છે. જો પાણી શોષક ન હોત તો કોઈપણ માછલું પાણીમા જીવી શકત નહિ.

આપણા વખતનો સારામાં સારો ઉપયોગ શીરીતે કરવો ?



(અંગ્રેજી ઉપરથી).

નવા વરસની શરૂઆતનો દિવસ તે ઉપરનો પ્રશ્ન પોતાના મનને પૂછવાને બહુ સારો પ્રસંગ છે. આપણી જીંદગી દિવસોના બનેલી ખરી એમ છે અને જે વખત આપી રહ્યો છે તેનો સારામાં સારો ઉપયોગ કીરીતે કરવો તે આપણે કાળજીપૂર્વક વિચારવું જોઇએ.

વખતની કિંમત—વખત, નાણાંનો કરતા ઘણોજ વધારે ઉપયોગી છે. ગુમાવેલાં નાણાં પાછા મળી શકે છે પણ ગુમાવેલો વખત પાછો મળી શકતોજ નથી. જે પળ ગુમાવી તે હંમેશને માટે ગુમાવી. જેવી રીતે આપણે સોનાના રજકણોને કાળજીપૂર્વક જોગા કરીએ છીએ તેવીજ રીતે આપણા વખતને માટે પણ થવું જોઇએ, દુનીયાદારીના કિંમતમાં ઘણીજ માનકારી જીંદગી ગુજરેલી છે, તે એક કલાક પણ નકામો નહિ ગુમાવતાં બહાદુર માણસ તરીકે વર્ત્તવું જોઇએ.

વખત એ એક જાતની કુદરતી મીલ્કત છે કે જેની માટે આપણે પરમેશ્વરના જવાબદાર છીએ. જે કરેલું છે તેને માટે આપણે પ્રકટ કરવાનો નથી, પણ જે અપ્રશસ્ત જણાય છે તે સિવાયનું કામ કરવામાં આપણે પ્રયત્ન કરવો જોઇએ આપણો ઘણો ખરો વખત બરાબર રસ્તે ગુમાવેલો છે, તેટલા માટે જે બાકી રહ્યો છે તેનો સારામાં સારો ઉપયોગ કરવાને આપણે બનતી પ્રયત્નશીલ થવું

નીચેની હકીકત વખતની કિંમત કેટલી છે તે બતાવવાને પૂરતી છે

ધારો કે આપણી આપી જીંદગીને માટે જેટલું પાણી જોઇએ તેટલું બધું એક મુખ ઠાંકીમાં એકઠું કરી રાખ્યું છે. હવે તેમાનું એક પણ ટીપું નકામું ન જાય તેને માટે આપણે કેટલા કાળજીવાળા રહેવું જોઇએ ! અને તે જીવતા જીંદગીના જેટલું બાકી રહે છે તે આપણે કહી શકતા નથી. એક માણસ જે એમ કહેતો હતો કે તેની પાસે પણ વરસ બાકી એટલો માલ ભરેલો હતો અને તે ધારતો તો તે ખાતાં, પીતાં, અને મુખી થાત, પણ તે અણસમજુ તારૂ પરમેશ્વરે એવો એક બબડાટ સાંભળ્યો કે " એ મૂર્ખ ! આજ રાત્રે તારા આત્માને તારા વિષે પૂછવામાં આવશે ! " વખતનો સદુપયોગ ન કરી જેવાથી આ વખતે તેને કેટલો પસ્તાવો થયો હશે !

વખતને સુધારવાને માટે હવે પેટીક સૂચનાઓ આપવામાં આવશે

૧. દિવસના કલાકોને નોંધી રાખો:—પાઠશાળાઓમાં વખત પ્રમાણે કામ કરવાનો ક્રમસર નિયમિત થવાને ગોઠવેલો હોય છે; તે સિવાય બીજા કોઇ પણ આવેથી ગોઠવેલો ક્રમ ભંગ થાય. વાંચનારાઓએ એ નિયમ ઉપરજ ઠામે કરવું જોઇએ. જ્યારે આપણે આપણું બાકી હંમેશાં સમાન અંતરે વખતસર બદલે કીએ, ત્યારે પોતાને કારીરીને બાચત કરીએ છીએ. મદદ પણ, જ્યારે નકામી કરેલા વખતને, પોતાને

અભ્યાસ કરીએ છીએ ત્યારે; જુસ્સાથી કામ કરે છે. બ્લૅંકી કહે છે કે, "ગપ્પાં વગરની હોંશીઆરી કે જે કંઈ પણ ગોઠવણ વગર એક વસ્તુથી બીજી વસ્તુ ઉપર કૂદકા માર્યા કરે છે, તે, કોઇ પણ માનસિક પરિણામની મહત્તામાં એકલા આળસ કરતાં થોડીજ સારી છે."

બધા ચોવીશે કલાકના કાળજીથી અને ડહાપણથી ભાગ પાડવા જોઇએ. ઉંઘ અને રમત ગમતને તેનો જ્યાજબી હિસ્સો મળવો જોઇએ; પણ તેની અધિકતા ન થઈ જાય તે ધ્યાનમાં રાખવું. ઘણો વખત રખડતા ફરવામાં અને કંઈ ન કરવામાં ગુમાવી દેવામા આવે છે. સર વોલ્ટર સ્કોટે, એક ઓરીસગા નિમાયલા પોતાના એક મિત્રને લખતાં નીચે પ્રમાણે સલાહ આપી હતી; "હું સાંભળવાને આશા રાખું છું કે તમે વલંદાની મડિયાળ (ડચ ક્લૉક) ના જેવા નિયમિત થયા છો, જે કલાક, પા કલાક, મિનિટ, બધાનો બરાબર ભાગ પાડી નોંધી રાખે છે."

એવી કહેવત છે કે–"પેન્સની કાળજી રાખો અને પાઉંડ પોતાની મેળે પોતાની કાળજી રાખશે." તેજ કહેવત વખતને પણ લાગુ પાડી શકાય કે–"મિનિટની કાળજી રાખો અને કલાકો પોતાની મેળે પોતાની કાળજી રાખશે." (અપૂર્ણ.)

J. D.

નવીન પુસ્તકો.

આરોગ્યતા પાઠ-પોથી, ભાગ ૧ લો.—આ ચોપડીમાં પંદર પાઠ છે અને તેમાં શરીરની રચના, સંભાળ અને સફાઇ, પાણી તથા વાયનારને એકંદર શીખામણ એ વિષયો ઉપર સહેલી ભાષામાં ટુંકા ટુંકા પાઠ લખ્યા છે. નાનાં છોકરાંને વાંચવાને તથા આરોગ્યતા સંબંધી શિક્ષણ આપવાને પુસ્તક ઉપયોગી છે. આ ચોપડી વિષે ઘણા વિદ્વાનોના સારા સારા અભિપ્રાયો થયેલા છે તે સઘળા ચોપડીના આરંભમાં દાખલ કરેલા છે. ચોપડીના ઉલ્લા ભાગમાં શીખેલા પાઠોના પુનરાવર્ત્તન તરિકે પ્રશ્નો આપ્યા છે. આવા પ્રશ્નો શિક્ષણના પુસ્તકોમાં આપવામા આવે એ અગને તો ઘણું ઉપયોગી લાગે છે; અને વિદ્યા સંબંધી પુસ્તકોમાં તો તેની ખાસ કરીને જરૂર છે, એ દરેક શિક્ષક સમજી શકે છે. પ્રકાશક અમને લખી જણાવે છે કે સુરતના વકીલ ગુલાબદાસ ભાઇદાસ એમણે સ્થાપેલી સનાતન ગર્લ હાઇસ્કૂલમાં આરોગ્યતાનું શિક્ષણ આપવા માટે આ પુસ્તક દાખલ કરવામાં આવ્યુ છે, આ વાત જાણીને અમને આનંદ થાય છે. નિશાળોમાં ચાલી શકે એટલી સહેલી બનાવટ આ ચોપડીની છે. ભાષા સુધારવાને કર્ત્તાએ પોતાથી બનતી મેહેનત કરી છે એમ તેઓ પ્રસ્તાવનામાં જણાવે છે, અને ઘણે અંશે તેમ છે પણ ખરું, એમ છતાં બીજી આવૃત્તિ વખતે અને આખીના ભાગ પ્રકટ કરતી વેળાએ ભાષા અને જોડણી ઉપર વિશેષ લક્ષ રાખવાની અમે ભલામણ કરીએ છીએ. આ પાઠમાળાના બાકીના ભાગ સત્વર બહાર પડેલા જોવાને અમે ઇચ્છીએ છીએ; કેમકે આરોગ્યતાને લગતા બીજા ઉપયોગી વિષયો હવે પછીના ભાગોમાં આવવાના છે એમ કર્ત્તાએ

બાબતની મીલ, કોલ અને ચોપા બાબતની અનુક્રમણિકા ઉપરથી જોઈ શકાય છે. તે તે વિષયમાં પ્રવીણ થયેલા વિદ્વાનોએ પોતાના જ્ઞાનનો લાભ આવી રીતે પ્રજાને આપવાની કાળજી લીધી એ તેમના માનમાં વધારો કરનારી બાબત છે. કર્તા નવલકારીના દરબાર નંદશંકર ઉમિયા-શંકર રેહાર્ડ છે. કિંમત ત્યર આના છે મોટા અક્ષરથી સારૂંછપાયું છે.

'પદાર્થ પ્રકાશ' ભાગ ૨ જો—આ ચોપડો હાથીરામ પ્રાગજી ઉપાધ્યાય બી. એ. એલએલ બી વાંચવા માટે આ પુસ્તક તૈયાર કર્યું છે. પદાર્થપાઠ કયા શીખવવા અને કેમ શીખવવા એ સંબંધી શિક્ષકને જોઇતી માહિતી આ ચોપડીમાંથી પૂરી પડે છે તે સાથે આ પુસ્તકમાંથી શિક્ષક ઘણી નવીન માહિતી પણ મેળવી શકે એમ છે પાઠ આપવામાં કયા સાધનો અગાઉથી તૈયાર રાખવા, તેનો કયી વખતે કેવો ઉપયોગ કરવો અને વિદ્યાર્થી-ઓને પદાર્થોના સંબંધમાં નવીન જ્ઞાન શું અને કયા માર્ગે આપવું, એ સઘળું સમજાય એવી રીતે આ પુસ્તકમાં બતાવ્યું છે એકંદર એમાં ૪૧ પાઠ છે શિક્ષક આ ચોપડી ઉપર-થી પોતાની પદાર્થપાઠની યથાયોગ્ય નોંધ તૈયાર કરે તો તેને શિક્ષણના ક્રમમાં વધારે અનુ-કૂળતા થવાનો સંભવ છે પુસ્તક લખવામાં મથકારે નવીન માહિતી આપવા તરફ વિશેષ ધ્યાન આપ્યું છે તથા તે સાથે ડિરેક્ટરસાહેબની પ્રાથમિકશાળાઓનાં નવાં ધોરણોમાં બતાવેલા પદાર્થપાઠના સમૂહને અનુલક્ષીને રચના કરી છે, જેથી તે સઘળી શાળાઓમાં આ પુસ્તક રેફરન્સ બુક તરિકે ચાલુ કરવામાં આવે તો શિક્ષણના કામમાં સારી મદદ મળવા જોગું છે; કેમકે ઘણાક શિક્ષકોને આ વિષય નવીન જેવો હોવાથી તેમને આવી કોઈ પુસ્તકની અપેક્ષા હોય એ સંભવિત છે. રા. રા. હાથીરામ ભાઇના શિક્ષણ વિષયક સતત પ્રયોગ માટે અમે તેમને ધન્યવાદ આપીએ છીએ. કિંમત ૭ આના છે. પોરબંદરના કર્તા પાસેથી મળી શકશે.

गायकवाड सरकारनुं देशी केळवणीखातुं.

(इनामपत्रको).

(ગયા અંકથી ચાલુ)

७. इस्तान परीक्षा चपले गामबेडाओ ०-८-० छोकरओने पगारा वहेंच्यां ९. आमरेड रणछोड हरीराओ ०-४-० छे करओने पगारां वहेंच्यां. ९ „ पटेल चेना हीभाओ परीक्ष चपले ०-४-० छोकरओने आड वहेंची १०. धानवा मामलतदार ओरणाना पटेल वनमाळी कीभा ०-४-० छोकरओने आड वहेंची. ११. भोरीआ मामलतदार अमरतना रीट डाह्याभाइ जमवानदासे तथा मामलत मोओ १-०-० छोकरओने साकर वहेंची.

नारणजी गोविंदजी.
अंबाशंकर.

प्रेमानंद घेलाभाई पटेल
हुकमी ओनरु. पोरबंदर ना भाग.

માર્ચ ૧૯૦૪.

૧ માંગપુર, પટેલ ભાવજી દયાળ ૦–૮–૦ છોકરાને રેવડી વહેંચી ૨.ધામડોદ મુંબા, મેહેતાજી ભાઇલાલ ગગનભાલ ૦–૪–૦ છોકરાંને પતાસાં વહેચ્યા ૩ વાંક, પટેલ ઝીણા લાલા ૦–૮–૦ છોકરાને પતાસા વહેંચ્યા. ૪. મુડત, પટેલ જેરામ હરીભાઇ ૦–૪–૦ છોકરાને આકની ચોપડીઓ વહેચી „ રણુ વેલરી ૦–૪–૦ છોકરાઓને ખાંડ વહેંચી. ૫ બુટવાડા ગામનોકો ૦–૮–૦ „ ૬. વડીયા પટેલ વલભ માના ૦–૪–૦ „ ૭. ધડોઇ દાજીભાઇ ભાણાભાઇ ૦–૪–૦ „ ૮. રાણુત દર્યાળજી મોરારજી ૦–૪–૦ „ ૯. ગામચક વસનજી મકનજી ૧–૮–૦ કન્યાઓને છીટ આપી. „ ગામનોકો ૦–૮–૦ છોકરાને ખાંડ વહેચી „ કવિયાના પટેલ નગાભાઇ નારણજી ૧–૦–૦ છોકરાને સાકર વહેંચી ૧૦. બોરીઆ ગામલોકો ૧–૦–૦ છોકરાને પતાસાં તથા ખાંડ વહેંચી. ૧૧. હલકવા મેહેતાજી ચતુરભાઇ મનધાભાઇ ૦–૮–૦ છોકરાને સાકર વહેંચી

તૈયાર કરનાર
ચુનીલાલ દલસુખ.

ઓબાવાલ

ઓનરરી માન્ય ધોળીદાસ પટેલ.
ઉ. એ. ઇ. નવસારી પ્રાંત.

વડોદરા પ્રાંત.

જાનેવારી ૧૯૦૪.

नोकरनु नाम, बापनु नाम, अटक, जात अने चोरीनु स्थळ होय तेम पण	कयां बदली थई ते स्थळ.	किया सण तेहेवारनी रजा सिवाय जरूरी काम काना हुकमथी कई तारीखोए कर्यु छे ? तथा ज्या आपवाने ते बदल हाजरी पत्रकमां दाखलो होय, तेनी हकीकत.	चालु साल मां एकदर दिवस	चालु साल मां रजा भोगवेली ते दिवस	बाकी रहेला दिवस अने तेनी हकीकत	कचेरीना जवाबदार नोकरे किया तेहेवारे ए सुधीमां दाखल करेला हकीकत खरी होवा बदलनी सही, तारीख, मास, सन	कचेरीना अमलदारनी सही	शेरो
१	२	३	४	५	६	७	८	९

रवाना तरफ. तारीख माहे सन.

(सही) अमलदारनी.

नमुनो नंबर ४८.

नियममां ठरावेला तेहेवारनी रजाना बदले बीजा तेहेवारनी रजा पाळवानी मंजुरी मेळववा बाबत.

क्रिया स्थळना माटे रजानो फरपार कर वामा ७ ते स्थळ (मा हाल प्रात यह)	नियममा ठरला तेहेवारनु नाम अने तारीख, मास	कोष्टक १ मां लखेला तेहेवारना बदले बीजा तेहेवारनी रजा पाळवानी होय अगर तेहवारनी तारीख फरव वानी होय ते तेहवार तथा तेनी तारीख, मास	आवी रीत फेरफार करवानु खास कारण शु छे ?	परवानगी आपी शके नहीं एवा उपरी अम लदार होय तो तेओ नो आभिप्राय	परवानगी आपनार अमलदारनो हुकम	शेरो
१	२	३	४	५	६	७

रवाना तरफ. तारीख माहे सन

(सही) अमलदारनी.

REGISTERED NO. B 83.

પુસ્તક ૧૧ મું. શ્રી. અંક ૧૧ મો.

કેળવણી

શ્રાવણ સંવત્ ૧૯૧૦.

વિષયો.

૧. દર્શન.... ... ... ૧૬૧
ઇંગ્લાંડમાં પ્રાથમિક કેળવણી... ... ...૧૬૧
દક્ષિણ ફ્રુબની ટેકસ ...૧૬૩
૨. ગુજરાતી વાંચનમાળા સંબંધી વિચાર ૧૬૩
૩. ક્રિસ્તાલ્ડુંનીક કાવ્યનું ગુજરાતી ભાષાન્તર ૧૬૫
૪. કેળવણી વિષે હિંદી સરકારનો કરાર... ... ... ૧૬૫
૫. બાવકવાડ સરકારનું કેળવણી કેળવણી ખાતું ૧૦૫
ન. ફ. નં. ૪૬ દફ્તર રિકાર્ડ સંબંધી પુરવણી નિબંધો થયેલો ખુલાસો...૧૦૫
ય ફ. નં. ૪૫ દરેક સભાસદ પાસે પોતે ૪ પાઈ અનુક્રમ નંબર નામવાર આપવા ફરમાવ્યું.૧૧૦
ય ફ. ન. ૪૦ મુખ્ય મેઇ પ્રમાણે શિક્ષકો રહેવા તથા વિદ્યાર્થીની સંખ્યા વધારવા બાબત ૧૧૦
ફ. ખા. નં. ૧૬૧૨ ની સૂચના વરતણીઆથી ય-ગારે અંગ્રેજના બાબતની...૧૧૧
ધનજમ લાયબ્રેરી માટે મંજુર થયેલાં પુસ્તકો ...૧૧૨
પત્રદ્વારે લખાવું કરવાના નમુના.. ... ...૧૧૭
ય. ફ. નં. ૧ જુદાઇ અક્ષરના બાકી રહેલા ઇનામોને લખાવવાની નવી પદ્ધતિ લાગુ નહીં કરવા બાબત... ૧
નોકરોની કમાટી.... ... ૨

પ્રસિદ્ધકર્તા
ઝીણાભાઇ નરભેરામ ભટ્ટ.

વાર્ષિક કિંમત ૩ રૂ) પોસ્ટેજ રૂ. ૦-૩-૦
છૂટક અંક ના રૂ. ૦-૩-૦

ય ઝા ક રા:—વી ર ક્ષે ત્ર મુ દ્રા લ ય પ્રિં ટિં ગ પ્રે સ.

पुस्तकोनी पहोंच.

નીચેનાં પુસ્તકો તેમનો કર્ત્તા તરફથી ભેટ દાખલ મળ્યાં છે જે બદલ અંત કરણથી આભાર માનીએ છીએ:—

આનંદ—પાતીતાણા જૈન ધર્મ પ્રસારક વર્ગ તરફથી આભાસિક પ્રગટ થાય છે

અમરેલી લોહાણા શુભેચ્છક મિત્ર મંડળનો સંવત ૧૯૫૬ ની સાલનો વાર્ષિક રિપોર્ટ:—પ્રસિદ્ધકર્ત્તા આ લેા શુ મિત્રમંડળ હેતુ અને ક્રમ સ્તુતિપાત્ર છે

અકસ્માત અને તેના તાત્કાલિક ઉપાય, તથા દર્દીની સારવાર—આ બન્ને પુસ્તકોના કર્ત્તા ડો ધનજીભાઇ હેારમજી મહેતા એલ. એમ એન્ડ એસ. છે. વડોદરા કેળવણીખાતાએ ઇનામ તથા લાયબ્રેરી માટે મંજુર કરેલા પુસ્તકો છે. કિંમત અનુક્રમે આઠ અને બાર આના છે.

આનંદરત્નાવલી—પ્રથમ રત્ન. કન્યાવિક્રયનિષેધનો નિર્ણય કર્યો છે. શા શિવજી દેવજીએ રચ્યું છે કિંમત ૦-૪-૦

કલાકુસુમ—મુંબાઇમાં પ્રકટ થતુ નવીન માસિક પત્ર વાર્ષિક કીંમત પોસ્ટેજ સાથે ૩ ૧। છે. વ્યવસ્થાપક પંડિત દયારામ રામદાસ શર્મા દૈવજ્ઞ

પદાર્થપાઠમાલા ભાગ ૩ જો—કર્ત્તા રા સા. કાશીરામ પ્રાગજી ઉપાધ્યાય બી. એ. કીંમત ૬।। આના.

વીશ વર્ષથી ચાલી રહેલી
પ્રાણદાયક પરીક્ષા



ભૂલથી ભરેલા માણસો ભોગ, રોગ, અને દુઃખમા સપડાય છે. મરવું ગમતું નથી અને દવા લીધા વિના છુટકો નથી, પણ અમુક દવા ફાયદો કરશેજ એવી ખાત્રી શી ? ડા० બર્મને પોતાની દવાઓ વીશ વર્ષ સુધી અજમાવીને પૂરેપૂરી ખાત્રી કરી આપી છે અને તેથીજ તેમણે લોકપ્રિયતા અને સરકારનું સન્માન મેળવ્યુ છે —

અર્કકપુર—જુલાબ, ઊલટી અને કોલેરા માટે રામબાણ છે કીં. ચાર આના.

ક્રમ-હાંકણું—જોરથી ચાલી રહેલો ક્રમ એકવાર પીવાથીજ દબાઇ જાય છે. કીં० સવા રૂપિયો

તાવની દવા—ટાઢોડીઆ, મેલેરિયા અને મુદતના તાવોને દુર કરે છે. બરોલને મટાડે છે. કીં० ચૌદ આના અને નાની શીશીના આઠ આના.

કોલાટોનિક—સુરતી ઊડાડી આનંદ આપે છે કંઠ અને સ્મરણશક્તિ સુધારે છે. અફીણ અને દારૂના વ્યસનને દુર કરે છે કીં० એક રૂપિયો.

અજીર્ણની દવા—પાચનશક્તિ તથા ભૂખને વધારી અજીર્ણના વિકારોને દુર કરે છે. કીંમત સવા રૂપિયો

સેમ્પલબૉક્સ—ડા० બર્મનની દવાઓ કેવી પ્રાણનું રક્ષણ કરનારી છે, તે વિષેની પરીક્ષા કરવા માટે કપુર, ધાતુપુષ્ટિ, ક્રમ, કોલા, જુલાબ અને પુદીનાનો અર્ક એ છ ઉપયોગી દવાઓનું ખાસ બૉક્સ બનાવ્યું છે કીં० દોઢ રૂપિયો.

ખાસ સૂચના—ડા० બર્મનની બીજીપણ કેટલીક પેટન્ટ દવાઓ છે. રોગનુ સ્વરૂપ, દવાની અસર અને સરટિફિકેટવાળી ચોપડી મંગાવનારને મફત મોકલવામાં આવે છે. દવાઓ મંગાવનારને તેની કીંમત ઉપરાંત પેકીંગ અને પોસ્ટેજ જુદું પડે છે.

મુંબાઇ ઇલાકાના સોલ એજન્ટ:—બી. એલ. ગુપ્તા એન્ડ સન્સ—ત્રાંબાકાંટા—મુંબાઇ.

કેળવણી.

દોધકવૃત્ત.

અર્થ મળે વહીં ધર્મ સચાવે, જ્ઞાન મળે સનમાન પમાવે;
નીતિ વધે પસરે જશ સારો, ઇ ખિલુરિંગણ ધર્મ અમારો.

પુસ્તક ૧૬ મું. શ્રાવણ સંવત્ ૧૯૬૦. અંક ૧૧ મો.

દર્શન.

ઈંગ્લાંડમાં પ્રાથમિક કેળવણી—આજસુધ ઈંગ્લંડમાં જોવામાં આવેલું વલણ પ્રાથમિક કેળવણીને ફરજીઆત કરવા તરફ વિશેષ થયેલું જોવામાં આવે છે. તેઓ કહે છે કે કેળવણી પાછળ જે ખર્ચ કરવામાં આવે છે તે બરબાદ ખર્ચ છે, કેમકે કેળવણી જેવી જોઇએ તેવી આપવી નથી, માટે તેમ કરવાને વારો આવ્યો જણાય છે. તેઓ ધારે છે કે ઇંગ્લાંડની દરેક વ્યક્તિ પ્રજા તરીકે કામ કરે એવું નવીન તત્વ કેળવણીમાં ઉમેરવું જોઇએ. અને તે સાથે પ્રજા તરીકે જીવવાને જેવી કેળવણી તેમને આપવી જોઇએ; કેમકે શારીરિક શક્તિ વિના બુદ્ધિની કેળવણી કેળવણી નીવડતી નથી. આ ઉપરથી ઇંગ્લંડના બોર્ડ ઑફ એજ્યુકેશને નવીન કેળવણી એક ફરજ બજાવ પાડી તેનો પ્રાથમિક કેળવણીનો કરેલ પ્રારંભ કર્યો છે. આ કરેલનો સાર અમારા જોવામાં આવ્યો અહીં આપીએ છીએ:—

"બર્ડ ઑફ પ્રાયમિક સ્કાલ્સનો હેતુ એ છે કે તેમના સ્વાધીનમાં જે છોકરા છોકરીઓ સોંપવામાં આવે છે તેમને અમુક અક્ષરજ્ઞાનવાળો કરવો અને તે અક્ષરજ્ઞાનને ફક્ત કરવાં. બની શકે ત્યાં સુધી તેમનાં નિશાળનાં વર્ષોનો સારામાં સારો ઉપયોગ કરવો, તથા તેમને બુદ્ધિની તથા હિંમતની જોવી કેળવણી આપવી કે જે તેમને દુનિયાદારીમાં પડ્યા પછી ઉપયોગી થાય, અને તેમની જુદી જુદી જરૂરીયાતો પ્રમાણે તે તે કામને તેઓ લાયક થાય.

"ઉપર કહ્યા પ્રમાણે આ હેતુ સારૂ લંડન સ્કાલ્સનો બીજો હેતુ એ છે કે બાળકોની અવસ્થા-

ક્રનશક્તિ અને કારણશક્તિ એવી રીતે ખીલવવી કે જેથી સૃષ્ટિના નિયમોનાં કેટલાંક તત્ત્વોનું તેમને જ્ઞાન થાય. વળી તે સાથે માણસ જાતના પરાક્રમો અને માનસિક ઉચ્ચતાનો ભાગ તેમના હૃદયમાં જાગ્રત થાય તથા પોતાના દેશના ઇતિહાસનો તથા સાહિત્ય વિષયનો તેમને પરિચય થાય; વળી તેમને ભાષા સંબંધી પણ કાંઇક જ્ઞાન આપવું કે જેથી તેઓ પોતાના મનોગત વિચારો સ્પષ્ટપણે દર્શાવી શકે તથા તેમનામાં સારા વાચનનો તથા વિચારપૂર્વક અભ્યાસ કરવાનો શોખ ઉત્પન્ન થાય તથા નિશાળ છોડયા પછી પોતાની પાછલી ઉમ્મરમાં પણ પોતાના જ્ઞાનમાં પોતાની મેળેજ વધારો કરવાને તેઓ શક્તિમાન થાય

પ્રાથમિક શાળાઓએ બાળકોને હાથ અને આંખની સ્વાભાવિક કેળવણી આપવાને કદી ચૂકવું નહિ; હસ્તકળાશિક્ષણ અને ચિત્રશિક્ષણથી આ કામ સારી રીતે થઇ શકે છે. વળી તેમનું શરીર તંદુરસ્ત રહે અને તેની ખીલવણી થાય એવો દરેક પ્રસંગ તેમને આપવો જોઇએ આ કામ માત્ર તેમને નિયમિત કસરત કરાવીને તથા નિયમ પ્રમાણે ગોઠવેલી રમતો રમાડીને કરવાનું નથી, પણ તંદુરસ્તીના કેટલાક સાદા નિયમોના કાર્ય સંબંધી તેમને જ્ઞાન પણ આપવું જોઇએ

પ્રાથમિક શાળાઓએ પોતાના વિદ્યાર્થીઓમાંથી જેના છોકરાઓ શેખી કાઢવા જોઇએ કે જેઓ અમુક વિષયમાં ખાસ લાયકાત ધરાવતા હોય; આવા છે કરાઓને તે તે વિષયમાં ખાસ પ્રવીણ કરવાને, વિદ્યાર્થીઓના મોટા ભાગને અડચણ ન આવે તે રીતે શિક્ષકે યત્ન કરવો જોઇએ કે જેથી તે છોકરાઓને ઉંચી કેળવણી લેવાનો પ્રસંગ આવે ત્યારે તેઓ રોકાયા આગળ પડતા થઇ શકે આ કામ જો કે પ્રાથમિક શાળાઓમાં પાછળથી કરવા જેવું છે, તોપણ તે અત્યંત ઉપયોગી છે.

નીતિશિક્ષણની શિક્ષકને જોકે બેદરકારી સરખી છે તોપણ તેટલામાં તે ઘણું કરી શકે એમ છે ગતસમ કે બાળકની ચાલચલણનો પાયો પ્રાથમિક શાળાઓમાં નખાય છે. નીતિ શિખવવાને શિક્ષકની પાસે ત્રણ સાધનો મુખ્ય છે, તે પોતાના દૃષ્ટાંતથી, સત્તાથી, અને સખ્ત વ્યવસ્થા (discipline) થી બાળકોને ઉદ્યોગશીલ થવાની ટેવ પાડી શકે. તેમને આત્મસંયમ કરવાની ટેવ પાડી શકે, અને કોઇ જાતની મુશ્કેલી આવી પડે ત્યારે હિમ્મતથી તેની પાછળ મંડયા રહીને તે પ્રસંગ પાર પાડવાની ટેવ પાડી શકે, વળી જે કાંઇ ઉમદા અને મહાન્ હોય તેને માન આપવાં, આપસ્વાર્થનો ભોગ આપવાને માટે તૈયાર થતા તથા સત્ય અને પવિત્રતા માટે પરાકાષ્ટાનો પ્રયત્ન કરતાં તેઓ તેમને શીખવી શકે જો શિક્ષક વિદ્યાર્થીઓને કહેવે તો તેઓ સ્વધર્મ અથવા પોતાની ફરજને માટે મોટું માન ધરાવતા થાય તથા બીજાના પ્રત્યે માનપૂર્વક લક્ષ આપનારા થાય. આ છેલ્લો ગુણ એજ સઘળી સારી રીતભાતનો તથા સ્વાર્થત્યાગનો પાયો છે. એજ પ્રમાણે મોટી ઉમ્મર થયા પછી બીજા પ્રત્યે માનની લાગણી ધરાવવાની વૃત્તિ ઉત્પન્ન થવાનું બીજ, નિશાળના વિદ્યાર્થીઓના પરસ્પર વ્યવહારમાં અને ખાસ કરીને રમતની વખતે તેઓ એક બીજા પ્રત્યે વ્યાજબી વર્તે તથા એક બીજાનું માન સંભાળે તેમાં રહેલું છે.

શાળાના આ બધા પ્રયત્નોની સાથે વિદ્યાર્થીઓના બાપાની સહાયની પણ શિક્ષક આશા રાખી શકે ઘર આગળ બાપાના અને નિશાળમાં શિક્ષકના બળથી બાળક એક સંપૂર્ણ કેળવણી પામેની વર્તણુક થાય, એટલીજ આશા રાખવાની નથી; પણ જે દેશમા તે રહે છે તે દેશનો તે એક લાયક દીકરો કે દીકરી થાય તથા તે જે પ્રજામા વસે છે તે પ્રજાનો એક ઉપયોગી અને પ્રમાણિક પ્રજાજન થાય, એવી પણ આશા રાખવાની છે.

દક્ષિણ ધ્રુવની શોધ—ચોડાક વરસ થયા દક્ષિણ ધ્રુવ તરફ શું છે તે જાણવાને સુધરેલી દુનિયાના જોડા ઇન્જીનર થયા હતા અને તે માટે જુદી જુદી પ્રજાઓએ પોતાનાં બહાદુર મોકલ્યા હતા. ઇ. સ. ૧૯૦૦ મા એડવર્ડ સાતમા પ્રજાએ એક કાફલો શોધ માટે મોકલ્યો હતો, અને ત્યાર પછી એક અંગ્રેજ કાપ્તાન સ્કોટના ઉપરીપણા નીચે મોકલ્યો હતો. તે પછી નૉર્વેતીમાંથી, સ્વીડનમાંથી, અને સ્કૉટલાંડમાંથી પણ જુદા જુદા વહાણોના કાફલા તે પ્રદેશના શોધને અર્થે ગયા હતા હમણા વળી એક ફ્રેન્ચ કાફલો ગયો છે અને તે સપ્ટેમ્બરની આખરમા પોતાના શોધનું કામ જરી કરશે

આ કાફલાઓએ ઘણું ઉપયોગી શોધો કરી છે. તેમને જણાયું છે કે દક્ષિણ ધ્રુવની આસપાસ જમીન છે અને તેનો વિસ્તાર આપણા યુરોપખંડ કરતા પણ વધારે છે. પણ કેટલો વધારે તે હજી મુકરર કહી શકાતું નથી એ ખંડનું નામ તેમણે આલ્ફાર્ડિકા પાડ્યું છે અને સઘળા એજ નામ માન્ય રાખશે એમ ધારવામા આવે છે. એમાંથી ત્રિટિશ કાફલાએ શોધિ કરીને પાછો ફર્યો છે. તે જણાવે છે કે (૧) કેટલાક દીપોમા હોય છે તેવા જ્વાળામુખીઓ તેમા માલમ પડયા છે. (૨) ત્યા બરફથી ઢંકાયલાં મેદાનો છે તથા તેમાના કેટલાક સમુદ્રની સપાટીથી ૪૦૦૦ ફીટ ઉંચા છે. એ મેદાનોનો દેખાવ ગ્રીનલાંડના અંદરના ભાગ જેવો છે. (૩) રેતીના પથ્થરના ખડકો છે તથા તેમા વનસ્પતિનાં ફોસિલો જોવામાં આવે છે. આ છેલ્લી શોધ વિષે સર ફ્રેડરિક્સ માર્કહામ કહે છે કે " તે ઘણી ઉપયોગી શોધ છે, કેમકે કેટલીક મુદત પહેલા આન્ટાર્કિટક ભૂમિનાં હવા પાણી જેવાં હતાં કે જેથી ત્યાં વનસ્પતિની પેદાશ થઇ શકતી હતી, એમ આપણે જાણવામા આવે છે." સ્વીડનના કાફલાએ એક બરફમા કેટલાક ફોસિલો જોયા તેમા તેમને વનસ્પતિ ઉપરાંત કેટલાક કરોડવાળા પ્રાણીનાં ફોસિલો માલમ પડયા હતાં, જેથી અનુમાન થઇ શકે છે કે કેટલીક મુદત પહેલા ત્યાની હવા આપે આપ નરમ હતી

ગુજરાતી વાચનમાળા સંબંધી વિચાર.

(કે પી. ઉપાધ્યાય બી. એ.)

(પાછલા ભાગથી ચાલુ.)

બીજી ચોપડી

આ પુસ્તકમાં કનિષ્ટ સારો સુધારો વધારો કરવા ધારણી હશે એમ જણાય છે. તેના

દરેક પાઠની સાદામારની ફલીલમાં કતરતાં પડેલાં તે પુસ્તકમાં જે સામાન્ય ભૂલો જોવામાં આવે છે, તે તરફ અમે પ્રથમ અમારા વાચક વર્ગનું લક્ષ ખેંચવા ઇચ્છીએ છીએ.

નવાં ધોરણોના અભ્યાસક્રમમાં-બાળકોને ભાષાનું સારૂં જ્ઞાન થાય તે હેતુથી વિદ્વદ્વર્ય મરહુમ ગાર્ધવજાલ હરિલાલ, અમદાવાદ ટ્રેઇનીંગ કોલેજના પ્રીન્સીપાલ મારેજની અમૂલ્ય સૂચનાનુસાર-સરકારે વાક્ય પૃથક્કૃતિનો અઘરો વિષય ગુજરાતી ત્રીજા ધોરણથી દાખલ કર્યો છે અને તે ધોરણમાં "કર્તા ને વિધાનપક્ષ" નું જ્ઞાન આપવાનું નિશ્ચિત કરેલું છે. ઉપલા ધોરણમાં અભ્યાસક્રમ ચઢતો જાય છે. હવે ત્રીજા ધોરણના બાળકોને વાક્યપૃથક્કૃતિના શીખેલા અભ્યાસક્રમના નમુનાનાં વાક્યો આપવા પડે તો તે માટે બીજી ચોપડી ઉપયોગી થઇ પડે; પરંતુ કમનસીબની વાત એ છે કે બીજી ચોપડીના અભ્યાસીને તુરત જણાશે કે આપ્યા પુસ્તકમાં વાક્યો એવી રીતે રચાયાં છે કે તેમાં કર્તા અધ્યાહાર રહે છે. કેટલાંક ભાષામાં નિશ્ચયાર્થ વાક્યોમાં કદી પણ કર્તા અધ્યાહાર રહી શકતો નથી આથી બે પ્રકારનાં નુકસાન થવા સંભવ છે ૧ નવા ધોરણોના ખુલાસામાં "સંપૂર્ણ વાક્યોમાં ઉત્તર આપવાની અથવા બોલવાની ટેવ પહેલા ધોરણથીજ પાડવી" એવી જે સૂચના આપવામાં આવી છે તેનું આથી ઉલ્લંઘન થાય છે. ૨ બીજા ધોરણનાં બાળકોનાં કુમળાં મન ઉપર આવાં કર્તારહિતનાં વાક્યો એવા ઠસી જાય છે કે ત્રીજા ધોરણમાં વાક્યપૃથક્કૃતિનો વિષય શિખવવામાં મોટી મુશ્કેલીઓ ઉત્પન્ન થવા સંભવ છે બાલ્યાવસ્થામાં થએલી અસર કદી પણ ભૂંસાતી નથી. દૃષ્ટાંતની અપેક્ષા રાખનારને કહેવાનું કે બીજી ચોપડીનું એક પણ પૃષ્ઠ એવું નહિ હોય કે જેમાં આ મહાન્ દોષ પ્રદર્શિત નહિ થતો હોય. સન ૧૮૯૭ની સાતમી ચોપડી જોવી-જુઓ પૃષ્ઠ ૨. લીટી ૩-૪-ચોપડીમા એન્ને એક ઠેકાણે આગળી રાખવી નહિ; કેમકે બગડે. માંહેથી પાનાં ફાડવા નહિ—આ વાક્યના જોડકામાં—" તમારે, " " તે " ને " તમારે " અધ્યાહાર છે. વ્યાકરણના સામાન્ય નિયમો સાધારણ રીતે બધી ભાષામા એક સમાન હોવા જોઇએ. સંસ્કૃત, ઈંગ્રેજી, ફારસી, આદિ ભાષામાં આજ્ઞાર્થ સિવાયનાં વાક્યો ઘણું કરીને કર્તા સિવાય આવતા ન હોય તોપણ "ગુજરાતી ભાષા" માં આવો અપવાદ રાખવો તે અમને યોગ્ય જણાતું નથી. પૃષ્ઠ ૫.—લીટી ૮-૯ તેમા તેની આંખ ફૂટી ને કાણો થયો, તેથી તુમેતુમ પાડવા માટે-જુઓ આ વાક્ય ત્રિપુટીમા ને કાણો થયો-એ સહગામી સ્વતંત્ર વાક્ય છે. " તેની આખ ફૂટી " એમાં કર્તા " આંખ " છે; પરંતુ " કાણો થયો " એનો કર્તા ક્યાં પાડ ? " તે કાણો થયો " એમ જ્યા સુધી લખવામા અથવા બોલવામાં આવે નહિ ત્યાં સુધી શુદ્ધ ભાષા બાળક શિખ્યો છે એમ કદી પણ કહેવાય નહિ. " કાણો થયો " એ વાક્ય ત્રીજા ધોરણના વિદ્યાર્થીને વાક્યપૃથક્કૃતિ માટે આપવામાં આવે તો, તે તો એમ કહેશે કે " કાણો " એ " કર્તા " અને " થયો " એ ક્રિયાપદ કેટલાંક વાક્યોમા કર્મ અધ્યાહાર હોય છે. પૃષ્ઠ ૪ લીટી ૮-" મહારાજ મેં નવી સાધી" આ વાક્યમા " ખોચડી " અથવા " તે " એ અધ્યાહાર છે. વ્યાકરણની આવી અનિયમિતતા તો ગુજરાતી ભાષામાજ જોવામાં આવે છે. ક્રિયાપદ એ વાક્યનું ભરતકરૂપ અને કર્તા ને કર્મ એ હાથપગ રૂપ છે. કર્તા ને કર્મ વિનાનું વાક્ય હાથપગ વિનાના મનુષ્ય જેવું ઉપયોગી થઇ પડે છે. નવી ગુજરાતી બીજી ચોપડીમાં આ દોષ પુનરુક્ત ન થાય તે માટે કમિટિએ ધ્યાન રાખવાની જરૂર છે.

किरातार्जुनीय काव्यनुं गुजराती भाषान्तर.



આપણા વખતથી સંસ્કૃત ભાષાના અભ્યાસી વિદ્યાર્થીઓને માટે ટેકરૂપ ખૂબ તરિકે પ્રસિદ્ધિ પામેલાં પાંચ કાવ્યોમાનું આ ત્રીજું કાવ્ય છે. આ કાવ્યો તો રઘુ, કુમાર, કિરાત, માઘ અને નૈષધ છે અને તે દરેક તેના એક એક વિશેષ લક્ષણથી ઓળખાય છે. જેમકે રઘુ અને કુમારમાંની ઉપમા, કિરાતનું અર્થગૌરવ, નૈષધના પદોની મધુરતા, અને માઘમા એ સઘળા ગુણો છે આ બધાં કાવ્યોની ટીકા શ્રીમલ્લિનાથ સૂરિએ કરેલી છે, તે વિદ્વાન આ કાવ્યની ટીકા કરતાં લખે છે કે—

" नारिकेलफलसम्मित यद्यो भारवे. स्पादे तद्विमन्यते "

ભારવિ કવિનુ વચન નાળિયેર જેવુ છે, હવે હું તેને કેવું છું—અર્થાત્ તે બારે અર્થવાળાં વચનોને સ્પષ્ટ કરૂં છું. " મતલબ એ છે કે આ કાવ્ય એક કઠણ કાવ્યની પંક્તિમાંનું છે. મોરબંદર તાલુકા રહેવાસી રા. હરિલાલ બાપાએ એવા ગ્રંથનુ ભાષાન્તર કરીને તેનો અભ્યાસ કરનારાઓને બહુજ સુગમતા કરી આપી છે, એમા સંશય નથી. કેવળ ભાષાન્તરજ નથી કર્યું, પણ દરેક શ્લોકના પદ ઉપર તેના ગર્ભિત દર્શક આકારાંકો મૂકી તે અંકને અનુસરી શબ્દાર્થ લખી આખરે અર્થને બતાવનારા પાઠો લખ્યા છે કે જેથી કરી શબ્દોનો શો અર્થ થાય છે તે પણ વાંચનાર બરોબર કરી શકે. વિશેષમા દરેક શ્લોકમા કયો અર્થ: કાર છે, અથવા બીજી શી ખુબી રહેલી છે તે પણ શ્રીમલ્લિનાથની ટીકાને અનુસરીને બતાવેલું છે.

આ ઉત્સાહી ગૃહસ્થે પહેલા રઘુવંશનું પણ ભાષાન્તર કર્યું હતુ અને તે પણ ગુ. ચ. સોસાયટીએ પ્રસિદ્ધ કર્યું છે તે પુસ્તક તમણે ગુજરાતી કવિતામા લખ્યું હતું જેથી અર્થ સમજવા ઇચ્છનારને આ પુસ્તક જોઇતી સુગમતા તેમા ન હોઇ તે દેખાતુંજ છે. આ પુસ્તકને અમે તેના કરતાં વધારે પસંદ એટલા માટેજ કરીએ છીએ કે સામાન્ય વાચનારને તેમ સંસ્કૃત ભાષાના અભ્યાસીને પણ આ સરખી રીતે ઉપયોગી છે. કવિતા રચવાને ચાહનારા તરફોને તો અમે ખાસ ભલામણ કરીએ છીએ કે તેમણે આ જૂના સંસ્કૃત કવિઓની કવિતા વાચવી અને પછી પોતે તેવી કવિતા રચવાનો અભ્યાસ કરવો એ વધારે ઇચ્છવા યોગ્ય છે. રા. હરિલાલ ના આવા શ્રમ માટે અમે તેમની પ્રશંસા કરીએ છીએ.

केळवणी विषे हिंदी सरकारनो ठराव.



(બાકીનો ગયા અંકથી આગળ)

પ્રાથમિક શાળાઓનો અભ્યાસક્રમ —સામાન્ય રીતે વાંચન, લેખન, અને

અંકગણિતનો અભ્યાસક્રમમાં સમાવેશ થાય છે. દેશના કેટલાક ભાગમાં થોડો વખત થયાં ફિન્ડર્ગાર્ટનપદ્ધતિ અને પદાર્થપાઠના વિષય દાખલ કર્યા છે જ્યાં એ નવીન પદ્ધતિ અને વિષય ઉત્તમ શિક્ષકોના હાથમાં હોય છે, જ્યાં પરદેશી સાહિત્યોના ઉપયોગને બદલે દેશી સાહિત્યોનો ઉપયોગ થાય છે, જ્યાં દરરોજના પરિચિત વિષયોપર પદાર્થપાઠ અપાય છે, ત્યાં શિક્ષણ ઘણું રસિક થઇ હિતકારક થાય છે, અને છોકરાંની અવલોકનશક્તિ તથા બુદ્ધિ ખીલાય છે. મુંબાઇ અને મદ્રાસમાં એ વિષે જે અનુભવ મળ્યો છે તેને અનુસરીને બંગાળામાં યોજના ઘડાય છે. એ વિષય અને પદ્ધતિ પર પંજાબમાં એક પુસ્તક રચાય છે. હિંદુસ્તાનની સરકાર એ પદ્ધતિનો વિશેષ ફેલાવો જોવાને આતુર છે, પણ શિક્ષકો યોગ્ય હોય ત્યાંજ એનો ફેલાવો કરવા માગે છે. એથી હિંદુસ્થાનના લોકોની બુદ્ધિમા જે સ્વાભાવિક દોષ છે તે કેટલેક અંશે દૂર થશે; માત્ર સ્મરણશક્તિજ કેળવાશે નહિ પણ અવલોકનશક્તિ કેળવાઇ વિચારપૂર્વક તર્ક કરવાની ટેવ પડશે.

ગ્રામ્ય પ્રાથમિક શાળાઓ—મુંબાઇમાં એ શાળાઓ માટે અભ્યાસક્રમ જૂદોજ છે. મધ્ય પ્રાંતમા એવી નિશાળોનો વખત સામાન્ય નિશાળો કરતાં અર્ધો રાખ્યો છે. ત્યાં ખેડુતના છોકરાને સવારે શિક્ષણ આપવામાં આવે છે, કે બાકીના વખતમાં તેઓ ખેતરમાં ધંધે વળગી શકે. આ પદ્ધતિ બીજે સ્થળે પણ અનુકરણ કરવા યોગ્ય છે. મધ્યપ્રાંતમાં તે ફ્લેહમંદ નીવડી છે. પંજાબમાં પણ તેની અજમાયશ કરવામાં આવી છે અને તે સફળ માલમ પડી છે. ગ્રામ્યશાળાનો ઉદ્દેશ ખેડુતનાં છોકરાંને ખાસ ખેતીનું જ્ઞાન આપવાનો નથી; પણ એવી કેળવણી આપવાનો છે કે તેથી તેઓ બુદ્ધિમાન ખેડુત નીવડે, તેમની અવલોકન અને પ્રયોગ કરવાની શક્તિ તથા બુદ્ધિ કેળવાય, અને વ્યવહારમાં જમીનદારને ગણોત આપતાં કે કણોગાને અનાજ વેચતા ન ફસાય નહિ. તેમની વાચનમાળાની ભાષા ઘણી સાદી અને વિષયો ખેતીને લગતા જોઇએ. વ્યાકરણની મુખ્ય મુખ્ય બાબતોજ તેમને શિખવવી જોઇએ. અંકગણિતની માત્ર દેશી પદ્ધતિનુંજ જ્ઞાન આપવું જોઇએ, અને બાગનો નકશો તથા હિસાબને લગતાં પત્રકો શિખવવા જોઇએ. આથી નિશાળ છોડતા પહેલાં દરેક છોકરાને બાગના હિસાબની માહિતી મળશે અને ખેડુતને જમીનદાર સાથેના વ્યવહારનું પૂરું જ્ઞાન મળશે.

માધ્યમિક (સેકન્ડરિ) નિશાળો—પાછલાં ૨૦ વર્ષમાં આ નિશાળોની સંખ્યા ૩,૯૧૬ થી વધી ૫, ૪૯૩ થઇ છે અને છોકરાની સંખ્યા ૨,૧૪,૦૭૭ થી વધી ૫,૫૮,૩૭૮ થઇ છે. સરકારી તેમજ બાનગી 'ગ્રેડેડ' (ગ્રાન્ટ મળતી હોય તેવી) કે 'અનગ્રેડેડ' (ગ્રાન્ટ ન મળતી હોય તેવી) શાળામાં કેળવણી સંગીન મળવી જોઇએ; એમ દેશના હિતની ખાતર સરકાર ધારે છે, તેથી તેમના સંબંધમાં નીચેની બાબતો વિષે ખાતરી કરવા માગે છે—૧. તે જરૂરની છે, ૨. તે ચલાવવા માટે હમેશ નીભે એવું પૂરતું ફંડ છે, ૩. તેના ઉપર દેખરેખ રાખનાર કાર્યમંડળી પ્રતિષ્ઠિત માણસની બનેલી છે, ૪ તેમાં યોગ્ય ધોરણ પ્રમાણે યોગ્ય શિક્ષણ અપાય છે, ૫. ગ્રિષ્યની કેળવણી, તનદુરસ્તી, રહેણી, અને કમરત માટે તેમાં યોગ્ય વ્યવસ્થા છે, અને ૬, તેમાં ફી લેવાય છે તે જોટલી બની જોઇ નથી કે તેને બીજી નિશાળો સાથે સ્પર્ધા કરવામાં અયોગ્ય લાભ મળે. આ શરત બરાબર પળાતી હશે તેવીજ નિશાળોને સરકાર માન્ય કરશે; અને સરકારે માન્ય કરેલી નિશાળોમાંથીજ

સરકારી રહેમનજીર માટે છોકરાઓને રવાના કરવા દેવામાં આવશે. વળી વિશ્વવિદ્યાલયમાં દાખલ થવાની પરીક્ષામાં ખરેખર ખાતરી રીતે નીચેના છોકરાઓને કે સરકારે માન્ય કરેલી નિશાળોમાંનાજ વિદ્યાર્થીઓને બેસવા દેવામા આવશે. આથી અભ્યાસિક નિશાળોની સ્થિતિ સુધરશે.

ધર્મ અને નીતિ સંબંધી કેળવણી—' ઓડ્ર ' નિશાળોમાં ધર્મ અને નીતિ વિષે જે કેળવણી આપવ છે તેમાં સરકાર માથું મારતી નથી; પણ પોતાની નિશાળોમાં એવી કેળવણીથી દૂર રહેવાની સરકારની દૃઢ રાજનીતિ છે. એવી કેળવણીને અમારે ઉછરતી પ્રજામાં પૂજ્યબુદ્ધિનો અભાવ જોવામા આવે છે તે અનિષ્ટ પરિણામથી, નીતિગ્રન્થ શિખવવાથી નહિ, પણ નીચેના કારણોથી દૂર રહી શકાય છે—૧. સારી કેળવણી અને સુનીતિ ઉપર લક્ષ આપી પસંદ કરેલા શિક્ષકોની સત્તા, ૨. શાળામાં ઉચ્ચ પ્રકારની અવસ્થા, ૩. સુવ્યવસ્થિત બોર્ડિંગની સંસ્થા, ૪ સારા પુસ્તકો, તેમાં મુખ્યતે ચરિત્રોના પુસ્તકો, કેમકે તેમાંથી દૃષ્ટાન્તથી શિક્ષણ મળે છે, ૫. હમેશના કામના કલાકમાં શિક્ષક અને શિષ્ય વચ્ચે ઐક્યભાવ

પ્રાથમિક નિશાળોમાં દેશી ભાષા—પ્રાથમિક શાળાની કેળવણી પદ્ધતિમાં અંગ્રેજી ભાષાનું શિક્ષણ આપવું ન જોઇએ અને અપાતું પણ નથી. જ્યાંસુધી રક્ષકભાવું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થયું નથી અને કેટલુંક પ્રાથમિક શિક્ષણ મળ્યું નથી, ત્યાંસુધી બાળકને સામાન્યરીતે અંગ્રેજી શીખવાનું રહેવું જોઇએ. તેમજ અંગ્રેજી શીખવા માંડ્યા પછી બીજા વિષયનું શિક્ષણ આરંભમાં કે યોગ્ય સમય પહેલા અંગ્રેજીદ્વારા આપવું ન જોઇએ. હિંદુસ્તાનની બધી નિશાળોમાં છોકરાઓ શબ્દ, શબ્દસમૂહ, કે વાક્યોના અર્થો સમજવા પહેલાં જોખે છે તેનું કારણ બહુધા યોગ્ય સમય પહેલા અંગ્રેજીના બીજા વિષયો શિખવાય છે તેજ છે. સાધારણ રીતે 13 વર્ષની વયે અંગ્રેજીદ્વારા અન્ય વિષયો શિખવવા શરૂ કરવા જોઇએ, સ્વભાષાનો અભ્યાસ માધ્યમિક શાળામા છેક છેવટના ધોરણ સુધી જારી રાખવો જોઇએ, અને કોઈ પણ શિષ્યને એ અભ્યાસ છોડવા દેવો ન જોઇએ. આમ કર્યા વિના દેશી ભાષાની ઉન્નતિ થશે નહિ.

સ્ત્રીકેળવણી—પુરુષકેળવણી કરતાં સ્ત્રીકેળવણીથી સમગ્ર પ્રજાની પુષ્ટિ અને નીતિ સુધરે છે. આ વાત લક્ષમાં રાખી સરકાર સ્કોલરશિપ આપીને કે ફી ઓછી રાખીને સ્ત્રીકેળવણીને ઉત્તેજન આપે છે. સ્ત્રીકેળવણી હજી દેશમા બહુ ઓછી પ્રચલિત છે. ૧૯૮૬-૯૭ માં કેળવણી લેતી સ્ત્રીઓની સંખ્યા સોંકડે ૧ પર હતી તે ૧૯૦૧-૦૨ માં ૨.૪૫ થઇ છે. આ પ્રમાણે વૃદ્ધિ બહુ ધીમી છે. સરકાર સ્ત્રીકેળવણીનો વિશેષ ફેલાવો કરવા હાલ જે ઉપાયો લે છે તે આ છે ——૧ અજ્ઞાનને દયજે કેળવ પ્રતિની ઊંડાણની પ્રાથમિક નિશાળો સ્થાપવી, ૨. ટ્રેનિંગ શાળાઓની સંખ્યામા વધારો કરવો, ૩. હાલ જે ટ્રેનિંગ શાળાઓ છે તેને વિશેષ આશ્રય આપવો, અને ૪. ઇન્સ્પેક્ટ્રેસ (દેખરેખ રાખનાર કેળવણીકાર) ની સંખ્યા વધારવી. સરકારી નિશાળોમા અભ્યાસ કરતી બાળાઓનો લગભગ અર્ધાભાગ નિમ્ન (છોકરા-છોકરીની) નિશાળોમાં છે.

વિશ્વવિદ્યાલયની કેળવણી—કલકત્તા, મુંબાઇ, અને મદ્રાસનાં વિશ્વવિદ્યાલયે

લંડનના વિશ્વવિદ્યાલયને આધારે ચાલ્યાં છે. પ્રથમ જેમ લંડનનું વિશ્વવિદ્યાલય પરીક્ષા જ પહી આપવાનું જ કામ કરતું તેમજ આ વિશ્વવિદ્યાલયોમાં થાય છે. પણ હાલ લંડનના વિશ્વવિદ્યાલયે શિક્ષણનું કામ પણ માથે લીધું છે. અહીંના વિશ્વવિદ્યાલયના બંધારણમાં તેમજ પદ્ધતિમાં યોગ્ય સુધારો કરવા બે વરસ ઉપર હિંદુસ્તાનની સરકારે વિ ઓનરેબલ મિ. ટિ. રેલીના પ્રમુખપણા નીચે એક કમિશન નીમ્યું હતું, અને તેની સૂચના તેમજ સ્થાનિક સરકારના અભિપ્રાયને આધારે સરકારને સુધારો કરવાની જરૂર જણાઈ છે.*

યુરોપીઅનો યુરેઝીઅનો માટે હિંદુસ્તાનમાં ૪૦૦ થી વધારે શાળાઓ છે અને તેમાં આસરે ૩૦,૦૦૦ શિષ્યો ભણે છે. આ શાળાઓનું એકંદર વાર્ષિક ખરચ ૪૨ લાખ થાય છે, તેમાં ૮ લાખ સરકાર આપે છે. એ નિશાળોના શિક્ષકો માટે અલ્લાહાબાદમાં એક ટ્રેનિંગ કૉલેજ સ્થાપવાની છે.

રાજકુમારો માટે કૉલેજો.—અગાઉની કૉલેજો અજમેર, રાજકોટ, અને લાહોર એ ત્રણ સ્થલે છે, તેમાં પાશ્ચાત્ય પદ્ધતિને આધારે રાજકુમારોને તનની, બુદ્ધિની, અને નીતિની કેળવણી આપવામાં આવે છે. એ પદ્ધતિમાં સુધારો કરવાની ઘણી જરૂર છે. ઉંચી પ્રતિના શિક્ષકો રાખવા જોઇએ, તેમની સંખ્યા વધારવી જોઇએ, અને શિક્ષણ ઉંચા પ્રકારનું કરવું જોઇએ. આ સૂચના રાજકુમારોએ ખુશીથી સ્વીકારી છે અને થોડા વખતમાં યોગ્ય સુધારો થશે.

કળા કેળવણી.—કળાને લગતી કેળવણી આપવાની વિદ્યાર્થીઓ ઇજનેર, ઓવરસીયર, માપણીદાર, બીજણીનું કામ કરનાર, મકેસુથી અગત્યનાં હથિયાર, યન્ત્ર ચલાવનાર, શિક્ષક, અને રેલ્વેનાં કારખાનાં, રૂના પ્રસંગો, તથા બાગોમાં કામ કરનાર તરીકે સમર્થ થાય છે આ કેળવણી માટે રંગુન, કૃષ્ણા, સિબ્બપુર, અને મદ્રાસની ઇજનેરી કૉલેજો, મુંબાઇનું કલાભવન (ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ), અને જબલપુરની ઇજનેરી શાળા છે. હિંદુસ્તાનના હુન્નરોગોમાં સુધારો કરવામાં અગ્રેસર થઇ શકે માટે સરકારે ઉત્તમ વિદ્યાર્થીઓને પસંદ કરી તેમને સંપૂર્ણ કેળવણી મેળવવા યુરોપ કે અમેરિકા મોકલવા સ્કૉલરશિપો સ્થાપી છે. જાપાન અને સિયામમાં એવી રીતે વિદ્યાર્થીઓને પરદેશ મોકલવાથી જે લાભ થયો છે તેના અનુભવથી આ દેશને પણ લાભ થયા વિના રહેશે નહિ એવી આશા રાખવામાં આવે છે.

સ્કૂલ ઑવ્ આર્ટ (ચિત્રકામ, તસવીર, અને બીજા હુન્નરોની શાળાઓ)—બ્રિટિશ હિંદુસ્તાનમાં મદ્રાસ, મુંબાઇ, કલકત્તા, અને લાહોર એ ચાર સ્થલે આ જાતની સ્કૂલો છે. એમાં કેવા પ્રકારની કેળવણી આપવી જોઇએ તે વિષે હાલ થોડાં વર્ષ થયાં ઘણી તકરાર ચાલે છે. હિંદુસ્તાનની સરકારનો એવો અભિપ્રાય છે કે દેશના હુન્નર અને ઉદ્યોગોને ખિલવવા એ સ્કૂલ ઑવ્ આર્ટનું ખરું કર્ત્તવ્ય છે અને એ કર્ત્તવ્ય ન કરે તો તેની સ્થાપનાનો ખરો હેતુ સફળ થયો નહિ.


(અપૂર્ણ.)

---

* હાલ એ સબંધી એક એક્ટ વાઇસરાયની ધારાસભાએ પસાર કર્યો છે અને હિંદુસ્તાનના સેક્રેટરી ઑવ્ સ્ટેટની સંમતિથી તે પસાર થશે.

ગાયકવાડ સરકારનું દેશી કેળવણીખાતું.

(વટહુકમો.)



વટહુકમ નંબર ૩૬.

દફ્તર (રિકાર્ડ) ની વ્યવસ્થા સંબંધી નિયમની પુરવણી પ્રસિદ્ધ થતા સુધી વટહુકમ નં ૨૪ તા. ૧૮-૧-૧૯૦૪ થી કાગળોનો નાશ નહિ કરતા બાકીમાં રાખવા ફરમાવેલું છે, તે હુકમને બાબત તારીખ ૨૧-૪-૦૪ ની બ્રાંચપત્રિકા પૃષ્ઠ ૩૧૩ ઉપર પ્રસિદ્ધ થયેલા પુરવણી નિયમથી ખુલાસો થયેલો છે તે નીચે પ્રમાણે.-

પુરવણી નિયમથી થયેલા ખુલાસા બાબત

અનુક્રમ નં ૧૨.	કાગળનું નામ.	કાઢવાની મુદત.	કયે કાઢવાના.
૧	શાળાના, જલાના વર્ગના તથા વસતિગૃહોના પાચમા અને તે ઉપરાંતનાં ધોરણોનાં પરીક્ષા તથા પરિણામપત્રકો.	પંદર વરસ.	બાતમાં આવતાં આવાડીઆ પત્રકો.
૨	રપેજિસ્ટર ઇન્સ્પેક્શનની પરીક્ષા તથા પરિણામ પત્રકો.	,,	
૩	હાજરાતનું વાર્ષિક રજીસ્ટર.	,,	
૪	બક્ષિસ સમારંભ સંબંધી કાગળો.	દશ વરસ.	
૫	પરીક્ષાના અજ્ઞાનપત્રની નકલો.	પાંચ વરસ.	
૬	સર્ટીફીકેટની નકલો.	સદર.	

આ સિવાય ઉપર બતાવેલા વટહુકમમાં જણાવેલી નીચે પ્રમાણે બાબતોઃ—

વર્તમાન પત્રો, પ્રદર્શન સંબંધી કામો તથા ‘હરીફાઇ વિષય પ્રસંગને લઇને કાઢવાનો માટે બાબતોને રદ્દનો હુકમ અગર ઠરાવ, એ વગે. બાકીના કાગળો માટે નિયમમાં જણાવ્યા પ્રમાણે તજવીજ કરવાની છે.

સદરહુ પુરવણી નિયમની ઇલાયથી પ્રતો છપાયેથી પરભારે જે તે શાળા તરફ મોકલવા બાબત તે ખાતા તરફથી તજવીજ થશે. તા. ૧૧ માહે જુલાઈ સને ૧૯૦૪

પુરવણી નિયમો પરભારે જે તે શાળા તરફ આવશે.

L. B. P.

J. A. DALAL,
વિદ્યાધિકારી.

શ્રી.

વટહુકમ નંબર ૩૯.

કેટલાક માસ્તરો વગેરે લખાણનાં પેરેગ્રાફ (ફકરામના) ના નંબર નાખતા નથી તેમ પેરેગ્રાફનો ટુંકામા સાર પેરેગ્રાફની બાજુએ લખતા નથી. સબબ આ વટહુકમથી જણાવવામા આવેછે કે ગમે તે તરફના દરેક લખાણમા, પેરેગ્રાફ (ફકરામ) પાડી લખાણ કરવાનું તથા તે દરેક ફકરામ ઉપર નંબર નાંખવાનું તથા તે દરેક ફકરામનો તેની ડાબી બાજુએ ટુંકમાં સાર લખવાનો રિવાજ રાખવો તા. ૧૭ જુલાઇ સને ૧૯૦૪ મુ. મહેસાણા.

દરેક લખાણમા પેરેગ્રાફ પાડી તેને અનુક્રમ નંબર નાખવા વિગેરે બદલ.

દલસુખ.

J. A. DALAL.
વિદ્યાધિકારી

શ્રી.

પ. જા. નં. ૮૧૪

વટહુકમ નં. ૪૦.

શાળાઓમાં મહેકમ આપવા સંબંધેના નવીન સ્કેલ ૨૬ થઇ પ્રથમના મુખ્ય ગ્રેડ એટલે નિબંધ ૧ મા જે ગ્રેડ આપેલા છે તે ગ્રેડ લાગુ કરવાનું હજુર હુકમ નં. ૮૧ તા. ૧૧-૭-૦૪ થી કરેલું છે માટે હાલ જે મહેકમ અને તેના પગાર નવીન સ્કેલ પ્રમાણે છે તે ન રહેતા વિદ્યાર્થીની સંખ્યાને અનુસરી મુખ્ય ગ્રેડ પ્રમાણે પગાર અને મહેકમ રાખવાનું છે માટે જે તે શાળાના મુખ્ય શિક્ષકે મુખ્ય ગ્રેડ પ્રમાણે મહેકમ વિગેરે રહેવા સારૂ કેળવણીથી થતા ફાયદા વિગેરે સમજાવી સંખ્યા વધારવા તજવીજ કરવી અને જનતા સુધી મુખ્ય ગ્રેડ પ્રમાણે મહેકમ રાખવું તા. ૨૭ માહે જુલાઇ સન ૧૯૦૪. મુ. મહેસાણા

મુખ્ય ગ્રેડ પ્રમાણે શિક્ષકો વિગેરે રહેવા વિદ્યાર્થીની સંખ્યા વધારવા બાબત.

J. A. DALAL
વિદ્યાધિકારી.

સંવત ૧૯૬૰ ના આસો. ૧૧૧

ઓ.

સૂચના. ફ ખા. નં. ૧૧૨૨.

કડી પ્રાંતની તીજોરીઓના મહાલના રહણ સિવાયની સર્વે સ. મુ. વિદ્યાર્થીઓના મુખ્ય શિક્ષક તરફ.

સલામ દિલ્હર--મહાલોજાથી ખબર કરી બતાવી કડી પ્રાંતના કેટલાક મહાલના મદદનીશોને પગાર મળતો નથી માટે હાલ પરતપણીઆ સારૂ મે. સ. ચદ્વિચદ્વાર સાહેબો મોકલે ત્યારે મદદનીશ થવા અરજદાર આ. બા. વિદ્યાધિકારી સાહેબની ચીઠી નં. ૨૬૫ તા. ૨૭-૨-૦૪ ની મે. દિ. બા. મહાલાનિદાસ સરસુબા સાહેબ તરફ ગયા ઉપરથી તેઓ સાહેબે અરજદારને થવા મે.આ. બા. કડી પ્રાંતના સુબા સાહેબ તરફ આ. સ. વ ૫૩. આ. નં. ૧૧૮૨ તારીખ ૨ ફેબ્રુઆરી સન ૧૯૦૪ નો કાગળ કરી મોકલેલો તે ઉપરથી આપ આ. બા. વિદ્યાધિકારી સાહેબના કાગળ નં ૧૧૨ તા ૧૪-૩-૦૪ થી આ તરફ આવ્યો છે તેનો ઉતારો પ્રાંતના તમામ શિક્ષકોની જાણ માટે આ નીચે આપવામા આવે છે.

* * * *

મે. આ. બા. કડી પ્રાંતના સુબા સાહેબ.

ઉપરના સબબાબતે સિદ્ધપુર, વિસનગર અને ઈડરીઆ મહાલના વિદ્યાર્થીના મદદનીશોને સવારોની અડચણથી પગાર તારીખ ઉપર પહોંચાડી શકાતા નથી, તે પરતણીઆથી પહોંચાડવાની મોકલણ થતા અને સવારો પરત મળતા સુધી તેમ કરવા મે. આ બા. વિદ્યાધિકારી સાહેબનું લખવું છે. આ પ્રમાણે દૂરના પગારના નોકરોને વખતસર પગાર ન મળવો દરમ્યાન અડચણ જેવું છે નિમાય, હવાલદારે, રખા, તરતણીઆ વિગેરે જેમના સારૂ મોકલવાનો અવડ આવે તેમની સારૂ પગાર મોકલવાનો મદદનીશ થવા મહાલોમાં આપના તરફથી લખાણ કરવા મે. થી બનું ગામ પૈસા સુરક્ષિતરીતે જેને જેને પહોંચે તે માટે કોઇ હાલમ પાસે બચ્ચારે રકમ ન આવવા વગેરે માટે જોઇતી દક્ષતા રહેવા મહાલોમા સુચના કરશો.

* * * *

ઉપર પ્રમાણે થયેલા મદદનીશ મુજબ પગાર મંગાવવાની જોગવાઇ તેમના તરફની તજવીજ રહેવા લેખમે તા ૨૬ ઓગષ્ટ સન ૧૯૦૪ મુ વીસનગર.

પુ. બે. Chhaganlal T. Modi,
કેળવણી ઇન્સપેક્ટર પ્રાંત કડી.

देशी केळवणीखातानी मराठी शाळाओ माटे लायब्रेरी खाते राखवासारु माहे मे अने जुन सने १९०४ सुधीमां नीचे जणावेला मराठी पुस्तको मंजुर करवामां आव्या छे.

अनुक्रम नंबर	पुस्तकनु नाम.	कर्त्तानु अगर प्रगट करनारनु नाम	किंमत रु	आ	पै	रिमार्क
३९१	मराठी भाषेची लेखन पद्धति	शकर रामचद्र हतवलणे सतारा फर्स्ट आसि डेप्युटी अॅज्यु इन्सपेक्टर.	१	०	०	
३९२	तरुण मुलांस उपदेश पर व्याख्याने	डॉ. पावाजी बाजी पवार चापानेर दरवाजा नजीक, वडोदरा.	०	४	०	

ता. १ माहे जुलाई सन १९०४

J A. DALAL

विद्याधिकारी.

ध्यक्षुध्य

L B P.

देशी केळवणीखातानी मराठी शाळाओ माटे इनाम खाते राखवासारु माहे मे अने जुन सन १९०४ सुधीमां नीचे जणावेला मराठी पुस्तको मंजुर करवामा आव्या छे.

अनुक्रम नंबर.	पुस्तकनु नाम	कर्त्तानु अगर प्रगट करनारनु नाम	किंमत रु	आ	पै	रिमार्क.
३३९	मराठी भाषेचा लेखन पद्धति	शंकर रामचद्र हतवलणे सतारा फस्ट आसि डेप्युटी एज्यु इन्सपेक्टर	१	०	०	
३४०	इनफट क्लासाकरितां अर्थात् शिशुवर्गाकरिता गणी भाग १ ला.	सीताराम विठ्ठल तरवडेकर मराठा स्कूल न. १ नजीक वडोदरा	०	१	०	

૧૪૧	સ્મરણ મુલાંક ઉપદેશપર વ્યાખ્યાને.	બૌ. બાલાજી બાજી પવાર વડોદરા ચાપલેર દરવાજા નજીક.	૦	૪	૦

તા. ૨ માહે જુલાઈ સન ૧૯૦૪.

L. R. P. J. A. DALAL,

ઉપમુખ. ચિત્રાધિકારી.

કેસરી કેળવણીખાતાની ગુજરાતી શાળાઓ માટે લાયબ્રેરી માતે રાખવા સારૂ માહે મે અને જુન સને ૧૯૦૪ સુધીમાં નીચે જણાવેલાં પુસ્તકો મંજુર કરવામાં આવ્યાં છે.

અનુક્રમ નંબર.	પુસ્તકનું નામ.	કર્તાનું અગર પ્રગટ કરનારનું નામ.	કિંમત. રૂ.	આ.	પૈ.	વિગત.
૫૮૭	આરોગ્યતા પાઠ પોથી ભા. ૧ લો.	નવરોજી કેરાવાલા હેસાબ નવસારી	૦	૪	૦	
૫૮૮	જમતનો અર્વાચીન ઇતિહાસ.	કમિશનરાબ ગૌરીશંકર બી. એ ગુજરાત વર્નાકયુલર સોસાયટી અમદાવાદ.	૨	૦	૦	
૫૮૯	વ્યાયામ મીમાંસા.	નારાયણ ગોરધન ઠાકર. વડોદરા શાળાઓની ચોપડી.	૩	૦	૦	
૫૯૦	સ્વર પ્રસ્તાર.	શિવરામ સદાશિવ મનોહર પ્રીન્સીપાલ બૉમ્બે મોલાનક્ષ ન્યુરીક રસુલ બારીજ માલ ગીરમામ. બૅકરોડ. મુબાઇ	૧	૦	૦	ગાયનશાળાઓ માટે.
૫૯૧	કેસાબિકાનું જીવન ચરિત્ર.	નગીનદાસ પુરૂષોત્તમદાસ એંધવી અમદાવાદ. સાકડીશેરી	૪	૦	૦	
૫૯૨	શિક્ષાપત્ર.	નાથાલાલ કરગોવિંદ શાહ વડોદરા નરસિંહજીની પોળ	૧	૦	૦	
૫૯૩	કિન્ડરગાર્ટન ગુજરાતી ચાર ભાગ સચિત્ર પેકે	ગોપાળજી કલ્યાણજી દેસાઇ વાડાકર કચ્છસબારી મુંબાઇ.	૦	૨	૦	

	સી ચોપડી.				
૫૯૪	સદર સચિત્ર. મૂળ ભા-ગ.	સદર.	૦	૪	૦
૫૯૫	શ્રી બાળબોધક રાગા-મણ.	મહાશંકર લલ્લુભાઇ ભટ્ટ વડો-દરા નરસિંહજીની પોળ.	૦	૬	૦
૫૯૬	હુન્નર મહાસાગર.	બાબુ ગંગાબાબુ પ્રાણશંકર યાજ્ઞિક હેડમિસ્ટ્રેસ વિક્ટોરિયા ગર્લ્સસ્કુલ. માણસા.	૨	૮	૦
૫૯૭	જ્ઞાનચક્ર પુસ્તક ૫ મું	રતનજી ફરામજી શેઠના અબ-દુલ રહેમાન સ્ટ્રીટ નંબર ૩૪૫ મહારકોટ મુંબાઇ	૩	૦	૦
૫૯૮	ભક્તિપોષણ.	વિઠ્ઠલ રાજારામ દલાલ ઓ-નરરી આમિ. સેક્રેટરી ટુ પં-ડીત શ્રી. ગટુલાલજી મેમોરીયલ ફંડ. ભૂલેશ્વર મુંબઇ.	૦	૨	૦
૫૯૯	મહાભારતમાંની વાર્તાઓ	વનમાળી વિઠ્ઠલ હેમચંદ પેટલી સુતારગલી સીપી ટેન્ક રોડ મુંબાઇ.	૦	૬	૦
૬૦૦	પદ્યપાઠ ૧ લો.	આનંદજી તારાચંદ પુનાતર જામનગર.	૦	૧	૬
૬૦૧	સદર ભા. ૨ જો.	સદર.	૦	૨	૦
૬૦૨	સદર ભા. ૩ જો.	સદર.	૦	૨	૬

તા. ૪ માહે જુલાઇ સને ૧૯૦૪. J. A. DALAL,

દલસુખ. વિદ્યાધિકારી.

દેશી કેળવણી ખાતાની ગુજરાતી શાળાઓ માટે માહે મે અને જુન સને ૧૯૦૪ સુધીમાં ઇનામ ખાતે રાખવા સારૂ નીચે જણાવેલાં ગુજ-રાતી પુસ્તકો મંજુર કરવામાં આવ્યાં છે.

અનુક્રમ નંબર.	પુસ્તકનું નામ.	કર્તાનું અગર પ્રકટ કર-નારનું નામ	કિંમત. રૂ.	આ.	પૈ.	રિમાર્ક.
૬૦૩	વ્યવહાર-ભાનુ	અંબાલાલ બેરેચર મોદી પેટલાદ વિભાગ ડે. ઓ. ઇ. ઓરિસગા હારકૃ ા.	૦	૧	૦	

૧૦૩	આરોગ્યતા પાઠ પોથી ભા. ૧ લો.	નવરોજ ડોસાભાઈ દેસાઈ. નવસારી.	•	૪	•	
૧૦૫	જગતનો અર્વાચીન ઈતિહાસ.	જમિયતરામ ગવરીશંકર બી. એ. ગુજરાત વર્નાકયુલર સોસાયટી, અમદાવાદ.	૨	•	•	
૧૦૬	વ્યાયામ મીમાંસા.	નારાયણ મોરેશ્વર ઠાકર વકીલની પેઠ વડોદરા.	૩	•	•	
૧૦૭	સ્વર પ્રસ્તાર.	શિવરામ સદાશિવ મનોહર પ્રિન્સિપાલ બોમ્બે સંસ્કૃત પુસ્તકપ્રસારક ભારીઝ આલ્ બીરગામ બેકરોડ મુંબાઈ	૧	•	•	ગાયન શા ળા માટે
૧૦૮	ગિજરાતી ગુજરાતી વાંચનમાળા સચિત્ર પેટુલીયો પહેલી.	ગોપાળજી હરખજી દેસાઈ વામાકર ફનસવાડી મુંબાઈ.	•	૨	•	
૧૦૯	સદા સચિત્ર મૂળ બાળ	સદર.	•	૩	•	
૧૧૦	શ્રી બાલબોધક રામાયણ	મહાશંકર લલ્લુભાઈ મહે. નરસિંહ હજીરીપોળ વડોદરા.	•	૧	૦	
૧૧૧	હુન્નર મહાસાગર.	બાબુ ગંગાબાબુ માધુસંઘ ૨ બાંદ્રા ટ્રેડમિરટ્રેસ વિકટોરિયા બસ્સ રસ્તુલ બાંધુસા	૨	૮	•	
૧૧૨	સાનચંદ્ર પુસ્તક ૫ મું	રતનજી હસમજી શેઠના અનુક્રમ રહેમાન બીટ નં. ૪૪૫ મઝારોડ મુંબાઈ	૩	•	•	
૧૧૩	અક્ષિતોપજ્ઞ.	વિદ્વાન રામલાલ દલાલ ઓનરરી અસિ. સેક્રેટરી ફ પંડિત બી ગટુલાલજી મેમોરિયલહૉલ બૂલબજાર મુંબાઈ.	•	૨	•	
૧૧૪	બાળ રામાયણ.	વનમાળી વિદ્વાન હેમચંદ પહેલીમુનારમ્યાલીસીપીટે-કરોડ મુંબાઈ.	•	૪	•	
૧૧૫	મહાભારતમાંની વાર્તા ઓ.	સદર.	•	૧	•	
૧૧૬	પદ્મદંપાઠ ભા. ૧ લો.	આણંદજી તારાચંદ પુનાતર ભદ્રનગર	•	૧	૧	
૧૧૭	સદર ભા. ૨ જો.	સદર.	•	૨	•	
૧૧૮	સદર ભા. ૩ જો.	સદર	•	૨	૧	

દેશી કેળવણીખાતાની ઉર્દુ શાળાઓ માટે લાયબ્રેરી ખાતે રાખવાસારૂ આજે મે સને ૧૯૦૪ માં નીચે જણાવેલુ ઉર્દુ પુસ્તક મંજુર કરવામાં આવ્યું છે.

અનુક્રમ નંબર	પુસ્તકનુ નામ.	કર્ત્તાનુ અગર પ્રગટ કરનારનુ નામ	કિંમત. રૂ	આ	પા	રિમાર્કસ
૩	ચેમેનીસ્તાન.	ગોપાળ કૃષ્ણ સિવિલ જજ (પેન્શનર) અલવર સ્ટેટ રજપુતાના.	૦	૮	૦	

તા ૬ માહે જુલાઈ સન ૧૯૦૪ J. A. DALAL

દલસુખ L B.P વિદ્યાધિકારી.

દેશી કેળવણી ખાતાની ઉર્દુ શાળાઓ માટે ઈનામખાતે રાખવાસારૂ માહે જાનેવારી સને ૧૯૦૪ થી માહે જુન સને ૧૯૦૪ સુધીમાં નીચે જણાવેલાં ઉર્દુ પુસ્તકો મંજુર કરવામાં આવ્યાં છે

અનુક્રમ નંબર	પુસ્તકનું નામ	કર્ત્તાનુ અગર પ્રગટ કરનારનું નામ.	કિંમત. રૂ.	આ	પા	રિમાર્કસ
૧	હયાતેસર સૈયદ અહમદ	મુનશી હાજી અહમદહુસેન અનસારી ફોજદારી કલેક્ટર દાર અલીગડ.	૦	૨	૦	
૨	ચેમેનીસ્તાન.	ગોપાળ કૃષ્ણ સિવિલ જજ (પેન્શનર) અલવર સ્ટેટ રાજપુતાના.	૦	૮	૦	

તા ૬ માહે જુલાઇ સન ૧૯૦૪ J A. DALAL.

દલસુખ. L. B. P. વિદ્યાધિકારી

श्री .

८७

पदकरपे लखाण करवाना नमुना.

(पृष्ठ १०० थी चालु)

नमुनो नंबर ४९

फक्त रविवार अथवा सामान्य रजानां कचेरी बंध रहे छे त्यारे कोइपण जातना नोकरे अथवा हिंदुना तेहेवारमां कचेरी बंध रहे छे ते प्रसंगे हिंदुए पोतानी नोकरीनु ठेकाणुं अथवा हद छोडवानी परवानगी मेळववा बाबत.

परवानगी मागनार नोकरनु नाम, बापनु नाम, वटक, जात कचेरीनु स्थळ, होदो तथा पगार.	जे रविवार, तेहेवारमां कचेरीनु ठेकाणु अगर हद छोडवानु होय ते रविवार, अथवा तेहेवारनु नाम	वटक २ मा लखेला रविवार अथवा तेहेवारनी सामे		उपरी अमलदारे परवानगी आपवा बदलनो हुकम	शेरो
		नोकरीनु ठेकाणु अगर हद छोडवानी तारीख रात सन.	मुदत		
१	२	३	४	५	६

रवाना तरफ, तारीख माहे सन.

(सही) परवानगी मागनार नोकरनी.

समजूत:— जे नोकरने पोताना उपरीनी रूबरु परवानगी मेळववानी रावड होय तेणे आवी रीते पत्रक मरीने परवानगी मेळवबानी जरुर नथी.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्री

नमुनो नंबर ५०

ने जातना लोकोना सण तहेवारनी रजामां कचेरी बंध रहेती न होय तेवी जातना लोकोने तेमना सण तहेवारनी रजा भोगववानी परवानगी मळवा अथवा एवा लोकोए तेमना सण तहेवारनी मोंवदलानी रजा स्वतंत्र रीते मळवा अथवा पोताना सण तहेवारनी रजाने जोडीने मळवानी मंजूरी मेळववा बाबत.

रजा मागनार नोकरनु नाम, पोतानु नाम अटक, नोकरीनु स्थळ, होदो अने पगार.	रजा भोगववानी परवानगी मेळववारना जात	तहेवारनु नाम. आ तहेवारने रविवार तथा सामान्य तहेवारनी रजा जोडवानी होय तो ते तहेवारनु नाम आ तहेवारने पोताना तहेवारना मोंवदलानी रजा जोडवानी होय त्यारे अथवा फक्त मोंवदलानी रजा जोडवानी होय त्यारे किया सण तहेवारमां कइं तारीखे शुं जरुरीयात काम कर्युं तेनी हकीकत.	कोष्टक ३ मां बतावेला प्रकारना सामे दरेकनी तारीख अने मुदत.		नियमनो कोष्टक ३ मां बतावेला तहेवारनी रजानी तारीखो मुकरर थयेली छे? थयेली न होय तो ते तहेवारनी रजा ते तारीखे आपवानु कारण.	मोंवदलानी रजा जोडवानी होय तो रजा मागवानु कारण.	मोंवदलानी रजा जोडवानी मागे छे ते तहेवारमां कइ तारीखे कोना हुकमथी किंवु जरुरी काम कर्युं ते हकीकत अने आ रजा शिलक होवा बगेरेनी खातरी कर्याबदल कचेरीना जवाबदार नोकरनी सही तारीख, माघ सन.	तहेवारनी रजा माटे परवानगी आपनार तथा मोंवदलानी रजा मजूर करनार अमलदारनो हुकम.	शेरो.
१	२	३	४	५	६	७	८	९	१०
			रजा भोगववानी ता. मास, सन.	मुदत.					

रवाना तरफ. तारीख माहे सन

(सही) रजा मागनारनोकरनी.

समजूती—कोष्टक ३ मां बतावेला प्रकारमांनी रजा जोडीने अगर जोड्यावगर जोईती होय तेनेज आ नमुनो लागु छे. ए कोष्टकमां बताव्या शिवायनी रजा मागवाने अगर बीजा कोईपण प्रकारनी रजा जोडवाने माटे जे ते बाबत संबधे ठरेला नमुना प्रमाणे पत्रक भरवानु छे.
२ आ नमुनाने तात्कालिक रजाना नमुना नंबर ३९ नी समजूती १ ली लागु छे.

नमुना नंबर ५१.

(नियम ७९ पहा)

सरकारी नोकरीचे राजीनामे आणि ते मंजूर करण्याबाबत.

१	२	३	४	५	६	७	८	९	१०	११
राजीनामे देणाऱ्या व्यक्तींची नावे, वय, जात, मोक्याचे ठिकाण, दोषी असल्यास त्याचे स्वरूप आणि ते व्यक्तीचे कोणत्या वर्गात मोडतात ते.	राजीनामे स्वीकारण्याचे अधिकार असलेल्या अधिकाऱ्याचे पदनाम आणि त्याचे मोक्याचे ठिकाण.	राजीनामे सादर केल्याचा दिनांक.	राजीनामे मंजूर करण्याचा दिनांक.	राजीनामे मंजूर करण्यास विलंब झाला असल्यास त्याची कारणे.	राजीनामे मंजूर करण्यास विलंब झाला असल्यास त्याची कारणे.	राजीनामे मंजूर करण्यास विलंब झाला असल्यास त्याची कारणे.	राजीनामे मंजूर करण्यास विलंब झाला असल्यास त्याची कारणे.	राजीनामे मंजूर करण्यास विलंब झाला असल्यास त्याची कारणे.	राजीनामे मंजूर करण्यास विलंब झाला असल्यास त्याची कारणे.	राजीनामे मंजूर करण्यास विलंब झाला असल्यास त्याची कारणे.

(पहा) राजीनामे आणणारे नोकरवर्ग.

श्री.

नमुनो नंबर ६४

जामीनना बदले मूकेलुं तारण परत मळवा बाबत.

१	मागणीदारनु नाम, बापनुं नाम, अटक, जात तथा रहेवानु स्थळ (ताळुको, प्रांत अथवा जिल्ला साथे).		
२	जे नोकरना माटे तारण मूक्युं होय तेनुं नाम, बापनुं नाम, अटक, जात तथा कई कचेरीनो, किया होद्दानो, केटला पगारनो ते नोकर हतो.		
३	तारण रोकड के लोन नोटथी मुकेलु छे? रोकड रकम हशे तो ते रकम तथा ते कई टूंझरीमां मुकेली छे? लोन नोट होय तो तेनो नबर अने रकम.		
४	परत मागवानु कारण.		
५	जामीन आपनार नोकर तरफ जामीन खत प्रमाणे कांइ लेहेणु नीकळे छे के केम? ते बदल तपास करी खात्रा करवानी हकीकत. (लेखी दाखलासह)		
६	बाबत.	जामीन आपनार नोकर तरफ जामीन खत मुजब कांइ लेहेणुं निकळे तो तेनी हकीकत.	
७	रकम		
८	लेहेणु कापी लेता बाकी आपवानी निवळ रकम अथवा लोन नोटो होय तो तेना नबर अने रकम (जो काइ लेहेणुं कापी लेवानुं न होय तो पछी नंबर विगेरेनी तपसील लखवी नही.		
९	तारण पाछु आपवानो अधिकार न होय एवा उपरी अमलदारनो अभिप्राय.		
१०	तारण परत आपवा अधिकारवाळा अमलदारनो हुकम.		
११	तारण पाछुं आप्यानी तारीख मास सन.		
१२	शेरो.		

खाना. तरफ. तारीख माहे सन.

(सही) तारण परत मळ्या मागणी करनारनी.

नमुनो नंबर १६.

जामीन मुदत अंदर आपी न शकाय तेवा प्रसंगे पधारे मुदत मळ्या अगर आपवा बाबत.

१ नोकरनु नाम, बाप- नाम, अटक, जात, गेरकांनु स्थळ, होई तेम पगार.	२ आ जगाना माटे कटली रकमनो जामीन लेवा ठरावु छे ते रकम.	३ जामीनगाळी जगाना हक्कसे (चार्ज) स्वीधानी तारीख मास, सन.	४ करेली मुदत मां जामीन न आपी शक्या बाबु कारण	५ पधारे आपेली मुदत पुरेपुरी अगर ते पैकी केटली आपवानी जरूरियात छे ते तथा ते बाबत जामीन लेनार अमलदारे करेलो तपास अने ते उपरथी तेमनो पोतानो अभिप्राय तथा जामीन लेनार अने बिनजरूरी करनार अधिकारीओ इत्यादिना सीआ उपरी अधिकारी होय तो तेमना अभिप्राय (अनुक्रमे).	६ बिनजरूरी करनार अमलदारनी आजोबाजु मुदत आपवानी अगर ठरेर मुदत पैकी केटली मुदत बिनजरूरी करवा बदल मंजुर करवी.	७ शेरो
—						

स्थान तारीख महे सने

(सही) मुदत मागनार नोकरनी.

श्री

नमुनो नंबर १०९.

कोई अमलदार अगर सरकारी नोकर तरफ पोषाक अगर नजराणो लेवा नियममां जणावेला प्रसंग शिवाय बीजा प्रसंग आवे त्यारे तेनी व्यवस्था करवा बाबत.

जे प्रसंगे नजराणो किंवा पोषाक मळ्यो होय ते प्रसंगे तेमा जे मुख्य नोकर होय तेनुं नाम, बापनु नाम, जात, होदो, पगार तथा नोकरीनु स्थळ.	जेना तरफथी ते मळ्यो होय तेनु नाम, बापनु नाम रहेवानु स्थळ विगेरनु ओळखी शकाय तेटलु वर्णन.	मळ्यानो प्रसंग तथा ता. मास सन.	जे नोकरोने मळ्यो होय अगर उचक मळ्यो होय तो ते वखते जे नोकरो होय तेनां नाम, बापना नाम, जात, होदो, पगार, तथा नाकरीनु स्थळ.	पोषाक तथा नजराणो मळ्यानी किंमत तथा तेनी विगत.	जे नोकरने पोषाक अथवा नजराणो मळ्यो हशे तेना उपरी अमलदारनो तथा तेनी अने खाताना मुख्य अधिकारीना वच्चे बीजा उपरी अमलदार होय तो तेओनो अनुक्रमे अभिप्राय.	खाताना मुख्य अधिकारीनो हुकम अथवा अभिप्राय.	नामदार दिवान साहबनो हुकम अथवा अभिप्राय.	हुजूर हुकम.	शेरो.
१	२	३	४	५	६	७	८	९	१०

रवाना. तरफ, ताराख माहे सन.

(सही) अमलदारनी.

૪૬.

गायकवाड सरकारनुं देशी केळवणीखातुं.

चटकुम नंबर ६.

तुमारी सेभाग्यनी पद्धतिमा फेरफार करी नवीन पद्धति ता. १ आगष्ट सन १९०७ थी आ खातामा राखे करवा चटकुम नंबर ३८ ता. १२-७-०४ नेे करवामा आव्यो छे तेनी ६ ८ मा जे तुमारो ता १ ओगष्ट सन १९०४ थी निमाय होय ते तुमारनु टायशु करी तुमारा सभाग्य आवे सामेल राखी सभाग्य करवानु जणावशु छ, पण ते प्रमाणे थवाथी हालमा थयारो थतातुं जणशु पाछी आ चटकुमथी जणशु करमा आवे छे के —

- जुलाइ सन १९०४ आगाउ आडी रहेला तुमारने सभाग्यनी नवीन पद्धति लागु नथी करता तुमारे रेवेन्यु सभाग्य करवा जणावत.

(१) जुलाइ सन १९०४ अगमरे जे तुमारो आडीमा रहेला होय तेने चटकुम नंबर ३८ ता १२-७-०४ प्रमाणेनी नवीन पद्धति लागु करवा मा नथी.

(२) जेना आडी तुमारोनो तुमारनी पद्धति प्रमाणेन निभाव करवो.

(३) उपर प्रमाणे सभाग्य तुमारे आपनारां सभ्यो हालना नवीन नमुना नंबर ६नी मा-नोशीमा जोइये तवर आवशे मा न जोइता जूना नमुनानां ६मोनी तवर आवशे आवशे ज्यारनोही आपी तेम नोधवा तुमारनो आडी संभ्याना प्रमाणमां ६मो आपवा अने तेने ज मेळवा आपवी. जेमाटे ज आ चटकुम अने ज लागु ता ६ ओगष्ट १९०४

J. A. DALAL

L B P. विद्याधिकारी.

बडोदा.

દેશી કેળવણીખાતાના નોકરોની ક્રમવારી.

(આષાઢ પૃષ્ઠ ૯૭ થી ચાલુ).

અનુક્રમ નંબર.	નામ તથા અટક.	હોદ્દો.	જાત તથા વતન.	ઉમ્મર જુલાઇ ઈ.સ ૧૯૦૩ આખર સુધી ની.	અભ્યાસ.				હાલનો પગાર ક્યાની તારીખ.	રિમાર્ક.
					દેશી ભાષા.		અંગ્રેજી ભાષા.	પરચુરણ.		
					કયા ધોરણમાં પાસ.	ટ્રેન્ડ હોય તો કયા વર્ષનો.				
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
				૩ રૂપિયા	ગ્રેડના નોકરો.					
૧	ગણપતરામ દયારામ.	ધર્મજ સંયુક્ત કન્યાશાળાના મુખ્ય શિક્ષક	બ્રાહ્મણ.	૫૫-૦-૨૧	૦	રાજકોટ ટ્રેનિંગના બીજા વર્ષમાં નાપાસ.	૦	૦	૧-૫-૯૭	૩. ૨૮ ગ્રેડમાં ગણે છે.
૨	સંપુલાલ છગનલાલ.	વિરોજ સંયુક્ત શાળાના મુખ્ય શિક્ષક	બ્રાહ્મણ	૪૨-૧૧-૨	•	રાજકોટ ટ્રેનિંગના બીજા વર્ષમાં પાસ.	•	સંસ્કૃત બીજા પુસ્તકના પાઠ ૧૧	૧-૪-૯૯	

આપ્યું.

REGISTERED N.B 33

પુસ્તક ૧૧ મું. શ્રી. અંક ૧૧ મો.

કેળવણી

ભાદ્રપદ સંવત ૧૯૧૦.

વિષયો.

૧. લેખ.... ... ... ૧૬૬
ક્રિસ્ટમાટેન ૧૬૯
પદાર્થબોધમાળા ... ૧૭૦
ગુજરાતી રેડર ખુશે. ૧૭૦
૨. ગુજરાતી વાચનમાળા સં-
બંધી વિચાર ૧૭૧
૩. અભ્યાસ કેવી રીતે કરવો. ૧૭૩
૪. ખૂબીબાગના શિક્ષણની નવી
યોજનાનું સિંહાવલોકન ૧૭૪
૫. ઇરોપ પંખીની કેળવણી ૧૮૬
૬. કેળવણી વિષે હિંદી સરકારનો
ઠરાવ... ... ... ૧૭૭
૭. પદાર્થબોધ પાણી ... ૧૮૦
૮. મારવાડ સરકારનું દેશી
કેળવણી ખાતું (ઇનામ
પત્રો) ૧૮૪
૯. મારવાડ સરકારનું દેશી
કેળવણી ખાતું(સરકુલરો) ૪
તાલુકા સ્કુલમાંથી બીજી
શાળામાં મુસ્તાકો બદલવા
અંગે તેવી છૂટ રાખવા બાબતનો
સરકુલર જા. નં. ૪૪
સન ૧૯૦૪-૦૫ નો... ૪
ગામઠીશાળામાં મેરઠાબર કે-
દેવા છોકરાનું નામ કમી ક-
રવા બાબત સ નં. ૨. ૪
દુરસ્તી તથા છાપરા બગાઇ-
ના બોરડીમેટો પત્રો ભરી
મંજુર થવા મોકલવા બાબત. ૪
સે ક્લાસ સ્કાનડ કોપી બુકો
મંજુર કર્યા બાબત... ૬
સરકારી નોકરના છોકરાંની
પુનઃપ્રવેશ ફી નહિ લેવા
બાબત. ૬
નોકરોની કમવાદી ... ૭

પ્રસિદ્ધકર્તા

છોટાલાલ નરભેરામ ભટ્ટ.

વાર્ષિક કિંમત ૬ રૂ પોસ્ટેજ ૩. ૦-૩-૦
જૂદક અંકના ૨ ૦-૩-૦

વડોદરા:—વી ૨ સે ત્ર મુ દ્રા લ ય માં મુ દ્રિ ત પ્ર સ.

પુસ્તકોની પહોંચ.

નીચેનાં પુસ્તકો તેમના કર્તા તરફથી ભેટ દાખલ મળ્યાં છે જે બદલ અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ:—

વિદ્યાર્થીને વાસ્તે સારસંગ્રહ—ગણિશંકર પ્રભુરામ પંડિતનું રચેલું આ પુસ્તક અમદાવાદમાં રા. રા. મણિભાઇ દોલતરામ પટેલ એમણે પ્રસિદ્ધ કર્યું છે વિદ્યાર્થીઓએ અને બીજાઓએ પણ બસૂસ વાંચવા જેવું છે. કીમત રૂ. ૦-૬-૦.

શ્રી ભાવનગર જૈનધર્મ પ્રસારક સભાનો ૨૩ મો વાર્ષિક રીપોર્ટ—તેના સેક્રેટરી રા. રા. અમરચંદ ઘેલાભાઇ એમણે પ્રસિદ્ધ કર્યો છે.

આર્યધર્મ—આ નામના ધાર્મિક મરાઠી માસિક પુસ્તક પહેલાના છ અંક મળ્યા છે શામરાવ કૃષ્ણ અને મંડળી એમના તરફથી મુંબાઇમાં પ્રસિદ્ધ થાય છે. વાર્ષિક લવાજમ રૂ. ૦-૧૧-૦ છે તે માસિકના પ્રમાણમા જોતા ઘણું ઓછું છે. ધર્મજિજ્ઞાસુઓને ઉપયોગી છે

જૈન વિદ્યાર્થીઓને જાહેરખબર.

જે જૈન વિદ્યાર્થીઓને નાણાની તંગીને લીધે વિદ્યાભ્યાસ કરવામાં અડચણ આવતી હોય તેમને શ્રી જૈન કોન્ફરન્સના કેળવણી ખાતામાંથી ફી તથા ચોપડીઓ માટે અર્થની મદદ આપવામાં આવશે. તેની મદદ મેળવવા ઇચ્છનારાઓએ જણાવેલી વિગત સાથે માગણી માટે નીચેના સરનામે જણાવવું:—

૧. વિદ્યાર્થીનું નામ.

૨. ઉમ્મરનાં પૂરા વર્ષ.

૩. કયી શાળામા અને કયા ધોરણમાં અભ્યાસ કરે છે.

૪. વર્ગના ક્રમાંક નંબરો પૈકી માસિક નંબર કેટલામો છે.

૫. માગણીની રકમ ફી માટે અને પુસ્તકો માટે કેટલી જોઇએ.

૬ અભ્યાસ અને સારી ચાલ માટે સ્કૂલના હેડમાસ્તરનું સરટીફિકેટ.

૭ મદદ મળવા જેવી સ્થિતિ માટે બે આબરૂદાર ગૃહસ્થનું અથવા તો સ્કૂલ માસ્તરનું સરટિફિકેટ.

શેઠ લાલભાઇ દલપતભાઇ,
જનરલ સેક્રેટરી અને કેળવણી ખાતાના સુપરવાઇઝર
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ. અમદાવાદ.

કે ળ વ ણી.

દોધકવૃત્ત.

અર્થ મળે વળી ધર્મ સધાયે, જ્ઞાન મળે સનમાન પમાયે;
પ્રીતિ વધે પસરે જશ સારો, ઇ શિશુશિક્ષણ ધર્મ અમારો.

પુસ્તક ૧૬ મું. ભાદ્રપદ. સંવત્ ૧૯૬૦ અંક ૧૨ મો.

દર્શન.

ક્રિન્ટરગાર્ટન —ગોડા વખતપર બોહરાની જ્ઞાનવર્ધક સભામા શા શા ગાંધીરાય પ્રાસગ્રુ દ્રષ્ટાન્ત થી, એ એમણે આ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું ક્રિન્ટરગાર્ટન શું છે, તેના શોધક કોણ હતા, તથા શા માટે તેના બીજ ' બાઇ ' ન કહેતા બીજ જણિસો કહેવાય છે. એ સર્વ સવિસ્તર કહી બતાવ્યા પછી પહેલી ત્રણ ચોપડીનો ક્રમ શીખવવી તે કહી બતાવ્યું હતું. બાળબુમાં તેમણે ગોખણપટ્ટી અતિ તિરસ્કાર બતાવ્યો હતો. અને એટલે સુધી અતિશયોક્તિ કરી હતી કે હિંદની અવનતિનું મુખ્ય કારણ ગોખણ છે ! કેવળ ' ગોખણ ' નહિ, પણ અર્થ રહિત ગોખણને તો અમે પણ વખોડીએ છીએ, પણ હિંદની અવનતિના કારણોમાં પ્રથમ પદ તેને આપી દેવા નથી. ગોખણ એ એક પ્રકારનો અભ્યાસ છે, અને અભ્યાસ વિના કોઇ બાબતમા પૂરેપૂરી પ્રવીણતા મળતી નથી એ મહં નિ- ત્ય છે, એમ છતાં ગોખણ શબ્દ પર શા માટે આટલો બધો તિરસ્કાર બતાવવામાં આવે છે તે સમજાતું નથી. નિશાળમા ભણતા વિદ્યાર્થીઓ કાંઈ સમજણ વગર બાબરભૂતી ઇતિહાસના પારેવાર, ભૂગોળમાંના રથળો વગેરે મોઢે કરી જાય તે બરોબર નથી; પરંતુ જો તેઓ સમજણ પછી તે તે વિષયો સ્મૃતિમાં રાખવાને પુનઃ પુનઃ કરવા જોડુ નથી; પણ જો તેઓ પાઠે કરે તો તે તેમના કામને દેખ આપવો કઇ રીતે ઉચિત ગણાય ? ગોખણનો વિ- રોધ કરનારઓએ કાંઇ ગોખણ કર્યું છે કે કેમ, તથા બિનકુદરતી ગોખણ વિના કેટલે અંશે વિષયના પ્રતીતિજનક પ્રમાણપાત્ર મેળવ્યું છે કે કેમ, એ પણ વિચારમા લેવા જોડુ છે. અમે વિ- રોધ કરીએ છીએ કે અર્થરહિત ગોખણનો અને હિમાયત કરતા નથી, પણ બાબતોની ગોપી કરીએ છીએ કે અર્થરહિત ગોખણનો અને હિમાયત કરતા નથી, પણ બાબતોની

પરીક્ષામાં પાસ કરાવવાની ફરજ શિક્ષકોને માથે ચાલુ છે, તથા પરીક્ષાના પરીણામ ઉપર તેમની યોગ્યતા માનવાનો આધાર રાખવામાં આવ્યા કરે છે, ત્યાં સુધી ગોખણને દેશવટો આપવાનું બની શકશે કે કેમ, તે અદ્દેહ ભરેલું છે. એ વાત તો ખરી છે કે શિક્ષક પોતાના ધંધામાં કુશળ હોય તો વિદ્યાર્થીઓનો ગોખણનો બોજો મોટે ભાગે કમી કરી શકે; તેનું શિક્ષણ એવું હોય કે ઘણીખરી બાબતો વિદ્યાર્થીના મનપર સ્પષ્ટ થઇને ચોટી રહે. પણ એમ થતું જોવામાં ન આવતું હોય તો તેનાં અનેક કારણો છે અને તે એટલાં સુવિદિત છે કે તે વિષે વિવેચન કરવાની અહીં આવશ્યક જણાતી નથી.

પદાર્થ પાઠમાળાઃ—પદાર્થપાઠમાળાનો ૩ જો ભાગ રા. સા. કાશીરામ પ્રાગજી ઉપાધ્યાય બી. એ. એમણે થોડા વખત ઉપર છપાવી પ્રસિદ્ધ કર્યો છે. તેમના લખેલા બે ભાગ અગાઉ જોવામાં આવ્યા હતા અને તેની ઉપયુક્તતા વિષે આ માસિકમાં પ્રથમ અમે લખી ગયા છીએ. અંગ્રેજી રાજ્યની શાળાઓમાં ચાલુ થયેલાં નવાં ધોરણોમાં પદાર્થપાઠનો વિષય ફરજીઆત દાખલ કરવામાં આવ્યો છે પણ શિક્ષકોના હાથમાં તે શીખવવાનો માર્ગ બતાવનારૂં કંઇ સાધન નહોતું. તે ખોટ પૂરી પાડવાનો આ તેમનો સ્તુત્ય પ્રયાસ છે. અત્યાર સુધી પ્રકટ થયેલાં બે પુસ્તકોમાં ચોથા ધોરણ સુધીના વિદ્યાર્થીઓને આપવા જોવા પદાર્થ પાઠોની માહિતી આપી છે. અને આ ત્રીજા ભાગમાં પાંચમા ધોરણને અર્થે પદાર્થપાઠોની રચના કરી છે. મુખ્યત્વે કરીને આ પુસ્તકની રચનામાં ત્રણ ભાગ જોવામાં આવે છે; પાઠ શીખવવાનાં સાહિત્યો, શીખવવાનો વિષય, અને ઉપસંહાર. શીખવવાનો વિષય બહુધા વાચનપાઠની શૈલીથી લખાયો હોય તેમ લાગે છે, એમ છતાં જ્યાં જરૂર જણાઇ છે ત્યાં શીખવવાનો મુખ્ય વિષય પદ્ધતિસહ બતાવવામાં આવ્યો છે. આ પુસ્તક જો શિક્ષકોને માટેજ લખાયું છે, તો એવી રીતે પદ્ધતિસહિત વિષય આપી બતાવીને રા. સા. ઉપાધ્યાય એમણે શિક્ષક વર્ગ ઉપર ઉપકારજ કર્યો છે એમ જણાવતાં અમને આનંદ થાય છે.

ગુજરાતી ટેક્સ્ટ બુકોઃ—શિક્ષકોને માટે તથા શિષ્યોને માટે આજકાલ જે પુસ્તકો ગુજરાતી ભાષામા તૈયાર કરવામાં આવે છે તેમાં કેટલીક બાબતો તરફ દુર્લક્ષ કરવામા આવતું હોય એમ અમારા સમજવા પ્રમાણે અમને જણાય છે. એવાં પુસ્તક લખનારના મનમાં જાણે આવો ગ્રહ બંધાયો હોય છેઃ—

૧. પુસ્તક કાર્ય પૂરતું નહિ, પણ વિષયને સંપૂર્ણ પ્રતિપાદન કરનાર ગ્રંથ તરિકે થવું જોઇએ અથવા બીજી રીતે કહીએ તો તેનો દૃષ્ટાન્ત એકાદ વિષય શીખવવાના ટાંચણ જેવો ન થતાં વિદ્યાના ગ્રંથ જેવો પરિપૂર્ણ થવો જોઇએ;

૨. તેમાં વિષયપ્રતિપાદનક્રમ વર્ત્તમાનકાળના શાળા પાઠશાળાનાં ધોરણોને અનુસરીને તથા શિષ્ય શિક્ષકની પ્રવૃત્તિને અનુસરીને રાખવો નહિ, પણ વિષયના સ્વાભાવિક ક્રમનેજ અનુસરીને રચના કરવી.

૩. શિક્ષકોને એ વિષય શીખવવાની પદ્ધતિથી તથા તે વિષયથી પણ મોટે ભાગે

ભાષિતમાર ભા ીને તથા પ્રંથમા કાંઇ ન્યૂન હોય તો તેને પૂરું કરી લેવાની શક્તિ તે ધરાવે છે, એમ માનીને પ્રંથ રચના કરવી.

આવી સમજણથી શાળાઓમાં ચાલતાં ઘણાં પુસ્તકો સભાવપૂર્વક જોવામાં આવે છે. પણ હાલના શિક્ષક, શિક્ષણ, અને ધોરણોની રચના જોતા તેમના હાથમાં મૂકવાના પુસ્તકોમાં કાંઇ વધારે સમરસ કે સહેલાઇ કરી આપવાની જરૂર હોય એમ અમને લાગે છે આવી સર્વોત્તમ અંગ્રેજી ટેક્સ્ટ બુકોમાં ઘણીવાર જોવામાં આવે છે. હાલની નવી સુધારેલી અંગ્રેજી વાચનમાળાઓમાં પણ ઉપરાંત જોડણી શીખવા જેવા શબ્દો, શબ્દ અને તેના પર્યાય, વાક્યોના વિષયનું પુનરાવર્તન કરવાને સહેલુ પડે એવો પ્રશ્ન સમૂહ, તથા પાઠનો ટૂંકામાંસાર, આમ બહુ પ્રકારે ઓછા પાઠનો રહોડ કરેલો જોવામા આવે છે. શરૂઆતનાં ઇતિહાસનાં પુસ્તકોમાં પણ ટૂંકા ટૂંકા પેરા અને સહેલા વાક્યોમા ઐતિહાસિક બનાવોની વિગત આપીને પછી આપ્યા પાઠની હકીકત પ્રશ્નરૂપે શીખવી શકાય એવા પ્રશ્નો આપેલા જોવામા આવે છે. આકારણીના પુસ્તકમા પણ પ્રત્યેક વિષયનો શિક્ષણક્રમ કે થઇ રહ્યા પછી અને ચલત ક્રમ પ્રશ્નો તથા પરીક્ષકોના નમુના આપ્યા હોય છે ઇતિહાસ અને ભૂગોળના પુસ્તકો જેમ બની શકે તેમ વધારે ચિત્રોથી અને પરિશિષ્ટોથી રસદ કરેલા હોય છે તાત્પર્ય એ છે કે ગુજરાતી ટેક્સ્ટ બુકો અંગ્રેજી ટેક્સ્ટ બુકોના પ્રમાણમા ઘણી અપૂર્ણ જોવામા આવે છે એની અપૂર્ણતાના અભાવમાં કેટલીક તરફથી એમ કહેવામા આવે છે કે ગોખણને ઉત્તેજન ન મળે તથા શિક્ષકોને શીખવવાનો વિષય તૈયાર કરવાનો પ્રયાસ કરવો પડે, એટલા માટે એવી શીખવવાના વિષયનોજ સંગ્રહ કરનારી ટેક્સ્ટ બુકો તૈયાર કરવામા આવે છે પણ આપણા શિક્ષકોની તથા શિષ્યોની યોગ્યતા જોતા ગુજરાતી ટેક્સ્ટ બુકો જેટલી વધારે સુગમ અને રસદ થઇ શકે તેટલી કરવાની જરૂર છે આમ થવાથી શિક્ષકો અને શિષ્યોને વારંવાર કરેક વિષયની છપાયલી કે સભાવલી નોટબુકોનો આશ્રય લેવો પડે છે તે નહિ લેવો પડે.

કોઇ કહેશે કે અંગ્રેજી શાળાઓમાં ઉપલા ધોરણની ટેક્સ્ટબુકો પૂર્વોક્ત સાધનોવાળી નથી. અમે કહીએ છીએ કે જે જે પુસ્તક શિષ્યોને માટે તૈયાર કરવામાં આવે છે તે તે પુસ્તકમાં કાંઇ ને કાંઇ પણ શીખનાર શીખવનારની સરળતાની ખાતર પ્રંથકર્તા કરી રાખે છે, અને તેવી સરળતાના પ્રમાણમાંજ તેના પ્રયત્નનું પોષણ થાય છે બીજી વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે ગુજરાતી કોયડી ઉપલા ધોરણના વિદ્યાર્થીઓ તેજ અંગ્રેજી શાળાના નીચલા ધોરણના વિદ્યાર્થીઓ જાનવાની જરૂર છે ગુજરાતી છ ધોરણ પૂરા કરેલા બાળકને કોઇ ગુજરાતી ભાષાના અપરા પ્રંથો સમજવા જેટલી યોગ્યતા પામેલો ગણે તેમ તે યથાર્થ નથી. પ્રાથમિક શાળાએ જાત વિદ્યાર્થીઓમા બાકીની શાળાઓમાં (કે તેવી રેણી ભાષાની પાઠશાળાઓ હોય તો તેમાં) દાખલ થતા જેટલી યોગ્યતા બાકીના ઉપરાંત બાકીને વધારે કરી શકે છે. અર્થાત્ ગુજરાતી પ્રાથમિક શાળાઓના ઉંચા ધોરણો પણ જાગ્રે વધારે કરી શકે છે. અર્થાત્ ગુજરાતી પ્રાથમિક શાળાઓના ઉંચા ધોરણો પણ વિવિધ રીતે રસદ કેટલી ટેક્સ્ટબુકોની અપેક્ષા રાખે એ મુશ્કેલ છે કઇ રીતે સુગમતા કરી વિદ્યાર્થીના મુખમાં આપવા જેટલી તૈયારી ટેક્સ્ટબુકો કરશે ત્યારે શિક્ષકોને કાંઇ કરવા જેવું રહેશે નહિ તથા ગોખણને ઉત્તેજન મળશે, એવો નબળો અવાજ ન સાંભળવા તે તે વિદ્વાનો આ સૂચના ઉપર વિચાર કરશે એવી આશા રાખીએ છીએ.

ગુજરાતી વાચનમાળા સંબંધી વિચાર.

(પાછલા ભાસથી ચાલુ).

પુસ્તકમાં પાઠને અથાળે ચિત્રો આપેલાં છે તેને કોઈ પણ ઇંગ્રેજી રીડરનાં ચિત્રો સાથે સરખાવતાં તે આપેલુંજ દેખાશે નહિ. ચિત્રો આપવાનો ઉદ્દેશ બાળકને તે પદાર્થ આપવા પ્રાણીનું સાક્ષાત્ જ્ઞાન થાય અને બાળકનું ચિત્ત પાઠ પ્રતિ આકર્ષાય એ હોય તો વળી ઉત્તમ ચિત્રો આપવાં જોઈએ. દૃષ્ટાંત તરિકે જુઓ ચિત્ર પાઠ ૪. " ચકલીની વાત. " આમાં ઝાડની ડાળી ઉપર " ચકલો ચકલી " બેઠેલાં હોવાં જોઇએ. સહેજ સૂક્ષ્મ દૃષ્ટિથી જોનારને જણાશે કે તેનો આકાર કબૂતરને વધારે મળતો આવે છે. જ્યારે બે કબૂતરો આનંદ કરતાં હોય તેમ દેખાશે. આ ફરિયાદ આખી વાચનમાળાને લાગુ પડે છે માટે વાચકવર્ગનો તે માટે વધારે વખત લેવો એ અનાવશ્યક છે.

પાઠને અથાળે આપેલા શબ્દસમૂહો પાઠને છેવટે પૃષ્ઠે આપવામાં આવે તો ઠીક. અઘરા શબ્દોના અર્થ આપવાની જરૂર છે. દરેક શબ્દને છેડે પૂર્ણવિરામ ચિન્હ મૂકવું જોઇએ. દરેક પુસ્તકના છેવટના ભાગમાં પાઠમાં આવતા અઘરા શબ્દોનો અર્થ સહિત " કોશ " આપવાની પદ્ધતિ દાખલ કરવામાં આવે તો તેથી બાળકોને પાઠના શબ્દના અર્થની નોટ લેવી પડે છે તે લેવી પડશે નહિ. નોટના ઉપયોગથી જે હાનિ બાળકોને થાય છે તે આથી થતી અટકશે.

હવે આપણે પુસ્તકમાં પ્રવેશ કરીશું. " આ ચોપડી શીખવવાની રીત "—આ વિષયના પહેલા પેરામા " ફલાણો " શબ્દ ઠીક લાગતો નથી, તેને બદલે " અમુક " મૂકવામાં આવે તો સારું. આવા ગ્રામ્ય શબ્દ ન વાપરવા કમિટી તરફથી સૂચના કરવામાં આવી છે.

પેરા ૨. લીટી ૨. "સમજાવવો" એને બદલે સમજાવવું જોઇએ. જે શબ્દ અથવા અક્ષર માટે વિવેચન કરવામાં આવતું હોય તેને " અવતરણ " ચિન્હમાં મૂકવા તજવીજ કરવી. કેટલાકનું એવું માનવું છે કે આ પરભાષાનાં ચિન્હોને વાપરવાની જરૂર નથી. અમારો અભિપ્રાય એવો છે કે ભાષાની સુધારણા માટે પરભાષામાં જે અનુકરણીય હોય તેને ગ્રહણ કરવાની આવશ્યકતા છે. તેજ પેરામાં " જુદા જુદા " માં " જુ " હ્રસ્વ છે. વાચનમાળામાં અન્ય સ્થળે " જૂ " દીર્ઘ વપરાતો જોવામાં આવે છે. માટે જોડણીની આ અનિયમિતતા દૂર કરવી જોઇએ. તેજ પેરેગ્રાફની ૧૪ મી ને ૧૫ મી લીટીમાં જોઇશું તો માલમ પડશે કે, એક સ્થળે " છોકરાંનાં મન "અને બીજે સ્થળે " છોકરાંના મન " એવો છાપવામાં દોષ રહી ગયો છે તે સુધારવો. ૧૬ મી લીટીમાં " સમજાવવાં " ને બદલે " સમજાવવું " મૂકવાથી વ્યાકરણ દોષ દૂર થાય છે.

પેરા ૩. લીટી ૩. " ત્યાં લગણ " આ શબ્દ વપરાયો છે તે ગ્રામ્ય લાગે છે, તો તેને બદલે " ત્યા સુધી " મૂકાય તો સારું.

પેજ ૪. લીટી ૧–૨. પાઠ પૂરો થઈ રહ્યા પછી " જે શબ્દમાં જોડાક્ષરો આવ્યા હોય તે આવે "-એના નાનાં વાક્ય છોકરાં પાસે બોલાવવાં—આ વાક્યમાં " જે શબ્દ..... આવે " તેને બદલે જોડાક્ષરવાળા શબ્દો જેમાં આવે" —મૂકવામાં આવે તો અર્થ વધારે સ્પષ્ટ થશે અને બીજા શબ્દોમાં તેવોજ અર્થ બતાવશે.

પાઠ ૧—આ પાઠમાં કેટલેક સ્થળે કર્તા અધ્યાહાર રાખવામાં આવ્યો છે, ત્યાં કર્તા મૂકવો. ૬ ઠ્ઠી લીટીમાં " બગાડશો મા " એવું વાક્ય આવે છે. તેમાં " મા " કે " માં " જોઇએ તે નિશ્ચિત થવું જોઇએ. સંસ્કૃતમાં " મા ગચ્છ " એવું રૂપ છે એ વાત સત્ય છે, પરંતુ ગુજરાતીમાં " માં " શબ્દના ઉચ્ચારણમાં મોટો અનુસ્વારનો ઉપયોગ કરતા સંભળાય છે. આ રહીને માન આપવું કે કેમ તે નક્કી થવું જોઇએ. આ પાઠમાં " કેમ જે " શબ્દ વપરાયો છે તેના કરતા " કેમકે " એ વધારે પ્રચલિત મનાય છે.

પાઠ ૨. ચોપડી વિષે કવિતા છે. આ કવિતા બીજા ધોરણના બાળકો માટે અનુકૂળ દેખાય છે.

પાઠ ૩. ચિત્ર આબેહુબ આવવું જોઇએ.

સામાન્ય ટીકા—વાચનના પ્રદેશમાં હજુ બાળકે પ્રવેશ કર્યો નથી તેટલામાં તેના સમક્ષ જૂઠાણાનો પાઠ મૂકવામાં આવે છે. " બીચડી આજ ગણ છતાં ચકલેર ચોખ્ખા શબ્દોમાં કહે છે કે, મેં તો બીચડી ખાધી નથી. " આવા ભયંકર જૂઠાણાની અસર કુમળા બાળકના અંતઃકરણપર કેવી થાય તે સમજવું દુર્ઘટ નથી. " જૂઠું બોલવાથી શિક્ષા થાય છે તેથી બાળક જૂઠું ન બોલે એવો હેતુ ગ્રંથમાં આવ્યો છે. " તો કીકાના ઉત્તરમાં કહેવાનું કે પ્રારંભમાં બાળકના મન સમક્ષ જૂઠાણાની શિક્ષાના કરતાં સત્યના લાભનો પક્ષ પરવામાં આવે તો કેવું સારું ! અંબેમાતા પોતાના બાળકને કદી એમ નહિ કહે કે " you tell a lie" પરંતુ તે કહેશે કે, " you are telling a strange. " આવું અલ્પ સહજ સમજાશે.

સદ્‌ભાવમાત્ર બાકી બધીને બાદ એક બીજા સાથે બનતું ન હોય તેમ બતાવવામાં આવ્યું છે આ કરતાં બાકી બધીનો ઘણો પ્રેમ બતાવવામાં આવે તો તેની બાળકના મન પર અવળોકિક અસર થવા સંભવ છે.

K. P. Upadhyaya B. A.

अभ्यास केवी रीते करवो.

(पाछळथी चालु)

કોઇ પંચ પુસ્તકની બધી બાબતો એકદમ યાદ કરવાની મહેનત નહિ કરવી. તેમાંની જે જે બાબતો કુંચી જેવી હોય કે જેના ઉપરથી બાકીનું બધું જોઇતી તકાય, તે પ્રથમ

ભેળી કહાડવી અને મનમાં ઠસાવવી. જેમ જેમ એ કૂંચીઓ વધારે બારિક અને વધારે સંબંધ રાખનારી હશે, તેમ તેમાંથી વધારે લાભ મેળવી શકાશે. કૂંચી તરિકે કયું પસંદ કરવું અને કયું પછીને માટે રાખવું, તેમા ઘણા સૂક્ષ્મ વિચારની જરૂર છે. એ સૂક્ષ્મ વિચાર એ સકળ અભ્યાસનો એક ગર્ભિત લાભ છે.


વળી એ પણ ભૂલવું નહિ જોઇએ, કે જૂદી જૂદી બાબતોની જરૂરીઆત જૂદા જૂદા સંબંધ અને સ્થિતિઓમાં જૂદી જૂદી હોય છે. અમુક વિષય એક સ્થિતિમા થોડી જરૂરનો હોય અથવા બિલકુલ જરૂરનો ન હોય, તે બીજી સ્થિતિમાં ઘણો જરૂરનો પણ હોય જરૂર જણ્યા વગર કરવામાં આવતા અભ્યાસની મોટામાં મોટી અને સાધારણ ખામી એ છે કે તેમાં જૂદા જૂદા પ્રકારની હકીકતોના પરસ્પર સંબંધનું બિલકુલ ભાન હોતુ નથી. જૂદી જૂદી હકીકતોનો પરસ્પર સંબંધ અને જરૂરીઆત જાણવાથી તેની વર્ગણી થઇ શકે છે, અને એવી વર્ગણી ઘણી ઉપયોગી હોય છે.

૪. સત્યોનો પરસ્પર સંબંધ અથવા આધાર ધ્યાનમાં રાખવો અને એક બીજા સાથે જોડતા જવું. જો એક પછી એક આવતા જ્ઞાનનો સંબંધ કરાતો જશે, તો વિચારનો પ્રવાહ સરળો ચાલ્યા કરશે. કાંઇ પણ કુદરતી સંબંધ, કે કારણ અને અસરનો સંબંધ, કે કારણ અને અનુમાનનો સંબંધ, એવો કોઇ અસરકારક તફાવત બે સત્યો વચ્ચે જે હોય, તે બરાબર ભેળી કહાડવો. સંબંધ ભેળવાનો નિયમ રાખવાથી જ્ઞાન ભગજગા સહેલથી સમાવી શકાય છે અને જ્યારે જોઇએ ત્યારે યાદ કરી શકાય છે.

૫. બની શકે ત્યાં શબ્દોના કરતાં વસ્તુઓ પાસેથી શીખવું:—પુસ્તકો આપણને ઘણા ઉપયોગનાં છે, અને કેટલુંક જ્ઞાન તો પુસ્તક સિવાય ગળી શકે તેમ નથી. પરંતુ જ્યાં આગળ વસ્તુઓ પાસેથી જ્ઞાન મેળવી શકાય તેમ હોય, ત્યાં પુસ્તકનો ઉપયોગ કરવો નહિ જોઇએ. કારણ કે વસ્તુઓ પાસેથી પોતાની મેળે મેળવેલું જ્ઞાન પુસ્તકો પાસેથી મેળવેલા કરતા સઘળા હોય છે. જેટલા સવાલ પૂછવા જેવા લાગે તે બધા કુદરતને પૂછવા. એવી રીતે મેળવેલુ જ્ઞાન ખરેખરૂં અને કાયમનું હોય છે. (અપૂર્ણ.)

કુસુમ.

ભૂગોળના શિક્ષણની નવી યોજનાનું સિંહાવલોકન.



(કા. પ્રા. ઉપાધ્યાય બી એ.).

પૃથ્વીતત્ત્વ સાથે વાયુ તત્વનું પણ અવલોકન કરાવી શકાય. પવન એ શી વસ્તુ છે. તેની ઉત્પત્તિ કેવી રીતે થાય છે પવનના કાયદા અને ગેરકાયદા શા છે. પવનને ઝાકળ, વાદળો, અને વરસાદ સાથે શો સંબંધ છે, વગેરે બાબતોનું વિવેચન થઇ શકે ફરતાં ફરતા રસ્તામાં પથરાની ખાણો અથવા રેલવેના કટીંગ જોવામાં આવે તો તેપી જુદા જુદા

પ્રકારની જમીન અને તેના ગુણોનું પ્રત્યક્ષ જ્ઞાન આપી શકાય. આપેલું વિવરણ કરતાંજ આ-પણને જોઇ શકે કે પથરાનાં જુદે જુદે અંતરે પડેલા બધાયનાં રોપ છે, અને તેમાં પડોની પાર સ્પષ્ટ રીતે દેખાય છે. આ ઉપરથી બાળકોને એમ સમજાવી શકાય કે પાષાણ જેવી નિર્જીવ વસ્તુઓમાં પરસ્પર ભેદ જોવામાં આવે છે, એ ઉપરથી સિદ્ધ થાય છે કે જગતનો ભેદ મહાન્ ચોજાયેલ છે. રેલવેના રસ્તા માટે જ્યારે આપણે મોટા મોટા પર્વતોને તોડી નાખેલા જોઇએ છીએ ત્યારે આપણે એવો વિચાર કરીએ કે એક નાનું અને નિર્બળ દેખાતું મનુષ્ય પોતાની અસલ શક્તિથી કેવા મોટા કાર્ય કરવાને સમર્થ થાય છે. આ સારૂ બાળકો સમજે તો શું ખોટું કામદેવ છે ?

આ સિવાય બાળકો જ્યારે બહાર જંગલમાં ફરતા હોય ત્યારે તેને વનસ્પતિ વિષયનું પણ કેટલુંક જ્ઞાન આપી શકાય જુદા જુદા ઝાડ ખાતરી તે ઓકારવા છે કે દિવસ છે વગેરે જ્ઞાન આપી શકાય.

કયી જમીન ઝાડના અથવા બીજા જંગલને લાયક છે અથવા કયી જમીન ખેડવાથી કે ખેડાય તેવી છે તેનો આધાર જમીનના પ્રકાર, ગુણ, અને સ્થાનિક હવા પાણી ઉપર મુખ્યત્વે કરીને રહેલો છે. જે જમીન ઢોળાવવાળી હોય તે જમીનમાં વરસાદનું પાણી ઝાઝો વખત રહી શકતું નથી, અને તેથી તે જમીનમાં જોઇએ તેવાનો ઓછો સંગ્રહ થવાથી અમુક પ્રદેશની સ્થિતિ સાથે માત્ર ખેતીવાડીનેજ ઘાડો સંબંધ છે એમ નહિ પરંતુ તેના ઉપર વેપારનો પણ આધાર હોય છે. જે જમીનમાં કપાસ, શેરડી, વગેરે ઉપયોગી પદાર્થોની પેદાશ હોય છે તે પ્રદેશ વેપારને સારી રીતે પોષણ આપી શકે છે. પશુઓનો વેપાર ખીજા કરતાં સારો છે, તેનું મુખ્ય કારણ એ છે કે તેની જમીનમાંથી ઘણા પ્રકારના ખનિજ પદાર્થો નીકળે છે. આર્યાવર્ત પણ આવા પદાર્થોથી ભરપૂર છે, પરંતુ સાહસિક પુરૂષોના અભાવને લીધે દેશની ઉન્નતિના ખરેખરા ઉપાયો મેળવી શકાતા નથી.

આવા પર્વતના વખતે બાળકોને ઐતિહાસિક બનાવો અને જૂના રસ્તાઓ પણ બતાવવા કે જેથી તેના મન ઉપર પ્રાચીન કાળના ઉત્તમ ગણાતા શિક્ષણશાસ્ત્રના મહાન્ પ્રભાવની અચ્છી અસર પડે. કાળની અસરથી કોઇ પણ વસ્તુ મુક્ત નથી એ ધર્મનો સિદ્ધાંત પણ બાળકોને આવા પુરાતની બનાવોના દેખાવથી સમજાવી શકાય

પોતાના પ્રદેશમાં જે જે મોટા રસ્તા અથવા રેલવે રસ્તા જતા હોય તે કયે રસ્તેથી નિકળી કયાં જાય છે ? રસ્તામાં કયે સ્થળે તે રસ્તાને વાંક આવ્યો છે ? અને તે વાંક આપવાનું કારણ શું ? કયે સ્થળે પૂલ બાંધવો જોઇએ ? જમીનના ઢોળાવનો ઉપયોગ કયે સ્થળે કરવો અને કયે સ્થળે ન કરવો ? અમુક રસ્તાને બે શહેર વચ્ચેની સીધી લીટીમાં ન લેતાં વક્રુંઆકારમાં લેવાનું શું કારણ હશે ? વગેરે બાબતો શીખવવાની જરૂર છે. રસ્તાનો આધાર હમેશા એક સમાન સપાટી ઉપર હોય છે. જે સ્થળે અનિયમ ઢંગાયેલ જમીન હોય ત્યાં સરખી સપાટી કરવામાં વિશેષ ખર્ચ થાય. આવે સ્થળે રસ્તાને વાંક આપેલો જોઇએ. જે દેશના બાળકો પોતાના પ્રદેશની આસપાસની સ્થિતિનું ઉપર પ્રમાણે અવલોકન કરવાને ટેવાયલા થયા હોય તે પારકા દેશનો પ્રદેશ જોતાંજ તેની સ્થિતિ

ને ઉપજ તુરત જણી શકે અને તેને તે જ્ઞાન મેળવવા માટે યાદશક્તિને વધારે તસ્દી આપવી પડે નહિ.

ઉદ્યોગ ધંધાની કેળવણી.

(પાછળથી ચાલુ)

વ્યાપારી શિક્ષણની અગત્ય —વ્યાપારી શિક્ષણ જેમ વ્યાપારી લોકોને અગત્યનું છે, તે પ્રમાણે વ્યવહારમાં પણ તેની તેટલીજ જરૂર છે. કારીગર વર્ગને આ શિક્ષણથી પોતે તૈયાર કરેલા માલનો હિસાબ રાખવો, તૈયાર થયેલા માલનો ઉપાડ કેટલો થાય છે તે જોવું, અને આપેલા માલની વ્યાપારી લોકો કિમ્મત બરાબર આપે છે કે નહિ તે માટે આ શિક્ષણ અવશ્યનું છે અને તેવી શક્તિ આ શિક્ષણથી પ્રગટ થાય છે એટલું લોકોને પણ નામું ઠામું, વ્યાપારી ભૂગોળ, કૃષિવિદ્યા, એ બાબતોનું જ્ઞાન પ્રાપ્ત થવું જોઇએ આ બાબત ધનોત્પાદક વર્ગ સંબંધે થઇ હવે ધન સંબંધી એટલે વ્યાપારી લોકોને પણ આ-શિક્ષણ મળવું જોઇએ, એ પણ ઉપર દર્શાવેલું છેજ. હવે બાકી રહેલો વર્ગ,—ડૉક્ટર, વકીલ, કારકુન, શિક્ષક, ધર્મ દિ વર્ગને પણ હિસાબ રાખવાની કેટલી જરૂર છે તે જોઇએ.

ઘણી વખત વ્યાપારીના જમાખર્ચની બેરિસ્ટર, અને વકીલોને ખબર પડતી નથી. તેવા પ્રસંગે કોઇ પણ નામના બેનિયાની તેમને મદદ લેવાની જરૂર પડે છે વેપારીઓના રોજમેળનું જમાખરચનું સરવાયું કાઢી પ્રૉફિટ્સ (આયપત વેરા) નક્કી કરવા માટે સરકારી અધિકારીઓને પણ તે જ્ઞાનની જરૂર પડે છે ડૉક્ટર વગેરેને પણ પ્રત્યેક વ્યવહા રમાં હિસાબની કેટલી જરૂર છે તે નીચેના દૃષ્ટાંતોથી જણાશે કાપડીઆને ત્યાં કાપડ લેવા અગર ગાંધીને ત્યાં મશાલો વગેરે લેવા આ વર્ગ જાય ત્યારે ભાવ પૂછે તો તેને વેપારીઓ ઉડાવે છે, અને ' બરોબર રાખો, કંઇ ઓછું તો નહિ આપીએ ' ઇત્યાદિ શબ્દો બોલી ગ્રાહ-કને ગોળ ગોળ ફરી નાખી ભાવ વધારે લેછે, ઓછું આપે છે, વગેરે રીતે સારી પેઠે તેને નિચોવે છે, તે આવું જ્ઞાન હોય તો બની શકે નહિ આજ પ્રમાણે કંસારા,સોની વગેરેની પણ સ્થિતિ છે અને આમ હોવાથી આ લોકો પાસેથી વિશ્વાસથી કામ લેવું જરા પણ પરવડે તેવું નથી. કારણ તેઓ વચન પ્રમાણે જરા પણ વર્તતા નથી આમ થવાનું કારણ તેઓ ઘણી ગરીબ સ્થિતિમાં છે તે છે. " बुभुक्षित किं न करोति पापम् ' તે પ્રમાણે તેઓને હાથે ઘણું પાપ થાય છે આ તેમની સ્થિતિ જ્યારે તેઓ સંપત્તિવાન થાય ત્યારેજ દૂર થાય તેમ છે, અને એ માટેજ પ્રત્યેકને પોતપોતાના ધંધાનું શિક્ષણ આપી તેમની ઉર્જિતાવસ્થા કરવા પ્રયત્ન કરવો જોઇએ કે જેથી તેઓ પ્રમાણિક પણે ધંધો રોજગાર કરી દેશની આ બાદીમાં પણ સહાયભૂત થઇ શકે

A. M. Bhatt

કેળવણી વિષે હિંદી સરકારનો ઠરાવ.

(ગયા અંકથી ચાલુ.)

ઔદ્યોગિક શાળાઓ—કારીગરોને કેળવવા અને સુધરેલી પદ્ધતિ કે હથિયારોના સાધનથી વધી શકે તેવા સ્થાનિક ઉદ્યોગો વધારવા, એ આ શાળાઓનો ઉદ્દેશ છે. એવી શાળાઓ દેશમાં એકંદર ૧૨૩ છે, અને તેમાં ૬,૪૦૫ વિદ્યાર્થીઓને ૪૮ જુદા જુદા ધંધાની કેળવણી અપાય છે. આગળની કેટલીક સરકારી છે તે જુદી સંસ્થાઓ છે કે રૂલ ચૉર આઠ સાથે જોડેલી છે કેટલીક આવગી તે સ્થાનિક બોર્ડમાંથી આવે છે, અને બાકીની ' ગ્રેડ ' છે આ રૂલના દેશો ખુલ્લા છે ત્યાં કેળવણી લેનારાઓમાંના ઘણાનો હેતુ જે ધંધો તેઓ શીખે છે તે ધંધે વળગવાનો નથી, પણ સામાન્ય કેળવણી મેળવવાનો છે એ કેળવણી સામાન્યશાળાઓ કરતાં આવી શાળાઓમા તેમને ઘેાડે ખરચે મળી શકે છે, પરંતુ સરકારને તેમા વધારે ખરચ પડે છે ઘણી કેટલીક શાળામાં ઉત્તમ પ્રતિની કેળવણી અપાતી નથી, તેવી ત્યા શીખેલા કારીગરો જે કારીગરોએ વ્યવહારિક જ્ઞાન મેળવ્યું હોય છે તેમની સાથે હરીફાઇ કરી શકતા નથી. સ્થળને ઉપયોગી હોય એવા હુન્નરો પણ કેટલીક શાળામાં પસંદ કરવામાં આવતા નથી અને સુથાર તથા કુંભારના ધંધાને જોઇએ તેવા વિશેષ અગત્ય આપવામા આવે છે આ દોષો દૂર કરવાને પ્રયાસ કરવામાં આવશે. જેઓ તેમની જાતિ કે ધંધાને લીધે નિશાળમાં શિખવાતા ધંધા ચલાવશે એમ ખાત્રી થશે તેમનેજ એવી શાળાઓમાં દાખલ કરવામા આવશે; અને કારકુનની જગા માટે લાયક કરે, એવો નહિ પણ ધંધામા ઉપયોગી થઇ પડે એજોજ અભ્યાસક્રમ રાખવામાં આવશે.

વ્યાપારિક કેળવણી—માણસને દરેક પ્રકારે જીંદગી નિર્વાહન કરવા શક્તિમાન કરે તેજ કેળવણી પૂર્ણ કહેવાય, માટે હાલ હિંદુસ્તાનની શાળાઓમા છે તે કરતા વેપારના કામમાં વિશેષ મદદ કરે એવી કેળવણીની જરૂર છે હાલ કેટલેક સ્થળે વ્યાપારના વિષયને આધ્યમિક શાળાની છેલ્લી પરીક્ષાના ઐચ્છિક વિષય તરીકે દાખલ કર્યો છે. એવો વ્યાપારિક કેળવણીનો અખતરો મુંબઇ, લખનૌ, કાલિકટ, અમૃતસર અને બીજે કેટલેક સ્થળે કરવામાં આવ્યો છે. પરંતુ માત્ર અંગ્રેજી પુસ્તકોને આધારે નહિ, પણ દેશને ઉપયોગી થાય એવી રીતે એ કેળવણી આપવી જોઇએ. જેમને ધંધાને અર્થે ખંભાત જવું છે તેમને માટે બંદર ઓપરેટર ઑવ કૉમર્સની પરીક્ષા ઉપયોગી છે. સરકારી નોકરીમાં દાખલ થવા માટે વ્યાપારિક વિષયની પરીક્ષાને સામાન્ય પરીક્ષા જેટલી ઉપયોગી ગણવામા આવે છે. પણ વેપારી ની પેઢીમા હલકા કે બારે કારકુનની નોકરી કરવા સમર્થ થાય એવો વ્યાપારિક કેળવણીનો મુખ્ય ઉદ્દેશ હોવો જોઇએ આગળ જતાં એવી રીતે કેળવણી મેળવી પાસ થયેલા વિદ્યાર્થીની નોંધ રાખવામાં આવશે અને ઓપરેટર ઑવ કૉમર્સ

સાથે લખાણ ચલાવી સરકાર એવા પસાર થયલા વિદ્યાર્થીઓ માટે નોકરી શોધી કાઢશે. સરકાર એવું ઇચ્છે છે કે વેપારીમંડળ વ્યાપારિક કેળવણીનો અભ્યાસક્રમ નક્કી કરવામાં તેને મદદ કરશે, તેમજ અભ્યાસક્રમમાં પસાર થયલાને યોગ્ય નોકરીએ પોતાની પેઢીમાં દાખલ કરી બિન કેળવાયલા કરતાં વિશેષ ઉત્તેજન આપશે.

ખેતીની કેળવણી--આ દેશમાં વસ્તીનો બે તૃતિયાંશ ભાગ ખેતીનો ધંધો કરે છે, છતાં ખેતીની કેળવણીની યોગ્ય યોજના થઈ નથી એ ખુલ્લું છે. મુંબઇ ઇલાકામાં પૂના અને મદ્રાસ ઇલાકામાં સૈદાપેટમાં ખેતીનું શિક્ષણ ત્રણ વર્ષના અભ્યાસક્રમથી અપાય છે. પૂનામાં શિક્ષકવર્ગ જોઇએ તેવો નથી, પણ અભ્યાસક્રમ સાધારણ રીતે સંતોષકારક છે; અને સૈદાપેટમાં વ્યાવહારિક કેળવણી ખામી ભરેલી છે. યુનાઇટેડ પ્રાન્તોમાં કાનપુરની શાળામાં બે વરસનો અભ્યાસક્રમ છે, પણ તેનો ઉદ્દેશ હલકા મહેસુલી અમલદારો તૈયાર કરવાનો છે. આ કામ તે સારી રીતે કરે છે, પણ શિક્ષકવર્ગ નબળો છે અને સાહિત્ય ન્યૂન છે. નાગપુરની ખેતીશાળામાં બે વરસના અભ્યાસક્રમથી વ્યાવહારિક જ્ઞાન આપવામાં આવે છે અને જમીનદારોના છોકરાઓ તથા ઇતર પુરૂષો માટે દેશીભાષામાં શિક્ષણ આપવા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. કલકત્તા પાસે સિબ્પુરની ઇજનેરી કોલેજમાં બી. એ. કે એફ. ઇ. એ. ની પરીક્ષામાં પાસ થયલા માટે ખાસ વર્ગો કાઢવામાં આવ્યા છે. તેમાં બે વરસનો અભ્યાસક્રમ છે; પણ સંપૂર્ણ રીતે સંતોષકારક અભ્યાસ થાય એવી સ્થિતિ ત્યાં નથી. પંજાબ કે બ્રહ્મદેશમાં ખેતીની કેળવણીને લગતી કંઇ વ્યવસ્થા નથી.

આ પ્રમાણે દેશમાં ખેતીની કેળવણીની ઘણી અગત્ય છે તોપણ બધી રીતે સંતોષકારક હોય એવી એક પણ શાળા નથી. ખેતીનું જ્ઞાન યોગ્ય રીતે આપી શકાય તેને માટે દેશીભાષામાં યોગ્ય પુસ્તકો રચાવવાં જોઇએ. ખેતીખાતાના ઇન્સ્પેક્ટર જનરલનો દેખરેખ નીચે એક પ્રયોગક્ષેત્ર અને સંશોધન માટે પ્રયોગાલયના સંબંધમાં એક ખેતીનું મહાવિદ્યાલય સ્થાપવામાં આવશે† અને તેમાં ખેતીના વિષયને લગતું સંપૂર્ણ શાસ્ત્રીય અને વ્યાવહારિક જ્ઞાન આપવામાં આવશે. નાની જગા માટે લાયક થવું હશે તેમને માટે અભ્યાસક્રમ ટુંકો રાખવામાં આવશે પણ સંપૂર્ણ અભ્યાસક્રમ પાંચ વરસનો થશે અને તેમાં પસાર થયલાઓ એ ખાતાનીજ મોટી જગાએ નોકરી કરવા યોગ્ય થશે. આસિસ્ટન્ટ ડિરેક્ટર, સંશોધક, બેતરોના સુપ્રિન્ટેન્ડન્ટ, પ્રોફેસર, શિક્ષક, સગીરની કોર્ટના અને દેવામાં ગરક થયલી સ્થાવર મિલકતના વ્યવસ્થાપક થવા તેઓ સમર્થ થશે. વળી એવી પણ આશા રહે છે કે જમીનદારો પણ એવી કેળવણી પામેલા બેહુતોનેજ શોધશે

† હાલ બંગાળા ઇલાકામાં પુસામાં એવું ખેતીનું મહાવિદ્યાલય સ્થાપવામાં આવ્યું છે.

ટ્રેનિંગ કૉલેજો—માધ્યમિક શાળાઓનું શિક્ષણ સુધારવું હોય, મળતરીઓ અને ટીકાકારો મોઢે કરવાની છોકરાઓની વૃત્તિ અટકાવવી હોય, દુનિયામાં પાશ્ચાત્ય જ્ઞાન યોગ્ય સરણીથી ફેલાવવું હોય, તો શિક્ષકોને શિક્ષણશાસ્ત્રની કળવણી આપવી અગત્યની છે. મદ્રાસ, કર્સીઆંગ, અલ્લાહાબાદ, લાહોર અને જબલપુરમાં માધ્યમિક શાળાના શિક્ષકો કેળવવાને ટ્રેનિંગ કૉલેજો છે. એ કૉલેજમાં પ્રાવેશિક (એન્ટ્રન્સ) ઇન્ટર્મીડિએટ, કે બી. એ. પરીક્ષામાં પસાર થયલા વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવે છે. આ પદ્ધતિ દેશના બીજા ભાગોમા, મુખ્યત્વેકરીને મુંબઇમાં ફેલાવવાની જરૂર છે. ગ્રેડ્યુએટને માટે અભ્યાસક્રમ બે વરસનો અને ગ્રેડ્યુએટ ન હોય તેમને માટે બે વર્ષનો જોઇએ. એવી શાળામાં શિક્ષણકલાનું તેમજ શિક્ષણશાસ્ત્રનું જ્ઞાન આપવું જોઇએ. શિક્ષણશાસ્ત્રના વિષયો શિખવવા જોઇએ, તેમજ પ્રાક્ટિસિંગ સ્કૂલમા ઉત્તમ શિક્ષકોની દેખરેખ નીચે શિક્ષણ આપતાં શિખવવું જોઇએ એ શાળાને વિશ્વવિદ્યાલય સાથે જોડવી, જેનો અભ્યાસક્રમ વિશ્વવિદ્યાલયે નક્કી કરવો, અને પરીક્ષામા ઉત્તીર્ણ થયલાને વિશ્વવિદ્યાલયે 'ડિપ્લોમા' (પદવી) આપવી જોઇએ ગ્રેડ્યુએટને માત્ર શિક્ષણશાસ્ત્રનું જ્ઞાન આપવું બસ છે, પણ જેઓ ગ્રેડ્યુએટ નથી તેમને તો ઉપરાંત માધ્યમિક શાળાના શિખવવાના વિષયોનું પણ જ્ઞાન વધે એવું સામાન્ય જ્ઞાન આપવુ જોઇએ ટ્રેનિંગ કૉલેજમાં સારાં પુસ્તકાલય તેમજ સારા સંગ્રહસ્થાનની જરૂર છે. સંગ્રહસ્થાનમાં શિખવવાના સર્વ વિષયો માટે નમુનાઓ અને ચિત્રો તેમજ ચિત્રકામ, ડિઝાઇન ઉદ્યોગ, વગેરેના ઉત્તમ નમુનાઓ રાખવા જોઇએ એ કૉલેજોમાં બસાર થયલા શિક્ષકોને કોઈ કોઈ વખત એકઠા કરવા અને ઇન્સ્પેક્ટરે કૉલેજના અધિકારીઓ સાથે જોવું જોઈએ કે કૉલેજનો શિક્ષણની અસર તેમનામાં કાયમ રહી છે કે જતી રહી છે. પ્રાથમિક શાળાના શિક્ષકો માટે ટ્રેનિંગ કૉલેજો ૧૮૫૪ ના ખરીતા પ્રમાણે દેશના જુદા જુદા ભાગોમા કાઢવામાં આવી છે. હાલ બંગાળામા એવી કૉલેજો વધારવાની જરૂર છે એનો અભ્યાસક્રમ જુદે જુદે ઠેકાણે જુદો જુદો છે. સામાન્ય રીતે હવે પછી તે બે વર્ષથી ઓછો રાખવામા નહિ આવે.

હૉસ્ટેલ કે બોર્ડિંગ હાઉસો:—કૉલેજો અને માધ્યમિક શાળાઓના સંબંધમાં યોગ્ય દેખરેખ નીચે બોર્ડિંગ હાઉસો રાખવાની ઘણી અગત્ય છે એમ સરકાર સમજે છે. જે વિદ્યાર્થી એમાં રહે છે તેઓ મોટા શહેરોના અનીતિના માર્ગોથી દૂર રહે છે. તેઓમાં માંહોમાંહે મૈત્રી અને સ્પર્ધા થાય છે, અને સાથે કામ કરવાની તેમને ટેવ પડે છે. આ પદ્ધતિ પાશ્ચાત્ય વિચારજનજ નહિ પણ પ્રાચીન હિંદુ વિચારને પણ અનુસરે છે. પ્રાચીન સમયમાં ગુરૂને ઘેર રહી તેમની દેખરેખ નીચે વિદ્યાર્થીઓ શિક્ષણ લેતા હતા. હિંદુસ્તાનમાં પ્રથમ બોર્ડિંગ હાઉસ સ્થાપવાનું માન મદ્રાસની ક્રિશ્ચિયન કૉલેજને ઘટે છે અને એ કૉલેજ હજી એવી સંસ્થાનો વધારો કરતી જાય છે અંગ્રેજની મુખ્યમાન કૉલેજમાં પણ એ સંસ્થા મનુ કમિશનર નિવડી છે ૧૯૦૧-૦૨ ના રિપોર્ટ ઉપરથી માલમ પડે છે કે હિંદુસ્તાનમા

૧, ૪૧૫ હોસ્ટેલો છે. અને તેમાં ૪૭,૩૦૨ વિદ્યાર્થી રહે છે, એવી સંસ્થાઓને ખાનગી ગૃહસ્થો તરફથી પણ ઘણી મદદ મળે છે. વિદ્યાર્થીઓની એકદર સંખ્યાનો બે પંચમાંશ 'અનૂએડ' (જેને સરકાર તરફથી આશ્રય મળતો નથી એવી) હોસ્ટેલોમાં રહે છે. વળી ખરચના સંબંધમાં પણ ૨,૬૩,૦૦૦ રૂપિયા સરકારી તીજોરીમાંથી ખરચાય છે, ત્યારે ખાનગી ગૃહસ્થોની ઉદારતા અને ઉઘરાણાથી ૧૦ લાખ રૂપિયાનો ખરચ પૂરો પડે છે. સરકારનો એવો અભિપ્રાય છે કે યોગ્ય દેખરેખ નીચે જેમ બોર્ડીંગ હાઉસો વધશે તેમ હિંદુસ્થાનના વિદ્યાર્થીઓમાં જે ઘણા દોષો જોવામાં આવે છે તે દૂર થશે.

ઈન્સ્પેક્ટરો—સરકારની એવી ઇચ્છા છે કે ઇન્સ્પેક્ટરોએ માત્ર પરીક્ષકજ થવું નહિ, પણ શિક્ષકની પદ્ધતિમાં દોષ દર્શાવી તેને યોગ્ય સરણીએ ચઢાવવો.

કેળવણીનું કામ અનેક રીતે વધવાથી મદ્રાસ, મુંબાઇ, બંગાળા, અને યુનાઇટેડ પ્રાંતોના ડિરેક્ટરોને અનેક આસિસ્ટન્ટ આપવામાં આવશે. આથી ડિરેક્ટરોને પોતાની હદમાં દેખરેખ રાખવા માટે ફરવાનો અવકાશ રહેશે વળી જુદા જુદા ઇલાકા અને પ્રાંતના ડિરેક્ટરો વખતે વખતે મળી કેળવણી વિષે પોતાના અભિપ્રાયો દર્શાવી મસલત કરે. તેને માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

બીજા દેશોની શિક્ષણપદ્ધતિથી વાકેફ રહેવા માટે જ્યારે કેળવણી ખાતાના અધિકારીઓ રજા પરજાય ત્યારે તેમને અનુકૂળતા કરી આપવામાં આવશે.

આ બધી તકોનો યોગ્ય ઉપયોગ કરવો લોકોનાજ હાથમાં છે. તેમણે સમજવું જોઇએ કે અમુક જ્ઞાન પ્રાપ્ત કરવામાંજ કે પરીક્ષાપાસ કરવામાંજ કેળવણીનો સમાવેશ થતોનથી, પરંતુ માણસની સર્વ શક્તિ ખિલવવી, નીતિ કેળવવી, સદાચરણ શિખવવાં, કુંટુંબમાં, જીંદગીનું દરેક કર્ત્તવ્ય યોગ્યરીતે બજાવવા તેને સમર્થ કરવો,—એજ કેળવણીનો ઉદ્દેશ હોવો જોઇએ.

पदार्थपाठ.

(પાછલા માસથી),

પાઠ બીજો.

પાણી—એક દ્રાવક (બીજાને શોષે એવો અથવા ઓગાળે એવો) પ્રવાહી પદાર્થ.

(૧) પાણીની દ્રાવકશક્તિ.

પાણી ઉપરના પેહેલાના પાઠ તરફ જુઓ. અને મીઠું, ખારો, ખાંડ, દ્રાક્ષડી, ચૂનો વગેરે પદાર્થો ઉપર તેની અસર શું થતી હતી તેનું વર્ણન ક્લાસ પાસે કરાવો.

અહીંઆં મારી પાસે કોપલાનો કટકો અને મીઠાનો ગાંગડો છે, ને હું તેમને પાણીમાં મૂકું તો કહો કે તેમના ઉપર શું અસર થશે ? પાણીમાં મીઠું ઓગળી જશે (પણ) કોપલો ઓગળશે નહિ.

આનો અર્થ શું છે ? પાણીમાં નક્કર મીઠાને જીણાં જીણાં રજકણોમાં ભૂકો થઈ જવાની શક્તિ છે પણ કોપલામાં તેવું કરવાને તેનામાં શક્તિ નથી.

પાણીના બે પ્યાલામાં મીઠું અને કોપલો નાખો.

" ઓગળવું " એ શબ્દથી તમે શું કહેવા માગો છો ? ઓગળવું એનો અર્થ એ છે કે નરમ થવું અથવા ભૂકા પડવું જ્યારે મીઠું પાણીમાં મૂકવામાં આવ્યું ત્યારે જે નાનાં રજકણોનું તે બનેલું છે તેઓ નરમ થવા મંડ્યાં, અથવા એક બીજામાંથી જૂદાં પડવા મંડ્યાં અને પાણીમાં તે ફેલાઇ ગયાં.

જ્યારે મેં કોપલાના કટકાને અંદર મૂક્યો હતો ત્યારે જેવો હતો તેવોજ હું તે બહાર લઇ શકું છું

હું મીઠાને બહાર લઇ શકીશ ? નહિ. શા માટે નહિ ? કારણ કે તે બધાં નાનાં રજકણો બધને જૂદું પડી ગયું છે અને પાણીમાં ફેલાઇ ગયું છે.

તેમાં મીઠું છે એ હું કેવી રીતે સાબિત કરી શકું ? ચાખવાથી. (તેમ થઇ શકે). કોઇ બીજા રસાયનો તમે બ્રાસ કરી શકશો ? ને પાણીને ટીપા ઉપર હું ઉકાળું તો શું થશે ? પાણી સઘળું વરાળ થઇને જતું રહેશે અને નક્કર મીઠું પાછળ પડયું રહેશે. તેથી હવે જો કે મીઠું ન જોઇ શકાય તેવા ઘણા જીણા રજકણોમાં ભૂકો પડી ગયું છે તો પણ તે પાણીમાં છે.

બીજા કોઇ પદાર્થને પાણીમાં મૂકવામાં આવ્યા હોય તો તેની ઉપર પણ તેવીજ અસર થશે. એવા પદાર્થો વિશે કોઇ જાણે છે ? ખાંડ, ખારો, દ્રાક્ષડી, ચૂનો, વગેરે.

આવા પદાર્થો માટે આપણી પાસે ખાસ નામ છે, આપણે તેઓને દ્રાવ્ય (પ્રવાહીમાં ઓગળે તેવા) પદાર્થ કહીએ છીએ. અને પાણી આની અસર કરે છે માટે તેના વિષે આપણે શું કહીએ છીએ ? આપણે કહીએ છીએ કે પાણી આવા પદાર્થને માટે દ્રાવક (ઓગાળે એવું) છે.

(૨) જે પદાર્થ અંદર ઓગળી જાય છે તેનું શું થાય છે ? પાણીમાં બેકું મીઠું નાખ્યા કરો, અને તે દરમ્યાન એક ચમચાથી સંભાળ રાખીને હલાવ્યા કરો.

મીઠું પાણીમાં ભૂકો પડવું જાય છે. તથા તેમાં અદ્રશ્ય થાય છે એવું જણાશે.

તે ઓગળે છે ? છોકરા પાસે એવું કહેવરાવો કે આનો જલદીથી અંત આવશે. હવે પાણીમાં વધારે મીઠું ઓગળશે નહિ. અને જો આપણે પ્યાલામાં મીઠું નાખ્યા કરીએ તો ઓગળ્યા વગર બીના, નકર ઢગલામાં તેને તળીએ બેસતું આપણે જોઇશું.

પણ પ્યાલા તરફ જુઓ. જો કે આપણે સઘળા વખત મીઠું ઉમેર્યા કરતા હતા તોપણ પાણી હતું તેના કરતાં વધારે ઉંચું ચડેલું લાગતું નથી.

જુઓ અહીંઆં બીજો કાચનો પ્યાલો છે. અને તેમાં મીઠું નાખવાને બદલે હું નાના પથ્થરો (કાકરા) નાખીશ. હવે શું બને છે ? પાણી ઉંચે ચડે છે. અને પ્યાલાના મથાળાપરથી ઢોળાઇ જાય છે જ્યારે મેં અંદર મીઠું નાખ્યું ત્યારે તેવીજ અસર તેમાં કેમ થઇ નહિ. ચાલો આપણે જોઇએ. આપણા આગલા પાઠમાં આપણે શીખ્યા કે પાણી ઘણું શોષક છે અને હવાને ચૂશી લે છે. આપણે શોષકપદાર્થો વિષે પહેલાં સાભળ્યું છે.

કેવી જાતના પદાર્થો શોષક હોઇ શકે ? છિદ્રમય પદાર્થો એટલે, કે છિદ્રોથી ભરેલા પદાર્થો.

કેટલાક છિદ્રવાળા પદાર્થોનાં નામ આપો. વાદળી અથવા ઇંટ છિદ્રથી ભરપૂર છે, અને તેઓ શોષક છે. તેઓ પાણીને કાણામાં ચૂશી લે છે.

પાણી પણ છિદ્રમય છે, અને જ્યારે કોઇ દ્રાવ્ય પદાર્થ અંદર નાખવામા આવે, ત્યારે ઝીણાં ઝીણાં ઓગળેલાં રજકણો છૂટા પડીને દરેક બાજુએ ફેલાયા પછી પાણીનાં પોતાનાં છિદ્ર ભરી દે છે.

થોડા વખત પછી મીઠું ઓગળ્યા વગર તળીએ શાવાસ્તે જઇને બેઠું, તેની હવે છોકરા પાસેથી સમજુતી માગો.

પાણીમાંનાં સઘળા છિદ્રો મીઠાનાં ઝીણાં રજકણોથી ભરાઇ ગયાં છે અને બીજા વધારે રજકણો પાણીમાં રહી શકતાં નથી તેટલા માટે જો વધારે મીઠું નાખવામાં આવે તો તે ઓગળી શકતું નથી ને તળીએ બીનો, નકર ઢગલો થઇને રહે છે.

પાણી પોતાનાં છિદ્રોમાં હવાને, અને ચ્યાસોને ચૂશી લઇને, તેજ પ્રમાણે તેઓને પણ શોષે છે.

(૩) પાણીના ઉપયોગનો તેની દ્રાવકશક્તિ ઉપર આધાર છે.

રોપાના આયુષ્ય વિષેના પહેલાંના પાઠ તરફ જુઓ. રોપાને તેનો ખોરાક કયાથી મળે છે ? જે જમીનમાં તે ઉગે છે તેમાથી જે મૂળીઆં જમીનમા ફેલાય છે તે તેને ખોરાક આપનાર છે.

એક સખ્ત ઉનાળાના દિવસનો ખ્યાલ કરો. રોપાઓ નમી પડે છે અને ઘાસ સૂકું ને ભૂરા રંગનું થઇ જાય છે. એક વરસાદનું ઝાપટું પડે છે. પરિણામ શું આવે છે ? રોપાઓ, ઘાસ, સર્વ વસ્તુઓ સજીવન થાય છે ને ફરીને ટટાર ઉભાં રહે છે.

આવું શા માટે છે ? વરસાદ આવ્યો તે, પહેલાં રોપાઓ અરેખરી ખોરાકની તંગીથી મરી જવા હતા. પડખેની જમીનમાં જેવી જાતનો ખોરાક જોઇતો હતો. તેવીજ

બનતો પ્રયત્ન પુષ્કળ ખોરાક હતો, પણ જ્યાં સુધી તે ખોરાક પાણીમાં ઓગળ્યો નહોતો ત્યાં સુધી તે રોપાને વાસ્તે નકામો હતો.

વરસાદ આવ્યો અને તેણે જમીનમાંના પદાર્થને ઓગાળ્યા, અને ત્યાર પછી નાનાં મૂળીયાં આ પદાર્થને મિશ્રણની સ્થિતિમાં ચૂસી લેવા શક્તિમાન થયા.

તેટલા માટે જો પાણીમાં આ ક્રિયાશક્તિ ન હોત તો કોઈ પણ રોપો ઉછેરી શકાત નહિ.

વરસાદનું પાણી—

જો વરસાદનું પાણી જમીનમાં પ્રસાર થયું ન હોત તો તે પણ કાંઈ કામનું થાત નહિ. આપણે હમણાં જોયું તે પ્રમાણે વરસાદનું પાણી ક્ષણભર સ્વચ્છ છે મિશ્રણ રૂપે તેમાં કોઈ પણ નક્કર પદાર્થ નથી; અને આવું પાણી રોપાને જીવન આધાર આપી શકે નહિ.

જો વરસાદ પડે છે તે બધાનું શું થાય છે ? તે આપણે જોઈએ. આપણે હમણાં જોયું છે તે પ્રમાણે તેમાનો કેટલોક આપણા ખેતરો અને વાડીમાંની જમીનમાં પેસી જાય છે અને આપણા રોપાઓને માટે ખોરાકને મિશ્રણ કરી ઓગાળી નાખે છે.

તેમાનો કેટલોક જમીન ઉપરથી ધસડાઈ જાય છે અને નદી અથવા નાળાંમા પડીને વહે છે. નદી અને નાળાં તે પાણીને દરિયામાં લઈ જાય છે.

ખુંજણાઓ રાખીને ખેતરો પાણીને વહેવરાવે છે તેઓ આમ શા માટે કરે છે તે છોકરાઓને કહો.

આ પાણી જે નદી રૂપે દરિયામાં વહે છે તે હમેશા જેમાંથી તે વહે છે, તે કિનારાઓ અને તળિયાને ધોતું જાય છે જેવું તે વહે છે તેવું તે જુદા જુદા પદાર્થોનું મિશ્રણ કરે છે અને તેના પ્રવાહની સાથે તે પદાર્થોને લઈ જાય છે.

તોપણ વરસાદનું કેટલુંક પાણી જમીનમા ઉંડું ઉતરે છે અને તેને રસ્તે જે કાંઈ કાઢ્યા છે તેને ઓગાળીને જુદી જુદી જાતના ખડકોમાંથી ટપકે છે.

આપણે જાણીએ છીએ કે કેટલાક ઝરતાં પાણીમાંથી મીઠું, ખારો વગેરે મળે છે. આ પદાર્થો પાણીમાં ઓગળેલા હોય છે તે જ્યારે પાણી સુકાઈ જાય છે ત્યારે પાછા પ્રદર્શિત થાય છે. જે પાણી આપણે પીવાના કામમાં લેઈએ છીએ તે વરસાદના શુદ્ધ જળ કરતાં વધારે મીઠું લાગે છે, કારણ કે તેમાં ચૂનાનું મિશ્રણ થયેલું હોય છે.

K. P. Upadhaya. B. A.

ગાયકવાડ સરકારનું દેશી કેળવણી ખાતું [ઇનામપત્રકો].

(પૃ. ૧૫૦ થી ચાલુ.)

નવસારી પ્રાંત.

૧. નવસારી ઉ. શા. મોલવી ઇસમાઇલહાફેજે ૧–૪–૦ પાણી ભરાવ્યું. ૨. મરોલી સ. ગુ. શા. બીમભાઇ ભીખાભાઇએ ૧–૦–૦ ખાંડ વહેંચી. ૩. તવડી ,, પટેલ હોરમજી દોરાબજીએ ૧–૦–૦ ગરીબ છોકરાઓને ફ્રી માટે આપ્યો. નવસારીના શેઠ ફરામજી મંચેરજીએ ૨–૦–૦ મીઠાઇ વહેંચી ૪. બીનાર ,, બાઇ મોટી મીઠાએ ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૫. ધામણ ,, બાબાજી લાલદાસ ગુરૂ પ્રભુદાસે ૧–૦–૦ સાકરીઆચણા વહેંચ્યા. ૬. પડધા ,, ગામ લોકોએ ૨–૪–૦ અખાડામા રેતી નંખાવી. ૭ માગરોળ ,, રા સા. કુલાજીરાવ દગાજી નવસારી પ્રાંતના સરફોજદાર સાહેબે ૨–૦–૦ મીઠાઇ વહેંચી. ૮. વાવ ,, ગામ લોકોએ ૧–૦–૦ પતાસાં વહેંચ્યા. ૯. કોસમાળા ,, સદ્‌ગ્રહસ્થોએ ૨–૦–૦ ,, ૧૦. કઠોદ્રા “ મેમ્બરોએ ૧–૦–૦ ” ૧૧. ઉભેલ ,, ગામ લોકોએ ૨–૦–૦ પતાસાં, પુસ્તકો વહેંચ્યાં. કુલ ૧૭–૮–૦ કુલ એકંદર ૭૦૭–૯–૫.

તૈયાર કનાર કારકુન.
ગોવીંદ કાળીદાસ.

L. B. PATEL.
વિદ્યાધિકારી વતી.

ફેબ્રુઆરી સને ૧૯૦૪.

વડોદરા પ્રાંત.

૧. વડોદરા સ્ત્રી. શિ. ૫. પારશી તથા ગુ. મ. કન્યા. શા. નં. ૧ મે. મિસ મેરીનોર બાજી લેડી સુ સાહેબે ૨૧–૫–૦ બરફી વહેંચી ૨. પેટલાદ સ. ગુ. શાળા શેઠ કારકાદાસ છોટાલાલે ૩–૪–૦ પાણી ભરાવ્યું. ૩. ,, ગુ કન્યા શા. પરીખ બુધાખીદાસ નારણદાસે ૩–૪–૦ ,, ૪. સોજીત્રા ,, નડીઆદના અમીન નાથાભાઇ ઝવેરભાઇએ ૧–૧૨–૦ પતાસા વહેંચ્યા. ૫. ,, ઉ. કન્યા શા. વહોરા કરીમ નુરજીએ ,, આખો માસ ‘ છોકરીઓને પીવા ’ પાણી ભરાવ્યું, ૬. નાર સ. ગુ શા. શાળાના શિક્ષકોએ ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં ૭. ,, ગુ. કન્યા શા ધર્મજના પા. નાથાભાઇ દાજીભાઇ તથા પા. લલ્લુભાઇ દાજીભાઇએ ૫–૦–૦ પતાસા, ચોપડીઓ વહેંચી. ૮. ચાંગા સ. ગુ. શા દલવાડી ભગવાન કુબેર ૨–૦–૦ સાકર વહેંચી ૯. બાકરણી ,, પા. છગનભાઇ રણછોડભાઇએ ૧–૮–૦ પાણી ચણા વહેંચ્યાં. પા. ઝવેરભાઇ રણછોડભાઇએ ૧–૦–૦ પતાસા વહેંચ્યા. ચાંગાના પા. તુળશીભાઇ લખાભાઇએ ૬–૦–૦ પતાસાં, તથા લેવા પાટીદાર સંબંધેના કડવા આપ્યા ૧૦. ,, ગુ. કન્યા શા. પા ઝવેરભાઇ રણછોડભાઇ તથા પા તુળશીભાઇ લખાભાઇએ ૪૪–૦–૦ ચોરણાં તથા પતાસાં વહેંચ્યાં. ૧૧. મહેળાવ ,, પાડગોવના પા મથુરભાઇ તારાચંદ ૧–૦–૦ પતાસા વહેંચ્યા.

(અપૂર્ણ)

ગાયકવાડ સરકારનું દેશી કેળવણીખાતું.

જા. નં. ૭૭ સન ૧૯૦૪–૦૫.

સરકયુલર.

કડી પ્રાન્તી તમામ દેશી ભાષાની સરકારી નીશાળોના મુખ્ય શિક્ષકો તથા ઇન્સ્પેક્ટરો તરફ.

તાલુકારકુનની લાયબ્રેરીના પુસ્તકો બીજા સાહેબોના શિક્ષકોને વાચવા આપે તેવી છૂટ થવા બાબત.

સાહેબ દીગર—નાગપુર તા કલેકટની સ. ગ્રુ. નિશાળના મદદનીશ એ તાલુકા રકુનમાંથી પુસ્તકો ઇસ્યુ કરી લેવા મટે એવો બદોબસ્ત કરવા બાબત જા નં. ૨૮૬ તા ૧૨ જુન સન ૧૯૦૪ થી રિપોર્ટ કરેલ તે સબંધમાં મદદનીશ ખા. પા. વિદ્યાધિકારી સાહેબ તરફ લખાણ આવી છેવટ તેઓ સાહેબને આ તરફથી ક. આ. નં. ૪૬૫૯ તા. ૧૩ જુલાઈ સન ૧૯૦૪ થી " મદદનીશની આગળથી મુકરર તાલુકારકુનમાંથી પુસ્તકો ગામડાની શાળાના શિક્ષકોને લાભ આપવાની છૂટ થવા " અભિપ્રાય આપતા તેઓ સાહેબના ક પ્રા. પ આ. નં. ૧૩૨૮ તા. ૨૧ જુલાઇ સન ૧૯૦૪ થી લખાણ આવ્યું છે કે.—

" આપની ભલામણ પ્રમાણે મંજુરી આપવામા આવે છે "

ઉપરની મંજુરીની હકીકત પ્રાંતના તમામ શિક્ષકોના જાણવા તથા અમલ થવા માટે પબ્લિક કરવામા આવે છે. તારીખ ૮ માહે ઓગષ્ટ સન ૧૯૦૪ મુ વિસનગર

Chhaganlal T. Modi.
એજ્યુ. ઇન્સ્પે. કડી પ્રાંત.

પુ બે.

શ્રી

સરકયુલર નંબર ૨—

નિશાળ ભાગ ૨ જી પ્રકરણ ૬૮ માં " સામાન્યતઃ પંદર દિવસ સુધી કોઇ વિદ્યાર્થી વગર કારણે ગેરહાજર રહે અને બીજી સાબત કારણ બતાવી ન શકે તો તેનું નામ કમી કરવું. " એ પ્રમાણે છે તથા બદલામ નં. ૬૧ તા. ૫–૭–૦૫ માં બારી વિદ્યાર્થી સામાન્યતઃ ત્રીસ દિવસ કોઇ પણ કારણથી ગેરહાજર રહે તો પણ તેનું નામ કમી કરવું એ પ્રમાણે જણાવેલું છે, તે પ્રમાણે વર્તવા મદારી શાળાઓના અમે છે. તે પ્રમાણે

સામાન્ય શાળાઓમાં સામાન્યતઃ પંદર દિવસ સુધી કોઇ વિદ્યાર્થી વગર કારણે ગેરહાજર રહે તેનું તથા કોઇ વિદ્યાર્થી દિન ૩૦ કોઇ પણ કારણથી ગેરહાજર રહે તેનું નામ કમી કરવા બાબત.

રસ્તા ગામ્યશાળાઓને લાગુ કરવા એક વિભાગના ડેપ્યુટી ઇન્સ્પેક્ટર તરફથી લખાણ આવેલું ને ઉપરથી પ્રાંતના રા. બા. ઇન્સ્પેક્ટર સાહેબોના અભિપ્રાય મંગાવતાં બે એન્ડ્રુ ઇન્સ્પેક્ટર સાહેબના અભિપ્રાય એ ધોરણ ગ્રામ્યશાળાઓને લાગુ કરવા થયો છે. એ સંબંધમાં અંદર વિચાર કરતાં એ ધોરણ ગ્રામ્યશાળાઓને લાગુ કરવું યોગ્ય જણાયાથી આ વટહુકમ કરવામાં આવે છે કે ઉપર જણાવેલાં બન્ને ધોરણ ગ્રામ્યશાળાઓને પણ લાગુ કરવામાં આવે છે માટે એ શાળાઓના મદદનીશોએ તે પ્રમાણે અમલ કરવો. અને પરીક્ષક અધિકારીએ દફ્તર તપાસણી વખતે તથા બેટ વખતે બરોબર તપાસ કરતા રહેવો. તે પ્રમાણે અમલ કરવામાં કોઇ કસુરદાર જણાય તો તેને યોગ્ય તે શિક્ષા તેમણે કરવી વા. ૧૩ ઑગષ્ટ ૧૯૦૪.

J. A. Dalal.
વિદ્યાધિકારી.

દલસુખ.

શ્રી. જે. બા. નં. ૧૧૭

સૂચના

આ. વડોદરા પ્રાંતની શાળાઓના દેખભાલકારો તથા મદદનીશોને આ સૂચનાથી ખબર આપવામાં આવે છે કે—વટહુકમ નં. ૨૭ તારીખ ૨૮-૪-૧૯૦૦ તથા નં. ૪ તારીખ ૨૮-૫-૦૧ ને અનુસરી ગદાનની મેજસાજ દુરસ્તી તથા છાપરા બનાવવાનાં એસ્ટીમેટો મંજુર થવા આ તરફ આવે છે. તેમાં કેટલાક મદદનીશો તરફથી મુદતી હપ્તાના આવવાથી બીલ થઇ પત્રક કરવામાં આવે છે તેથી લખાણમાં વધારો થાય છે તે અટકાવવાની જરૂર છે. અત્રત્ય દફ્તરથી સાથેના પત્રકમાં જણાવ્યા પ્રમાણે હપ્તાની પીનચુકે દાખલ કરી મેજસાજ દુરસ્તી અરસનું એસ્ટીમેટ દરેક વર્ષની તા. ૧ નવેમ્બરે અને છાપરા બનાવવાનું એસ્ટીમેટ તા. ૧ મેએ આ તરફ મંજુર થવા મોકલવા જેનએ તેમણે ધ્યાન આપવું. તા. ૨૦ માહે ઑગષ્ટ સને ૧૯૦૪ મુ. વડોદરા.

M. C. Desai.
એક્ઝી. ઇન્સ્પેક્ટર, પાંત વડોદરા.

આ બે.

સાથેના પત્રક પ્રમાણે બાકી મંજુર કરવા મોકલવા બાબત

મેસે

તાલુકે

ની સાલનું મંજુર થયા બાદ રવાના

શાળાના મકાનની સેજસાજ દુરસ્તી કે છાપરા ચણાઈનું એસ્ટીમેટ સન

પ્રાંતના એજ્યુ. ઇન્સ્પેકટર તરફ.

સેજસાજ દુરસ્તી માટે તથા છાપરા ચણાઈ માટે મંજુર થયેલી રકમ આપનાર ગ્રાંટીકે.લખ્યા.	કેસના ક્રમ નંબર તારીખથી મંજુર થયેલ છે તે નંબર તારીખ માસ સન.	પેઢી આપનાર વર્ષમાં અર્થે થયેલી રકમ કે નવાર.	આસન કે નીરકમ બાદ જતાં બાકી રહેલી રકમ કે નવાર.	કામ કરવા અર્થેની કે કંટ્રાકટથી કરાવવાનું છે તે.	કામ કરવા માટે (કામના માપ સાથે) કેટલો આગાન કયો કયો કેટલા નંગ કે માલ જોઇશે તે ઇગવાર હકીકત આપવા બાબ સાથે તથા કુલ કિ મત અંદાજ કરી જણાવવો.	મંજુરીનો શેરો.	શિલકે
૧	૨	૩	૪	૫	૬	૭	૮

૫	વાલજીભાઈ ખીમભાઈ પટેલ.	નાયબ સ. ગુ. શાળાના મુખ્ય શિક્ષક.	પાટીદર કરમદ તા. આણંદ.	૪૧-૪-૨૨	—	ટ્રેનિંગના ત્રીજા વર્ષમાં પાસ	૮	સંસ્કૃત બીજી ચોપડી.	૧૪-૧-૪૩	રૂ. ૨૮) ગ્રે. વર્ગમાં મળેછે.
૬	છગનભાઈ હરજુભાઈ શાહ.	નાંદોલ સ.ગુ. શાળાના મુખ્ય શિક્ષક	વાળિયા. વાયરીનોર	૪૨-૭-૭	ગુજરાતી છઠ્ઠા ધોરણમાં પાસ.	•	૦	૦	૧૫-૪-૪૩	
૭	ત્રિભોવનભાઈ જેઠાભાઈ પટેલ.	ભાખી સ. ગુ. શાળાના મુખ્ય શિક્ષક.	પાટીદર. ધર્મજ.	૨૯-૯-૯	૦	વડોદરા ટ્રેનિંગના ત્રીજા વર્ષમાં પાસ.	૦	સંસ્કૃતનું સાધારણ જ્ઞાન.	૧૫-૧-૪૪	
૮	માણેકલાલ હરિલાલ.	સોજિ સ. ગુ. શાળાના મુખ્ય શિક્ષક.	વાળિયા. પેટલાદ.	૩૮-૧૧-૦	૦	•	ગેટીક સુધી અભ્યાસ.	•	૧-૨-૪૪	
૯	કુંવરભાઈ નરોત્તમદાસ પટેલ.	મલંદ સ. ગુ શાળામા મુખ્ય શિક્ષક.	પાટીદાર મહુધા તા. નડીયાદ.	૪૪-૧-૯	•	અમદાવાદ ટ્રેનિંગના પહેલા વર્ષમાં પાસ.	૬	૦	૧-૫-૪૪	
૧૦	હરજીવન કુબેરદાસ.	પીજ સ. ગુ શાળાના મુખ્ય શિક્ષક.	વાળિયા ઉમરેઠ.	૫૮-૨-૧૫	ગુજરાતી છઠ્ઠા ધોરણ સુધી અભ્યાસ.	૦	ગેથા ધોરણ સુધી અભ્યાસ.	•	૧-૫-૪૫	

૧૧	રમણીકલાલ શિવલાલ.	વાંધોડીયા મ. ગુ. શાળાના મુખ્ય શિક્ષક.	વાઘોડિયા ઠા. સુરે.	૧૪-૨-૦	•	અમદાવાદ ટ્રે. નિંબના બીજા વર્ષમાં પાસ.	•	•	૧-૧-૬૫	
૧૨	હરખજી કલ્યાણજી.	ભમરેી ના. નાયબઅમલના હેડકારકુન.	વાઘોડિયા અમરેલી.	૪૩-૧-૦	ગુ. છઠ્ઠા ધોરણમાં પાસ	•	•	સંસ્કૃત પ્રથમ પુસ્તક પાસ.	૧-૧-૬૫	(હાલ ૬. ૨૫) પ્રમોશન મળેછે.
૧૩	હરિલાલ મનસુખ.	નાયબજ સ ગુ શાળાના મુખ્ય શિક્ષક	વાઘોડિયા કપડવંજ.	૪૬-૧-૨૯	૭૫૧	•	•	•	૧-૧-૬૫	
૧૪	કેશવલાલ માણેકલાલ	ખાગા. સ ગુ શાળાના મુખ્ય શિક્ષક.	નાગર વાઘોડિયા.	૬૮-૪-૨૧	•	અમદાવાદ ટ્રે. નિંબના બીજા વર્ષમાં પાસ.	•	સંસ્કૃત બીજા પુસ્તકના પાઠ ૧૨.	૧-૧-૬૫	
૧૫	મોહનલાલ ઉમેદરામ.	વસઇ સ ગુ શાળાના મુખ્ય શિક્ષક.	વાઘોડિયા અમદાવાદ.	૫૦-૦-૨૧	ગુ. છઠ્ઠા ધોરણમાં પાસ.	•	ચોથા ધોરણમાં પાસ.	•	૧-૧-૬૫	
૧૬	પુરુષોત્તમત્રિભોવન.	રેવાલ સ ગુ શાળાના મુખ્ય શિક્ષક.	વાઘોડિયા ધોળકા.	૪૭-૧-૩૦	•	•	છઠ્ઠા ધોરણ સુધી અભ્યાસ.	સંસ્કૃત બીજા પુસ્તકના પાઠ ૧૨	૧-૧-૬૫	

૧૭	કાળીદાસ ભોગાભાઇ પટેલ.	બાકરોલ સ. ગુ. શાળાના મુખ્ય શિક્ષક	પાટીદાર ધ મેજર.	૩૨-૬-૨		ગ્રાદરા ટ્રેનિંગના ત્રીજા વર્ષમા પાસ.	૦	સંસ્કૃત બીજા પુસ્તકના પાઠ ૧૨ તથા મેઘદુત અને ઘોડો હિતોપદેશ	૧-૫-૬૫
૧૮	ભૂખણજી વજ-નાથ	સીપોર સ ગુ. શાળાના મુખ્ય શિક્ષક	ભેડવાગ બ્રાહ્મણ.	૫૧-૧૦-૧૫	ગુ. છઠ્ઠા ધોરણમા પાસ	૦	૦	સંસ્કૃત પ્રથમ પુસ્તક પુરું.	૭-૬-૬૬
૧૯	કલ્યાણજી ગુલાબ ગામ	ગાસા સ. ગુ શાળાના મુખ્ય શિક્ષક.	અનાવલા બ્રાહ્મણ ભટ્ટ લી તા વલસાડ.	૪૯-૮-૬	૦	અમદાવાદ ટ્રેનિંગના બીજા વર્ષમાં પાસ.	૦	૦	૮-૬-૬૬
૨૦	ચુનીલાલ અમથાભાઇ પટેલ.	વડોદરા સ. ગુ. કન્યાશાળા નં. ૧ ના આસિસ્ટંટ	પાટીદાર વડોદરા.	૪૦-૧૦-૦	ગુ. છઠ્ઠા ધોરણમાં પાસ.	૦	૦	વડોદરા વર્નાકયુલર કૉલેજમા મેડીકલ કલાસમા બીજુ વર્ષ અભ્યાસ કર્યો છે	૧૬-૧૧-૬૭
૨૧	નાનાભાઇ મગનભાઇ	ભોજરીઆ મ. ગુ. કોળી જાતનું મુખ્ય શિક્ષક	નાગર બ્રાહ્મણ.	૪૯-૨-૧૦	ગુ. છઠ્ઠા ધોરણ ચૂંથી અભ્યાસ.	૦	૦	૦	૧૬-૧૧-૬૭

{ ચાલુ રહેશે }

REGISTERED N.B 33

પુસ્તક ૧૧ મું. શ્રી. અંક ૧૨ મો.

કેળવણી

આશ્વિન, સંવત્ ૧૯૧૦.

વિષયો.

૧. ઉદ્યમ.... ... ... ૧૮૫
મેકિનાલ એન્ડ્રુકેરનું . ૧૮૫
સિંધમાં કેળવણીને ઉત્તેજન૧૮૭
ટૂંકનિંગ ક્લાસ... ... ૧૮૭
૨. અભ્યાસ કેવી રીતે કરવો.. ૧૮૮
૩. ગુજરાતી વાંચનમાળા સં-
બંધી વિચાર ૧૮૯
૪. ઇંગ્લાંડે વિષે જુદા જુદા વિદ્વાનોનાં
વચનો... ... ... ૧૯૧
૫. પ્રજાજનના શિક્ષણની નબળી
સ્થિતિનાનું સિંદાવલોકન ૧૯૬
૬. બ્રહ્મચારી શિક્ષણમાં ભજન,
અને ભજનની પ્રગતિ. ૧૯૪
૭. ગુજરાતી ભાષાની ખોડખો
અને તેના નિયમો. ... ૧૯૬
૮. ગામડાંમાં સારાનું કેવી
રીતે વધારી મૂકવું (ચરકુકરો) ૧૯
વ ર્ષ નં ૪ થી કમે
પ્રસિદ્ધ થએલા નમુનાનો
ઉપયોગ કરવા સબંધી... ૧૧
૫. ર્ષ નં ૫ ચિત્રવિદ્યાના
અભ્યાસક્રમ ઘોરણુસર કરા-
વવા બાબત ૧૧
૬. કલાભવનની જરૂરીયાત. ૧૬
૭. અભ્યાસણામાં ચાલતા ઇ-
તિહાસ ક્રમમાં ફેરફાર કર્યા
બાબત ૧૭
બાજને પાણી પાવાનો પ્રબંધ
કરવા બાબત. ૧૭
કેવી કેળવણી બાળાને
જોઇએની ક્રમવારી ... ૧૮

પ્રસિદ્ધકર્ત્તા

છોટાલાલ નરભેરામ ભટ્ટ.

વાર્ષિક કિંમત ૬ રૂ) પોસ્ટેજ રૂ. ૦-૩-૦

છૂટક અંકના રૂ ૦-૩-૦

વડોદરા:—વી રે શે ન્ટ પ્રા લ ય પ્રિં ટિં ગ પ્રે સ.

पुस्तकोनी पहोंच.

नीचेनां पुस्तकोनो आभार सहित स्वीकार करीए छीए:—

કૌતકમાળા અને બોધવચન કર્ત્તા રા. રા. ગણેશજી જેઠાભાઇ, બીજી આવૃત્તિ કિંમત ૦-૧૨-૦

૮૪ વર્ષનું પંચાંગ—કર્ત્તા દયારામ ગણેશજી દુબલ, બીજી આવૃત્તિ કિંમત ૧. ૦-૧૨-૦. સંવત ૧૯૧૭ થી ૨૦૦૦ સુધીનું છે.

વિચાર કરતાં શીખવા વિશે સંભાષણ—કર્ત્તા મણિશંકર પ્રભુરામ પંડિત પ્રસિદ્ધકર્ત્તા મણિલાલ દોલતરામ પટેલ—વિજયપત્રના પ્રકાશક. કિંમત ૦-૬-૦

બાલ નીતિપાઠ—કર્ત્તા ભીખાભાઇ ગોપાળજી હેડમાસ્તર—ભાવનગર. કિંમત ૦-૦-૬.

ગુજરાતી બાળવિનોદ.—કર્ત્તા નંદરામ પિતામ્બરદાસ જોશી—કરાંચી.

કિન્ડરગાર્ટન કલા ૦)⇒ પાઠના નમુના ૦)⇒ સાતમી ચોપડીના વિદ્યાર્થિ તમામ વાંચનપાઠોનું વિવરણ ૦-૫-૦ સાતમો તમામ કવિતા સમજ ૦-૨-૦ કલા એની ઘટા૦ કિંમત ૦ ભો. જે. ખારોડ—રાજકોટ.

જૈન વિદ્યાર્થીઓને જાહેરખબર.

જે જૈન વિદ્યાર્થીઓને નાણાંની તંગીને લીધે વિદ્યાભ્યાસ કરવામાં અડચણ આવતી હોય તેમને શ્રી જૈન કોન્ફરન્સના કેળવણીખાતામાંથી ફી તથા ચોપડીઓ માટે ખર્ચની મદદ આપવામાં આવશે. તેની મદદ મેળવવા ઇચ્છનારાએ જણાવેલી વિગત સાથે આગળી તારે નીચેના સરનામે જણાવવું:—

૧. વિદ્યાર્થીનું નામ.

૨. ઉમ્મરનાં પૂરાં વર્ષ.

૩. કયી શાળામાં અને કયા ધોરણમાં અભ્યાસ કરે છે.

૪. વર્ગના કુલ નંબરો પૈકી માસિક નંબર કેટલામો છે.

૫. આગળીની રકમ ફી માટે અને પુસ્તકો માટે કેટલી જોઇએ.

૬. અભ્યાસ અને સારી ચાલ માટે સ્કૂલના હેડમાસ્તરનું સરટીફિકેટ.

૭ મદદ મળવા જેવી સ્થિતિ માટે બે આબરૂદાર ગૃહસ્થનું આપવા તો સ્કૂલ માસ્તરનું સરટીફિકેટ.

શેઠ લાલભાઈ દલપતભાઈ,
જનરલ સેક્રેટરી અને કેળવણી ખાતાના સુપરવાઇઝર
શ્રી જૈન શ્વેતાંબર કોનફરન્સ. અમદાવાદ.

કેળવણી.

દોધકવૃત્ત.

અર્થ મળે વળી ધર્મ સચાયે, જ્ઞાન મળે સનમાન પમાયે;
પ્રીતિ વધે પમરે જશ સારો, એ શિશુશિક્ષણ ધર્મ અમારો.

પુસ્તક ૧૬ મું. આશ્વિન. સંવત્ ૧૯૬૦ અંક ૧૩ મો.

દર્શન.

ટેક્નિકલ એજ્યુકેશન—અમેરિકા અને જાપાનમાં ટેક્નિકલ એજ્યુકેશન અથવા ઉદ્યોગ ધંધાનું શિક્ષણ કેવી રીતે આપવામાં આવે છે તથા હિંદુસ્તાનમા એવી શાળાઓ કાઢવાને માટે કેવા ઉપાય લેવા જોઇએ તેનું નિરૂપણ કરાવનારૂં એક પોથલિયું એસ એચ. સેહ્લર તરફથી પહોંચવામા આવ્યુ છે, જેની એક પ્રત અમારા તરફ પણ તેમણે મોકલી આપી છે. મી સેહ્લર જણાવે છે કે હાલના શિક્ષણને લીધે હિંદુસ્થાનનો કેળવાયેલો વર્ગ પોતાનું ગુજરાન ચલાવવાને કેવળ નિરાધાર થઇ ગયો છે અને જે તે નોકરી તરફ નજર કરે છે એવીજ મુશ્કેલી કાયદા અંગ્રેજી યુનાઇટેડસ્ટેટ્સમા પણ હતી પણ, જેથી સ્વતંત્ર ખેતીને તેમણે ઉદ્યોગ ધંધાની શાળાઓ કાઢીને પોતાના દેશને લાભ કર્યો છતાં હાલ અમેરિકામા તેવી કેટલીક નામાંકિત શાળાઓ છે જેમા સ્વદેશી ઉપરાંત પરદેશીઓ પણ તેના શિક્ષણનો લાભ મેળવે છે, અને તેમા બીજા કરતા જાપાનીસો વધારે છે જાપાનમા પણ તેવી શાળાઓ ઉઘાડવામા આવી છે, કેમકે જાપાન દુનિયામાં વખતસર રહ્યું છે તેનું એક કારણ એવી શાળાઓ પણ છે અમેરિકાની શાળાઓ ખર્ચ કરતાં ઘણી ઓછી છે, ત્યારે તેમાં ખર્ચ કરતાં બરાબર વધારે આવે છે યુનાઇટેડસ્ટેટ્સમાં કે જાપાનમા કેળવણી લેવા જનારા વિદ્યાર્થીઓ માટે એ વિચાર કરવાનો છે, પણ ઉદ્યોગ ધંધાની શરૂઆતની કેળવણી આપવાની તજવીજ તો સ્થાનિક શાળાઓમાં પણ કરી શકે. મી સેહ્લર આશા રાખે છે કે એક્સ્ટિંક્શનાઇટીઓ અને મોટા શહેરોમાં આ કામમાં પોતાથી બનતો પ્રયત્ન કરે તો તેની શરૂઆત થઇ શકે. અમને લાગે

છે કે કેળવણીખાતાના અગ્રેસરો હાલની કેળવણીની દિશા માત્ર ફેરવે તો ઉદ્યોગધંધાની કેળવણીનો આરંભ કરવો આપણી શાળાઓમાં સહેલો થશે. અંગ્રેજી રાજ્યની પ્રાથમિક શાળાઓનાં ધોરણોમાં તેનું તત્વ દાખલ કરવામાં આવ્યું છે પણ તે બહુ થોડે અંશે જણાય છે. ગાયકવાડી રાજ્યની કેટલીક શાળાઓમાં હસ્તકળાશિક્ષણ (Manual Training) દાખલ કર્યું છે, પણ તેનું પરિણામ જોઈને તેનો વિસ્તાર વધારવાની જરૂર છે. હાલની શાળાઓમાં વિદ્યાર્થીઓને ભાષા, ઇતિહાસ, ભૂગોળ, તથા ગણિત શીખવવામાં આવે છે, પણ દિલગિરી સાથે અમારે જણાવવું પડે છે કે થોડાજ વિદ્યાર્થીઓને તેનો શોખ ઉત્પન્ન થાય છે. પ્રાથમિક શાળામાંથી નીકળ્યા પછી કોઇએ ભાષાશાસ્ત્રનો, ઇતિહાસનો કે ગણિતવિદ્યાનો પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો હોય અથવા તેમાં વધારો કર્યો હોય એવો અમારા જાણવામાં નથી. હા, અંગ્રેજી શાળામાં દાખલ થયા પછી લાંબા અભ્યાસ ક્રમમાં આવતો અભ્યાસ કર્યો હશે, પણ તેથી તે ભાષાશાસ્ત્રી કે ઇતિહાસવેત્તા કે ગાણિતિક બન્યો હોય, એવો વિદ્વાન પણ શોધને આધીન રહે છે. તાત્પર્ય એ છે કે આપણી પ્રાથમિક શાળાઓમાં જે માત્ર લેખન અને પઠનનું કામ કરવામાં આવે છે તેમાં ઘટાડો કરી કાંઇક હસ્તકૃતિનું તત્વ પણ દાખલ કરવામાં આવે તો તે વધારે ઉપયોગી થશે. પ્રાથમિક શાળાઓમાં હાલ જે કાંઇ શિક્ષણ આપવાનું હોય તો તે માત્ર વિદ્યાર્થીઓને વિચાર કરતાં શીખવવાનું છે, પણ દિલગિરી સાથે જોઇએ છીએ કે તે કામ પણ મનમાનતી રીતે થતું નથી. ઉલટું, ઘણીવાર તો શીખવવાના વિષયોની વધારે વિવિધતાને લીધે, પરીક્ષાના પરિણામની લાલસાને લીધે, નાનાં છોકરાંને જલદી જલદી ભણાવીને પારંગત કરી દેવાની તેમનાં માબાપની અયોગ્ય તૃષ્ણાને લીધે, તથા કાંઇક શિક્ષકોની ખામીને લીધે નાનાં બાળકોની વિચારશક્તિ ખીલવાને બદલે જડીભૂત થતી જોઇએ છીએ. આવે વખતે એના ઇલાજ કરવા એ આપણું કર્તવ્ય છે. એ ઇલાજ આ પ્રમાણે હોઇ શકેઃ—

૧. કેળવણીનું શાસ્ત્ર અને કળા બન્ને બાબતનો શાસ્ત્રીય અને પ્રાયોગિક (practical) અનુભવ મેળવેલા શિક્ષકો શાળાઓને પૂરા પાડવા. ટ્રેનિંગની પુનઃ સ્થાપના કરવાથી આ કાર્ય થઇ શકે; તેમાં પણ શાસ્ત્રીય જ્ઞાન કરતાં અનુભવ ઉપર વિશેષ ધ્યાન આપાય એવાં તેનાં ધોરણો ઠરાવવાની જરૂર છે.

૨. નિશાળોમાં ચાલતાં ધોરણોમાંથી જે વિષયો ઓછા અગત્યના લાગે તેનો બીજા વિષયોમાં અંતર્ભાવ પણ ન કરતાં તે વિષયો પરીક્ષામાંથી બિલકુલ બાદ કરવા; જે વિષયોને અગત્ય આપ્યા વિના ચાલે નહિ એવા હોય તેનાં મૂળતત્વો માત્ર શીખવવાનું રાખવું.

૩. હસ્તકળાશિક્ષણનો વિષય નવીન દાખલ કરવો. આ વિષય કેવળ હાથને અને આંખનેજ નહિ કેળવે, પણ કેળવણીનો મુખ્ય ઉદ્દેશ જે "વિચાર કરતાં શીખવવું" તે પણ એથી સારી રીતે પાર પડશે. મી. સેટ્લર પણ કહે છે કે," In America, they invariably find that a manual training boy can do better work in Mathematics and in other studies requiring original thought than one who has not this training." આપણા ઘણા નવીન વિદ્વાનોની જે ફરિયાદ છે કે, આપણામાંથી ઉત્પાદક શક્તિ નાશ પામી છે—આપણે માત્ર અનુકરણ કરનારા

જીએ—તેનો પ્રતીકાર પણ ઉપાય પંપાની કેળવણીનાં તત્વો પ્રાથમિક શાળાઓમાંથીજ દાખલ કરવા પડે એમ છે. મી. સેટ્લરની સૂચના ઉપર મ્યુનિસિપાલિટીઓ અને લોકલ-બોર્ડના અમેમરો તથા વિદ્યાખાતાના ચાહકો ધ્યાન આપશે એવી અમે પણ આશા રાખીએ છીએ. અલબત્ત, આવાં કાર્યો સિદ્ધ કરવામાં અડચણો ઘણી છે એ સિદ્ધ થયેલી વાત છે, તથાપિ અડચણો જીતવામાંજ વિજય સમાયલો છે.

સિંધમાં કેળવણીને ઉત્તેજન—અમારા વાંચનારા જાણીને ખુશી થશે કે સિંધમાં આપના મુસલમાન બાદશાહના બાળકોને કેળવણી આપવાને સારા કેળવણીખાતા તરફથી ઘણી સારી ગોઠવણ થએલી છે. સારા અમારા એક મિત્ર તરફથી અમને ખબર આપવામાં આવી છે કે થોડા મહિનાપર ત્યાના મે. એજ્યુ ઇન્સપેક્ટર સાહેબે પણ સરકયુલરો મોકલી રજાદર શાળાના શિક્ષકોને, મુસલમાન વિદ્યાર્થીઓને અને ઉપરિક્ષક થનાર હુમેદવારોને ઉત્તેજન આપ્યું છે. મુસલમાન કોમના વિદ્યાર્થીને બીજું ધોરણ પસાર કરે ત્યારથી તે બધા ધોરણ પૂરા કરે ત્યા સુધી વધુ રૂપિયાની માસિક સ્કોલરશિપ આપવામાં આવ્યું છે. રજાદર શાળાના શિક્ષકો માટે એવો ઠરાવ કર્યો છે કે, જો તે ઇનસ્પિરિયર સ્કુલનું ત્રીજું, ચોથું કે પાંચમું ધોરણ પાસ કરશે અને પોતાની શાળામાં તે ધોરણોનો અભ્યાસ ચલાવતો રહેશે તો તેને વાર્ષિક માન્ય ઉપરાંત અનુક્રમે એક, બે, અને વધુ રૂપિયા દર મહિને પગાર આપવામાં આવશે.

ટ્રેનિંગ ક્લાસ—આ બન્ને કરતાં વિશેષ ધ્યાન ખેંચનારી ટ્રેનિંગ કલાસોની વ્યવસ્થા છે. આવા ક્લાસો કોકલબોર્ડની શહેરી શાળાઓમાં ઉધાડવાનો ઠરાવ કર્યો છે પાંચમું ધોરણ જેણે પાસ કર્યું હોય તથા ચૌદ વર્ષ ઉપરાંત ઉમરનો હોય તેને એ ક્લાસમાં દાખલ કરે છે બે વર્ષનો તેનો અભ્યાસક્રમ રાખ્યો છે. પહેલા વર્ષનો અભ્યાસ છઠ્ઠા ધોરણ સાથે અને બીજા વર્ષનો અભ્યાસ સાતમા ધોરણ સાથે કરાવવાનું રાખ્યું છે. એ ધોરણના અભ્યાસ ઉપરાંત, દેશી શાળાઓના શિક્ષકોને સૂચનાઓ અને પદાર્થપાઠ શીખવવાની સૂચનાઓ, આ બે બાબતો પરેના વર્ગમાં વિશેષ શીખવાની કરાવી છે. બીજા વર્ષમાં, તે ઉપરાંત કેળવણી આપવાનો અનુભવ તથા સ્કૂલબુકસપ્લાયમાંથી કેટલાક પ્રકરણો શીખવવાનું કરાવ્યું છે. આ વર્ગો (જેમાં કે મુસલમાન હોવા જોઇએ) જે શિક્ષક શીખવે તેને પગાર ઉપરાંત બાર રૂપિયા માસિક એલાઉન્સ આપવાનું કરાવ્યું છે. આવી રીતે તૈયાર થયેલા વિદ્યાર્થીઓને દેશી શાળાઓમાં આસિસ્ટંટ માસ્તરની યોગ્યતાનું સર્ટિફિકેટ મળી શકશે સારા ઉપરિક્ષકો મેળવવાની આ ગોઠવણ સ્તુતિપાત્ર છે. આ પ્રમાણેની ઉંચી કેળવણી લેનારને દર માસે ₹ ૪૦-૫૦ ની એક સ્કોલરશિપ આપવાનું પણ સરકારે ઠરાવ્યું છે, જે બરોબર મુસલમાન બાળકો માટે ખુશી થવા જેવું છે. આપણે અહીં પણ એના જેવીજ કોઇ વ્યવસ્થા કરવામા આવે તો લાભ થવા સંભવ છે

અભ્યાસ કેવી રીતે કરવો.

(પાછળથી ચાલુ)

૬. **કામ નિયમસર કરવું**: કામનો ક્રમ ગોઠવવો અને દરેકને માટે વખત નક્કી કરવો. નિયમ વગર કરવામાં આવેલો અભ્યાસ ફળ થોડું આપી શકે છે. સારી રીતે વિચાર કરીને અભ્યાસનો બરાબર નિયમ કર્યો હોય તેથી ઘણા લાભ છે, એક તો વખતનો જેથી ઘણો બચાવ થાય છે, અને બીજું જ્યારે આપણે વધારે વિષય શીખવાના હોય છે ત્યારે જો દરેકને માટે નિયમિત વખત ઠરાવેલો હોતો નથી, તો આપણે આપણને ગમતા વિષયને માટે વધારે વખત લક્ષમાં લઈએ છીએ અને અણગમતાને પડતો મૂકીએ છીએ નિયમ ઠરાવવાથી એક વિષયને માટે તેની જરૂરિયાત પ્રમાણે વખત આપી શકાય છે.

નિયમ ઘણી મહેનત પડે તેવો ન જોઇએ. નિયમ બાંધતાં સંભાળ રાખવી કે એ આપણી શક્તિ, જરૂરીઆત અને સ્થિતિને અનુસરીને છે કે નહિ. અમુક ધારેલા વખતમાં કેટલું કરી શકાશે તે પ્રથમ નક્કી કરવું; પછી કામના ભાગ પાડવા અને તે દરેકને માટે વખત નક્કી કરવો. એ પ્રમાણે ઠરાવ્યા પછી તેટલું વખતસર કરવાને પૂર્ણ યત્ન કરવો.

નક્કી કરેલા વખતને મન તે વિષયમાં બરાબર ચોંટાડવું. અભ્યાસ ઉતાવળથી નહિ પણ દૃઢ અને નિયમિત પ્રયત્નથી થવો જોઇએ. તેમાં ઉતાવળ કે ગભરાટ કે રમત અને શ્રમ એક સાથે થવા ન જોઇએ.

હમેશાં કેટલો વખત અભ્યાસ કરવો તેનો આધાર દરેક વિદ્યાર્થીની શક્તિ અને શ્રમ કરવાની તેને જે અનુકૂળતા મળે તેના ઉપર છે જેમ વિદ્યાર્થી નાનો તેમ અભ્યાસનો વખત ઓછો અને આરામનો વધારે જોઇએ. એટલો બધો વખત તો કોઇને માટે પણ ન જોઇએ કે જેથી કંટાળો આવે તેમ એટલો ટુકો વખત પણ ન જોઇએ કે સતત મહેનત કરવાની ટેવ ન પડે.

૭. **જે બાબત હાથપર લેવી તેમાં એકાગ્રચિત્ત થવાને પૂરતી મહેનત કરવી.** મનને અનેક વિચાર કરતાં અને ભટકવા ન દેવું. એકાગ્રચિત્ત એ શીખવાને માટે બહુજ જરૂરની વસ્તુ છે અનુકૂળ મનોયત્નોથી તે મેળવવું અને જ્યાં સુધી એકનું એક કામ ધણા ધ્યાનપૂર્વક ઘણો વખત કરવાની મનને ટેવ પડે ત્યાં સુધી તેનું બેસાણ કરવું. આના કરતાં વધારે લાભકારક બીજી કોઇ ટેવ નથી. જીંદગીની કૃત્તેહને માટે પણ એ ટેવ ઘણી સારી મદદ કરે છે,

બુદ્ધિમાન્ અને સાધારણ માણસમાં તફાવત મુખ્યત્વે ધ્યાન આપવાની અને રોકવાની શક્તિમાં હોય છે. ન્યૂટન કહે છે કે તેની શોધો બીજા કોઇના કરતાં એકાગ્ર ચિત્તને લીધે વધારે થએલી છે ચાર્લ્સ ડિકન્સ કહે છે કે એકાગ્રચિત્ત એ કોઇપણ કામમાં કૃત્તેહ મેળવવાની એક સારી ચાવી છે. માણસને એ ગુણ ધણોજ કીમતી છે. તેના વિરુદ્ધ એવી

પ્રસંગ જાણ્યો વારંવાર આવે છે કે જેના તરફ ચિત્ત દોરાઈ જાય, પણ તેનો અટકાવ કરવો જોઈએ.

૮. અભ્યાસમાં પોતાને રસ પડે તેમ કરવા પ્રયત્ન કરવો. જ્ઞાનને જ્ઞાનની ખાતર ચાહવું મનને ગાઢ ન થવા દેવું જો એક વાર થયું તો કેમેય કરી, ચાલવું કાલ પડશે; અને તેને જો તેની ટેવ પડી તો એ બધું નુકસાન કરશે. જે અભ્યાસ મનને આનંદ આપતો નથી તેમાં બરાબર પ્રીતિ રહી શકતી નથી; અને જેમાં આનંદ પડતો નથી, તે યાદ પણ રહી શકતો નથી. ચિત્ત જે પ્રમાણમાં રસ આપે છે, તે પ્રમાણમાં તેનું ધ્યાન બને છે અને યાદ રહે છે. મન જો આનાકાની કરે તો તે ઘટતી ત્વરાથી અને ચોકસ માપ કરે છે અને વિષયને સજાના રૂપે પકડી રાખે છે.

કોઈ નવીન વિષય આરંભમાં કઠિન લાગે છે. સર્વથી વધારે તો તેના અપરિચિત વિચારો અને પારિભાષિક શબ્દો કરાવે છે પ્રથમ તો મન એમ ધારે છે કે એ બધું છેજ નવીન છે, પણ પછીથી થોડીક બરોબરી મહેનત લેતાં તેનો ડોળ ઉતરી જાય છે, અને પ્રથમના જેટલો કઠિન લાગતો નથી. નવીન કઠિનતા પ્રથમ મનમાં દાખલ થતાં હમેશાં વાર લાગે છે. છતાં તે દાખલ થઇ શકે છે એ નિશ્ચિત સમજી રાખવું. પ્રથમ થોડું વધી જાય તે ઉપરથી નાકમેદ નહિ થવું.

કુસુમ.

ગુજરાતી વાચનમાળા સંબંધી વિચાર.

(૫ છઠ્ઠા માસ્ટરથી આગળ)

બાળકના મન ઉપર અલૌકિક અસર થવા સંભવ છે.

વાંધો કલ્પિત છે એ વાત સત્ય છે પરંતુ તેમાં પણ કોઈ હદ હોવી જોઈએ બીજા પોતપોતામાં દાખલ થનાર બાળકની ઉમ્મર બધું કરીને એવડી હોય છે કે જ્યારે તેની બુદ્ધિનો વિકાસ થવા માંડે છે અને કે તે વખે કલ્પના શક્તિનું પ્રાબલ્ય હોય છે અક્ષરોના ઘરનાં બારણાં બંધ હતાં તે ખોલું નાખવાથી ઉઘડી જાય એ માનવું મુશ્કેલ છે. આવા મર્મો કોઈ પણ બાળપણ થયો નહિ.

બિનાસ બાબાની શિક્ષા તરફ વિચાર કરીશું તો જણાશે કે એક સરેરાશ બાળકો માટે તેને જેવડી શિક્ષા કરવામાં આવે છે ? તેની આજે કેટલી નાબરામાં આવે છે ? તેને ઉંચે નાચે કૂવામાં ઊંધા ઘાલવામાં આવે છે. " કોઈ પણ દેશના સંગઠનમાં જગતી કરવા ના ઇતિહાસનું અધ્યયન કરનારને આ શિક્ષા બરાબર લાગશે. બાળકોને અધ્યનદ્વારા આનંદ આપવાનો અને તેને પ્રોત્સાહિત કરવાનો ઉદ્દેશ હોય તો આવી શિક્ષાથી બાળકના અંતઃકરણનો કુદરતી ઉત્સાહ હરી જશે.

બાળકની દૃષ્ટિ સમક્ષ હમેશાં ઉત્તમ આદર્શ રાખવું એ ઘણોજ ઉપકારક છે. " અભ્યાસને

બદલે ઉપકાર " એને બદલે " ઉપકારને બદલે અપકાર " નું લક્ષ્ય આ પાઠમાં રાખવામાં આવેલું જણાય છે. ચકલાને કૂવામાંથી પોતાના જીવને જોખમે કાઢનાર ગોવાલણીની દશા શી થઇ ! તેને લાકડાના રંગિત ને સુશોભિત પાટલાપર બેસાડી—તેને બત્રીશ શાક ને તેત્રીસ ભોજન જમાડી તેનો અંતઃકરણપૂર્વક ઉપકાર માનવાને બદલે તેને એક અગ્નિથી તપાવેલા ને રાતાચોળ દેખાતા લોઢીરૂપ પાટલાપર બેસાડવામાં આવે છે, એ ખરેખર બેદ-જનક છે અને આ વાત બાળકને તો સંપૂર્ણ હાનિકારક નીવડે છે. " લોઢી " એ વળી કઇ પાટલાનું કામ સારતી હશે વારૂ !

આવા દોષવાળો પાઠ પ્રારંભમાંજ ધૂસી ગયો જણાય છે. આ પાઠ તો કાઢી નાખવો જોઇએ. કદાચ રાખવો એમ ઠરે તો-તેમાં પૂર્વોક્ત દોષ કાઢી નાખવાની જરૂર છે.

વાચનના દોષો ત્રણ પ્રકારના હોય છે ૧ વિચાર દોષ, ૨ ભાષા દોષ, ૩ વ્યાકરણ દોષ.

આ પૈકી પહેલા દોષ વિષે વિવેચન થયું. ભાષા તો ઠીક લાગે છે. વ્યાકરણ દોષ સંબંધમાં બે બોલ બોલી પાઠ પૂરો કરીશું.

પાઠ ૪, ભાગ ૨. " મેં નથી ખાધી " " મેં ખીચડી નથી ખાધી " એમ જોઇએ.

લીટી—૮. " કહ્યું " ને બદલે " પૂછ્યું " હોય તો સારૂં.

લીટી ૧૦—કર્મ " ખીચડી " નો અધ્યાહાર છે.

પાઠ ૫—ભાગ ૩. લીટી ૨—૩ ના વ્યાકરણ દોષ વિષે આગળ વિવેચન થઇ ગયું છે.

પાઠ ૬ ભાગ—૪ લીટી ૯. " ઠોકયો " એ ગ્રામ્ય શબ્દ છે તેને બદલે " માર્યો " એ શબ્દ લખવો.

પાઠ ૭—લીટી ૩. એક વાતે " ગોટી " એને બદલે " ગાંડી " એ શબ્દ વધારે બંધબેસતો જણાશે.

લીટી ૪—" ખાવા બેસે ત્યાંથી ઉઠેજ નહિ "—એને બદલે " ખાવા બેસે ત્યાંથી તે ઉઠે નહિ એમ હોય તો બહુ સારૂં. આગળનાં વાકયોમાં પણ " તે " કર્તાનો વધારો કરવો.

પાઠ ૮. કવિતા—સારો વિષય ને સારો બોધ, પરંતુ સહેલો છંદ પસંદ થાય તો ઠીક.

પાઠ ૯—ઘોડો—ચિત્ર બહુ સારૂં છે. આવાં બધાં ચિત્રો હોય તો કેવું સારૂં !

આ રૂપળે ઘોડાના અંગનું પ્રથમ રસમય ભાષામાં વર્ણન કરવામાં આવે તો ફાયદો થાય. ત્યાર પછી તેનો ઉપયોગ શીખવવો. પાઠમાં " પારકી વસ્તુ ન વપરાય " એવી શીખામણ આપવાનો ઉદ્દેશ રાખ્યો છે. આ ઉદ્દેશ તો ગમે તે વસ્તુ લેઇ પાર પાડી શકાય. પાઠમાં ચિત્ર આપ્યું છે તેની સહાય લેઇ બાળક પાસે ઘોડાના શરીરનું વર્ણન કરાવવું જોઇએ. પાઠ નાનો છે તે સહેજ મોટો થાય તેની દિકર નહિ. આ પાઠમાં તો ઘોડાના ઉંગદા સુધીનું વર્ણન આપી શકાય તેમ છે.

કા. પ્રા. ઉપાધ્યાય બી. એ.

ઉદ્યોગ વિષે જુદા જુદા વિદ્વાનોનાં વચનો.



ડ્રાયડન–મહેનત વગર કદી ફરી મળતી નથી

પેલી–તમે ઉદ્યોગથીજ બધું સિદ્ધ કરી શકશો.

ટેમ્પલ–ઇશ્વરની પેઠે ઉદ્યોગ પણ આ લોકમાં માણસને તારનાર છે.

ગલ્ડર્ટ–ઉદ્યોગમાં વળગ્યો રહે; એક પણ ક્ષણ નકામી કાઢીશ નહિ.

બોનાપાર્ટ–ઉદ્યોગ વગર કાર્ય સિદ્ધ થતું નથી; નિરુદ્યોગીનો જન્મ મિથ્યા જાય છે.

નેલ્સન–" હું ઉદ્યોગ નહિ છોડું, મારું પ્રારબ્ધ હું જ સુધારીશ અને મારી કીર્તિ અમર કરીશ " એમ મનમાં રાખીને વર્તતો.

કાઉપર–ઉદ્યોગથી માણસમાં કાદવણ આવે છે.

આજિની–પરમેશ્વરે વખત આપ્યો છે તેનો સદુપયોગ કરીને અનૃણી થા.

હુંબોલ્ટ–અમૂલ્ય વખતને જે નકામો કાઢે છે તેજ ખરો બેદરકાર છે

વાસફેલ્ડ–ઉદ્યોગ અને બુદ્ધિની નૌકા મળે તો જગત રૂપી સમુદ્રને તરવો શો મુશ્કેલ છે ?

જરમીલર–આ લોકમાં શ્રમ કરીને વખત કાઢનારથી દેવલોકમાં વિશ્રાંતિ સુખ ભોગવવાનું બની આવે છે.

કોમવેલ–ઉદ્યોગી માણસને નકારા વિચાર કરવાનો અવકાશજ મળતો નથી તેથી તેની જીંદગી પાપરહિત થાય છે.

સિસે–તરખ માણસોએ ઉદ્યોગ કરીને પોતાના દેશનો ઉદ્ધાર કરવો જોઇએ; તેમ ન કરનારા પોતાની માતૃભૂમિને ભારરૂપ છે

લોર્ડ મેકોલે–ન્યૂટનની પેઠે આયુષ્ય હાથમાંથી સડસડાટ કરતું નીકળી જાય છે.

બ્રુસ–ઉદ્યોગી માણસ સદા સુખથી જીવી શકે છે.

ડોનોફ્રુ–નિયમિતપણા સિવાય આરોગ્ય, સદ્‌ગુણ વિના શાંતિ, અને ઉદ્યોગ વિના સુખ કોઈ મળતું નથી.

કા-કલીન–જગત ઉદ્યોગને આધીન છે, ઉદ્યોગ એજ જગતનું મૂળ છે, અને ઉદ્યોગ સિવાય બીજું કાંઈ કરવાનું પણ નથી.

બેરિંગબ્રુક–થોડું પણ સુવાસિક મોહક પુષ્પ જોઇને આનંદ પામે છે. (થોડો માણસ પોતાના ઉદ્યોગનું ફળ જોઇને આનંદ પામે છે).

બનિયન–સતતોદ્યોગી માણસને મોટા મોટા પ્રેમથી વંદન કરે છે.

શેરિડન–શરીર ક્ષણભંગુર છે માટે ઉદ્યોગ કદાપિ છોડવો નહિ.

પ્રાવેઝાના–મળેલી ઘડીને જમા કર; તેની પાસેથી ઉદ્યોગરૂપી બદલો લેઇ લે; અને એવી ઘણી ઘડીઓથી યુક્ત જીંદગી ભોગવ.


મુઘલાચાર્ય–કરોડો સોના મહોરો આપવાથી પણ આયુષ્યનો ગયેલો ક્ષણ પાછો મળતો નથી.

તુળસીદાસ–ત્રણ લોક અને ચૌદ ભુવન પણ એક ક્ષણની કિંમતની બરાબરી કરી શકતાં નથી.

જાન સ્ટુઅર્ટ–આળસુ માણસનું જીવતર માટી જેવું છે.

ગિબન–જે માણસો ઉદ્યોગ કરતા નથી તે જગતમાં નકામા છે.

ભૂગોળના શિક્ષણની નવી યોજનાનું સિંહાવલોકન.



(કા. પ્રા. ઉપાધ્યાય બી. એ)

દશ વર્ષનાં બાળકો માટે.

ભૂમિકા બીજી.

નકશા ઉપરથી ભૂગોળનું નિયમિત શિક્ષણ.

જેવી રીતે ગણિતશાસ્ત્રને સંપાદન કરવાની અમુક ભૂમિકા હોય છે તેવી રીતે ભૂગોળ શિક્ષણમાં પણ ભૂમિકા છે. પહેલી ભૂમિકામાં બાળકને પ્રત્યક્ષ જ્ઞાનદ્વારાએજ શિક્ષણ આપવાનું છે. આ બીજી ભૂમિકા છે કે જેમાં બાળકને પરોક્ષજ્ઞાનમાં પ્રવેશ કરાવાય છે. પરંતુ આ સ્થિતિમાં પણ પ્રત્યક્ષજ્ઞાન સાથે સાથેજ અપાવું જોઇએ. ભૂગોળના પરોક્ષજ્ઞાન રૂપી મકાનનો પાયો પ્રત્યક્ષજ્ઞાન ઉપરથી નંખાવો જોઇએ. ટુંકામાં ભૂગોળ સંબંધી જે વિચારો પ્રત્યક્ષજ્ઞાનની સહાયથી બાળકોને આપવામા આવ્યા હોય તેજ વિચારો પરોક્ષજ્ઞાન-દ્વારા દૃઢીભૂત કરવા પ્રયાસ થવો જોઇએ.

પ્રથમ ભૂમિકામાં જે પ્રત્યક્ષજ્ઞાન બાળકોને પ્રાપ્ત થયું હોય છે અને તે બધાના નકશા દોરવાને બાળક પરિચિત થયું હોય છે તેથી તે જુદા જુદા નકશાનો પરસ્પર સંબંધ અને તે નકશાથી પ્રદર્શિત થયેલા પ્રદેશોને જાણી શકે છે. જેવી રીતે તેને પોતાના પરગણાનું ભૂગોળ સંબંધી જ્ઞાન આપવામાં આવ્યું તેવી રીતે આ નકશાને આધારે તેના દેશ ને ખંડનું જ્ઞાન આપવું. આ સિવાય જમીનને પાણીના ભાગ કેટલા છે, તે કેવી રીતે કરવામા આવ્યા છે અને તેથી શા ફાયદા છે વગેરે સમજાવવું. ભૂગોળની સંજ્ઞાનો વિષય પણ આ સ્થળે પ્રત્યક્ષ પ્રયોગદ્વારા શીખવાય તો સારું. નિશાળના કમ્પાઉન્ડમાં "ભૂમિ

ચિત્રમુ "ંકરી તેમાં દરિયો, ખૂશિર, અખાત, સરોવર વગેરે આપનો શીખવવી, અને તે નકશા ઉપર બતાવવા બાળકને. સૂચવવું જોયો તેને પ્રત્યક્ષ રીતે જોએલી વસ્તુઓ નકશા ઉપર કેવી દેખાય છે તેની સરખામણી કરવાનો પ્રસંગ મળશે.

પૃથ્વીના પ્રાકૃતિક દેખાવો (Phisical Features) નું જ્ઞાન આપવુ એ આ સ્થળે અપ્રાસંગિક નહિ કહેવાય. પ્રદેશ હમેશાં બે પ્રકારના હોય છે. ૧. ઉચ્ચપ્રદેશ, ૨. નીચપ્રદેશ આપણે પ્રથમ આમ વિષે વિચાર કરીએ. પૃથ્વીનુ પડ સપાટ નથી, કેટલેક આમ ઉંચો છે. તેમ થવાનું કારણ શુ ? પૃથ્વી પ્રથમ સ્થિતિમા ઉષ્ણ રસ રૂપ હતી ક્રમે કરી તેનું ઉપરનું પડ થંડુ થઇ ગયું, પરંતુ આતર ભાગમા ઉષ્ણતા રહી ગઇ, અમુક કુદરતી કારણોને લઇ તે ઉષ્ણ રસ બહાર નિકળી આવે છે અને પૃથ્વીના પડ ઉપર કરી ઉંચાણ કરી દે છે. આને પર્વત અથવા ટેકરા કહે છે. આ ટેકરા ઉપર બહુજ થોડી વસ્તી જોવામા આવે છે કારણ કે પર્વત ઉપર જમીન ખેડાય તેવી નહિ હોવાથી તથા વરસાદના પ્રમાણમા ખેતી-વાડી થઇ શકતી નથી, તેથી પુષ્કળ ખોરાક ઉત્પન્ન થતો નથી. વસ્તીના ઓછા વધતા પ્રમાણનો આધાર ખોરાક ઉપર છે. પર્વતો જેમ ગેરલાભ રૂપ છે તેમ લાભરૂપ પણ છે. પર્વત ઉપર વસનારી પ્રજા બળવાન કરીને મજબુત હોય છે. આ બાબતો બાળકોને શિખવવી જોઇએ.

નીચ પ્રદેશની જમીન ફળદ્રુપ હોવાથી ત્યા વસ્તીનો મોટો ભાગ વસે છે આ પ્રદેશમા વસતા લોકોને પર્વતો વિઘ્નરૂપ છે, કારણ કે તેથી પર્વતની બીજી બાજુએ આવે લોકો સાથે વ્યવહાર બંધ પડે છે. આ સ્થળે હિંદુસ્તાન અને તિબેટ વચ્ચે આવી પડેલા હિમાલયનું દૃષ્ટાંત બહુ ઉપયોગી થઇ પડશે. સુધરેલા દેશોમા તો આવા પર્વતો ઉપર મોટી સડક થઇ શકે તેવી ગોઠવણ કરવામાં આવી છે જેમકે સ્વીસ રેલવે વગેરે. આવી હકિકતથી બાળકોને વાકેફ કરવા

હિંદુસ્તાનની નદીઓના પાણીથી જે પ્રદેશ ફળદ્રુપ થયો છે તે વિષે ટુંકી રીતે વિવેચન કરવુ નદીનું પાણી જે દિશામાં વહન કરતું હોય તે આ તરફનો પ્રદેશ ઢોળાવ-વાળો હોવો જોઇએ. કારણ કે પાણીનુ વહન હમેશાં નીચાણમાં થાય છે આ બાબત ઉપર ખૂબ ભાર આપવો. આ સિવાય નદીના પટ ઉપર નદીનો પ્રવાહ કયી દિશામા જાય છે અને તેમાં વધારેમા વધારે કેટલું પાણી જઇ શકે તે બાબત શિક્ષણ આપી શકાય છે.

આપણા દેશના બાળકોને મુખ્ય બાબત સમજાવવાની છે તે એ છે કે આ દેશમા ખેતી એ પ્રજાના નિભાવનું મુખ્ય સાધન છે. પાકનો સારો નરસો પરિણામનો આધાર વરસાદ ઉપર છે દુનિયાના બીજા દેશો કરતાં આપણા દેશમા વરસાદમાં અનિયમિતતા બહુ મોટા પ્રમાણમાં દુષ્કાળ પડે છે, તેનુ કારણ સમજવાનો પ્રયત્ન બાળકો પાસે કરાવવો. બીજા દેશોની લોકોના જીવનનો આધાર ખેતી ઉપર નથી પરંતુ વિવિધ પ્રકારના ઉદ્યોગ ઉપર છે. આ સ્થળે વરસાદની ઉત્પત્તિ કઇ રીતે થાય છે વગેરે બાબતોનું વિવેચન કરવું. આબોહવા પણ ખેતી ઉપર સારી અસર કરે છે. ઉષ્ણ કટિબંધની જમીન કરતાં સમશીતોષ્ણ કટિબંધની જમીન ઉંચા પ્રકારની હોય છે, કારણ કે આ પટ્ટીની જમીનમાં સમશીતોષ્ણ કટિબંધની જમીન કરતાં ચીકાશ વધારે હોય છે અને સારી નિતર્યું કુજ્ઝટાના પ્રભાવે જમીનનું ગુણ્ય થઇ જાય તેમાં ચીકાશ વધારે હોય છે અને સારી

ચેંદારો થતી નથી. માત્ર ખેતી ઉપરજ આધાર નહિ રાખતાં જે દેશના લોકો પોતાનો સમૂ-ય વખત જુદા જુદા ઉદ્યોગ ને હુન્નરમાં ગાળે છે તેની સ્થિતિ સારી હોય છે. દરેક દેશોમાં હુન્નરકળાને ઉત્તેજન મળવું જોઇએ; અમે જ્યાં ધાતુ ગાળવા કારખાનો ખોલ્યા હોય ત્યાં તેના કામ કરનારાઓને તેઓમાં પડ્યા પ્રતિ પ્રેમ ચાય તેટલું ઉત્તેજન આપવું જોઇએ. આપણા દેશમાં મણી જાતની ખાણો મોટા જથાગા મીકળે તેમ છે પરંતુ ઉત્તેજનના અભાવે તેના ઉદ્યોગમાં પ્રવૃત્તિ થતી નથી, તે બાળકોને સમજાવવું. અમુકના વખતમા આ દેશમાં બનાવેલો સામાન અન્ય દેશોમાં વ્યાપારર્થે પુષ્કળ જતો અને તેથી બીજા દેશની દોલત આપણા દેશમાં આવતી, આ કારણથી આપણો દેશ સમૃદ્ધિવાળો હતો. હાલમાં આપણા દેશમાં કાંઇ પણ સામાન બનતો નથી, માત્ર પરદેશથી આવેલા માલનો બહોળો ઉપયોગ થાય છે. આનું પરિણામ એ થયું છે કે આ દેશમાંથી હુન્નર તદ્દન નાશ પામ્યો છે અને દેશની દોલત બીજા દેશમાં ધસડાઇ ગઇ છે આ ઉપરથી બાળકો એમ સમજી શકશે કે દેશની ઉન્નતિનો આધાર ખેતીવાડી કરતા ઉદ્યોગ ને હુન્નરકળાની કળાપર્યો ઉપર વિશેષ રહેલો છે

બાળકોને ખગોળનું તો માત્ર સામાન્યજ્ઞાન આપવાનું હોય છે. આ વિષયનું શિક્ષણ પ્રાથમિક કક્ષામાં વિશેષ કરતી જોવામા આવે છે અને તેનું કારણ શું? તે સમજાવવું. પૃથ્વી ને સૂર્યના કેટલાક દેશોમાં બારે માસ વરસાદ પડ્યા કરે છે, તે ખેતીને ઉપયોગી હોય, પરંતુ એશિયાના અગ્નિકોણમાં આવેલા પ્રદેશમાં ઉનાળામાજ માત્ર પુષ્કળ વરસાદ પડે છે અને એનાજના ઢગલેઢગલા પાકે છે આ પ્રદેશમાં તેના ક્ષેત્રફળના પ્રમાણમાં મોં વસ્તી વસેછે તેનું કારણ માત્ર તેના પાકની ઉત્તમતા છે. આ વાતે બાળકોનું મન ઉલ્લાસ પામે.

પ્રસંગે જ્યાં લપિકચર્સ (મેજીકલેન્ટર્ન) નો ઉપયોગ કરવામાં આવે તો સારું પરંતુ જે પદાર્થોદ્વારા વસ્તુઓની સ્થાનિક સ્થિતિ અથવા પરસ્પર સંબંધ બતાવવામાં ન આવે તો તે નિરુપયોગી થઇ છે એટલુંજ નહિ, પરંતુ હાનિકર્તા નીવડે છે. આગ્રાના તાજમહેલનું ચિત્ર જોતાં જે પાયો જે વખતે તે મકાન બનાવવામાં આવ્યું તે વખતે જે પ્રકારનું શિલ્પશાસ્ત્ર પ્રચલિત હતું તેનું જ્ઞાન સંપાદન કરવાને સમર્થ ન નીવડે તો તે ઉપયોગી નહિ થાય. તાજમહેલ એ હિંદુસ્તાનનો એક શહેરમા આવેલું સુંદર ને ભવ્ય મકાન છે, બસ એટલુંજ જ્ઞાન મળ્યું છે. આવા જ્ઞાનથી તો માત્ર સ્મરણશક્તિને ભાર થાય છે

વ્યાપારી શિક્ષણમાં જર્મન, અને જાપાનની પ્રગતિ.

જર્મનીની બનાવટની ચીજો આપણા દેશમા કેટલી આવે છે તેનો ખ્યાલ જો કોઇ સ્ટેશનરે કે કાગદીની દુકાને જઇ જોતા, આપણને સહજ આવી જાશે (Made in Germany) આ વ્યાપાર ખિલવવાની મણી વસ્તુઓ ત્યાં આપણા

જેકશું આવે છે. જર્મનીમાં તૈયાર થયલી સ્ટીકપેનો, ઘડીયાળો, પેનસિલો, ઘડિયાળો, કામના ઇત્યાદિ ઘણી જાતનો સામાન આપણા દેશમાં આવે છે. આપણે આમ કેટલો પ્રતિવર્ષ આપણા દેશમાં આવે છે તેનો આંકડો વાંચનારની જાણ માટે આ નીચે આપવામાં આવે છે:—

ઉનીઓ,	૪૧,૦૦,૦૦૦
રમકડાં,	૧૫,૦૦,૦૦૦
કાગળ, લાકડી, કાંચ ઇત્યાદિ,	૨૨,૦૦,૦૦૦
રેશમ કામઓ,	૪૧,૦૦,૦૦૦
કાપડ,	૬૦,૦૦,૦૦૦

ગઇસાલ પાંચ વર્ષ પહેલાં ઈંગ્લાન્ડમાંથી પંચાવન હજાર, અને જર્મનીમાંથી પાંચ હજાર આવતાં હતાં; પ વર્ષ પછી જર્મનીમાંથી પંચાવન હજાર અને ઈંગ્લાન્ડમાંથી ૭ હજાર આવે છે. અને સ્વિત્ઝર્લાન્ડમાંથી ત્રીસ હજાર તથા અમેરિકામાંથી દશ હજાર આવે છે. ઘડીઓ સાત લાખ, મીણબત્તી આઠ લાખ, પુસ્તકો ૨૧૫૦૦૦, લાખ રંગ એકત્રીસ લાખ, તેલ ૨ કોટી, ખંજ કોટી, મિલોના યંત્ર ૫ કોટી, આ પ્રમાણે માલ આવવા લાગ્યો છે. જર્મન વેપારીઓએ અંગ્રેજોને વ્યાપારમાં કેવો પરાભવ પમાડી નામશેષના કરી છે તે આ નીચે મી. આદલર એસલ્સ જર્મન લેખકના ઉતારા પરથી જણાઈ આવશે:—

> " પ્રત્યેક વ્યાપારીની ઓફિસમાં વિદેશીય અથવા પારકી ભાષા જાણનાર ગુમાસ્તા હોવાની જરૂર છે. અંગ્રેજ લોકો ! તમારા તરફના ઘરાકો તે શીખશે નહિ. અને તે વખતે પારકી ભાષા જાણનાર અમારા કારકુન તમારે રાખવા પડશે. " વળી તે કહે છે કે —
>
> " અને પોતાને જર્મન, ફ્રેંચ, ઈટાલિયન, ડેનિશ, સ્પેનિશ, ઇઝરાયલિયન, ડચ એ ભાષાઓ આવડે છે. હે અંગ્રેજો ! તમે એમ ધારતા હશો કે અમારા જર્મન કારકુનો ફક્ત કારકુનીથીજ સંતોષ પામશે; પણ તેઓ જરૂર તેવો સંતોષ રાખશે નહિ. તેઓ અલ્પ સંતોષી ઈંડિયન હિંદુ લોક નથી. તે તમારાં વ્યાપારતત્વ શીખશે, તે તમારા ઘરાકો સાથે ઓળખાણ કરશે, તે તમારા નફાનુકશાનથી વાકેફ થશે, અને થોડાજ વખતમાં તમારાથી થોડી કિંમતે ઉત્તમ ચીજ આપવા તૈયાર થશે. ઈંગ્લન્ડમાંથી તે જશે નહિ પણ તે ઈંગ્લન્ડમાંજ રહેશે; અને થોડા વખતમાં અંગ્રેજી પેઢીને બદલે જર્મન પેઢી જાહેરમાં આવશે તથા અંગ્રેજી પેઢી નાશ પામશે. તમારા તરફના ઘરાકો કહેશે કે તેઓને આવા શિક્ષણની કિંમત ધ્યાનમાં આવતી નથી—"

વાંચનાર ! આપણે અંગ્રેજોને દક્ષ વ્યાપારી તરીકે ઓળખીએ છીએ પણ તેઓ જર્મન આગળ કંઈ હિસાબમાં નથી. એમ ઉપર આપેલા જર્મન ગ્રંથકારના ઉતારા પરથી જણાઈ આવશે. તો પછી જર્મન વ્યાપારી કેવા દક્ષ હોવા જોઇએ તેનો ખ્યાલ પણ આપણે

ધ્યાનમાં ભાગ્યેજ આવી શકે ! આવા વ્યાપારદક્ષ જર્મન આગળ આપણા હિંદુસ્તાનનો વ્યાપારીવર્ગ શા હિસાબમા ! આપણા દેશના વ્યાપારીઓ જે જર્મનનો માલ મંગાવી તે પર નફો મેળવી આવી શેખી કરતા જણાય છે, પણ ખરી શેખી કોની છે તે વિચારવાન માણસ સહજ સમજશે.

જેપાન

- જેપાને, આ દેશ આપણા એશિયાખંડમા છે. આ દેશની ઉન્નતિ એવી તો થોડા સમયમા અને ત્વરાથી થઇ છે કે ને જોઇ યુરોપના રાષ્ટ્રો પણ ચકિત થઇ ગયા છે ! માત્ર, ૨૫-૩૦ વર્ષમા પોતાને જોઇતી સર્વ ચીજો જેપાન માં તૈયાર થવા માડી છે મોટી મોટી આગબોટો તૈયાર કરવાના કારખાના પણ જેપાનમા ઉભા કર્યા છે, એટલુજ નહિ પણ આપણા હિંદુસ્તાનમા રોજની ઉપયોગી એવી દિવાસળીની પેટીઓ, છત્રીઓ વગેરે ઘણો સામાન જેપાનમાંથી આવવા માંડયો છે, પરતુ આપણા બિચારા હિંદુસ્તાનની સ્વપ્નાવસ્થા હજી પૂરી થઇ નથી આર્યો ! પૂર્વજોની મહત્તા ઉપર હજી કેટલા દિવસો, કેટલા વર્ષો, અને કેટલા શતકો પર્યંત ગાન કર માની લેશો ? કલિયુગ કલિયુગ કહોછો પણ કલિયુગ માત્ર હિંદુસ્તાનમા તો નથી ને ? મને પણ તેમજ લાગે છે કારણ કલિ શયાનો ભવતિ કૃત સપદ્યતે ચરન્ ।કલિ એટલે આળસનો યુગ તે હિંદુસ્તાનમા, તથા કૃત કહેતા ઉદ્યોગનો યુગ, અમેરિકા, ઇંગ્લન્ડ, વગેરે દેશો તરફ પણ નજર ફેરવની ? નિદાન વ્યાપારમા હિંદુસ્થાને જે પૂર્વ કાળમા પ્રસિદ્ધિ સ પાદન કરી હતી તેટલી પણ સ પાદન કરવાનો તો વિચાર કરી ઊઠો ! હિંદુસ્થાનના લોકો મન પર વાત લેશે તો શું નહિ કરે ? જરૂર કરશેજ આળસુ થઇ મેશી રહેવાનું કારણ નથી તમારાજ પડોશના જેપાન દેશનો દાખલો લ્યો. સત્તાધિકારી પણ અનુકૂળ છે. ઉદ્યોગ ધંધો શીખવા માટે આપણને જેપાન મદદ કરશે વળી તે ણ સહાય આપણને વધારે ઉપયોગી થઇ પડશે. જેપાનના લોકો ઉદારપણે આપણા દેશના લોકોને મફત શિક્ષણ આપવા પણ તૈયાર છે, તો તે તરફ લક્ષ આપી પ્રજાવર્ગ સર્વ દેશમા વ્યાપારી વર્ગની હરિફાઇમા પ્રથમપદ મેળવવાને તૈયાર થાય !

A M.

ગુજરાતી ભાષાની જોડણી અને તેના નિયમો.

બીજા બધા કરતા શિક્ષકોને જોડણીના નિયમોની પહેલી અગત્ય છે,એ તેમના ધંધા ઉપરથીજ માલમ પડી આવે એવુ છે. ગુજરાતી ભાષાનો પહેલો પાઠ પ્રાથમિક શાળાઓમા શીખવવામા આવે છે એટલુ જ નહિ, પણ શિક્ષનારને ભાષા સ બંધી વધારે પ્રમાણ લાજ આપવામાં આવે છે પ્રાથમિક શાળામા બાળકને લેખન વાચન અને અર્થજ્ઞાનના સંબંધમા અમુક વલણ આપવામા આવે છે, અને આગળ ઉપર જે તેને ફેરવવાના કારણો નથી મળતા તોપણ આગળ તે જીવિત પર્યંત ચાલ્યા જાય છે આટલા માટે તે વલણ મને લાંબુ યથાર્થ આપવાની જરૂર છે.

આ વાત ધ્યાનમાં રાખીને જ્યારે પ્રથમ વાચનમાળા રચવામાં આવી ત્યારે

જોડણીના નિયમો મુકરર કરવાના આવ્યા હતા. આ નિયમો રચતી વખતે બે તત્વો આગળ રાખ્યાં હોય એમ જણાય છે. પ્રાન્તભેદે લોકો કેમ બોલે છે ' એ ઓર ' અને એમ બોલવામાં 'આદિ કારણ શું' છે એ 'બીજું'. અથવા દુઃખમાં કહીએ તો શબ્દનો ઉચ્ચાર અને શબ્દનું મૂળ એ બેપર વિચાર કરીને તે નિયમો ઠરાવવામા આવ્યા હતા એમ જતાં જેમ જેમ ભાષાની કેળવણી પસરતી ગઇ તેમ તેમ સ્વતંત્ર વિચાર કરનારા વિદ્વાનો ઉત્પન્ન થઈ આવ્યા અને કોઇ ' ઉચ્ચારને તો કોઇ મૂળને પ્રધાન પદ આપીને સ્વૈર જોડણી લખવા લાગ્યા, એનેજ પરિણામે વાચનમાળાની પાછળની આવૃત્તિઓમા જોડણી એક સરખી રહી શકી નહિ. જ્યાં સુધી જોડણીના નવા નિયમો ઠરેલા નહોતા ત્યાં સુધી વાચનમાળાની જોડણીમા ફેરફાર કરીને દરેક આવૃત્તિએ ભિન્ન જોડણી કરી નાંખવાની—એકજ પુસ્તકમાં એકજ શબ્દની અને કદાચ એકજ પાઠમાં જોડણી જુદી જુદી લખવાની—જવાબદારી અમુક વ્યક્તિએ જેવી ચોગ્ય હતી નહિ. ખરૂં જોતા એ કામ પુરૂ 'વાચનારની બેદરકારી કે સમજફેરને લીધે થયેલું હોય, પણ કેટલાક શબ્દોની જોડણી જોતા એમ પણ અનુમાન થાય છે કે વાચનમાળામાં લખવાની જોડણીના મુકરર કરેલા નિયમોને ન ગણકારતા પોતાના વિચાર પ્રમાણે પણ જોડણીમા ફેરફાર કરેલો છે જેમ, પત્થર, ચોકખું, વગેરે.

વાચનમાળાની જોડણીના આવા અતિનિમ્નપણાને લીધે ચારે તરફથી કહેવામાં આવ્યું કે તેની જોડણી સુધારવાની-નિદાન એક સરખી કરવાની-અગત્ય છે, આ ઉપરથી સરકારે ગુજરાતી ભાષાની જોડણી મુકરર કરવાનું સ્તુતિપાત્ર તથા ઉપયોગી કૃત્ય હાથ ધર્યું અને એ કૃત્ય માટે એક કમિટી નીમી જુદા જુદા વિદ્વાનોના તે માટે અભિપ્રાય આગળ આ વખતે જોડણીના પ્રથમના નિયમો અવશ્ય તપાસવામાં આવ્યા હશે, પણ આજના વિદ્વાન ભાષાભિજ્ઞોને તેમાં આવી ખાસ પડવાથી તેઓ તેમાં સમ્મત નહિ હોવા હોય, જેને પરિણામે નવીન નિયમો ઉપજાવી કાઢવાની જરૂર ઉભી થયેલી લાગે છે

નિયમો એ તત્વોને અવલંબીને રચાય છે. કારણ અને કાર્યના નિત્ય સંબંધને લીધે જે નિયમ જડી આવે છે તે એકઃ—" જેમ, ગ્રહ ઋતુના હઠી જાવું નહિ " આવા નિયમો માટે ' આવો નિયમ શા માટે ? ' એવું શાસ્ત્રીય કે લૌકિક પણ કોઈ વાસ્તવિક કારણ આપી શકાય. નિદાન કાર્યકારણના સાહચર્ય સંબંધે કૃપ કારણ પણ આપી શકાય. બીજા બધના નિયમો જે અમુક બેસિતની ઇચ્છા ઉપર ઘડાયલા હોય છે, જેમા કાર્યકારણભાવ આદિક સંબંધ જોવામા આવતો નથી પણ માત્ર બાસ અનુકૂળતા ઉપર લક્ષ આપેલું હોય છે—જેમ, કોઇ પોતાના સમજના વિભાગ કરી નિયમ ઠરાવે કે, " સાજના ૬ થી ૭ સુધી ફરવા પર જવું, " ઇત્યાદિ, આવા નિયમોની રચવાનું " એ અમારી અનુકૂળતા કે ઇચ્છા " એ સિવાય બીજું કોઇ વાસ્તવિક કારણ આપી શકાતું નથી. એમ કે નિષ્કારણ પ્રવૃત્તિ સંભવતી નથી, એ ખરાપણ આવા નિયમોને માટે પણ કારણ તો આપી શકાય તથાપિ તેમાં કારણોને વિદ્વાનો વિશેષ મહત્વ આપતા નથી.

જોડણીનો નવીન નિયમોમાં કેટલાક તો સંકારણ છે એટલે તેના સંબંધમાં શાસ્ત્રીય કારણ આપી શકાય તેમ છે કેટલાક વિકલ્પને લીધે પસંદગીના તત્વ ઉપર રચાયા છે. જ્યા એનેક મતભેદ થઇ આવતા કેટલેકે ઠરીને ઠમાંથું કે ઉચ્ચારમાં ફેર પડતો હોય ત્યાં ત્યાંના

રિક કેળવાયલા જનો પહેલા મોટા ભાગ જે માન્ય રાખતો હોય તેને અનુસરીને નિયમ ઠરાવ્યા સિવાય બીજો ઇલાજ નથી. વાચનમાળા અને બહુધા શાળાઓમાં ચાલતી બીજી ટેક્સ્ટબુકો એકજ ધોરણે લખવામાં આવે એ આવા નિયમોનો હેતુ છે, તે સાથે બાળકોને લખવાની સુગમતા થાય એ હેતુ પણ તેમાં બનતા સુધી સાચવવામાં આવ્યો છે, એમ કહેવાય છે.

આ નિયમો બધા વિદ્વાનોને પસંદ પડશે કે નહિ, તે કાંઇ કહી શકાય નહિ તેમ બને એજ નિયમો બાળકોને લખવું, એવો કાંઇ નિયમ કરનારી કમિટિનો આગ્રહ હોય એમ પણ જોવામાં નથી આવતું. કેટલીક વાર એમ બને છે કે ઘણા દિવસના અભ્યાસથી કોઇ બાબત મનમાં આરૂઢ થઇ જાય છે એટલે પછી નવીનતા તરફ કંટાળો આવે છે. વિચારશીલ પુરૂષો આટલાજ ઉપરથી કોઇ નવીન વાત ઉપર આક્ષેપ કરતા નથી. વિદ્વાન તેઓ એમ પણ સમજે છે કે ફેરફાર એ નવીનતા છે અને નવીનતા તરફ આકર્ષણ પણ સાહજિક છે.

એમ છતાં કેટલાક વિદ્વાનો આ નિયમો સાથે સમ્મત નહિ પણ થતા હોય તો તે બનવા જોગ છે. કોઇ એમ કહે છે કે નવા નિયમોમાં કેટલાક નિયમો અપૂર્ણ છે, કેટલા નિયમો જોઇએ તેવા સ્પષ્ટ નથી, અને કેટલા એક એક દેશી છે. એમ છતાં નિયમોનો મોટો ભાગ બધાને પસંદ છે અને શિક્ષકોના મોટા ભાગને તેમાં વાંધો લેવા જેવું ભાગ્યેજ લાગશે; પણ જે નિયમો સાથે કેટલાક સમ્મત થઇ શકતા નથી તે નિયમો વિષે અમારા શિક્ષક મિત્રોનો જે અભિપ્રાય છે તે જાણવા માટે પ્રથમ એ સઘળા નિયમો અહીં જોવા ને તેવા પ્રગટ કરીએ છીએ, અને તેમના અભિપ્રાય આવ્યા પછી છેવટ અમારા વિચાર દર્શાવીશું.

વર્નાકયુલર ટેક્સ્ટબુક્સ કમિટિએ ગુજરાતી વાચનમાળા માટે મંજુર કરેલા જોડણીના નિયમો.

૧. શુદ્ધ સંસ્કૃત શબ્દોની જોડણી ગુજરાતીમાં નીચેના ફેરફાર પ્રમાણે રાખવામાં આવી છે.—

(અ) અનુનાસિક અક્ષરોને બદલે અનુસ્વાર વાપરવું. ઉદાહરણ-સંબંધ અંગ, અંક, ઇલાદિ. પણ અન્ન, સન્મતિ, ઉન્માદ અને એવા બીજા શબ્દો અપવાદ રૂપ છે.

(બ) અંત્ય હ્રસ્વ ઇ વાળા સંસ્કૃત શબ્દો જો સ્ત્રીઓના વિશેષ નામ તરીકે આવે તો તેમાંના અંત્ય સ્વર હ્રસ્વ ઇ ને દીર્ઘ ઈ લખવો. ઉદાહરણ—હરી, મણી, શાન્તી વગેરે.

આપવામાં ક) ગુજરાતી પ્રત્યયો લગાડી શકાય તેવા અંત્ય વ્યંજનવાળા "અકારાંત" અમુક વર્ણનું આદ્ય અસહિત લખવા.

મળતાં તો સિવાય તે જાણવા. ગુજરાતી ભાષામાં લખાતા થયા હોય નહિ તેના ઉચ્ચાર સુધી યથાર્થ આપવાની જરૂર છે. એમ અસલ પ્રમાણેજ લખવા. અને તેમ કરવામાં આ વાત ધ્યાનમાં રાખીને જ્યાં છે " આપ ") નો ઉચ્ચાર હ્રસ્વ ઇ લખવો.

૩. સંસ્કૃત, અર્ધમાગધી કે બીજી આપણા શબ્દોને, જે અક્ષર શબ્દમાં ૨ાફ આગમાં બરાબર પણ ફેરફાર થયો હોય તો તે ગુજરાતીમાં અપભ્રંશ પામેલા સંસ્કૃત કે હરિણી અને અરેબિક શબ્દોના ઉચ્ચાર ગુજરાતીમાં બરાબર રાખવામાં આવ્યા હોય અથવા સુધારવામાં આવ્યા હોય તે શબ્દોને ગુજરાતીમાં અપભ્રંશ થયેલા ગણવા. અને તે નિયમ પ્રમાણે વરસ, દુકાન ઇન્સાફ, મામલદાર, મારગ, ખેતર, ઇજા, ઇંજનેર, અકેલ ઇસ્લામ વગેરે શબ્દોને ગુજરાતી શબ્દો અથવા તો અપભ્રષ્ટ શબ્દો ગણવા.

જોડણીમાં વાંધો ઉઠે તેવા ગુજરાતી અપભ્રષ્ટ શબ્દો માટે નિયમો.

૪. જે કોઇ પણ શબ્દોનો ઉચ્ચાર જુદા જુદા કિસ્સાઓમાં જુદી જુદી રીતે થવામાં આવતો હોય તો તે ઉચ્ચારો પૈકીનો જે ઉચ્ચાર લાંબા વખતથી ભાષામાં જોડણી તરીકે ગણાતો હોય તેજ જોડણી માન્ય રાખવી. જેમકે આખ, આંખ, ઈંડું, ઇંડાંનું બેસ, બેસો (" બેશ્યા " નહિ) પીરસ, પીરસ્યું" પીરસ્યું " નહિ) પીરસી (" પીરસ્યા " નહિ) પ્રેસો, પ્રેસા (" પ્રેસી " નહિ) વગેરે.

૫. જે શબ્દોના ઉચ્ચારમાં " હ " આવતો હોય તે હોય બાબત નિયમ પ્રમાણેજ સમજવા:—

(અ) રહે, કહે, પહોંચવું, વહેંચવું, નાહવું.

(બ) પહેલું, વહેલું, સહેલું.

(ક) બોહું, મોહું, અદકું.

(ડ) મારો, મોટો, મારો, અમારો, મો (મુખ) અને બીજ (બીજું).

૬. શબ્દમાં પહેલાં સંયુક્ત અક્ષરોમાં જો અનુનાસિક અક્ષર આવે તો તેની જગ્યાએ અનુસ્વાર સમજવું. જેમકે—અપારો, ઉંચર, ચિંતવ ઇત્યાદિ.

અનુસ્વાર સહિત અથવા અનુસ્વાર રહિત " ઈ " અને " ઉ " અથવા "ઊ" વિષે નિયમો.

(જુઓ નિયમ ૭ થી ૯ સુધી.)

૭ (અ) શબ્દના અંત્યપદમાં અથવા જોડાંત પદમાં આવતા અને પદમાં ઇ ઉચ્ચાર આવતો હોય તો તે ઈ દીર્ઘ સમજવો. ઉદાહરણ—બી, ચીં, કડી, કીમ, ઘીમ, ગાડી, બાદી, દીવ, વસીમો, કરીઓ, ઇત્યાદિ.

(બ) અંત્ય અથવા જોડાંત પદ સિવાયના બીજા પદોમાં ઈ ઉચ્ચાર આવે તો દીર્ઘ પદની આગળના પદમાં હ્રસ્વ ઇ સમજવો. જેમકે ખિસકોલી, બટકણી, બીકણો, બાજિગર, બદિઆળ, વગેરે પણ સંયુક્ત વ્યંજનની આગળનો ઇ હમેશા હ્રસ્વ સમજવો. ઉદાહરણ—વિસરો, ચિઠ્ઠી, મિઠી, વગેરે, અને ચિંદ, ચિંપ ઇત્યાદિ શબ્દો માટે પણ આજ નિયમ રાખવો.

૮. (અ) ધ, ધ, ભૂ, રે, વગેરે એક પદી શબ્દો સિવાય તથા દુઃ, સૂ, સુ, સં વગેરે બે પદી શબ્દો સિવાયના બહુલ અક્ષ શબ્દોમાં જ્યાં જ્યાં ઉ ઉચ્ચાર આવે ત્યાં

વમાં હ્રસ્વ ઉ લખવો. ઉદાહરણ—દૂધ, છૂત, લૌંગ, ભાડૂત, કુવો, ખુંદ, પૂર, જાતું, કરવું, સુધી, સૂરજ, વસુલ, ખેડુત, વસુલાત, ઝાડવાડીઉં, ઇત્યાદિ.

(બ) જૂઓ, જુઓ, જૂવો; ધૂએ, ધુએ; ધુવે; પૂઓ, પુઓ, પુવો; એ ત્રણ વિકલ્પિત રૂપોમાંથી વચલું રૂપ (જુઓ; ધુએ; પુઓ) માન્ય રાખવામાં આવે છે.

૯. શકયભેદ તથા પ્રેરકભેદ સિવાયના વિભક્તિના અને ક્રિયાપદના રૂપાખ્યાનના પ્રત્યયો આગળ, તથા જે પ્રત્યયો શબ્દોના છેલ્લા પદમાં ભળી જતા નથી તેવા પ્રત્યયો આગળ શબ્દમાં આવેલા ઈ અથવા ઇ અને ઉ અથવા ઊ નો ફેરફાર થતો નથી. શકયભેદ તથા પ્રેરકભેદના પ્રત્યયો અને છેલ્લા પદમાં ભળી જતા તેવા પ્રત્યયોની પણ શબ્દમાં આવેલા ઈ ઉચ્ચારને નિયમ ૭ બ લાગુ પડે છે; અને ઉ ઉચ્ચારને નિયમ ૮ બ લાગુ પડે છે. ઉદાહરણ—પીએ; કડીમાં જૂઓ (જૂનું બહુવચન) દૂધે, કડીઓ (કડીનું બહુવચન), નદીઓ, પીએ, મૂકે, મૂકશે, મૂકવું, લૂટે, લૂટવું, સૂએ, ઘીવાળો, ખુમીદાર, ઢાંકીખાતું, મૂકનાર, દૂધવાળો, ઇત્યાદિ. પણ પિવાડ, શિખાડ, સુવાડ, શિખામણ; દુવાળો, પિવાય, શિખાય, સુવાય, રિસાળ, લુટારો.

૧૦. ગોળ (ખાવાનો), ગોળ (આકૃતિ), કેરી, કેળ, જેવા શબ્દો હાલમાં જેમ લખાય છે તેમ લખવા.

૧૧. સામાસિક શબ્દો તેના અસલ રૂપ પ્રમાણેજ લખવા. જેમકે—દૂધભાઇ, ચિઠ્ઠીચપાટી, વગેરે.

૧૨. નીચે દર્શાવેલા શબ્દો કે જેના ઉચ્ચાર જુદી જુદી રીતે કરવામાં આવે છે, અને જે ધ્યાન કરીને જુદી જુદી રીતે લખવામાં આવે છે, તેવા શબ્દો નીચે પ્રમાણે લખવા:—

નહિ, રાયતું, પાંઆ, બાયડી, લડ, લડાઇ, દુઃખ (પણ દુખે), ચોટુ, ચંપેલી, ગળણી.

૧૩. (અ) સંયુક્ત ક્રિયાપદોનાં ભાગ જુદા જુદા લખવા. જેમકે—કૂદી પડે છે.

(બ) સંયુક્ત નામ સાથે લખવાં; પણ બાળક માટેનાં પ્રાથમિક પુસ્તકોમાં તે નામના ભાગ જુદા જુદા પાડવા. ઉદાહરણ—કચરો પુંજો, વાસણ કુસણ, મા બાપ.

(ક) શબ્દયોગી અવ્યય જે શબ્દની સાથે આવે તે શબ્દથી જુદો લખવો.

(ડ) એ, (તેની અગાઉ ત્રીજી વિભક્તિનો પ્રત્યય એ આવ્યો ન હોય તો) જ, કે, (કેમકે) અને પણ (તોપણ) એ પ્રત્યયો જે શબ્દની સાથે આવે તેની સાથેજ લખવા.

૧૪. જે મહાપ્રાણ વ્યંજન સાથે આવે તો પહેલો અલ્પપ્રાણ અને બીજો મહાપ્રાણ લખવો. ઉદાહરણ—પત્થર, ખુબ, ચિઠ્ઠી વગેરે.

૧૫. ફારસી અને અરબિક શબ્દો તથા જે ગુજરાતી શબ્દો હાલમાં જુદી જુદી રીતે બોલાય છે અને લખાય છે તે શબ્દો બીજો કોઇ પ્રમાણભૂત કોષ થતા સુધી નમૂનાકોષ પ્રમાણે ઉપરના નિયમાનુસાર લખવા. ઉદાહરણ—અજમાશ (અજમાએશ અથવા અજમાયશ નહિ;) હુકમ (હૂકમ અથવા હુકૂમ નહિ).

ગાયકવાડ સરકારનું દેશી કેળવણીખાતું.

શ્રી.

પરહુકમ નંબર ૪.

દરેક કામે શરૂઆતથી તે આખર નિકાલ થતા સુધી જોઇતી બાકિ-
તીના નમુના આજ્ઞાપત્રિકામા મે. કિ. ના. મહારાજાનિ-
દાસ સરસુબા સા. તરફથી પ્રસિદ્ધ થયા છે તે બે કિ-
સોને લાગુ છે પૈકી કેટલાક નમુનાનો ઉપયોગ કરવો
નહિ ને કેટલાકનો ટિપ્પણથી મજબુતી મેળવવાના કામો
કરવો, એમ મે. કિ. ના. મહારાજાનિદાસ સરસુબા સા. તરફથી વ ડુ ન ૧૬
તા. ૨૨-૮-૦૬ નો તા. ૦ ૧૫-૮-૦૪ ની આજ્ઞાપત્રિકા પાન ૧૫૫ તા
૨૨-૮-૦૪ ઉપર પ્રસિદ્ધ થયો છે ને પ્રમાણે આ ખાતાની ઓફીસોએ તજવીજ
કરવાની છે અને શાળાઓને કીયા કીયા નમુના લાગુ છે ને પરહુકમ નં ૩૧
તા. ૧૪-૫-૦૪ થી કેળવણી ઓપાતિયામા પ્રસિદ્ધ કરવામા આવ્યા છે તે
પૈકી નીચે જણાવેલા ૨૬ થયેલા નમુનામા જે નમુનાનો સમાવેશ થતો હોય
તે નમુનાઓનો શાળાવાળાઓએ ઉપયોગ કરવાનો નથી.

ન. ૩૨—૩૫-૩૬-૩૭-૩૯-૪૦-૪૬-૪૭-૪૯-૫૦-૫૨ એ
૨૬ થયા છે એટલે તેનો ઉપયોગ કરવો નહિ ને નં ૩-૪-૩૩-૩૪-૪૧-
૪૨-૪૩-૪૪-૪૫-૪૮ એનો ટીપ્પણથી મજબુતી મેળવવા ની હોય ત્યારે
કરવો

ઉપર પ્રમાણે જેમણે તેમણે તજવીજ રાખવી તા. ૧ માહે સપ્ટેમ્બર
સને ૧૯૦૪ મુ વડોદરા

L. B. P.

J. A. Dalal
વિદ્યાધિકારી.

શ્રી.

સરકયુલર નં. ૪

કેળવણી ખાતાની શા-
ળાઓને અનુકૂળ આવે
એ પ્રમાણે ચિત્રવિદ્યાના
અભ્યાસક્રમ ધોરણસર
કરવાનો આજ્ઞા

મુંબઇની "સ્કુલ ઓફ આર્ટ" ના અભ્યાસ ક્રમમા રંગનું કામ દાખલ
થવાથી ફેરફાર થયો છે તેથી તે પ્રમાણે અત્રેના
કેળવણીખાતાની શાળાઓમા પણ બહતેર ફેરફાર
કરવાના હેતુથી ચારે પ્રાંતના રા. બા. એન્જીનીઅર
ઓફીસરો તથા રા. બા. કલાભવનના પ્રિન્સિ-
પાલ આદિક તરફથી તે અંગના ધોરણસર અભ્યાસ

નિશાની ઝ.

કન્યા શાળામાં ચાલવાનો ચિત્રવિધાનો ધોરણવાર અભ્યાસક્રમ.

ધોરણ ૪ થું.

૧. હસ્તાવલેખન (Freehand Drawing)–સાઉથ કેન્સીંગટન, અગર સ્લેટ વર્ક કાર્ડ, અગર તેવીજ બીજી કોઇ પણ સીરીઝનાં બાર અગર તેથી વધારે જેટલાં એક વરસમા થઇ શકે તેટલાં કાર્ડ.

૨. કર્ત્તવ્ય-ભૂમિતિ (Practical Geometry) આકૃતિઓ. ૧–૩–૫૮–૯–૧૧–૧૩–૧૫–૧૭–૧૮ પૂરી કરાવવી.

ધોરણ ૫ મું.

૧. હસ્તાવલેખન–સાઉથ કેન્સીંગટન, અગર ' સ્લેટ વર્ક કાર્ડ ' પૈકી જે સીરીઝ નીચેના ધોરણમાં શરૂ કરવામા આવી હોય તે સીરીઝના આગળનાં કાર્ડ એક વરસમાં જેટલા થઇ શકે તેટલાં.

૨. કર્ત્તવ્ય ભૂમિતિ–આકૃતિઓ ૨૧–૨૨–૨૩–૨૪–૩૪–૩૭–૪૦–૪૨ પૂરી કરાવવી.

ધોરણ ૬ ઠું.

૧. હસ્તાવલેખન–ભરત કામમાં ઉપયોગી થઇ પડે એવા સહેલા નમુનાનું શિક્ષણ આપવું.

૨. રંગકામ–ઉપરના નમુનાનું.

ધોરણ ૭ મું.

૧. હસ્તાવલેખન–ભરત કામમાં ઉપયોગી થઇ પડે તેવા નમુનાનું શિક્ષણ ચાલુ રાખવુ અને પાછળના ધોરણ કરતાં અઘરા નમુના તથા ડીઝાઇનો કરતાં શીખવવું.

૨. સંદર નમુના તથા ડીઝાઇનોમા રંગ પૂરવાનું કામ શીખવવું.

તા. ૭ મી મે સપ્ટેંબર સન ૧૯૦૪.

J. A Dalal.
વિદ્યાધિકારી.

L. B. P.

દેશી કેળવણીખાતાની છોકરાઓની શાળાઓમાં ચાલવાની ચિત્રવિદ્યાનું ધોરણસર અભ્યાસ પત્રક. નિશાની ખ.

ધોરણ	હસ્તાવલેખન. Freehand Drawing	કર્તવ્ય ભૂમિતી. Practical Geometry.	રંગ કામ Color Drawing.	પાસે નમુનો રાખ્યા સિવાય કરવાનું ચિત્ર. Memory Drawing.	રિમાર્ક.
૧	૨	૩	૪	૫	૬
૪ થું	સાદાય કોન્સીટ્રક્શન અગર રબ્બેટ વગેરે ઘાટ પેકી કોઇ એક સિરિઝના શરૂઆતના બાર ઘાટ	આકૃતિઓ ૩૬, ત્રણ, પાંચ, આઠ સુધી	સર જે. જે સ્કૂલ ઑફ આર્ટમાં કરાવેલા નમુના ઉપરા ૧ થી ૪ સ્કૂલ ઑફ આર્ટમાં કરાવેલા નમુના ૫ થી ૧૦	૦	
૫ મું.	મોટા કદના ફિટેન્ડના નકશા જોઈને અગર બૉર્ડ ઉપર મોટી તે ઉપરથી અમુક સાઇઝનું ફિટેન્ડ કદના રીખવવું. Freehand from enlarged Copies ઉપર પ્રમાણે શિલ્પનું ચાલુ રાખવું	આકૃતિઓ ૫, ૧૧, ૧૩ ૧૫, ૧૭, ૧૮, ૨૧ પૂરી થતા સુધી		ઘરમાં વપરાતાચીજો પેકી કોઇપણ બાર પચીસ વસ્તુ બાના ચિત્ર કઢાવવા	
૬ ઠું.		આકૃતિઓ ૨૨, ૨૩, ૨૪ ૩૪, ૩૭, ૪૦, ૪૨	સ્કૂલ ઑફ આર્ટમા કરા વેલા નમુના ૧૧ થી ૨૦	ઘરમાં વપરાતી ચીજો અને બાબારથુ રીત બદાર જોવામાં આવતી ચીજો પેકી કોઇપણ ૨૫ ચિત્ર કઢાવવા	

તા ૭ મારે સપ્ટેંબર સન ૧૯૦૪.

L. B. P.

J A Dalal
ચિત્રવિકારી.

શ્રી.

કલાભવન.

જાહેરખબર.

વડોદરા કલાભવનમાં સન ૧૯૦૪–૦૫ ના વર્ષનું પૂર્વસત્ર ગુરૂવાર તા. ૨૪ નવેંબર સન ૧૯૦૪ થી શરૂ થાય છે. કલાભવનમાં ચિત્ર, શિલ્પ, યંત્ર, રંગ, વણતર, તથા ઘડીઆળનું કામ શિખવવાની એ પ્રમાણે છ જૂદી જૂદી શાળાઓ છે

૧. ચિત્રશાળા સિવાયની બીજી કોઇપણ શાળામાં દાખલ થવા ઇચ્છનાર ઉમેદવારે નિદાન દેશી કેળવણી ખાતાના છઠ્ઠા ધોરણ સુધી અગર અંગ્રેજી કેળવણી ખાતાના ત્રીજા ધોરણ સુધી અભ્યાસ કરેલો હોવો જોઇએ.

૨. યંત્રશાળામાં દાખલ થવા ઇચ્છનાર ઉમેદવારની ઉમ્મર નિદાન ૧૭ વર્ષની હોવી જોઇએ. અને તે સિવાયની બીજી કોઇપણ શાળામાં દાખલ થવા માટે નિદાન ૧૬ વર્ષની ઉમ્મર હોવી જોઇએ.

૩ ચિત્રશાળાના વિદ્યાર્થીઓને મુંબાઇની સ્કૂલ ઑફ આર્ટની ત્રણે ગ્રેડોની પરીક્ષા માટે તૈયાર કરવામાં આવે છે.

૪. યંત્રશાળાના વિદ્યાર્થીઓને કલાભવનના સર્ટિફીકેટ ઉપરથી મુંબાઇની બૉયલર ઇન્સ્પેકશન એક્ટ મુજબની મિકેનિકલ એન્જીનીયરના સર્ટિફિકેટની પરીક્ષામા બેસવા દેવામાં આવે છે.

૫. કારીગર વર્ગના વિદ્યાર્થીઓ પાસેથી તેમજ ઇતર વર્ગના ગરીબ અને નિરાધાર વિદ્યાર્થીઓ પાસેથી કોઇપણ ફી લેવામા આવતી નથી. તે સિવાય વિદ્યાર્થીઓ પાસેથી દરેક દાખલ ફી રૂ. ૧–૦–૦ એક રૂપિઓ લેવામાં આવશે.

૬. યંત્રશાળામાં દાખલ થવાની પ્રવેશક પરીક્ષા સોમવાર તા. ૨૮ મી નવેંબર ૧૯૦૪ ને રોજ લેવામા આવશે. તેથી તા. ૨૬ મી નવેંબર ને શનીવારના રોજ ઉમેદવારે પોતાનાં નામો ઑફીસમાં આવી નોંધાવી જવાં જોઇએ.

આ સિવાય જેમને વિશેષ માહિતીની જરૂર હોય તેમણે અર્ધા આનાની ટીકીટ બીડી આ તરફ લખી જણાવવુ એટલે કલાભવનના બોધકપત્રની છાપેલી નકલ મોકલી આપવામાં આવશે.

વડોદરા—કલાભવન તા. ૧૫–૯–૧૯૦૪.

R. M. Patel.
પ્રિન્સિપાલ કલાભવન.

શ્રી

સરકયુલર નંબર ૬

આ રાજ્યની કન્યાશાળાઓમાં હાલ ચાલતા ભરતખંડના ઇતિહાસની નવીન આવૃત્તિમાંથી કેટલોક ભાગ કમી થવા સંબંધે કેટલી પ્રાંતના રા. બા. એજ્યુ. ઇન્સ્પેક્ટર સાહેબ તરફથી રજુઆત આવ્યથી તે સંબંધે બીજા પ્રાંતના અધિકારીઓ તરફથી અભિપ્રાય મંગાવતાં સર્વે અધિકારીઓ એક સરખી રીતે ઇતિહાસના અભ્યાસક્રમમાં ફેરફાર થવાની જરૂર જણાવે છે. સબબ સરકયુલર કરવામાં આવે છે:—કન્યાશાળાના ૮મા ધોરણમાં ભરતખંડના ઇતિહાસની નવીન આવૃત્તિના પૃષ્ઠ ૪૭ થી ૧૪૮ સુધી; મુસલમાની રાજ્યની શરૂઆતથી મુગલરાજ શેરશાહ પર્યંતનો તે ભાગનો વિદ્યુ રજપ કાઢી નાખવામાં આવે છે, કે જેથી કન્યાઓની મનસ્વિત ઉપર ઇતિહાસનો અનવાજબી બોજારોપ થવા પામે નહિ. તા. ૧૦ સપ્ટેંબર સને ૧૯૦૪.

R. M. Patel,
મ. વિદ્યાધિકારી.

શ્રી ૫. જા. નં. ૩૪

સૂચના.

આ ખાતાના પ્રાંત ની શાળાઓના હેડમાસ્તરો તથા મદદનીશો તરફ સમાચાર કિમ —

દેશી કેળવણીખાતાના નોકરોની ક્રમવાદી.

(ભાદરવા પૃષ્ઠ ૧૦ થી ચાલુ).

અનુક્રમ નંબર.	નામ તથા અટક.	હોદ્દે	જાત તથા વતન.	ઉમ્મર જુલાઇ ઇ. સ. ૧૯૦૩ આખર સુધીની.	અભ્યાસ.				છેલ્લો પગાર મેળવ્યાની તારીખ.	રિમાર્ક.
					દેશી ભાષા		અંગ્રેજી ભાષા.	પરચુરણ.		
					કયા ધોરણમાં પાસ.	ટૂંકુ હોય તો કયા વર્ષનો				
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
				૩ રૂપીની	ગ્રેડના નોકરો.					
૨૨	અનોપશમ રવિ ઇત્ત.	ગેરી તા. મ ગુ. શાળાના મુખ્ય શિક્ષક	ઐડાવાળ બ્રા.	૪૪-૩-૨૭	ગુ છઠ્ઠા ધોરણમાં પાસ.	૦	૦	૦	૧૬-૧૧-૯૭	
૨૩	અનોપરામ મ ત્રી	ભાયલી સ ગુ શાળાના મુખ્ય શિક્ષક	સદર	૪૫-૬-૬	સદર.	૦	૦	૦	૧૬-૧૧-૯૭	

केळवणी.

१ ली. सन १९११.

नवीन वर्ष.

तोटक.

कार्तिक, संवत् १९६१.

दर्दीन.

संवत १९६१ नी सालनुं पंचांग.

	१९७४.	१९७५.									

કે ળ વ ણી.

દોધકવૃત્ત.

અર્થ મળે વધીં ધર્મ સવાયે, જ્ઞાન મળે સનમાન પમાયે;
પ્રીતિ વધે પસરે જશ સારો, પ શિશુશિક્ષણ ધર્મ અપારો.

પુસ્તક ૧૭ મું. કાર્તિક, સંવત્ ૧૯૬૧. અંક ૧ લો.

દર્શન.

* મોટાનો ને સેંપી પરીક્ષા ને તેનું અનુકરણ—પુનિનમિંટીની અને મોટી મોટી પરીક્ષાઓમાં મોટે ભાગે સેંપી પરીક્ષા કરવાનો રિવાજ છે. દખતનો બચાવ કરવાનો એ એક રસ્તો છે, જો બધીજ પરીક્ષા મોટે કરવામાં આવે તો વખત ઘણો જાય ઉપરાંત બીજા પણ કેટલાક ગેરલાભો વેહતા પડે. બખરાની પરીક્ષાથી પરીક્ષકના લેખ ઉપરથી તેના બીજા કેટલાક ગુણોની તુલના પરીક્ષક કરી શકે છે, એ વાત માન્ય રાખ્યા છતાં પણ ખરી કસોટી તો મોટાની પરીક્ષાથીજ થાય છે, એ વાતની કોઇ ના કહી શકશે નહિ. પરીક્ષાની પેઠે શિક્ષકને પણ પોતાજ હોંચવેલાની પરીક્ષા કયો પછીજ આગળ [illegible] તવું પડે છે. આવી પરીક્ષામાં પણ કેટ-લાક શિક્ષકો લેખનને વિશેષ મહત્ત્વ આપીને મે[illegible] પરીક્ષાને સમૂલગ વિસારી મૂકે છે; પણ ઘણાખરા યુરોપના વિદ્વાન શિક્ષકોનું વલણ લેખ[illegible] મુખથી બોલીને શિક્ષણ આપવા તરફ [illegible] વિદ્યાર્થીઓને બખરામાં પ્રવીણ કરવ[illegible] બોલવામાં પ્રવીણ કરવા તરફ વધેલું [illegible] લેખને ઠીક, ત્યારે એક વાર જુના પ[illegible] મોટેથી શિખવવાની પદ્ધતિ પાછી આવે છે અને તે પદ્ધતિ પણ કેટલી વિસારી [illegible] જેવી નવી એમ લાગે છે. વિદ્યાર્થીઓને બખના કરવાની સાથે બોલતા કરવાની પ[illegible] પ્રવીણ કરવા છે તેઓ પોતાને કહેવાની વાતને અસરકારક રીતે પટે ત્યાં આગ્રહ [illegible] હોવાનું જણાવી કરે, એમ જો ન થાય, પણ કહેવાના વિષયને સંભારી સંભારીને તથા [illegible] ગોઠવીને બખીજ માત્ર બસે તો તે અરધું શિક્ષણ છે એમ કેમ નહિ કહેવાય ? તાત્પર્ય એ છે કે શિક્ષકોએ પરીક્ષાને અનુસ-રીને વિદ્યાર્થીઓ પાસેથી કેવળ બખાબદ્ધ કામ ન લેતાં જે તેમને બની આવવાનું છે તે

મોઢેથી પણ ભાષાદોષ કર્યા સિવાય તેઓ કહી શકે તેવી તાલીમ તેમને આપતાં રહેવાની જરૂર છે મેળાવડા બાદી પ્રસંગે અમુક વખત સુધી શીખવીને તૈયાર કરાવેલી કવિતા, ભાષણ કે સંભાષણ કૃત્રિમપણે બોલતા છોકરાં જોઇને જે આનંદ આપણે માની લેઇએ, તે કરતાં તે કૃત્રિમ ન હોય તો કેટલો આનંદ થાય. પરીક્ષાને માટે બેચતાણ કરીને ઘોરણમાં કહેલો અભ્યાસ પૂરો કરાવી નાખવાની ફરજમાંથી કાઇક અંશે છૂટ મળવાથી સારૂં કામ કરવાની પ્રીતિવાળા શિક્ષકો પોતાના વિદ્યાર્થીઓને તેવા પણ કરી શકે, એમ અમે ધારીએ છીએ.

નિબંધ શિક્ષણની ફ્રેંચ પદ્ધતિ—ગ્રેડ્યુએટ એજ્યુકેશનલ કોન્ફરન્સ આગળ ભાષણ આપતાં એક વિદ્વાને જણાવ્યું હતું કે નિબંધ શિક્ષણનું કામ સારી રીતે થવાની જરૂર છે. અંગ્રેજી શાળાઓ અને કોલેજો માટે તે જે સૂચનાઓ કરે છે, તેમાંથી પ્રાથમિક શાળાઓના શિક્ષકોને પણ કેટલુંક જાણવાનું મળે એમ છે. તે કહે છે કે શાળાઓમા કે કોલેજોમા નિબંધ ગમે તે પદ્ધતિથી શીખવામ તે વિષે અમારે કાંઇ બોલવાનું નથી; પણ તે પદ્ધતિ ક્રમપુરઃસર હોવી જોઇએ. તે ક્રમ ઘણો સામાન્ય છે એટલે કે, જે વિષયનો નિબંધ વિદ્યાર્થીઓને શીખવવો છે તેમાં લખવાની હકીકત તેને પૂરી પાડવી જોઇએ; તથા તે હકીકત સંબંધપૂર્વક તથા સ્પષ્ટ સમજાઇ શકે એવી રીતે કારણપૂર્વક પ્રતિપાદન કરી તેને ક્રમી બતાવતાં શીખવવી જોઇએ.

આ ક્રમના સંબંધમાં તે ફ્રેંચ શાળાઓની નિબંધ શિક્ષણપદ્ધતિ ટાંકી બતાવે છેઃ— ધારો કે "પ્રમાણિકપણા" વિષે નિબંધ શીખવવો છે. શિક્ષક વર્ગમાંથી એક જણને તે વિષે જે જાણતો હોય તે કહી જવાની આજ્ઞા કરે છે. તેણે કહેલી હકીકત શિક્ષક પાટિયાપર લખે છે. પછી બીજાને, ત્રીજાને, એમ બધાને પૂછી કાંઇ નવી હકીકત હોય તો તે પણ તેની નીચે લખે છે. જોગ કરતા કદાચ કોઇ ઉપયોગી મુદ્દો રહી જતો હોય તો પ્રશ્નદ્વારા કઢાવે છે. આવી રીતે થયેલા વાક્યસમૂહમાંથી જે ભૂલો હોય તે પછી સુધારે છે અને બધાં વાક્યોને ક્રમમાં ગોઠવે છે તે પછી ઘટતા અવ્યય વગેરે મૂકી તેનો સંબંધ જોડી નિબંધ તૈયાર કરે છે આ રીતે કરવાથી વિદ્યાર્થીઓને જોઇતી હકીકત મેળવવાનો રસ્તો સૂઝે છે. આપણી શાળાઓમાં પણ વિદ્યાર્થીઓને હકીકતના સંબંધમાં મોટી અડચણ નડે છે. હકીકત મેળવવા માટે તેમને વિચાર કરતા શીખવવાની જરૂર છે ઉપર કહેલી પદ્ધતિ શિક્ષકો અજમાવી જોશે; અને કદાચ તે અહીં પણ ફળદ્રુપ જણાય તો પોતાના શિક્ષક બંધુઓની જાણ માટે અમને જણાવશે તો અમે તે પ્રસિદ્ધ કરીશું.

શ્રીમંત મહારાજા સાહેબનું પ્રજાવાત્સલ્યઃ—આપણા શ્રીમંત મહારાજા સાહેબ વિષે ટીટબીટ્સમા એક વાત કહેવામા આવેલી છે, જે ઘણું માન આપવા લાયક છે. તેમાં જણાવ્યું છે કેઃ—

"હિંદુઓના હંમેશના રિવાજ પ્રમાણે તેમની લાગણી ઝીણી બધી સારી હોય છે કે જો કોઇ માણસ જન્મવાને વખતે બારણા આગળ ઉભો રહેલો માલમ પડે ને તે જો

ભૂખ્યો દોષ તો કુટુંબનો કોઇ પણ તેને ભમાડીને સતોષ્યા વગર ભમે નહિ. હિંદુસ્તાનમાં આવું દુઃખ હિંદુઓની આ હતભ ભાગ્યથી બહે ભારે ભારી નાખ્યો છે તોપણ જુઓ, એક હિંદુબાજકુંવર પોતાની પ્રજા માટે કેટલી બધી લાગણી ધરાવે છે. એડવર્ડ-ફિયર નામનો અંગ્રેજમાં એક પ્રખ્યાત ફોટોગ્રાફર છે. તેના તાબામાં કાર્ડિટોન અને બીજા આઠ પોટી રાજ્યોમાંઓને ફતરસ જોવી ફોટોસ છે તે પોતાને ત્યાં આવેલા મોટા માણસોના અંગ્રેજમાં કેટલીક વાતો કહેતો હતો. માણકપાડ વિષે તેણે આ પ્રમાણે કહ્યું હતું. " જ્યારે બડોદરાના મહારાજા અહીં (અંડનમા) હતા ત્યારે એક મહત્ત્વ બનાવ બન્યો હતો. એક સાંજે તેઓ પોતે હિંદુ ઓગેર અને કેટલાક ઓરસાં સાથે ફોટોગમાં આવ્યા. તેમણે આગેજ બે માણસને પૂરો થઇ શકે એટલો ખોરાક લાવવાનો હુકમ કર્યો, ત્યારે મેં તેમને પૂછ્યું કે આપના માણસોને માટે શું બનેલું તે કહો એટલે તેની તૈયારી કરું. તેમણે જવાબ આપ્યો કે, વધારે નહિ બનેલું, પૂરતા માટે તમારો ઉપકાર માનું છું બોલી. આર પાછી તેમણે મેનેજરને કહ્યું, તમે જુઓ છો કે મારા કેટલા બોકા બધા ભૂખ્યા છે. તેમાંના બધા ભૂખ્યરો વેઠે છે; કમકે હાલમા ત્યા દુષ્કાળ ચાલે છે. "

આ વાતનો અર્થ એ છે કે, " પોતાના કેટલા બોકા ભૂખમરો વેઠતા હોવાથી મહારાજા ગાયકવાડ અને તેમના કુટુંબના માણસોના ખાવામાં એટલી બાગણી થતી કે તેઓ પૂરો ખોરાક બધ શકતા નહિ. આજ એક મારી બાગણી છે કે જેને રાજસત્તાધારી પુરુષોએ ખાગીરીતે પોષવી જોઇએ. "

જા. વ.

સંવત ૧૯૬૦ ના વર્ષનું અવલોકન.

નવીન વર્ષની બાબણી સમયભૂમિમાં પ્રવેશ કરતાં પહેલાં એક વખત પાછું વાળી જોઇએ અને ખુબદુઆમાંક વીતેલા બધા વર્ષને છેલ્લી સલામ કરી લેવી જોઇએ, જો કે કોઇપણ એ બનતો રહ્યાભવિક નિયમ છે તથાપિ અનાદિનતા કાળ પરમાત્માના વરે જવાને નાના મોટામાં બનવું એવા કોઇપણ બાગેજ થાય છે. કોઇકો કાર્યો બધા વર્ષમાં બનતાં હોય છે. તેમ પાછું રહે છે તથા તેમાં ધીમે ધીમે વધારો ઘટાડો કે સુધારો બગાડો કોઇપણ બધા કરે છે; કોઇકો કાર્યો ગયા વર્ષના બનાવની અમર તરિકે નવા આંકાય છે અને કોઇકો કેવળ નષ્ટ થઇ જાય છે કે રૂપાન્તર પામે છે. તત્વજ્ઞાનીઓ તો એમ છતાં પણ એક સરખી સ્થિતિ જોવા કરે છે. કમોદની પેઠે મહાસાગર ઉછળ્યા કરે છે ને તેમાં ભરતી-ઓટ આવ્યા કરે છે; ચંદ્ર, સૂર્ય ને તારાઓનો ઉદય અસ્ત થયા કરે છે; ધૂમસ, ઝાકળ બાષ્પ, વરસાદ, બરફ પડ્યા કરે છે; વનસ્પતિ અને પ્રાણીઓમાં ઉત્પત્તિ-વિનાશ ચાલ્યા કરે છે, પવન ધીમો, ઉતાવળો કે અણસાર વહ્યા કરે છે; પર્વતો જોવા જેવા-જ સ્થિર છે; સાપ કાચબાના કેમારો વખતો વખત તેવા ને તેવા કેમાણ કરે છે; જ્વાળા-મુખિ પર્વત

મુખીઓ હોમવાય છે ને સળગી ઉઠે છે; ભયંકર અગ્નિ પ્રકોપ થાય છે; વહાણો ડૂબે છે; ભૂકંપ થાય છે અને મનુષ્ય તથા પ્રાણીઓના જનમાલના સંહાર થાયછે; મનુષ્યોમાં પણ જુદા જુદા સમુદાયો જુદાં જુદાં કાર્યો કરે જાય છે.રાજાઓ સીમાઓ વધારવામાં અને પરને આક્રાંત કરવામાં મચીજ રહે છે; રાજ્યો સ્વમાન માટે કે રાજ્યલોભ માટે યુદ્ધમાં મચી રહ્યાં છે અને પોતાના લાખ્ખો મનુષ્ય ભાઇઓનો મનુષ્યત્વ તજી સંહાર કરે છે; સમાજ સુધારણા કરવા ઇચ્છનારાઓ તેવાં તેવાં મંડળો મેળવી વિચાર કરે છે તથા પોતાની મનઃકલ્પિત સુધારણા શી રીતે અમલમાં આવે તે માટે યોજનાઓ ઘડે જાય છે; દેશની સમૃદ્ધિ ઇચ્છનારાઓ ખેતી, વ્યાપાર અને હુન્નર કારીગરીને ઉત્તેજન મળવા માટે સંતત મહેનત કરી રહ્યા છે; વિદ્યાના ક્ષેત્રમાં રમનારા શોધકો વિદ્યાના બળથી નવા નવા શોધ કરી દુનિયામાં એકાદ અજાયબીનો વધારો કરતાજ રહે છે; દેશની રાજકીય આબાદી ઇચ્છનારા પોતાના વિચારના બધા માણસોને મેળવી તત્સંબંધી વિચાર કર્યે જાય છે; દેશની માનસિક ઉન્નતિને ચાહનારા પુરૂષો કેળવણીના વધારા માટે ઉદ્યોગ કર્યા કરે છે; ટુંકામાં, જગત્ એક સરખી રીતે સર્વ કાળ સ્વભાવાધીન થઇ વર્તેજ જાય છે. વસ્તુતઃ કાળ રૂપી રેલવેસ્ટેશન ઉપર અધવચ ઉભા રહીને જોતાં આગળ અને પાછળ એક સરખી લાઇનજ જણાયા કરે છે.

જગતના સામાન્ય સ્વભાવ એવા છતાં તેને વિશેષરૂપે જોનારા કહેશે કે એક વર્ષ જેટલા વખતમાં આપણે થોડા ઘણા પણ આગળ વધ્યા છીએ. ગયા વર્ષમાં જુદા જુદા સ્થળમાં બધા સમાજો મળ્યા હતા. અમદાવાદ ખાતે નેશનલ કોન્ગ્રેસનો મેળાવડો તેમાં મુખ્ય હતો.આ મેળાવડો અઢારમો હતો તથા ઓગણીસમો આ વર્ષમાં મુંબાઇ ખાતે ભરાશે. મુંબાઇમાં ગયે વર્ષે જૈન કોનફરન્સ ભરાયું હતું તેમાં જૈનોની લૌકિક તથા પારલૌકિક ઉન્નતિના વિચાર કર્યા હતા. આ વર્ષમાં તે પડોદરા ખાતે ભરાવાનું છે સુમવસરણ લોકોનું કેળવણી કોનફરન્સ અમદાવાદમાં હમણાજ મળ્યું હતું, તેમાં તે વર્ગના લોકોની સ્થિતિ સુધારવાના વિચાર કરવામાં આવ્યા હતા. એ સિવાય બીજા તે તે જનોના મેળાવડા થયને તેમણે પોતપોતાના સંસારી બગાડા દૂર કરવાના અને પોતાની જ્ઞાતના મંડળને ઉન્નત કરવાના વિચાર કર્યા હતા. જાતિ અને ધર્મપરત્વે આવા ભિન્ન ભિન્ન મેળાવડાઓથી લાભ છે કે હાનિ એ વાતનો વિચાર હમણા ન કરતાં ગયા વર્ષના બનેલા બનાવ તરિકે તે અહીં મણ્યા છે. જો એ મેળાવડાઓએ કાંઇ કામ કર્યું હશે-પોતાના વિચારોની અસર બીજાઓના મનમાં કરી હશે-તો આપણે ચાલુ સાલમાં તેનાં પરિણામ સાંભળવાની આશા રાખીશું. માત્ર આવા મેળાવડાઓથી પરસ્પરનો ભિન્નતા વધે નહિ એટલી સંભાળ રાખવાની છે. ઉન્નતિ અને કેળવણી એ જો સર્વ મનુષ્યને સમાન પ્રાપ્તવ્ય છે તો એટલા માટે ભિન્ન ભિન્ન સમાજો શા માટે જોઇએ ! પણ હમણા એ વાત પડતી મૂકી ગયા સાલમાં કેળવણી સંબંધે શું શું થયું છે તે જોઇએ.

હિંદુસ્તાનની સરકારે કેળવણી સંબંધી એક આગલનો ઠરાવ પ્રસિદ્ધ કર્યો અને તે આધારે પ્રાથમિક કેળવણીમાં કેટલોક ફેરફાર કરવામાં આવ્યો. મુંબાઇ ઇલાકાની વાચનમાળામાં ફેરફાર કરી મોટે ભાગે બધા પ્રાંતોની વાચનમાળા સરખી રાખવાની તજવીજ

કરવામાં આવી અને તે પોરબંદરે હમણાં તે તૈયાર થાય છે આ વાચનમાળા માટે બોડર્ડીના નિયમો મુકરર કરવામાં આવ્યા. શ્રીમંત સયાજીરાવ સરકારે પણ ધર્મની કેળવણી બહોર શાળાઓમાં થી રીતે આપી શકાય તે બાબત વિચાર કરવાને કમિટિ નીમી જે કમિટિ હજી પોતાનું કામ કરે છે. અથીમાં આની બિલ્ડીંગ એક જી વિદ્યાલય સ્થાપન કરવાને પ્રયત્ન કરે છે.

ગયા વર્ષમાં બીજાં કોન્ફરન્સની પેઠે મિક્ષકોનાં પણ જુદાં જુદાં સ્થાનિક કોન્ફરન્સ મળ્યાં હતાં. સોનગઢ વગેરે ઠેકાણે ધાનુકા, ભીલ, વગેરે કાળોપરજ કહેવાય છે; તેમને કેળવણી આપવાની શ્રીમંત સયાજીરાવ સરકારે સગવડ કરી આપી છે, તેનો લાભ લેવા તે લોકોએ પણ બધે સાલ પોતાનું એક કોન્ફરન્સ ભર્યું હતું, જેમાં પ્રમુખ, વક્તા અને સેક્રેટરી વગેરે તે લોકોજ હતા સયુક્ત પ્રાંતના શિક્ષકોએ પોતાને માટે એક પ્રોવિંન્સ ફંડની સંસ્થા સ્થાપી છે. આ રાજ્યના શિક્ષકો પણ એક શિક્ષક એસોસિએશન જેવું મંડળ સ્થાપી એવી કાંઇ તજવીજ કરે તો તે લાભકારક છે

ગયે સાલ અમદાવાદમા નેશનલ કોન્ગ્રેસને લગતું એક હુન્નર ઉદ્યોગનું પ્રદર્શન ભરવામાં આવ્યું હતું બીજા દેશોમા પણ વિવિધ પ્રદર્શન ખુલ્લાં મૂકાયાં હતાં. પોરબંદરમાં એક કેળવણીનું પ્રદર્શન ભરવામાં આવ્યું હતું જેનો લાભ લગભગ ૪૦૦ શિક્ષકોએ તેમ બીજા લોકોએ પણ લીધો હતો

કેળવણીની સાથેજ સામાજિક કેટલાક પણ દૃષ્ટિગોચર થયા છે. પોરબંદર રાજ્યમાં બાળલગ્ન નિષેધક કાયદો જારી કરવામાં આવ્યો છે પ્રજિનલ કેટલાક દેશોમાં લંબાઇ તરફ તિરસ્કાર બતાવી તેનો વાપર કરી કરનારા કાયદા કરવામાં આવ્યા છે. પોરબંદરમાં શ્રીમંત યુવરાજ શ્રી ફતેસિંહરાવનાં લગ્ન ઘણી ધામધૂમથી કરવામા આવ્યાં હતાં અને તે પ્રસંગે કેટલાક સંસારિક સુધારા દૃષ્ટિગોચર થયા હતા.

વગર તારના સંદેશા મોકલવાની યુક્તિને ગયા વર્ષમા વ્યવહારૂ રૂપ આપવામાં આવ્યું હતું. પોસ્ટ, રેલવે અને તાર ખાતાઓ પ્રજાની અગત્યની અસેવા પોતપોતાથી બની શકે એવા ઉપાય યોજ્યા છે. દક્ષિણ ધ્રુવની શોધ કરવાનું કામ આગળ ચલાવવામાં આવ્યું હતું. હિંદુસ્તાનમાં ખેતીવાડી ખાતાએ કેટલાક પ્રયોગો કર્યા હતા; તથા હિંદની ખેતીવાડીની સુધારણા માટે એક અમેરિકન ગૃહસ્થે ૪૦ લાખ રૂપિયા બક્ષીસ આપ્યા હતા. મીરતમાં કાતરો બનાવવાનું એક કારખાનું મોટા પાયાપર સ્થાપવામાં આવ્યું હતું. બાઇસિકલનો વાપર સાધારણ થયા લાગે છે મોટરકાર પણ હિંદના લાયક થઇ છે.

હિંદના લેફ્ટેનન્ટ ગવર્નરોને ત્રીજા સાલના જૂદી જૂદી યુનિવર્સિટીઓ તરફથી એલ. એલ. ડી. નો માનવંતો ખેતાબ અર્પણ કરવામા આવ્યો હતો. બાંબેપ્રેસિડેન્સીના કર્તા મ. રામકૃષ્ણ ગોપાળ ભાંડારકરને પણ ચોથા વખતપર યુનિવર્સિટી તરફથી એજ માન ભરી ડિગ્રી આપવામાં આવી છે. પ્રસિદ્ધ બાળ ગંગાધર તિલક આરોપમાંથી નિર્મુક્ત થયા છે વડોદરા કોલેજના પ્રિન્સિપાલ રેવ ફાધર રિટાયર થયા છે. રમેશચંદ્રદત્તને વડોદરામાં અમાત્ય પદે નીમવામાં આવ્યા છે.

ગયા વર્ષના બનાવોનું એક બાજુનું દિગ્દર્શન ઉપર પ્રમાણે કરાવ્યા પછી જે આપત્તિઓ અને શોકમાં થઇને તે વર્ષ પસાર થયું છે તે પણ સંક્ષિપ્તમાં કહેવું જોઇએ. ગયા વર્ષમાં હર્બટ સ્પેન્સર, સેમ્યુઅલ સ્માઇલ્સ,અને નારાયણ હેમચંદ્ર જેવા પ્રખ્યાત તત્વ વિવેચકો, ગ્રંથકારો તથા જમશેદજી ટાટા અને વિલિયમ ડિગ્બી જેવા હિંદના હિતચિંતકો આપણે ખોયા છે. આની સાથેજ પ્લેગ, દુકાળ, તીડ, અને કોલેરાએ પણ હિંદુસ્તાનને હેરાન કરવામાં કસર રાખી નથી. પરદેશખાતે પણ આગ, જ્વાળામુખી, ભૂકંપ અને જળપ્રલયથી ઓછી હાનિ થઇ નથી. હિંદી સરકારની હિજેટપરની રવારી હમણાંજ પૂરી થઇ છે. જાપાન તથા રશિયાની ભયંકર અને નાશકારક લડાઇ ચાલુજ છે.

ગુજરાતી માસિકપત્રોમાં પણ ગયા વર્ષમાં કેટલોક વધારો થયો છે. કળાકુસુમ, ડિટેક્ટિવ, સૌન્દર્ય, વિજય, વસંત, આર્યધર્મ પ્રકાશ, જૈનધર્મ પ્રકાશ, વિદ્યાર્થી જીવન, બુદ્ધિપ્રકાશ, ગુજરાત શાળાપત્ર, ઓસુઓખ,અંબિકાવિજય, અનાવિલ હિતેચ્છુ, હિતવર્ધક મોચમેનીત, વગેરે માસિકપત્રોએ ઉપયોગી લેખો લખી પ્રજાની સેવા બજાવી છે. આ પત્રે પણ યથાશક્તિ પોતાનું કામ કર્યું છે. રા. સા. ઠાકોરરામ પ્રાગજી ઉપાધ્યાય, રા. રા. દેવચંદ્ર રામજી, અને બીજા વિદ્વાન લેખકો જેમણે પ્રસંગોપાત્ત આ પત્રમાં પોતાના લેખ મોકલી દેશ સેવા બજાવી છે,તેમનો આ સ્થળે આભાર માનતાં આનંદ પામીએ છીએ.અમારા જે મિત્રોના લેખને જગાના સંકોચથી અને બીજાં કારણોથી અમે આ પત્રમાં જગો આપી શકયા નથી તેઓની પાસે દરગુજર ચાહીએ છીએ. સંવત ૧૯૬૨ નું વર્ષ બગારા વાચકોને સુખકર નીવડો,એવી તે સર્વેશ્વરની પ્રાર્થના કરી આ અવલોકન સમાપ્ત કરીએ છીએ.

અભ્યાસ કેવી રીતે કરવો.

(પાછળથી ચાલુ).

૫. પુસ્તકો સારાં હોવાની જરૂર છે. તે પસંદ કરવામાં અને વાપરવામાં વિવેક અને ડહાપણ જોઇએ. વિદ્યાર્થીના જ્ઞાનનો આધાર શિક્ષકો કરતાં પુસ્તકો ઉપર વધારે છે. શિક્ષક પાસેથી તે પદ્ધતિ, રસ્તો અને મુશ્કેલી વખતે મદદ લે, પણ તેના મનમાં દાખલ કરવાનાં સત્યો તે પુસ્તકો પાસેથીજ મળે. સારાં પુસ્તકોનો સંગ્રહ એ ખરેખર એક અમૂલ્ય ભંડાર છે; પણ ઘણાં પુસ્તકનાં નામ જાણવાં તેના કરતા થોડાં પૂરાં અને સારાં જાણવા તે વધારે સારું છે. ઘણાં પુસ્તકોથી વિદ્યાર્થી મદદ લેવાને બદલે વખતે ઉલટો ગભરાઇ જાય છે. કોઇ પણ વિષય ચર કરતાં પુસ્તક યોગ્ય પસંદ કરવું એ ઘણું જરૂરનું છે. તેને માટેનાં જુદાં જુદાં હોય તેટલાંમાંથી સારામાં સારું પસંદ કરવું એમ નહિ; પણ વિદ્યાર્થી માટે બાપક જુદાં જુદાં હોય તેટલાંમાંથી સારામાં સારું પસંદ કરવું.

શરૂઆતમાં મોટું પુસ્તક વાંચવું એ મોટી ભૂલ છે. એવા મોટા પુસ્તકમાં વિષયો એટલા બધા વિવિધ હોય છે કે વિદ્યાર્થીને તેના પરસ્પર સંબંધ બરાબર ઠસિ પડે છે, એટલું જ નહિ પણ તેના ઉપર એક સાથે આટલો બધો બોજો આવી પડવો છે એમ ગણી તે નાઉમેદ થાય છે. અભ્યાસને માટે ગમે તેટલા પુસ્તક હોય, પણ ટેક્સ્ટ બૂક તરિકે તો એક નાનું જ હોવું જોઇએ. એ પુસ્તક તે પોતાની પાસે રાખે અને જ્યાં સુધી તેમાનું બધું સમજાય, તેમાના વિચારો તેના પોતાના થઇ જાય, ત્યા સુધી તે ફરી ફરીને વાંચ્યા કરે. આ પ્રમાણે જ્યારે એક પુસ્તક પૂરું થાય, ત્યારે બીજું તેથી મોટું પુસ્તક, પ્રથમ પુસ્તકમાંથી મળેલા વિચારોને પ્રબળ કરનારું અને નવા કેટલાક ઉમેરનારું આપી શકાય. આ બીજું પુસ્તક વાંચતાં તે જોશે કે આપણા કેટલાક વિચારો તો હવે પરિચિત છે જેથી નવા વિચારો પાછળજ તેને મહેનત કરવાનું રહેશે. આ પ્રમાણે તે પછીના પુસ્તકોમાં પણ આગળ વધી શકશે.

ટેક્સ્ટ બૂક ઉપરાંત તે તે વિષયને ઉપયોગી પુસ્તકોની એક નોંધ રાખવી જોઇએ આ નોંધ જેમ બને તેમ સાદી અને ટૂંકી જોઇએ કે જેથી જે મેળવવાનું છે તે વિદ્યાર્થીઓ સહેલાઇથી અને જલદીથી મેળવી શકે. જ્ઞાન મેળવવાનું મહેનત પગથીઉ, તે કાંઇ બળદે ખેડે બરાબર બનવું, તે છે.

૧૦. શીખેલી બાબત વારંવાર વિચારતા રહેવું. ધ્યાનમાં રાખવું કે મેળવેલું જ્ઞાન એ મેળવવાના જ્ઞાન જેટલું જ કામનું છે. ઘણી મહનત અને બધા વખતના ભોગે શીખેલી બાબતો હાલ તેની જરૂર ન હોય તેટલા માટે ભૂલી જવી એ કેવી મૂર્ખતા! બહુ થોડી વધારે મહેનત કરવાથી એ બધી તાજી રહે અને જો ભૂલી જઇએ તો ફરી શીખવા એ થોડી કરવાં વધારે મહેનત પડે. મેળવેલા જ્ઞાનનો ગમે તે રસ્તે પણ ઉપયોગ કરતા રહેવું; શીખવવામાં, લખવામાં, વાતો કરવામાં વગેરે. વિદ્યાર્થીઓને વખતે એ રસ્તાઓ ન મળે, તો તેણે શીખેલું બધું ફરી વિચારી જવાની ટેવ રાખવી.

એમ કરતા રહેવાથી:—

૧. મનને એ વિષયનાં મૂળતત્વોનો સંસર્ગ રહ્યા કરશે.
૨. જ્ઞાન તાજું અને બરાબર રહેશે.
૩. અપૂર્ણતા જણાશે અને આમ એ સુધરતી જશે.
૪. સ્મૃતિ વધશે અને જલદીથી યાદ રાખવાની ટેવ પડશે.
૫. ભૂલી જવાની ખરાબ ટેવ ઓછી થશે અને મહેનતનો બચાવ થશે.
૬. જ્ઞાનના પૂર્ણ સંબંધ તરફ જવાશે.

ફરી વિચારી જવું એટલે ફરી શીખવું એમ નહિ પણ શીખેલી બાબતનું ફરી ઝીણું જોઇ જવું, તથા પરસ્પર સંબંધ વિચારી જવું. તેને માટે સારી રીત એ છે કે મુખ્ય મુખ્ય મુદ્દાઓ લખી જવા. લખવાથી સ્મૃતિને બહુ મદદ મળે છે. એમાં અક્ષર સોહાની પરીક્ષા લેવાથી પણ એ કામ થશે.

૧૧. વિનોદદાયક ચાંચલ્ય અથવા કોઇ કોઇ વિશ્રાન્તિ પણ જરૂરની છે. બધે વખત અભ્યાસ કર્યા કરવું એ યોગ્ય નથી. જ્ઞાન મેળવવું એ જોઇએ જેટલું કંઇ કંટાળા

નથી; અને હોય તો પણ બંધનમાં રહેતા મનના કરતાં વિનોદ અને ફેરફારમાં રહેલું મન વધારે મેળવી શકે છે. અભ્યાસના વિષયના ફેરફારથી પણ મનને કેટલોક આરામ મળે છે. છતાં કેટલુંક વિનોદાત્મક વાંચન પણ રાખવું જોઇએ. એથી મન તાજું અને પ્રફુલ્લિત રહે છે માટે મનને પૂર્ણ આનંદ મળે ત્યાં સુધી નવલકથાઓ, કાવ્યો, જીવનચરિત્રો, મુસાફરીઓ, વગેરે મનગમતું વાંચવાની છૂટ રાખવી જોઇએ; પરંતુ એવું વાંચવાનું બંધનરૂપ ન હોવું જોઇએ. મનને તે આપોઆપ ગમવું જોઇએ અને જે આનંદ નિશાળના કામમાંથી ન મળતો હોય તે તેમાંથી મળવો જોઇએ.

૧૨. શારીરિક સ્થિતિ અને તેની કસરતપર ધ્યાન રાખવું. અભ્યાસ સારો થવા માટે શરીરની સારી સ્થિતિની જરૂર છે. જોઇતો પ્રકાશ, તાજી હવા અને નીરોગી શરીર એટલું હોવું જોઇએ. કોઇ પણ શારીરિક દુઃખમાં અભ્યાસ થઈ શકતો નથી; તેમ ઘણી પુરસદથી પણ મન આળસુ થઇ જાય છે.

બેઠક સાથે લાંબા વખત સુધી અભ્યાસ ન કરવો. જો માનસિકશક્તિઓ પાસેથી બરાબર અને સારું કામ લેવું હોય, તો શારીરિક કસરતપર અવશ્ય ધ્યાન આપવું. જ્યાં સુધી મન ઉત્સાહથી અને ગભરાયા વગર કામ કરે ત્યાં સુધી કરવું, પણ જ્યારે તે મંદ થાય અને ધ્યાન રાખવા માટે મહેનત કરવી પડે ત્યારે અભ્યાસ છોડી દેવો, હવા ખાવા નીકળી પડવું અને કાંઇ આનંદ લેવો. મનને બળાત્કારે ચલાવવાથી શક્તિઓ ક્ષીણ થાય છે. અભ્યાસની દૃષ્ટિએ જોતાં પણ શરીરને યોગ્ય કસરત આપવાથી વખત બચે છે; ગુમાવાતો નથી. કસરત પણ શરીરને થાક આપે તેવી કરવી નહિ જોઇએ; કેમકે થાકેલા શરીરથી માનસિક કામ થઇ શકતું નથી.

કુસુમ.

ગુજરાતી વાચનમાળા સંબંધી વિચાર.

(પાછળથી ચાલુ.)

પાઠ ૧૦—ચિત્ર સારૂં નથી.

પાઠ ૧૧-૧૪—" પાડા "ના પાઠ એકંદરે સારા લખાયા લાગે છે, તેમાંથી "નીસરી" વાંસે, કાઢી તેને બદલે " છૂટા થવાને " અને " આગળ " એવા શબ્દો મૂકવા અને કવિતા કાઢી નાખી તેને બદલે ઉંચા ને સારા વિચારવાળી કવિતા મૂકવી. કેટલાંક વાક્યોમાં " કર્તા " લખવાની જરૂર છે.

ટીપ—" પાડું " એવું પાઠને મથાળે છે તેને બદલે "રખડુ પાડું" એવું મથાળું રાખવું. કારણ કે પાઠોનો સાર એવો છે કે જે "પ્રાણી રખડાઉ હોય તે દુઃખી થાય."

પાઠમાં " વાઘે પાડાના પ્રાણ લીધા " એ અશુભ અને ભયંકર વિચાર દાખલ કરેલો છે તેને કાઢી તેને બદલે " વાઘના પંજામાંથી " તેને બચાવવાની યોજના થાય તો તેથી મે

બાજ આપે. ૧ આગકના અંગિકરણપર મારા વિચારની છાપ પાડવાનો પ્રસંગ ઉત્પન્ન થાય. ૨. જે રમતમાં દોષ તે આદતમાં આવી પડે–એ મારા મત નીકળે. પ્રાણીમાત્રને હમેશાં સ્વતંત્રપણ પસંદ દોષ છે ને તેની પ્રસન્નતા રાખવી એ કાંઇ બે કુંવરિ અશક્ય, પરંતુ તેમાં પણ ઉંડા ભેદનો. નના મુદ્દા માટે મૂલ્યની ચિંતા આપે આપે છે.

પૃ૦ ૧૪—" આવીનાં વાસનુ "– આ પાઠમા " પણને છે ", " આપ છે" વિકલ્પો કર્તા વિના ભૂલે ભૂલ પાડે છે તો તે પુરા પાડવા બીજી–૩ માં " આપવાદે " એ શબ્દ વપરાયો છે. ગુજરાતના ભિન્ન ભિન્ન ભાગમાં " કરવું હતું' કરવાની ક્રિયા " ને માટે ભૂલ ભૂલા શબ્દ વપરાય છે માટે "આપારે " એજ શબ્દ રાખવો દોષ તે. પુનરોદ્ધારમા તેનો અર્થ બતાવશે.

પૃ૦ ૧૫—બીજી–૨. " પપરે " ને બદલે–" પપરે " એમ જોઇએ.

બીજી–૩, " તેમાનો એક... ... બોલ્યો "—બીજી–૨ મા " કેટલા " ના બદલામાં આવેલ છે, તો પછી તેનું ઓકારાન્ત કરવુ દોષ તો " કેટલુ ... બોલ્યુ " એમ કહેવું એ વધારે સારું. કેટલામા " નર " દોષ છે, એ વાત સત્ય છે

બીજી–૬." એક જોકરે " ને બદલે " એક સમજુ જોકરે "—" સમજુ " વિશેષણ સમાસનો દોષ આવશે આવશે

K P Upadhya B. A.

હાથનો ઉદ્યોગ—કાગળની વસ્તુઓ.



લક્ષ્મીશંકર સકારિયા ત્રિવેદી–ભાવનગર.

આપણને પતંગ કે એવાં બીજાં કામમાં રમવામાં જનારનો આનંદ સર્વને દીઠો હશે. એ કામ બાળકોને બહુ આનંદદાયક લાગે છે. એ ઉદ્યોગમાં તેઓની બુદ્ધિ અને કાર્યશક્તિ ખીલે છે. બાળક કોઇ સરસ રમકડું બનાવીને તરત જોઇ બહુ ખુશી થાય છે, ને બીજાને તેવો કામ કરવાનો ઉત્સાહ વધી આવે છે. કાગળમાંથી કોઇ રમકડું કે પદાર્થ બનાવવાને બાળકોને ચંપૂનું નહી કે મારવો. કામમા બહુ કાળજીથી કાતરવ, ચાલુ ચાલુ સાથે મેળવવી, કામમા ખાસ રાખવો વગેરે હકીકતો એ શિક્ષકો ધ્યાનમા આપી કામ કરશે તો બાળકનું મન કામમા બરાબર આકર્ષાશે એ ઉદ્યોગમાં હજી બાળકનું જેમ આપણને કે બાળકો

કાગળની વસ્તુઓ બનાવવા માટે કાગળો, એક પુઠ્ઠાની પેટી, કાતર અને બીજાંબધાં ગુંદર વગેરે સાધનો રાખવાં. તે પછી શિક્ષકે નીચેની સૂચનાઓ ઉપર કામ શરૂ કરતાં ધ્યાન આપવું જોઇએઃ—

(૧) શિક્ષકે આગળથી વિચાર કરીને એક સરસ મોટો લાંબો પહોળો નમુનો બનાવી કંપાસમાં લઇ આવી સર્વે દેખે તેવી રીતે મૂકવો. બાળકોને તે સારી રીતે જોવા દેવો. તે પછી પૂછવું કે એવો આકાર શા રીતે બનશે ?

(૨) આગેવાન નમુનાને ખોલી દેખાડવો; અને તેમાં વપરાયલા કાગળ જેવડો બીજો કાગળ હાથમાં લઇ તે ઉપરથી કાગળ કેમ વાળેલો છે, કેવી રીતે કાતરેલો છે, કયી કયી બાજૂઓ ચોંટાડેલી છે, વગેરે સર્વે કરી બતાવવું. પછી બાળકોને તે વિષે કેટલાક પ્રશ્નો પૂછ્યા પછી બોર્ડપર એવો નમુનો કાઢી દેખાડવો, જે જોઇને તેઓ એવો નમુનો પાટીઆપર કાઢે તથા કાગળમાંથી બનાવવાને શરૂ કરે. દૃષ્ટાંત તરિકેઃ—એક ચોરસ પેટી બનાવવી છે તોઃ—

(અ) પ્રથમ દરેક બાળકને ૬ ઇંચ ચોરસ કાગળ આપી જવો.

(બ) પછીથી આગળથી તૈયાર કરેલો નમુનો તેઓને દેખાડી કહેવું કે હવે આપણે આપેલા કાગળોમાંથી આવી પેટી બનાવવી છે.

(ક) નમુનાવાળી પેટી બોલી પછી બાળકને સવાલ પૂછો કે કેવી રીતે પેટી બંધ થઇ હતી અને કાગળ કેમ વાળેલો હતો તથા કેમ ચોંટેલો હતો ? વળી પૂછો કે કામ હવે કેવી રીતે શરૂ કરવું.

(ડ) બાળકની મદદથી બોર્ડપર નમુનો કાઢવો.

(ઇ) શિક્ષકે નજર રાખવી જોઇએ કે બાળક નમુનો બનાવવામાં કાંઇ ચૂક તો નથી કરતો, અને અંતર તથા બાજૂઓ બરાબર રાખી મેળવે છે કે નહિ !

(ફ) બાળક નમુનો જેમ બનાવે તેમ બંધ કરી ગુંદરથી ચોંટી દે.

(ગ) જ્યાં કાગળોનો ખૂણો વધ્યો હોય ત્યાં કાળજી રાખી કાતરી કાઢે.

(૪) કાગળ ચોંટતી વેળા વિચાર રાખવો કે ગુંદર બરાબર જગ્યાએ એક સરખો લાગ્યો છે કે નહિ. ગુંદર બહારથી ઓટલો લગાવવો કે બહાર ન જણાઇ આવે.

(૫) શિક્ષકે વખતોવખત બાળકપર નજર રાખવી કે તે કેમ કામ કરે છે. વખતપરત્વે જરૂરી સૂચનાઓ તથા શિખામણો તેમને આપતા જવી. અને જે બાળક ઘણું સરસ કામ કરી દેખાડે તેને ધન્યવાદ આપી તે નમુનો તેના વાલીઓને દેખાડવાને મોકલવો; તેમજ એવા ઉમદા નમુના સાવચેતીથી વાર્ષિક પરીક્ષા સુધી રાખી મૂકવા, જેથી પરીક્ષક પણ એવું કામ જોઇ તેના બનાવનાર વિદ્યાર્થીઓને શાબાશી તથા ઉત્તેજન આપે.

ભૂગોળના શિક્ષણની નવી યોજનાનું સિંહાવલોકન.

(પાછળથી ચાલુ)

ત્રીજી ભૂમિકા.

બારથી પંદર વર્ષના બાળકોને માટે.

જ્યારે બાળકો આ ત્રીજી સ્થિતિને પ્રાપ્ત થાય ત્યારે તેમની પાસે નીચેનું અવલોકન કરાવવું. ગામડાના છોકરા કરતાં શહેરના છોકરાઓને આ અવલોકન કરવું વધારે સુલભ છે, શહેરના બાળકો ગલીઓની કરતા સરિયામ રસ્તાના લાભ સારી રીતે સમજી શકે છે. સરિયામ રસ્તા ઉપર આવેલી દુકાને વધારે વકરો થશે, તેમાં વળી જે દુકાન ત્રણ અથવા ચાર રસ્તા એકઠા થતા હશે ત્યાં હશે તો તેનો વેપાર બહુ સારો ચાલશે જે નિયમ શહેર અથવા ગામડાને લાગુ પડે છે તેજ નિયમ પરગણું અથવા દેશને પણ લાગુ પડે છે. જે દેશના શહેરો ઐરે રથળે આવેલા હોય કે જ્યાં રેલ્વે આપતા મોટા રસ્તા એકઠા થતા હોય. અથવા જે દેશમાં નદી અથવા સમુદ્રને કિનારે શહેરો આવેલાં હોય તે દેશનો વેપાર બધાથી વધારે ચાલતો જોવામાં આવે છે જુઓ ઈંગ્લાંડ, આ દેશ આખી દુનિયાના વેપારનું મધ્યબિંદુ ગણાય છે. જે બાળકોને લંડન, લિવરપુલ, બ્રિસ્ટલ વગેરે શહેરો જોવાનો પ્રસંગ હોય તે એક અગત્યની વાત સારી રીતે સમજી શકશે. તે એ કે આ શહેરોમાં જે પૂલો છે તે હમેશાં નદીનો પટ જરા પહોળો હોય ત્યાં બાંધેલા જોવામાં આવશે બાળકો પૂલો ઉપરથી ચાલતાં બધા, પરંતુ તેની રચના, ઉપયોગ અને કયે સ્થળે બાંધેલ છે વગેરે બાબતોનું મનન ન કરે તો પછી ભૂગોળનું શિક્ષણ નિરર્થક ગણાય.

દુનિયાના જુદા જુદા ભાગોનો નિયમિત અભ્યાસ–આ ભૂમિકામાં બાળકો દુનિયાના જુદા જુદા ભાગોનો નિયમિત અભ્યાસ શરૂ કરી શકે આ સ્થિતિમાં પણ એ વાત સ્મરણમાં રાખવી કે પરોક્ષજ્ઞાન સાથે પ્રત્યક્ષ જ્ઞાનની જોડ ચાલુ રહે નકશામાં અમુક વસ્તુ જુએ તે પ્રમાણે, તેવી વસ્તુ જ્યારે તેને દૃષ્ટિગોચર થયેલી ત્યારે જે વિચાર તેના મનમાં આવ્યા હોય તેવાજ વિચાર ફરીથી ઉદ્ભવવા ને દૃઢીભૂત થાય, તેવી ગોઠવણ કરવી. સવાલ ઉત્પન્ન થશે કે આ ભૂમિકામાં શું શીખવવું ? બાળકોને આ સ્થિતિમાં પાણી ને જમીનના ભાગ, વરસાદ, અને આબોહવા સંબંધી સાધારણ જ્ઞાન, ખડોના આસ ગુચ્છો, અને યુનાઇટેડકિંગડમ, બ્રિટિશ તાબાના સંસ્થાનો, યુનાઇટેડ સ્ટેટ્સ્‌ઓફ, પશ્ચિમ ને મધ્ય યુરોપના કેટલાક દેશો સંબંધી સંપૂર્ણ વાકેફ કરી શકાય

કોઇ પણ દેશનું ભૂગોળ સંબંધી શિક્ષણ આપવામાં તે દેશની ગૌણ તથા મોટી રાજકીય સાપેક્ષતા કેવી છે, અને તેની ખાતરી માટે શો પ્રયાસ કરવો જોઇએ તે બાબત ઉપર ધ્યાન આપવું જોઇએજ નહિ, પરંતુ તે દેશમાં કયી કયી વસ્તુઓ પેદા થાય છે, અને તે. બાબતે કયી સ્થિતિમાં મુકાયેલી છે તે સ્થળે હરિફાઇ કરી શકાશે, તે પણ શીખવવું. આ સિવાય જમીનના આસ ગુચ્છોપર પણ ધ્યાન આપવું. ભૂગોળશિક્ષણમાં અત્યારના

સાધનોનું જ્ઞાન આવશ્યક છે. વ્યવહારનાં સાધનોની સગવડતા અથવા અગવડતાનો આધાર જમીનના ગુણ ઉપર રહેલો છે. જો બે શહેર વચ્ચે એક પર્વત આવેલો હશે તો તે બે વચ્ચે રેલ્વેનું સાધન સહેલાઈથી થઈ શકશે નહિ; અને તે બે શહેરો વચ્ચે રેલ્વે થઈ જશે તો મોટો ચક્કાનો ખવરાવવો પડશે. આ જ્ઞાન આપણ મા રેલ્વે લાઈન બનાવનારા જે નકશા રેલ્વે ગાઈડ વગેરેમાં આપવામાં આવે છે, ને સ્ટેશન ઉપર ચોંટેલા જોવામાં આવે છે તેનો ઉપયોગ થઈ શકે.

આબો હવા ઉપર શી રીતે અસર થાય છે તે જ્ઞાન બાળકોને આ બૂગિદામાં થવું જોઈએ. તેઓ જાણતા હોય છે કે પવનની સાથે વરસાદ આવેછે એટલુંજ નહિ, પરંતુ તે ગરમી અને ઠંડીને પણ પોતાની સાથે લાવે છે. આ ગરમી ને ઠંડીના પ્રમાણ ઉપર પૃથ્વીના અમુક ટુકડાઓ થયા છે, તે વાત સમજાવવી. વરસાદ વરસાવવામાં પર્વતો મદદ કરે છે તે સમજાવતાં કહેવું કે પવનો પર્વતની બાજુ સાથે અથડાઈ ઉંચે ચઢે છે અને ત્યાં હવાના દબાણનું જોર ઓછુ થવાથી તે ચોપાસ ફેલાય છે, અને ઠંડો થાય છે; આ કારણથી પ્રથમ વાદળાં બંધાય છે અને તે વાદળાં વરસાદના રૂપમાં પૃથ્વી ઉપર પડે છે. પર્વતો વાદળાંને પોતાના તરફ ખેંચે છે, આવો જે એક પ્રચલિત પરંતુ ખોટો વિચાર ચાલે છે તે બાળકના અંતઃકરણમાં ઉતારવા પ્રયાસ કરવો નહિ.

K. P. Upadhyaya B. A.

વ્યાપારીશિક્ષણની કમતરતા અને તેનું પરિણામ.

આ શિક્ષણની કમતરતાને લીધે શું પરિણામ થાય છે તથા કેટલું નુકસાન થાય છે તેની કલ્પના પણ આપણા ધ્યાનમાં આવવી મુશ્કેલ છે. વ્યાપારની બાબતમાં આપણે એવા તો પછાત પડી ગયા છીએ કે, માત્ર સદ્ભાગ્ય ધક્કો લાગવાથી આપણે પડી જઈશું અને આપણા દેશનું નામ માત્ર સ્મૃતિ શેષ રહેશે. વહાણથી માલ લાવવા લઈ જવાનું આપણા હાથમાંથી ગયું. ૧૮૫૭ માં આપણા વ્યાપારીઓ ૪૦,૦૦૦ વહાણ ચલાવતા હતા અને હવે માત્ર ૧૭૦૦ છે. શરાફની પેઢીઓ (Banks) આપણા લોકોએ કાઢી નથી; અને તે ચલાવવાની માહિતી મેળવવાની પણ મનને દરકાર નથી. પરદેશી લોકો ગામડા ગોદામની ખેતી સાથે પણ સંબંધ રાખવા લાગ્યા છે. આ રીતે આપણા હાથમાંથી ખેતી પણ ગઈ. ચહા, કૉફી, જ્યૂટ, બટાટા, વગેરે કોણ લાવે છે ? આ પ્રશ્નનો ઉત્તર 'યુરોપિયન,' એમ આપવો પડશે. આપણે કેનપી કહીએ છીએ તેની વાવણી પણ યુરોપિયન કંપની કરે છે, જે ઊંડવાના રેસા રેશમ જેવા નિકળે છે. આ ઊંડની વાવણી કરી તેઓ તેના રેસા કાઢી કાપડ વણવાનું કારખાનું પણ કાઢનાર છે. કપૂરનો બધ હાલ ચીન બૂણી ના હાથમાં થાય છે; તેથી તેની વાવણી કરવા પણ એક યુરોપિયન કમ્પની વિચાર કરે છે; આ પ્રમાણે આપણા દેશનો વ્યાપાર પારકાને હાથ, આગગાડી પારકાના બંડોળ પર ચાલે છે અને તેનું વ્યાજ આપણા દેશની તિજોરીમાંથી આપવું પડે છે.

આમ દેશાવરી આવવા દેશમાં શો વ્યાપાર રહ્યો તે જોતા જણાયું તો જ્યારે કે, કાપડને, તેમ કાપડના ગાંસડા લેતાં રહેલી ત્રણ ટકાની ચોટલી-પ્રથમ કંપનીના કાપડના મોકલવામાં આવતાં હતાં ત્યારે તેપર જકાત નહોતી, પરંતુ હવે કાપડને મોકલવામાં આવે છે તો તેપર [illegible]ટકે ૫ ૫ ટકા જકાત નાખી છે. આનું કારણ કાપડને બાદશાની મજૂરીનો અર્થ હિંદુસ્તાનના મજૂરોને મળે તે છે. સર્વ દેશ તે પોતાનું હિત સમજે છે. આપણે હિંદુ મોક માત્ર પરોપકારી છઈએ તે રેલી આપ બાપનાં બાળકોએ છોડીએ, અને કહીએ છીએ કે 'અતિનું ભાજન્યું શુ ? દરેક વિષય કરવો જોઇએ' પણ આ ઔદાસિન્યનું જ પરિણામ નહિ તો બીજું શું કહવું જોઇએ ?

આપણા આર્યાવર્તનું સુવર્ણભૂમિ એ નામ માત્ર રહેવું હવે મૂળ ભૂમિ એ પ્રસ્તુત સ્થિતિ પ્રાપ્ત થઇ છે કોઇ પણ બાબતમાં કોઇ પણ વિષયમા એક દાખલાને આકડા આપવાનો પ્રસંગ આવે તો તે વખતે આપણી સુવર્ણભૂમિનું નામ છેવટજ આવવાનું. દરિદ્રતાના કારણમાં આમ જોકદહિ એજ કારણ બાબત પરવામા આવે છે, પણ યુરોપિયન વેપારીની વખતોવખત આંકડાની દૃષ્ટિ તરફ લક્ષ આપતાં સહજ જણાશે કે, આ કારણ તદ્દન ખોટું છે. હિંદુસ્તાનની વસ્તી જનુઆરી ૧૦, ૧૧ વર્ષ થાય છે તે વખતે વધારો ઘટાડો માલમ પડે છે હિંદુસ્તાનનો વધારો અતિશય જણાય છે, અને યુરોપિયન મોકસંખ્યાનું પ્રમાણ દર વર્ષ દર સેંકડે કંઇક ઓછું વત્તું થતું જાય છે આ પરથી દરિદ્રતાનું કારણ મોકસંખ્યાની વૃદ્ધિ નથી, પણ આપણા વ્યાપારધંધાની અધોગતિ થઇ છે તે છે. મોકસંખ્યા વધી માટે પરદેશગમન કરવું એ યુક્તિક છે, પણ નવાલ, ગમેરે તરફ જનારા આપણા મોકને કેટલી ચિંતના પડે છે તેનો ખ્યાલ તેના મોથી સાંભળી લીધાથી થાય તેમ છે. વળી વર્તમાનપત્રોમાં પણ હિંદુઓ પર જુલમ થયાના બનાવો વાંચવામાં આવે છે, એટલે આવી સ્થિતિમાં પરદેશગમન પણ આપણા મોકોને ઘણું મુશ્કીલ ભરેલું છે, અને તેથી વ્યાપાર ધંધામાં સરસાઇ મેળવી બાદ પરદેશગમન કરવામાં આવે તો વિટંબના ઓછી પડે. વળી આવી યોગ્યતા માટે પરદેશ જવાની જરૂર જણાય તો આપણા પ્રોફેસરો, બાપાન જેવા દેશનો પ્રથમ બાજીક મેળવી લાઇ અન્ય દેશમાં જવું જોઇએ વિલાયતમા આપણા દેશીને આવી હોશીયારી કે ગવરી પડતી નથી, તથાપિ વિલાયત જવાનો અર્થ આપણી પાસ હોવી શકિત પરાવર્તી નથી એટલે એ માર્ગ કરતાં બાપાનમાં જવું એ વધારે અનુકૂળ પડે તેમ છે.

A. M.

संगति.

વસંતતિલકા.

સત્સંગતિ સહજ સૌખ્ય સદાય આપે,
કુસંગતિ સુજનને મતિ દુષ્ટ થાપે;

આપેજ એક બળ બુદ્ધિ વિવેક ભારે,
રે અન્ય દુર્બળ કરી દુઃખમાં ઝુબાડે. ૧

ગંગાનું સ્નાન અઘ-ઓઘ નિવારનારૂં,
આદિત્ય તેજ તમને દુર રાખનારૂં;
છાયાજ તપ્ત જનને અતિ શાન્તિ આપે,
ઇંદુ પ્રકાશ સહુને સુખરૂપ ભાસે. ૨

ઇચ્છાનુસાર વર દે શુચિ કામધેનુ,
એવું સ્વરૂપ સુખકાર સુસંગતિનું;
એ સર્વથી પરમ એકજ અર્થ લાધે,
સત્સંગતિ સકલ સ્વાર્થ પરાર્થ સાધે. ૩

ઉદાર ઉચ્ચ ગુણ એથીં સહુ મળે છે,
સુબોધ શાન્તિ સહજે સુખદા પૂળે છે;
પ્રેમાર્થરૂપ પરમેશ પરાર્થ ભાસે,
ભીતિ અનીતિ કુમતિજ વિદૂર નાસે. ૪

એથીજ કો વિરલ આ જગ પાર પામ્યા,
અજ્ઞાનો તોય સતસંગથીં દુખ વામ્યા;
વિચારશીલ ધનવાન વિશેષ ડાહ્યા,
(એ વિના) વિનષ્ટ ભ્રષ્ટ બનિ તે દુઃખમાં તણાયા. ૫


સાધુ થવા પરખી લે સહવાસ સારો,
સંસાર સાર ગ્રહવા નથીં માર્ગ ન્યારો;
કાપેજ કલેશ ઉપદ્રશ અશેષ આપે,
સુસંગતિથીં મળતાં પૂળ કોણ માપે. ૬

સ્પષ્ટતાઃ—સંગતિનું વર્ણવત્ન કોણ સિદ્ધ કરી શકે એમ છે? સંગતિ મનુષ્યનું સ્વરૂપ ફેરવી નાખવા સમર્થ નથી એમ કોણ કહેશે? સાયત સમયના સમાજનું સ્વરૂપ સંગતિના સામર્થ્યથીજ ફેરવાઇ ગયેલું કોને પ્રતીત નથી થતું? કોણ કહેશે કે બાળકની મૂળ પ્રકૃતિ અસત્ય બોલવાની છે? છતા જૂઠું બોલનારાં અસંખ્ય બાળકો તમે જોયાં નથી? એ મૂળ પ્રકૃતિનું સ્વરૂપ ફેરવવા કુસંગતિએ પોતાનું પરિબળ વાપરેલું કોને નથી જણાતું? શું બાળકોને આમપાસનો જનસમૂહ આવી સ્થિતિએ લાવી મૂકવામાં કારણભૂત નથી? એજ બાળકો શું ભવિષ્યની જનસમાજ નથી? સુસંગતિનાં આવી વિરૂદ્ધ પરિણામો તમે જોયાં, સાંભળ્યાં કે અનુભવ્યાં નથી? શરીર સંપત્તિની સાથે દ્રવ્ય સંપત્તિ તેમજ બીજી બધી અનુકૂળતા હોય પણ જો સુસંગતિનો અભાવ હોય ત્યાં સ્વાર્થ

સિદ્ધ થયેલો તમે જોયો, સાંભળ્યો કે અનુભવ્યો છે ? આવી આપણી ઉત્તરોત્તર ઉન્નતિ થાય અને પછી મોક્ષ થાય, એને સ્વાર્થનું અભિધાન આપતા તમને શું અસત્યતાનો ભાસ થાય છે ? શાન્તિ અને કલ્યાણ કોણ નથી ઇચ્છતું ? સાધુ બનારને શાન્તિ અને કલ્યાણ વગર બીજું શું જોઇએ ? અને એ સુગતિ વગર પ્રાપ્ત થાય એમ કોણ દિમ્મતથી કહી શકશે ? એ પ્રાપ્ત ન થાય તો મનુષ્યજન્મ નિરર્થક છે એની કોનાથી ના પાડી શકાય એમ છે ?

લી સેવક
ધીરજરામ ભવાનીશંકર.
સોનગઢ બો. રહુલ પે. આસિ.

નવીન પુસ્તકો.



બાળનીતિપાઠ—જામનગરની એંક શાળાના હેડમાસ્તર મીઆભાઇ ગોપાળજી પારેખનું લખેલું આ નાનું પુસ્તક છે પુસ્તક સહેલી ભાષામાં લખી મોટા ડાહ્યાથી છાપ્યું છે તથા કવિતાઓ પણ પસંદ કરીને મૂકેલી છે તેથી એ પુસ્તક પસંદ કરવા જેવું લાગે છે, પણ જે કરતા બાળકોને ઘરનો જે બોધ એમાં સમાવવામાં આવેલો છે તેથી એની ઉપયોગિતામાં વિશેષ વધારો થયો છે. છેવટે આપેલા નિબંધો પણ વિદ્યાર્થીઓને વાંચ કરાવવા જેવા છે. આટલા ઉપરથી એ પુસ્તક વિદ્યાર્થીઓને ઇનામમાં આપવા તથા શાળાની લાઇબ્રેરીમાં રાખવાને ઉપયોગી છે. ઇન્સ્પેક્ટર પટેલનો એમ માને છે કે વિદ્યાર્થીઓને નીતિનાં જેવી પુસ્તકો શીખવવાથી કંઇ ફાયદો નથી, નીતિ અનુકરણથીજ શીખવી શકાય છે આ વાત કદાચ ખરી હશે, તથાપિ જે શબ્દો વારંવાર બાળકોને કાને પડે તથા જેનું વિવિધ પ્રકારોથી શિક્ષક સમર્થન કરે તે વાતોના સંસ્કાર બાળકના મન પર પડયા વિના રહે નહિ, અને એવાજ સારા સંસ્કાર તેને આગળ ઉપર ઘણા ફાયદાકારી નીવડે છે એમાં તો સંશય નથી અર્થાત્ બાળકોને નીતિ શીખવવાના સાધન તરિકે આવા પુસ્તકોનો છૂટથી ઉપયોગ થવો જોઇએ.

વિદ્યાર્થીને વાસ્તે સારસંગ્રહ—રા. ભગિરાંકર પ્રભુરામ પંડિતનું રચેલું અને રા. મણિલાલ દોલતરામ પટેલે પ્રસિદ્ધ કરેલું આ પુસ્તક જોઇને અમે ઘણા પ્રસન્ન થયા છીએ. "Student's Manual" નામનું ઇંગ્રેજી પુસ્તક અમે ઘણા વખત પર વાંચ્યું હતું અને તે વખતેજ અમને લાગ્યું હતું કે વિદ્યાર્થીઓને અતિ ઉપયોગી એવા આ પુસ્તકનું ભાષાન્તર આપણી દેશી શાળાઓના વિદ્યાર્થીઓના હાથમાં મૂકવાની તજવીજ થવી ઘણી જરૂરની છે. તે કામ આજે આ પુસ્તક પ્રસિદ્ધ કરીને રા. મણિલાલ પટેલે કરવું છે તે બદલ તેમનો પણ અમે ધન્યવાદ આપીએ છીએ અભ્યાસનો હેતુ, ટેવ, અભ્યાસ, વાચન, સમય, ચાતચીત, વિવેક અને આધીનતા, કસરત, ખોરાક, કરકસર, નીતિ અને ધર્મ, એવા નવ પ્રકરણમાં આ ગ્રંથ વહેંચાયલો છે; પણ પ્રકરણનાં નામમાત્રથી મનમાં કશાયનું ધ્યાનમાં આવશે નહિ, તે માટે તો ગ્રંથના તે તે પ્રકરણો વાંચવાં જોઇએ. ગ્રંથમાં આ વિષયો ઓછી અસરકારકરીતે લખાયલા છે, કે વાંચનાર મને તરત ખાત્રિ થાય એવ

તથાપિ એક વાર તો તેમાં લખેલા વિષયો વાંચકના મનને સ્થિર કરી અભીષ્ટ અસર કરી દે છે. રા. મણિશંકર પંડિતની શૈલ્પનશૈલી પણ વખાણવા જેવી છે. ગુજરાતી વિદ્યાર્થીઓના હાથમાં મૂકવા માટે તેઓની મંથ પસંદગી બેશક ઉત્તમ છે. આશરે ૨૫ વરસ ઉપર એજ વિદ્વાનનું લખેલું "મનઃસુધારક સૂચના" નામે પુસ્તક અમે વાંચ્યું હતું ત્યારે પણ એમનો શૈલ્પ જોઇ અમને ઘણો આનંદ થયો હતો તથા એમનું એ પુસ્તક એવું ઉપયોગી જણાયું હતું કે તેની એક સાર ૩૫ નોંધ કરી લેવામાં આવી હતી. સરકારી કેળવણી ખાતાએ આ પુસ્તકને ઇનામ તથા લાયબ્રેરી માટે મંજુર કર્યું છે તે યથાયોગ્યજ છે. કિંમત ૦-૬-૦ છે.

गायकवाड सरकारनुं देशी केळवणी खातुं [इनाम पत्रको.]

(ભાદ્રપદ માસથી ચાલુ.)

૧૨ મલાતજ સ. ગુ શા. માસ્તર શીવાભાઇ મનોરભાઇ તથા તલાટી ગગનલાલ મનવંતરામે મળીને ૨-૦-૦ મીઠાઇ, પુસ્તકો વહેંચ્યા. ૧૩. બામણગામ „ પા. કાશીરભાઇ ખાવાજીએ ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૧૪ મોગરી „ ગામ ઝીંટ ડીંગાના બાવા સોમવારપુરી ગણેશપુરી ૧-૦-૦ „ ૧૫. વસો „ સોજીત્રાના પા છોટાભાઇ મુળજીભાઇએ ૨-૦-૦ પુસ્તકો વહેંચ્યા. નડીયાદના દેશાઇ નાથાભાઇ રણછોડભાઇએ. ૫-૦-૦ „ ૧૬ „ સ. ગુ. કન્યા. શા. સદર ૫૪-૦-૦, ઓરણા ૫૨-૦-૦, પતાસા ૨-૦-૦,વહેંચ્યાં. ૧૭ પલાણા સ. ગુ. શા પા ધોરીભાઇ રેવનદાસે ૧-૦-૦ પતાસાં વહેંચ્યા. પા. ચતુરભાઇ હાથીભાઇએ ૩-૦-૦ કપડા વહેંચ્યા તથા પતાસા વહેંચ્યા. ગામ લોકોએ ૧-૮-૦ પતાસાં વહેંચ્યાં. ૧૮ રામોલ „ પા. બાબરભાઇ તળશીભાઇએ ૨-૦-૦, સાકર ૧-૦-૦ તથા પાણીની પરબમાં ૧-૦-૦ આપ્યો. ૧૯ પીપળી „ પા ગોરધનભાઇ વહાલાભાઇ તથા બકોરચંદ નરસીદાસે ૧૦-૦-૦ છોકરાંને જમાડ્યા ૨૦ „ જલસણ ગામ લોકોએ ૧-૦-૦ પતાસાં વહેંચ્યાં. ૨૧ ભૂમકોઇ સ. ગુ. શા. સદ્‌ગૃહસ્થોએ ૩-૦-૦, પુસ્તકો ૨-૮-૦ તથા બજુર ૦-૮-૦ વહેંચ્યું. ૨૨ ફિનણસોડ „ માસ્તર વાધજીભાઇ બાબરભાઇ તથા વેપારી વર્ગ ૭-૦-૦ માલપુડા જમાડ્યા. ૨૩ કાવિઠા „ મહુવાના ઝવેરી નાનાલાલ હરિલાલે ૨-૮-૦ પતાસાં વહેંચ્યાં. તથા પરબમા આપ્યા ડભાણ તા નડિયાદના મહેતાજી હરિશંકર અબધારામે ૪-૮-૧ ચોપડીઓ વહેંચી. સારતાપુરના મહેતાજી મનસુખરામ દુલભરામે ૪-૦-૦ પાણીની પરબમાં આપ્યા. જલસણના મહેતાજી છોટાલાલ પરબુરામે ૩-૦-૦ „ ૨૪ સાવલી „ સદ્‌ગૃહસ્થોએ ૧૪-૧૦-૦ પાણી કુંડમાં ૫-૦-૦ તથા સાકર પતાસાં ૩-૧૦-૦ વહેંચ્યાં તથા પુસ્તકો ૫-૦-૦ આપ્યા. ૨૫ પાદરા „ „ ૨-૮-૦ પતાસાં વહેંચ્યાં ૨૬ કરાપુરા „ અમીન ઉમેદભાઇ વેણીભાઇએ. ૧-૦-૦ „ ૨૭ ચાણસદ „ વૈદ્ય મનસુખરામ વિશ્વનાથે ૬-૮-૦ પુસ્તકો વહેંચ્યાં. (અપૂર્ણ).

ગાયકવાડ સરકારનું દેશી કેળવણીખાતું (વટહુકમો.)

દેશી કેળવણી ખાતાની ગુજરાતી શાળાઓ માટે આજે લુબોર્ડ અમલમાં, સપ્ટેમ્બર સન ૧૯૦૪ સુધીમાં ધનાઢ્ય ખાતે રાખવા માટે નીચે જણાવેલાં ગુજરાતી પુસ્તકો મંજુર કરવામાં આવ્યાં છે.

અનુક્રમ નંબર ૧.	પુસ્તકનું નામ.	કર્તાનું અગર પ્રગટ કરનારનું નામ.	કિંમત. રૂ.	આ.	પા.
	ત્મારામ.	ગુ કન્યાશા		સારા.						
		ળાના મુખ્ય								
		શિક્ષક.								
૧૬	શિવાભાઇ મથુર	ધર્મજ સ.	પાટીદાર	ધ	૪૭-૫-૧૭	•	વડોદરા ટ્રેનિં	•	સંસ્કૃત બી	૧૬-૪-૦૬
	ભાઇ.	ગુ શાળાના					ગના બીજા		જા પુસ્તકના	
		આસિસ્ટંટ.					વર્ષમા પાસ.		પાઠ ૧૦	
૧૭	મગનલાલ મચ્છં	નવસારી સ	વાણિયા	અ	૨૮-૧૧-૨૮	૦	વડોદરા ટ્રેની	•	સદર.	
	ગ્રામ	ગુ. શાળાના	મલસાડ.				ગના ત્રીજા			
		સંસ્કૃતટીચર					વર્ષમા પાસ			
૧૮	ન નલાલ અમ૬	ભંડાગા મ	વાણિયા	સા-	૨૭-૧-૬	૦	સદર.	•	સંસ્કૃત બી	૧૬-૪-૦૩
	રામ.	ગુ શાળાના	વલી						જા પુસ્તકના	
		મુખ્ય શિક્ષક							પાઠ ૨૦	
૧૯	ઝોટાલાલ રણછોડ	ડભોઇ સ.	વાણિયા	પેટ	૩૫-૧૧-૨૫	૦	વડોદરા ટ્રેનિં	•	સદરના પાઠ	૧૬-૪-૦૩
		ગુ શાળાનામુ	ના.				ગના બીજા		૧૦	
		ખ્ય શિક્ષક					વર્ષનાં પાસ			
૨૦	મનસુખ મગજી.	ઉમરપુરા સ.	બ્રાહ્મણ	આ	૩૪-૧૧-૧૨	૦	સદર.	૦	સદરના પાઠ	૧૬-૪-૦૩
		ગુ શાળાના	રીંગ ના.	ચો-					૧૨.	
		મુખ્ય શિક્ષક	રદા.							

(અપૂર્ણ)

REGISTERED N. B93

પુસ્તક ૧૭ મું. ભી. — અંક ૬ ઠ્ઠો.



ફાલ્ગુન સંવત્ ૧૯૧૧.

વિષયો.

૧. દર્શન. ૬૧
હિંદુસ્થાનની સામાન્ય ભાષા ૬૧
ક્રિસ્તગાર્ટન મરદિન ૬૨
દુનિયામાંનું અદ્ભુત બધુ પુસ્તક ૬૩
૨. સ્ત્રિયો સંબંધી સામાન્ય અનુભવ ૬૪
૩. કાર્યોના બદલાવિષે દંતકથા ૬૬
૪. મિનાક્ષ બાળકો ૬૮
૫. દ્વેષી અને આળસુનો પ્રકારભેદ ૭૧
૬. બાર્ને ક્રિસ્તગાર્ટન. ... ૭૨
૭ સમાચારો... ... ... ૭૩
૮ પદાર્થપ૬. ... ... ૭૪
૯. ગાયકવાડ સરકારનું ટપાલની બાબતનું (ઇનામપત્રકો) ૭૬
૧૦. પદ્યકમેટ ૬૭-૬૮
૧૧. બારિસ્તરના વિષયમાં આપેલા નકુલાના ઇનામોસંબિધે બહેરાત ૬૯
૧૨. સિક્ષણપદ્ધતિપ્રકાશના સંબંધી બહેરાતનારે ... ૬૯

પ્રસિદ્ધકર્તા,

છોટાલાલ નરભેરામ બેકર.

વાર્ષિક કિંમત ૧ રૂ) પોસ્ટેજ રૂ. ૦-૩-૦

છૂટક અંકના ૧ ૦-૩-૦

(દશથી બોળા પગારના શિક્ષકોને વર્ષ દર બતા આગાઉ પોસ્ટેજ આપે ;
૧. ૦-૧૨-૦. બાકીથી દર અંકને ૧. ૦-૧-૬)

વડોદરા—વી ર કી પ્ર મુ દ્રા લ ય માં છા પે લ.

પુસ્તકોની પહોંચ.

નીચેનાં પુસ્તકો તેમના પ્રસિદ્ધકર્તા તરફથી ભેટ દાખલ મળ્યાં છે તે બદલ આનીએ છીએ:—

હિંદની હાલત—કર્તા કૃપાશંકર જીવણભાઇ, કીંમત ૦–૮–૦ ગંધારે પુસ્તક કવિતામાં લખ્યું છે અને તેમા હિંદુસ્તાનની હાલની સ્થિતિનો સારો રસભર ચિતાર આપ્યો છે.

७ દુઃખી અબળાઓ—પ્રસિદ્ધ કર્તા પુલચંદ અમૃતલાલ વૉચમેકર, સીમળાપોળ વડોદરા કીંમત ૦–૪–૦, ઓગણ. વાર્તાના અનુભવાનથી વાર્તાઓનું આ પુસ્તક છે

રાની પ્રદેશવાસી હિતવર્દ્ધક સભામાં થયેલા ઠરાવો—ઓધરા અને આમીત બોગ જેઓ જંગલમાં રહે છે, તેમની ૨૧૦૦–૨૨૦૦ માણસોની એક મોટી સભા ગઇ હતી, અને તેમાંજે લગ્ન તથા મરણ પ્રસંગના રિવાજમાં સુધારણા કરવાને કેટલાક ઠરાવો કર્યા હતા તે આ ચોપડીમાં છે શ્રીમંત મહારાજા સાહેબના ઉગર આશ્રયથી આ લોકો પણ અનાજ યુરપની રીતે સમાજ ભરી પોતાની કોમ માટે જે ઠરાવો કરે છે તેની નોંધ અમે આનંદ સાથે લેખકો છીએ. કીંમત ૩. ૦–૦–૬ છે.

જાહેરખબર.

બાળકોને રમત ગમત સાથે મૂળાક્ષરનું જ્ઞાન આપનાર "ચિત્રબોધ" મુંબઇ સરકારે પ ભાગ અને લાઇબ્રેરી માટે મંજુર કરેલું છે કી. ૦–૧–૬

મૂળાક્ષરના મૂળતત્વોની પેટી.—સરકારે રકુલોમાં ચલાવવા મંજુર કરીછે. કી. ૩. ૦–૬–૦

ગણિત ઉદાહરણ ચૌકિનકમાળા.

વિદ્યાર્થીને તર્કશક્તિ ઉપાડનાર રેવાશંકર બટુ કૃત ગણિતની દાખલા ગોઠવી કીંમત ૩. ૦–૧૨–૦ છે. તે અસલ દાખલા તથા તેની રીતિ કૃતિના ખુલાસા સાથે મોટી બુકમા છપાઇ બહાર પડશે; માટે જે આગાઉથી ગ્રાહક થશે તા ૩૦ મી એપ્રિલ સને ૧૯૦૫ પહેલા નામ, ઠામ નીચે લખેલે ઠેકાણે નોંધાવશે, તેમને બધી બુકસે ૩ ૦–૧૨–૦ કીંમતથી આપવામા આવશે પાછળથી લેનારને ૩. ૧–૮–૦ આપવો પડશે

ઠેકાણું, ગુજરાત વર્નાકયુલર સોસાઈટી અમદાવાદ,
રા. રા. છે ઠાકોર નરભેરામ કેળવણી પત્રના મેનેજર વડોદરા.
રા રા. પ્રાણજીવન નારાયણ ગ્રામર, હેડમાસ્તર—રાજકોટ
મોતીલાલ મહાશંકર જોશી હેડમાસ્તર, મેઘન સ્કૂલ–ખંભાત.

કે ળ વ ણી.

દોધકવૃત્ત.

અર્થ મઠે વળી ધર્મ સધાયે, જ્ઞાન મઠે સનમાન પમાયે;
પ્રીતિ વધે પસરે જશ સારો, ઇ શિશુશિક્ષણ ધર્મ અમારો.

પુસ્તક ૧૭ મું. ફાલ્ગુન, સંવત્ ૧૯૬૧. અંક ૫ મો.

દર્શન.

હિંદુસ્તાનની સામાન્ય ભાષા:-આજકાલ કેટલાક વિદ્વાનોના મનમાં એમ આવે છે કે આપણા હિંદુસ્તાનની એક ભાષા તથા એક લિપિ થાય તો પરસ્પર વ્યવહાર ચલાવવાને બહુજ સુગમ પડે તા. ૨૨ મી ફેબ્રુઆરીના નેટિવ ઓપિનનમાં એક લખાણ છે કે, હાલની સ્થિતિમા હિંદુસ્તાનની લિપિ તથા ભાષા એક સરખી થાય તો જુદા જુદા પ્રાંતોની પ્રજાઓના પરસ્પર વ્યવહારમા બહોળો લાભ તથા પરસ્પર સહાનુભૂતિ પણ વધે એમ કેટલાકનું કહેવું છે. આ વિચાર આજનો નવો નથી, પણ ઘણા વર્ષોથી કેટલાકના મનમાં અને તેમાં વિશેષે કરીને પરદેશીઓના મનમા ઘોળાયા કરે છે. એક જમત તો એક મિશનરી પત્રકારે અંગ્રેજી લિપિના ફાયદા બતાવી તેજ લિપિમાં તમામ ભાષાઓ લખવાની ભલામણ કરી હતી અને કેટલુંક ગુજરાતી લખાણ તે પ્રમાણે છાપી બતાવ્યું હતું, પણ આપણા ઉપર તે ઉપર કોઇએ લક્ષ ન આપવાથી તે વાત જેવી હતી તેવીમાં આવી રહી એમ લાગે છે. એક લિપિ અને એક ભાષા બનાવવા કેટલીક રીતે લાભદા થવાના સંભવ છે, તથાપિ તે કરવા જે કે નહિ તેનો પણ વિચાર કરવાની આવશ્યકતા છે જોકોની રેલ્વે વગેરે એક લાભ એમ તો ભલવું કહેવું લાગે છે, પણ હાલમા ઉંચી કેળવણી આપનારી શાળાઓમાં દાખલા ઉપરાંત હિંદુસ્તાની એક સામાન્ય ભાષા શિખવી શકવાની યોજના થઇ શકે ખરી; પણ એમ કરવાથી તે તે ભાષાઓના સાહિત્યને કાંઇક ધોકો પહોંચવાનો. આ કેટલાક જણાવે છે, તે પણ વિચારવા જેવું છે. આર. પી. મકરજતી નામના એક મહાશયે સૂચના કરી છે કે આપણા હિંદુસ્તાનમાં ગુજરાતી કે અમુક રૂપમાં પણ કિરી ભાષા સર્વત્ર પ્રચાર પામેલી છે, એટલું જ નહિ, પણ સૌભાગ્યથી જેના જેવા દેશમાં અમો પહોંચી, બંગાળી, મરાઠા, મુસલમાન, ગુજરાતી વગેરે સુશિ

જુદી ભાષા બોલનારાં હિંદીઓ વસે છે ત્યાં પણ હિંદી ભાષા સામાન્ય ભાષા તરિકે વપરાય છે અને ત્યાંના યુરોપીઅનો તથા સોગાલી લોકો પણ એજ ભાષા સહેલાઈથી સમજતાં શીખી જાય છે. હિંદી ભાષા સાહિત્યમાં પણ અસલથી ખેડાયલી છે. લિપિના સંબંધમાં તેઓ દેવનાગરી લિપિ સર્વત્ર રાખવાની હિમાયત કરે છે. દેવનાગરી લિપિ અને હિંદી ભાષા આખા હિંદુસ્તાનમાં સામાન્ય રીતે પસંદ થયેલીજ છે, તથાપિ લખવાની સરળતાના વલણને લીધેજ હાલની હિંદુસ્તાનની ઘણી ખરી લિપિઓમાં ભિન્નતા ઉપજી આવેલી જણાય અને એક દેવનાગરી લિપિ પસંદ કર્યા પછી પણ પરિણામે લખાણના વલણમાં ફેર પડી જવાનો સંભવ છે. એમ છતાં દેવનાગરી લિપિ બહુધા સર્વત્ર શીખવાય છે, અને હિંદી ભાષા પણ બીજી ભાષા તરિકે ઉંચી કેળવણી આપનારી શાળાઓના કુલમાં ઘોરણોમાં દાખલ કરવામાં આવે તો તેથી કાંઇ અડચણ જણાતી નથી. કેટલાક વિદ્વાનો અંગ્રેજી ભાષા સામાન્ય ભાષા તરિકે ગણીને આખા દેશમાં ચલાવવાની હિમાયત કરે છે. એ વાત હાલનો દેશકાલ જોતાં કદાચ ઉપયોગી જેવી જણાય છે તથાપિ એ ભાષા કેવળ પરકીય હોવાથી તથા બીજાં પણ કેટલાંક કારણોને લીધે સામાન્ય ભાષા તરિકે શાળાઓમાં શીખવવી ઉપયોગી થઇ શકે નહિ તેમ સામાન્ય ભાષા પણ થઇ શકે નહિ.

કિન્ડરગાર્ટન સાહિત્યઃ—આ મથાળા નીચે કિન્ડરગાર્ટન સંબંધી જે અનેક પુસ્તકો આજ સુધીમાં અંગ્રેજીમાં તથા ગુજરાતીમાં પ્રગટ થયાં છે, તેમાંથી મોજકની કરી-કત રા. સા. કાશીરામ પ્રાગજી ઉપાધ્યાય બી. એ. એમણે આગને લખી જણાવી છે, જે આ નીચે આપીએ છીએઃ—

૧—"હેનરી બનાર્ડ કૃત-ફ્રોએબેલ કિંડરગાર્ટન"—આ પુસ્તક અંગ્રેજીમાં છે. અમેરિકાના યુનાઇટેડસ્ટેટ્સમાં સને ૧૮૮૧ માં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં ફ્રોએબેલના કિન્ડરગાર્ટન સંબંધના પત્રો વગેરેની સંપૂર્ણ હકીકત આપવામાં આવી છે.

૨—"ડબલ્યુ. ટી. હેરીસકૃત રિપોર્ટ"—આ પુસ્તકમાં અમેરિકાના સેંટ લુઇસ નાગના શહેરમાં કિન્ડરગાર્ટન પદ્ધતિની શરૂઆત કેવી રીતે થઇ તેનું વર્ણન આપવામાં આવ્યું છે.

૩—"સને ૧૮૭૬ માં એલફ્રેડ પેઇને જર્મનકિન્ડરગાર્ટનની શાળાઓની લીધેલી મુલાકાત"—આ પુસ્તકમાં જર્મનીની કિન્ડરગાર્ટન શાળાની હકીકત આપેલી છે. મરહુમ રા. સા. માધવલાલભાઇએ આ મુલાકાતનો સાર ગુજરાતશાળા પત્રમાં આપેલો છે.

૪—"જે. એન્ડ બી. રોબ્સ કૃત કિન્ડરગાર્ટન પુસ્તક"—આ પુસ્તક ઇંગ્લાંડમાં સને ૧૮૫૫ માં પ્રસિદ્ધ થયેલું છે.

૫—ઇ. બીબ કૃત "પેરેડાઇઝ ઑફ ચાઇલ્ડહુડ"—આ પુસ્તક સાંપ્રતકાળમાં અમેરિકામાં કિન્ડરગાર્ટન વિષય માટે પ્રમાણભૂત ગણાય છે—વડોદરા રાજ્યે આ પુસ્તકનું ભાષાંતર કરી તેને "શિશુ શિક્ષણ" એવું નામ આપેલું છે. "પેરેડાઇઝ ઑફ ચાઇલ્ડહુડ" માં ફ્રોએબેલની જીંદગીનું સંપૂર્ણ વૃત્તાંત, વીસે બહીનોની સવિસ્તર

હકીકત વગેરે વિસ્તારથી આપેલું છે તે પુસ્તકમાં આ ઉદ્યમી બ્રહ્મચારીએ ઘણી મહેનત આપી છે, તે બરોબર મનન કરવા લાયક છે

૬—"મિસ લીસી-ઝ કૃત કિન્ડરગાર્ટન પુસ્તક" સને ૧૮૮૧.

૭—"ગોડમર કૃત કિન્ડરગાર્ટન પુસ્તક"—આ પુસ્તક જર્મન ભાષાનું ભાષાંતર છે. બર્લિન શહેરમાં વીલીયમ ગોરગેટ અને ન્યુયોર્કમાં ઇ. સ્ટીગર કંપનીએ છપાવેલું છે. કિન્ડરગાર્ટન વિષયને અનુલક્ષ્ય રીતે તેના સ્વરૂપથી સમજાવેલો છે. આ કેટલાક વર્ગીને તે પુસ્તક બહુ ઉપયોગી લાગશે.

૮—"કોલ્ઝ બોસ્ટનના કિન્ડરગાર્ટનના સાત ભાગ" આ પુસ્તકમાં દરેક બાબતનો સવિસ્તર હકીકત આપેલી છે. શિક્ષકોને બહોળા જ્ઞાન માટે તે ઉપયોગી થઇ પડશે.

૯—"મીસીસ હેંડર્સન કૃત કિન્ડરગાર્ટન પુસ્તક બાગ ૩" આ પુસ્તકોમાં કિન્ડરગાર્ટન ને પદ્ધતિસરને હેતુ સંબંધ છે ને જે વાચકને કદાચ આ વિષયનો બાળકોને અભ્યાસ થઇ પડે તેવા પાઠોને પસંદ કરી મૂકવામાં આવ્યા છે.

૧૦—"કાર્લ હોબેલ કૃત પુસ્તક"—આ લઘુ પુસ્તકમાં કિન્ડરગાર્ટન શિક્ષણ આપવાની જર્મની શક્તિઓને કેવી રીતે કેળવેલ, એ વગેરે બાબતો આપી છે

૧૧—ફ્રોબેલ કૃત "એજ્યુકેશન ઓફ મેન" આ પુસ્તક ફ્રોબેલે પોતે બનાવ્યું છે. તેમાં કિન્ડરગાર્ટનનાં દાનો અને વિષયને રસપ્રદ બનાવ્યો છે. યુરોપના બધાં પુસ્તકોના પાયા રૂપ આ પુસ્તક મનાય

૧૨—મિસિસ મીરેટ કૃત "મોરલ ટ્રેઈનીંગ-ફ્રોબેલ એન્ડ હર્બર્ટ સ્પેન્સર"—આ પુસ્તકમાં ફ્રોબેલ અને હર્બર્ટ સ્પેન્સર ના કેળવણી સંબંધના વિચારોનો મેળ, ને આ શિક્ષણથી નીતિબળ કેવી રીતે કેળવી શકાય છે તે બાબત આપેલી છે

૧૩—મી. કેલકાટકૃત "કિન્ડરગાર્ટન મીરોર"—આ પુસ્તકોમાં કવિતાના રૂપમાં કિન્ડરગાર્ટનની રમતો બતાવવામાં આવી છે.

૧૪—મી. કાથીરીન પ્રાયર કૃત "કિન્ડરગાર્ટન શિક્ષણ"—આ પુસ્તકમાં બીજા બધીકની કેટલી હકીકત-ઐતિહાસની કેળવણીનો ક્રમ વગેરે આપેલું છે.

૧૫—મીસ. શીરેક કૃત "કિન્ડરગાર્ટન ઓફ ગેમ્સ"

૧૬—"મેડમ બ્યુસો કૃત બાઇબલ ઓન્ડ બાઈબલ નેચર".

૧૭—મેમરી પોલસન કૃત "બર્ડ ઓન્ડ સોઇંગ બાઈબલ રેકર્નિંગ".

સૂચના—બીજાં પુસ્તકો માટે સ્ટીમર્સ ગ્રેન્સાયકલોપીડિયા ઓફ નિશા અને બેસ્ટર કૃત કિન્ડરગાર્ટન (સને ૧૮૮૧) ના જુઓ.

દુનિયામાંનું અત્યંત લઘુ પુસ્તક—સાક્ષરોઉના રત્નાકરોના પરાર્થ સમજાવામાં એક બહુ જાનુ પુસ્તક છે. તેનો આકાર અક્ષરો ચોરસ રેખા તેની પહોળાઇ અને લંબાઈ આશ્ચર્ય ઇંચ છે તેના પૃષ્ટ આકરે ૧૦૦ કરતાં વધારે છે અને તે રેશમથી સીવેલું દોરા તેનું પૂઠું પણ રેશમનું છે. બેબનાણાનો આ અપૂર્વ નમૂનો સંગ્રહવાલાયક

કેમ્બ્રાટનો કાચબાથી જોઇએ એટલે માત્ર એક નાના અસાધારણ પતંગિયા જેવો દેખાય છે. આ પુસ્તક ઇ. સ. ૧૮૫૭ માં ગીજનીની લુંટમાં એક સિપાઇને જડ્યું એવું કહે છે તે પુસ્તકનું નામ Kathas or Sacred Recitations of the Maharashtra Brahmins (કથા અથવા મહારાષ્ટ્ર બ્રાહ્મણના પવિત્ર પાઠ) એવું છે. લિપિ મરાઠી હોય એમ લાગે છે.

शिक्षण संबंधी सामान्य अनुभव.

(ગયા માસથી ચાલુ)

સારી રીતે શીખવવામાં શિક્ષકને પોતાની બધી શક્તિઓ નો ઉપયોગ કરવો પડે છે, અને ઘણા પ્રકારની મદદ આપતા રહેવું પડે છે. જો શિક્ષક આગ્રહ કરતો નથી, તો વિદ્યાર્થીઓને પોતાની સાથે ચલાવી શકતો નથી. જે છોકરાઓ ધ્યાન આપતા ન હોય, તેને બેદરકાર કે સુસ્ત ગણીને તરછોડી મૂકવાના નથી પણ તેનું જ્યાં ધ્યાન જતું હોય, ત્યાંથી આપણા વિષય ઉપર કોઇ પણ ઉપાયે ખેંચવું જોઇએ. ધ્યાન ખેંચ્યા વગર શિક્ષક ગમે તેવું સારું કહેતો હોય, ગમે તેટલી તૈયારી તેને માટે તેણે કરી હોય, પરંતુ તે કાંઇ પણ ઉપયોગનું નથી.

કેટલાક શિક્ષકો ભૂલ ક્યાં છે તે જલદીથી ખોળી શકતા નથી અને ઘણી વખત પોતાની ભૂલ છોકરાઓ ઉપર આરોપે છે. એ ખરું કે કેટલીક વખત છોકરાઓની પણ ભૂલ હોય છે; પરંતુ બુદ્ધિમાન શિક્ષક જોઇ શકે છે કે ઘણી ખરી વખત ભૂલ અક્ષમ્ય હોય છે.

નાનાં છોકરાંઓને શીખવવામાં વિવિધતા આપવી જોઇએ. જરૂરની હકીકત ફરી ફરીને શીખવવી જોઇએ, અને જરૂર પડે ત્યાં દાખલાઓ, વાતો, ચિત્રો વગેરે લાવવા જોઇએ. છોકરાઓ સમજે છે કે નહિ, તે તેમના દેખાવ અને આંખો ઉપરથી જોઇ લેવું. કેટલાક છોકરાઓ એવા હોય છે, કે કશું શીખે નહિ છતાં હાવભાવ દેખાવ તેવા બેસી રહે અને શિક્ષકના સામું જોઇ રહે આવા છોકરાઓને ગમ્મત પાડી જોઇએ, રમ આપવો જોઇએ અને કોઇ પણ રીતે તેમને કામ કરતા બનાવવા જોઇએ. તેને માટે યુક્તિ પ્રયુક્તિઓ દરેક શિક્ષક પોતાની શક્તિ અને સ્થિતિને અનુસરીને જુદી જુદી યોજી શકે.

નાનાં છોકરાને શીખવવાના શિક્ષકની જાતની ઘણી અસર હોય છે. આ અસર બરાબર જાણી થઇ શકતી નથી, પણ તેની શક્તિ, રીત ભાત અને આત્મભાવ (ગિરુ સામ ન ભાવ)થી થઇ શકે છે. જે પ્રમાણમાં એ બધા બાબતમાં પ્રેરક થઇ શકે, તે પ્રમાણમાં આ અસર થાય છે. છોકરાંઓ શિક્ષકને તપાસવામાં ઘણા વિલક્ષણ હોય છે, અને જ્યારે તેઓ તેને સાથે કામ કરતો જુએ છે, ત્યારે ઘણું કામ કરે છે જ્યારે આપ પરસ્પર એકના મનની અસર બીજા પર થાય છે, ત્યારે બન્ને બાબતમાં સારું કરી શકે છે. જ્યાં આ પ્રકારનો

હજમ થઈ જાતો નથી, તો ઉંચા પ્રકારની કેળવણી કે તેનું સારૂં પરિણામ મેળવી શકે જ નહિ. કેટલાએક શિક્ષકો પાસેથી છોકરાંઓ જ્યારે દરેક દાખલા સહેલાઈથી શીખે છે, ત્યારે કેટલાએક પાસેથી સહેલામાં સહેલો દાખલો શીખતાં પણ મુશ્કેલ જાતે છે.

નાનાં છોકરાંઓને શીખવતી વખતે, આપણું કહેવું તેઓ સાંભળે તેવી રીતે તેમનું ચિત્ત આકર્ષવું, તેમનાં હૃદય મેળવી લેવું, તેમના વિચારો સમજવા, અને જે દાખલા આપણને બેઠી જવાની જણાતી હોય તે એમને પણ જવાની છે એમ બનાવવું એ કાંઈ નાની સૂની વાત નથી. એ બધું કરવાને સ્નેહ્યો, આનંદી સ્વભાવ, અને પ્રેમળ મન જોઈએ. જેની અસર બાળક પર થતા તેનામાંથી પણ સ્નેહ અને રમ ઉત્પન્ન થાય. આ રીતે છોકરૂં હોતા વખત છોકરા જેવા થવાથી આપણું કહેવું ઘણીવાર તારવાની કળા તેમ બને છે, અને શીખનાર બાજુ સાંભળી રહેતા નથી પણ ધ્યાન પણ આપે છે, અને તે પ્રમાણે અમલ કરવાનો થાય છે.

દરેકજણ દરેક બુદ્ધિમાન શિક્ષકની તેના વિદ્યાર્થીઓ ઉપર છાપ હોય છે, તે છાપ દરેક શિક્ષકની શીખવવાની રિતિ, ટાન અને ટેવ પ્રમાણે જૂદી જૂદી હોય છે, અને એ પ્રમાણે તેનું કામ પણ ઓછાવત્તા ઓળખાઈ આવે છે. તેના વિદ્યાર્થીઓ પણ એ પ્રમાણે ઓળખાઈ આવે છે. તેઓ તેના શિક્ષકની પદ્ધતિ પ્રમાણે ટેવવાળા હોય છે અને શીખવું કેટલું કરતાં તેના વિચારની રિતિ તેઓ જલદી પકડી શકે છે. આ બેદ નવા શિક્ષકોની નૈસર્ગિક પદ્ધતિ જૂની હોય છે, તેથી હોય છે એમ નથી, કારણ કે નૈસર્ગિક પદ્ધતિમાં પણ ખોટામાં હોય છે. પણ આ બેદ શીખવવાની જૂની જૂની રીતભાતોમાંથી આવે છે જોવા અનુભવે શીખવવામાં અમુક વસ્તુ, હાથ વગેરે આવશ્યક અમુક હાવભાવ અને અમુક બાહ્ય પરિણામો જોવાં આવી ટેવ છે કે જેથી એ શિક્ષક બીજાથી ઓળખાઈ આવે છે. આ બધું કાંઈ કહ્યું જ જોઈએ એમ નથી: છતાં એ જ્યાં સુધી અમુક હદમાં હોય, અને એ હાવભાવો શિક્ષકમાંથી ખાસ ખેંચી લેતા ન હોય, ત્યાં સુધી તેનાથી નુકશાન પણ નથી. પણ્ણી વાર આ હાવભાવો પોતે ઉત્પન્ન કરેલા હોતા નથી પણ બીજા પાસેથી શીખેલા હોય છે.

જો શિક્ષકને કુનેહ મેળવવી હોય, તો તેણે હમેશાં ઉત્સાહમાં રહેવું જોઈએ; તેની પોતાની શક્તિઓને ખીલવી જોઈએ, અને તેના કામને માટે તેને માન જોઈએ; જોરિથી એમાં ખાતી કાપી નથી. એ જેવું કામ નથી કે જે ઉપાડ્યું અને પતાવ્યું એમ જોરિથી તેવું કરી દીધું ઓટને પત્યું. શિક્ષક ગાફલ હશે, તો તેના વિદ્યાર્થીઓ પણ ગાફલ થશે. આપણે જે શીખવીએ તેનો મારે આપણો મત છે એમ બતાવવું. તેની જેમ તેઓ વિચાર કરતા જોઈએ તેમ ન બનવું. તેમને વર્તમાનની ખબર છે, ભવિષ્યમાં શું જોઈશે તે તેઓ જાણતાં નથી. બાળક એ બાળક છે, તેને રાને માટે તૈયાર કરવું એ ઉચિત બાબત તેઓ જાણતાં નથી. બાળક એ બાળક છે, તેને રાને માટે તૈયાર કરવું એ ઉચિત બાબત બતાવું છે.

કુસુમ

કાર્થેજના ખંડેર વિષે દંતકથા.

(રાષ્ટ્રકથાભાળા ઉપરથી.)

પ્રાચીન કાળમાં જે દેશો પુષ્કળ સંપત્તિવાન ગણાતા હતા અને જેઓ બીજા રાજ્યો ઉપર પોતાની પૂર્ણ સત્તા જમાવી હજારો લોકોને પોતા ના પગ તળે ચગદી નાખતાં હતાં, પણ દુર્દૈવથી હાલ તેઓ એવી તો ગાઢી હાનતમાં સપડાઇ ગયા છે કે તે કેમે કર્યા પાછા પોતાની અસલ સ્થિતિએ પહોંચી શકતા નથી તેવા દેશોમાંનુ એક " કાર્થેજ " પણ છે.

હાલ ઘણાક નાના મોટા દેશો અને રાજ્યોના પ્રાચીન ઇતિહાસો આપણા જાણવામાં આવી ગયા છે, પરંતુ નિર્ભાગી " કાર્થેજ " સંબંધી પ્રાચીન ઇતિહાસ ભાગ્યેજ કોઇ ના જાણવામાં આવ્યો હશે; કેમકે તેના સંબંધી હજુ સુધી એવી કંઇ સવિસ્તર હકીકત આપણને મળી આવી ન થી કે જેથી તેનો લાભ સૌ કોઇને મળે, પરંતુ તે વિશે થોડી ઘણી માહિતી અમને મળવાથી વાચકોના લાભને અર્થે તે અમે નીચે આપીએ છીએ

મોટો આફ્રિકાખંડ અને તેમાં આવેલા બાર્બરી સંસ્થાનો ઘણાખરાના જાણવામાં હશેજ, તેમ તેમા આવેલા ' કાર્થેજ ' વિષે ભાગ્યેજ કોઇ અજાણ્યુ હશે. પરંતુ તેના આશ્ચર્યકારક તો એ છે કે તે શહેર પ્રાચીન નથી કેમકે અસલનું કાર્થેજ તો ટ્યુનીસ શહેરથી ઉત્તર બાજુએ લગભગ વીસેક માઇલ જેટલે દૂર છે, અને જે કે તેના કોટ કાંગરા વગેરે પડી જઇ હાલ તેની દુર્દશા થઇ ગઇ છે તો પણ દૂરથી જોનારને તો તે એની સુંદરતા બતાવે છે કે જોનાર તેથી દિંગ થયા વિના રહેજ નહિ.

આ શહેરની ઉત્પત્તિ માટે એવી ગપ ચાલે છે કે ટાયર શેહેરનો રાજા મૅલકર્નસ મરી ગયો તે વખતે તેને એક પિગ્મેલિયન નામનો છોકરો અને એલિસા નામની છોકરી એવાં બે સંતાન હતા. પિગ્મેલિયન બાપના મરણ વખતે બહોજ નાનો હતો તોપણ કાયદાની પ્રમાણે તેને રાજા તરીકે પસંદ કરી રાજ્યગાદી પર બેસાડી પોતાનો રાજા બનાવ્યો અને એલિસાનું લગ્ન પણ તેજ વખતે તના મામા આસર્બસ ની સાથે કર્યું. આમાં કાંઇ વિશેષ આશ્ચર્ય જેવુ નથી, કેમકે તેમનામાં એવી રૂઢી હતી કે પોતા ના બાપ અને ભાઇ સિવાય સઘળાં ની સાથે લગ્ન કરી શકાય, તે પ્રમાણે તેનું લગ્ન થયું. આ વખતે આસર્બસ રાજાનો પ્રધાન અને શહેરનો મોટો ધર્મગુરૂ હતો, તેથી લોકો તેને બહુજ માન આપતા હતા. તેની પાસે અસંખ્ય દ્રવ્ય હોવાથી આ બાળ રાજા બહોજ લોભાયો અને તે પડાવી લેવા માટે અનેક યુક્તિઓ કરવા માંડી. તેની આસર્બસને ખબર પડવાથી તે કોઇના જાણવામાં ન આવે તેમ પોતાનું દ્રવ્ય જમીનમાં દાટી રાખતો હતો તોપણ તેની સૌને જાણ પડી ગઇ. છેવટ રાજાએ તેને ઘેરી લીધો અને તે પોતાને નિકટનો સંબંધી છે તેનો તથા બહાર કારણે મારે કે તેનો દોષ લેવા એ ઉચિત નથી એ વગેરેનો જીવકુલ વિચાર ન કરતાં દ્રવ્યના લોભથી તેને મારી નાખ્યો. એ હકીકત તેની બેન એલિસાના જાણવામાં આવી પણ તે બિચારી શું કરે ? તોપણ તેણે તેનો બહોજ તીરસ્કાર કર્યો અને કેટલાક દિવસો સુધી

લો તેણે પોતાના આયુષ્યનું મુખ સુદ્ધાં જોયું નહિ. પણ ઉલટો તેણે કહ્યું કે ધન લેવાથી મારો આપ અને પણ આડચરણ કર્યા વિનાજ રહેશે નહિ એમ ધારી તેણે પોતાના આપને કહ્યું કે,— આપ ! હવે ગઈ ગુજરી વાતનો શોક કરવો ફોગટ છે મારી પર અનેક સંકટો આવી પડ્યાં તેથી હું અત્યંત દુઃખી છું માટે મને બે ત્રણ દિવસ તારા પરમાં રહેવા દે જેટલે મને કાંઈક વિશ્રાંતિ મળશે. તે વાત ડિમ્મેલિયનને અનુકૂળ આવવાથી તેણે હા કહી. કેમકે તેણે ધાર્યું હતું કે બેકેટની સાથે આસનેસનું સખ્ય પણ આવશે. પણ જ્યારે તેણે આસનેસની કપટી આસમતા લાક્ષણ હકીકત જાણી ત્યારે ઓલિસાએ આવેલા માણસોને પોતાની પાસે રોકાવું પણ કાંઈક યુક્તિ કરી નાસી જવાનો બેત નક્કી કર્યો. તેણે પોતાની સખણી આસમતા વહાણમાં ભરી લીધી અને રોકેરમાંથી પોતાને મળતા લોકોને તથા કુલના આવેલા નોકરોને સોબત કેવની આરાધના વગેરે કરી વહાણ લાંબી હંકારી મારું. તે સાયપ્રસ બેટ આગળ આવ્યું અને પોતાની સાથે આવેલા માણસોનું લગ્ન કરવા માટે આ બેટમાંથી કેટલીક કન્યાઓ લેવા દેવા તે આગળ ચાલી.

ઓલિસા અથાના સમાચાર ડિમ્મેલિયને જણાવ્યા તેની સખણી આસાનો ક્રમ થયો. તે તેનો તપાસ કરવાને પાછળ પડ્યા પણ તેની માતાએ તેમ કરવા ના કહ્યાથી તથા પોતાના કેટલાક અપરાધ તેમજ અભિપ્રવાહીઓએ કહ્યું કે એ બી બ્યા રાજા રહ્યા પછી અને જે નગર વસાવ્યું તે આખી દુનિયા મા પદાર્થ જાહેરાત અને સંપત્તિવાન થઈ, તેમાં તમે કરકસ કરશો તો તમારું સર્વત્ર જગાડુના નામ પામશે, ઇત્યાદિ કહ્યાથી તેણે તેની પાછળ પડવાનો વિચાર માંડી વાળ્યો.

આ પ્રમાણે ઓલિસા સાયપ્રસ બેટથી નીકળીને અહિંયા આવી. અહીં તેની સાથે લોકો સારી રીતે વર્તવા લાગ્યા તેથી તેણે કેટલીક જગા વેચાતી લીધી, કેમકે જગપ્રવાસ માંથી પોતાની સાથે આવેલા લોકોને તેમજ પોતાને વિશ્રાંતિ લેવા માટે જગાની જરૂર હતી. તેટલા માટે તે જગા લેવા તેણે સારી રીતે રકમ ઠરાવી પોતાની સાથે આવેલા લોકો તથા કન્યાઓને પરણ્યાની સાથે વસાવ્યા અને ત્યારપછી પોતાના વિવાહ વિષયમાં તેણે એક મોટું અજબ કારીગર રચવાનો તેનું નામ કાર્થેજ પાડ્યું આ કારીગર વિષે આસપાસના વેપારી વગેરે લોકોને ખબર પડતાં ત્યાં આવી વેપાર ચલાવવા લાગ્યા અને કેટલેક વખતે તે વેપારને માટે મોટું બંદર થઈ પડ્યું. પછી જેમ જેમ તેની કીર્તિ પણ પોતાના ફેલાવા લાગી તેમ તેમ તેમાં વેપાર ધમધોકાર ચાલવા લાગ્યો.

આ પ્રમાણે "કાર્થેજ" ની ઉત્પત્તિ વિષે અનેક કંઈ કથાઓ કહેવાય છે. પણ ખરી હકીકત તો એમ છે કે પુરાણા અને ટાયર કહેરના વેપારીઓએ પોતાના વેપારને સારૂ એક એક મોટી વખાર આપી પછી જેમ જેમ તે જગા પોતાને વધારે અનુકૂળ આવતી ગઈ તેમ તેમ વેપારીઓ પણ ત્યાં રહેવા લાગ્યા એ પ્રમાણે ધીરે ધીરે તે જગાએ એક મોટું શહેર થયું એટલે લોકોએ તે શહેરને "કાર્થેજ" એવું નામ આપ્યું, તેમજ તેનાની સ્થાપના પ્રમાણે એક રાજ્ય બનાવી ત્યાં રાજ્યગાદી સ્થાપી, ઇ સ પૂ ૮૧૦. આ પછી અનુક્રમના પ્રમાણે એક રાજા બનાવી ત્યાં રાજ્યગાદી સ્થાપી, ઇ સ પૂ ૮૧૦. આ પછી ઘણો વર્ષ સુધી કાર્થેજ સંબંધી કાંઈજ હકીકત મળી આવી નથી. પણ તે પછીની ઘણી હકીકત મળી આવી છે, પણ તે ઘણી ટૂંકી ટૂંકી છે. પણ જોકા વખતમાં તો તે વર્ષની હકીકત મળી આવી છે, પણ તે ઘણી ટૂંકી ટૂંકી છે. પણ જોકા વખતમાં તો તે

જવાનું કારણ એમ માનવામાં આવે છે કે તેને કોઇ ભૂત પિશાચ વળગવાથી તે મરણ પામ્યું છે.

જ્યારે બાળકો પગે ચાલતાં શીખી જાય છે ત્યારે તેમને એક વાંસના દિડોળાના આટના બનાવેલા કંડીઆમા તપીઓ રાખી બેસાડવામા આવે છે. ઉપાધ્યાની ઋતુમા બાળકોને વાંસની બનાવેલી મોટી ટોપલીમા ઊભા રાખવામાં આવે છે તેનો નીચેનો તથા ઉપરનો ભાગ ખુલ્લો રાખવામા આવે છે. તેના નીચેના ભાગમાં કોયલાંની સગડી રાખવામાં આવે છે કે જેથી તેના પગો ગરમ રહે.

બાળક દોડતા શીખી ન જાય ત્યાં સુધી તેનું દૂધ છોડાવી બેનામાં આવતું નથી. બાળકોનું ગાયું ઘણું કરીને બોડું રાખવામાં આવે છે. અહીના સઘળાં સ્ત્રીપુરૂષોના આંખા પર મોટલીઓ જોવામાં આવે છે.

આ દેશના સઘળા ભાગોમાં પતંગ ઉડાડવાનો બહુજ આવ છે અહીં નવમા મહિનાની નવમી તારીખે પતગ ઉડાડવાનો તહેવાર છે. પતંગ ઉડાડવા માટે આ દિવસ મુકરર કરવા સંબંધે નવાઇ જેવી વાત પ્રખ્યાત છે. કહે છે કે એક વખત એક માણસને માલમ પડયું કે અમુક નિમેષે દીવસે તેના કુટુંબપર મોટી ઘાત આવવાવાની છે. આ ઉપરથી તે ગાણસ પોતાનાં બાળબચ્ચાં સહિત પહાડપર જતો રહ્યો. સાજરે જ્યારે પેર આવ્યો ત્યારે તેણે જોયું કે પેર બાંધેલાં જનાવરો સઘળાં મરણ પામ્યા છે પણ પોતે પેર હાજર ન હોવાથી બચી ગયો છે. આ ઉપરથી દરેક ચીની સદર તારીખે પેરથી બેરહાજર રહે જાય છે અને આખો દિવસ પતંગ ઉરાડી આનંદ કરે છે.

ચીન દેશના નવા વર્ષને લગતા કેટલાક વિચિત્ર ખેલો તથા રસમો આવે છે. ચીનાઓ કરતા બીજી કોઇ પણ પ્રજા નવા વરસને વધારે માન આપતી નથી. વરસના છેલ્લા દિવસે બધાં ખાતાં બંધ કરવાં જોઇએ તથા બધા કરજ ચીટાડી દેવાં જોઇએ, એમ તેઓ માને છે.

વરસના છેલ્લા દિવસ વિશેષ એટલા માટે અશુભ ગણાય છે કે તે દહાડા દરમ્યાન શીતળા દેવી કોને મોને આ ભયંકર દરદના પંજામાં સપડાવવા તે જોવા માટે અહીં તહીં ભટકયા કરે છે, અને તેથી એ અવશ્ય ગણાય છે કે એ દેવીને મનાવી લેવી જોઇએ, અથવા કંઇ નહિ તો જેની સાથે તેને વેર હોય તેને ધક્કા કરતા અટકાવવી જોઇએ. આમ કરવાની કેટલીક રીતો છે: જેમ કે કેટલાક તેની કૃપા મેળવવાને પોતાના ઘરના બારણાની બહાર ખોરાક તથા મિષ્ટાનોની ભેટ શીતળા દેવીને માટે મૂકે છે અને સવાર પહેલા આ ચીજો જતી રહેલી માલમ પડે છે તેથી કોકો એમ ધારે છે કે દેવીએ તે લીધી હશે. આવા ઘરો આગળ જ્યા તેનું ઉપર મુજબ માન બનાવી લીધું છે તે ઘરોમાં રહેતા માણસોને દેવીએ જતા,મેલ્યા હશે એમ ધારવામા આવે છે, તે છતા પણ કેટલીક વખતે એમ જણાય છે કે તે પાછી ફરી છે અને દરદને સાથે લેતી આવી છે અને તેથી વધારે સલામતી ભર્યો રસ્તો તેને બીહીવાડીને નસાડી દેવાનો છે.

કેટલા લોકો ધરે છે કે આ દરદ ફેલાવવાની શીતળા દેવીની મતલબ એટલીજ છે કે તેણીએ [illegible] બચ્ચાઓને કદરૂપાં બનાવવાં. ગાંટે જે લોકો દેવીને એમ કહી શકે છે કે

તેમનાં બચ્ચાંઓને ત્રણ પરદેશીએ કરડ્યાં છે તેનું પછી કંઈ નહિ ? એટલા માટે તમારે ઘણા વારંવાર બાજરે દાણો નખાં પુનાકુરાત બચ્ચાંઓને વિવિધ સ્થળે પરદેશથી આવે છે જોયો અને પછી કેવી સમજે કે તેઓ કરકસર છે. વળી આતરપાટું અને કુલડા બોટા બચ્ચાંમાં કોરવામાં આવે છે, કારણ કે આ સારી રીતે જાણતું હોય છે કે નબળા કે વિકારો પછી બાની આતરપાટાને કેમાર તથા વાસ વિકારે છે.

જ્યારે બચ્ચાંઓ નિજાને બચ્ચ છે ત્યારે તેઓના ગાયા ઉપર અકેક કુંપળી બહારની સાપવામાં આવે છે જોયી કરીને શીતળા કેવી રોગના બીજા તે ના બહાર નાખે. અને આટલી બધી સારવેરી પણ કરવા કિમ્મત બચ્ચ તો પેલા ઉપાય તરીકે વાસ મારતી બધી ખુરી તથા જંત્ર મંત્રની એક બાંધણી તેઓના મુખાના બોરામાં મેલવામાં આવે છે, એવી આશા બી કે તેની ચમત્કા કેવી નાથી બચ્ચ !

એમજ વર્ષને દહાડે બધાં બચ્ચાંઓને પોતાના બાપાની સેવા કરવા માટે બોલવામાં આવે છે તથા બધા નોકરોને પોતાના ઘેરને નમસ્કાર કરવા પડે છે. બચ્ચાંઓ તેમજ બાકીને ભેટ આપવામાં આવે છે. ભેટમાં આવેલા બધા પૈસા સારા દાન તરીકે વાસ કેરાબાં ચેરવેલ્ય હોય છે બારે બોરા લાક કાગળમાં વિટ બેસી દોય છે.

ઘુવોની અને બાજસુનો મુકાબલો.

(૧) ઘુવોગીની રાત અને બાજસુનો દિવસ ગણાય છે.
(૨) ઘુવોગીનું ઘુંઘવું, અને બાજસુનું બબડવું એ સરખું છે.
(૩) ઘુવોગી ઘરમાં કૃપા મેળવે છે, બાજસુ તે ખુલ્લે છે.
(૪) ઘુવોગીને દિવસ ઉંઘવા લાગે છે, બાજસુને તે અંધારામાં લાગે છે.
(૫) ઘુવોગીને પ્રત્યેક દિવસ સુરત બક્ષનો છે; બાજસુને તે કુબ્જ પક્ષનો છે.
(૬) ઘુવોગીને પ્રત્યેક દિવસ બાન કરવા ઉગે છે, બાજસુને તે ગોરસમ દુગે છે.
(૭) ઘુવોગીનું મુખ તેજોમય દોય છે; બાજસુનું નિસ્તેજ અને રમણ દોય છે
(૮) ઘુવોગી દિન પ્રતિદિન સુદર બને છે, બાજસુ કરિતરીજ અને નિર્ઝન બને છે.
(૯) ઘુવોગી લક્ષ્મિવાને દૂર કરે છે, બાજસુ તે પ્રાપ્ત કરે છે.
(૧૦) ઘુવોગી (ચાદનારૂપી) આર બગે દોરે છે, બાજસુને બે બગે દોરવું પડે છે.
(૧૧) ઘુવોગીને દિવસ કરતા નબળો લાગે છે, બાજસુને તે ઘણો નબળો બાગે છે.
(૧૨) ઘુવોગી આત્માનો વધ મેળવે છે; બાજસુ તે બધું ખુબે છે.
(૧૩) ઘુવોગી (દમેંજરૂપી) ગરુને તબે છે, બાજસુ તે પ્રાપ્ત કરે છે.
(૧૪) ઘુવોગી ઘંધા વૃદ્ધિ કરે છે, બાજસુ)ધંધાની વૃદ્ધિ કરે છે.

પૂર્ણાંક=અપૂર્ણાંક + બાંધેલો પૂર્ણાંક=અપૂર્ણાંક સાથે જોડાયેલો પૂર્ણાંક એટલે જેમાં પૂર્ણાંક અને અપૂર્ણાંક સાથે આવે તે, આ પ્રમાણે છે. અને તેથી જૂના ૩. ૧–૫–૦ વાળા ગણિતમાં ભાગાનુબંધપૂર્ણાંક બરાબર લખેલું છે, છતાં નવા ૦–૯–૦ વાળા ગણિતમાં તેને ફેરવી ભાગાનુબંધઅપૂર્ણાંક એવું નામ આપ્યું છે,તો આ ફેરફાર શાથી થયો હશે ? જો અપૂર્ણાંકના ભાગ તરીકે એમ લખાયું હોય તો ભાગાનુબંધપૂર્ણાંકઅપૂર્ણાંક એમ લખવું જોઇએ. તે વિના ભાગ એટલે અપૂર્ણાંક આવે છે તો બીજી વખત અપૂર્ણાંક લખવાની શી જરૂર છે. અને ભાગ લખવાથી પૂર્ણાંક અધ્યાહાર રહી ગયો સમજવો કે શી રીતે ? અને તેનો અર્થ કેમ કરવો ? તે ખુલાસો થવા કૃપા થશે.

હરિણાશંકર જયશંકર
અધ્યક્ષ.

૨

૧ કેટલાક પૌંડ દારૂ તથા બાંડી મેળવી બનાવેલા મિશ્રણના વજન કરતાં, તેટલાજ પૌંડ શુદ્ધ દારૂનું વજન ૩૨ ઔંસ વધે છે, પણ બાંડી તેટલીજનું વજન ૪૦ ઔંસ ઘટે છે, ત્યારે તે મિશ્રણમાં દારૂ તથા બાંડી કેટકેટલા પૌંડ હશે ? એક પૌંડ દારૂનું વજન ૮ ઔંસ છે, એમ માનો ?

૨ હરગોવીંદદાસ દ્વારકા દાસ કાંટાવાળાના ૩. ૧–૫–૦ વાળા ગણિતમાં મુંબઈની યુનિવરસિટિમાં પૂછેલા પ્રશ્નમાનો દાખલો ૨૭ મો અધરા પરચુરણનો દાખલો અંકગણિતમાં જોયો નથી, સમણ કોઈ કોઈ જગાએ જોતાં અક્ષર ગણિતની રીતે કરેલો જણાય છે, પરંતુ અંકગણિતની અંદર દાખલ કરેલો હોવાથી સહજ રીતે કોઇ શિક્ષક કરી મોકલશે એવી આશા છે.

રામા ફકીર પટેલ.
કરાંબટ આ. શાળા મદદનીશ તા. નવસારી.

પદાર્થપાઠ.

નક્કર પાણી.

(૧) બરફ (કૃત્રિમ).

આપણે બરફનો કટકો છે. બરફ નક્કર પાણી છે. તેને હાથમાં લઇ તેના કટકાઓ મારો મને કહો.

આ પ્રમાણે છોકરા પાસે કહેવરાવવો કે તે કઠણ, બરડ, પારદર્શક અને નક્કર પદાર્થ છે. તેને પોતાનો ચોક્કસ આકાર હોય છે કે જેમાં ભાંગવાથી ફેરફાર થઇ શકે છે અને હાથમાં પકડી શકાય છે.

રસ્તામાં અથવા તળાવમાં આજ સવારે તમે બરફનો કકડો જોયો ? નહિ. શા માટે નહિ ? હવા પૂરતી ઠંડી નથી. ઠંડી સાથે તેને શું સંબંધ છે ? ઠંડી પ્રવાહી પાણીને નક્કર બરફમાં ફેરવી નાંખે છે. આ બરફનો કકડો એક વાર પ્યાલાના પાણી જેવું પાણી હતું.

બરફ અને પાણી જુદા રૂપમાં એકજ પદાર્થ છે. જે પદાર્થો પ્રવાહી અને નક્કર રૂપમાં તમે જોયા હોય, તેમાંના કેટલાક પદાર્થ ગને કહેવા. માખણ, મીણ, સાકર, મંધક વીગેરે.

અહીં બેકું નક્કર માખણ છે આપણે તેને પ્રવાહી રૂપમાં કઈ રીતે ફેરવી શકીએ તેને તપાવીને.

જ્યારે તે તપાવ્યું છે ત્યારે જે ફેરફાર થાય છે. તે આપણે કેવી રીતે વર્ણવીશું ? આપણે કહીએ કીએ કે માખણ ઓગળી છે. તે પ્રવાહી થાય છે. વહે છે અને જે વાસણમાં તે રેડ્યું છે તેનો આકાર લે છે

આ ઉપરથી એવું બતાવો કે જ્યારે આપણે મીણ, ખાંડ, મંધક અથવા સીસું ગાળીએ કીએ ત્યારે પણ આવીજ પદ્ધતિ ક્રમમાં લેવાય છે.

તેઓ સવળાં જવાબથી ઓળખે છે.

એક બાળકના હાથમાં બરફનો કકડો મૂકો ને એક સીસાના કકડાને એક બા-ળામાં મૂકી તેને રેતના ઉપર મૂકો. બાળકના હાથમા રાખેલો બરફનો કકડો તુરત ઓગળી જવો કારણ કે તેને ઓગાળી નાંખવાને હાથની ગરમી બસ છે. પરંતુ સીસાને હાથમાં રાખીશું તો ઓગળશે નહિ. આ ઉપરથી વર્ગને સમજાવવું કે જુદા જુદા પદાર્થને ઓ-ગાળવાને જુદા જુદા અંશની અગ્નિ આપવી પડે છે ઓગળેલા સીસાને જો બેકું પાણ રહેવા દેવામું તો તે પાછું ઠરી જઈ કઠણ થશે તેજ પ્રમાણે જો આપણે પાણીને જો બરફી જ ઠંડી જગા આપણા પાસણમા રાખીશું તો તે પાછુ ઠરી તેનો બરફ થશે કારણ કે શીત-રૂપણથી તેની બધી ગરમીનો નાશ થશે.

બરફ પાણી કરતાં વજનમાં હલકું છે

પાણીનું વાસણ લેઇ તેમા બરફનો કકડો નાખીશું તો તે તરશે પરંતુ પથરો તરશે નહિ. કારણ કે બરફ પાણી કરતાં હલકો ને પથરો ભારે છે. તેજ પ્રમાણે જો આપણે બ-રફનો કકડો પાણીમા મૂકીશું તો તે તરશે. આમ થવાનું કારણ એ છે કે બરફ એ પાણી કરતાં હલકું છે.

સાર—બરફમાં પથરે ઉપરનો જે ગુણ મૂકયો છે તેનું કારણ એ છે કે શીત દેહમાં તળાવોનાં પાણી ઠિકાણામાં ઠરી જાય છે અને તળાવનું બધુ પાણી ઠરી જાય તો તે બીજા ભાગના ઠાર વનેરોનો નાશ થાય, પરંતુ તેમ થતું નથી. તળાવના પાણીની આજ સપાટીજ ઠરી જાય છે ને તેનો બરફ થાય છે આ બરફ પાણી કરતાં હલકો છે એટલે પાણીને ત-ળીએ જઇ શકતો નથી. આનું પરિણામ એ થાય છે કે બરફના સંસર્ગ નીચે આવેલું પાણી ભાગ્યે જ ઠરે છે ને જીવજંતુનું પોષણ કરે છે. કેવી કુદરતની ખુબી છે !!!


પાણીનાં બીજાં સ્વરૂપો છે તેને આપણે ઝરા ને કુવાનું પાણી (ઝરો) કહીએ કીએ.

બરફની ઉત્પત્તિ આકાશમાં થાય છે.ને કુદરતી બરફ પણ ઉંચા પર્વતો ઉપર ને શીત પ્રદેશમા-ની ઉત્પત્તિ આકાશમાં થાય છે.

ના દેશોમાં આકાશગામી પડે છે આકાશમાં વ્યાપક રૂપે રહેલી વરાળ વાયુના શીત સ્પર્શથી દૂરી જાય છે જ્યારે તેના નાનાં રજકણો બંધાય છે. ત્યારે તેને ઝરા કહે છે, ને જ્યારે પયરાના જેવા કદમા તે પડે છે ત્યારે તેને વરસ કહે છે.

R. P. Upadhyaya, B A.

गायकवाड सरकारनुं देशी केळवणीखातुं [इनामपत्रको.]



ગાય ગાસથી ચણુ.

૨૩ કડી સ. ગુ. શા. કોટના ભાઈન તરફથી ૨–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૨૪ વાગજ „ પટેલ અભયાભાઇ ગેનાભાઇ તથા ભોળીદાસ નરશીદાસે ૧–૦–૦ ગોળધાણા વહેંચ્યા ૨૫ ગોઝારીઆ „ પા. અભયાભાઈ હીરાદાસે ૨–૦–૦ પતાસાં વહેંચ્યાં ૨૬ લાડોલ „ ગાસી અમીચંદ હરખજીએ ૧–૦–૦ સાકર વહેંચી ૨૭ રણુ સણ સ ગુ શા. શા. હકમચંદ વેણીચંદે ૧–૦–૦ પતાસાં વહેંચ્યાં. ૨૮ કલોલ „ મોહન વખતચંદે ૧–૪–૦ „ શેઠ મુળચંદ કાળીદાસે ૧–૪–૦ „ ૨૯ સૈદપુર „ અમદાવાદ ગાળા. ગાદીતરાગ સવુખરામે ૩–૧૨–૦ પુસ્તકો વહેંચ્યા. ૩૦ કોબવડા „ વામણ તા ગડીકાઠાના રહીશ જેશ કર ગલાસુખરામે ૧–૦–૦ પતાસાં વહેંચ્યા. ૩૧ દેહેગામ „ સદ્‌ગૃહસ્થોએ ૧૪–૧૪–૦ પુસ્તકો પતાસા વહેંચ્યા ૩૨ „ ગુ કન્યા શા. ની સભાજના ભેળાવડા વખતે સદ્‌ગૃહસ્થ સ્ત્રીઓએ ૫–૧૨–૦ કપડા પતાસા વહેંચ્યા. ૩૩ છાલા સ. ગુ. શા. શા. ઉગરચંદ છગનલાલે ૫–૦–૦ બાડ વહેંચી. ૩૪ બારીમણ „ મેમ્બરોએ ૧–૦–૦ પતાસા વહેંચ્યા ૩૫ કડાદરા „ સદ્‌ગૃહસ્થોએ ૨–૮–૦ પુસ્તકો, પતાસાં વહેંચ્યા ૩૬ ધમીજ „ ગામ લોક તરફથી પા. ગોપાળદાસ ખોજાભાઇએ ૨–૦–૦ પતાસા, કાપડ વેચ્યું. ૩૭ બારેપા „ ગામના સદ્‌ગૃહસ્થોએ ૪–૮–૦ ચોપડીઓ વહેંચી ૩૮ ઉંઝા „ ગામ લોકોએ ૧–૦–૦ પતાસાં વહેંચ્યા. કુલ ૩૪૧–૧૧–૬

નવસારી પ્રાંત.

૧ નવસારી સ. ઉર્દુ શા. રહેરના મોવજી. દસમાધસ હોકેજે ૧–૪–૦ છોકરાને પીવા પાણી બરાવ્યું „ નવસારીના મુલ્લા શકુર ભાઇએ ૧–૦–૦ પતાસા વહેંચ્યા „ મીર પ્યારે સાહેબ હરગાવાળાએ ૧–૦–૦ ઉર્દુ કાયદા વહેંચ્યા. ૨ તપડી સ. ગુ. શાળા શેઠ હોરગજી દોરાબજીએ ૧–૦–૦ ગરીબ છોકરાંને બક્ષીશ કર્યા. ૩ ઉભરાટ „ સદ્‌ગૃહસ્થોએ ૨–૦–૦ બાડ વહેંચી. ૪ „ સ. ગુ કન્યા શા. સદર ૧–૮–૦ „ ૫ છીણુગ સ. ગુ. શા રા. સા. પ્રેમાનંદ પોળીદાસ નવસારી પ્રાં. ડે. ઇ. ઓમનાં પત્નીએ ૧–૦–૦ „ ૬ બગરેજ „ ગાસી મંગળભાઇ દાજીભાઈએ ૧–૦–૦ પતાસા વહેંચ્યા.

(અપૂર્ણ)

શ્રી

ગાયકવાડ સરકારનું દેશી કેળવણીખાતું.

વહીવટી હુકમ નંબર ૨૬.

સીકલી સામાન તથા સાહિત્યનો સામાન ખરીદવા માટે દરસાલ અમુક તારીખમાં રકમ રાખવામાં આવે છે તે પૈકી કેટલીક રકમ જરૂરના પ્રમાણમાં ચારે પ્રાંત ખાતે વહેંચી આપવામાં આવે છે તેમાંથી કેળવણીને ઉપયોગી પુસ્તકો તથા સાહિત્યનો સામાન સ. જ. એજ્યુ. ઇન્સ્પેક્ટર સાહેબો તરફનો ખરીદવ છે, પરંતુ પુસ્તકો ખરીદવાને પ્રથમથી મંજુરી મેળવવી એમ ઠરેલું છે, પણ સ. જ. એજ્યુ. ઇન્સ્પેક્ટર સાહેબોને હાલ કરતાં વધારે અધિકાર આપવા છે તેમાં પ્રથમ મુજબ અમુક બાબતમાં મંજુરી લેવી કે નહિ એમ રકમના પાંચમા નંબર દ્વારાથી સ. જ. ડીપ્રાંતના એજ્યુ. ઇન્સ્પેક્ટર સાહેબને પ્રથમ ઠરાવવાનું તેમને અનુભવથી જણાયું છે. આ બાબતનો અધિકાર આપવાથી વખતને પ્રથમ મુજબ પુસ્તકો તથા સાહિત્યના પુસ્તકો કે સામાન ખરીદવા અગાઉ મંજુરી મેળવવાનો વધારો રાખવો. વ. ૬૨ આવે તેમ-પુનાકારી સને ૧૯૦૫ મુ વડોદરા.

સીકલી સામાન તથા સાહિત્ય વગેરે સામાન ખરીદવાની બાબતમાં મંજુરી મેળવવી.

L. S. L. S. P.

J. A. Dalal
દિવાનબહાદુર

ની

સરકયુલર નં ૨૬.

પ્રાંતના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરોને તેમના તાબાના પ્રાંતના અધિકારીઓ તરફથી આવતા રિપોર્ટ ન મોકલવા બાબત.

મેમો નં. ૧૭૬૬ તા ૧૬-૩-૦૬ થી તિમાહિક રિપોર્ટ સમાચાર મોકલવામાં આવે તેની હકીકતનો રિપોર્ટ જે તે સમાચાર તરફથી અને તરફ તેમજ પ્રાંતના અધિકારી તરફ આવે છે અને એ સંબંધે જે સૂચના તથા સુધારો વધારો થયેલો છે તે પ્રાંતના અધિકારીઓ તરફથી આવે છે. નાગદાર તિમાહિ સાહેબ તરફથી પણ એને લગતું લખાણ કેટલીક વખત જોવું હોય તો એકત્ર કરી ઉપરના લખાણ આવેલું છે, અને તેથી આવા રિપોર્ટો આ તરફ આવતા બંધ કરી સ. જ. પ્રાંતના એજ્યુ. ઇન્સ્પેક્ટર સાહેબો પોતાના વાર્ષિક રીપોર્ટમાં આ બાબત અંગે લગતું લખાણ દાખલ કરવા

જણાવે તો ચાલે તેમ છે, સબબ સરકયુલર કરવામાં આવે છે, કે–આપ્રદેશી ત્રિમાસિક શિક્ષક સમાજના આવતા રિપોર્ટો મોકલવા નહિ, ને પ્રાંતના અધિકારીઓ તરફ જે રિપોર્ટો મોકલવામાં આવે છે તેજ ફકત મોકલવા બદલે તેઓ પોતાના વાર્ષિકરિપોર્ટમાં ટુંક હેવાલ આ બાબતનો આપશે. તા. ૩૧ જાન્યુઆરી સને ૧૯૦૫.

J. A. Dalal.
વિદ્યાધિકારી.

શ્રી.

ચરકુકમ નં. ૨૩

પ્લેગ વગેરેને લીધે શાળાઓ બંધ રાખવામાં આવે છે તેની મંજુરીના કાગળો કેટલી મુદત રાખવા અને તેનો સમાવેશ કયા વિષયમાં કરવો તે સંબંધમાં તેવા કાગળોની વ્યવસ્થા ફીરકોળ ૩૧ મા વિષયના નં. ૧૫ માં જણાવ્યા પ્રમાણે કરવા આ તરફથી નં. ૧૪૧૦ તા. ૩૦–૧૨–૦૪ થી લખાય જતા તે બદલ મુલકી ખાતા તરફથી તેમના નં. ૧૮૩૭ તા. ૧૮-૧-૦૫ થી સમ્મતિ થઈ છે, સબબ તે પ્રમાણે સર્વેના તરફથી અમલ થવાની તજવીજ રહેવી. તા. ૮ માહે ફેબ્રુઆરી સને ૧૯૦૫.

પ્લેગને લીધે શાળાઓ બંધ રાખવાની મંજુરીના કાગળોની ફીરકોળ ૩૧ મા વિષયની ફાઇલની ચાદીના નં. ૧૬ પ્રમાણે વ્યવસ્થા થવા બાબત.

ઘ. ઘ. L B. P. J. A Dalal
વિદ્યાધિકારી.

શ્રી.

ચરકુકમ નં. ૨૪ સન ૧૯૦૪–૦૫.

મહેરબાન દીવાન બહાદુર મહાલનિહાય સરસુબા સાહેબ તરફથી તા. ૯–૨–૦૫ ની આજ્ઞાપત્રિકા પૃ. ૮૨૭ ઉપર જાહેરાત નં. ૮૪ ગં. ૧૯૬૧ તા. ૩૦–૧–૦૫ ની છપાઇ છે તેનો ઉતારો આ નીચે પસિદ્ધ કરવામાં આવે છે તો જે શાળાઓને કંટીજંટ નિયમ લાગુ હોય તેમણે તેમાં લખ્યા પ્રમાણે અમલ કરવો. તા. ૧૧ માહે ફેબ્રુઆરી સન ૧૯૦૫ મુ. વડોદરા.

ગાઈલવારના નિયમમાં આપેલા નમુનાનો ઉપયોગ તા ૧–૮–૦૫ થી કરવો.

મ. મુ. મે. L B. P. J. A. Dalal,
વિદ્યાધિકારી.

બી.

જાહેરાત નં. ૮૬ સં. ૧૯૬૨.

આદિવાર (કેળીજંડ) અરજ આપત તા. ૧૬ જનેવારી સન ૧૯૦૫ ના નિયમ તા. ૨૬ જનેવારી સન ૧૯૦૫ ની અંગ્રાપત્રિકામાં પ્રસિદ્ધ થયેલ છે ને તેનો અમલ તા. ૧ ફેબ્રુઆરી સન ૧૯૦૬ થી થવાનો છે આદિવારે સબંધી હિસાબ રાખવાના નમુના તારીખ ૩૧ ઓગસ્ટ સન ૧૯૦૫ સુધીના મંજોર કર્યા છે નમુનાઓના તત્વમાં ઝાઝો ફેરફાર કરેલો નથી તેથી તે ચાલુ સાલ આખર સુધી ચલાવવાને હુકમ કર્યો. હિસાબના નમુના હિસાબી પદ્ધતિ પ્રમાણે બધા હિસાબના ચોપડા વચમા ફેરવવા એ બરાબર થશે નહીં તેથી હિસાબના નમુના તા. ૧ ઑગષ્ટ સન ૧૯૦૫ થી નવા બાંધવામાં આવે ત્યારે નિયમમાં બતાવેલા નમુના પ્રમાણે તે બંધાવવા જોઇએ ત્યાંસુધી ચાલુ બાંધેલા નમુનામાં હિસાબ રાખવો જોઇએ. તા. ૩૦ મે જનેવારી સન ૧૯૦૬ મુ. અમરેલી.

આદિવારોના નિયમમાં આપેલા નમુનાઓ ઉપયોગ તા. ૧-૮-૦૬ થી કરવો.

અનુક્ષ્ટ.

(સહી.) વાસુદેવ માધવ સમર્થ,
અ. મરપુબા.

બી

જાહેરખબર.

૧. આ રાજ્ય ના દેશી કેળવણી આપતા શિક્ષકવર્ગની ઉપયુક્તતા અને લાયકીમા વધારો કરવાના શુભ હેતુથી નીચેત સુધરેલ અદ્યતન માર્ગ પ્રમાણે પુરૂષ શિક્ષણપદ્ધતિ પાઠશાળા (Male Training College) ફરીથી ઉઘાડવાની મંજુરી આપી છે. તેને અનુસરીને તે પાઠશાળા મંગળવાર તારીખ ૧૨ જુન સન ૧૯૦૬ ને દિને ઉઘાડવા ગા આવશે.

શિક્ષણપદ્ધતિ પાઠશાળા ફરીથી ઉઘાડવાની મંજુરી.

૨. પુરૂષશિક્ષણપદ્ધતિપાઠશાળામાં અભ્યાસક્રમ બે વરસમાં પૂરો કરી શકાય એવો રાખવામાં આવ્યો છે. દરેક વર્ગની છ માસિક પરીક્ષા લેવામાં આવશે. વર્ષિક પરીક્ષા એવી બે પરીક્ષા લેવામાં આવશે. વર્ષિક પરીક્ષામાં પાસ થનારને પ્રમાણપત્રક આપવામાં આવશે.

અભ્યાસક્રમ અને પ્રમાણપત્રો.

૩. આ રાજ્યના દેશી કેળવણી ખાતાના શિક્ષકો પૈકી જેમણે આ રાજ્ય અગર બ્રિટીશ રાજ્યની ટ્રેનિંગ કૉલેજની કોઇ પણ પરીક્ષામાં પાસ થયાનું સર્ટિફિકેટ મેળવ્યું નહિ હશે અગર જેમણે યુનિવર્સિટીની કોઇ પણ પરીક્ષા પાસ કરી નહિ હશે તેઓ પુરૂષશિક્ષણપદ્ધતિપાઠશાળાની કોઇ પણ પરીક્ષામાં પાસ થયાનું પ્રમાણપત્ર જ્યાં સુધી મેળવશે નહિ ત્યાંસુધી તેઓ કોઇ પણ પ્રકારની બઢતી વિદ્યાધિકારીની સળળ ભલામણો બતાવીને આપ પરવાનગી લીધા સિવાય મેળવવા પાત્ર થશે નહિ.

શિક્ષકોને યોગ્ય લાયકી ધરાવ્યા સિવાય બઢતી મળશે નહિ.

૪. આ રાજ્યના દેશી કેળવણી ખાતાના શિક્ષકોને બઢતી આપવાના કામ માટે મુંબઇ યુનિવર્સિટીની મિડિલસ પરીક્ષામાં પાસ થયેલા શિક્ષકો, શિક્ષણપદ્ધતિપાઠશાળાના જુના ધોરણ પ્રમાણેની ત્રીજા વર્ષની છેવટની પરીક્ષામાં પાસ થયેલા શિક્ષકો, અને હાલના નવા ધોરણ પ્રમાણેની બીજા વર્ષની છેવટની પરીક્ષામા પાસ થનાર શિક્ષકોની લાયકી સરખી ગણવામા આવશે; તેમજ મેટ્રિકયુલેશન અગર સ્કુલફાઇનલની પરીક્ષામાં પાસ થયેલા શિક્ષકો, શિક્ષણપદ્ધતિ પાઠશાળાની જુના ધોરણ પ્રમાણેની બીજા વર્ષની પરીક્ષામાં પાસ થયેલા શિક્ષકો, અને હાલના નવા ધોરણ પ્રમાણેની પહેલા વર્ષની પરીક્ષામા પાસ થનારા શિક્ષકોની લાયકી સરખી ગણવામાં આવશે

શિક્ષકોને બઢતી આપવાના કામ માટે પરીક્ષાની લાયકીની સરખામણી

૫ જુના ધોરણ પ્રમાણેની શિક્ષણપદ્ધતિપાઠશાળાની પહેલા વર્ષની અને બીજા વર્ષની અગર યુનિવર્સિટીની, મેટ્રિકયુલેશન અથવા સ્કુલફાઇનલની પરીક્ષા જે શિક્ષકોએ પાસ કરી હશે તે પૈકી પોતાનો અભ્યાસ તથા લાયકી વધારવાની ઇચ્છા રાખનારા શિક્ષકોને નવા ધોરણ પ્રમાણે આવતા જુન માસમાં ઉઘાડવામાં આવનારી પાઠશાળામા બીજા વરસના વિદ્યાર્થી તરીકે તુર્તજ દાખલ કરવામાં આવશે. પરંતુ એમ કરવામા આવે છે કે જે આવા ઉમેદવારોની સંખ્યા કુલ કરતાં વધારે હશે તો તે પૈકી માત્ર કેટલાક પસંદ કરી દાખલ કરવામાં આવશે આ પસંદગી કરવામા નીચેના ક્રમ પ્રમાણે પરીક્ષાની લાયકી તથા એકજ જાતની પરીક્ષામા પાસ થનારામા આ રાજ્યની નોકરીમા સેવાબાબત જોવામા આવશે.

નવા ધોરણ પ્રમાણેના બીજા વર્ષમા દાખલ કરવા માટે ચાલુ સાલ પૂરતી ખાસ ગોઠવણ.

(૧) બીજા વર્ષની પરીક્ષામાં પાસ થયેલા શિક્ષકો.
(૨) મેટ્રિકયુલેશન અગર સ્કુલફાઇનલની પરીક્ષામાં પાસ થયેલા શિક્ષકો.
(૩) બીજા વર્ષમાં નાપાસ થયેલા શિક્ષકો.

(૪) પહેલા વર્ષમાં પાસ થયેલા શિક્ષકો.

આ ગોઠવણ ચાલુ સાલ પૂરતીજ સમજવાની છે. આપણને માટે બરાબર જણાયે યોગ્ય તે ફેરવણ કરવામાં આવશે. ઘણે આ આપેલા ગોઠવણનો લાભ લેવાની જે શિક્ષકોની ઇચ્છા હશે તેમણે આ સાથેના નમુના નં. ૩ પ્રમાણેની અરજી રા. રા. કેળવણીના ડિરેક્ટર સાહેબ તરફ તારીખ ૧ જૂન સન ૧૯૦૫ સુધીમાં મોકલી આપવી જોઇએ મુદત વિત્યા બાદ જે અરજીઓ આવશે તે ઉપર લક્ષ આપવામાં આવશે નહિ.

બીજા વર્ષના વર્ગમાં દાખલ થવા સિવાય જે વર્ષની પરીક્ષામાં બેસવાની છૂટ.

૬. શિક્ષણપદ્ધતિ પાઠશાળાની જૂના ધોરણ પ્રમાણેની બીજા વર્ષની પરીક્ષામાં પાસ થયેલા અગર મેટ્રિકયુલેશન કે સ્કૂલફાઇનલની પરીક્ષામાં પાસ થયેલા શિક્ષકો પૈકી જેમની ઉંમર પાંત્રીસ વર્ષ કરતાં વધારે હશે અને જેમણે નવા ધોરણ પ્રમાણે બીજા વર્ષના વર્ગમાં દાખલ થવા સિવાય તે વર્ગની છેવટની પરીક્ષા આપવાની ઇચ્છા હશે તેમને તે પ્રમાણે કરવા દેવાની છૂટ આપવામાં આવશે.

પહેલા વર્ષના વર્ગમાં દાખલ થવા માટે પ્રવેશક પરીક્ષા.

૭. નવા ધોરણ પ્રમાણેની શિક્ષણપદ્ધતિ પાઠશાળાના પહેલા વર્ષના વર્ગમાં દાખલ કરવા માટે હવેથી પ્રવેશક પરીક્ષા દરવર્ષે તારીખ ૧ જૂન સન ૧૯૦૫ ને રોજ અને તે પછીના દિવસોએ વડોદરામાં કચેરીના મકાનમાં લેવામાં આવશે આ રાજ્યના ગુજરાતી ભણેલા ધોરણમાં ચાલતા નિયમો પૈકી ગુજરાતી ભાષા, ગણિત તથા ભૂગોળ ના વિષયોમાં પરીક્ષા લેવામાં આવશે.

પ્રવેશક પરીક્ષામાં બેસવાની લાયકી.

૮. જેમની ઉંમર અઢાર વર્ષથી કમી નહિ હશે અને જેમણે આ રાજ્યની દેશી કેળવણી ખાતાની છઠ્ઠા ધોરણની પરિક્ષા મેળવ્યું હશે અગર જેઓ આ કામના દેશી કેળવણી ખાતાના વિદ્યાર્થી અત્યારે વિદ્યમાન હશે તેમનેજ આ પ્રવેશક પરીક્ષામાં બેસવા દેવામાં આવશે.

વિજ્ઞાપિતપત્ર મોકલવાની મુદત

૯. પ્રવેશક પરીક્ષા. બેસવા ઇચ્છનાર ઉમેદવારોએ આ સાથેના નમુના નં. ૪ પ્રમાણે વિજ્ઞાપિતપત્ર ભરી સોમવાર તા ૨૨ મી મે સુધીમાં રા. રા. કેળવણીના ડિરેક્ટર સાહેબ તરફ મોકલી આપવું જોઇએ. તે પ્રમાણે જેમના તરફથી વિજ્ઞાપિતપત્ર નહિ આવ્યા હોય તેમને પ્રવેશક પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ

૧૦. પ્રવેશક પરીક્ષા વખતે દરેક ઉમેદવારે છઠ્ઠા ધોરણુમાં પાસ થયાનું અસલ સર્ટિફિકેટ અગર શિક્ષક હોના બદલનો દાખલો રજુ કરવો પડશે. આવાં સર્ટિફિકેટ અગર દાખલા સિવાય પ્રવેશક પરીક્ષામાં બેઠને બેસવા દેવામાં આવશે નહિ.

પ્રવેશક પરીક્ષા વખતે સર્ટિફિકેટ અગર દાખલો અસલ રજુ કરવા બાબત.

૧૧. પેહેલા વર્ષના વર્ગમાં વધારેમાં વધારે ૪૦ વિદ્યાર્થી દાખલ કરવામાં આવશે. જો પ્રવેશક પરીક્ષામાં પાસ થયેલા ઉમેદવારોની સંખ્યા ૪૦ કરતાં વધારે હશે તો તે પરીક્ષાના પરિણામ ઉપરથી માત્ર ૪૦ વિદ્યાર્થીને દાખલ કરવા માટે પસંદ કરવામાં આવશે. આ પસંદગીમાં પાસ થયેલા પૈકી જેઓ આ રાજ્યના શિક્ષક વર્ગ પૈકીના હશે તેમનો હક બીજા ઉમેદવારો કરતાં શ્રેષ્ઠ મનાશે.

વિદ્યાર્થીની સંખ્યાની હદ.

૧૨. પહેલા વર્ષમાં દરમહા રૂ. ૫ પાંચની પચીસ શિષ્યવૃત્તિઓ અને બીજા વર્ષમાં દરમહા રૂ. ૭ સાતની પંદર શિષ્યવૃત્તિઓ રાખવામાં આવી છે. તે પૈકી પહેલા વર્ષમા નિદાન ૧૭ સત્તર અને બીજા વર્ષના નિદાન ૧૦ દશ શિષ્યવૃત્તિ શિક્ષક વર્ગ પૈકીના વિદ્યાર્થીઓ માટે રાખવામાં આવી છે.

શિષ્યવૃત્તિ.

૧૩. શિક્ષક વર્ગ પૈકી જેઓ પાઠશાળામાં દાખલ થઇ જેટલી મુદત રહેશે તેટલી મુદત તેમની નોકરીની મુદતમાં ગણવામાં આવશે અને મૂળ જગ્યા ઉપર તેમનો હક રાખવામાં આવશે; પરંતુ તે મુદત દરમ્યાન તેમની જગ્યાનો પગાર તેમને મળી શકશે નહિ.

શિક્ષકવર્ગ પૈકીના વિદ્યાર્થીઓના હક બાબત.

૧૪. શિક્ષકવર્ગ સિવાયના વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉત્તીર્ણ થઇ પ્રમાણપત્ર મેળવશે, તેમને નોકરી આપવા સરકાર બંધાશે નહિ. પરંતુ તેમને નોકરીને માટે લાયક ગણવામાં આવશે, અને શિક્ષકની ખાલી પડતી જગ્યા ભરતી વખતે ગુજરાતી છઠ્ઠા ધોરણનું પ્રમાણપત્ર ધરાવનર કરતાં તેમને વધારે લાયક ગણી પ્રથમ પસંદગી મળશે શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થીઓએ માત્ર તેમની નોકરીની સરકારને જરૂર હોય તો નોકરી કરવા બંધાયું પડશે.

શિક્ષકવર્ગ સિવાયના વિદ્યાર્થીઓ બાબત.

વડોદરા,
તા. ૨૦ ફેબ્રુવારી સન ૧૯૦૫.

J. A. DALAL,
વિદ્યાધિકારી.

ફલમ ૫ માં જણાવેલો નમુનો નિશાની બ.

કલામવન.

વડોદરા.

શિક્ષણપ્રબંધનિષાઠશાળા.

બીજા વર્ષના વર્ગમા દાખલ થવા માટે વિજ્ઞપ્તિપત્ર.

શિક્ષકનું નામ. (આપના નામ સાથે) _____

શાળાનુ નામ. (સ્થળ, તાલુકા તથા પ્રાંતના નામ સાથે.) _____

હાલનો પગાર તથા હોદ્દો _____

જન્મભૂમિ. _____

ઉમર જન્મ દિવસ સાથે. _____

જાત તથા અટક. _____

જે પરીક્ષા પાસ કરી હોય તેનું નામ _____

(જે સાલમા પાસ કરી હોય તે સાલ સુધે).

તારીખ _____ સાલે _____ સન ૧૯૦૫

(સહી) અરજદાર શિક્ષકની.

ફલમ ૬ માં જણાવેલો નમુનો નિશાની બ.

કલામવન.

વડોદરા

શિક્ષણપ્રબંધનિષાઠશાળા.

પ્રવેશવિજ્ઞપ્તિપત્ર.

(છોકરાએ પોતાને હાથે ભરીને મોકલવું.) _____

નામ (આપના નામ સાથે) _____

કેળવણી.

દોષકરૂત.

અર્થ મટે વર્ણો ધર્મ મચાયે, જ્ઞાન મટે મનમાન પમાયે;
નીતિ બધે પાસરે નહા માર્ગ, પ શિશુશિક્ષણ ધર્મ અપારો.

પુસ્તક ૧૭ મું. ચૈત્ર., સંવત્ ૧૯૬૧. અંક ૬ ઠ્ઠો.

દર્શન.

વિદ્યાર્થીઓની મુખારણા—એ વિષય ઉપર એક પ્રસિદ્ધ ઇન્સ્પેક્ટર સાહેબે પોતાના વાર્ષિક રિપોર્ટમાં વિદ્યાર્થીઓના વર્તન વિષે બોલ્યા છે. તેઓ કહે છે આજકાલ છોકરામાં અભક્તિ દેખવામાં આવે છે એમ જે કેટલીક તરફથી કહેવામાં આવે છે તેને તેઓ સાહેબની દીકરી પરથી પુષ્ટિ આપે છે એ સંબંધી લખતા ઇન્સ્પેક્ટર એમ્પ્લુકેશન કહ્યાં છે કે મુંબઇમાં કિંવા બોટ બીજા કોઇ પારસી છોકરા પાસે ઉદ્ધતાઇ ભરેલું વર્તણુક, છોકરાં ઉપર પારસી માબાપનો પ્રેમ નથી દેખાતો અને વિદ્યાર્થીમાં શિસ્તનો તેમના ઉપર પ્રેમ નથી દેખાતો. તેઓ તે સંબંધી સૂચના કે કે (ઇન્સ્પેક્ટરોએ) મુંબઇની બહાર નીકળી ઇંગ્લંડ ઉપર ધ્યાન રાખી શકે તથા તેમના પર ભણતા પણ રાખી શકે એવો નિયમ કરવાએ એમ તે સૂચવાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે. સારા પ્રમાણ વિવાદ તથા વિદ્યાર્થી ભણતા હોય છે. અને તેથી બાપણી સાહેબોમાં વિદ્યાર્થીને આપણે સારા પ્રમાણ આપી શકીએ નહિ એ ખેદની બાબત. આવી સુધારણાની આશા રાખવી એ અસ્થાને પડ્યું થાય એવી ગણાય.

સાહેબોની ખોટ—પંજાબ પ્રાંતના ડિરેક્ટર જનરલ ઇજ્યુકેશનના એ રિપોર્ટ ઉપરથી હાલમાં એવો એવો ઠરાવ કર્યો છે કે તે પ્રાંતના ઇન્સ્પેક્ટરો અને તેના અધિકારીઓએ પોતાની સાહેબોની ત્રણ ચાર બોટ રાખી. જે સાહેબો પહેલીજ પછાત સ્થિતિમાં હોય તેની બોટ તો કેટલે કેટલે વાર આવી ત્યાં એક વાર રાખી અને બધા સાહેબો તો બધા જ ચાર ઠરાવ આગળ તેની ફાયદા બાબત રાખ્યા. પછી બધેથી સાહેબો સુધારણાના આ સારા ઠરાવ બાબત તેની ફાયદા બાબત બોલ્યા. બોલવામાં ઘણું ખરું એમ આવ્યું કે છોકરાને તેમના ઘરમાં થી જે અભ્યાસ મળે છે તે ઘણા છે. કોઇ માં તો એમ છે કે છોકરાને તેમના ઘરમાં થી જે અભ્યાસ મળે છે તે

૬. શિક્ષણની ગહેતની સરળતા વિદ્યાર્થી શીખનો હોય તોજ દેવાયી, તેમાં વિદ્યાર્થી અને શિક્ષક બન્ને કામ કરે છે. બન્ને વચ્ચે હાગ વહેંચાઇ જાય છે.

૭. આત્મપ્રયત્નને એ ઉત્તેજે છે અને વિદ્યાર્થીઓમાં વિદ્યા અને મગની સારી ટેવો પાડે છે.

૮ એ વિચારપૂર્વક, રસિકતાથી અને સ્વાભાવિકરીતે સમાયું હોવાથી ધ્યાન ખેંચી શકે છે.

૯. એ મદદ આપનારૂં, લલચાવનારૂં, સૂચના આપનારૂં અને ઉત્તેજન આપનારૂં હોય છે.

૧૦. સત્ય જ્ઞાન અને ઉત્તમ વર્ત્તનને માટે એ પ્રીતિ ઉત્પન્ન કરે છે.

૧૧. સંભળ ભરેલી અને વિચાર ભરેલી તૈયારીનુ એ પરિણામ હોવાથી શિક્ષકની તેના પર છાપ હોય છે.

કુસુમ.

एक अमरिकन उपदेशके पोताना पुत्रने लखेलो उपदेश.

કેમું ન કર, મુખ્ય નિયમ રાખ કે જેકરેથી લેવું કે નજ લેવું.

વચન થોડા આપવા, આપેલા વચ ને શાસ્ત્રવચનની પેઠે અનુસર.

કરેક વાત કહેવામા કાળજી રાખ. ચટકળની કોઇ પણ વાત કીશ નહિ—બરેખરી સાચી વાત કહેવી કે કંઇજ ન કહેવુ.

બીજાને માટે કામ કરનો હોય તે વગર તું બેને ચૂમ કર જા તેમનુંજ હિત તપાસ. તને જે કામે લગાડે તેમના પ્રત્યે ઉદ્યોગથી, નિમકહલાલીથી, અને સખ્ત પ્રમાણિકપણાથી તું ઉપયોગી થા. સ્વાર્થબુદ્ધિ પ્રાયુધાતક છે.

બીજો કોઇ તને જોટરો જવાબદાર ધારે તે કરતા પણ વધારે જવાબદારી તારે પોતાને માટે સમજવી બીજા તારી પાસેથી જોટલી આશા રાખી શકે તે કરતા તેમને વધારે આપી શકાય એવી તુ પોતાના તરફ માગણી કર તારૂં નીતિનું ધોરણ ઉંચું રાખ. કોઇ બદાનું બગડવાથી મનવાની બેસીશ નહિ તુ પોતે પોતાની દયા ખાઇશ નહિ. તુ પોતે પોતાનો સખ્ત શિક્ષક થા પણ બીજા સહુ પ્રતિ નરમ થા

પોતાના ધંધા માટે પોતાનું સમળું બળ ઓતપ્રોત કર, પાછો ભગીશ નહિ. આગેહી, દૃઢ, પ્રયત્નશીલ થા.

દોલત એકઠી કરવાનો સહેલો હુનર એ છે કે ખરચ કરવો નહિ. જો કોઇ બાબત બુદ્ધિમાન અને ઉદ્યોગી હોય, અને તે જો બધા ગળતરના છિદ્રો પૂરી દે તો ધીમે ધીમે તે ધનવાન થાય ઉતાવળ ન કરીશ; ધીરો થા.

સહો કરીશ નહિ કે બુકમાર કમીશ નહિ સિધ્ધાપી તે પીઠથી હોવાય કરનો એ સમાપન અને ગાત્રોત્પરેલો રહેતો છે. કોમ અને ઉપાવત એ બે રોગાન છે કે જેમો ૧૧ વર્ષ કલ્પોને ખરાબ કરે છે.

માણી સંબંધી સામાન્ય જ્ઞાન.

પક્ષીઓ.

(મરાઠીપરથી અનુવાદ)

પક્ષી—આખો, મધમાખી, ભમરો-ભમરી, મકોડો, કીડી, તીડ, પતંગીઉ, પાંખ, ઢાંક, કબારો, જૂ વગેરે પક્ષીઓ- છ પગવાળાં અને મધુર છે. સરસ્વતીનાં કોમળકરીને ભમરાનેજ પક્ષીઓ ગણવામા આવેલ છે પણ ઉપરિક અર્થે પ્રમાણે ઉપરનાં પ્રાણી પણ એ વર્ગમાં ગણી શકાય, કેમકે પગમ્ય મળવાં છે અને પણ સિવાય પણ બધી બાબતમાં મળતાપણું છે.

શરીરના ભાગ મુખ્યત્વે ૩ છે ૧ ડોકું; ૨ છાતી, ૩ પેટ.

પગ ૬ છે અને તે મધ્ય ભાગે છાતીને વળગેલા હોય છે. પ્રત્યેક પગ ૬ ભાગથી બનેલા છે અને તેમાં અનેક નાના સાંધા હોય છે તમામ પક્ષીઓના છએ પગ સ્પષ્ટ દેખાતાં આવતા નથી; કેમકે આગલા પગ છેક નાના હોય છે, તે બેઠા ન આપણા આંખે જોવા નથી.

પાંખ ૪ છે અને તે મધ્ય ભાગે છાતીના ઉપલા ભાગને વળગેલી હોય છે. સર્વ પક્ષીઓને ચારે પાંખ સ્પષ્ટ દેખાતી નથી. માખીને બે પાંખ હોય એમ દેખાય છે પણ બારીકાઈથી તપાસતાં બે પાંખ પાસે બીજી બે પાંખ હોય છે એમ જણાય છે એ પાંખો નાની છે જતાં શરીર સંબંધી તોળણ શક્તિને તેનો બાધ ઉપયોગ છે જો બે મોટી પાંખો તોડી નાંખવામાં આવે તો માખી બરાબર ઉડી શકતી નથી નાની પાંખો શરીરને ઉડવામાં તોળણ રાખે છે અને મોટી પાંખો ગતિમાન કરે છે

કેટલાંક પક્ષીઓની બન્ને પાંખ બરાબર કાચ નીચે ઉપાંગેલી હોય છે—ઢંકાયેલી હોય છે. જ્યારે ઊડવાની જરૂર પડે છે ત્યારે તે કાચ ઉઘાડી પાંખ બહાર મારે છે અને પાંખનો ઉપયોગ કરવાનો ન હોય ત્યારે કાચ નીચે પાંખ ઢાંકી દે છે જેવા ભંગુરી પીઠ ઢાળી અકાઢ અને કઠણ દેખાય છે. ઝોમામાં એ ભંગુ નજરે પડે છે. જમીનમાં પેસતાં પાંખને બચાવ અને કઠણ કરે છે. ઝોમામાં એ કાચ

તેમનાથી પ્રજોત્પત્તિ થતી નથી અને તેમને પાંખ હોતી નથી. ગંડોળામાં નર નારીને પાંખો હોય છે તે કદાચિત્ આપણી નજરે પણ પડે છે. એજ પ્રમાણે કીડીમાં પણ છે.

શરીર અને ચામડી—શરીરમાં હાડકાં હોતાં નથી; પણ નાના આકારના શરીરના પ્રમાણમાં તે ઘણું કઠણ હોય છે, તેનું કારણ ચામડી કઠણ હોવાનું છે. ચામડી કઠણ ન હોત તો ચળત ઈ ચીરાઈ જાત.

લોહીનું ફરવું—કલેજું મનુષ્ય વગેરે પ્રાણી કરતા થોડું ભિન્ન છે કરેળા પાછળ એક લાંબી ઉલી નળી હોય છે અને તેના બન્ને મુખ ઉઘાડાં હોય છે. તેમાંથી અંદરના લોહીને હવા મળીને શુદ્ધ થાય છે. એ ફેફસામાંથી પટ્પદના સર્વ શરીરમાં લોહી જાય છે અને ત્યાંથી ફરી પરત ફેફસામાં આવે છે, જે શુદ્ધ થતા ફરી શરીરમાં સર્વત્ર જાય છે.

શ્વાસોચ્છ્વાસ—માણસ હવા નાક અને મુખથી મુખ્યત્વે કરી લે છે અને તે તેના ફેફસામાં જઈ લોહી સાથે મિશ્ર થાય છે; પણ પટ્પદને તેવા ફેફસાં નથી, પણ તેની ચામડીમાં ઝીણાં ઝીણાં કાણાં હોય છે તેમાંથી તે હવા શોષે છે એ કાણાં બહુ બારીક હોવાથી યંત્રથી જોઈ શકાય છે. એ કાણા અંદરની નળી સુધી ગયેલાં હોય છે અને નળી શરીરમાં તેની અનેક શાખાઓની સર્વત્ર પ્રસરી ગયેલી હોય છે.

આંખ—એ છે પણ દરેક આંખ હજારો આંખ મળી થયેલી હોય છે અને હીરાના કકડા પેઠે એક બીજા સાથે વળગેલી અને પ્રત્યેક આંખથી સ્વતંત્રપણે જોઈ શકાય તેવી હોય છે. એ આખ ચોતરફ એ હોવાથી પટ્પદ ચોતરફ જોઈ શકે છે.

નાક નથી પણ વાસ ઓળખવાની શક્તિ ગજબ છે. ભક્ષ્ય પદાર્થ પાસે જલદીથી એ જન્તુઓ આવી શકે છે.

ઉત્પત્તિ—કેટલાંક પટ્પદની સીધી ઉત્પત્તિ થતી નથી ઈંડાં મૂક્યા પછી બીજી સ્થિતિમાં રૂપાંતર થાયછે તેથી કેટલાક એને ત્રિજન્મા નામ પણ આપે છે એ બીજી સ્થિતિ આ પ્રમાણે છે. ૧ ઈયળ અવસ્થા; ૨ કોશ અવસ્થા; ૩ પાંખવાળી અવસ્થા. જૂ વગેરેને આ અવસ્થા નથી; કેમકે તેની ઉત્પત્તિ સીધી લીટીમાં ઈંડાંમાંથી થાયછે. કેટલાંક પટ્પદ ઈંડા મૂકવા પહેલાં ઘણું ફરી ભરી જાયછે, પણ નવીન પ્રાણીને ઉપયોગમાં આવે એવા ઝાડના પાનપર ઈંડા મૂકે છે, ભમરી માટીના દરમાં ઈંડું મૂકેછે તો અંદર એકાદ જંતુ મારીને મકી રાખે છે કે જે બીજી થતાં જન્તુના ખોરાકમાં વપરાય છે, પાનપર મૂકેલાં ઈંડાં ચીકણા પદાર્થથી પાનને વળગેલાં રહેછે; ન કોઠા જમીનમાં ઈંડા મૂકેછે.


ઈંડામાંથી પ્રથમ ઈયળ સરખું પ્રાણી નીકળે છે. તે અનેક પ્રકારનાં હોય છે કોઈના શરીરપર લાંબા વાળ હોય છે, કેટલાક વાળ વગરનાજ હોય છે અને કંઈકપર લાંબી ઉભી પીળી પટીઓ હોય છે. કોઈ નમરના ઘણાં ખરાં લીલા રંગનાં હોયછે તો કેમક કાળા, પીળા અને ધોળા રંગના હોય છે. ચોમાસામાં પાખયુક્ત પટ્પદ ઓકાએક ઉત્પન્ન થયેલાં જણાય છે તેનું કારણ તેમના ઈંડાના પુંજમાં ગોઠવેલાં હોઈ તેમની ત્રીજી અવસ્થા થવાનો પૂરો થયેલો વખત લગભગ હોવાનું છે.

ઈંડામાંથી બહાર પડનાર ઈયળ બહુ ભૂખ્યા જીવ જન્તુ છે. પ્રથમ પોતાના ઈંડાંનું કવચ ખાઈ નાખે છે અને પછી આજુ બાજુના પાન ખાય છે. ભીંત વગેરે પર મૂકેલાં

ઈંડાની પેઠ નેની બનાવેલ દરમાં રાખી મોઢા બેસાડવા કસરત કરે છે પોતાના વજનથી બમણો ભાર પેટ ઉપર દિવસમાં બાર વાર થાય. પથરા શરીરની ચામડી સ્વર થાય વખત ભરી પડે છે. આ પ્રમાણે કાંકરી કુસ્તી પુરી કર્યા પામત. પેટ પોતાના શરીરમાંથી રેતમ જેવા તંતુઓ કાઢી પોતાના શરીરપરના વાળનું અસ્તિત્વ કરી તેમાં ઝીંગાઓની પેઠે અચેતન અવસ્થામાં પડી રહે છે આ અવસ્થામાં આવ્યા પછી દોષ છે. મરવું પડવા જેવું દેખાય પણ જીવતું દોયછે અને તે વખત એક સરખી ગીરે વચેટે કેટલેક દિવસે આખી ઇયળ જાંબલ જુદું પડવા બન્યુ અદાર પડે છે. દરમા અકાર પડતા બન્યુ દર મેળી અદાર નીકળી બનવકે અને કોશ-કોશેટામાંથી કાંગોરાને કરડી બહાર નીકળી બાય છે પેટ મૂકવા પછી બહુકરી તેની માતાને કશ સંભાળ લેવી પડતી નથી, પરંતુ કેટલાંક પક્ષીઓ બચ્ચાંને બચવવી ઉછેરવા પડે છે. કેટલીક વાર " લગભગ ॥ દરમાં મૂકેલા કરોળ પાન્તીમાં બમરી થઇ જાય છે " એમ કહેવામા આવે છે તે બરાબર નથી બની. વગેરે-આપણે વરસાદની ઋતુમા બમરી કાળી ભોંયરાંમાં પાણપુરા જન્તુઓ સંબંધમાં બહાર પડેછે તેનું કારણ પણ આ પ્રમાણેજ છે.

અમૃતલાલ કાલીદાસ પરીખ.
ઠાકોર

तुर्कस्तानना बाळको.



તુર્કસ્તાનમાં આઠ દશ વર્ષની વયના હોય છતાં પણ પોતાના બાપના ઘરમાં પોતાની ઇચ્છા પ્રમાણે કરવાનું બનતું નથી. કોન્સ્ટન્ટિનોપલના બજારો અને મોટી ઓમા મોટા બાળકો રસ્તે પર સવાર થઈ વેચવા નીકળતા જોવામા આવેછે તુર્ક બાળકો કુસ્તી રીતે દયાળુ અને પ્રેમપરાયણ હોયછે. બજારો અને શેરીઓમા ગેરકાયદે ચીજો વેચતા બાળક નજરે પડેછે તુર્ક બાળકો પોતાની ચુલ્લમ પ્રમાણે તેમને મદદ કરવા ચૂકતા નથી કારણ તેઓ પોતાનો બાપ કારોબાર નીકળેછે ત્યારે શેરીના કુતરા માટે રોકકળનો કરે બરાબર થઇ જાયછે

જો બાળકો રસ્તા પર સવાર થઈ આવે છે એમ તે ઓ તેર ચીજવસ્તુઓ હોય છે કે એ રસ્તામા કે ઘર કુતરો પડેલા હોય તો તેમને ઓરડા કર્યા વિનાજ તે પરણી પ્રકાર થઇ જાય છે.

જ્યારે બાળક ચાલતા શી ખેર આવેછે ત્યારે તેને ત્રિપલ ઓરડામાં " ચલામ અલેકુમ " કરેલા જવું પડેછે ત્યાં તેનો બરાબર સત્કાર કરવો " વાલેકમ સલામ " આવેછે બાળક શી ખેર આવે ત્યારે મા બોલાવે કહેછે કે " બારા બદામ તું લાવો

આવેછે; પરંતુ અફસોસની વાત છે કે તુર્કસ્તાનનો પૈસાદાર વર્ગ સંખ્યામાં બહુજ ઓછો અને તેથી વળને મોતીઓથી શણગારવાની રીત ઓછી થતી જાયછે.

આજકાલ ઘણું કરીને તુર્ક બાળકો યુરોપિયન પોશાક પહેરેછે, તેથી ગરીબ તથા શ્રીમંત બાળકોમાં કાંઈ તફાવત જણાતો નથી. જેવી રીતે પુરૂષો તથા છોકરાઓ યુરોપિયન પોશાક પહેરેછે તેવી રીતે સ્ત્રીઓ તથા છોડીઓ પણ તેવોજ પોશાક પહેરવા લાગી છે. હજુ કોઇ કોઇ ઠેકાણે જુનો પહેરવેશ ચાલુ છે.

મસજીદમાં બાંગ પોકારનાર દરરોજ પાંચ વખત બાંગ પોકારેછે. બાંગ સાંભળી પુરૂષો સાથે બાળકો પણ નમાજ પઢવા મસજીદ તરફ જાયછે. આ નિયમિત પ્રાર્થના સિવાય બાળકોને તસબીહ (માળા) ના મણકા ફેરવી પ્રાર્થના કરવાનું શીખવાડવામાં આવેછે. એક તસબીહમાં ૯૯ મણકા હોયછે. છોકરા જ્યારે એક મણકો હાથથી ફેરવેછે ત્યારે પોતાની જીભથી અલ્લાહનું નામ લેતો જાયછે.

બીજા દેશોની સ્ત્રીઓની પેઠે આ દેશની સ્ત્રીઓ પણ બોટા બહેમોથી બચી જવા ભાગી નથી. જ્યાંસુધી બાળક પૂરા છ અઠવાડીઆનું ન થાય ત્યાંસુધી ઘરની સ્ત્રીઓ સિવાય બહારની કોઇ પણ સ્ત્રી તેને જોવા પામતી નથી. આમ કરવાનું કારણ બાળકને બરાબ નજર લાગવાથી બચાવવાનું હોયછે. તુર્ક માતાઓ એમ સમજેછે કે મત્રો બરાબ નજર લાગવાથી બાળકોને બચાવી શકેછે અને તેથીજ વીશ વીશ વર્ષ સુધીના છોકરાઓના ગળામાં તાવીજનાં બાંધણીઆં લટકતાં જણાય છે.

તુર્ક બાળકો માટે રમકડાં પ્રથમ તો બહુજ થોડાં છે અને જે છે તે પણ ઘણાજ સાદા છે. જેમ યુરોપનાં બાળકો માટે તેમને જ્ઞાન આપવાના હેતુથી રમકડાં તૈયાર કરવામાં આવેછે તેમ અહીં બીલકુલ જણાતું નથી. અહીંનાં બાળકોનાં રમકડામાં ખેતીવાડીનાં ઓજારો, કારીગરીના નમુના, દેશ પરદેશના રીતરિવાજોનાં ચિત્રો, પૃથ્વીનો ગોળો અને બીજાં જ્ઞાનસૂચક રમકડાં ભાગ્યેજ જોવામાં આવશે. આજકાલ કસરતની રમતનાં સાધનો શાળાઓમાં વાપરતાં થયાં છે પણ સમગ્ર દેશને તેથી લાભ પહોંચવાને હજુ વર્ષો વીતી જવા સંભવ છે.

જો કે આ દેશમાં કેળવણીનો વિશેષ પ્રચાર નથી છતાં પણ આપણે તુર્ક માતાઓનાં વખાણ કરી શકીશું. તેઓ પોતાના બાળકોને ઇશ્વર તથા લોકો પ્રત્યે પ્રમાણદાર જણાવવામાં કસર કરતી નથી. તુર્કસ્તાનના કોઇ પણ ભાગમાં તમે જાઓ પણ ત્યાં તુર્ક બાળકને ચોર તરીકે જોઇ શકશો નહિ. આ દેશના કોઇ પણ લોકો દારૂ પીતા નથી.

ગરમીનાં બદ ભેરામના તેહવારોના ચાર દિવસોમાં બાળકો ઘોડાઓ પર સવાર થઇ ફરવા નીકળેછે. કેટલાંક પોતાની જૂની ઢબની ગાડીઓમાં બેસી દેશી વીર નરોની બહાદુરીનાં ગીતો ગાય છે.

બાળકોને સિપાઇઓની પેઠે કવાયત કરવાનો બહુજ શોખ હોય છે. પણ મોટા બાળકો સાથે ભળી કવાયત કરેછે. આ વખતે સડકપરથી પસાર થતો કોઇ પરદેશી મુસાફર બાળકોને કવાયત કરતાં જોઇ આશ્ચર્ય પામ્યા વિના રહેશે નહિ કે જે વખતે આ નાના તુર્ક લડાઇના મેદાનની પેઠે જનરલો, અમલદારો અને સિપાઇઓની નકલ કરતા હોયછે. આ

કરાવવા શીખવાડીજ પરિણામ છે કે તું જુવાન હોવાથી અંતી અનાં ઘણીજ્યોડી મુસ્તમ્મા એક આપણ સિવાય બધા બળ છે. બાળપણમાં તેઓ કરાવવાને આવેલા હોયે છે પણ હોવાથી અરથી પણ બાદ તેમને જણાય બધે છે કે તેઓ પ્રારબ્ધાધીજ કરાવતા બનવાને સિવાય છે.

આપણા દેશ કે બાળકોમાં બધના વિદ્યાર્થીઓ નિર્બળ, નાદિંમત, અને બીકણ જોવામાં આવેછે તેનું કારણ એજ છે કે તેઓને કાર્યક્રિત્વ કરિત બીજવવાને કરતાં, કરાવત કે બાહદુરીનું શિક્ષણ આપવા વિષેજ કાળજી રાખવામાં આવી નથી.

" લાંબું આયુષ્ય કઈ રીતે ભોગવાય. "



તન અને મનને બરોબર નિરોગી સંબંધ હોવાથી તન જો નીરોગી હશે, તોજ મન આનંદમાં કરવા તરફ આકર્ષાશે; પણ જો તનને જરા પણ બાધિ થયેલ હશે, તો મને તેવાં જોસાં પુસ્તકો, બહારનું વર્તન, અને દુનિયા ઉપરનો હશે તોપણ તે અનુકૂળ લાગવા અને ઉચિત્ત લાગે નહિ અને દુનિયા ઠંડોજ આવશે. મારે મને આનંદમાં કે યા તારું પ્રેમની ઉજાગા રાખનારા તમામ બાઇઓએ સૌથી પહેલું લક્ષ પોતાનું તન આરોગ્ય રહે એજ આયુષ્ય કઈ રીતે ભોગવાય તે વિષેના નીચેના નિયમોનું બરાબર અમલમાં કરી તે પ્રમાણે વર્તવાની પૂરેપૂરી કાળજી રાખવી લાયક છે.

શરીરને કરડે પ્રકારનો રોગ પણ બાધિ થવાથી અંગારતા કરેક ભાગમાં ચિહ્ન આવેલું છે, તેટલા માટે આરોગ્યતાના નિયમો બરાબર પાળી તે ઉપર પૂરતું લક્ષ આપવામાં આવશે, તો ઓગણ કરવાની બાબાકૂટ મટીને મરણ સુધી સારો પ્રકાર ભોગવાશે.

આરોગ્યતાના અગત્યના નિયમો.

૧. બાલબાલ ની બદલાની ચીજો કરી બાવી નહિ, જેવી કે—બંગડી, બાટી કાચી કરી, બાજે ગાજા, સીસું વગેરે; અને કાચ બાવો પડેતો બહુ જૂજ બાવી. બાવી ચીજો બાવાથી જે દોષ બિચાર બાયછે.

૨. બિતાવારી બધું. ઓઢવે બૂબ ગાર બાપ કરી તેબાંધીને બાસનું બનાવ બાધું. એક બાજુનું પાણી પીવું, અને એક બાજુ પાણું સંબારવા માટે બાલી રહેવા દેવો, તેથી બાધેલું પહેલું પાચન થશે. ઉપર કહ્યાની વખારે બાવાનો ક્રમિયત બાગોઠે બારે કરે તોપણ બાધું, પણ દરરોજ જે વખતે બાવતા હોયછે, તેજ વખતે બાધું બાવવા વખતમાં ફેરફાર કરવાથી શરીર બગડે છે

૩. ટાઢા દિવસોમાં ગરમ પોશાક પહેરવો અને ગરમ વખારવું, બાહ, દુઃ વગેરે પોતાની પચનશક્તિ પ્રમાણે બાવા જોઈએ.

૪. સવારે અને સાંજે સમુદ્રકિનારે જાવા વાહી કે બાગબાની ખુલ્લી હવામાં ફરવા થી શરીર આરોગ્ય રહેછે, માટે તે પ્રમાણે હવા લેવા જવાની ટેવ રાખવી. વળી પોતાનું રહેવાનું મકાન હોય તે ઘણુ સાફ રાખવું. ઘર ભાડાનું નહોતા પોતાના ઘરનું હોય અને જગાની છૂટ હોય, તો તે પ્રમાણે ફૂલ, ઝાડ વગેરે વાવી બાગ બનાવી સોહામણી હવા લેવી. ભાડાનુ મકાન હોય તો તે પણ લીંપીગુંપીને સાફ રાખવું. તેમજ ઘરની બારીબોચેથી ખુલ્લી હવા હમેશા આવે તેવું જાય એવું મકાન પસંદ કરવું પોતાનું સુવાનું બિછનું નરમ, અને ભાડ, ચાચડ વગરનું સાફ રાખવું તથા પોતાને હમેશા બેસવાનો ઓરડો પણ સાફ રાખવો ડૉક્ટરોનો મત એજ છે કે દરેક માણસે ઘણીજ સફાઈની રહેવું, બીજકુત ગલીનતા રાખવી નહિ.

૫. પથ્થરનુ ઝરાનું અથવા વરસાદનું ઝીલેલું પાણી ઘણુંજ સારું છે, ને તેથી ઊતરતું કૂવા નું પાણીછે. પણ કોઈ જગોનું ખરાબ પાણી પીવાનો વખત આવે, તો તે પણ ઊંડું કરી, લૂગડે ગળી ટાઢું કરી પીવું અથવા તેના પાણીને એક પથ્થરની કુંડીમાં નાખી તેમાંથી બહાર ટપકે, તે પીવાના કામમાં લેવાથી તેમાનો બધો અવગુણ નાશ પામશે. કદાપિ એવી પથ્થરની કુંડી ન મળે તો, એક ખાલી માટલુ લઇ તેને તળીએ એક ઝીણું કાણુ પાડી તે કાણામા એક નેતા લૂગડાંના કડકો ઝૂલતો રાખી, તેમા ટપામા પાણીલું કોયલા ભરવા અને દરિયા કિનારેથી રેતી લાવી તેને મીઠા પાણીએ ધૂમ ધોઇ કોયલા ઉપર નાંખવી, ને તે ઉપર પીવાનું પાણી ઊતું અથવા ટાઢું રેડવું, ને તેની નીચે વાસણ મૂક્યું; તેમાં પાણી ટપકે તે પીવાના કામમા લેવું તેમ કર્યાથી પાણી સ્વચ્છ થાયછે ને બધા અવગુણ મરી જાય છે. પંદર પંદર દહાડે અથવા એક મહિને તે રેતી તથા કોયલા બદલી નવા નાખવા જોઇએ, તેથી ઘણો ગુણ છે.

૬ કદાચિત ગામનુ પાણી નબળું હોય તો તેને ખૂબ ગરમ કરીને ગાળી નાંખવું અને તે ટાઢુ પડે ત્યારે પીવુ ને ઘણુ ફાયદાકારક છે.

૭. બાળલગ્ન કદી કરવા નહિ મોટી ઉમરે પરણેલા પશ્ચીમ પરસ્પર આપણા દેશનો ઘણુ બાળલગ્નેજ કારણો છે દેશના લોકો દુર્બળ, બાયલા કુંભી કાયરતા, તથા ધંધાને માટે રખડતા થયા તેનું મુખ્ય કારણ બાળલગ્ન છે, માટે કદાપિ પુત્રને કરી બાળલગ્ન કરવા નહિ.

ઉપર કહેલા નિયમો પ્રમાણે જે માણસ ચાલે તે ઘણું વરસ જીવી શકે છે ને તેનું શરીર હમેશા નીરોગી રહેછે કાલગાતો માણસનું આયુષ્ય ૧૦૦વરસનું ગણાયછે પણ ઘણું તો આશરે૭૦ વરસ જીવે છે. પણ વિલાયતમાં થોમ્સ પારનામનો એક મજૂર ૧૫૦ વરસના થઇ મરણ પામ્યો હતો ને તે ૮૦ વરસની ઉમ્મરે તો પહેલીવાર પરણ્યો હતો. વળી જુના ટાયુમાં જેકારેન નામનો શખ્સ ૧૮૦ વરસની ઉમ્મરે પહોંચ્યા પછી મરણ પામ્યો હતો હેરી જેન્કીન્સન નામના માણસે કોર્ટમા સાક્ષી આપતી વખતે ૧૫૦ વરસની બનેલી વાત કહી હતીને તે ૧૬૯ વરસની ઉંમરે પહોંચીને મરણ પામ્યો હતો આ ઉપરથી સ્પષ્ટ છે કે આપણા દેશના લોકો ઉપર પ્રમાણે વર્તશે, તો તેઓ પણ લાંબું આયુષ્ય ભોગવશે, તેમાં કાંઈ શક નથી. યુરોપખંડના લોકો ઉપર પ્રમાણે વર્તે છે તેથી તેઓ લાંબું આયુષ્ય ભોગવે છે.

કેટલાક લોકો કહેછે કે હાલના વખતમાં એટલા બધા વરસ કોણ જીવેછે ? તો તેનો જવાબ એ છે કે જો ઉપર કહેલા નિયમોનું જરા પણ ઉલ્લંઘન ન કરતાં તે પ્રમાણે વર્તે તો સોથી આયુષ્ય અટકવા જોગવાઇજ. ઇંગ્લંડ દેશના લોકો ૪૦ વરસની ઉંમર સુધી તો પરણતાજ નથી. અને આપણા દેશનો ૪૦ વરસની ઉમ્મરનો માણસ મરી જાયછે. માટે કેટલિતલિંતે આ યુરોપની રીત એ છે કે પોતે ઉપર પ્રમાણે વર્તી, બીજાને તેનો બોધ કરી દેશને અધોગતિમાંથી ઉચ્ચ સ્થિતિમા લાવવાની પૂરી કાળજી રાખી જોઇએ.

कोरिया द्वीपकल्पना सप्त चमत्कार.



૧ મુસિમા ટાપ કોરિયા દિશ ના નાગાસેા નામના શહેર પાસે એક ઉપદ્વીપનો ભાગ છે તે કેટલે એવાં અનિજ દ્રવ્ય છે કે તેના રસની મેળવણીથી બધા ઉપદ્વીપને આગે અદ્વિતિય ઔષધિરૂપ કરેલે. છે ત પણ ત્યાના લોકોનુ એવુ કહેવુ છે કે ગમે તેવો રોગ હોય તોપણ આ ઝરણાના એક બિંદુના પ્રાશનથી તેનો પરિહાર થાય છે. બીજો ચમત્કાર એવો છે કે કોરિયામાં એક બીજાથી બધા અતરે બે ઝરણ પ્રવહે છે. તેનો એવો ચમત્કાર છે કે એકનું પાણી કોઇ વખતું ધર્યા બીજા પાણીમા પણ તેમ થાય છે. તેમની વચ્ચે ભૂમિમાત એવો કોઇ જલપ્રવાહ માર્ગ કરી તો તેમ પણ નથી, કારણ, એક પ્રવાહનું પાણી કડવું અને ગંદુ છે અને બીજાનું સ્વચ્છ અને મધુર છે ત્રીજો ચમત્કાર એક ગુફાનો છે આ ગુફામાથી ભેટમા કરી વાયરો નીકળ્યા કરેછે કે તે વાયરા ગમેણ દિવાસમ વર્ષ ઉપરની ટાઢ કંઇ હિલાળમા નથી અને ગુફામાથી પવન એટલા જોરથી નીકળે છે કે મોટા બળવાન માણસ પણ તો હલો રહી શકે નહિ ચોથો ચમત્કાર એક અરણ્ય વિષે છે તે અરણ્યમાં જે વૃક્ષો આવેલાં છે તેમને અંગે એવો ગુણ છે કે તેમનો મૂળ ગમે તેટલાં ઉખન કરીએ તોપણ તે વૃક્ષ પોતાની મેળે વધ્યાજ કરે છે અર્થાત આ અરણ્યની બધા ઝાડો કોઇ કાપી નાખવાને પ્રયત્ન કરે તો તે કરી સહેલ થવાનો નહિ. વૃક્ષનું મૂળ કાપી નાખીને તોપણ વૃક્ષ વધે છે એ મહા આશ્ચર્યની વાત છે પાચમો ચમત્કાર-કોઇ પણ આધાર સિવાય અદ્ધર રહેલો એક પત્થર છે. તેનો આકાર બહો મોટો છે તેમ છતા તે હવામા અદ્ધર રહેલો છે. તે તરફ જોઇ વિચારતાની સાથેજ કૃતિનુ નહિને આશ્ચર્ય લાગેછે. પણ વાસ્તવિક જોતાં તેમાં આશ્ચર્ય માનવાનું કંઇ નથી, કારણ જોવે પત્થરને સપુટના દરવાજા તેનાથી હવામાં તરાવવાનું અશક્ય થતે વાત ? છઠ્ઠો ચમત્કાર એવો છે કે એક પર્વતના શિખર ઉપર એક લાલ પત્થર છે, તે હમેશાં દેવતાની માફક તપ્ત થયેલો રહેછે. આ જોઇ અજ્ઞની કોક પણ જ અશ્ચર્ય પામે છે પણ સજ્ઞાન કોક એટલે ભૂગર્ભશાસ્ત્રને જાણનારને તેમાં કંઇ આશ્ચર્ય લાગતું નથી. કારણ જવાળાંત પર્વતપર એવા ચમત્કાર બહા હોયછે. સાતમો ચમત્કાર એવો છે કે ત્યાં બુદ્ધનું એક દેવાલય છે. તેમા તેનું એક ધર્મ સિદ્ધ છે. તે દેવાલયની આસપાસ એક એવો વિલક્ષણ ચમત્કાર છે કે ૩૦ ચમલાની દરમા એક પાસનું તણખલું કે વનસ્પતિનો અંકુર પણ ઉત્પન્ન થતો નથી.

N.

મોટા માણસોની વસ્તુની કિંમત.

સર એઝાક ન્યૂટન નામે એક મોટો તત્વવેત્તા ઇંગ્લાંડમાં થઇ ગયો, તેણે ગુરૂત્વાકર્ષણનો નિયમ શોધી કાઢ્યો. તેનો એક દાંત ઇ. સ. ૧૮૧૬ માં એક ગૃહસ્થે ૩૧૦૦ રૂપીએ વેચાતો લીધો અને તેને તેણે પોતાની બીટીગા હીરાને ઠેકાણે બેસાડ્યો.

ઇંગ્લાંડના પહેલા ચાર્લ્સ રાજાને શિરચ્છેદ કરી મારવામાં આવ્યો તે વખતે તેણે હાથમાં જે પ્રાર્થના પુસ્તક લીધું હતું તે લંડન શહેરમાં ઈ. સ. ૧૮૨૫ માં ૧૧ હજાર રૂપીએ વેચાયું.

ઇટલીની લડાઇમાં નેપોલિયન બોનાપાર્ટે જે ટોપી પોતાને ભયે પહેરી હતી. તે ઇ. સ. ૧૮૩૫ મા પારીસ શહેરમાં ૧૬૨૦ ફ્રાન્ક એટલે ૮૦૦ રૂપીએ વેચાઇ. તેની કિંમત પ્રથમ ૫૦૦ ફ્રાન્ક હશાવી હતી. તે લેવાને ૩૨ જણા તૈયાર થયા સ્પર્ધાથી એટલી કિંમત વધી.

પલંતુવની લડાઇમાં બારમા ચાર્લ્સે જે અંગરખું પહેર્યું હતું તે તેની સાથેના એક અમલદારે સંભાળી રાખ્યું હતું. તે ઇ. સ. ૧૮૨૫ માં ૫૬૧૦૦૦ ફ્રાન્કે વેચ્યું.

ઇ. સ. ૧૮૦૨ માં ઇંગ્લાંડ અને ફ્રાન્સ વચ્ચે ફ્રાન્સ દેશના આમિન્સ ગામમાં સંધી થઇ, ત્યાં ફ્રાન્સ તરફે નેપોલિયન બોનાપાર્ટ હતો. તે વખતે તહનામા ઉપર સહીઓ કરવાને જે બે કલમો લીધી હતી, તે ઇ. સ. ૧૮૨૫માં પાંચ હજાર રૂપીએ વેચાઇ.

જર્મન તત્વવેત્તા કાન્ટ એક વાળની ટોપી પહેરતો, તે તેના મૃત્યુ પછી ૨૦૦ ફ્રાન્કે વેચાઇ.

ફ્રેન્ચ તત્વવેત્તા વોલ્ટેર હાથમાં જે લાકડી રાખતો તે તેના મૃત્યુપછી ૧૦૦ ફ્રાન્કે વેચાઇ.

શિવાજી મહારાજે અફજલખાનને જે વાઘનખ વડે મારી નાખ્યો તે વાઘનખ વિલાયતના પદાર્થસંગ્રહાલયમા છે.

શિવાજી મહારાજ જે ભવાની તરવાર હમેશાં પોતાની પાસે રાખતા તે હજુ સુધી સતારાના મહારાજ પોતાના દેવોમા રાખી તેની પૂજા કરે છે. (બાળબોધ પુ.૧૨.અંક ૧૨).

N.

गायकवाड सरकारनुं देशी केळवणीखातुं.

देशी केळवणीखातानी मराठीशाळाओ माटे आजे जानेआरी तथा फेब्रुआरी सन १९०९ सुधीमां नीचे जणावेलां मराठी पुस्तको इनाम तथा लायब्रेरी माटे मंजुर करवामां आव्यां छे.

अनुक्रम नंबर	पुस्तकनुं नाम.	कर्ता अगर प्रगट करनारनुं नाम.	किंमत.		
			रु.	आ.	पा.
		इनाम माटे.			
१४६	एकादश एकादशी इत्यादि अवतार तीर्थ व्रतोद्यापनादि कल्पनुं उद्यापन.	कोंडदेव व्यंकोबाप आत्माराम गोखले मुकाम गिरगाम इन्दीपन करमेणी.	•	८	•
१५०	राम अवतार.	इन्दापुरी दत्तात्रय सीताराम अर्थात् आप्पा बोळवा किर्लोस्कर.	•	१२	•
१५१	ईश संवाद.	सदर.	•	१	•
१५२	रामकथामृत. भा. २	अच्युत विनायक इनिट. सदाशीव पेठ पुणा.	१	८	•
१५३	धीनामदेव नाटक.	बापुदेव रंगनाथ शिरवळकर हालसुल ठेवर पुणा नेटीव इन्डी-टयुशन.	१	•	•
		लायब्रेरी माटे.			
४१२	एकादश एकादशी इत्यादि अवतार तीर्थ व्रतोद्यापनादि कल्पनुं उद्यापन.	कोंडदेव व्यंकोबाप नारायण गो खले मुकाम गिरगाम इन्दीपन करमेणा.	•	८	
४१३	रामकथामृत भा. २	अच्युत विनायक इनिट सदाशीव पेठ पुणा.	१	८	•
४१४	धीनामदेव नाटक.	बापुदेव रंगनाथ शिरवळकर हालसुल ठेवर पुणा नेटीव इन्डी टयुशन.	१	•	•

ता. ११ माहे मार्च सन १९०५.

J. A. DALAL.
विद्याधिकारी.

P. M. D.

પુરુષ શિક્ષણપદ્ધતિ પાઠશાળાનો અભ્યાસક્રમ.

દેશી કેળવણીખાતાના ટિપ્પણ નંબર ૯૨ તા ૧૫-૨-૧૯૦૫ લગત થએલા ઠરાવના તા ૨૪-૨-૧૯૦૫ ના હુકમ મુજબ પુરુષ શિક્ષણપદ્ધતિ પાઠશાળાનો અભ્યાસક્રમ મુકરર થએ આવ્યો તે લાગતાવળગતાની માહિતી માટે આ નીચે પ્રસિદ્ધ કરવામા આવે છે —

પહેલું વર્ષ.

૧ ગણિત

અ અંકગણિત —હરગોવિંદદાસકૃત મોટું અંકગણિત પોરબુ છઠ્ઠાના અભ્યાસનું પુનરાવર્તન.

બ અક્ષર ગણિત—દલાલકૃત અક્ષર ગણિતના મૂળતત્વોમાંથી પહેલો ભાગ.

ક ભૂમિતિ—દલાલકૃત ભૂમિતિના મૂળતત્વોમાંથી પહેલા ૨૬ ધની પ્રતિજ્ઞા ૩૨.

૨ શાસ્ત્ર

અ નિત્ય વ્યવહાર—ડૉક્ટર ધનજીશા મહેતાકૃત તનદુરસ્તી અને તે સાચવવાના સાધનો તથા સેનિટરી પાઠભરમાંથી શાળામાં શિક્ષક અને વિદ્યાર્થીઓની આરોગ્યતા સાચવવા સંબંધીનો ભાગ.

બ પદાર્થવિજ્ઞાન—જૅન કુક કૃત પદાર્થવિજ્ઞાનમાંથી નવમા પ્રકરણ સિવાય પહેલા દસ પ્રકરણ

૩ ચિત્રવિદ્યા.

અ હસ્તાવલેખન.

બ કર્ત્તવ્ય ભૂમિતિ—બર્ચેટકૃત કર્ત્તવ્ય ભૂમિતિના મલવતરામકૃત ભાષાન્તરમાંથી.

૪ ખેતી.—"Voelchle's Indian Agriculture, Government of India" નું ભાષાન્તર થતા સુધી મહિપતરામકૃત ભૂસ્તર વિદ્યામાંથી ઉપયોગી ભાગ તથા બગીચા, ઓજાર વગેરે ખેતી સંબંધી જ્ઞાન.

૫. ગુજરાતી ભાષા—

અ વાચન—નર્મગદ્યનો પહેલો ભાગ

બ કવિતા—નળાખ્યાનમાંથી પસંદ કરેલો ભાગ તથા મુખપાઠ લીટી ૨૦૦ પસંદ કરેલી.

ક વ્યાકરણ—હરગોવિંદદાસકૃત વ્યાકરણમાંથી વાક્ય અને વાક્યપ્રયોગ તથા દલપતરામ કૃત પિંગળનો ભાગ.

ક નિબંધ—નવલરામ કૃત નિબંધમાળા અથવા બીજા કોઇ યોગ્ય પુસ્તકમાંથી

૬. સંસ્કૃત—સંસ્કૃત પ્રથમ પુસ્તક પૂરું તથા નવલરામકૃત સરળ વ્યુત્પત્તિ પાઠ પૃષ્ઠ ૬૦.

૭ ઈતિહાસ—મહીપતરામકૃત ઇંગ્લાંડનો ઇતિહાસ તથા ગ્રીસ અને રોમનો ઇતિહાસનો પાઠો તથા હંટરકૃત હિંદુસ્તાનનો ઇતિહાસનું પુનરાવર્તન

૮. શિક્ષણશાસ્ત્ર અને શિક્ષણકલાવિજ્ઞાન તથા શાળાની વ્યવસ્થા.

ક શિક્ષણશાસ્ત્ર—મહીપતરામકૃત કેળવણી પ્રકાર તથા શિક્ષાપદ્ધતિમાંથી.

ખ શિક્ષણકલાવિજ્ઞાન—ક્ષિતિપાઠ અને [હરગોવિંદદાસકૃત કેળવણીનું શાસ્ત્ર અને કલા ભાગ ૨ જા માંથી.

ક શિક્ષણનું કામ—શિક્ષણાનુભવશાળામાં વર્ગ લેવાનું.

ક શાળાના દફતર સંબંધી કામ [દેશી શાળાખાતાના નિબંધમાંથી. તથા ત્રિભની માહિતી.]

૯. કરારત.

બીજું વર્ષ.

૧ ગણિત.

ક અક્ષરગણિત—બીજું સમીકરણ (Simple Equations) સુધી.

ખ માપકરણ—મહિપતરામનું માપકરણનું પ્રથમ પુસ્તક-રેખા પૃષ્ઠ તથા ઘનનું માપ.

ક ભૂમિતિ—દલાલકૃત ભૂમિતિના રૂપ ૧ તથા ૨.

૨. શાસ્ત્ર

ક પદાર્થવિજ્ઞાન—જૈન કુંવરકૃત પદાર્થવિજ્ઞાનમાંથી પ્રકરણ ૧૨ અને ૧૩.

ખ રસાયન—મહિપતરામકૃત રસાયનવિદ્યાપ્રવેશ અથવાળી.

ક ખગોળવિદ્યા—ગોકળદાસ કુંવરકૃત ખગોળવિજ્ઞાન ગુજરાતી અધ્યયનમાલા (મહિપતરામકૃત).

૩. ચિત્ર

ક હસ્તાવલેખન અને મેપરી ડ્રોઇંગ.

ખ કલર ડ્રોઇંગ

૪. ખેતી—પાઠ, ક્ષેત્રફળ અને ખેતરની વ્યવસ્થા.

૫. ગુજરાતી.

અ વાચન—કુસુમાવલી, ઉત્તર રામચરિત, સરસ્વતીચંદ્ર, અસ્તોદય અને કરણઘેલો (એ પૈકી કોઇ એક અથવા બેમાંથી પસંદ કરેલો ભાગ).

બ કવિતા—નર્મ કવિતા, કુસુમમાળા, તથા લક્ષ્મીશા પૈકી કોઇ એકમાંથી પસંદ કરેલો ભાગ.

ક નિબંધ.

૬. સંસ્કૃત.

અ બીજી ચોપડી—પાઠ ૧ થી પાઠ ૧૨.

બ હિતોપદેશ—પૃષ્ઠ ૪૦.

ક શબ્દવ્યુત્પત્તિ—નવલરામકૃત શબ્દવ્યુત્પત્તિ ભાગ ૨ જો અથવા પંડિતકૃત અપભ્રષ્ટ શબ્દ પ્રકાશ.

૭. ઇતિહાસ—ફ્રીમનકૃત જનરલ સ્કેચ ઑફ યૂરોપિયન હિસ્ટરીનો પસંદ કરેલો ભાગ.

૮. શિક્ષણશાસ્ત્ર અને શિક્ષણકલાવિજ્ઞાન તથા શાળાની વ્યવસ્થા.

અ શિક્ષણશાસ્ત્ર—કેળવણીના પ્રકાર તથા શિક્ષાપદ્ધતિમા જે ભાગનો સમાવેશ કરવામા આવ્યો છે તે ઉપરાંતનો ફાઉલર કૃત ડિસિપ્લીન અને ઇન્સ્ટ્રકશનનો ભાગ તથા હરગોવિંદદાસ કૃત કેળવણીનું શાસ્ત્ર અને તેની કલા ભાગ ૧ માંથી

બ શિક્ષણકલા વિજ્ઞાન—કથિતપાઠ અને હરગોવિંદદાસકૃત કેળવણીનું શાસ્ત્ર અને તેની કલા ભાગ ૨ માંથી

ક શિક્ષણક્રમ—શિક્ષણાનુભવશાળામા વર્ગ સોંપવાનુ કામ

ડ શાળાના દફ્તર સંબંધી કામ તથા નિયમની માહિતી. } દેશી રાજ્યોના નિયમોમાંથી.

૯. કસરત.

હંસાભવન
વડોદરા તા ૧ એપ્રીલ ૧૯૦૫.

Rajbhai M D.
પ્રિન્સિપાલ—હંસાભવન.

જાહેરખબર.

પુરુષ શિક્ષણ પદ્ધતિ પાઠશાળાની પ્રવેશક પરીક્ષા વડોદરામાં કલાભવનના મકાનમાં ગુરૂવાર તા. ૧ જુન સન ૧૯૦૫ ને રોજ લેવાની છે તેનો કાર્યક્રમ નીચે પ્રમાણે રાખવામાં આવ્યો છે.

વિષય.	તપસીલ.	ગુણ.	પરીક્ષાનો વખત	રીમાર્ક.
૧ ગુજરાતી ભાષા.	(૧) અપ તથા પદની અણછુતી શબ્દાર્થ, અન્વય, વ્યુત્પત્તિ, વ્યાકરણ અને નિબંધ વગેરે ગુજરાતી ભાષાના સામાન્ય જ્ઞાનનો પ્રશ્નપત્ર.	૧૦૦	ગુરૂવાર, તા ૧ જુન ૧૯૦૫ ઈ. પોરના ૧૨થી ૩-૦.	તમામ કુમેદવારોએ સવા અગીયાર વાગતાં પ્રવેશ કલાભવનના મકાનમાં આવી હાજર થવું જોઇએ.
	(૨) મોંઢાની પરીક્ષા, વાચન, વાંચેલા પાઠના ભાવાર્થ, તથા વિદ્યાનો મુખપાઠ.	૫૦	કયા કુમેદવારની કયા વખતે વારો આવશે તે બાબત પરીક્ષાના રૂપરે સૂચના લગાડવામાં આવશે	
૨ ઇતિહાસ, ભૂગોળ.	ઇતિહાસ, ભૂગોળ તથા ભૂતળ.	૧૦૦	શુક્રવાર તા ૨ જુન ૧૯૦૫ ઈસવે રના ૧૨થી૩-૦	
૩ ગણિત.	(૧) અંકગણિત.	૧૦૦	શનિવાર, તા. ૩ જુન ૧૯૦૫ ઈ. પોરના ૧૧થી૨	
	(૨) ભૂમિતિ.	૫૦	શનિવાર તા. ૩ જુન ૧૯૦૫ ઈ પોરના ૩ થી ૫.	

કલાભવન, વડોદરા.
તા. ૩ એપ્રીલ ૧૯૦૫.

Raojibhai B. D.
પ્રિન્સિપાલ-કલાભવન.

વીશમી સદીની અજાયબી.

શ્રીમદ્ ભાગવત ભાષાન્તર.

શ્લોકે શ્લોકનું શુદ્ધ સરળ ગુજરાતી ભાષાન્તર, શ્લોકના અંક સહિત, આરે રહેવે સંપૂર્ણ, દાગણ ટનેજ, અક્ષર મોટા, સુંદર છાપ, મનોહર ૧૬ મોટાં ચિત્રો અને નાના પેટા ચિત્રો, મોટી સાઇઝના ૧૦૦૦ પાના અને સુંદર મોનેરી નામો પાકેલા રેશમી પૂંઠાવાળું ભાગવત એક મહિના માટે ફકત રૂ. ૨) થી મળશે. પછીથી રૂ. ૩) પડશે. ચોરસે જુદું.

ભાવપ્રકાશ.

પૂર્વ, મધ્ય અને ઉત્તરખંડ સંપૂર્ણ મૂળ શ્લોક સહિત ગુજરાતી ટીકામાં છાપેલો. કાગળ, છાપ, અને પૂઠાં વગેરે સુંદર છે વૈદકનો ચા અર્વથી બહોળાજ ઉત્તમ ગ્રંથ છે. એની બરાબરી કરે એવો બીજો એક ગ્રંથ નથી. દવાઓ બધી અકસીર અને અનુભવ સિદ્ધ છે. મોટી સાઇઝના ૧૪૦૦ પાનાં છે. તેના બે ભાગ પાડી બે પુસ્તક બાંધ્યાં છે. બન્ને ભાગના મળીને રૂ ૫) ફકત એક મહિનાને માટે રાખ્યા છે. પાછળથી રૂ. ૧૦) પડશે. ટપાલ ખર્ચ જુદો.

વધુ વિગત માટે સૂચીપત્ર મંગાવવું બધી જાતનાં પુસ્તકો મળશે.

(૪) ઇશ્વરભાઈ ઉમેદભાઈ પટેલ.

પુસ્તકાલય—રીચીરોડ—અમદાવાદ

જાહેરખબર.

બાળકોને ઉમર પ્રમાણે સાથે મૂળાક્ષરનું જ્ઞાન આપનાર "ચિત્રબોધ" મુંબઇ સરકારે ઇનામ અને લાઇબ્રેરી માટે તથા ગાયકવાડ સરકારે લાઇબ્રેરી માટે મંજુર કરેલું છે. કી. ૦-૧-૬ પોસ્ટેજ રૂ. ૦-૦-૬

મૂળાક્ષરના મૂળતત્વોની પેટી—સરકારે સ્કુલોમાં વસાવવા મંજુર કરીછે કી રૂ ૦-૧-૦ પોસ્ટેજ રૂ. ૦-૦-૬ ત્રીસ કે વધુ ખરીદનારને પોસ્ટેજ માફ.

અભિપ્રાય ઉદાહરણ આકર્ષક અક્ષરો.

વિચાર અને તર્કશક્તિ ઉપાડનાર રેવાશંકર જટ્ટ કૃત ગણિતના દળદાર દાખલા જે કી મંગાવ રૂ. ૦-૧૨-૦ છે. તે અમલ કર્યા છે તથા તેની રીતિ કૃતિનાં ચુકવાણા સાથે ચોપડી મુદ્રણમાં છપાઇ બહાર પડશે; માટે જે અગાઉથી માહક થઇ તા ૩૦ મી સેપ્ટેમ્બર સને ૧૯૦૫ પહેલા નામ, ક્રમ નીચે લખેલે ઠેકાણે નોંધાવશે, તેમને અધી કીમતે રૂ ૦-૧૨-૦ ટપાલથી આપવામાં આવશે. પછીથી સેન રૂપે રૂ. ૧-૪-૦ આપવા પડશે.

ઠેકાણું, ગુજરાત વર્નાકયુલર સોસાયટી-અમદાવાદ.

રા. રા. ગોવાલદાસ નરભેરામ કેળવણી પત્રના મેનેજર—ચરોતર.

રા. રા. પ્રાણજીવન નારાયણ હાઇસ્કુલ, ડેપ્યુટી સ્કુલ—રાજકોટ

જોષીયાઇ મહાદેવ જોષી ટેમ્પલસ્ટ્રીટ, મેસર્સ રાજ-ધંધુકા.

(૫)

કેળવણી.

દોધકવૃત્ત.

અર્થ મળે વળી ધર્મ સચાયે, જ્ઞાન મળે સનમાન પમાયે;
મીતિ વધે પમરે જગ સારો, એ શિશુશિક્ષણ ધર્મ અમારો.

પુસ્તક ૧૭ મું. જયેષ્ઠ. સંવત્ ૧૯૬૧. અંક ૮ મો.

દર્શન.

અભ્યાસ અને ઉમ્મર.—" આપને જે આપની પત્રિકાનો સુધારો કઢાવી લીધો છે તે જોતા, આજકાલ ઘણીખરી પાઠશાળાના આપનાર્થી ૬ અગર આપવામાં આવે છે અને જે તે આગળમાં આપવા આવે છે. મારા પોતાના પણ આપની વિદ્યાર્થીઓને કેટલી ઉમ્મરે કેવી કેળવણી આપવામાં આવે છે તેનો આખ્યા દેશ સાથે મુકાબલો કરી બતાવ્યો છે, જે આપણા જોવા છે. તે ઉપર છે કે, આપણિક શાળામાં પ્રવેશ વર્ષની ઉમ્મર પછી અભ્યાસ કર્યો સિવાય, અને વીસ વર્ષની ઉમ્મર પછી તેવાયો પહેલી શાળામાં મહીને કેટલ આસ વિષયના અભ્યાસની પરીક્ષા પમાર્યા સિવાય કે પ્રમાણની વિદ્યાર્થી ખીને ગ્રેજ્યુએટ થવા દેવામાં આવતો નથી. સાધારણ રીતે આપની વિદ્યાર્થી છવીસ વર્ષનો પછી ગ્રેજ્યુએટ થતો નથી. હિંદી વિદ્યાર્થી પદર વર્ષની ઉમ્મરે મેટ્રીકયુલેટ થઈ અને જો ઉમ્મરે આપની વિદ્યાર્થી ૬૭ વિદ્યાર્થીમાં બારમો કરો નેટમાં તો તે ગ્રેજ્યુએટ થયે " એનેજ મળતો અભિપ્રાય બીજા પ્રતિષ્ઠિત ગ્રેજ્યુએટના પત્ર બતાવે છે કે, હિંદી વિદ્યાર્થીઓની બાબતમાં એક મોટું ભારપ્રદ દોષ નાની ઉમ્મર ઉપર વિદ્યાર્થી તે બતાવે છે કે અગર કે ગ્રેજ્યુએટ પદવી ઉમ્મરના છોકરાને માટે થી. જો તો અભ્યાસક્રમ બદલવો નથી. આજ ઘણા આપણી યુનિવર્સીટી શાળા ગોને પણ કેમ્બ્રિજ અથવા લાગુ પડે છે; એટલે વિદ્યાર્થી પૂરા તેર વર્ષના થતા પહેલાં તો કદી પ્રવેશ પમાર કરીને નોકરી કે ધંધા લીધો છે. જો બાપને તેમનું મન દઈ બરાબર પુરું નથી દેતું, તે બાપને તેમનો દેવી આપનો અભ્યાસ ક્રમ પૂરો. આ બાબતમાં આવતે છે—બાપો બાકી રીતે જોતા તેમ છે પોતાના બાળકો ઓછી ઉંમરે વિદ્યાર્થીઓને અમેરિકા અભ્યાસ પૂરો કરવા જેટલાં ખર્ચવા છે પણ તેવી, તથા નોકરીને લાયક ઉમ્મર થયેલી નથી હોતી તેવા, દેખે. પરીક્ષા બે

ચાર વર્ષ સુધી નકામા રખડતા જણાય છે. આમ ન થવા માટે કાં તો છઠ્ઠા ધોરણના અભ્યાસની નવેસરથી રચના કરીને વિદ્યાર્થીઓ બેઠાડ બે વર્ષ શાળામાંજ વધારે રહીને દેશી ભાષાનો અભ્યાસ પૂરો કરે એવી વ્યવસ્થા થવાની જરૂર છે, અથવા જેથી વિદ્યાર્થીઓ સાત આઠ રૂપિયાની નોકરીની પરવા રાખતા કમી થાય એવા રીતે, તેમને દેશી ભાષામાં ખાસ વિષયો શીખવવાની "વર્નાક્યુલર ફાઈનેજ" જેવી સંસ્થા સ્થાપવી કે જેથી નિશાળનું છઠ્ઠું ધોરણ પસાર કરેલા વિદ્યાર્થીઓ તેમાં બે ત્રણ વર્ષ સફળ રીતે ગાળી શકે.

કેળવણીનો પ્રસાર—મે માસનું પ્રોગ્રેસ પત્ર જણાવે છે કે "હિંદુસ્તાનમાં ૬૭ સુધી જોઇએ તેવો કેળવણીનો પ્રસાર થયો નથી. ૧૯૦૧ ના હિંદુસ્તાનની વસ્તી ગણતરીના પત્રક ઉપરથી માલમ પડે છે કે હિંદુસ્તાનમાં જૂદી જૂદી આડસઠ ભાષાઓ બોલાય છે. આ દેશના રહેવાશી લોકને જેઓ અંગ્રેજી બોલે છે તેમની સંખ્યા ૨૫૨૩૮૮ છે. દર પુરૂષોમાંથી એક પુરૂષ અને ૧૪૪ સ્ત્રીઓમાંથી એક સ્ત્રી કોઇપણ ભાષા લખી કે વાંચી જાણે છે. અંગ્રેજી ભાષાનું જ્ઞાન ધરાવનારી સંખ્યા પારસીઓમાં વધારે માલમ પડે છે. બ્રહ્મદેશ એ અંગ્રેજી રાજ્યમાં જોડાયલો સૌથી ઉદ્યોગી દેશ છે તથાપિ તેમાં બોલનારની સંખ્યા ઘણી છે. એમ છતાં ફ્રેંચીન, ત્રાવણકોર અને વડોદરાનાં દેશી રાજ્યોમાં લખી વાંચી જાણે એવા માણસોની સંખ્યા કોઇ પણ બ્રિટિશ પ્રાંતના કરતાં વધારે છે." વડોદરા રાજ્યમાં ચાલતી કેળવણી માટે આ બેઠક ખુશી થવા જેવી બીના છે, એમ છતાં ફક્ત લખી વાંચી જાણવા જેટલી કેળવણીથી આપણે સંતોષ માનવાનો નથી. પ્રજાનું માનસિક, નૈતિક અને શારીરિક બળ વધવાની સાથે આજની કેળવણીમાં આપણે જે ફરવા જેવું છે તે એ છે કે, તેમને શાસ્ત્ય સ્વીકારતા બટકાવવા—તેઓ સ્વતંત્રપણે કોઇ પણ ઉદ્યોગ કરી શકે એવી લાયકી તેમનામાં આણવી. વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં થોડો ઘણો ફેરફાર કરવાથી આ સહજ બની શકવા જેવું છે, અને તેવો ફેરફાર પ્રસંગ મળતાં કેળવણી ખાતું કરશે એવી આશા આપણે રાખી શકીશું.

કેળવણી—સી. એચ. સી. મેગેઝીનના એક અંકમાં એન. સી. રંગા સ્વામીનો લખેલો કેળવણી વિષે એક સારો લેખ છે, જેમાં બે ત્રણ વાતો ઘણી જાણવા જેવી છે. હરબર્ટ સ્પેન્સર નામે વિદ્વાનના લેખમાંથી ઉતારો આપતાં તે લખે છે કે "ગતે લિધાવ્યાસ કરતાં કેળવણી શબ્દ વધારે પસંદ છે, કેમકે સમરણના ખજાનામાં જ્ઞાનનો સંચય કરવા કરતાં મનને કેળવવું વધારે ઉપયોગી છે, અભ્યાસ કરવામાં પડેલો વખત ઢાંકવો એ આળસ છે; આકારને માટે તેનો ઉપયોગ કરવો એ ઠાઠ છે; કેવળ તેનાજ નિયમોને અનુસરીને મત બાંધતાં શીખવું તે 'વિદ્યાર્થીપણું છે.' "બંધાબારી માણસો વિદ્યાભ્યાસને દોષ આપે છે, સારા માણસો તેને વખાણે છે અને ડાહ્યા માણસો તેનો ઉપયોગ કરે છે." "આપણો અભ્યાસ એ બરાબ રહેવાની કે આરામ લેવાની ઓરડી નં જોઇએ; અથવા એકલાં વિહાર કરવાનો બાગ ન જોઇએ; અથવા જેના ઉપર ઉભા રહી નીચે બીજાઓને નિહાળવા કરીએ એવો મિનારો ન જોઇએ; અથવા જ્યાંથી બીજા સાથે આપણે ટસર લડ શકીએ એવો કિલ્લો ન જોઇએ; અથવા વેપાર કરવાની દુકાન ન જોઇએ; પણ તે ઉમદા શસ્ત્રાગર, અને જીંદગીની ઉત્તમ વાસનાઓ તથા જગતકર્તાની કીર્તિનો સંગ્રહ કરવાના ભંડારરૂપ જોઇએ."

પ્રાથમિક કેળવણી બાબતના આપણને આંકડા આપે પ્રકાશે છે. વિશેષમાં તે જણાવે છે કે ગાયકવાડનું મન એક જંગલી અને નહિ કેળવેલા ઘોડા જેવું છે, તેથી કેળવણી પ્રીતું પડેલું અને મુખ્ય કર્તવ્ય એ છે કે મનને કેળવવું. આવી રીતે કેળવણી સંબંધે બધા વિદ્વાનો મનની જુદી જુદી વૃત્તિઓનો વિકાસ કરવાની આવશ્યકતા વિષે અને રમણભાઈ પર વિશેષ બોજો નહિ મૂકવા વિષે એક મત થાય છે એમ છતાં એ વિષે મતભેદનો મુદ્દારો બતાવ્યા કોઇ વિશેષ આવશ્યક લાગે, તો તે આનુષંગી રીતિયોગ્ય જણાવી શકશે.

શાળાઓમાં ધર્મશિક્ષણ—સરકારી શાળાઓમાં ધર્મનું શિક્ષણ આપવું એ કેટલું મુશ્કેલ છે એ અમે પ્રસંગ પડ્યે વારંવાર બતાવી ગયા છીએ, છતાં એ સંબંધે કેવલ્ય ઍાટસે નામના એક જૂના મતના પાદરી સાહેબનો વાંચનીય લેખ અંગ્રેજી વિભાગમાં પ્રગટ થયો છે. તેમનું કહેવું એમ છે કે આદર્શભરિક શાળામાં નાસ્તિક, આસ્તિક, બ્રહ્મોસમાજી, પ્રાર્થનિક પ્રોટેસ્ટંટ, યુનિટેરિયન, એવા અનેક પંથના લોકનાં છોકરાં હોય છે; અને તેમના વાલીને ફર આપવો પડે છે, ત્યારે જો મત તેમને માન્ય નથી તે મત પ્રમાણે તેમનાં છોકરાંને ધર્મશિક્ષણ શા માટે આપવું જોઇએ? જો ધર્મશિક્ષણ શાળામાં નહિ આપીએ તો બાળકોને નાનપણમાં વેગ્ય સમજણ નહિ પડવાથી ધર્મશિક્ષણ ન મળવાને લીધે ધર્મ સંબંધે આજ કાલ જે અનાસ્થા જોવામાં આવે છે તેના વધારો માત્ર થશે ઇત્યાદિ વિચાર બતાવ્યા પછી પ્રો. ઍાટસે શાળાઓમાં ધર્મશિક્ષણ આપવા માટે જેવો ઉપાય સૂચવે છે કે પ્રત્યેક શાળામાં કયા કયા ધર્મના બાળકો આવે છે તે જોવું અને તેમનો તેમના બાપાએ જે ધર્મ પાળતા હોય તે ધર્મનું શિક્ષણ આપવું.

આવી રીતે બાળકોના ધર્મશિક્ષણની જોગવાઇ કરવાને સરકારી શાળા જોડલી ઇસ્પાત આવશે નહિ, એમ આપણને અટકાવ સૂચના કરવામાં આવે છે, પણ એક આનંદી શાળાની દાખલત પૂનાનું 'જ્ઞાનપ્રકાશ' આપે છે તે ઉપરથી આનંદી શાળાના અધિકારીઓને પણ પોતાની શાળા ઓછા. ધર્મશિક્ષણ આપવું કેટલું મુશ્કેલ છે એ જણાવી આવશે એક આનંદી શાળાના અધિકારી વિદ્યાર્થીઓને ભગવદ્ગીતાના આધારથી ધર્મશિક્ષણ આપવાનો આરંભ કર્યો પણ તે શાળામાં બહુના કેટલ બાળકોના વાલીઓએ તે સામે વાંધો લીધો; તેમણે સ્પષ્ટ જણાવ્યું કે તમારે જો તમારું ધર્મશિક્ષણ અમારા બાળકોને આપવું જ હોય તો અમે અમારાં બાળકોને તમારી નિશાળેથી ઉઠાડી લઇશું શાળાના અધિકારીઓ આવતા જોઇ કામ કરતા ધર્મશિક્ષણ બંધ કરવું પડ્યું! કરવું પડ્યું!

એમ છતાં બંગાલની સરકારી શાળાઓમાં સ્થાનિક નવાબ સાહેબે ધર્મશિક્ષણ બંધ કરું છે અને તેથી કંઇ અત્યંત આનંદી હોય એમ અત્યાર સુધી જણાયું નથી ત્યારે એક મિત્ર અમને લખી જણાવે છે કે સ્થાનિક શાળાઓમાં મુખ્યત્વે કરીને વૈદિક ધર્માનુયાયી હિંદુ અને જૈન વિદ્યાર્થીઓ છે. જૈનના બાળકોને માટે જૈન ધર્મોપદેશકો પણ કરી આપેલા બે પુસ્તકો તથા ગીતાસંપુટ જૈન પ્રશ્નોત્તર ચલાવવામાં આવે છે; અને હિંદુ બાળકો તે બાબતી વિરુદ્ધ સનાતન ધર્મના પુસ્તકોનાં બાબતવારવાર સામાન્ય હિંદુ ધર્મનું જ્ઞાન અપાય છે. આની વિરુદ્ધ જૈનનાં બાળકોપયોગી ધર્મપુસ્તકોનાં બાબતવાર જૈની કેટલાક અમે જોયાં છે અને હિંદુ ધર્મનું લક્ષ

નીતિનું એમ બને પ્રકારનું શિક્ષણ તેમાંથી મળી રહે એવી વ્યવસ્થા તેમાં જોવામાં આવે છે. રવિવાર સિવાય દરરોજ સવારના હાઇસ્કૂલમાં અર્ધો કલાક એ પુસ્તકો ચલાવાય છે. ગુજરાતી ઉપલાં ધોરણોમાં ચાલતાંમાં બે દિવસ ધર્મશિક્ષણ માટે રાખ્યા છે તે ઉપરાંત દર પંદર દહાડે રવિવારે અંગ્રેજી નિશાળમાં તથા ગુજરાતી નિશાળમાં એક શાસ્ત્રી મહાભારત રામાયણાદિના ઐતિહાસિક પ્રસંગોનું વ્યાખ્યાન કરે છે. બંગાલ રાજ્યની શાળાઓનો અનુભવ જોયા પછી બીજાં રાજ્યની શાળાઓમાં પણ તેનું અનુકરણ કરવામાં આવશે તો કાંઇ ખોટું નથી.

सत्य.

(એક અંગ્રેજી કવિતા ઉપરથી.)

હરિગીત.

ભય એ શું? તે સમજ્યા વિના બહુ હર્ષથી બ્હાંઠી કરે–[1]
બાળક યથા નિજમાત સાથે સ્નેહ આણી સંચરે;
તેવી રીતે જન કૈંક એવો ટેક અંતર આદરે,
જનની સમાન ગણી સરવદા સત્યનેજ અનુસરે. ૧

અતિ શુષ્ક તરુથી [2]નિબિડ કંટક વાળિ બીજ વિષે યથા,
તારો તગે તેવું કહે છે સત્યને કૈં જન તથા—
તે બીજના કંટકવડે પગમાથી શોણિત નીકળે,
વા વસ્ત્ર ફાટી જાય અથવા નેત્રમા બળતા બળે. ૨

આવું છતાં તે સત્યનો તેજસ્વી તારો સર્વદા,
નિજના પ્રતિ ખેંચે અને ખેંચાય જન સહિ આપદા,
મૃત્યુની મૂર્ત્તિ જેવી તે બીજને પસારે કરી અને—
અવિષમ સરળ પથે પડેલા હોય વેરી કષ્ટને,— ૩

મુખ હોય યદ્યપિ તેમનાં તે ધ્રુવતણા તારા પ્રતિ,
પણ પૂર્વવત્ હોતી નથી તેના વદનની આકૃતિ;
અવયવતણું પણ રૂપ બહુ દેખાય છે બદલાયલું,
ભટકે અશક્ત છતાય ભાસે અંગ પણ ભેદાયલું; ૪

અવશિષ્ટ પંથે તેમને પળવાનું છે ત્યાં દિન નથી,
તારક તણું પણ તેજ જ્યાં ન જણાય [3]અભ્રાવરણથી;
અંધારી એવી નિશા વિષે છે ગમન કરવાનું છતાં,
ના ફેરવે નરવીર નિશ્ચય સત્યને શરણે જતાં— ૫

---

૧. ઢાંકે. ૨. ઘાડી. ૩. વાદળાના ઘેરાવાથી.

તારા પ્રતિ તું અપ્રમાણિક જો કદાપિ થયો નથી,
તો કોઇને દેવા દગો કાલાન્તરે તું જન્મ્યો નથી;
દિવસાવસાન પછી નિશાએ નિર્વિવાદ પ્રકાર છે,
તેવીજ રીતે વીર વાદવિહીન ઉક્ત વિચાર છે. ૬
મરવાનું હોયે રણ વિષે રિપુગણ વિષે મુદ્દલ રહી,
કે સહન કરી ન શકાય એવું ગુજીતું સંકટ સહી,
તોપણ પુરૂષની જાતિ માટે પ્રાણ કર્યા અર્પાય છે,
નરને નિધનને સારૂ તે રણગ પરમ ઉચિત ગણાય છે- ૭
પામું નિધન આ લોકમાં હું અપ્રસિદ્ધપણે રહી,
અથવા કૃપાળુ અને કલંકી કોઇ કહિ ન શકે કહી;
નિર્દોષ કીર્ત્તિ નાથ આપો નેહની દૃષ્ટિ કરી,
અથવા ન દેશો કીર્ત્તિ એ યાચું નિરન્તર નરહરિ! ૮

દયાશંકર રવિશંકર—ખંભાત.

કિન્ડરગાર્ટન અને પ્રાથમિકશાળાનો ભેદ.

(ઠા. પ્રા. ઉપાધ્યાય બી. એ.)

આપણે કિન્ડરગાર્ટન પદ્ધતિના ભિન્ન ભિન્ન પ્રકારના લાભો વિષે, વિવેચન કરતાં પહેલાં સામાન્ય નિશાળો, અને કિન્ડરગાર્ટનશાળાના ભેદના સબંધમા બે બોલ બોલીશું.

" કિન્ડરગાર્ટન " એટલે શું, તે વિષે આપણે આગળ કહી ગયા. અત્યારની કિન્ડરગાર્ટન શાળાઓ અમેરિકા અને જર્મનીમા રૂપાન્તરથી છે ઇંગ્લાંડમા જે નિશાળો છે, તેનાં ભિન્ન ભિન્ન નામો છે, તે પણ શાળાશાળાને કિન્ડરગાર્ટન વચ્ચે નીચે પ્રમાણે ભેદ જોવામા આવે છે. શાળાશાળામાં બાળકોને આનંદ આવે તેવી રમત દ્વારા સામાન્ય જ્ઞાનનું શિક્ષણ આપવામાં આવે છે પરંતુ કિન્ડરગાર્ટન શાળામાં તો બાળકોને રમતગમત શિક્ષણ આપવામાં આવે છે. કિન્ડરગાર્ટન શાળામાં વાચન, ગણિત તે ભૂમિતિના વિષયોના સાદામાં સાદા સિદ્ધાન્તો શીખવવામાં આવે છે. કારણ કે જ્યાં સુધી બાળકો સાત વરસના થાય છે, ત્યાં સુધી તેમને અક્ષરી જ્ઞાનની શીખવણની ફરજ પાડવાની જરૂર નથી.

અત્યારની કિન્ડરગાર્ટનમા બાળકોને ત્રણ વરસની વયથી દાખલ કરવામાં આવે છે, કારણ કે તે વયે બાળકની કલ્પનાશક્તિ ખીલવા લાગે છે. જ્યારે બાળક છ વરસનું થાય છે, ત્યારે વિચારશક્તિ પ્રાદુર્ભાવ પામે છે. તેઓ તેનો ઉપયોગ, સરખામણી અને વસ્તુનું વર્ગીકરણ કરવામાં કરે છે. આ વયે બાળકોને વાંચન, લેખન, ડ્રોઇંગ અને આકાર, ૬૬ વર્ગીકરણ કરવામાં કરે છે.

અને સંખ્યાના ભેદોનું જ્ઞાન આપવાથી તેમના મગજને કશી પણ હાનિ પહોંચશે નહિ. બાળકને છ વર્ષે સુધી રમતાં શીખવવું અને ત્યાર પછી ભણતાં શીખવવું જોઇએ.

પેસ્ટેલોઝાઇના જન્મ પહેલાં મનુષ્યની શરૂઆતની કેળવણીનાં બે મુખ્ય આધને ગણાતાં હતાં:–૧ ગૃહ, ૨ શાળા. પેસ્ટેલોઝાઇ અને તેના શિષ્ય ફ્રોબેલના પ્રયાસથી એક ત્રીજું સાધન વધ્યું. તેનું નામ કિન્ડરગાર્ટન શાળા. બાળક છ વરસ સુધી બાળક માતાની દેખરેખ નીચે ને ત્યાર પછી જ્યાં સુધી બાપ્ત ઉમ્મરનું થાય ત્યાં સુધી શિક્ષકની દેખરેખ નીચે વ્યવહારોપયોગી કેળવણી લેવું. ફ્રોબેલે તે અવસ્થાના ત્રણ ભાગ કર્યા ૧ ત્રણ વર્ષ સુધીનાં બાળક માટે ગૃહ–ત્રણથી સાત વર્ષની ઉમ્મરનાં બાળક માટે કિન્ડરગાર્ટન અને સાતથી મોટાં થાય ત્યાં સુધી શાળા.

બીજો ભેદ એ છે કે ઈંગ્લાંડની બાળશાળા તો માત્ર ગરીબ બાળકો માટે છે પરંતુ કિન્ડરગાર્ટન તો ગમે તે સ્થિતિનાં બાળકોને અનુકૂળ થઇ પડે તેમ છે. વિશેષ કરીને જે બાળકોને માબાપ અથવા આયાની દેખરેખ નીચે રહેવાનું હોય છે તેને માટે તો આ શાળા બહુજ ઉપયોગી છે.

ત્રીજો ભેદ એ છે કે બાળશાળામાં તો નાનાં મોટાં છોકરાં સાથે ભણે છે; પરંતુ કિન્ડરગાર્ટન શાળામાં એક સમાન વયનાં બાળકોજ રમે છે. બાળકોને ઉત્તમ જ્ઞાન આપવાનો સારો રસ્તો તેના વયના બાળકોનો સહવાસ છે.

હવે આપણે તે પદ્ધતિના લક્ષો વિષે વિચાર કરીશું. જો કિન્ડરગાર્ટન શિક્ષણનું સંગીત ને સંપૂર્ણ જ્ઞાન આપવામાં આવે તો ઘણા ફાયદા થાય છે. ૧. નીતિસંબંધી. ૨. બુદ્ધિની કેળવણી સંબંધી. ૩. ધર્મ સંબંધી. આ ત્રણ મુખ્ય છે. પરમેશ્વરે બાળકના અંતઃકરણમાં જે શક્તિ મૂકેલી છે, તે બરાબ હોય તોપણ તેને ઘણી દેવાની નથી પરંતુ નઠારી હોય તેને કેળવીને સારી કરવાની છે. આ કામ કિન્ડરગાર્ટનમા કહેવી આ પદ્ધતિ મનુષ્યના લક્ષણ અથવા સદ્વર્તનનો પાયો નાખે છે. અર્થાત્ અંતઃકરણની વૃત્તિઓને ઉચ્ચતમ બનાવે છે.

બાળક જ્યારે જન્મે છે ત્યારે તેનામા માત્ર પશુત્વ હોય છે. તે જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ મનુષ્યપણાનો વધારો થતો જાય છે ત્રીજે અથવા ચોથે વરસે પોતાની આસ્થાની સંપૂર્ણતાના લક્ષનો બાળકના માનસિક ચક્ષુ સમક્ષ સાક્ષાત્કાર થાય છે. માતાપિતા તે લક્ષને પૂર્ણ કરવા માટે બાહ્ય સાધનો પૂરાં પાડે છે. ઈશ્વરે આપેલી ઉત્પાદક શક્તિ ધીમે ધીમે વૃદ્ધિ પામે છે. એમ કહેવાય છે કે જનસમૂહને પણ પોતાની પ્રથમાવસ્થામાં મનુષ્યમાં ઇશ્વરની મૂર્તિ અંતર્ભૂત થયેલી હોય છે એનું જ્ઞાન થયેલું; મનુષ્યના અંતઃકરણમા આ સંપૂર્ણ વ્યક્તિનો જે વિચાર તેજ સર્વ ધર્મનું મૂળ બનાવું છે. ચોથા વર્ષની આખરે બાળકના અંતઃકરણમાં માત્ર આનંદની લાગણી ઉપરાંત સૌંદર્ય પ્રત્યેનો પ્રેમ ઉદ્‌ભૂત થાય છે. બાળક જ્યારે સાત વરસનું થાય છે ત્યારે તેના મનમાં હું કોણ? મને કોણે બનાવ્યું, વગેરે તત્ત્વજ્ઞાનના અપૂર્ણ વિચારો ઉત્પન્ન થાય છે અને તેના નિરાકરણ માટે તે વાક્યવિનોદમાં પોતાના પિતાને પ્રશ્નો પૂછે છે. જુદા જુદા આકારો જોઇવાના મહાવરાથી તેની બુદ્ધિ કેળવાય છે.

કિન્ડરગાર્ટન પદ્ધતિનો ઇતિહાસ ને તેનું ભવિષ્ય.

(કા. પ્રા. ઉપાધ્યાય બી. એ.)

આ શાળા ની સ્થાપના સને ૧૮૪૦ મા બ્લેંકનબર્ગ નામના હરેરમા થઇ નાદાની સ્થિતિને જોઇને આઠ વર્ષ ચાલ્યા પછી તે બંધ થઇ સને ૧૮૫૧ મા પ્રુશિયન સરકારે એવો હુકમ બહાર પાડયો કે ફ્રોએબ્રના સિદ્ધાંત ઉપર ચાલતી શાળા ચલાવવા દેવામાં નહિ આવે આ હુકમનું પરિણામ એ આવ્યું કે શાળા બંધ કરી પડી, પરંતુ તેથી કિન્ડરગાર્ટન સિદ્ધાંતો નાબૂદ થઇ શકયા નહિ અને ૧૮૫૪ માં તે બ્લેંકનબર્ગ પ્રેક્ષ્યાત રોજીસ નામના કુટુંબે આ શાળાની ઇંગ્લંડમા પ્રથમ સ્થાપના કરી આ શાળાના કામ સંબંધમાં દીકરા કરતાં પ્રેક્ષ્યાત બનાર્ડ કહે છે કે—દુનિયામા કદી ન બોલવેની એવી આ નૈકાનિક, બિનાકર્ષક અને તત્વજ્ઞાન ની મૂળસિદ્ધતોની બરાબર અમલબજાવણી ની ઉત્તમ પદ્ધતિ છે. પરંતુ આ પ્રયાસ નિષ્ફળ ગયો. અગર લોકે મેલબિહનમા " ફ્રોબેલ સોસાયટિ " ના નામથી ઓરેખાતી સંસ્થા છે અને બીજિક્ષકોને કિન્ડરગાર્ટન વિષયનું જ્ઞાન આપવાની કૉલેજ છે—પરંતુ હા હજુ સુધી ફ્રોબેલના કિન્ડરગાર્ટન સંબંધના વિચારે ઉંડા મૂળ નાખ્યા નથી. કિન્ડરગાર્ટન પદ્ધતિના સ્થાપક રૂપ મેડમ બ્યુલોએ સને ૧૮૫૫ ની સાલમાં ફ્રેંચ લોકોનુ આ પદ્ધતિ તરફ ધ્યાન ખેચ્યુ અને તે દેશના પ્રખ્યાત કેળવણીકાર ફિ હ્યુહેનો એવો અભિપ્રાય થયો છે કે ફ્રોબેલે ભણુબ્રેન-કેળવણી ના સવાલનો બહુ ઉત્તમ રીતે નિર્ણય કર્યો છે. ઇટલીમાં મરીઆ મોન્ટેસોરીના બાળકોને કેળવણી આપવા માટે કિન્ડરગાર્ટન શાળાઓ સ્થાપી છે. આસ્ટ્રેલિયામા તેવી શાળાઓ સરકારની દેખરેખ નીચે ચાલે છે પરંતુ તે પદ્ધતિનો બહોળો ફેલાવો મેરીકામા અને અમેરિકામા જોવામાં છે અમેરિકામા આ પદ્ધતિને જેઇ જનાર મેડમ બ્યુલોએ છે તે બાલુએ તે પદ્ધતિના શુદ્ધ ને બહોળા પ્રસાર માટે પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું છે આપણા દેશમા પણ તે પદ્ધતિની શરૂઆત થયેલી જોવામા આવે છે. અંગ્રેજી પ્રશાસનમાં તે પદ્ધતિને કેમ પ્રાથમિક શાળામા દાખલ કરવામા આવ્યો છે. મદ્રાસ ને મુંબાઇ ઇલાકામાં તે માટે સારો ઉત્સાહ બતાવવામા આવે છે. પંજાબ પણ આ બાબતમાં પાછળ નથી, ને તે વિષય માટે એક પુસ્તક તૈયાર કરાવે છે.

દુનિયાના જુદા જુદા ભાગોમા આ પદ્ધતિએ પોતાનાં ઉંડા મૂળ નાખ્યા છે. આ બીજને અનુકૂળ પોષણ મળશે તો નિ સંશય આ પદ્ધતિ થોડા સમયમા આખી દુનિયામા કેળવણી ની પદ્ધતિ થશે.

પ્રાણી સંબંધી સામાન્ય જ્ઞાન.

કરોળીઓ.

કરોળીઓ પક્ષી નથી.—કરોળીઓ પક્ષી નથી કેમકે પક્ષીની

પેઠે શરીરના ૩ ભાગને બદલે એને (૧) ડોકું અને છાતી મળીને જોક અને (૨) પેટ એ બે ભાગ હોય છે. ષટ્પદીને ૬ પગ હોય છે પણ કરોળીઆને ૮ પગ હોય છે. ષટ્પદીને બહુ કરી પાંખ હોય છે અને કેટલાકને નથી છતાં તે પૈકી ઘણાક ઉડી શકે છે તેથી મૂળે પાંખ હશે એમ મનાયછે પણ કરોળીઆને પાંખ નથી. કરોળીઆને ષટ્પદી પ્રમાણે અનેક આખ મળી આંખ બની નથી. ષટ્પદીને ફેફસાં નથી પણ નળીથી શ્વાસોચ્છવાસ ચાલે છે ત્યારે કરોળીઆ ફેફસાથી શ્વાસોચ્છવાસ ક્રિયા ચલાવે છે. (કેટલીક જાતના કરોળીઆને નળી હોય છે.)

શરીર રચના—ચામડી સુંવાળી છે તેથી જાળના તાર શરીરને અડકી તૂટી જતા નથી. કરોળીઆને આંકડો હોયછે તે ૨ ભાગથી બનેલો હોય છે. આકડામાં ૧ નળો હોયછે તેમાંથી ઝેર પ્રકારનું ઝેર કાઢી શકે છે. ભક્ષને આંકડો મારી ઝેર નાંખી બેશુદ્ધ કરે છે પણ માણસને તે અસર કરતું નથી.

પગ આઠ છે અને કદના પ્રમાણમાં બહુ લાંબા છે દરેક પગમાં ૭ સાંધા છે. પગને છેડે પંજો હોય છે પાછની બાજુના ૨ પગના પંજાની રચના ફેણના જેવી હોય છે. લાંબા પગથી જલદી દોડી શકેછે. તાર સાફ કરવાને, અનેક તાર એકત્ર કરવાને અને જરૂર પડે તાર તોડી નાખવાને એ પંજાનો ઉપયોગ કરે છે.

પેટની નીચેના ભાગમાં ૪ થી ૮ કોથળી હોય છે. કોથળી લાંબી અને ગોળ હોયછે તથા તેને પુષ્કળ ઝીણાં કાણા હોય છે. આ કોથળી બહુ કરી બીજા કોઇ પ્રાણીને હોતી નથી. કોથળીમાં ચીકણો રસ હોય છે. કાણામાંથી રસ બહાર નીકળે છે. રસને બહારની હવા લાગતા તાર નીકળે તેવો પદાર્થ બને છે.

આંખની ૨ હાર હોય છે તેથી ચોબાજુ બરાબર જોઇ શકે છે. આંખ પર પારદર્શક પદાર્થનું આચ્છાદન હોયછે તેથી પાંપણ મીચ્યા વગર આંખનું રક્ષણ થાય છે.

તારનો ઉપયોગ—તારના યોગે વગર ઇજાએ ઉપરથી નીચે ઉતરી શકે છે, એક ઠેકાણેથી બીજે ઠેકાણે જવાને રસ્તો ન હોય ત્યારે પૂલ પ્રમાણે ઉપયોગ કરી શકે છે અને કોઇક કરોળીઆ લાંબા તાર હવામાં છૂટા મૂકી તે પર ફરી ચે છે. તારનો મુખ્ય ઉપયોગ જાળ બનાવવાનો છે અને કેટલીકવાર ભક્ષ નાશી ન જાય માટે, તેની આજુબાજુ અનેક તાર વીંટી સજ્જડ કરવાનો છે.

જાળ બનાવવાની રીત—જગો પસંદ કરી જગાને એક છેડે જઇ પોતાના શરીરના પાછલા ભાગને છેડે ટેકો દઇ કોથળીમાંથી રસ કાઢી ચોટાડી તાર કાઢી બીજી બાજુએ જાયછે અને ત્યાં તાર ચોટાડે છે અને એ પ્રમાણે વચમાં થોડી જગો રાખી કેટલાક તાર નાખે છે આ તાર એ જાળનો પાયો થાય છે. એનાપર ઘણું વજન પડેછે તેથી મજબૂત કરે છે. એ તારની મધ્યે ગોળ જાળો પાડે છે. રસી હવા લાગતાં રેશમ જેવો તંતુ નીકળે તેવી થાય છે.

શિકાર કરવાની રીત—જાળના મધ્ય ભાગે કે એકાદ ખૂણામાં કરોળીઓ શાન્તપણે બેસી રહે છે. એકાદ જન્તુ જાળને અડકતાં ચોટી જાય છે અને તેની હિલચાલે કરોળીઆને ખબર પડે છે તેથી લાંબા પગે લાગલો દોડી જાયછે. જાળના તાર બહુ ઝીણા અને

આંખના રોગવાળે તેથી બીજું જરાક જરૂરી ઉપાય કરવાનો છે. પ્રાણી ઉપરના રોગ તો ખેંચવાથી મટવા જોઈએ પણ તેની પાસેનો તાર તોડી નાખવો કેમ કે તેમ કરવાથી પ્રાણીની આજુબાજુ તાર વીંટાળી સજ્જડ કરી મેલે અને પછી આકરો મારી વિજ પ્રવાહ બંધ બનાવી મેલવો જોઈએ પણ મોટી ચૂકી મોટે સર્વ મોટી ચૂકી સર્વ ખરાબ એમ આજુએ નાખી દે છે.

કંઈ બનાવો ન મૂકવાં બીજા ઘણા ઉદાહરણો, આકૃતિઓ, ઝાડના થડના વગેરે સુરક્ષિત જગ્યાએ મૂક છે.

[1]રોળાઓ તેની પૂર્તિપરથી બહુ ચતુર, હિંમતવાન, ક્રૂર, ક્રુચ્યો, અને વીરજવાન જણાય છે.

મધુરભાઈ કાપીદાસ.

પદાર્થપાઠ.

(ધો. ૫-૬)

ક્ષેત્રવ્યવહાર.

(ક્ષેત્રવ્યવહારનું પાઠ ન. ૧૬ મું જે શાળાઓમાં હજી ન આવ્યું હોય તેમણે આપી શકાશે).

આમ—ક્ષેત્રવ્યવહારમાં બે ભાગ આવશ્યક પડે છે. એક તો દિશાઓની નિશાનીઓ કરવી જોઈએ પણ બીજું—ક્ષેત્રફળ કાઢવા ગુણવાની રીત છે.

પ્રયત્ન—(ક્ષેત્રવ્યવહારના નમુનાનું પત્રક નં. ૧ બતાવીને) જુઓ આ પત્રક છે આના જેવું બીજું પત્રક બનાવવું હોય તો તમે બનાવી શકો? (ઉદાહરણ દ્વારા કહેવું) ઠીક. બનાવી જાવજો. પણ તમને બનાવવાને સહેલું પડે માટે કંઈ યોજીક યુક્તિ બતાવું છું પ્રથમ એક ગોળ કોરવો અને તેના પરિઘના બરોબર ચાર ભાગ કરીને ત્યાં દર્પણ કરવા. આ દર્પણ એ ચાર દિશાઓ છે અને જાં ઉ, પૂ, દ, પ, એવી નિશાની કરવી. ઉ એટલે ઉ? ઉત્તર. પૂ? પૂર્વ દ? દક્ષિણ અને પ? પશ્ચિમ ઠીક. એમાં ઉત્તર અને દક્ષિણ તથા પૂર્વ અને પશ્ચિમના ત્રિકૂણો બરોબર એક બીજાની સામે આવેલા છે કદમાં કોણ વર્તુળમાં ઉત્તર દિશાને બાકી રહ્યું એમાંનું નથી કોતું, પણ આ આગળ વીરનું આપું પાકેલું કોણ છે કમમાં તેથી એ દિશા સ્પષ્ટ બાજુમાં પડી આવે છે.

હવે ઉ તથા પૂ (ઉત્તર અને પૂર્વ) ની વચ્ચેના ગોળના ગોળા ભાગના બે ભાગ કરી બિંદુ કરી ત્યાં ઇ (ઇશાન) અક્ષર લખવો. અને એજ પ્રમાણે પૂ તથા દ ની વચ્ચે આ (આગ્નેય) લખવો. દ તથા પ ની વચ્ચે ને (નૈઋત્ય) લખવો; તથા પ અને ઉ ની વચ્ચે વા (વાયવ્ય) લખવો

1 બધી ગોપડીમાં કરોળિયાના પાઠમા નહિ આવેલી ઘણી બાબતો આ સ્તવનમાં

હવે ઉ તથા ઈ ની વચ્ચે સરખા ચાર ભાગ ચમવા ત્રણ બિંદુ મૂકીને તેના ઉપર નીચેના અક્ષર લખવા. ઉ ની પાસેના ભાગપર પૂ ઉ (પૂર્વોત્તર); તેની જોડે ઈ ઉ (ઇશાનોત્તર); અને તેની જોડે ઉ ઇ (ઉત્તર ઇશાન); આ પ્રમાણે લખવું.

ઈ અને પૂ ની વચ્ચે પૂ ઇ (પૂર્વ ઇશાન); તેની પછી ઇ પૂ (ઇશાન પૂર્વ); અને ઉ પૂ (ઉત્તર પૂર્વ) અક્ષરો લખવા.

(કાળા પાટિયા ઉપર એક ગોળ દોરી શિક્ષકે આ બધું લખી બતાવવું).

એજ પ્રમાણે પૂ અને આ ની વચ્ચે નીચેના ત્રણ બિંદુઓ લખવા:—

(૧) દ પૂ = દક્ષિણ પૂર્વ.
(૨) આ પૂ = આગ્નેય પૂર્વ.
(૩) પૂ આ =પૂર્વ આગ્નેય.

આગ્નેય અને દક્ષિણ વચ્ચે નીચેના ત્રણ બિંદુ લખવા:—

(૧) દ આ = દક્ષિણ આગ્નેય.
(૨) આ દ = આગ્નેય દક્ષિણ.
(૩) પૂ દ = પૂર્વ દક્ષિણ.

દક્ષિણ અને નૈઋત્ય વચ્ચે નીચેના ત્રણ બિંદુ લખવા:—

(૧) પ દ = પશ્ચિમ દક્ષિણ.
(૨) નૈ દ = નૈઋત્ય દક્ષિણ.
(૩) દ ન = દક્ષિણ નૈઋત્ય.

નૈઋત્ય અને પશ્ચિમ વચ્ચેના ત્રણ બિંદુ લખવા:—

(૧) પ નૈ – પશ્ચિમ નૈઋત્ય.
(૨) નૈ પ – નૈઋત્ય પશ્ચિમ.
(૩) દ પ – દક્ષિણ પશ્ચિમ.

પશ્ચિમ અને વાયવ્યની વચ્ચે:—

(૧) ઉ પ – ઉત્તર પશ્ચિમ.
(૨) વા પ – વાયવ્ય પશ્ચિમ.
(૩) પ વા – પશ્ચિમ વાયવ્ય.

વાયવ્ય અને ઉત્તરની વચ્ચે:—

(૧) ઉ વા – ઉત્તર વાયવ્ય.
(૨) વા ઉ – વાયવ્યોત્તર.
(૩) પ ઉ – પશ્ચિમોત્તર.

એ પ્રમાણે બત્રીશ ભાગ થશે.

આગ્નેયાદિમાં અને વાયવ્યાદિમાં તો ઉપર કહ્યા તેવા બત્રીશ ભાગવાળો હોકાયંત્ર રાખે છે, પણ ભાગ પાડવામાં નથી તેનો નામ સમજવામાં મુંઝવણ પડે નહિ માટે અહીં (નં. ૨ તથા ૩ બતાવીને) ગોળ ભાગના નામ લખી બતાવ્યા છે આ પેનોથી (નં. ૨) આ હાથે ફેરવી શકાય તેવો છે. એની ગોળને સોંડ્યું અડક પાળેલું નથી. અને આ બીજો

(નં. ૪) છે તેની સોયને સોલ્ડરીંગ પાયેલું છે. (નં. ૨ બતાવીને) આમાં હોકાયંત્રનાં ત્રીશ બિંદુ આપેલાં છે.

આ ત્રીશ બિંદુનાં નામ બે પાટિયાપર લખી બતાવ્યા છે (લિટલો અનુક્રમવાર લખવા) તેથી તમે જાણી શકશો કે એ બધા બરાબર અનુક્રમવાર ગોઠવ્યા છે ઉત્તર દિશાનું પ્રથમનું બિંદુ ધ્રુવ તરફ નમતું છે માટે એને પૂર્વોત્તર (પૂ ઉ) નામ આપેલું છે, અને તેની બેરેનું બિંદુ ઉષ્ણ ખૂણા તરફ નમતું છે માટે તેને ઉ ઉ (ઉષ્ણોત્તર) નામ આપેલું છે. તેની પાસેનું બિંદુ બધાથી ઉષ્ણ ખૂણો ઉત્તર તરફ નમેલો હોવ તેનું છે માટે તેને ઉ ઉ એટલે ઉત્તરોષ્ણ નામ આપેલું છે. એજ પ્રમાણે બીજા બધાં બિંદુઓનાં નામ સમજવાં. કોઇ માણસ વહાણમાં નોકર રહેવા જાય ત્યારે તેને આ બધાં નામ મોઢે કરીને તેની પરીક્ષા આપવી પડે છે

(નં. ૨માં જે સોલ્ડરીંગ પાયા વગરનો હોકાયંત્ર આપેલો છે તે લિસ્ટ સોય ફેરવીને વિદ્યાર્થીઓને દિશાઓનાં નામથી પરિચિત કરવા માટે છે. અંગ્રેજી કાંઈક સારા જાણનારા અમે તો દિશાઓના નામની નિશાનીઓ તેના પરિચયની બહાર લખવી).

હોકાયંત્રનું પત્રું હજી પૂરું થયું નથી. પરિચય ઉપર બિંદુઓ કરી પાત્ર દિશાઓના નિશાન લખ્યાં છે હવે તે બિંદુઓની બરોબર બિંદુ સુધી સીધી લીટીઓ દોરો અથવા આપેલ તો (ત્રણે નમુના બતાવીને) આ નમુનામા છે તેવી શોભાયમાન આકૃતિઓ કરો.

સોલ્ડરીંગ બકવાળી સોય.

હોકાયંત્રનો બીજો મુખ્ય ભાગ સોય છે આ સોયને સોલ્ડરીંગ બકનો ગુચ્છ આપેલો છે. એ સોય કાંઇક કરેલા તીખા લોઢાને સોલ્ડરીંગ બાર પાડને બનાવેલી છે એની વચમાં એક બાકુ પાડીને તેમાં પીતળની ટોપી બેસાડેલી છે અને બરાબર બેલાની ટાંકણી પકડી વચ્ચમાં બરોબર જોઇને તે ઉપર પેલી ટોપી મૂકી દીધી છે. એટલે ટાંકણી ઉપર સોયને ઘૂમવી ફરવાનું થાય છે હોકાયંત્રની સોયને કાંઇ કરવામા બહુ સાવચેતી રાખવી પડે છે. જો તેને વગર જ કાંઇ કરી નાખવામા આવે તો તેમા ચુંબકાકર્ષણશક્તિ બહુવાર રહી શકે છે પણ તે શક્તિ ઓછી આવે છે, એવા ઉલટુ, જો સોયને પૂરતી કાંઇ કરવામાં ન આવે તો કારણમા તેની ચુંબકાકર્ષણશક્તિ ઘણીજ હોય છે, પણ તે થોડીવારમાં જતી રહે છે.

હોકાયંત્રની સોયને સોલ્ડરીંગ પાવાની રીત.

હોકાયંત્રની સોયને સોલ્ડરીંગ પાવાની બધી રીતો છે, અને તે બધી રીતો તે સંબંધી પુસ્તકોમા લખેલી હોય છે મોટે ભાગ લોઢાના કકડાને (જેમ કે ચપ્પુના પાનાને) સોલ્ડરીંગ પાડવા હોય તો તેની સાદામા સાદી રીત આ પ્રમાણે છે —બધી શક્તિવાળા સોલ્ડરીંગબારને જે ચપ્પુ ઉપર કેટલીક વખત ફેરવ્યા કરવું. એવી રીતે કે તેના બધાભાગો જે ઉંડા લગી સોલ્ડરીંગબારને એક વાર લેપ થયા પછી પાછું કરીને બધાભાગો ઉંડા લગી લેપ જવું. પણ ઉંડા ભાગથી બધાભાગ ભારે લેપ જવું નહિ; છેડે પહોંચ્યા પછી બધાભાગ તરફ જતા સોલ્ડરીંગબારને ચપ્પુના પાનાથી દૂર રાખીને લેપ જવું આમ કેટલીક વાર કરવાથી ચપ્પુના પાનામાં સોલ્ડરીંગની શક્તિ આવશે અને તેને સોય કે લોઢાનો બીજો મૂકો વગેરેની પાસે

પરવાથી તે તેને ઉઠીને ચોટશે. એકાદ સારા કાચળા સીવવાના સોયાને એજ પ્રમાણે હોકાયંત્રનો ગુચ્છ આપી, તેને બરોબર વચગાંથી રેશમના કે સુતરના તારથી બાંધીને લટકતો રાખીએ તો તેના છેડા ઉત્તર દક્ષિણ રહેશે. તમે તે સોયાને ગમે તેમ ફેરવો પણ તે પોતાની દિશામાંજ આવીને ઉભો રહેશે. અરૂં જોતાં એજ હોકાયંત્રની સોય છે.

ઘણો વખત વીસા પછી હોકાયંત્રની સોયની શક્તિ જતી રહે છે. જ્યારે તેની ટાંકણી ઉપર તેને ગમે તેમ ફેરવવામાં આવે ત્યારે ખાત્રી થને છે. આવું થાય ત્યારે તે સોયને ફરીને ચુંબ આપવાની જરૂર પડે છે.

હોકાયંત્રની ડાબલી.

હોકાયંત્રની ડાબલી ઘણું કરીને ગોળ હોય છે તથા તેમાં એક હોકાયંત્રનું પત્રું અને એક ટાંકણી ઉપર ફરતી લોહચુંબકની ચુંબ આપેલી સોય (માછલી) હોય છે. આ ડાબલી પીતળની કે બીજી સફેદ ધાતુની કે લાકડાની બનાવે છે, પણ લોઢાની બનાવતા નથી. તેનું કારણ તમે સમજ્યા હશો. લે હું પેલી માછલી (સોય) ને ખેંચે છે અને તેથી તેની ગતિમાં અટકાવ થાય છે; અને એમ થવાથી તે બરી દિશા બતાવી શકતી નથી. હોકાયંત્રની સોય ઉપર તમે ચપ્પુ કે ખીલો ધરશો તો તમને આ વાતની ખાત્રી થશે. ડાબલીમાં હવા વગેરે દાખલ થઇને સોયની ગતિમાં હરકત ન કરે માટે તે ઉપર કાચનું ઢાંકણ કરવામાં આવે છે.

વહાણપરીનો હોકાયંત્ર.

વહાણમાં જે હોકાયંત્ર રાખવામાં આવે છે તેને એક લાકડાનું ઘર હોય છે. તેમાં એક ચપટા લોઢાના સળિયા ઉપર હોકાયંત્રનું પત્રું ગોઠવેલું હોય છે. એ સળિયાને લોહચુંબક પાયેલું હોય છે. આ લાકડાના ઘરને સુકાનીની નજર પહોંચે એમ તેનાથી થોડે દૂર ગોઠવેલું હોય છે. તેમાં એક દીવો બળતો રાખવામાં આવે છે, તેથી તેમાંની લીટીઓ વગેરે રાતે પણ સુકાની જોઇ શકે છે. હોકાયંત્રની પેટીમાં એક કાળી લીટી વહાણના તુતકની દિશામાં દોરેલી હોય છે જ્યારે સુકાનીને હુકમ થાય કે વહાણ ઇશાન ખૂણામાં લઇ જવું છે, ત્યારે સુકાની સુકાન એટલે લગી ફેરવે કે જ્યાં પેલી કાળી લીટી અને હોકાયંત્રના પત્રાની ઇશાન ખૂણા ની લીટી એક માર્ગમાં આવે. વહાણમાં એવું ઘણીવાર બને છે કે એકજ દિશામાં ઘણા કલાક સુધી વહાણ ચલાવવાનું હોય છે. એવે વખતે સુકાનીએ બીજા કશા ઉપર લક્ષ ન આપતાં ફક્ત હોકાયંત્ર સામુંજ જોઇ રહેવું પડે છે. હુતારૂઓને લઇ જનારાં વહાણોમાં એવી એક જાહેરખબર લગાવેલી હોય છે કે " કામ્રએ સુકાની સાથે કાંઇ-પણ બોલવું નહિ. " આવી જાહેરખબર પ્રમાણે વર્ત્તવું ઘણું ઉપયોગી છે; કેમકે સુકાનીની નજર હોકાયંત્ર ઉપરથી લગારેક ખસે, અને વહાણની ગતિ બીજી દિશામાં થાય તો તેમાંના હુતારૂ તથા વહાણ જોખમમાં આવી પડે. કદાચ કોઇ ખડક ઉપર અથડાય અને બધા નાશ પામે.

હોકાયંત્રનો ઉપયોગ.

જ્યારે જમીન નજરે નથી પડતી ત્યારે વહાણવટીઓને માર્ગ શોધવાને હોકાયંત્ર અમૂલ્ય સાધન થઇ પડે છે. એ સિવાય ખાણ ખોદનારાઓને તથા જંગલમાં ફરનારા મુસા-

કરેને પણ તે અતિશય ઉપયોગનું છે. ડાક્ટર નિવિંગ્સ્ટન નામે મુસાફર જે આફ્રિકાનાં જંગલોમાં મુસાફરી કરતો હતો તે એનાજ સાધનથી પોતાની પત્નીએ દરિયાકિનારે આવી પહોંચ્યો હતો. બાબુ ગોલાલના દોઢાયંત્રનાં સાધનથી બાજુમાં દિશા મુકરર કરીને કાપવા કે જોઈતું વજેરે જોવાં જાય છે અને બીજાની હદ આવે એટલે જોતાં બંધ પડે છે ઇત્યાદિ.

દોઢાયંત્રની જોડ કયારે પડે !

આ વાત માત્ર તમને જણાવવાની રહી ગઇ છે ચુંબકપાષાણ આપણા સ્વાભાવિક જે દક્ષિણ ઉત્તર ધ્રુવો બીજા પદાર્થો આકર્ષનાર હતા ચુંબકપાષાણને પ્રથમ તેઓ બનાવી રીતે બનાવતા હતા:—એક ચુંબકનો સળિયો મુખ ઉપર મૂકીને તેને પાણીમા બરાબર તેરી તે બન્ને પાણી ઉપર તરતા અને સળિયાના છેડા ઉત્તર દક્ષિણ રહેતા આ પ્રકારની અને નહિ સુધરેલી દોઢાયંત્રની બનાવટનો ઉપયોગ માત્ર જમીનપર મુસાફરી કરવાના કામમાં થતો. પણ તેનો દરિયામાં બહોળ વેહેવો ઉપયોગ આપણા બાબુવા પ્રભાકે ઇ. સ. ૧૩૦૦ માં થયો હતો. કોલંબુસના આ ગુણનું જ્ઞાન પ્રથમ યુરોપખંડમાં આમેરિગો નામે વેનીસના મુસાફરે કેલાવ્યું એમ કહેવાય છે. હમણા જે દિશા બતાવનાર કાંપમાં કોલંબુસનો ઉપયોગ સર્વત્ર કરવામાં આવે છે, ને હાલના બારમા સૈકાની આખરે પશ્ચિમના દેશોમાં માલમ પડી. એ વાત તો ખરી છે કે બરફ લોહના સળિયાને કોલંબુસનો ધ્રુવ બતાવવાની યુક્તિ, તેને એક કાંકણી ઉપર ફરતો રાખવાની યુક્તિ, અને બીજા સુધારા જે સામાન્ય દોઢાયંત્રમાં તથા વહાણવટીય દોઢાયંત્રમા કરવામા આવ્યા છે તે કોઇનું માન તો કુદરતી-અત કોલંબસનેજ ઘટે છે.

સાર-પુનરાવર્તન.

દોઢાયંત્ર પ્રથમ કોણે બનાવ્યું હતું ? તેની જૂની રીત કેવી હતી ? સુધરેલી કેવી છે ? યુરોપમાં કોણે પ્રસિદ્ધ કરી ? તેનો શો ઉપયોગ છે ? વહાણવટીનો દોઢાયંત્ર કેવો હોય છે ? સાધારણ કેવો હોય છે ? બાજ ? બનાવટ ? બનાવી બનાવટ ? બારા સોયને ચુંબકનો ગુણ ? આપણી સાધારણ રીત કઇ છે ? ઇત્યાદિ.

ચર્ચાપત્ર.

(કેળવણીકાર શિક્ષકસમાજ તરફથી.)

૧. (પહેલી ચોપડી આવૃત્તિ ૪૨) પાને પર આમ બીજી લીટી બીજામાં "બાકીના દસ-આપર બધ બેસે, " બાકીના બન્નેમાટે આ પુસ્તક લખાયેલું છે તો તેને બાકીના દસમાપર બેસવાનું કહેવું એ બેબમજરેવું નથી ? તેથી તેને બાકી બીજી પાઠક મૂકવાની જરૂર છે કે કેમ ?

૨. (ગુજરાતી બીજી ચોપડીની આવૃત્તિ ૨૬ મી) પાઠ ૩૮ ના મથાળે " ઉપાય " છે અને કવિતાની અંદર " ઊપાય " છે તો બરૂં શું ! માત્રા મેળવવા ખાતર "ઊ" મૂકેલું જણાયછે. પણ બરી જોડણીવાળો શબ્દ મૂકી – આવું દીર્ઘાક્ષરમય ચિન્હ મૂકવું જોઇએ કે કેમ !

૩. પાઠ ૪૮ માં મથાળે તથા પાઠમાં " દેવલ " શબ્દ છે. વાસ્તવિક રીતે મૂળ શબ્દ દેવલ છે એ વાત બરી પણ પ્રચારમાં " દેવળ " જ વપરાય છે તો પ્રચલિત શબ્દ બ્હાના બચ્ચાંને માટે મૂકવો જોઇએ કે કેમ !

૪. પાઠ ૭૯ માં " બભાં " શબ્દ આવેલો છે, પણ પ્રચારમાં તેમ બોલાતો નથી માટે આ ઠેકાણે " બભા " જોઇએ કે નહિ ?

૫. પાઠ ૨૪ માં મથાળે " વેળાસર " શબ્દ છે ને પાઠમાં નથી. તેનું કેમ ? પાઠની અંદર " નિશાળે છૂટી થાય, ત્યારે પાંસરા ઘેર જવું " તેને ઠેકાણે "નિશાળે છૂટી થાય ત્યારે પાસરા વેળાસર ઘેર જવું" આમ લખ્યું હોય તો મથાળાના શબ્દનો ઉપયોગ થાય છે.

૬. પાઠ ૪૨ માં મથાળે " પંખી " શબ્દ છે અને " પશુ" શબ્દ છે, પણ કવિતાની અંદર એ બન્ને શબ્દ આવતા નથી. જૂની આવૃતિમાં એ બન્ને શબ્દો હતા પણ પંખીને માટે જોગતાં દૂધ જોઇતું નથી. તેથી " નાનાં નર નારને " એવો સુધારો કર્યો છે તેથી એ શબ્દો મથાળેથી કમી કરવા જોઇએ કે નહિ ? જેવી રીતે બ્હાનાં નરનારને જન્મતાં દૂધની જરૂર પડે છે તેવીજ રીતે પશુને પણ દૂધની જરૂર છે તો નવીન કરેલા સુધારામાં " પશુ " શબ્દનો સમાવેશ કરવાની જરૂર હતી અને મથાળેથી પંખી શબ્દ કાઢી નાખવો જોઇતો હતો. તો તે પ્રમાણે થવાની જરૂર જણાયછે.

૭. પાઠ ૫૨ માં મથાળે " ગભરાવું " શબ્દ છે અને પાઠની અંદર નથી તેનું શું કારણ ! ગભરાવું શબ્દ આવે એવું વાક્ય પાઠમાં વધારવું જોઇએ.

૮. પાઠ ૮૯માં મથાળે " અપવાસ " એ શબ્દ છે, અને પાઠની અંદર નથી તેનું કારણ દુકાળમાં " અનાજ કોઇ બવાય નહિ " એને ઠેકાણે " અપવાસ કરે ત્યારે દુકાળમાં અનાજ કોઇ બવાય નહિ " એમ લખ્યું હોય તો વધારે સારૂં.

ખુલાસો.

૧. તેનો જવાબ કોઇ એમ આપશે કે નાનપણથી છોકરાંને બીકણ બનાવવા કરતાં તેમનામાં સાવચેતી સાથે જોખમ વહોરવાનો ગુણ શામાટે ન આણવો જોઇએ !

૨. બધે એમજ કરેલું હોય તો અહીં પણ એમજ જોઇએ.

૩. મૂળ શબ્દ 'દેવાલય' છે; 'દેવળ', અને 'દેવલ', બન્ને અપભ્રંશ છે, તથાપિ જે માન્ય પ્રચારમાં જે શબ્દ હોય તે વાપરવો એ ઠીક કહેવાય.

૪. છાપખાનાની ભૂલથી 'બભાં, લખાયું હશે. 'બભું, કોઇ સ્થળમાં બોલાતું હશે તથાપિ તે ગ્રામ્ય છે, બભો શબ્દ બહુવ્યાપક છે માટે 'બભા' એજ વધારે બરૂં લાગે છે.

૫-૬-૭-૮. વાચનમાળામાં પણ રમણે જોવું લેખમાં આવેછે, તે બાબતપણ ધરે. આ ફેરફારને લીધે હવે ઘણો ફાયદો થાયે છે. પણ હજુ વાચનમાળા નવેસરથી રચાય છે ત્યારે તેમાં આપણી સંસ્કારભૂમિને ધ્યાન મળી શકશે નહિ ત્યાંસુધી અમારૂં ધારવું છે.

—બોધક.

જૉન ડૉન મેકર.

(શ્રી. ઝેકરૂજી પેનજી કાબા— અમરેલી.)

જૉન ડૉન મેકર જેને પ્રેસિડન્ટ હેરીસને પોતાની કારકિર્દીના પ્રથમમાં અમેરિકાના પુનાપીઠ રહેવાસીનો અતરસ પોષ્ટ માસ્તર નીમ્યો હતો, તેનો જન્મ હિલાડેલ્ફિઆમા તા-રીખ ૧૧ જુલાઈ સને ૧૮૦૭ માં થયો હતો. તેનાં માબાપ ગરીબ અને મજૂર વર્ગનાં હતાં તેઓએ પોતાથી બની શકે તેવી કાળજી તેને બાલ્યકાળ દરમ્યાન લેવાની બાધવી હતી. તેને તેના ગરીબ ઘરે શ્રીમંત બનવામા પહોંચવા અઢાપણાંની તો બાજામાં બહુ રહ્યું તેની મા હતી કે જેને માટે તેણે કહ્યું હતું કે " તેણીનું હમણું નાનું સારૂં રમકડું હતું અને તે છેવટ સુધી તેણીના મોટેમાપરથી દૂર થયું નહોતું "

આજે જૉન ડૉન મેકર એક એવી દુકાનનો માલીક છે કે જે દુકાનમાં દુનિયામાં પેદા થતી દરેક વસ્તુ તથા કારીગરી મળ્યામાંથી મળી શકે છે અને દરરોજ કાંઇ તેના બોલેલા બોલાય તરફથી પધારે થયછે કે જે બોલાવે મોટા બોકર જમીન રોકનારી છે અને જેના પર કેટલાએક મજલાવાળી સંખ્યાબંધ સુંદર હવેલીઓ આવી રહેવી છે ને જેથી તેને આશ્ચર્ય લાગે છે કે શું જૉન મેકરને તે વખત પણ આટલો હતો કે જે વખતે તે કાળાના વિદ્યાર્થી હતો અને કાળામાં ભણતા પહેલાં પાંચમો ભાગીની પંદરને વકરાના સુકવના માટે ઉપલાવતો હતો. આ મજુરીના તેને દરરોજ ચાર પૈસા મળતા હતા આજે તે દરવર્ષે ૧૦ લાખ ડોલર કમાય છે કે જે હિંદુસ્તાનના પાંચસો લાખ રૂપિયા બરોબર છે. શ્રી જૉન મેકર હજુ હયાત છે તેનો વેપાર તથા સમૃદ્ધિ દરરોજ વધતા જાયછે

પંદરો રૂપિયા પગાર ઉપરના સમયમા તે એક ખુશમેજાની દુકાનમા એક કારકુન જોઇને સવા-ચાર રૂપિયાના બાંધેલા પગારથી કારકુનની જગ્યાએ નોકર પણ થયો. આ નોકરીમા તેને દરરોજ બાર કલાકની મુસાફરી કરવી પડતી હતી. (આજે તો અમેરિકામા મોટામાં મોટા ખુશમેજા છે).

જ્યારે તેણે એક કાપડના વેપારીની દુકાનમા નોકરી મેળવી ત્યારે તેણે પોતાના પગારને રૂ ૬ ઉપર સુધી પહોંચાડ્યો હતો. આ નોકરીએ વર્ષ સુધી કર્યા પછી ૪ ૪ ૧૮૫૬ આ તે " બારમાસે દીપત કેટ " ની કાપડની દુકાનમા, જે બ્રુકર્સના ફેરબંધ છે તેમા નોકર થયો હતો. આ નોકરીને તેણે બહુજ યોગ્ય મુદતમા ઉપરો રાજી આવે મી. બેન્ટના " ગ્રીક હાઉસ " માં નોકરી મેળવી આ નોકરી તેણે બે વર્ષ સુધી ચાલુ રાખી. ત્યાર બાદ તે એક

જુવાન ક્રીશ્ચિયનોની સોસાઇટીનો સેક્રેટરી મુકરર થયો. આ વખતે તેણે પોતાના સૌથી નાયન બ્રાઉનની સાથે ભાગમાં એક કાપડની દુકાન ઉઘાડી. હવે મી. ડૉન મેકરને પોતાની ઉત્તમ પ્રકારની કારકુની ચલાવવાનો પ્રસંગ મળ્યો. આ દુકાનને પ્રથમ જે કામ મળ્યું તે એ હતું કે નગારખાનામાં ડ્રેસનો સામાન પૂરો પાડવો. જ્યારે ડ્રેસનાં કપડાં તૈયાર થયાં ત્યારે તેમને એક લાયબતી ખેંચવાની રેંકડીમાં ભરવામાં આવ્યાં. મી. ડૉન મેકર તથા તેનો ભાગીદાર બનુક્રમે તે ગાડીને ખેંચતા હતા. આ કંત્રાકટરના નફામાંથી મી. ડૉન મેકરે ૬૮ ડાલર જાહેરખબરોનાં ડેન્ટબીલો વટેચવામાં ખર્ચ્યા. કામ ઘણુંજ ઝડપથી આગળ વધતું ચાલ્યું. હવે આ દુકાન માલના વધારાને લીધે બહુજ નાની જણાવા લાગી અને એવી રીતે એક પછી એક એમ દુકાનોની સંખ્યા વધતી ગઇ. તેના પ્રમાણિકપણાને લીધે વપાર દિન-પ્રતિદિન વધતો ગયો. તેની દુકાનમાં ઊનને ઊન અને રૂને રૂ કહેવામાં આવતું હતું. આ દુકાનનો બીજો નિયમ એ હતો કે ગ્રાહક લઇ ગયેલી વસ્તુ પસંદ ન કરે તો તે પરત આપી જાય. પ્રમાણિકપણાથી જેને દુકાન ચલાવવી હોય તેણે તેમજ કરવું જોઇએ.

ઇ. સ. ૧૮૬૫ માં મી. ડૉન મેકરે મર્ટીન સ્ટ્રીટ અને માર્કેટની પાસે એક મોટું ગોદામ ખરીદ્યું. આ ગોદામ ૧૪ એકર જમીનમાં પ્રસરેલું છે. આ ગોદામપર મોટી મોટી દુકાનો ઉભી છે. દુકાનોપર ગ્રાહકોનો મેળો સદા ભરપૂર રહેછે. અહીંથી સઘળા પ્રકારનો માલ દેશ પરદેશ રવાના થઇ શકેછે. આ ગંજાવર ગોદામ આજકાલ જગતની વસ્તુઓનું પ્રદર્શન બની ગયું છે. માલના વધારાને લીધે આ ગોદામ બહુજ નાનું જણાય છે. થોડી મુદત થયાં વળી તેણે મોટી બે દુકાનો નવીન ઉઘાડી છે એકનું નામ "રીગલ સ્કૅાટ એન્ડ કો." અને બીજીનું નામ "હોડ બોન બ્રાઇટ એન્ડ કો." છે. આ બેમાંની એક દુકાન ફિલ્ડ ડેસક્રિપ્શનમાં સુકા સામાનની છે. આ દુકાનમાં નવાણું લાખ ડાલરનું વાર્ષિક કામ ચાલે છે. આ દુકાનો માહેની કોઇ એક દુકાનની વ્યવસ્થા રાખવામાં કેટલાંક લાયક માણસો રોકી રાખી શકાય તેમ છે. મી. ડૉન મેકર આજે કેટલીએક બેન્કોનો ડાયરેકટર છે. તેમજ ગરીબો માટે હમણાંજ ખોલવામાં આવેલી "ચેના સેવિંગ બેન્ક" નો તે પ્રેસીડન્ટ પણ છે. તે ખ્રિસ્તિ જુવાનોની એક સોસાઇટીનો વર્ષ સુધી પ્રેસિ-ડન્ટ રહેલો છે અને તેના નિભાવ માટે ૨૦ લાખ ડાલર વાપર્યા છે. તે અમેરિકાની એક બીજી મોટી "સન્ડે સ્કૂલ" નો સુપરિન્ટેન્ડેન્ટ પણ છે. આ સ્કૂલને તેણે ચોવીસ વર્ષ પહેલાં એક નની સરખી ઓરડીમા સ્થાપન કરી હતી તે સ્કૂલમાં આજે ત્રણ હજાર વિદ્યાર્થીઓ કેળવણી લે છે. આજે તે નાની સરખી સ્કૂલની ઓરડી એક ગંજાવર મંદિર બની ગયું છે. તે સ્કૂલ બંધાવવાના ફંડમાં તેણે સાડ હજાર ડાલર ફાળામાં આપ્યા છે. તેણે કેટલાંક દવા-ખાનાઓ અને આશ્રમોને પણ મદદ આપી છે. તે 'નેજ' ના ધર્માદામાં દર વર્ષે ઘણા રૂપીઆ આપે છે. તેણે 'બેહના' નામના સ્થળે એક કૉલેજ સ્થાપન કરી છે જેમાં પાંચસો છોકરા છોડીઓ મફત કેળવણી લે છે.

તે પોતાના નોકરો સાથે ઘણુંજ હસમુખાપણું રાખે છે. તેણે નોકરોની અંદર સોસાઇટીઓ ઉભી કરાવી છે. તે પોતાને મળતા નફામાંથી પોતાના નોકરોને ઇનામો આપવા ચૂકતો નથી. હજુ ગઇ સાલમાંજ તેણે ત્રણ લાખ ડાલર પોતાના નોકરોને વહેંચી આપ્યા હતા. તેના કારખાનામાં જે સ્ત્રીઓ તથા છોડીઓ નોકર છે તેમને માટે એક ક્લબ બનાવી આપી છે.

તે હૉટેલ એક ધરના આકારમાં તૈયાર કરેલી છે તેમાં કોગતી ફર્નીચર સંબંધમાં આવ્યું છે. બારણાનો ઓરડો, ઠબારબાનું, તથા તરતાં શીખવાનો હોજ વગેરે દરેક વાતનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તે હૉટેલમાં એવા નિયમો ચાલુ રાખ્યા છે કે જે-જે ઉતરવા પુરતો ભાડતા હોય છે બી ઉંચા ભેકરને તેના એક નોકરે કહ્યું કે " હું તેના હસતા મુખની એક સુગાબ સંભળી એક બારણીમા મુંડી બારણથી કાંબ કરી શકું છું." તે કરી પોતાના કામમાં બેઠલે રોકાયો નથી કે નોકરને સલામ આપવાનું ભૂલી ગયા બારે તે પોતાના ગોરાબ પાસેથી બલકી બલકી પસાર થતો હોય છ ત્યારે પણ તે બેટલી ઉતાવળમાં નથી હોતો કે પોતાના નોકરોને હાંબા આપનાર મીઠા શબ્દો ન કહેતો બય. તે હુકાનના દરેક વાગ્યાની મુલાકાત લે છે. મુંબઇના બેબ તે નોકરોને તેના સુખદુઃખની વાતો પૂછે છે આ કાર્ય અને બાપણુ ચેપારીનો ચેહેરો, તેનું હસતું મુખ, તે પ્રી બી બ્યાપો, ઉતારવથી કાર્ય ગેલારવા, અને બન હરીફે તેવો સીઠો સ્વર કરેલા બન હરી લે છે. બા બધો ચેપારી ઇ. સ. ૧૯૦૩ ના ડિસેબરમાં હિંદુસ્તાનની મુલાકારીએ આવ્યો હતો તે વખતે તેણે બલાકાલાકની એક મીશન સ્કૂલમાં એક લાખ રૂપીબ્બની બાવર રકમ બક્ષીસ આપી છે અને તે મીશન સ્કૂલને કૉલેજની લાયનમા બદલી મકી છે.

- તે વિદ્યાર્થીબોપર બહુજ પ્રીતિ રાખે છે એક વખતે તેણે એક ચેપારીને કેટલાએક વિદ્યાર્થીબો સમક્ષ કહ્યું કે " હું છોકરા, છોકરીબો તથા જુવાન બી પુરુષોના ચળકતા બહેરાબો જોવા બહુજ પસંદ કરું છું અને તે પર તેમના ભવિષ્યની સારસિંદિના સપનો વેપેલો વિચાર કરું છું. બ્યારે તેબો મોટી વયના થાય છે ત્યારે તેમને કિંમત અને આબરૂ બધવાની બતો સંભળાવવાનુ પસંદ કરું છું કે જે વાતોની તેમને ભવિષ્યમા અનેક બાબતિબો પ્રમને જરૂર પડવાની છે."

વિષયનું કામ પૂરું થયા પછી તે કહે છે કે આજનું બાર કલાકમાં ઉતરવા કામ એ હતું કે જે એક ગરીબ બાપુસ સાથે વાતો કરી છે આ કાર્યમાં ચેપારી મુસાફરીબો લાબો કાલની કમાણી કરી રહ્યો છે. ૮બરે તેને એક બધું અંત કરબુ બાંધું છે કે જેથી તે પોતાને બાનંદમા સમવા ઉપરાંત બીજાબોને પણ બાનંદના સાધનારું બાહે છે.

એક વખતે કોઈ માણસે તેને તેની કંઈજીના બગાડના કાર્યોના સંબંધમાં કેટલાક સવાલો પૂછ્યા. તેણે જવાબ આપ્યો કે " વિચાર, કોશીશ, મહેનત અને બરોસો એજ મારી કંઈજીનું તાત્પર્ય છે." તેનું કામ લેના એવા વિશ્વસુ માણસોના હાથમાં છે કે જેથી તેને યુનાઇટેડસ્ટેટ્સના જનરલ પોસ્ટ બાફસનું કામ કરવાનો વખત સહેલાબથી મળી શકે છે. તે દર બઠવાડીબામાં એક વખત દિલાડેલ્ફિબા બધુ પોતાની સ્ત્રી રહેવાની તપાસ કરી બ્યારે છે.

એક ગરીબ છોકરો જે બાળપણમાં પોતાના બાપની સાથે છુટા બતાવી મજુરી કરતો હતો તે પોતાની બુદ્ધિ, બાદ પ્રયાસ અને પ્રમાણિકપણાથી વેપારીબોનો શાહ બઈ ગયો છે. એક ગરીબ પણ મહેનુ અને પ્રમાણિક બાળક બાદે આ દુનિયામા કનેક પંક મેળવી બાદે અનેક રસ્તાબો છે ભલે તેબો બી. ડોન મેકરી બરાબરી ન કરી શકે બધુ ભલે તેબો, તે જે રસ્તે બાવેલ છે તે રસ્તે બાગે તો તેની મહેનતનો લાભો તે મેળવ્યા વિના રહે નહિ.

પુસ્તકોની પહોંચ.

નીચેનાં પુસ્તકોનો ઉપકાર સાથે સ્વીકાર કરવામાં આવે છે:—

પાણી પ્રકરણ—આ નાની ચોપડી સંસ્થાન જૂનાગઢના કેળવણી ખાતામાં ઇનામ આપવા માટે રચાયેલી છે. કર્ત્તાનું નામ તેમાં પ્રગટ કર્યું નથી. પાણી સંબંધી ઘણીક માહિતી ઓની સાદી અને સહેલી ભાષામાં કર્ત્તાએ આપી છે કે જે વાંચીને વિદ્યાર્થીઓ પોતાની મેળે સમજી શકે. શિક્ષકોને પાણી વિષે પદાર્થપાઠ આપવાની પણ એમાંથી વિપુલ માહિતી મળી શકે એમ છે. જૂનાગઢ રામવિજય પ્રેસમાં છપાયું છે; કીંમત દોઢ આનો છે.

સૌરાષ્ટ્ર પ્રાથમિક શાળાપત્રિકા-પુસ્તક ૧ લું અંક ૫ મો. આ એક દરમાસું માસિક સંસ્થાન જુનાગઢના કેળવણી ખાતાના અધિકારી તરફથી દરમાસે પ્રસિદ્ધ થાય છે. આ અંકમા "ઘોરણના વિભાગોનું વાજબીપણું" અને "કિન્ડરગાર્ટન વિવેચન" એવા બે લેખ છે. પહેલામાં:-જો એક શિક્ષક ઘણા વિદ્યાર્થીઓને સારી રીતે ભણાવી શકે તો થોડે અર્થે ઘણું કામ થઇ શકે, પણ એમ થવામાં શી શી હરકતો આવે તથા તે હરકતોને કેમ છતી શકાય એનો ઉહાપોહ કર્યો છે, અને છેવટે 'દેશકાળને અનુસરી કેટલા વિદ્યાર્થીની સંખ્યા દરેક ટુકડીમાં રાખવી વાજબી છે' તે સંબંધે શિક્ષકોના સ્વતંત્ર અભિપ્રાયો માગ્યા છે. બીજામાં કિન્ડરગાર્ટનની વીશ બક્ષિસોના સામાન્ય સ્વરૂપનું નિરૂપણ કર્યું છે. જુનાગઢના કેળવણીખાતાએ શિક્ષકોને આવું માસિક વાંચવા આપીને એક ઉપયોગી કાર્ય કર્યું છે. આગળ ઉપર આ માસિકના કદમાં જલદીથીજ વધારો કરી તેને વિશેષ ઉપયોગી કરવામાં આવશે એવી આશા રાખીએ છીએ.

ગાયકવાડ સરકારનું કેળવણી ખાતું (ઇનામપત્રકો.)

(વૈશાખ માસથી ચાલુ.)

માહે જુલાઇ ૧૯૦૪.

કડી પ્રાંત—સંડેર સ. ગુ. શા. ગાંગી અમાથીદાસ હીરાએ ૨. ૨૭) છોકરાંને જગાડ્યા તથા પતાસાં વહેંચ્યાં. લાંધણજ ,, શા. પાનાચંદ માધવજીએ ૩. ૭-૮-૦ પાણીની પરબમાં ખરચ્યા. નવસારી પ્રાંત—નવસારી સ. ગુ શા. વકીલ શા. માણેકલાલ શિવલાલ. ૨. ૫) પતાસાં વહેંચ્યાં. નવસારી સ. ગુ. કન્યા શા. સદ્‌ગૃહસ્થોએ ૨. ૭) ઇનામ વહેંચ્યું. તવડી સ. ગુ શા. બાગના ગૃહસ્થે ૩. ૭-૮-૦ મિઠાઇ વહેંચી. કોળી લોકોએ ૨. ૭) પેંડા વહેંચ્યા. પીનસાડ ,, પા. વલ્લભભાઇ ભીખાએ ૨. ૨૭) છોકરાને જમાડી દૂધ પાયું.

